શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૭

પૂર : ૧૭,૧૮



શ્રીસ્વામિનારાયણ મંદિર - મુળીધામ

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા


आज्ञा
उपासना
कर्तव्या भक्तिः
कृष्णस्य सर्वदा
श्रीस्वामिनारायण मंदिर
कुंडलधाम


મહામુક્ત સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત
શ્રીહરિચરિત્રામૃતસાગર

ભાગ-૭

(પૂર - ૧૭, ૧૮)

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૩, કારતકસુદ-૧, નૂતન વર્ષ, ૩૧/૧૦/૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦


કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-30-7



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **સાતમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



પ્રસ્તાવના

મહામુક્ત સદ્.શ્રીઆધારાનંદસ્વામી આ શ્રીહરિચરિત્રામૃતસાગરના પૂર ૯/ ત.૪ માં હરિચરિત્રનો મહિમા વર્ણવતા કહે છે કે,

चोपाई :

चरित्र रूप होई रहत सदाई, आप इच्छाकर रहत हे ताई;
प्रगट मूर्ति करे मोक्ष हि जेसा, चरित्ररूप करे मोक्ष हि तेसा...०६
चरित्र मूर्ति एक करी जाने, यामें अनु एक नुन्य न माने;
ताके मोक्ष में फरक न लेशा, श्रीहरि एसे कहेउ हमेशा...०७

શ્રીહરિ ચરિત્રરૂપે થઈને સદાય રહે છે અને એ પણ પોતાની ઈચ્છાથી જ રહે છે. પ્રકટ ભગવાન જે રીતે જીવોનો મોક્ષ કરે છે તે રીતે જ ચરિત્રરૂપ શ્રીહરિ પણ જીવોનો મોક્ષ કરે છે. શ્રીહરિની મૂર્તિ અને ચરિત્ર તે બંનેને એક કરી જાણે, પણ ચરિત્રમાં એક અણુ જેટલી પણ ન્યૂનતા ન માને, એમ સમજનારાના મોક્ષમાં લેશમાત્ર ફરક રહેતો નથી; એમ શ્રીહરિ હંમેશા કહેતા હતા.

આ સાગર ગ્રંથ આ રીતે હરિચરિત્રરૂપી, ભગવદ્જ્ઞાનરૂપી અને અનેક સંતો-ભક્તોના સદ્ગુણોરૂપી ચિંતામણિઓનો ખજાનો છે. આવો ગ્રંથ સ્વામીએ પોતાની અંતિમ અવસ્થામાં અનુભવના નિચોડરૂપે લખેલો છે. જેમ ફળ આવતા વૃક્ષ નમે તેમ આવું મોટું કાર્ય પણ સ્વામીએ સત્સંગના મજૂર બનીને કર્યું છે.

સ્વામીશ્રી જ આ ગ્રંથના છઠ્ઠા પૂરના ત્રેસઠમાં તરંગમાં કહે છે, 'હું તો સત્સંગનો મજૂર છું. ગ્રંથનું લખાણ થાવું તે શ્રીહરિ અને સંતોના હાથની વાત છે. તેઓ જ્યાં સુધી મજૂરી કરવા દેશે ત્યાં સુધી હું આ મજૂરી કરતો

રહીશ. જેના કરોડો જન્મોના ભાગ્ય ઉદય થયા હોય તેને આવી મજૂરી મળે છે, બીજાને આવી મજૂરી મળતી નથી. મેં સદ્.શ્રીમુક્તાનંદસ્વામીની સેવા કરી ત્યારે તેમણે કૃપા કરીને આ 'શ્રીહરિચરિત્રામૃતસાગરરૂપી ચિંતામણિ' મારા હાથમાં આપ્યો છે. અને શ્રીહરિ જેવી મારી બુદ્ધિમાં **પ્રેરણા** અને **પ્રકાશ** કરે છે તે પ્રમાણે હું લખું છું.

પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામીએ પણ આ ગ્રંથનો ગુજરાતીમાં અક્ષરશઃ અનુવાદ સત્સંગના મજૂર હોય એવી ભાવના સાથે કર્યો હતો. આ સેવા મળી તે બદલ તેઓ પણ તેમના ગુરુજનોના આશીર્વાદ અને સંતો-ભક્તોની કૃપા સમજી પોતાના સદ્ભાગ્ય માનીને કરતા હતા.

આજે આ ગ્રંથના સંશોધન કરવારૂપી કાર્ય ભગવાનની પ્રેરણાથી તેમની જ પ્રીતિ અને પ્રસન્નતાર્થે અમે કરી રહ્યા છીએ. આ સેવાકાર્યથી શ્રીહરિના લાડીલા આપ સહુ સંતો-ભક્તો રાજી થયા હો તો મને પણ એવી દાસત્વભક્તિ આપજો. સહુમાં અખંડ અલૌકિકબુદ્ધિ રહે એવી સમજણ આપજો. આ ગ્રંથમાં કહ્યું એવું ભગવાનનું દિવ્યજ્ઞાન, સંતો-ભક્તોના સદ્ગુણ અને ભગવદ્ચરિત્રનો મહિમા આપજો. હે વ્હાલા ! આપના અને આપના લાડીલાને ગમતું હોય એવું જ કાર્ય કરજો, કરાવજો. એવા જ વિચારો પ્રકાશજો; એવી આપના પાવન ચરણોમાં ગદ્ગદિતભાવે પ્રાર્થના કરું છું.

આ સાતમાં ભાગમાં પૂર ૧૭ અને ૧૮ નો સમાવેશ કરેલો છે. આ બંને પૂરના મળી ૧૯૩ તરંગ છે. એનો સંશોધિત ગુજરાતી અનુવાદ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. તેનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્યભાગી બનાવીએ. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસજી-કુંડળધામના

[illegible] જય સ્વામિનારાયણ

ગ્રંથસાર



સર્વાંતર્યામી, સર્વકર્મફળપ્રદાતા, સર્વાવિર્ભાવોનું કારણ અને સ્વતંત્રમૂર્તિ એવા પુરુષોત્તમનારાયણે જ્યારે આ જગતની પ્રથમ સૃષ્ટિ રચી ત્યારે તેમણે પહેલા પિતામહ બ્રહ્માને અપૌરુષેય વેદોનો ઉપદેશ આપ્યો હતો. પછી આવશ્યકતાને અનુસારે મંત્રદષ્ટા ઋષિ ગૌતમ, યાજ્ઞવલ્ક્ય તથા કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ તેમજ તેમના પૂર્વાપરકાલવર્તી અન્ય અનેક મંત્રદષ્ટા ઋષિઓએ તે વેદોનું અને વૈદિક સાહિત્યનું પરિષ્કરણ, પરિવર્ધન, સંશોધન, વિશદીકરણ તથા સંક્ષિપ્તીકરણ વગેરે મંત્ર, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદો તથા શારીરિક સૂત્રો આદિકમાં કર્યું હતું.

તે ઉત્તમ સાહિત્યને ન સમજી શકે તેવા મનુષ્યોને વૈદિક સાહિત્યનું સરળ જ્ઞાન આપવા માટે પૂર્વોક્ત મહામનીષી ઋષિમુનિઓએ અનેક પુરાણોની રચના કરી. તેમજ દૈનિક સદાચાર, લોકવ્યવહાર અને જાણે અજાણે થયેલી ભૂલોના પ્રાયશ્ચિત્તના નિર્ણયને સ્પષ્ટ રીતે જણાવવા માટે અત્રિ, મનુ, ગૌતમ, આપસ્તંબ, વસિષ્ઠ અને યાજ્ઞવલ્ક્ય જેવા ધર્મતત્ત્વના પ્રવક્તા ઘણા મહાપુરુષોએ અનેક ધર્મશાસ્ત્ર સ્મૃતિગ્રંથોની રચના કરી હતી. આદિ કવિ મહર્ષિ વાલ્મીકિએ વાલ્મીકિ રામાયણ તથા ભગવાન વેદવ્યાસે મહાભારત જેવા કાવ્યો અને કથા સાહિત્યની તે તે સમયને અનુરૂપ રચના કરી હતી.

વળી, સમાજમાં નિતાંત ઉપયોગી જ્યોતિષ જેવા વેદાંગો અને આયુર્વેદ જેવા ઉપાંગોની પ્રવૃત્તિ પણ વૈદિકકાળથી વર્તમાન સમય સુધી અવિરત ચાલુ રહી છે. આ બધી ભારતીય વૈદિક સાહિત્યની પરંપરા ઘણી મોટી, રસપ્રદ

અને અનંત રીતે ગતિમાન રહી છે. થોડી શતાબ્દીઓ કે સહસ્રાબ્દીઓના અતીતકાળમાં શ્રેષ્ઠ મેધાવી વિદ્વાનોએ ષડ્દર્શનસાહિત્ય ક્ષેત્રમાં સૂત્રાર્થોના ભાષ્યો, વિવરણ અને વૃત્તિઓ દ્વારા યથાર્થરૂપમાં વિશદીકરણ અને પ્રકાશન કર્યું છે. તેમજ તે તે પરંપરાના અનુયાયી વિદ્વાનોએ નિજ વિચારો જે તે ગ્રંથો દ્વારા સ્વપક્ષ સ્થાપન અને પરપક્ષપ્રતિક્ષેપ જેવા વિષયોને લઈને પુષ્કળ પ્રમાણમાં સાહિત્ય સર્જન કર્યું છે. વળી, ગદ્ય, પદ્યાત્મક કાવ્યોના વિવિધ વિષય પર રસજ્ઞ મહાકવિઓએ શ્રાવ્ય અને દૃશ્ય, મહાકાવ્ય, ખંડકાવ્ય વગેરેનું વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું છે. ઉપર્યુક્ત સાહિત્યની રચનાઓ અવિરતપણે સાતત્યના રૂપમાં આપણા ઈષ્ટદેવ ભક્તિધર્માત્મજ શ્રીહરિના સમય સુધી ચાલુ રહી છે.

સદ્.શ્રીમુક્તાનંદસ્વામી તથા સદ્.શ્રીગોપાળાનંદસ્વામી જેવા પ્રબુદ્ધ વિદ્વાનોએ વેદાંતશાસ્ત્રની પ્રસ્થાનત્રયી ઉપર સ્વસંપ્રદાયને અનુરૂપ સુંદર, સરળ અને રસપ્રદ શૈલીમાં ભાષ્યો રચ્યા છે. તેમજ સદ્.શ્રીશતાનંદસ્વામી અને સદ્.શ્રીનિત્યાનંદસ્વામી અને પરવર્તી અનેક વિદ્વાન સંતોએ રચેલા શ્રીહરિના ધર્મ તથા તત્ત્વજ્ઞાનથી ભરપૂર સદુપદેશો અને ચરિત્રોનું વર્ણન કરનાર સત્સંગિજીવન, શ્રીહરિવાક્યસુધાસિંધુ, શ્રીહરિદિગ્વિજય, શ્રીહરિચરિત્રમ્, સત્સંગિભૂષણ, શ્રીહરિલીલાકલ્પતરુ અને તે સિવાયના અનેક વિશાળ ગ્રંથોની કરેલી અદ્ભુત રચનાઓ મૂળ અને ગુજરાતી અનુવાદના રૂપમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલી છે.

આપણા સંપ્રદાયના ગુજરાતી ભાષામાં તથા હિંદી ભાષામાં પણ અનેક મહાકાવ્યો, ખંડકાવ્યો અને પ્રકીર્ણક, ગદ્ય અને પદ્યાત્મક અદ્ભુત સાહિત્ય અનેક મહાકવિઓએ રચ્યું છે. તેમાં સદ્.શ્રીમુક્તાનંદસ્વામી, સદ્.શ્રીબ્રહ્માનંદસ્વામી, સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી, સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી, સદ્.શ્રીદેવાનંદસ્વામી, સદ્.શ્રીઆધારાનંદ(સિદ્ધાનંદ)સ્વામી, સદ્.શ્રીભૂમાનંદ સ્વામી, સદ્.શ્રીવૈષ્ણવાનંદસ્વામી, સદ્.શ્રીમંજુકેશાનંદસ્વામી વગેરે શ્રીહરિના સમકાલીન, સ્વનામધન્ય તથા પૂતચરિત્ર મહાન કવિ પ્રવર સંતોએ અને પરવર્તી વિદ્વાન કવિઓએ પણ ગુજરાતી અને હિંદી ભાષામાં ઉત્તમોત્તમ

સત્સાહિત્યની રચના કરી છે. તે બધાથી આપણા સંપ્રદાયનું સાહિત્ય અત્યંત પ્રમાણમાં ઘણું ઉજ્જ્વળ છે.

શ્રીહરિનાં સ્વરૂપનું અખંડ સ્મરણ કરાવનારું ચરિત્ર સાહિત્ય અદ્વિતીય તથા અનુપમ કહેવાય છે. ભક્તચિંતામણિ અને તેનાં જેવાં બીજાં ચરિત્રગ્રંથ ઘણા રચાયા છે. તે બધા ગ્રંથ પરમ મંગળમય અને કલ્યાણકારી છે. પણ તે સહુમાં શ્રીસિદ્ધાનંદ(આધારાનંદ)મુનિ વિરચિત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તો દેશકાળના ક્રમશઃ વર્ણનની સાથે શ્રીહરિનાં સ્વરૂપ ઉપર ધારણ કરેલાં વસ્ત્રો અને આભૂષણોનું તથા સુગંધી કેસર ચંદનની અર્ચા, કુંકુમનો ચાંદલો અને વિવિધ પ્રકારના પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, બાજુબંધ, પહોંચી અને કડાં વગેરેનું વર્ણન તો અદ્‌ભુત રીતે કર્યું છે. સામૈયામાં ભક્તોની સાથે તે તે ગામ, પુર કે મહાનગરમાં પધારતા શ્રીહરિનું વાહન, ચોપદારની છડી, શિર ઉપરનું છત્ર, બંને બાજુ ઢળતા ચામર, અબદાગીરી, નિશાન, ડંકા, ઢોલ, તાંસા, શરણાઈ, ભેરી, ભૂંગળ, તુરાઈ વગેરે વાજિંત્રો સાથેનું વિવરણ તો ઈષ્ટદેવ મહાપ્રભુના સ્વરૂપને આપણી દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ કરાવી દે છે.

વળી સ્તોત્રો કે કીર્તનગાન કરતા સંતો, વેદમંત્રોનું ઉચ્ચારણ કરતા વર્ણી અને સંન્યાસીઓ, બંદૂકોના ધડાકા કરતા શૂરવીર પાર્ષદો, અને કાઠિયાવાડી જાતવાન ઘોડાઓ ઉપર બેઠેલા ઢાલ, તલવાર અને ભાલા સાથેના બખતરધારી બહાદુર ગામધણી કાઠી દરબારો તથા બીજા ક્ષત્રિય રાજપૂત ગામધણી દરબારો, તે સહુની આગળ રોઝો ઘોડો અથવા માણકીના ઉપર સવાર થયેલી મરક મરક હસતી એવી શ્રીહરિની સલુણી સોહામણી મોહક મૂર્તિ તો દર્શન કરનારા સહુના ત્રિવિધ પાપ અને સંતાપોને ટાળીને અનુપમ આનંદ આપે છે.

આ બધું વર્ણન તો તેને વાંચનારા કે સાંભળનારા આપણા સહુના અનેક જન્મોનાં કર્મ, અજ્ઞાન અને કાળના ભયને સમૂળગો નાશ કરે છે. સભામાં પાટ ઉપર અથવા ઝાડની ડાળીએ બાંધેલા હિંડોળામાં વિરાજતા ઈષ્ટદેવ શ્રીહરિ, તેમની આગળ થયેલી સંતો વગેરેની અને હરિભક્ત બાઈ-ભાઈઓની સભા અને તે સભામાં સંતો અદ્‌ભુત સ્વરૂપ વર્ણનના કીર્તનોને ઝાંઝ, મૃદંગ વગાડીને જે ગાતા હોય છે, વસંત કે હોરી વગેરે ઉત્સવના

પદોને જે ગાતા હોય છે, સંધ્યા આરતી અને તે પછીની 'નારાયણધૂન' કરતા હોય છે; તે સ્વરૂપને જો કોઈ મનમાં ધારે, ચિંતવે તો તેને વજ્રના કિલ્લા જેવી માયા ટળી જાય છે. અને તેમને ત્રિવિધ શરીરથી છૂટીને માયાથી પર દિવ્ય શ્રીહરિના અક્ષરધામમાં ઈષ્ટદેવ શ્રીહરિની શાશ્વત સેવાનું સુખ મળે છે.

સત્સંગમાં શ્રીહરિનું દિવ્યવિચરણ, હરિભક્તોને ઘેર પધરામણી, ભાવનાને અનુસારે તે બધા ભક્તો વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પહાર, ધૂપ, દીપ, નૈવેદ્ય અર્પણ કરીને જે આરતી કરતા હોય છે, તે સમયનું કૃપાદૃષ્ટિથી અમૃત વરસાવતું વાત્સલ્યપૂર્ણ શ્રીહરિનું સ્વરૂપ જેનાં મનમાં સ્ફુરતું હોય તેના સમાન સદ્‌ભાગ્યશાળી તો આ સંસારમાં અન્ય કોઈને કહી શકાય નહિ.

ચરણોમાં ચાખડીઓ પહેરીને જેણે એક પીતાંબર પહેર્યું હોય, અને બીજું માથે ઓઢ્યું હોય અને વર્ણીએ જ્યાં થાળ કર્યો હોય, ત્યાં ચટકતી લટકતી ચાલથી ચાલતા લટકાળા લહેરી શ્રીહરિ જાય, ચરણકમળ ધોઈ કોરા કરીને સોનેરી બાજોઠ ઉપર વિરાજે, વર્ણીએ કરેલાં વિવિધ ભોજનોને જમે, છેવટે દહીં, ભાત અને સાકરને અથવા દૂધ, ભાત તથા સાકરને જમે. પછી મુખવાસ લઈને સંતો, પાર્ષદો અને દરબારોની પંગતમાં ઘણા જ પ્રેમથી પીરસવા માટે સહુ જમે ત્યાં સુધી ફરે. આવા કરુણાનિધિની અદ્‌ભુત મંગળમય મૂર્તિનાં દર્શન, ચરણસ્પર્શ, ચિંતવન, ધ્યાન અને ભજન-સ્મરણ કરનારાનાં સદ્‌ભાગ્યને તો શેષ, શારદા પણ કહેતા થાકી જાય છે.

પ્રસ્તુત ગ્રંથમાં પૂર સત્તર અને અઢાર, બંનેના મળીને ૧૯૩ તરંગ છે. તેમાં પૂર સત્તરના પ્રારંભમાં ધરમપુરના રાણી કુશળ કુંવરબાઈ તથા કારિયાણીના દરબાર માંચા ખાચરના અક્ષરવાસની ઘટના કહી છે. શ્રીહરિ માંચા ખાચરના ખરચમાં કારિયાણી જઈને પાછા ગઢપુર આવે છે. તે પછી ભીમ એકાદશી ઉપર શ્રીહરિ ગઢપુરથી અને લીંબડી ગયેલ સંતો સહુ ત્યાંથી વડતાલ આવ્યા હોય છે. ત્યાં કેરી પાકેલી હોવાથી શ્રીહરિ સંતો, પાર્ષદો તથા દરબારોને ખૂબ રસ અને રોટલી જમાડતા. પછી ગઢપુર આવીને ત્યાં શરદપૂનમ સુધી રોકાયા. તે પછી દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ વડતાલમાં આવીને

કર્યો. ત્યાં સમાધિ દ્વારા પોતાનું યોગૈશ્વર્ય બતાવ્યું અને સહુને રોજ પચાસ માળા ફેરવવાનું નિયમ આપ્યું. અન્નકૂટનાં દર્શન, સંતોનું ભોજન તથા શ્રીહરિનું પૂજન કર્યા પછી સંતોને કાશી ભણવા માટે મોકલે છે, પણ ભાઈ રામદાસજીસ્વામીએ કુસંગ લાગવાનો ભય દર્શાવીને સંતોને રોક્યા છે. શ્રીહરિએ સહુ સંતોને ગુપ્ત પ્રશ્ન કરીને તેમના નિષ્કપટ ઉત્તર સાંભળ્યા છે.

વડતાલમાં અન્નકૂટોત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા છે. ત્યાં પ્રબોધની એકાદશી, ઉત્તરાયણ અને વસંતોત્સવ કરીને સોરઠ તરફ જવા શ્રીહરિ ગઢપુરથી નીકળ્યા. તે કરિયાણા, રાયપુર, કોટડા, બંધિયા થઈને ગોંડળ આવ્યા. ત્યાંના રાજાને 'બધું પરમેશ્વરાધીન ચાલે છે' એમ જણાવ્યું. પછી તેને પ્રમાદથી બચવાનું કહીને ધોરાજી આવ્યા. પછી ત્યાંથી ભાડેર અને માણાવદર થઈને શ્રીહરિ પંચાળા આવ્યા છે. ત્યાં અદિબાના સત્સંગ પ્રસંગે શ્રીહરિએ સ્ત્રીઓના ધર્મ કહ્યા છે. તે પ્રસંગે શ્રીનરનારાયણ ભગવાનની કામ વિજયની વાત કહી છે. સોરઠના બધા ભક્તોની વિશેષતામાં તેમની અનન્યનિષ્ઠા અને સમાધિનિષ્ઠતા કહી છે. પછી શ્રીહરિએ પોતાના પૂર્વનાં ચરિત્ર અને પ્રતાપની વાત કહી છે. પછી સત્સંગ કરવાની રીત બતાવી છે.

અસંગી અને સર્વજ્ઞ એવા શ્રીહરિ કોઈ કારણોસર ઉદાસ થયા અને દાદા ખાચરના ગરાસના ગામ સુખપુર આવ્યા. ત્યાં લગ્ન પ્રસંગે ગવાતાં ફટાણા સાંભળીને શ્રીહરિ પાછા ગઢપુર આવ્યા, અને 'વિવાહમાં ફટાણાં ગાવા નહિ' આવી બાબતનો સત્સંગીઓના ઉપર પત્ર લખાવ્યો. તે પછી વડતાલમાં જળ, છાયાનો સારો યોગ જોઈને હુતાશની તથા ફૂલદોલ કરવા પત્ર લખ્યો. પછી ગઢપુરથી નીકળીને વડતાલ પહોંચતા પહેલા પીપળાવમાં રોકાયા. ત્યાં ભક્તોએ શ્રીહરિનું સ્વાગત કરીને તેમને રાજી કર્યા. પીપળાવથી મહેળાવ જતા રસ્તામાં નિર્દંભતાની વાત કરી. અને સહુ ધર્મ વિષયક વિચાર કરતાં કરતાં વડતાલ આવ્યા છે. ત્યાં સહુ ભક્તોએ શ્રીહરિનું સામૈયું કર્યું છે. તેની શોભાનું અદ્‌ભુત વર્ણન કર્યું છે.

સુરત, વડોદરા અને અમદાવાદથી અનેક હરિભક્તોના સંઘ આવ્યા હતા. તેની ચોકીની વ્યવસ્થા શ્રીહરિએ અદ્‌ભુત રીતે કરી. મહુધાના અમીન

અજુભાઈ દ્વારા સરકાર તરફથી સુરક્ષાની વ્યવસ્થા કરાવી. વળી, પ્રસંગે કરીને સંતોના શાસ્ત્રાધ્યયન અંગે શ્રીહરિની પ્રસન્નતાને મુખ્ય કહી છે. તે પછી હુતાશનીને દિવસ સભામાં બેઠેલા સંતોના નામ લખ્યા છે. અદ્‌ભુત હિંડોળામાં વિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું. પછી ફૂલદોલના ઉત્સવ નિમિત્તે કોઈ અનુપમ અને અપૂર્વ રંગક્રીડા કહી છે. પછી સભામાં નીતિ તથા નિયમોની વાત કરી, સહુને વિદાય આપીને શ્રીહરિ ગઢપુર આવ્યા. અને ત્યાં રામનવમી ઊજવી છે. શ્રીહરિએ ગઢપુરમાં જીવા ખાચરને ભગવાનની ભક્તાધીનતા બલીરાજાના દૃષ્ટાંતથી કહી છે.

તે પછી શ્રીહરિ આમ્રરસોત્સવ કરવા દરબારોને સાથે લઈને જેતલપુર આવ્યા છે. ત્યાં સહુને રસ અને રોટલી જમાડીને રાજી કર્યા છે. પછી એક દિવસ સંતોની ઝોળીઓ તપાસીને કાંઈ નીકળ્યું નહિ ત્યારે શ્રીહરિએ નિષ્પરિગ્રહતાની પ્રશંસા કરી છે. તે પછી સંતરામપુરના વિપ્ર વાલજીએ સંઘની રક્ષા કરી, તે વાત કહી છે. આ રીતે જેતલપુરમાં આમ્રરસોત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા. ત્યાં આવેલા વેદાંતાચાર્યની સાથે પ્રાગજી દવેની વાતચીત થઈ તે જણાવ્યું છે. વેદાંતાચાર્યે ભાવનગર જઈને વેરાગીઓની ઉશ્કેરણીથી શ્રીહરિની નિંદામય વિપરીત વાતો કહી ત્યારે તેના ઉપર શ્રીહરિએ પત્ર લખ્યો.

તે પછી શ્રીહરિ ગઢપુરથી વડતાલ આવ્યા છે. ત્યાં વાસણ સુથારને ઘેર ઊતર્યા. તેને વસ્ત્ર ઉપર તથા કાગળમાં હિંગળોકથી ચરણારવિંદ છાપી આપ્યા. પછી વડતાલમાં સ્ત્રી-પુરુષોની સભાની રીત કહીને સત્સંગનો પ્રતાપ કહ્યો છે. પછી ત્યાં દિવાળીનો ઉત્સવ કર્યો અને અન્નકૂટ કરીને સંતો વગેરેને પીરસીને જમાડ્યા છે. વડતાલનો ઉત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા છે. વેદાંતાચાર્ય બાબતના સમાચાર સાંભળીને શ્રીહરિ તેને મળવા માટે ગઢપુરથી પાછા વડતાલ આવ્યા છે. ત્યાં વેદાંતાચાર્યનું બધું વૃત્તાંત કહ્યું છે. પછી તે વેદાંતાચાર્યનું સન્માન કર્યું છે. અને શ્રીહરિએ કરેલા પ્રશ્નોના ઉત્તર કર્યા વિના જ તે વડતાલથી ચાલ્યા ગયા. તેણે નડિયાદમાં જઈને શ્રીહરિના વિરુદ્ધ બબડાટ કર્યો. ત્યારે તે સાંભળીને શ્રીનિત્યાનંદસ્વામી તેની પાછળ

ગયા, પણ તે તો ત્યાંથી ચાલ્યા ગયા હતા. પછી શ્રીહરિ ગઢપુર આવ્યા છે. ત્યાં દાદા ખાચરના વિવાહ કરાવ્યા અને વસંતપંચમીના પછી સહુને ટાટ પહેરાવવાનું પ્રકરણ ચલાવ્યું, પણ દરબાર જીવા ખાચરના આગ્રહથી તે પ્રકરણ બંધ કર્યું. પુનામાં અંગ્રેજ કંપની સરકારનું રાજ્ય થયું. સંતોને માટે કંથા સિવાયની વધારે એક ચાદર રાખવાની આજ્ઞા કરી. હુતાશનીનો ઉત્સવ ગઢપુરમાં કર્યો.

તે દિવસોમાં જ ગાયકવાડ સરકારના દીવાન બાબા સાહેબ ગઢડા આવ્યા. શ્રીહરિ તેને અને તેના મોકલેલા પંડિતોને પ્રતાપ જણાવ્યો. છતાં તે આસુરીબુદ્ધિને લીધે મળવા માટે આવ્યા નહિ. શ્રીહરિએ વ્યભિચાર આદિ દોષોનું ખંડન કરીને સત્પુરુષોનો મહિમા કહ્યો છે. તે પછી ગઢપુરમાં ફૂલદોલનો ઉત્સવ કરીને રંગક્રીડા કરી. તે પછી અંગ્રેજ અધિકારી એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા છે. નગરમાં ધામધૂમથી પ્રવેશીને નવાવાસમાં આવીને ઊતર્યા. શ્રીહરિને નિર્ભયરામ શાસ્ત્રી મળ્યા. ત્યારે તેને પોતાનું મંતવ્ય કહ્યું. શાસ્ત્રીની સરળતાથી શ્રીહરિ રાજી થયા અને મોહનલાલ શેઠને ઘેર પધરામણીએ ગયા છે. પછી શ્રીહરિ એરણ સાહેબને ભવને ગયા અને ત્યાં પરસ્પર નીતિ વિષયક વાત કરી. પછી શ્રીહરિએ નવાવાસમાં પોતાની મનપસંદ જમીન બતાવીને ત્યાંથી ચાલી નીકળ્યા.

પછી ત્યાંથી શ્રીહરિ વહેલાલ આવ્યા અને ત્યાં સંતોના હિતની વાત કહી છે. ત્યાંથી કણભા ગયા અને વેરાગીઓના દ્વેષનું કારણ બતાવ્યું છે. ત્યાંથી શ્રીહરિ મહેમદાવાદ પધાર્યા. મર્યાદાભંગથી નારાજ થયેલા શ્રીહરિ સંતોના વિનયથી રાજી થયા છે. મહેમદાવાદમાં હરિભક્તોએ પૂજેલા અને જમાડેલા એવા શ્રીહરિએ સંતોને પ્રશ્ન કર્યો, અને સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ઉત્તરથી રાજી થયા છે. પછી વડથલ અને ડડુસર થઈને શ્રીહરિ ઉમરેઠ પધાર્યા છે. ઉમરેઠના સત્સંગીઓની સેવા સ્વીકારીને સામરખા થઈને આણંદ શહેર વચ્ચે થઈને ચાલ્યા, પણ મતપંથીઓની ખટપટ હોવાથી ત્યાં રોકાયા નહિ, પણ બાકરોલ અને જોળ ગામ થઈને વડતાલ પધાર્યા છે.

વડતાલમાં અનેક લીલાઓ કરીને કરમસદ, ગાના, મેઘવા, દેદરડા અને વહેરા થઈને બોચાસણ આવ્યા છે. પછી ત્યાંથી ચાલ્યા તે વાવાઝોડા સાથે વરસાદ થયો. સાથેના સહુ પલળી ગયા. લપચતા-પડતા સહુ બુધેજ આવ્યા છે. ત્યાં રાત રોકાઈને ભાલમાં ચાલતા શ્રીહરિ ગાંફ થઈને ભીમનાથ આવ્યા છે. ત્યાંના મહંતને શ્રીહરિએ બ્રહ્મવિદ્યા કહી છે. પછી ત્યાંથી શ્રીહરિ દોઢ મહિને પાછા ગઢપુર આવ્યા છે અને અંગ્રેજોની નીતિને વખાણી છે. સત્સંગના હિતની વાત વિચારીને વેદમાં કહેવાતી હિંસા અંગે સમાધિ કરાવીને તે ઋષિઓને પશ્ન પૂછાવ્યો છે. પછી વેદમાં કહેવાતી હિંસા ખોટી છે તેવો ઉત્તર મળ્યો છે. આમ અહિંસાનું પ્રતિપાદન કરતા શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમી કરી છે. આ પ્રમાણે પૂર-૧૭માંના તરંગ ૧૦૧ પૂર્ણ થયા છે.

અઢારમા પૂરના પ્રારંભમાં શ્રીહરિએ મુક્તાનંદસ્વામી બોટાદ હતા ત્યાં કાગળ લખીને કહ્યું, ‘તમે વડોદરા જાઓ. ત્યાં વેદાંતાચાર્ય છે તે જેમ ફાવે તેમ આપણા વિરુદ્ધ બોલે છે, અને તેના બળથી બધા વેરાગીઓ પણ આપણો વિરોધ કર્યા કરે છે. તો જાહેર સભામાં તેના પ્રશ્નના ઉત્તર તમે આપો, તેથી સમાજમાં ક્યાંય આપણું ઘસાતું બોલવાનો તેમને અવકાશ રહે નહિ.’ પછી મુક્તાનંદસ્વામી કરાળી થઈને વડોદરા આવ્યા. બધા હરિભક્તો રાજી થયા. આ પ્રસંગે સ્વામીનું જીવનવૃત્તાંત તથા તેમના ત્યાગ વૈરાગ્યની છટા અને અનેક સાધુતાને શોભાવતા સદ્‌ગુણોનું વર્ણન કર્યું છે. ત્યારબાદ બાર તરંગ સુધીમાં મુક્તાનંદસ્વામી વડોદરામાં પણ પંડિતોની સભા જીત્યા અને સંપ્રદાયનો વિજય કર્યો તથા ગાયકવાડ સરકારે શિરપાવ આપ્યો વગેરે પ્રસંગ વિસ્તારથી લખ્યો છે.

વડોદરાની સભા જીત્યા બાબતનો પત્ર મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને લખ્યો. શ્રીહરિ ઘણું રાજી થયા પણ તે બાબત આનંદાનંદસ્વામીને ગમી નહિ. તે સાંભળીને શ્રીહરિ ઉદાસ થઈ ગયા. પછી શ્રીહરિએ ગઢપુરની આસપાસના કાઠી દરબારો અને સહુ સંતો તથા હરિભક્તોને બોલાવીને ઉત્તર ગુજરાતમાં આદરજ (તા.કડી, જિ.મહેસાણા) ગામમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો. મુક્તાનંદસ્વામી પણ ત્યાં આવ્યા. ચાર સદ્‌ગુરુઓ નીમ્યા. સત્સંગની

જવાબદારી તેમને સોંપી. આવી બધી ઘણી લીલાઓ આ અઢારમા પૂરમાં છે. વિસનગરના નાગર શોભારામને અને વડનગરના સૂબાને પણ સત્સંગના આશ્રિત કર્યા. પછી સંતોને જમવા માટે પાત્ર આપ્યા. મુક્તાનંદસ્વામીને સગવડતા માટે એક ગાડી આપી અને સેવામાં દરબાર રવાજીને રાખ્યા. પછી તો ઉત્તર ગુજરાતના બધા વડનગર, વિસનગર, ગેરિતા, લાંઘણોજ, નારદીપુર, મેઉ વગેરે ગામોમાં સત્સંગીઓને સુખી કરીને મોટેરા થઈને અમદાવાદ આવ્યા. હરિભક્તોને ઘેર ઘેર પધરામણી કરી. થાળ અને રસોઈ જમ્યા. અંગ્રેજ અધિકારીએ શ્રીહરિની પધરામણી કરી. જમીન પસંદ કરીને સંતોની ધર્મશાળા કરવાનું ઠેરાવ્યું. પછી શ્રીહરિ અસલાલ થઈને જેતલપુર પધાર્યા અને ત્યાંથી ધોળકા ઉપર થઈને સત્સંગમાં દિવ્ય વિચરણ કરતાં કરતાં શ્રીહરિ ગઢપુર પધાર્યા છે. આ પ્રમાણે પૂર અઢારને ઘણું સંક્ષેપમાં અહીં દર્શાવ્યું છે.

આ પ્રમાણે શ્રીહરિચરિત્રામૃતસાગરનો આ સાતમો ભાગ તૈયાર કર્યો છે. તેને તૈયાર કરીને સત્સંગ સમક્ષ મૂકવામાં તો પ.પૂ.શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી અને પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ) બન્ને મહાપુરુષોનો જ હરેક રીતે સંપૂર્ણ ભક્તિભાવપૂર્વકનો અપ્રિતમ સફળ પુરુષાર્થ છે. તેમના બન્નેના દૃઢ મનોબળથી જ આવું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે.

મારી વધતી જતી ઉંમરને લીધે મને થોડી મુશ્કેલી જણાતી હતી, પરંતુ અહીં કુંડળમાં આવવાથી પ.પૂ.સ્વામીજી, તેમના મંડળના સુજ્ઞ, વિચક્ષણ, કાર્યદક્ષ, ઉત્સાહી અને સાધુતાથી સંપન્ન એવા સહુ સંતો, પાર્ષદો, સાધકો અને મુમુક્ષુઓની નિષ્ઠા, નિપુણતા અને અવિરત મહેનતથી થોડા જ સમયમાં આ સાતમો ભાગ તૈયાર થઈ શક્યો છે.

આથી તેઓ સહુ શ્રીહરિ તથા સમગ્ર સત્સંગના રાજીપાને પાત્ર છે, ધન્યવાદને યોગ્ય છે. આ પ્રસંગે હું તે સહુનો આભાર માનું છું. ઈષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ અને મારા ગુરુજનોની કૃપાથી આવા કલ્યાણકારી ગ્રંથનું અનુવાદ કે સંપાદન કરવાનું સેવાકાર્ય મને મળ્યું છે, તો આપ

શ્રીહરિના પ્યારા સંતો અને હરિભક્તો સહુ મને આશીર્વાદ આપશો કે ચાલું રહેલું સેવાનું આ કાર્ય નિર્વિઘ્ન પૂરું થાય. શ્રીહરિનાં અનેક કલ્યાણકારી શુભગુણોથી ભરપૂર આ ગ્રંથનું અનુવાદ વગેરે કામ સાવધાનીથી કર્યું છે, પણ માનવસહજ કાંઈ ક્ષતિ રહી હોય તો આ ગ્રંથના આદરણીય વાંચકો-પાઠકો મને ક્ષમા આપશો.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ




INDEX

અનુક્રમણિકા

પૂર-૧૭

પૂર-૧૮

INDEX



અનુક્રમણિકા

પૂર - ૧૭

પૂર - ૧૮



श्रीस्वामिनारायणो विजयतेतराम्

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૭

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર સત્તરમું : તરંગ - ૧

માંચા ખાચરના ખરચમાં શ્રીહરિ ગયા અને સંતોને લીંબડી મોકલ્યા

दोहा : श्रीसहजानंद सुखनिधि, दुःख के मेटनहार
चरित्र करत गुन गान यह, पार लहत संसार...०१
साधन करत कोटि विध, संसार सागर तोउ;
तरत नहि उपाय कोउ, विकट रहाये सोउ...०२
चरित्र सुने देखे जो, चित्त प्रोई जेते;
भवसागर तरी गये यह, अगनित जन हि तेते...०३

સુખનિધિ શ્રીસહજાનંદસ્વામી દુઃખોને ટાળનારા છે. તેમના ચરિત્રો અને ગુણોનું જે ગાન કરે છે, તે સંસારસાગરના પારને પામે છે. ૧. ભગવાન સહજાનંદસ્વામીના આશ્રય સિવાય કરોડો પ્રકારનાં સાધન કરે, તોપણ સંસારરૂપી સાગરને તરાતો નથી. કારણ કે, એ વિકટ સંસારસાગરને તરવા માટેનો બીજો કોઈ ઉપાય નથી. ૨. પરંતુ તે શ્રીહરિનાં ચરિત્રને એકાગ્રચિત્ત કરીને જેણે સાંભળ્યા છે અને જોયા છે તેવા અગણિત લોકો સંસારસાગરને તરી ગયા છે. ૩. **શ્રીહરિનાં ચરિત્રોને સમાન સર્વોત્તમ બીજી**

કોઈ વાત નથી. શ્રીહરિનાં ચરિત્ર સર્વોત્તમ છે, પણ અભાગિયો માણસ તેને સાંભળતો નથી. ૪. મનુષ્યદેહને પામ્યા પછી જે વ્યક્તિ શ્રીહરિનાં ચરિત્રને ભાવપૂર્વક કાનથી સાંભળતી નથી, તે પશુના સમાન કહેવાય છે. ૫. ભગવાન શ્રીહરિનાં સંબંધથી પશુ, પંખી, વૃક્ષ અને પર્વત જેવી વસ્તુઓ પણ મનુષ્ય અને દેવતાઓને માટે પણ પૂજ્ય બનેલ છે; શ્રીહરિ એવા સર્વોત્તમ છે. ૬.

(સંવત્ ૧૯૨૦ ના દ્વિતીય શ્રાવણ વદિ, જન્માષ્ટમી ને (તા.૫/૯/૧૮૬૩) શનિવારે શ્રીહરિચરિત્રામૃતસાગરનું સોળમું પૂર પૂરું થયું છે.) **પછી સંવત્ ૧૯૨૦, ભાદરવા સુદિ પડવો અને સોમવારે આ સત્તરમું પૂર મેં લખવું શરૂ કર્યું છે.** ૭. શ્રીહરિ, સંતો અને હરિભક્તોને વડતાલમાં રંગે રમાડીને પછી ત્યાંથી ચાલતા થયા. નિર્વિઘ્ન ઉત્સવ કરીને ઘણા ઉમંગથી ગઢપુર આવ્યા. ૮. શ્રીહરિ જ્યારે ગઢપુર પધાર્યા તે દિવસોમાં જ ધરમપુરના ઘોડેસવારો રાણી કુશળકુંવરબાઈએ માનવદેહનો ત્યાગ કરી દીધો છે. તે સમાચાર લઈને આવ્યા. ૯.

(મહારાણી કુશળકુંવરબાઈએ સં.૧૮૭૨, ફાગણ સુદ-૧૧ (તા.૧૦/૩/૧૮૧૬, રવિવાર) ના દિવસે દેહત્યાગ કર્યો હતો તે વાત મહારાજે જીવુબા તથા લાડુબા આગળ કરી હતી. તે સમાચારનો પત્ર લઈને ધરમપુરથી ઘોડેસવાર-કાસદો ગઢપુર આવ્યા અને તેઓએ વાત કરી, હે મહારાજ ! અમારા રાણીબાને આપ ગયા પછી આપના વિરહને કારણે અન્ન, જળ ગળે ઊતર્યું ન હતું.

વાલાવિરહનાં વાગિયાં બાણ, તજ્યા કુશળકુંવરબાઈએ પ્રાણ;
જ્યારે એનો થયો અંતકાળ, તમે તેડવા આવ્યા દયાળ.
વળી આપ તણાં દરશન, પામ્યા કોઈ કોઈ પરિજન;
બાઈ એ મોટા મુક્ત સમાન, તજી કાયા ધરી તવ ધ્યાન.
એવા સાંભળીને સમાચાર, પામ્યાં ખેદ ઘણાં નરનાર;
દશ વર્ષ રહ્યાં હોત આંહીં, સતસંગ વધત દેશ માંહી.
ઘણા લોક તો ઉચ્ચરે એમ, પણ કૃષ્ણઈચ્છા મટે કેમ;
હરિઈચ્છા થકી થાય જેહ, સુખદાયક સમજવું તેહ.

આ રીતે કાસદોએ શ્રીહરિને વાત કરી. તે વાત સંતો, હરિભક્તો, બાઈઓને સાંભળતા જ સખેદ આશ્ચર્યાનંદ થયો. તેઓને જમાડીને રજા આપી. તેઓ ધરમપુર પાછા ગયા.) ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **'હવે તો ધરમપુરમાં સત્સંગ થઈ રહ્યો. જેને ભગવાનનો પૂરો ખપ હોય અને જેને ધર્મમાં રુચિ હોય તેના માટેનો આ સત્સંગ છે. સત્સંગના સમાન અન્ય કોઈ કહેવાય નહીં.'**

ધરમપુર રાજવંશી ૪ વ્યક્તિઓની અંતિમ તિથિઓ

(જ્યાં કુશળકુંવરબાઈના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં ધરમપુરમાં સ્વર્ગવાહિની નદીમાં તેમની સ્મૃતિની યાદી આપતું સુંદર સ્મારક અત્યારે છે. ત્યાંના લખાયેલા ચોપડા મુજબ કુશળકુંવરબાઈના પતિ સોમદેવજી સં.૧૮૪૦, જેઠ વદ-૪, તા.૭/૬/૧૭૮૪, સોમવારે સ્વર્ગવાસી થયા છે. તેમના પુત્ર રૂપદેવજી સં.૧૮૬૩, ફાગણ સુદ-૧૦, તા.૧૯/૩/૧૮૦૭, ગુરુવારે સ્વર્ગવાસી થયા છે. તેમની સ્મૃતિમાં બનાવેલું સ્મારક પણ વિદ્યમાન છે.

મહારાણી કુશળકુંવરબાઈ સં.૧૮૭૨, ફાગણ સુદ-૧૧, તા.૧૦/૩/૧૮૧૬, રવિવારે અક્ષરધામવાસી થયા છે.

અને શ્રીહરિને મળેલા કુશળકુંવરબાના પૌત્ર મહારાજા વિજયદેવ સં.૧૯૧૩, વૈશાખ વદ-૮, તા.૧૭/૫/૧૮૫૭, રવિવાર ના રોજ અક્ષરવાસી થયા હતા. તેમનું પણ સ્મારક છે. સર્વના સ્મારકો ધરમપુરમાં નજીક નજીક છે.)

અને કારિયાણી ગામના દરબાર માંચા ખાચર હતા, ૧૦-૧૧. તેઓએ પણ ભગવાનમાં ઘણો ભક્તિભાવ રાખીને પોતાના ભૌતિક શરીરનો ત્યાગ કર્યો હતો. તેમના ખરચ ઉપર બધા સંતોને બોલાવ્યા હતા. ૧૨. શ્રીહરિએ રામનવમી ગઢપુરમાં કરી અને તે પછી **કારિયાણી** આવ્યા. અને ચૈત્ર વદમાં બધા સંતો કારિયાણી આવ્યા અને તેમને ઘણું સુખ આપ્યું. ૧૩. બહુનામી શ્રીહરિ ત્યાં જે સંતો આવ્યા હતા તેમને ચૈત્ર વદિ છઠથી આઠમ સુધી, ત્રણ દિવસ સાટા ખૂબ ભાવથી પીરસતા હતા. બહુનામી શ્રીહરિને

વસ્તા ખાચર ઉપર ઘણું હેત હતું. ૧૪. કારણ કે, શ્રીહરિ ભક્ત વસ્તા ખાચરને જેમ કહેતા હતા તેમ તેઓ કરતા હતા. જ્યારે સાંજ થતી ત્યારે શ્રીહરિ રોજ સભા કરતા હતા. ૧૫.

ગાડા ઉપર બિછાવીને મૂકેલા પલંગ ઉપર શ્રીહરિ હરખથી બેસતા હતા. અને શરીર ઉપર અમૂલ્ય વસ્ત્ર તથા ઘરેણાં પહેર્યાં હતાં. તે બધાં સોનેરી હતાં. ઘણા પ્રેમથી આ રીતે સહુને દર્શન આપતા હતા અને દરબારગઢના ચોકમાં રોજ સભા કરતા હતા. ૧૬-૧૭. જ્યારે સંધ્યા સમય થતો ત્યારે ઘણી મશાલો થતી હતી. તે વખતે નારાયણધૂન કરતા હતા. અને તેની શોભા ઘણી થતી હતી. ૧૮. તે વખતે બ્રહ્માનંદસ્વામીએ અડધી રાત સુધી નવા નવા ગરબીના પદ બનાવીને ગાયા. ૧૯. પછી શ્રીહરિ **ગઢપુર** પધાર્યા અને સહુ સંતો પણ બીજે દિવસે જમીને કારિયાણીથી ચાલ્યા. ત્યારે હરેક સંતને બબ્બે સાટા સાથે આપ્યા હતા. ૨૦. પૂર્ણાનંદસ્વામી, ગુલાબાનંદસ્વામી અને સ્વયંપ્રકાશાનંદસ્વામી; આ ત્રણ સંતોના મંડળ ઘણા દૂર ગયા હતા, એટલે ત્યાંથી આવતા વિલંબ થવાથી તે વખતે કારિયાણી આવ્યા. શ્રીહરિએ જ્યારે સંતો આવ્યા છે તેમ સાંભળ્યું ત્યારે પાંચ ઘોડેસવારોની સાથે કારિયાણી પાછા આવ્યા. ૨૧-૨૨.

માર્ગમાં અશ્વને દોડાવીને આવ્યા હતા. અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. અને વસ્તા ખાચરના દરબારમાં આવીને શ્રીહરિ ઊતર્યા. ૨૩. દિવસ બે ઘડી ચઢ્યો હતો ત્યારે કારિયાણી ગામસ્માં પહોંચ્યા હતા. આવીને પલંગ ઉપર ઊભા રહ્યા. પરસેવાથી બધાં વસ્ત્ર ભીંજાઈ ગયાં હતાં. ૨૪. ખબર સાંભળીને સંતો તત્કાળ શ્રીહરિની પાસે આવ્યા. ત્યારે પરમ દયાળુ શ્રીહરિ સહુ સંતોને ભેટ્યા. તે પછી શ્રીહરિએ મુંડન કરાવીને સ્નાન કર્યું. અને પછી રસોઈ કરાવીને જમ્યા. ૨૫. પછી સંતોની પંક્તિ કરી. શ્રીહરિને સંતો ઉપર ઘણું હેત હતું, એટલે સહુને અતિ પ્રેમ લાવી પંગતમાં સાટા પીરસ્યા. ૨૬.

સંતો જમી રહ્યા તે પછી પ્યારા શ્રીહરિ થોડીવાર પોઢી ગયા. દિવસનો પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિએ કારિયાણીથી ચાલવાની તૈયારી કરી. ૨૭. શ્રીહરિએ સંતોને બોલાવ્યા અને તેમને ભેટ્યા. સહુને ભાતામાં

સાટા આપ્યા. જેટલા ઊપડે તેટલા ઘણાં સાટા શ્રીહરિએ આપ્યા. ૨૮. પછી સંતોને કહ્યું કે, 'તમે અહીંથી નાગડકા જાઓ. અમે ત્યાં જરૂર આવશું.' આમ કહીને પરમ ચતુર શ્રીહરિ **ગઢપુર** જવા નીકળ્યા. ૨૯. તે સંતોના મંડળ બોટાદ થઈને લોયા ગામમાં આવ્યા. એકાદશીનો દિવસ હતો ત્યારે શ્રીહરિએ ગઢપુરથી **લોયા** આવીને સંતોને દર્શન દીધાં. ૩૦. સંતોને દર્શન દઈને શ્રીહરિએ કહ્યું, 'હવે અમે **નાગડકા** જઈએ છીએ. તમે ધીરે ધીરે અમારી પાછળ આવો. અમે જલ્દીથી જઈએ છીએ.' ૩૧.

લોયાના સંઘા પટેલ હરિભક્ત હતા. તેનાં મનમાં શ્રીહરિને રોકવા માટે ઘણી ઈચ્છા હતી. તેથી ત્યાં આવીને રોકાવા માટે શ્રીહરિને ઘણી તાણ કરી. ૩૨. છતાં પણ શ્રીહરિ લોયામાં રોકાયા નહિ. પોતાની સાથે પંદર ઘોડેસવારો હતા. **નાગડકા** પહોંચવાનું ઠેરાવીને ચાલ્યા અને સંધ્યા સમયે ત્યાં પહોંચ્યા. ૩૩. પાછળથી જે સંતો આવ્યા તેમણે સંતોની જગ્યામાં ઉતારો કર્યો. તે દિવસ શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા હતા અને થાકી ગયા હતા, તેથી તરત સૂઈ ગયા. ૩૪.

એકાદશી હોવાથી બધા સંતોએ આખી રાત જાગરણ કર્યું અને ગરબીનાં પદ ગાતા રહ્યા. તે પદોને શ્રીહરિ સૂતા સૂતા સાંભળતા રહ્યા. ૩૫. જ્યારે રાત ચાર ઘડી બાકી હતી ત્યારે શ્રીહરિ ઊઠીને તરત સંતો પાસે આવ્યા. ત્યાં રહેલા પલંગ ઉપર બેઠા. શ્રીહરિ મનમાં ઘણું પ્રસન્ન હતા. ૩૬. 'તમે જેટલા પદ ગાયા તેને અમે સૂતા સૂતા સાંભળ્યા છે' આમ કહીને શ્રીહરિએ સંતોને ઘણી રમૂજની વાતો કરી, જે મુખથી કહી શકાતી નથી. ૩૭. ત્યારે શ્રીહરિએ એક નાનો કસુંબી રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને બીજો નવો ગૂઢો રેંટો પ્રસન્ન મનથી પહેર્યો હતો. ૩૮. સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ બોરીનો ભારે ચોફાળ ઓઢ્યો હતો. શ્રીહરિનું સ્વરૂપ ગૌર અને પુષ્ટ હતું. જે દર્શન કરે તેનું ચિત્ત મૂર્તિમાં ખેંચાઈ જતું હતું. ૩૯. જ્યારે સૂર્યોદય થયો એટલે તરત પરમ દયાળુ શ્રીહરિ ઊઠીને ઉતારે ગયા. બધા સંતો પણ સ્નાન કરીને આવ્યા અને ઘણા પ્રેમથી પૂજા કરવા લાગ્યા. ૪૦.

શ્રીહરિએ સ્નાન કરીને રસોઈ બનાવી. પછી પોતે જમીને તૃપ્ત થયા. અને જે જમતા પ્રસાદી વધી હતી તે સંતોને ઘણું રાજી થઈને આપી. ૪૧. બપોર પછી સહુ નદીએ સ્નાન કરવા ગયા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, ત્યારે ઘણા શોભતા હતા. સંતો અને શ્રીહરિ સહુ નદીમાં નાહ્યા અને નાહ્યા પછી પાછા વળ્યા. ૪૨. તે વખતે શ્રીહરિની સાથે માણકી અને ભૂતડી; એ નામની બે ઘોડીઓ હતી, એટલે એક પછી એક એમ બંને ઘોડીઓને તેનો વેગ જોવા માટે ખેતરમાં દોડાવી. ૪૩. 'ઘોડાની જેટલી જાત છે તેમાં માણકીને સમાન કોઈ નથી.' એમ કહીને શ્રીહરિ ગામમાં આવ્યા. ૪૪. ત્યાં ચોતરા ઉપર બિછાવેલો પલંગ હતો. તે વખતે પ્રસન્નમુખે શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બેઠા. ૪૫. રાત દોઢ પહોર ગઈ ત્યાં સુધી સંતો ગરબીના પદ ગાતા હતા. પદ ગવાઈ રહ્યા પછી શ્રીહરિએ તે સંતોને કહ્યું, 'તમારા ત્રણ મંડળ છે, તે બધા સંતો લીંબડી શહેરમાં જાઓ. તમારે આખો દિવસ શહેરમાં સત્સંગની વાતો કરવી. ૪૬-૪૭.

જ્યારે સાંજ થાય ત્યારે શહેરની બહાર આવી રહેવું. આ રીતે લીંબડીમાં દસ-પંદર દિવસ રહીને પછી ગુજરાતમાં જાવું. ૪૮. અમે ભીમ એકાદશી કરવા માટે વડતાલ ચોક્કસ આવશું.' આમ કહીને શ્રીહરિ સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા. પછી તૈયાર થઈને તે વખતે જ ત્યાંથી ચાલી નીકળ્યા. ૪૯. શ્રીહરિ નાગડકાથી **ગઢપુર** આવ્યા અને ત્યાં રહેલા ત્રણેય સંતોના મંડળ ચાલતા થયા તે લીંબડી આવ્યા. ત્યાં બધા વેપારી વણિક કર્મવાદી હતા. ૫૦. તેઓ સૂતકને પાળતા નહિ અને ક્યારેય ભગવાનનું ભજન કરતા નહિ. ઋષભદેવની પ્રતિમાને પણ ક્યારેય પૂજતા નહિ. ૫૧. તે કર્મવાદી ચોરાસી સિદ્ધોની પ્રતિમાને પણ પૂજતા નહિ. અરે ! કોઈ પણ દેવની પ્રતિમાને તેઓ ક્યારેય માનતા નહિ. ૫૨.

તેઓ બધા મેલા મંત્રને સાધવામાં ઘણા નિપુણ રહ્યા હતા. અને જેટલા પવિત્ર વ્રત કહેવાય છે, તેનો તો તેઓ નાશ કરનારા હતા. ૫૩. તેમના બધા જ ગ્રંથો તીર્થ, બ્રાહ્મણ, સંત, વેદ, યજ્ઞ, દાન અને સચ્છાસ્ત્રમાં બતાવેલા બધા જ સન્માર્ગનું ખંડન કરનારા છે. ૫૪. તેમના મતમાં કર્મથી

અધિક બીજા કોઈ પરમેશ્વર માન્ય નથી અને તેમને વેદમાં કહેલા કર્મનું કાંઈ જ જ્ઞાન નથી. ૫૫. તેઓ અહિંસારૂપ ધર્મને જંતુઓને બચાવવા પૂરતો જ રાખે છે. મનુષ્ય જેવું કર્મ કરે છે તેને તેવું ફળ મળે છે; એવું માને છે. ૫૬. કર્મવાદીઓ બીજા બધા ધર્મ કરતાં અહિંસારૂપ ધર્મને સહુથી અજોડ માને છે અને તે ધર્મથી અપાર ફળને માને છે. ૫૭. જેટલું ઈશ્વરપણું છે તે બધું ધર્મમાં માને છે. ધર્મથી વધારે કોઈ ઈશ્વરમાં માનતા નહિ. ૫૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "કારિયાણીમાં માંચા ખાચરના ખરચમાં શ્રીહરિ ગયા અને સંતમંડળને લીંબડી મોકલ્યા" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર સત્તરમું : તરંગ - ૨

લીંબડીથી સંતો અને ગઢપુરથી શ્રીહરિ વડતાલ પધાર્યા

લીંબડી શહેરમાં ગયેલા સંતો ત્યાં દસ દિવસ રહ્યા. તેઓ રોજ ભોગાવો નદીમાં નાહતા હતા. તેથી તેમને મલિન માણસો પાપી કહેતા હતા. ૧. જે મળત્યાગ કર્યા પછી પણ શુદ્ધિ માટે પાણી ન વાપરે તેવાને મલિનો ઉચ્ચ પદવાળા કહેતા હતા. ૨. અરિહંત નામે રાજા થયા હતા, તેમને અમુક લોકો મુખ્ય માને છે. તેનાં વચનોને તેઓ વેદથી પણ અધિક માને છે. ૩. તે બધા વૈદિક માર્ગને અધર્મમાર્ગ કહે છે અને પોતાના ધર્મને શ્રેષ્ઠ કહે છે. ૪.

चोपाई :

पूर्व जन्म के सुक्रत जाके, भगवान के संत पर ताके;
रुचि होवत छोटी वय तामें, नास्तिक पास न रहेउ यामें...०५
संत के बचन अमृत रहाये, पास लगत तेहि भव में न आये;
जईन के पास लगत जाही, लखचोरासी न मिटत ताही...०६

જેનામાં નાસ્તિક્તાની અસર બિલકુલ ન હોય અને પૂર્વજન્મના કોઈ સારા પુણ્ય હોય, તેમને જ ભગવાન અને સંતોના ઉપર નાની ઉંમરમાં જ

પ્રેમ થાય છે. ૫. સંતોનાં વચન અમૃત જેવાં છે અને તે વચનોનો જેને પાશ લાગે છે, જેને અસર થાય છે, તે ફરીવાર આ સંસારમાં આવતા નથી. પણ નાસ્તિકોનો પાશ જેને લાગે છે તેને ક્યારેય લખચોરાશી મટતી નથી. ૬. જે નાસ્તિક બુદ્ધિવાળા છે તે બધા જમપુરીના સમગ્ર નરકકુંડમાં રાત-દિવસ વિવિધ પ્રકારના મારને ખાય છે. ૭. આપણા સંતો બધા આવી વાતો કરીને આગળ ચાલતા થઈ જતા હતા. જેને નાસ્તિક મતનો પાશ લાગી ગયો તેનાં હૃદયમાં ભગવાનનો વાસ રહેતો નથી. ૮. જેમાં ભગવાનનો નિવાસ નથી હોતો, તેઓ તો કહેવામાત્રના જ મનુષ્ય હોય છે. જૈનોએ શ્રીહરિના સંતોના શીલવ્રતનો ગુણ માન્યો. બસ સંતોના ઉપદેશની આટલી અસર થઈ. ૯.

આપણા સંતોના શીલવ્રતને તે બધા જૈન વણિકોએ પ્રમાણરૂપ માન્યું. અને સંતો ભોજન મેળવીને જે ખાતા હતા તેનાથી પણ સંતોના ધર્મને સર્વોપરી ગણ્યો. ૧૦. તે જૈન વણિકો બોલતા કે, “તમારી બે વાત ચોક્કસ અમારી નજરમાં આવી છે. તમે ધન અને સ્ત્રી, તેનાથી જે દૂર રહો છો એટલો તમારો ધર્મ પૂરો છે. ૧૧. જે કોઈ પણ પ્રકારનાં વ્યસનો અને નશો, તે સહુનો તમે ત્યાગ રાખો છો; આટલી જે બાબત છે તે અમારા સાધુઓ કરતાં પણ તમારામાં અધિક છે, તેમ અમે માનીએ છીએ, પણ અમારાથી સત્સંગ ગ્રહણ કરાશે નહિ. અમે અમારા ધર્મમાં જ ઉદ્ધાર માનીએ છીએ. માટે તમે અમારી લાલચ લગાર પણ રાખશો નહિ. ૧૨-૧૩. અમે હવે પછીના જન્મમાં જો નાસ્તિક મતમાં ન આવી જઈએ તો આપનો સત્સંગ સ્વીકારશું, તે વાત અમે સત્ય કહીએ છીએ.” ૧૪. ત્યારે સંતોએ તે વણિકોને કહ્યું, “તમારા જેવો કોઈ બુદ્ધિમાન ગણાય નહિ, પણ તમારી તે બુદ્ધિ જીવના કલ્યાણની બાબતમાં કામ આવી નહિ. આટલી તમારામાં ખામી રહી છે.” ૧૫.

ત્યારે વણિકોએ કહ્યું, ‘જો આપ અમારી બુદ્ધિને પલટાવી દો તો અમે આપના થઈએ. બુદ્ધિ પલટાયા સિવાય અમે સત્સંગમાં આવશું નહિ. ૧૬. ત્યારે સંતોએ કહ્યું, “બુદ્ધિ પલટાવવી તે તો પરમેશ્વરના હાથની વાત છે. અમે જે વાત કરીએ છીએ તેને તો જેને ખપ હોય તે ગ્રહણ કરે છે. ૧૭.

જે સત્સંગની વાતને સ્વીકારતા નથી, તે મનુષ્યો મનમાં ફાવે તે રીતે વર્તે છે અને તેના સ્વચ્છંદી વર્તનને જમરાજા તો જાણે જ છે. ૧૮. **આ દુનિયામાં જે મનુષ્ય જે રીતે રહે છે તેવું તેને પરલોકમાં સુખ મળે છે. જે મનુષ્યો વેદાદિ શાસ્ત્રોની મર્યાદાને લોપીને ખુશી થાય છે, તેને માટે તો તેનું ફળ તૈયાર જ હોય છે. પરલોકમાં મનુષ્યનું લગાર પણ ડહાપણ ચાલતું નથી. વેદ, સંત અને ભગવાનને; યોગ્ય સમય ગયા પછી જો બહુ બહુ માને, તોપણ તે ત્યાં પરલોકમાં કામ લાગતા નથી. ભલે તે જીવ મનમાં ઘણો પશ્ચાત્તાપ કરે, પણ મનુષ્ય અગાઉથી જેવું કામ કરે છે તેવું તેને ફળ મળે છે. ૧૯-૨૧. પોતાના શ્રેયને માટે મહેનત કર્યા સિવાય ક્યારેય તેની સિદ્ધિ થાતી નથી.”** સંતો જૈનોની આગળ આટલી વાત કહીને ત્યાંથી ચાલતા થયા, તે શિયાણી ગામમાં જઈને રહ્યા. ૨૨.

ત્યાંથી તાવી, દેવળિયા, દદુકા, મખિયાવ, ચલોડા, બાવળા વગેરે ગામ થઈને ખેડા આવ્યા. ૨૩. તે પછી તે સંતો રઘવાણજ થઈને ડભાણ આવીને રહ્યા. પછી શ્રીહરિ ભીમ એકાદશી ઉપર વડતાલ આવવા માટે ગઢપુરથી નીકળ્યા. ૨૪. પછી શ્રીહરિએ ગામેતી કાઠી હરિભક્તોને પોતાની સાથે લીધા. ગઢપુર, ગુંદાળા, કરિયાણા, ખંભાળા, બોટાદ, નાગડકા, સુંદરિયાણા, સારીંગપુર, કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર, તે બધા ગામોના કાઠી દરબાર હરિભક્તો અશ્વ ઉપર બેસીને શ્રીહરિની સાથે આવ્યા. તેનો ગણતા પાર આવતો નથી. ૨૫-૨૭. **ભાલ** અને **બારા**માં થઈને શ્રીહરિ **વડતાલ** પહોંચ્યા. તે વખતે જે વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્ર હતાં, તે વાગતા હતા. વડતાલમાં જેટલા હરિભક્તો હતા, તે બધા ખૂબ જ પ્રેમભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૮-૨૯.

બધા પુરજનો વડતાલથી પા કોશ જેટલા દૂર આવ્યા ત્યારે રાવલી ગામના મારગ પાસે સહુને શ્રીહરિનાં દર્શન થયાં. દર્શન કરતાં સહુ ભક્તોને ઘણો આનંદ થયો. ૩૦. દિવસ બે ઘડી ચઢ્યો હતો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર પીળા રંગનું છત્ર હતું અને છત્રના ઉપર સોનાનો કળશ રહ્યો હતો. ૩૧. કેટલાક હરિભક્તો ફૂલના હાર

લાવ્યા હતા, તે શ્રીહરિને પ્યારથી પહેરાવ્યા. અને ભાઈ રામદાસજીસ્વામી પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૨. તે ભાઈસ્વામી આવીને શ્રીહરિનાં ચરણકમળમાં પડ્યા. તેઓએ આત્માનંદસ્વામીની સેવા કરી હતી અને તેમની જેટલી વાતો હતી, તેને તેઓ જાણતા હતા. ૩૩. વડતાલ ગામના જે પાટીદારો હતા, તે બધા અત્યંત હરખભેર શ્રીહરિની સામે આવ્યા, વડતાલ ગામમાં પધરાવ્યા અને સુંદર ઉતારા અપાવ્યા. ૩૪. કાઠી દરબારોને ઉચિત હોય તેવા ઉતારા આપ્યા. શ્રીહરિ રસોઈ કરીને જમ્યા અને પછી ચાર ઘડી સુધી પોઢી ગયા. ૩૫.

વડતાલ ગામની ચારેબાજુના પ્રદેશમાં જે સંતો હતા, તેમને ખબર મળતાની સાથે જ તેઓ તરત આવ્યા. શ્રીહરિની મરજી લઈને પછી જ તે બધા સંતો આવ્યા હતા. ૩૬. બધા સંતોએ સંતોની જગ્યામાં ઉતારો કર્યો. ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. પછી સંતોની સભા વચ્ચે બેઠા. ત્યારે શ્રીહરિએ અંગ ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૩૭. ચરોતર, વાકળ અને કાનમ દેશનાં હરિભક્ત જે બાઈ-ભાઈ હતા, તે બધા વડતાલમાં આવવા લાગ્યા. ૩૮. બીજે દિવસ આંબલે પલંગનો રમણીય હિંડોળો બાંધ્યો હતો, ત્યાં આવીને શ્રીહરિ બેઠા. ૩૯. ત્યાં આગળ સંતો અને વર્ણીઓની અનુપમ સભા ભરાઈ. અને આવેલા હરિભક્તોની પણ ત્યાં સભા થઈ. ૪૦. હરિભક્ત બાઈઓ બાઈઓની સભા કરીને બેસતી હતી અને તે ત્રણેય સભા શ્રીહરિ સિવાય કોઈને દેખતી નહિ. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "લીંબડીથી સંતો અને ગઢપુરથી શ્રીહરિ વડતાલ પધાર્યા" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર સત્તરમું : તરંગ - ૩

અસૂયા રાખીને ક્લેશ કરનારો યથાર્થ સત્સંગી નથી

ભાલ અને બારા પ્રદેશના કેટલાએ હરિભક્તો વડતાલ આવ્યા. પાટણ સુધીથી ઉત્તર ગુજરાતના હરિભક્તો પણ આવ્યા. ૧. શ્રીહરિ જેટલા દિવસ વડતાલમાં રહ્યા તેટલા દિવસ નિત્ય નવા ઉત્સવ થતા હતા. જેટલા નિપુણ હરિભક્તો હતા તે બધા રોજ કેરી લાવતા હતા. ૨. ચરોતર પ્રદેશમાં જેટલા આંબા હતા તેમાં એક એકથી અધિક કેરી આવી હતી. ૩.

માનો તે આંબાઓને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે મનમાં વધારે તાન રહેતું હોય, તેમ જણાતું હતું. અને તેથી જ શ્રીહરિ ચરોતર પ્રદેશમાં વારે વારે કેરી પાકવાને સમયે આવતા હતા. બધી વાત કહી શકાતી નથી. મારી બુદ્ધિ જેટલી છે તેટલી વાત હું કહું છું. ૪-૫. શ્રીહરિના આશ્રિત સંત, વર્ણી અને પાર્ષદો તથા બાઈ-ભાઈ હરિભક્તો રહ્યા છે, તેમની બુદ્ધિ તો આકાશ કરતાં પણ વિશાળ રહી છે. ૬.

તે અપાર બુદ્ધિવાળા જે શ્રીહરિના આશ્રિતો છે, તે મારી કહેલી ચરિત્ર સંબંધી વાતોને સાંભળીને મારા ઉપર કૃપા રાખે. ૭. **તેમાંથી કોઈ મારા ઉપર અસૂયા રાખે નહિ. કારણ કે, 'જે અસૂયા રાખે છે તે હરિભક્ત કહેવાય નહિ.' કોઈ હરિભક્તમાં થોડા ગુણ હોય તોપણ તે ગુણોને બીજા ભક્તો આકાશ કરતાં પણ વધારે દેખે છે. ૮.**

❋ દોષ જોનારની બુદ્ધિ આસુરી થાય છે :

चोपाई :

आपमें गुन होवे अपारा, हरिजन में दोष देखे लगारा;
भगवान के धाम पावत तोऊ, आसुरि बुद्धि तेहि र'त हे जोऊ...०९

પોતાનામાં અપાર ગુણો હોય પણ તે જો બીજા હરિભક્તમાં લગાર પણ દોષને દેખે છે તો તે ભગવાનના ધામને પામ્યો હોય, તોપણ તેની બુદ્ધિ આસુરી રહે છે. ૯. આવી આ બાબતમાં એક રતીભાર પણ ખોટું નથી. જેને વિચાર નથી હોતો તેને ગમ પડતી નથી. જેને પોતાનામાં રતીભાર

પણ દોષ ન દેખાય અને બીજા હરિભક્તોના અલ્પ દોષ હોય તેને પણ કહેતા ફરે છે, અને હરિભક્તોના અલ્પ દોષોને પણ પ્રકાશિત કરતો રહે છે તેને એક પળવાર પણ સંતોષ રહેતો નથી. અને જે દોષો સૂર્યના જેવા જાહેર જ હોય અને તેને જો પ્રકાશિત-જાહેર કરે તો,

તેમાં લગારેય દોષ લાગતો નથી, તેવાને અપાર પુણ્ય થાય છે. **જેટલી બ્રહ્મવિદ્યા કહેવાય છે તેની રીત તો અલૌકિક છે.** ૧૦-૧૨. **બ્રહ્મવિદ્યાના સમાન બીજી કોઈ વિદ્યા નથી. અને તે બ્રહ્મવિદ્યાને યથાર્થ રીતે તો એક નરનારાયણ ભગવાન જ જાણે છે. ૧૩.** શુકજી, સનકાદિકો, શિવજી, નારદ, ઉદ્ધવ; એ બધા આજ સુધી અપાર બ્રહ્મવિદ્યાને શીખતા રહ્યા છે, છતાં પણ તેના પારને પામ્યા નથી. ૧૪. દુર્વાસા, અગત્સ્ય, પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, વિશ્વામિત્ર, ચ્યવન, સૌભરિ, એ બધા એક રોમ જેટલી બ્રહ્મવિદ્યાને પામ્યા છે. તેણે કરીને તેમણે અલ્પ અલ્પ પ્રતાપ જણાવ્યો છે. જે પુરાણોમાં લખાયો છે. ૧૫-૧૬.

જે તુચ્છ માણસ હોય છે તેને જો ચિંતામણિ પ્રાપ્ત થાય તો તેનો કેફ ચડ્યા સિવાય રહે નહિ. કારણ કે, તે તુચ્છ માણસ પણ છેવટે તો જીવ જ છે ને..! ૧૭. તે તુચ્છ માણસ જેટલા સાધન કરે છે, તે બધા સાધન દુનિયામાં મોટપ પામવા માટે જ કરે છે. જો દુનિયામાં તેની મોટપ ન વધે તો તે દુનિયાથી ઉદાસ થઈ વર્તે છે. ૧૮. **તુચ્છ માણસની રીત એવી હોય છે કે, તે બીજાને પાછા પાડવાની નીતિને શીખે છે. અને જે બીજાને તુચ્છ કરવા ચાહે છે તે પોતે જ તરત તુચ્છ થઈ જાય છે.** ૧૯. **ભગવાન તો ગર્વગંજન છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે બધું દેખે છે. તે આવી અસૂયાને રતીભાર પણ સહન કરતા નથી. જે જેવું કરે છે તેને તેવું ફળ તરત આપે છે.** ૨૦.

प्रत्यक्ष प्रोक्ष भगवान ताके, चरित्र दोनु रहाये वाके;
प्रोक्ष से प्रत्यक्ष जो तामें, प्रेम अति बढ रहाये यामें...२१

ભગવાનનાં ચરિત્ર પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રકારના છે. ઉત્તમ ભક્તને પરોક્ષ ચરિત્ર કરતાં પ્રત્યક્ષનાં ચરિત્રમાં વધારે પ્રેમ વધે છે. ૨૧. ભગવાનના ભક્તની સમજણમાં બંને પ્રકારના ભાવ રહ્યા હોય છે. જ્યારે

ભગવાન પ્રત્યક્ષ હોય ત્યારે તે પ્રત્યક્ષમાં પ્રેમ ઘણો વધતો રહે છે. ૨૨. પ્રત્યક્ષ ભગવાન જ્યારે પરોક્ષ થાય છે ત્યારે પ્રત્યક્ષ વખતનાં જે ચરિત્ર હોય તેને પ્રત્યક્ષ માનીને તેના ગુણોને ગાતો રહે છે. અને તે ચરિત્રોનું અમૃતપાન કરતો થકો દિવસો વિતાવે છે. ૨૩. **ભગવાનનાં જે ચરિત્ર છે તે ક્યારેય પરોક્ષ થતા નથી. અને જે ચરિત્રને પરોક્ષ માને છે તેને તેવું ફળ મળે છે.** ૨૪.

જેને જેવી સમજણ હોય તેવી રીતે તે ભગવાનના કથા, કીર્તન અને વાતોને કરે છે અને તેમાં તન, ધનનો ઉપયોગ કરે છે. ૨૫. કેટલાક નિર્ધન ધનાઢ્ય થાય છે, કેટલાક ધનાઢ્ય નિર્ધન થાય છે. સમજણ પ્રમાણે ધનાદિકનો સદુપયોગ કરનારો નિર્ધન હોય, તોપણ તે ધનાઢ્ય છે અને સદુપયોગ ન કરે તે ધનાઢ્ય હોય તોપણ નિર્ધન ગણાય છે. જેની જેવી સમજણ હોય તેનું તેવું અંદરનું સ્વરૂપ ક્રિયા ઉપરથી પ્રસિદ્ધ થાય છે. ૨૬. **કુબુદ્ધિવાળા લોકો છે તે કથા, કીર્તન અને વાતોને જે કરતા રહે છે તે બીજાના દોષોને દેખાડવા માટે જ કરે છે.** ૨૭. **તે દુર્જન પોતામાં જે ગુણ હોય છે તેને વારેવારે પ્રસિદ્ધ કરે છે અને પોતાના બધા દોષોને છપુપાવી રાખે છે.** ૨૮.

संत होई ते संत जो ताके, वर्णि होई वर्णि यह वाके;
पदाति होई पदाति तिनके, हरिजन होई हरिजन इनके...२९
धर्मवंशी होई धर्मवंशी के, अधिक गुन गाना हुलसीके;
हरिजन भये बायु ही जितने, परस्पर तामें जो तितने...३०
एक एक के गुन जो जितना, अलोकिक भाव रखिके तितना;
गावत में भाव रहे जेता, हरिजन सर्वोपरि भये तेता...३१

જે સંતો હોય તેમણે સંતોના, વર્ણીઓ હોય તેમણે વર્ણીઓના, પાર્ષદો હોય તેમણે પાર્ષદોના, હરિભક્તો હોય તેમણે હરિભક્તોના અને ધર્મવંશી આચાર્ય હોય તેમણે ધર્મવંશી આચાર્ય હોય તેમના ઉત્સાહથી વધારે ગુણ ગાવા જોઈએ. જેટલી હરિભક્ત બાઈઓ છે તેમણે પણ પરસ્પર એકબીજાના ગુણોનું ઉત્સાહ રાખી ગાન કરવું. જો તે બધાને એકબીજાના ગુણોને

અલૌકિકભાવ રાખીને ગાન કરવાનો ભાવ રહે છે તો તે સર્વે હરિઆશ્રિતો સર્વોપરિ થાય છે. ૨૯-૩૧.

આવી રીતે એકબીજાના સદ્‌ગુણોને મુખથી કહેવામાં જેના દિલમાં આનંદ નથી થતો, તે ભગવાનનો આશ્રિત હોય તોપણ તેમાં તેટલો આસુરી ભાવ રહ્યો છે. ૩૨. એકબીજાનું ખરાબ થાય એવા ઉપાયને જે નિરંતર કરતા રહે છે તેનામાં સત્સંગ લેશમાત્ર રહેતો નથી. તેમાં તો જેટલા હોય એટલા ક્લેશ જ રહે છે. ૩૩. **એકબીજાના ગુણ ઉત્સાહથી ન ગાઈ શકનાર; એવા હરિના માણસોમાં હરિ નિવાસ કરતા નથી અને તેવા માણસો પાસેથી મોક્ષની આશા પણ રાખવી નહિ. કેમ જે, પછી દુનિયાના લોકોનો જેવો વ્યવહાર છે તેવો જ વ્યવહાર દ્વેષબુદ્ધિવાળા હરિના માણસોનો પણ થઈ જાય છે.** ૩૪.

તેવાને તો નિત્ય દ્વેષબુદ્ધિ જ રહે છે અને તે દ્વેષબુદ્ધિમાં જ મોક્ષ માનતા રહે છે. તેને પક્ષપાતની સાથે જ નાતો રહે છે. ત્યાં મોક્ષની કોઈ વાત હોતી નથી. ૩૫. **એકબીજાના લગાર પણ અહિતને દેખીને જે ભક્તના મનમાં અપાર શોક થાય છે. જે ભક્તનાં હૃદયમાં જેટલો શોક થાય છે તેટલા તેમાં ભગવાન રહ્યા છે.** ૩૬. **જેને સત્સંગનું અહિત દેખીને જેટલો શોક થાય છે તેટલો તેમાં સત્સંગ રહ્યો છે; એમ લક્ષણા કરીને સમજવું. અને તે તેના ઉપરના ચિહ્‌નોથી પણ ઢાંક્યું રહેતું નથી.** ૩૭. શ્રીહરિ રોજ રોજ આવી વાતોને વારંવાર કરતા હતા. તે વાતોનું મનન કર્યા સિવાય તે વાતો લેશમાત્ર પણ હૃદયમાં રહેતી નથી. ૩૮. વાતના પ્રસંગમાં શ્રીહરિ જેટલું યાદ કરાવી દે છે તેને હું ચરિત્ર લખતી વેળાએ ચરિત્રનાં રૂપમાં લખું છું. ૩૯. દેખ્યા અને સાંભળ્યા વિના આવી વાત કહી શકાતી નથી. અને જે વગર દેખે, સાંભળે વાત કહે તે ચાહે તેટલી વાત કહે તે લેખે લાગતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "અસૂયા રાખીને ક્લેશ કરનારો યથાર્થ સત્સંગી નથી" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર સત્તરમું : તરંગ - ૪

વડતાલમાં આમ્રરસોત્સવ, દીપમાળા અને શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો

વડતાલમાં જે હરિભક્તો આવતા હતા તેઓ શ્રીહરિની મરજી દેખીને રોજ રોજ અપાર પાકી કેરી લાવતા હતા. ૧. રોજ રસ રોટલીની રસોઈ બનતી હતી અને શ્રીહરિ સ્વયં સંતોને નિત્ય રસ પીરસતા હતા. ૨. ધર્મકુમાર શ્રીહરિ હરિભક્તોને રાજી રાખવા માટે જે સંત જેટલું લે તેટલું ઘી અને સાકર રસમાં અપાર આપતા હતા. ૩. શ્રીહરિવર સ્વયં પોતાને હાથે રસોઈ બનાવીને જમતા હતા. પોતે એવી રસોઈ બનાવતા કે, તેવી બીજા કોઈથી થાય નહિ. ૪.

દયાળુ શ્રીહરિએ જ્યારથી ઘર છોડ્યું હતું ત્યારથી પોતે આત્મનિવેદી રહ્યા હતા. હરિભક્તો અપાર બરફી અને પેંડાના થાળ ભરીને લાવતા હતા. ૫. બીજા પકવાનો અને મેવાનો ગણતા પાર ન આવે, એટલા બધા થાળ ભરીને તે ભક્તો લાવતા રહેતા હતા. ૬. તે વિવિધ પ્રકારના આવતા થાળને શ્રીહરિ જમતા હતા. બધા હરિભક્તોને રાજી કરવાનું શ્રીહરિને જે તાન હતું, તે કહી શકાતું નથી. ૭. દરેકનો અલગ અલગ સ્વાદ હોય તેવા બીજા પણ કેટલીયે જાતના મેવાના થાળ ભરી ભરીને અપાર હરિભક્તો લાવતા હતા. ૮. હરેક થાળમાંથી રતીભાર જેટલી વસ્તુ શ્રીહરિ જમતા હતા. જમ્યા વિના કોઈ થાળ રહેતો નહિ ! જમવામાં પણ શ્રીહરિની ઘણી નિપુણતા દેખાતી હતી. ૯. એવી નિપુણતા તો કોઈ મનુષ્ય કે દેવતાઓમાં પણ દેખાતી ન હતી. શ્રીહરિ જે જે ક્રિયા કરતા હતા, તે બધામાં ઘણી નિપુણતા રહેતી હતી. ૧૦.

શ્રીહરિનું કોઈ પણ ચરિત્ર નિપુણતા વિનાનું દેખાતું ન હતું. તેમનાં જેટલાં ચરિત્રો હતાં, તે બધાં નિપુણતાથી ભર્યાં હતાં, જે કહી શકાતા નથી. ૧૧. શ્રીહરિનાં ચરિત્ર, ક્રિયા, વાતો અને સ્વરૂપ, એ બધામાં નિપુણતારૂપી ચૈતન્ય ભર્યું રહેતું. સોનામાં ચાહે તેટલા ઘાટ ઘડવામાં આવે, પણ તેમાં

ચિત્ર વિચિત્ર નંગરૂપી ચૈતન્ય ન હોય તો તે ઘરેણાં સોહામણાં લાગતાં નથી. ૧૨. બુદ્ધિ વગરનો ચાહે તેવો મનુષ્ય હોય, તે પશુ જેવો શોભે છે. તે જ રીતે નિપુણતા વગરનો માણસ પણ તેવો જ લાગે છે. ૧૩. **જેમાં જેટલી નિપુણતા હોય તેટલો તે મનુષ્ય કહેવાય છે. અને ભગવાનનાં ભજન વિનાની જે નિપુણતા છે તેને લેશમાત્ર પણ નિપુણતા કહેવાય નહિ.** ૧૪.

सोरठा : हरि भजत ता मांहिं, निपुनता सब आय रहे;
पिछे कोउ न रहाहि, हरि भजना सबसे अधिक...१५
सब से अधिक हि जोउ, समझ रहे जिहाँ लग दृढ;
हरिजन अधिक रहे सोउ, समझ दृढ बिन दृढ न रहेउ...१६

ભગવાનનું ભજન કરવું, તેમાં બધી જ નિપુણતા આવી જાય છે. ભજનમાં બીજું કાંઈ બાકી રહેતું નથી. માટે ભજન કરવું તે સૌથી અધિક બાબત છે. ૧૫. **જ્યાં સુધી સહુથી અધિક સમજણ દઢ રહે ત્યાં સુધી તે ભગવાનનો ભક્ત સૌથી અધિક કહેવાય છે અને જો દઢ સમજણ ન હોય તો તે દઢ હરિભક્ત નથી કહેવાતો.** ૧૬. શ્રીહરિ કેરીના રસને જમાડવાનો ઉત્સવ કરવાને માટે કેટલીયે વાર વડતાલ આવતા હતા, તેને વારંવાર કહી શકાતું નથી. શ્રીહરિ તે તે વખતે સંતો-ભક્તોને અપાર રસ પીરસતા હતા ! ૧૭. માણસનું પેટ ઘણું નાનું છે, તેમાં બધો રસ સમાઈ જાતો નથી. જેવડું પેટ હોય તેટલા અનુપમ ચરિત્રરૂપ રસ તેનાથી કહી શકાય છે. ૧૮.

સંવત્ ૧૮૭૩ ની સાલ બેઠી. જ્યારે વરસાદ આવવાની ઋતુ થઈ ત્યારે શ્રીહરિ **ગઢપુર** આવ્યા અને ગઢપુરમાં જન્માષ્ટમી કરી. તે સિવાય જલઝીલણી એકાદશી, દશેરા, શરદપૂનમ, તે બધા ઉત્સવ પણ ગઢપુરમાં જ કર્યા. દિવાળી અને અન્નકોટનો ઉત્સવ કરવાને માટે શ્રીહરિ **વડતાલ** આવ્યા. ૧૯-૨૦. દેશ દેશના બધા હરિભક્તો અને સંતો વડતાલ આવ્યા. વડતાલમાં આંબલાની ડાળીએ પલંગનો હિંડોળો બાંધ્યો અને તેના ઉપર શ્રીહરિ આવીને બેસતા હતા. ૨૧. તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થાતી હતી. તેમાં સહુ સંતો કીર્તનગાન કરતા હતા અને ક્યારેક શ્રીહરિ **પ્રસન્ન** મનથી વાતો કરતા હતા. ૨૨.

દિવાળીને દિવસ આંબલાની આગળ ભાઈ રામદાસસ્વામીએ શ્રીહરિને બેસવાને માટે સુંદર એક વેદિકા બનાવી, તેની શોભા કહી શકાતી નથી. તે વેદિકાની ચારેબાજુ સુંદર કઠોડો બનાવ્યો હતો. ૨૩-૨૪. ચાર ગજ જેટલી ઊંચી કરાવેલી તે વેદિકાના ઉપર સરસ પલંગ મૂક્યો અને તેના ઉપર શ્રીહરિ બેઠા. ૨૫. તે ઠેકાણે ચારેતરફ પાંચ-પાંચ દ્વારવાળી વિચિત્ર પ્રકારની દીપમાળા બનાવી હતી. ૨૬. ચારેબાજુ બબ્બે દીવાવાળા વૃક્ષો કર્યા, તેની અસીમ શોભા થઈ હતી. ૨૭. જ્યારે ચાર ઘડી દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ આવીને ત્યાં બેઠા હતા. અક્ષરધામમાં રહી છે તેવી અતિ સુંદર તે સભા બની હતી. ૨૮.

શ્રીહરિએ પોતાના અંગ ઉપર વિવિધ પ્રકારનાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો પહેર્યાં હતાં, તેની શોભા કહી શકાતી નથી. અપાર હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. તે સમયે જેટલી જાતનાં વાજિંત્રો કહેવાય છે, તે બધાં વાગતાં હતાં. ૨૯-૩૦. તે સમયે ગુણીજનો ગદ્ગદ થઈને પ્રેમભર્યા શબ્દોથી શ્રીહરિનું ગુણગાન કરતા હતા. અને સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ પ્રસન્ન થઈને સંતોના પ્રત્યે વાત કહેવા લાગ્યા. ૩૧. **'તમારા પોતાના મહિમાને યથાર્થ રીતે તમે સમજી શક્યા નથી. તમને અત્યારે જેવો સત્સંગ મળ્યો છે તેવો સત્સંગ આજ સુધી કોઈ બીજાને મળ્યો નથી. ૩૨.**

આ એવો સત્સંગ છે કે, તમને તે યથાર્થરૂપમાં દેખાતો નથી. અને અમે વારંવાર જે વાતો કહીએ છીએ, તે જેવી વાત હોય છે તેવું મનન તમે કરતા નથી. ૩૩. **વાતનું મનન કર્યા સિવાય દિવસે દિવસે તેનો રંગ ચઢતો નથી અને રંગ ચઢ્યા વિના ક્યારેય સંસારરૂપી રોગ ટળતો નથી.** ૩૪. **સંસારરૂપી રોગ ટાળવાને માટે તો સત્સંગમાં બધો સમાજ આજે રહ્યો છે. અમારા જે ચરિત્ર કહેવાય છે તે બધાને જે જેટલા દિવ્ય સમજે છે તેટલો તેનો ભવરોગ નાશ થયો છે; એમ તમારે માનવું. અને જે અમારા ચરિત્રમાં જેટલો મનુષ્યભાવ રાખે છે,** ૩૫-૩૬. **તેને તેટલો ભવરોગ રહે છે; એમ સમજવું. અમારા ચરિત્રનું મનનરૂપી ઔષધ લીધા સિવાય ભવરોગની ક્યારેય નિવૃત્તિ થતી નથી.** ૩૭. સત્સંગની વાતોનું જ્યાં સુધી વારંવાર મનન થતું નથી ત્યાં સુધી સત્સંગમાં તેટલી કસર રહે છે. ૩૮.

જેનાથી વારંવાર ભવરોગ થાય છે તેના દુઃખનું જ્ઞાન થયું હોવા છતાં જીવ વિષયાદિકનું ચિંતન કરતો રહે છે. ૩૯. જેમ કે સાપ, ઝેર, ચોર, વાઘ, અગ્નિ ઇત્યાદિકથી દુઃખ થાય છે, તો મન તેનું ક્યારેય થોડું પણ ચોક્કસ ચિંતન કે મનન કરતું નથી.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વડતાલમાં આમ્રરસોત્સવ, દીપમાળા અને સત્સંગનો મહિમા કહ્યો" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર સત્તરમું : તરંગ - ૫

શ્રીહરિએ વેદિકા ઉપર બેસીને સમજણ અને વર્તનની વાત કહી

વળી, શ્રીહરિએ કહ્યું કે, **'આ મનુષ્યદેહ વિકારવાળો છે. તેને જે અસત્ય માને છે તે યથાર્થ હરિભક્ત છે. ૧. જે બુદ્ધિમાન છે તે આત્માને, પરમાત્માને અને સંતો તથા હરિભક્તોને સત્ય જાણે છે. ૨. તેવા ભક્તનું શરીર છૂટતાની સાથે જ તેને દિવ્યદેહ મળે છે. તેમાં કોઈ વિલંબ થતો નથી; આવો ભગવાનનો પ્રતાપ છે. ૩. પછી તે હરિભક્ત દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનનાં ધામમાં જાય છે અને ત્યાં ભગવાનનાં સ્વરૂપનું અમૃતપાન કરે છે, જે બ્રહ્માને પણ દુર્લભ રહ્યું છે. ૪.**

चोपाई :

बडे बडे देव रहे जितना, ताकु दुल्लभ अति रहे तितना;
सर्वोपरि धाम रहे जेहा, पावत रहे सद्य हरिजन तेहा...०५
वरतन समझ रहाये जेसा, धाम सुख तेहि मिलत तेसा;
सुख हि जितना कहावत जोऊ, वरतन समझ में रहे सोऊ...०६

જે મોટા મોટા દેવતાઓ છે તેમને પણ જે અત્યંત દુર્લભ છે, એવું સર્વોપરિ ધામ છે તેને હરિભક્ત તત્કાળ પામે છે. ૫. ભક્તનું જેવું વર્તન અને સમજણ હોય છે તેવું તેને ધામ અને સુખ મળે છે. જે બધું સુખ કહેવાય છે તે શુભ વર્તન અને શુભ સમજણમાં રહ્યું છે. ૬.

वरतन समझ रहे सुख मूला, वरतन समझ रहाये अमूला;
सत्संग की समझ वरतन ताकू, सर्वोपरि कहत हे वाकु...०७
सत्संग बिन समझ वरतन जेता, दुःख के द्वार कहत हे तेता;
वरतन समझ यह शुद्ध रहावा, इतनी बात न देना भुलावा...०८

સર્વ સુખનું મૂળ વર્તન અને સમજણ છે. તે વર્તન અને સમજણ અમૂલ્ય છે. સત્સંગની સમજણ અને વર્તનને સર્વોપરિ કહેવાય છે. ૭. **સત્સંગ વગરની જેટલી સમજણ અને વર્તન છે તે દુઃખનું દ્વાર કહેવાય છે.** શુદ્ધ વર્તન અને શુદ્ધ સમજણ, આટલી બાબતને ક્યારેય ભૂલવી જોઈએ નહિ. ૮. અને આટલી વાતને અમે વારંવાર ફરી ફરીને કરતા રહીએ છીએ. વેદ, શાસ્ત્ર અને પુરાણો તથા યોગ અને યજ્ઞ આદિક બધા સાધનો ઉપર કહેલી વાતમાં જ આવી જાય છે. અને તે વર્તન તથા સમજણની વાતમાં જ બધી કરામત આવી જાય છે. જે ભક્ત ઉપર કહેલી વાતને દૃઢ કરે, તે બધા જ સાધનને કરી ચૂક્યો છે. ૯-૧૦.

આથી વધારે બીજી કોઈ સમજણ નથી. આ અમે કહી તે વાતમાં જ બીજી બધી સમજણ આવી જાય છે. અમે વારંવાર ઉત્સવ સમૈયા કરીએ છીએ, તેનું ફળ પણ આટલું જ છે કે, વર્તન તથા સમજણ દૃઢ થાય. ૧૧. આટલી વાતને જે દૃઢપણે સમજે છે તે જ સૌથી શ્રેષ્ઠ બુદ્ધિમાન છે. અને ધામમાં જે ભગવાનના ભક્ત રહ્યા છે, તેના સુખને તો કહી શકાતું નથી. ૧૨. જમપુરી અને લખચોરાશીમાં જેમ દુઃખ વધારે રહ્યું છે તેમ ભગવાનનાં ધામમાં અપરંપાર સુખ રહ્યું છે. ૧૩. આ દુનિયાનાં જેટલાં પંચવિષય સંબંધી સુખ છે તે બધાં દુઃખ અને નરકથી ભર્યાં છે. એક પળવારમાં તે સુખોનો નાશ થઈ જાય છે. ૧૪.

પંચવિષયમાં સુખ તો દેખાવમાત્રનું છે. અને તેમાં દુઃખ તો અપરંપાર રહ્યું છે. જે ભગવાનથી વિમુખ છે તે જીવો જ દુઃખમાં સુખને દેખે છે. ૧૫. જે લોકો ભગવાનથી વિમુખ છે તે જ દુઃખમાં સુખ માને છે, તે ખરેખર આશ્ચર્યની વાત છે. અને એમ જણાય છે કે, તે જીવોને મોહ અને મદને લીધે જ તેવું દેખાય છે. ૧૬. સત્સંગ સિવાય અનેક જન્મ જાય, તોપણ ક્યારેય મોહ અને મદ લગારેય ટળતા નથી. માણસ જ્યાં સુધી સત્સંગ

નથી કરતો ત્યાં સુધી મોહ અને મદ અધિક અધિક વધતા જાય છે. ૧૭. જે ભગવાનથી વિમુખ જીવ છે તે બધા દુઃખ પામે છે, છતાં તેમાં સુખ દેખે છે. **પ્રકૃતિપુરુષના કાર્યરૂપ અનંતકોટિ અનુપમ બ્રહ્માંડોનો વારંવાર વિકાસ કરવો અને સંકોચ કરવો; એવા તો શ્રીહરિના ઘણા ખેલ છે. જેવા ભગવાન મોટા છે, તેવી જ તેમની યોગકળા પણ મોટી છે.** ૧૮-૧૯. **ભગવાનની યોગકળા એટલી અસીમ છે કે, તેને ભગવાન પણ પૂરેપૂરી જાણતા નથી. ભગવાન કૃપા કરીને અક્ષરપર્યંત જેને જેટલી યોગકળા જણાવે તેને તેટલી યથાર્થરૂપમાં જાણ્યામાં આવે છે.** ૨૦.

પ્રકૃતિપુરુષ અને બ્રહ્માદિક દેવતાઓ, તેમના તો તે બાબતમાં કશા જ લેખા નથી. આવી તો અપાર વાતો રહી છે અને વ્યાસમુનિએ ઘણી ગ્રંથોમાં લખી છે, છતાં પાર આવ્યો નથી. ૨૧. તે અપાર વાતોનાં બીજરૂપ ભાગવત છેલ્લે લખ્યું છે. જે જે બાબતની વ્યાસમુનિની ઇચ્છાઓ હતી તે બધી ઇચ્છાઓ તેમણે તરત જ ભાગવતમાં ભેળવી છે અર્થાત્ લખી છે. ૨૨. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચારેય પુરુષાર્થ તેનો રસ ભાગવતમાં અપાર રીતે ભર્યો છે. ભાગવતરૂપી કલ્પવૃક્ષના એક જ ફળમાં ચારેય પુરુષાર્થનો રસ ભર્યો છે. ૨૩. શુકદેવજી જેવા પંખી છે, તે ભાગવતરૂપી ઉત્તમ ફળના રસનો સ્વાદ લે છે. અને તેમાં પણ ભગવાનનાં જે ચરિત્રો કહ્યા છે તે સર્વોત્તમ મોક્ષરૂપી રસ કહેવાય છે. ૨૪. જે મનુષ્યને સત્સંગનો યોગ થાય છે તે ભગવાનનાં ચરિત્રરૂપી સર્વોત્તમ રસનું પાન કરે છે. ૨૫. ભગવાનના સંબંધ સિવાયના જે કોઈ પણ રસ હોય તે મધ્યમ, કનિષ્ઠ અને અધમ કહેવાય છે. ૨૬.

ધર્મને ચાહનારો મનુષ્ય મધ્યમ રસનું પાન કરે છે તથા ધનને ચાહનારો મનુષ્ય કનિષ્ઠ રસને પીવે છે. કામરૂપી રસને જે ચાહે છે તે તો અધમ રસને પીવે છે. ઉત્તમ રસના જેવો કોઈ બળવાન રસ નથી, માટે તેને સર્વોત્તમ રસ કહ્યો છે. ૨૭-૨૮. ભગવાનનાં ચરિત્રરૂપી ઉત્તમ રસનું પાન કરનારો ભક્ત નીરોગી થઈને ભગવાનનાં ધામમાં વસે છે. અને જે ધર્મ, અર્થ અને કામરૂપી રસને ભોગવનારા છે, તે બધા તો સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળમાં જેવા ભોગો રહ્યા છે તેવા ત્યાં રહીને ભોગવે છે.

પરંતુ ધર્મ, અર્થ અને કામના ફળભોગ તો અવધિવાળા અર્થાત્ નાશવંત રહ્યા છે. ૨૯-૩૦. જેને સત્સંગ ઉપર રુચિ છે તેવા મોક્ષભાગી ભક્તના સુખનો કોઈ અવધિ નથી. તેને કાળ અને કર્મનો ભય નથી. તેમજ માયા અને જમદૂતનો પણ ભય રહેતો નથી. ૩૧. **જેને સત્સંગ ઉપર રુચિ નથી, પણ સત્સંગની જો મનમાં અરુચિ રહેતી હોય તો તેને આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી ફરીવાર ક્યારેય મનુષ્યનો દેહ મળતો નથી.** ૩૨.

જે મનુષ્યને ધર્મ, અર્થ અને કામમાં જેવી અપાર ચાહના હોય છે તેવી ભગવાનનાં ચરિત્રમાં જો રુચિ રાખે છે તો તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. ૩૩. કામ ભાવનાથી ભગવાનને ભજતી એવી ગોપીઓ પણ સંસારને તરી ગઈ હતી. ભગવાન તો આકાશ કરતાં પણ વધારે નિર્લેપ અને શુદ્ધ રહ્યા છે. ૩૪. **ભગવાનથી અધિક કોઈ શુદ્ધ અને નિર્લેપ નથી. માટે એક ભગવાન જ સર્વોપરિ શુદ્ધ રહ્યા છે. જીવનો બંધ અને મોક્ષ, એ ભગવાનના સંકલ્પને સતત આધીન રહ્યા છે.** ૩૫. ભગવાનનાં જેટલાં ચરિત્ર છે તે બધા સંસારનાં બંધનથી છોડાવનારા છે; આવું જે નથી જાણતા તે લોકોને તત્કાળ જ સંસારનું બંધન થાય છે. ૩૬. ભગવાને જે બધી વચનરૂપી મર્યાદા બાંધી છે તેને પણ અથથી ઈતિ સુધીનાં ભગવાનનાં ચરિત્ર છે તેમ જાણવું.' ૩૭. શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે સંધ્યા સમય થયો હતો. અને બધી દીપમાળાઓ પ્રગટી. પછી શ્રીહરિ ધૂન બોલાવવા લાગ્યા. ૩૮. શ્રીહરિ આગળથી ધૂન બોલતા હતા. તે ધૂનના બધા શબ્દ અતિ પ્રિય, ઘેરા, ગંભીર અને મધુર સ્વરવાળા હતા. તે સહુને અતિ મીઠા લાગતા હતા અને તે બધા સંતો અને હરિભક્તો પાછળ ધૂનને ઝીલતા હતા. ૩૯. તે દીપમાળાને મધ્યે શ્રીહરિ વેદિકા ઉપર ઊભા રહ્યા. તેની જે અતિ અદ્ભુત શોભા બની, તેને મુખથી કહી શકાતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વેદિકા ઉપર બેસીને સમજણ અને વર્તનની વાત કહી" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર સત્તરમું : તરંગ - ૬

શ્રીહરિનું યોગૈશ્વર્ય તથા સંતો-ભક્તોને માળાના નિયમ આપ્યા

શહેરના જે જે હરિભક્તો આવ્યા હતા, તે બધા બપોરિયા(કોડિયામાં કરેલું રંગબેરંગી દારૂખાનું) લાવ્યા હતા અને તેનો ઘણો પ્રકાશ થતો હતો. ૧. તે બપોરિયાના પ્રકાશમાં બધી સભા શ્વેતદ્વીપધામ જેવી ઉજ્જ્વળ લાગતી હતી. ૨. ભુંકોઠી(એક જાતની આતશબાજી, તે કોઠીના આકારના નાના માટીના વાસણમાં દારૂ ભરીને બનાવે છે અને સળગાવવાથી ફૂલના આકારના તણખાના ફુવારા ઉડે છે.) નામના ફટાકડાને હરિભક્તના બાળકો બાળબુદ્ધિથી ત્યાં લાવ્યા હતા. દિવાળીનો દિવસ જાણીને સભાથી દૂર જઈ તે બાળકો જેવા ફટાકડા લાવ્યા હતા, તે ફટાકડાને ફોડતા હતા. ૩-૪. સુખનિધાન શ્રીહરિ પણ હરિભક્તના બાળક સમજીને બે ઘડી સુધી તે ફટાકડાના ખેલને દેખતા રહ્યા. અને પછી તે ફટાકડાની રમતને બંધ કરાવી દીધી. તે સમયમાં સંતો ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્ર લઈને આવ્યા. ૫.

સંતોએ અપાર ઉત્સવ કર્યો તેની અપરંપાર શોભા બની. તે અલૌકિક શોભાને દેખીને સ્નેહભાવનાવાળા હરિભક્ત અપાર નરનારીઓને તે વખતે સમાધિ થઈ. કેટલાક ભક્તો વૈકુંઠ અને ગોલોક ધામમાં ગયા અને કેટલાક અક્ષરધામમાં ગયા. તેમણે તે ધામમાં ત્યાંની શોભા દેખી. ૬-૭. જે જે અવતારના જે જે ભક્તો હતા તે બધાને દિવ્ય સ્વરૂપે દેખ્યા અને તે બધા મુક્તોનાં ભવન પણ અલગ અલગ દેખ્યાં. તે એક પણ ભવન સ્ફટિકમણિ વગરનાં ન હતાં. ૮. તે ભવન ઘણા ઊંચાં અને પહોળાં હતાં. તેજ તેજના તો અંબાર હતાં. અને હરેક ભવનને ફરતા કલ્પવૃક્ષના બગીચાઓ કર્યા હતા. ૯. તે ધામમાં જે જે શોભાને દેખતા હતા તેમાં તેમની મનોવૃત્તિ લીન થઈ જાતી હતી. જે ભક્તજનો સમાધિ કરીને ગયા હતા, તે સહુએ શ્રીહરિની મૂર્તિને ધારી રાખી હતી. ૧૦.

જ્યારે સમાધિસ્થ ભક્તની વૃત્તિ દિવ્ય શોભામાં લીન થઈ જતી હતી ત્યારે મૂર્તિ તેમની વૃત્તિને તરત જ પોતામાં ખેંચી લેતી હતી. તે મૂર્તિ

ધામોમાં રહેલી તમામ રચના ભક્તને એક ક્ષણવાર જ દેખાડતી. ૧૧. અહીં સભામાં રહેલા શ્રીહરિ જ્યારે સમાધિમાં ગયેલા ભક્તને જગાડતા હતા ત્યારે તે તત્કાળ જ ફરીને શરીરમાં આવી જતા હતા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ સમાધિમાં ગયેલા ભક્તોને ધામનું સુખ છોડવામાં દુઃખ થાય છે.' ૧૨. શ્રીહરિ તે બધા ભક્તોને પોતાની યોગવિદ્યાના બળથી શરીરમાં સ્થિર કરીને રાખતા હતા. ૧૩. વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં રહેલી જે જે વસ્તુઓ છે, તે બધી ભગવાનની યોગકળારૂપ ઐશ્વર્યને આધારે છે. ૧૪.

सोरठा : मूलपुरुष हि प्रधान, ब्रह्मांड कहावत जेतेउ;
देव जो ताके स्थान, मनुष्य पशु पंखी जंतु...१५
वृक्ष वेलि गिरि जेहि, सिंधु नदी जितने हि जोउ;
जोगकला हे तेहि, श्रीहरिकृष्ण तिनकी यह...१६

चोपाई :

जोगकला हरि कि रहे जेसे, जथारथ कहेमें न आवत तेसे;
अक्षर ताकु अपार रहाये, ब्रह्मा वेद कुन लेख में कहाये...१७

મૂળપુરુષ, પ્રધાન અને જે બધા બ્રહ્માંડો કહેવાય છે તે, દેવતાઓનાં સ્થાન, મનુષ્ય, પશુ, પંખી, જંતુઓ, વૃક્ષ, વેલી, પર્વત, સાગર અને નદીઓ, જે કાંઈ છે તે બધું શ્રીહરિકૃષ્ણ ભગવાનની યોગકળાથી છે. ૧૫-૧૬. ભગવાન હરિકૃષ્ણની જેવી યોગકળા છે તેને યથાર્થ રીતે કહી શકાતી નથી. કેમ જે, તે તો અક્ષરને માટે પણ અપાર રહી છે. બ્રહ્મા અને વેદ, તેના તો લેખામાં પણ આવતી નથી. ૧૭. ભગવાનની યોગકળા અપાર છે. તેનો નિર્ધાર તુચ્છ મનુષ્ય કઈ રીતે કરી શકે ? જેમ જેમ મનુષ્ય તેનો નિર્ધાર કરવા પ્રયત્ન કરે છે તેમ તેમ તે યોગકળા અપારની અપાર રહે છે. ૧૮.

શ્રીહરિની જેવી યોગકળા છે તેવી અક્ષરપર્યંત કોઈમાં રહી નથી. આ એક જ વાતમાં બીજી બધી અપાર વાતો આવી જાય છે. ૧૯. આ યોગકળાની આવી સમજણ જ્યાં સુધી નથી આવતી ત્યાં સુધી જ માણસને બુદ્ધિના બળનો મોહ રહે છે અને ત્યાં સુધી જ તેને માયાનું વિકટ આવરણ

રહે છે. ૨૦. **તે માયાનાં આવરણના કોટને તોડવા માટે કરોડો જન્મ સુધી કરોડો તોપ લગાવવામાં આવે તોપણ તે કોટ તૂટતો નથી. ભગવાનનાં જ્ઞાન સિવાયનું બીજું બધું જ્ઞાન જીવને માટે બંધનરૂપ છે.** ૨૧. બ્રહ્મા, ભવ, દક્ષ, નારદ, ઇન્દ્ર, નહુષ, દુર્વાસા, પરાશર, સૌભરિ, જૈમિનિ, હિરણ્યકશિપુ, હિરણ્યાક્ષ, રાવણ, ચિત્રકેતુ, કંસ અને કૌરવ, એ બધા પણ પોતાની બુદ્ધિનાં બળથી જેટલું ચાલ્યા છે તેટલું તેને દુઃખ પ્રાપ્ત થયું છે. ૨૨-૨૩.

हरि की समझ पर चले जेऊ, अपार सुख तेहि पाये ते तेऊ;
तितनी कीर्ति गवावत ताकी, हरि की समझ पर चले वाकी...२४

ભગવાનની કહેલી સમજણને આધારે જે ચાલ્યા છે તેઓ અપાર સુખને પામ્યા છે અને ભગવાનની સમજણ પ્રમાણે જે ચાલ્યા છે તેટલી તેની કીર્તિ ગવાય છે. ૨૪. **મનુષ્ય જ્યાં સુધી આપ ડહાપણ રાખે છે ત્યાં સુધી તેને અનેક યુગો પર્યંત સંસારનું ભટકણ રહે છે.** ૨૫. **જ્યારે મનુષ્ય આપ ડહાપણનો ત્યાગ કરે છે ત્યારે તરત જ તેનું અતિશય ભાગ્ય ઉદય થાય છે.** ૨૬. શ્રીહરિનું આ સમાધિરૂપી ચરિત્ર જ્યારે પૂરું થઈ રહ્યું ત્યારે શ્રીહરિ સંતો અને હરિભક્તોના પ્રત્યે બોલ્યા, 'પહેલા બધા સંતો કહો કે, તમારે રોજ કેટલી માળા ફેરવવાનું નિયમ છે ? ૨૭-૨૮. નિયમ વિનાની જેટલી માળા ફરે છે તે બધી નિષ્ફળ છે એમ શાસ્ત્ર કહે છે. માટે સહુ સંતો-ભક્તોએ આજથી નિયમ રાખીને માળા ફેરવવી. ૨૯. **સંતો, વર્ણી, સંન્યાસી, પાર્ષદો અને સાંખ્યયોગી નર-નારી સહુએ જ્યાં સુધી પોતાનું આરોગ્ય સારું હોય ત્યાં સુધી રોજ પચાસ માળા તો ફેરવવી.** ૩૦.

એટલી માળા સહુએ અવશ્ય ફેરવવી, પણ પ્રમાદે કરીને ભૂલવી નહિ. જેમ માણસ નિયમિત ભોજનને ભૂલતો નથી તે રીતે માળાનું નિયમ રાખવું, ભૂલવું નહિ. ૩૧. જે દિવસ માળા ફેરવવાનું ભૂલી જવાય તો પછી બીજે દિવસ બમણી માળા ફેરવવી. અને બીજે દિવસ પણ માળા ભૂલી જવાય તો તે ભક્તે એક દિવસનો ઉપવાસ કરવો. ૩૨. પચાસ માળાથી જેટલી વધારે ફરે તેટલા અમે વધારે રાજી છીએ.'

પછી સહુ ત્યાગીઓએ માળા ફેરવવાનું નિયમ લીધું અને શ્રીહરિએ તે સહુને પોતાનાં ચરણકમળ આપ્યાં. ૩૩. પછી જે ગૃહસ્થ હરિભક્ત હતા, તેમણે પણ પોતાને જેટલી શ્રદ્ધા હતી તે પ્રમાણે તે સહુએ માળા ફેરવવાનું નિયમ લીધું. ૩૪.

જેણે માળાના નિયમ લીધા, તે સહુને શ્રીહરિએ પોતાનાં ચરણકમળ આપ્યાં. જેણે શ્રીજીમહારાજનું સ્વરૂપ ધારી લીધું હતું તે બધા ભક્તો માળાના નિયમને ક્યારેય ભૂલતા નહિ. ૩૫. અને જે બધી સત્સંગી બાઈઓ હતી, તેમણે પણ માળાનું નિયમ રાખ્યું. જ્યારે સહુ ભક્તજનો નિયમ લઈ રહ્યા ત્યારે શ્રીહરિ સહુના ઉપર પ્રસન્ન થઈને બોલ્યા, ૩૬.

दोहा : हमारे वचन करिके जो, जितने नियम रखात;
तेसेउ बडे भाग्य ही, कोईके न कहात...३७
सत्संग करे जितने जो, देव से अधिक तेह;
देह तेसे नहि तेह हे, अलौकिक रहे एह...३८

અમારા વચનથી જે ભક્તજનો નિયમ પાળે છે તેના જેટલા બીજા કોઈના સદ્‌ભાગ્ય કહેવાતા નથી. ૩૭. જે ભક્ત જેટલો સત્સંગ કરે છે તેઓ દેવતા કરતાં પણ અધિક કહેવાય છે. બાહ્યદૃષ્ટિએ ભલે તે દેહ જેવા દેખાય છે પણ તે એવા નથી, તેઓ તો અલૌકિક છે. ૩૮. અમૂલ્ય મણિ પણ જ્યાં સુધી કીચડમાં પડ્યો હોય ત્યાં સુધી કીચડથી ઢંકાવવાને લીધે તે કીચડના તુલ્ય ગણાય છે, ૩૯. પણ સત્સંગરૂપી પાણીથી તે બધો કીચડ ધોવાઈને તે અત્યંત શુદ્ધ થઈ જાય છે અને અક્ષરના જેવો અત્યંત શુદ્ધ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં “શ્રીહરિનું યોગૈશ્વર્ય તથા સંતો-ભક્તોને માળાના નિયમ આપ્યા” એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર સત્તરમું : તરંગ - ૭

અન્નકોટ દર્શન, સંતોનું ભોજન અને શ્રીહરિનું પૂજન

શ્રીહરિએ જે માળાના નિયમ આપ્યા તે એકેએક સંતો અને હરિભક્તોએ ઘણા ભક્તિભાવથી રાખ્યા. ૧. જ્યારે અડધી રાત થઈ ત્યારે ભક્તવત્સલ અને દયાળુ શ્રીહરિ તત્કાળ ઉતારે આવ્યા. ૨. સવાર થયું ત્યાં સુધી સંસારના ભયને હરનારા શ્રીહરિ પોઢી રહ્યા. અને પછી જાગીને બધો સ્નાનાદિ નિત્યવિધિ કર્યો. ૩. જ્યારે સંતો, વર્ણીઓ અને સર્વે હરિભક્તો નિત્યવિધિ કરી રહ્યા ત્યારે હરિભક્તોએ અન્નકોટ પૂરવાની શરૂઆત કરી. ૪. જ્યાં અત્યારે સંતોની ધર્મશાળા છે ત્યાં ઘણો મોટો વિશાળ ચોક હતો અને ત્યાં અન્નકોટની રચના કરવા માટે એક અનુપમ મંડપ તૈયાર કર્યો હતો. ૫.

બધા ધનાઢ્ય હરિભક્તો અન્નની રસોઈ સિવાયના જેટલા સારા ચોખ્ખા પકવાનો અને મેવાઓ અનેક જાતના લાવ્યા હતા, તેનાથી સોનાના થાળ ભરી ભરીને વિશાળ અન્નકોટ પૂર્યો. જાત જાતના જે પકવાનો હતા, તેના મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. ૬-૭. તેમાં ગોવર્ધનની પૂજા કરી. પછી આરતી ઉતારી અને તે પછી શ્રીહરિ થાળ જમ્યા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૮. પકવાનના જેટલા થાળ ભર્યા હતા તેમાંથી થોડી થોડી વસ્તુ લઈને હરિભક્તોને રાજી કરવા માટે રાજીપે શ્રીહરિ જમતા હતા. ૯. અન્નકોટ બે પ્રકારના કર્યા હતા. તે એકબીજાથી અલગ અલગ પૂર્યા હતા. તેમાં એકમાં ઉત્તમ પ્રકારનું અન્ન, બધી જાતનું કઠોળ અને લીલોતરી શાક તથા ફળ ઈત્યાદિક હતા. ૧૦.

અને બીજામાં ભાત ઈત્યાદિક ભોજન અને વિવિધ પ્રકારના ફરસાણ વગેરે વ્યંજનો પ્યારથી પૂર્યા હતા. શ્રીહરિની પૂજામાં જે શાલગ્રામ અને બાલમુકુંદ હતા તે ઘણા ચમત્કારી હતા. ૧૧. તે ઠાકોરજી અન્નકોટ જમતા હોય તેવા કેટલાકને આશ્ચર્યકારી દર્શન થયાં. શ્રીહરિ અલગ બેસીને થાળ જમતા હતા, તે અહીં અન્નકોટમાં જાણે મૂર્તિમાન આવીને જમી રહ્યા છે; એવું આશ્ચર્ય દેખાણું. ૧૨.

दोहा : हरिजन ताके प्रेम वश, मूर्ति एक रहाये;
दोउ ठोर देखात रहे, आश्चर्य रहेताये...१३
लौकिक मति रहे तिनकु, लौकिक रीत देखात;
मूर्ति रहाये ईस विध, जथार्थ कहे न आत...१४

ભક્તજનોના પ્રેમને વશ થઈને એક મૂર્તિરૂપે રહેલા શ્રીહરિ બંને સ્થળે દર્શન દેતા હતા, તે ઘણું આશ્ચર્યકારી હતું. ૧૩. જેની લૌકિકબુદ્ધિ હતી તેવા મનુષ્યને તો લૌકિક રીત દેખાતી હતી. શ્રીહરિની મૂર્તિ એવી અલૌકિક રહી હતી કે, તેને યથાર્થરૂપમાં કહી શકાતું નથી. ૧૪. જે ભક્તજનનો જેવો ભાવ હતો તેમને તે રીતે શ્રીહરિ દર્શન આપતા હતા અને ભક્તજનો પણ ભાવ પ્રમાણે લાભ લેતા હતા. ૧૫. શ્રીહરિ જ્યારે અન્નકોટ જમી રહ્યા તે પછી તરત જ સંતોને જમવા માટેની પંગત કરાવી. ૧૬. જે બ્રહ્મચારીઓ હતા તેમની પહેલી અલગ પંગત કરાવી. તેમાં દૂધ, સાકર અને ઘી નાખેલાં જેટલાં પકવાનો હતાં, તે બધું જેને જેટલું જોઈએ તેટલું શ્રીહરિએ હેતથી પહેલા પીરસ્યું. અને તે પછી બધા સંતો અને પાર્ષદોને પણ ઘણા હેતથી પીરસ્યું. ૧૭-૧૮.

જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ સહુને પીરસતા રહ્યા અને જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. ૧૯. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે મધ્યાહ્નનો દિવસ થયો હતો, એટલે શ્રીહરિ ઉતારે પધાર્યા અને પલંગ ઉપર પોઢી ગયા. ૨૦. ત્યારબાદ હરિભક્તો જમવા ગયા. પછી અન્નકોટ જોઈને મનમાં બહુ રાજી થયા. પછી અન્નકોટનો પ્રસાદ જેને જે રીતે ખપતો હોય તે રીતે સહુ ભક્તજનોએ તે પ્રસાદ લીધો. તે સમયે બધા દેવતાઓ પણ વિમાનમાં બેસીને આવ્યા હતા. અને તેમના વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું. તે બધા દેવતાઓ મુખથી 'જય જય...' 'જય જય...' એમ હરખથી બોલતા હતા. ૨૧-૨૨.

પરમ સુખધામ એવા ઘનશ્યામ શ્રીહરિ જ્યાં સુધી સંતોને પીરસતા રહ્યા ત્યાં સુધી દેવતાઓ મધુર વાજિંત્ર વગાડતા રહ્યા. અને કેટલાક તો ગાન કરતાં કરતાં નાચવા લાગ્યા. ૨૩. દેવતાઓ પણ હરિભક્તોની સાથે

મળીને ઘણી ભાવનાથી પ્રસાદ જમવા લાગ્યા. પ્રસાદ લઈ લીધા પછી સહુ દેવતાઓ તે વખતે જ અદૃશ્ય થઈ ગયા. ૨૪. જ્યારે દિવસ પાછલો એક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ આંબલે જ્યાં પલંગનો હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવીને બેઠા. ૨૫. જ્યારે સભા થઈ ત્યારે સંતો અને બધા હરિભક્ત ભાઈ-બહેનો શ્રીહરિની પૂજા કરવા પૂજાનો સામાન લાવ્યા હતા તે લઈને આવ્યા. ૨૬.

તેમાં પ્રથમ સુરતના હરિભક્તો પૂજાનો સામાન વિવિધ પ્રકારના થાળમાં ભરીને પૂજા કરવા આવ્યા. ૨૭. લગભગ બધા જ હરિભક્તો સારાં વસ્ત્ર અને ઘરેણાં લાવ્યાં હતાં. અને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૮. જે હરિભક્તો જરિયાની પાઘ લાવ્યા હતા, તે શ્રીહરિનાં મસ્તક ઉપર બંધાવી અને જેઓ મોતીના તોરા લાવ્યા હતા તે પાઘ ઉપર ધરાવ્યા. ૨૯. જે હરિભક્તો નંગ જડીત શીરપેચ લાવ્યા હતા તેને શ્રીહરિની પાઘ ઉપર બંધાવ્યો. અને નંગ જડીત જે કલગી લાવ્યા હતા તેને શીરપેચના ઉપર ધરાવી. ૩૦. જે છોગાઓ લાવ્યા હતા તે છોગા પણ ધરાવ્યા. અને ગુચ્છ લાવ્યા હતા તે કાન ઉપર ધરાવ્યા. જે બાજુ લાવ્યા હતા તે ભુજા ઉપર બાંધ્યા. ૩૧. જે હરિભક્તો પહોંચી લાવ્યા હતા તે સુંદર પહોંચા ઉપર બાંધી દીધી અને જે કડાં લાવ્યા હતા તે હાથમાં પહેરાવી દીધાં. ૩૨.

હરિભક્તો પ્રેમભાવનાથી જે જાતનાં વસ્ત્ર અને ઘરેણાંઓ લાવ્યાં હતાં તે વસ્ત્ર અને ઘરેણાંઓને શ્રીહરિ પણ તેવા જ પ્રેમભાવથી પોતાના અંગ ઉપર ધારણ કરતા હતા. ૩૩. હરિભક્તોના મનમાં જેવો ભાવ હતો તેવા ભાત ભાતનાં વસ્ત્ર અને ઘરેણાં કરાવીને લાવ્યા હતા. તે જેની જેવી રુચિ હોય તે પ્રમાણે લાવીને શ્રીહરિને ધરાવતા હતા. ૩૪. કેટલાક હરિભક્તો ચાંદીનો થાળ બનાવડાવીને શ્રીહરિ આગળ અર્પણ કરતા હતા. અને કેટલાક ભક્તો ચાંદીના કટોરા કરાવીને શ્રીહરિની આગળ અર્પણ કરતા હતા. ૩૫. કેટલાક હરિભક્તો છત્ર અને ચામર લાવ્યા હતા. તેનો ગણતા પાર આવતો નહિ. વળી, કેટલાક તો ઘણી જાતનાં ચાંદીના પદાર્થો બનાવડાવીને લાવ્યા

હતા. ૩૬. અને કેટલાક હરિભક્તો તો જેટલી જાતના મેવાઓ કહેવાતા હોય તેના થાળ ભરી ભરીને લાવ્યા હતા, તે શ્રીહરિની પૂજા કરીને તેમની આગળ અર્પણ કરતા હતા. ૩૭.

વળી, જે હરિભક્તો હતા, તે બધા કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને સંતો અને વર્ણીઓ વગેરેની પૂજા કરતા હતા તથા પોતાની શ્રદ્ધા પ્રમાણે વસ્ત્ર પણ ઓઢાડતા હતા. આ રીતે હરિભક્તો પૂજા કરીને અવિનાશી ફળને મેળવતા હતા. ૩૮-૩૯. કાનમ પ્રદેશના હરિભક્તો સમૈયા ઉપર આવ્યા હતા, તે મનમાં ઘણા ખુશ થઈને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં “અન્નકોટ દર્શન, સંતોનું ભોજન અને શ્રીહરિનું પૂજન કહ્યું” એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર સત્તરમું : તરંગ - ૮

ભક્તોએ પૂજા કર્યા પછી કાશી ભણવા જતા સંતોને ભાઈસ્વામીએ રોકાવ્યા

વડતાલના ઉત્સવ ઉપર વડોદરાના હરિભક્તો આવ્યા હતા. તેમણે પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની પૂજા કરી. ૧. ચરોતર પ્રદેશના નાના મોટા ગામના સહુ હરિભક્તોએ આવીને શ્રીહરિ અને સંતો વગેરેની પૂજા કરી. ૨. ભક્તોએ શ્રીહરિની જે પૂજા કરી હતી, તેને ભવ અને બ્રહ્માથી પણ સંપૂર્ણ રીતે કહી શકાતી નથી, એટલે હું સંક્ષેપમાં કહું છું. ૩. ખંભાત, જંબુસર અને બારા વિસ્તારના હરિભક્તોએ પણ શ્રીહરિ તથા સંતોની ઘણા પ્રેમથી પૂજા કરી. ૪. ભાલ પ્રદેશના હરિભક્તો પણ આવ્યા. અને તેમણે સહુએ પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની પૂજા કરી. ૫. કાઠિયાવાડ, ગોહિલવાડ, વાળાક, દિવબંદર, નાઘેર, પ્રાચીપાટણ, સોરઠ, હાલાર, જામનગર અને દ્વારકા સુધીના બધા હરિભક્તોએ આવીને શ્રીહરિ, સંતો તથા વર્ણીઓની ઘણા ઉદાર દિલથી પૂજા કરી. ૬-૭.

કચ્છ પ્રદેશના ભુજ, માંડવી અને તેરા વગેરે ગામના જે હરિભક્તો આવ્યા હતા, તેમણે શ્રીહરિ અને સંતોની પૂજા કરીને અનેકવાર લાભ લીધો હતો. ૮. વાગડ, મચ્છુકાંઠા, ઝાલાવાડ, એ પ્રદેશના હરિભક્તો જે આવ્યા હતા, તેમણે પણ શ્રીહરિ, સંતો અને વર્ણીઓની અત્યંત ભાવથી પૂજા કરી. આ ભક્તોની બુદ્ધિ કુસંગથી ડોલતી ન હતી. કુસંગથી જેની બુદ્ધિ જેટલી ડોલતી હોય તે તો તેના ભાવમાં જ દેખાઈ આવે છે. ૯-૧૦. દિલમાં જેટલો રસ હોય કે રસ ન હોય, તે બંને ભાવમાં દેખાઈ આવે છે. કુસંગ લાગવાથી જે દુર્ભાવના થઈ હોય તે પણ દેખાઈ આવે છે. ૧૧. **ઉત્તમ પ્રકારનો સત્સંગી પણ જો નીચ માણસનો સંગ રાખે તો તે અત્યંત નીચ થઈ જાય છે. અને તે નીચનો સંગ રાખનારો સત્સંગી હંમેશાં સત્સંગ કરતો રહે, તોપણ તેને સત્સંગની લેશમાત્ર પણ દિશા સૂઝતી નથી.** ૧૨.

આશ્ચર્યમાં આશ્ચર્ય કરે તેવી વાત તો તે છે કે, જે વ્યક્તિને જેવો ભાવ હોય તે તેને ઢાંકી રાખતો નથી. જેને ભાવ અને અભાવ બંને એકસરખા જ રહેતા હોય, તો તેની ભાવના ક્યારેય દેખી શકાતી નથી. ૧૩. કોઈ ભક્ત રાત-દિવસ ધ્યાન કરતો હોય, ક્યારેય અન્ન ખાતો ન હોય અને જૂનાં જેવાં તેવાં વસ્ત્ર પહેરતો હોય તો બધું સારું જ દેખાય છે. ૧૪. સત્સંગની બધી ઉત્તમ બાબતોને શીખી રાખી હોય, પણ જો તેને આદર સત્કાર કોઈ ન આપે તો તેની ભાવના ઢાંકી રહેતી નથી. ૧૫. સત્સંગમાં આવી રીતના જે માણસો હોય છે તેને જો સન્માન મળતું હોય તો ત્યાં સુધી તે સહુથી સારા દેખાય છે. ૧૬. **શ્રીહરિ પાસેથી માન મેળવવા માટે કોઈક તો તરત આગમાં સળગી મરે છે; એવા કેટલાકને કાને સાંભળ્યા છે અને કેટલાક એવાને દેખ્યા છે.** ૧૭.

નળકાંઠા, ચુંવાળ, જતવાડ, વઢિયાર, મારવાડ, દંઢાવ્ય, ગુજરાત, ડુંગરપુર, એ બધા પ્રદેશના શૂરવીર અને મતવાલા હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણી વગેરેની પૂજા કરી. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે બીજે જ દિવસે તે બધા ચાલતા થયા. ૧૮-૧૯. **વળોટવા** ગામના હરિભક્તોએ પોતાના ગામમાં સંતોને માટે રસોઈ કરાવી અને શ્રીહરિને પણ

ગામમાં પધરાવ્યા. અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગડાવ્યા. ૨૦. તળાવને કાંઠે વડલાની ડાળી સાથે એક સારો સુખકારી પલંગનો હિંડોળો બાંધ્યો. અને તેના ઉપર શ્રીહરિ બેઠા. આગળના ભાગમાં સંતોની સભા થઈ. ૨૧. વળોટવાના પાટીદાર અને પગી, જે બધા સત્સંગી હતા, તેમણે શ્રીહરિ અને સંતોની પૂજા કરી, તેમજ સંતોને લાડુ જમાડ્યા. ૨૨.

પછી શ્રીહરિ પાછા **વડતાલ** આવ્યા અને બીજે દિવસ પાછા **સંજાયા** ગામ આવ્યા. ત્યાંના ગરીબદાસ નામે પાટીદારે ઘણા ઉત્સાહથી લાડુની રસોઈ કરાવી હતી. ૨૩. ગામમાં જે કોઈ હરિભક્ત બ્રાહ્મણ અને પાટીદાર હતા, તેમણે ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી અને અપાર હેતથી પૂજા કરી. ૨૪. ગરીબદાસ પટેલના ઘર આગળના ચોકમાં સંતોને પંક્તિ કરી જમાડ્યા અને શ્રીહરિએ ઘણા હરખથી લાડુ પીરસ્યા. પછી તેના ઘરના મેડા ઉપર શ્રીહરિ બેઠા. ૨૫. ગરીબદાસે બે વખત લાડુની રસોઈ કરાવીને બધા સંતોને જમાડ્યા હતા. ૨૬. તેમણે શ્રીહરિ અને સંતોને ઘણા પ્રેમભાવથી પૂજ્યા અને પછી શ્રીહરિ **વડતાલ** આવ્યા, તે વાત પૂરી કહી શકાતી નથી. ૨૭.

શ્રીહરિ વડતાલમાં આંબલે આવીને બેઠા હતા ત્યારે ભણનારા જે સંતો હતા, તેઓ કાશી ભણવા જવા માટે તૈયાર થઈને ચાલ્યા. ૨૮. તે સમયે ભાઈ રામદાસજીસ્વામીએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'જે દૂર પરદેશમાં જાય છે તેની મતિ ફરી જાય છે. **સત્સંગના યોગમાં રહેવાથી અમારી બુદ્ધિ શુદ્ધ(નીરોગ) રહે છે. જ્યારે સત્સંગનો યોગ નથી રાખતા ત્યારે દેશકાળની વિષમતાથી,** ૨૯-૩૦. **ચાહે તેવી દઢતા હોય, તોપણ બુદ્ધિ ફર્યા વિના રહેતી નથી. સત્સંગ સ્વીકાર્યા પછી પણ જો કુસંગ રાખે છે તો પછી તેની કોઈ ઊંચી સ્થિતિ થતી નથી.** ૩૧. જે દેશમાં દારૂ, માંસ અને વ્યભિચાર પુષ્કળ પ્રમાણમાં થતા હોય, તેવા દેશમાં સત્સંગનો પાસ(અસર) લાગતો નથી. ૩૨.

જો સંતોને કુસંગી કરવા હોય તો તેવા દેશમાં મોકલવા જોઈએ. હે હરિ ! અમારી તો જેવી બુદ્ધિ રહી છે તેવું હું આપને કહું છું. ૩૩. પરદેશમાં જઈને પણ જેનો સત્સંગ આપ રખાવો છો તેની વાત હું નથી કરતો.' વૃદ્ધ

સંતનાં આવાં વચન સાંભળીને ભગવાન શ્રીહરિએ બે કોશ સુધી આગળ ગયેલા સંતોને પાછા બોલાવ્યા. ૩૪. આવનારા સંતો નવો જન્મ પામ્યા હોય તેમ તેમને અનુભવાયું. જો તે વખતે ભાઈ રામદાસજીસ્વામી જેવા સંત હતા તો તે સંતને સહાયક થયા. વૃદ્ધ સિવાય કોઈની વાત માનવામાં આવતી નથી. ૩૫. **જે સંપ્રદાયમાં વૃદ્ધ ન હોય, જે ઘરમાં વૃદ્ધ ન હોય અને જે રાજ્યમાં વૃદ્ધ કારભારી ન હોય, તો તે રાજ્યાદિક બધા ખુવાર થઈ જાય છે.** ૩૬.

નીતિ એ ભગવાનનું રૂપ છે. તેમાં જેની બુદ્ધિ પરોવાયેલી હોય તે જ સનાતન વૃદ્ધ કહેવાય છે. અને તેવા નીતિમાન વૃદ્ધ મળવા ઘણા દુર્લભ છે. ૩૭. વૃદ્ધ સિવાયની જેટલી વાતો છે તે બધી જીવ વિનાના શરીર જેવી છે. જીવ ગયા પછી તે જડ શરીરને કોઈ ચાહે તેમ કરે, તોપણ શું ? ૩૮. જો શ્રીહરિ અને ભાઈસ્વામીના જેવા વૃદ્ધ ન હોય તો અસુરો દિન પ્રતિદિન ઉત્પાત ઉપર ઉત્પાત કરી શકે છે. ૩૯. અસુરને બહુ માયા આવડતી હોય છે. કોઈ સારો હરિભક્ત હોય તોપણ તેમાં તે વારંવાર દોષ દેખાડ્યા કરે છે. ૪૦. ભણવા ગયેલા સંતો પાછા આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યાં. સંતોએ પ્રણામ કર્યા અને સંતોએ વિનયથી કહ્યું, 'અમને આપે સત્સંગમાં નવો નિવાસ આપ્યો છે. ૪૧. આપની આજ્ઞા લઈને અમે બે કોશ જેટલે ગયા, છતાં પાછા આવ્યા ત્યારે અમને એમ લાગ્યું કે અમે કાશીથી પણ આગળ જઈ આવ્યા, પરંતુ હવે આપની પાસે આવ્યા ત્યારે અમને શાંતિ થઈ છે.' ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ભક્તોએ પૂજા કર્યા પછી કાશી ભણવા જતા સંતોને ભાઈસ્વામીએ રોકાવ્યા" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર સત્તરમું : તરંગ - ૯

શ્રીહરિએ વાતની વિશિષ્ટતાની સાથે સંતોને ગુપ્ત પ્રશ્ન કર્યા

શ્રીહરિએ સહુ સંતોના પ્રત્યે કહ્યું, 'ઘણા સમર્થ અને બહુનામી એવા અમારા ગુરુ રામાનંદસ્વામી ધામમાં ગયા ત્યારથી આરંભીને અમારી રુચિ જે રીતે ત્યાગ પ્રધાન રહી છે તે રીતે જ અમે સહુ સંતોને ઘણા હેતથી વર્તાવ્યા છે. ૧-૨. વળી સંતો, વર્ણી અને બાઈ-ભાઈ સહુ હરિભક્તો, તે બધા અમને રાજી કરવાને માટે અમે જેમ કહીએ છીએ તે રીતે સહુ વર્તે છે. ૩. પોતાનાં મનનું ધાર્યું કરવા તો લોકો શરીરનો પણ ત્યાગ કરે છે. અને પ્રારબ્ધને વશ થઈને તો ન કહી શકાય તેટલાં બધાં દુઃખને સહન કરે છે. ૪. પ્રારબ્ધને વશ થઈને તો ઘણા મોટા મોટા રાજાઓએ એટલા મોટા કષ્ટોને સહન કર્યા છે કે, જે વાતને સાંભળતાં આંખમાંથી આંસુઓની ધાર થાય છે, ૫.

એવા દુઃખોને સહન કરે, છતાં જે પરમેશ્વરનો વાંક નથી કાઢતા, તેમાં તો પોતાનાં કર્મનો જ વાંક કાઢે, પરમેશ્વરને સદાને માટે નિર્દોષ કહે; એવા મનુષ્યને ભગવાન નિર્દોષ કરે છે. ૬. પરમેશ્વરની આગળ તો બ્રહ્માને પણ બાળકબુદ્ધિ કહેવાય છે. અને અક્ષરના સમાન કોઈ સમર્થ નથી, છતાં તે અક્ષર પણ પરમેશ્વરની આગળ દીન આધીન વર્તે છે. ૭. આવા પરમેશ્વર જ્યારે જ્યારે મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે ઘણા પ્રેમથી મનુષ્યની રીતે જ વર્તે છે. ૮. આ વાત તો ઘણી અલૌકિક છે. બધા લોકોને તે સમજાતી નથી. જેનાં ઘણા મોટા સદ્‌ભાગ્ય હોય તેઓને જ તે બધા ભગવાનનાં મનુષ્યચરિત્ર વારંવાર દેખ્યામાં આવે છે. ૯. સદ્‌ભાગ્ય સિવાય શ્રીહરિનાં મનુષ્યચરિત્ર થોડાએ જોવા મળતા નથી. પરમેશ્વરની સાથે કાયમ રહે, છતાં પણ પરમેશ્વરના રહસ્યને જાણી શકાતા નથી. ૧૦.

✻ ઈશ્વર આકારે બુદ્ધિ કરવાનું રહસ્ય :

चोपाई :

ईश्वर ताके रहे एक ताना, ईश्वर बिन जितने रहाना;
निरजीव जब हि देखे ताही, ईश्वराकार मति करे जाही...११

પરમેશ્વરના આકારે જેણે મતિ કરી હોય તેને પરમેશ્વરનું જ એક તાન રહે છે અને તેઓ પરમેશ્વર સિવાય જે કાંઈ છે તેને નિર્જીવ જેવા દેખે છે. ૧૧. તથા પરમેશ્વર સિવાય જેને બીજી કોઈ બાબત દિલમાં અધિક ન રહેતી હોય તેઓને જ રહસ્યવાત કહેતા આવડે છે. ભાઈ રામદાસજીસ્વામીના જેવા બીજા કોઈ મને અત્યારે દેખાતા નથી. ૧૨. **ભાઈસ્વામી જે જે કાંઈ ક્રિયા કરે છે તે ભગવાનની હાજરીમાં જ કરે છે. તેઓ એક પળવાર પણ ભગવાનથી ક્યારેય દૂર રહેતા નથી.** ૧૩. **સ્વામી એટલા મહા સમર્થ છે કે, પોતાની સમજણનો તેમને લેશમાત્ર પણ ગર્વ નથી. અને સહુ સંતો તથા હરિભક્તોના દાસ થઈને વર્તે છે.** ૧૪. ભાઈ રામદાસજીસ્વામીનું વર્તન સહેજે જ એવું છે કે, તે જીવના સંસારને ટાળી નાખે છે. સ્વામીની વાત આવી ઘણી રસભરી છે. ૧૫.

આ વાત તો એક છે, પણ તેમાં ઘણી કરામત રહી છે. જેવી બુદ્ધિ હોય તેવી વાત તેના મગજમાં રહે છે. ૧૬. સોનાની તો એક જ જાત છે, પણ જેટલી વિભિન્ન બુદ્ધિ હોય તેટલા તેમાં જુદા જુદા ઘાટ રચાય છે. તે જ રીતે પ્રત્યેક ધાતુની જાતિમાં જેવી બુદ્ધિ હોય તેટલા અલગ અલગ ઘાટ કરી શકાય છે. ૧૭. જ્યાં જેવો દેશ હોય ત્યાં અપાર મનુષ્ય, પશુ, પંખી, વૃક્ષ આદિક અને પર્વત વગેરે તેને અનુરૂપ હોય છે. ૧૮. જે જેવો સત્સંગ કરતા હોય છે, તેની તેવી બુદ્ધિ વાતમાં દેખાઈ આવે છે. વાત કરવાનો પ્રતાપ તો અપાર સૂર્યના જેવો તેજસ્વી છે. ૧૯. જે સ્થળે ચિંતામણિ, કલ્પવૃક્ષ અને પારસમણિનું લેશમાત્ર પણ જ્ઞાન નથી હોતું તો ત્યાં ચિંતામણિ પથ્થર ગણાય છે, કલ્પવૃક્ષ સાધારણ ઝાડ જેવું ગણાય છે. ૨૦. અલૌકિક સમજણ વિનાની જેટલી બુદ્ધિ છે તે તો અંધારા જેવી છે અને મોક્ષ બાબતનું જે જ્ઞાન છે તે તો અલૌકિક જ્ઞાન કહેવાય છે. ૨૧.

❋ જેવી બુદ્ધિ તેવી પ્રાપ્તિ :

लौकिक ज्ञान जितना जेहा, अपार बुद्धि रहे तोउ तेहा;
जितनी बुद्धि अधिक रहे जोई, अधिक जो तम रहाये तोई...२२

लौकिक बुद्धि से लौकिक ताही, फल ताकु पावत रहाही;
अलौकिक बुद्धि पावत जबहू, अलौकिक फल कु पावत तबहू...२३

જેટલું લૌકિક જ્ઞાન છે તે બધું હોય અને અપાર બુદ્ધિ રહી હોય, તોપણ તે જેટલું વધારે હોય તેટલું તેમાં માયાનું તમ વધારે ભર્યું હોય છે. ૨૨. લૌકિક જ્ઞાનથી ભરેલી બુદ્ધિવાળાને લૌકિક ફળ પ્રાપ્ત થાય છે અને અલૌકિક જ્ઞાનથી ભરેલી બુદ્ધિવાળાને અલૌકિક ફળ મળે છે.' ૨૩.

સુખદાતા શ્રીહરિએ આટલી વાત કહી ત્યારે ચાર ઘડી દિવસ ચઢી ગયો હતો. તે સમયે શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. આંબલાથી પૂર્વ દિશામાં રહેલો જે હોજ તેનાથી પણ પૂર્વ દિશા તરફ એક રાયણનું વૃક્ષ હતું. શ્રીહરિ ત્યાં જઈને બેઠા અને સહુ સંતોને બોલાવ્યા. ૨૪-૨૫. ધર્મકુમાર શ્રીહરિ પોતાનાં અંગ ઉપર હજારી ફૂલના હાર, તોરા, ગુચ્છ અને બાજુબંધ ધારી રહ્યા હતા. ૨૬. શ્રીહરિએ તે વખતે ત્યાં આવતા હરિભક્તોને અટકાવી દીધા અને જે સંતો હતા તે બધામાં હરેકને પ્રશ્ન પૂછવા લાગ્યા. ૨૭. શ્રીહરિએ પ્રત્યેક સંતના કાનમાં ગુપ્ત રીતે પ્રશ્ન કર્યો કે, 'તમને સ્વપ્નમાં કોઈ વિકાર થાય છે કે નથી થતો ?' ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વાતની વિશિષ્ટતાની સાથે સંતોને ગુપ્ત પ્રશ્ન કર્યા" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર સત્તરમું : તરંગ - ૧૦

શ્રીહરિએ ગોંડલના રાજાને બધું પરમેશ્વરની ઇચ્છાને આધીન છે, એમ કહ્યું

જેટલા સંતો હતા તે સહુને શ્રીહરિએ સ્વપ્નમાં જે રીતે વર્તાતું હોય તેવો પ્રશ્ન કર્યો, ત્યારે તેનો પ્રત્યુત્તર સંતોએ નિષ્કપટભાવે કહ્યો. ૧. જ્યારથી સંત થયા ત્યારથી આરંભીને સ્વપ્નમાંયે ક્યારેય એકવાર પણ સ્ત્રીનો સંબંધ કોઈ રીતે ન થયો હોય; એવા બ્રહ્માનંદસ્વામી આદિક સંતો અને તેવા જ

વર્ણીઓને સાંભળીને તે સંતો તથા વર્ણીઓ ઉપર શ્રીહરિ ઘણું રાજી થયા. ૨-૩. **જે સંત જે રીતે રહેતા હતા, તે બધું નિષ્કપટભાવે શ્રીહરિ આગળ કહ્યું, તેનાથી અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિએ તે સહુની ઘણી પ્રશંસા કરી.** ૪. **પછી શ્રીહરિએ કહ્યું, 'જેટલા અમારી આગળ નિષ્કપટ થયા છે તે બધાને અમે સાચા પરમ સંત માનીએ છીએ. અને જે અંતરમાં રંચ જેટલો પણ મેલ રાખે છે તેની આંખો અંતરની વાત કહી દે છે.'** ૫.

વળી, શ્રીહરિએ કહ્યું, 'ભગવાનનું જેટલી વખત ધ્યાન કરવું, જેટલી વખત સભામાં બેસવું, તેટલીવાર સંતોએ એક આસન વાળીને બેસવું. નેત્રની વૃત્તિ નાસિકા ઉપર સ્થિર કરવી. આંખોના મટકા મારવા નહિ અને મૂર્તિમાં સતત એકાગ્રપણે સ્થિર થવું. ૬-૭. ધ્યાન કરતી વખતે માંખ, મચ્છર કે કોઈ જંતુ કરડે, તોપણ જે થડકી ન ઊઠે તેવા શૂરવીર સંતો સભામાં ઊભા થાઓ.' ૮. તે સમયે કૃષ્ણાનંદસ્વામી જેવા સંતો સભામાં ઊભા થયા. તે સંતોને એક ભગવાનને પ્રસન્ન કરવાનું તાન રહેતું હતું. તેમણે પોતાના દેહનું ભાન રાખ્યું ન હતું. ૯. **જે દેહાકારે રહેતા હોય તે તો તરત જ દેખાઈ આવે છે. એવી રીતે અનંત પ્રકારે શ્રીહરિ સંતોને વારંવાર ચાહે તેમ વર્તાવતા છતાં પણ સંતો પાછો પગ ધરતા નહિ. આ બધો શ્રીહરિનો પ્રતાપ હતો. માયિક મનુષ્યથી આ રીતે રહી શકાય નહિ.** ૧૦-૧૧. **માયિક મનુષ્ય હોવા છતાં જે આ રીતની આશ્ચર્યજનક વાત કરતા હોય છે, તે કોઈ સાધારણ માણસનું સામર્થ્ય કહી શકાય નહિ. આવી બાબતમાં તો પરમેશ્વરની જ ઈચ્છાશક્તિ રહી હોય છે.** ૧૨.

✵ ભગવાનની શક્તિઓ અકળ અને અપાર છે :

दोहा : ईश्वर की शक्ति अपार हि, जथार्थ कले न आत;
ब्रह्मा जेसे भी तिनकु, अकल हि सदा रहात...१३
ईश्वर जितना ही जिनकु, जनावे जन तेतो;
सामृथ रहे अपार यह, जानत रहे एतो...१४

પરમેશ્વરની શક્તિ અપાર છે, તે પૂરેપૂરી કળી શકાતી નથી. બ્રહ્મા જેવાને પણ હંમેશાં તે શક્તિ અકળ રહે છે. ૧૩. પરમેશ્વર જે મનુષ્યને

જેટલું સામર્થ્ય જણાવે તેટલું જ તેને જણાય છે, છતાં એ જાણનારાને આ ભગવાનનું સામર્થ્ય અપાર જ રહે છે. ૧૪. આનંદદાયક શ્રીહરિ વડતાલમાં ઉત્સવ કરીને જ્યારે ચાલ્યા, પછી તરત જ **ગઢપુર** આવ્યા. ૧૫. પ્રબોધની એકાદશી અને ઉત્તરાયણ ગઢપુરમાં જ કર્યા અને વસંતપંચમીને દિવસે મોટો રંગ ઉત્સવ કર્યો. ૧૬.

ત્યારબાદ પોતાની સાથે કેટલીક સવારી લઈને સોરઠ પ્રદેશ તરફ જવા નીકળ્યા. ત્યારે તેમાં સુરા ખાચર, માતરા ધાધલ, સોમલા ખાચર, અલૈયા ખાચર, નાજા જોગિયા, રાઠોડ ધાધલ, નાન ખાચર અને શ્રીહરિ આદિક નવ ઘોડેસવાર હતા. તે ગઢડાથી નીકળ્યા એટલે પહેલા **કરિયાણા** ગામમાં આવ્યા. ૧૭-૧૮. ત્યાંના જેટલા હરિભક્ત કાઠી દરબારો હતા, તે સહુને દર્શન દીધાં. એક દિવસ ત્યાં રોકાયા અને રસોઈ જમીને પ્રસન્નતાપૂર્વક ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૯. **રાયપુર** થઈને **કોટડા**માં આવ્યા. ત્યાં જેટલા વાળા અટકના કાઠી દરબારો હતા, તે બધા સત્સંગી થયા હતા. તેમણે શ્રીહરિને પોતાને ભવન રાખ્યા. ૨૦.

દેવાધિદેવ શ્રીહરિ કોટડામાં એક દિવસ રહ્યા અને રાજી થઈને રસોઈ જમ્યા. સર્વ હરિભક્તોને દર્શન દઈને તત્કાળ ચાલતા થયા, ૨૧. તે **નવા પીપળિયા** ગામ આવ્યા. સહુ હરિભક્તોને દર્શન દીધાં. ત્યાંના લોહાણા હરિભક્ત શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત આનંદ પામ્યા. ૨૨. પછી ત્યાંથી નીકળીને **બંધિયા** ગામમાં આવ્યા. ત્યાં વણિક ડોસાભાઈ હરિભક્ત હતા. અવિનાશી અને સુખરાશિ શ્રીહરિ ત્યાં એક દિવસ રહ્યા અને રસોઈ જમ્યા. ૨૩. બહુનામી સ્વામી શ્રીહરિ ત્યાંથી **ગોંડલ** આવ્યા અને રાજાના બગીચામાં ઊતર્યા. ગોંડલના રાજા જે સત્સંગી હતા, તે તરત શ્રીહરિ પાસે આવ્યા. ૨૪. તે શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને જે ફૂલના હાર લાવ્યા હતા, તે ખૂબ ભાવથી પહેરાવ્યા અને અપાર વિનંતિ કરી, ૨૫.

'પ્રભુ ! ત્રણ વરસ વીતી ગયા પછી આપે અમને દર્શન દીધાં છે. હવે આપ અહીંયાં સંતમંડળની સાથે રોકાઓ. ૨૬. મહારાજ ! અહીંયાં રહીને આપ રોજ કથા, વાર્તા અને કીર્તન વગેરેનો ઉત્સવ પ્રસન્ન મનથી

કરતા રહો. ૨૭. આપ કહો ત્યાં અમે મંદિર અને જગ્યા કરાવીએ. અમારો આવો મનોરથ છે, પણ આપ તો તેને બંધન માનો છો. ૨૮.

❋ નિર્બંધતા જ નૌતમ નિધિ છે :

બે-ત્રણ વરસ પછી તો આપ હરિભક્તોનું હિત કરવા માટે કોઈ પણ સ્થળે જરૂર જગ્યાઓ બાંધશો. તે બાબતમાં કાંઈ ખોટું નથી. ૨૯. ત્રણ વરસ પર્યંત અમે જો જીવશું તો પછીથી તમે તમારો તે ત્યાગ દેખાડજો.' ત્યારે શ્રીહરિ કહે, 'ભગવાનની જેવી ઇચ્છા હોય તે રીતે અમે ત્યાગી રહ્યા છીએ. ૩૦. અમે તો ભગવાનને આધીન રહ્યા છીએ. તે વાત તમને સાચી કહી દીધી છે. પરમેશ્વરની જે રીતે ઇચ્છા હશે તે રીતે ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ અને ભક્તિ વગેરે રહેશે. પરમેશ્વરથી કોઈ અધિક સમર્થ કહેવાતા નથી. અત્યારે અમારા જે બધા સંતો છે તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને જ્યાં સુધી પરમહંસની રીતે વર્તે છે ત્યાં સુધી કોઈ આશ્રમ(જગ્યા) બાંધવો તે નિંદાસ્પદ વાત ગણાય. ૩૧-૩૩. જ્યારે શિખા, સૂત્ર(જનોઈ) અને કંઠી પરમેશ્વરની ઇચ્છાએ કરીને રખાશે ત્યારે મંદિર અને જગ્યાઓ અપાર થાશે. અને તેથી તેમાં લગાર પણ બંધન થશે નહિ. ૩૪.

चोपाई :

संत वर्णी कु बंधन जिस रीता, न होवे में रखहि तिस रीता;
बंधन निरबंधन जो दोऊ, समर्थ ताके बचन हे सोऊ...३५
समर्थ के बचन तिमि करे तिनकू, बंधन बंधन न करे इनकू;
ईश्वर सम समर्थ नहि कोई, काइदे चले यह समर्थ सोई...३६

સંતો અને વર્ણીઓને જે રીતે બંધન ન થાય તે રીતે અમે સહુને રાખીએ છીએ. **બંધન અને નિર્બંધન; એ બે બાબત તો સમર્થનાં વચનમાં રહી છે. ૩૫. સમર્થનાં વચનમાં જે રહે તેને બંધન કાંઈ બાધ કરતું નથી. પરમેશ્વરને સમાન અન્ય કોઈ સમર્થ નથી. તે પરમેશ્વરના કાયદા પ્રમાણે જે ચાલે છે તે જ સમર્થ છે. ૩૬.** પરમેશ્વરના બાંધેલા નાના મોટા જે કાયદાઓ છે, તેને અમે યથાર્થ અને શુદ્ધ વેદ કહીએ છીએ. ૩૭. જે મોટા પુરુષ દ્વારા જેટલી લાજ-મર્યાદા રહે છે, તે પુરુષને અમે તેટલા પ્રત્યક્ષ વેદ

કહીએ છીએ. ૩૮. અને જે લૌકિક વાત છે તે તો લેખપત્રને(ગ્રંથને) આધારે ચાલે છે અને તેટલું જ પ્રમાણભૂત ગણાય છે. લેખ-ગ્રંથ વિનાનું પ્રમાણભૂત ગણાતું નથી. ૩૯. પ્રમાણ અને અપ્રમાણ લેખ-ગ્રંથ(વેદ) ઉપરથી ઓળખી શકાય છે. લખાણ(શાસ્ત્ર) વિના સત્ય દેખી શકાતું નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ ગોંડલના રાજાને બધું પરમેશ્વરની ઈચ્છાને આધીન છે, એમ કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર સત્તરમું : તરંગ - ૧૧

જીવમાં રહેલું અજ્ઞાનનું અંધારું સત્સંગથી દૂર થાય છે, તેમ શ્રીહરિએ કહ્યું

ગોંડલ નરેશ હઠીભાઈએ શ્રીહરિની આગળ અત્યંત પ્રાર્થના કરીને તેમને પોતાના રાજભવનમાં પધરાવ્યા અને સારો પલંગ બિછાવી દીધો. ૧. શ્રીહરિ ત્યાં એક રાત રહ્યા. રાજાએ સુંદર થાળ તૈયાર કરાવ્યો. પછી તેમનો અનુપમ ભાવ જોઈને શ્રીહરિ ખૂબ પ્રેમથી જમ્યા. ૨. પ્રિયવ્રત, ધ્રુવ, પ્રહ્લાદ, વિભીષણ, જનક, એ આદિક મોટા રાજાઓ થયા, તેમણે સત્સંગ કર્યો હતો. ૩. તે સહુની વાત શ્રીહરિએ કરી ત્યારે રાજાને સમાધિ થઈ ગઈ. તેમણે ભગવાનનાં જેટલા ધામ છે તેને સાક્ષાત્ દેખ્યા. ૪. જ્યારે રાજા સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે તેઓ મુખથી 'અહો...અહો..!' એમ કહેતા હતા. કારણ કે, તેમને શ્રીહરિનો અપાર પ્રતાપ દેખાયો હતો. ૫.

તેઓ ઈન્દ્ર, બ્રહ્મા અને શંકર, તેમનાં ધામને દેખીને પાછા આવ્યા હતા. આ ભૂમિ ઉપરના સાત દ્વીપોમાં જેટલા રાજાઓ છે અને તેની જે કાંઈ સમૃદ્ધિ છે તે ભગવાનની સમૃદ્ધિની તુલનામાં તેમને એક રોમ જેટલી પણ દેખ્યામાં ન આવી. ૬-૭. તેમણે ભગવાનની જે જે અલૌકિક સમૃદ્ધિ દેખી હતી તેમાં અને બીજી જે દેવોની તથા રાજાઓની સમસ્ત સમૃદ્ધિઓમાં તો સોનાં અને કચરાં જેટલો ફરક દેખાણો. ખરેખર તો શ્રીહરિની સમૃદ્ધિ

અને બીજી સમૃદ્ધિઓમાં સોનાં અને કચરાં કરતાં પણ અધિક ફરક રહ્યો છે; આવો શ્રીહરિનો અપરંપાર પ્રતાપ રાજાએ દેખ્યો. ૮-૯. રાજાએ શ્રીહરિની આગળ જે કહ્યું તે તો બાળકના બોલ્યા જેવું જણાતું હતું. પછી ફરીને રાજા એવું બોલ્યા કે, 'મહારાજ ! બ્રહ્મા આદિક દેવો તો આપની આગળ લેશમાત્ર પણ ગણતરીના નથી. ૧૦. બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઇન્દ્ર રાજ્ય કરીને સમાપ્ત થઈ જાય છે અને ઇન્દ્રની આગળ આ લોકના ચક્રવર્તી રાજાઓ તેના એક રોમ જેટલા લેખામાં આવતા નથી. ૧૧. ચક્રવર્તી રાજાઓની આગળ અમારા જેવાની કાંઈ જ ગણતરી નથી.' પછી વળી, રાજાએ બે હાથ જોડીને કહ્યું, 'મેં આપનો અપરાધ કર્યો છે. ૧૨.

અમારાથી જે કાંઈ અપરાધ થયો હોય, તેને અમારી બાળબુદ્ધિ માનીને આપ ક્ષમા આપજો. આપથી કોઈ વધારે સમર્થ નથી. ૧૩. જે કોઈ પણ મનુષ્ય આપને સમાન બીજા કોઈને સમર્થ જૂએ છે, તો તેઓ બાળબુદ્ધિના છે અને બાળબુદ્ધિના રહે છે ત્યાં સુધી તે આપનો અપરાધ કરે છે. ૧૪. જેમ ભૂમિ જીવના અપરાધને નિત્ય માફ કરે છે તેમ અમને તુચ્છ જીવ સમજીને આપ પોતાનાં દિલમાં અત્યંત દયા લાવીને અમારા અપરાધને માફ કરતા રહો છો. ૧૫. જેમ જીવો અપરાધ કરે છે તોપણ ભૂમિ તેનું ભરણ પોષણ કરતી રહે છે. તે તેનું સામર્થ્ય છે, પણ તે પોતાનું સામર્થ્ય કાંઈ દેખાતું નથી. એમ મને તમારું સામર્થ્ય દેખાણું નોતું તેથી બોલ્યો હતો.' ૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભૂમિ કરતાં જળમાં દસગણું વધારે સામર્થ્ય રહ્યું છે. તેને જ્ઞાની મનુષ્યો બધી રીતે જાણે છે. ૧૭. અજ્ઞાની જીવ મનુષ્ય થયો હોવા છતાં અજ્ઞાનનાં અંધારાથી ઢંકાયેલો રહે છે. અને જ્યાં સુધી તે સત્સંગ નહિ કરે ત્યાં સુધી તે અજ્ઞાનનાં અંધારાથી ઢંકાયેલો રહેશે. ૧૮. **જીવને અજ્ઞાનરૂપી અંધારું અનાદિકાળથી રહ્યું છે. તેનો નાશ સત્સંગ વિના થાય નહિ. સો વર્ષ પર્યંત સત્સંગ કરે અને એક દિવસ જો સત્સંગ ન કરે તો અનાદિકાળનું રહેલું અજ્ઞાનરૂપી અંધારું જીવને ઢાંકી દે છે. માટે જે રીતે સત્સંગની રીત કહી છે એવી રીતે નિરંતર સત્સંગ કરતા રહેવું જોઈએ,** ૧૯-૨૦. **ત્યારે જ જીવને અજ્ઞાનરૂપી અંધારાનું આવરણ ન થાય. જેટલી**

સત્સંગની રીત રાખે તેટલું આવરણ નાશ પામે છે. ભગવાન તો સહુથી અધિક મહાન છે. ભગવાનને સમાન બીજું કોઈ નથી; ૨૧.

चोपाई :

एसी समझ रहे जो सदाई, देशकाल कर फिरे न ताई;
देश काल फिर जावे जितना, ज्ञान में कसर रहाये तितना...२२
ज्ञान समझ हि एक कहावे, एक के एक सदा रहावे;
अधिक समझ कु पावे जेता, नम्र स्वभाव आवे महिं तेता...२३
मायिक वस्तु मिले न मिलेऊ, ता हित अंतर कलेश न करेऊ;
मायिक वस्तु हित जितना जेही, कलेश हि करे तितना तेही...२४

એવી સમજણ હંમેશાં રહેવી જોઈએ, જે દેશકાળે કરીને પણ ન ફરે. અને જે સમજણ દેશકાળે કરીને જેટલી ફરી જાય છે તેટલી સમજણમાં કસર રહી છે. જ્ઞાન અને સમજણ બંને એક જ કહેવાય છે. તે બંને સદા એકના એક જ રહ્યા છે. અને **જે મનુષ્ય જેટલી વધારે સમજણને પામે છે તેટલો તે વધારે નમ્ર સ્વભાવનો થાય છે.** ૨૨-૨૩.

❋ મહાન ભક્તનાં લક્ષણ :

પછી તે કોઈ માયિક વસ્તુ મળે કે ન મળે, તેને માટે થઈને દિલમાં કાંઈ ક્લેશ ન કરે. અને માયિક વસ્તુને માટે જે જેટલો ક્લેશ કરે અથવા તો માયિક વસ્તુને માટે અંતરમાં જેટલો જેને ક્લેશ રહે, તો તેને બાળબુદ્ધિના માનવા. ૨૪-૨૫.

જેને સત્સંગ કરવામાં દિન પ્રતિદિન અંતરમાં વધારે ને વધારે તત્પરતા કે વધારે ને વધારે ઉત્સાહ રહેતો હોય, તો તેવા બાઈ-ભાઈ હરિભક્ત અને સંત, વર્ણી તથા પાર્ષદ, તે બધા સહુથી અધિક શ્રેષ્ઠ છે. ૨૬-૨૭. વળી, જેના અંતરમાં તેવી તત્પરતા કે ઉત્સાહ લેશમાત્ર ન હોય તે તો પૂર ઊતરી ગયા પછીની પાણી વિનાની નદી જેવા જણાય છે. ૨૮.

જ્યાં સુધી ચાલુ વરસાદ રહે છે ત્યાં સુધી કેટલીક નદીમાં પાણી રહે છે, તેમ કેટલાકનો સત્સંગ પણ તે રીતે જ વધારે દેખાતો હોય છે. ૨૯. જે જેવો સત્સંગનો યોગ રાખે છે તેવો તેમાં સત્સંગ રહે છે, અર્થાત્ સત્સંગના

ગુણ રહે છે. અને જો સત્સંગનો યોગ ન રહે તો તેમાં તેટલા સત્સંગના ગુણ દેખાય નહિ. ૩૦. **સત્સંગનો યોગ ન રહે, તોપણ જેનો સત્સંગ મંદ ન પડે ઉલ્ટાનો પોતાના સત્સંગનો રંગ બીજાને ચઢાવી દે; આવો જે હરિભક્ત છે તે તો સહુથી ઉત્કૃષ્ટ ગણાય છે. ૩૧. તેવા જે બાઈ-ભાઈ હોય તેને તો ધામના નિવાસી દેખવા. જેને અહોનિશ સત્સંગનો યોગ રહેતો હોય,** ૩૨.

છતાં પણ જે દિવસે દિવસે મંદ પડતો દેખાય છે અને જેના અંતરમાં ઉત્સાહ નથી રહેતો. તેઓ તો સંબંધીના પ્રસંગને લીધે દેખાદેખીથી સત્સંગી થયા હોય છે. જેના મનમાં સત્સંગ કરવાનો ભાવ ન હોય તેના પણ બધા ગુણ દેખાઈ આવે છે. કોઈ સંબંધીના યોગને લીધે જ ઘણાખરા લોકો સત્સંગ કરતા રહે છે. ૩૩-૩૪. સંબંધથી સત્સંગ રાખનારામાં પણ અપાર લોકો સુધરી જાય છે. તેનો ગણે પાર આવતો નથી. સત્સંગ સિવાય બીજે નુકશાન દેખાય, એવી સમજણને જ્યારે તે પામે છે ત્યારે તેવા મનુષ્યનો સત્સંગ દિન પ્રતિદિન ચઢતો જાય છે. પણ જેની લાભ અને નુકશાન પારખવાની બુદ્ધિ નાશ પામી હોય તેનો સત્સંગ મંદ પડી જાય છે. ૩૫-૩૬.

સત્સંગ કરતાં કરતાં દિન પ્રતિદિન જેને ઘણો લાભ થતો હોય, છતાં જે કુસંગ કરવાનું મનમાં ચાહે છે તે અલભ્ય લાભને ખૂએ છે. ૩૭. **અને જે અલભ્ય લાભના લોભી છે તે કુસંગથી દૂર રહે છે અને જેને જેટલું દુઃખ રહે છે તે બધાનાં મૂળમાં કુસંગ રહ્યો છે.** ૩૮. કેટલાય દિવસથી જીવ કુસંગ કરતો રહ્યો છે અને તેથી બધાં પ્રકારના દુઃખ પામતો રહે છે છતાં ધરાતો નથી. ૩૯. જીવ જ્યાં સુધી કુસંગ રાખે છે ત્યાં સુધી તેનાં પાપ વધતા રહે છે અને કુસંગનો ત્યાગ કર્યા સિવાય જીવને ક્યારેય સત્સંગ ગમતો નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "જીવમાં રહેલું અજ્ઞાનનું અંધારું સત્સંગથી દૂર થાય છે, તેમ શ્રીહરિએ કહ્યું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર સત્તરમું : તરંગ - ૧૨

ગોંડલ નરેશને પ્રમાદથી બચવાનું કહીને શ્રીહરિ ધોરાજી આવ્યા

ત્યારપછી ગોંડલ નરેશ હઠીભાઈએ શ્રીહરિને કહ્યું, 'સત્સંગ વિનાની જેટલી વાત છે તે બધી અત્યંત નીરસ છે. ૧. જે કોઈ પણ બાબતમાં જેને સત્સંગ મુખ્ય નથી રહેતો ત્યાં સુધી તેટલો તે બાળબુદ્ધિ રહે છે. ૨. જેનામાં જેટલો સત્સંગ મુખ્ય રહ્યો હોય તેટલો તે સત્સંગી છે. અને જેટલો સત્સંગ મુખ્ય ન હોય તેટલો તેમાં કુસંગ રહ્યો છે. ૩. અને જેનો જેટલો સત્સંગ દૃઢ થયો હોય તેટલું તે ઉમંગથી તન, મન અને ધનને સત્સંગને અર્થે ઉત્સાહથી કરી રાખે છે. ૪.

જેને સત્સંગ તરફ જેટલી દોડ રહે છે તેટલો તે મોક્ષભાગી થયો કહેવાય અને પછી તેને ધર્મ-નિયમ જે કાંઈ કહેવાય છે તેને રાખવામાં પ્રયાસ પડતો નથી. ૫. **જે ધર્મ-નિયમ કહેવાય છે તે તો બધા દિવ્ય વસ્ત્ર અને આભૂષણ છે; આવું જ્યારે સમજાય છે ત્યારે ધર્મ-નિયમ પાળવા સુગમ પડે છે.'** ૬. શ્રીહરિએ કહ્યું કે, 'જે લોકો ધર્મ-નિયમ નથી પાળતા તે બધાને તેટલું જમપુરીનું દુઃખ સહન કરવું પડે છે અને જન્મ-મરણ તથા લખચોરાશીનું અપાર દુઃખ પણ સહન કરવું પડે છે. ૭. જ્યારે તેને જમપુરી વગેરે દુઃખનો ડર લાગે છે ત્યારે ધર્મ-નિયમ પાળવા સુગમ લાગે છે. તે ધર્મ-નિયમ જે રીતે સુગમ રહે તે રીતનો મનમાં વિચાર કરવો જોઈએ. ૮.

✻ પ્રમાદની ભયંકરતા :

સવળો વિચાર કરવામાં જે જેટલો પ્રમાદ રાખે છે તેટલો તે પ્રમાદ સત્સંગનો રંગ ચઢવા દેતો નથી. ૯.

चोपाई :

परम मित्र होई हरिजन में, परमाद प्रवेश करत तिनमें;
सत्संग संत हरिजन ताकी, प्रमाद अरुचि करावत वाकी...१०
कुसंग करनकु मोद बढावे, प्रमाद परम चंडाल कहावे;
श्रीहरि संत हरिजन जेते, जीय के परम मित्र रहे तेते...११

प्रमाद मित्र होवत हे जबहू, इन संग वैर बढावत तबहू;
हरि संत अरु हरिजन इनके, बचन रहे अमृत सम तिनके...१२

પ્રમાદ હરિભક્તમાં પરમ મિત્ર થઈને પ્રવેશ કરે છે. તે પ્રમાદ દિલમાં આવ્યા પછી સત્સંગ, સંતો અને હરિભક્તો તરફ અરુચિ પેદા કરાવે છે. ૧૦. પ્રમાદ કુસંગ કરવામાં આનંદ વધારે છે; એવો તે પ્રમાદ ચંડાળ કહેવાય છે. વાસ્તવમાં ભગવાન, સંતો અને હરિભક્તો જીવના સાચા મિત્ર છે, પણ જ્યારે પ્રમાદ મિત્ર બનીને આવે છે ત્યારે તે સહુની સાથે વેર વધારી દે છે. ભગવાન, સંતો અને હરિભક્તોનાં વચન અમૃત સમાન છે, ૧૧-૧૨. **પણ જ્યારે પ્રમાદ આવે છે ત્યારે તે અમૃત સમાન વચનોની અરુચિ કરાવી દે છે અને પછીથી જીવ રાત-દિવસ પ્રમાદને આધીન રહે છે. ૧૩. હરિભક્ત થઈને પણ જ્યાં સુધી તે પ્રમાદનો સંસર્ગ રાખે છે ત્યાં સુધી તે પ્રમાદ સત્સંગનો રંગ ચઢવા દેતો નથી.** ૧૪. જ્યારે પ્રમાદ સત્સંગને રંગ વિનાનો કરી દે છે ત્યારે તે સત્સંગની વૃદ્ધિ થાતી નથી, પણ દિન પ્રતિદિન સત્સંગ ઘટતો જાય છે. ૧૫. રાજાઓ સત્સંગ કરે છે, પણ તેનાથી પ્રમાદને અધિક રાખે છે. અને જ્યાં સુધી પ્રમાદ રાખે છે ત્યાં સુધી તે તેમને સત્સંગનો રંગ ચઢવા દેતો નથી.' ૧૬.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે તે સાંભળીને રાજા હઠીભાઈ મનમાં ઘણા રાજી થયા. પછી તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! અમે જીવ છીએ. અમારી બુદ્ધિ થોડી છે. ૧૭. જીવ જે કરવાનું છે તે જ્યાં સુધી નથી કરતો ત્યાં સુધી દુઃખને સહન કરતો રહે છે, છતાં આવેલા તે દુઃખને લગાર પણ દેખતો નથી. કારણ કે, મળના જીવને મળ જ પ્યારો લાગે છે. ૧૮. વારંવાર દુઃખ આવે એવી જ જીવની બુદ્ધિ રહી છે. આપ વારંવાર મનુષ્ય અવતાર ધારણ કરીને સંતોના દ્વારાએ જીવનો ઉદ્ધાર કરો છો. ૧૯. આપના સમાન કોઈ દયાળુ નથી. જીવને પોતાના ઉદ્ધારની કશી જ ગમ નથી, છતાં તેને સમજાવીને તત્કાળ કાળના મુખથી છોડાવી લો છો. ૨૦.

આપ જીવનું જેવું હિત કરો છો તેવું જીવનું હિત બીજા કોઈ દેવથી બની શકતું નથી. તેથી જ વેદ તથા પુરાણો આપને દેવાધિદેવ કહે છે. ૨૧.

આ વખતે જેટલા જીવો આપનાથી વિમુખ રહ્યા છે તેના જેવા બીજા કોઈ દુર્ભાગિયા નથી; આવું અમે સત્સંગ કરીને જાણ્યું છે. ૨૨. હવે તો અમે જેટલો પ્રમાદ અને મોહ રાખીએ તેટલો અમારો દોષ છે. તો હવે પછી આપ તેનો અમને દંડ આપજો. કારણ કે, અમે આપને આધીન થયા છીએ. ૨૩. દંડ દેવામાં આપ કોઈ રીતે દયા ન રાખશો. આપ દયાળુ બધા દુઃખોને હરો છો. અમારાં સુખ-દુઃખની વાતને આપ સંપૂર્ણ જાણો છો. કારણ કે, આપના સમાન બીજો કોઈ જ્ઞાતા નથી. ૨૪. દંડ દેવામાં આપ કાંઈ કસર રાખશો નહિ. કારણ કે, આ જીવ અનેક જન્મમાં આપનાથી વારંવાર વિમુખ રહ્યો છે. ૨૫.

હવે અમને ફરીને ક્યારેય જન્મ, મરણ અને જમપુરીનું લગાર પણ દુઃખ થવું જોઈએ નહિ. આપ મળ્યા અને દુઃખ જો રહી ગયું તો તેને બીજો કોણ મટાડનાર છે ? ૨૬. જીવનો ઉદ્ધાર કરવાને માટે આપ અને આપના સંતો અત્યંત દયાને વશ થઈને વારંવાર મનુષ્યદેહને ધારણ કરો છો. ૨૭. આપના ઉપર કોઈ ઉચ્ચ શાસક નથી કે જે આપને આજ્ઞા કરે. જીવનો મોક્ષ તો એક આપનાથી જ થાય છે. બીજા કોઈના હાથમાં મોક્ષ નથી. ૨૮. **આપ, આપના સંતો અને આપના પરાયણ રહેનારા હરિભક્તો, તે સહુના હાથમાં મોક્ષ રહ્યો છે. સંતો અને હરિભક્તો, તે બંનેમાં આપ જ મુખ્ય રહ્યા છો.** ૨૯. **આપના સિવાય બીજા કોઈના હાથમાં મોક્ષ નથી. હે નાથ! આપ સહુથી વધારે સમર્થ છો. સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણના દેવ વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ, તેમનું ઘણું સામર્થ્ય દેખાય છે.** ૩૦.

જગતનું ભરણ પોષણ, ઉત્પત્તિ અને પ્રલય, તેને યોગ્ય રીતે જે કરવા, તે ત્રણેય દેવોના હાથનું કામ છે. અને તેમને આપે જ તે અધિકાર આપ્યો છે. ૩૧. પ્રધાન, પુરુષ અને પ્રકૃતિ, તેમના માલિક એક આપ રહ્યા છો. પરંતુ જીવનું કલ્યાણ તો આપ અને આપના સંતો જ કરો છો.' આટલી વાત રાજા હઠીભાઈએ કરી. ત્યારપછી શ્રીહરિ પોઢી ગયા. ૩૨. સવાર થયું ત્યારે શ્રીહરિ ચાલવા તૈયાર થયા. રાજાએ શ્રીહરિને રોકાવા માટે ઘણી વિનંતિ કરીને કહ્યું, 'આપ શ્રીહરિ આ વખતે અનેક જીવોનો ઉદ્ધાર

કરવા માટે પ્રગટ થયા છો. ૩૩. તે ઉદ્ધાર કરવા ઉપર જ આપને તાન રહે છે. આપ અત્યંત સમર્થ ભગવાન પ્રકટ્યા છો.' જો કે રાજાનાં મનમાં ઘણી અભિલાષા રહી હતી છતાં શ્રીહરિ તરત જ ચાલતા થયા. ૩૪. રાજા નગરની બહાર સુધી શ્રીહરિની સાથે આવ્યા. પછી ત્યાં શ્રીહરિએ તેમને ઊભા રાખ્યા. રાજા વારંવાર શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા અને કહ્યું કે, 'મહારાજ ! આપ ફરીને પધારજો. ૩૫. અમારું બધું જે રાજપાટ છે અને અમારો જે પરિવાર છે, તે બધાને સત્સંગ થાય અને તેઓ કુસંગનો સંગ ન કરે, ૩૬. આપ અને આપના સંતોની સેવા અમારે મુખ્ય રહે એવી કૃપા કરો. કારણ કે, એમાં જ અલભ્ય લાભ રહ્યો છે.' ૩૭.

ત્યારે શ્રીહરિએ કહ્યું, **'જેને અલભ્ય ફળનો લોભ હશે, તે જ સત્સંગ કરશે અને જેને ખપ નહિ હોય તે સત્સંગથી દૂર રહેશે.'** ૩૮. આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા અને ઝડપથી અશ્વને દોડાવ્યો. આગળ જતા **ધોરાજી** ગામમાં આવ્યા અને ત્યાં રાત રહ્યા. ૩૯. ત્યાં ક્ષત્રિય હરિભક્ત હતા, તેને ભવન ઊતારો કર્યો. તેમણે ઘણી સેવા કરી. શ્રીહરિ ધોરાજીમાં ઘણી વખત આવ્યા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ગોંડલ નરેશને પ્રમાદથી બચવાનું કહીને શ્રીહરિ ધોરાજી આવ્યા" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર સત્તરમું : તરંગ - ૧૩

શ્રીહરિચરિત્રરૂપી મોતીનો ચારો સંત-હરિભક્તરૂપી હંસ કરે છે

શ્રીહરિ ધોરાજીમાં એક રાત રહ્યા. જ્યારે ધોરાજી આવ્યા ત્યારે હરિભક્તોએ સન્મુખ આવીને ઘણું સન્માન કર્યું હતું. ૧. ગામમાં જેટલા વાજિંત્રો હતા, તે બધાં શ્રીહરિની આગળ આવીને વગાડવા લાગ્યા અને ઘણા ઉત્સાહથી ગુલાલ ઉડાડતા હતા. ૨. શ્રીહરિનાં એક દિવસના ચરિત્રો કરોડો જેટલા હોય છે. તેમાંથી મેં આ એક જ ચરિત્ર લખ્યું છે. ૩. તે

બધાં ચરિત્ર લખી શકાતા નથી. કારણ કે, ચરિત્રો અપાર છે. અપારનું માપ કાઢી શકાતું નથી. અને જો માપ કઢાય તો તેને અપાર ક્યાંથી કહેવાય? ૪. ભગવાન સ્વામિનારાયણ જે અવતારને ધારણ કરે છે, તેનું માપ કાઢતા આવડતું નથી. અને જે તેનું માપ કાઢવા જાય છે તે અત્યધિક બાળબુદ્ધિવાળો છે. ૫.

મને શ્રીહરિ જેટલી શક્તિ, શ્રદ્ધા અને બુદ્ધિ પ્રેરે છે એટલાં જ ચરિત્ર લખી શકાય છે. મોટા કવિ ઘણા થયા છે, તોપણ ચરિત્રનો પાર લઈ શક્યા નથી. ૬. **આ કળિયુગમાં કવિની બુદ્ધિ પણ ઘણી અલ્પ રહે છે અને કળિયુગમાં કવિની બુદ્ધિમાં પણ તેના ગુણ છવાઈને રહે છે. ૭.** એટલે કવિનાં વચનમાં ગુણનાં વચન પ્રગટ થયા સિવાય રહેતા નથી. અને **ભગવાનના સંબંધ સિવાયનાં જેટલાં વચન છે તે બધાને કળિયુગના ગુણરૂપ જાણવા.** ૮. નારદજીએ તેને કાકતીર્થ કહ્યા છે. તે વાત ભાગવતપુરાણમાં છે. અને ભગવાનના ભક્ત એવાં જે બાઈ-ભાઈ જેટલાં હોય અને પરમહંસો જેટલા હોય તે હંસ પક્ષી જેવા છે કે, જેઓ શ્રીહરિનાં ચરિત્રરૂપી મોતીનો નિશદિન ચારો કરતા રહે છે. તેઓ ભગવાનના સંબંધ સિવાયની કોઈ વાત ઉચ્ચારતા નથી. ૯-૧૦.

ઉપર કહેલા ભક્તોના મુખ, શ્રોત્ર અને ચાર અંતઃકરણ ભગવાનનાં ચરિત્રરૂપી અમૃતનું પાન કરતા તૃપ્ત થતા નથી કે, જે ચરિત્ર ગંગાના પ્રવાહની જેમ અખંડ વહેતા રહે છે. ૧૧. અને તેમને ભગવાનના સંબંધ વિનાની જેટલી વાતો છે તે બધી કાકતીર્થ જેવી દેખાય છે.અને ભગવાનના ભક્ત સિવાયના જે કોઈ બાઈ-ભાઈ કહેવાય છે, તેના શ્રોત્ર અને નેત્રની દોડ જ્યાં સુધી વિષય ઉપર રહે છે ત્યાં સુધી તે બધા કાકપક્ષી રહ્યા છે. ૧૨-૧૩. **સત્સંગનો જો યોગ થાય તો તેને લીધે કાગડો પણ હંસ થઈ જાય છે. અને વિષયમાં જો ચિત્તને પરોવવામાં આવે તો હંસ પણ કાગડો થઈ જાય છે.** ૧૪. ભગવાનનાં જેટલા ચરિત્રો છે તે બધા હંસ જેવા ભક્તોને ભોગવવા માટેના છે અને કાકના જેવા જે ભક્તિહીન મનુષ્ય છે તે હરિચરિત્રોનો ભોગ કરતા નથી. ૧૫.

ભક્તજનોને દર્શન દેવાને માટે શ્રીહરિ દેશમાં ફરતા રહે છે. તેથી સુખદાયક શ્રીહરિ **ભાડેર** ગામમાં આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૧૬. તે ગામમાં ક્ષત્રિય દરબારો પાકા સત્સંગી હતા. જે રીતે શ્રીહરિએ ધોરાજીમાં થાળ જમીને હરિભક્તોને સુખ આપ્યું હતું તે રીતે ભાડેરના હરિભક્તોને પણ સુખ આપ્યું. શ્રીહરિ તો અપાર સુખમયમૂર્તિ છે. તે ભક્તોને અપાર સુખ આપતા રહે છે અને તે સુખથી ભક્તોને તૃપ્ત કરે છે. ૧૭-૧૮.

❋ શ્રીહરિચરિત્રની દુર્લભતા :

चोपाई :

अगनित सुख की वृष्टि करने, हरि चरित्र करत हे मन हरने;
अंत समय एक चरित्र जाही, स्मृति भक्त कु आवत रहाही...१९
कृतार्थ बहुत मानत रहाते, भवभटकन फेर नहीं आते;
एक चरित्र में सुख अपारा, देखत भयेउ वार न पारा...२०

શ્રીહરિ ભક્તોને માટે અગણિત સુખની વૃષ્ટિ કરવા મનોહર ચરિત્ર કરતા રહે છે. તેમાંથી અંતકાળે એક ચરિત્ર પણ જે ભક્તને યાદ આવી જાય છે તો તેનાથી તે પોતાને ઘણો કૃતાર્થ માને છે, અને તે ચરિત્ર સ્મરણથી તેને સંસારમાં ફરીને ભટકવાનું રહેતું નથી. શ્રીહરિનાં એક ચરિત્રમાં પણ ઘણું સુખ રહ્યું છે, તેને દેખતા પાર આવતો નથી. ૧૯-૨૦. શ્રીહરિનાં જે ચરિત્રો કહેવાય છે તે બધા અપાર પ્રતાપથી યુક્ત રહ્યા છે. કોઈ ભક્તને એકાદ ચરિત્રનો પણ રંગ જેમ છે તેમ લાગી જાય તો તે ત્રિલોકીની સંપત્તિનો પણ મળની માફક ત્યાગ કરી દે છે. જો સત્સંગ થાય તો ચરિત્રનો રંગ તેના અંતરમાં પૂરેપૂરો લાગી જાય છે. ૨૧-૨૨. **જે કોઈ બાઈ-ભાઈ ભક્તજનને શ્રીહરિચરિત્રનો રંગ લાગી જાય છે તો તેના બધા સાંસારિક સુખોનો નાશ થઈ જાય છે. શ્રીહરિચરિત્રનો તો એવો પ્રભાવ છે કે, તેનું શ્રવણ, મનન કરનારને સાંસારિક સુખની ઊલટી થઈ જાય છે.** ૨૩.

જીવ જ્યાં સુધી આ શરીરમાં રહે ત્યાં સુધી સત્સંગની સ્થિતિ માટે શ્રીહરિરાય ચરિત્રનો રંગ સાધારણપણે દેખાડતા રહ્યા હતા. અથવા જ્યાં સુધી દેહ રહે ત્યાં સુધી જીવોનો સત્સંગમાં વાસ રહે તે માટે શ્રીહરિરાય ચરિત્રનો

રંગ સહજપણે દેખાડતા રહેતા. અથવા શ્રીહરિ જ્યાં સુધી આલોકમાં રહ્યા ત્યાં સુધી સત્સંગની સ્થિતિ જાળવવા માટે સાધારણપણે પોતાના ચરિત્રનો-મહિમાનો રંગ દેખાડતા રહ્યા હતા. ૨૪. ચરિત્રોની વાત અદ્‌ભુત છે. તે કોઈના કળ્યામાં આવતી નથી. શરીર રહે ત્યાં સુધી તે વાત અગમ્ય રહે છે. ૨૫. ભગવત્‌પરાયણ સંતો અને હરિભક્તો જ્યાં સુધી મનુષ્યદેહમાં રહ્યા હોય છે ત્યાં સુધી સહુને તે પ્રાકૃત(સામાન્ય) મનુષ્યના જેવા દેખાય છે. ૨૬. **શ્રીહરિના પ્રતાપને લીધે સત્સંગનો એવો પ્રભાવ છે કે, જે સત્સંગ રાખે છે તે હરિભક્તો અમાપ બને છે.** ૨૭. **જે ભગવાનનો ભક્ત જ્યાં સુધી આ શરીર રહે ત્યાં સુધી માયિક સુખ-દુઃખને જેટલા સહન કરે છે તેટલા તેને પછી આ દેહને અંતે દિવ્ય સુખો મળે છે.** ૨૮.

ભગવાનનાં જેટલા દિવ્ય ચરિત્ર છે તેને તો પાત્રતા વિનાનો મનુષ્ય પણ જો દેખે છે તો તેને પણ પછીથી સંસારમાં રહેવું તે એક દિવસ પણ સારું લાગતું નથી. ૨૯. **ભગવાનનાં ચરિત્રોનો અનુભવ કર્યા પછી તેને જેટલા સંસારનાં સુખ છે તે આગ અને ઝેરના જેવા દેખાય છે. કાળ જિંદગીને ચાવી જતો હોય તેવું તેને રાત-દિવસ દેખાય છે અને તે દેખવાથી સતત ત્રાસ પામતો રહે છે.** ૩૦. જીવતો માણસ અગ્નિમાં સળગે ત્યારે તેને જેવું દુઃખ થાય તેવું દુઃખ તેને સાંસારિક સુખમાં લાગે છે. જ્યાં સુધી શ્રીહરિનાં દિવ્ય ચરિત્ર દેખ્યા નથી ત્યાં સુધી તેને મનમાં ડગમગાટ રહ્યા કરે છે. ૩૧. જ્યાં સુધી સંસારના વિષયોમાં મન ગૂંચાઈ રહે છે ત્યાં સુધી મન ભગવાનનાં સ્વરૂપમાં ક્યારેય ચોંટતું નથી. જ્યારે મનુષ્યને સંતોનો યોગ થાય છે ત્યારે તેનાં મનમાં ઉત્સાહ અધિક વધતો રહે છે. ૩૨.

ઉત્સાહ વગરનો માણસ સત્સંગ કરતાં કરતાં એવી અદ્‌ભુત વાતો સાંભળ્યા કરે તો તેનો સત્સંગ વધી જાય છે. તે અરસામાં કોઈ હરિભક્તના દેહત્યાગ કરવાની વાતને સાંભળે અને તેમાં પણ તેને ભગવાને દિવ્યરૂપે દર્શન આપ્યાં હોય; એવી હરિભક્તો ઘેર ઘેર વાત કરતા હોય છે, તેને સાંભળે તો તે દિવ્ય વાતોએ કરીને ઉત્સાહ વિનાનો સત્સંગી પણ અધિક શ્રદ્ધાવાળો થઈ જાય છે. ૩૩-૩૪. આવી વાતો જ્યારે સાંભળે છે ત્યારે

ઉત્સાહયુક્ત થાય છે. પરંતુ કેટલાક લોકોને તો માત્ર સંતોની વાતો સાંભળતા જ તરત મનમાં સુખ-શાંતિ થાય છે. ૩૫. સંતોના દ્વારા સત્સંગની દિન પ્રતિદિન અધિક વૃદ્ધિ જે રીતે થાય છે તેવી વૃદ્ધિ તો બીજા કોઈના દ્વારા થાતી નથી. ૩૬.

મનુષ્યોમાં સત્સંગ કરાવવો તે સંતોના હાથમાં છે અને હરિભક્તોનો મોક્ષ કરવો તે શ્રીહરિના હાથમાં રહ્યું છે. ૩૭. ભાડેરના હરિભક્તોને ધર્મકુમાર શ્રીહરિ અપાર સુખ આપવા એક રાત રહ્યા અને પછી ત્યાંથી ચાલતા થયા. ૩૮. પછી સુંદરવર ઘનશ્યામ ભાડેરથી **માણાવદર** ગામ આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. ૩૯. માણાવદરમાં મયારામ ભટ્ટને ઘેર શ્રીહરિ એક રાત રોકાયા અને ગામના બધા હરિભક્તો શ્રીહરિની ઘણી સેવા કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિચરિત્રરૂપી મોતીનો ચારો સંત-હરિભક્તરૂપી હંસ કરે છે" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર સત્તરમું : તરંગ - ૧૪

પંચાળાના અદિબાના પ્રસંગથી સ્ત્રીધર્મની વાત કરી

શ્રીહરિ માણાવદર ગામથી જ્યારે ચાલ્યા તે **પંચાળા** ગામમાં આવીને રહ્યા. ૧. દરબાર ઝીણાભાઈ પંચાળાના રાજા હતા. સાક્ષાત્ શ્રીહરિ તેના દરબારમાં દસ દિવસ સુધી રહ્યા. ૨. ગગાભાઈ નામે ઝીણાભાઈના નાના ભાઈ હતા. તેઓ પૂરબિયા ક્ષત્રિય ગણાતા, અર્થાત્ તેઓના વડવાઓ પૂર્વ દિશામાંથી હજારો વર્ષ પહેલા આવેલા. તેઓ સોલંકી રાજપૂત હતા. ૩. તે બંને એક એકથી ઉત્તમ સત્સંગી હતા. તે સિવાય ગામમાં વણિક અને લોહાણા સારા હરિભક્ત હતા. ૪. વળી, તે ગામમાં મેવાડા સુતાર અને કેટલાક પ્રજાપતિ પણ સત્સંગી હતા. તે સહુ શ્રીહરિની સેવા કરતા હતા. ૫. ગઢપુરના દાદા ખાચરના જેવા જ દરબાર ઝીણાભાઈ હરિભક્ત ગણાતા

હતા. તેમના બહેન અદિબા નામે હતા. તેમણે શ્રીહરિને રાજી કરવાને માટે સાંસારિક સુખનો ત્યાગ કરી દીધો હતો. અને મહાન ભાગ્યશાળી હરિભક્ત થયા હતા. શ્રીહરિના ભજન-સ્મરણનો અભ્યાસ કરવા માટે તે ગઢપુરમાં આવીને રહ્યા હતા. ૬-૭.

તેમણે જીવુબા અને રાજબાઈ પાસે સતીગીતાનો અભ્યાસ ઉત્સાહથી કર્યો હતો. શ્રીહરિને રાજી કરવાને માટે તેમના મનમાં ઈચ્છા રહ્યા કરતી હતી. ૮. તેથી જીવુબા, રાજબાઈ, લાડુબા, અમુલાબાઈ, અમરબાઈ અને મીણબાઈની સાથે રહીને રાત-દિવસ ૯. શ્રીહરિની કથા, વાર્તા અને કીર્તન પ્રેમથી કરતા રહેતા હતા. શ્રીહરિને રાજી કરવાને માટે અગણિત હરિભક્ત બાઈઓએ, ૧૦. જુવાન અવસ્થામાં જ પોતાના પતિનો ત્યાગ કર્યો હતો. વળી, અલૌકિક જ્ઞાને કરીને તે બધી બાઈઓ અંતરમાં અત્યંત શુદ્ધ થઈ ગઈ હતી. ૧૧. **તે સત્સંગી બાઈઓએ રાજબાઈની વાતો સાંભળીને આ બ્રહ્માંડમાં જેટલા દેવ, દાનવ અને મનુષ્ય વગેરે પુરુષ છે તેમને અને પ્રકૃતિપુરુષ સુધીના બધા ભોગને ઝેર કરતાં પણ અધિક દુઃખદ માન્યા હતા. ઈન્દ્રના કરતાં પણ અધિક રૂપવાળા જે પુરુષ હોય તેને પણ શબથી પણ વધારે નકારા દેખ્યા હતા.** ૧૨-૧૩.

શ્રીહરિ સિવાય કોઈ પણ ઉત્તમ વિષય હોય તેને ઊલટીના અન્ન અને મળ જેવા તુચ્છ દેખતા હતા. ૧૪. શ્રીહરિ તે સમગ્ર હરિભક્ત બાઈઓને વારંવાર કહેતા કે, તમે અમારાં વચનને શિરોધાર્ય રાખીને પોતાના પતિની શુદ્ધ મનથી પ્રેમપૂર્વક સારી રીતે સેવા કરો, તેમાં જ તમારા જીવનું હિત છે અને તમારાં વિઘ્નોને અમે દૂર કરશું. ૧૫-૧૬. મરવાના અનેક દ્વારો છે. જેનો ગણતા પાર આવતો નથી. પરંતુ જે સ્ત્રીઓ આત્મઘાત કરીને મરે છે તે ઈશ્વરની ગુનેગાર બને છે. ૧૭. અને જે સ્ત્રી વિધવા થાય છે તેને બીજો પુરુષ કરવાનો પણ સમાજમાં રીવાજ હોય છે, તો તેણે અવશ્ય બીજો પુરુષ કરવો અને કલંકથી રાત-દિવસ ડરતા રહેવું. ૧૮.

માતા અને પિતાનાં કુળને ક્યારેય પણ લાંછન આપવું નહિ તથા સત્સંગને પણ લાંછન ન લાગે તે રીતે વર્તવું. ૧૯. જે રાત-દિવસ લાંછનથી

ડરતી રહે છે તો તેની કીર્તિ અત્યંત વધે છે. ક્યારેય જેને માથે લાંછન ન આવ્યું હોય તે સત્સંગમાં શ્રેષ્ઠ ગણાય છે. ૨૦. જે સમાજમાં વિધવા સ્ત્રીઓને બીજો પુરુષ કરવાનો રીવાજ ન હોય, આવી હરિભક્ત વિધવા સ્ત્રીઓને વર્તવાની વાત કહું છું. જેનાથી જીવનમાં ક્યારેય ફરી દુઃખ આવે નહિ. ૨૧. **સર્વોત્તમ એવાં જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ વિષયમાં જેને જેટલી આસક્તિ હોય તેટલું તેને પવિત્ર જીવનમાં વિઘ્ન થાય છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. માટે જે પંચવિષય કહેવાય છે તેની રાત-દિવસ અરુચિ શીખીને રાખવી.** ૨૨-૨૩.

અને અરુચિ કરવાની વિદ્યા સતીગીતામાં કહી છે. અને વિધવાના ધર્મ પણ સતીગીતામાં કહ્યા છે. નટ જે રીતે દોરડાં ઉપર ચાલે છે તે રીતે સાવધાનપણે વિધવાએ વર્તવું. ૨૪. સધવા કે વિધવા સ્ત્રી જ્યારે સ્વતંત્ર વર્તે છે ત્યારે તત્કાળ જ તેનો ધર્મ લગાર પણ રહેતો નથી. ૨૫. સીતા અને પાર્વતીના સમાન બીજી કોઈ નારી કહેવાય નહિ. રાધિકાજી પણ ભગવાનનાં ધામને પામ્યા હતા, છતાં બીજા આહિરને પતિ કરવો પડ્યો હતો. ૨૬. સીતાનો રામચંદ્રજીએ તત્કાળ ત્યાગ કર્યો હતો અને સતી ઉમાએ સળગતા અગ્નિમાં પ્રવેશ કર્યો હતો. ૨૭. તેઓ થોડાક સ્વતંત્ર થયા તો નારીઓમાં સર્વશ્રેષ્ઠ હોવા છતાં તેમને અપાર દુઃખ સહન કરવું પડ્યું હતું. તેને ત્રણે લોકમાં સહુ જાણે છે. ૨૮.

તો બીજી કોઈ સ્ત્રીના શા લેખા ? જે કોઈ પણ સ્ત્રીમાત્ર સ્વતંત્ર રીતે વર્તે છે, તે રૂપાળી હોય કે કુરૂપવાળી હોય, તે બધી સ્ત્રીઓનું નામ કામિની કહેવાય છે. તે નખથી શિખા પર્યંત કામનું નિવાસસ્થાન છે. દેવોમાં બ્રહ્મા જેવા કોઈ ન કહેવાય. તેઓ સહુના પિતામહ રહ્યા છે. ૨૯-૩૦. તેઓ નારાયણના પુત્ર છે અને અપાર બુદ્ધિમાન કહેવાય છે. જે ચાર વેદ કહેવાય છે તે મૂર્તિમાન બ્રહ્મારૂપ છે. ૩૧. તે બ્રહ્માજી બધા ધર્મ અને અધર્મને સારી રીતે જાણે છે, છતાં તે બ્રહ્માએ રૂપાળી પોતાની પુત્રીને દેખી ત્યારે તેમાં કામ વ્યાપ્યો અને પોતાનાં શરીરનું ભાન ભૂલી ગયા. ૩૨.

સનકાદિકો અને શિવજી તેમને દેખતા હતા, છતાં તેની લાજ-મર્યાદા રાખી ન શક્યા. પુત્રી મૃગલી થઈ ત્યારે બ્રહ્મા મૃગ થયા અને પશુની રીતને અનુસર્યા. ૩૩. જ્યારે તે ભાનમાં આવ્યા ત્યારે તત્કાળ પોતાનાં શરીરનો ત્યાગ કર્યો અને અપયશથી મુખ કાળું બની ગયું. **નારીનું શરીર જ એવું છે કે, ચાહે તેવો સમર્થ પુરુષ હોય તોપણ જો સ્ત્રીનો પ્રસંગ થાય તો તેનાં મનમાં કામનો આવેશ થાય જ છે.** ત્યાગી થઈને નારીનો શ્રોત્ર, નેત્ર અને મનથી જે જેટલો પ્રસંગ રાખે છે તેટલો તેના મનમાં વિકાર થયા સિવાય ક્યારેય રહેતો નથી. ભલે પછી તે ઘણો મહાન સમર્થ હોય. ૩૪-૩૬.

બદરિકાશ્રમમાં નરનારાયણ દેવ તપ કરતા હતા ત્યારે તેમના તપના ડરથી ઈન્દ્રને કુમતિ સૂઝી. ૩૭. અને પછી તેણે તેના બધા જ સાથીદારોએ સહિત કામને છળ કરવાને માટે બદરિકાશ્રમમાં મોકલ્યો. ૩૮. તે કામના ગણે બદરિકાશ્રમને દૂરથી જ દેખ્યો, તેટલીવારમાં એકદમ ડરી ગયા અને તેનું બધું સામર્થ્ય નાશ પામી ગયું. ૩૯. ચાહે તેટલા તારા હોય, તોપણ તેનું તેજ સૂર્ય આગળ ક્યાંથી ચાલે ? નરનારાયણ દેવના તપનો અત્યંત ભય લાગ્યો, તેથી કામગણને બધો ગર્વ તૂટી ગયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "પંચાળાના અદિબાના પ્રસંગથી સ્ત્રીધર્મની વાત કરી" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર સત્તરમું : તરંગ - ૧૫

સોરઠના સમાધિનિષ્ઠ સત્સંગીઓની વિશેષતા

પરિવારે સહિત આવેલા કામની નરનારાયણ દેવ ઉપર લેશમાત્ર અસર થઈ નહિ. તેનો મનોભંગ થઈ ગયો અને અંતરમાં ઘણો ક્લેશ પામ્યો. ૧. કામના મનમાં શાપનો ડર લાગ્યો એટલે તે નરનારાયણ દેવના વખાણ કરવા લાગ્યો. ત્યારે નિર્મળ મૂર્તિ નરનારાયણ દેવે તેને માન આપીને બોલાવ્યો. ૨. કામદેવ અને તેના બધા ગણે પોતાનાં સામર્થ્ય પ્રમાણે તન

મનથી નરનારાયણ દેવને ચલિત કરવા પ્રયત્ન કર્યો, પણ સાગરને અગ્નિનો કણ શું કરી શકે ? તે તપાવી શકે ? ૩. ઈન્દ્રની રંભા નામની અપ્સરા તેને ઘણી વહાલી હતી અને તેના મનમાં ઘણો ગર્વ હતો. ૪. જ્યારે તે રંભાનું પરાક્રમ પણ નરનારાયણ દેવ આગળ ન ચાલ્યું ત્યારે તે અત્યંત નિઃસ્તેજ થઈ ગઈ. તે વખતે ભગવાન નારાયણે રંભા કરતાં પણ અત્યંત રૂપ સંપન્ન અને સર્વોત્તમ અદ્‌ભુત એવી અપાર અપ્સરાઓને ઉપજાવી. તેમાં અપરંપાર સૌંદર્ય હતું. તે વખતે કામનો પરિવાર અને વસંતનો ગણ, એ બધા પાસે આવ્યા. ૫-૬.

તે કામ વગેરે સહુએ અપાર અપ્સરાઓને દેખી. પછી તેનાં તેજથી તે બધા નિર્જીવ જેવા થઈ ગયા. તે બધા પાછા જઈને ઈન્દ્રની આગળ પોતાનો ગર્વયુક્ત પ્રભાવ દેખાડવા શક્તિમાન રહ્યા નહિ. ૭. જ્યારે તે કામ વગેરે ત્યાંથી પાછા વળ્યા ત્યારે નારાયણ દેવે તે સહુને ત્યાં રોકવા માટે ઘણો આગ્રહ કર્યો. બદરિકાશ્રમમાં તો તપ સિવાય બીજો કોઈ રસ હોતો નથી અને જેને તપમાં રુચિ ન હોય તે ત્યાં રહી શકતા નથી. ૮. ભગવાન નારાયણે કહ્યું, ‘આટલી બધી અમારે ત્યાં અપ્સરાઓ છે, તેમાંથી જે તમને સારી લાગે તે ઈન્દ્રને માટે અમારા તરફથી આ એક ભેટ લઈ જાઓ.’ ૯. પછી કામ વગેરે ઉર્વશી નામની અપ્સરાને લઈને ચાલ્યા અને સ્વર્ગમાં આવી ઈન્દ્રને તે આપી. ઈન્દ્રે ઉર્વશીને દેખીને તરત જ પોતાના સ્વર્ગમાં રાખી લીધી. ૧૦.

તે વખતે કામ વગેરેએ ઈન્દ્રની આગળ બધી વાત કરી, ‘નરનારાયણ દેવને તો તપ સિવાય કોઈ પણ વસ્તુ ઉત્તમ દેખાતી નથી. ૧૧. **તે ભગવાન અનંત કોટિ બ્રહ્માંડની જેટલી સમૃદ્ધિ કહેવાય છે તેને કાકવિષ્ઠા સમાન દેખે છે અને તે સમૃદ્ધિને કાળનાં મુખમાં પડેલી માને છે. ૧૨. અમે તો આ થોડી જ વાત કહીએ છીએ કે, તમારી સમજણ જુદી છે અને તે ભગવાનની સમજણ જુદી છે. બંને સમજણમાં રાત-દિવસ જેટલો ફરક છે. ૧૩. તમારામાં અને નરનારાયણ દેવમાં પથ્થર અને ચિંતામણિ જેટલો ફરક છે. કાદવ અને કાંચન જેટલો તફાવત નજરે દેખીને અમે આવ્યા છીએ. ૧૪.**

ભગવાન નરનારાયણ દેવની દૃષ્ટિમાં આ બ્રહ્માંડનાં બધાં સુખ કાકવિષ્ઠાનાં જેવા છે. તે સુખને તમે અમૃત જેવા દેખો છો અને તેને મેળવવા કે જાળવવા મહેનત કરી રહ્યા છો. ૧૫.

તમે નિરપરાધ એવા નરનારાયણ દેવનો અપરાધ કર્યો છે. તેમાં કોઈ શંકા નથી. વિરાટની આગળ તમારી ગણતરી શી ? ૧૬. ભગવાન નરનારાયણ સિવાયના જે ઋષિઓ હતા, તેઓ આવી વાતો કરતા હતા. તેને જેવી સાંભળી છે એવી અમે અત્યારે તમારી આગળ કહીએ છીએ. ૧૭. આજ દિવસ સુધી અમે તમારા સિવાય બીજા કોઈને સમર્થ જાણતા નહિ, પણ આજે અમે તમારા કરતાં અપાર સમર્થ નરનારાયણ દેવને જાણ્યા છે.' આ રીતે કામ અને તેના સાથીદારો વારંવાર બોલવા લાગ્યા. ૧૮.

પંચાળામાં શ્રીહરિએ ઉપર કહી તે બધી વાત ઝીણાભાઈ આગળ સ્પષ્ટ રીતે કહી. બીજી પણ અનેક વાતો કરી, તેનો છેડો કોણ લઈ શકે એમ છે ? ૧૯. પંચાળામાં શ્રીહરિએ અનેક પ્રકારનાં ચરિત્રો કર્યાં છે. ત્યાં અનેકવાર રમ્યા અને જમ્યા છે. તે દેશના હરિભક્તો જે જે ગામમાં રહેતા હતા, તે બધા વારાફરતી શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા અને મયારામ ભટ્ટ તેમની પાસે સેવા પૂજા પણ કરાવતા રહેતા. જેવા હરિભક્ત હોય તેવી સેવા કરાવતા. કહ્યા વિના તો હરિભક્ત હોય તોપણ કાંઈ ખબર પડતી હોતી નથી. ૨૦-૨૨.

ભાયાવદર ગામમાં જે નાગર હરિભક્ત હતા, જાળિયા ગામમાં હીરાભાઈ ઠક્કર નામે હરિભક્ત હતા, ૨૩. જૂનાગઢમાં દાદાભાઈ તથા નાગર હરિભક્ત હતા અને દેવરામભાઈ આદિક સુતાર, ૨૪. અને બીજા લુહાર તથા ગોકુળભાઈ નામે ભાટિયા હરિભક્ત હતા, એ બધા હરિભક્ત વગર કહ્યે સેવા કરવાની રીત જાણતા હતા, ૨૫. વંથળી ગામમાં પટેલો પાકા હરિભક્ત હતા અને માળિયામાં લોહાણા સત્સંગી હતા, ૨૬. પાટણમાં એક બારોટ સત્સંગી માનસિંહ નામે કવિરાજ હતા, ૨૭. મૂળ માંગરોળ બંદરના અને પછીથી પોરબંદરમાં રહેતા હતા, એવા સુતાર ભગવાનજીભાઈ

નામે એક સારા સત્સંગી હતા. ઉપર કહેલા ગામના બધા હરિભક્તો વગર કહ્યે સમય જોઈને શ્રીહરિની સેવા પૂજા કરવાનું જાણતા હતા. ૨૮-૨૯.

માણાવદરના હરિભક્તો મયારામ ભટ્ટના યોગથી, પંચાળાના હરિભક્તો ઝીણાભાઈના યોગથી, અગત્રાઈના બધા કણબી હરિભક્તો પર્વતભાઈના યોગથી શ્રીહરિની પૂજા સેવા કરવાનું પૂરી રીતે જાણતા હતા. ૩૦-૩૧. આ દેશના જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની ભક્તિભાવથી સેવા-પૂજા કરતા હતા. **સોરઠના જે બાઈ-ભાઈ હરિભક્તો કહેવાય છે, તે બધા શ્રીહરિના બાળમિત્રો રહ્યા છે. શ્રીહરિને દેખતાની સાથે તેના દિલમાં હેત સમાતું નહિ. અહીંના કોઈ પણ હરિભક્ત સમાધિ વગરના ન હતા. મૂર્તિમાં રહીને જ ઘરનું કામકાજ કરતા હતા.** ૩૨-૩૩.

આ પ્રદેશમાં પોતાને ગામ સંતો આવતા હોય તો તેમને તે સમાધિવાળા વગર કહ્યે દેખતા હતા. કોઈ હરિભક્ત દેહત્યાગ કરે તો તેને તેડવા માટે તે જગ્યાએ શ્રીહરિ અને સંતો દિવ્યદેહે આવતા, તેને તે સમાધિવાળા ઠેક ઠેકાણે દેખતા. શ્રીહરિ અને સંતો વિમાન, રથ, અશ્વ, તેને લઈને આવતા અને ગરુડ, સુખપાલ તથા હાથી લઈને આવતા. ૩૪-૩૫. જ્યારે શ્રીહરિ ભક્તને તેડવા આવતા ત્યારે શોભાનો કોઈ પાર રહેતો નહિ. અપાર વાજિંત્રો વાગતાં હોય તે સંભળાતાં. હરિભક્ત કે બિનહરિભક્ત એવા અપાર લોકોને આવાં દર્શન થતાં. ૩૬. આ વખતે શ્રીહરિએ જે અપાર પ્રતાપ દેખાડ્યો, તેનો પાર કોઈ કવિ લઈ શકે નહિ. ૩૭. કેટલોયે અધિકાધિક પ્રતાપ કવિઓ કહે, તોપણ તેનું ક્યારેય માપ થતું નહિ. જેટલી બુદ્ધિ હોય તેટલો પ્રતાપ કહેતા, છતાં પણ પ્રતાપ તો અમાપનો અમાપ જ રહેતો. ૩૮.

❋ શ્રીહરિચરિત્રનો મહિમા :

सोरठा : एक दिन के जेह, श्रीहरि के चरित्र जोउ;
कहे न आवत तेह, सत कोटि एसे ग्रंथ कर...३९
चरित्र रहे अपार, एक सुनत चरित्र जेहि;
तरत होत भवपार, चितवत चित्त जो भावकर...४०

શ્રીહરિનાં એક દિવસનાં જે ચરિત્ર છે તેને કદાચ કોઈ સો કરોડ આવા ગ્રંથ કરે, તોપણ સંપૂર્ણ રીતે કહી શકે નહિ. ૩૯. ચરિત્રો તો અપાર છે, તેમાંથી કોઈ મનુષ્ય એક ચરિત્રને પણ સાંભળે અને મનમાં ભાવનાથી જો ચિંતવે છે તો તે તરત સંસારના પારને પામી જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સોરઠના સમાધિનિષ્ઠ સત્સંગીઓની વિશેષતા કહી" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર સત્તરમું : તરંગ - ૧૬

રામાનંદસ્વામીએ શ્રીહરિને પંચવર્તમાનથી સંપૂર્ણ ધર્મસ્થાપનની વાત કહી

શ્રીહરિનાં ચરિત્રો અપાર સુખમય છે અને સંસારનાં દુઃખોને ટાળનાર છે, છતાં મનુષ્યનું ચિત્ત તે ચરિત્રોને લગાર પણ ચિંતવતું નથી. ૧. મનુષ્યનું ચિત્ત ભગવાનનાં ચરિત્ર સિવાયના કોઈ પણ વિષયના પદાર્થને ચિંતવે છે, તો તેનાથી તેને તેટલા જન્મ લેવા પડે છે અને તેમાં અપાર દુઃખ આવે છે. ૨. **કોઈ મનુષ્ય વેદ, પુરાણો અને નીતિશાસ્ત્ર, એ બધાને ભણ્યો હોવા છતાં ભગવાન સિવાય અન્ય વિષયોનું ચિંતવન કરતો રહે તો તે અનંત જન્મ ધરતો રહે છે.** ૩. આવો ભણેલો માણસ પણ જો હરિથી વિમુખ હોય તો જન્મ-મરણ અને જમપુરીનાં દુઃખને પૂરી રીતે દેખતો નથી. બુદ્ધિ પ્રાપ્ત કરી હોવા છતાં તેનો કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. ૪. કદાચ કોઈને બ્રહ્માના સમાન બુદ્ધિ પ્રાપ્ત થાય, પણ તે જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને સંસારનું ભટકણ ચાલુ રહે છે. ૫.

❋ સત્સંગનો પ્રતાપ :

चोपाई :

सत्संग करत हे जो जबहू, भवपार तरत जन सो तबहू;
होवत कछु लगत नहीं वारा, सतसंग के प्रताप अपारा...०६

सत्संग करत न जिहाँ लगही, निरर्थक बुद्धि रहे तिहाँ लगही;
मनुष्य तन निरर्थक रहाये, त्रिलोकी राज निरर्थक कहाये...०७
आकाश के पोलार जितना, कनक कु भेगे करेउ तितना;
सतसंग बिन बंधन कहाते, ज्यूं ज्यूं धन अधिक रहाते...०८

સત્સંગનો પ્રતાપ અપાર છે. મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે ત્યારે તે તરત જ સંસારના પારને પામી જાય છે. તેમાં કાંઈ જ વાર લાગતી નથી. ૬. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેની બુદ્ધિ નિરર્થક રહે છે, તેનો મનુષ્યદેહ નિષ્ફળ જાય છે અને પ્રાપ્ત થયેલું ત્રિલોકીનું રાજ્ય પણ નિષ્પ્રયોજન રહે છે. ૭. **કદાચ કોઈ આકાશ ભરાઈ જાય તેટલું સોનું ભેળું કરે અને બીજું પણ ધન અધિક અધિક ભેળું કરે, છતાં જો તેને સત્સંગ ન હોય તો તે બધું વધુ ને વધુ બંધન કરનારું છે. ૮. પુણ્યકાર્યમાં જેટલું ધન ખર્ચાયું તેટલું ભેગું કરેલું ધન જ સાર્થક છે. પણ મનુષ્ય અપરંપાર ધનને ભેળું કરે છતાં પુણ્યમાં લગાર પણ ખરચતો નથી.** ૯. પૂર્વના પુણ્ય સિવાય સત્કર્મમાં વપરાય તેવું ધન ક્યાંથી મળે ? પુણ્ય વિના તો તે હંમેશાં નિર્ધન રહે છે. અને જે લોભી માણસ છે તેની આ લોક અને પરલોકમાં કીર્તિ ક્યારેય વધતી નથી. ૧૦. અતિશય લોભી મનુષ્ય નિર્વંશ હોય છતાં પણ ધનને વધારે ચાહે છે, અને તે લોભીના પછી તેનું ધન કે માલ જે કોઈની પાસે જાય તે મરનાર લોભી કરતાં પણ વધારે લોભી થાય છે. ૧૧.

જે માણસ જેટલો લોભી બને છે, તે ક્યારેય પુણ્ય સંપાદન કરી શકતો નથી અને જ્યાં સુધી તે પુણ્યવાન ન થાય ત્યાં સુધી તેની જગતમાં અપકીર્તિ રહે છે. ૧૨. લોભી માણસની આગળ તેનો સલાહકાર અતિ લોભી મળી જાય તો પછી તેની પાસે કોઈ પુણ્યકાર્યનું નામ લે, તો તરત તેને દૂર હટાવી દે છે. ૧૩. જે ભોજનમાં ઘી, સાકર કે ગોળ કાંઈ જ ન હોય અને જે શાકભાજી કે ફરસાણમાં મીઠું જ ન હોય, તેવો તે લોભી કહેવાય છે. ૧૪. **કપડાં કે ઘરેણાં પહેર્યાં વિનાનો જેવો માણસ જણાય તેવો લોભી માણસ નિઃસ્તેજ અને શોભા રહિત ગણાય છે.** આ રીતની શ્રીહરિએ વાત કહી. ૧૫.

વળી, શ્રીહરિએ કહ્યું કે, **'જે નિર્લોભી મનુષ્ય છે તે તો અમારા પ્રાણ જેવો પ્રિય લાગે છે અને જેટલા લોભી છે તે તો જગતના મળ જેવા છે. ૧૬. લોભીની સેવા કરવી તે મળને સાચવ્યા જેવું છે.** પરમ દયાળુ રામાનંદસ્વામીએ અમને આ સંપ્રદાયની ગાદી ઉપર બેસાર્યા છે. ૧૭. તેમણે અમારામાં નિર્લોભીપણાનો અત્યંત દૃઢ ગુણ દેખ્યો હતો. સ્વામીએ અમને ગાદીએ બેસાર્યા પછી એકવાર વાત કરી હતી કે, નિર્લોભ, નિષ્કામ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્પૃહ; એ બધા સદ્‌ગુણોને વજ્રના જેવા તમારામાં દેખી, તપાસ કરીને પછી મેં તમને ગાદીએ બેસાર્યા છે. ૧૮-૧૯. **વળી, તમે જેટલા નિર્લોભી રહેશો તેટલી તમારી શોભા વધશે અને તમારા સગાસંબંધના બ્રાહ્મણ ક્યારેય અહીં જો આવે તો તમારે પોતાની ગાદી તેમને સોંપવી; આવી હું આજ્ઞા કરું છું, પણ ત્યાગીને ગાદી ન આપવી. આ અમારી વાતને તમારે માથે ચઢાવી લેવી.** ૨૦-૨૧.

ત્યાગી સ્ત્રી અને ધનનો જ્યારે ત્યાગ રાખે છે ત્યારે તેમની શોભા રહે છે. અને વિપ્ર તો ગૃહસ્થ છે, તેને ધન અને નારીનો બાધ નથી. ૨૨. તે વિપ્રને જો ગાદીએ બેસાડો તો તેની જે પત્ની હોય તેને હરિભક્ત બાઈઓની ગુરુ કરવી, એટલે તેમાં ક્યારેય અધર્મ પ્રવેશે નહિ. ૨૩. જો ધર્મમાં ક્યારેય અધર્મ પ્રવેશ ન કરે તો ધર્મની ગાદી કાયમ રહે અને તે ગાદી ઉપર બેસનારામાં જ્યાં સુધી ધર્મ રહે ત્યાં સુધી તેના આશ્રિત મનુષ્યોનો મોક્ષ થતો રહે છે. ૨૪. જે વિપ્ર ગાદી ઉપર બેસે તેણે ધર્મસંબંધી હિતને વિચારીને નજીક સંબંધ વિનાની કોઈ પણ અન્ય સ્ત્રી હોય તો, તેની સાથે બોલવું નહિ અને તેને અડવું નહિ. ૨૫. તે વિપ્ર કેવળ પુરુષને જ શ્રીકૃષ્ણ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર આપે અને તેની પત્ની સ્ત્રીઓને મંત્રોપદેશ કરે, તો તે બંને નિર્બાધ રહી શકે છે. ૨૬.

જેટલા સંપ્રદાયો છે તેમાં પુરુષરૂપ ગુરુ સ્ત્રીને મંત્રોપદેશ કરે છે ત્યાં તેના ધર્મનો નાશ થાય છે. ૨૭. સત્સંગ સિવાયના જે નરનારીઓ છે તે બધા અધર્મમાં જ ધર્મ માની બેઠા છે. ૨૮. એકબીજાની જે રુચિ હોય છે તેને જ તે લોકો પરમ ધર્મ માને છે અને પછી તે જેટલો ધર્મનો લોપ કરે

છે તે પાપ બધું જમપુરીમાં ભોગવવું પડે છે. ૨૯. આ દુનિયામાં તો મનમાં ફાવે તેમ જે ચાલે છે તેનું ફળ તેને જમપુરી વગેરેમાં જોવા મળે છે અને આ લોકમાં જે નીતિપરાયણ થઈને રહે છે તેઓ તો રાજાના પણ રાજા થઈ જાય છે. ૩૦. ધર્મપરાયણ તે ચક્રવર્તી રાજાઓએ લોકોના હિત માટે નીતિભર્યા નિયમો બાંધ્યા છે. અને તે નિયમમાં જેટલા ચાલે છે તે બધા અત્યંત સુખી થાય છે. ૩૧.

જે કોઈ મનુષ્ય ધર્મના નિયમોનો લોપ કરે છે તે પછી ભલે કોઈ મોટો રાજા હોય, તોપણ તેને તરત જ તેટલું દુઃખ આવે છે. અહીંયાં કોઈનું કાંઈ જોર ચાલતું નથી. ૩૨. જે કોઈ જેટલો જુલમ કરે છે તેટલું તેને દુઃખી થવું પડે છે. પ્રજામાં પણ જે જુલમ કરે છે તેને તરત તેટલું દુઃખી થવું પડે છે. ૩૩. વેદ, પુરાણ અને ભગવાનના બાંધેલા ધર્મ-નિયમોનો જેટલો જે લોપ કરે છે તેને જમપુરીમાં ધર્મરાજા પાપ પ્રમાણે દંડ આપે છે. ગુનેગાર જીવ ધર્મરાજા આગળ પાપને કબૂલ કરે છે. ધર્મરાજા પાપ કબુલાવ્યા સિવાય દંડ દેતા નથી અને તેને કબૂલ કરે તે રીતે પૂછે છે. ૩૪-૩૫.

જે માણસ સત્સંગ કરે છે તેને સહેજે વેદ, પુરાણ અને નીતિ, એ બધા વર્તનમાં આવી જાય છે. આ સત્સંગ એવો મહત્ત્વપૂર્ણ છે. ૩૬. મોક્ષરૂપી પુરુષાર્થથી બહાર કોઈ ઉચ્ચ વસ્તુ રહેતી નથી; એવો જે મોક્ષ તે આ સત્સંગમાં આવી જાય છે. તેને તમે બરાબર સમજો છો. ૩૭. તમે જે રીતે સત્સંગની બધી વાતને સમજો છો તે રીતે જેમાં સ્પષ્ટપણે ધર્મ મુખ્ય રહે એવા નવા ગ્રંથ કરાવજો. ૩૮. ધર્મ અને ભક્તિની ખાસ રક્ષા કરવા માટે તમારે એક પાકી નીતિ બાંધવાની છે કે જે રીતે તે નીતિ સર્વોપરિ દેખાય. ૩૯. ગાદી ઉપર જે બેઠા હોય, તેના જે મુખ્ય મુખ્ય ધર્મ છે તેને તમારે જાહેર કરવા. ધર્મની પ્રસિદ્ધિ ન હોય તો તે ધર્મ વ્યવસ્થિત પળાતો નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "રામાનંદસ્વામીએ શ્રીહરિને પંચવર્તમાનથી સંપૂર્ણ ધર્મસ્થાપનની વાત કહી" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર સત્તરમું : તરંગ - ૧૭

શ્રીહરિએ સોરઠના ભક્તોને સત્પુરુષનો મહિમા કહ્યો

સદ્‌ગુરુ રામાનંદસ્વામી અંતર્યામી હતા. તેમણે સહજાનંદસ્વામીની આગળ વળી ફરીવાર વાત શરૂ કરી. ૧. તમે સહુના સાચા મિત્ર છો, એટલા માટે તમારે ગ્રંથ કરાવીને તેમાં સંતો, વર્ણી અને પાર્ષદોના ધર્મની રીતિને પ્રસિદ્ધ કરવી. ૨. **તમારા જેવા સાચા મિત્ર કોઈ નથી. બીજા મિત્રો તો અમિત્ર છે. જે કોઈ તમારાં સ્વરૂપમાં ચિત્તને જોડશે, તો તે ધન્ય ધન્ય થઈ જશે.** ૩. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આદિક જે જે તમારા આશ્રિત હરિભક્ત થાય તેના વિગત કરીને ધર્મ-નિયમ કહેવા. ૪. જે સધવા અને વિધવા સ્ત્રીઓ હરિભક્ત થઈ હોય, તેના ધર્મ કહેવા. અને જે ત્યાગી વિધવા સ્ત્રીઓ હોય તેના ધર્મ પણ વિગત કરીને કહેવા. ૫.

મારાં મનમાં જેટલી વાત છે તે રીતે તમારે સંપ્રદાયને સુદઢ કરવો. આપ શ્રીહરિ બધી વાતોને જાણો છો. કારણ કે, તમે સાક્ષાત્ પરમેશ્વર પ્રગટ થયા છો. ૬. તમારા જેવા કોઈ થશે નહિ. બીજા તો અપાર પાખંડીઓ થશે. કેટલાક તો બુદ્ધિશાળી હશે તે આપણામાંથી નીકળીને અલગ સંપ્રદાય ચલાવશે. ૭. તેની જેવી બુદ્ધિ હશે તેવો તે ઉપસંપ્રદાય કરશે. અને તેઓ પેટ ભરશે અને ધનનો સંગ્રહ કરશે એટલું તેને ફળ મળશે, પણ મોક્ષ મળશે નહીં. ૮. જેને તમારો ડર નથી લાગતો તે તો જમપુરીથી પણ ડરતા નથી અને તેઓ તો અસુરમાં પણ મોટા અસુર છે. તેને બીજા નર-નારીઓ સમજી શક્તા નથી. ૯. તેવા અજ્ઞાની નર-નારીઓને જે મીઠા શબ્દોથી બોલાવી જાણતા હોય તો તેવા મનુષ્યો તેને ભગવાન કરી માને છે અને તેને તેવું ફળ મળે છે. ૧૦.

શ્રીહરિ કહે, પછી અમે રામાનંદસ્વામીને કહ્યું, ‘હવે આપ ચિંતા ન કરશો. જ્યાં જેટલું નિર્દોષ વર્તન હોય છે ત્યાં ભગવાન તેટલું આવીને રહે છે. ૧૧. આ વાત તો પ્રત્યક્ષ છે. તેમાં એક તલભાર પણ ફરક નથી. **જેમાં જેટલું શુદ્ધ વર્તન હોય તેમાં તેટલા ભગવાન રહે છે.** ૧૨. **જેમાં જેટલું**

કપટ અને છળ રહ્યું હોય છે, ભગવાન તેના તે બધા સ્વાર્થને જાણતા હોય છે. ૧૩. જ્યાં જેટલો લોભ પ્રવેશે છે ત્યાં અધર્મને પણ ધર્મ માનવામાં આવે છે. પછી ત્યાં બીજા કોઈનું કશું ચાલતું નથી. ૧૪. જ્યાં સુધી મનુષ્ય દેહધારી ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન હોય ત્યાં સુધી તે સ્થાનમાં તેઓ અધર્મનું કાંઈ ચાલવા દેતા નથી. ૧૫. કારણ કે, ભગવાન જે વાત જેવી હોય તેને યથાર્થરૂપમાં તે રીતે દેખતા હોય છે. તેથી તેમનો સહજ પ્રતાપ દેખીને અધર્મ દૂર રહે છે. ૧૬.

શ્રીહરિ કહે છે કે મેં કહ્યું, 'સ્વામી, તમે જેટલી વાત કહી છે તે પ્રમાણે હવે હું નિશ્ચિત કરીશ. સત્સંગિજીવન ગ્રંથને હું કરાવીશ અને તેની રીતને જે અનુસરશે તેનો ઉદ્ધાર થશે. ૧૭. તેનાથી જે ઓછું કે વધારે વર્તશે તે તેના વર્તન ઉપરથી દેખાશે. નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્પૃહ, નિઃસ્વાદ જે રહેશે અને જેટલા નિષ્કપટ રહેશે; એવું ત્યાગી તથા હરિભક્ત વર્તશે તેનું અંતર ઉપરના વર્તનથી સૂર્યના સમાન ઉજ્જ્વળ દેખાશે. ૧૮-૧૯. **પંચવ્રતમાન પ્રમાણે જે જેવું વર્તશે તેને તેવું મોક્ષનું ફળ મળશે. મનુષ્ય આ લોકમાં જેવું વર્તન રાખશે, તે વર્તનને અનુસારે અંતર્યામી ભગવાન તેને તેનું ફળ આપશે. તેની જે વધારે પડતી ચિંતા કરવી, તેને અમે મિથ્યા ચિંતા કહીએ છીએ.** ૨૦-૨૧. આપ જેને પરમેશ્વર કહો છો તેમને મનુષ્યોના ઉપર સહુથી વધારે દયા રહી છે.' આવું અમારું વચન સાંભળીને બહુનામી રામાનંદસ્વામી ઘણું રાજી થયા. ૨૨.

હરિભક્તોને સુખ દેનારા આવા શ્રીહરિએ અત્યંત પ્રસન્ન થઈને સોરઠના હરિભક્તોના પ્રત્યે ઉપર કહ્યા પ્રમાણે વાત કરી. ૨૩. હરિભક્તોને અમે કહીએ છીએ કે, 'હાલાર, કચ્છ, વાગડ દેશ, મચ્છુકાંઠા અને ઝાલાવાડ, એ બધા દેશોમાં અમે ઘણીવાર ફરતા રહ્યા છીએ. ૨૪. જતવાડ, ચુંવાળ, વઢિયાર અને સિદ્ધપુર સુધીના દેશ તથા દંઢાવ્ય અને ગુજરાત દેશમાં અમે ફર્યા છીએ. ૨૫. જેટલો ચરોતર દેશ છે, તેમાં ડાકોર સુધી ફર્યા છીએ તથા વાકળ, કાનમ, સુરત અને ધરમપુર સુધી અમે કાંઈક ફર્યા છીએ. ૨૬. વાંસદા સુધી તેમજ બારા, ભાલ, ગોહિલવાડ, વાળાક, ઊના, નાઘેર,

કાઠિયાવાડ, એ બધા દેશોમાં પણ વારંવાર અમે ફર્યા છીએ. તે બધા અમારી કેટલીયે સેવા કરે છે, છતાં અમને તમારા ઉપર ભાવ રહે છે. ૨૭-૨૮.

કારણ કે, પહેલા જ્યારે અમે ઓગણીશ વર્ષના થયા ત્યારે આ દેશમાં ફર્યા હતા અને રામાનંદસ્વામી પણ આ દેશમાં અમને મળ્યા હતા. ૨૯. પરમ સુખદાયક રામાનંદસ્વામીએ અમને ઘણું હેત કરીને સત્સંગમાં રાખ્યા છે. સ્વામી સિવાયના બીજા કોઈ બ્રહ્મા જેવા બુદ્ધિમાન હોય, તોપણ અમે તેમના રાખ્યા રહીએ નહિ. આ અમે સાચી વાત કહીએ છીએ અને અમારી જેવી રુચિ છે તેવી તમને યથાર્થ રૂપમાં જણાવીએ છીએ. ૩૦-૩૧.

चोपाई :

धर्म भक्ति वैराग हि ज्ञाना, स्वामी में शुद्ध देखी रहाना;
साचे संत बिन जन जो ताके, उद्धार कबु नहि होवत वाके...३२
उद्धार जन के होत जेहि ठोरा, ताकी बात रहाये जोरा;
मोक्ष के खप शुद्ध होवे जाही, देखेमें जथार्थ आवत ताही...३३

અમે સ્વામીનાં જીવનમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાન જે હતું તેને દેખીને રહ્યા છીએ. સાચા સંત સિવાય મનુષ્યનો ઉદ્ધાર ક્યારેય થતો નથી. ૩૨. જે ઠેકાણે જીવનો ઉદ્ધાર થતો હોય તેની વાત તો કાંઈ બીજા જ પ્રકારની જોરદાર હોય છે. અને જેને શુદ્ધ મોક્ષનો ખપ હોય તે તો યથાર્થ રૂપમાં દેખાઈ આવે છે. ૩૩.

❋ સંતો જીવનો પળવારમાં ઉદ્ધાર કરે છે :

જ્યાં સુધી જેને અંતરમાં કામ, ક્રોધ, લોભ અને જેટલી અનીતિ કહેવાતી હોય તેમાં રુચિ રહે છે ત્યાં સુધી તેવા મનુષ્યને સત્પુરુષની ભેગા રહેતા હોવા છતાં સત્પુરુષ ઓળખાતા નથી. રુચિ મળ્યા વિના ક્યારેય શાંતિ થતી નથી. ઘી અને ખીર અમૃત જેવા ગણાય છે, છતાં કીડાને ઘી અને કૂતરાને ખીર ઝેર જેવા જણાય છે. ૩૪-૩૫. **માણસને જેવી રુચિ હોય છે તેને તેવા ગુરુ મળે છે. પછી તે ગુરુ શિષ્ય બંને એકબીજાની પ્રશંસા કરે છે. રુચિ વિના તે ક્યારેય પ્રશંસા કરતા નથી.** ૩૬. **રુચિ જો મળતી ન હોય તો એકબીજા મુખથી ચાહે તેવું બોલે પણ તેવા મનુષ્યને તો સત્પુરુષ**

બાળબુદ્ધિ માને છે. ૩૭. **જે સત્પુરુષો છે તેની સમજણ તો અપાર હોય છે. તેઓ તો પંચ મહાભૂતો કરતાં પણ વધારે મહાન હોય છે.** ૩૮.

❋ સત્પુરુષને પ્રગટ થવાનું કારણ :

ક્યાં લોકાલોક પર્વત અને ક્યાં અણુ ? સત્પુરુષ લોકાલોકને સમાન છે અને બ્રહ્માંડ અણુને સમાન છે. ૩૯.

सोरठा : ब्रह्मा जेसे ताकि, अनु के कोटि भाग तेहि;
समझ रहाये वाकि, मनुष्य की रहे बुद्धि कहा...४०
अल्प मनुष्य जो ताके, मोक्ष करने हित कबहु;
भवबंधन छोडन वाके, प्रगट होवत मनुष्य जिमी...४१

બ્રહ્મા જેવા પણ સત્પુરુષની આગળ અણુના પણ કોટિમા ભાગની સમજણવાળા છે. તેમાં મનુષ્યની સમજણ તો ક્યાં રહે ? ૪૦. સત્પુરુષો સામાન્ય મનુષ્યનો મોક્ષ કરવા અને તેને ભવબંધનથી છોડાવવા માટે ક્યારેક મનુષ્યની જેમ પ્રગટ થાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ સોરઠના ભક્તોને સત્પુરુષનો મહિમા કહ્યો" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર સત્તરમું : તરંગ - ૧૮

પૂર્વચરિત્ર અને પ્રતાપની વાત કહીને શ્રીહરિ વડતાલ જવા નીકળ્યા

શ્રીહરિની આગળ બેઠેલા જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની વાત સાંભળ્યા પછી બે હાથ જોડીને કહ્યું, 'મહારાજ, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. ૧. તે વખતે કોઈ એક ગરીબ હરિભક્ત શ્રીહરિની પાસે આવ્યો. તે ઘણો અકિંચન હતો અને બે હાથ જોડીને કાંઈક બોલ્યો. ૨. ત્યારે શ્રીહરિએ તત્કાળ તેને સારાં વસ્ત્ર કરાવી આપ્યાં અને તે વખતે મુઠ્ઠી ભરીને તેને સોનામહોર દીધી. ૩. તે ભક્તના ઘણા દિવસના દુઃખ અને દારિદ્ર કાપી નાખ્યા. તેને ઘણો શ્રેષ્ઠ સુખી કરી દીધો. કારણ કે, શ્રીહરિનું વિશ્વંભર એવું

નામ કહેવાય છે. ૪. વિશ્વંભર તો અનંતકોટિ બ્રહ્માંડના દેવતાઓ સુધીના સ્થાવર-જંગમ સહુ પ્રાણીઓનું ભરણ પોષણ કરતા રહ્યા છે. ૫.

અષ્ટ સિદ્ધિઓ અને અપાર નવ નિધિઓ, તેમના સંકલ્પમાં જ રહ્યા છે. તો એક ગરીબ ભક્તનું દારિદ્ર્ય કાપે તેમાં શી મોટી વાત ? ૬. જ્યારે કોઈ બ્રાહ્મણ નિષ્કપટપણે શ્રીહરિની પાસે આવીને કાંઈ યાચના કરે તો જે જે માગે તે તે વસ્તુ શ્રીહરિ તેને અપાર આપતા હતા, તેનો પાર કોણ પામે ? ૭. શ્રીહરિએ વિપ્રોની ચોરાશી કરાવી અને સદાવ્રતો અપાવ્યા. તેનો પણ કોઈ પાર લઈ શકાય તેમ નથી. શ્રીહરિએ વાવ, કૂવા અને સરોવરો ખોદાવ્યા અને અનેક પ્રકારના યજ્ઞો કરાવ્યા તથા બ્રાહ્મણોને જમાડ્યા, તેનો તો કોઈ પાર રાખ્યો નથી. અને તે અપાર લોકોએ નજરે દેખ્યું છે. વળી, સત્સંગમાં આવ્યા પહેલા ચારે ધામમાં જેટલા તીર્થો છે તે બધામાં સાત વર્ષ સુધી નાની વયમાં નિર્ભય થઈને યાત્રા કરતા રહ્યા. મોટા મોટા રાજાઓએ પણ સેવા કરી અને તે રીતે જ પૂજ્યા હતા. ૮-૧૦.

જેણે જેવી સેવા કરી અને પૂજા કરી તેને તેવું ફળ પણ આપ્યું હતું. કેટલાક રાજાઓએ શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. રથ અને સુખપાલમાં પણ હેતથી બેસાર્યા. ૧૧. અને કેટલાક રાજાઓ તો શ્રીહરિને પોતાના રાજ્યમાં રાખવા લાગ્યા. તે સિવાય અપરંપાર તપ કર્યું. અપાર વનો અને પર્વતોમાં વિચર્યા. ૧૨. સ્વયં જગત્પતિ અને જગદાધાર હોવા છતાં કેટલાએ મહિનાઓ સુધી વિવિધ પ્રકારના જંગલી ફળ, મૂળ અને કંદને જમતા રહ્યા. ૧૩. સમર્થ ભગવાન શ્રીહરિએ કેટલાક દિવસ લીંબડાનાં પાનનો રસ પીધો. અને કેટલાક દિવસ વાયુપાન કરીને રહ્યા. ૧૪. કેટલાએ દિવસ પંચાગ્નિ તાપતા રહ્યા. મોટા મોટા કોઈ સિદ્ધ પુરુષોથી આવું બને નહિ. ૧૫. શ્રીહરિને તપ ઉપર રુચિ હતી, તેથી વન અને પર્વતમાં જ્યાં મોટા મોટા સિદ્ધો રહેતા હતા, ત્યાં પોતે ગયા. ૧૬.

ભગવાન નરનારાયણ પર્યંતના જે મોટા મોટા સિદ્ધો કહેવાતા હતા, તેમણે જ્યારે શ્રીહરિનું તપ દેખ્યું ત્યારે તે સહુ મનમાં ઘણું આશ્ચર્ય પામ્યા. ૧૭. તેઓ કહેતા કે, જેને લીધે આત્મા છે અર્થાત્ જે આત્માના પણ

આત્મા છે, જે આત્માથી પણ અત્યંત ગુપ્ત કહેવાય છે, જેને ગુપ્તમાં ગુપ્ત રહસ્યમય કહેવાય છે, જે સમર્થથી પણ અત્યંત સમર્થ છે, ૧૮. વળી, **અનંતકોટિ બ્રહ્માંડોને પોતામાં દેખાડે છે અને લીન કરી લે છે અને વળી, અક્ષર આદિકને પણ પોતાની મૂર્તિમાં લીન કરી દઈને આત્યંતિક પ્રલયને અંતે જે એક મૂર્તિ સ્વરાટ થકી રહે છે, ૧૯. અને વળી, જે યોગ, તપ, ધ્યાન અને યજ્ઞ, તે બધાં સાધનોનું પરમ ફળ કહેવાય છે, તે જ પરમાત્મા જાણે મૂર્તિ ધારીને આવ્યા હોય તેવું જણાય છે. માટે આપણા સહુના પરમ ભાગ્ય છે.** ૨૦.

બદરિકાશ્રમમાં જેટલા સિદ્ધો હતા તે બધા નરનારાયણ દેવની આગળ આવી અપાર વાતો કહેતા હતા, તેને અમે અહીંયાં લગારેક સૂચવી છે. ૨૧. **એવા મહાસમર્થ શ્રીહરિ હરિભક્તોને લાડ લડાવતા હતા. હરિભક્તોની આગળ કાંઈ ન જાણતા હોય એવા થઈને સહુને અલભ્ય સુખ આપતા હતા.** ૨૨. આવું સુખ પહેલા ક્યારેય આપ્યું ન હતું, પણ અત્યારે જે સુખ આપ્યું છે તે કહી શકાતું નથી. મારામાં તો બુદ્ધિ અત્યંત થોડી રહી છે અને શ્રીહરિનો પ્રતાપ તો અપાર છે. ૨૩. મારી બુદ્ધિના માપમાં જેટલા ચરિત્રો આવે છે તેટલાં ચરિત્રને હું લખું છું. નાવમાં બેઠા સિવાય કીડીએ સાગરનો પાર લીધો હોય એવું અમે ક્યાંય સાંભળ્યું નથી. ૨૪. **શ્રીહરિનાં ચરિત્રો સાગર જેવા છે. સંતો અને હરિભક્તો નાવ જેવા છે અને કવિ તો કીડીના જેવા છે. તે કીડીને તો તે નાવરૂપ સંતો અને હરિભક્તોનું બળ છે.** ૨૫. સંતો અને હરિભક્તો જેટલો પ્રતાપ આપે છે તેટલાં ચરિત્ર લખાય છે. ચરિત્રો લખવારૂપી બધો પ્રતાપ સંતો-હરિભક્તોનો છે. ૨૬.

સંતો અને હરિભક્તો તો બુદ્ધિના સાગર છે, તે બધા સૂર્યના સમાન છે અને હું તો અત્યંત ઘાટાં અંધારા જેવો છું. ૨૭. સૂર્ય જેટલો પ્રકાશ કરે છે તેટલાં અંધારાનો નાશ થાય છે. ૨૮. સોરઠના જે હરિભક્તો હતા, તેણે શ્રીહરિનાં એટલાં દર્શન કર્યાં કે તેનાથી તેઓ અપાર સુખી થયા અને ધર્મકુમારે તેમને આટલું બધું સુખ આપ્યું હતું. ૨૯. ત્યારબાદ શ્રીહરિ **પંચાળા**થી ચાલ્યા. ઝીણાભાઈનાં મનમાં ઘણા દિવસથી એવો સંકલ્પ હતો

કે, હું શ્રીહરિને મારે ઘેર રાખીને સેવા કરું. ૩૦. શ્રીહરિએ તેમને કહ્યું, ‘હવે હુતાશની આડા થોડા દિવસ રહ્યા છે, તો **ચરોતરમાં વડતાલ ગામ અમને અજોડ સ્થાન દેખાયું છે.** ૩૧. **તેવું કોઈ બીજું ગામ નથી.** અમને ત્યાં ઉત્સવ-સમૈયો કરવાનું ગમે છે. વળી, વડતાલ આપણા સત્સંગની વચ્ચે રહ્યું છે. ત્યાં કાયમને માટે વિવિધ પ્રકારના ફળ છવાયા રહે છે. ૩૨.

ચરોતરમાં અને ગુજરાતમાં વિવિધ પ્રકારનાં આંબાના વૃક્ષો રહ્યા હોય છે. ત્યાંની ભૂમિ ક્યાંય છાયા વિનાની નથી. અને તેમાં પથ્થર કે કાંટા હોતા નથી. ૩૩. ત્યાં જેટલા પાટીદારો કહેવાય છે તે બધા જમીનદારો છે અને તેમાં પણ કેટલાક તો અમીન છે કે જેની આગળ ચોપદારો ચાલતા હોય છે. ૩૪. તે પાટીદારો સારા વર્તન અને ખરાબ વર્તનવાળા જે કોઈ ગુરુ કે વિપ્ર હોય તેને તલ તલ જેટલા જાણે છે. કોઈ વાત તેનાથી છાની રહેતી નથી. ૩૫. તેમાં જેનું ઉત્તમ વર્તન હોય છે તેને તેઓ સહેજે જ માને છે અને જેમાં નીચ વર્તન દેખાય છે તેનાં મુખ સામે ફરીથી ક્યારેય જોતા નથી.’ ૩૬.

ઝીણાભાઈ આગળ આટલી વાત કરીને શ્રીહરિ તત્કાળ પંચાળાથી ચાલતા થયા અને **પીપલાણા** ગામ આવ્યા. ત્યાં એક દિવસ રહ્યા. ૩૭. પછી **આખા** અને **અગત્રાઈ** ગામના ભક્તજનોને રાજી કરીને ફરીવાર **પંચાળા**માં આવ્યા અને એક રાત રહ્યા. ૩૮. પછી **માણાવદર** ગામ આવ્યા. સહુ હરિભક્તોને દર્શન દીધાં અને એક રાત રહ્યા. સુંદરવર ઘનશ્યામ બીજે દિવસ ત્યાંથી ચાલતા થયા તે **જાળિયા** ગામ આવ્યા. ત્યાં એક પહોર રહ્યા અને થાળ જમ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં “પૂર્વચરિત્ર અને પ્રતાપની વાત કહીને શ્રીહરિ વડતાલ જવા નીકળ્યા” એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર સત્તરમું : તરંગ - ૧૯

સોરઠના ભક્તોની વાત કહીને શ્રીહરિએ સત્સંગ કરવાની રીત કહી

જગદાધાર જગજીવન શ્રીહરિ જાળિયામાં થાળ જમીને ચાલ્યા તે **બંધિયા** ગામ આવ્યા. ૧. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે સુખકારી અને ભવભયહારી શ્રીહરિ **ખંભાળા** આવ્યા અને ત્યાં એક રાત રહ્યા. ૨. ત્યાં મોકા ખાચરને શ્રીહરિએ વારંવાર સુખ આપ્યું હતું. આ વખતે પણ તેમના મનોરથને પૂરા કરીને રાજી કર્યા. ૩. ત્યાં પણ બીજે દિવસ થાળ જમીને ચાલી નીકળ્યા. તે **ગઢપુર** આવ્યા. ત્યાંના દરબાર દાદા ખાચર અને જીવા ખાચર સવારી લઈને સન્મુખ આવ્યા. ડંકા, નિશાન અને વાજિંત્ર બધું લાવ્યા હતા. શ્રીહરિનાં ચરણમાં પડીને ખૂબ જ આનંદ પામ્યા. ૪-૫. સવારના પહોરમાં જ શ્રીહરિને પુરમાં પધરાવ્યા, તેથી બધા પુરજનોનો આનંદ વધ્યો. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં ઘણા હરખથી આવીને રહ્યા. ૬.

પછી ત્યાં સહુની આગળ સોરઠના હરિભક્તોની સાક્ષાત્ શ્રીહરિએ વાત કરી, 'સોરઠના ભક્તોની બુદ્ધિ અત્યંત કોમળ અને નિર્મળ છે. તેમની બુદ્ધિ સત્સંગ સિવાય બીજે ક્યાંય રહેતી નથી. ૭. **સોરઠના ભક્તોનાં દિલમાં લગાર પણ છળ કપટ નથી. બધા અપાર વિશ્વાસુ છે. તેમાં વધારે પડતું ડહાપણ કે ચતુરાઈ નથી. તેમનો ભગવાનપણાનો નિશ્ચય પર્વત જેવો દૃઢ છે.** ૮. તે સહુને જે દિવસથી રામાનંદસ્વામી મળ્યા તે દિવસથી તેઓ નિઃસંશય થયા છે, અને સત્સંગ સિવાય બીજી કોઈ વાત પ્રધાન નથી. ૯. સહુ નરનારી હરિભક્તોની નિરુત્થાન સ્થિતિ છે. તેમની સમજણ એક એકથી ઘણી ભારે છે. સત્સંગ સિવાય બીજે ક્યાંય ચિત્તને ન જોડે એવા હરિભક્તો તો બહુ થોડા હોય છે. ૧૦.

સોરઠમાં જેવા હરિભક્તો છે તેવા હરિભક્તો બીજે ગોત્યા પણ મળે નહિ. તે સહુને જે દિવસથી રામાનંદસ્વામીનો યોગ થયો હતો ત્યારથી બધા એકસરખી નિષ્ઠાવાળા છે. ૧૧. કોઈ પણ જાતના ફેલ, ફતુર, કોઈ પણ

જાતના વ્યસન, ભાંડ ભવાઈ જેવા તોફાનો કે કોઈ અઘટિત રીવાજોનો સોરઠના હરિભક્તોએ ત્યાગ કરી દીધો હતો. ૧૨. જેટલા અત્યંત ઉત્તમ અને પવિત્ર એવા દેવતાઓ કહેવાય છે તેમને ક્યારેય સત્સંગથી અલગ દેખતા નથી, અર્થાત્ સર્વે દેવ, દેવીઓને એમણે સત્સંગમાં જ માન્યા છે. ૧૩. જેટલા ચમત્કારો છે તે સત્સંગમાં જ દેખે છે, પણ તેઓ સત્સંગથી અધિક બીજી કોઈ વાતને દેખતા નથી, અર્થાત્ સત્સંગ સિવાય બીજો કોઈ ચમત્કારાદિક બતાવે તેને માનતા નથી. ૧૪. **કોઈ પણ ભગવાનના ભક્તનો દેહ ચાહે તે રીતે છૂટે, તોપણ તેનો મોક્ષ થવા બાબતે સોરઠી ભક્તોને સંશય થતો નથી.** ૧૫. **હરિભક્ત હોવા છતાં પણ આવી બાબતમાં જ્યાં સુધી જે સંશય કરે છે ત્યાં સુધી તેને હરિભક્ત કહેતા નથી, પણ તેને ગુણબુદ્ધિવાળો કહેવાય.'** ૧૬.

શ્રીહરિએ કહેલી સોરઠના હરિભક્તોની વાત સાંભળીને ગઢપુરવાસી જે હરિભક્તો હતા, તે બધા મનમાં ખૂબ ખૂબ રાજી થયા અને તે વખતે સહુ બોલ્યા, ૧૭. 'મહારાજ, આપે હરિભક્તોની જે રીત કહી તેને અમે મન, કર્મ અને વચનથી માનીએ છીએ. અને જે હરિભક્ત આવી રીત વગરના હોય છે તેઓ સત્સંગમાં શોભતા નથી. ૧૮. સત્સંગ કરવો અને કુરીત રાખવી તે ઠીક નથી. અને જેટલી કુરીત રહે છે તેટલો કુસંગ જાણવો જોઈએ. અને જે ભક્તમાં જેટલી કુરીત રહે છે તેટલો તેનો મોક્ષ પણ તેવો જ થાય છે. ૧૯. ખેડૂત જેટલી સારી ખેતી કરે છે તેટલો તેને સારો પાક મળે છે. **શ્રીહરિ, સંતો અને હરિભક્તોમાં લેશમાત્ર પણ દોષ હોતો નથી.** ૨૦. **છતાં જે ભક્ત શ્રીહરિ, સંતો અને હરિભક્તોના દોષોને મુખથી બોલે છે તેને અને જેની સમજણમાં જેટલો ફરક હોય છે તેને ખરા હરિભક્તો બાળબુદ્ધિવાળા કહે છે. ૨૧.**

જો સત્સંગમાં મન દેવામાં ન આવે તો ભવ અને બ્રહ્મા જેવાનાં જીવનમાં પણ ફરક રહે છે અને મન જોડ્યા સિવાયની જેટલી વાતો છે તે બધી નીરસ રહે છે. ૨૨. જે મન દઈને જેટલો સત્સંગ કરે છે તેટલો તેનો

સત્સંગ પાકો રહે છે અને જેનું મન જેટલું નિરુત્સાહી રહેતું હોય તેટલો તેના મનમાં કુસંગ રહે છે.' ૨૩. **શ્રીહરિ કહે છે કે, હરિજન થઈને હવે કોઈએ કુસંગ રાખવો નહિ. કેમ જે, કોઈ હરિભક્ત થઈને કુસંગ રાખે તે તો બ્રાહ્મણના ઘરમાં શ્વપચ રાખ્યા જેવું ગણાય.** ૨૪. જેટલા હરિભક્તોના જીવાત્મા છે તે બ્રાહ્મણના જેવા શુદ્ધ છે. અને ઈન્દ્રિયો, અંતઃકરણ તથા દેહ તે કુસંગ કહેવાય છે. ૨૫.

दोहा : सत्संग के आवत अर्थ में, कुसंग कहेउ जेते;
तितने सो हरिजन भये, सत्य बात हि तेते...२६

सोरठा : सत्संग जो ताके, अर्थ न आवत जितना यह;
कुसंग नाम हि वाके, कहत हरिजन भये तेहि...२७
हरि संत अरु हरिजन, ताके अर्थ में आये जेहि;
धन्य धन्य तेहि भुवन, न अर्थ में आये निर्थक तेहि...२८

ખરી હકીકત તો એ છે કે, કુસંગી કહેવાતા હોવા છતાં પણ તે જો સત્સંગના ઉપયોગમાં આવતા હોય તો તેટલા તે હરિભક્ત કહેવાય છે. ૨૬. હરિભક્ત કહેવાતા હોય, છતાં જે સત્સંગના ઉપયોગમાં જેટલા નથી આવતા તેટલા તે કુસંગી નામે કહેવાય છે. ૨૭. ભગવાન, સંતો અને હરિભક્તોની સેવામાં જેટલા ઉપયોગી થયા તેના ઘર ધન્ય ધન્ય કહેવાય છે અને જે ઉપયોગમાં ન આવ્યા તે બધા નિરર્થક રહ્યા છે. ૨૮. **આવી સમજણ રાખીને જે ભક્તો સત્સંગ કરે છે, તેનું જ નામ સાચો સત્સંગ કહેવાય છે અને આવી સમજણ વિનાના લોકો તો બાળક કહેવાય છે.** ૨૯. જે ભક્ત આવી સમજણ રાખીને સત્સંગ કરે છે તે સર્વોપરિ ઘણી મોટાઈને પામે છે. ૩૦.

સત્સંગ સિવાયની જેટલી મોટાઈ છે, તે બધી નિષ્ફળ રહે છે. ચાહે તેવું કષ્ટ આવે તોપણ આવી સમજણ ક્યારેય ફરી જવી જોઈએ નહિ. ૩૧. અમે કહ્યું તે પ્રમાણે સત્સંગ કરવો. સાચા સત્સંગ સિવાયનું તો બધું નાશવંત છે. તે નાશવંત બાબતમાં જેટલું તાન રહે છે તેને તેટલો બાળબુદ્ધિ કહેવાય છે. ૩૨. સત્સંગની જેટલી વાતો છે તે તલ તલ જેટલી પણ શ્રવણ

કરી લે અને તે તલ તલ જેટલી બાબતને કંઠે કરી લે, એવા પણ કેટલાક અતિ સમર્થ હોય છે. ૩૩. પરંતુ કંઠે કરવામાં જે કાંઈ તફાવત હોય છે તે કોઈકને જ દેખવામાં આવે છે. **(સાચા સત્સંગી કેવા હોય ? તો,)** જેટલા દોષ કહેવાય છે તે બધા દોષોને પોતામાં માને. ૩૪.

ધ્યાન-ધારણા થતા હોય, અખંડ મૂર્તિ દેખાતી હોય, સત્સંગના પ્રતાપે કરીને પોતામાં કેટલાય શ્રેષ્ઠ શ્રેષ્ઠ ગુણો રહ્યા હોય, જેનો ગણતાએ પાર ન આવે, છતાં પણ તેનો કોઈ રીતે મુખથી ગર્વ પ્રગટ ન કરે અને તે ગુણોને પણ એ રીતે રાખે કે, જેને લોકમાં કોઈ જાણી ન શકે. **(તેને સાચો સત્સંગી કહેવાય.)** ૩૫-૩૬. જેટલું શ્રવણ, મનન કરીએ તે પોતાનાં હિત માટે કરવું જોઈએ અને તે જો પોતાના હિતાર્થે ન કરે તો તે સાધનો રેતી ઉપર કરેલા લીંપણ જેવા ગણાય. ૩૭. જે આ દુનિયાના માન અને અપમાનના પ્રવાહમાં જેટલા વહે છે તેટલા તે કાચા પાત્ર છે. ૩૮.

सोरठा : मनन करे में जेहि, प्रमाद जितनो रखत जोउ;
तितनो ताकू तेहि, बिघ्न करे विन रहत नहि...३९

જે સારી બાબતનું મનન કરવામાં જેટલો પ્રમાદ રાખે છે તેટલું તે પ્રમાદ તેને વિઘ્ન કર્યા સિવાય રહેતો નથી. ૩૯. જે રીતે કોઈ જાતનું વિઘ્ન ન આવે તે રીતે શ્રવણ, મનન કરવું જોઈએ. સત્સંગ કરવાની આવી પવિત્ર રીત કહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સોરઠના ભક્તોની વાત કહીને શ્રીહરિએ સત્સંગ કરવાની રીત કહી" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર સત્તરમું : તરંગ - ૨૦

શ્રીહરિનું સર્વજ્ઞપણું અને અસંગીપણું

✵ હરિ-હરિજનની પ્રસન્નતા એ જ મોક્ષ :

ધર્મકુમાર શ્રીહરિએ કહ્યું, 'સત્સંગ કરવામાં પણ અનેક રીતો રહી છે. કોઈ એક રીત નથી રહી. ૧.

दोहा : हरि संत अरु हरिजन जो, प्रसन्न हि जिस रीत;
दिन दिन होउ अधिक हि, शुभ रहे यह रीत...०२

सोरठा : हरि संत हरिजन जेते, प्रसन्न किये जितने तेहि;
मोक्ष तितने तेते, भये तेतो इहाँ देख परत...०३
प्रसन्नता में जेतो, फेर रहत हे जिनकु जो;
मोक्ष तामें तेतो, फरक रहत निश्चे हि कर...०४

પરંતુ ભગવાન, સંતો અને હરિભક્તો જે રીતે પોતાના ઉપર દિન પ્રતિદિન અધિક રાજી રહે તે શુભ રીત છે. ૨. ભગવાન, સંતો અને હરિભક્તોને જેટલા રાજી કર્યા હોય તેનો તેવો મોક્ષ થાય છે, તે તો આ લોકમાં જ દેખાઈ આવે છે. ૩. પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં જેને જેટલો ફરક રહે છે તેટલો જ તે ભક્તના મોક્ષમાં ચોક્કસ ફરક રહે છે. ૪. ભગવાન, સંતો અને હરિભક્તો શુદ્ધ સત્સંગે કરીને દિન પ્રતિદિન જે રીતે રાજી રહે તે રીતે મન, કર્મ તથા વચનથી જેટલું જે કરતા રહે છે તેટલી તેની અલૌકિક સમજણ કહેવાય છે. અને જેનો સત્સંગ શુભ રહે છે તેની શુભમતિવાળા સરાહના કરે છે. ૫-૬.

જે મનુષ્ય સત્સંગ કરીને પણ શ્રીહરિ, સંતો અને હરિભક્તોને જેટલા કુરાજી કરે છે તેટલો તેને દોષ લાગે છે. ૭. શ્રીહરિ, સંતો અને હરિભક્તોમાં જેટલી મનુષ્યબુદ્ધિ રહે છે તે કુરાજી કરવાથી લાગેલા દોષનું ફળ છે. અને જ્યાં સુધી મનુષ્યભાવ રહે છે ત્યાં સુધી સંસારનું ભટકણ રહેવાનું છે. ૮. જ્યાં સુધી ઉપર કહેલો મનુષ્યભાવ રહેશે ત્યાં સુધી તેને સત્સંગનું કશું ફળ પ્રાપ્ત નથી થતું. વળી, તેના અંતરમાં લેશમાત્ર પણ સુખ નહિ થાય

અને રાત-દિવસ એકલો ક્લેશ જ રહેશે. ૯. **જેવી ભાવના હોય તેવું સુખ પમાડે, તેવો આ સત્સંગ છે. સત્સંગ તો કલ્પવૃક્ષ કહેવાય છે. માટે સુખ તથા દુ:ખ તો ભાવનામાં રહ્યા છે.** ૧૦. જ્યારે ભાવના ઉપર ધ્યાન દેવામાં આવે ત્યારે તે વસ્તુ યથાર્થરૂપમાં દેખાઈ આવે છે. જ્યારે ભાવના તરફ ધ્યાન ન રખાય ત્યારે અંતરમાં તેટલો ક્લેશ થાય છે. ૧૧.

અમારી સમજમાં જેવું આવે છે તેવું અમે કહેતા રહીએ છીએ.' શ્રીહરિ વારંવાર આ રીતે કહેતા હતા. કેમ જે, તેમને હરિભક્તોના ઉપર ઘણું હેત હતું. ૧૨. **જેવું હેત હોય તેવી વાત સહજ સ્વાભાવિક રીતે થાય છે. જો હેત ન હોય તો રતીભાર પણ વાત ક્યારેય કહી શકાતી નથી.** ૧૩. **હેતથી જે વાત કહેવાય છે તેમાં કોઈ જુદો જ રસ હોય છે અને હેત વિનાની વાત તો નીરસ અને પથ્થરના જેવી કઠોર હોય છે.** ૧૪. દુનિયામાં મોક્ષની રુચિ વગરના જેટલા લોકો છે, તે તો બધા વિષયમાં તત્પર રહે છે અને તેને લીધે જ તે વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૧૫. જે લોકો સત્સંગ કરે છે તે બધા ધન્ય ધન્ય થયા છે. તેઓ ક્યારેય સંસારમાં ભટકતા નથી. માટે સત્સંગના જેવું બીજું કોઈ ઉત્તમ નથી. ૧૬.

સત્સંગ સિવાયની જેટલી બાબત છે તેનો શ્રીહરિ નિષેધ કરતા અને સત્સંગનો અપાર મહિમા કહેતા. અને તે મહિમાની વાત ઉપર વેદ, પુરાણ, એ બધાની સાખ્ય લાવતા. શ્રુતિ, સ્મૃતિ, શ્લોક, એ બધાની તો મુખથી વૃષ્ટિ કરી દેતા હતા. ૧૭-૧૮. દોહા, સોરઠા, ચોપાઈ, છપ્પય, છંદ, કવિત, કુંડળિયા, ઝુલણા, પદ, વગેરે જેવો સમય હોય તે પ્રમાણે મુખપાઠ કહી બતાવતા હતા. ૧૯. કારણ કે, યોગધારણા અને સમાધિમાં ઉપયોગી જેટલાં આસન કહેવાય છે અને શાસ્ત્રમાં જેટલી બ્રહ્મવિદ્યાઓ કહેવાય છે, તે બધી શ્રીહરિમાં નિવાસ કરીને રહેતી હતી. જ્યારે શ્રીહરિ તેને સંભારતા ત્યારે તે તૈયાર જ રહેતી હતી. મોક્ષપરક જેટલા જેટલા સંપ્રદાયો ચાલ્યા છે તે બધાની રહસ્યમય વાત, તેને પણ શ્રીહરિ જાણતા હતા. ૨૦-૨૧.

જેટલા પાખંડ મતો કહેવાય છે કે જે સહુ નરનારીને ડુબાડી દે છે, તે બધાની ખાનગી વાતોને પણ શ્રીહરિ તલ તલ જેટલી જાણતા હતા. ૨૨.

નાસ્તિક મતોની બધી વાતો, તેને પણ શ્રીહરિ જાણતા હતા. શ્રીહરિ આ રીતે સહુમાં પ્રવીણ હતા. તે સિવાય પણ જે વિવિધ પ્રકારના મતો કહેવાય છે, તેની વાતોને પણ શ્રીહરિ જાણતા હતા. ૨૩. **સર્વના સ્વામી શ્રીહરિ તો સમર્થ અને સર્વજ્ઞ છે. સર્વકર્તા અને અંતર્યામી છે. છતાં પોતામાં જેટલો પ્રતાપ રહ્યો છે, તે બધાને પોતે છુપાવી રાખતા હતા.** ૨૪. **જ્યારે સ્વયં શ્રીહરિ પોતાનો પ્રતાપ દેખાડવા માંડે ત્યારે અક્ષર જેવા અનેક પણ લગારેય નજરમાં આવે નહીં.** ૨૫. અત્યંત નાનામાં પણ નાના એવા અપાર જીવોનો મોક્ષ કરવાને માટે પોતે પ્રગટ થયા છે. તેમના મહિમાનો કોઈ પાર નથી. ૨૬.

ગઢપુર ગામના જેટલા હરિભક્તો છે, તેઓ તો બધા ખરેખર ધન્ય ધન્ય છે. તેનાં સદ્‌ભાગ્યનો કોઈ પાર પામતા નથી. ૨૭. ગઢપુરના નિવાસી જે કોઈ પણ બાઈ-ભાઈ હતા, તેમને સહેજે બારે માસ શ્રીહરિનો યોગ રહેતો હતો. ૨૮. ગઢપુરના દરબારોને વાસ્તવમાં ધન્ય ધન્ય કહી શકાય છે. તેના મહિમાને શેષજી પણ ગાતા રહે છે. તે દરબારોના પરિવારને પણ ખરેખર ધન્યવાદ છે કે, જેમને શ્રીહરિનો યોગ અપાર રહેતો હતો. ૨૯. તે દરબારોનો બધો પરિવાર શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે જ તે જેમ કહે તેમ કરતા હતા અને શ્રીહરિનાં જેટલાં વચનો હોય તે બધાને તેઓ મોક્ષરૂપ માનતા હતા. ૩૦.

શ્રીહરિનાં અમૃત સમાન વચનોનું તે સહુ રાત-દિવસ પાન કર્યા કરતા હતા. શ્રીહરિનાં બધાં વચન એવાં હતાં કે, તેમનું પાન કરતા કોઈને તૃપ્તિ થાતી નહિ. ૩૧. કોઈ હરિભક્ત થોડું પણ સંસાર તરફ તાન દેખાડે, તે જોઈને શ્રીહરિ તરત જ ઉદાસ થઈ જતા હતા; તેવો શ્રીહરિનો સ્વાભાવિક અભ્યાસ રહેતો હતો. ૩૨. **કોઈ ભક્ત સંસાર તરફ જેટલી અરુચિ રાખે તેટલું તે શ્રીહરિને અત્યંત ગમતું હતું અને જેને સંસાર તથા શરીરનો જેટલો અભાવ સહજ સ્વભાવે વર્તતો હોય તેટલું શ્રીહરિ તેની સાથે મનને અતૂટપણે જોડી રાખતા હતા. શ્રીહરિની આવી રુચિ સહજ સ્વભાવે હતી.** ૩૩-૩૪. શ્રીહરિની તેવી જે રુચિ હતી, તેના પ્રબળ પ્રતાપે કરીને જે કોઈ સાંસારિક માયિક નાશવંત પદાર્થો હતા, તેમાં બધા જ બાઈ-ભાઈ હરિભક્તને અરુચિ કરાવી દીધી હતી. તેમાં કેટલાક રાજકુમારો હતા અને

કેટલાક અપાર સમૃદ્ધિવાળા હતા તેઓને પણ શ્રીહરિએ અપાર અરુચિ કરાવી દીધી હતી. ૩૫-૩૬.

તે ભક્તોની તેવી સાંસારિક અરુચિ અને શરીરમાં પણ અરુચિ હતી, તેને દેખીને શ્રીહરિ તેને વશ થઈ ગયા અને તે સહુની અપાર કીર્તિ થઈ. ૩૭. અલક્ષ્ય એવા શ્રીહરિ ઉપર કહી તેવી અલક્ષ્ય વાત સિવાય ક્યારેય બંધનમાં આવે નહિ. શ્રીહરિ તો પ્રેમરૂપી દોરીમાં તરત જ બંધાઈ જતા હતા. ૩૮. **જેને કોઈ અન્ય બાબતમાં રાગ ન હોય અને એક ભગવાનમાં જ રાગ હોય અને એક જ સરખો જેનો ભગવત્પ્રેમમાં રંગ હોય તેવો જે ભક્ત છે તે તો ભગવાનને રહેવાનું સર્વોપરી ઘર છે,** ૩૯. પણ જેનો રંગ પળે પળે ફર્યા કરતો હોય અને જેનું મન ચાકડાની જેમ ફરતું રહેતું હોય ત્યાં તો ભગવાન તેવી રીતે રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિનું સર્વજ્ઞપણું અને અસંગીપણું કહ્યું" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર સત્તરમું : તરંગ - ૨૧

ઉદાસ થયેલા શ્રીહરિએ વિવાહમાં ફટાણા ન ગાવા તેવો પત્ર લખાવ્યો

શ્રીહરિ એક દિવસ ગઢપુરમાં ઘણા ઉદાસ થઈ ગયા અને અધરાતે ચાલતા થઈ ગયા. ૧. સાથે એક સેવકને લીધો અને **સુખપુર** ગામ આવ્યા. ત્યાં કાઠી દરબાર સત્સંગી હતા. સુખધામ શ્રીહરિ તેને ઘેર રહ્યા. ૨. તેની બાજુમાં કણબી રહેતા હતા. તેને ઘેર વિવાહનો પ્રસંગ હતો. તેમાં ઘણા નરનારીઓ ભેળા થયા હતા. તે પ્રસંગે બધાને ઉન્મત્ત થઈ ગયેલા દેખ્યા. ૩. વિવાહનો કેફ ચડવાથી કોઈનામાં વિચાર કે વિવેક રહ્યો નહિ. બધા પરસ્પર અનેક જાતના નિર્લજ્જતા ભર્યા વેણ બોલતા હતા. ૪. એકબીજાની સામે ન બોલવાના વેણ બોલવા લાગ્યા. જે ફટાણા કહેવાય છે કે જેમાં ગાળ્યો સાંભળવાનો આનંદ મનાતો હોય છે. ૫.

ઉદાસ થઈને આવેલા શ્રીહરિ તે બધું જોઈ સાંભળીને વધારે પડતા ઉદાસ થઈ ગયા. શ્રીનિવાસ શ્રીહરિએ તે બધું મનમાં જ સમજી રાખ્યું અને કોઈને કાંઈ વાત કર્યા સિવાય તરત ત્યાંથી ચાલી નીકળ્યા. ૬. હરિભક્તોએ શ્રીહરિને રોકવા માટે વારંવાર અનેક રીતે વિનંતિ કરી, પણ શ્રીહરિ કહે હવે તો અમારે નિર્જન વનમાં જઈને રહેવું છે. ૭. ફરીને હવે અમારે ક્યારેય પાછું આવવું નથી; તેવો અમે દૃઢ વિચાર કર્યો છે. આબુ પહાડમાં કોઈ એકાંત સ્થળે અમે નિવાસ કરીને રહેશું. ૮.

તે પછી સહુ હરિભક્તોએ હાથ જોડ્યા અને ચરણકમળમાં માથાં મૂક્યાં. પછી સહુ હરિભક્તો બોલ્યા, ‘જેને સત્સંગ નથી એવા બધા નરનારીઓમાં તો પશુના ગુણ રહ્યા હોય છે, એટલે તેઓ ગુણ પ્રમાણે રહેતા હોય છે. માણસ જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેમાં તે બધા અવગુણ ભર્યા જ હોય છે. ૯-૧૦. એટલે મહારાજ, આપે પશુનો શોક ન કરવો જોઈએ. મનુષ્ય હોય તેનો શોક મનમાં થાય એ તો ઠીક છે પણ પશુનો શોક કરવો યોગ્ય નથી. આપ તો સહુ જનોના મિત્ર છો. ૧૧. આ ભૂમિ કરતાં પણ આપ કરોડગણા વધારે ક્ષમાશીલ છો. **માણસની બુદ્ધિ જેવી હોય તેવું તે વર્તન કરતા હોય છે.** ૧૨. વિષયી માણસો તો વિષયમાં જ સહુથી અધિક આનંદ માને છે અને તેને લીધે જ તેઓ સંસારમાં ભટક્યા કરે છે. ૧૩. એક વિષયનાં સુખને માટે બધા નરનારીઓ અપાર દુઃખને સહન કરે છે અને તે દુઃખમાં પણ સુખ માને છે. ૧૪.

અપાર દેવતાઓ થાય છે અને ઘણા લોકો શાસ્ત્ર ભણે છે. તેઓ બધા અનેક તીર્થો કરે છે, દાન, તપ, વ્રત અને યજ્ઞ પણ કરે છે, ૧૫. છતાં તે બધા લોકોને વિષય ઉપર દોડ રહી છે અને વિષયને માટે જ ભગવાનને ભજે છે. અને ઠેક ઠેકાણે ગુરુઓ પણ વિષય ભોગવવા માટે જ બધું કરતા હોય છે. ૧૬. જે કાંઈપણ સંપત્તિ કહેવાય છે કે જેનો ગણે પાર આવતો નથી, તેવા ખાવા પીવાના પદાર્થો, વસ્ત્રો, અપાર ઘરેણાંઓ, વાહનો, મકાન, તેનો પણ પાર પમાતો નથી. ૧૭. **મનુષ્યોમાં અપાર અજ્ઞાન ભર્યું છે તેથી તે સહુને વિષય ઉપર જ એક તાન રહે છે. તે અજ્ઞાનના વજ્ર જેવા મજબૂત**

કોટને તોડવા માટે જ આપ પધાર્યા છો. ૧૮. તે અજ્ઞાનના કિલ્લાને આપના સિવાય કોઈ તોડી શકે તેમ નથી, અને બીજો કોઈ જો તોડવા આવે તો તેનો પોતાનો જ નાશ થાય છે. આપ તો આકાશના જેવા શુદ્ધ છો અને વિષયરૂપી વજ્રનો કોટ આપનાથી જ તૂટશે. ૧૯. અમે જેટલા મનુષ્યો આપને શરણે થયા છીએ તેટલાને જ આ ભૂમિ ઉપર મનુષ્ય માનવાના છે. તે સહુનો આપે ઉદ્ધાર કરવાનો છે. આટલી વાત તો ઘણી છે. ૨૦.

જે ભક્તો તમને ભજે તેને માટે તમે ભગવાન છો અને જે નથી ભજતા તેને માટે તો જમ રહ્યા છે. અને નહિ ભજનારાને માટે તો જન્મ, મરણ અને લખચોરાશીનું અનંત દુઃખ રહ્યું છે. ૨૧. મનુષ્યને જ્યાં સુધી દુઃખની કાંઈ ગમ નથી હોતી ત્યાં સુધી તે સત્સંગ કરતો નથી, પણ જ્યારે તેને દુઃખનું જ્ઞાન થાય છે ત્યારે તે તરત જ સત્સંગ કરશે. ૨૨. અત્યારે જેટલાને જન્મ, મૃત્યુ ઈત્યાદિકનું દુઃખ દેખવામાં આવ્યું છે તેટલા હરિભક્ત થયા છે. સત્સંગ થવાની જે રીત છે તેનાથી જ સત્સંગ થાય છે. ૨૩. કેમ જે, જે જે વાત કહેવાય છે, તેને સિદ્ધ કરવાની રીત અલગ અલગ હોય છે. આપ તો અંતર્યામી કહેવાઓ છો, માટે બધું જાણો જ છો. આપના જેટલું તો અમે પણ જાણતા નથી. ૨૪.

આપ જ્યારે મનુષ્યદેહ ધારણ કરો છો ત્યારે અપાર અજ્ઞાની જેવો દેખાવ કરો છો, પણ આપ ધર્મકુમારના હાથમાં જ સહુના નાડીપ્રાણ રહ્યા છે. ભવ અને બ્રહ્મા આદિક દેવતાઓને પણ આપનો મનુષ્યદેહ વારંવાર મોહ પેદા કરે છે, તો તેમની આગળ અમે શું ?' ૨૫-૨૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે ક્યારેક ફરીવાર અહીંયાં આવશું.' આટલું કહીને તે વખતે જ સુખપુરથી ચાલી નીકળ્યા, તે **ગઢપુર** આવ્યા. ૨૭. શ્રીહરિને જોઈને ગઢપુરના બધા હરિભક્તો શરીરમાં પ્રાણ આવે તે રીતે મનમાં ઘણા જ પ્રસન્ન થયા. ૨૮. પછી શ્રીહરિ દાદા ખાચરના ભવનમાં આવીને બિરાજમાન થયા અને સત્સંગમાં જે કોઈ બાઈ-ભાઈઓ રહ્યા છે તેમના ઉપર એક પત્ર લખાવ્યો. તેમાં જે બાબત લખી, તેને હવે હું સ્પષ્ટ કહું છું. ૨૯-૩૦.

જે રીતે ભાંડ ભવાઈમાં માણસનું ચિત્ત ઠેકાણે નથી રહેતું, તેમ જ વિવાહ પ્રસંગમાં અને હોળીમાં પણ ઠેકાણે રહેતું નથી. જે વાતના પ્રસંગથી માણસમાં ઉન્મત્તપણું આવી જાય છે, એવી વાતને અગાઉથી જોઈને સાંખ્યયોગી જે બાઈ-ભાઈ રહ્યા છે તેને માટે હું હેતથી વાત કહું છું. તે સાંખ્યયોગી બાઈ ભાઈઓએ ઉપર કહેલા ભાંડ ભવાઈ, વિવાહ અને હોળીના પ્રસંગમાં દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી ક્યારેય જાવું નહિ. અને જે કર્મયોગી બાઈ-ભાઈ હરિભક્ત હોય તેમણે વિવાહ પ્રસંગમાં અમારી આજ્ઞા માથે ચડાવીને આવશ્યક હોય તો જાવું, પણ ભગવાન સંબંધી જેટલા ધોળ અને મંગળકારી ગીત હોય તે ગાવાં. ૩૧-૩૪.

વિવાહમાં ઉત્સાહથી ગાઈ શકાય તેવા વિવિધ પ્રકારના રાગના પદ હવે અમે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી, તેમની પાસે કરાવશું. તો તે પદને હરિભક્ત સ્ત્રીઓએ કંઠે કરી રાખવા. તે પદને જે કોઈ સાંભળશે કે ગાશે તેનાં મનમાં કોઈ જાતનો વિકાર થશે નહિ. ૩૫-૩૬. જે નરનારીઓ ભગવાનથી વિમુખ થઈને મન ફાવે તેમ વર્તશે, તેઓ તો પશુના સમાન ગણાય છે. કારણ કે, તેઓનો આહાર જ વિષય રહ્યો છે. જે નરનારી હરિભક્તો ભગવાનની સન્મુખ રહ્યા છે તેને હરિચરિત્રનો જ આહાર રહ્યો છે અને તેનું મન શ્રીહરિનાં ચરિત્રોમાં જ રંગાયેલું રહે છે. ૩૭-૩૮. જે મનુષ્યોને વિષયનો જ આહાર રહ્યો છે તેનું ફળ તો જમપુરી અને અપાર લખચોરાશી છે. તે સિવાય તેઓ જન્મમરણનું અપાર દુઃખ ભોગવે છે. ૩૯. જે ભક્તજન શ્રીહરિનાં ચરિત્રોનો આહાર કરે છે તેઓ તો સંસારનાં દુઃખને તરી જાય છે અને ભગવાનનાં ધામમાં જઈને નિવાસ કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ઉદાસ થયેલા શ્રીહરિએ વિવાહમાં ફટાણા ન ગાવા તેવો પત્ર લખાવ્યો" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર સત્તરમું : તરંગ - ૨૨

વડતાલમાં જળ છાયાનો યોગ માનીને ત્યાં હુતાશની કરવા પત્ર લખ્યો

જે જે દેશમાં જેટલા નરનારી હરિભક્ત થયા હતા તેમની દિવસે દિવસે જે રીતે કીર્તિ વધે તે રીતે શ્રીહરિ પોતાના આશ્રિત હરિભક્તોના ઉપર સારભૂત પત્ર લખતા હતા. ૧. શ્રીજીમહારાજ ભક્તોના ઉપર પ્રસન્ન થઈને હરેક વર્ષમાં એક, બે અથવા ત્રણ કૃપાપત્ર લખાવતા હતા. ૨. ઋતુ પ્રમાણેના વરસાદની જેમ શ્રીહરિ ભક્તોના ઉપર વારેવારે પત્ર લખતા. અને તેમાં યોગ્ય રીતે આદેશ આપતા. તેનાથી ભક્તજનોનાં મન હંમેશાં પ્રસન્ન રહેતા હતા. ૩. શ્રીહરિ ગઢપુરમાં હતા અને હુતાશની સમીપ આવવા લાગી. ત્યારે સંતોને કહ્યું, 'હવે આપણે હુતાશની ક્યાં કરશું ? ૪. વડતાલમાં જે પાટીદારો છે કે પગી છે, તે બધા બાઈ ભાઈ હરિભક્તોના સમાન બીજે ક્યાંય ભક્તો નથી. ૫.

વડતાલના ભક્તો અમને તથા સંતો-ભક્તોને જોઈને પોતાના માને છે. આસપાસના ફરતા ગામોના હરિભક્તો પણ ઘણા ક્ષમાશીલ છે. ૬. સંતો અને હરિભક્તોની જેમ વધારે ભીડ થાય તેમ વડતાલના હરિભક્તો મનમાં ખૂબ રાજી થાય છે. ચરોતર દેશ વધારે ગામોથી સાંકડો છે અને ગામ પણ મનુષ્ય અને વૃક્ષોને લીધે ઘણાં ઘાટાં છે. ૭. દબાવીને તીર ભરેલા ભાથાની જેમ ચરોતરમાં મનુષ્યો અને વૃક્ષો અપરંપાર ભર્યા છે, પરંતુ આપણા સંતો ઉપર સહુને અપાર હેત છે. ૮. આપણા સંતોના ધર્મને દેખીને તે સહુને સંતોના ઉપર ઘણો નવો નવો પ્રેમ રહે છે. ત્યાગી થયા પછી ધન અને નારીનો ત્યાગ રાખવો તે ઘણું કઠણ છે. ૯.

કેટલાકને જ્યારે ધન અને સ્ત્રી ન મળે, અન્ન તથા વસ્ત્ર ન મળે, કામ કરવામાં આળસ થતી હોય અને જે ખૂબ જ ક્રોધી હોય તેવા લોકો અકળાઈને ઘરનો ત્યાગ કરી દેતા હોય છે. વળી, ઘર છોડ્યા પછી પણ જેનું મન ભગવાનનું ભજન કરવામાં સ્થિર ન થતું હોય ત્યારે તીર્થ કરવા

નીકળે છે અને તીર્થ કરતાં કરતાં તેમાં જ્યાં સ્ત્રી અને ધન મળી જાય છે પછી તે સ્થળે જગ્યા બાંધીને રહેવા લાગે છે. તેઓ થોડા પણ ધર્મ-નિયમોને પાળતા નથી. ફેલ, વ્યસન અને કેફ કરે છે અને તેવા જે લોકો છે એ જ સાચા સંતોનો દ્રોહ કરતા રહે છે. ૧૦-૧૨. ચરોતરના જે પાટીદારો છે તે આ સંતો બંધનવાળા છે કે નિર્બંધ છે, તેવી તેમની પરીક્ષા કરી લે છે. ૧૩. **જે લોકોને મોક્ષનો ખપ હોય છે એવા લોકો જે સંતો નિર્બંધ હોય છે તેને માને પૂજે છે.** ૧૪.

પણ જેને મોક્ષનો ખપ ન હોય તેવા જેટલા લોકો હોય છે તેઓ સહજ રીતે હોશિયાર હોવા છતાં પણ વ્યસનને છોડી શક્તા નથી. ૧૫. તે લોકો બુદ્ધિથી સત્ય અસત્યને સમજતા તો હોય છે, પણ કેટલીક જાતના તેમને વ્યસન પડી ગયા હોય છે, તે મોક્ષના ખપ વિના ટળતા નથી. ૧૬. તે લોકો અસત્ય મોટપમાં મનના મોહથી અપાર મોટપ માનતા રહે છે. તેઓ અસત્ય મોટપમાં જેવી મોટપ માને છે, તેવી જ્યારે સત્સંગ કરવારૂપ મોટપ માનશે ત્યારે તેનાથી તેમનો સારો યશ અપાર વધશે. પરંતુ તે લોકો લૌકિક યશમાં જ અધિક યશ માનતા હોય છે. અને જ્યાં સુધી એવું માને છે ત્યાં સુધી તેને સત્સંગનો રંગ બરાબર ચઢતો નથી. અને જો સત્સંગનો રંગ લાગે તો તેના પુત્ર અને પૌત્ર આદિક પરિવાર અવશ્ય સત્સંગ કરનારા થાય. ૧૭-૧૯.

તેને લીધે તેની કેટલીક પેઢીનો ઉદ્ધાર કરે છે, તેમાં લગાર પણ સંશય નથી. અને તેમાં જે સંશય કરે છે તેને સત્સંગનું પૂરું જ્ઞાન નથી. ૨૦. પૂરા જ્ઞાન વિના જે લોકો બોલે છે, તેમાં તો બાળબુદ્ધિ જાણવી. કરોડો કલ્પ વીતી જાય, છતાં પણ સત્સંગ તો નવો ને નવો જ રહે છે, તે નિશ્ચિત વાત છે, પણ તે યથાર્થપણે બધાને દેખાતું નથી. જેને જેવું જ્ઞાન હોય તેવી રીતે તે દેખે છે અને બોલે છે.' ૨૧-૨૨. આટલી વાત કરીને શ્રીહરિએ સંતોને ફરી કહ્યું કે, 'વડતાલના જેવું બીજું કોઈ ગામ હોય તો અમને બતાવો, અમે ત્યાં જઈને ઉત્સવ કરીએ.' ૨૩.

પછી સંતોએ બામણગામ અને બોચાસણ તે જેવાં કેટલાક ગામોના નામ ઉત્સવ માટે શ્રીહરિ આગળ લીધાં. પણ બીજા ગામોમાં હરિભક્ત સારા હોવા છતાં પણ વડતાલના જેવો ક્યાંય જળ અને છાયાનો યોગ ન હતો, એટલે મનમાં નક્કી કર્યું કે, વડતાલ જેવું બીજું કોઈ ગામ નથી. ૨૪-૨૫. પછી શ્રીહરિ બોલ્યા કે, 'વડતાલના જેવું બીજું કોઈ ગામ નથી, તેથી ઉત્સવ કરવાને માટે યોગ્ય સુંદર સ્થળ તો વડતાલ જ છે.' ૨૬. પછી શ્રીહરિએ કહ્યું, 'બે-ચાર સંતો અમારી આગળ પત્ર લઈને જાઓ. અમે ભાઈ રામદાસજીસ્વામીના ઉપર પત્ર લખી આપીએ છીએ. ૨૭. ભાઈસ્વામી દેશકાળની રીતને સારી રીતે જાણતા હોય છે અને તે ચોક્કસ જાણ્યા સિવાય સારો ઉત્સવ થાતો નથી. ૨૮.

ભાઈસ્વામીના ઉપર લખ્યું કે, તમારી નજરમાં ઘણા સારા દેશકાળ જણાય તો તમે અમારી ઉપર તરત પત્ર લખજો. તેમાં એક પળમાત્રનો પણ વિલંબ કરશો નહિ. ૨૯. આ વખતે અમારે સંતો અને હરિભક્તોને રંગમાં રસ તરબોળ કરી દેવા છે. કારણ કે, સંસારના જેટલા રસરંગો હતા તેનો અમે સહુ પાસે ત્યાગ કરાવ્યો છે. ૩૦. આ રંગ તો અલૌકિક છે. ભવ અને બ્રહ્મા જેવાને માટે પણ દુર્લભ છે. આ સમયે આવા રંગમાં સંતો અને હરિભક્તો, સહુને અમારે રંગી નાખવા છે. એકવાર સમય ચાલ્યો જાય, તે ફરીવાર મળતો નથી. ગામના જે પાટીદારો છે તેની સંમતિ તમારે લઈ લેવી. ૩૧-૩૨. શ્રીહરિએ લખ્યું કે, હરિભક્તો ચાહે તેટલા ભેળા થાય તેની અમને ચિંતા નથી, પણ બિનસત્સંગી જે લોકો આવે અને તેઓ મનફાવે તેમ વર્તે તે ઠીક નહિ. ૩૩. મનફાવે તેમ જે વર્તે તેની સંભાળ તો સરકાર રાખશે અને તો જ સમૈયાનો સ્વાદ આવે. અને સરકાર પાસે જે કામ કરાવવું તે પાટીદારોના હાથમાં છે. ૩૪.

ચોપાઈ :

पकी बात बिना बात जेती, सुख करन नहि होवत तेती;
पकी बात बिना बात जेता, करत दुःख हीं होवहि तेता...३५

बुद्धिबल पीछे करो अपारा, समय गये न आवन हारा;
समय बिन जो करना जेतो, मावठे के वर्षात सम तेतो...३६

કોઈપણ વાત પાકી કર્યા સિવાય સુખ કરનારી નથી થતી. અને જે વાત પાકી ન કરવામાં આવે તે દુઃખકારી બને છે. ૩૫. પાકું ન કરીએ પછી અપાર બુદ્ધિ બળ વાપરો, તોપણ એક વખત સમય ચાલ્યો જાય તે ફરી નહિ આવે. સમયને ઓળખ્યા વિના કાંઈ કરવું તે તો માવઠાનાં વરસાદ જેવું છે. ૩૬.

પહેલા ખોખરા મહેમદાવાદમાં અને જેતલપુરના બીજા યજ્ઞમાં જે વિઘ્ન થયું હતું તેવું વિઘ્ન સરકારની મદદ વિના અસુર લોકો કરશે. કારણ કે, તેઓ રંગમાં ભંગ પાડવા માટે તત્પર રહેતા હોય છે. ૩૭-૩૮. બધા અસુરો તો આપણા ઉત્સવોમાં વિઘ્ન કરવા માટે તૈયાર જ રહે છે. તેમને નીતિ ગમતી નથી અને એકલી અનીતિ જ તેમને રુચે છે. ૩૯. નારાયણ ભગવાનની જેવી મરજી છે તે પ્રમાણે અત્યારે તો સારા રાજ્યનો ઉદય થઈ રહ્યો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વડતાલમાં જળ છાયાનો યોગ માનીને ત્યાં હુતાશની કરવા પત્ર લખ્યો" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર સત્તરમું : તરંગ - ૨૩

વડતાલ જતા શ્રીહરિનું પીપળાવમાં સંત-હરિભક્તોએ સ્વાગત કર્યું

શ્રીહરિએ પત્રમાં લખ્યું કે, 'જો વડતાલમાં રંગોત્સવ કરવાનું નક્કી થાય તો પાકા બે રંગના હોજ કરાવજો, જેથી લગાર પણ કીચડ થાય નહિ. ૧. અગાઉથી નક્કી કરીને પિચકારી માટે વાંસ મગાવજો અને પતંગ તથા કેસુડાં ઘણાં મગાવી રાખજો.' ૨. જ્યારે સંતો શ્રીહરિનો પત્ર લઈને વડતાલ આવ્યા ત્યારે તે સંતોને દેખીને ભાઈ રામદાસજીસ્વામી ઘણું જ રાજી થયા. ૩. ભાઈસ્વામી સંતોને ઘણા જ પ્રેમથી ભેટ્યા અને સંતોએ પત્ર આપ્યો ત્યારે તેને ઉત્સાહિત મનથી તરત માથે ચઢાવ્યો. ૪. સંતોએ શ્રીહરિએ મૌખિક કહેવડાવેલી વાતને એકાંતમાં બેસીને સાંભળી. પછી પત્ર વાંચ્યો, તેથી બધી જ વાત સમજી લીધી. ૫.

પછી ભાઈસ્વામીએ વનમાળીભાઈ વિપ્રને મોકલીને પાટીદારો, જોબન પગી અને નારાયણગિરિ ગોસાઈ, તે સહુને તત્કાળ બોલાવ્યા. ૬. સહુ એકાંતમાં બેઠા અને ભાઈસ્વામીએ તેમની આગળ વાત કરી. હુતાશનીનો દિવસ નજીક આવી રહ્યો છે. હવે જો તમે સહુ પ્રેમથી કહો તો હુતાશનીનો ઉત્સવ કરીએ. ૭. તમારે એક રતીભાર પણ ખરચ કરવાનો નથી. ખરચ કરવાની શંકા છોડી દેજો. આવનારા ભક્તોની અપાર ભીડ થશે. તેમાં જો તમને સારું લાગે તો શ્રીહરિ અહીં હુતાશનીનો ઉત્સવ કરવા આવે. તમારી મરજી વિના ઉત્સવમાં પ્રેમ રહે નહિ. જો ઉત્સવમાં સહુને સારો વધારે પ્રેમ રહે તો ઉત્સવ કર્યો તે સાર્થક થાય. ૮-૯. ખાસ કરીને તો વધારે ભીડ એક દિવસ રહેશે. પછી એવી બહુ ભીડ રહેશે નહિ. હરિભક્ત સિવાયના બીજા તોફાની લોકો જો અહીંયાં ભેળા થાય અને તે જો તોફાન કરે તો તેને તમારે કાબુમાં રાખવાના છે. જે ગામના મોટા જમીનદારો હોય તેની વાત સરકાર સાંભળે છે. ૧૦-૧૧.

ત્યારે પાટીદારોએ કહ્યું, 'સરકારના માણસ સિવાય તોફાની લોકો સીધા ચાલે નહિ. કેટલીયે જાતના લોકો ભેળા મળીને અહીંયાં આવતા હોય છે. ૧૨. જ્યારે માણસોની વધારે પડતી ભીડ થાય અને જાણ બહાર કાંઈક થઈ જાય ત્યારે સરકારી મનુષ્ય વિના કોઈ બંદોબસ્ત થઈ શકે નહિ. ૧૩. વળી તેમણે ભાઈસ્વામીને કહ્યું, 'અમારા ધન્યભાગ્ય છે. જેમ આપ સંતો કહેશો તેમ અમે બધું કરશું. ૧૪. **સંતોના પ્રતાપથી જ ભગવાન વરસાદ વરસાવે છે. સંતોના પ્રતાપ સિવાય કોઈ સારી બાબત દેખાતી નથી.** ૧૫.

सोरठा : संत असंत के माहिं, रात दिन के फरक रहेउ;
हरि बिन ओर न चाहिं, एसे संत दुल्लभ रहेउ...१६
श्रीहरि बिन जिहाँ लग, मन महिं अभिलाख कोउ;
समझ हि कचि तिहाँ लग, समाधि होत तोउ बाल रहत...१७

સંત અને અસંત, તે બંનેમાં તો રાત દિવસ જેટલો તફાવત રહે છે. જેને ભગવાન સિવાય બીજી કોઈ ચાહના ન હોય તેવા સંતો તો દુર્લભ રહ્યા છે. ૧૬. **જ્યાં સુધી જેના મનમાં ભગવાન સિવાયની બીજી કોઈ**

અભિલાષા રહેતી હોય ત્યાં સુધી તેમની સમજણ કાચી છે અને સમાધિ થતી હોય તોપણ તે બાળક છે. ૧૭. સંતોનું ઊંચું પદ મળ્યું હોય અને પ્રગટ ભગવાનનો યોગ થયો હોય, છતાં અંતરમાં જેટલી ભગવાન સિવાયની અભિલાષારૂપી રોગ રહે છે, તે સમજણ વિના ક્યારેય જાતો નથી. ૧૮.

નારદજીના જેવા કોઈ સંત ગણાય નહિ. ભગવાનની મરજી પ્રમાણે જ તેઓ વર્તતા હતા. તેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળને જાણતા હતા. તેમનાથી કાંઈ જ અજાણ્યું ન હતું, ૧૯. છતાં તેમણે સ્ત્રીની ઇચ્છા કરી તો તેમનું વિપરીત રીતે માકડાંનું મુખ થયું અને તેથી જ તેઓ સનકાદિક અને શુકજી જેવા સાંભળવામાં કે દેખવામાં આવતા નથી.' ૨૦. ત્યારે ભાઈસ્વામીએ કહ્યું, 'તમારી વાત સાચી છે. યથાર્થ વાતને તો કોઈ દેખતું-જાણતું નથી. યથાર્થ વાતને વ્યાસજી જાણતા હતા અને ઘણા શાણા એવા શુકદેવજી અને સનકાદિકો જાણતા હતા. ૨૧. **ચાહે તેવા હરિભક્ત હોય, ભલે તે સ્ત્રી અને ધનમાં બંધાયેલા હોય, પણ સત્સંગમાં રહેલા સંતોની આજ્ઞા પ્રમાણે જો ચાલે છે તો તેઓ સમાધિનિષ્ઠ કરતાં પણ અધિક ગણાય છે; સંતોની આવી વાત છે. આધુનિક સંતો પણ જો ભગવાનની આજ્ઞામાં ચાલે તો તે બળવાન ગણાય છે.** ૨૨-૨૩.

મરજી અને પ્રથા બેયને એક સમજવા, તેનું જ નામ વિવેક છે. જિંદગીભર મરજીમાં ચાલવું. મરજી બહાર એક દિવસ પણ ન ચાલવું. કેમ જે, જે જેટલા આજ્ઞા બહાર ચાલે તેટલી તેની કિંમત થઈ જાય છે.' વળી, ભાઈસ્વામીએ કહ્યું, 'જે સંતો થયા હોય છે તેની વાત તો અલૌકિક છે. ૨૪-૨૫.

✵ મરજીની મહત્તા :

મરજી અને પ્રથામાં જેટલું વર્તી શકાય તેટલું જ સંતપણું અને હરિભક્તપણું કહેવાય છે. અને મરજીમાં જ અલૌકિકપણું રહ્યું છે. સત્સંગની આવી પ્રથા કહેવાય છે. ૨૬. **સત્સંગની પ્રથામાં અને ભગવાન તથા સંતોની મરજીમાં જ અલૌકિકપણું રહ્યું છે.** ૨૭. શરીરમાં જે ચેતના દેખાય છે તે ચેતન એવા આત્માના યોગે કરીને છે અને જો ચેતના ન રહે તો શરીર

નકારું થઈ જાય છે. ૨૮. **તેમ જેટલી સત્સંગની પ્રથાઓ છે અને શ્રીહરિ તથા સંતોની મરજી છે, તે ચેતના છે. તેનો ક્યારેય વિયોગ(અભાવ) ન થવા દેવાય.'** ૨૯. ભાઈસ્વામીની આટલી વાત સાંભળીને પાટીદારો મનમાં ઘણા રાજી થયા. પછી બોલ્યા, 'સંતો, તૈયાર થાઓ. હું પત્ર લખું છું.' ૩૦. આમ કહીને પછી ભાઈસ્વામી પત્ર લખીને લાવ્યા અને ભાઈરામદાસજીસ્વામીએ તે પત્ર સંતોના હાથમાં આપ્યો. પછી બે સંતો પત્ર લઈને વડતાલથી ચાલતા થયા અને ગઢપુર આવીને તે પત્ર શ્રીહરિને આપ્યો. ૩૧.

તે પત્ર વાંચ્યા પછી શ્રીહરિ તરત ગઢપુરથી ચાલતા થયા અને **કારિયાણી** ગામ આવ્યા. તે વખતે ગામે ગામના જેટલા કાઠી દરબારો સત્સંગી કહેવાય છે, તે બધા પોતપોતાની અલગ અલગ સવારી સાથે લઈને ત્યાં કારિયાણી આવ્યા. અને તે દરબારોના ઘેરથી જે સત્સંગી બાઈઓ હતી તેમજ રાજપુત્રીઓ હતી તે પણ પોતાની માતાની સાથે સોનેરી રથમાં બેસીને સહુ આવ્યા. ૩૨-૩૪. પોતપોતાના જે તંબુ લાવ્યા હતા, તે સહુ સહુને ઉતારે રાખ્યા. જેટલા સેવક અને દાસીઓ હતી, તે પણ સાથે લાવ્યા હતા. ૩૫. તેમાં કેટલાક તો સેવકના પણ સેવક હતા, જેની ગણતરી થઈ શક્તી નથી. જેને જેટલી રોજની વપરાશ હતી તેટલું સીધું-સામાન પણ સાથે લાવ્યા હતા. ૩૬.

મોતીચૂરના લાડુ અને જલેબી સાકર નાખીને બનાવ્યા હતા. પેંડા અને બરફીના તો સહુ પટારા ભરીને લાવ્યા હતા. ૩૭. અને રોજના ખર્ચમાં વપરાતા રૂપિયાની સહુ પેટી ભરીને લાવ્યા હતા. પાપડ, ઉત્તમ જાતના અથાણાં, વડી, કળી અને ગાંઠિયા પણ સહુ લાવ્યા હતા. ૩૮. કાઠિયાવાડ, ગોહિલવાડ, વાળાક, ઊના, સોરઠ અને હાલાર, એ બધા પ્રદેશના હરિભક્તો આવ્યા હતા. ૩૯. આવનારા બધા દરબારો કારિયાણી ગામમાં ભેળા થયા હતા. પછી શ્રીહરિ ચાલ્યા, તે પાંચમે દિવસ **પીપળાવ** ગામ પહોંચ્યા. ૪૦. જ્યારે દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ પીપળાવ પહોંચ્યા હતા. શ્રેષ્ઠ મુનિવર મુક્તાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી ત્યાં હતા. ૪૧. બીજા તેમની સાથે જે ભણનારા સંતો હતા, તે સહુ મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા અને ગામના હરિભક્તો પણ બધા આવ્યા. ૪૨.

ઢોલ, તાંસા, ભૂંગળ, ભેરાઈ, રણશિંગી, શરણાઈ, ડુગડુગી, ઘડિયાળ આદિ વાજિંત્રોનો ધ્વનિ થવા લાગ્યો. ૪૩. સહુ ગામથી પા કોશ જેટલે સામે ગયા ત્યારે શ્રીહરિ ત્યાં આવતા સામે મળ્યા. અપાર ઘોડેસવારો સાથે હતા. સહુની આગળ પ્રાણાધાર શ્રીહરિ હતા. ૪૪. તે વખતે શ્રીહરિએ લાલ કિનખાબની ડગલી અને સુરવાળ અંગ ઉપર ધારણ કર્યાં હતા. ૪૫. હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં. મસ્તક ઉપર જરિયાની રેંટો બાંધ્યો હતો અને બીજો એક એવો રેંટો કમર ઉપર બાંધ્યો હતો. હાથમાં રૂમાલ અને છડી લીધાં હતાં. ૪૬. સોનાનો જે બધો વિવિધ ભાતનો સાજ હતો, તે બધો માણકી નામે ઘોડી ઉપર મૂકીને તેને શણગારી હતી. ૪૭. જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે મુક્તાનંદસ્વામી આદિક સહુ સંતોએ શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યાં. અને તે જ વખતે શ્રીહરિ માણકી ઉપરથી નીચે ઊતરી ગયા. ૪૮.

સંતો ઝડપથી દંડવત કરતા હતા તેટલામાં શ્રીહરિ પ્રેમથી મુક્તાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીને ભેટ્યા. પછી તરત જ માણકી ઉપર સવાર થયા. ૪૯. જેટલા સંતો તથા હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને હરિભક્તો જેટલા હજારીગલના હાર અને તોરા લાવ્યા હતા, તે હાર પહેરાવ્યા અને તોરા મસ્તક ઉપર ધરાવ્યા. બંને કાન ઉપર ગુચ્છ મૂક્યા અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૫૦-૫૧. જેટલા ભક્તજનો હતા, તે સહુ 'જય જય...' 'જય જય...' બોલતા હતા અને હરિભક્તો જે ગુલાલ લાવ્યા હતા, તેને ઉડાડવા લાગ્યા. ૫૨. સહુ સંતો ઝાંઝ, મૃદંગ લાવ્યા હતા, તેને વગાડવા લાગ્યા. ચારેબાજુ ઉત્સવ છવાઈ ગયો. અને સહુને તે સમયે ઘણો જ આનંદ થયો. ૫૩. તે અરસામાં મુક્તાનંદસ્વામીએ એક માસ સુધી વસંતના પદ નવાં બનાવ્યાં હતાં, તે પદોને સહુ ગાતા હતા. ૫૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વડતાલ જતા શ્રીહરિનું પીપળાવમાં સંત-હરિભક્તોએ સ્વાગત કર્યું" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર સત્તરમું : તરંગ - ૨૪

પીપળાવમાં શ્રીહરિએ સંતો પાસે રાતે ગાન કરાવ્યું અને સવારે ચાલતા થયા

તે વખતે મુક્તાનંદસ્વામીએ હાથમાં ઝાંઝ લીધા અને વસંતનાં પદ બોલતાં બોલતાં નૃત્ય કરીને શ્રીહરિની આગળ ચાલ્યા. તેને શ્રીહરિ જોઈ રહ્યા હતા. ૧. પ્રેમરૂપી ગુલાલ મુક્તાનંદસ્વામીના મુખ ઉપર લપેટાઈ ગયો હતો. તે વખતે હરખભેર શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને હજારીફૂલના ઘણા હાર આપ્યા. ૨. ધર્મકુમાર શ્રીહરિ મુક્તાનંદસ્વામીના ઉપર ઘણા રાજી થઈને ઘણા હાર આપ્યા. તેથી તેમને અને નિત્યાનંદસ્વામીને પણ ઘણા ફૂલહાર આપ્યા. ૩. તે સિવાયના જે સંતો હતા, તે બધાયને એક એક ફૂલહાર આપ્યો અને પાટીદાર હરિભક્તોને પણ તે રીતે જ ફૂલહાર આપ્યા. ૪. શ્રીહરિની જે સવારી હતી તેને **ઈસણાવ** ગામના પટેલો તે વખતે ગામના બધા લોકોને ખૂબ જ દર્શન કરાવવા માટે પોતાના ગામમાં લઈને ચાલ્યા. ૫.

શ્રીહરિ હરખભેર રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. સોનાનાં ચામર મસ્તક ઉપર ઢળતાં હતાં અને આકાશને ગજાવતાં વાજિંત્રો વાગતાં હતાં. ૬. ગામના બાઈ-ભાઈ બધા જ ભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. અને જેની જેવી ભાવના હતી તે રીતે સહુએ પ્રેમથી પૂજા કરી. ૭. **પીપળાવ**ના બધા પાટીદારોએ ઘણા આદરભાવથી શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા ત્યારે શ્રીહરિ ગામ વચ્ચેના રાજમાર્ગે ચાલ્યા. ૮. ગામના બધા જ બાઈ-ભાઈ ભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને જેનો જેવો ભાવ હતો તે રીતે વિધિએ સહિત શ્રીહરિની પૂજા કરી. ૯. વીરસદ ગામના એક નારાયણદાસ નામે અમીન પાટીદાર હતા. તેના ઘર અને જમીન પીપળાવ ગામે હતા. ૧૦.

તેમણે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરી. પોતે વૈષ્ણવ હતા, પણ એક મહિના સુધી મુક્તાનંદસ્વામીની વાતો સાંભળી હતી. ૧૧. તેનાથી તેનાં મનમાં ઘણી ભાવના થઈ હતી. પ્રભાશંકરભાઈની સાથે તેને ઘણું

હેત હતું. અને કરાળી ગામના અમીન પાટીદારો જે પાકા હરિભક્ત હતા, ૧૨. તેમની હરિભક્ત દીકરી નારાયણદાસના પુત્રને પરણેલી હતી, એટલે તેમનો સત્સંગ સાથે આવો સંબંધ હતો. જોકે નારાયણદાસ જેટલા વ્યસનો કહેવાય છે તેમાં ભરપૂર ડૂબેલા હતા. પરંતુ સત્સંગને સાચો કહેતા અને મનમાં બીજા બધાને અસત્ય કહેતા. ૧૩-૧૪.

પીપળાવ ગામના ભાવિક હરિભક્તોએ શ્રીહરિની ખૂબ ભક્તિભાવથી પૂજા કરી. પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા. ૧૫. તળાવની પાસે એક વડલાની સારી છાયા હતી. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. ઉતારા માટે આ સ્થાન ઘણું અનુપમ હતું. ૧૬. પાર્ષદોમાં ભગુજીને શ્રીહરિએ મુખ્ય કરી રાખ્યા હતા. સંઘની સાથે રહેલા સહુને જે કાંઈ આવશ્યક સામાન જોઈએ તે ભગુજી હરિભક્તને કહેતા હતા. ૧૭. હરિભક્તોને જેટલી શ્રદ્ધા રહેતી તે પ્રમાણે તેઓ સામાન લાવી આપતા હતા. દહીં અને દૂધ ગામમાં જેટલા મળે તેટલા લાવીને હાજર કરતા હતા. ૧૮. સહેજે જેટલું મળે તેટલાથી રોજ કામ ચલાવી લેતા હતા. હરિભક્તોને કાયમ માટે ભાવ ટકી રહે તે રીતે શ્રીહરિ ભગુજી વગેરેને કાયમ શીખવતા રહેતા. ૧૯.

આ રીતે ભાવના રહે એમ જે વ્યવહાર કરતા, તેવા સંતો, વર્ણી અને પાર્ષદોના ઉપર શ્રીહરિ રાજી થતા હતા. ૨૦. **શ્રીહરિ જે બાબતનો અધિકાર આપવાનો હોય તે જોઈ તપાસીને દેતા હતા, છતાં પણ સમજદાર પાંચ સંતો અને સમજુ પાંચ હરિભક્તોને પૂછ્યા સિવાય શ્રીહરિ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી તેવો અધિકાર કોઈને આપતા નહિ. પણ જે કોઈ માણસ આવું બધું પૂછવામાં બાતલ નીકળે અર્થાત્ પૂછે જ નહીં અને નિમણૂક કરી દે તો તેની ખબર કામ પડે ત્યારે જણાય આવે છે કે, આ પૂરુ તપાસ્યા વગર કરેલું કામ છે.** ૨૧-૨૨.

પછી તો જે અયોગ્ય ઠરે તેને તેના અધિકાર ઉપરથી એક ક્ષણવારમાં ઉતારી દેતા હતા. છૂટા થયેલાને પણ ખબર ન પડે તેવી રીત શ્રીહરિને આવડતી હતી. ૨૩. **શ્રીહરિ ક્યારેય તેના ઉત્સાહને ભાંગતા નહિ, પરંતુ**

તેના નિષ્કામધર્મ તરફ દૃષ્ટિ રાખતા હતા. જ્યારે નિષ્કામધર્મ ભંગ થતો હોય તેવું દેખે અને તેનું પ્રાયશ્ચિત કરવામાં પણ જેનો ઉત્સાહ ન દેખાય ત્યારે શ્રીહરિ તેનો ઉત્સાહ ભાંગી નાખતા હતા. કારણ કે, જેમાં જીવ ન રહ્યો હોય તેવાં મડદાંને સાચવતા નહિ; એવા શ્રીહરિ હતા. ૨૪-૨૫. ગામના હરિભક્ત વિપ્રો અને કેટલાક પાટીદારોએ સાકરનો શીરો અને પૂરી કરાવ્યા હતા. ૨૬. તે સહુએ વિવિધ પ્રકારનું શાક પ્રેમથી બનાવડાવ્યું હતું. રસોઈ બનાવતા એક કલાકનો સમય થયો અને જમાડવામાં પણ એક કલાકનો સમય થયો. ૨૭.

શ્રીહરિ પીપળાવ આવ્યા છે; એવા સમાચાર વડતાલમાં જ્યારે મળ્યા ત્યારે સંતો ત્યાં આવ્યા. ૨૮. જે જે દેશના હરિભક્તો હતા તે બધા વડતાલ આવ્યા. તેમાં ગ્વાલિયર પ્રદેશના હરિભક્તો પણ આવ્યા હતા. ૨૯. તેમાંથી કેટલાક હરિભક્તો પીપળાવ આવ્યા હતા અને શ્રીહરિનાં દર્શન કરીને તેમણે અમૂલ્ય લાભ લીધો. ૩૦. સંતો જે આવ્યા હતા તેમણે પણ ઘણો લાભ લીધો. આખી રાત દર્શન કર્યાં. સંધ્યા આરતી શ્રીહરિની સાથે કરી. અને પછી રંગભીના શ્રીહરિ ચોતરા ઉપર બિછાવેલા આસને બેઠા. ૩૧. ત્યારે બારશની રાતના ચંદ્રનો ઘણો પ્રકાશ થયો હતો. શ્રીહરિ ત્યાં ચાર ઘડી સુધી ચોતરા ઉપર બેઠા. ૩૨. પછી મેદાનમાં થયેલ હરિભક્તો અને સંતોની સભા વચ્ચે પલંગ ઉપર આનંદકારી અને દુઃખહારી આવા શ્રીહરિ ગૂઢા રંગનો રેંટો પહેરીને બેઠા. ૩૩. એક નાનો કસુંબલ રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને બોરીની બે પછેડી ઓઢી હતી. ડગલી તથા સુરવાળ ઉતારી નાખ્યા હતા. ૩૪.

નટરવમૂર્તિ ઘણી શોભતી હતી. શ્રીહરિએ છટાદાર શોભા ધારણ કરી હતી. અને તે છટાદાર મૂર્તિને જે ભક્ત દેખે તે તૃપ્તિ પામતા ન હતા. ૩૫. **અનંત કામદેવની શોભા તે શ્રીહરિની શોભા આગળ જેમ સૂર્યની આગળ તારા હોય તેવી દેખાતી હતી.** ૩૬. **ઘનશ્યામ શ્રીહરિ પોતાની મૂર્તિમાં આવી શોભા ધારી રહ્યા હતા. અને તે વખતે આખી રાત વિવિધ પ્રકારનાં હોરીનાં**

પદ ગવડાવ્યાં. ૩૭. સિતાર, સરોદ અને મૃદંગ ઈત્યાદિક વાજિંત્રને જે સંતો શીખ્યા હતા તેમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, સુખાનંદસ્વામી અને બીજા જે સંતો હતા તે પદોનું અલૌકિક ગાન કરતા હતા. ૩૮-૩૯. શ્રીહરિ આખી રાત જાગ્યા. સવાર થયું ત્યારે ચાલવાને માટે તૈયારી કરવા લાગ્યા અને બધા સંઘને આગળ મોકલ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "પીપળાવમાં શ્રીહરિએ સંતો પાસે રાતે ગાન કરાવ્યું અને સવારે ચાલતા થયા" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર સત્તરમું : તરંગ - ૨૫

પીપળાવથી મહેળાવ જતા રસ્તામાં શ્રીહરિએ નિર્દંભતા આદિકની વાત કહી

હરિભક્તોનો સંઘ જ્યારે મહેળાવ પહોંચ્યો ત્યારે શ્રીહરિ પીપળાવથી ચાલ્યા. શ્રીહરિની સવારી ઘણી સુશોભિત હતી. તેની ઉપમા કહી શકાતી નથી. ૧. તે સમયે સવારીની શોભા હાથી, હંસ, વિમાન અને ગરુડની સવારી કરતાં પણ ખૂબ વધારે ભવ્ય દેખાતી હતી. જેનો વેદ પણ પાર પામે નહિ. ૨. શ્રીહરિને રાજી કરવા માટે અક્ષરધામમાંથી આ બધા અહીં આવ્યા હતા. તેઓ જોવા માત્રમાં માયિક જેવા જણાતા હતા પરંતુ અક્ષરરૂપ જ હતા. ૩. જેટલા માયિક લોકો હતા તે બધાને અમાયિક કરવાને માટે શ્રીહરિની મરજી દેખીને તે અક્ષરરૂપ સવારી માયિકના જેવી દેખાતી હતી. ૪. તે અક્ષરમુક્તો કેટલાક તો સંતોમાં કે બાઈ-ભાઈ હરિભક્તોમાં અને કેટલાક સામાન્ય મનુષ્ય, પશુ અને વૃક્ષ ઈત્યાદિકમાં જેવી રુચિ હતી તે પ્રમાણે નિવાસ કરીને રહ્યા હતા, જેમને માયિક મનુષ્યો દેખી શકતા નહિ. પણ શ્રીહરિ જેને દિવ્યદૃષ્ટિ આપતા હતા તેવા માયિક મનુષ્યો પણ તેમને જોઈ શકતા હતા. ૫-૬.

આવી જે અલૌકિક બાબતો કહેવાય છે તે સહુના દેખવામાં આવતી નહિ, પણ જે મનુષ્યના ઉપર શ્રીહરિની પ્રસન્નતા થાતી હતી તેઓ જેટલી અલૌકિક બાબત કહેવાય છે તેને સાક્ષાત્ દેખતા હતા. શ્રીહરિની જે મૂર્તિ છે તે તો નિરંતર અલૌકિક જ છે. ૭-૮.

ચોપાઈ :

मनुष्य चरित्र करत हरि जेता, आश्चर्य में आश्चर्य हे तेता;
हरि के मनुष्य चरित्र जितने, जन्म लिये तिहाँ से तितने...०९
दिव्य से दिव्य जानत रहेऊ, निष्कपट हि अंतर से जेहू;
अक्षर एकांत मुक्त कहावे, संत नारी नर जेते रहावे...१०

છતાં શ્રીહરિ જે મનુષ્યચરિત્ર કરે છે તે બધાં આશ્ચર્યમાં પણ આશ્ચર્યકારી છે. શ્રીહરિનાં જન્મથી આરંભીને જે કોઈ પણ મનુષ્યચરિત્રો છે તે બધાને જે ભક્તો નિષ્કપટ અંતરથી દિવ્યથી સર્વાધિક દિવ્ય જાણે છે તે સંત અથવા બીજા નરનારી હોય તે બધા અક્ષરધામના એકાંતિક મુક્ત કહેવાય છે. ૯-૧૦. **આવા ભક્તજનો અહીંયાં હોવા છતાં અક્ષરધામમાં જ બેઠા છે, પણ જે શ્રીહરિનાં મનુષ્યચરિત્રમાં માયિકભાવ રાખે છે તેઓ માયિક ગતિને પામે છે. જે હરિભક્ત એવું નામ ધરાવે છે તેઓ ક્યારેય જમપુરીને દેખતા નથી અને પ્રલયમાં પણ ક્યારેય આવતા નથી.** ૧૧-૧૨. **જેઓ હરિભક્ત કહેવાય છે તે બધા બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ એવા પદને પામે છે.** ૧૩.

સંતો તથા બાઈ-ભાઈ જેટલા હરિભક્તો છે તેઓ શાસ્ત્રમાં કહેલા જે નિયમો છે તે પ્રમાણે વર્તે છે. ૧૪. **સત્સંગના જે નિયમો છે તેમાં શ્રીહરિનો વાસ છે અને જેની જેવી સમજણ હોય તેવું તેને સુખ મળે છે.** ૧૫. **સમજણ અને નિયમોમાં બધી વાત રહી છે. તેમાં જેને જેટલી કસર રહે છે તેને તેવી પ્રાપ્તિ થાય છે.** ૧૬. કેટલાક પોતાના મનના કરી રાખેલા સિદ્ધાંતોને સત્સંગ કરે તોપણ છોડતા નથી. તેવાને અનેક વાતો કહીને તેમનું તેવું મનધાર્યા પ્રમાણેનું તાન શ્રીહરિ તોડતા રહેતા. ૧૭. **શ્રીહરિનો જે સિદ્ધાંત છે અને જે ચરિત્રો છે, તેને જેઓ સર્વોપરિ માને છે એવા વક્તા અને શ્રોતાઓ જે છે તે સર્વોપરિ ગણાય છે.** ૧૮.

❋ નમ્રતા અને નિષ્કપટતા વિશે :

બીજા બધા વક્તા અને શ્રોતાઓનો તો કોઈ પાર નથી. શ્રીહરિના સિદ્ધાંત અને ચરિત્રોમાં જેને નિષ્કપટપણે તાન રહેતું હોય એવા જે સંતો, વર્ણી અને બાઈ-ભાઈ હરિભક્ત છે તે સર્વોપરી છે. અને જેનામાં જેટલી નમ્રતા રહે છે તે તેટલા નિષ્કપટ રહી શકે છે. ૧૯-૨૦.

जितने गुन यह जामें जोऊ, नम्रता निष्कपटता सोऊ;
तितना संत हरिजन रहाये, भेग तितना हि नून्य कहाये...२१
निश दिन करी सत्संगा, संत हरिजन ग्रंथ प्रसंगा;
नम्रता निष्कपटता ताकी, दिन दिन वृद्धि रहे वाकी...२२

જેમાં નમ્રતા અને નિષ્કપટતાના ગુણ રહ્યા હોય તેટલા તે સંત અને હરિભક્ત ઉત્તમ ગણાય છે અને તેમાં જેટલો બીજો ભેગ ભળે છે તેટલા તે ન્યૂન કહેવાય છે. ૨૧. જે સત્સંગ કરીને સંતો, હરિભક્તો અને સદ્‌ગ્રંથોનો રાત-દિવસ પ્રસંગ રાખે તેમનામાં નમ્રતા અને નિષ્કપટતાની દિન પ્રતિદિન વૃદ્ધિ થાતી રહે છે. ૨૨. નમ્રતા અને નિષ્કપટતાની જેટલી વૃદ્ધિ થાય છે તેટલું જ તે સત્સંગ વગેરેનું ફળ છે અને તેવાં ફળ વિનાનું વૃક્ષ તો લૂખું કહેવાય છે.' શ્રીહરિ જ્યારે રસ્તામાં ચાલતા હતા ત્યારે આવી અનંત વાતો કહેતા હતા. ૨૩. લેશમાત્ર કરતાં પણ થોડી આ વાત કહી છે. શ્રીહરિની વાત તો ઘણી દુર્લભ છે. આ વાતોનું મનમાં જે ચિંતવન કરે છે તે બધા પરમપદને પામે છે. ૨૪.

પ્રગટ શ્રીહરિની વાત સિવાય બીજી અપાર વાતો છે, તેને ભાવથી કરોડો જન્મ સુધી કરતા રહે, છતાં તેનો જમપુરીથી ઉદ્ધાર થતો નથી. ૨૫. જેટલા દિવસ સદ્‌ભાવનાથી શ્રીહરિની વાતો સાંભળવામાં આવે છે તો પ્રતિદિન કરોડો જન્મનાં પાપ નાશ પામતા જાય છે. ૨૬. **ક્યાં શ્રીહરિની વાતો અને ક્યાં બીજી બધી વાતો ? તેમાં તો અમૃત અને ઝેર જેટલો અથવા દિવસ અને રાત્રી જેટલો ફરક રહે છે.** ૨૭. **ચિંતામણિ અને પથ્થરમાં તેમજ કલ્પવૃક્ષ અને બીજા વૃક્ષમાં જેટલો તફાવત હોય છે તેટલો શ્રીહરિની**

વાતમાં અને બીજી વાતોમાં છે. ૨૮. શ્રીહરિની જેટલી વાત કહેવાય છે તેના સંબંધે કરીને ધારણા, ધ્યાન અને સમાધિ, તે બધું આશ્ચર્યકારી છે, પણ ભગવાનના સંબંધ વિનાના જે ધારણા, ધ્યાન અને સમાધિ છે, તે તો આ લોકમાં પૂજાવે છે અને તેટલું જ તેનું ફળ મળે છે. ૨૯-૩૦.

સંતો અને હરિભક્તો ધારણા, ધ્યાન અને સમાધિ વગેરે બધું શ્રીહરિને રાજી કરવા માટે કરે છે. શ્રીહરિને પ્રસન્ન કરનારી જે બાબતો હોય તેને જ સહુ કરતા હતા. ૩૧. ધારણા, ધ્યાન અને સમાધિમાં જેટલો દંભ હોય, તે બધું મિથ્યા કહેવાય છે. જેટલી નિર્દંભતા રહે છે તેટલો સત્સંગ છે અને જેટલો દંભ છે તેટલો કુસંગ છે. અથવા સત્સંગ નિર્દંભીઓ માટે છે અને કુસંગ દંભીઓ માટે છે. ૩૨. શ્રીહરિ રોજ રોજ એકવાર તો આવી વાત ઘણી બધી કરતા હતા. જે કોઈ પણ બાબતમાં જેટલી નિર્દંભતા રહી હોય, ૩૩. તે નિર્દંભતાને જોઈને શ્રીહરિ તેને ગ્રહણ કરતા રહેતા અને જેમાં જેટલો દંભનો ભેગ ભળેલો દેખાય તેનો શ્રીહરિ ત્યાગ કરી દેતા હતા. ૩૪. **માણસ જે રીતે મળનો ત્યાગ કરી દે છે તે રીતે શ્રીહરિ દંભીનો ત્યાગ કરી દેતા હતા. અને સત્સંગ કરવાનું ફળ પણ એટલું જ છે કે દંભ ઈત્યાદિકનો ત્યાગ કરી દેવો.** ૩૫.

चोपाई :

हरि संत अरु हरिजन ताके, गरजु दिन दिन होना वाके;
दिन दिन गरजु जितना जाही, सत्संग के फल तितना ताही...३६

दोहा : गरजु के सत्संग तेहि, शोभा लहत अपार;
उजारे पक्ष के चंद्र जिमि, रहे तेहि प्रकार...३७

શ્રીહરિ, સંતો અને હરિભક્તોના દિન પ્રતિદિન ગરજુ થવું જોઈએ. કારણ કે, જે દિનપ્રતિદિન જેટલા ગરજુ થાય છે તેટલું તેને સત્સંગનું ફળ મળે છે. ૩૬. જેમાં જેટલી ગરજ હોય છે તેટલો તેનો સત્સંગ અપાર શોભે છે અને શુક્લ પક્ષના ચંદ્રની જેમ તે રોજ રોજ વધતો જાય છે. ૩૭. મુક્તાનંદસ્વામી કહે છે કે, શ્રીહરિએ મને આવી વાત કહી હતી. અને તે જ વાત હે દાદા ખાચર ! મેં તમને કહી છે. કારણ કે, તમારી મતિ ઘણી

શુભ છે. ૩૮. શ્રીહરિનાં જે જે સમયે દર્શન થયાં હતાં તેને હું જ્યારે યાદ કરું છું ત્યારે આ બધાં ચરિત્રોની વાતો યાદ આવે છે. ૩૯. સમયનો વિચાર ન કરીએ તો ચરિત્રો અને વાત યાદ આવતા નથી. સુખદાયક શ્રીહરિ **મહેળાવ** આવ્યા ત્યારે ભક્તજનો 'જય જય...' 'જય જય...' શબ્દ કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "પીપળાવથી મહેળાવ જતા રસ્તામાં શ્રીહરિએ નિર્દંભતા આદિકની વાત કહી" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર સત્તરમું : તરંગ - ૨૬

મહેળાવથી વડતાલ જતા ભક્તોની પરસ્પર ધર્મચર્ચા

શ્રીહરિ **મહેળાવ** આવ્યા અને ત્યાંના તળાવમાં અશ્વોને પાણી પાયું. તે વખતે ગામના જે હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. ૧. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને ભક્તજનો બધા પગમાં પડ્યા. ગામના બીજા પણ જે ભાવિક લોકો હતા તે પણ ત્યાં આવ્યા હતા. ૨. શ્રીહરિનાં દર્શન કરીને તે સહુ મનમાં ખૂબ રાજી થયા અને ભાવનાથી બોલ્યા, 'મહારાજ, અમે બધા આપને શરણે છીએ.' ૩. તે સહુએ મનના પ્રેમથી કહ્યું કે, 'આપ જમવાની વેળા થાય ત્યાં સુધી અહીં મુકામ કરો.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હજી તો સવાર છે. ૪. અમે તો અહીંયાં ઘણી વખત આવીએ જઈએ છીએ. હવે અમે ફરીવાર ક્યારેક રોકાશું.' આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. મહેળાવ ગામથી આગળ કાસ(પાણીના નિકાલની નહેર) સુધી પહોંચ્યા તેટલીવારમાં જે વડતાલ સંઘો આવ્યા હતા તે બાળકો, વૃદ્ધો, યુવાન અને બાઈ-ભાઈ બધા જ તત્કાળ શ્રીહરિની સન્મુખ આવ્યા અને પરમ દયાળુ શ્રીહરિનાં દર્શન કર્યાં. દંડવત્-પ્રણામ કરીને સહુએ શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવ્યા. ૫-૭.

કોઈ પણ હરિભક્ત ફૂલનો હાર લીધા સિવાય આવતા નહિ. સહુ ફૂલહાર શ્રીહરિને પહેરાવતા. તે સહુનો ઘણો ભાવ દેખીને ધર્મકુમાર શ્રીહરિ

ખૂબ જ પ્રસન્ન થયા. ૮. જે ભક્તોનો જેવો ભાવ હતો તેને તેના નેત્ર કહી દેતા હતા. શ્રીહરિ તો પોતે અંતર્યામી છે, છતાં ભક્તોના નેત્રની સામે જોતા હતા. ૯. નેત્રમાં જેને જેટલો ભાવ હતો તે દેખાઈ આવતો હતો. શ્રીહરિ માટે લાવેલા મેવા-મીઠાઈ, વસ્ત્ર અને અમૂલ્ય આભૂષણોમાં પણ તે ભક્તોનો અમાપ ભાવ દેખાઈ આવતો હતો. ૧૦.

અપાર અને અતુલ્ય તો શ્રીહરિ પોતે જ છે. શ્રીહરિથી ઉપર કોઈ અતુલ્ય કહેવાય નહિ અને જે શ્રીહરિથી અન્ય કોઈને જેટલા અતુલ્ય કહે છે તે તો શ્રીહરિના અતુલ્ય ગુણના તેટલા ચોર છે. ૧૧. જેટલા લોકો શ્રીહરિના ગુણના ચોર છે તે બધા ક્યારેય સત્સંગ કરતા નથી. અને તેઓ તો વારંવાર જમપુરી અને લખચોરાશીમાં ભટકતા રહે છે. ૧૨. આવા જે શ્રીહરિના ચોર છે તેની અશુભ દેશકાળને લીધે મતિ ફરી જાય છે અને પછી સ્થાવર-જંગમ યોનિઓમાં વારંવાર જન્મ ધારણ કરે છે. ૧૩. પછી જતે કાળે શુભ દેશકાળને યોગે જ્યારે તેની શુભ બુદ્ધિ થાય છે ત્યારે તેમને સત્સંગ થાય છે અને તેનાં અપાર પાપ ધોવાઈ જાય છે. ૧૪.

કોઈ વાત એકની એક કાયમ રહેતી નથી. બધું ફરી જાય છે. જ્યારે સત્સંગ થાય છે ત્યારે તે ફરીને સંસારમાં આવતો નથી. ૧૫. જ્યાં સુધી સંસારના ફેરા માથે રહે છે ત્યાં સુધી કદાચ આખી ભૂમિનું રાજ્ય પ્રાપ્ત કર્યું હોય, તોપણ તેનો સંબંધ શરીરનો સંબંધ રહે ત્યાં સુધી જ રહે છે. ૧૬. સત્સંગ સિવાયના કરોડો ઉપાયને કરોડો કલ્પ સુધી કોઈ કરતો રહે તો તેનાથી તેને સંસારનું બંધન વધારે ને વધારે થતું રહે છે, તેમ હરિભક્ત હોય છે તે જાણે છે. ૧૭. જ્યારે બધા હરિભક્તો ભેળા મળતા હોય છે ત્યારે ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતા હોય છે અને આવી વાતો કરવાથી સહુનાં મન સત્સંગને સન્મુખ રહેતા હોય છે. ૧૮. આવી વાતો સિવાય મન અને બધા ઈન્દ્રિયો વિષય તરફ દોડતા રહે છે. અને સત્સંગની જેટલી વાતો કરવામાં આવે છે તેનાથી જે મન અને ઈન્દ્રિયો છે તેનું બળ લેશમાત્ર પણ રહેતું નથી. અને આવી વાતો ઈન્દ્રિયો અંતઃકરણને હંમેશાં કબજામાં

રાખે છે. જે નિયમો છે તે જ કબજો છે. માટે જેને નિયમ ન હોય તે કોઈ મોટાઈ પામી શકતા નથી. ૧૯-૨૦.

चोपाई :

हरि बचन जब कहे जिस रीता, परम धर्म तब रहे तिस रीता;
जो जो क्रिया करना जेता, हरि ताके नियम में तेता...२१
नियम कर हरिजन कहाते, हरिजन से बडता कोउ न रहाते;
भव ब्रह्मा से हरिजन ताकी, बडता अधिक रहाये वाकी...२२

ભગવાન સ્વામિનારાયણ જ્યારે જેવાં વચન કહે તે બધાં પરમ ધર્મરૂપ છે. જે જે કાંઈ કામ કરવાનું હોય તે બધું ભગવાનનાં આજ્ઞાવચનમાં રહીને જ કરવું. ૨૧. નિયમોને લીધે જ મનુષ્ય હરિભક્ત કહેવાય છે. હરિભક્તથી કોઈ ઊંચી મોટપ નથી. ભવ અને બ્રહ્મા જેવા દેવતા કરતાં પણ હરિભક્તની મોટપ અધિક રહી છે. ૨૨. **જ્યાં સુધી મનુષ્યદેહ રહ્યો હોય છે ત્યાં સુધી ખરી હકીકત કોઈને પ્રત્યક્ષ ક્યારેય દેખ્યામાં આવતી નથી. કારણ કે તે સહુને શરીરરૂપી વિકટ આવરણ રહ્યું છે.** ૨૩. **જે ભગવાનના ભક્તો છે તેઓ જેટલા દિવ્યદેહના ભાવ છે તેને જ પોતામાં માને છે, પણ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહને તે ક્યારેય પોતાના માનતા નથી.** ૨૪.

તે ભગવાનના ભક્તો એવું માને છે કે સ્થૂળ શરીર મનુષ્યનું છે, સૂક્ષ્મ શરીર દેવોનું છે અને કારણ શરીર માયાનું છે. ૨૫. **માયિક ત્રણ પ્રકારના દેહથી પર જે ભાગવતી તનુ કહેવાય છે તે સાચું છે, આવી ભગવાનના ભક્તની સમજણ છે.** ૨૬. **આવી સમજણને લીધે તથા સત્સંગના યોગે કરીને બધા હરિભક્તો માયાથી પર વર્તતા હતા.** ૨૭. **માટે જ સત્સંગ અને સંતોનો સમાગમ સતત રહે તેમ ભવ અને બ્રહ્મા જેવા બળવાન પણ ઘણા ભાવથી માગતા રહે છે.** ૨૮. સત્સંગ અને સંતો દુર્લભમાં દુર્લભ છે, એમ બધા સત્સંગીઓ જાણતા હોય છે. ૨૯. તેને લીધે હરિભક્તોની તુલના કોઈની સાથે થઈ શકતી નથી. શ્રીહરિ વડતાલથી જેટલા દૂર હતા ત્યાં સુધી બાઈ-ભાઈ સહુ હરિભક્તો લગાતાર ચાલ્યા આવતા હતા. બાઈઓમાં બાઈઓ ચાલતી હતી અને ભાઈઓમાં ભાઈઓ ચાલતા હતા. ૩૦-૩૧.

सत्संग ताकी प्रथा एसी, पुरुषोत्तम आप बाँधे तेसी;
निष्काम धर्म रहे जिस रीता, श्रीहरि कु रहे तामें प्रीता...३२

આવી સત્સંગની પ્રથા ભગવાન પુરુષોત્તમ શ્રીહરિએ બાંધી હતી. જે રીતે નિષ્કામધર્મ શુદ્ધ રહે, તેમાં શ્રીહરિનો રાજીપો રહેતો હતો. ૩૨. જેમાં નિષ્કામધર્મ ન દેખાય તેના ઉપર શ્રીહરિ પ્રેમ રાખતા નહિ. નિષ્કામધર્મ વગરના જેટલા મત, તીર્થ અને ઉત્સવ-સમૈયા કહેવાય છે તે બધા એકાકાર થઈ રહ્યા છે. ૩૩-૩૪. જેમાં નિષ્કામધર્મ નથી તેને શ્રીહરિ અધર્મ માને છે. દારૂમાં અગ્નિનો તણખો રતીભાર પણ પડે તો તે સળગ્યા સિવાય રહેતો નથી, તેવો સ્ત્રી અને પુરુષનો સંસર્ગ રહ્યો છે. શ્રીહરિએ બ્રહ્મા સુધી વિચારીને જોયું છે કે યોગીઓ અને વ્રતધારીઓ પણ નારીના સંગથી પડી જાય છે. ૩૫-૩૬.

યોગ, તપ અને વ્રત, જે હજારો વર્ષ સુધી કર્યા હોય તોપણ સ્ત્રીના પ્રસંગને લીધે એક પળવારમાં તે ભાંગી જાય છે. ૩૭. આ ભૂમિ ઉપર અધર્મનો નાશ કરવા માટે ભગવાન અને સત્પુરુષો વારંવાર પ્રગટ થતા રહે છે. ૩૮. ભગવાન અને સત્પુરુષો જ્યારે જ્યારે ધર્મની પ્રથા બાંધે છે ત્યારે તેમાં કોઈ જાતની કસર રાખતા નથી. તેમાં જેવા મનુષ્ય હોય તે પ્રમાણે ધર્મ બાંધે છે. જે ધર્મ પાળનારા મનુષ્ય છે તે તેવા ધર્મમાં રહે છે અને તે દૈવી કહેવાય છે. અને તે રીતે જે ધર્મને નથી રાખતો તે અસુર કહેવાય છે અને તે અધર્મમાં ચાલવાનું ચાહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "મહેળાવથી વડતાલ જતા ભક્તોની પરસ્પર ધર્મચર્ચા કહી" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર સત્તરમું : તરંગ - ૨૭

શ્રીહરિ વડતાલ પધાર્યા તે સમયની શોભાનું વર્ણન

दोहा : श्रीहरि अरु सत्पुरुष के, धर्म नियम हि जेह;
जिस बिध जेहि रखात हि, तिस बिध मोक्ष हि तेह...०१
हरिजन बिन जन जितने, हरि कु भजिके तेहु;
मायिक सुख संपत्त जेहि, वेर वेर मागत एहु...०२

શ્રીહરિ તથા સત્પુરુષોએ જે ધર્મ-નિયમોને રાખવાના કહ્યા હોય છે તેને જે જેવી રીતે રાખે તેવો તેનો મોક્ષ થાય છે. ૧. ભગવાનના ભક્ત સિવાયના જે અન્ય લોકો છે તે ભગવાનનું ભજન કરીને પણ ભગવાનની પાસે વારંવાર માયિક સુખ અને સંપત્તિને માગે છે. ૨. અને તેને લીધે તે વિમુખ જીવ જમપુરી અને લખચોરાશીના દુઃખથી છૂટવા ચાહતો નથી. અને દુઃખોનો ભય રાખતો નથી. ૩. **પણ તે વિમુખ જીવનાં દુઃખને સંતો દેખે છે. તેથી તેઓ જીવ ઉપર દયા કરતા રહે છે. કારણ કે, સંતો અત્યંત પરોપકારી હોય છે. સંતોના સમાન બીજા કોઈ દયાળુ હોતા નથી.** ૪. ભગવાન સિવાય જેને મનમાં બીજી કોઈ ચાહના ન હતી, એવા શ્રીહરિના સંતો અપાર હતા. તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. આ બધા સંતો હંસના વૃંદ જેવા શોભતા હતા. ૫.

સંતો બધા કમળના વનના જેવા શોભતા હતા અને મુખથી શ્રીહરિના ગુણના કીર્તનો બોલતા થકા આવતા હતા. કેટલાક સંતો તો વસંત, હોરી અને ધુમારનાં પદ બોલતા ચાલતા હતા. ૬. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી ઈત્યાદિક સહુ શ્રીહરિની સેવામાં તત્પર રહ્યા હતા. ૭. **શ્રીહરિ પણ હરિભક્તો રાજી થાય એટલા માટે તેમની મરજી પ્રમાણે રંગબેરંગી વસ્ત્રો અને આભૂષણોને સમય સમય પ્રમાણે ધારણ કરતા હતા.** ૮. તે સમયે શ્રીહરિએ બધાં સુંદર સોનેરી વસ્ત્ર તથા સોનાનાં ઘરેણાં ધાર્યા હતા. તેનાથી મૂર્તિ ઉપર તેજ તેજ છવાઈ ગયું હતું. ૯. માનો તે વખતે બીજા સૂર્ય અને ચંદ્ર બંને સાથે ઉદય થઈ આવ્યા હોય, તેવો પ્રકાશ હતો, છતાં શ્રીહરિની

મૂર્તિ તો ચંદ્રમા કરતાં કરોડગણી અપાર શીતળતા આપતી હતી, જેનો કોઈ પાર પમાતો ન હતો. ૧૦.

શ્રીહરિની મૂર્તિમાં જેટલા રોમ છે, તેના એક એક રોમમાં ચંદ્ર કરતાં પણ વધારે શીતળતા રહી છે. આ પ્રમાણે શ્રીહરિની મૂર્તિમાં જેટલી ઉપમાઓ કહેવાય છે, તે બધી રહી છે. ૧૧. શ્રીહરિએ ધારેલાં વસ્ત્ર અને આભૂષણો બધા સૂર્યના સમાન ચમકતા શોભતા હતા. જેટલાં સુવર્ણના આભૂષણો અશ્વને યોગ્ય હતા તેટલા અશ્વને ધરાવ્યા હતા. ૧૨. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા તે સમયે સુવર્ણનાં આભૂષણોને લીધે એકદમ સોનેરી દેખાતા હતા. અને નટવરના જેવી છટા છવાઈ ગઈ હતી. ૧૩. અશ્વના માથા ઉપર મોરના આકારની સોનાની કલગી હતી અને બંને પગમાં સોનાનાં ઝાંઝર પહેરાવ્યાં હતાં. ૧૪. બધાં ઘરેણાંમાં રહેલા ઘૂઘરાઓ 'ઘમ ઘમ' આવો અવાજ કરતા હતા. આ અશ્વની શોભા જોઈને ગરુડ અને વિમાનની શોભા પણ ઢંકાઈ જતી હતી. ૧૫. શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું અને તે છત્રના સોનેરી દંડના ઉપર કળશ મૂકેલો હતો. ૧૬.

✵ મૂર્તિવર્ણન :

ધર્મકુમાર શ્રીહરિએ મસ્તક ઉપર સુંદર જરિયાની પાઘ ધારણ કરી હતી. પાઘની વચ્ચે છોગા એવા ધાર્યા હતા કે તે પાઘની શોભા મુગટના સમાન થઈ હતી. ૧૭. પાઘ ઉપર બાંધેલા શીરપેચ ઉપર કલગી રાખી હતી, તે ઝગમગ ઝગમગ ચમકી રહી હતી. સુંદર ભાતિદાર જરિયાનો જામો અંગ ઉપર પહેર્યો હતો. ૧૮. વળી, સુખકારી શ્રીહરિએ સુવર્ણનાં રમણીય સારાં ભારે બાજુબંધ ભુજાઓ ઉપર બાંધ્યા હતા. વળી, મનોહર સોનાનાં કડાં, સાંકળા અને પહેરેલી પહોંચી પણ સોહામણી લાગતી હતી. ૧૯. બંને હાથની આંગળીઓમાં સોનાની વીંટીઓ પહેરી હતી અને છાતી ઉપર વિવિધ પ્રકારના સોનાનાં અપાર હાર પહેર્યાં હતાં. ૨૦.

વળી, જરિયાની અનુપમ સોહામણા સુરવાળને મહારાજાધિરાજ શ્રીહરિએ પહેર્યો હતો. તેમજ જરિયાની વસ્ત્રથી કમર કસીને ભેટ બાંધી હતી અને મુખથી મંદ મંદ હસી રહ્યા હતા. ૨૧. શ્રીહરિએ જમણા હાથમાં

અશ્વની લગામ પકડી હતી અને સુંદર સોનેરી છડી ડાબા હાથમાં ધારી હતી. ૨૨. મોતી જડેલી જરિયાની મોજડી બંને ચરણમાં ધારી હતી. સોનાનાં પેગડામાં બંને ચરણો રાખ્યા હતા. ૨૩. તે સમયે શ્રીનગરના હરિભક્તો સંઘ લઈને આવ્યા હતા. તે સંઘમાં કુબેરસિંહ ચોપદાર સોનાની છડી હાથમાં લઈને આવ્યા હતા. ૨૪.

સહુ હરિભક્ત શ્રીહરિનાં પગમાં પડ્યા અને 'જય જય...' 'જય જય...' શબ્દ બોલવા લાગ્યા. ઢોલ, તાંસા વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રો તે વખતે લાવ્યા હતા. ૨૫. તેઓ જરિયાની નિશાન લાવ્યા હતા અને અપાર ગુલાલ લાવ્યા હતા. ભેરી, તુરાઈ અને રણશિંગી જેવા અપાર વાજિંત્રોને પણ લાવ્યા હતા. ૨૬. સહુ હરિભક્તો શ્રીહરિને પગે લાગીને જેટલા પ્રકારના વાજિંત્રો લાવ્યા હતા તે ઉત્સાહભેર વગાડવા લાગ્યા. તેના શબ્દોથી આકાશ ગાજી રહ્યું હતું. ૨૭. તે વખતે વડોદરાના હરિભક્તોનો સંઘ ત્યાં આવ્યો અને સહુ શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. ૨૮. તેઓ કેટલાક પ્રકારના નિશાનો લાવ્યા હતા. જાતજાતની ઝાંઝરી (ઘૂઘરીવાળી લાકડીઓ) લાવ્યા હતા અને વિચિત્ર પ્રકારના ઝળહળતા ભાલા પણ હાથમાં લાવ્યા હતા. ૨૯.

વળી, વડોદરાના કેટલાક હરિભક્તો શ્રીહરિને રાજી કરવાને માટે વિલાયતી વાજિંત્રો જેને પડઘમ કહેવાય છે, તેને લાવ્યા હતા. ૩૦. વાજિંત્ર વગાડનારા યુવાન હરિભક્તો પોતાની સાથે જે વેષ લાવ્યા હતા તેને પહેર્યો હતો. તે બધાના આગેવાન વડોદરાના કુબેરભક્ત હતા અને તેઓ સહુને વાજિંત્ર શીખવાડનારા હતા. ૩૧. સુંદર વેષ પહેરાવીને વાજિંત્રોની પલટન તૈયાર કરી હતી, તે વાજિંત્ર વગાડવાની ગતિ પ્રમાણે તે વખતે સહુ વાજિંત્રને વગાડવા લાગ્યા. ૩૨. તે બધા હરિભક્તો અપાર ગુલાલ લાવ્યા હતા, તે પ્રેમભર્યા મનથી ઉડાડવા લાગ્યા. મોટા મોટા કાઠી દરબાર જે રાજઓ કહેવાતા હતા અને જે સારા હરિભક્ત થયા હતા, તેઓ પોતપોતાની સવારી લઈને શ્રીહરિની સાથે તે વખતે રહ્યા હતા, એટલે તે વખતે હરિભક્તો જે ગુલાલ લાવ્યા હતા તેને દરબારોની સવારી ઉપર પણ ઉડાડતા હતા. ૩૩-૩૪.

શ્રીહરિની આગળ બંદૂક બાંધીને જે પાર્ષદો ચાલતા હતા, તેના ઉપર પણ હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા. ૩૫. વર્ણી અને સંતોના મંડળ ચાલતા હતા, તેના ઉપર પણ હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા અને હરિભક્તો પણ પરસ્પર એકબીજા ઉપર ગુલાલ ઉડાડતા હતા. ૩૬. ભૂમિ અને આકાશ, એ બધા ગુલાલને લીધે લાલ લાલ દેખાતા હતા. રસ્તામાં જેટલા વૃક્ષો હતા, તે પણ ગુલાલથી લાલ થઈ ગયા હતા. ૩૭. ચરોતર પ્રદેશમાં જેટલાં પશુ, પંખી અને વૃક્ષ હતા તે શ્રીહરિને ત્યાં આવતા દેખીને ખૂબ જ પ્રફુલ્લિત થઈ ગયા. ૩૮. જેમ કોઈને ઘેર વિવાહનો પ્રસંગ હોય અને તે ઘરના મનુષ્યોમાં ઘણો આનંદ થતો હોય છે, તે રીતે જ આ સમયે ચરોતરવાસી બધા આનંદિત થઈ ગયા હતા. ૩૯. આ સમૈયો સહુથી અધિક અને શ્રેષ્ઠ થયો હતો. તે દિવસોમાં શ્રીહરિ સત્સંગમાં આવ્યા તેને અઢારમું વર્ષ ચાલતું હતું. પછીના તેર વર્ષ શ્રીહરિ સત્સંગમાં રહ્યા તેમાં કેટલીક આશ્ચર્યમાં આશ્ચર્ય વાતો પ્રગટ કરી હતી. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ વડતાલ પધાર્યા તે સમયની શોભાનું વર્ણન કર્યું" એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર સત્તરમું : તરંગ - ૨૮

સંઘની ચોકીની વ્યવસ્થા અને શ્રીહરિની વશીકરણ અને મોહિની કળા કહી

વડતાલ ગામમાં પાટીદારો હરિભક્તો હતા. વિપ્ર પણ હતા. એક વણિક હરિભક્ત હતા. ૧. ગોસાઈ નારાયણગિરિ અને તેના શિષ્યના શિષ્ય માનગિરિ પણ સારા હરિભક્ત થયા હતા. ૨. જોબન પગી, સુંદર પગી અને ત્રીજા ભાઈના પુત્ર ખોડા પગી, જુસજી, વખતા પગી, એ આદિક બધા હરિભક્તો અને સુતાર તથા લુવાર, એ બધા હરિભક્તો હતા. ઉપર કહેલા પાટીદારો અને બધા હરિભક્તો ભેળામળીને ભાઈ રામદાસજીસ્વામીની પાસે

આવ્યા અને સહુ સાથેમળીને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૩-૫. એ વખતે ઢોલ, તાંસા, ડુગડુગી, ઘડિયાળ, ભૂંગળ, ભેરી, રણશિંગી અને શરણાઈ આદિ વાજિંત્રો, સારા જરિયાની નિશાનો, ઝાંઝ અને મૃદંગ, બધા વાજિંત્રોને વગડાવતા વગડાવતા શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૬.

શ્રીફળ, કુંકુમ અને ફૂલના હારના ભરેલા અનેક થાળ લીધા હતા. હરખ સાથે શ્રીહરિની સન્મુખ ચાલતા પા કોશ જેટલે ગયા. ૭. ત્યારે ત્યાં શ્રીહરિનાં દર્શન થયા અને સહુએ દંડવત્ પ્રણામ કર્યા. જ્યારે ભાઈસ્વામીએ દંડવત્ પ્રણામ કર્યા ત્યારે **શ્રીહરિએ અશ્વ ઉપરથી ઊતરીને સામા દંડવત્ કર્યા. પછી તત્કાળ સ્વામીને ભેટ્યા. એ વખતે જેટલી બંદૂકો હતી, તે બધી ફૂટવા લાગી.** ૮-૯. ભાઈસ્વામીએ શ્રીહરિને ઘણા હેતથી લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો, ફૂલના હાર પહેરાવ્યા અને ચરણમાં શ્રીફળ મૂક્યાં. ૧૦. સ્વામીની જેમ જ બધા પાટીદારોએ પણ શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને તેમણે ભાઈ રામદાસજીસ્વામીને તરત જ સુખપાલમાં બેસાર્યા. ૧૧.

પછી સહુ **વડતાલ** ગામમાં આવ્યા. ગામની બધી બજારોને ખૂબ શણગારી હતી. કેટલાએ વાજિંત્રો વાગતાં હતાં. અને ગામની બધી સ્ત્રીઓ મોતીનાં થાળ ભરી ભરીને ઘણા ભક્તિભાવથી શ્રીહરિને વધાવવા લાગી. શ્રીહરિ ગામજનોના નિશ્છળભાવને જોઈને વડતાલમાં વારંવાર પધારતા હતા. ૧૨-૧૩. શ્રીહરિ ગામમાં હરિભક્તોને દર્શન દઈને આંબલે આવ્યા. સંઘ પણ ગામની બહાર એક કોશ જેટલા ફરતા વિસ્તારમાં ઊતર્યા હતા. ૧૪. આસપાસના શહેરના જે બધા વહેપારીઓ હતા તે જીવન જરૂરી ચીજવસ્તુઓને વેચવા માટે દુકાનો કરીને ત્યાં રહ્યા હતા. ૧૫. જેટલામાં સંઘ ઊતર્યા હતા તેટલામાં દુકાનો કરી હતી. જેને જે જોઈએ તે વસ્તુ તૈયાર મળતી હતી. ૧૬.

વડતાલ અને આસપાસના બધા હરિભક્ત પગી શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સંઘની ચોકી કરવા લાગ્યા હતા. બધા પગીને શ્રીહરિને રાજી

કરવાનું તાન હતું. ૧૭. મહી કાંઠાના બારૈયા સત્સંગી થયા હતા. તેમાં કેટલાક તો મોટા સરદાર કહેવાતા. ચોપદાર અને સુખપાલ રાખતા હતા. ૧૮. વડતાલ ગામથી દક્ષિણ તરફ જેટલા સંઘ ઊતર્યા હતા, તેમની ચોકી તે બારૈયા કરતા હતા અને ગામથી પૂર્વ તરફના સંઘોની ચોકી સાકરદાના બારૈયા કરતા હતા. તેથી હરિભક્તોની કોઈ પણ ચીજવસ્તુ જતી ન હતી. વાસણ, કપડાં વગેરે ઉતારા ઉપર ખુલ્લા પડ્યાં રહેતાં હતાં. ૧૯-૨૦.

પાંચ દિવસ સુધી બધા સંઘ રહ્યા, તેમાં તેમની બધી ચીજવસ્તુઓ ઘરમાં મૂકી હોય તે રીતે સુરક્ષિત રહી હતી. ગામથી ઉત્તર દિશાના સંઘની ચોકી બામરોલીના પગી કરતા હતા. ૨૧. રાત-દિવસ ચોકી રાખતા હતા. કોઈની એક પણ વસ્તુ જાતી નહિ. વડતાલ ગામથી પશ્ચિમ દિશાના સંઘોની ચોકી વડતાલના પગી કરતા હતા. ૨૨. સહુ પ્રેમથી ચોકી કરતા હતા. મમત્વ સિવાય આવું ક્યારેય બને નહિ. કારણ કે, શ્રીહરિનાં વચનમાં પરમ દૈવત રહ્યું છે. ૨૩. ગારુડી(એક પ્રકારનો વાદી) સિવાય સાપને લાડ લડાવવાનું કોઈને આવડે નહિ. શ્રીહરિ તો ગારુડીઓના પણ મોટા ગારુડી છે. ૨૪. સિંહ અને સાપની જેમ જેમાં ગુણ રહ્યા હોય છે તે વ્યક્તિ ડરાવવાથી વશ થાતી નથી. આવી બાબતને શ્રીહરિ જાણતા હતા. ૨૫.

दोहा : जेसे गुन रहे जाहिमें, मुख्यपने कर जोउ;
तेसे गुन कर ही तिनकु, वश वरतावत सोउ...२६

सोरठा : वशिकरन हि जेती, मोहनि जेती कहात जेही;
सहज स्वभाविक तेती, हरि तामें रहेउ तेहि...२७
परोजन जितनो जब, तितनो तेही वेर हरि;
वावरत भये यह तब, परोजन बिन गुप्त रखत...२८

જે વ્યક્તિમાં જેવા ગુણ મુખ્યપણે રહ્યા હોય તેવા ગુણે કરીને શ્રીહરિ તેને વશ વર્તાવતા હતા. ૨૬. જેટલી વશીકરણ અને મોહિનીવિદ્યા કહેવાય છે, તે બધી શ્રીહરિમાં સહજ સ્વાભાવિક રીતે રહી છે. ૨૭. **શ્રીહરિ જે વખતે જેવું પ્રયોજન હોય તે વખતે તેવી કળાને વાપરતા હતા. પ્રયોજન વિના**

તો તેને ગુપ્ત રાખતા હતા. ૨૮. **શ્રીહરિમાં જે સર્વ શ્રેષ્ઠ ગુણો કહેવાય છે, તે બધા સંપૂર્ણ રહ્યા હતા, પણ તેમનામાં તેનો લેશમાત્ર પણ કેફ દેખાતો નહિ. આવી તો કેટલીએ મોટી મોટી બાબતો શ્રીહરિમાં રહી છે. ૨૯.** ભવ, બ્રહ્મા જેવામાં પણ ક્યારેક ગુણનો કેફ આવે છે. સમુદ્રને ગર્વ આવ્યો ત્યારે અગત્સ્યમુનિએ તેનો ગર્વ ઉતાર્યો હતો. ૩૦. **જેટલા નાના માણસો હોય છે તેઓ માનમાં પરમ સુખ માને છે. અને જ્યાં સુધી તેઓ માનમાં સુખ માનતા રહે છે ત્યાં સુધી તે નાના માણસ જ રહે છે.** ૩૧.

શ્રીહરિ આવી વાતો રોજ કરતા હતા. તેને દિલમાં ધાર્યા સિવાય તે લેશમાત્ર કામ લાગતી નથી. નરનારી મનુષ્યમાત્ર રાજ્ય કરતાં પણ માનમાં મોટું સુખ માને છે. ૩૨. **મનુષ્ય માન રાખે તો તેને માન મળતું નથી;** માનની આવી રીત રહી છે. પહેલા કોઈ મોટો શૂરવીર માણસ તોપની સામે છાતી રાખીને ચાલે છે ત્યારે તેને થોડુંક એવું માન મળે છે. **ઉદ્યમ સિવાય કોઈને માન મળતું નથી. માણસ જેવો ઉદ્યમ કરે છે તેવું તેને માન મળે છે.** ૩૩-૩૪. **પરંતુ ભગવાનના ભક્ત સમાન અન્ય કોઈ મોટપ નથી. ભગવાનનો ભક્ત તો ભવ અને બ્રહ્મા કરતાં પણ વધારે શ્રેષ્ઠ છે. જ્યાં સુધી થોડી બુદ્ધિ હોય છે ત્યાં સુધી હાથમાં ચિંતામણિ આવે તોપણ તેનાથી તેને સુખ થતું નથી. ખરેખર મોટપ તો સમજણમાં રહી છે. જ્યાં સુધી આવી સમજણની વાતોને ધારે નહીં ત્યાં સુધી તે લેશમાત્ર કામ લાગતી નથી.** ૩૫-૩૬.

दोहा : बात धारत जिस रीत जो, सुख होत तेसी रीत;
सुख रहे बात धारे में, बिन धारे सुख न कीत...३७
सुख रहे अपरमपार हि, संत समागम माहिं;
ता बिन जितनो सुख हि, मानत समझ नाहि...३८

વાત સમજીને જેટલી યાદ રાખી ધારણ કરવામાં આવે તેટલું તેને સુખ થાય છે. વાતને ધારણ કરવામાં સુખ રહ્યું છે. વાત ધારણ કર્યા સિવાય કાંઈ સુખ થાય નહીં. ૩૭. સંત સમાગમમાં અપરંપાર સુખ રહ્યું છે. તે સિવાય જેટલું સુખ મનાય છે, તેટલી તેને સમજણ નથી. ૩૮. આંબલે રહેલી પાટ ઉપર જ્યારે અક્ષરાધિપતિ ભગવાન સ્વામિનારાયણ બેઠા હતા ત્યારે આટલી

વાત કરી હતી. કારણ કે શ્રીહરિને હરિભક્તોના ઉપર ઘણું હેત હતું. ૩૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ તરત ત્યાંથી ચાલીને ગામમાં જ્યાં ઉતારો હતો ત્યાં આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સંઘની ચોકીની વ્યવસ્થા અને શ્રીહરિની વશીકરણ અને મોહિની કળા કહી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર સત્તરમું : તરંગ - ૨૯

વડતાલમાં શ્રીહરિએ સંતો વગેરેને ઘી, કેળા, સાકર અને રોટલી પીરસીને જમાડ્યા

સુરતના શેઠ ભીખારીદાસ નામે હરિભક્ત હતા. તેની તે દિવસે રસોઈ હતી. શ્રીહરિ ઘણા આનંદથી તે જમ્યા. ૧. કેળા અને રોટલીની સારામાં સારી રસોઈ કરી હતી અને ઘી અને સાકર પીરસવા માટે અપરંપાર લાવ્યા હતા. ૨. ભજિયાં, રતાળું અને સુરણનું સારું શાક તથા સુંદર દહીં ભેળવીને રાઈતું પણ બનાવ્યું હતું. ૩. લીંબુ અને કેરીનું સરસ અનુપમ અથાણું વગેરેને ભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ તેના વખાણ કરીને જમ્યા. ૪. સંતોની જગ્યામાં સહુ સંતોને માટે રસોઈ તૈયાર થઈ, ત્યાં જેટલો ચોક હતો તેમાં રંગોળી પુરાવીને સંતોની પંક્તિ કરાવી. ૫. ત્યાં કેળના સ્તંભો રોપાવીને કેળનો બગીચો બનાવી દીધો. અને તેની વચ્ચે એક પાટ બિછાવી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૬.

રંગોળીના નક્કી કરેલા ખંડમાં સંતોની પંક્તિ બેઠી અને સહુ પહેલા કેસર, ચંદન લાવીને તત્કાળ શ્રીહરિનાં લલાટમાં અર્ચા કરી. ૭. શ્રીહરિનાં બધાં અંગોમાં ચંદન ચરચ્યું અને ફૂલના હાર, બાજુબંધ, પહોંચી વગેરે બાંધી દીધા અને હાથમાં ગુલાબના ગજરા આપ્યા. ૮. તોરા સાથેની સુશોભિત ફૂલની ટોપી મસ્તક ઉપર પહેરાવી અને કાન ઉપર બે ગુચ્છ ધરાવ્યા. તેને દેખતા ભક્તજન તૃપ્ત થતા ન હતા. ૯. લલાટ અને ભુજાઓ ઉપર કુંકુમના

ચાંદલા કર્યા. પીતાંબર ધોતી પહેરી હતી. ધૂપ અને દીપ કરીને આરતી ઉતારી. તે વખતે ચોઘડિયા અને નોબત વાગી રહી હતી. ૧૦.

ભક્તજનો મુખથી 'જય જય...' 'જય જય...' એમ બોલતા હતા. શ્રીહરિની મૂર્તિ શોભાનો ખજાનો બની હતી. તે વખતે હરિભક્તોએ ઘણા પ્રેમથી ભાઈ રામદાસજીસ્વામીની પૂજા કરી. ૧૧. તે પછી મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી ઇત્યાદિક મુનિવરોની પણ પૂજા કરી. ૧૨. તે બધા મુનિવરો અલૌકિક હતા. તેમની બધાએ પૂજા કરી. તે જ રીતે અલૌકિક વર્ણીઓ અને પાર્ષદોની પણ પૂજા કરી. ૧૩. શ્રીહરિની સાથે જે હરિભક્ત દરબારો આવ્યા હતા, તેમની પણ રસોઈવાળા હરિભક્તોએ દિવ્યભાવથી પૂજા કરી. ૧૪. આ રીતે સહુની પૂજા કર્યા પછી અગરબત્તીનો ધૂપ બધા આગળ કરીને મનમાં ભક્તો રાજી થયા. ૧૫. બધા સંતોની આગળ પહેલા પત્રાવળા મૂક્યાં. પછી સહુને કેળાં આપ્યાં. તે કેળાં સુધાર્યા પછી ઘી પીરસ્યું. ૧૬.

પછી શ્રીહરિએ કમર ઉપર કસીને રૂમાલ બાંધ્યો અને પીરસવા આવ્યા. સહુ સંતો, પાર્ષદો અને દરબારોને પોશ પોશ ભરીને સાકર પીરસી. ૧૭. સંતો, પાર્ષદો અને દરબારોની પંક્તિ અલગ અલગ થઈ હતી. તેમાં પણ કેટલાક વિભાગ હતા, તે સહુની રીત પ્રમાણે બેસાર્યા હતા. ૧૮. સહુ પહેલા કોઈ જાતનો બાધ ન આવે તે રીતે શ્રીહરિએ વર્ણીઓને કેળા, ઘી અને સાકર પીરસ્યા. ૧૯. જે જે રસોઈ બનાવી હતી તે સંતોને જ્યારે પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ આજ્ઞા કરી તેથી સહુ સંતો પ્રેમથી જમવા લાગ્યા. ૨૦. શ્રીહરિ પછી ફરીને કેળા અને ઘી પરમ આનંદ પામીને પીરસવા લાગ્યા. સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા જ રહ્યા. ૨૧.

સંતો, પાર્ષદો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે આવીને પોઢી ગયા. કારણ કે આગલી રાતે પીપળાવમાં ઉજાગરો કર્યો હતો. ૨૨. પાછલો પહોર દિવસ જ્યારે બાકી રહ્યો ત્યારે શ્રીહરિ પોઢીને ઊઠ્યા, તે વખતે આંબલે પલંગનો સુંદર હિંડોળો બાંધ્યો હતો. ૨૩. પછી શ્રીહરિ આવી તે હિંડોળા ઉપર બેઠા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ઝાડ ઉપર મૂકેલી નોબત વાગી રહી હતી. તે બધા વાજિંત્રોના ધ્વનિથી આકાશ ગાજી

રહ્યું હતું. ૨૪. **તે વખતે સંતો, વર્ણી અને હરિભક્તો, બધાની સભા શ્રીહરિની આગળ થઈ, તેમજ હરિભક્ત બાઈઓની સભા પણ અલગ થઈ.** ૨૫.

તે વખતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, બંને શિવાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, યોગાનંદસ્વામી અને ત્યાગાનંદસ્વામી વગેરે સંતો ઝાંઝ અને મૃદંગ આદિ વાજિંત્રો વગાડીને વસંત, હોરી અને ધુમારનાં મુક્તાનંદસ્વામીના બનાવેલાં પદો અપાર પ્રેમથી ગાવા લાગ્યા. તેમાં શ્રીહરિ તાન તોડતા હતા. ૨૬-૨૮. વળી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીએ બનાવેલા વસંત, હોરી અને ધુમારનાં પદો દીપચંદી આદિ રાગમાં ગાયાં. ૨૯. સહુ સંતો એક પછી એક વારાફરતી સરસ રીતે ગાન કરતા હતા. ગાનારા સંતો સમય ઉપર સાવધાન રહીને સમય અનુસારે ગાતા હતા. ૩૦.

❋ સમૈયાની ત્રણ વિશિષ્ટ બાબત :

જેવો સમય હોય તે રીતે બધા સંતો કાર્ય કરતા હતા. જ્યારે જ્યારે ઉત્સવ થતો હતો ત્યારે તેની સાથે સાથે કીર્તન, પૂજન અને ઘણી વાતો થતી હતી. ૩૧. **સમૈયામાં કીર્તન, પૂજન અને કથાવાર્તા, એ ત્રણ બાબત મુખ્યપણે વારંવાર ઘણી થતી હતી. અને એ ત્રણને લીધે ઉત્સવની ઘણી ઉત્તમતા દેખાતી હતી.** ૩૨.

❋ વાર્તાવિવેક :

चोपाई :

समय जोई बात ही जोऊ, करेकी रीत जो आवे सोऊ;
यह लोक हि परलोक हि जेहू, जन के सुधर हि जावे तेहू...३३
समय तेसी बात करत न आवे, निरउछाह जन तब होउ जावे;
उछाह जो निरउछाह जितना, बात तामें रहाये तितना...३४
संत वर्णी रु हरिजन जेता, समय जेते जानेउ तेता;
सत्संग में सो मुखि रहावा, बहु वेर हरि एसी बात करावा...३५
सत्संग के उछाह हि जेही, दिन दिन हि अधिक देवे तेही;
संत वर्णी रु हरिजन जेते, बाई भाई बडे रहे तेते...३६

સમય જોઈને વાત કરવાની રીત આવડે તો મનુષ્યોના આ લોક અને પરલોક, બંને સુધરી જાય છે. ૩૩. સમયને અનુરૂપ જો વાત કરવામાં ન આવે તો બધા લોકો ઉત્સાહરહિત થઈ જાય છે. ઉત્સાહ વધવો કે ઉત્સાહ ઘટવો, તે તો બધું વાતમાં રહ્યું છે. ૩૪. સંતો, વર્ણી અને હરિભક્તોમાં જે સમયને પારખે તે સત્સંગમાં મુખ્ય રહે છે. આવી વાત શ્રીહરિએ ઘણીવાર કરી હતી. ૩૫. સત્સંગના ઉત્સાહને દિનપ્રતિદિન વધારી દે તેવા સંત, વર્ણી કે બાઈ-ભાઈ હરિભક્ત હોય, તે સત્સંગમાં મોટા કહેવાતા. ૩૬.

નિર્દંભતા અને છળ વિનાની જેટલી વાતો છે તે અમૃત સમાન છે અને દંભ અને છળ જેમાં ભર્યા હોય તે વાત ઝેરના જેવી છે. ૩૭. શ્રીહરિના આશ્રિત જે સંત, વર્ણી તથા હરિભક્તો હતા, તે બધામાં ક્યારેય પણ દંભ અને છળ રહેતા નહિ. ૩૮. **જેટલો અધર્મ છે તે બધો દંભ અને છળમાં રહ્યો છે. ઉપરથી જે ધર્મ દેખાય છે તે બધો તો છેવટે નાશ પામે છે.** ૩૯. **જેમાં દંભ તથા છળ ન હોય અને અંદર તથા બહાર એક રીતથી જ પરમ પ્રેમરસથી ભર્યા વર્તતા હોય તેવા સંતો-ભક્તો સાચા કહેવાય છે.** ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વડતાલમાં શ્રીહરિએ સંતો વગેરેને ઘી, કેળા, સાકર અને રોટલી પીરસીને જમાડ્યા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર સત્તરમું : તરંગ - ૩૦

શ્રીહરિએ મહુધાના અમીન આગળ ઉત્સવને નિર્વિઘ્ન કરવાની વાત કહી

બીજે દિવસે સવારમાં શ્રીહરિએ જેટલો નિત્યવિધિ હતો તે બધો કરીને પછી તૈયાર થઈ ગયા. ૧. વાસણ સુથારના ઘરના ચોક આગળ જેટલાં વાજિંત્ર હતાં, તે વાગી રહ્યાં હતાં. ૨. ચોક ઘણો વિશાળ હતો. બધા દરબારો પોતાના અશ્વો ત્યાં લાવ્યા. તેને સોનેરી સાજ તથા ભરત ભરેલા સાજથી શણગાર્યા. ૩. જેટલી સવારી હતી તેમાં ડંકા અને ઝળહળતા

નિશાનો બધા તૈયાર થઈને આવી ગયા હતા. ૪. શ્રીહરિની માણકી નામે ઘોડી હતી. સ્વર્ગ, મૃત્યુલોક કે પાતાળ લોકમાં તેના જેવી કોઈ ઘોડી ન હતી. ૫. હંસ, વિમાન, ગરુડ, ઐરાવત હાથી અને સૂર્યનો સપ્તમુખી અશ્વ, તે સહુથી ઉત્તમ વાહનો છે. તેનાથી અધિક કોઈ વાહન નથી, પણ માણકી તો તે સહુ કરતાં સર્વોત્તમ હતી. તે માણકીને શણગારીને લાવ્યા. તેના ઉપર શ્રીહરિ બેઠા. ૬-૭.

આગળના ભાગમાં હાથમાં સોનાની છડી લઈને ચોપદાર છડી બોલતા હતા. બધાં જ સોનેરી વસ્ત્ર અને સોનાનાં સુંદર ઘરેણાંઓને શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધારણ કર્યાં હતાં. તે વખતની શોભા અસીમ થઈ હતી. તેને રૂડી બુદ્ધિ સિવાય કહી શકાતું નથી. તે સમયની શોભા ઘણી સર્વોત્તમ થઈ હતી. ૮-૯. શ્રીહરિનાં મસ્તક ઉપર વિવિધ ભાતિદાર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. આ રીતે મહા ચતુર શ્યામસુંદર શ્રીહરિ સમૈયા-ઉત્સવમાં નિત્ય નવીન દર્શન ઘણા હેતથી આપતા હતા. અને શ્રીહરિનાં આવાં દર્શન થાય એટલો જ હરિભક્તોને માટે મોટો નિધિ હતો. ભગવાનની મૂર્તિ સિવાયના જેટલા રૂપ હોય છે તેને બધા હરિભક્તો, કાળનાં ચવાણાનાં રૂપમાં દેખતા હતા. તેથી ભક્તોનું ચિત્ત ભગવાન સિવાય કોઈ પદાર્થમાં ચોંટતું નહિ. સુખદાતા શ્રીહરિ એવા ભક્તોને માટે જ વારંવાર ઉત્સવ કરતા રહેતા. ૧૦-૧૨.

પરંતુ જેટલા કુબુદ્ધિવાળા લોકો હતા, તે શ્રીહરિના તેવા મર્મને સમજતા નહિ અને શ્રીહરિનાં બધાં જ આચરણને પોતાના જેવા દેખતા હતા. ૧૩. **જે ભગવાનના ભક્ત છે તે દેહ છૂટે ત્યારે ભગવાનના ધામમાં જાય છે અને જે કુબુદ્ધિવાળા લોકો છે તે જમપુરીમાં જાય છે. જેટલી કુબુદ્ધિ છે તે જમપુરી, લખચોરાશી અને જન્મ-મરણનું દ્વાર છે. ૧૪-૧૫.**

सोरठा : दुःख ही जितना जेहु, कबुद्धि ताके मूल रहेउ;
सबुद्धि तितना तेहु, सुख ताके मूल हे यह...१६

चोपाई :

हरिजन ताकी सबुद्धि हीता, हरि चरित्र नित नवीन करीता;
हरिजन ऊपर हरि जो तिनकू, प्रसन्न करन तान रहे इनकू...१७

कबुद्धि जन चाय तिमी तेहा, बोलत ताकी शंक न एहा;
ज्ञान बिन बाल पशु सम ताकी, समझ रहाये कबुद्धि वाकी...१८

જીવને જેટલું દુઃખ આવે છે તેનું મૂળ કુબુદ્ધિ છે અને જેટલું સુખ થાય છે તેનું મૂળ સુબુદ્ધિ છે. ૧૬. સદ્‌બુદ્ધિવાળા હરિભક્તોને માટે તો શ્રીહરિ નિત્ય નવીન ચરિત્ર કરે છે. હરિભક્તોને પ્રસન્ન કરવા ઉપર જ શ્રીહરિને તાન રહે છે. ૧૭. કુબુદ્ધિવાળા લોકો ચાહે તેમ બોલે, પણ તેની શંકા રાખતા નહિ. સાચી સમજણ વિનાના લોકોની બુદ્ધિ તો જ્ઞાન વગરના નાના બાળક અને પશુના જેવી છે, એમ શ્રીહરિ માનતા. ૧૮.

કૃપાળુ શ્રીહરિ હરિભક્તોને દર્શન દેવાં માટે ધીમે ધીમે ચાલતા હતા. જેટલાં વાજિંત્ર હતાં, તે વાગતાં હતાં. આ રીતે શ્રીહરિ પછી વડતાલ ગામની બહાર આવ્યા. ૧૯. ગામની બહાર જેટલા ભાગમાં ભક્તોના સંઘ ઊતર્યા હતા ત્યાં બધે સુખકારી શ્યામસુંદર શ્રીહરિ ફર્યા. અને પછી આંબલે આવ્યા અને ત્યાં આવીને હિંડોળા ઉપર બેઠા. ૨૦. શ્રીહરિએ કહ્યું, ‘આ વખતે દેશે દેશના હરિભક્તો આવ્યા છે, તેથી આ સમૈયો ઘણો સારો સર્વોપરિ થયો છે.’ ૨૧. વળી, ત્યાં શ્રીહરિએ ભાઈ રામદાસજીસ્વામીને કહ્યું, ‘હવે જો કોઈ પ્રકારનું વિઘ્ન ન આવે તો સહુને ખૂબ જ આનંદ થાય. ૨૨. હરિભક્તોની ભેળા અવિદ્યાવાળા ઝાઝા લોકો જ્યારે ભળી જાય છે ત્યારે જો તેમનું ચાલે તો તે કાંઈ તોફાન કર્યા વિના રહે નહિ.’ ૨૩. ત્યારે શ્રીહરિની પાસે ભાઈ રામદાસજીસ્વામીએ પ્રેમથી કહ્યું, ‘મહુધાના અજુભાઈ છે, તે અત્યારે મહુધા પરગણાના અમીન રહ્યા છે. ૨૪. તેમને પહેલા સત્સંગ ઉપર ભાવ હતો. અને હવે તો તેઓ હરિભક્ત થયા છે. અત્યારે તેઓ સરકાર તરફથી નિમાયા છે અને તેમનો અહીંયા હુકમ ચાલે છે. તેઓ અહીંયા પહેલા જ આપનાં દર્શન કરવા આવ્યા છે. આપ જેમ કહેશો તેમ તેઓ તરત કરશે. ૨૫-૨૬.

શ્રીહરિની સાથે ભાઈસ્વામી વાતો કરતા હતા, તે સમયે જ અજુભાઈ ત્યાં આવી પહોંચ્યા અને તેઓ શ્રીહરિનાં ચરણમાં આવીને નમી પડ્યા. ૨૭. શ્રીહરિએ તે સમયે જે હાર પહેર્યા હતા, તે અજુભાઈને પહેરાવ્યા. શ્રીહરિ ખૂબ જ રાજી થયા. અને અજુભાઈને કહ્યું, ૨૮. ‘હરિભક્ત સિવાયના

બીજા જે લોકો અહીં આવે છે, તેઓ બધા બેકેદ(ઉદ્ધતાઈ)થી વર્તે છે. તેને કોઈ ધર્મ કે નિયમનો ડર હોતો નથી અને ગાંડાની જેમ ચારેબાજુ ફરતા રહે છે. ૨૯. અને હુતાશનીને દિવસ તો હરિભક્ત સિવાયના જેટલા લોકો છે તે વગર ગાંડાઈએ ગાંડાઈ કરે છે. અત્યારે તેવા દિવસો ચાલી રહ્યા છે. ૩૦. આવા સમયમાં જે ઉત્સવ કરવો તે તોફાનમાં ભળી જાય છે. વિવાહ, ભાંડ-ભવાઈ વગેરેમાં ચાહે તેવો વિવેકી માણસ હોય, તોપણ તેની શુભ બુદ્ધિ નાશ પામે છે; અત્યારે એવો સમય છે. દારૂ ન પીધો હોય તોપણ દારૂ પીધેલાના જેવી બધા બાઈ-ભાઈઓની બુદ્ધિ હોય છે. ૩૧-૩૨.

અમે ચોક્કસ જોયું છે કે, જ્યાં બાઈ-ભાઈ બધા અત્યંત એકાકાર થઈ જાય છે ત્યાં ક્યારેય શુભ બુદ્ધિ રહેતી નથી. ૩૩. તેવા બધા બાઈ-ભાઈઓ તીર્થમાં તો વધારે પડતા એકાકાર થઈને વર્તે છે. તેઓ પરસ્પર ચાહે તેવું કરે, તોપણ કોઈ એકબીજાના દોષોને જોતા નથી. ૩૪. સહુની બુદ્ધિમાં એકતાનો ભાવ રહે, તેમાં જ તેઓ અનેક જાતનું પુણ્ય માને છે. અને હરિભક્તોને દેખીને તો તેઓ ઠઠ્ઠા-મશ્કરી કરે છે. તેઓ ધર્મ-અધર્મને તપાસીને જોતા જ નથી. ૩૫. તે કુબુદ્ધિવાળા લોકો વિષયોને ભોગવવા, તેને જ તીર્થનું ફળ માને છે અને તે બધા દુર્મતિ વિષયમાં જ લાભ માને છે. ૩૬.

દુર્બુદ્ધિવાળા ગુરુઓ અને દુર્બુદ્ધિવાળા શિષ્યો, બધા ભેળામળીને ધર્મનું ઉલ્લંઘન કરે છે, તેથી ધર્મ તેને ક્યારેય મદદ કરતો નથી. અને તે બધા અત્યંત દુઃખને ભોગવે છે. ૩૭. પછી તે પાપી અધર્મી લોકોને તેના કરેલા પાપનું ફળ જન્મમરણ, જમપુરી અને લખચોરાશી મળે છે. ૩૮. ત્યારે અમીન અજુભાઈએ બે હાથ જોડીને શ્રીહરિ આગળ કહ્યું, 'મહારાજ, તેવા ઉદ્ધત લોકોને માટે તો અંગ્રેજ જેવી સરકાર અત્યારે આવી છે. ૩૯. હવે પછી થોડા દિવસોમાં જ તે બધા ઉદ્ધત લોકોને સરકાર કબજે કરશે. કારણ કે તેવા ઉદ્ધત લોકોને કબજે કરવાનું તેને તાન રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ મહુધાના અમીન આગળ ઉત્સવને નિર્વિઘ્ન કરવાની વાત કહી" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥

પૂર સત્તરમું : તરંગ - ૩૧

અજુભાઈએ સુરક્ષા માટે ખાત્રી આપી અને સંતોએ ચણોઠીથી પૂજન કર્યું

ફરી અમીન અજુભાઈએ શ્રીહરિને કહ્યું, 'આપ જે રીતે ઉદ્ધતોને સુધારવા ચાહો છો તે રીતે જ કંપની સરકારને પણ તેનું તાન છે. ૧. જેટલી ઉદ્ધતાઈભરી બાબત છે તે સરકારને ગમતી નથી. અત્યારે તો જેટલા ઉદ્ધત લોકો હતા એ જ તેમની સેવામાં છે. ૨. વેદ અને પુરાણોની રીતે ધર્મ પાળવામાં બ્રાહ્મણો ત્રણેય વર્ણોમાં ઉત્તમ કહેવાય છે. ૩. પૂર્વે વિક્રમ રાજા થયા હતા, તેમણે ચક્રવર્તી રાજ્ય કર્યું હતું. તેમણે બ્રાહ્મણોને પોતાના ગોર કર્યા હતા અને કેટલાક બ્રાહ્મણોને તો તેણે રાજ્ય પણ આપ્યું હતું. ૪. તે બ્રાહ્મણો ત્રણેય વર્ણના લોકોને પોતપોતાનો ધર્મ રખાવતા હતા. ૫.

બ્રાહ્મણો સહુના પહેલા પોતાનો ધર્મ પોતે પાળે તો બીજાની પાસે ધર્મ પળાવી શકે. ધર્મ પાળવા અને લોકો પાસે ધર્મ પળાવવા માટે તો ચક્રવર્તી રાજાએ પ્રેમથી બ્રાહ્મણને રાજ્ય આપ્યું હતું. ૬. **બ્રાહ્મણોએ જ્યાં સુધી તે ધર્મને પાળ્યો ત્યાં સુધી રાજ્યની દિનપ્રતિદિન ઘણી જ વૃદ્ધિ થઈ. ધર્મમાં એવો અપાર પ્રતાપ રહ્યો છે.** ૭. **જ્યારે લોકોના ઘરમાં ઘણી સમૃદ્ધિ ભેગી થઈ ત્યારે તેમને ધર્મ ઉપર ભાવના ન રહી અને તેઓ તરત સ્વચ્છંદી થઈ ગયા.** ૮. પછી તો તેઓ બધા લોક અને શાસ્ત્રની મર્યાદાથી વિરુદ્ધ જાહેરમાં વર્તવા લાગ્યા. પછી આપ જેવા સમર્થ પરમેશ્વરને તથા તે શક્તિશાળી અંગ્રેજોને પણ બ્રાહ્મણોના અધર્મને જોઈને તેમના પ્રત્યે મનમાં નફરત થઈ. તેમનાં મનમાં સમૃદ્ધિનો મદ આવતો નથી અને સોનાને તો તેઓ પોતાનાં શરીર ઉપર સહેજે રાખતા જ નથી. ૯-૧૦. તેઓ મર્યાદાનો લોપ કરીને ભૂલથી પણ ક્યારેય પરનારીનો પ્રસંગ રાખતા નથી. નાનું કે મોટું જે કોઈ પણ કામ હોય, તેમાં તેઓ નીતિને મુખ્ય રાખે છે. ૧૧. ચાહે તેવું મોટું રાજ્ય કરે, તોપણ તેઓ તેમાં અસંગી રહે છે. તેમનાં મનમાં પ્રજાને સુખી કરવાનું જ તાન રહે છે અને તે સુખી કર્યાનું પણ અભિમાન લેશમાત્ર

રાખતા નથી. ૧૨. જેટલા બીજા અભિમાનીઓ કહેવાતા હોય, તે બધાને શત્રુના સમાન દેખે છે. જે કોઈને મનમાં ગર્વ હોય તેનો તેઓ પોતાના મનમાં ખ્યાલ રાખે છે. ૧૩.

તેઓ પોતાને સોંપેલા કામ ઉપર તત્પર રહે છે. તેઓ એવા સાવધાન છે કે લેશમાત્ર પણ ઢીલ રાખતા નથી. ૧૪. જેનાં વર્તનમાં નીતિ હોય છે અને કપટ તથા કુટીલતાનો જેણે ત્યાગ કર્યો હોય છે, આવા મનુષ્યોના ઉપર અંગ્રેજોને વધારેમાં વધારે પ્રેમ હોય છે. ૧૫. ચાહે તેવો કોઈ બુદ્ધિશાળી હોય, પણ તેનાં જીવનમાં જો રજ જેટલા પણ કુફેલ કે દુર્વ્યસન દેખાય તો તેઓ તરત તેનો ત્યાગ કરી દે છે. ૧૬. આપને જે વાત રુચતી નથી તે બધી વાત તેમને પણ રુચતી નથી. તેમને મુખ્યપણે કરીને મનુષ્યના ઉપર ઘણી દયા રહે છે. ૧૭. ચાહે તેવો મોટો માણસ કહેવાતો હોય પણ જો તેમાં નીતિ ન હોય તો તેને તેઓ પશુના સમાન માને છે. અને જે લોકો નીતિમાં વર્તતા હતા, તેમને ઉત્તમ વર્ણાશ્રમના માને છે. ૧૮.

તેઓ નીતિરૂપી આંખથી દેખે છે અને વારંવાર ફરી ફરીને નીતિના માપથી માપે છે અને નીતિવાળાને જ તેઓ અદલ(પ્રામાણિક) કહે છે. ૧૯. તેઓ જે કાંઈપણ વાત કરે છે તેમાં રતીભાર પણ ફેર હોતો નથી. તેમને પ્રત્યક્ષ પરમેશ્વરનું લેશમાત્ર પણ જ્ઞાન નથી, છતાં તેઓ પ્રત્યક્ષ પરમેશ્વર તેમના ઉપર જે રીતે પ્રસન્ન થાય તે રીતે રાજ્ય કરે છે. તેઓ જ્યાં સુધી નીતિ ઉપર ચાલતા રહેશે ત્યાં સુધી રાજ્ય કરશે. ૨૦-૨૧. જેટલા લોકો કુમાર્ગે ચાલતા હોય, તેને આપ જો બતાવો તો હું તે બધાને અંગ્રેજ સરકારના હુકમથી કેદ કરી લઈશ. ૨૨. ચાહે તેવો તોફાની હોય, તોપણ આપ તેનાથી ગભરાશો નહિ. જો તે લેશમાત્ર પણ તોફાન કરશે તો અમે તેને તરત જ ગુનેગાર ઠરાવશું. ૨૩.

તેવા તોફાનીઓના ઉપર તો સરકારને રાત-દિવસ રોષ રહ્યા કરે છે અને શાહુકારના ઉપર તો સરકારને ઘણો જ ભાવ રહે છે. ૨૪. આપના આ સત્સંગના જે સંતો, વર્ણી અને હરિભક્તો છે, તેમના ધર્મ-નિયમની વાતને સાંભળીને તેમને મનમાં ઘણો આનંદ થાય છે. ૨૫. માણસમાં જેમ

જેમ વધારે સજ્જનતા દેખાય છે તેમ તેમ તેઓ મનમાં ખુશી થાય છે અને સજ્જન ઉપર ક્યારેય રોષ કરતા નથી. ૨૬. બચપણથી જ જેઓ શુભ મતિ શીખતા હોય અને જે તેવું ભણ્યા હોય અને જેટલી શુભ મતિ કેળવી હોય તેટલી તેની મોટાઈ વધે છે. ૨૭.

જેની જેવી બુદ્ધિ હોય તેને પરખવાથી જ નક્કી રૂપમાં જાણી શકાય છે અને પછી તેને તેવો તેની બુદ્ધિ અનુસારે મોટો અધિકાર મળે છે.' ૨૮. ત્યારે શ્રીહરિએ મનમાં ઘણું રાજી થઈને અમીન અજુભાઈને કહ્યું, 'હવે અમને કુબુદ્ધિવાળા તોફાની લોકોનો લગારેય ડર રહ્યો નથી. ૨૯. અત્યારે પરમેશ્વરની ઈચ્છાથી સુબુદ્ધિવાળા અને કુબુદ્ધિવાળાઓની તપાસ કરવા માટે સારું રાજ્ય થયું છે. અને તેનાથી સામાન્ય પ્રજા સુખી થઈ છે. ૩૦. જ્યારે નીતિપ્રધાન રાજ્ય થાય છે ત્યારે પ્રજાને વધારે સુખ થાય છે અને જેવી રીતે રાજા પ્રજાને સુખી કરે છે તેવી રીતે તેનું નીતિવાળું રાજ્ય આગળ વધતું રહે છે. ૩૧. જેટલા નીતિહીન રાજાઓ પ્રજાને દુઃખી કરતા રહ્યા છે, તેઓ અત્યારે અપાર નિઃસ્તેજ થઈ ગયા છે અને તેમને અપરંપાર દુઃખ થયું છે. ૩૨. **પરમેશ્વર ધારે તો શું ન થાય ? કારણ કે બધી બાજી તો પરમેશ્વરના હાથમાં છે.'**

શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે સંતો શ્રીહરિની પૂજા કરવા માટે ઊઠ્યા. ૩૩. કેટલાક સંતોએ રતાંજળી(રાતી સુખડ) અને ચણોઠીના કેટલાક હાર બનાવ્યા હતા. તે લાવીને શ્રીહરિને પહેરાવ્યા અને ચણોઠીના બાજુબંધ, પહોંચી, કડાં, કુંડળ, તોરા, ટોપી, ખૂંપ, પંખા અને છડી વગેરે પણ સંતોએ બનાવ્યા હતા. તે બધા શ્રીહરિને અર્પણ કરીને પહેરાવ્યા. ૩૪-૩૫.

શ્રીહરિની મૂર્તિ ચણોઠીમાં અપરંપાર ગરકાવ થઈ ગઈ હતી. તે વખતે ચાર ઘડી સુધી તે ચણોઠીના ઘરેણાંઓની શોભાને શ્રીહરિએ ધારી રાખી. ૩૬. ધર્મકુમાર શ્રીહરિએ સુરતના મુનિબાવાને પોતાની પાસે બોલાવીને તે બધા ચણોઠીના હાર તેમને પહેરાવ્યા. ૩૭. તે સમયે દરબારોની જે રાજપુત્રીઓ દર્શન કરવા આવી હતી, તેમને પણ એક એક ચણોઠીનો હાર આપ્યો. ૩૮. તે દિવસ સુરતના જે બધા હરિભક્તો હતા, તેમણે સહુએ

ભેળામળીને ઘણા પ્રેમભાવથી રસોઈ કરાવી હતી. ૩૯. તેઓ બધા બરફી તો લાવ્યા હતા અને અહીંયાં વડાં, ભજિયાં અને વાલ કરાવ્યા. સૂરણ અને રતાળુને તળાવ્યા, રાઈતું કર્યું, વડીનું શાક કર્યું, સારી જાતનો ભાત કર્યો, દૂધ અને સાકર તૈયાર રખાવ્યા, પાપડ તળ્યા અને કેટલાક કારેલાં તળાવીને શાક કર્યું. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "અજુભાઈએ સુરક્ષા માટે ખાત્રી આપી અને સંતોએ ચણોઠીથી કરેલું પૂજન કહ્યું" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર સત્તરમું : તરંગ - ૩૨

નિષ્કપટ ભાવનાવાળા અને શક્તિ નહિ ચોરનારા ભક્ત ઉપર શ્રીહરિની પ્રસન્નતા રહે છે

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સુરતના હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણીઓને પ્રસન્નમુખથી કહ્યું કે, 'રસોઈ તૈયાર થઈ છે. અમે આપ સહુને બોલાવવા આવ્યા છીએ.' ત્યારે શ્રીહરિ સહુ સંતોને સાથે લઈને તત્કાળ ચાલતા થયા. ૧-૨. વર્ણી તથા પાર્ષદો બધા સાથે હતા અને ઉત્સાહભર્યા દરબારો પણ સાથે હતા. ૩. સારો મંડપ કરાવીને તેમાં રંગોળી પૂરી હતી અને તેને મધ્યે મૂકેલી પાટ ઉપર ધર્મકુમાર શ્રીહરિ આવીને બેઠા. ૪. તે વખતે શ્રીહરિએ સ્નાન કરીને એક પીતાંબર પહેર્યું. શરીર કોરું કરીને બીજું પીતાંબર ઓઢ્યું. પછી ચરણમાં ચાખડીઓ પહેરી. ૫. જે ઠેકાણે સોનેરી બાજોઠ મૂક્યો હતો ત્યાં આવીને ભક્તોના ચિત્તને આકર્ષિત કરનારા શ્રીહરિ બેઠા. પછી ત્યાં બરફી આદિક પકવાનોના થાળ ભરીને પીતાંબર પહેરેલા વિપ્રો શ્રીહરિની આગળ લાવ્યા. અને બીજી પણ જે જે રસોઈ બનાવી હતી, તે બધી શ્રીહરિ પાસે લાવ્યા. પછી તેને શ્રીહરિ પ્રસન્નતાથી જમ્યા. ૬-૭. સંતો અને હરિભક્તો, તે સહુને દર્શન થાય તે રીતે શ્રીહરિ થાળ જમ્યા હતા.

શ્રીહરિ જયારે જમી રહ્યા ત્યારે હરિભક્તો પૂજા કરવા માટે આવ્યા. ૮. અત્તરે યુક્ત કેસર ચંદનની અર્ચા બધા અંગો ઉપર કરી. ફૂલના હાર, બાજુબંધ અને ટોપી સુશોભિત રીતે શ્રીહરિને પહેરાવ્યા. ૯. તત્કાળ ધૂપ અને દીપ કરીને મોટી આરતી પ્રગટાવીને ઉતારી. પછી હરિભક્તોએ ઘણા ભક્તિભાવથી શ્રીહરિનાં ચરણોને છાતીમાં લીધાં. ૧૦. પછી શ્રીહરિએ વર્ણીને જમવાને માટે પ્રેમથી બરફી આપી અને તેમણે જેટલા કહ્યા તેટલા દૂધપેંડા પણ આપ્યા. ૧૧. પછી સંતોની પંગત કરાવી અને તેમાં શ્રીહરિ પીરસવા આવ્યા. જે જે પકવાન કર્યા હતા, તે બધા શ્રીહરિએ પીરસ્યા. ૧૨. પાર્ષદો અને દરબારોની પંગતમાં પણ શ્રીહરિએ પકવાન પીરસ્યા. જયારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સહુ જમવા લાગ્યા. ૧૩. જયાં સુધી સંતો વગેરે જમતા રહ્યા ત્યાં સુધી ઘણું હેત લાવીને શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૧૪.

જયારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે જવા ચાલ્યા. તે સમયે મસ્તક ઉપર છત્ર રાખેલું હતું. ઉતારે આવ્યા અને પલંગ ઉપર પોઢી ગયા. ૧૫. એક કલાક પોઢ્યા પછી થોડીવાર પલંગ ઉપર બેઠા. ત્યારે કેટલાક હરિભક્તો કાંઈક વાત પૂછવા માટે આવ્યા. ૧૬. પછી જેને જેવી વાત કહેવી ઘટે તે રીતે બધી વાત કહી. જે ભક્તને જે રીતે શાંતિ થાય તેની સાથે તે રીતે વાતો કરી. ૧૭. તે અવકાશના સમયમાં કેટલાક ભક્તોના મનમાં પૂજા કરવાનો ભાવ થયો. ત્યારે તેનો પૂજા કરવાનો મનોરથ પૂરો કર્યો. કોઈ મનોરથ અધૂરો ન રાખ્યો. ૧૮. જયારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો ત્યારે આંબલે આવીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. તે સમયે બધા સંતોની સભા થઈ. ૧૯. વર્ણી, સંન્યાસી અને બધા હરિભક્તો પણ આવીને બેઠા. સભા ઘણી મોટી થઈ ગઈ. ૨૦. હરિભક્ત બાઈઓની સભા પણ પાર વગરની થઈ.

જયારે શ્રીહરિ સભા કરીને બેઠા હતા ત્યારે અપાર વાજિંત્રો વાગતાં હતાં. ભક્તજનો ખૂબ જ જયજયકાર કરતા હતા. તે સમયે અમદાવાદના બધા હરિભક્તો પ્રેમથી ત્યાં આવ્યા. ૨૧-૨૨. તેઓ શહેરમાં સહુથી

સારા તાંસા અને ઢોલને વગાડનારા હતા, એવા મુસલમાન જાતિના આઠ જણને ત્યાં લઈ આવ્યા. ૨૩. તેમાં બે ઢોલ હતા અને બીજા બધા તાંસા હતા. તેમાં એક જણ ઢોલ વગાડવામાં ભારે હોશિયાર હતો. ૨૪. અને જે તાંસા વગાડનારા હતા તેમાં એક છોકરો હતો. તે જેટલીવાર વગાડતા રહ્યા તે આઠમાં બે જણ શ્રીહરિની નજરમાં આવી ગયા. ૨૫. શ્રીહરિ તેના ઉપર મનથી ઘણું રાજી થયા અને વારે વારે બોલતા હતા કે આવા કોઈ વગાડનારા નથી જોયા. વગાડવામાં જેટલી કળા છે એટલી જ વગાડવાની તાકાત પણ રહેલી છે, અને તેમાં કોઈ જાતની કસર રાખતા નથી અને ઘણા ભાવવાળા છે. ૨૬-૨૭.

सोरठा : हमको प्रसन्न करन, दिल चोरात न जितने जोउ;
मन कर्म जोउ बचन, ता पर प्रसन्नता होत मम...२८
जाति कुजाती होउ, चोर रखत नहि चित्त जोउ;
उत्तम मानत सोउ, चोरत तितने कनिष्ठ तेहि...२९

જે લોકો અમને રાજી કરવામાં દિલ ચોરતા નથી અને મન, કર્મ, વચનથી દિલ દઈને કામ કરે છે, તેના ઉપર અમારો રાજીપો થાય છે. ૨૮. ચાહે તે જાતિ-કુજાતિના હોય, પણ જે મનમાં કોઈ જાતની ચોરી રાખતા નથી, તેમને અમે ઉત્તમ માનીએ છીએ. અને જે ચોરી રાખે છે તેમને અમે કનિષ્ઠ માનીએ છીએ. ૨૯. **સત્સંગ કરવામાં પણ જે લોકો ચિત્તમાં ચોરી રાખે છે તેના ઉપર હેત કરવામાં અમને પણ કસર રહે છે. ૩૦. જે અમારી સાથે કોઈ જાતની કસર નથી રાખતા તો તેના ઉપર રાજી થવામાં અમારું મન રોક્યું રોકાતું નથી. ૩૧.** જેને જેટલો સત્સંગ વહાલો હોય અને જેના વર્તનમાં હંમેશાં લેશમાત્ર પણ પ્રપંચ ન હોય તેને અમે નિર્દંભી માનીએ છીએ. ૩૨. સંતો કે હરિભક્તોને કોઈ જાતની ભ્રાંતિ ન થાય એવાં વર્તનમાં જેનું ચિત્ત પરોવાયેલું હોય, પ્રારબ્ધના દૈહિક સુખ-દુઃખ સિવાયના બધાં સુખ-દુઃખ આચરણ પ્રમાણે થાય છે. ૩૩.

જે જેટલું શુભ આચરણ કરે છે તેટલું તેમાં સુખ રહે છે અને જેને અશુભ વર્તન કરવાની મનમાં ઈચ્છા હોય તેટલું તેને તરત દુઃખ આવ્યા

સિવાય ક્યારેય રહેતું નથી. મોહરૂપી મદિરાનો કેફ ઊતર્યા સિવાય કોઈ સત્યને દેખી શકતા નથી. ૩૪-૩૫. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને મોહરૂપી મદિરાનો કેફ અધિક અધિક ચડેલો રહે છે. ૩૬. જ્યાં સુધી મોહરૂપી મદિરાનો કેફ વધારે ને વધારે રહે છે ત્યાં સુધી તે કેફ તેને જન્મમરણ અને લખચોરાશીનું ભ્રમણ વારંવાર કરાવે છે. ૩૭.

મનુષ્ય વારંવાર જમપુરીના દુઃખને પામે છે, છતાં મોહની મદિરા થોડી પણ ઊતરતી નથી. ૩૮. અજ્ઞાન અને મોહના કેફરૂપી રોગ અસાધ્ય રહ્યો છે. તે સત્સંગ સિવાયના કરોડો ઉપાયથી પણ ક્યારેય ટળતો નથી. ૩૯. જે માણસ સત્સંગ સિવાયના બીજા કરોડો ઉપાય કરે, તોપણ તેને મોહ કોઈ દિવસ ઓળખાતો નથી અને તે ટળતો પણ નથી. ૪૦. **ભગવાન સિવાય બીજા પદાર્થો જેના ચિત્તમાં ચોંટી રહેલા હોય તો તેના ચિત્તમાં બધો મોહ અચળપણે ઘર કરીને રહે છે. ૪૧.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "નિષ્કપટ ભાવનાવાળા અને શક્તિ નહિ ચોરનારા ભક્ત ઉપર શ્રીહરિની પ્રસન્નતા રહે છે" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર સત્તરમું : તરંગ - ૩૩

બધા સંતોનું શાસ્ત્રાધ્યયન કેવળ શ્રીહરિને પ્રસન્ન કરવા માટેનું હતું

ધર્મકુમાર શ્રીહરિ જ્યારે મોહની વાત કરી રહ્યા ત્યારે જે સરસ રીતે ઢોલને વગાડતો હતો, તેના ઉપર મનમાં રાજી થઈને પોતે પહેરેલો એક સારો સોનાનો દોરો તેને તત્કાળ આપી દીધો. ૧-૨. જે છોકરો સરસ રીતે તાંસાને વગાડતો હતો તેને શ્રીહરિએ તત્કાળ જ સોનાનાં બાજુબંધ આપ્યાં. ૩. તે પછી સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને વસંત, હોરી અને ધુમારનાં પદ ગાવા લાગ્યા. ૪. આરતી વખત થયો ત્યાં સુધી સંતો ઉત્સવ કરતા રહ્યા. અને જ્યારે મશાલો પ્રગટી ત્યારે શ્રીહરિ ચોતરા ઉપર જઈને બેઠા. ૫. ચોતરાને ચારેબાજુ રંગેલો લાકડાંનો કઠોડો હતો અને તેની વચ્ચે સારો

પલંગ બિછાવેલો હતો. ૬. તે ચોતરા ઉપર શ્રીહરિ ઊભા રહ્યા અને પોતે પહેલા 'નારાયણધૂન' બોલવા લાગ્યા. પછી સંતો અને હરિભક્તો બોલતા રહ્યા. ૭.

શ્રીહરિનો સ્વર ઘણો ગંભીર, મીઠો અને અમૃતરસથી ભરેલો હતો. જે નરનારી હરિભક્તો શ્રીહરિના એ સ્વરને સાંભળતા હતા, તેને તે સાંભળવાથી તૃપ્તિ થતી ન હતી; એવા તે શબ્દો હતા. શ્રીહરિની મૂર્તિનો એવો પ્રતાપ હતો કે, તે શ્રોત્રમાં, નેત્રમાં, અંતઃકરણમાં અને જીવમાં ઊતરી જાતી હતી. શ્રીહરિની જેટલી બાબત કહેવાય છે તે કોઈ પ્રતાપ વગરની હતી નહિ. ૮-૧૦. શ્રીહરિ જ્યારે ધૂન બોલાવી રહ્યા ત્યારે પલંગ ઉપર બેઠા. તે વખતે ભણનારા જે સંતો હતા, તેઓ શ્રીહરિના મહિમાના અષ્ટકો જે કંઠે હતા તે બધા અત્યંત પ્રેમથી બોલ્યા અને તે પહેલા વેદસ્તુતિ બોલ્યા હતા. ૧૧-૧૨.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, આનંદાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, **પરમહંસાનંદસ્વામી, ચિન્મયાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, આત્માનંદસ્વામી,** પરમાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, બે શિવાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, યોગાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, દહરાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી વગેરે ભણનારાનો વિદ્વતવૃંદ હતો, તથા શૂન્યાતીતાનંદસ્વામી અને ત્રિગુણાનંદસ્વામી, એ આદિક બધા સંતો વ્યાકરણ શાસ્ત્રના સારસ્વત, મધ્યકૌમુદી, સિદ્ધાંતકૌમુદી, પ્રૌઢમનોરમા, લઘુશબ્દેંદુશેખર અને શબ્દરત્ન ઈત્યાદિક ગ્રંથોને ભણેલા હતા તથા કાવ્યચંદ્રિકા, અમરકોષ વગેરેનો જ્યારે પાઠ કરતા હોય ત્યારે તેનો ગંભીર ઘોષ મચાવતા હતા. ૧૩-૧૯.

તર્કસંગ્રહ, ભગવદ્‌ગીતા, સ્કંદપુરાણની અંદરનું વાસુદેવમાહાત્મ્ય, નારદપંચરાત્ર, કેટલાયે ધર્મશાસ્ત્ર, મહાભારતની અંદરના મોક્ષધર્મ અને વિદૂરનીતિ, **વ્યાસસૂત્ર અને કેટલીયે સ્મૃતિઓ તથા વાલ્મિકી રામાયણ જેવા**

જેટલા શુભ ગ્રંથો કહેવાય છે તે બધાને ભણતા હતા. તેમાં એક શ્રીહરિને રાજી કરવાનું તાન રહેતું હતું. ૨૦-૨૨.

✵ સંતોની સર્વોત્તમ વિદ્યા :

चोपाई :

विद्या में परम विद्या इतनी, मानत रहे संत यह तितनी;
भगवान संत हरिजन ताकी, अरुचि न होवे कबहु वाकी...२३
भगवान संत हरिजन तामें, आत्मबुद्धि रहे सदा यामें;
मन क्रम बचन कबहु याके, द्रोह न होवे भूल में वाके...२४

दोहा : विद्या रहे अपार जो, साधन रहे अपार;
रुचि रहे सत्संग महीं, सबके फल यह सार...२५
विद्या पढे अपार जो, साधन अपार करेउ;
प्रगट हरि के जोग भये, अप्राप्य न कोउ रहेउ...२६

સંતો બધી વિદ્યાઓમાં સર્વોત્તમ વિદ્યા તો તેને માનતા હતા કે ભગવાન, સંત અને હરિભક્તોની ક્યારેય અરુચિ ન થાય. ૨૩. વળી, ભગવાન, સંતો અને હરિભક્તોમાં કાયમ આત્મબુદ્ધિ રહે તથા ક્યારેય મન, કર્મ, વચનથી ભૂલમાં પણ તેમનો દ્રોહ થાય નહિ. ૨૪. વિદ્યાઓ અપાર છે અને સાધન પણ અપાર છે, પણ એ સર્વનું સારરૂપ ફળ તો એ છે કે, સત્સંગમાં દૃઢ રુચિ રહે. ૨૫. અપાર વિદ્યાઓને ભણે અને અપાર સાધન કરે, પણ જો પ્રગટ ભગવાનની ઓળખ ન થાય તો તે નકામું છે. જો પ્રગટ ભગવાનનો યોગ થયો હોય તો તેને માટે કોઈ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી. ૨૬. **ઉપર કહ્યા પ્રમાણેની સમજણ પાકી થઈ હોય તો વિષમ દેશકાળમાં પણ તેની બુદ્ધિ ક્યારેય ફરે નહિ અને તે સમગ્ર જગતને જીતી ગયો કહેવાય. ૨૭. કોઈક અયોગ્ય પ્રસંગને લીધે દેશકાળાદિક વિષમ થઈ જાય અને તેમાં પણ બુદ્ધિ એકસરખી રહે તો તેની ભણેલી બધી વિદ્યાઓ અને કરેલા બધા સાધનો સફળ થયા જાણવા. ૨૮.**

સંતોની આવી સમજણ જોઈને શ્રીહરિ અત્યંત રાજી થયા. પછી અધરાત થઈ ત્યાં સુધી સંતો અને હરિભક્તોને ખુશી થઈને દર્શન દીધાં.

અને ત્યારબાદ નિર્મોહી શ્રીહરિ ગામમાં આવ્યા. અને ઉતારે આવીને પલંગ ઉપર પોઢી ગયા. ત્યારે વર્ણી સેવા કરતા હતા. ૨૯-૩૦. આ રીતે પાંચ દિવસ પર્યંત શ્રીહરિએ સંતો અને હરિભક્તોને ઘણા પ્રેમભાવથી દર્શન આપ્યાં. અને નિત્ય નિત્ય નવીન લીલાઓ કરતા હતા, તે કોઈ દિવસ પૂરેપૂરી લખી શકાતી નથી. ૩૧. વ્યાસમુનિ, બ્રહ્મા અને શારદાના જેવા કોઈ ઘણા બુદ્ધિમાન સમર્થ કવિ હોય, તે કરોડો કરોડ સાથે મળીને કરોડો કલ્પ સુધી શ્રીહરિનાં ચરિત્રને કહે, તોપણ તે અગાધના અગાધ જ રહે છે. આકાશનો જેમ પાર ન પામી શકાય તેમ ચરિત્રોનો પાર પામી શકાય નહિ. કદાચ કોઈ આકાશ અને સાગરના પારને પામી શકે, પણ શ્રીહરિનાં ચરિત્રનાં પારને પામી શકે જ નહિ. ૩૨-૩૩.

ભગવાનનાં જેટલાં ચરિત્ર કહેવાય છે તેને કોઈ માપીને લખવા માંડે અને મનમાં માને કે હું બધું જાણું છું, મારા જેવો બીજો કોઈ કવિ ક્યારેય થયો નથી, તેવો કવિ તો કૂવાના દેડકા જેવો છે. સાગરના દેડકા આગળ તેની શી ગણતરી ? સાગરનો દેડકો સાગરના અપાર મહિમાને કહી શકે છે. ૩૪-૩૫. કૂવાનો દેડકો તો સાગરનો મહિમા કૂવા જેટલો જાણે છે. કદાચ સાગરને મધ્યે કોઈ બેટ હોય અને તે બેટમાં જો કૂવો હોય તો તેનો દેડકો પણ સાગરને કૂવા જેટલો ન કહે અને સાગરનો દેડકો તો કૂવાને અત્યંત તુચ્છ કહે છે. ૩૬-૩૭. વ્યાસના જેવા કોઈ કવિ નથી અને હવે પછી તેવા કોઈ થાશે પણ નહિ. અધિકારી મનુષ્યને વિચારીને તેમણે અપાર પુરાણો લખ્યા છે. ૩૮. કર્મફળપ્રદાતા પરમેશ્વરે જેનું જેવું શરીર હોય તેનું ઉદર પોષણ કરવા માટેની વૃત્તિ રચી દીધી છે. ૩૯. જે કર્મફળપ્રદાતા પરમેશ્વર છે તે જ વ્યાસમુનિ થયા હતા. તેમણે કેટલાક પુરાણ લખ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "બધા સંતોનું શાસ્ત્રાધ્યયન કેવળ શ્રીહરિને પ્રસન્ન કરવા માટેનું હતું" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર સત્તરમું : તરંગ - ૩૪

શ્રીહરિચરિત્ર અને સત્સંગનો મહિમા કહ્યો

શ્રીહરિ રોજ રોજ અધિક અધિક પ્રેમથી કલ્યાણકારી લીલાઓને સંતો અને હરિભક્તોને માટે કરતા હતા. તેમાંથી હું સાર સાર લખું છું. ૧. ભગવાનનાં ચરિત્રો તો એવા છે કે કોઈ કવિ તેના અથથી ઇતિ સુધીના પારને પામ્યા નથી અને હવે પછી કોઈ પાર પામશે નહિ. ૨. કવિને જેટલી આયુષ્ય, બુદ્ધિ, શ્રદ્ધા અને માહાત્મ્ય હોય તે પ્રમાણે તે ચરિત્રને લખે છે, છતાં બધાં જ લીલાચરિત્રને કોઈ કહી શકતું નથી. ૩. પાણીમાં જેમ શેવાળ રહે છે તેમ બ્રહ્માંડમાં જેટલા વિષય ભર્યા છે તે બધા મનમાં ભર્યાં છે. ૪. ભગવાનમાં આસક્ત ચિત્તવાળા જેટલા કવિઓ છે તેમને એવું તાન રહે છે કે, શ્રીહરિની સ્મૃતિ જે તે પ્રકારે કરીને જ્યાં સુધી રહે ત્યાં સુધી હરિચરિત્રોને લખવા. ૫. અને તે ભક્તકવિ રાત-દિવસ ભગવાનનાં ચરિત્રોને મનમાં હંમેશાં સંભારતા રહે છે ત્યાં સુધી તેનાં મનમાં વિષયની સ્ફુરણા ક્યારેય થાતી નથી. ૬.

જીવના મનમાં અનાદિ યુગથી વિષયનો મેલ ભરાયેલો છે. તે મેલ શ્રીહરિનાં ચરિત્ર અને સત્સંગ સિવાય બીજા કોઈ સાધનથી છૂટતો નથી. ૭. ભગવાનનાં ચરિત્ર અને સત્સંગ સિવાયના કાવ્યો તો દુનિયામાં ઘણા હોય છે, પણ તે કાવ્યોથી તો વિષયમાં વધારે આસક્તિ થાય છે અને તેને લીધે ક્યારેય જીવનો મોક્ષ થાતો નથી. ૮. જે મનુષ્યોને જ્યાં સુધી ભગવાનનું શરણ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તે જીવ સંસારસાગરમાં તણાતો રહે છે અને તેનાં જન્મ-મરણ ક્યારેય છૂટતા નથી. ભગવાનનાં ચરિત્ર અને સત્સંગ વિના જીવ લખચોરાશી અને જમપુરીમાં વારંવાર ભટકતો રહે છે. તે બંનેનો યોગ થયા સિવાય વિષયનો મેલ ક્યારેય છૂટતો નથી. **જીવના મનમાં કેટલોય મેલ ભરાયો છે, તેને સાચા સંતો જ્યારે મળે છે અને ભગવાનનાં ચરિત્રોને સંભળાવે છે ત્યારે તે છૂટે છે. ૯-૧૧.**

चोपाई :

हरि के चरित्र जन सुनतवारा, विषय के मेल न रहत लगारा;
अनल के जोग करिके जेहू, अनल रूप कर देवत तेहू...१२

दोहा : अनल रूप कर वस्तु जो, अनल निज हि स्वरूप;
रहत भये सदाय तेहि, एसे रहे हरि अनूप...१३

શ્રીહરિનાં ચરિત્રોને સાંભળનારામાં વિષયનો મેલ લગારેય રહેતો નથી. જેને અગ્નિનો યોગ થાય છે તેને અગ્નિ પોતાના જેવું બનાવી દે છે. **અગ્નિ પોતાના સ્વરૂપથી વસ્તુને અગ્નિરૂપ કરી દે છે. અને શ્રીહરિ પણ તેવા જ અનુપમ છે કે જેને પોતાનો યોગ થાય છે તેને પોતાના જેવો દિવ્ય કરી દે છે.** ૧૨-૧૩. જેમ પંચમહાભૂતોમાં જે ગુણો રહ્યા છે તે પોતામાંથી ઉત્પન્ન થતા બધા પદાર્થોને પોતાના ગુણ આપે છે અને પોતાનું સ્વરૂપ તો તેવું અખંડ જ રહે છે. ૧૪. **તેમ જેવું પાત્ર હોય તેવા તેને ગુણ શ્રીહરિ આપે છે, છતાં પોતે તો અકળ જ રહે છે. બ્રહ્માને પણ તેની ગમ પડતી નથી.** ૧૫. **કોઈ માણસ તુચ્છ હોય અને તેને કોઈ જાતની યથાર્થ ગમ પડતી ન હોય છતાં તે જો સત્સંગ કરે છે તો તે બધું જાણતો થઈ જાય છે.** ૧૬.

ચાહે તેવા મોટા પંડિતો અને પુરાણીઓ હોય, બધા ગ્રંથોને ભણ્યા હોય, પણ જ્યાં સુધી તે સત્સંગ કરતા નથી ત્યાં સુધી તે અંધના અંધ જ રહે છે. ૧૭. અને તેઓ વેદ અને પુરાણ આદિક સિદ્ધાંત ગ્રંથોને ભણીને તે સિદ્ધાંતોને પેટ ભરવાનો સિદ્ધાંત જાણે છે, પણ તેને મોક્ષકારી માનતા નથી. ૧૮. મોટા પંડિતો અને પુરાણીઓનો એટલો જ સિદ્ધાંત રહ્યો છે કે જેમાં આજીવિકા છે તે જ સાર છે અને જેમાં આજીવિકા નથી તે અસાર છે. ૧૯. **વેદ અને પુરાણોને ભણીને જે સત્સંગ કરવાનું શીખ્યા નથી તેણે કરીને તો તેઓ મરીને ભૂત થાય છે.** તે જે સત્સંગ કરે છે તેને જ દેખ્યામાં આવે છે. ૨૦. જેટલો પરમ મોક્ષ કહેવાય છે તે સર્વે વેદ અને પુરાણોમાં કહ્યો છે. તેની રીતને અનુસારે જ્યાં સુધી ચાલતા નથી ત્યાં સુધી તે ભલે શાસ્ત્ર ભણ્યા છે પણ પરમ મોક્ષની વાત ભણ્યા નથી. ૨૧.

શાસ્ત્રો ભણીને પોતે શુભ રીતિથી ચાલવું અને બીજાને પણ શુભ રીતિમાં ચલાવવા, જેનાથી જીવોનો મોક્ષ થાય તેને જ વારંવાર શુભ રીતિ કહી છે. ૨૨. **જેણે પોતાના જીવનો મોક્ષ કરી લીધો છે, માનો તેણે બધી જ વિદ્યાઓને ભણી લીધી છે. બધા જ શાસ્ત્રનો જે સિદ્ધાંતરૂપ સાર છે તે સત્સંગ વિના દેખાતો નથી.** ૨૩. વેદ અને પુરાણોને ભણેલા તો બધા શહેરોમાં રહ્યા છે, પણ તેમાં મોક્ષભાગી તો ખોળ્યા પણ જડતા નથી. આ બાબતમાં એક તલભાર પણ હું ખોટું કહેતો નથી. ૨૪. મોક્ષભાગી મનુષ્યો તો દુર્લભમાં પણ દુર્લભ છે અને તે સિવાયના મનુષ્યો તો ઘણા સુલભ છે. ૨૫. મોક્ષભાગી જીવોને સત્સંગ કરવામાં શાસ્ત્ર ભણેલા લોકો અંતરાય કરે છે. ૨૬. સત્સંગ રાખ્યા વિના જેટલા ભણેલા હોય છે તે પોતે તો ભગવાનને ભજતા નથી, પણ બીજા જે ભગવાનનું ભજન કરે છે તેને પણ ક્યારેક અંતરાય કરે છે. ૨૭.

सोरठा : पढने को फल हे एतो, सत्संग करना भाव कर;
सत्संग करत न तेतो, विद्या अविद्या रूप होत...२८

વિદ્યા ભણવાનું ફળ એટલું જ છે કે, મુમુક્ષુભાવથી સત્સંગ કરવો. અને જો ભાવથી સત્સંગ કરવામાં ન આવે તો ભણેલી વિદ્યા અવિદ્યા થઈ જાય છે. ૨૮. સત્સંગ વગરનાની જેટલી વિદ્યા છે તે બધી અવિદ્યારૂપ થઈ જાય છે અને પછી તે અવિદ્યા સત્સંગનો ઉચ્છેદ કરવાનો દિનપ્રતિદિન આગ્રહ રાખે છે. ૨૯. પરંતુ જે સત્સંગ કરે છે તેની જેટલી વિદ્યા છે તે બધી ફળીભૂત થાય છે. સત્સંગ કર્યા વિનાની જેટલી બાબતો છે તે એક પણ ફળીભૂત થાતી નથી. ૩૦. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેણે કરેલા તીર્થ, વ્રત, યજ્ઞયાગ, દાન, રાજસમૃદ્ધિ, યોગની સમૃદ્ધિ, આવું બધું જે કાંઈપણ મેળવ્યું હોય તે બધો સાજ નરકમાં જવાનો છે; આવી વાત શ્રીહરિ સંતો-હરિભક્તોની આગળ ઘણા હેતથી રોજ કહેતા હતા. ૩૧-૩૨.

જ્યારે હુતાશનીનો દિવસ આવ્યો ત્યારે હરિભક્તોના મનમાં ઘણો જ ઉમંગ વધ્યો. તે ઉમંગનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. શ્રીહરિ આંબલે આવ્યા અને ત્યાં આસન ઉપર બેઠા. ૩૩. સૂર્યોદય થયો ત્યારથી આરંભીને

તે સ્થળે સંતો અને હરિભક્તોની સુખરૂપ સભા થઈ. તે સભા દેખનારા ભક્તજનોને અનુપમ લાગતી હતી, પરંતુ જે આસુરી અને મલિન સ્વભાવના લોકો હતા તેઓને એ સભાને દેખતા હૃદયમાં અત્યંત સંતાપ થતો હતો. અસુરો પ્રગટ ભગવાનનું ક્યારેય ભજન કરતા નથી. તેઓનું તાન તો કાંઈક જૂદુ જ હોય છે. ૩૪-૩૫.

આસુરી લોકો પ્રગટ ભગવાનમાં અપાર દોષો દેખાડે છે. પરંતુ પ્રગટ **ભગવાન તો શરણાગત ભક્તજનોને અંતસમયે તેડવા માટે ઠેકઠેકાણે આવે છે.** ૩૬. **અથવા સંતો, બ્રહ્મચારી, હરિભક્તો તેમજ ભગવાનના પાર્ષદો જરૂર તે ભક્તને લેવા માટે આવે છે; એમાં કાંઈ જ ખોટું નથી.** ૩૭. અને ભક્તોના અંતસમયે ઠેકઠેકાણે અનેક પ્રકારના શ્રીહરિ દિવ્ય વિવિધ પ્રકારના અશ્વ, રથ કે વિમાન લઈને આવતા હોય છે. ૩૮. સત્યસ્વરૂપ ભગવાનનો અમાપ પ્રતાપ ઠેકાણે ઠેકાણે જણાતો હોય છે, પણ અસુર લોકોને તે દેખાતો નથી. ૩૯. પછી હુતાશનીને દિવસ જે જે હરિભક્તો આવ્યા હતા, તે બધા પૂજાનો વિવિધ પ્રકારનો સામાન લઈને શ્રીહરિની પાસે આવ્યા અને તે સહુએ શ્રીહરિની તથા સંતોની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિચરિત્ર અને સત્સંગનો મહિમા કહ્યો" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર સત્તરમું : તરંગ - ૩૫

અનુભવી અને શુદ્ધબુદ્ધિવાળા જ શ્રીહરિનાં પવિત્ર ચરિત્રને લખી શકે છે

શાસ્ત્ર સંમત સાચા સત્સંગ વિના અને સાચા પ્રભુ વિના કહેતાં સર્વજ્ઞ, સર્વાંતર્યામી, સર્વશક્તિમાન પરમેશ્વર સિવાયના કહેવામાત્રના મિથ્યા સત્સંગ અને પ્રભુ બની બેઠા હોય છે તે બધું તો પેટ ભરવાનું એક ચિહ્ન જ છે. ૧. જેનામાં મોક્ષના કારણરૂપ એક પણ ધર્મ-નિયમ હોતો નથી કે જેથી

કરીને મોક્ષ થાય જ; આવા જેટલા મત છે તે બધાને તો કુપંથ કહેવાય છે. ૨. તેવા કુપંથોને લોકો ઓળખે એટલા માટે જ શ્રીહરિ આ વખતે વારંવાર તેવી રીતનાં ઉજ્જ્વળ ચરિત્ર કરતા હતા. ૩. એકાંતિક સંતો અને એકાંતિક હરિભક્તો શ્રીહરિનાં ચરિત્રોને ધર્મ સ્થાપન કરનારા છે તેમ જાણતા હતા. ૪. **પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન કરવા અને અપાર મનુષ્યોનો મોક્ષ કરવા માટે જ્યારે ભગવાન અવતાર ધારણ કરે છે ત્યારે તેઓ તે બે બાબતમાં જ મુખ્યપણે તાન રાખે છે.** ૫. તે સિવાયની વાત ઉપર જે તાન રહેતું હોય છે તે તો ધર્મ વિરુદ્ધ વાતનું ખંડન કરવા માટે જ હોય છે. કેમ જે, જ્યાં ધર્મ વિરુદ્ધ બાબતનું જેટલું અપમાન-ખંડન થતું હોય ત્યાં ભગવાનનો તેટલો નિવાસ હોય છે, તેમ બુદ્ધિથી જાણવું. ભગવાન તો ચાહે તેમ ઉદ્ધાર કરે, કારણ કે તેઓ અત્યંત સમર્થ છે. ૬-૭.

चोपाई :

असंख्य हि कोटि ब्रह्मांड तिनके, जीय जितने कहावत इनके;
नियम में रखहि जिनकी जो रीता, नियम बिन एक श्वास न भरीता...०८
आपे रहत अनियम सदाई, आपे करत सतधर्म सो कहाई;
जो जो जन यह धर्म कु धारे, ततखेव महा दुःख से तारे...०९

ભગવાન તો અસંખ્ય કોટિ બ્રહ્માંડના જેટલા જીવ કહેવાય છે તે સહુને જેની જે રીત હોય તે પ્રમાણે નિયમમાં રાખે છે. ભગવાને કરેલા નિયમ સિવાય કોઈ એક શ્વાસ પણ લઈ શકતા નથી. ૮. પરમેશ્વર તો સદા નિયમરહિત રહ્યા છે, તેમના ઉપર કોઈનું નિયંત્રણ નથી. તેઓ પોતે જે ક્રિયા કરે તે સદ્ધર્મ કહેવાય છે. અને જે મનુષ્ય તે ધર્મને પાળે છે, તે તત્કાળ જ મહાન દુઃખને તરી જાય છે. ૯. આ બ્રહ્માંડમાં ભગવાન જ્યારે જ્યારે અવતરે છે અને ત્યારે જેવા જેવા ચરિત્ર કરે છે, તે બધાને પરમ મોક્ષરૂપ જાણીને વેદો અને પુરાણો ઘણા ઉમંગથી ગાન કરે છે. અને જે લોકો ભગવાનનાં જે ચરિત્રો છે તે બધાને મોક્ષરૂપ સમજતા નથી. અને તેનું ગાન કરતા નથી, પણ તેમાં વિવિધ પ્રકારના દોષ બતાવે છે, તો તેઓ વારંવાર જમપુરીમાં જાય છે અને લખચોરાશીમાં ભટકે છે. ૧૦-૧૨.

दोहा : जो जो हरि के चरित्र हि, वेद पुरान हि जेह;
पुनित आपकु होन हित, गान करत हे तेह...१३
जो जो बाध कहे तिनकु, निरबाध तेहि करन;
हरि के चरित्र कहत हे, अगाध हि बुद्धि रहन...१४

વેદ અને પુરાણો, ભગવાનનાં જે જે ચરિત્રો છે તેનું ગાન તો પોતાને પવિત્ર કરવાને માટે કરે છે. ૧૩. જે જે બાધ કહેવાતા હોય તેમને નિર્બાધ કરવા અને અગાધ બુદ્ધિ થાય તે માટે શ્રીહરિના ચરિત્રોને શાસ્ત્રો કહે છે. ૧૪. **જેની બુદ્ધિ અગાધ અને નિર્દોષ ન હોય તેવા મનુષ્યો શ્રીહરિનાં ચરિત્રોમાં દોષ દેખે છે.** ૧૫. જે દૂષિત બુદ્ધિવાળા કવિજનો હોય છે તે પોતાની બુદ્ધિને અનુસારે ભગવાનનાં ચરિત્રને લખે છે. ચરિત્ર લખે છે છતાં પણ આવી દૂષિત બુદ્ધિવાળા કવિઓ ભગવાનનાં ચરિત્રોમાં દોષ કલ્પે છે, તેણે કરીને તેવા દૂષિત બુદ્ધિવાળાનો ક્યારેય મોક્ષ થતો નથી. ૧૬-૧૭. રૂડી બુદ્ધિવાળા મનુષ્યોનો મોક્ષ કરવા માટે હું ઉમંગથી શ્રીહરિનાં ચરિત્રોને લખું છું.

હુતાશનીનો દિવસ હતો ત્યારે મધ્યાહ્ન થયો ત્યાં સુધી હરિભક્તો શ્રીહરિની પ્રેમભાવથી પૂજા કરતા રહ્યા હતા. સુરત શહેરના જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિ અને સંતોને માટે બરફી આદિક પકવાનોની સુંદર રસોઈ કરાવી. જે જગ્યામાં સંતો રહેતા હતા ત્યાં બધી રસોઈ કરાવી હતી. ૧૮-૨૦. વડતાલ, સંજાયા અને જોળ ગામના હરિભક્ત વિપ્ર વનમાળીભાઈ, હીરાલાલ, ડાહ્યાભાઈ અને વ્રજલાલ આદિક હતા. અને ઉમરેઠના જે ખેડાવાળ વિપ્ર વેદ ભણેલા, જે શુક્લ કહેવાતા હતા. તે બધા પાકા હરિભક્ત હતા. તે બધા જ્યારે શ્રીહરિ વડતાલમાં ઘણા સમૈયાઓ કરતા હતા, તે વખતે સંતોને માટે રસોઈ બનાવતા હતા. સુરતના હરિભક્તો અપાર પ્રેમી હતા. તેમણે ત્યાં વિવિધ પ્રકારની રંગોળી પૂરી. ૨૧-૨૩. અને કેળોના સ્તંભ રોપીને બાગ બનાવ્યો અને તેની વચ્ચે શ્રીહરિની સુંદર બેઠક બનાવી.

ભક્તોના જીવનપ્રાણ એવા શ્રીહરિ સ્નાન કરી પછી પીતાંબર વસ્ત્ર પહેરી અને ચરણમાં સુંદર પાદુકાઓ ધારણ કરી હરિભક્તોના ઉપર

ભાવથી જમવા માટે ત્યાં પધાર્યા. અને બોલાવીને હરિને તે બગીચા મધ્યે બેસાડ્યા. ૨૪-૨૫. જગદાધાર શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા ત્યારે મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી પકવાનના થાળ ભરીને ત્યાં લાવ્યા. તે વખતે હરખભર્યા શ્રીહરિ તે થાળ જમવા લાગ્યા. ૨૬-૨૭. શ્રીહરિ જ્યારે થાળ જમતા હતા ત્યારે સંતો અને હરિભક્તો બધાં દર્શન કરતા હતા અને તેમને ઘણો જ આનંદ થતો હતો. ૨૮. શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે તે પ્રસાદી સંતોને આપી. પછી સંતોને જમાડવા માટે પંગત કરાવી. તે સમયે સહુ મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. અને સહુ ભક્તોને તે ધૂન ઘણી પ્રિય લાગતી હતી. પછી શ્રીહરિ જેટલા પકવાન બનાવ્યા હતા, તે બધા પંગતમાં પીરસવા લાગ્યા. ૨૯-૩૦.

પકવાન પીરસાઈ રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા આપી. જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા હતા. ૩૧. શ્રીહરિના પાર્ષદો અને સાથે આવેલા દરબારોને પણ પંગત કરાવીને જમાડ્યા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા અને રૂમાલથી હાથ લૂછ્યા. ૩૨. પછી ઉતારે આવીને પ્રસન્ન મને પલંગ ઉપર થોડો વિરામ કર્યો. ચાર ઘડી સુધી વિરામ કરીને ભક્તોને દર્શન દેવા માટે શ્રીહરિ ઉતારેથી ચાલતા થયા. ૩૩. તે દિવસની સવારની એક વાત લખવાની રહી ગઈ છે. તે હવે હું સંભારીને લખું છું. લખ્યા વિના વાત તેમની તેમ ગુપ્ત પડી રહે છે. ૩૪. કેટલીક વાત તો નજરે દેખેલી એવી છે કે તેનાથી બ્રહ્માંડ ભરાઈ જાય. અને જેટલી વાત લખવામાં આવે છે તે બધી સાંગોપાંગ બચી રહે છે. ૩૫.

શ્રીહરિની વાત નજરે દેખી હોય તોપણ કોઈ મદદગાર સિવાય લખવી ઘણી કઠણ પડે છે. ૩૬. શ્રીહરિની વાતો લખવી ઘણી કઠણ છે, તેને તો જે લખે છે તે જાણે છે. કોઈ મદદગાર હોય તોપણ લખવું કઠણ છે, લખવું કાંઈ સહેલું નથી. ૩૭. લખતા ન આવડતું હોય અને તે જો લખે તો તે વાતમાં વિવેકહીન માણસ ઘણા દૂષણ આપે છે. ૩૮. અને જેમાં જેટલો વિવેક છે, તેને તે ચરિત્રનો ગ્રંથ આશ્ચર્યકારી લાગે છે અને

અતિ પ્રિય લાગે છે. તેનાથી કોઈ અધિક પ્રિય લાગતું નથી ત્યારે જાણવું જે એને વિવેક છે. અને આ હરિચરિત્રનું લખાણ જેને પ્રિય ન લાગે તેને કાકચાતુરીવાળો કહેવો. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "અનુભવી અને શુદ્ધબુદ્ધિવાળા જ શ્રીહરિનાં પવિત્ર ચરિત્રને લખી શકે છે" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ।।૩૫।।



પૂર સત્તરમું : તરંગ - ૩૬

લોકોની ભીડ, હિંડોળાની રચના અને શ્રીહરિ હિંડોળે પધાર્યા

હુતાશનીને દિવસ સવારમાં સૂર્યોદય થયો ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ સારો રંગીન હિંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો અને વિવિધ પ્રકારે તેમાં અપાર શોભા કરી કે જે મુખથી કહી શકાતી નથી. ૧-૨. વડતાલના મેવાડા સુતાર ભાણાભાઈ નામે હતા. તેના પિતાએ તે હિંડોળો રંગ્યો હતો. ૩. કાનમ પ્રદેશના કરજણ ગામના કાશીદાસ નામે સુતાર હરિભક્ત હતા, તેણે તે હિંડોળો બનાવીને તૈયાર કર્યો હતો. તેના વચલા ઘુંમટની ઉપર કળશ મૂક્યો હતો. ચારેબાજુ થાંભલાઓની વચ્ચે વિવિધ પ્રકારની કમાનો કરી હતી. ૪-૫. વિવિધ ભાતના પડદાઓ અને છજાઓ કર્યા હતા, તેની શોભા વર્ણવી શકાતી નથી. નિષ્કુળાનંદસ્વામી જેમ કહેતા હતા તે રીતે સુતારે હિંડોળો બનાવ્યો હતો. ૬. સોનેરી લીંબુ બનાવીને હિંડોળામાં લટકાવ્યા હતા અને મોતીના તોરણ બાંધ્યાં હતાં. વિચિત્ર પ્રકારના ફૂલહારથી પણ હિંડોળો શોભાડ્યો હતો. ૭.

તે દિવસે હુતાશનીનો ઉત્સવ જોવાને માટે ચરોતર દેશના અપાર બાઈ-ભાઈઓ જેમ ભાથામાં દબાવીને તીર ભર્યા હોય તેમ ભીડ કરતા આવ્યા. ૮. ગામમાં અને બહારના ભાગમાં મનુષ્યોનો કોઈ પાર રહ્યો ન હતો. પ્રલયકાળમાં સમુદ્ર મર્યાદા છોડીને જેમ બહાર ઊભરાઈ આવે તેમ બધા મનુષ્યો આવ્યા હતા. ૯. મનુષ્યોની એટલી બધી ભીડ થઈ કે તેનો

કોઈ ગણતા પાર લઈ શક્યા નહીં. ચારે વર્ણના લોકો આવ્યા હતા, પણ તેમાં સહુથી વધારે કોળીઓનો સમાજ આવ્યો હતો. ૧૦. તે બધા ધનુષ્યબાણ લઈને આવ્યા હતા. તેમને મનમાં કોઈનો ભય હતો નહિ. ચારે વર્ણના જે હરિભક્તો હતા, તેની બુદ્ધિ ધર્મમાં દૃઢ થયેલી હતી. ૧૧. હરિભક્ત સિવાયના ધર્મહીન ચારે વર્ણના જે મનુષ્ય હતા, તેમનો સ્વભાવ અધર્મમાં ચાલવાના અતિ આગ્રહવાળો હતો. ૧૨.

દેશમાં સત્સંગી સિવાયના જે મોટા અમીનો હતા તે ઉપરથી વૈષ્ણવ દેખાતા અને અંદરથી શક્તિપંથી હતા. ૧૩. અને હરિભક્ત સિવાયના જે વિપ્રો અને ક્ષત્રિયો હતા, તેઓ ઉપરથી વૈષ્ણવ અને અંદરથી મલિન શક્તિપંથી હતા. ૧૪. દારૂ, માંસ અને પરસ્ત્રીઓમાં તે બધા આસક્ત રહેવાની ભાવનાવાળા હતા. તેથી તેઓ સત્સંગનો દ્રોહ કરતા હતા. ૧૫. શ્રીહરિથી વિમુખ એવા તે લોકો જ્યારે સંતો કે હરિભક્તોનું કાંઈક ખરાબ થાય તો તેઓ મનમાં ઘણા ખુશ થતા હતા. ૧૬. આવી રીતના ચાર વર્ણના અને ચારે આશ્રમના જે લોકો કહેવાતા હતા, તે બધા શ્રીહરિથી વિમુખ ગણાતા હતા. ૧૭.

શ્રીહરિ, સંતો અને હરિભક્તોમાં જેને જેટલો ભાવ રહેતો હોય તેટલા તે હરિભક્ત કહેવાતા હતા અને તેઓ ક્યારેય અંતકાળે જમપુરીમાં જાતા નથી. ૧૮. **ભગવાન તેમનો સદ્‌ભાવ જોઈને ઉદ્ધાર કરે છે.** હરિભક્ત થયા હોવા છતાં જેને શ્રીહરિ, સંતો અને હરિભક્તોની મનમાં જેટલી અરુચિ હોય તેટલા તેમને વિમુખ જાણીને શ્રીહરિ શુદ્ધ કરી દેતા. જેમ ભગવાને પૂર્વે જય, વિજય, શ્રીદામા, નારદ અને પર્વતને શુદ્ધ કર્યા હતા તે રીતે તેને પણ શુદ્ધ કરી દેતા. ૧૯-૨૦.

चोपाई :

हरिजन कु शुद्ध यह रीता, भक्तवत्सल श्रीहरि करीता;
श्रीहरि संत हरिजन जो हिता, जितनी सेवा करे कर प्रीता...२१
सेवा करे जन जेहि जितनी, श्रीहरि भूल न जावत तितनी;
जीय जेसी श्रीहरि जो ताकी, रीत कबहु न रहाये वाकी...२२

जन जानत ओर जन जो जेसा, भगवान संत कु सो तेसा;
तिन करी दुःख पावत जन जेहा, यामें नाहीं कछु संदेहा...२३

ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ આ રીતે તે હરિભક્તોને શુદ્ધ કરે છે. જે મનુષ્ય શ્રીહરિ, સંતો અને હરિભક્તોની પ્રેમથી જેટલી સેવા કરે છે તેને શ્રીહરિ ક્યારેય ભૂલતા નથી. અને જીવનો જેવો ભૂલી જવાનો સ્વભાવ છે તેવો ભગવાનનો ક્યારેય સ્વભાવ નથી. ૨૧-૨૨. જે મનુષ્ય ભગવાનને અને સંતોને સાધારણ માણસના જેવા જાણે છે, તેણે કરીને તે ઘણું દુઃખ પામે છે, તેમાં કોઈ સંદેહ નથી. ૨૩. શ્રીહરિને સહુને સુખી કરવાનું તાન છે અને તેણે કરીને તો તેઓ ભગવાન કહેવાય છે. ભેળા થયેલા મનુષ્યોમાં હરિભક્ત તો કાંઈ દેખાતા ન હતા. કેવળ અપાર કોળી જ ભેળા થયા હતા. ૨૪.

શ્રીહરિનો જે પ્રતાપ છુપાયેલો રહ્યો છે તેમાંથી શ્રીહરિ તો એક લેશમાત્ર જ પ્રગટ કરે છે. ૨૫. શ્રીહરિની સાથે જેટલા ઘોડેસવાર દરબારો હતા તે બધાને શ્રીહરિએ બોલાવ્યા, એટલે તે સહુ આવ્યા. ૨૬. શ્રીહરિની સાથે આવેલા બધા દરબારોએ બખ્તર અને પેટી(પેડુરક્ષક જાકિટ) પહેરી લીધા અને હાથમાં શસ્ત્રો લીધા. તેનાથી તે બધા વધારે શૂરવીર દેખાતા હતા. ૨૭. વળી, શ્રીહરિની સાથે જે બધા પાર્ષદો હતા, તે પણ બંદૂક બાંધીને આવ્યા. તેઓ બધા શૂરવીર જણાતા હતા. અને તેનાથી દુષ્ટ લોકો ઘણું ડરી ગયા. ૨૮.

તે વખતે ઢોલ, તાંસા, રણશિંગી, તુરાઈ, શરણાઈ, ભેરી અને ભૂંગળ વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. અને પડઘમ પણ તે વખતે વાગતાં હતાં. ૨૯. ડંકો, નોબત અને ત્રંબાળુ પણ વાગતાં હતાં. ઝાંઝરીવાળા ભાલા, જરિયાની વસ્ત્રનાં નિશાનો, આ બધાની એટલી બધી શોભા થઈ, જે વર્ણવી શકાતી નથી. ૩૦. શ્રીહરિ આગળ ગામની રાજબજારમાં ચાલ્યા ત્યારે ચોપદાર છડી પોકારતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારેલું હતું અને ભક્તજનો તે વખતે દર્શન કરતા હતા. ૩૧. કેટલાક ભક્તજનો ગુલાલ લાવ્યા હતા, તેને પાર નહિ તેટલો ઉડાડતા હતા. જે લોકો દર્શન કરવા આવ્યા હતા તે બધા ગુલાલથી રંગાઈ ગયા હતા. ૩૨.

જમીન, મકાન, વૃક્ષ અને આકાશ, બધું જ ગુલાલમય જણાતું હતું. જ્યારે દયાળુ શ્રીહરિ ગામથી બહારના ભાગમાં આવ્યા ત્યારે હરિભક્ત સિવાયના જેટલા લોકો દર્શન કરતા હતા તે બધા તત્કાળ ત્યાંથી ચાલતા થયા. તે વખતે સરોવર અને કૂવાનું પાણી હતું તે બધું ખૂટી ગયું, એટલા બધા લોકો ભેગા થયા હતા. ૩૩-૩૪. જ્યારે વધારે પડતા લોકોની ભીડ મટી ગઈ અને એકલા હરિભક્તો જ રહ્યા ત્યારે શ્રીહરિ જ્યાં હિંડોળો બાંધ્યો હતો ત્યાં આવ્યા અને હેત લાવીને અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩૫.

શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. ત્યારે ત્યાં સંતોની સભા બેઠી હતી. ભાઈ રામદાસજીસ્વામી રામાનંદસ્વામીના અનન્ય સેવક હતા અને તેમણે આત્માનંદસ્વામીની સાથે રહીને બે વર્ષ સુધી સેવા કરી હતી. ૩૬-૩૭. અને તેને લીધે જ શ્રીહરિ માહાત્મ્ય સમજીને ભાઈ રામદાસજીસ્વામીને સહુથી અધિક માનતા હતા. ૩૮. **શ્રીહરિ જેને સહુથી અધિક સંત માને તેને બીજા સંતો, વર્ણી, સંન્યાસી, પાર્ષદો અને હરિભક્તો પણ અધિક માનતા હતા.** ૩૯. સત્સંગમાં રહેલા બધા જ મનુષ્યો તેમનાં વચનને અધિક માનતા અને વિશેષ ભાવથી પૂજતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "લોકોની ભીડ, હિંડોળાની રચના અને શ્રીહરિ હિંડોળે પધાર્યા" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર સત્તરમું : તરંગ - ૩૭

હુતાશનીને દિવસ થયેલી સભામાં બેઠેલા સંતો વગેરેના નામ

મુનિવર મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, આત્માનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી,

અદ્‌ભુતાનંદસ્વામી, નરનારાયણાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, વિરક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, શિવાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, રામાનુજાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી, અનંતાનંદસ્વામી, આધારાનંદસ્વામી, અનુપમાનંદસ્વામી, સત્યાનંદસ્વામી, સજ્જનાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી, મનોહરાનંદસ્વામી, અમૂર્તાનંદસ્વામી, અમૃતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ગોવર્ધનાનંદસ્વામી, ગૌતમાનંદસ્વામી, ગોપીશાનંદ સ્વામી, ગોલોકેશ્વરાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, અજન્માનંદસ્વામી, આકાશાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, પુરાતનાનંદ સ્વામી, ભૂમાનંદસ્વામી, ભક્તેશ્વરાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, ભગવાનાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી, જગન્નાથાનંદ સ્વામી, જીજ્ઞાસાનંદસ્વામી, નિર્લોભાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, ૧-૧૦.

નિઃસ્પૃહાનંદસ્વામી, નિઃસ્વાદાનંદસ્વામી, નિર્દોષાનંદસ્વામી, નિર્દ્વંદ્વાનંદસ્વામી, નિરાલંબાનંદસ્વામી, નિર્વેદાનંદસ્વામી, નિર્વિકારાનંદ સ્વામી, નિજાત્માનંદસ્વામી, નિષ્કલંકાનંદસ્વામી, ધર્માનંદસ્વામી, ધ્યાનાનંદ સ્વામી, ધર્મધરાનંદસ્વામી, ધર્મપ્રકાશાનંદસ્વામી, ધર્મવૃદ્ધાનંદ સ્વામી, ધીરાનંદસ્વામી, ધર્મધીરાનંદસ્વામી, અદ્વૈતાનંદસ્વામી, હરિહર્યાનંદસ્વામી, મહાવીર્યાનંદસ્વામી, વ્રજાનંદસ્વામી, વૈરાગ્યાનંદસ્વામી, હર્યાનંદસ્વામી, વીર્યાનંદસ્વામી, જિતદોષાનંદસ્વામી, જિતમાનાનંદસ્વામી, જિતક્રોધાનંદ સ્વામી, યોગાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, રમાકાંતાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, દયાનંદસ્વામી, દયાલાનંદસ્વામી, માધવાનંદસ્વામી, મધુસૂદનાનંદસ્વામી, પ્રજેશ્વરાનંદસ્વામી, સુરેશ્વરાનંદસ્વામી, શ્વેતદ્વીપાનંદસ્વામી, શ્વેતમુક્તાનંદસ્વામી, સુપર્ણાનંદસ્વામી, નિયમાનંદસ્વામી, સુધર્માનંદસ્વામી, વિશુદ્ધાનંદસ્વામી, શુદ્ધાત્માનંદસ્વામી, સુખરૂપાનંદસ્વામી,

શુકાનંદસ્વામી, શુદ્ધજ્ઞાનાનંદસ્વામી, જ્ઞાનાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, પુરુષાનંદસ્વામી, વિશુદ્ધાત્માનંદસ્વામી, પ્રસાદાનંદ સ્વામી, પરમેશ્વરાનંદસ્વામી, પ્રભવાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, પીતાંબરાનંદસ્વામી, ૧૧-૨૦.

સચ્ચિદાનંદસ્વામી, ચિદાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, ભાવાનંદ સ્વામી, અનુભાવાનંદસ્વામી, વામનાનંદસ્વામી, મંગલાનંદસ્વામી, નિર્મલાનંદસ્વામી, શ્વેતવૈકુંઠાનંદસ્વામી, ભક્તેશ્વરાનંદસ્વામી, પરમાનંદસ્વામી, જુક્તાનંદસ્વામી, અચલાનંદસ્વામી, મુનીશ્વરાનંદ સ્વામી, મુક્તિદાનંદસ્વામી, નીલકંઠાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, જ્યોતીશ્વરાનંદ સ્વામી, શ્રીધરાનંદસ્વામી, તત્ત્વાનંદસ્વામી, ત્રિવિક્રમાનંદસ્વામી, કવ્યાનંદસ્વામી, કરુણાનંદસ્વામી, કેશવાનંદસ્વામી, બુદ્ધાનંદસ્વામી, મહાપુરુષાનંદસ્વામી, ૠષભાનંદસ્વામી, વેદાંતાનંદસ્વામી, ઠાકરાનંદસ્વામી, ગણેશાનંદસ્વામી, અવદાતાનંદસ્વામી, જ્ઞાનપ્રકાશાનંદસ્વામી, દીપકાનંદ સ્વામી, વિશ્વચૈતન્યાનંદસ્વામી, વરદાનંદસ્વામી, વિશ્વાધારાનંદસ્વામી, વિશ્વોપકારાનંદસ્વામી, નિજબોધાનંદસ્વામી, કાનડાનંદ સ્વામી, વલ્લભાનંદ સ્વામી, જ્ઞાનવલ્લભાનંદસ્વામી, ભૂધરાનંદસ્વામી, અજિતાનંદસ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી, જગદીશ્વરાનંદસ્વામી, પતિતપાવનાનંદ સ્વામી, તપસાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, શતાનંદસ્વામી, સનાતનાનંદસ્વામી, પરમપ્રકાશાનંદસ્વામી, પરમધર્માનંદસ્વામી, પરમેશ્વરાનંદસ્વામી, સાંખ્યાનંદ સ્વામી, કૌશિકાનંદસ્વામી, સદાનંદસ્વામી, સુયશાનંદસ્વામી, ચક્રધરાનંદસ્વામી, પદ્મધરાનંદસ્વામી, ગદાધરાનંદસ્વામી, શંખધરાનંદસ્વામી, ૨૧-૩૦.

સૂર્યાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી, અજંપાનંદસ્વામી, ૐકારાનંદ સ્વામી, માનદાનંદસ્વામી, અશોકાનંદસ્વામી, રાધાકૃષ્ણાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, માયાતીતાનંદસ્વામી, માયાજિતાનંદસ્વામી, ઉત્તમાનંદસ્વામી, સુજ્ઞાનંદસ્વામી અને બદ્રિનાથાનંદસ્વામી વગેરે બધા સંતો મહાન સમર્થ હતા. તેમાંથી કેટલાક તો લખવા પણ રહી ગયા છે. ૩૧-૩૩. તે બધા સંતોની સભા ખીલેલા

કમળના વન જેવી થઈ હતી. વળી, મુકુંદાનંદ વર્ણી આદિક વર્ણીઓ પણ તે સભામાં હતા. ૩૪. દેવાનંદસ્વામી આદિક સંન્યાસીઓ અને મયારામ ભટ્ટ, નાનાભાઈ ભટ્ટ આદિક વિપ્રો પણ હતા. ૩૫.

ક્ષત્રિય હરિભક્તો તો કેટલાયે હતા, તેનો ગણતા પાર આવતો નથી. તેમાંથી અમુક તો રાજાઓ હતા. તેની મનભાવતી સભા થઈ હતી. ૩૬. તે સિવાય કેટલાક તો વૈશ્ય અને શૂદ્ર હરિભક્તો દૃઢ નિયમવાળા હતા. ૩૭. ચારે વર્ણની દૃઢ હરિભક્ત એવી સધવા અને વિધવા સ્ત્રીઓ સભામાં હતી, તેનો ગણતા પાર આવતો નથી. ૩૮. હુતાશનીને દિવસ ત્યાં જે સભા થઈ હતી, તેમાં સહુએ ઘટે તે રીતે શ્રીહરિની પૂજા કરી. ૩૯. ઘણા નિપુણ સુરતના હરિભક્તોએ તે દિવસે શ્રીહરિ અને સંતોને માટે ઘણા હેતથી રસોઈ કરાવી હતી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "હુતાશનીને દિવસ થયેલી સભામાં બેઠેલા સંતો વગેરેના નામ કહ્યા" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર સત્તરમું : તરંગ - ૩૮

હિંડોળે પધારેલા શ્રીહરિ નોબત વગાડનાર ચિદાનંદ-સ્વામી ઉપર પ્રસન્ન થયા

જ્યારે બપોર થયા ત્યારે રસોઈ તૈયાર થઈ, એટલે શ્રીહરિ તે સમયે જમવાને માટે ગામમાં આવ્યા. ૧. જ્યાં સંતો રહેતા હતા ત્યાં વિશાળ ચોક હતો. તેમાં સુંદર રમણીય મંડપ કર્યો હતો. તેને દેખતા જ વહાલ થતો હતો. ૨. ત્યાં સુંદર રીતે કેળના સ્તંભો રોપાવ્યા અને તેમાં વિચિત્ર રંગની રંગોળી પૂરી હતી. ૩. તે ચોકની વચ્ચે અનુપમ પાટ મૂકી હતી. તેના ઉપર સુરમુનિના ભૂપ ઘનશ્યામ એવા શ્રીહરિ આવીને બેઠા. તેમણે એક પીતાંબર અંગ ઉપર પહેર્યું હતું અને બીજું પીતાંબર ઓઢી લીધું હતું. સુરતના કેટલાક હરિભક્તો પકવાનના થાળ ભરીને લાવ્યા, તેને શ્રીહરિ ભક્તોનો ઘણો પ્રેમ

જોઈને જમ્યા. જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જળથી મુખ ધોયું. ૪-૬. પછી મુખવાસ લીધો અને હરિભક્તો પૂજાપો લઈને આવ્યા. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર વગેરેથી ઘણા પ્યારથી શ્રીહરિને પૂજ્યા. ૭.

તે વખતે બધા સંતોની પંગત થઈ. ઘણા પ્રેમથી તે સંતોની પૂજા કરી. હરિભક્તો બધી રીતને જાણતા હતા. ૮. સંતોની પૂજા કરી રહ્યા ત્યારે નારાયણધૂન થઈ. જે સંતો હતા તે બધા મુખથી ધૂન બોલતા હતા. ૯. ધૂનનો શબ્દ એકતાર થઈ રહ્યો હતો. તે ધૂન જેણે સાંભળી હતી તેનો સંસારથી ઉદ્ધાર થતો હતો. પછી પરમ સુજાણ એવા શ્રીહરિ સંતોને પકવાન પીરસવા લાગ્યા. ૧૦. પચીશ ત્રીશ વર્ષની ઉંમરના ચતુર સંતો મોટા પાત્રમાં પકવાન ભરી ભરીને લાવતા હતા. ૧૧. શ્રીહરિની મરજી જે પ્રમાણે હોય તે જાણીને તે રીતે પંક્તિમાં ફરતા હતા. કોઈ પંક્તિમાં ગૂંચવાતા નહિ. સંતો ધર્મ પાળીને જગતમાં વિચરતા હતા. ૧૨.

दोहा : श्रद्धा आदर महात्म हि, दिन दिन रहे अपार;
संत कु देखत आतमा, संत कु पिरसन वार...१३

પીરસનારા સંતોમાં શ્રદ્ધા, આદર અને માહાત્મ્ય દિનપ્રતિદિન વધતા રહેતા હતા. પીરસનારા સંતો પીરસતી વખતે બીજા સંતોને **પોતાના આત્મા જેવા દેખતા હતા.** ૧૩. **એવા સંતોના ઉપર શ્રીહરિ ઘણું હેત રાખતા હતા.** જે સંતોમાં શ્રદ્ધા અને આદર નથી હોતા તેમાં તે ગુણ આવે તેવું શ્રીહરિ ચિત્તમાં ચિંતવતા હતા. ૧૪. શ્રીહરિ સંતોની પંગતમાં ઉત્સાહભેર ફરતા. વારંવાર હરખભર્યો અલૌકિકભાવ રાખતા. ૧૫. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે બળવંત શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને પોઢી ગયા. પછી હરિભક્તો પણ ઉતારે ગયા. ૧૬.

દેશે દેશમાંથી જે હરિભક્તો ઉત્સવમાં આવ્યા હતા તે બધા જ્યારે ઉતારે રસોઈ કરીને જમી રહ્યા ત્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો હતો. ૧૭. જ્યાં હિંડોળો બાંધ્યો હતો ત્યાં ચિત્તને ચોરનારા શ્રીહરિ કેસરી રંગના વસ્ત્ર પહેરીને આવ્યા. નટવરમૂર્તિ શ્રીહરિ આવીને હિંડોળામાં બેઠા. જે રીતની સુંદર શોભા બની હતી, તે મુખથી કહી શકાતી નથી. ૧૮-૧૯.

આ વખતે સુખકારી ઘનશ્યામ શ્રીહરિ ગામમાંથી જ્યારે જ્યારે આવતા હતા ત્યારે ત્યારે વૃક્ષ ઉપર મૂકેલી નોબત વાગતી હતી. ૨૦.

એક બાવળના વૃક્ષ ઉપર મંચ કરીને નોબત મૂકી હતી અને લહેરી ચિદાનંદસ્વામી તે નોબતને વગાડતા હતા. ૨૧. નોબતની જેટલી ગતિ કહેવાય છે તેને તે સ્વામી શ્રીહરિને રાજી કરવાને માટે શ્રદ્ધા અને પ્રેમપૂર્વક વગાડતા હતા, તેથી શ્રીહરિ કેટલીયે વાર તેમના ઉપર પ્રસન્ન થયા હતા. ૨૨. આ રીતે જેટલા સંતો-ભક્તો ઉપયોગમાં આવ્યા હતા તેમને કેટલીયે વાર ફૂલના હાર અને થાળની પ્રસાદી આપી હતી અને છાતીમાં ભીડીને ભેટ્યા હતા. ૨૩. **સંતો, વર્ણી અને પાર્ષદો, જે આ રીતે સેવાના ઉપયોગમાં આવતા, તેને શ્રીહરિ અતિશય હેતથી છાતીમાં ચરણારવિંદ આપતા હતા.** ૨૪.

दोहा : बसन प्रसादि देत भये, समय देख रहाय;
भूल न जावत कब हि हरि, एसी रीत रहे ताय...२५
उदार दिल हि रहेउ अति, उदार एसे न कोउ;
लोभ नहि लवलेश हि, समय पर हि सोउ...२६

શ્રીહરિની એવી રીત હતી કે સેવાને ક્યારેય ભૂલતા નહિ. યોગ્ય મોકાને દેખતા રહેતા અને સમય પ્રમાણે વસ્ત્ર આદિક પ્રસાદી આપતા હતા. ૨૫. **શ્રીહરિ અત્યંત ઉદાર દિલના હતા. તેમના જેવું બીજું કોઈ ઉદાર ન હતું. જ્યારે યોગ્ય સમય આવે ત્યારે લવલેશ લોભ રાખતા નહિ.** ૨૬. અપાર સમર્થ એવા શ્રીહરિને અન્ન, ધન, ભૂષણ, વસ્ત્ર, વાહન અને ભૂમિનો કોઈ પાર હતો નહીં. ૨૭. જેના ઘરમાં રાત-દિવસ અન્ન, ધન, ભૂષણ, વસન, વાહન અને ભૂમિ વગેરેનો વરસાત થતો રહેતો હોય, ૨૮.

એવા હરિભક્તના મનમાં પણ જે સંકલ્પ થાય તે પણ તરત જ સિદ્ધ થાય છે. ભગવાન સ્વામિનારાયણની કૃપાદૃષ્ટિથી તેમના ભક્તો પણ આવા અત્યંત સમર્થ થયા હતા. ૨૯. **પરંતુ જે ધનસંપન્ન સમર્થ થઈને પણ જો જેટલો લોભ રાખે છે તેટલા તે મળ સમાન દેખાય આવે છે.** એ વાત સમર્થ લોભીને દેખીને વિદૂરજીએ નીતિમાં કહી છે. ૩૦. આવી વાતો શ્રીહરિ

કોઈકવાર ભક્તોનું ઘણું હિત કરવા કહેતા હતા. વળી **શ્રીહરિ કહેતા કે, 'સામર્થ્ય હોવા છતાં જે લોભ રાખે છે તે અમને ગમતું નથી.** ૩૧. **જે લોકો સન્માર્ગે ધન વાપરતા નથી તેનું ધન તો કુમાર્ગે જાય છે અને તેનું ફળ મહાપાપ થાય છે.' આવું શ્રીહરિવર સ્વયં ત્યારે બોલ્યા હતા.** ૩૨.

જે હરિભક્તો આવતા હતા તે શ્રીહરિની આવી વાત સાંભળીને સન્માર્ગને દેખીને તેમાં ધન વાપરતા રહેતા. ૩૩. જેનાથી પરલોકમાં સુખ પ્રાપ્ત થાય તેને સન્માર્ગ કહેવાય છે અને જેનાથી જન્મમરણ, લખચોરાશી અને જમપુરીનું અપાર દુઃખ ભોગવવું પડે તેને શ્રીહરિની વાત સાંભળ્યા પછી ભક્તો કુમાર્ગ સમજતા હતા. ૩૪-૩૫. **શ્રીહરિ મનુષ્યશરીર પામ્યા પછી જેટલી અવશ્ય કરવાની બાબતો હોય તેને સ્પષ્ટ રીતે સમજાવતા અને જેટલી ત્યાગ કરવાની બાબતો હોય તેને પણ દેખાડી દેતા હતા.** ૩૬.

જ્યારે શ્રીહરિ વાતો કરતા ત્યારે તે બે (હેય અને ઉપાદેય) બાબતની જ વાતો કરતા. શ્રીહરિની વાતમાં અત્યંત પ્રતાપ હતો. તે બધો લખી શકાતો નથી. ૩૭. **શ્રીહરિ જે વાતો કહેતા હતા તેને સુજ્ઞ સંતો પોતાના અંતરમાં સાંગોપાંગ લખી લેતા હતા.** ૩૮. **શ્રીહરિની વાતોને સારમાં સારરૂપ માનીને ઊઠતા, બેસતા, ચાલતા તેનું ચિંતન કરીને ખૂબ મનન કરતા હતા. ૩૯. જ્યાં સુધી જે બાબત સારમાં સાર ન મનાય ત્યાં સુધી તેનું ચિંતવન થાતું નથી, અને ઉલ્ટાનું ન કરવાની બાબતનું ચિંતવન થતું રહે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "હિંડોળે પધારતા શ્રીહરિ નોબત વગાડનાર ચિદાનંદસ્વામી ઉપર પ્રસન્ન થયા" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર સત્તરમું : તરંગ - ૩૯

હોળીની રાતે હિંડોળામાં બિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું

હોળીનો દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે બુદ્ધિમાન સંતો ઝાંઝ અને મૃદંગ લઈને વસંત, હોરી અને ધુમારનાં પદ બોલવા લાગ્યા. ૧. તે વખતે ત્યાં આવેલા બધા હરિભક્તો ખાંડ અને સાકરના મોટા મોટા હારડાં શ્રીહરિને આપવા માટે લગાતાર ઊભા રહીને આવતા હતા. ૨. હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ તે બધા હારડાંને સ્વીકારતા હતા અને ભક્તો પણ મનમાં ઉમંગ લાવીને 'જય જય...' 'જય જય...' આવા શબ્દોને બોલતા હતા. ૩. જે હરિભક્તો ગુલાલના થાળ ભરી ભરીને લાવતા હતા તેને શ્રીહરિ તત્કાળ સંતોની સભાના ઉપર ઉડાડી દેતા હતા. ૪. સંતો અને હરિભક્તોની બધી સભા ગુલાલમય થઈ ગઈ હતી. ત્યાંની ભૂમિ અને બધા વૃક્ષો પણ ગુલાલ લાગવાથી શોભી રહ્યા હતા. ૫. શ્રીહરિની મૂર્તિ પણ ગુલાલથી રંગાઈ ગઈ હતી. શ્યામળી મૂર્તિ ઘણી સોહામણી લાગતી હતી. દર્શન કરનારા ભક્તોનાં નેત્ર તૃપ્ત થતા નહિ. ૬.

તે સમયે તાંસા અને ઢોલ આદિ વાજિંત્ર વાગવાં લાગ્યાં અને જ્યારે મશાલનો સમય થયો ત્યારે બધા વાળંદોએ મશાલ પ્રગટાવી. ૭. બધા વાળંદ હરિભક્ત હતા. તેનો ગણતા પાર આવે તેમ નથી. સુરતના દસ-બાર વાળંદ હતા. તેનું મૂળ વતન દંઢાવ્ય દેશ હતું. ૮. કાનમ, વાકળ, ચરોતર, ગુજરાત, બારા, ભાલ અને કાઠિયાવાડ, એ બધા પ્રદેશોના વાળંદોના મનમાં 'આવી સેવા તો આપણને ક્યારેય ન મળે !' એમ માનીને શ્રીહરિને પ્રસન્ન કરવાને માટે સેવા કરવામાં ઘણું તાન રહેતું હતું. ૯-૧૦. જ્યારે મશાલ થઈ ત્યારે સંતો, વર્ણી અને બધા હરિભક્તો, તેમણે ઊભા થઈને આરતી કરી અને પછી સ્વામિનારાયણ ધૂન કરી. ૧૧. ધૂન કર્યા પછી સ્તુતિ કરી અને તે પછી સહુએ દંડવત્-પ્રણામ કર્યા. ૧૨.

જ્યારે સહુ નમસ્કાર કરી રહ્યા ત્યારે શ્રીહરિએ પ્રસન્ન મનથી સહુ હરિભક્તોની આગળ વાત કરી. ૧૩. તેમણે કહ્યું કે, 'આવતીકાલે ફૂલદોલનો

દિવસ છે અર્થાત્ નરનારાયણ દેવનો જન્મદિવસ છે. ૧૪. તો તે દિવસે બધા લોકો અપાર રંગ અને ગુલાલ ઉડાડીને ઘણો ઉત્સવ કરે છે. ૧૫. તે નરનારાયણ દેવને પ્રસન્ન કરવાને માટે અમે પણ વર્ષોવર્ષ રંગોત્સવ કરીએ છીએ. ૧૬. વર્ષોવર્ષ અમે સંતોની સાથે ઘણા પ્રેમથી રંગે રમીએ છીએ. જ્યાં જેટલું નિષ્કામવ્રત રહે છે ત્યાં તેટલું નરનારાયણ દેવ નિવાસ કરીને રહે છે અને ત્યાં કાયમ વસંતઋતુ રહીને સુયશરૂપી રંગને વરસાવતો રહે છે. ૧૭-૧૮. **જ્યાં જેટલી વધારે નીતિ રહે છે ત્યાં તેટલો સુયશનો વરસાદ અખંડ વરસતો રહે છે. નીતિ વિનાનો જે રંગ હોય છે તેની કશી શોભા દેખાતી નથી.** ૧૯.

બુદ્ધિવાળા લોકો જ્યારે અંતર સામુ દેખે છે ત્યારે તે બધું દેખાય છે. અમારી આજ્ઞાએ કરીને ભાઈરામદાસજીસ્વામીએ રંગે રમવાને માટે પૂર્વ-પશ્ચિમ દિશામાં પાકા બે હોજ નિષ્કુળાનંદસ્વામી પાસે કરાવ્યા છે અને તે ઉત્તર-દક્ષિણ લાંબા છે. ૨૦-૨૧. તે હોજમાં રંગ ભરાશે અને અમે ત્યાં રંગે રમવા આવશું. અને તેમાં કોઈએ ધીંગામસ્તી કરવી નહિ અને બધી જ વિપરીત રીતોને છોડી દેવી. ૨૨. બધી વિપરીત રીતનો ત્યાગ કરવામાં અમને ઘણો પ્રેમ રહે છે. અને હવે અમે જે ચરિત્ર કરીએ છીએ તે સારી રીતને દેખાડવાને માટે કરીએ છીએ. ૨૩. **જેટલી વિપરીત રીતો છે તે અમને ગમતી નથી અને જે સારી રીત છે તે અમને પ્રિય લાગે છે.** ૨૪. હવે તે બે હોજમાં પૂર્વ તરફનો રંગનો હોજ સંતો રાખે અને પશ્ચિમ તરફનો હોજ હરિભક્તો રાખે, તે ભૂલવું નહિ. ૨૫. સહુ સંતો અને હરિભક્તો પિચકારીઓ તૈયાર કરી રાખો. આ બધી વાત તો એવી છે કે ગયો અવસર ફરીવાર આવતો નથી. ૨૬.

सोरठा : जितने समैये जोउ, करत हे हम ठोर जेहि;
देखिकर कह हि कोउ, सुनीके चिंतवन कर हि उर...२७
सो पाव हि मम धाम, यामें नहि संदेह कछु;
रट हि जेहि मम नाम, जम निकट न आव हि तेहि...२८

અમે જે કોઈ પણ સ્થાનમાં જેટલા ઉત્સવ-સમૈયા કરીએ છીએ, તેને કોઈ જોઈને કે સાંભળીને હૃદયમાં તેનું ચિંતવન કરશે તો તે મારા ધામને

પામશે. તેમાં કાંઈ સંદેહ નથી. **જે મારા નામનું રટણ કરશે તેની પાસે જમ ક્યારેય આવશે નહિ.'** ૨૭-૨૮. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા તે વખતે સુરતના હરિભક્ત વણિક ભાઈચંદભાઈ પૂજાનો બધો સામાન લઈને શ્રીહરિ પાસે આવ્યા. ૨૯. જરિયાની સુરવાળ અને જામો ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યો. અને નંગ જડિત ટોપી શ્રીહરિનાં મસ્તક ઉપર પહેરાવી. જે ટોપી તેજમાં ઝગમગાટ કરી રહી હતી. ૩૦. વળી, નંગ જડિત અને ચળકતા મકરાકાર કુંડળ બંને કાનમાં પહેરાવ્યા. અને વિવિધ પ્રકારનાં સોનાનાં કેટલાક હાર પણ પરમ પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. નંગ જડિત બાજુબંધ ભુજાઓ ઉપર પહેરાવ્યા. સોનાનાં સાંકળાં, પહોંચી, કડાં અને વેઢ-વીંટીઓ હાથમાં પહેરાવ્યા. ૩૧-૩૨.

એક નાનું અને એક મોટું એવા બે જરિયાની ફૂમકાવાળી મોતી જડિત સોનાની છડી શ્રીહરિના હાથમાં આપી. ૩૩. જેમાં ઘુઘરીઓના બે થર હતા એવી ભાતિદાર પટ્ટીવાળી સોનાની કટીમેખળા શ્રીહરિની કમર ઉપર બંધાવી. ૩૪. ચરણોમાં સુશોભિત ઘુઘરીઓવાળા ઝાંઝર પહેરાવ્યા અને ચરણના બંને અંગૂઠાઓમાં સોનાનાં મોટાં વેઢ ધરાવ્યાં. ૩૫. જ્યારે શ્રીહરિની મરજી જોઈ ત્યારે જરિયાની અને નંગ જડિત મખમલની મોજડીઓ ચરણમાં પહેરાવી. ૩૬.

વળી, તે સમયે કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં કરી અને લલાટની વચ્ચે મોટો કુંકુમનો ચાંદલો કર્યો. ૩૭. સુંદર સુશોભિત નંગ જડિત કલગીવાળો સોનાનો મુગટ મસ્તક ઉપર ધરાવ્યો. ૩૮. ધૂપ અને દીવો પ્રગટાવ્યો. કંકુ લગાવેલા રૂપિયા થાળ ભરીને આગળ મૂક્યા અને પછી કપૂરથી આરતી કરી. ૩૯. શ્રીહરિ હિંડોળામાં તકિયો મૂકી ઉત્તરમુખે બેઠા હતા. અને તે સમયે સંતો તથા હરિભક્તોને દર્શનનું અપરંપાર સુખ આપતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "હોળીની રાતે હિંડોળામાં બિરાજેલા શ્રીહરિએ સહુને દર્શનનું સુખ આપ્યું" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર સત્તરમું : તરંગ - ૪૦

શ્રીહરિ, સંતો અને હરિભક્તો રંગના હોજ પાસે સામસામે રંગે રમવા ઊભા રહ્યા

હિંડોળે બિરાજેલા શ્રીહરિએ જ્યારે મસ્તક ઉપર મુકુટ ધારણ કર્યો ત્યારે જેટલાં વાજિંત્રો હતાં તે બધાં વાગતા હતા. ૧. અને તે શુભ અવસરને દેખીને બંદૂકધારી બધા પાર્ષદોએ બંદૂકોના અવાજ કર્યા. ૨. તે શબ્દોને સાંભળીને ભવ, બ્રહ્મા, ઈન્દ્ર, સૂર્ય અને ચંદ્ર ઈત્યાદિક બધા દેવતાઓ વિમાનમાં બેસીને તે સ્થળે આવ્યા. ૩. ઉપરનું બધું આકાશ વિમાનોથી ઢંકાઈ ગયું અને તે બધા વિમાનો એકબીજાની ઉપર અદ્‌ભુત રીતે રહ્યા હતા. ૪. તે વિમાનોનું અપાર તેજ જે હતું, તેમાં આકાશના તારા, ચંદ્ર અને નક્ષત્રો, એ બધા વિમાનોમાં લીન થઈ ગયા હતા. ૫. વાળંદોએ જે મશાલો કરી હતી તેનું બધું તેજ ઝાંખું પડી ગયું હતું.

બધા દેવતાઓ કેસરી ચંદન અને ફૂલની સહુના ઉપર વૃષ્ટિ કરવા લાગ્યા. ૬. અને સહુ મુખથી 'જય જય...' 'જય જય...' એવો શબ્દ બોલતા હતા. કેટલીક દેવોની નોબત વાગતી હતી. અને જે દેવોના ગાંધર્વો આવ્યા હતા, તે પોત પોતાના વાજિંત્રો લઈને ગાન કરતા હતા. તેમાં લગાતાર હોરી, વસંત અને ધુમારનું એક સ્વરથી ગાન કરતા હતા. ગાંધર્વ જેટલી વિદ્યા કહેવાય છે તે બધી વિદ્યાઓને ઉત્સાહભેર ગાતા હતા. ૭-૮. શ્રીહરિને આ સર્વોપરી ભગવાન છે તેમ જાણતા હતા. તેથી તે બધા ગાંધર્વોના મનમાં પોતાની વિદ્યાને સફળ કરવાનું તાન હતું. તે સમયે દેવતાઓની જેટલી અપ્સરાઓ આવી હતી, તે બધી મનભાવ્યું નૃત્ય કરવા લાગી હતી. ૯. તે નૃત્ય કરતી વખતે પગમાં પહેરેલાં ઘુઘરુંઓનો ઘમઘમ અવાજ થયા કરતો હતો. મારી જેવી બુદ્ધિ છે તે પ્રમાણે મેં કહ્યું છે. યથાર્થપણે તો કહી શકાતું નથી. ૧૦.

શ્રીહરિ જે રીતે અક્ષરધામમાં સભા કરે છે તે રીતે બધા સંતો અને હરિભક્તોની સભા તે વખતે દેખાતી હતી. ૧૧. **શ્રીહરિની મૂર્તિ અલૌકિક**

જણાતી હતી. તેનું મુખથી વર્ણન કરી શકાતું નથી. મેં જેવી મૂર્તિ દેખી હતી તેવું કહી શકાતું નથી, છતાં કહ્યા વિના મનમાં તૃપ્તિ થાતી નથી. ૧૨.

શ્રીહરિએ ચાર ઘડી સુધી મસ્તક ઉપર મુકુટ ધારણ કરી રાખ્યો. હેતથી દર્શન આપીને સંતો તથા હરિભક્તોને તૃપ્ત કર્યા. ૧૩. મુકુટ ધારી મૂર્તિનાં જેવાં દર્શન દીધાં તેવાં ફરીવાર ક્યારેય દર્શન દીધાં નથી. પછી મસ્તક ઉપરથી મુગટ ઉતારીને પાઘ ધારી લીધી. ૧૪. જરિયાની ઝગમગતી પાઘ સુરતી હતી. તેમાં બે છોગા મૂક્યા હતા. દર્શન કરતાં જ તેમાં પ્રેમ થતો હતો. ૧૫. પાઘની ઉપર કલગીની સાથે અજબ રીતે શીરપેચ બાંધ્યો હતો. તેમાં વિવિધ પ્રકારના નંગ જડ્યા હતા. ૧૬. આ રીતે દર્શન આપતાં આપતાં મધરાત થઈ ગઈ.

પછી શ્રીહરિ ગામમાં આવ્યા અને પોતાને ઉતારે સુંદર બિછાવેલી શય્યામાં પોઢી ગયા. ૧૭. જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા. સ્વસ્થ મનથી શૌચ અને સ્નાનાદિક બધી ક્રિયા કરી. કેસરી રંગના બધાં વસ્ત્ર અંગ ઉપર ધારણ કર્યાં. કેસરી રંગની મલમલની પાઘ બાંધી અને મુખ ઉપર બોકાની ભીડીને વાળી. ૧૮-૧૯. શ્રીહરિએ ધોતિયા ઉપર ઘણો શોભાદાર સુરવાળ પહેરી લીધો અને તેમાં જાળીવાળી લાલ રંગની સરસ રેશમી નાડી હતી. ૨૦.

કારીગરે નાડીમાં પોતાની બધી જ ચતુરાઈ બતાવી હતી અને કેસરી રંગનું અંગરખું પહેર્યું હતું. અને એક ફેંટાથી કમર કસી લીધી હતી. ૨૧. શ્રીહરિએ છટાદાર નટવરનો વેષ ધાર્યો હતો. રંગે રમવાનો મનમાં ઘણો વિચાર હતો. **આ વખતે લગભગ શ્રીહરિની જન્મથી સાડત્રીશ વર્ષની ઉંમર થઈ હતી.** ૨૨. જ્યારે દિવસ ચાર ઘડી ચડ્યો ત્યારે શ્રીહરિ પ્રસન્ન મનથી માણકી ઉપર સવાર થયા અને બીજી બધી સવારી પણ તૈયાર થઈ. ૨૩. શ્રીહરિની સાથે જે બધા કાઠી દરબારો આવ્યા હતા, તે બધા પણ અશ્વ ઉપર બેઠા. સહુએ મુખ ઉપર બોકાની વાળી હતી અને સહુ રંગ રમવા માટેના હરખ ભરેલા દેખાતા હતા. ૨૪.

શ્રીહરિની સાથે રહેનારા બધા પાર્ષદો પણ તૈયાર થયા અને ચોપદાર શ્રીહરિની આગળ છડી પોકારવા લાગ્યા. ૨૫. ઢોલ, તાંસા, રણશિંગી, ભૂંગળ, તુરાઈ અને શરણાઈ વગેરે જેટલાં વાજિંત્રો હતાં, તે બધાં વાગતા હતા. ૨૬. કાઠી દરબારોના માંગણ જે રાવળ જાતિના હરિભક્તો હતા, તે પોતાના વાજિંત્રોને તે વખતે પ્રેમથી વગાડવા લાગ્યા. ૨૭. શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે આગળના ભાગમાં ભાત ભાતનાં નિશાનો ચાલતા હતા. શ્રીહરિ ચાલ્યા તે વખતની શોભા મુખથી કહી શકાતી નથી. ૨૮.

શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે જે સંતો હતા તે બધા સાથે ચાલ્યા અને હરિભક્તો પણ સાથે ચાલ્યા, જેનો ગણતા પાર આવતો નથી. ૨૯. બજારમાં અને ગામની બહાર સમૈયામાં આવેલા ભક્તોનો કોઈ પાર નહોતો. બધા જ હરિભક્તો હાથમાં ગુલાલ લઈને ઉમંગ ભર્યા આવ્યા હતા. ૩૦. જ્યાં રંગના હોજ બનાવ્યા હતા ત્યાં રંગને અખાડે શ્રીહરિ પધાર્યા. સુરતના, વડોદરાના અને શ્રીનગરના જે ભાવિક હરિભક્તો હતા, તે બધાએ આખી રાત મહેનત કરીને કેસરી રંગથી હોજ ભરી દીધા હતા. ૩૧-૩૨.

પતંગનો કેટલોક જે રંગ કર્યો હતો તેના મોટા મોટા ઠામ ભર્યાં હતાં. તે બુદ્ધિમાન હરિભક્તોએ પર્વતના જેવા ગુલાલના મોટા મોટા ગંજ ખડકી દીધા હતા. ૩૩. શ્રીહરિએ આવીને જ્યારે રંગ અને ગુલાલ જોયો ત્યારે મનમાં ખૂબ જ રાજી થયા. પછી શ્રીહરિ પશ્ચિમ તરફના હોજ પાસે ઊભા રહ્યા અને પૂર્વ તરફના હોજ પાસે સંતો ઊભા રહ્યા. ૩૪. ભાઈ રામદાસજીસ્વામી અતિ વૃદ્ધ સંત હતા, એટલે પૂર્વ તરફના હોજ પાસે તેમને માટે એક મંચ બનાવ્યો હતો. ૩૫. તેઓ મંચ ઉપર આવીને બેઠા. તેમના હાથ-પગ કમજોર થઈ ગયા હતા. શ્રીહરિ, સંતો અને હરિભક્તોની રંગક્રીડાને જોવાની તેમને ઇચ્છા હતી. આશરે તેમની ૯૭ વર્ષની ઉંમર હતી. ૩૬.

નાના મોટા જે કોઈ સંતો હતા, તે બધા રંગની પિચકારી ભરીને ઊભા રહ્યા. ૩૭. જે હરિભક્તો હતા તે સંતોના ઉપર રંગ નાખવાને માટે પિચકારીઓ ભરીને ઊભા હતા. તે સહુને શ્રીહરિએ દેખ્યા. ૩૮. શ્રીહરિએ જ્યારે સાન કરી ત્યારે બંને બાજુથી પિચકારીઓ છૂટવા લાગી. ત્યારે ઢોલ,

તાંસા જેવાં ઉત્સાહવર્ધક વાજિંત્રો વાગતા હતા. ૩૯. શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, 'તમે રંગક્રીડામાં સંતોને હરાવી દો. અમે મદદ કરવાને માટે તમારી તરફ ઊભા છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ, સંતો અને હરિભક્તો રંગના હોજ પાસે સામસામે રંગે રમવા ઊભા રહ્યા" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર સત્તરમું : તરંગ - ૪૧

ફૂલદોલને દિવસ શ્રીહરિએ સંત-હરિભક્તોની સાથે રંગક્રીડા કરી

શ્રીહરિની મરજી જાણીને ત્યાં ઊભેલા બધા હરિભક્તોએ રંગની ભરેલી પિચકારીઓ સંતોના ઉપર છોડી. ૧. તે વખતે સહુ સંતોએ પણ રંગથી ભરેલી પિચકારીઓ શ્રીહરિ તથા હરિભક્તોના ઉપર છોડી. ૨. રંગક્રીડા શરૂ થયા પછી એક પહોર સુધી સામસામે રંગથી પિચકારીઓ ભરીને રંગની અત્યંત ઝડી મચાવી દીધી, પણ રંગમાં કાંઈ દેખાતું ન હતું. ૩. 'હોરી.. હે..હોરી..' એવા શબ્દો જ જણાતા હતા. રંગખેલ એવો મચ્યો કે કોઈને કોઈ ઓળખી શકતા ન હતા. ૪. એકલો રંગ રંગ જ દેખાતો હતો. રંગ વિના કાંઈ દેખાતું ન હતું. હરિભક્તો રંગની એક પિચકારી ભરતા હતા તેટલીવારમાં તો સંતો કેટલીયે પિચકારીઓ ભરી લેતા હતા. જે કાઠી દરબારો હતા, તે બધા હરિભક્તોની તરફ રહ્યા હતા. ૫-૬. તેઓ અશ્વ ઉપર બેસીને આવ્યા અને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોકારવા લાગ્યા 'સંતો હાર્યા.. સંતો હાર્યા.. અને હરિભક્તો જીત્યા..જીત્યા..' ૭.

ત્યારે સંતોમાંથી બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીએ કાઠી દરબારોને કહ્યું, 'જેઓ રંગની રમત પ્રથમ બંધ કરે તે હાર્યા ગણાય. ૮. જો અમે પહેલા રમત બંધ કરીએ તો અમે હાર્યા ગણાઈએ અને હરિભક્તો જો રમત બંધ કરે તો તમે હાર્યા ગણાવ. **અમે તો શ્રીહરિને જીતીએ તોપણ હારેલા જ છીએ. આ અમારો સિદ્ધાંત તમને કહ્યો.** ૯. **શ્રીહરિની આગળ**

જે હારે તે જીત્યા કહેવાય અને શ્રીહરિને જે જીતે તે હાર્યા ગણાય, આવો તો ભક્તોનો મત છે. ભક્ત વિનાનાનો આવો મત નથી. ૧૦. જેટલી સાધુતા રહે તેટલા ભગવાન તેમાં રહે છે.' ત્યારે અલૈયા ખાચર બોલતા બંધ થઈ ચૂપ થઈ ગયા. **તે વખતે બોલાચાલીમાં વિરોધ થયો હતો.** ૧૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે બંને પિચકારીઓ હવે બંધ કરો. હાર કે જીત કરવી તે અમારા મનમાં ઠીક લાગતું નથી. ૧૨.

दोहा : हार जित होवत हि जिहाँ, मन न एक रहात;
अनेक मन हो जात हि, देखेमें तर्त आत...१३
एक मन तितने रंग तिहाँ, तितने हि रस रहेउ;
रस में बात रहत सब, जो जो रहेउ तेउ...१४
सोरठा : एक मन रखन हीत, विचार हम हि करत रहत;
अहोनिश जो नीत, देशकाल तिमी होत रहे...१५

જ્યાં હાર જીત થતી હોય ત્યાં પરસ્પર મન એક નથી રહેતું, પણ ત્યાં મન અનેક રીતે વહેંચાઈ જાય છે; આવું તરત દેખાઈ આવે છે. ૧૩. જે સમુદાયમાં જેટલું મન એક હોય તેટલો ત્યાં રંગ રહે છે અને તેટલો જ તેમાં પ્રેમરૂપી રસ રહે છે. જે જે કાંઈ ઉત્તમ બાબતો છે તે બધી પ્રેમરસમાં રહી છે. ૧૪. અમે રાત-દિવસ સહુનું મન પરસ્પર એક રહે એવો વિચાર કરતા રહીએ છીએ. **પરંતુ જેવા દેશકાળ હોય તેવું થઈને ઊભું રહે છે.** ૧૫. ભરતજી, લક્ષ્મણ, રામચંદ્રજી અને સીતા, એ સહુ એક મનના હતા, પણ દેશકાળની વિષમતાને લીધે એક મન હતા તે જુદા થઈ ગયા. ૧૬. બળરામજી, શ્રીકૃષ્ણ અને ગોકુળવાસીઓ સહુ એક મન થઈને રહેતા હતા, પરસ્પર એકબીજાનું હિત કરતા હતા અને બધો શત્રુભાવ દૂર કર્યો હતો. ૧૭.

તેવા સમયમાં હિત કરવા માટે જ અક્રુરજી હરખથી ત્યાં આવ્યા અને રામ અને શ્રીકૃષ્ણને રથમાં બેસાડીને પ્રેમથી મથુરા લઈ ગયા. ૧૮. તે પછી બધા ગોકુળવાસીઓના મન જુદા પડી ગયા. કાળ અને પવનની એક રીત છે કે તેઓ એક હોય તેને અલગ કરી દે છે. ૧૯. દેહ અને જીવ એક થઈને રહે છે, પણ કાળ એક જ પલકવારમાં તેને અલગ કરી દે છે, વાર લાગતી

નથી. માટે જેવા દેશકાળ હોય તેવા મનુષ્યના વિચાર થાય છે. ૨૦. જે પાકા આત્મદર્શી હોય તેને દેશકાળ લાગતા નથી. નટવિદ્યામાં મનને સારી રીતે ધ્યાન રાખીને એક અર્થાત્ એકાગ્ર રાખવું પડે છે. ૨૧. જે નટવિદ્યા છે તેના કરતાં યોગવિદ્યા અધિક છે અને સાંખ્યવિદ્યા અને યોગવિદ્યા જો સબીજ હોય તો તે ઉત્તમ છે. તેમાં જે આત્મવિદ્યા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠા કહેવાય છે તે યોગ અને સાંખ્ય, એ બંનેમાં આવી જાય છે. ૨૨-૨૩.

જેમાં માન આવીને રહે છે તેની પાસે શુભ ગુણ ક્યારેય આવતા નથી અને જે જે દોષ કહેવાય છે તે બધા માનમાં આવીને રહે છે. ૨૪. વેદ, પુરાણો, ધર્મશાસ્ત્ર, મોટા સિદ્ધો અને અમે પણ ઉપર કહ્યા પ્રમાણે જ કહીએ છીએ.' ૨૫. આટલી વાત કરીને શ્રીહરિએ સંતો અને હરિભક્તોની રંગક્રીડા બંધ કરાવી. પછી શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. તેમાં કોઈ વાર લાગી નહિ. ૨૬. પછી ત્યાંથી તત્કાળ ચોતરે આવ્યા અને ત્યાં ઊભા રહ્યા. જે રંગ હતો તે બધો ચોતરા ઉપર મગાવ્યો અને બધો ગુલાલ પણ મગાવ્યો. ૨૭. જેટલા સંતો અને હરિભક્તો હતા, તેને ચોતરાની ચારેબાજુ બોલાવીને ઊભા રાખ્યા. અને સહુની પાસે જે પિચકારીઓ હતી તે મુકાવી દીધી. ૨૮. ચાંદીનું મોટું તાંસળું હાથમાં લઈને તેમાં રંગ ભરી ભરીને શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટવા લાગ્યા અને તે રંગનો ખેલ બરાબર જામ્યો. ૨૯. શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટતા હતા તે જોઈને ભવ, બ્રહ્માને પણ ધીરજ ન રહી. બધા દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા. મોટી મોટી સતી દેવાંગનાઓ પણ વિમાનમાં બેસીને ત્યાં આવી. ૩૦.

ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ, શ્વેતદ્વીપ, તેના બધા મુક્તો પણ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. બદરિકાશ્રમવાસી ઋષિઓ પણ બધા ત્યાં આવ્યા. અને પાતાળમાંથી બલીરાજા પણ આવ્યા. રંગક્રીડા જોઈને ઘણી ધીરજ રાખી પણ ધીરજ રાખી શક્યા નહીં. ૩૧-૩૨. જ્યારે શ્રીહરિ સહુના ઉપર રંગ છાંટતા હતા ત્યારે દેવતાઓ વાજિંત્ર વગાડવા લાગ્યા. કોઈ દિવસ રંગ છાંટ્યો ન હોય તેટલો રંગ તે વખતે શ્રીહરિએ છાંટ્યો. ૩૩. રંગની રેલમછેલ મચી

ગઈ. જે કોઈ આવ્યા તેમને રંગથી ભીંજવી દીધા. જેટલો રંગ કરી રાખ્યો હતો, તે બધો છાંટી દીધો. પછી જ્યારે કાંઈ રંગ બાકી ન રહ્યો, ૩૪. ત્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડવા લાગ્યા. કપડાંની ઝોળી કરી તેને આનંદાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી ભરી દેવા માંડ્યા. ૩૫.

મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી અને નાનાભાઈ વિપ્ર પણ ગુલાલની ઝોળી ભરીને આપવા લાગ્યા. ૩૬. આમ તો કપડાંની પાંચ ઝોળી બનાવી હતી. તેને ઉપર કહેલા પાંચેય જણ વારાફરતી ગુલાલથી ભરી દેતા હતા અને શ્રીહરિ ઘણા હેતથી તે ગુલાલ સહુના ઉપર ફેંકતા હતા. ૩૭. તે સમયે જે કોઈ પણ આવ્યા તે બધાને શ્રીહરિએ રંગમય કરી દીધા હતા. શ્રીહરિએ એવી રંગક્રીડા કરી કે દેવોના વિમાનો પણ રંગથી રંગાઈ ગયા. ૩૮. જે સતી દેવાંગનાઓ આવી હતી તેણે શ્રીહરિના ઉપર વિમાનમાં રહીને રંગની વૃષ્ટિ કરી અને ફૂલની ઝડી વરસાવી. ૩૯. રંગ અને ગુલાલનો જમીન ઉપર ઘણો કીચડ થઈ ગયો, તેને ધામના મુક્તો કોઈ ઠામમાં ભરી ભરીને લઈ જવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ફૂલદોલને દિવસ શ્રીહરિએ સંત-હરિભક્તોની સાથે રંગક્રીડા કરી" એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર સત્તરમું : તરંગ - ૪૨

ઉત્સવ પછી સભામાં નીતિ અને નિયમની વાત કહીને ભક્તોને વિદાય આપી

જ્યારે શ્રીહરિ અને સહુ સંત-હરિભક્તો રંગક્રીડા કરી રહ્યા ત્યારે મધ્યાહ્ન થઈ ચૂક્યો હતો. પછી શ્રીહરિ ઉત્તર દિશા તરફ રહેલા કૂવે સ્નાન કરવા માટે ચાલ્યા. ૧. તે કૂવો કુબેરદાસ પટેલનો હતો. કૂવાના થાળામાં કુંભથી સીંચીને પાણી ભર્યું અને તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૨. સ્નાન કરી રહ્યા પછી શ્રીહરિએ જરિયાની વસ્ત્ર પહેર્યાં અને સોનાનાં ઘરેણાં પહેર્યાં

પછી અશ્વ ઉપર બેઠા. ૩. અશ્વને પણ બધા સોનેરી સાજથી શણગાર્યો હતો. તેની ઘણી શોભા બની હતી. તે સમયે છડીદાર છડી બોલતા હતા. ૪. શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. અને તે સમયે આગળ વાજિંત્ર વાગતાં હતાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. ત્યાં સંતોની વિશાળ જગ્યા હતી. ૫. તે જગ્યામાં બાંધેલા મંડપની નીચે રંગોળી પૂરી હતી અને તેમાં વચ્ચે પાટ મૂકી હતી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા.

વડોદરાના અને શ્રીનગરના જે આગેવાન હરિભક્ત હતા, તે બંનેએ મળીને તે દિવસે રસોઈ આપી હતી. વિવિધ પ્રકારના પકવાન બનાવ્યા. પહેલા શ્રીહરિને જમાડીને પૂજા કરી. પછી ધૂપ તથા દીપ પ્રગટાવ્યા. ૬-૭. પછી આરતી કરીને સંતોની પંગત કરી. ત્યારે હરિભક્તોએ તરત જ સંતોની પૂજા કરી. ૮. સંતોની પૂજા થઈ રહી, તે પછી સંતો પંગતમાં બેસીને તે વખતે ધૂન કરવા લાગ્યા. પછી ભગવાન શ્રીસ્વામિનારાયણ પકવાન પીરસવા લાગ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે જય બોલાવીને સંતો જમવા લાગ્યા. સંતોને પીરસી રહ્યા પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને ત્યાં બિછાવેલી શય્યામાં પોઢી ગયા. તે વખતે સેવક સેવા કરવા લાગ્યા. ૯-૧૦.

શ્રીહરિએ કહ્યું, ‘અમે અપરંપાર રંગ ઉડાડ્યો, તેમાં આજ ઘણો શ્રમ કર્યો છે.’ દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે સુંદર ફૂલનો હિંડોળો બનાવ્યો. ૧૧. હિંડોળો જાળીદાર કર્યો હતો. તેમાં કેટલાક ગોખ કર્યા હતા અને તેમાં કેટલાય ફૂલના તોરા ચારેબાજુ લટકતા રાખ્યા હતા. ૧૨. બહુ ભાતના કેટલાક ફૂલના હાર પણ લટકતા રાખ્યા હતા અને વિવિધ પ્રકારના સોનાના કેટલાક કળશ પણ મૂક્યા હતા. ૧૩. હિંડોળાના છજા ઉપર સોનાનાં મોર શોભી રહ્યા હતા, તેની જેટલી શોભા હતી તે દેખવામાં આવતી હતી. ૧૪. સમૈયામાં આવેલા હરિભક્તોએ રસોઈ બનાવી અને જમીને બધા પરવાર્યા ત્યારે શ્રીહરિ પણ તૈયાર થઈ ગયા હતા. ૧૫.

સોનાના શણગારથી છજાવેલા અશ્વ ઉપર શ્રીહરિ બેઠા અને શ્રીહરિની મૂર્તિ પણ સુવર્ણમય બની હતી. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. ૧૬. જે છડીદાર હતા તે હાથમાં સોનાની છડી લઈને ‘જય જય ધર્મકુળ

તિલકરાય...જય જય ધર્મકુળ પ્રગટ કરનારા...જય જય ધર્મકુળ છત્ર...' આ રીતે છડી પોકારતા હતા. જ્યારે શ્રીહરિ ચાલ્યા તે વખતે ઢોલ, તાંસા ઈત્યાદિક વાજિંત્ર વાગતાં હતાં. ૧૭-૧૮. તે વાજિંત્રોના ધ્વનિને સાંભળીને સંતો તથા હરિભક્તો સહુ આવ્યા. બજારમાં કોઈ સમાતા ન હતા. જ્યારે વડતાલ ગામની બહાર આવ્યા ત્યારે નોબત વાગવા લાગી. ૧૯. શ્રીહરિની સાથે જેટલા સંતો, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો ચાલતા હતા, તે બધા 'જય જય...' 'જય જય...' કરતા હતા અને મંગળમય કીર્તનો ગાતા હતા. ૨૦. બધા બાઈ-ભાઈ હરિભક્તો અને પાર્ષદો વગેરે પોતપોતાની મર્યાદામાં રહીને ચાલતાં, બેસતાં અને બોલતાં હતાં. ૨૧. **સહુ મર્યાદાનો ત્યાગ કરતા નહિ, તેને લીધે શ્રીહરિ તેમના ઉપર પ્રેમભાવ રાખતા હતા અને જે જેટલી મર્યાદા રાખે છે તેમાં તેટલું દૈવત હોય છે.** ૨૨.

चोपाई :

हद रु नियम ही एक रहावा, कहे बिना न आत देखावा;
नियम सो हरि के रहे स्वरूपा, नियम कर लगत परम अनूपा...२३
नियम बिन यतकंचित हि जेते, शोभा कछु न लहत हि तेते;
नियम वेद एक कर जानो, नियम से अधिक न कोउ प्रमानो...२४

મર્યાદા અને નિયમ બંને એક જ કહેવાય છે, તે કહ્યા સિવાય દેખાતા નથી. અને નિયમ તે તો ભગવાનનું સ્વરૂપ છે. માટે નિયમોથી સત્સંગ અત્યંત સર્વોત્તમ દેખાય છે. ૨૩. નિયમ વિનાનું જે કાંઈ પણ હોય છે, તે જરાય શોભતું નથી. માટે નિયમ અને વેદને એક કરીને જાણવા જોઈએ. નિયમથી અધિક કોઈ વસ્તુ નથી. ૨૪. **માટે નિયમ, વેદ અને ભગવાન, એ ત્રણેય એક છે. તે તરત સમજમાં આવે તેવા નથી. જ્યારે દિવ્યદૃષ્ટિ થાય છે ત્યારે તરત દેખી શકાય છે.** ૨૫. ફૂલદોલના ઉત્સવ ઉપર જે હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ આવીને બેઠા. તેની ઘણી વિશાળ સભા થઈ. ૨૬. જે જે દેશના જે કોઈ પણ હરિભક્ત હતા, તે બધા પ્રસન્નમનથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨૭. સહુએ શ્રીહરિની પૂજા કર્યા પછી સંતોની પૂજા કરી અને તે વખતે ઘેર જવાને માટે શ્રીહરિની

રજા લીધી. આ રીતે તે સભામાં મધરાત થઈ ત્યાં સુધી સહુએ દર્શન કર્યા. ૨૮. હરિભક્તો બધા પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમે સહુ પોતાના મંડળ લઈને ચરોતર અને ગુજરાત પ્રદેશમાં સત્સંગ કરાવવા માટે ફરતા રહો. ૨૯.

લોકો જે રીતે સત્સંગ કરે એ રીતની તમારે પ્રેમથી વાતો કહેવી. જેવા માણસો હોય તેવી તેમની આગળ વાતો કરવી. બોલવા ઉપરથી માણસની પરીક્ષા કરી શકાય છે. ૩૦. કોઈ જાતનો બાધ ન આવે તે જોઈ વિચારીને વાત કરવી. નિર્બાધ વાત જોઈને લોકોને સત્સંગ થાય છે. લોકો આગળ વાત કરીને તેમને સત્સંગ અને કુસંગનું સ્વરૂપ દેખાડી દેવું. ૩૧. **વાતમાં જે જે જ્ઞાન રહ્યું હોય તે જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે કહેતા આવડે છે. જેને નિર્બાધ અને બાધવાળી વાત જ્યારે દેખ્યામાં આવે ત્યારે તેને શ્રેષ્ઠ બુદ્ધિવાળો કહેવાય છે.** ૩૨. જેને બાધ કે નિર્બાધની કશી ખબર નથી તેની બુદ્ધિ તો અંધ કહેવાય. જેને જેટલો સત્સંગ થશે તેટલો તેની બુદ્ધિમાંથી અંધાપો મટશે. ૩૩. **બુદ્ધિરૂપી નેત્રનું એટલું જ ફળ છે કે તે નેત્રથી જોઈને મનુષ્ય સત્સંગ કરે. સત્સંગ સિવાય ચાહે તેવી બુદ્ધિ હોય તોપણ તે મોક્ષના પુરુષાર્થમાં લેશપણ ઉપયોગી થતી નથી.** ૩૪.

जितना मोक्ष के अर्थ न आते, तितना सब यह बंधन कहाते;
जो जो साधन करेउ जेहू, सत्संग बिन निष्फल कहे तेहू...३५
मोक्ष बिन फल जितनो मिलेऊ, सब ही बंधन कहेउ तेऊ;
एसी जो समझ होवे जबही, बुद्धि शुधि भयेउ कहत तबही...३६

જે વસ્તુ મોક્ષને માટે ઉપયોગી ન થાય, તે બધું બંધનરૂપ કહેવાય છે. અને સત્સંગ સિવાયના કરેલા બધા સાધન નિષ્ફળ ગણાય છે. ૩૫. જીવને મોક્ષ સિવાયનું જેટલું ફળ મળે છે તે બધું બંધનકારી થાય છે; આવી મનુષ્યને જ્યારે સમજણ થાય છે ત્યારે તેની બુદ્ધિ શુદ્ધ થઈ જાણવી. ૩૬. **સત્સંગના જ્ઞાન વિના અને મોક્ષના જ્ઞાન વિના ભલે ને કોઈમાં વિશાળ બુદ્ધિ હોય કે વિદ્યા ભણીને નિપુણ થયા હોય, તોપણ શું ?** ૩૭. **ઊંચું કુળ હોય અને ધન તો મેરુના જેટલું ઝાઝું હોય અને તે બધા માણસોને**

પોતાના હુકમમાં રાખતો હોય તેથી શું ? તે મૂળ વિના તો ઠેકાણા વિનાનું છે. ૩૮. સત્સંગ અને ભગવાન, તે બંને જીવના અને મોક્ષના મૂળ છે. સત્સંગ મોક્ષનું મૂળ છે અને ભગવાન જીવનું મૂળ(કારણ) છે. જ્યાં સુધી તે ભાન હોય છે ત્યાં સુધી સારું છે, પણ તેના ભાન વિના તો તેની હોશિયારી કાંઈ કામ લાગતી નથી. ૩૯. નીતિની બુદ્ધિ સિવાય જે પોતાની બુદ્ધિને અધિક ગણનારો કદાચ રાજા થયો હોય તોય શું ? કારણ કે નીતિરૂપ નેત્ર વગરનો રાજા પણ અંધ કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ઉત્સવ પછી સભામાં નીતિ અને નિયમની વાત કહીને ભક્તોને વિદાય આપી" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર સત્તરમું : તરંગ - ૪૩

શ્રીહરિ વડતાલથી ગઢપુર આવ્યા અને ત્યાં રામનવમી ઊજવી

શ્રીહરિ મધ્યરાત્રિ સુધી સંતોની સાથે વાત કરતા રહ્યા. પછી ઊભા થઈને સહુ સંતોને પ્રેમથી ભેટ્યા અને સવારે વડતાલથી ચાલતા થયા. ૧. ગઢપુરના જે હરિભક્તો હતા, તે સહુ સંઘ લઈને આવ્યા હતા. શ્રીહરિ તેમના સંઘમાં અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. ૨. **મહેળાવ, પીપળાવ, ઈસણાવ**, તે ગામોના હરિભક્તોને શ્રીહરિએ દર્શન દીધાં. ૩. **નાર, રામોલ, ઊંટવાડા,** તે બધા ગામના ભક્તોને દર્શન દઈને શ્રીહરિ **મોરજ** ગામમાં રાત રહ્યા. ૪. ગામની બહાર રાત રહ્યા હતા. પછી સવારે ચાલ્યા. **ખાનપુર** થઈ **વરસડા** આવ્યા. ત્યાંથી **ગલિયાણા** ગયા અને ત્યાં સાબરમતી નદી ઊતર્યા. ત્યાંથી **વારણા** ગામ આવ્યા. ૫. **મોટી બોરુ** અને **નાની બોરુ** થઈને **ભોળાદ** ગામ આગળ ભોગાવો નદી ઊતર્યા. ત્યાંથી **પીપળી** ગામ જઈને તળાવને કાંઠે રાત રોકાયા. ૬.

પછી ત્યાંથી નીકળીને **ગાંફ, ખરડ** થઈને **ઝીંઝર** આવ્યા અને ત્યાં તળાવની પાસે રાત રહ્યા. પછી ત્યાંથી **પરવડી, ભીમનાથ, પોલારપુર, રોજીદ,**

કુંડળ અને **સમઢિયાળા** થઈને **કારિયાણી** ગામ આવ્યા. રંગભીના અને નિપુણ એવા શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા અને સવારે ત્યાંથી ચાલતા થયા. ૭-૮. પછી ત્યાંથી **ઝીંઝાવદર, નીંગાળા** અને **ઉગામેડી** થઈને **ગઢપુર** આવ્યા. આ બધા હરિભક્તોના ગામો ગઢપુર જતા રસ્તામાં વચ્ચે આવ્યા હતા. તે બધા ગામના હરિભક્તોને દર્શન ઈત્યાદિક વડે કરીને ખૂબ જ સુખ આપ્યું. તે સુખની સંપૂર્ણપણે વાત કહી શકાતી નથી. ૯-૧૦. શ્રીહરિએ હરિભક્તોને વારેવારે પોતાની સેવા અને દર્શનનો અલભ્ય લાભ દીધો. આ બધી વાતો ઘણી અમાપ છે. વારંવાર તેની વિગત પૂરી રીતે કહી શકાતી નથી. ૧૧.

શ્રીહરિનાં લીલાચરિત્ર અમાપ છે, તેનું જે માપ કરવા જાય છે, તે તો અત્યંત મૂઢ દેખાય છે. અને જે તેનું માપ કરવા પ્રયત્ન કરે છે તે તો મૂઢમાં પણ અત્યંત મૂઢ છે. ૧૨. **બોલવામાં મૂઢની પરીક્ષા થઈ જાય છે જે, આ મૂઢ છે. કેમ જે, હું બધું જ જાણું છું, એમ કહે તેને મૂઢ જ કહેવાય.** ૧૩. શ્રીહરિ કહેતા કે, **'મારા જન્મ અને ચરિત્ર અમાપ છે. તેનું માપ હું પણ કરી શકતો નથી અને જો તેનું માપ કરી શકાતું હોય તો તે અમાપ કેમ કહેવાય ?** ૧૪. શેષનારાયણના જેવા અનેક કવિઓ ભેળા થઈ અને તે જન્મ અને ચરિત્રને કહેવા લાગે તોપણ તેનો પાર આવતો નથી, તે તો અપારના અપાર જ રહે છે. ૧૫. જે કવિ ભગવાનના ભક્ત હોય છે તેઓ પોતાનાં જન્મને સફળ કરવા માટે જ શ્રીહરિનાં ચરિત્રોને કહે છે. ૧૬.

चोपाई :

जग में कीर्ति करे कहा होई, मरे पीछे न जानत कोई;
हरि के भक्त होवत हि जितने, ताकि कीर्ति रहत हे तितने...१७

हरि के भक्त बिन जितने जेहा, आपकी कीर्ति बढावने तेहा;
रूपिये ताकु ठोर हि ठोरा, वेरत रहाये निज मति जोरा...१८

परलोक में रतीभर इनसे, काम कछु न सरत हे तिनसे;
परलोक में काम आवे जेता, एसे उद्यम करे जेह तेता...१९

ताके धन बुद्धि रहे जेतो, अर्थ में सब आवत रहे तेतो;
इहाँ कछु तेहि देखे न आते, परलोक में पार न रहाते...२०

આ જગતમાં વધારે કીર્તિ મેળવવાથી પણ શું ? મર્યા પછી તેને કોઈ જાણતું નથી, તો યાદ તો કરે જ ક્યાંથી ? જે ભગવાનના ભક્ત હોય છે, તેમની કીર્તિ જ કાયમ રહે છે. ૧૭. ભગવાનના ભક્ત સિવાયનાં બીજા લોકો પોતાની કીર્તિ વધારવાને માટે ઠેર ઠેર રૂપિયાને પોતાની બુદ્ધિ ના બળથી વેરતા રહે છે. તેનાથી તેને આ લોકમાં કાંઈક કીર્તિ મળે છે. ૧૮. પણ તેવી કીર્તિથી પરલોકમાં રતીભાર પણ કામ સરતું નથી. જે લોકો પરલોકમાં કામ લાગે એવી જ મહેનત કરે છે, ૧૯. તેમનું જ ધન અને બુદ્ધિ સંપૂર્ણ રીતે પરલોકમાં ઉપયોગી થાય છે. ભલે અહીંયા કાંઈ દેખાતું ન હોય, પણ પરલોકમાં તેના ફળનો પાર રહેતો નથી. ૨૦. ભૂમિમાં જેવું બીજ વાવવામાં આવે છે તેનું ફળ તરત દેખાતું નથી. પણ જ્યારે તેના સમયનો અવધિ આવે છે ત્યારે તે પ્રમાણે વાવેલું એક બીજ પણ ઘણા ફળ આપે છે. ૨૧. આવી બધી રીત જ્યારે સમજાય છે ત્યારે મનુષ્ય સન્માર્ગે ચાલે છે અને સત્સંગ સિવાય તેવા કોઈ સન્માર્ગને મનુષ્ય ક્યારેય પામી શકતો નથી. ૨૨.

જેટલા મત-સંપ્રદાયો છે તેના અનુયાયીઓ પોતાના મતને જ સન્માર્ગ માને છે પણ તેને કોઈ કુમાર્ગ માનતા નથી. ઉલ્ટાના પોતાના સિવાયના જે મત હોય છે તે બધાને કુમાર્ગ માને છે. ૨૩. વેશ્યા પોતાના જીવનમાર્ગને સહુથી ઉત્તમ માને છે અને પતિવ્રતાના સુખને તો તે બંદીખાનું કહે છે, ૨૪. પણ જેની ધર્મમાં મતિ સ્થિર હોય એવી પતિવ્રતા સ્ત્રી વેશ્યાને પશુના સમાન માને છે. ૨૫. **જેને સત્સંગ કરવાથી જેટલી જ્ઞાનની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેટલો તેને કુસંગ ઓળખાય છે અને તે કુસંગને ઝેરના સમાન માને છે.** ૨૬. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવીને રહ્યા હતા. અને ત્યાં આવીને રામનવમીનો ઉત્સવ કર્યો હતો. ૨૭. ત્યાં ઉત્સવમાં કેટલાક સંતો આવ્યા હતા અને કેટલાક તો ગુજરાતમાં રહ્યા હતા. અને કેટલાક હરિભક્તો જે આવ્યા તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૮. નવમી એટલે ભગવાન રામચંદ્રજીનો અને શ્રીહરિનો જન્મદિવસ ગણાય. દાદા ખાચરે તે બંનેને નિમિત્તે એકથી એક સારા ઉત્સવ કરાવ્યા. ૨૯. **જ્યારે મધ્યાહ્ન**

સમય થયો ત્યારે રામચંદ્રજીને શ્રીહરિના અવતાર જાણીને પ્રેમ લાવીને તેમનો જન્મોત્સવ કર્યો. ૩૦.

પછી જ્યારે દસ ઘડી રાત્રિ ગઈ ત્યારે શ્રીહરિનો જન્મોત્સવ કર્યો. ઘણાં વાજિંત્રો વગડાવ્યાં. તે વખતે ઘણા બંદૂકોના અવાજ થયા. ૩૧. વાજિંત્રો અને બંદૂકોનો અવાજ સાંભળીને દરબાર જીવા ખાચર પોતાના ભાઈ અને તેમના પુત્રોને સાથે લઈને શ્રીહરિ પાસે આવ્યા. ૩૨. આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને પાસે બેસાડ્યા. ત્યારે જીવા ખાચરે શ્રીહરિને પૂછ્યું, ૩૩. 'આજ ભગવાન રામચંદ્રજીનો જન્મદિવસ છે એમ આખું જગત જાણે છે, પણ આપનાં જન્મદિવસને કોઈ જાણતું નથી. ૩૪. આપનાં જન્મની વિગતને જાણ્યા સિવાય ભક્તજનોને પણ ખબર પડતી નથી. આપનો જન્મદિવસ ભક્તજનોનું ખરેખર જીવન છે. ૩૫. આપ બીજા ઉત્સવો તો અપાર કરો છો, તે બધા ઘણા સંભારવા યોગ્ય છે અને તે બધા નિશ્ચિત મોક્ષકારી છે. તેમાં રંચ જેટલો પણ ફરક નથી. ૩૬. પણ આપનો જન્મોત્સવ સહુથી ઉત્તમ છે, એવું મને દેખાય છે. અને સ્વાભાવિક રીતે હું મારા મનમાં પણ તેમ જ માનું છું. ૩૭.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે તો હરિભક્તોના હિતને માટે ફરતા રહીએ છીએ, પણ અહીંયા આવીને રહીએ છીએ. બીજે ક્યાંય રહ્યું જાતું નથી. ૩૮. **અહીંયા પણ તુચ્છ બાબતને માટે લોકો પરસ્પર બોલે છે, પણ કોઈ પૂર્વના સુયોગને લીધે અમારી અહીંના ભક્તો ઉપરથી પ્રીતિ ટળતી નથી.** ૩૯. ત્યારે જીવા ખાચરે કહ્યું, 'મહારાજ, આપની મોટાઈ દેખીને આપ બધું નભાવી રહ્યા છો. અમારામાં અનંત અવગુણ છે અને આપમાં ગુણોનો કોઈ પાર નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ વડતાલથી ગઢપુર આવ્યા અને ત્યાં રામનવમી ઊજવી" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર સત્તરમું : તરંગ - ૪૪

સ્વયં શ્રીહરિ ભક્તાધીન છે તેમ પોતે જીવા ખાચરને કહ્યું

શ્રીહરિ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં રહ્યા હતા અને નિત્ય નવાં ચરિત્ર કરતા હતા, તે બધાં કહી શકાતા નથી. ૧. શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં પંદર દિવસે જ્યારે મનમાં લહેર આવે ત્યારે એકવાર જાતા હતા. ૨. જ્યારે જીવા ખાચરના દરબારમાં જઈને શ્રીહરિ જીવા ખાચર આગળ જે વાત કહેતા હતા, તે હવે હું તમને કહું છું. ૩. શ્રીહરિએ કહ્યું કે, ‘બલિરાજાએ જ્યારે વામનજીનો વિશ્વાસ કર્યો ત્યારે વામનજીએ તેને પાશથી બાંધ્યા અને ત્રિલોકીનું રાજ્ય તેની પાસેથી આંચકી લીધું. ૪. વામનજીએ બલિરાજાના શરીરે સહિત બધું ખૂંચવી લીધું, છતાં તેણે પાછો પગ ભર્યો નહિ. બલિના ગુરુએ તેને જેટલાં વચન કહ્યાં હતાં તે પ્રમાણે જ વામનજીએ કર્યું હતું. ૫.

છતાં પણ બલિએ ગુરુનો ગુણ ન લીધો અને વામનજીએ જેમ કહ્યું તેમ બલિએ કર્યું. વામનજીના વચનને માથે ચઢાવ્યાં અને ગુરુના વચનનો ત્યાગ કર્યો. ૬. બલિએ પોતાના ગુરુનો વિશ્વાસ તજ્યો અને વામનજીના વચનમાં વિશ્વાસ કર્યો. વામનજીએ બલિને પાતાળમાં દબાવીને ત્યાં નિવાસ આપ્યો. ૭. છતાં પણ બલિરાજાએ વામનજીને કહ્યું, ‘આપની જેમ રુચિ હોય તેમ કરો. કરવામાં હવે કાંઈ ફરક રાખશો નહિ. હું જે બોલ્યો છું, તેમાંથી પાછો ક્યારેય ફરીશ નહિ. ૮.

चोपाई :

बलि ताकू तावे बहु रीता, तोउ वामन की अरुचि न करीता;
ज्युं ज्युं तावे त्युं गुन हि लीना, आपमें अवगुन बहुत चीना...०९
बलि जब पेले वामन ताके, बंधन में तेहि आये वाके;
पीछे तब हि वामन भगवाना, बलि के बंधन में सुजाना...१०

વામનજીએ બલિરાજાને ખૂબ જ તાવ્યો, છતાં તેણે વામનજીનો અવગુણ ન લીધો. વામનજી જેમ જેમ તાવતા ગયા તેમ તેમ તેમનો ગુણ જ લીધો

અને પોતામાં અવગુણ દેખ્યો. ૯. પહેલા તો બલિરાજા વામનજીના બંધનમાં આવ્યા હતા, પણ પછીથી સુજાણ ભગવાન વામનજી બલિના બંધનમાં આવી ગયા. ૧૦. **કેટલાય યુગો વીતી ગયા છતાં ભગવાન વામનજી પ્રેમે સહિત રાત-દિવસ બલિના બંધનમાં બંધાઈ રહ્યા છે.' આ પ્રમાણે શ્રીહરિએ જેવી વામનજીની રીત હતી તે સંક્ષેપમાં કહી.** ૧૧. પછી મહારાજે કહ્યું, **'અમારી પણ બધી રીત એવી જ છે. તેમાં લેશમાત્ર પણ ફેરફાર નથી. જેને અમારો જેટલો વિશ્વાસ છે તેને અમે અપાર દુ:ખ દઈએ છીએ તોપણ તેઓ તેમાં સુખ માને છે.** ૧૨.

दोहा : जितने दुःख देवे हम हि, तितने सुखकर जेहि;
मानत रहे प्रेम जुत हि, तिनकु न तजत तेहि...१३
हम हि दुःख देवे तिनमें, सुख हि रहेउ अपार;
विपरीत मति करी जियकु, सुझत नहि कबु लगार...१४
सोरठा : मन को जितनो जेह, चोरी रखत तितनो तेउ;
दुःखि होवत हे तेह, यामें नहि संदेह कछु...१५
मन को जितनो जेहि, सूँपत भये हमकु तेहु;
सुखी होवत हे तेहि, दुःखी कबु न होवत रहेउ...१६

અમે જેટલું દુ:ખ દઈએ છીએ, તે બધાં દુ:ખને તેઓ પ્રેમથી સુખકારી માને છે, તેવા ભક્તને અમે ક્યારેય છોડી દેતા નથી. ૧૩. અમે જે અમારા ભક્તને દુ:ખ દઈએ છીએ તેમાં અપાર સુખ રહ્યું હોય છે, પણ વિપરીત મતિને લીધે જીવને તે ક્યારેય લગાર પણ સૂઝતું નથી. ૧૪. જે ભક્ત અમારી પાસે પોતાનાં મનને જેટલું ચોરી(કપટ) રાખે છે તેટલો તે વધારે દુ:ખી થાય છે, તેમાં કોઈ સંદેહ નથી. ૧૫. **જે ભક્ત અમને પોતાનું મન જેટલું સોંપે છે તેટલો તે સુખી થાય છે, પણ ક્યારેય તે દુ:ખી થાતો નથી.** ૧૬. પાંડવોએ શ્રીકૃષ્ણ ભગવાનમાં વિશ્વાસ રાખ્યો તો તેનો વિનાશ ન થયો અને અત્યાર સુધી તેમની અપાર કીર્તિ બધે છવાઈ ગઈ છે કે તે કીર્તિનું વર્ણન થઈ શકતું નથી. ૧૭.

દુર્યોધને શ્રીકૃષ્ણ ભગવાન ઉપર વિશ્વાસ ન રાખ્યો, પણ અજ્ઞાની માણસના જેવી દુર્બુદ્ધિ રાખી અને તેણે ભીષ્મને મહાન યોદ્ધા માન્યા. અને એનું બળ રાખી શ્રીકૃષ્ણના વિરોધમાં જ રહ્યો. ૧૮. **પણ ભીષ્મ તો છાની રીતે શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા, તેમ છતાં દુર્યોધને ભીષ્મને અપાર માન આપ્યું અને તે માનને લીધે ભીષ્મના વિચારો શુદ્ધ રહ્યા નહિ.** ૧૯. ભીષ્મે ક્ષત્રિય ધર્મને મુખ્ય માન્યો અને ભગવાનને ધર્મ રુચે છે તેમ જાણ્યું, પણ દુર્યોધન તો કળિયુગનો અવતાર હતો. ૨૦. પણ ભીષ્મને આ કળિયુગ છે તેવું જ્ઞાન ન રહ્યું. પોતાને મોટા માની માન આપ્યું તેનું જ ધ્યાન રહ્યું. દુર્યોધન ભીષ્મની આગળ વારંવાર કહ્યા કરતો હતો કે, 'જેમ અત્યારે પાંડવોના સાચા નેત્રરૂપ શ્રીકૃષ્ણ છે, તે રીતે આપ અમારા સાચા પરમ નેત્રરૂપ છો. તમારા સિવાય અમે બધા અંધ કહેવાઈએ છીએ. ૨૧-૨૨.

જ્યારે અમે આપને જોઈએ છીએ ત્યારે અમને બીજા બધા તરણા જેવા દેખાય છે અને પાંડવો તથા શ્રીકૃષ્ણ, એ બધા આપની ઘણી મર્યાદા રાખે છે. ૨૩. અમે આપને અમારી ઢાલ, કવચ કે કિલ્લાના રૂપમાં મુખ્ય માનીએ છીએ. મહારાજ શંતનુ આપના પિતા હતા અને ગંગા આપની માતા કહેવાય છે. ૨૪. પરાશરમુનિએ સત્યવતિને દાસી કરીને તેનાથી વ્યાસમુનિને ઉત્પન્ન કર્યા હતા. ૨૫. પછી શંતનુએ તે દાશપુત્રી સત્યવતીને પોતાની દાસી બનાવી અને તેમાંથી વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ નામે બે પુત્રોને ઉત્પન્ન કર્યા. ૨૬. તેમાં ચિત્રાંગદને ગાંધર્વોએ મારી નાખ્યો અને તેને પ્રજા ન હતી, પણ વિચિત્રવીર્યની બે પત્નીઓને વ્યાસમુનિના રાજીપાથી પાંડુ અને ધૃતરાષ્ટ્ર નામે બે પુત્રો જન્મ્યા. અને ત્રીજી એક દાસી હતી તેને વિદુર નામે પુત્ર થયા. ૨૭-૨૮. પાંડુ અને ધૃતરાષ્ટ્રના આપ સગા કાકા ગણાઓ છો અને અમારા તો આપ પિતામહ છો. અમે આપના સમાન બીજા કોઈને મોટા માનતા નથી.' ૨૯.

દુર્યોધનનાં આ રીતનાં વચનોને ભીષ્મપિતાએ ઘણા હેતથી સાંભળ્યાં. જ્યારે પાંડવો અને દુર્યોધનને યુદ્ધ થયું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનના ઉત્તમ ભક્ત કહેવાતા ભીષ્મપિતા શ્રીકૃષ્ણ ભગવાનની મરજી લઈને દુર્યોધનના

પક્ષમાં રહ્યા. ૩૦-૩૧. જ્યારે પાંડવો અને દુર્યોધને કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાનું નક્કી કર્યું પછી એક વખત દ્વારકામાં શ્રીકૃષ્ણ ભગવાન પોઢી રહ્યા હતા ત્યાં તેમની પાસે અર્જુન આવ્યા. ૩૨. અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણ તરફ આગળ બેઠા અને દુર્યોધન શ્રીકૃષ્ણ ભગવાનનાં મસ્તકની પાછળ બેઠો. ૩૩. ભગવાન જ્યારે ઊંઘમાંથી ઊઠ્યા ત્યારે તેમણે પહેલા અર્જુનને દેખ્યા અને પૂછ્યું, 'તમે ક્યારે આવ્યા ? આજ હું ઘણીવાર સુધી સૂઈ રહ્યો છું. ૩૪. અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાને દુર્યોધનને દેખ્યો. પછી શ્રીકૃષ્ણ ભગવાને તેમને કહ્યું, 'આજ તમે બંને ભેળામળીને શા કામ માટે આવ્યા છો ?' ૩૫.

ત્યારે દુર્યોધને કહ્યું, 'હવે અમારે યુદ્ધ કરવાનું નક્કી છે. તેમાં કોઈ પણ પ્રકારે ફેર પડશે નહિ.' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, 'આ અર્જુન વગેરે પાંચ ભાઈ છે. ૩૬. અને તમે સો ભાઈઓ છો, એટલે આ રીતે યુદ્ધ કરવું તે યોગ્ય નથી. પાંડવોના પિતા હયાત નથી અને તમારા પિતા હયાત છે. ૩૭. હસ્તિનાપુરનું રાજ્ય પાંડવોનું છે અને તમે તેને બળે કરીને ભોગવી રહ્યા છો. મારે માટે તો બંને સમાન છો. જે ન્યાય છે તે વચન હું કહું છું. ૩૮. તમે મનમાં અત્યારે એમ માનો છો કે આ પાંચ જ છે, તે અમને શું કરશે ? તેમને તો કપટથી એક-બે વાર જીતી પણ લીધા છે. ૩૯. પાંડવોને થોડા માનીને તમે યુદ્ધ કરવા ચાહો છો. યુદ્ધ કરવાનું બોલતા દૂર્યોધન ! તમને શરમ નથી આવતી ? **પણ જ્યાં ધર્મ હોય છે ત્યાં ભગવાન રહે છે.'** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સ્વયં શ્રીહરિ ભક્તાધીન છે તેમ પોતે જીવા ખાચરને કહ્યું" એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર સત્તરમું : તરંગ - ૪૫

શ્રીહરિએ વિચાર વિવેકની વાત કરીને દરબારોની સાથે ગુજરાત જવા વિચાર્યું

જેને જે રીતે વાત ગમી જાય તે રીતે શ્રીહરિ મનમાં ઘણું હેત રાખીને તેને વાત કરતા હતા. ૧. **વાત ઘણી જાતની હોય છે અને લોકો પણ બહુ ભાતનાં હોય છે, પણ જેવો અધિકારી મળે તેવી વાત શ્રીહરિ કહેતા હતા.** ૨.

सोरठा : अवसर तेसी बात, तेसी बात तेहि प्रिय लगत;
अवसर बिन न सोहात, अवसर जो जानत रहेउ...०३
अवसर नहीं जानत, अवसर बिन अवसर तेहि;
मानत एक हि रहत, जानत रंजन न होत यह...०४

જે સમયને ઓળખે છે તે જેવો સમય હોય તેવી વાત કહે છે અને તે વાત પ્રિય લાગે છે. અવસર વિનાની કરેલી વાત શોભતી નથી. ૩. જે અવસરને નથી ઓળખતા તે પ્રતિકૂળ અવસર અને અનુકૂળ અવસરને એક માની લે છે. પણ એમ માનનારાની વાતથી લોકો ખુશ થતા નથી. ૪.

चोपाई :

हरि करत भये जब जब बाता, सुरत तामें बहु रखत रहाता;
जितनो विचार विवेक कहाते, श्रीहरि तामें तितनो रहाते...०५

શ્રીહરિ જ્યારે જ્યારે વાત કહેતા હતા ત્યારે તેમાં ખૂબ જ ધ્યાન રાખતા હતા અને તે વાતમાં જેટલો વિચાર અને વિવેક કહેવાય છે તે બધો તેમાં રહેતો હતો. ૫. **શ્રીહરિ વિચાર અને વિવેક વિનાની કોઈ વાતને ભૂલથી પણ કહેતા નહિ, છતાં પણ જે લોકો વિચાર અને વિવેક વિનાના હોય છે તે બધા શ્રીહરિની વાતોમાં દોષ જોતા હતા. તેમ હોવા છતાં શ્રીહરિ દોષ જોનારાના પ્રત્યે રોષ રાખતા નહિ. કારણ કે, વિચાર અને વિવેક વિનાના તે મનુષ્યોને શ્રીહરિ પશુ સમાન માનતા હતા.** ૬-૭.

જેનામાં વિચાર અને વિવેક દેખાય તેને જ શ્રીહરિ મનુષ્યના રૂપમાં દેખતા હતા. વિચાર અને વિવેક વગરના સારા ભણેલા મનુષ્ય હોય તોપણ

તેનાં જીવનમાં તે વિદ્યાએ કરીને કોઈ ખાસ સમાસ(વિકાસ) થાતો નથી. ઉલ્ટાનું તેવી વિદ્યાથી તો તેને અસમાસ(નુકશાન) થાય છે. જો વિચાર અને વિવેક વિનાનો માણસ હથિયાર બાંધે તો તે લોકોને લૂંટે કાં મારે. પછી તે કેદ થાય છે અથવા તો તેને ફાંસી થાય છે અથવા કાળેપાણીએ પણ મોકલી દેવાય છે. ૮-૧૦. વિચાર અને વિવેક વગરના મનુષ્યને આજીવન કેદ થાય છે અને પછી તે રડતા રહે છે. જેટલા લોકો કેદી બનીને રહે છે તેઓ વિચાર અને વિવેક વિનાના હોય છે. ૧૧. વિચાર અને વિવેકથી યુક્ત રાજાની જ્યાં રાજ્યસત્તા હોય ત્યાં વિચાર અને વિવેકવાળો મનુષ્ય દિનપ્રતિદિન આગળ વધતો રહે છે. ૧૨. પણ જ્યાં વિચાર અને વિવેક વગરના રાજાની રાજ્યસત્તા હોય ત્યાં જે કાંઈ પણ કામ કરવા ધારે તે સુધરતું નથી. ૧૩.

વિચાર અને વિવેક વગરનો માણસ કાંતો જ્યાં ઉગે નહીં ત્યાં વાવે અથવા જ્યાં બળી જાય ત્યાં વાવે. **વિચાર અને વિવેક વગરના માણસનું બધું આ રીતે નિષ્ફળ જાય છે.** ૧૪. વિચાર અને વિવેક વિનાનો રાજા પોતાને ઈશ્વર માની બેસે છે અને વેનરાજાની જેમ પોતાને સર્વશ્રેષ્ઠ માને છે. ૧૫. પછી જે રીતે વેનરાજાનો નાશ થયો હતો તે રીતે તેવા મનુષ્યનો પણ નાશ થાય છે, છતાં જેની બુદ્ધિ વિપરીત થઈ જાય છે તે મનમાં ક્યારેય તપાસ કરતો નથી. ૧૬. **પછી શ્રીહરિની આગળ જીવા ખાચરે બે હાથ જોડીને કહ્યું, 'મહારાજ, આપ સાચી વાત કહો છો. અવળી બુદ્ધિવાળા માણસને સાચી વાત મનાતી નથી.** ૧૭. હવે આપ દુર્યોધન અને શ્રીકૃષ્ણની વાત મને કહો. અને અર્જુનની વાત કહીને પણ મને પાવન કરો. ૧૮.

પછી પરમ સુજાણ શ્રીહરિ જીવા ખાચરને મંદ મંદ હસતા થકા અને પ્રેમરસથી ભર્યા વાત કહેવા લાગ્યા. ૧૯. શ્રીહરિએ કહ્યું કે, 'શ્રીકૃષ્ણ ભગવાને દુર્યોધનને પૂછ્યું, 'તમે અમારી પાસે શા કામ માટે આવ્યા છો ?' હવે સ્પષ્ટ રીતે કહો. ૨૦. ત્યારે દુર્યોધને શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું, 'તમે પોતાના સૈન્યની સાથે મારા પક્ષમાં આવો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું, 'તમે બંને આવ્યા છો. મારે તો બંનેનું રાખવું જોઈએ. તમારા બેમાંથી એક અમારા સૈન્યને રાખો અને એક મને પ્રેમથી રાખો. હું યુદ્ધમાં હથિયાર

ધારીશ નહિ, પણ રથને હાંકીશ ખરો. ૨૧-૨૨. ત્યારે દુર્યોધને કહ્યું, ‘તમારું સૈન્ય મને આપો. પછી શ્રીકૃષ્ણે તેને સૈન્ય આપ્યું. અને દુર્યોધન સૈન્યને લઈને તત્કાળ ચાલ્યો ગયો. શ્રીકૃષ્ણ ભગવાન પાંડવોના પક્ષમાં રહ્યા. પાંડવોને પણ ભગવાનને પોતાના પક્ષમાં રાખવાનું જ તાન હતું. જેવું તાન હતું તેવો તેનો વિજય ભગવાને કર્યો. અને ભાઈઓએ સહિત દુર્યોધનનું મૃત્યુ થયું. ૨૩-૨૪.

પછી યુધિષ્ઠિરને હસ્તિનાપુરની રાજગાદી ઉપર બેસાડીને શ્રીકૃષ્ણ ભગવાન ચાલતા થયા. ૨૫. તેમણે દ્વારિકા આવીને દુર્યોધન તથા પાંડવોનું યુદ્ધ જે રીતે થયું હતું તે બધી વાત યાદવોને કરી. ૨૬. ત્યારે જીવા ખાચરે હાથ જોડીને કહ્યું, **‘જીવને ખોટા અહં-મમત્વ માટે જેવી દોડ રહે છે તેવી સત્ય તરફ દોડ રહેતી નથી.** ૨૭. સત્ય તરફ દોડ રાખ્યા સિવાય જીવનું ક્યારેય શ્રેય થાતું નથી. એમ જેને સત્ય ઉપર દોડ રહે છે એવા પ્રવીણ સંતો કહે છે. ૨૮. **અમે રાત-દિવસ અણહિતને પણ પોતાનું ચોક્કસ હિત માનીએ છીએ, પરંતુ આપ ભગવાન તો અમારા બધા જ અણહિતને બતાવી દો છો.** ૨૯. **જ્યાં સુધી માણસને અણહિતમાં રાગ રહે છે ત્યાં સુધી તેને તે છોડી શકતો નથી. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘જે સત્ય છે તે સત્ય જ રહેવાનું છે, પણ અસત્ય ક્યારેય સત્ય થવાનું નથી.** ૩૦.

જેને સત્યમાં જેટલી પ્રતીતિ હોય તેટલો તેનો મોક્ષ થઈ રહ્યો છે. અને જો અસત્યમાં પ્રીતિ હશે તો તેના મોક્ષમાં તેટલી ન્યૂનતા રહેશે. ૩૧. ભગવાન, સંતો, હરિભક્તો, ભગવાનનું ધામ, ભગવાન સંબંધી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ, એ બધા સત્ય છે. ૩૨. **ભગવાન, સંતો અને હરિભક્તો, તેના સંબંધને લીધે તે બધા સત્ય છે અને મોક્ષના દાતા છે, તેમાં કોઈ મિથ્યા નથી.** ૩૩. **ભગવાનના સંબંધ વગરના જેટલા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, તીર્થ, વ્રત, યજ્ઞ, તપ, દાન વગેરે હોય, તે બધા ભગવાનના સંબંધથી રહિત હોવાથી મિથ્યા કહેવાય છે.’ શ્રીહરિ આ રીતે દરબાર જીવા ખાચરની આગળ સ્પષ્ટ રીતે વાત કહેતા હતા.** ૩૪-૩૫. **શ્રીહરિ બીજી પણ**

કેટલીક વાતો કહેતા હતા. ક્યારેય ન સાંભળી હોય તેવી રમૂજની વાતો પણ કહેતા હતા. તે બધી લખી શકાતી નથી. ૩૬.

શ્રીહરિ કેવળ ભક્તોનું હિત જ કરતા અને સહુનું સર્વ પ્રકારે હિત થાય એવી જ વાત કરતા, પણ જ્યારે ભક્તોને તેમાં હિત ન મનાતું ત્યારે શ્રીહરિ તેમના ઉપર ખીજાતા. છતાં શ્રીહરિના ખીજાવામાં પણ હિત જ દેખાતું હતું. ૩૭. **શ્રીહરિ જેને પોતાના માનતા હતા, તેના હિતને માટે ઘણું કરતા હતા. તેને પોતાના શરણાગત માનીને તેનું હિત કરવા ખીજાતા અને પ્રસન્ન પણ થતા હતા.** ૩૮. જ્યારે જેઠ માસ આવ્યો ત્યારે શ્રીહરિએ હરિભક્ત કાઠી દરબારોને ઘણા હેતથી કહ્યું, 'હવે તમે બધા અમારી સાથે ગુજરાત આવો. ૩૯. અમે તમને મનમાન્યો કેરીનો રસ જમાડીએ. ત્યાં જેટલા હરિભક્તો છે તેમને અમારા ઉપર ઘણો પ્રેમભાવ રહ્યો છે. ૪૦.

ઇતિશ્રીસહજાનંદસ્વામિશિષ્યસિદ્ધાનંદમુનિવિરચિતશ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વિચાર તથા વિવેકની વાત કરી અને દરબારોની સાથે ગુજરાત જવા વિચાર્યું" એ નામે પિસ્તાલીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર સત્તરમું : તરંગ - ૪૬

શ્રીહરિ દરબારોની સાથે આમ્રરસોત્સવ કરવા ગઢડાથી જેતલપુર આવ્યા

સહુ કાઠી દરબારોએ બે હાથ જોડીને તે વખતે શ્રીહરિને કહ્યું, 'આપ જ્યારે કહો ત્યારે અમે તૈયાર છીએ. તેમાં કાંઈ ખોટું નથી. ૧. ગયા વર્ષે આપ અમને વડતાલ લઈ ગયા હતા અને ત્યાં પાર નહિ તેટલી રસ અને રોટલી જમાડી હતી. ૨. આ વખતે જેતલપુરના હરિભક્તોને આપ દર્શન આપો. ત્યાં સંતો પણ અપાર આવશે અને તેઓ મનમાં ઘણું રાજી થશે. ૩. પછી શ્રીહરિએ જેટલા કાઠી દરબારો હતા તેમાંથી જે પાકા પાકા હરિભક્તો હતા, તેમને જોઈ વિચારીને સાથે લીધા અને બધા પાર્ષદોને પણ સાથે લીધા. ૪.

चोपाई :

अलैया कहर काठी जेहा, हरि के रहेउ पदाति तेहा;
हरि बचन कहत हे जिस रीता, तामें माने परम रस प्रीता...०५
मन को गमतो करना जेतो, तामें दुःख ही मानत तेतो;
बचन में मानत सुख अपारा, एसे ताके रहे निरधारा...०६

મૂળ કુંડળ ગામના અલૈયા કહર નામે જે કાઠી હરિભક્ત હતા તે શ્રીહરિના પાર્ષદ કહેવાતા. તેઓ શ્રીહરિ જે વચન કહે તે પ્રમાણે તે વચનને ઘણા પ્રેમરસથી પૂરી રીતે માનતા હતા. ૫. તેઓ મનનું ધાર્યું કરવામાં તો દુઃખ માનતા હતા. વચનમાં જ અપાર સુખ રહ્યું છે તેમ તેમણે નિર્ધાર કર્યો હતો. ૬. **શ્રીહરિએ અલૈયા કહરને તેવા સમજીને દાદા ખાચરના ઘર વ્યવહારનું કામ કરવામાં જોડી દીધા હતા, તેથી જિંદગીભર તે કામ કરતા રહ્યા હતા. તેઓ બુદ્ધિમાન અને નિરુત્થાન નિશ્ચયની સ્થિતિવાળા હતા. ૭. તેમની તેવી નિરુત્થાન સ્થિતિને જોઈને શ્રીહરિ તેમનાં ઘણાં વખાણ કરતાં હતાં. અને તેમને જ્યારે દેખતા ત્યારે મનમાં અત્યંત પ્રસન્ન થતા હતા.** ૮. ઘણી વખત રાજી થઈને શ્રીહરિએ તેમને પાર નહિ તેટલા બધાં વસ્ત્ર આપ્યાં હતાં. અને એક લાખા ખાચર નામે દરબાર હરિભક્ત હતા. તેમને પણ શ્રીહરિનાં સ્વરૂપમાં દૃઢ ટેક હતી. ૯. તેમને ક્યારેય કુસંગનો પાસ લાગતો નહિ; એવા તે દૃઢ ભક્ત હતા. સારા પંચવિષયોને દેખીને પણ તેમના મનમાં ક્યારેય ક્ષોભ થાતો નહિ. ૧૦.

તેમનાં મનમાં ક્યારેય સ્ત્રી અને ધનનો સંકલ્પ પણ થાતો નહિ. તે લાખા ખાચરને આવા સમજીને શ્રીહરિએ પોતાના વચને દરબાર જીવા ખાચરના ઘરમાં વ્યવહારનું કામ કરવા માટે રાખ્યા હતા. લાખા ખાચર આજ્ઞાવચનમાં જ સુખ માનતા અને જેટલું મનગમતું કરવું તેમાં તેટલું બંધન માનતા હતા. ૧૧-૧૨. તેઓ જિંદગીભર જીવા ખાચરના ઘરમાં કામ કરવા માટે રહ્યા હતા અને બીજાથી ક્યારેય ન પાળી શકાય તેવો નિષ્કામ ધર્મ તેમણે દૃઢતાથી પાળ્યો હતો. ૧૩. **રાજદ્વારીનું કામ તો કાજળના જેવું છે. ગમે તેવો ચતુર માણસ હોય તોપણ તેમાં તેને કાંઈક મેશ લાગી જાય**

છે. ૧૪. શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા, તે **બોટાદ**માં આવીને રહ્યા. બોટાદમાં ઘણા ચતુર વણિક હરિભક્તો હતા. ૧૫. વણિક હરિભક્તોમાં ભગા શેઠ મુખ્ય અને લક્ષાધિપતિ હતા. તેઓ જૈનમાંથી આવીને હરિભક્ત થયા હતા. ૧૬.

તેઓ જૈનમાંથી જ્યારે સત્સંગમાં આવ્યા ત્યારે તેમને જગતની ઘણી ઉપાધિ થઈ હતી, પરંતુ તેમણે તે અપરંપાર ઉપાધિને સહન કરી હતી. ૧૭. **તેમણે પોતાના આત્યંતિક મોક્ષને માટે જ સત્સંગને પ્રધાનપણે કરીને રાખ્યો હતો, એટલે શ્રીહરિ ભગા શેઠને દર્શન દેવાને માટે વારંવાર આવતા હતા.** ૧૮. બોટાદના ગામધણી દરબાર હમીર ખાચર શ્રીહરિના અનન્ય ભક્ત હતા. શ્રીહરિ તેમને ઘેર આવીને ઊતર્યા. ૧૯. વળી, સોમલા ખાચર નામે બોટાદના બીજા એક દરબાર હતા. તેઓ જ્યારથી સત્સંગી થયા ત્યારથી શ્રીહરિની સાથે જ રહેતા હતા. ૨૦. પોતાનું ગામ, ગરાસ કે પરિવાર, એ બધું શ્રીહરિને માટે તેમણે છોડી દીધું હતું. વળી, તે સિવાયના નાગડકા, સારંગપુર, કોટડા, સુંદરિયાણા, કુંડળ, કારિયાણી, ઝીંઝાવદર, સરવઈ, ગઢપુર, ગુંદાળા, કરિયાણા, વાવડી, ખંભાળા, વાંકિયા અને બગડ, એ બધા ગામના હરિભક્ત કાઠી દરબારો જે હતા, તે બધા શ્રીહરિની સાથે જવા આવી ગયા. ૨૧-૨૩.

સહુ અશ્વ ઉપર બેસીને આવ્યા હતા અને પછી સહુ શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા. ભગવાન શ્રીહરિ **ખસ, બગડ** અને **સુંદરિયાણા** થઈને આગળ ચાલ્યા. ૨૪. **અણિયાળી, ધંધુકા** થઈને **ખડોળ** ઉપર ચાલ્યા. ત્યાં એક રાત રહ્યા. ત્યાંના હરિભક્તોએ ઘણી સેવા કરી. ૨૫. પાછલો એક પહોર રાત રહી ત્યારે ત્યાંથી ચાલ્યા, તે **બળોલ** થઈને **જવારજ** ગામ આવ્યા. પછી ત્યાંથી **કોઠ** આવ્યા. ૨૬. ત્યાંથી આગળ જઈ **ધોળકા**માં રાત રોકાયા અને ત્યાં રસ, રોટલી અને કેરીની રસોઈ જમ્યા. પછી સવારે ત્યાંથી ચાલ્યા. ૨૭. રસ્તે આગળ ચાલતા હરિભક્તના જે જે ગામ આવતા હતા ત્યાં શ્રીહરિ ભક્તોને દર્શન દેતાં હતાં. ૨૮. **હરિભક્તોને સુખ દેવા માટે તો શ્રીહરિ વિચરણ કરતા હતા. વિચરણમાં જેટલું સુખ આપતા હતા તે કહી શકાતું નથી.** ૨૯.

કરોડો વાત હોય છે, તેમાંથી એકાદ વાત લખાય છે અને તેમાં પણ વાતનું બીજ માત્ર લખાય છે. ડાળી, પાંદડાં અને ફૂલ તો કહેવાના રહી જાય છે. ૩૦. **ફળ અને રસ કહેવાના રહી જાય છે, તે મારા પછીથી કોઈ બુદ્ધિશાળી હશે તે કહેશે. બધી બીજરૂપ વાતોને હું કહું છું, પણ મૂઢ માણસને તે દેખ્યામાં નહીં આવે.** ૩૧. મૂઢ માણસને મૂઢના જેવી કોઈ વાત સંભળાવે તો તે સમજે છે, પણ મૂઢને ખરી વાત સમજાવવી ઘણી કઠિન રહે છે. ૩૨. **કોઈ સારો કારીગર મળે તો પથ્થર અને લોઢામાં પણ સુધારો લાવી શકાય છે, પણ મૂઢ માણસ તો પથ્થર અને લોઢા કરતાં પણ સમજાવવો ઘણો કઠિન છે.** ૩૩. **હવે પછી જેટલા આ ગ્રંથની કથા કરનારા થશે તે કથા કરનારાઓએ પણ સભામાં ગ્રંથની વાત કરતી વખતે મનમાં મૂઢ માણસનો ડર રાખવો.** ૩૪. કારણ કે મૂઢ માણસને કાંઈ સાન, ભાન હોતું નથી અને તે પ્રસંગને પણ જાણતો નથી. તેથી તે મૂઢ માણસ કહેશે કે આ ગ્રંથ કરતા આવડ્યો નથી. ૩૫. એક મૂઢ માણસ બીજા મૂઢની વાતને પરમ રહસ્ય માને છે, પરંતુ સભામાં જેટલા ચતુર મનુષ્યો હોય છે તે તરત જ તેને ઓળખી જાય છે. ૩૬.

એકની એક વાતના પ્રસંગને સત્ત્વગુણી બુદ્ધિથી વારેવારે જુએ ત્યારે જેટલો સમજવામાં ફરક રહ્યો હોય તે દેખાય છે. ૩૭. રજોગુણી અને તમોગુણી બુદ્ધિએ કરીને સવળી વાત પણ સવળી દેખાતી નથી. માટે ચતુર માણસો તપાસ કરી સમજી વિચારીને પછી જ બોલે છે. ૩૮. શ્રીહરિ **સરોડા** ગામ આવીને સાબરમતી નદીને ઊતર્યા. પછી **વસાઈ** ગામ થઈને પ્રસન્નતાપૂર્વક **જેતલપુર** આવ્યા. ૩૯. પાર્ષદોએ જ્યારે મહોલની પાસે આવ્યા ત્યારે બંદૂકોના અવાજ કર્યા. ત્યારે ગામના ભક્તોને તેની ખબર પડી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ દરબારોની સાથે આમ્રરસોત્સવ કરવા ગઢડાથી જેતલપુર આવ્યા" એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર સત્તરમું : તરંગ - ૪૭

રસ-રોટલી અને કેરી સહુને જમાડ્યા પછી શ્રીહરિ સાંજે સભામાં બેઠા

મહોલની જગ્યામાં જે સંતો રહેતા હતા તે સહુ શ્રીહરિની સામે આવ્યા અને તેમણે દંડવત્-પ્રણામ કર્યા. ૧. શ્રીહરિ મહોલની જગ્યામાં આવ્યા અને ત્યાં ઊતર્યા. પહેલા અશ્વ ઉપરથી જ્યારે ઊતર્યા ત્યારે સહુ સંતોને ભેટ્યા. ૨. સંતોને ભેટી રહ્યા પછી આસોપાલવની નીચે જ્યાં પાટ રાખેલી હતી, ત્યાં આવીને તેના ઉપર બેઠા. ૩. સારાં ઝીણાં શ્વેત વસ્ત્ર શ્રીહરિએ અંગ ઉપર પહેર્યાં હતાં અને ઘણો પરસેવો વળ્યો હતો. પછી વીરણવાળાના પંખા લાવ્યા. ૪. પછી નાથભક્ત અને ઉમાભાઈ, બંનેએ પંખાને ભીંજવીને લાવ્યા અને શ્રીહરિની બંને બાજુ ઊભા રહીને ઘણા ઉમંગથી પવન નાખવા લાગ્યા. ૫. શ્રીહરિ પૂર્વોત્તર દિશા તરફ મુખ રાખીને સુખપૂર્વક બેઠા હતા. તે સમયે ભાઈ રામદાસજીસ્વામી ડભાણથી ત્યાં આવ્યા. ૬.

શ્રીહરિ તેમને ભેટ્યા. પછી પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, નિષ્પાપ એવા આનંદાનંદસ્વામી, વિચારશીલ ચૈતન્યાનંદસ્વામી, ધીર આત્માનંદસ્વામી, ગંભીર ભજનાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, બંને શિવાનંદસ્વામી, યોગાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, ચિન્મયાનંદસ્વામી, પરમહંસાનંદ સ્વામી, ઉદાર એવા મહાનુભાવાનંદસ્વામી, સદ્‌વિચારવાળા પરમાનંદસ્વામી, દયાળુ સજ્જનાનંદસ્વામી, અપાર ગુણવાન સત્યાનંદસ્વામી, તે સિવાય ભણનારા બીજા સંતો ત્યાં રહેતા હતા. લક્ષ્મણાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, એ બધા ભણનારા હતા. ૭-૧૨.

શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં વૃક્ષોની ઘણી ઘાટી છાયા મંડપના જેવી હતી. ૧૩. તે વૃક્ષો અને મહોલની વચ્ચે જ્યાં છાયા ન હતી તેટલામાં મંડપ કર્યો હતો. ૧૪. જેમ જેમ સંતો આવતા હતા તેમ તેમ શ્રીહરિ તેમને ભેટતા હતા અને તે સહુને તરત સભામાં બેસાડતા હતા. ૧૫. બધા સંતોની સભા

મંડપમાં હતી. બધા સંતો હંસના જેવા શોભતા હતા અને સહુ શ્રીહરિની સન્મુખ જ જોઈ રહ્યા હતા. ૧૬. જેતલપુર ગામના ચારે વર્ણના બધા ભક્તોને શ્રીહરિના ઉપર ઘણો પ્રેમભાવ હતો, એટલે તે સહુએ આવીને દર્શન કર્યાં અને ઘણું રાજી થયા. ૧૭.

ગામના ભક્તો ઘણી સારી રસદાર કેરીના ટોપલા ભરીને શ્રીહરિ આગળ લાવ્યા ત્યારે શ્રીહરિએ કાઠી દરબારોને બોલાવ્યા. ૧૮. હરેક દરબારને તરત એક એક ટોપલો કેરી આપી અને કહ્યું, 'એક બાજુ બેસી જઈને અત્યારે જ તમે આ કેરી જમો. ૧૯. જમતી વેળાએ રસ-રોટલીનો અવકાશ રાખજો. ભૂખ વિના રસમાં સ્વાદ નહિ આવે. પછી ત્યાં સંતો, સંન્યાસી, વર્ણી અને સાથેના જે પાર્ષદો હતા, તે બધાને દસ દસ કેરી આપીને પોતે પણ કેરી જમવા લાગ્યા. શ્રીહરિ ત્યાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ રોજ રોજ કેરીનો ઉત્સવ થતો હતો. ૨૦-૨૧. પરમ ઉત્સાહથી આમ કેરીનો ઉત્સવ કરતા હતા. ચરોતર અને ગુજરાતના જે બધા હરિભક્તો હતા તે ક્યારેય મનમાં ઉદાસ થતા નહિ. તે ભક્તોએ શ્રીહરિને પુષ્કળ કેરી જમાડી. પછી શ્રીહરિ જ્યારે પોતાને ઉતારે આવ્યા ત્યારે રસ-રોટલી જમ્યા અને સંતોને પણ રસ પીરસવા લાગ્યા. ૨૨-૨૩. જે સાથેના પાર્ષદો અને કાઠી દરબારો હતા, તેમને પણ શ્રીહરિએ રસ પીરસ્યો હતો.

મહોલના ઉપર શ્રીહરિ રહે તેવા બે ખંડ હતા. ૨૪. બંને ખંડ ઉત્તર અને દક્ષિણ તરફ હતા. મહેલ ઉપર ચઢવાનું બારણું ઘણું સુંદર પશ્ચિમ દિશા તરફ હતું. તે ઘણું શોભાદાર હતું. ૨૫. બંને ખંડની વચ્ચે સરસ દાદર હતો. તેમાં દક્ષિણ ખંડમાં બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ પોઢ્યા. ૨૬. જ્યારે પાછલો પહોર એક દિવસ રહ્યો ત્યારે શ્રીહરિ ઊઠ્યા અને પછી તળાવમાં હાથ મુખ ધોઈને સભા કરી. ૨૭. મહોલની પશ્ચિમ દિશામાં વૃક્ષોની ઘાટી છાયા હતી, ત્યાં પાણી પીવાના કૂવાની નજીક સભા કરી. ૨૮. શ્રીહરિ પાટ ઉપર બેઠા. ઝીણી શ્વેત પાઘ મસ્તકે બાંધી હતી. રંગભીના શ્રીહરિએ શ્વેત ધોતિયું પહેર્યું હતું અને એક શ્વેત ચાદર ઓઢી હતી. ૨૯. ફૂલની ટોપી, ફૂલના હાર, ફૂલના મતવાલા બાજુબંધ, ફૂલની પછેડી, ફૂલના ગુચ્છ,

ફૂલના તોરા અને છડી, આ બધા ફૂલના શણગાર સંતોએ લાવીને શ્રીહરિને પહેરાવ્યા. તે શ્રીહરિએ અંગ ઉપર ધારણ કર્યા અને કુંકુમનો ચાંદલો લલાટ વચ્ચે કર્યો. ૩૦-૩૧.

બધાં મોગરાનાં ફૂલ હતાં. તેની શોભા ઘણી સારી થઈ હતી. શ્રીહરિની બંને બાજુ વીરણવાળાના પંખા સતત ચાલતા હતા. પંખાને પાણીથી ભીંજવ્યા હતા, તેથી તેમાંથી સુગંધ છૂટતો રહેતો અને ફૂલનો સુગંધ પણ છૂટતો હતો, તેથી શ્રીહરિની સુગંધમય મૂર્તિ સોહામણી લાગતી હતી. ૩૨-૩૩. સંતો અને હરિભક્તોની સભામાં પણ સુગંધ વ્યાપી ગયો હતો. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીએ ગરબીનાં નવાં પદ બનાવ્યાં. તેને શ્રીહરિએ ઘણી પ્રસન્નતાથી ગવડાવ્યાં. તે ગરબીથી વન અને આકાશ બધું ગાજી ઊઠ્યું હતું. ૩૪-૩૫.

વૃંદાવન અને ગોકુળ જેવા ધામમાં જે ઉત્સવ થતા હતા તે બધા શ્રીહરિ જે ઠેકાણે ઉત્સવ કરતા ત્યાં આવીને પરાણે નિવાસ કરતા હતા. ૩૬. શ્રીહરિ જેતલપુર પધાર્યા છે તેમ સાંભળીને જેટલા સંતો આસપાસ હતા, તે બધા ત્યાં આવી ગયા. કોઈ બાકી રહ્યા નહિ. ૩૭. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે મશાલો થઈ. બધા સંતો ઊંચે સ્વરે બોલીને આરતી કરવા લાગ્યા. ૩૮. આરતી જ્યારે થઈ રહી પછી નારાયણધૂન કરી અને ધૂન કર્યા પછી સહુએ દંડવત્-પ્રણામ કર્યા. ૩૯. પ્રણામ કરીને બધા સ્વસ્થ થઈને બેઠા. કોઈ સંત બેસવામાં બાકી ન રહ્યા, પછી શ્રીહરિ બોલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "રસ-રોટલી અને કેરી સહુને જમાડ્યા પછી શ્રીહરિ સાંજે સભામાં બેઠા" એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર સત્તરમું : તરંગ - ૪૮

શ્રીહરિએ સંતોની ઝોળીઓ તપાસી અને સહુને રસ-રોટલી જમાડી

જ્યારે સંતો ગામડાઓમાં ફરીને આવ્યા ત્યારે તે સહુને શ્રીહરિએ ઘણા હેતથી પૂછ્યું. ૧. શ્રીહરિએ જેવું પૂછ્યું, સંતોએ તેવા ઉત્તર આપ્યા. પ્રશ્નોત્તર કરતા મધ્યરાત્રિ થઈ ગઈ. પછી ચતુર એવા શ્રીહરિ પોઢી ગયા. ૨. સવાર થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા, દાતણનો વિધિ કર્યો અને સરોવરમાં પાણી હતું, તેથી તેમાં સ્નાન કર્યું. ૩. બધા સંતોએ પણ શ્રીહરિની સાથે સ્નાન કર્યું. સરોવરમાં જ્યાં ખાડાઓ હતા, તેમાં પાણી વધારે ઊંડું હતું. ૪. સુખદાયક શ્રીહરિ જ્યાં ઊંડું પાણી હતું ત્યાં નાહતા હતા. ઊંડા પાણીમાં ડૂબકી મારીને ઘણીવારે બહાર નીકળતા હતા. ૫. ક્યારેક તો બે ઘડી થાય ત્યારે શ્રીહરિ સહુ ભક્તોને દર્શન દેતાં હતાં. ક્યારેક તો ચાર ઘડી થાય ત્યારે દર્શન દેતાં હતાં. ૬.

ભક્તોના ચિત્તને ચોરનારા રંગભીના શ્રીહરિએ પછી પાણીથી બહાર નીકળીને રૂમાલથી શરીરને કોરું કર્યું. પછી એક શ્વેત ધોતિયું પહેર્યું અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી. શ્વેત પછેડી ઓઢી લીધી તથા ચરણોમાં ચાખડીઓ પહેરી અને મહોલને નજીક પશ્ચિમ તરફ જ્યાં પાટ બિછાવેલી હતી ત્યાં દક્ષિણ તરફ મુખ રાખીને બેઠા. સંતો પણ પ્રસન્નતાથી આગળ બેઠા. અને જે સંતોએ ચણોઠીના હાર કર્યા હતા તે લાવીને પહેરાવ્યા. ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમે તો સંત છો. સંતોની આ રીત નથી. તમને તે બાબતમાં દેખાતું નથી. ૭-૧૦. હાર બનાવવાના જેટલાં સાધન છે તે બધાનો આજથી ત્યાગ કરી દો.' આમ કહીને જે સંતો સભામાં બેઠા હતા તેમને અને આસન ઉપર જે સંતો હતા, તે બધાને બોલાવીને સભામાં બેસાડ્યા. જ્યારે બધા સંતો આવી ગયા ત્યારે સભાને ચારેતરફ પાર્ષદો રાખ્યા હતા. ૧૧-૧૨.

પછી કહ્યું કે, 'કોઈને આસન ઉપર જવા દેશો નહિ. સહુની ઝોળીઓ અહીં લાવો. અમે તેને દેખશું. ૧૩. એમ કહીને પાર્ષદોને મોકલીને સહુ સંતોની ઝોળીઓ મંગાવી. પછી મનના ઉત્સાહથી તેમાં જોવા લાગ્યા, પણ

કાંઈ દેખાયું નહિ. ૧૪. નિર્માનાનંદ અને જિજ્ઞાસાનંદ, તે બંનેના વર્તનમાં કાંઈક ફરક છે, તેમ કોઈએ કહ્યું હતું, પણ કશું નીકળ્યું નહિ. ૧૫.

सोरठा : संत की जुठी बात, करत नारकी होत तेहि;
ईर्ष्या करीके कहात, जम के गन सो होत रहे...१६

चोपाई :

संत में फरक देखावे जामें, मुक्तमुनि सरिखे तामें;
हमारी एक आगे हि केना, मन में ता विन चुप कर रेना...१७

जिनसे मन जाके जुदे जबहू, होवत रहत यह समय तबहू;
सुधे वरतन में फरक देखावे, एसे केतिक बात रहावे...१८

પછી શ્રીહરિએ કહ્યું, 'સંતોની કોઈ ખોટી વાત કરે તો તે નારકી થાય છે અને ઈર્ષ્યાએ કરીને કોઈ ખોટી વાત કહે તો તે જમનો ગણ થાય છે. ૧૬. મુક્તાનંદસ્વામી જેવા સંતમાં પણ કાંઈ ફરક દેખાય તો એક અમારી જ પાસે આવીને છાની રીતે કહેવું. તે સિવાય તો મનમાં ચૂપ રહેવું. જાહેર કરવું નહિ. ૧૭. **જ્યારે જેનું મન જેનાથી જુદું પડી જાય છે તે સમયે તેના સીધા-સાદા વર્તનમાં પણ ફરક દેખાય છે. આવી કેટલીક વાત રહી હોય છે.** ૧૮. **જેનું એક મન રહેતું હોય તેને જ્યારે કોઈના વર્તનમાં ફરક દેખાય ત્યારે તે ફરક જો સમજણા પાંચ જણાને પણ દેખાય તો તે ફરક સાચો કહેવાય.** ૧૯. **પછી તે સંત પોતાનાં વર્તનના ફરકને જ્યાં સુધી કબૂલ કરે છે ત્યાં સુધી તેને સત્સંગનો ખપ છે તેમ માનવું, પણ જો કબૂલ ન કરે તો પછી કોઈએ તેમની સાથે સ્નેહ-સંબંધ રાખવો નહિ.** ૨૦.

જેને સત્સંગનો ખપ ન હોય તે વર્તનના ફરકને કબૂલ કરે નહિ અને તે ફરક કબૂલ નહિ કરનારાનો જે લોકો પક્ષ રાખે છે તેને પણ સત્સંગનો ખપ નથી. તે એમણે પ્રગટ કહી દેખાડ્યું કહેવાય. જેને સત્સંગનો જેટલો ખપ હોય છે તેને તેટલો ધર્મનો પક્ષ રહે છે. ૨૧-૨૨. **જેટલો જે ધર્મમાં વર્તે છે તેટલી તેમાં મોટાઈ આવે છે. ધર્મ પાળ્યા સિવાય ચાહે તેટલી મહેનત કરવામાં આવે તોપણ તેમાં મોટાઈ ક્યારેય આવતી નથી.** ૨૩. ધર્મ છે તે સહુનો આત્મા છે. આત્મા વિનાનું શરીર મડદું કહેવાય છે અને

સહુ લોકો મડદાનો ત્યાગ કરી દે છે. તેમાં કોઈ પ્રેમ રાખતું નથી.' ૨૪. શ્રીહરિ જેતલપુરમાં આટલી વાત કરી રહ્યા તે વખતે ચારેબાજુના ગામોના અને દેશોના ગણે પાર ન આવે તેટલા બધા હરિભક્તો આવ્યા. ૨૫.

સહુ ફૂલના હાર લાવ્યા હતા. શ્રીહરિ તે હારને સ્વીકારતા હતા. હાર લેતા હતા તેટલીવાર સુધી ઊભા રહ્યા અને સહુને પ્રેમથી બોલાવતા હતા. ૨૬. ફૂલના હાર લઈ લીધા પછી સહુને ઉતારા અપાવ્યા. તેટલીવારમાં તો રસોઈ તૈયાર થઈ ગઈ અને શ્રીહરિ રસ-રોટલી જમ્યા. ૨૭. જ્યારે શ્રીહરિ જમી રહ્યા તે પછી સંતોની પંગતમાં મનના ઘણા ઉમંગથી રસ અને રોટલી પીરસવા લાગ્યા. ૨૮. સંતોને પીરસી રહ્યા પછી પાર્ષદોને પણ રસ અને રોટલી પીરસ્યા. તે પછી કાઠી દરબારોને પણ રસ-રોટલી પીરસ્યા. ૨૯. સહુને જ્યારે પીરસી રહ્યા પછી સહુ જમવા લાગ્યા. શ્રીહરિ વારંવાર રસ પીરસતા હતા, છતાં લગાર પણ રસ ખૂટતો નહિ. ૩૦. કોઈ દિવસ ન દેખ્યો હોય તે રીતે શ્રીહરિએ રસનો ઉત્સવ કર્યો.

તે દિવસોમાં ભીમ એકાદશી આવી. ૩૧. તે દિવસે સરોવરથી ઉત્તર બાજુ, સરોવરની પાળ ઉપર એક મોટો વટવૃક્ષ હતો. ત્યાં સુંદર છાયો કરાવ્યો હતો. ૩૨. વડલાની દક્ષિણ તરફની ડાળી સાથે પલંગનો હિંડોળો બંધાવ્યો. તેની એવી સુંદર શોભા થઈ કે જે વર્ણવી શકાતી નથી. ૩૩. હિંડોળા ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. પછી શ્રીહરિ આવીને તે હિંડોળામાં બેઠા. અંગ ઉપર ઘણાં ઊજળાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૩૪.

તે સમયે હરિભક્તો પૂજા કરવા લાગ્યા અને તે અલૌકિક ઉત્સવ બધે છવાઈ ગયો. ઢોલ અને તાંસા ઘણાં વાગતાં હતાં. બધા નરનારી ભક્તો 'જય જય...' 'જય જય...' શબ્દ કરતા હતા. ૩૫. બધા સંતો કેસરયુક્ત ચંદન ઘસીને મોટું તપેલું ભરીને લાવ્યા. લાવનારામાં આનંદાનંદસ્વામી મુખ્ય હતા. ૩૬. સંતોને રહેવા માટે સુરતમાં હરિભક્તોની પાસે મંદિર કરાવ્યું હતું. ૩૭. જે મંદિર કરાવ્યું હતું તે નિમિત્તે પૂજા કરવા આવ્યા. અને જેટલા સંતો સાથે હતા તે બધાને પણ બોલાવ્યા. ૩૮. તેમાં આનંદાનંદસ્વામીએ

શ્રીહરિની પહેલી પૂજા કરી. શ્રીહરિ તો ગાદી તકિયા ઉપર બેઠા રહ્યા. ૩૯. સંતો તો નખથી શીખા પર્યંત શ્રીહરિની મૂર્તિને કેસરયુક્ત ચંદન લઈને સ્વસ્થ મને ચરચવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ સંતોની ઝોળીઓ તપાસી અને સહુને રસ-રોટલી જમાડી" એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર સત્તરમું : તરંગ - ૪૯

સંતોએ શ્રીહરિની ચંદન, પુષ્પથી પૂજા કરી અને વાલજી વિપ્રે લૂંટારાથી સંઘને બચાવ્યો

આનંદાનંદસ્વામીએ શ્રીહરિની મૂર્તિ ઉપર ચંદન ચરચ્યું. આનંદાનંદ સ્વામીએ ચંદન ચર્ચી રહ્યા પછી હાથમાં કુંકુમ લઈને શ્રીહરિના લલાટમાં સારો ચાંદલો કર્યો અને પછી ભુજાઓ તથા ઉદર ઉપર પણ ઘણા ચાંદલાઓ કર્યા. ૧-૨. પછી ફૂલની એક સુંદર ટોપી મસ્તક ઉપર ધરાવી અને ફૂલના હાર છાતી ઉપર ધરાવ્યા. ૩. ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા અને કાંડાં ઉપર પહોંચી ધરાવી. અને ગુલાબના બે ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. ૪. બંને ચરણારવિંદમાં ચંદન ચર્ચીને છાતીમાં અને મસ્તક ઉપર તે લીધા. મુનિવર મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીએ પણ શ્રીહરિનાં ચરણોમાં ચંદન ચરચીને પોતાની છાતી અને મસ્તક ઉપર લીધા. આનંદાનંદસ્વામીના મંડળના જે સંતો હતા, તેમણે પણ તે રીતે જ પૂજા કરી. ૫-૬.

ભાઈ રામદાસસ્વામીએ આવીને શ્રીહરિની પૂજા કરી. બીજા પણ જે સંતો અને વર્ણીઓ જેટલા હતા, તે સહુએ પૂજા કરી. ૭. પાર્ષદો પણ પૂજા કરી રહ્યા, તે પછી બધા હરિભક્તો પૂજા કરવા આવ્યા. પૂરો મધ્યાહ્ન થઈ ગયો હતો તેથી શ્રીહરિએ હરિભક્તોને પછી પૂજા કરતા અટકાવ્યા. ૮. પછી હરિભક્તોએ બધા સંતોની પૂજા કરી અને માધવદાસ નામના સંતે પ્રેમથી બોરસલીના ઘણા હાર કર્યા હતા, તેને તેઓ લાવ્યા. ૯.

(સં.૧૮૭૩ ભીમ એકાદશીના દિવસે બપોર સુધી સંતો-ભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી જ્યારે ભક્તોને અટકાવ્યા ત્યારે સ્વામી કહે, મારે પુરુષોત્તમનારાયણની પૂજા કરવાનો લાગ આવ્યો. તેથી મારા ભાગ્ય જાગ્યા. મેં શ્રીહરિની સન્મુખ ઊભા રહી દીનભાવે હાથ જોડ્યા તેથી કરુણા કરી સહુના નાથ શ્રીહરિએ મારી સામું જોયું. અને મીઠી વાણીએ બોલાવી કહ્યું, માધવદાસ ! શું લાવ્યા છો ? ત્યારે મેં કહ્યું, હે મહારાજ ! આપના માટે ફૂલના શણગાર લાવ્યો છું. હે મારા પ્રાણઆધાર ! આપ દયા કરીને ધારણ કરો. પછી કંઠમાં નવ સેરના બોરસડીના હાર પહેરાવ્યા. નવ સેરના હાથે બાજુબંધ બાંધ્યા. નવ સેરના પાઘમાં બોરસડીના ફૂલના તોરા ધરાવ્યા. તેવી રીતે બોરસડીના ફૂલની સુંદર પછેડી ઓઢાડી. નવ સેરના ફૂલના કાને કુંડળ ધરાવ્યા. આવા શણગાર સજી શ્રીહરિ શોભતા.

દોહા : કરનાં લટકાં કરતાં, ઝળકે મોહનનું મુખ;
દાસ માધવ કહે હરિ મુખ જોતાં, ઊપજે છે બહુ સુખ.)

અને શ્રીહરિને જ્યારે પહેરાવ્યા પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તે સમયે ચંદન અને પુષ્પમય બનેલી શ્રીહરિની મૂર્તિ ઘણી પ્યારી લાગતી હતી. ૧૦. પછી જઈને શ્રીહરિએ સ્નાન કર્યું. ભક્તજનોએ મૂર્તિ ઉપરથી ચંદન લૂછી લીધું. તે પછી શ્રીહરિએ કેરીનું ફરાળ કર્યું. જેટલી ઈચ્છા થઈ તેટલી કેરી જમ્યા. ૧૧. સંતો, વર્ણી અને પાર્ષદો, એ સહુએ પણ પ્રસન્ન મનથી ફરાળ કર્યું. તે પછી શ્રીહરિ મહોલની જગ્યામાં આવ્યા. ૧૨. આસોપાલવની નીચે ઘણી છાયા હતી, તેમાં પાટ બિછાવી દીધી હતી, એટલે ધર્મના લાલ શ્રીહરિ ત્યાં આવીને બેઠા. ૧૩. તે વખતે સુથરામપુરાના વાલજીભાઈ નામે વિપ્ર ભક્તોના સંઘને લઈને જેતલપુર આવ્યા. ૧૪.

સંઘ જેતલપુરથી લગભગ ત્રણ કોશ છેટે હતો ત્યારે તેને લૂંટારા ઘોડેસવાર સામે મળ્યા. ૧૫. સંઘને લૂંટવા માટે આવેલા તે ત્રીશ ઘોડેસવારોએ સંઘને ચારેબાજુથી ઘેરી લીધો. સંઘમાં બાઈઓ જ હતી. તેઓ સ્વામિનારાયણ નામ ઉચ્ચારવા લાગી. ૧૬. પાછળના ભાગમાં એક ગામ હતું, પણ ત્યાંથી કોઈ મદદ કરવા આવ્યું નહિ. હાથમાં ધનુષ્યબાણ લીધેલા વાલજી વિપ્ર એકલા

જ હતા. ૧૭. તેમણે મનમાં શ્રીહરિને સંભાર્યા કે, 'જો સ્વામિનારાયણ ભગવાન અત્યારે આવીને સહાયતા કરે તો જ આ સંઘની લાજ રહેશે અને બધું કામ સુધરી જાશે. ૧૮. તેમની સહાયતા વિના અમે શું કરીએ ? લોટમાં મીઠા જેટલા અમે છીએ. આજે જરૂર અમારું મરણ આવ્યું જણાય છે. તેમાં કાંઈ જ ખોટું નથી.' ૧૯.

તે બધા ઘોડેસવારોએ વાલજી વિપ્રને કહ્યું, 'તમે ધનુષ્યબાણને દૂર મૂકી દો. અમે ચોક્કસ તમને લૂંટી લેશું. ૨૦. ત્યારે વાલજી વિપ્રે કહ્યું, 'મારું જ્યારે મોત થાય ત્યારે જ હું ધનુષ્યબાણને છોડીશ. ધનુષ્યબાણને જો છોડી જ દેવાના હોત, તો શું તે દેખાડવાને માટે બાંધ્યા છે ? ૨૧. મેં મોતને સ્વીકારીને જ આ મારા ધનુષ્યબાણ બાંધ્યા છે.' તે વખતે લૂંટારુ સવારોએ જેટલા હતા તે બધાએ ધનુષ્યબાણ તૈયાર કર્યા. ૨૨. સહુએ ભેળા મળીને વાલજી વિપ્ર ઉપર બાણોની વૃષ્ટિ કરી, પરંતુ પરમેશ્વરે આવીને તેને બચાવી લીધા. એક પણ બાણ વાલજીનો સ્પર્શ કરી શક્યું નહિ. તે પછી વાલજી વિપ્રે મરણિયા થઈને શ્રીહરિને સંભાર્યા અને હરખભેર બાણ છોડવા લાગ્યા. ૨૩-૨૪.

જેટલી બાઈઓ સાથે હતી તે બધી દૂર પડેલા બાણને લાવી આપતી હતી. બે ઘડી ભર યુદ્ધ ચાલ્યું અને વાલજી વિપ્રે યુદ્ધ કરતાં કરતાં ઘોડેસવારોને દૂર રાખ્યા. ૨૫. પછી તે સવારો લૂંટવાની આશા છોડી દઈને ચાલ્યા ગયા. પછી તે સંઘ ચાલતો ચાલતો પાછળના ગામે રહ્યો. ત્યારે તે બધું ધર્મકુમાર શ્રીહરિએ સાંભળ્યું. ૨૬. પછી શ્રીહરિએ પોતાના બંદૂકધારી દસ-બાર પાર્ષદોને સંઘને લેવા માટે ત્યાં મોકલ્યા. ૨૭. પાર્ષદો સંઘને લઈને આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ હેતથી તેમને બોલાવ્યા અને મનમાં ખૂબ જ આનંદ થયો. ૨૮. દર્શન કરવા આવેલી બાઈઓને ઘણા પ્રેમથી પ્રસાદીના હાર આપ્યા. તેમને ઉતારો કરાવ્યો અને વારંવાર તેમની સંભાળ રખાવી. ૨૯.

રંગભીના શ્રીહરિએ વાલજી વિપ્રને પોતાના ચરણારવિંદ અનેક હરિભક્તોની હાજરીમાં આપ્યા અને સહુ હરિભક્તોની વચ્ચે 'આ વાલજી

વિપ્ર ઘણા શૂરવીર છે.' એ પ્રકારની તેમની ઓળખાણ આપી. ૩૦. આ વિપ્ર ઝાડી પ્રદેશમાંથી સંઘ લઈને આવે છે અને પાછા જાય છે. તેઓ કોઈનો લેશમાત્ર ડર રાખતા નથી. વળી, સાથે રહેલી હરિભક્ત બાઈઓની પણ ખૂબ જ સંભાળ રાખે છે. ૩૧. ગાંઠનું ખર્ચ આપીને હરિભક્ત બાઈઓની મદદ કરે છે. તે સત્સંગનું માહાત્મ્ય સમજ્યા વિના આ રીતે કોઈથી સંભાળ રાખી શકાય નહીં. ૩૨. **ધર્મમાં રહીને આ રીતે બાઈઓની સંભાળ રાખવી તે સહુથી કઠણ વાત છે. જે ધર્મ રાખે છે તેને બધું રહે છે અને જેનો ધર્મ જાય છે તેનું બધું જતું રહે છે.** ૩૩. **જેને મોક્ષનો પૂરેપૂરો ખપ હોય તેને ધર્મ રાખવો કઠણ નથી, પણ ખપમાં જેટલી કસર રહે છે તેટલી ધર્મમાં ન્યૂનતા કહેવાય છે.** ૩૪.

चोपाई :

खप तितने धर्म कही देता, संग कहत सदा तेहि रेता;
वरतन तितना कहत रहाते, तिलभर तेहि न रखत छिपाते...३५
अंतरजामी रहाये जेसे, इतनी बात कही देवत तेसे;
इतनी करी रहे हरि बाता, हरिजन कु मगन करत रहाता...३६

મનુષ્યને મોક્ષનો ખપ હોય તે તો તેનો ધર્મ કહી દે છે અને કાયમ સાથે રહેવાનું થાય તો તેનો સહવાસ તે કહી બતાવે છે. અને રોજિંદુ વર્તન છે તે પણ કહી દે છે, તેમાં તલભાર પણ છુપાવ્યું રહેતું નથી. ૩૫. સહુના અંતર્યામી પરમેશ્વર છે તે ઉપર કહેલી બાબતોથી ખપની વાતને કહી દે છે. શ્રીહરિએ આટલી વાત કહીને બધા હરિભક્તોને રાજી કર્યા. ૩૬. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે મશાલો પ્રગટી અને સહુ સંતો સંધ્યા આરતી કરવા લાગ્યા. ૩૭. સહુ સંતોએ નારાયણધૂન કરી અને દંડવત્-પ્રણામ કર્યા. પછી જાગરણ કર્યું અને તેમાં સહુ કીર્તન બોલતા રહ્યા. ૩૮.

सोरठा : हरि पीछे बोलेउ, हरिजन सुनहो सब हि तुम;
बात एक रहस्य रहेउ, कहत हूँ में आज तेहि...३९
यह सभा के मांहि, जितने जो हरिजन रहे;
तेजोमय तन रहाहि, छटा तेज की छूट रहेउ...४०

પછી શ્રીહરિએ કહ્યું કે, 'સહુ હરિભક્તો તમે સાંભળો. હું એક રહસ્યરૂપ વાત આજે તમને સહુને કહું છું. ૩૯. આ સભામાં જેટલા હરિભક્તો બેઠા છે તે બધાના તેજોમય દેહ દેખાય છે અને તેમના દેહમાંથી તેજની છટાઓ છૂટી રહી છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સંતોએ શ્રીહરિની પૂજા કરી અને વાલજી વિપ્રે લૂંટારાથી સંઘને બચાવ્યો" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર સત્તરમું : તરંગ - ૫૦

શ્રીહરિ જેતલપુરમાં આમ્રરસોત્સવ કરીને પાછા ગઢપુર આવ્યા

ધર્મકુમાર શ્રીહરિએ તે રાતમાં જાગરણ કર્યું અને સંતો તથા હરિભક્તોના ઉપર પ્રસન્ન થઈને ઘણા પ્યારથી વાત કરી. ૧. તે વાત હવે હું કહું છું. શ્રીહરિએ કહ્યું, 'જે પ્રગટ ભગવાન છે તે સહુના કારણ છે. ૨.

सोरठा : यत किंचित जो बात, प्रगट की धारी होत सब;
प्रगट बिन हि न रहात, खचित करीके कहत हम...०३
प्रगट बिन ओर जेते, काष्ठ प्रतिमावत रहेउ;
अक्षर प्रजंत हि तेते, पुरुष प्रकृति प्रधान सब...०४

જે કોઈ પણ બાબત બને છે તે બધી આ પ્રગટ ભગવાનની ધારી થાય છે. તે બાબત હું નિશ્ચિત કહું છું કે, પ્રગટ ભગવાન સિવાય કંઈ જ થતું નથી. ૩. પ્રગટ ભગવાન સિવાય બીજા જેટલા પણ છે તે બધા જ કાષ્ઠના પૂતળા જેવા છે. પુરુષ, પ્રકૃતિ, પ્રધાન અને અક્ષરપર્યંત, ૪.

चोपाई :

भव ब्रह्मा बडे जितने देवा, राधा रमा सावित्री जेवा;
उमा जेसी देवी अपारा, गिनत ताके न आवत पारा...०५
प्रगट ताके सब रहे आधीना, प्रगट कु सेवत रहे दीना;
उत्पति स्थिति प्रलय जेहा, वेर वेर होवत रहे तेहा...०६

ભવ અને બ્રહ્મા આદિક મોટા મોટા દેવો, રાધા, લક્ષ્મીજી, સાવિત્રી, પાર્વતી ઇત્યાદિક અપાર દેવીઓ છે, જેની ગણતરી કરતા પાર આવતો નથી. ૫. એ બધા જ પ્રગટ ભગવાનને આધીન રહે છે અને પ્રગટની દીનભાવે સેવા કરે છે અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પણ વારંવાર થતા રહે છે, ૬.

प्रगट के आधीन रहे ताही, प्रगट बिन बल रहे न याही;
जय रु पराजय जग में जेता, होवत रहत हे वेर वेर तेता...०७
प्रगट मन में धारत हे जेसे, सहज होवत रहत हे तेसे;
प्रगट ताकि रीत हे जेती, जन के मोक्ष हित हे तेती...०८

તે બધું પ્રગટને આધીન રહ્યું છે. **તે કોઈમાં પ્રગટ વિના બળ રહેતું નથી. આ જગતમાં વારંવાર જય અને પરાજય થયા જ કરે છે.** ૭. તે પ્રગટ ભગવાન જેવું મનમાં ધારે છે તેવું સહજ થતું રહે છે. અને પ્રગટની જે બધી રીત છે તે મુમુક્ષુઓના મોક્ષ માટેની હોય છે. ૮. તે પ્રગટ ભગવાનની રીત જેને ગમતી નથી, તેઓ તો અત્યંત કષ્ટને પામે છે અને યમરાજાના દૂતો તેવા લોકોને રાત-દિવસ ખોળતા ફરે છે. ૯. **જેને પ્રગટ ભગવાનની રીત ગમતી નથી તેને દંડ દેવાનું તાન યમદૂતોને રહે છે.** અજ્ઞાની લોકો પ્રગટ ભગવાનની આગળ આવીને કહે છે, ૧૦. 'તમે જ્યારે અમને પરચા દેખાડશો ત્યારે અમે તમને પ્રગટ ભગવાન માનશું, પણ પ્રગટ ભગવાન તો તે અજ્ઞાનીઓને અતિ ખપવાળા જ્યારે દેખે ત્યારે તેને પરચો આપે છે. ખપ વગરનાને પરચો દેતા નથી. પ્રગટ ભગવાનનું આવું તાન છે, તેને અજ્ઞાની મનુષ્યો ક્યાંથી સમજે ? ૧૧-૧૨.

જે લોકો પ્રગટ ભગવાનની પાસે પરચો માગે છે તેનું તો તત્કાળ મૃત્યુ થાય છે. તેને તમે દેખો તો ખરા ! ૧૩. પ્રગટ ભગવાનની પાસે પરચો માગ્યો તો પરચો માગનારા હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુનો પ્રથમ વિનાશ થયો હતો. ૧૪. રાવણ અને કુંભકરણ પરચો લેવા આવ્યા. તેમણે સીતાનું અપહરણ કર્યું ત્યારે તત્કાળ તેનું મૃત્યુ થયું. ૧૫. કંસે પરચો લેવાને માટે જેને જેને મોકલ્યા, તે બધા અગ્નિમાં પતંગિયા સળગી જાય તેમ તત્કાળ

મરણ પામ્યા હતા. ૧૬. પછી કંસનું મરણ પણ તત્કાળ થયું. વિકરાળ શાલ્વ, દંતવક્ર, પૌંડ્રક, બાણાસુર, એવા કેટલાયનું પરચો લેવા જતા મરણ થયું હતું. ૧૭. આ રીતે અત્યારે જે લોકો પરચા માગે છે તેમના પણ તેવા હાલ થતા રહે છે. પ્રગટ ભગવાનના પરચા તો અપાર થતા રહે છે, પણ અજ્ઞાની માણસને લગાર પણ ગમ હોતી નથી. ૧૮.

❋ પ્રગટ પ્રભુની મહત્તા :

चोपाई :

प्रगट कु जानत जेसी रीता, जन कु होवत हि तेसी रीता;
तोहु परचा मागत रहेऊ, प्रताप की गम नहि जाकु तेऊ...१९
प्रताप ताकी गम रहे जाही, परचा कबहु न मागत ताही;
जाको कर्‍यो होवत सबही, जानत ताकु न संशय कबही...२०
वरतन प्रगट जेहि प्रकारा, चलावत अब तेही अनुसारा;
देशकाल की प्रवरति तेसे, होवत रहत हे ततछिन एसे...२१
प्रगट स्वरूप ब्रह्मांड ताकी, एकता हो रहायेउ वाकी;
वरतन करी देखनमें आते, वरतन देखे बिन न देखाते...२२

પ્રગટ ભગવાનને જેવા સમજે છે તેવું તેને ફળ મળે છે. જેને ભગવાનના પ્રતાપની ગમ નથી તે લોકો પરચા માગે છે. ૧૯. જે મનુષ્ય પ્રગટ ભગવાનના પ્રતાપને સમજે છે તે ક્યારેય પરચો માગતા નથી. 'પ્રગટ ભગવાનનું કર્યું જ બધું થાય છે' તેમ જે જાણે છે તેને ક્યારેય સંશય થતો નથી. ૨૦. પ્રગટ ભગવાન જેવા વર્તનને ચલાવે છે તેને અનુસારે જ અત્યારે દેશ કાળાદિક વગેરે પ્રવર્તે છે અને તરત જ તે રીતે બધા વર્તે છે. ૨૧. **પ્રગટ ભગવાનના સ્વરૂપની અને બ્રહ્માંડની એકતા રહી છે તે વર્તન ઉપરથી દેખાય છે. વર્તન દેખ્યા વિના તે જણાતું નથી.** ૨૨. **જેનામાં અપાર બુદ્ધિ હોય તે તો સત્સંગના યોગે કરીને પ્રગટનું જેટલું વર્તન હોય છે તેને યથાર્થ રીતે દેખે છે.** ૨૩.

સાક્ષાત્ શ્રીહરિ આટલી વાત કહીને પોઢી ગયા અને બધા સંતો તથા હરિભક્તો તે વાત સાંભળીને મનમાં ઘણું રાજી થયા. ૨૪. પરમ ચતુર

શ્રીહરિ સવાર થયું ત્યારે ઊઠ્યા. કોમળ દાતણ કર્યું અને શુદ્ધ નીરથી સ્નાન કર્યું અને પોતાનાં અંગને લૂછીને કોરું કર્યું. ૨૫. પછી શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં અને હરિભક્તોએ ફૂલના હાર પહેરાવ્યા અને પાઘમાં છોગા મૂક્યા ૨૬. જે હરિભક્તો હતા, તે સહુએ ખૂબ જ હેત-પ્રેમથી શ્રીહરિને વિવિધ પ્રકારના થાળ કરીને જમાડ્યા. ૨૭. શ્રીહરિ થાળ જમી રહ્યા પછી સરસ રસ અને રોટલી સંતોને જમાડ્યા અને બધા પાર્ષદોને પણ જમાડ્યા. ૨૮.

આ રીતે શ્રીહરિએ રોજ રોજ જેતલપુરમાં અધિક અધિક હરિભક્તોના હિતને માટે અદ્‌ભુત લીલાઓ કરી. પછી પાછા ગઢપુર જવા માટે ચાલતા થયા. ૨૯. આ પ્રમાણે જેઠ સુદિ એકાદશીનો અનુપમ ઉત્સવ જેતલપુર ગામના ગંગાદાસ અને આશજીભાઈ, ૩૦. તથા ગામના બીજા પાટીદારોએ મળીને શ્રીહરિને બોલાવીને કરાવ્યો. તે ઉત્સવને જે કોઈ સાંભળે કે સંભળાવે, તે બધા પોતાના કુટુંબે સહિત મનોવાંછિત ફળને પામશે. તેના ભવભટકણના ફેરા ટળી જાશે અને તેઓ વિમાનમાં બેસીને ભગવાનના દિવ્ય ધામમાં જાશે. ૩૧-૩૨. હવે દેશ પ્રદેશમાં મંડળો લઈને હરિભક્તોની આગળ પ્રગટ ભગવાનની કલ્યાણકારી વાતો કહેવા માટે જે સંતો ગયા હતા તેમની વાત કહું છું. ૩૩. સત્સંગની જેવી પ્રથા હતી, તે પ્રમાણે સંતો મુમુક્ષુઓની આગળ ભગવાનની વાતો કહેતા હતા અને સંતોએ કરેલા કથા, કીર્તન ઇત્યાદિકને જે લોકો સાંભળતા હતા, તેમને સંતોના ઉપર પ્રેમ થતો હતો. ૩૪.

સંતો જેટલી ક્રિયા કરતા હતા તેને વેદ અને પુરાણો વખાણે છે. સંતો જે ભજન, સ્મરણ અને ધ્યાન કરતા હતા તે સર્વ લોકોને શાંતિ કરનારા હતા. ૩૫. **અજ્ઞાની લોકો સંતોનું અપમાન કરતા હતા, છતાં બુદ્ધિમાન સંતો ક્ષમા રાખી સહન કરતા હતા. સહનશીલતા જેવું તો કોઈ બીજું શસ્ત્ર નથી. સહનશીલતા તો તોપ કરતાં પણ અધિક છે.** ૩૬. **સહનશીલતારૂપી ગુણ ભૂમિમાં અને વૃક્ષમાં રહ્યો છે. ભૂમિને કોઈ ખોદે, છતાં તે તેને ધારી રહી છે અને વૃક્ષને કોઈ કાપે છે, છતાં તે તેને ફળ આપે છે. તે રીતે સંતો**

બધું સહન કરીને પણ સહુનું હિત કરે છે. ૩૭.

શ્રીહરિ **જેતલપુર**થી ચાલતા થયા તે **ગઢપુર** ગામ આવ્યા. ત્યારે ભક્તજનોએ શ્રીહરિનો જયજયકાર કર્યો. ૩૮. ચાતુર્માસ પર્યંત શ્રીહરિએ ગઢપુરમાં નિવાસ કરીને જે લીલા કરી હતી તે હવે શ્રીહરિની વાત કહું છું. ૩૯. (સં. ૧૮૭૪ ની સાલનો) અષાઢ માસ આવ્યો ત્યારે વેદાંતાચાર્ય ભાવનગર જતા હતા તે વચ્ચે ગઢપુર આવ્યા. ૪૦. તેઓ જીવાખાચરની ચોપાટમાં ઊતર્યા હતા. તેના સમાચાર સાંભળીને શ્રીહરિ રાતે છાની રીતે તેની પાસે ગયા. (અર્થાત્ તે ન જાણે તે રીતે જીવા ખાચરના દરબારમાં ગયા હતા.) ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ જેતલપુરમાં આમ્રરસોત્સવ કરીને પાછા ગઢપુર આવ્યા" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર સત્તરમું : તરંગ - ૫૧

ગઢપુરમાં વેદાંતાચાર્યની સાથે પ્રાગજી દવેની વાતચીત થઈ

શ્રીહરિએ પ્રથમ તો તે વેદાંતાચાર્ય કેટલું ભણેલા છે, તે જોવાને માટે પ્રાગજી દવેને મોકલ્યા. ૧. શ્રીહરિએ તેમની બુદ્ધિની પરીક્ષા કરવા માટે પ્રાગજી દવેને પ્રશ્ન શીખવ્યા હતા. કારણ કે, ઉત્તર આપવામાં જેની જેવી બુદ્ધિ હોય તે ચોક્કસ દેખાઈ આવે છે. ૨. મલ્લ જેવો હોય તે તેના દાવપેચ ઉપરથી દેખાય આવે છે. તેમાં કાંઈ છુપાવ્યું રહેતું નથી. ૩. **જેનું જેવું ભણતર અને જેવી બુદ્ધિ હોય તે પ્રશ્ન-ઉત્તરમાં તરત જ દેખાઈ આવે છે.** ૪. વ્યાકરણ શાસ્ત્રમાં જેવી બુદ્ધિ હોય તેને વ્યાકરણ શાસ્ત્ર ભણેલો સમજી શકે છે. જેને જેવો અભ્યાસ હોય તે સામેનાના અભ્યાસને જાણી શકે છે. ૫. અભ્યાસ કર્યા સિવાય કોઈ પણ બાબતની ખરી હકીકત શું છે ? તે ચોક્કસ દેખાતી નથી અને વગર અભ્યાસે કોઈ માન રાખવા ચાહે તો તરત જ તેનું અપમાન થાય છે. ૬. શ્રીહરિ બધી બાબતોને જાણતા હતા. તેમને તો બધી જ જાતનું જ્ઞાન સાક્ષાત્ હતું. સ્વયં જ્ઞાનમૂર્તિ(સર્વજ્ઞ) કહેવાય છે,

પણ તેઓ સામાન્ય માણસના કળ્યામાં તરત આવતા નથી. ૭.

પ્રાગજી દવેને શ્રીહરિએ જે પ્રશ્ન શીખવ્યા હતા, તે બધા તેમણે વેદાંતાચાર્યની પાસે જઈને પૂછ્યા. ૮. તે પ્રશ્નને સાંભળીને વેદાંતાચાર્યએ કહ્યું, 'તમે કોના શિષ્ય છો ? ત્યારે દવે બોલ્યા, 'જેઓ સહુના ગુરુ કહેવાય છે તે સ્વામિનારાયણ નામે મારા ગુરુ આ ગઢપુરમાં રહ્યા છે. હું તેમનો શિષ્ય પુરાણી છું. તેમનો અત્યારે ઘણો જ પ્રતાપ રહ્યો છે. ત્યારે તે વેદાંતાચાર્યે કહ્યું, 'તમારા ગુરુ ક્યાં રહે છે ? મારા હૃદયમાં તેમને મળવાની ભાવના છે. તેઓ કયા શાસ્ત્રને ભણેલા છે ? ૯-૧૧. તેમના ઈષ્ટદેવ કોણ છે ? તેમની જન્મભૂમિ ક્યાં છે ? તેમનો વર્ણ અને આશ્રમ કયા છે ? વગેરે પૂછવાની મારા મનમાં ઈચ્છા રહે છે. ૧૨. તેઓ કયા ગુરુની આજ્ઞાથી ઉપદેશ કરે છે અને ત્યાગી અને ગૃહસ્થ શિષ્યો કરે છે ? તેઓ નામસ્મરણ કોનું કરે છે ? ૧૩. તિલક અને કંઠી વગરનો કોઈ સંપ્રદાય નથી. તિલક અને કંઠીને ધારણ કરે તો જ તે વૈષ્ણવ કહેવાય છે. ૧૪.

વૈષ્ણવોના ઈષ્ટદેવ તો પૂર્ણકામ અને ભક્તોના મનોરથને પૂર્ણ કરનારા એવા શ્રીકૃષ્ણ અને શ્રીરામ છે. તેનાથી કોઈ અધિક નથી. ૧૫. શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણચંદ્રજી વિપ્રને ગુરુ કરીને માનતા હતા. તેમનું વર્તન ક્ષત્રિયોનું હતું અને ધર્મને મુખ્ય રાખતા હતા. ૧૬. ભગવાનના જેટલા અવતારો થાય છે તે બધા ધર્મને મુખ્ય રાખે છે અને જે ધર્મનો નાશ કરે છે તેઓ તો ભગવાનના દ્રોહી કહેવાય છે. ૧૭. ધર્મનું સ્વરૂપ અપાર છે. તેનો કોઈ છેડો લઈ શકે તેમ નથી. મોક્ષકારી ધર્મ તો એક જ છે. અને તેમાં પણ મોક્ષનું સાધન એક ભક્તિ કહેવાય છે. ૧૮. જ્ઞાન અને વૈરાગ્ય પણ મોક્ષરૂપ છે. ભગવાન ક્યારેય તેમનો ત્યાગ કરતા નથી.'

ત્યારે દવે બોલ્યા, 'અમારા ગુરુ બ્રહ્મચારીના વ્રતને ધારી રહેલા છે. ૧૯. તેઓ સરવરિયા(સરયૂપારીણ) વિપ્ર છે. ઈટ્ટાર પાંડે તેમની અટક છે. અયોધ્યાની નજીક સરયૂને સામે કિનારે આઠ કોશ જેટલું દૂર છપૈયા નામે સારું ગામ છે. ૨૦. અમારા ગુરુના પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી રહ્યા છે. તેમના મોટા ભાઈ રામપ્રતાપજી છે અને બીજા સ્વયં આ ઘનશ્યામ

છે. અને તે બંને ભાઈથી નાના ત્રીજા ઇચ્છારામજી છે. તેઓ સહુ વૈષ્ણવ સંપ્રદાયમાં રહ્યા છે. તેઓ ક્યારેય આચાર્ય સિવાયના નથી. ૨૧-૨૨. તેઓ સામવેદી વિપ્ર કહેવાય છે, તેમની શાખા કૌથમી છે અને સાવર્ણિ ગોત્ર છે. તેમના પ્રવર ત્રણ છે : ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ. તેઓ તેર ઘરમાં મોટું સ્થાન ધરાવનારા છે. ૨૩-૨૪. **તે ઘનશ્યામ પ્રભુ જન્મથી લઈને જ ઘણા પ્રતાપી રહ્યા છે. જેટલા માયિક પંચવિષયના સુખ છે, તે તેમને રુચતા નથી.** ૨૫. **જેટલા વિષય છે તે બધાને તેઓ જન્મ અને મરણના દ્વારભૂત માને છે, એટલે તેમનો દૂરથી જ ત્યાગ કરે છે.** ૨૬.

सोरठा : कांता कनक हि जेतो, बंधन करीके कहत तेहि;
अभाव देखावत केतो, उलक सुनत हि होत यह...२७
बचन मानत ताके, जम के दूत तिनकु कबु;
नाम न लेवत वाके, शरनागत होत जन जो...२८

તેઓ કાંતા અને કનકને બંધનકારી કહે છે. તેને વિશે સાંભળતા જ ઊલટી થઈ જાય તેટલો બધો તે બંનેનો અભાવ દેખાડે છે. ૨૭. જે કોઈ પણ મનુષ્ય તેમને શરણે થાય અને તેમનાં વચનને માને છે તો જમદૂતો તેમનું ક્યારેય નામ પણ લેતા નથી. ૨૮. ચાર વર્ણના કોઈ પણ માણસ આવીને તેમના શરણાગત થાય છે તો તેમની પાસે તેઓ તરત જ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાવે છે. ૨૯. બીજું પણ કોઈ અયોગ્ય આચરણ હોય તો તેનો તત્કાળ ત્યાગ કરાવે છે. ફેલ, ફિતુર, વ્યસન, બીજા કોઈ તોફાન, ભાંડ, ભવાઈ કે બીજા તેવા કોઈ નાટકો, તેમાં જે જે દોષ રહ્યા હોય છે, તે બધાને દેખાડી દે છે. જે જે દોષો રહ્યા છે તે બધાને જીવના શત્રુ તરીકે જણાવે છે. ૩૦-૩૧.

તેઓ જીવને માન્યામાં આવે તેવી સત્ય વાતો કરતા રહે છે અને કેટલાકને તો ધ્યાન કરાવે છે અને તેમાં ઘણું આશ્ચર્ય દેખાડે છે. ૩૨. **તેઓ એવા પ્રતાપી રહ્યા છે કે વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામ જેવા દિવ્ય લોકોને ધ્યાનમાં દેખાડે છે.** ૩૩. **તેઓ અનેક પ્રકારના આશ્ચર્યોને દેખાડે છે અને તેમાં કાંઈ જ વાર લાગતી નથી. તેઓ પોતાને ભગવાન કહેતા નથી અને**

પોતાનું અપાર ઐશ્વર્ય છુપાવી રાખે છે. ૩૪. જેના દેખવામાં ઐશ્વર્ય આવે છે તેઓ તેમને ભગવાન કહે છે. તેઓ ઐશ્વર્યે કરીને ભગવાન કહેવાય છે, પણ ક્યારેય પોતે પોતાને ભગવાન કહેતા નથી. ૩૫.

ભગવાનના જેટલા અવતારો થયા છે, તેમનાં ચરિત્રોના ગ્રંથોને સાંભળવામાં તેમને રુચિ રહી છે. **તે બધા અવતારોમાં અમારા ગુરુને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અધિક રુચિ રહી છે અને તેમનાં ચરિત્રોના ગ્રંથોને તેઓ વારંવાર સાંભળે છે.** ૩૬-૩૭. આચાર્યો ઘણા થયા છે અને તે સહુએ પોતાના ગ્રંથો ઘણા લખ્યા છે, પણ તેમાં વ્યાસમુનિના જેવા કોઈ થયા નથી, છતાં રામાનુજાચાર્ય ઘણા વિચક્ષણ આચાર્ય થયા છે. ૩૮. અમારા ગુરુ સહજાનંદસ્વામી કહેવાય છે. તેઓ સ્વતંત્ર સ્વભાવના છે. આતો મેં તેમની સમજણની વાત કહી. ૩૯. ત્યારે વેદાંતાચાર્ય બોલ્યા, 'અમારે તેમને મળવું છે. તેઓ જેમ કહે તેમ હું કરીશ. મનમાં મળવાની ઘણી અભિલાષા છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ગઢપુરમાં વેદાંતાચાર્યની સાથે પ્રાગજી દવેની વાતચીત થઈ" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર સત્તરમું : તરંગ - ૫૨

શ્રીહરિએ વૈષ્ણવાચાર્યને પત્ર લખ્યો અને વેરાગીઓનો મત કહ્યો

વેદાંતાચાર્યની સાથે પ્રાગજી પુરાણીને વાત કરતાં કરતાં મધ્યરાત્રિ થઈ ગઈ. વેદાંતાચાર્યના પિતાનું નામ અનંતાચાર્ય હતું. ૧. પ્રાગજી દવે અનંતાચાર્યને કચ્છ દેશના અંજાર ગામમાં મળ્યા હતા. ૨. તેઓ અનંતાચાર્યના બધા પરાક્રમને જાણતા હતા. આ વેદાંતાચાર્ય તેમના જ પુત્ર હતા, એટલે તેનું દૈવત શું છે ? તે બધું જાણી લીધું હતું. ૩. લોકમાં પ્રતિષ્ઠિત વિદ્વાન છે એમ જાણીને શ્રીહરિએ તેમને ઉતારે જઈને જીવા ખાચર પાસે સો રૂપિયા દક્ષિણાના અપાવ્યા હતા. ૪. પછી તે આચાર્ય ગઢપુરથી ભાવનગર ગયા

અને ત્યાં ચાતુર્માસ પર્યંત રોકાયા હતા. શ્રીહરિએ ગઢપુરથી તેના ઉપર એક પત્ર લખ્યો. ૫. 'તમે ગઢપુર આવ્યા તેની અમને લગાર પણ ખબર ન હતી. તમે આવ્યા ત્યારે અમે ત્યાં ન હતા. તમે કુશળ વિદ્વાન છો, એવું અમે સાંભળ્યું છે. ૬. તમને સારા વિદ્વાન સમજીને અમે ઘણા હેતથી એક બાબત લખીએ છીએ. અમે હેતને કારણે જ પત્ર લખ્યો છે. ક્યારેય વિપરીત ભાવનાથી અમે પત્ર લખતા નથી. ૭.

જેને સત્પુરુષમાં વિપરીત મતિ હોય છે તેને અમે ક્યારેય પત્ર લખતા નથી. **જેની જેવી સમજણ અને બુદ્ધિ હોય તે પત્ર ઉપરથી દેખાઈ આવે છે.** ૮. વાત લખવામાં લખનારાનું અંતર બધું દેખાઈ આવે છે. અમે હેત સિવાય ક્યારેય પત્ર લખાવતા નથી અને તે પત્રમાં દેખાઈ આવે છે. ૯. જેની મતિનો કાંઈ નિર્ધાર ન હોય તેના લખેલા પત્રમાં તો કેટલાએ વિચારો પ્રગટ થતા હોય છે. જેની એક મતિ ન રહેતી હોય તેણે લખેલા પત્રમાં કેટલાએ બાધ રહ્યા હોય છે. ૧૦. મૂર્ખ માણસને તો લગાર પણ બાધ જણાતો નથી. પણ પાછળથી તેને ટાળ્યું ટળે નહીં એવું દુઃખ આવે છે. જે હિત કરનારી વાત હોય છે, તેમાં પણ કેટલાક ઉત્પાતો થાય છે. **જેની મતિ મોક્ષપરાયણ હોય તેની સમજણ તો અલૌકિક હોય છે અને તે ચાહે તેમ લખે, તોપણ તેની લખેલી વાતમાં કોઈ બાધ આવતો નથી.** ૧૧-૧૨.

જેના બધા જ વિચારો મોક્ષપરાયણ હોય અને જેમાં લેશમાત્ર પણ સ્વાર્થ ન હોય, તેને કોઈ જાતનો ક્લેશ રહેતો નથી. તે તો સહુથી શ્રેષ્ઠ રહે છે. ૧૩. **પ્રશ્ન** - એક વ્યાવહારિક આચાર્ય છે અને બીજા મોક્ષના આચાર્ય છે. તેમાં લોકોનો પરલોક કોનાથી સુધરે ? ૧૪. જે મુમુક્ષુજનો હોય છે તેમને **ગુરુમાં જેવા ગુણ હોય છે તેવા જ શિષ્યમાં દેખાય છે.** તેમાં કાંઈ ઓછું દેખાતું નથી. ૧૫. જે મનુષ્ય મુમુક્ષુ ન હોય તેને તો બધા જ ગુરુ એકસરખા લાગે છે. અમે જેને મોક્ષનો ખપ ન હોય તેને માટેની વાત કહેતા નથી. ૧૬. જે ગુરુને મોક્ષ ઉપર તાન હોય છે, તેને જ અમે સાચા ગુરુ માનીએ છીએ, તો મોક્ષ ઉપર તાનવાળા ગુરુમાં કેવા ગુણ રહેતા હોય છે? ૧૭. અને જે ગુરુને મોક્ષ ઉપર તાન ન હોય તે ગુરુમાં ગુણ કેવા હોય છે?

અને જે ગુરુને મોક્ષ ઉપર તાન હોય, તેને પ્રાપ્તિ કેવી થાય છે ? ૧૮. વળી, જેને મોક્ષ ઉપર તાન ન હોય, તેવા ગુરુના મૃત્યુ પછી તેને કેવું સુખ મળે છે ? તમે તો આચાર્ય છો. બધું જાણો છો, એટલે ઉપર કહેલા પ્રશ્નના ઉત્તર લખજો. ૧૯. અને વર્ણ તથા આશ્રમના જે ધર્મ વેદ અને પુરાણોમાં લખ્યા છે કે જે પાળવાથી લોકોનો મોક્ષ થાય છે, તો તેનો ઉત્તર પણ ઉપર કહેલા પ્રશ્નોની ભેળો લખજો. ૨૦. જે પરમ દયાળુ સંતો લોકોનો તત્કાળ મોક્ષ કરતા હોય, તેમનાં લક્ષણ પણ તે ઉત્તરની સાથે લખજો. ૨૧.

જેણે સંતનો વેષ ધારણ કર્યો હોય, છતાં લેશમાત્ર પણ સંતના ગુણ જેમાં ન હોય, એવા સંતોની સમક્ષ અમારા સંતો સાધુતાના ગુણથી ઘણા બળવાન અને શ્રેષ્ઠ છે. ૨૨. પણ ગુણ વિનાના તે સાધુઓના સાધુતાની રક્ષા કરનારા અમારા સંતો કુહાડા થયા છે. વળી, કંઠી અને તિલક તો વૈષ્ણવપણાનું ચિહ્ન કહેવાય છે. ૨૩. તે ચિહ્નને અમારા સંતો રાખતા હતા, પણ ધર્મહીન લોકોએ તેને છીનવી લીધા છે. જો ધર્મથી હીન એવા તે લોકો ઉપર તમારું ચાલતું હોય તો અમારા જે બધા સંતો છે તે કંઠી અને તિલક ધારણ કરે, તેવું તમે પ્રેમથી કરાવો. અમે ચોક્કસ સંતો પાસે તિલક અને કંઠી ધારણ કરાવશું. ૨૪-૨૫.

ઉપર કહેલી અમારી બધી વાત જો તમારા અંતરમાં ઊતરે તો અમને તે અંગનો ઉત્તર લખજો અને જો તે વાત અંતરમાં ન ઊતરે તો તેનું કારણ પણ બતાવજો. ૨૬. શ્રીહરિએ પત્ર લખાવીને એક બ્રાહ્મણને બોલાવીને આપ્યો અને તેને ભાવનગર મોકલ્યો. પછી તે બ્રાહ્મણ હરખાયને જલદી ભાવનગર જઈ તે પત્ર વેદાંતાચાર્યના હાથમાં આપ્યો. તેણે તે પત્ર વાંચ્યો, પણ તેને કાંઈ ઉત્તર લખવાનું સૂઝ્યું નહિ. ૨૭-૨૮. જે વિપ્ર પત્ર લઈને આવ્યો હતો તેને જમવા માટે કાંઈ સીધું પણ અપાવ્યું નહિ. તેણે તત્કાળ તે વિપ્રને જવા માટે રજા આપી, પણ તે વેદાંતાચાર્યે કાંઈ પત્ર લખી દીધો નહિ. ૨૯. ખાલી મૌખિક બે ચાર શબ્દ કહ્યા. પછી તો તે વિપ્ર તૈયાર થઈને ચાલતા થયા અને શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિએ ઉમંગથી તેની પાસે પત્ર માગ્યો. ૩૦. ત્યારે વિપ્રે કહ્યું, ‘તેણે કાંઈ પત્ર લખી આપ્યો નથી. તે

તો વેરાગીઓથી ડરે છે. તે વેરાગીની ભેળા જ રહે છે. કાંઈ અલગ રહેતા નથી. ૩૧. વેરાગીઓને પૂછ્યા સિવાય તે કાંઈ વાત કરતા નથી. જ્યારે તેણે વેરાગીઓને પૂછ્યું કે જો તમે કહો તો હું સ્વામિનારાયણને પત્ર લખી આપું. ૩૨.

ત્યારે વેરાગીઓએ આચાર્યને કહ્યું, 'તમે આ બાબતમાં કાંઈ જાણો નહિ. તેઓ છાની રીતે ભેખધારીઓનું ખંડન કરે છે. સ્વામિનારાયણના જેટલા શિષ્યો થાય છે, તે બધા ભેખને માનતા નથી. ૩૩. જેટલા દોષ કહેવાય છે, તે બધા ભેખધારીઓમાં બતાવે છે. અને તેમના જેટલા ભેખધારી શિષ્યો છે તેમને સનકાદિકો જેવા અધિક કહે છે. ૩૪. તે સાધુઓના અપાર ગુણો બતાવે છે અને તે ગુણોને દેખીને બધા નરનારીઓ એક તેમના સાધુઓમાં જ સાધુતાની રીત દેખે છે અને તેનાથી તેઓ પરમ મોક્ષ માને છે. ૩૫. વળી, તે સિવાયના જેટલા ભેખધારીઓ છે તેમને પેટભરા દેખાડે છે. અને પોતાના જે સંતો છે તેમને પોતાની મરજી પ્રમાણે વર્તાવે છે. ૩૬. તેના સંતોમાં તમારા જેવો કોઈ પંડિત નથી. હવે તેમને રામાનુજાચાર્યના ગ્રંથોને જાણવાની ભાવના છે. ૩૭. પરંતુ તે ગ્રંથો તેમને માટે અકળ રહ્યા છે. બીજા બધા ગ્રંથો તેમણે દેખી લીધા છે. હવે તો સ્વામિનારાયણને આપની પાસે તે ગ્રંથો જાણવાનો જ સ્વાર્થ હોય તેવું અમને માલુમ પડે છે. ૩૮. ત્યારે વેદાંતાચાર્યે કહ્યું કે, 'તમે જો રામાનુજાચાર્યના શિષ્ય હોવ તો રામાનુજાચાર્યના બધા રહસ્યને તેમના ગ્રંથો દ્વારા સંભળાવીશ.' આ રીતે ભાવનગરથી આવેલા વિપ્રે હાથ જોડીને કહ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'બોલવામાં તો વિવેક રાખ્યો છે. એકવાર તેમને આપણે મળશું.' ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વૈષ્ણવાચાર્યને પત્ર લખ્યો અને વેરાગીઓનો મત કહ્યો" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર સત્તરમું : તરંગ - ૫૩

નિત્યમુનિ અને શુકમુનિને રહસ્યની વાત કહેતા તથા દુર્બળને સહાય કરતા

શ્રીહરિ ગઢપુરમાં હતા અને જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ત્યારે જે સંતો ગઢપુરની નજીક હતા તે બધાને ઉત્સવમાં બોલાવ્યા. ૧. શ્રીકૃષ્ણ ભગવાનનાં જન્મનો ઉત્સવ સમજીને ઘણા હરિભક્ત નર-નારીઓ હેત-પ્રેમથી તે ઉત્સવમાં આવ્યા. ૨. જે હરિભક્તો આવ્યા હતા તેમનાં હૃદયમાં જેવો ભાવ હતો તે પ્રમાણે તેમણે શ્રીહરિની ચંદન અને પુષ્પના હારથી પૂજા કરી. ૩. કેટલાક હરિભક્તો તો સારાં વસ્ત્ર અને ઘરેણાંઓ લાવી, પ્રેમભાવથી પૂજા કરતા હતા અને પોતાના ધન્યભાગ્ય માનતા હતા. ૪. શ્રીહરિ નિત્યાનંદસ્વામીને અને શુકાનંદસ્વામીને ઘણા બુદ્ધિમાન સમજીને અત્યંત હેતથી નિરંતર પોતાની સમીપે રાખતા હતા. ૫. શ્રીહરિ જે જે ગ્રંથોને કથાના રૂપમાં વંચાવતા હતા, તે ગ્રંથોનું જે પરમ રહસ્ય હોય તે બંને સંતોને કહેતા હતા. કહ્યા સિવાય તેવું રહસ્ય દેખાય નહિ. ૬. બીજા પણ શાસ્ત્રના રહસ્યોની કેટલીક વાતો શ્રીહરિને દેખવામાં આવતી ત્યારે તે વાત શ્રીહરિ તે બંનેને હેત લાવીને કહેતા. રહસ્યની કોઈ વાતને શ્રીહરિ છુપાવતા નહિ. ૭.

શ્રીહરિ જે રહસ્ય બતાવે તેનું જેટલું મનન થાય તેટલી વાત અંતરમાં ટકે છે. નહિ તો વિષમ દેશકાળના યોગે કરીને મનુષ્યની મતિ ફરી જાય છે. ૮. જ્યારે અંતર ફરી જાય છે ત્યારે માણસ નિત્ય જેનું હિત ચાહતો હોય તેનું જ બૂરું કરવા ઇચ્છે છે. અને તેવું કરવામાં લગારેય દોષ પણ દેખતો નથી. ૯. બ્રહ્મા, ભવ અને નારદજી જેવા કેટલાયના અંતર પણ વિષમ દેશકાળને યોગે કરીને ફરી ગયા હતા, જેનો ગણતા પાર આવતો નથી. ૧૦. જેનાથી પોતાનું અંતર ફરી જાય, તેવી અપાર બાબતો હોય છે તેનો જ્યારે ત્યાગ કરી દેવાય ત્યારે જ તે ઘણો ભાગ્યશાળી બને છે. ૧૧. **પ્રગટ ભગવાનનાં સ્વરૂપમાં જેની મતિ એક જ સરખી રહે તે વાત પરમ રહસ્યરૂપ છે. આવી અપાર રહસ્યની વાતો શ્રીહરિ કહેતા હતા. ૧૨.**

दोहा : हरि संत हरिजन की कबु, देशादिक कर विषम;
मति न फिरे कोउ दिन हि, रहे एह सदा अगम...१३
जो जो बात जितनी जोउ, जिहाँ लग अगम रहात;
तिहाँ लग अधिक अधिक हि, भाव हि रहत करात...१४
सोरठा : भाव जितनो जाही, तितनो होवत मोक्ष तेहि;
सिद्धांत बात रहे ताही, रहस्य रहाये इतना सब...१५

ભગવાન, સંત અને હરિભક્તોમાં વિષમ દેશકાળાદિકને યોગે કરીને પણ ક્યારેય ભાવના ફરે નહિ એવી એ વાત સદાય અલૌકિક રહી છે. ૧૩. જે જે વાત જ્યાં સુધી જેટલી અગમ્ય રહે છે ત્યાં સુધી તેમાં તેટલો અધિક અધિક ભાવ કરાવતી રહે છે. ૧૪. **જેને જેટલી ભાવના છે તેટલો તેનો મોક્ષ થાય છે. આ સિદ્ધાંત વાત છે. અને સર્વેનું આટલું જ રહસ્ય રહ્યું છે.** ૧૫. શ્રીહરિ આ પ્રમાણેની વાત વારંવાર કરતા રહેતા. તેમાંથી જેટલી વાત હૃદયમાં સ્થિર થાય તેટલું અંતરમાં સુખ રહે છે. ૧૬. જ્યાં સુધી ચોમાસાના ચાર માસ હોય ત્યાં સુધી ભૂમિ ઉપર ઠેકઠેકાણે અપાર પાણી રહ્યું હોય છે. તેમાં લગાર પણ આશ્ચર્ય થાતું નથી. ૧૭. ભૂમિ અને પહાડ વગેરે બધા જ પ્રદેશો ચોમાસામાં અત્યંત લીલાછમ દેખાય છે. ભાલ જેવો પ્રદેશ પણ બધે જ એકદમ લીલો દેખાય છે. ૧૮. જ્યાં સુધી ચાતુર્માસ રહે ત્યાં સુધી બધે લીલું દેખાય છે, તે રીતે જ શ્રીહરિ આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી ચાતુર્માસની જેમ સત્સંગમાં બધે લીલુંછમ રહ્યું. ૧૯.

સંતો અને હરિભક્તોનું અંતર સહજભાવે એ રીતે ભક્તિભાવથી લીલુંછમ વર્તતું હતું. કારણ કે શ્રીહરિનો તેવો પ્રતાપ હતો. કોઈ તેનું માપ કરી શકે તેમ નથી. ૨૦. બ્રહ્મા, ભવ અને ઈન્દ્ર ઈત્યાદિક ભગવાનના પ્રતાપનું માપ કરવા ગયા, પણ તે માપી શક્યા નહિ. જે જે માપ લેવા ગયા તે બધાને પ્રતાપ અમાપ અને અપાર દેખાયો છે. ૨૧. ભગવાન તો અક્ષર જેવાની દૃષ્ટિએ પણ અમાપ રહ્યા છે એવા શ્રીહરિ સમર્થ કહેવાય છે. તો પછી મનુષ્ય ચાહે તેવી ચાતુરી બતાવે તોપણ ભગવાન તેનાં માપમાં કઈ રીતે આવે ? ૨૨. **જે અમાપનું માપ લેવા જાય તેના જેવો મૂઢ માણસ કોઈ**

ન કહેવાય. શ્રીહરિ આવી વાતો કરતા હતા, તેને નિત્યાનંદસ્વામી સભામાં કહેતા રહેતા. ૨૩. શ્રીહરિ ગઢપુરમાં ચાતુર્માસ રહ્યા. હરિભક્તોને ખૂબ જ સુખ આપ્યું. દાદા ખાચરને પણ શ્રીહરિએ ઘણું સુખ દીધું અને તેમને નિર્બળ જાણીને સહાયતા પણ કરી. ૨૪.

❋ શ્રીહરિની શરણાગતવત્સલતા :

સમાજમાં જ્યારે બળિયો માણસ નિર્બળને કષ્ટ દેવા માંડે છે ત્યારે ભગવાન નિર્બળ મનુષ્યોની સહાયતા કરે છે. ૨૫. પૂર્વે ભગવાને પ્રહ્લાદ, ધ્રુવ, પાંડવો, ગજેન્દ્ર, દ્રૌપદી, સીતાજી, રુક્મિણી અને ગોવાળોની વારંવાર રક્ષા કરી હતી. ૨૬. જરાસંધ રાજાએ કેટલાક રાજાઓને લાવીને કેદ કર્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણે તેમને નિર્બળ જાણીને કેદથી છોડાવ્યા હતા. ૨૭. વળી, ભોમાસુરે પણ રાજકુળની સોળ હજાર કન્યાઓનું અપહરણ કરીને રાજમહેલમાં પૂરી રાખી હતી. તેમને ભગવાને છોડાવી લીધી. ૨૮.

ચોપાઈ :

जो जो निरबल भयेउ जेहा, हरि के शरन आये तेहा;
हरि करत रहे ताकी सहाई, अनादि एसी रीत हे ताई...२९
अब हि एसी रीत रहाये, निर्बल की हरि करत सहाये;
निरबल हित सामृथ ही जेतो, वावरत रहत निरंतर तेतो...३०

ભગવાનની અનાદિકાળની એવી રીત છે કે, જે કોઈ પણ નિર્બળ મનુષ્ય ભગવાનને શરણે આવે તો ભગવાન તેની સહાયતા કરે છે. ૨૯. આજના સમયમાં પણ તેવી જ રીત છે કે, ભગવાન નિર્બળ ભક્તની સહાય કરે છે. નિર્બળ માટે ભગવાન પોતાનું જેટલું સામર્થ્ય હોય છે તે બધું નિરંતર વાપરતા રહે છે. ૩૦. **ભગવાન જ્યારે નિર્બળ મનુષ્યની મદદ કરે છે ત્યારે તો સર્વોપરિ મદદ કરે છે. બીજા બળવાન મનુષ્યો પણ ભગવાનની આવી રીતને જોઈને મનમાં ગુપચુપ સમજી રહે છે.** ૩૧. **ભગવાન નિર્બળ ભક્તની એવા પ્રકારે સહાયતા કરે છે કે તે બળવાન મનુષ્યને પણ અકળ દેખાય છે. ભગવાન બળવાનોમાં પણ અત્યંત બળવાન હોય તેને પણ વારંવાર નિર્બળ રાખે છે.** ૩૨. **જેટલા નીતિના ઉપાયો કહ્યા છે તે બધા**

ભગવાનમાં સહેજે રહ્યા છે. ભગવાન પોતે પોતાની અપાર સાધુતા રાખીને નિર્બળ ભક્તનો વ્યવહાર ચલાવે છે. ૩૩. **ભગવાન પોતાના નિર્બળ ભક્તને મેરુના સમાન મહાન કરે છે અને દુષ્ટ બળવાનોને કાંકરા જેવા કરી મૂકે છે. ભગવાનમાં આવું પરાક્રમ રહ્યું છે, છતાં તેઓ મનુષ્ય દેહમાં તે પરાક્રમ દેખાડતા નથી.** ૩૪.

ભગવાન જ્યાં સુધી મનુષ્ય શરીર રાખે છે ત્યાં સુધી મનુષ્યની રીતે વર્તે છે. તેમાં પણ ક્યારેક ક્યારેક કોઈક ભક્તજનોને પોતાનો દિવ્યભાવ દેખાડતા રહે છે. ૩૫. **ભગવાન શ્રીહરિરાય તો બધી રીતે સ્વતંત્ર છે. તેઓ હરિભક્તોના હિત માટે વિચરણ કરતા રહે છે. અને તે ભગવાનનાં બધાં જ ચરિત્ર વારંવાર સાંભળવાને યોગ્ય છે.** ૩૬. **જે ભગવાનના ભક્ત છે, તેને તો શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તે બધાં જીવનદોરી જેવાં છે અને અત્યંત દુર્લભ રહ્યા છે.** ૩૭. શ્રીહરિનાં ચરિત્ર તો પારસમણિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ, એ બધાના કરતાં ઘણાં અપાર છે. ૩૮. તુચ્છ બુદ્ધિવાળા કવિમાં કાવ્યશક્તિ રહી છે તેમ જે જાણે છે, તેને ભગવાનનાં ચરિત્ર લેશમાત્ર પણ ફળ આપતા નથી. ૩૯. દિવાળી સમીપ આવી છે તેમ જાણીને શ્રીહરિએ બધા કાઠી હરિભક્તોને ગઢપુર બોલાવી લીધા અને પછી સવારી સાથે ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "નિત્યમુનિ અને શુકમુનિને રહસ્યની વાત કહેતા તથા દુર્બળને સહાય કરતા" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર સત્તરમું : તરંગ - ૫૪

શ્રીહરિ ગઢપુરથી નીકળી હરિભક્તોને સુખ આપતા થકા વડતાલ પધાર્યા

શ્રીહરિ જ્યારે ગઢપુરથી ચાલ્યા તે **સારંગપુર** આવીને એક રાત રહ્યા. અને સવારે ત્યાંથી ચાલતા થયા. ૧. પછી **કુંડળ** આવ્યા અને **ચોકડી** ઉપર થઈ **રોજક**માં એક રાત રોકાયા. પછી ત્યાંથી સવારે ચાલતા થયા. ૨. ત્યાંથી **ખસતા** ગામ થઈ ઘનશ્યામ શ્રીહરિ **પચ્છમ** આવ્યા અને ત્યાંથી **કમિયાળા** આવીને ભોગાવો નદી ઊતર્યા. ૩. ત્યાંથી **ભોળાદ** આવ્યા અને ત્યાંથી **નાની બોરુ** જઈને રાત રહ્યા. પછી ત્યાંથી સવારે ચાલ્યા અને **મોટી બોરુ** આવ્યા. ૪. ત્યાંથી ચાલીને **વારણા** ગામ આવ્યા અને ત્યાંથી આગળ સાબરમતી નદી ઊતર્યા. પછી **ગલિયાણા** થઈને શ્રીહરિ **વરસડા** ગામ આવ્યા. ૫. પછી ત્યાંથી **ઈંદરણજ** થઈને **પરિયજ** આવ્યા. અને ત્યાંથી **સિંજીવાડા** આવીને રાત રહ્યા. સવારમાં ચાલ્યા તે **ગાડા** ગામ આવ્યા. ૬. ત્યાંથી **સોજીત્રા** અને **કાસોર** થઈને **મહેળાવ** ગામ આવ્યા. પછી ત્યાંથી **રાવલી** થઈને **વડતાલ** પહોંચ્યા. ત્યાં હરખભર્યા સંતો સામે આવ્યા. ૭.

વડતાલ ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. આવીને ચરણમાં પડ્યા. કેટલાક ભક્તો ફૂલના હાર લાવ્યા હતા. ૮. તે શ્રીહરિને પહેરાવી દીધા. સહુ ‘જય જય...જય જય...’ શબ્દ બોલતા હતા. શ્રીહરિ આવ્યા તેથી ભક્તોને આનંદનો સાગર ઊભરાયો હતો. ૯. વડતાલથી લઈને રાવલી ગામ સુધી રસ્તામાં બધે મનુષ્યોની ઘણી ઘાટી ભીડ થઈ હતી. સંતો અને હરિભક્તો સિવાય બીજા કોઈ નજરમાં આવતા નહિ. ૧૦. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. દયાળુએ હાથમાં રૂમાલ લીધો હતો અને તેને મુખ આગળ ધારી રહ્યા હતા. ૧૧. પ્યારા શ્રીહરિ મુખથી મંદ મંદ હસી રહ્યા હતા. વારંવાર હરિભક્તોની સામે જોતા હતા. મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. અને તે વખતની બનેલી શોભા કાંઈ કહી શકાતી નથી. ૧૨. આગળના ભાગમાં ચોપદાર

હાથમાં સોનાની છડી લઈને વારંવાર મુખથી ‘જય જય...જય જય...’ એમ બોલતા હતા. ૧૩.

વડોદરા અને સુરતના કેટલાક હરિભક્તો આવ્યા હતા, તે જરિયાની નિશાન શ્રીહરિની સન્મુખ લઈને આવ્યા હતા. ૧૪. અને અમદાવાદના જે પ્રેમી હરિભક્તો આવ્યા હતા તેઓ નિશાન, ઢોલ અને તાંસા વગેરે લાવ્યા હતા. ૧૫. કેટલીક જાતનાં વાજિંત્રો શ્રીહરિની આગળ વાગતાં હતાં અને જેટલા પાર્ષદો હતા, તે બધા બંદૂકોના અવાજ કરતા હતા. ૧૬. જાત જાતનાં વાજિંત્રોના ધ્વનિથી ભુવન, વૃક્ષો અને આકાશ ગાજી ઊઠતા હતા. વળી, શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ આવતા હતા ત્યારે ત્યારે અપાર શોભા થતી હતી. તેનું વર્ણન કરતા કોણ પાર પામે ? વડતાલમાં વાસણ સુથારને ઘેર શ્રીહરિ ઊતર્યા. ૧૭-૧૮. તે ભક્તે શ્રીહરિના ઉતારાને માટે એક સારું ભવન કરાવી રાખ્યું હતું. શ્રીહરિને જેવી જોઈએ તેવી બધી સગવડતા તે ભવનમાં કરી રાખી હતી. ૧૯.

હરિભક્તો માટે શ્રીહરિનાં ચરણારવિંદને છાપવાને માટે નાનાભાઈ વિપ્ર વારંવાર કેટલાક સારાં કાગળ અને વસ્ત્ર લાવી આપતા હતા. અને તેમાં હિંગળોકથી(પારા અને ગંધકની મિશ્ર ધાતુનો ખૂલતા લાલ રંગ બને છે. તે રંગ લાંબા સમય સુધી રહે છે.) શ્રીહરિની પાસે હજારોની સંખ્યામાં ચરણારવિંદ છપાવ્યા. તેની ગણતરી કરતા કોઈ પાર પામી શકતું નથી. જોબન પગીની મેડી ઉપર પણ વસ્ત્ર અને કાગળમાં ધર્મના લાલ શ્રીહરિએ, હિંગળોકથી પોતાનાં ઘણાં ચરણારવિંદ પ્રેમપૂર્વક છાપી આપ્યા હતા. નારાયણગિરિ ગોસાઈને ઘેર પણ મેડી ઉપર શ્રીહરિએ પોતાના ચરણારવિંદ અપાર છાપી આપ્યા હતા. જેતલપુરમાં જ્યારે શ્રીહરિ પધારતા ત્યારે, હરિભક્તોને માટે ઘણા હેતથી મહોલમાં પોતાનાં ચરણારવિંદ વારંવાર છાપી આપતા હતા. વળી, **જેતલપુર ગામમાં પોતાની જગ્યામાં જે ભવન હતું ત્યાં મેડા ઉપર શ્રીહરિએ પોતાનાં ચરણારવિંદ કાગળમાં અને વસ્ત્રમાં ઘણાં હેતથી છાપી આપ્યા હતા.** ૨૦-૨૫.

આનંદાનંદસ્વામી, મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, એ બધાએ ગઢપુરમાં શ્રીહરિનાં નિવાસરૂપ અક્ષરભુવનમાં ઘણા ઉમંગથી શ્રીહરિનાં ચરણારવિંદને છપાવ્યા હતા. ૨૬-૨૭. જ્યારે જ્યારે કોઈ સંતો કે હરિભક્તો ચરણારવિંદ માગતા ત્યારે તેઓ શ્રીહરિનાં છાપેલા ચરણારવિંદ તેમને આપતા હતા. ૨૮. સુરત શહેરના વણિક હરિભક્ત મહાલક્ષ્મીબાઈ ગઢપુર આવ્યા હતા ત્યારે સફેદ જામાનાં ઉપર ચરણારવિંદ છપાવ્યા. અને શ્રીહરિએ પણ તે મહાલક્ષ્મીબાઈના ઉપર પ્રસન્ન થઈને તેને દર્શન કરવાને માટે તે ચરણારવિંદ આપ્યા હતા. ૨૯-૩૦. શ્રીહરિની પ્રસાદીની ચાદરમાં પાઘ તથા દુપટ્ટા ઉપર અને લાલ શ્યામ છેડાવાળા ભારે ખેસ ઉપર ચરણારવિંદો છાપી આપ્યા. ૩૧. હરિભક્તોએ શ્રીહરિને રાજી કરીને કેટલાક પ્રસાદીના ચોફાળ ઉપર પણ શ્રીહરિનાં ચરણારવિંદ છપાવી લીધા હતા. ૩૨.

શ્રીહરિ જ્યારે નાગડકા પધાર્યા ત્યારે સુરા ખાચરના ભવનમાં ઘણા સુંદર કેસરી ચંદનનાં સુખકારી ચરણારવિંદ છાપી દીધા હતા. ૩૩. નાગડકામાં રજાઈ અને વસ્ત્ર ઉપર તે ચરણારવિંદ છાપી આપ્યા. શ્રીહરિએ આ રીતે ભક્તજનોને સુખ આપ્યું. સંતો અને હરિભક્તોના ઉપર ઘણા પ્રેમથી શ્રીહરિ જે રીતે સુખ આપતા હતા, તે સંભારવાને માટે આ બધું હું લખું છું. **શ્રીહરિએ આપેલા સુખ સમાન બીજું કોઈ સુખ કહેવાતું નથી. અને ભગવાન સિવાયનાં જેટલા સુખ દેખાય છે તે બધાં સંસારમાં ભટકાવનારા છે.** ૩૪-૩૫.

ચોપાઈ :

श्रीहरि के सुख संसृति ताकू, उछेदन करन रहाये वाकू;
हरि के सुख अवर सुख तिनमें, रात दिन फेर रहेउ इनमें...३६

दोहा : चिंतामनि अन्य पथर में, फेर रहाये जेतो;
हरि के सुख अन्य सुख में, फरक रहेउ तेतो...३७

શ્રીહરિએ આપેલું સુખ તો સંસારને ટાળનારું છે. શ્રીહરિનાં સુખમાં અને લૌકિક સુખમાં તો રાત અને દિવસ જેટલો ફરક છે. ૩૬. ચિંતામણિ અને બીજા પથ્થરમાં જેટલો ફરક છે તેટલો ફરક શ્રીહરિનાં સ્વરૂપ સંબંધી

સુખ અને બીજા સુખમાં રહ્યો છે. ૩૭. શ્રીહરિ વડતાલમાં રોજ આંબલે જઈને સભા કરતા હતા. ત્યાં વેદિકા ઉપર જે પાટ ઢાળેલી રહેતી તેના ઉપર ગાદી-તકિયા બિછાવતા. અને તેના ઉપર શ્રીહરિ બેસતા ત્યારે હરિભક્તો આવીને પૂજા કરતા હતા. ૩૮-૩૯. શ્રીહરિ પશ્ચિમ તરફ મુખ રાખીને રોજ સભામાં બેસતા હતા. જ્યારે લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા ત્યારે તેમને કોઈ પણ જાતનું દુઃખ રહેતું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરથી નીકળી હરિભક્તોને સુખ આપતા થકા વડતાલ પધાર્યા" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ।।૫૪।।



પૂર સત્તરમું : તરંગ - ૫૫

બાઈ-ભાઈઓની અલગ સભા કરીને સત્સંગનો પ્રતાપ કહ્યો

શ્રીહરિ જે પાટ ઉપર બિરાજમાન થયા હતા તેનાથી દક્ષિણ તરફના ભાગમાં સંતો, વર્ણી અને સંન્યાસીઓની સભા થઈ હતી. ૧. ચારેય વર્ણના હરિભક્ત પુરુષો સંતો તરફના ભાગમાં યથાયોગ્ય રીતે બેઠા હતા. ૨. શ્રીહરિથી ઉત્તર તરફના ભાગમાં એક બાજુ પુરુષોથી અલગ હરિભક્ત બાઈઓની સભા થઈ હતી. ૩. હરિભક્ત પુરુષો, ત્યાગી-ગૃહી કોઈએ બાઈઓની સભા તરફ દેખવું નહિ, એવી ટેક રાખીને બેસતા હતા. ૪. તેમ જ હરિભક્ત બાઈઓ જે સભામાં બેઠી હતી, તેમણે પણ પુરુષની સન્મુખ દેખવું નહિ, એવી ટેક રાખીને બેસતી હતી. ૫. સહુ શ્રીજીમહારાજની સન્મુખ દેખતા હતા અને મૂર્તિને અંતરમાં ઠેરાવતા હતા. શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રતાપ જ એવો હતો કે, મનમાં કોઈ જાતનો મેલ રહે જ કેમ ? ૬.

चोपाई :

मूर्ति चिंतवत मल जो ताके, नाश होई जावत सब वाके;
अजोग्य संकल्प होत जितना, मन के मल कहावत तितना...०७

मायिक विषय हि मायिक तन में, जितनो राग वरतत इनमें;
सो सब हि मन के मल कहाते, मल तितनो आवरन रहाते...०८
मल के आवरन जिहाँ लगहू, रहत हे मनमें तिहाँ लगहू;
मूर्ति में चित्त चोटावत तामें, प्रियास बहुत रहाये यामें...०९

જે મૂર્તિનું ચિંતવન કરે છે તેના મનના સર્વ મળનો નાશ થઈ જાય છે. મનમાં જેટલા અયોગ્ય સંકલ્પ થાય છે તે જ મનનો મળ કહેવાય છે. ૭. માયિક પંચવિષય અને માયિક શરીરમાં જેટલો રાગ રહેતો હોય, તે બધો મનનો મળ કહેવાય છે અને જેટલો મળ હોય તેટલું આવરણ રહે છે. ૮. **જ્યાં સુધી મનમાં મળનું આવરણ રહે છે ત્યાં સુધી મૂર્તિમાં મનને ચોંટાડવામાં ઘણો પ્રયાસ પડે છે.** ૯. મનના મેલથી જુદા રહેવાની કળા અલૌકિક હોય છે અને તે કળાને શ્રીહરિ ભૂતના દૃષ્ટાંતથી બતાવી દેતા હતા. ૧૦. જે સંતો અને હરિભક્તો મનને નિર્મળ કરવાની કળાનો જેટલો અભ્યાસ કરે છે તેટલા તે અંતરમાં પરમ સુખિયા રહે છે. ૧૧. **સંતો અને હરિભક્તો પોતાના અંતરમાં ભગવાનનો જેટલો નિવાસ કરાવતા રહે છે તેટલા તે પરમ સુખી કહેવાય છે.** ૧૨. **જે સંતો અને હરિભક્તો ભગવાન સિવાય અન્ય પદાર્થમાં જેટલું સુખ માને છે તેટલા તે બાળબુદ્ધિના કહેવાય છે.** ૧૩. **ભગવાનને લઈને ભગવાનનાં સંબંધથી જેટલું સુખ માનતા રહે છે તેટલા તે સત્સંગમાં મોટા કહેવાય છે.** ૧૪.

હરિભક્તો નિત્ય નિત્ય વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને જાત જાતનાં ઘરેણાંઓ, ચંદન અને ફૂલહાર લઈને ખૂબ જ ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરતા હતા. સંતો કીર્તનભક્તિ કરતા હતા, તેનાથી સહુનાં મનમાં અત્યંત ઉમંગ છવાયેલો રહેતો હતો. ૧૫-૧૬. હરિભક્તો શ્રીહરિને જમાડવાને માટે જાત જાતના મેવાના અપાર થાળ ભરી ભરીને લાવતા હતા. જેનો કોઈ પાર ન હતો. હરિભક્તો સંતોને જમાડવાને માટે ઘણા પ્રેમથી રોજ નવી નવી રસોઈ આપતા હતા અને જ્યારે રસોઈ તૈયાર થતી ત્યારે સંતોની પંક્તિ થાતી હતી. ૧૭-૧૮. વળી, શ્રીહરિ પંગતમાં કાયમ પીરસવા આવતા. તેમને હરિભક્તો અને સંતોના ઉપર ઘણો પ્રેમભાવ હતો. અને જે ભાવ

હતો તે બધો પીરસવામાં પ્રગટ કરતા હતા. ૧૯. જે જે દેશના જે હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે જેટલીવાર આવતા હતા તેટલીવાર તેઓ સંતોને રસોઈ આપતા હતા. ૨૦.

❋ દિવ્યભાવ તથા સેવાનો મહિમા :

હરિભક્તોનાં હૃદયમાં અલૌકિક સમજણ હતી અને તેનાથી તેમને રસોઈ દેવામાં પ્રેમભાવ રહેતો હતો. જ્યાં સુધી **જે હરિભક્તોને લૌકિક સમજણ રહે છે ત્યાં સુધી તે બધા બાઈ-ભાઈ સત્સંગ કરતા હોવા છતાં પણ તેમના સત્સંગની વૃદ્ધિ થાતી નથી.** અને તેમને સેવા કરવામાં શ્રદ્ધા પણ થાતી ન હતી. ૨૧-૨૨.

सेवा करे में श्रद्धा जितना, दिन दिन प्रति हरिजन तितना;
सत्संग में वृद्धि पावत रहेऊ, अथाह पार न पावत केऊ...२३
सेवा करे में श्रद्धा जेती, नियम धर्म में ताकु तेती;
दिन दिन श्रद्धा तामें जोऊ, वृद्धि पावत अपार सोऊ...२४

હરિભક્તને સેવા કરવામાં દિનપ્રતિદિન જેટલી શ્રદ્ધા રહે છે તેટલો તે સત્સંગમાં વૃદ્ધિ પામે છે. અને તે અપાર વૃદ્ધિનો કોઈ પાર પામતું નથી. ૨૩. જેટલી સેવા કરવામાં શ્રદ્ધા હોય છે તેટલી નિયમ-ધર્મ પાળવામાં પણ રોજ રોજ અપાર શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. ૨૪. સેવા કરવામાં જેટલી શ્રદ્ધા દિનપ્રતિદિન અધિક રહે છે તેટલો તે હરિભક્ત દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો રહે છે. ૨૫. હે ઉત્તમરાજા ! જેને સેવા કરવામાં લેશમાત્ર પણ શ્રદ્ધા નથી તેવા અશ્રદ્ધાળુની સત્સંગમાં વૃદ્ધિ થાતી નથી. ૨૬. **જેમાં જેને જેટલો લાભ દેખાય તેટલી તેમાં તેને શ્રદ્ધા થાય છે. લાભ વિના શ્રદ્ધા થાતી નથી.** ૨૭.

માટે જે બુદ્ધિમાન સંતો છે તેઓ મુમુક્ષુઓને બધી વાતો કરીને પહેલા તો તેમાં અપાર લાભ બતાવે છે. ૨૮. સંતો જ્યારે અલભ્ય લાભ દેખાડે છે ત્યારે મુમુક્ષુને અલભ્ય ખપ થાય છે અને જ્યારે ખપ થાય છે પછી તત્કાળ જ વિશાળ અને અલભ્ય શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ૨૯. અલભ્ય શ્રદ્ધા જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે અલભ્ય સેવા થઈ શકે છે.

અને અલભ્ય સેવા કરવાથી અલભ્ય અને નિર્મળ ધર્મ પ્રાપ્ત થાય છે. ૩૦. **અલભ્ય સેવા કરવાથી અલભ્ય અને નિશ્ચળ જ્ઞાન, વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને પછી તેમાં દઢ ભક્તિ નિવાસ કરીને રહે છે. તેથી તે ભક્ત સર્વોપરિ ભગવાનનો દાસ બને છે.** ૩૧.

સત્સંગનો જે દઢ મમત્વ થવો, તેને અલભ્ય મમત્વ કહેવાય છે. દેહ અને દેહના જે સંબંધીઓ છે, તે બધા માયિક પદાર્થ કહેવાય છે. ૩૨. **પિંડ અને બ્રહ્માંડમાં પંચવિષયનું જે સુખ રહ્યું છે અને તેમાં જે મમત્વ રહ્યો છે તેને લેશમાત્ર પણ અલભ્ય કહી શકાય નહિ.** ૩૩. **રાત-દિવસ સત્સંગ કરી કરીને જીવમાં એટલું જ સમજવાનું છે કે શ્રીહરિ, સંતો અને હરિભક્તોથી બીજા કોઈને અધિક ન સમજવા કે ન માનવા.** ૩૪. **અને તેમની સેવામાં જેટલું ઉપયોગમાં આવે તેટલો જ અલભ્ય લાભ માને; આવી જેટલી સમજણ કહેવાય છે તે જિંદગીભર ફરી ન જાય,** ૩૫. **તેનું જ નામ સત્સંગ કહેવાય છે.** સત્સંગનો ચઢેલો રંગ ક્યારેય ઊતરવો જોઈએ નહિ. સત્સંગનો રંગ ઊતરી ન જાય તે માટે શ્રીહરિ આ રીતે વારંવાર વાતો કરતા હતા. ૩૬.

જે વસ્તુમાં જ્યાં સુધી રંગ રહે છે ત્યાં સુધી તે પ્રિય લાગે છે અને તેમાંથી હેત તૂટતું નથી. ૩૭. જેટલી માયિક વસ્તુ છે, તેને ઘટે તેવો રંગ લગાવતા રહે ત્યારે તે નવો રહે છે. ૩૮. જો સત્સંગનો રંગ કાયમ લાગેલો રહે તો માયિક જીવ પણ સત્સંગના રંગે કરીને અમાયિક થઈ જાય છે, ૩૯. જે વિચક્ષણ હરિભક્તો હતા તે આવી રીતની સમજણે કરીને માનને ત્યાગી દઈને દિનપ્રતિદિન સત્સંગ કરતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "બાઈ-ભાઈઓની અલગ સભા કરીને સત્સંગનો પ્રતાપ કહ્યો" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર સત્તરમું : તરંગ - ૫૬

શ્રીહરિએ વડતાલમાં દીપાવલીનો ઉત્સવ કર્યો

દિવસ બે ઘડી બાકી હતો ત્યારે આંબલાથી પૂર્વ દિશામાં ઊંચી વેદિકા ઉપર શ્રીહરિ બેઠા. ૧. વેદિકા ઉપર પલંગ હતો અને તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ પશ્ચિમ દિશા તરફ મુખ કરીને બેઠા હતા. ૨. સંતો અને હરિભક્તોની જેટલી સભા થતી તે ઉત્તર મુખે અને પૂર્વ મુખે થતી હતી. ૩. અને જેટલી હરિભક્ત બાઈઓ હતી તેમની સભા દક્ષિણ તરફના મુખે થતી હતી. તે બધા સંતો અને હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૪. ધનતેરશનો દિવસ આવ્યો ત્યારે સરસ દીપમાળા બનાવી. દીપમાળા બનાવવામાં નિષ્કુળાનંદસ્વામી મુખ્ય રહ્યા હતા અને બીજા બધા સંતો નિષ્કુળાનંદસ્વામી જેમ કહે તેમ પૂછીને કરતા હતા. અને મુખ્ય એવા આનંદાનંદસ્વામી અને સંતો નિષ્કુળાનંદસ્વામીને સામાન લાવી લાવીને આપતા હતા. ૫-૬.

❋ નિઃસ્વાર્થ સેવાનો મહિમા :

આનંદાનંદસ્વામી જે રીતે કહે તે રીતે મહાનુભાવાનંદસ્વામી સેવા કરતા હતા. તેમને સેવા કરવામાં બહુ ભાવ હતો. સેવા કર્યા વિના તેમને ઘડીવાર પણ નિરાંત થતી નહિ. ૭. **આનંદાનંદસ્વામીની જેટલી સેવા હતી તે શ્રીહરિને પ્રસન્ન કરવા માટેની જ હતી. તેઓ કાયમ સેવામાં પોતાના સ્વાર્થનો સંકલ્પ લેશમાત્ર કરતા નહિ.** ૮.

આનંદાનંદસ્વામીને જ્યાં સુધી શરીર રહ્યું ત્યાં સુધી સદા સેવામાં ભાવ રહ્યો હતો. અને તેવા જેટલા મુનિઓ હતા તેઓ સત્સંગમાં ઘણી મોટપને પામ્યા હતા. ૯. જે સંતો પોતાના સ્વાર્થને માટે સેવા કરતા હતા, તે બધા છેવટ સુધી સત્સંગમાં ટક્યા નહિ, પરંતુ વિમુખ થઈ ગયા હતા. ૧૦. તેમણે શરીર છોડ્યું ત્યાં સુધીમાં તો તેના બધા ધર્મ-નિયમ છૂટી ગયા હતા. કેમ જે, સત્સંગની જેટલી સેવા છે તે બધી અલૌકિક અને અલભ્ય રહી છે. ૧૧.

चोपाई :

स्वार्थ बिन जन करत जेते, सत्संग में बडता पावत तेते;
स्वार्थ हित सेवा करत जितने, अपनो बुरो देखाइ तितने...१२

दोहा : सत्संग में निभे तोउ, बडता पाये नाहि;
स्वार्थ तितनो रहे विष हि, बडे कहत रहे जाहि...१३

स्वार्थी अरु मजुर की, ताकि रहे एक रीत;
दोनु स्वार्थ निज हितकर, रखत रहत हे हीत...१४

જે ભક્તો વગર સ્વાર્થે સેવા કરે છે તે બધા સત્સંગમાં મોટપને પામે છે અને જે ભક્તો સ્વાર્થને માટે સેવા કરે છે તે તો પોતાનું જ ખરાબ દેખાડે છે. ૧૨. અને તે લોકો સત્સંગમાં નભી ગયા હોય તોપણ મોટપને પામ્યા નથી. મોટા પુરુષોએ કહ્યું છે કે, **'જે સ્વાર્થ છે તે ઝેર છે.** ૧૩. સ્વાર્થી મનુષ્ય અને મજૂર, તે બંનેની એકસરખી રીત હોય છે. તેઓ પોતાના સ્વાર્થને માટે જ હેત રાખતા હોય છે. ૧૪. દીપમાળા કોઈ અપૂર્વ બનાવી હતી. તેમાં કમાનો હતી અને વિચિત્ર સ્તંભ કર્યા હતા. ૧૫. દીપમાળાની ચારેબાજુ જેટલા સ્તંભ હતા તેના ઉપર તેટલા સુવર્ણકળશ મૂક્યા હતા. ૧૬. દીપમાળાની ચારેબાજુ આસોપાલવના શોભાદાર તોરણ બાંધ્યા હતા. અને બિલોરી કાચના અપાર ઝુંમર લટકાવ્યાં હતાં. ૧૭. સ્તંભના જેટલા ખંડ હતા, તે પ્રત્યેક ખંડમાં ઝુંમર લટકાવ્યાં હતાં. શ્રીહરિની બેઠકની ચારેબાજુ ઘણી જોરદાર દીપમાળા રચી હતી. ૧૮. દીપમાળાની ચારેકોર દીવડાવાળા બબ્બે ઝુંમર ગોળાકાર કર્યા હતા અને તે દ્વારની આગળના ભાગમાં બાંધ્યા હતા. ૧૯.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીપમાળા પ્રગટાવી. અને તે દીપમાળાના તેજમાં કેટલીક મશાલો પણ કરી. ૨૦. પરંતુ દીપમાળાના પ્રકાશમાં મશાલોનું બધું તેજ લીન થઈ ગયું હતું. અને તે તેજમાં બધી સભા બેઠી હતી. ૨૧. તે તેજમાં ઊભા રહીને જ્યારે સહુ આરતી કરતા હતા ત્યારે શ્રીહરિએ પોતાના અંગ ઉપર જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. ૨૨. સુંદર ભાતના તે વસ્ત્રો સુશોભિત હતા કે તેનું મુખથી વર્ણન કરી

શકાતું નથી. અને ઘણી જાતનાં વિચિત્ર પ્રકારનાં સોનાનાં ઘરેણાંઓ અંગ ઉપર ધારણ કર્યાં હતાં. ૨૩. લક્ષ્મીજીની જેટલી શોભા હોય છે તેટલી જ બધી શોભા તેમણે આવીને રચી દીધી હતી. ભગવાનના અક્ષરધામની બધી શોભા આ શોભામાં આવીને મળી ગઈ હતી. ૨૪. બ્રહ્માંડોમાં જેટલી સર્વોપરિ શોભા રહી છે તે બધી શ્રીહરિની શોભામાં પ્રેમભાવથી આવીને મળી ગઈ હતી. ૨૫.

શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જે શોભા જેવા સાધન કરે છે તે તેવી શોભાને પામે છે. ૨૬. શ્રીહરિ જ્યારે જ્યારે સમૈયા ઉત્સવ કરતા હતા ત્યારે ત્યારે શ્રીહરિને રાજી કરવાને માટે તે બધી શોભા પ્રેમભાવથી વારંવાર આવતી રહેતી હતી. ૨૭. તે સમયે શ્રીહરિએ ફૂલના અપાર હાર પહેર્યા હતા. કાન ઉપર ગુચ્છ અને પાઘમાં તોરા ધાર્યા હતા. ૨૮. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા હતા અને સુંદર ફૂલની પહોંચી પણ બાંધી હતી. હાથમાં ફૂલની છડી ધારી હતી. આ રીતે ફૂલોથી મૂર્તિ છવાઈ ગઈ હતી. ૨૯. બધાં સોનેરી વસ્ત્ર અને ઘરેણાંઓ ફૂલમાં ઢંકાઈ ગયા હતા. શ્રીહરિની ઘનશ્યામ મૂર્તિ એટલી સોહામણી લાગતી હતી કે દર્શન કરનારા ભક્તોને તૃપ્તિ થાતી ન હતી. ૩૦. વળી, લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો સોહામણો લાગતો હતો. અણિયાળી ચંચળ સુંદર આંખો ભક્તજનોને ખૂબ જ પ્યારી લાગતી હતી. ૩૧.

શ્રીહરિએ બધા સંતો અને હરિભક્તોને પ્રસાદીનો એક એક ફૂલનો હાર આપ્યો હતો. તે હાર સહુએ છાતી ઉપર ધાર્યા હતા. ૩૨. તે ફૂલનો જોરદાર સુગંધ તે સ્થળે ચારેબાજુ વ્યાપી રહ્યો હતો. જાણે કોઈ ફૂલનો બાગ ફૂલી રહ્યો હોય તેવી તે સભાની શોભા દેખાતી હતી ! ૩૩. તે સમયે બધા દેવતાઓ વિમાનમાં બેસીને દર્શન કરવા માટે આવ્યા. તેઓ દર્શન કરતા તૃપ્તિ પામતા ન હતા. બધા શ્રીહરિની મૂર્તિમાં લોભાઈ ગયા હતા. ૩૪. જે વર્ષમાં જેટલી વાર શ્રીહરિ સમૈયા કરતા હતા તેટલી વખત બધા દેવતાઓ ત્યાં આવતા હતા અને ત્યારે આકાશમાં તેમના વિમાનો સમાતા

નહિ. ૩૫. જેટલા દિવસ સમૈયો ચાલતો હતો તેટલા દિવસ દેવતાઓને ઘણો આનંદ મળતો હતો. તે બધા શ્રીહરિનાં દર્શન કરતા હતા, તેમાં તેમને ક્યારેય તૃપ્તિ થાતી ન હતી. ૩૬. દેવોના જેટલા ગાંધર્વો અને અપ્સરાઓ આવતી હતી, તે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પ્રેમમગ્ન થઈને ગાંધર્વો વાજિંત્ર વગાડીને ગાન કરતા હતા અને અપ્સરાઓ પગમાં ઘૂઘરા બાંધીને નૃત્ય કરતી હતી. ૩૭-૩૮. ધનતેરશને દિવસે જેટલી શોભા થઈ હતી, તે કરતાં પણ વધારે શોભા કાળીચૌદશને દિવસ કરી હતી. ૩૯. અને દિવાળીને દિવસ જે હરિભક્તો આવ્યા હતા, તેઓ બધા આખો દિવસ શ્રીહરિની પૂજા કરતા રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વડતાલમાં દીપાવલીનો ઉત્સવ કર્યો" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર સત્તરમું : તરંગ - ૫૭

દિવ્યસુખ આપનારા શ્રીહરિએ અન્નકૂટ પછી સંતો વગેરેને પીરસીને જમાડ્યા

ભાવિક હરિભક્તોએ દિવાળીને દિવસે શ્રીહરિને માટે પકવાનના થાળ કરાવ્યા હતા. ૧. તે ઘણી ભાવનાથી શ્રીહરિને જમાડ્યા. પછી શ્રીહરિએ આવીને પંગતમાં ફરી સંતોને જમાડ્યા. ૨. દિવસનો પાછલો પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને જ્યાં દીપમાળા પૂરી હતી ત્યાં સભા કરી. ૩. વેદિકાના ઉપર બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ બેઠા. મૂર્તિ ઘણી મનમોહક બની હતી. આગળના ભાગમાં સંતો ઉત્સવ કરતા હતા. ૪. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને કીર્તન ગાતા હતા. તે વખતે શ્રીહરિએ સુશોભિત જરિયાની વસ્ત્ર પહેર્યાં હતાં. ૫. વળી, સોનાનાં ઘરેણાંઓ પણ શ્રીહરિએ તે સમયે પહેર્યાં હતાં અને જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીપમાળા પ્રગટાવી. ૬.

તે સમયે જે વાળંદ હરિભક્ત હતા તેમણે મશાલો પ્રગટાવી. અને સહુ સંતો તથા હરિભક્તોએ આરતી કરી. ૭. પછી સહુએ ઊભા થઈને 'નારાયણધૂન' કરી. જ્યારે તે ધૂન કરી રહ્યા ત્યારે સહુ સંતો અને હરિભક્તો બેસી ગયા. ૮. **શ્રીહરિનાં દર્શન કરીને જે ભક્તોને અતિશય આનંદ થતો હતો તેમને અત્યંત આનંદના વેગમાં નેત્ર ઘણા સુખ-શાંતિથી ઠરી જતા હતા.** ૯. દર્શન કરનારા ભક્તોને પોતાના શરીરનું ભાન રહેતું નહિ અને સહુ મૂર્તિમાં લોભાઈ રહેતા હતા. જ્યારે શ્રીહરિ તેમને જગાડતા હતા ત્યારે તેઓ પોતાનાં શરીરમાં આવતા હતા. ૧૦. શ્રીહરિ સભામાં જે વાત કરતા હતા, તે બધી વેદ અને પુરાણોના રહસ્યરૂપ હતી, પણ આ બ્રહ્માંડના સાધારણ લોકો તે વાતોને માયિક સમજતા રહે છે. ૧૧. અને તેઓ માયિક પદાર્થમાં જ પરમ સુખને માનતા રહે છે. પરંતુ જે હરિભક્તો થયા હતા તે તો અમાયિક સુખમાં જ પરમ સુખ માનતા હતા. તે અમાયિક અને માયિક સુખમાં દિવસ અને રાત જેટલો ફરક રહ્યો છે, એમ સમજતા. ૧૨-૧૩.

જેટલું માયિક સુખ છે તે બધું અસત્ છે અને જે જીવો અસત્ સુખમાં સત્યની ભાવના રાખે છે તે સંસારમાં ભટકતા રહે છે. ૧૪. જે હરિભક્તો હતા તેઓ તો સત્સંગના યોગે કરીને પ્રબળ દિવ્ય સમજણને પામ્યા હતા. ૧૫. પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા ઘણા રાજાઓ સત્સંગ કરતા હતા. તેમને અપાર રાજ્યસમૃદ્ધિનું સુખ હતું. ૧૬. પરંતુ તે સહુએ અપાર માયિક સુખને અત્યંત તુચ્છ જાણીને તે રાજ્યસમૃદ્ધિનો પણ ત્યાગ કર્યો હતો અને દિવ્યસુખમાં પ્રેમ કર્યો હતો. ૧૭. **દિવ્યસુખની તુલનામાં બધા માયિક સુખો તો અત્યંત તુચ્છ છે. માટે ભગવાનના ભક્તોએ માયિક સુખમાં ક્યારેય આસક્તિ રાખવી નહિ.** ૧૮.

चोपाई :

मायिक सुख में राग हि जेता, हरिजन रहे नून्य हि तेता;
अमायिक सुख में जितनो भावा, अधिक हरिजन तितने रहावा...१९
भगवान संत हरिजन जेहा, भगवान ताके धाम हि तेहा;
धाम में रहे समृद्धि जेती, अमायिक रहायेउ तेती...२०

જે ભક્તને માયિકસુખમાં જેટલી આસક્તિ છે તેટલી તેને ભક્તપણામાં ખામી છે. અને જેટલો દિવ્યસુખમાં ભાવ છે તેટલો તે અધિક હરિભક્ત છે. ૧૯. ભગવાન, તેમના સંતો, હરિભક્તો અને ભગવાનનું ધામ તથા ધામમાં રહેલી સમૃદ્ધિ, એ બધું દિવ્ય છે. ૨૦. તે દિવ્યસુખમાં જીવને જોડી દેવો અને માયિક સુખમાંથી આસક્તિ તોડી નાખવી.'

આ રીતે શ્રીહરિ મધરાત થઈ ત્યાં સુધી વાતો કરતા રહ્યા. ૨૧. પછી શ્રીહરિ વડતાલમાં ઉતારે આવ્યા અને પોઢી ગયા. પછી સવારે જાગ્યા. શ્રીહરિની સમીપે પાંચ-સાત પાર્ષદો હતા. ૨૨. ગોસાઈ નારાયણગિરિ નામે વડતાલના નિવાસી જે હરિભક્ત હતા. ૨૩. તેમની અન્નકોટને દિવસે રસોઈ હતી. તેમણે સાકરના અનેક પકવાન કરાવ્યા. તેનાં નામ કહી શકાતા નથી. ૨૪. અનેક પ્રકારનાં શાક, પાક, ઘણી જાતનાં અથાણાં, કેટલીક જાતનું રાઈતું, પાપડ, સારા પુડલા, ભજિયાં, વડાં, ફાફડાં, ભાત અને બિરંજ વગેરે દિવસ ઊગતામાં તૈયાર કર્યું. પછી શ્રીહરિએ મુખથી મંદ મંદ હાસ્ય કરીને નારાયણગિરિને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું, ૨૫-૨૭. 'રસોઈ થવામાં હવે કેટલી વાર છે ? મોડું ન કરશો. આમ કહીને શ્રીહરિ દાતણ કરવા બેઠા. ૨૮. દાતણ કર્યા પછી શ્રીહરિ નાહ્યા. પીતાંબર વસ્ત્ર પહેર્યાં અને ધૂપ, દીપ વગેરે કરીને વિધિ સાથે પૂજા કરી. ૨૯.

શ્રીહરિ જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે નારાયણગિરિ આવ્યા અને તેમણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'પ્રભુ, આપ મારી વિનંતિ સાંભળો. ૩૦. બધી રસોઈ તૈયાર થઈ ગઈ છે. અત્યારે આપની ઇચ્છા પ્રમાણે આપના બાલમુકુંદ અને શાલગ્રામ ભગવાનની આગળ બધો અન્નકૂટ ધરાવ્યો છે. ૩૧. હે મહારાજ ! સંતોના નિવાસસ્થાને જ્યાં વિશાળ જગ્યા છે ત્યાં ચોકમાં સારો મંડપ કરાવ્યો છે. ૩૨. તેમાં રંગોળી પૂરીને ફળવાળા કેળના વિવિધ સ્તંભ રોપાવ્યા છે. પછી શ્રીહરિ ત્યાં આવ્યા. ૩૩. અને પાટ ઉપર બેઠા. પછી જે જે પકવાનો બનાવ્યા હતા, તેના થાળ ભરી ભરીને શ્રીહરિ પાસે લાવ્યા અને તેમાંથી શ્રીહરિ ઘણા આનંદથી જમવા લાગ્યા. ૩૪.

શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જળથી મુખ ધોયું અને જળપાન કર્યું. પછી ગોસાઈ નારાયણગિરિએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને કેસરી ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. આ રીતે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. તેમની સાથે તેમના જેટલા શિષ્યો હતા, તેમણે સંતોની પૂજા કરી અને સહુએ અલભ્ય લાભ લીધો. ૩૫-૩૬. તેમણે એવો લાભ લીધો કે બીજા કોઈએ તેવો લાભ લીધો ન હોય. શ્રીહરિના તે જેવા ભક્ત હતા તે આ દિવસે સહુને દેખાયું. ૩૭. પછી બધા સંતોની પંક્તિ થઈ અને જેટલા પકવાન કરેલા હતા, તે બધા પ્રેમભાવથી શ્રીહરિએ પીરસ્યા. ૩૮. શ્રીહરિ સાથે જે પાર્ષદો અને કાઠી દરબારો હતા, તેમને સંતો જમી રહ્યા પછી શ્રીહરિએ સ્નેહભાવથી જમાડ્યા. ૩૯. શ્રીહરિએ હરિભક્તોને રાજી કરવા માટે જેટલા ભોજનો હતા તેને વારંવાર પીરસ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "દિવ્યસુખ આપનારા શ્રીહરિએ અન્નકૂટ પછી સંતો વગેરેને પીરસીને જમાડ્યા" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ।।૫૭।।



પૂર સત્તરમું : તરંગ - ૫૮

દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કરીને શ્રીહરિ વડતાલથી ગઢપુર પધાર્યા

વડતાલમાં શ્રીહરિએ અન્નકોટની પ્રસાદી સંતો વગેરેને જમાડીને જયજયકાર કરાવી દીધો. ૧. પછી ધર્મકુમાર શ્રીહરિ ગામથી પૂર્વમાં આંબલે આવીને બેઠા. તેમની આગળ બધા સંતો અને હરિભક્તો બેઠા. તે સમયે અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૨. સર્વના આધાર શ્રીહરિ એક પહોર સુધી આંબલે બેઠા અને પછી વેદિકા પાસે આવ્યા. ૩. તે વેદિકા ઉપર ઘણો સુંદર પલંગ ઢાળીને ગાદી-તકિયા વગેરે બિછાવ્યા હતા. તેના ઉપર પરમ ઉદાર શ્રીહરિ આવીને બેઠા. ૪. જે સંતો અને હરિભક્તો હતા, તે બધા ત્યાં આવીને શ્રીહરિની આગળ બેઠા. તે સમયે શ્રીહરિની વસ્ત્ર અને આભૂષણોથી

સુશોભિત મૂર્તિ જેવી હતી, તેવી તે મૂર્તિને સંતો અને હરિભક્તો પરમ પ્રેમથી અંતરમાં ધારતા હતા અને જેવી મૂર્તિ હતી તેવું ચિત્તમાં ચિંતવન કરતા હતા. ૫-૬. મૂર્તિને વારંવાર અંતરમાં ધારીને ચિંતવવા રહેતા છતાં ભક્તજનો તૃપ્તિ પામતા નહિ. કારણ કે જેટલું દિવ્યસુખ કહેવાય છે, તે બધું આ શ્રીજીમહારાજની મૂર્તિમાં સહજ ભાવે રહ્યું છે. ૭.

જ્યારે સંધ્યા-સમય થયો ત્યારે મશાલો પ્રગટી અને સહુએ આરતી તથા ધૂન કરી. અને 'જય જય...જય જય...' આવા શબ્દોનું ઉચ્ચારણ કર્યું. ૮. તે પછી સહુ સંતો અને હરિભક્તો શ્રીહરિની આગળ આવીને બેઠા. ત્યારે જે સંતો હતા, તેમને શ્રીહરિએ કહ્યું, ૯. 'ચરોતર અને ગુજરાત પ્રદેશમાં ઘણા હરિભક્તો છે, તે સહુની આગળ તમારે સત્સંગની વાત કરવી. ૧૦. વેદ અને પુરાણમાં લખેલા સાધુતાનાં વર્તનની વાત તમારે કહેવી. જે કેવળ પેટ ભરવા માટે જ ત્યાગી થયા હોય અને જેણે નિયમ અને ધર્મ છોડી દીધા હોય, તેવા ત્યાગીઓને સંસારી લોકો સ્ત્રી, ધન તથા પુત્રને માટે માને પૂજે છે, પણ તેમનો મોક્ષ થતો નથી. ૧૧-૧૨. જે લોકો સ્ત્રી, ધન અને પુત્ર પ્રાપ્ત કરવામાં જ સાર માનતા હોય છે, તે બધા તો પશુના જેવા કહેવાય છે. તેમનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. ૧૩. તો તમારે મુમુક્ષુ જીવોની આગળ આવી વાત કરવી. તેનાથી તેઓ સત્સંગ સ્વીકારશે અને તત્કાળ સંસારના પારને પામશે. ૧૪.

દુર્લભ મનુષ્યદેહને પામીને પણ જે ભવસાગરને તરવા માટે ઉપાય કરતા નથી, તેમનો મનુષ્યદેહ વ્યર્થ થાય છે. ૧૫. તમારે લોકો આગળ આવી વાત કરવી. હવે સમૈયો પૂરો થયો છે. અમે પાછલી રાતે ગઢપુર જવા નીકળશું.' ૧૬. આટલી વાત કહીને શ્રીહરિ સહુ સંતોને ભેટ્યા અને જે કરવાની હતી તે બધી વાતો કહી. સહુ હરિભક્તોને પણ પોતપોતાને ઘેર જવા માટે રજા આપી. અને તે પછી શ્રીહરિ ગામમાં પધાર્યા. ૧૭. આવીને પલંગ ઉપર પોઢી ગયા. રાત બે ઘડી બાકી રહી ત્યારે ઊઠ્યા. અશ્વ તૈયાર કરાવ્યો અને તેના ઉપર હરખભેર અસવાર થયા. ૧૮. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો અને પાર્ષદો હતા તે બધા પણ તૈયાર થયા અને

સત્વરે ચાલતા થયા. ૧૯. વડતાલથી **મહેળાવ**, **પીપળાવ**, **પંડોળી**, **નાર**, **રામોલડી**, **ઊંટવાડા** ઇત્યાદિક ગામ થઈને સુખધામ એવા ધર્મકુમાર શ્રીહરિ **બુધેજ** ગામ આવીને રાત રહ્યા. સહુ હરિભક્તોને દર્શન દીધાં. પછી સવારે ત્યાંથી ચાલતા થયા. ૨૦-૨૧.

પછી **ગોરાડ**, **ગુડેલ** અને **રોણી** થઈને બહુનામી શ્રીહરિ **મીતલી** ગામ આવ્યા. ૨૨. ત્યાં સાબરમતી અને ભોગાવો નદીનો સંગમ થાય છે. શ્રીહરિ ત્યાં કેટલીયે વાર નાહ્યા છે. અને આ વખતે પણ ત્યાં આવીને નાહ્યા. ૨૩. સાબરમતી નદી ઊતરીને આગળ ચાલતા **પીપળી** ગામમાં આવીને રાત રહ્યા. ત્યાં દરબાર દાદાભાઈ સારા સત્સંગી હતા અને તેના ભવનમાં શ્રીહરિ ઊતર્યા હતા. ૨૪. શ્રીહરિ જે જે ગામમાં રાત રહેતા હતા ત્યાં હરિભક્તો ઘણા પ્રેમભાવથી વિવિધ પ્રકારની રસોઈ કરાવીને જમાડતા હતા. ૨૫. શ્રીહરિ જ્યાં રાત રહેતા હતા ત્યાં બધા હરિભક્તો ખૂબ ખૂબ ભાવનાથી સેવા કરતા હતા, જે મુખેથી કહી શકાય તેમ નથી. ૨૬. શ્રીહરિ પીપળીથી પાછલી રાતે સત્વરે ચાલ્યા. બે ઘડી રાત બાકી હતી ત્યાં તો **ગાંફ** આવી ગયા. ૨૭. તે પછી ગાંફથી સાત કોશ જેટલા રણમાં ચાલ્યા, તે ચાર ઘડી દિવસ ચડ્યો ત્યારે **ખરડ** ગામ આવી પહોંચ્યા. ૨૮. અવિનાશી અને સુખરાશી આવા શ્રીહરિ ત્યાંથી **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં બપોરે જમ્યા અને પછી **પરબડી** અને **ભીમનાથ** થઈને **પોલારપુર** ગામ આવ્યા. ૨૯.

પછી **કુંડળ** આવીને રાત રોકાયા. ત્યાં મામૈયા પટગીર નામે કાઠી હરિભક્ત હતા. ઘનશ્યામ શ્રીહરિ તેના ભવનમાં રહ્યા. ૩૦. મામૈયા પટગીરથી નાના ભાઈ રામ પટગીર સારા હરિભક્ત હતા. તેમણે પણ મનભાવી શ્રીહરિની સેવા કરી. ૩૧. શ્રીહરિ વડતાલ તરફ જાતા અને વળતા, બંને વખત તેમને ઘેર વારંવાર રહેતા હતા. શ્રીહરિની એટલી બધી વાતો અપાર રહી છે કે તે બધી લખી શકાતી નથી. ૩૨. શ્રીહરિના સંબંધવાળી બધી જ વાતો આશ્ચર્યરૂપ છે, અને તેને આશ્ચર્યરૂપ સમજીને જે સાંભળશે તે તત્કાળ સંસારસાગરને તરી જાશે. ૩૩. **શ્રીહરિની વાતોનો**

જેવો મહિમા સમજે તેવું તે ભક્તનું અંતર થઈ જાય છે. શ્રીહરિની વાતોનો આવો મહિમા છે, તેને બધા લોકો જાણી શકતા નથી. ૩૪.

પછી શ્રીહરિ કુંડળ ગામથી ચાલ્યા તે **કારિયાણી** ગામ આવ્યા અને ત્યાં જેટલા હરિભક્તો હતા, તે બધાએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૫. કારિયાણીમાં કાઠી, કણબી, લોહાણા અને દલવાડી જે હરિભક્તો હતા તે શ્રીહરિ વારંવાર આવતા ત્યારે ઘણી સેવા કરતા હતા. ૩૬. નિજભક્તજન પ્રતિપાળ કારિયાણીમાં સહુ હરિભક્તોને દર્શન આપીને તત્કાળ ત્યાંથી ચાલ્યા, તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. ૩૭. અલૈયા ખાચરે શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા અને અલૌકિક લાભ લીધો. ૩૮. ત્યાં સુંદર રસોઈ બનાવી હતી, તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા અને સાંજ થવા આવી ત્યારે ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** આવ્યા. ૩૯. દાદા ખાચરે શ્રીહરિને માટે અક્ષરભવન બનાવી રાખ્યું હતું, તેમાં આવીને શ્રીહરિ ઘણા પ્રેમથી નિવાસ કરીને રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કરીને શ્રીહરિ વડતાલથી ગઢપુર પધાર્યા" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર સત્તરમું : તરંગ - ૫૯

વેદાંતાચાર્યને મળવા માટે શ્રીહરિ ગઢપુરથી વડતાલ આવ્યા

શ્રીહરિએ પ્રબોધની એકાદશી ગઢપુરમાં કરી. અને તે સમયે જે સંતો અને હરિભક્તો આવ્યા હતા તેમને દર્શન દીધાં. ૧. આગળ જે વેદાંતાચાર્યની વાત કહી હતી તેઓ ભાવનગરમાં દિવાળી અને અન્નકોટ કરીને શ્રીનગર(અમદાવાદ) જઈને રહ્યા હતા. ૨. ત્યાં આપણા મોટા સત્સંગી નથુ ભટ્ટ હતા. તેમને બોલાવીને હરિહરાચાર્ય નામના વેદાંતાચાર્યે કહ્યું કે, 'તમે સ્વામિનારાયણના શિષ્ય છો, ૩. તો અમારે એકવાર સ્વામિનારાયણને હવે અવશ્ય મળવું છે અને જોવું છે કે તેઓ કેવા વિદ્વાન છે. ૪. તેઓ ગુજરાતમાં છે એમ સાંભળીને અમે અહીં આવ્યા છીએ, પણ તેઓ તો

અહીંથી ચાલ્યા ગયા છે. તો હવે તેઓ જ્યાં હોય ત્યાંથી તેમને અહીં બોલાવો તો અમે અહીં રોકાઈએ.' ૫.

ત્યારે નથુ ભટ્ટે તેમને કહ્યું, 'તમે એક પત્ર લખીને આપો તો જે હશે તે ખબર દસ દિવસમાં આવશે. તે હું તમને આપીશ.' ૬. આમ કહીને નથુ ભટ્ટ ત્યાં બે ઘડી બેઠા. તે વખતે વેદાંતાચાર્યે તત્કાળ એક પત્ર શ્રીહરિ ઉપર લખ્યો. ૭. તે પત્ર તેણે નથુ ભટ્ટને આપ્યો અને નથુ ભટ્ટે તે પત્ર લઈને એક વિપ્રને ગઢપુર મોકલ્યો. તે વિપ્રે ગઢપુર જઈને શ્રીહરિને પત્ર આપ્યો. તે પત્ર વાંચીને પરમ નિપુણ શ્રીહરિ ગઢપુરથી ચાલતા થયા. ૮. દરબાર દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, વેલા ખાચર, માત્રા ખાચર, અલૈયા ખાચર અને જેઠસુર ખાચર તે બંને ભાઈ, મોકા ખાચર, માણસિયા ખાચર, ઉનડ ખાચર, ઓઢા ખાચર, રાણા ખાચર, મૂળુ ખાચર, વસ્તા ખાચર, વિસામણ ખાચર, ડોસા ખાચર, મામૈયા પટગીર, રામ પટગીર, અમરા પટગીર, રાઠોડ ધાધલ, નાજા જોગિયા, ઘેલા ધાધલ, દાહા ખાચર, દેહા ખાચર વગેરે કાઠી દરબારો અને જે પાર્ષદો હતા, તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ૯-૧૧.

શ્રીહરિ **સારંગપુર** થઈને **રોજકા** ગયા અને ત્યાં રાત રોકાયા. દરબાર કાકાભાઈ અત્યંત શ્રેષ્ઠ હરિભક્ત હતા. તેને ભવન જઈને શ્રીહરિ ઊતર્યા. તેમણે શ્રીહરિની ઘણી સેવા કરી. ૧૨. રોજકામાં બીજા પણ જે હરિભક્તો હતા, તેમણે પણ શ્રીહરિની સેવા કરીને પોતાનાં જન્મને સફળ કર્યો. ૧૩. સવાર થયું ત્યારે શ્યામસુંદર શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **ખસતા** થઈને આગળ રણ ઊતર્યા અને **પચ્છમ** ગામ આવ્યા. ૧૪. **કમિયાળા** ગામમાં આવીને રસોઈ જમ્યા. ત્યાંના જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની સેવા કરી. ૧૫. સહુ જમી રહ્યા તે વખતે તરત જ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને **બોરુ** ગામ આવી ત્યાં રાત રોકાયા. ૧૬. બોરુમાં પ્રશ્નોરા વિપ્ર સત્સંગી હતા. હિરાભાઈ અને ભગાભાઈ બે સોની હતા અને દેવચંદ નામે એક વણિક હરિભક્ત હતા. ૧૭. તે સહુ હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિની સેવા કરી અને ઘણો રાજીપો મેળવ્યો.

પછી સવારમાં શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **સિંજીવાડે** આવીને રહ્યા. ૧૮. ગામના મુખ્ય પટેલ લેવા પાટીદાર પાકા હરિભક્ત હતા. તેમને ઘેર શ્રીહરિ ઊતર્યા. ૧૯. ત્યાં જગરૂપ બારોટ નામે એક પાકા હરિભક્ત હતા. તેમણે પોતાને ઘેર શ્રીહરિને માટે થાળ કરાવીને ઘણા ભાવથી જમાડ્યા. ૨૦. રસોઈ જમીને તત્કાળ ચાલ્યા, તે સાંજ સમયે દયાળુ શ્રીહરિ **વડતાલ** આવ્યા. ગામના હરિભક્ત શ્રીહરિને દેખીને ખૂબ જ આનંદિત થયા. ૨૧. તે સમયે ઢોલ અને તાંસા વગડાવવા લાગ્યા અને સહુને ઘણો આનંદ થયો. ત્યાં સહુ સંતો અને હરિભક્તો જે હતા તેઓ દર્શન કરીને પરસ્પર વાતો કરવા લાગ્યા, 'આ વાત તો ઘણી આશ્ચર્યરૂપ છે કે શ્રીહરિ ગઢપુર ગયા અને તરત જ પાછા આહીં આવ્યા છે. આપણા ઉપર ઘણી દયા કરી.' ૨૨-૨૩.

શ્રીહરિ વડતાલમાં વાસણ સુથારને ઘેર આવ્યા અને ભવનની આગળના ભાગમાં બિછાવેલા પલંગની ઉપર ઘણા હરખથી બેઠા. ૨૪. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને ચુંદડીના જેવી ભાતની લાલ પાઘ મસ્તક ઉપર ધારી હતી. અને લલાટમાં શુભ તિલક કરેલું હતું. ૨૫. હજારીગલના હાર અને તોરા ધારણ કર્યા હતા. બંને કાનમાં ગુચ્છ હતા અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા હતા. ૨૬. ત્યાં જેટલા સંતો હતા તે સહુને શ્રીહરિ ઘણા હેતથી ભેટ્યા અને સંતો તથા હરિભક્તોને પોતાની પાસે બેસાડ્યા. ૨૭. પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને બોલાવીને ઘણા હેતથી તેમને તૈયાર કર્યા અને તરત શ્રીનગર મોકલ્યા. ૨૮. એક હરિભક્ત શ્વેત રંગનો રથ તૈયાર કરીને લઈ આવ્યા. મુક્તાનંદસ્વામી પાંચ સંતોને સાથે લઈને તેમાં બેસીને ચાલ્યા. ૨૯.

રવાજી આદિક ચાર પાર્ષદો જે શ્રીહરિની સાથે હતા, તેમને મુક્તાનંદસ્વામીની સાથે મોકલ્યા અને તેઓ બંદૂક બાંધીને ગયા. ૩૦. બીજે દિવસે મુક્તાનંદસ્વામી શ્રીનગર આવ્યા અને સંતોની જગ્યામાં ઊતર્યા. નથુ ભટ્ટ આદિક જે શ્રીનગરના હરિભક્તો હતા, તે બધા મુક્તાનંદસ્વામી જેટલા દિવસ રહ્યા ત્યાં સુધી સેવામાં રહ્યા. ત્યાં આગળ કહેલા વેદાંતાચાર્ય મુક્તાનંદસ્વામીને મળવા આવ્યા. ૩૧-૩૨. શહેરમાં જે વેરાગીઓ રહેતા

હતા તેમણે વેદાંતાચાર્યને સાત દિવસ સુધી રોકી રાખ્યા અને તેના મનને ભરમાવી દીધું. ૩૩. મુક્તાનંદસ્વામી તેના મનના વિચારોને જાણીને તેની આશા છોડી દઈને જ્યારે ત્યાંથી ચાલતા થયા ત્યારે દ્રવ્યના લોભને લીધે વેદાંતાચાર્ય મુક્તાનંદસ્વામીની સાથે ચાલ્યા અને ડભાણ આવ્યા. ત્યાં એક રાત રોકાયા. ત્યાંથી બપોર પછી ચાલ્યા તે બામરોલી ગામ આવ્યા. ૩૪-૩૫.

ત્યારે શ્રીહરિ સંતો અને હરિભક્તોને સાથે લઈને તેની સામે ગયા અને જ્યારે સાંજનો સમય થયો ત્યારે વેદાંતાચાર્યને મળ્યા. ૩૬. શ્રીહરિએ તેમનું યોગ્ય રીતે સન્માન કર્યું. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને પછી વડતાલમાં આંબલે આવ્યા. ૩૭. આચાર્યને પાટ ઉપર બેસાડ્યા. ફૂલના હાર પહેરાવ્યા. તે વખતે બે-ચાર મશાલો થઈ. સહુ આરતી બોલ્યા. ૩૮. પછી નારાયણધૂન કરીને સંતો સારા શ્લોક બોલ્યા અને પછી સંતો સહુ સભામાં બેઠા. ૩૯. તે વખતે ધર્મકુમાર શ્રીહરિ ત્યાં રહેલી બીજી પાટ ઉપર બેઠા અને બધા 'જય જય...જય જય...' એમ બોલવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વેદાંતાચાર્યને મળવા માટે શ્રીહરિ ગઢપુરથી વડતાલ આવ્યા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર સત્તરમું : તરંગ - ૬૦

શ્રીહરિએ વડતાલમાં વેદાંતાચાર્યનું વૃત્તાંત કહ્યું

શ્રીહરિએ વેદાંતાચાર્યની આગળ સંતો, વર્ણી અને સંન્યાસીઓનું જે પ્રકારે વર્તન રહ્યું હતું તે બધી વાત કહી. ૧. વળી કહ્યું, 'અમારા સત્સંગમાં સંત, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો જેટલા છે તે બધાનું વર્તન શુદ્ધ છે. ૨. જે કોઈ પણ વ્યસન કહેવાય છે તેને અમારા આશ્રિતજનો રાખતા નથી અને ક્યારેય ભાંડ ભવાઈ દેખતા નથી. ૩. દુનિયામાં જે જે નિંદાસ્પદ વાત કહેવાય છે, તે બધાનો ત્યાગ કર્યો છે. વળી, ક્યારેય ગ્રામ્યવાતો કરતા નથી; આવું સહુનું વર્તન છે. ૪. અમારા જેટલા સંતો, વર્ણી અને સંન્યાસીઓ

કહેવાય છે, તે બધા ધન અને સ્ત્રીનો ત્યાગ રાખે છે અને તે પીંડ તથા બ્રહ્માંડમાં ક્યાંય આસક્તિ કરતા નથી. ૫. તેઓ ભગવાનના સ્વરૂપમાં અને સત્સંગમાં જ પોતાનો આત્મા જોડી રાખે છે. જેટલાં ભગવાનનાં ચરિત્ર છે તેમને સાંભળીને તેનું ચિંતન કર્યા કરે છે. ૬.

चोपाई :

हरि के सबंध कि सेवा जेती, जितनी जोग्य रहाये तेती;
करत रहत हे दिवस हि राती, वरतत रहे यह एसी भाँती...०७
याके बचन अब सुनत जितने, संसार बंध छुट जात तितने;
दरशन करत जो भाव समेता, भवसागर तरि जावत एता...०८

ભગવાનના સંબંધવાળી જે જે યોગ્ય સેવા હોય છે તેને રાત-દિવસ કરતા રહે છે. અમારા આશ્રિતોની આવી રીતભાત છે. ૭. તે સંતો વગેરેના વચનને અત્યારે જે કોઈ પણ સાંભળે છે તેમના સંસારનું બંધન છૂટી જાય છે, અને જેઓ આદરભાવથી તેમનાં દર્શન કરે છે તેઓ સંસારસાગરને તરી જાય છે. ૮. તે સંતો વગેરેની જે સેવા કરે છે તેમના જન્મ, મરણ અને જમપુરી ટળી જાય છે. અત્યારે તો ઘોર કળિયુગ ચાલી રહ્યો છે. તેમાં વર્ણાશ્રમનો ધર્મ બહુ થોડો રહ્યો છે. ૯. **જ્યારે આ જગતમાં સત્પુરુષો પ્રગટ થાય છે ત્યારે તેઓ પોતાના આશ્રિતોમાં વર્ણ અને આશ્રમોના ધર્મને પ્રવર્તાવે છે.** ૧૦. તે સત્પુરુષોના આશ્રિત કોઈ મોટા રાજા થાય અને તેને ધર્મમાં જો રુચિ ઊપજે તો તેઓ તત્કાળ જ ઘણા પ્રમાણમાં વર્ણ અને આશ્રમના ધર્મને પ્રવર્તાવે છે. ૧૧. રાજાની જેવી રુચિ હોય તેવો ધર્મ દુનિયામાં પ્રવર્તે છે. ઉચ્ચતમ કે હલકા ધર્મની પ્રવૃત્તિનું મુખ્ય કારણ રાજા રહ્યા છે. ૧૨.

સત્પુરુષોની રુચિ પ્રમાણે જ્યારે રાજાની પણ ધર્મમાં રુચિ થાય છે ત્યારે યુગને અનુસારે વર્ણ અને આશ્રમનો ધર્મ ઉજ્જવળ રીતે પ્રવર્તે છે. ૧૩. વર્ણાશ્રમના ધર્મ સિવાય ખરેખર કાંઈ ધર્મ રહેતો નથી. પછી ઘણી હિંસા થાય છે, જે મુખથી કહી શકાતી નથી. ૧૪. અને દુનિયામાં જે હિંસા કરવી તે તો અસત્પુરુષોનો મત છે. અને તે હિંસાનું ફળ પણ જમપુરી અને લખચોરાશીનું દુઃખ કહ્યું છે. ૧૫. લેશમાત્ર પણ હિંસા ન કરવી; એવો

સત્પુરુષોનો મત છે. અને સ્વર્ગીય સુખ મળે તેવું તેનું ફળ હંમેશાં કહ્યું છે. ૧૬. જે મનુષ્યોને હિંસામાં જેટલી રુચિ રહે છે તેઓ તેટલાં હળાહળ ઝેરને ખાય છે, પણ દુર્જનો ઝેરને પણ અમૃત માને છે. ૧૭. અસત્પુરુષના સમાગમથી તેની બુદ્ધિ સતત આસુરી થઈ જાય છે. પછી જેટલી અસત વાત કહેવાય છે, તેમાં તે રુચિ કરતા રહે છે. ૧૮.

તેવા મનુષ્યો ચિંતામણિ જેવા પોતાના માનવદેહને પણ વૃથા કરી નાખે છે અને તેમને મોટામાં મોટી હાનિ થાય છે, છતાં તેવા લોકોને તેની કાંઈ ગમ રહેતી નથી. ૧૯. શરાબની જેમ મોહરૂપી અતિ નશામાં પછી તે મનમાં જેવું ધારે તેવું તરત કરવા લાગે છે. ૨૦. અને તે પછી તો તે મોહરૂપી નશામાં દિનપ્રતિદિન તણાતો જાય છે. નદીમાં જ્યારે કોઈ હાથી ડૂબે ત્યારે તેનાથી કોઈ મોટો હાથી હોય તે જ તેને બચાવી શકે છે. ૨૧. તેમ મોહમાં ડૂબેલો મનુષ્ય જો મોટાપુરુષને મન સોંપે તો તેઓ તે મોહમાં ડૂબતા જીવને જોરે કરીને તરત ઉગારી લે છે. મોટાપુરુષ સિવાય બીજા સામાન્ય માણસો ચાહે તેવો ઉપદેશ આપે છતાં મોહમાં ડૂબેલા જીવને ઉગારવામાં નાના માણસનું લેશમાત્ર બળ ચાલતું નથી. ૨૨. સાધારણ મનુષ્ય પોતે ડૂબે અને બીજાને પણ ડુબાડે છે, પણ ડૂબનારા કરતાં તારનારો મોટો હોય તો જ તારી શકે છે. માટે મોટા સિવાય તેમાં બીજો કોઈ ઉપાય ચાલતો નથી. આજ તમે સહુથી મોટા છો. ૨૩.

માટે હે વેદાંતાચાર્ય ! અમારા જે સંતો છે તેમના વર્તનમાં જેટલો ફરક દેખાતો હોય તે ફરક તમે અત્યારે કહો. અમે તમને નિષ્કપટપણે કહીએ છીએ.' ૨૪. શ્રીહરિએ વેદાંતાચાર્યને આવી વાત કહી અને સારો ઉતારો અપાવ્યો. તેમાં કોઈ જાતની ખામી રાખી નહિ. ૨૫. ગોસાઈ નારાયણગિરિની ધર્મશાળામાં ઉતારો આપ્યો હતો અને તેમને ઘી, સાકરનું સીધું અપાવ્યું હતું. ૨૬. **જેનામાં જેટલી બુદ્ધિ હોય તે તેના દેહની ક્રિયામાં દેખાઈ આવે છે. કારણ કે, ક્રિયા તે બુદ્ધિનું દ્વાર છે.** ૨૭. શ્રીહરિએ બે-ચાર હરિભક્તોને વેદાંતાચાર્યની સેવામાં ઘણા ભાવથી આખો દિવસ રાખ્યા હતા. ૨૮. વેદાંતાચાર્ય દ્રાવિડી વિપ્ર હતા. વળી આત્મનિવેદી

હતા, એટલે તેમને કોઈનું લાવેલું પાણી ખપતું નહિ; એવી તેમની રીત હતી. ૨૯.

રામાનુજાચાર્યની પરંપરાના જે આચાર્ય હોય તે જ ત્યાગી સંન્યાસી થઈને રામાનુજાચાર્યની ગાદી ઉપર બેસતા હતા. ૩૦. અને તે ત્યાગી આચાર્ય શિખા, સૂત્ર, તિલક અને કંઠીને ધારતા હોય છે. તેઓ ‘જીયરસ્વામી’ કહેવાય છે અને ત્રણ દંડને રાખે છે. ૩૧. તેઓ ચક્રની તપ્તમુદ્રા ધારણ કરે છે. મુખથી શ્રીમન્નારાયણનો જપ રાત-દિવસ કરતા રહે છે. પોતાને **‘दासोऽस्मि’**(ભગવાનનો દાસ) માનીને સનાતન સાકારરૂપ ભગવાનનાં પરમ અનુપ સ્વરૂપને માને છે. જેણે અનંત બ્રહ્માંડોની રચના કરી છે એવા ભગવાનથી અધિક કાંઈ દેખતા નથી. ૩૨-૩૩. જે અદ્વૈતવાદી છે તેના તો મુખને પણ ક્યારેય દેખતા નહિ. તેઓ એમ કહે છે કે, અક્ષરના સમાન થાય તોપણ જીવ ક્યારેય પરમેશ્વર થાતો નથી. ૩૪. ભગવાનને જેવી ભાવનાથી ભક્ત ભજે છે, તો તે ભક્તમાં ભગવાનનું તેવું ઐશ્વર્ય આવે છે; આવો રામાનુજાચાર્યનો મત કહેવાય છે. ૩૫.

જ્યાં સુધી તે ત્યાગી આચાર્ય રહે છે ત્યાં સુધી જેટલા ગૃહસ્થો છે, તે બધા ત્યાગી આચાર્યના દાસ થઈને વર્તે છે. અને જ્યાં સુધી તેઓ તેમના દાસ થઈને રહે છે ત્યાં સુધી તે આચાર્ય રહે છે. ૩૬. રામાનુજાચાર્યના જેટલા ગ્રંથ છે, તેને જે ભણ્યા હોય છે તેના કુળના બધા આચાર્ય કહેવાય છે. ૩૭. તે આચાર્યોમાં પણ જે સિદ્ધાંતના વધારે ગ્રંથને ભણેલા હોય, તે બીજા આચાર્ય કરતાં અધિક કહેવાય છે. ૩૮. જેટલા સંપ્રદાયના વૈરાગીઓ છે તે બધા પણ જ્યારે આચાર્ય આવે છે ત્યારે તેમને માન આપે છે. ૩૯. શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે વિચારીને વેદાંતાચાર્યને બોલાવ્યા હતા અને તેનું ઘણું સન્માન કર્યું, છતાં તેણે શ્રીહરિનો કાંઈ ગુણ લીધો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં “શ્રીહરિએ વડતાલમાં વેદાંતાચાર્યનું વૃત્તાંત કહ્યું” એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર સત્તરમું : તરંગ - ૬૧

શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપ્યા સિવાય આચાર્ય વડતાલથી ચાલતા થયા

ગઢપુરમાં મુક્તાનંદસ્વામી દરબાર દાદા ખાચરની આગળ શ્રીહરિચરિત્રના વાતપ્રસંગે વેદાંતાચાર્યની જે સાક્ષાત્ ઘટના બની તે કહે છે. ૧. આચાર્ય જે દિવસે આવ્યા હતા એ રાતે એક મશાલને સાથે લઈને કૂવાને કાંઠે પાણી ભરવા માટે ગયા. ૨. એક ચોપદાર આગળના ભાગમાં (દૂર રહો એમ) બોલતો થકો ચાલતો હતો અને પોતે પાણી ભરીને પછી ઉતારે આવ્યા. ૩. તેઓ પોતાને હાથે રસોઈ બનાવતા અને વિષ્ણુને થાળ ધરાવી જમતા. કોઈ સાથે નહિ હોવાથી એકલા જ જમ્યા. ૪. તેઓ પડદામાં રહીને રસોઈ કરતા કે જેનાથી કોઈ દેખી શકે નહિ. જમતા જે કાંઈ વધ્યું હતું, તેને તેણે જમીનમાં દાટી દીધું. ૫. તેઓ વધેલું અનાજ કોઈ મનુષ્ય કે કૂતરા વગેરેને આપતા નહિ; એવી તેમની જે રીત હતી તે સેવકોએ શ્રીહરિની પાસે આવીને બધી કહી. ૬.

શ્રીહરિએ કહ્યું, 'આચાર્ય થઈને પોતે માથા ઉપર દેગડાંમાં ભરેલું પાણી લાવે તે ઘણી મોટી વાત કહેવાય. તેમાં તેમને ક્યારેય માન આવતું નથી. ૭. ચોપદાર આગળ ચાલે અને માથા ઉપર પાણી ભરીને લાવવું, તે તો ઘણું કઠણ કામ છે. રામાનુજાચાર્યે જોઈ વિચારીને આ ઘણી પવિત્ર રીત બાંધી છે. ૮. માથે ઉપાડીને પાણી લાવવાથી ગાદી ઉપર બેઠેલાને તલ જેટલું પણ માન આવતું નથી, પણ માથા ઉપર ભરેલું પાણી હોય અને આગળ ચોપદારને રાખવો, તેવો વ્યવહાર તો લોક વિરુદ્ધ છે. તેમને ખરા લોક વ્યવહારની લેશમાત્ર પણ ગમ નથી. ૯-૧૦. હા, આગળ મશાલ રાખે છે તેમાં કોઈ બાધ નથી.' શ્રીહરિએ એટલી વાત કરી.

પછી મુક્તાનંદસ્વામીએ અમદાવાદમાં જે ઘટના બની તે બધી કહી સંભળાવી. ૧૧. મુક્તાનંદસ્વામી વાત કહેતા હતા ત્યારે પોઢેલા શ્રીહરિ બધી વાત સાંભળતા હતા. પછી બીજે દિવસે સવારમાં શ્રીહરિએ આંબલે

આવીને સભા કરી. ૧૨. વેદાંતાચાર્ય રસોઈ કરી જમીને ત્યાં આવ્યા ત્યારે શ્રીહરિએ તરત જ તેમને બીજી પાટ ઉપર બેસાડ્યા. ૧૩. પછી શ્રીહરિએ તે આચાર્યના પ્રત્યે કહ્યું, 'તમે ગૃહસ્થ છો અને અમે ત્યાગી છીએ. આપણા બંનેના આશ્રમ જુદા જુદા છે, એટલે એક રાગ કહેવાય નહિ. ૧૪. તમને મારે પ્રશ્ન પૂછવાની ઈચ્છા થાય છે, છતાં મનમાં ઘણો વિચાર આવે છે. જો તમારી ઈચ્છા હોય તો અમે પ્રશ્ન પૂછીએ. ૧૫. ત્યારે આચાર્યે હોશિયારીથી કહ્યું, 'મને પૂછો, મારી ઈચ્છા જ છે. હું ઉત્તર આપીશ. ૧૬. જો આપ કહો તો હું અત્યારે જ બત્રીશ પ્રકારની બ્રહ્મવિદ્યા કહેવાય છે તે અલગ અલગ રીતે કહી સંભળાવું. તેમાં રંચમાત્ર પણ સંદેહ નથી. ૧૭.

આપને જે કાંઈ પૂછવું હોય તે પૂછો. હું બધા જ ઉત્તર આપીશ.' ત્યારે શ્રીહરિએ જે પૂછવાની બાબત હતી તે અંગે કહ્યું કે, 'કોઈ શિષ્ય ગુરુને શરણે જાય ત્યારે તે શિષ્યને ગુરુ મહાવાક્યનો ઉપદેશ કઈ રીતે આપે છે ? તેની રીત જેવી હોય તે કહો. ૧૮-૧૯. તે મહાવાક્યના બારરૂપો છે તેને દેખાડો અને **'प्रज्ञानं आनन्दं ब्रह्म' 'अयमात्मा ब्रह्म' 'अहं ब्रह्मास्मि' 'तत् त्वमसि'** તે પ્રત્યેક વાક્યના ઉત્તર અલગ અલગ કરો.' ત્યારે આચાર્ય બોલ્યા, 'તેના ઉત્તરની તો બે રીત છે. ૨૦-૨૧. જેવો તેમણે અર્થ શીખી રાખ્યો હતો તેવી રીતે તેઓ બોલ્યા, પણ તેમાં શ્રીહરિએ જ્યારે આશંકા કરી ત્યારે તેનો એક પણ ઉત્તર થઈ શક્યો નહિ. ૨૨. વળી ફરીને શ્રીહરિએ વિચાર કરીને બીજો પ્રશ્ન કર્યો કે, 'સહુ પ્રથમ વેદની ઉત્પત્તિ તમે કઈ રીતે માનો છો ?' તે યથાર્થ રૂપમાં કહો. ૨૩. જો તમે વેદને અનાદિ કહેશો તોપણ તેના ભેદ બતાવો. અને નારાયણથી વેદની ઉત્પત્તિ કહેશો તોપણ તે વિગતે કરીને કહો. ૨૪.

ત્યારે તે આચાર્ય બોલ્યા, 'વેદની ઉત્પત્તિના તો બે પ્રકાર છે. તેને હું યથાર્થ રીતે કહું છું. ૨૫. જ્યારે આ બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે એક અખંડ અને સુંદર સારો વટવૃક્ષ બચી રહે છે. ૨૬. પછી નારાયણરૂપી વેદ તે વટવૃક્ષ ઉપર અખંડ રીતે રહે છે. એક ભેદ તો આ છે, એમ આ વાતને સમજો.' ૨૭. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'તમે જે કહો છો, તેમ હોય તો

તો અમને ઘણું આશ્ચર્ય થાય છે. ૨૮. જ્યારે આ બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે પાંચેય મહાભૂતોનો નાશ થઈ જાય છે, તો પછી ત્યાં વટવૃક્ષ અવિનાશી ક્યાંથી રહે ? ૨૯. આ તમારો ઉત્તર બરાબર થયો નથી. હવે બીજો જે ઉત્તર હોય તે કહો.' ત્યારે તે આચાર્યના અંતરમાં અંધકાર થઈ ગયો. કાંઈ પણ સૂઝ્યું નહિ. ૩૦. આચાર્યે જે જે ઉત્તર કર્યા તેને શ્રીહરિએ પ્રમાણરૂપ માન્યા નહિ. વળી, ફરીને શ્રીહરિએ તેમને બીજો પ્રશ્ન પૂછ્યો, ૩૧.

'શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનના પ્રત્યે કહ્યું છે કે (ममैवांशो जीवलोके जीवभूतः सनातनः। मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति।। गीता.१५/७) જે જીવ છે તે મારો અંશ છે.' તે અંશ કેવી રીતે સમજવો ? તેની સ્પષ્ટતા કરો. ૩૨. ત્યારે આચાર્ય બોલ્યા કે, 'જીવને પ્રભુનો અંશ કહેવાય નહિ. જીવ તો અક્ષરનો અંશ કહેવાય છે, એમ શાસ્ત્રોમાં અનેક જગ્યાએ કહ્યું છે.' ૩૩. ત્યારે શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા કે, 'પહેલા તો તમે અક્ષર શબ્દનો અર્થ કરો અને પછી તમે બીજો ઉત્તર આપો.' ૩૪. ત્યારે આચાર્યે કહ્યું, 'જેનો ક્યારેય વિનાશ ન થાય તે અક્ષર કહેવાય.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અક્ષર અવિનાશી છે, તો પછી તેમાંથી જીવ કેમ ખર્યો(પ્રગટ્યો) ? અને જો અક્ષરમાંથી જીવ ખરતો હોય તો તે અક્ષર કહેવાય નહિ. ૩૫. જીવ તો અછેદ્ય અને અભેદ્ય રહ્યો છે, એટલે તમે અક્ષરમાં ભેદ કઈ રીતે બતાવી રહ્યા છો ? તમે કહ્યું તે રીતે તો તેનો ઉત્તર થતો નથી. તમે કઈ રીતના પંડિત છો ? તે સમજાતું નથી.' ૩૬.

(ત્યારે વેદાંતાચાર્યે પોતાની સાથે આવેલા શિષ્યોને કહ્યું, "આપણું ગીતાનું પુસ્તક સાથે છે ? જો હોય તો તેમાં જોઈને જવાબ આપું." શિષ્યોએ કહ્યું, "આચાર્યશ્રી, પુસ્તક તો સાથે નથી લાવ્યા." તે વખતે નિત્યાનંદસ્વામી તરત ઊભા થયા અને કહ્યું, "લ્યો આ મારું ગીતાનું પુસ્તક." પંડિતજી જોઈને કહે, "આ તો ખરું, પણ મારું પુસ્તક હોત તો તેમાં જોઈને જવાબ આપી શકત."

આ બહાનું સાંભળી સહુને આશ્ચર્ય થયું. મહારાજ સમજી ગયા. તેથી હાથ જોડી વિનયથી પૂછ્યું, "આચાર્યશ્રી, આપની અનુજ્ઞા હોય તો

અમારા શિષ્ય આ નિત્યાનંદસ્વામી અમારા તમામ પ્રશ્નોના ઉત્તરો આપે.” પછી પંડિતજીએ સંમતિ દર્શાવી. તેથી નિત્યાનંદસ્વામી ઊભા થયા. પ્રગટ પુરુષોત્તમના ચરણોમાં શીશ નમાવી પગે લાગ્યા. તેમને જ પ્રકાશકપણે રહેવા પ્રાર્થના કરી. પછી પંડિત અને સભાસદોને વંદન કરી ઉત્તર આપવા લાગ્યા. સ્વામીએ કહ્યું, “વેદના આ મહાવાક્યો પરબ્રહ્મ પુરુષોત્તમનો મહિમા સમજાવે છે. શ્રીહરિની કૃપાથી રામાનુજના સિદ્ધાંત પ્રમાણે તેના અનુક્રમથી ઉત્તર આપું છું.

(૧) **प्रज्ञानं आनन्दं ब्रह्म** :- આ પહેલા મહાવાક્યના ત્રણેય પદનો જુદો જુદો અર્થ આ પ્રમાણે છે. પ્રજ્ઞાનં એટલે જેમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાન રહ્યું છે તેવા. આનન્દં એટલે જેમાં અપાર આનંદ ભર્યો છે તેવા. બ્રહ્મ એટલે સર્વાધાર, સર્વવ્યાપક પરબ્રહ્મ. ત્રણેયનો સળંગ અર્થ એવો થાય કે, સર્વજ્ઞ, આનંદના મહાસાગર અને સર્વાધાર એવા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે.

(૨) **अयमात्मा ब्रह्म** :- આ બીજા મહાવાક્યમાં અયં એટલે તમામ જીવ-ઈશ્વરોના જે ઉપાસ્ય સ્વરૂપે રહ્યા છે તે. આત્મા એટલે જીવ, માયા, ઈશ્વર અને અક્ષરબ્રહ્મના આધાર અને પ્રકાશક એવા અંતર્યામી. બ્રહ્મ એટલે ઉપર જેને ઉપાસ્ય અને અંતર્યામી કહ્યા તે બીજો કોઈ નહિ પણ પરબ્રહ્મ પોતે છે. સળંગ અર્થ થયો :- જીવ, ઈશ્વર અને બ્રહ્મકોટિના જે ઉપાસ્ય, નિયંતા અને પ્રકાશક છે તે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે.

(૩) **अहं ब्रह्माऽस्मि** :- આ ત્રીજા મહાવાક્યમાં પણ અહં, બ્રહ્મ અને અસ્મિ આ ત્રણેય પદનો પોત પોતાનો અર્થ જુદો જુદો છે, પરંતુ અહિં વિશેષણ-વિશેષ્ય ભાવથી એક જ અર્થ માટે વપરાયા છે. તેને જ સામાનાધિકરણ્ય કહેવાય છે. સંસ્કૃત ભાષાનો એક નિયમ છે, **भिन्नप्रवृत्तिनिमित्तानां एकस्मिन्नर्थे वृत्तिः सामानाधिकरण्यम्।** આ નિયમ પ્રમાણે આ મંત્ર ભગવાનનો સર્વશરીરી કે સર્વાત્માપણાનો બહુ મોટો મહિમા સમજાવે છે. અહં એટલે જીવાત્મા જેનું શરીર છે એવા જીવ શરીરક પરમાત્મા. અસ્મિ એટલે જડ માયા જેનું શરીર છે એવા માયાશરીરક પરમાત્મા. બ્રહ્મ એટલે ચિદ્ અને અચિદ્‌થી સર્વ રીતે ચડિયાતા એવા વ્યાપક

વિશાળ પરમાત્મા. સળંગ અર્થ થયો :- તમામ ચેતન અને જડ એ બન્નેના શરીરી તથા રૂપ, ગુણ અને સ્વરૂપ-સ્વભાવથી શ્રેષ્ઠ એવા એક પરમાત્મા જ છે. તમે શંકા કરશો કે, અહં અને અસ્મિ આ બન્ને શબ્દ લોકમાં તો જે તે બોલનાર વ્યક્તિ માટે વપરાય છે. તેનો અર્થ તો 'હું છું' એવો જ પ્રસિદ્ધ છે. તો આ તમે બતાવ્યો એવો અર્થ કેવી રીતે થાય ?

તો તેનું સમાધાન એ છે જે, તમે જે કહ્યો એ તો લૌકિક અર્થ છે. અજ્ઞાની માણસ પૂરું સમજતા નહિ હોવાથી એટલો જ સીમિત અર્થ સમજી બેસે છે. ખરેખર શબ્દોના અર્થનો નિયમ એવો છે કે, **शरीरवाचकशब्दाः शरीरिपर्यन्तबोधजनकाः भवन्ति।** એનો ભાવાર્થ એવો છે કે, શરીરનો બોધ કરાવનાર જે કોઈ શબ્દો છે તે બધા જ ફક્ત શરીરનો જ નહિ પણ તેના શરીરી એટલે આત્મા સહિતનો જ અર્થ બતાવે છે. એવો જ એથી ઉલ્ટો નિયમ છે કે, **शरीरिवाचकशब्दाः शरीरमपि बोधयति ।** અર્થાત્ આત્માનો બોધ કરાવનાર શબ્દો તેના શરીરનો પણ બોધ કરાવે છે. એટલે જ એવું કહેવાય છે કે, **शरीरशरीरिणोः अभिन्नत्वेन व्यवहारः** શરીર તથા શરીરીનો એકપણે જ વ્યવહાર થાય છે, જેમ કે, આ પુરુષ બહુ ભક્તિ કરે છે. અહીં પુરુષ શબ્દ શરીરવાચક છે છતાં તેના શરીરી એવા આત્મા સહિતનો અર્થ જણાવે છે. કારણ કે, ભક્તિ, શરીર નહિ પણ આત્મા કરે છે.

અહીં સમજવા જેવી ખાસ બાબત એ છે કે, જીવ, ઈશ્વર, બ્રહ્મ અને માયાના આકારમાત્ર એ બધું જ ભગવાનનું શરીર છે. ભગવાન તેના ધારક, વ્યાપક અને નિયંતા હોવાથી તેના શરીરી છે. એટલે એનો મતલબ એ થયો કે, આ જગતમાં હું, તું કે તે, અમે, તમે કે તેઓ આ જે કાંઈ છે તે બધા જ ભગવાનના સ્વરૂપો છે. અને તેના માટે જેટલા કાંઈ શબ્દો વપરાય છે; વળી, તે પરમાત્મા માટે બ્રહ્મ, પરબ્રહ્મ કે ભગવાન જેવા જેટલા શબ્દો પ્રયોજાય છે તે બધા જ ચિદ્-અચિદ્ સહિતનો જ અર્થ જણાવે છે. અર્થાત્ ભગવાન પણ જ્યારે 'હું' એવું બોલે છે ત્યારે તે ચિદ્-અચિદ્ સહિત જ પોતાને અનુભવે છે. તેના હું માં કાંઈ જ બાકી રહેતું નથી. એટલે તો **'एकोऽहं बहु स्याम् प्रजायेय'** એમ તે સૃષ્ટિના આરંભમાં બોલ્યા છે.

આ રહસ્યને યથાર્થ સમજતા હોય એવા જે જ્ઞાની કે પરમ પ્રેમી સત્પુરુષ હોય છે, તે જ્યારે હું અથવા તો હરિ એવું બોલે છે ત્યારે તે બન્ને શબ્દોથી સર્વશરીરી એવા શ્રીહરિને જ પોતાની મતિમાં ધારે છે. આ રીતે અહં બ્રહ્માસ્મિ એવું વેદનું મહાવાક્ય એક પામી ગયેલા પુરુષની સ્થિતિ બતાવે છે. તે પોતાનું શરીર અને જીવ એ બન્નેના આત્મા એવા પરમાત્મા સાથે આત્મબુદ્ધિ કરીને બોલે છે. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં તેનું પ્રમાણ છે **ऋषिः वामदेवः प्रतिपेदे , अहं मनुरभवं सूर्यश्च इति।** (એક વામદેવ નામના મહાન ઋષિ ભગવાન સાથે તાદાત્મ્ય સ્થિતિને પામ્યા પછી આવું બોલે છે, "હું મનુ બન્યો હતો. હું જ સૂર્ય થયો છું.")

વળી, નિત્યાનંદસ્વામી આગળ કહે છે (૪) તત્ ત્વમસિ :- હવે ચોથા મહાવાક્યનો અર્થ કહું છું. આનો પણ શરીર-શરીરી ભાવથી ઉપર કહ્યો એવો જ અર્થ છે. પણ આ મંત્રમાં એક સમર્થ સદ્‌ગુરુ તેના પ્યારા શિષ્યને આ દિવ્ય બોધ કરાવે છે. તત્ એટલે સર્વકારણ, સર્વગુણપરિપૂર્ણ અને સર્વદોષ રહિત એવા પરબ્રહ્મ. ત્વમ્ એટલે જેની સાથે વાત કરે છે તે ચેતનના પ્રકાશક પરમાત્મા. અસિ એટલે સામે રહેલ જડ શરીરભૂત માયાના પ્રકાશક પરમાત્મા. સળંગ અર્થ એવો થયો કે :- સર્વકર્તા, સર્વકારણ, સર્વગુણપરિપૂર્ણ અને સર્વદોષરહિત એવા જે પરબ્રહ્મ તે જ જડ-ચેતનના આત્મા છે. અર્થાત્ ગુરુ શિષ્યને એ સમજાવે છે કે, 'તું પણ ચિદ્-અચિદ્ વિશિષ્ટ એવા પરમાત્માનું જ શરીર છો. તું તેનું જ સ્વરૂપ છો. તું તેનાથી લેશ પણ સ્વતંત્ર નથી.' આ રીતે નિત્યાનંદસ્વામીના શાસ્ત્ર સંમત અર્થ સાંભળીને સભાજનો રાજી થયા. પંડિતજી તો સામે ને સામે જ જોઈ રહ્યા.

નિત્યાનંદસ્વામીએ વેદની ઉત્પત્તિ કેમ થઈ ? તેનો ઉત્તર આપતા કહ્યું, સૃષ્ટિના પ્રારંભમાં ભગવાને ૨૪ તત્ત્વોથી વિરાટ સર્જ્યા. પછી તેમાં પ્રવેશ કરી તેની ક્રિયા કરવા સમર્થ કર્યા. પછી પુરુષોત્તમનારાયણે તે વિરાટમાં રહિને અક્ષરબ્રહ્માત્મક નાદ કર્યો. તે ૐકાર રૂપે તેના મુખથી પ્રગટ થયો. પછી તેમાંથી બાવન વર્ણરૂપે થઈને ચાર વેદરૂપે થયો. આમ વેદોને સ્વયં

પ્રભુએ જ પ્રગટ કર્યા. પણ કોઈએ તેને સ્વબુદ્ધિથી રચ્યા નથી. તેથી અનાદિ કહેવાય છે.

વળી, શ્રીહરિનો છેલ્લો પ્રશ્ન જે, જીવને ભગવાનનો અંશ કહ્યો છે તે કેમ સમજવું ? તેનો ઉત્તર આપતા નિત્યાનંદસ્વામીએ કહ્યું, અંશ શબ્દનો એક અર્થ શાસ્ત્રમાં સામર્થ્ય પણ કરવામાં આવ્યો છે. જે જીવ ભગવાનની શરણાગતિ લઇ ભક્તિ-ઉપાસના કરે છે, તે ભક્તને ભગવાન માયામાં લેવાય જાય નહિ એવું સામર્થ્ય આપે છે. આમ ભગવાનના ઐશ્વર્યનો અંશ તેમાં આવ્યો, એટલે આવા મુક્તજીવને ભગવાને પોતાનો અંશ કહ્યો છે. પણ જીવ કાંઈ પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મનો જુદો પડેલો ટુકડો નથી. એ તો શાસ્ત્ર વિરુદ્ધ વાત છે. શ્રીહરિ અને સંતો, નિત્યાનંદસ્વામીના ઉત્તરો સાંભળી રાજી રાજી થઈ ગયા. સભામાં સહુએ જય જયકાર કર્યો.)

તે પછી તો આચાર્ય મનમાં અપરંપાર મૂંઝાયા. તેથી શ્રીહરિ હાથ જોડીને તેને પગે લાગ્યા, પણ તે આચાર્ય લેશમાત્ર પણ નમ્યા નહિ. ૩૭. આચાર્યનો પંડિતપણાનો અહંકાર કે ગર્વ જેટલો હતો તે બધો નાશ પામ્યો, એમ સહુ લોકોને જણાયું. ૩૮. શ્રીહરિએ જેટલા પ્રશ્ન પૂછ્યા, તે બધા આચાર્યને તો અગાધ દેખાયા. પોતાનાથી કાંઈ જ ઉત્તર ન અપાયો ત્યારે તેમના મનમાં ઘણો સંતાપ થયો. ૩૯. આચાર્ય વડતાલમાં ત્રણ દિવસ રહ્યા. તે તેમને ત્રણ યુગ જેવા દેખાયા. અને સાકર, ઘીનું સીધું પણ તેને ઝેર જેવું લાગ્યું. ચોથે દિવસે વડતાલથી ચાલતા થયા. ૪૦. જ્યારે તે ચાલતા થયા ત્યારે શ્રીહરિએ (જોબનપગી પાસે) તેને બસો રૂપિયા તત્કાળ અપાવ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિના પ્રશ્નોના ઉત્તર આપ્યા સિવાય આચાર્ય વડતાલથી ચાલતા થયા" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર સત્તરમું : તરંગ - ૬૨

પાટીદારોની આગળ આચાર્યનો બબડાટ અને નિત્યમુનિનું નડિયાદમાં જાવું

શ્રીહરિએ વેદાંતાચાર્યની ઘણી સંભાળ રાખી, તે મુખથી કહી શકાતી નથી, પણ ખારભૂમિમાં થયેલા વરસાદની જેમ તેની કાંઈ અસર થઈ નહિ. ૧. દયાનો પાત્ર ન હોય તેવા ઉપર દયાળુ શ્રીહરિ ઘણી દયા કરે, છતાં તે જન ભિખારીનો ભિખારી જ રહે છે. ૨. સત્સંગ સિવાય ચાહે તેટલો બુદ્ધિમાન હોય, તોપણ તેની બુદ્ધિ ઉપયોગમાં આવતી નથી. પંડિત થવાથી શું થયું ? ૩. મનુષ્યદેહને પામીને પણ જે કેવળ પેટ ભરવાના જ ઉપાય કરતા રહે છે, તેને કોઈ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. પેટ તો બધા જ પ્રાણીઓ ભરે છે. ૪.

चोपाई :

बुद्धि हरि देवत हे अपारा, धारत तेसे करत तेहि वारा
हरिशरन हि लेना जो तामें, रुचि मन में नहि करत हि यामें...०५

જ્યારે ભગવાન અપાર બુદ્ધિ આપે છે ત્યારે માણસ ધારે તેવું કામ કરી શકે છે. છતાં તે માણસ ભગવાનને શરણે જવાની મનમાં રુચિ જ નથી કરતો. ૫. **જ્યાં સુધી જીવ ભગવાનનું શરણું નથી લેતો ત્યાં સુધી ગમે તેવી વિશાળ બુદ્ધિ હોય, તોપણ આંક વગરના એકલા મીંડા જેવી છે.** ૬. **કદાચ બ્રહ્માના જેવી ઘણી બુદ્ધિ હોય, તોપણ ભગવાનના આશ્રય સિવાય તે લેશમાત્ર પણ સફળ થાતી નથી.** અને મનુષ્યને જ્યાં સુધી આવી સમજણ નથી આવતી ત્યાં સુધીમાં કદાચ કોઈ રાજા થાય, તોપણ તેનું શું પ્રયોજન ? તેમાં કોઈ આશ્ચર્ય વાત નથી. અપાર લોકો રાજા થઈ ગયા છે, પણ તેઓ લગારેય ભગવાનને ભજતા નથી. ૭-૮.

પછી તો તે દિનપ્રતિદિન વધારે ને વધારે અમાપ પાપ કરતા રહે છે. અને જ્યાં સુધી પાપમાં રુચિ રહે છે ત્યાં સુધી તેને સંસારનું ભટકણ રહે છે. ૯. **મોટો પંડિત હોય તોપણ જ્યાં સુધી ભગવાનને શરણે નથી થતો**

ત્યાં સુધી તેને ભવભટકણ રહે જ છે. માણસ જ્યાં સુધી સત્સંગના યોગમાં આવતો નથી ત્યાં સુધી તેમાં રહેલા બધા જ ગુણો નિરર્થક થઈ જાય છે. મોક્ષભાગી જીવોની સમજણ ઉપર કહ્યા પ્રમાણેની હોય છે. ૧૦-૧૧. અને આવી જે સમજણ છે તે જ ઊંચી સમજણ છે. અને તેનાથી કોઈ અધિક સમજણ નથી. શ્રીહરિ પોતાના ભક્તજનોની આગળ આવી સાક્ષાત્ વાત કરતા હતા. ૧૨.

પછી તે વેદાંતાચાર્ય વડતાલથી નીકળીને નડિયાદ શહેરમાં ગયા અને ત્યાં બે-ચાર દિવસ રહ્યા. ૧૩. ત્યાં પોતાને મનમાં ફાવે તેમ સત્સંગની ઘસાતી વાત કહેવા લાગ્યા અને તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. ૧૪. નડિયાદમાં ઘણા મોટા માણસો તેમની પાસે આવતા અને તેમને આચાર્ય જાણીને કાંઈક પૂછતા રહેતા કે, ૧૫. 'આ સત્સંગની રીત તમને ખરેખર કેવી સમજાણી છે ? જે યથાર્થ હોય તે કહો. ૧૬. તમે તો રામાનુજાચાર્યની ગાદીના આચાર્ય છો અને શાસ્ત્રોની સંપ્રદાય પ્રમાણેની યથાર્થ વિદ્યા તમારી પાસે છે. ૧૭. અને અહીંયા સહજાનંદસ્વામીએ તો કળિયુગના ઘણા બળને દેખીને તમારા કરતાં પણ ઘણો શુદ્ધ સંપ્રદાય ચલાવ્યો છે. ૧૮. આવા કળિયુગમાં સમર્થ સિવાય નિયમ અને ધર્મથી યુક્ત સંપ્રદાય ચલાવવામાં ઘણી મહેનત પડે છે. ૧૯. આ બ્રહ્માંડ તો ઘણીવાર થયા છે. અને તેમાં મોટા મોટા સમર્થ પુરુષો પણ એટલા બધા થયા છે કે તેનો કહ્યે પાર આવતો નથી. ૨૦.

પરંતુ શાસ્ત્રમાં લખેલા ધર્મ કોઈએ પળાવ્યા નથી. આ સ્વામિનારાયણ છે તે શાસ્ત્રમાં લખેલા બધા ધર્મને પળાવે છે. તેથી જ તેઓ અત્યંત સમર્થ સત્પુરુષ છે. ૨૧. અમને તો આવું દેખાય છે. તમને કેવું દેખ્યામાં આવ્યું છે ? ઘરમાં બે માણસ હોય તોપણ તેમાં એકસરખો સંપ દેખાતો નથી. ૨૨. આ સ્વામિનારાયણના જેટલા ત્યાગી અને ગૃહસ્થો શિષ્યો છે, તે બધા તેઓ જે પ્રકારે વચન કહે તે પ્રમાણે જ વર્તે છે. અત્યારે ધર્મ અને મોક્ષસંબંધી જેટલી બાબત છે તે બધી સ્વામિનારાયણની પાસે રહેલી છે. અને જેને ધર્મની અને મોક્ષની રુચિ નથી તેમને તેમનો માર્ગ ગમતો નથી. ૨૩-૨૪. **જે મનુષ્યોને માયિક સુખની ઘણી રુચિ હોય તેને ધર્મ અને મોક્ષની વાત**

લગાર પણ ગમતી નથી. ૨૫. શ્રીકૃષ્ણ ભગવાન પણ જ્યારે પ્રગટ થયા ત્યારે તેમણે ચોક્કસ અપાર પ્રતાપ દેખાડ્યો હતો. ૨૬. છતાં જે શિશુપાળ અને કંસ જેવા લોકો હતા, તેમણે તેમનો પ્રતાપ દેખ્યો ન હતો. તે રીતે જ આજે પણ દેખાઈ આવે છે.' ૨૭.

તેવી વાતો સાંભળીને નગરજનોની આગળ આચાર્ય પોતાના હૃદયમાં જે ભર્યું હતું તેવું બોલવા લાગ્યા. ૨૮. **જે માણસ કૃતઘ્ની થાય છે તેનું અંતર મલિન થઈ જાય છે અને તે સત્પુરુષને જેવા સમજે છે, તેનું અંતર પણ તેવું થઈ જાય છે.** ૨૯. તે વેદાંતાચાર્ય વિદ્વાન થઈને પણ અજ્ઞાની માણસ જેવું બોલે તેવું બોલવા માંડ્યા. ત્યારે નગરના વિચક્ષણ મનુષ્યો પરસ્પર વાતો કરવા લાગ્યા. ૩૦. નડિયાદના પાટીદારો ઘણા મુસદ્દી હતા અને રાજકારણમાં પણ આગળ વધેલા હતા. તે વેદાંતાચાર્યના બોલવા માત્રથી જ તેમણે તરત તેની પરીક્ષા કરી લીધી. ૩૧. તેમણે આચાર્યની જેવી મોટપ મનમાં માની હતી તેવી તેમના વચન સાંભળીને મોટપ મનમાં રહી નહિ. જેમ દૂરથી ડુંગરા રળિયામણા લાગતા હોવા છતાં પાસે જઈએ ત્યારે તે ગમતા નથી. ૩૨.

આચાર્યની વિપરીત બોલી સાંભળીને પાટીદારોએ વડતાલથી નિત્યાનંદસ્વામીને સંતમંડળ સાથે બોલાવ્યા. ૩૩. શાસ્ત્રના સિદ્ધાંતને ભણેલા જે સંતો હતા, તે બધા (પચાસ જેટલા સંતો) નિત્યાનંદસ્વામીની સાથે આવેલા હતા. તેમને દેખીને નગરજનોને ઘણો ઉમંગ થયો. ૩૪. અને નગરજનો ઘણા પ્રેમથી ઉપરાઉપર રસોઈ આપતા અને પ્રેમથી સીધું લાવતા હતા. તે નિત્યાનંદમુનિ વગેરેનું અપાર સન્માન દેખીને વેદાંતાચાર્ય તરત ત્યાંથી ચાલી નીકળવા તૈયાર થયા. ૩૫. શહેરના પાટીદારોને મનમાં સભા કરાવવાનો વિચાર હતો, એટલે તેમણે જઈને તે આચાર્યને કહ્યું, 'સભા કર્યા સિવાય તમારે જવાય નહિ.' ૩૬.

ત્યારે આચાર્યે પાટીદારોને કહ્યું, 'તમે સભા કરવાની રીતને જાણતા નથી. ૩૭. મોટા શહેરોમાં રહેલા સારા વિદ્વાનો હોય છે તે જ સભા કરવાની યથાર્થ રીતને જાણે છે.' ૩૮. પાટીદારો તો ત્યાં જાહેર સભા કરાવીને તેમને

એક હજાર રૂપિયા આપવાનું મનમાં ધારી રહ્યા હતા. ૩૯. પણ તે આચાર્ય તો પાટીદારોનું અપમાન કરીને નડિયાદથી ચાલતા થયા. આથી તેને ઘણું અપશુકન થયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "પાટીદારોની આગળ આચાર્યનો બબડાટ અને નિત્યમુનિનું નડિયાદમાં જાવું" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર સત્તરમું : તરંગ - ૬૩

દાદા ખાચરના વિવાહ અને સંતોને ટાટ પહેરાવવાનું પ્રકરણ

ધર્મકુમાર શ્રીહરિએ વેદાંતાચાર્ય નડિયાદથી ચાલ્યા ગયા છે, એવું સાંભળીને નિત્યાનંદસ્વામીને પાછા વડતાલ બોલાવી લીધા. ૧. પછી નિત્યાનંદસ્વામીએ વડતાલ આવીને શ્રીહરિની આગળ નડિયાદમાં જે ઘટના બની હતી, તે બધી કહી. ૨. શ્રીહરિ આંબલે સુંદર પાટ ઉપર બેઠા હતા અને મુખ આગળ રૂમાલ રાખીને મરક મરક હસી રહ્યા હતા. ૩. પ્રતિષ્ઠિત માણસને પણ જ્યારે મરણ નજીક આવે છે ત્યારે તેની બુદ્ધિ પણ વિપરીત થઈ જાય છે, એવું દેખાય છે. ૪. વેદાંતાચાર્યનું મોત પણ નજીક આવ્યું હશે. તે સિવાય ઘણા પ્રતિષ્ઠિત હોવા છતાં મુખમાંથી આવા તુચ્છ વચન બોલે નહિ. ૫. શ્રીહરિએ કહ્યું કે, 'તે જ્યાં જાશે ત્યાં મોટાનો અપરાધ કરશે. તેના અંતરમાં લેશમાત્ર પણ શાંતિ રહેશે નહિ, પણ રાત-દિવસ તેને કલેશ રહેશે.' ૬. પછી શ્રીહરિએ કહ્યા પ્રમાણે જ તે આચાર્યના મનમાં લેશમાત્ર પણ સુખ રહ્યું નહિ.

માગશર સુદિ એકાદશી આવી ત્યારે શ્રીહરિએ ઘણા હેતથી સંતોને ભાવપૂર્ણ દર્શન દીધાં અને તેમની આગળ ઘણી રીતે વાતો કરી. તે સમયે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા, તે વાત સાંભળીને મનમાં ઘણા તૃપ્ત થયા. ૭-૮. શ્રીહરિ વડતાલમાં બાર દિવસ રહ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **ગુડેલ** ગામ આવીને રાત રહ્યા. અને ગુડેલથી નીકળીને

પચ્છમમાં એક રાત રહ્યા. ૯. પછી પચ્છમથી ચાલેલા શ્રીહરિ **કારિયાણી**માં આવીને એક રાત રહ્યા અને ચોથે દિવસ શ્રીહરિ **ગઢપુર** આવ્યા. શ્રીહરિ આવ્યાની વાત સાંભળીને જીવા ખાચર બહુ રાજી થયા. ૧૦.

તત્કાળ સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. ભક્તજન પ્રતિપાલક શ્રીહરિએ સહુને પ્રેમથી બોલાવ્યા. તે સમયે ઢોલ અને તાંસા જેવાં બધાં વાજિંત્રો વાગતાં હતાં. ૧૧. સુખરાશિ અને અવિનાશી શ્રીહરિ પુરની રાજબજારે જ્યારે ચાલ્યા ત્યારે હજારો ભક્તજનો 'જયજયકાર' કરતા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૧૨. ભક્તજનરંજન વહાલા ઘનશ્યામ દાદા ખાચરના દરબારમાં આવીને રહ્યા. ૧૩. પછી વસંતપંચમીના ઉત્સવ ઉપર સહુ સંતોને ઘણા પ્રેમભાવથી બોલાવ્યા ત્યારે સહુને ઘણો જ આનંદ થયો. ૧૪. તે વખતે દાદા ખાચરના વિવાહ પ્રસંગની શરૂઆત કરી. ત્યારે રોજ સંતોને માટે રસોઈ તૈયાર કરાવતા હતા. ૧૫. જલેબી અને મોતીચૂરની રસોઈ રોજ થતી. શ્રીહરિનાં હૃદયમાં ઘણો જ ઉત્સાહ હતો અને સંતોને પીરસતા હતા. ૧૬.

દાદા ખાચરનાં ભવનમાં રોજ પંક્તિ થાતી હતી. મહા, ફાગણ અને અડધો ચૈત્ર માસ થયો ત્યાં સુધી સંતોને તે રીતે જમાડતા રહ્યા હતા. ૧૭. આ રીતે અઢી માસ સુધી ઉત્સવનો આનંદ થયા કરતો હતો. દાદા ખાચરના વિવાહ પ્રસંગે આખા ગઢડા ગામના બધા લોકોને, એક દિવસ જમાડ્યા હતા અને તે પછી તેમના વિવાહ પૂરા થયા. ૧૮-૧૯. વસંતપંચમીને દિવસે શ્રીહરિએ રંગ અને ગુલાલ ઉડાડ્યો. સંતો મૃદંગ અને ઝાંઝ આદિ વાજિંત્ર વગાડીને વસંતના પદ ગાતા હતા. ૨૦. ઘણા આનંદમાં આવીને હોળી પર્યંત વસંતના ગીતો ગાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વગેરે દસ-વીસ સંતો કાયમ ઉત્સવ કરતા રહેતા હતા. તેમાં શ્રીહરિ જ્યારે કહે ત્યારે ઉત્સવ કરવા બેસી જતા. ૨૧-૨૨.

વસંતપંચમીનો ઉત્સવ થઈ રહ્યો પછી ત્યાં જે સંતો આવેલા હતા, તે બધાને શ્રીહરિએ હેત લાવીને ટાટ પહેરવાની આજ્ઞા કરી. પછી સહુ પહેલા પોતે ટાટ પહેર્યું અને પછી સંતોએ જ્યારે ટાટ પહેરવા શરૂ કર્યા ત્યારે પોતે

ટાટ પહેરવાનું છોડી દીધું. ૨૩-૨૪. શ્રીહરિએ કહ્યું, 'અમારી આજ્ઞાથી સંતોએ જિંદગીભર ટાટ રાખવાના છે. અમારી આજ્ઞામાં જ અનંત કીર્તિ રહી છે. ૨૫. હે સંતો ! તમારાં વર્તનને જે લોકો સંભારશે તે સહજભાવે સંસાર સાગરને તરી જાશે; એવું તમારું વર્તન છે. ૨૬.

सोरठा : सुख हि रहेउ अपार, हमारे बचन जो महिं;
दुःख न होव हि लगार, मायिक जन कु न देख परत...२७
मोरे बचन तामें, सबसे अपार सुख जेही;
मानत रहे यामें, बचन सुगम लग हि तेही...२८

અમારા વચનમાં અપાર સુખ રહેલું છે અને લગાર પણ દુઃખ રહ્યું નથી, તે બાબત માયિક મનુષ્યોને દેખાતી નથી. ૨૭. અમારા વચનમાં સહુથી વધારે સુખ રહ્યું છે, તેમ જે માને છે તેને તે વચન પાળવું સુગમ લાગે છે. ૨૮. સહુ સંતો ટાટ પહેરતા હતા અને ત્રણ દિવસ થયા, ત્યારે એક દિવસ રાતને સમયે દાદા ખાચરના દરબારમાં જ્યાં શ્રીહરિ રોજ સભા કરતા હતા, ત્યાં ઓરડાની આગળ ચોકમાં એક મંડપ કર્યો હતો. અને તે મંડપની ઘણી શોભા થઈ હતી. તેના મધ્યમાં સુખકારી શ્યામસુંદર શ્રીહરિ આવીને ગાડાં ઉપર દક્ષિણ તરફ મુખ રાખીને બેઠા અને બધા સંતો ઉત્તર મુખે બેઠા અને સારી સભા થઈ. ૨૯-૩૧.

તે વખતે મુક્તાનંદસ્વામી સરોદ વગાડીને વસંતના પદ બોલતા હતા. પ્રેમાનંદસ્વામી દોકડ વગાડતા હતા અને બ્રહ્માનંદસ્વામી મુક્તાનંદસ્વામીની સાથે ગાતા હતા. ૩૨. ત્યારે પ્રેમમગ્ન થયેલા શ્રીહરિ પણ સંતોની સાથે ઉત્સાહથી ગાતા હતા. શ્રીહરિએ પોતાના અંગ ઉપર સોનાના ઘરેણાં અને સોનેરી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૩૩. હરિભક્તનો અપાર ભાવ જાણીને શ્રીહરિએ પોતાની કમર ઉપર સોનેરી કટાર બાંધેલી હતી. શ્રીહરિને કાયમને માટે ભક્તજનોની ભાવના પૂર્ણ કરવામાં તાન રહેતું હતું. ૩૪.

(પછી સોમલો ખાચર આદિક ભક્તજન બેઠા હતા તેણે કહ્યું જે, "મહારાજ બીજું તો કાંઈ નહિ થાય પણ ટાટ પહેરીને સંતો ઝોળી માંગવા જાશે ત્યારે કૂતરાં કરડી ખાસે." ત્યારે જીવા ખાચર કહે, "મહારાજ ! કાલે

સંતો ઘેલે નાહીને આવતા તે ટાટ પહેર્યા હોવાથી કૂતરાં વાંસે પડ્યાં. ત્યારે મહારાજ કહે જે, "એક વાસેથી ખબર રાખશે ને એક આગળની ખબર રાખશે ત્યારે કૂતરાં શું કરશે ?" પછી કોઈ કાંઈ બોલ્યું નહીં. ત્યારે એક સાધુએ કહ્યું જે, "મહારાજ એ તો ઠીક પણ ચળ(ખંજવાળ) થાય છે." ત્યારે મહારાજ કહે, "કેમ મુક્તાનંદસ્વામી ?" ત્યારે એમણે પણ એમ કહ્યું જે, "હા, મહારાજ ! ચળ તો થાય છે.")

તે વખતે યોગ્ય અવસર સમજીને દરબાર જીવા ખાચર શ્રીહરિની પાસે આવ્યા હતા. તેમણે બે હાથ જોડીને કહ્યું, 'મહારાજ, આપ મારી એક વિનંતિ સાંભળો. ૩૫. **આપના જે સંતો છે તે બધાને એક આપને જ રાજી કરવાનું રાત-દિવસ તાન રહ્યું છે અને તેમની રીત પણ અલૌકિક છે.** ૩૬. પૂર્વે નારદ, સનકાદિક અને શુકજી જેવા અપાર સંતો થયા હતા. તેમનો કોઈ પાર લઈ શકતું નથી, પરંતુ તેઓ સ્વતંત્રપણે વિચરણ કરતા હતા. ૩૭.

दोहा : स्वतंत्र वरतना तिनमें, सुगम रहेउ अपार;
लोभ बिन बचन हि तिनमें, वरतना असि हे धार...३८

सोरठा : प्रसन्न करने हीत, तुमकु यह संत सब हि;
वरतत परम हि प्रीत, एसे भये न संत कोउ...३९
संत कु जेसी रीत, वरतावत हो तुम जोउ;
भुवि पर तेसी रीत, वरतत नजर न देख परत...४०

સ્વતંત્ર રીતે વર્તન કરવું તેમાં ઘણી સુગમતા રહે છે, પણ નિઃસ્વાર્થભાવે આજ્ઞા-વચનમાં રહેવું તે તો તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠણ છે. ૩૮. આ બધા સંતો આપને પ્રસન્ન કરવા માટે જ ઘણા પ્રેમથી વર્તી રહ્યા છે. આવા પૂર્વે કોઈ સંત થયા નથી. ૩૯. આપ સંતોને જે રીતે વર્તાવો છો તે રીતે આ દુનિયામાં બીજા કોઈ વર્તતા હોય તેવું નજરે દેખાતું નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "દાદા ખાચરના વિવાહ અને સંતોને ટાટ પહેરાવવાનું પ્રકરણ " એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર સત્તરમું : તરંગ - ૬૪

ટાટનું પ્રકરણ બંધ કર્યું, અંગ્રેજી રાજ્ય વધ્યું તથા બાબા સાહેબ આવ્યા

વળી, ફરીવાર જીવા ખાચરે શ્રીહરિને કહ્યું, 'પ્રભુ, અમે અમારા મનમાં નિશ્ચય કર્યો છે કે હવે અમને પહેરવા વસ્ત્ર મળશે નહિ. ૧. હે દીનદયાળુ ! અમે તો અમારા સ્વાર્થ માટે કહીએ છીએ. આપ પરમ દયાળુ છો, એટલે અમારું હિત કરવા માટેની વાતને સાંભળો. ૨. આપને સમર્થ જાણીને હું આપની પાસે માંગણી કરી રહ્યો છું. મને પોતાનો દીન ભક્ત દેખીને પરમ ઉત્સાહથી વચન આપો.' ૩. આવું બોલીને દરબાર જીવા ખાચરે શ્રીહરિનાં ચરણોમાં મસ્તક મૂકી દીધું. ત્યારે મહાદેવાધિદેવ ભગવાન શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. ૪. દરબાર જીવા ખાચરનાં શુદ્ધ હૃદયને જોઈને શ્રીહરિ મનમાં રાજી થઈને બોલ્યા, 'દરબાર, તમને જેમાં દુઃખ થતું હોય તેનાથી તો અમારાં મનમાં પણ ઘણું દુઃખ થાય છે.' ૫.

ત્યારે જીવા ખાચરે કહ્યું, 'હું તો આપની આગળ બાળકના જેવો છું, એટલે આપની વાતને પૂરી સમજુ નહિ. આપ જે પ્રકરણ ફેરવો છો તે કોઈ પ્રયોજન વગરનું હોતું નથી.' ૬. આપ યત્કિંચિત્ જે કાંઈ વાત કરો છો તે એક પણ બાબત કારણ વગરની હોતી નથી, પણ તે બધા લોકોને સમજાતું નથી. ૭. અને તેથી જ તે લોકોને આવા પ્રકરણોથી આશ્ચર્ય થાતું નથી. તુચ્છ મતિવાળા તે લોકો તો આપનાથી વિમુખ રહે છે અને તે વિમુખોને સન્મુખ કરવાનું સુદૃઢ તાન આપને રહ્યું છે. ૮. સામાન્ય લોકોમાં રહેલા રજોગુણનું ખંડન કરવા માટે આપ સંતોનું દમન કરવા લાગ્યા છો. પરંતુ તે વિમુખ લોકોને તેનું કાંઈ જ્ઞાન નથી. તેઓ તો રજોગુણને દિનપ્રતિદિન પ્રાણના સમાન અધિક માનતા રહે છે. માટે સંતોને દમે કોઈ નિવેડો આવે તેમ નથી. જેટલા રજોગુણી લોકો છે, તેઓ તો બધા પાખંડી સંતોને માને છે. ૯-૧૦.

જે ફેલ કરનારા લોકો છે તેમને તો ફેલી ગુરુમાં જ અધિક તાન રહે છે. જેટલા ફેલી લોકો છે, તેઓ ક્યારેય સાચા સંતને માનતા નથી. ૧૧. ભલેને આપ આ બધા સંતોનું વારંવાર ચાહે તેટલું દમન કરો. આપ જે દિવસથી પ્રગટ થયા છો તે દિવસથી સંતોનું દમન કરતા રહ્યા છો. ૧૨. **જે કલ્યાણના ખપ વગરના હોય તેઓ કઠણ વર્તમાનમાં તરત જ સહુ લોકોને દેખાઈ આવે છે.** ૧૩. પરંતુ આ બધા સંતોના વર્તનને દેખીને સહુ લોકો બોલે છે કે, 'આ સંતો તો સંસારને તરી ગયા છે.' લોકો મનમાં આવું નિશ્ચિત જાણે છે. ૧૪. અમારું સારું કરવાને માટે આપ સહુ સંતોને ટાટ ન પહેરવાનું હવે હેતથી કહો.' ૧૫. દરબાર જીવા ખાચરને દુઃખિયા દેખીને સંતોના ઉપર રાજી થઈને શ્રીહરિ અદ્‌ભુત વચન બોલ્યા અને તરત ટાટ પહેરવાનું બંધ કરાવ્યું. ૧૬.

તે વખતે અંગ્રેજ સરકારે (સં.૧૮૭૪, સન્ ૧૮૧૭ ના જુલાઈ મહિનામાં) ત્રણ દિવસમાં જ પૂનાનું પેશવાઈ રાજ્ય કબજે કર્યું (ત્યારબાદ ત્રણ-ચાર મહિને તા.૧૮/૧૧/૧૮૧૭, અમદાવાદ કબજે કર્યું.) અને તેને અંગ્રેજ સત્તામાં ભેળવ્યું. ૧૭. પરમેશ્વરની ઇચ્છાથી તેમાં કશો વિલંબ થયો નહિ અને પેશવાને આધીન જે બીજા નાના રાજાઓ હતા, તે પણ અંગ્રેજને આધીન થઈ ગયા. ૧૮. પરમેશ્વરના વિશાળ સંકલ્પથી સહેજે તે બધું પરિવર્તન તત્કાળ થઈ ગયું. અને જે લોકો સ્વચ્છંદી હતા, તે બધા સહેજે નિયમનમાં આવી ગયા. ૧૯. જેટલા ઉચ્છૃંખલ સ્વચ્છંદી લોકો દેશમાં હતા તે બધા રાજાના સાથ સહકારથી પ્રજાને લૂંટીને તે તે દેશના રાજાઓને લાંચ આપતા હતા. ૨૦. વર્ષોવર્ષ એક વખત રાજાનું વિશાળ લશ્કર દેશે દેશમાં ફરીને પ્રજાને લૂંટી લેતું હતું. ૨૧. પ્રજાની રાવ ફરિયાદને કોઈ કાને સાંભળતું નહિ અને તેથી પ્રજાને પળવાર પણ સુખ રહેતું નહિ. વળી, વૈરાગીઓના તથા ગોસાઈઓના ધાડાં ઉપર ધાડાં ગામે ગામ ફરતાં હતાં અને પ્રજાને દંડીને ધન લેતાં હતાં. તેને લીધે પણ લોકોને એક પળવાર પણ સુખ ચેન રહેતું નહિ. પ્રજા એટલી બધી દુઃખી થઈ હતી કે તે કહી શકાતું નથી. ૨૨-૨૩. પરમેશ્વરે બધી પ્રજાનું દુઃખ દેખ્યું અને તેમનાં મનમાં

જ્યારે દયા આવી ત્યારે દેશમાં અંગ્રેજનું રાજ્ય થયું. ત્યારથી પ્રજાનું બધું દુઃખ જતું રહ્યું. ૨૪. પરમેશ્વરની ઇચ્છાથી કળિયુગમાં પણ સત્યયુગના જેવું પ્રજાને ઘણું સુખ રહેવા લાગ્યું. ૨૫.

दोहा : ईश्वर के संकल्प में, सब हि रहाये बात;
धारत तिमि करत रहेउ, सबके कले न आत...२६

પરમેશ્વરના સંકલ્પમાં જ બધી વાત રહી હોય છે. તેઓ જેમ ધારે તેમ કરે છે. તે સહુના કળ્યામાં આવતું નથી. ૨૬. પછી સભામાં ગવાતા પ્રેમાનંદસ્વામીનાં કીર્તનને સાંભળીને શ્રીહરિએ સહુ સંતોને કહ્યું, ૨૭. 'તમે જેટલા સંતો છો, તે સહુએ આજથી ઓઢવાની કંથા સિવાય એક એક ચાદર વધારે રાખવી. ૨૮. ચાદરની કફની બનાવીને ગળામાં પહેરવી.' આ રીતે શ્રીહરિએ જ્યારે આજ્ઞા કરી ત્યારે તે સહુ સંતોએ તે માથે ચડાવી. ૨૯.

હુતાશનીના અગાઉ રંગે રમવા માટે જેટલા સંતો અને હરિભક્તો હતા, તે સહુને માટે શ્રીહરિએ પિચકારીઓ તૈયાર કરાવી રાખી. ૩૦. હુતાશનીના અગાઉ પાંચ દિવસ શ્રીહરિ જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહે ત્યારે મંચ ઉપર આવીને બેસતા હતા. ૩૧. ત્યાં શ્રીહરિની આગળ રોજ સંતો અને હરિભક્તોની સભા થાતી હતી અને શ્રીહરિ પણ હરિભક્તોને રાજી રાખવા માટે રોજ નવાં વસ્ત્ર ધારણ કરતાં હતાં. ૩૨. જ્યારે શ્રીહરિ પોતાનાં અંગ ઉપર સારાં વસ્ત્ર અને ઘરેણાં ધારણ કરતાં હતાં ત્યારે મૂર્તિની ઘણી સારી શોભા બનતી હતી. અને દર્શન કરનારા નર-નારી ભક્તજનોનાં નેત્ર તૃપ્ત થતાં ન હતાં. ૩૩. કેટલાક હરિભક્તો જ્યારે ગુલાલ લાવતા હતા ત્યારે શ્રીહરિ તરત જ તે ગુલાલને ઉડાડતા હતા. બધી સભા રંગથી ભરાઈ જાતી હતી અને સભામાં હોરીના પદો ગવાતા રહેતા હતા. ૩૪.

સંધ્યા સમયે ઢોલ અને તાંસા વગેરે જે વાજિંત્રો હતાં, તે બધા તે વખતે વાગતાં રહેતાં હતાં. જ્યારે મશાલો થતી હતી ત્યારે આરતી અને ધૂન કરતા હતા. ૩૫. તે પછી શ્રીહરિ સંતોની સભા આગળ નવી નવી વાતો કહેતા. જેમાં બધો વિવેક ભર્યો રહેતો હતો. ૩૬. રાત એક પહોર જાય ત્યાં સુધી સભા શ્રીહરિ સમક્ષ બેસી રહેતી. અને શ્રીહરિ નિત્ય નવી વાતો કહેતા

હતા અને સાંભળનારા ભક્તોને તૃપ્તિ થાતી ન હતી. ૩૭. ફાગણ સુદિ એકાદશીને દિવસ ગઢપુરના ઉત્તર દરવાજા પાસે મુનિવર નિષ્કુળાનંદસ્વામીએ એક સારો મંચ બનાવ્યો હતો. ૩૮. ગાયકવાડ સરકારના વડોદરામાં જે (બાબા સાહેબ) દીવાન હતા, તે અમરેલી જતા જતા ગઢપુર આવ્યા હતા. ૩૯. ગઢપુરના પશ્ચિમ દરવાજા તરફ આવીને સરસ ઉન્મત્તગંગા નદી જોઈને તંબુ ઊભો કરાવ્યો અને તેમાં ઉતારો કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ ટાટનું પ્રકરણ બંધ કર્યું અને અંગ્રેજી રાજ્ય વધ્યું તથા બાબા સાહેબ આવ્યા" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર સત્તરમું : તરંગ - ૬૫

દાદા ખાચર દીવાનને મળ્યા પછી શ્રીહરિએ ઝુમખરામને પોતાનું મંતવ્ય કહ્યું

શ્રીહરિએ યોગ્ય સમય સમજીને દરબાર દાદા ખાચરને સવારીની સાથે ગાયકવાડના દીવાનની સન્મુખ મોકલ્યા. ૧. લગભગ એક કોશ જેટલા આગળ જઈને દાદા ખાચર દીવાનને મળ્યા અને દીવાને શ્રીહરિના કુશળ સમાચાર પૂછ્યા. ૨. દાદા ખાચર પોતાની સન્મુખ આવ્યા તે જોઈને દીવાન મનમાં ઘણું રાજી થયા અને પોતાના મુકામ સુધી તેમને પોતાની સાથે રાખ્યા. ૩. જ્યારે દીવાને દાદા ખાચરને જવા માટેની રજા આપી ત્યારે તેમણે દીવાનને કહ્યું, 'જે કાંઈ વસ્તુની આપને જરૂર હોય તો તરત માણસને મોકલજો. ૪. દોઢ પહોર દિવસ જ્યારે ચઢ્યો ત્યારે દીવાન ગઢપુર આવ્યા હતા. એક ઝુમખરામ જોષી નામે પાકા હરિભક્ત હતા, તે દીવાનની પાસે રહેતા હતા. તેણે શ્રીહરિની પાસે આવીને ઉત્સાહથી દર્શન કર્યાં. તેઓ શ્રીફળ લઈને આવ્યા અને તે શ્રીહરિનાં ચરણોમાં મૂકી પગે લાગ્યા. ૫-૬.

દીવાને જે કાંઈ કહ્યું હતું તે બધું તેણે શ્રીહરિની આગળ કહ્યું. ત્યારે પરમ દયાળુ શ્રીહરિ મુખ આગળ રૂમાલ રાખીને મીઠું મીઠું હસવા લાગ્યા. ૭. શ્રીહરિ પોતાનાં અક્ષરભવનમાં પલંગ ઉપર બેઠા હતા અને ઝુમખરામ જોષીને શ્રીહરિએ બધી વાત કહી. ૮. 'તમે દીવાનને કહેજો કે સ્વામિનારાયણ અત્યારે અહીંયા ગઢપુરમાં જ રહ્યા છે. જો તમારે તેમને કાંઈ પૂછવું હોય તો પૂછજો. ૯. તેમને જેવો ઉત્તર આવડશે તેવો ઉત્તર આપશે. તેઓ સરવરિયા (સરયૂપારીણ) બ્રાહ્મણ છે, એટલે તેઓ તમારા પ્રશ્નનો ઉત્તર આપશે. ૧૦.

કોઈ મોટા સત્પુરુષ હોય તો તેની જેવી સેવા કરવામાં આવે તેવું તેનું ફળ તરત મળે છે. તે બધી વાતને તમે સારી રીતે જાણો જ છો. ૧૧. **મોટા સત્પુરુષ તો કલ્પતરુ અને ચિંતામણિના જેવા છે. માણસ તેમાં જેવી કલ્પના કરે છે તેવું તેને ફળ મળે છે.** ૧૨. જાણે અજાણે કે ભાવે અભાવે કુસંગને લીધે જે કાંઈ વેણ બોલવામાં આવે છે તે કાંઈ છાનું રહેતું નથી. ૧૩. જેવું ભોજન કર્યું હોય છે તેની જો ઊલટી થાય તો તે બતાવી દે છે. ઊલટી કરોડો વાતે પણ છુપાવી શકાતી નથી. ૧૪. **જેની જેવી બુદ્ધિ હોય તેવી બાબતમાં તે રુચિ કરે છે. રુચિ થયા સિવાય તેને કાંઈ ગમતું નથી.** જેને અમૃતમાં રુચિ હોય તે જ અમૃતને ઇચ્છે છે. ૧૫. તમે તો વિશાળ બુદ્ધિમાન છો અને જગતમાં કોઈ બાબતનો ચોક્કસ નિર્ધાર રહેતો નથી. નદીનો જેવો ઢાળ હોય તે પ્રમાણે ક્યારેક જ્યાં જળ હોય ત્યાં સ્થળ થાય ને સ્થળ હોય ત્યાં જળ થાય. ૧૬.

चोपाई :

जो जो बात रहाये जेती, ईश्वराधिन देखात तेती;
ईश्वराधीन हि वरतत जेता, ईश्वर रहत हि तामें तेता...१७
युँ जानी बुद्धिवंत हि जितने, द्रोहबुद्धि न रखत कबु तितने;
अंतरजामी ईश्वर जेहा, ता पर प्रसन्न रहत हि तेहा...१८

દરેક બાબત પરમેશ્વરને જ આધીન દેખાય છે. અને જે જેટલા પરમેશ્વરને આધીન વર્તે છે તેમાં તેટલા પરમેશ્વર વિશેષપણે રહે છે. ૧૭.

એમ સમજીને જે બુદ્ધિશાળી પુરુષો હોય છે તે ક્યારેય કોઈના ઉપર દ્રોહબુદ્ધિ રાખતા નથી. એવા મનુષ્ય ઉપર અંતર્યામી પરમેશ્વર પ્રસન્ન રહે છે. ૧૮. હું આ જે કહું છું તેમાં રંચમાત્ર પણ ખોટું નથી. જ્યારે તમે મને પૂછશો ત્યારે હું તમને ઉત્તર આપીશ. પૂછ્યા વિના ઉત્તર શું દેવો ? ૧૯. હૃદયમાં જેના તરફ જેટલી અરુચિ હોય છે તેટલી તેના ઉપર દ્રોહબુદ્ધિ રહે છે. સોનામાં જેટલો બગાડ રહ્યો હોય છે તે અગ્નિમાં તપાવ્યા વિના દેખાતો નથી. ૨૦.

કરોડો ઉપાય કરે તોપણ અગ્નિ વિના સોનું શુદ્ધ થાતું નથી. તેમ જ ભગવાનના સંબંધ સિવાય માણસનું ચિત્ત ગમે તેટલું અન્ય ચિંતવન કરે, તોપણ જીવમાં જે બગાડ રહ્યો છે તે ક્યારેય નજરે ચડતો નથી. જીવ જેવું ચિંતવે છે તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે. ૨૧-૨૨. હે ઝુમખરામ ! તમારે હસતા હસતા ક્યારેક રમૂજમાં આ મારી કહેલી બધી વાત કહેવી. પછી તે કેવું બોલે છે ? તે તમારે મને આવીને કહેવું. તેનાથી અમે તેને સમજી લેશું.' ૨૩. ત્યારે ઝુમખરામે કહ્યું, 'મહારાજ ! બગલો ક્યારેય હંસ થાય નહિ. જે વિષય અને ધનના ગુલામ હોય તેને તે વિષયમાં જ આનંદ રહે છે. ૨૪. જે માણસને વિષયમાં રસ જણાય છે તે ઝેરને પણ અમૃત દેખે છે અને તે જમપુરી તથા મરણથી પણ ક્યારેય ડરતો નથી. ૨૫. કેટલાક નરનારીઓ નાક, કાન અને માથું કપાવે છે, કેટલાક આત્મઘાત કરે છે, પણ પોતાના ખરાબ સ્વભાવને છોડતા નથી. ૨૬.

પછી ઝુમખરામ જોષી દર્શન કરીને ગયા ત્યારે સાંજને સમયે શ્રીહરિ ઉત્તર તરફના મંચ ઉપર આવીને બેઠા. ૨૭. તે વખતે સંતો, વર્ણી, સંન્યાસીઓ, પાર્ષદો અને જેટલા હરિભક્તો હતા, તે બધા અત્યંત ઉત્સાહથી શ્રીહરિની સાથે ત્યાં આવ્યા. ૨૮. તે સમયે ઢોલ અને તાંસા આદિ વાજિંત્રો શ્રીહરિની આગળ વાગતાં હતાં. નોબત, ડંકા અને નિશાન ત્યાં હાજર હતા. તેમજ ચોપદાર પણ શ્રીહરિની આગળ ઊભા હતા. ૨૯. શ્રીહરિની આગળ રહેલા બધા પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા અને ઢોલ તથા તાંસા એવા વાગતાં હતાં કે તેને આ રીતે કોઈ દિવસ વાગતાં કોઈએ સાંભળ્યા

ન હોય. ૩૦. કમળના સમાન સુંદર વિશાળ નેત્રવાળા શ્રીહરિ જ્યાં મંચ હતો ત્યાં આવ્યા. મંચ એક માથોડું ઊંચો હતો. સીડી મૂકીને તત્કાળ તેના ઉપર ચઢ્યા. ૩૧. મંચ ઉપર ગાદી તકિયા બિછાવેલા હતા.

તેના ઉપર જ્યારે ભક્તજન પ્રતિપાલક શ્રીહરિ બેઠા ત્યારે જરિયાની જામો અને સુરવાળ પહેર્યા હતા. ૩૨. મસ્તક ઉપર જરિયાની પાઘ બાંધી હતી અને ખભા ઉપર જરિયાની શેલું રાખ્યું હતું અને એક જરિયાની વસ્ત્રથી કમર કસી હતી. છાતી ઉપર મોતીના હાર શોભતા હતા. ૩૩. ભુજાઓ ઉપર નંગજડિત બાજુબંધ બાંધ્યા હતા. લલાટમાં કેસરી તિલક કર્યું હતું અને પાઘમાં મોતીના વિચિત્ર તોરાઓ લટકાવેલા હતા. ૩૪. પાઘ ઉપર નંગ જડાવ કલગી યુક્ત શિરપેચ ખૂબ સુંદર બાંધેલ હતો. ગુલાબના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા અને મુખ ઉપર મધુરું હાસ્ય શોભી રહ્યું હતું. ૩૫. બંને હાથના પહોંચા ઉપર નંગ જડિત પહોંચીઓ પહેરી હતી અને હાથમાં સોનાનાં કડાં ધાર્યાં હતાં. તેમજ રમણીય સોનાનાં હાર છાતી ઉપર સોહામણા લાગતા હતા. ૩૬. હાથની દસેય આંગળીઓમાં નંગ જડિત સોનાની વીંટીઓ પહેરી હતી. તેની અસીમ શોભા બની હતી. ૩૭.

અનંત કોટિ બ્રહ્માંડોમાં જે કાંઈ પણ સૌંદર્ય કે શોભા રહી હોય છે, તે બધી શ્રીહરિની શોભા દેખીને ઝાંખી પડી ગઈ હતી. ૩૮. **જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે આકાશમાં જે તારાઓ રહ્યા હોય છે તે તલભાર પણ દેખાતા નથી, તેમ અનંત બ્રહ્માંડોની શોભા શ્રીહરિની શોભામાં લીન થઈ ગઈ હતી. ૩૯. પૂર્વે જે જે અવતારો થયા હતા અને તેમનો જે પ્રતાપ હતો, તે બધો શ્રીહરિ પોતાની મૂર્તિમાં ધારી રહ્યા હતા.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "દાદા ખાચર દીવાનને મળ્યા અને પછી શ્રીહરિએ ઝુમખરામની આગળ પોતાનું મંતવ્ય કહ્યું" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર સત્તરમું : તરંગ - ૬૬

દીવાને શ્રીહરિની આગળ પંડિતોને મોકલ્યા અને તેમણે પ્રશ્ન કર્યા

સંતો, વર્ણી, સંન્યાસીઓ અને જેટલા હરિભક્તો હતા, તે બધાની સભા એટલી વિશાળ થઈ કે તેનો કોઈ પાર લઈ શકે નહિ. ૧. તે વખતે આ સભાને જે કોઈ નજરે દેખતા તેમને અતિ આશ્ચર્ય દેખાતું અને અપાર હેત થતું હતું. ૨. જોનારાને તૃપ્તિ ન થાય તેવી સભા દેખાતી હતી અને જે શ્રીહરિની સન્મુખ દેખતા હતા, તેની મનોવૃત્તિ તો શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ જાતી હતી. ૩. તે સહુ પોતાની વૃત્તિને મૂર્તિમાંથી તોડવા ચાહતા તોપણ ક્યારેય તૂટતી નહીં. અને જે કોઈ સભામાં આવતા હતા તે સર્વને મૂર્તિને દેખતા તૃપ્તિ થતી ન હતી. ૪.

વડોદરાના દીવાને જ્યારે વાજિંત્રો અને બંદૂકોના અવાજ સાંભળ્યા ત્યારે તેઓ બોલ્યા કે, 'આ વાજિંત્રો ક્યાં વાગે છે ? અને આ બહુ બંદૂકો ક્યાં ફૂટે છે ?' ૫. ત્યારે ઝુમખરામે તેમને કહ્યું, 'સ્વામિનારાયણ અહીં છે, તેઓ હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કરી રહ્યા છે. ૬. તેઓ જ્યારે સભા કરે છે ત્યારે હરિભક્તોને ખબર આપવા માટે ઢોલ અને તાંસા વાગતાં હોય છે અને તેમાં બંદૂકોના અવાજ પણ થાય છે. ૭. આપ આવ્યા છો, તેમ સાંભળીને તેમને ઘણો ઉત્સાહ થયો છે. તમારે મળવાની ઈચ્છા હોવી જોઈએ. તમે અહીંયા સહેજે આવ્યા છો અને તેઓ દર્શન કરવાને યોગ્ય છે. ૮. તમારે જે કાંઈ બાબત પૂછવી હોય તો તે સમય આજે આવ્યો છે. આવો સમય ક્યારેય નહિ આવે. તો અત્યારે જ ચાલો. જઈને એમને પૂછો. ૯. સ્વામિનારાયણ તમારાથી આટલા દિવસ સુધી ભાગતા રહ્યા છે એમ તમે કહેતા રહો છો. પણ જેણે તમારું કાંઈક બગાડ્યું હોય તેઓ તમારાથી ભાગતા ફરે. ૧૦.

જો તમે કહો તો તેઓ અહીંયા આવે. તેમને કોઈ પણ જાતનું માન નથી. તેમની જ્ઞાતિ બાબતમાં જે કાંઈ પૂછવું હોય તો પૂછો. પૂછ્યા વિના કઈ રીતે ખબર પડશે ? ૧૧. વગર સમજે જે બોલે છે તે તો દૈવના ચોર

બને છે. તમારા જેવા જેવું સમજી શકે તેવું મૂઢ માણસો સમજી શકતા નથી. ૧૨. જ્યાં સુધી તમે તેમનાં દર્શન નથી કર્યા ત્યાં સુધી તમારાં મનમાંથી ક્યારેય મેલ છૂટશે નહિ. ૧૩. અને જો તમે કહો તો તેમના કોઈ મોટા સંત તમારી પાસે આવે. પછી તમે તેમની આગળ પ્રસન્ન મનથી પ્રશ્ન પૂછો.' ૧૪. ત્યારે દીવાને કહ્યું, 'હું તો શિવની પૂજા કરું છું. કદાચ તે શિવજી આવીને મારી આગળ સ્વામિનારાયણને ભગવાન કહે, તોપણ હું તેમને ભગવાન માનું નહિ.' ૧૫. ત્યારે ઝુમખરામે તેમને કહ્યું, 'જો તમને શિવજીનો પણ વિશ્વાસ ન હોય તો તમે શિવજીને પણ ઠગી રહ્યા છો. ૧૬. જેને પોતાના ઈષ્ટદેવમાં પણ વિશ્વાસ ન હોય તેને કહેવાની હવે કોઈ વાત બાકી રહેતી નથી. હૃદયમાં જેને જેવો ભાવ હોય, દેવ તેને તેવું ફળ આપે છે. ૧૭.

પુત્ર મેળવવા માટે જે ઈષ્ટદેવને પણ ઠગે છે, તેને કોઈ જન્મમાં પુત્ર મળતો નથી. ચાહે તેટલા યજ્ઞ કરે કે ચાહે તેટલા શિવાલય બંધાવે તોપણ તેને પુત્રપ્રાપ્તિ થાય નહિ. અને પુત્ર વિના જ તે મરી જાય છે. દેવ ક્યારેય ખોટા હોતા નથી. **માણસનો જેવો ભાવ હોય તેવું તે ફળ પામે છે.'** ૧૮-૧૯. ઝુમખરામ જે કાંઈ બોલતા તેનું દીવાનને કાંઈ દુઃખ લાગતું નહિ. કારણ કે તેના પૂર્વના કોઈ એવા સંસ્કાર હતા તેથી ઝુમખરામનું કહેલું વચન દીવાનને પ્રિય લાગતું હતું. ૨૦. ઝુમખરામ તો જોષી હતા, એટલે તેઓ જેમ કહે તેવું તેનું વચન ફળતું હતું. દીવાન એક સત્સંગ સિવાયની બીજી બધી ઝુમખરામની વાતોને માનતા હતા. ૨૧. ઝુમખરામ રોજ દીવાનને દિવસમાં બેવાર તો એમ કહેતા કે, 'જીવ માટે સત્સંગ સિવાય બીજું કોઈ નિર્ભય સ્થાન નથી.' ૨૨. દીવાન ઝુમખરામની વાતને માને કે ન માને, તોપણ ઝુમખરામ તે વાત કહ્યા વિના ક્યારેય રહેતા નહીં. દીવાનનું અન્ન અને લૂણ રોજ ખાતા હતા, એટલે તેને રોજ કહેવામાં કોઈ બાધ લાગતો નહિ. ૨૩.

ખરેખર, સત્સંગ સિવાયની જેટલી બાબત છે તેમાં કોઈ એક પણ સત્ય દેખાતી નથી. સત્સંગ સિવાયની બધી વાતો તો બાળકોના ખેલ જેવી છે. ૨૪. જે પાકા હરિભક્તો હોય છે તેઓ તો સત્સંગ સિવાયની બાબતોને

બાજીગરના ખેલ જેવી દેખે છે. ૨૫. જે કોઈ પણ બીજી બાબતોને સત્સંગના જેવી સમજે છે, તો તેને સત્સંગ કરવામાં તેટલી કસર દેખાય છે. ૨૬. ક્યાં ગોળ અને ક્યાં ખોળ ! ક્યાં હાથી અને ક્યાં ગધેડો ! ક્યાં અમાપ સત્સંગ અને ક્યાં બીજી બાબતો ! **વાસ્તવમાં સત્સંગને તુલ્ય બીજું કાંઈ નથી.** ૨૭. ક્યાં પથ્થર અને ક્યાં પારસમણિ ! ક્યાં કલ્પતરુ અને ક્યાં બીજું ઝાડ ! **સત્સંગ તો સર્વોપરિ છે. પારસમણિ અને કલ્પતરુના જેવો છે.** ૨૮.

પછી ઝુમખરામ ન જાણે તે રીતે દીવાને ચાર-પાંચ પંડિતોને શ્રીહરિની પાસે મશ્કરી કરવા માટે મોકલ્યા. ૨૯. પણ તે પહેલા ઝુમખરામને ખબર પડી ગઈ, એટલે તેઓ પંડિતથી પણ અગાઉ શ્રીહરિની પાસે પહોંચી ગયા અને શ્રીહરિને ચેતવી દીધા અને પછી સભામાં બેસી ગયા. ૩૦. જ્યારે તે પંડિતો આવ્યા ત્યારે ઝુમખરામ ઊભા થઈને પંડિતોની સન્મુખ ચાલ્યા. અને શ્રીહરિએ પણ પંડિતોનો સત્કાર કરીને તેમને સભાની આગળના ભાગમાં બેસાડ્યા. ૩૧. પંડિતો જ્યારે સંસ્કૃતમાં બોલ્યા ત્યારે નિત્યાનંદસ્વામી તેમની સામે સંસ્કૃતમાં બોલવા લાગ્યા. તે સાંભળીને પંડિતો તરત મૌન થઈ ગયા. ૩૨. તે પછી ભણનારા જે સંતો હતા, તે ઠેક ઠેકાણે સંસ્કૃતમાં બોલવા લાગ્યા. તે સાંભળીને પંડિતોનું જે અભિમાન હતું, તે બધું ઊડી ગયું. ૩૩. કાશીમાં ભણીને આવેલા પુરુષોત્તમ શાસ્ત્રી અને પ્રાગજી પુરાણી, તે બંને સભામાં બેઠા હતા. ૩૪.

પંડિતોનો જ્યારે ગર્વ ઊતરી ગયો ત્યારે તેઓ દક્ષિણી(મરાઠી) ભાષામાં બોલ્યા, 'મહારાજ, આપ તો વિપ્ર છો, એટલે કયા વેદને ભણ્યા છો ? ૩૫. ગાયત્રીનો જપ કેટલી વખત કરો છો ? કયું વ્યાકરણ શાસ્ત્ર ભણ્યા છો ? કેટલા કાવ્યો આપે જોયા છે ? ૩૬. કેટલા શબ્દકોશ જોયા છે ? અને પુરાણ કેટલા ભણ્યા છો ? આપ કેવા બ્રાહ્મણની બનાવેલી રસોઈને જમો છો ? તે બધું કહો. ૩૭. મનુષ્ય જન્મથી શૂદ્ર હોય છે અને સંસ્કારથી તે દ્વિજ કહેવાય છે. પછી વેદ ભણે તો તે વિપ્ર કહેવાય છે અને છેલ્લે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે, તો તે બ્રાહ્મણ કહેવાય છે.' ૩૮. ત્યારે શ્રીહરિએ તે પંડિતોને કહ્યું, 'તમે જે શ્લોક બોલ્યા તેનો ઉત્તર અમે શાસ્ત્રની રીતે કરીએ છીએ. ૩૯.

सोरठा : शास्त्र कु मानत जेह, ताकु हम मनुष्य कहत;
शास्त्र न मानत तेह, मनुष्य तोउ पशु कहेउ...४०

જે શાસ્ત્રને માને છે તેને અમે મનુષ્ય કહીએ છીએ અને જે શાસ્ત્રને નથી માનતો તે મનુષ્ય હોવા છતાં અમે તેને પશુ કહીએ છીએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "દીવાને શ્રીહરિની આગળ પંડિતોને મોકલ્યા અને તેમણે પ્રશ્ન કર્યા" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર સત્તરમું : તરંગ - ૬૭

શ્રીહરિએ પ્રશ્નોના ઉત્તર કર્યા અને પંડિતો ચરણમાં નમી પડ્યા

પંડિતોના પ્રશ્નોને સાંભળ્યા પછી શ્રીહરિએ શુભ રીતે ભાગવતના પ્રમાણ વચનો બોલીને યથાર્થ રીતે પ્રશ્ન અનુસારે તેમના સુદૃઢ ઉત્તર આપ્યા. ૧. ભાગવતના પંચમસ્કંધમાં જેની વિસ્તારથી પ્રસિદ્ધ વાત કહી છે તે જડભરત વિપ્ર હતા. ૨. તેઓ ગાયત્રી, વ્યાકરણ, પુરાણ, કાવ્યો કે વેદોને ક્યાં ભણ્યા હતા ? ૩. જડભરતજી વિપ્રનાં જે ષટ્કર્મ છે તેને ક્યાં કરતા હતા ? છતાં કર્મઠ વિપ્રોમાં પણ જડભરતના જેવા કોણ હતા ? ૪. **ચાહે તેવા વિદ્વાન વિપ્રો હોય, છતાં તે જો ભગવાનનું ભજન ન કરતા હોય તો તે વિપ્રોને ભાગવતમાં બળદ, ગધેડો અને ચંડાળના જેવા કહ્યા છે.** ૫.

જેની વૃત્તિ(વર્તન-આજીવિકા) વિપ્રના જેવી હોય તો તે વિપ્ર કહેવાય છે, દેવના જેવી વૃત્તિ હોય તે દેવ કહેવાય છે, ૬. મુનિના જેવી જેની વૃત્તિ હોય તે મુનિ કહેવાય છે અને દ્વિજના જેવી જેની વૃત્તિ હોય તે દ્વિજ કહેવાય છે, ૭. રાજાની જેવી જેની વૃત્તિ હોય તે રાજા એવે નામે કહેવાય છે, વૈશ્યના જેવી જેની વૃત્તિ હોય તે વૈશ્ય એવે નામે કહેવાય છે, ૮. શૂદ્રની વૃત્તિ ઉપર જે ચાલતા હોય તે શૂદ્ર એવે નામે કહેવાય છે, બિડાલના સમાન જેની વૃત્તિ હોય તે બિડાલ એવે નામે કહેવાય છે, ૯. પશુના જેવી જેની વૃત્તિ હોય તે પશુ એવે નામે કહેવાય છે અને મ્લેચ્છના જેવી જેની

વૃત્તિ હોય તે મ્લેચ્છ એવે નામે કહેવાય છે. ૧૦. ચંડાળના જેવી જે વૃત્તિ રાખતા હોય તેને ચંડાળ એવે નામે કહેવાય છે. વળી, બ્રાહ્મણની વૃત્તિ ચોક્કસ રૂપમાં દસ પ્રકારની કહી છે. ૧૧.

જે વિપ્ર ભગવત્પરાયણ થયા હોય તે સાચા અર્થમાં બ્રાહ્મણ કહેવાય છે અને જે ભગવત્પરાયણ ન હોય તે તો વિમુખ કહેવાય છે. ૧૨. મથુરામાં જે વિપ્રો યજ્ઞ કરતા હતા, પણ તેઓ જો ભગવાનથી વિમુખ રહ્યા તો તેમણે પોતે જ પોતાને ધિક્કાર્યા હતા. ૧૩. ભાગવતના મત પ્રમાણે ભગવાનના યોગ સિવાય ચાહે તેવો વિપ્ર હોય, તોપણ તે બ્રાહ્મણ કહેવાતો નથી. ૧૪. અમે તો રામાનુજાચાર્યની સમજણ જેવી હતી, તે નિર્બાધ સમજણ પ્રમાણે રહીએ છીએ. ૧૫. બીજા આચાર્યોની સમજણમાં પૂર્વાપર બાધ આવે છે અને રામાનુજાચાર્યની સમજણમાં કોઈ જાતનો બાધ આવતો નથી.' ૧૬.

શ્રીહરિએ તે આવેલા પંડિતોને કહ્યું કે, 'શાસ્ત્રોનાં વચન પ્રમાણે તમે લગાર પણ બ્રાહ્મણ રહ્યા નથી. વિપ્ર થઈને તમે પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનના અનન્ય દાસ થઈને જો તેમનું ભજન કરશો તો જ તમે બ્રાહ્મણ થશો. ૧૭-૧૮. તમારી અત્યારે જેવી વૃત્તિ હશે તેવા તમે વિપ્ર છો. (ભાગ.૭/૯/૧૦) **ભાગવત પ્રમાણે ચાંડાળ હોવા છતાં અનન્ય ભાવથી શ્રીકૃષ્ણ ભગવાનનું જો ભજન કરતો હોય, તો તે ભગવાનનું ભજન નહિ કરનારા વિપ્ર કરતાં પણ ઘણો અધિક શ્રેષ્ઠ છે. અને ચાહે તેટલા વેદાદિક બધા શાસ્ત્રોને તે વિપ્રે કંઠે કર્યા હોય તોએ શું ?** ૧૯-૨૦. જપ, તપ કરીને અષ્ટાંગયોગ સાધ્યો હોય, મનધાર્યા બધા ભોગોનો ત્યાગ કર્યો હોય, છતાં પણ તે જ્યાં સુધી મન, કર્મ, વચનથી શ્રીકૃષ્ણ ભગવાનને શરણે ન થયો હોય ત્યાં સુધી તેણે કશું જ કર્યું નથી. ખાલી પાણીને વલોવવાથી કોઈને ઘી મળતું નથી. અમે તો શ્રીકૃષ્ણ ભગવાનને અનન્ય ભાવથી શરણે થઈને યોગ્ય સાધન કરી રહ્યા છીએ.' ૨૧-૨૨. શ્રીહરિ જેટલાં વચન બોલતા હતા, તેમાં પહેલા શ્લોક બોલીને જ વાત કહેતા હતા.

શ્રીહરિરાય પશ્ચિમ મુખે બેઠા હતા અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૨૩. છત્રના ઉપર સોનાનો કળશ હતો અને તે છત્ર મખમલનું હતું.

અને છત્રનો સુંદર દંડ સોનાનો હતો. ૨૪. સંતો, વર્ણી અને સંન્યાસીઓની બધી સભા પૂર્વ મુખે બેઠી હતી અને બધા હરિભક્તો ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ, ત્રણેય દિશા તરફ બેઠા હતા. ૨૫. તે બધા પંડિતો શ્રીહરિનાં મુખની વાત સાંભળીને મનમાં ઘણા રાજી થયા. તેમણે બે હાથ જોડીને ચરણમાં મસ્તક નમાવ્યા. ૨૬. પંડિતો હાથ જોડીને તે વખતે બોલ્યા કે, 'અમે આજીવિકાને લીધે લાચાર છીએ અને તેથી પરાધીન થઈને રહ્યા છીએ. ૨૭. અમારામાં તેટલું વૈરાગ્યનું બળ નથી કે અમે અમારી આજીવિકાને છોડી દઈએ. અમારો સહેજે મોક્ષ થાય તેમ છે નહિ. માટે હવે તો આપ ચાહે તેમ કરો. ૨૮. આપ તો જગતનો ઉદ્ધાર કરનારા છો; આવું અમને ચોક્કસ રીતે સમજાણું છે. આપ સાક્ષાત્ પરમેશ્વર છો. આપનાં વચનોથી તે અમને દેખાયું છે. ૨૯.

આપ જેટલાં વચન બોલ્યા છો, તેમાં પરમેશ્વરપણું ભર્યું છે. અમને આપનાં આજે દર્શન થયાં, તે અમારું સદ્ભાગ્ય છે. ૩૦. જેટલા પાપો કહેવાય છે, તે બધા અમારામાં ભર્યા છે. અમારાં વર્તનને ઝુમખરામ જાણે છે. અમારો નરકથી પણ છુટકારો દેખાતો નથી. ૩૧. જાણે કે અજાણે અમને અત્યારે જે આપનાં દર્શન થયા છે, બસ આટલું પુણ્ય જો અમને સહાય કરશે તો અમારાં બધા પાપોનો નાશ થશે. ૩૨. મેરુના જેટલો મોટો દારૂનો ઢગલો કરોડગણો પડ્યો હોય, પણ તેમાં જો તલના જેટલા અગ્નિનો યોગ થાય તો તે બધા જ દારૂનો નાશ થયા વિના રહે નહિ. ૩૩. આ અમારી વાત ચોક્કસ છે. તેમાં તલભાર પણ ફરક નથી. **શ્રીકૃષ્ણની મૂર્તિને પ્રગટ જાણીને જે કોઈ પણ પ્રાણી તેમને એક જ વાર હાથ જોડે તો તેને દસ અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે. દસ અશ્વમેધ યજ્ઞ કરનારાને ફરીવાર જન્મ લેવો પડે છે, પણ શ્રીકૃષ્ણને પ્રણામ કરનારાને ફરીને ક્યારેય જન્મ લેવો પડતો નથી; એમ કહેવાય છે.** ૩૪-૩૫.

આજ પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાન આપમાં લોકોનો ઉદ્ધાર કરવા માટે રહ્યા છે. માટે જે કોઈ પણ મનુષ્ય બે હાથ જોડી, આપને મસ્તક નમાવે છે તેને આ સંસૃતિ રહેતી નથી. ૩૬. પછી પંડિતોએ ઝુમખરામને કહ્યું કે,

'આ શ્રીહરિનો કયો વેદ છે તે અમને કહો.' ૩૭. ત્યારે ઝુમખરામે કહ્યું, 'શ્રીહરિનો સામવેદ છે.' તે સાંભળીને પંડિતોએ સામવેદના મંત્રોનો ઉચ્ચાર કર્યો. ૩૮. તે વખતે શ્રીહરિ મુખ આગળ રૂમાલ રાખીને સરસ રીતે મરક મરક હસવા લાગ્યા ત્યારે મહારાજની દૃષ્ટિથી અમૃત ઝરતું રહેતું હતું. ૩૯. જ્યારે મશાલો પ્રગટી ત્યારે પંડિતો ઊઠ્યા. શ્રીહરિએ તેમને પ્રત્યેકને પાંચ પાંચ રૂપિયા દક્ષિણામાં અપાવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ પ્રશ્નોના ઉત્તર કર્યા અને પંડિતો ચરણમાં નમી પડ્યા" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર સત્તરમું : તરંગ - ૬૮

શ્રીહરિએ વ્યભિચાર આદિ અનીતિનું ખંડન અને સત્પુરુષનો મહિમા કહ્યો

પંડિતો શ્રીહરિ તથા સહુ સંતોને મસ્તક નમાવી, હાથ જોડીને પગે લાગ્યા અને પછી જ્યાં દીવાન રહ્યા હતા ત્યાં મુકામે ગયા. ૧. ત્યાં જઈને પંડિતોએ 'આ કોઈ હાંસી-મશ્કરી કરવા માટે નથી કહેતા' એમ કહીને જે કાંઈ વૃત્તાંત દેખ્યું હતું, તે બધું દીવાનને કહ્યું. ૨. **જે શાસ્ત્રને અનુસારે ધર્મમાર્ગમાં ચાલતા હોય, તેમની જેટલી હાંસી-મશ્કરી કરીએ તે તો અનીતિ કહેવાય છે. ૩. જે લોકો શાસ્ત્રની મર્યાદાને છોડીને વર્તતા હોય તે લોકો જ હાંસી-મશ્કરીને યોગ્ય હોય છે અને તેની મશ્કરી કરવી તે નીતિ છે. ૪.**

ત્યારે દીવાન બોલ્યા, 'જે કોઈ પણ સ્વામિનારાયણની પાસે જાય છે તે તેમના થઈ જાય છે, તેમ મેં પૂરી તપાસ કરીને જોયું છે. ૫. હું જો સ્વામિનારાયણની પાસે જાવ અને હાથ ન જોડું તો દુનિયામાં મારી મશ્કરી થાય અને હાથ જોડું તોપણ મશ્કરી થાય. હું તો બંને બાજુથી બિચારો-લાચાર થઈ ગયો છું. ૬. વળી, હું જો તેમને અહીં બોલાવું તો એક પ્રતિષ્ઠિત વ્યક્તિને યોગ્ય મારે તેમનું સન્માન કર્યા વગર ન ચાલે. કારણ કે, પ્રતિષ્ઠિત

વ્યક્તિનું સન્માન કરવું તે લોકની એક શુભ રીત છે. ૭. જ્યાં સુધી મળ્યા ન હોઈએ ત્યાં સુધી જે કાંઈ પણ વાંકું બોલીએ તેનો દોષ લાગતો નથી. કારણ કે તે અજાણપણામાં ખપી જાય છે. ૮.

(પછી દિવાને બે સિપાઈઓને મહારાજ પાસે મોકલ્યા. તેઓ જ્યારે મહારાજ પાસે આવ્યા ત્યારે મહારાજે તેમને મોટું સૈન્ય દેખાડ્યું હતું. પછી તેમણે દીવાનજીને કહ્યું જે, "સ્વામિનારાયણ પાસે તો હજારો માણસ મહા કરડાં હથિયાર લઈને ઊભા છે માટે જો તેનું નામ લેશો તો તમે સહિત આ લશ્કરમાં કોઈ કુશળ રહેવા પામશે નહીં; એવું અમે એનું મહાભયંકર સૈન્ય દેખ્યું છે તે તમારે એની પાસે જાવું જ નહીં, જો તમારું કુશળ ઈચ્છો તો." એવું તે બેય સ્વારનું વચન સાંભળીને દીવાન મહાભય પામી ગયો. અને શ્રીજીમહારાજે એ બેય સ્વાર ગયા પછી સભામાં કહ્યું જે, "એ બેય જણાના જીવમાં મારી મૂર્તિ ગરી ગઈ છે તે એ બેય મરીને ઈંદ્ર થાશે.")

તે સમયે શ્રીહરિની સમીપે જે સંતો હતા, તેમણે આરતી કરી અને પછી નારાયણધૂન કરવા લાગ્યા. ૯. નારાયણધૂન સ્વયં શ્રીહરિ બોલાવતા હતા. શ્રીહરિની વાત તો અમાપ છે. બ્રહ્માદિક દેવો પણ તેનું માપ કાઢી શકતા નથી. ૧૦. શ્રીહરિએ હાથની બધી આંગળીઓમાં સોનાની વીંટીઓ પહેરી હતી અને તેમાં મોટા નંગ જડ્યા હતા. ૧૧. **જ્યારે શ્રીહરિ ધૂન કરતા હતા ત્યારે વીંટીમાં રહેલા મોટા નંગમાંથી ઘણી સરસ રીતે વીજળીના જેવું તેજ નીકળતું હતું અને ચારેબાજુ તેનો પ્રકાશ દેખાતો હતો.** ૧૨. તે પ્રકાશ આકાશમાં અને સભામાં ફેલાતો હતો. શ્રીહરિનો હાથ જે દિશામાં ફરતો હતો, તે દિશામાં પ્રકાશ વિશેષ દેખાતો હતો. ૧૩. **અપરંપાર પ્રગટ થતા તે પ્રકાશને લોકો વારંવાર જોવા લાગ્યા. જાણે વીજળી શ્રીહરિની આગળ નાચ કરવા આવી હોય તેવી અદ્‌ભુત શોભા બની હતી.** ૧૪.

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુ મુનિમંડળને પગે લાગ્યા અને બધા મુનિઓ પણ શ્રીહરિને પગે લાગ્યા અને મુખથી 'જય જય...જય જય...' તેમ બોલવા લાગ્યા. ૧૫. તે વખતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીએ રચેલા હોરી, વસંત અને ધુમારના પદોને દોકડ અને

સરોદ જેવા વાજિંત્રોને લઈને સંતો પ્રેમભાવથી ગાવા લાગ્યા. અને શ્રીહરિ પણ તેમની સાથે ગાવા લાગ્યા. તે વખતે ખરેખરો પ્રેમરસ જામ્યો હતો. ૧૬-૧૭. જે કોઈ પણ મનુષ્ય આવા પ્રેમરસનું પાન કરે છે તે વધારે ને વધારે ધન્યભાગ્ય કહેવાય છે. તે પ્રેમરસની હું શી વાત કહું ! તે પ્રેમરસનું પાન કરતા ભક્તોને તૃપ્તિ થતી ન હતી. ૧૮. આ રીતે દોઢ પહોર રાત ગઈ ત્યાર પછી શ્રીહરિએ સંતોને કહ્યું, 'હે સંતો ! અમે તમને કહીએ છીએ કે, હવે તમે બધા કીર્તનગાન બંધ કરો.' ૧૯.

આટલું કહીને શ્રીહરિ જ્યારે ત્યાંથી ઊઠ્યા ત્યારે બધા સંતો અને હરિભક્તો પણ તરત જ ત્યાંથી ઊઠ્યા. ૨૦. જ્યાં જેમનો ઉતારો હતો ત્યાં સહુ હરિભક્તો ગયા ત્યારે શ્રીહરિ મનમાં પ્રસન્ન થઈને પલંગ ઉપર પાછા બેઠા. ૨૧. પછી શ્રીહરિએ સહુ સંત, વર્ણી અને સંન્યાસીઓને કહ્યું, 'તમારે સહુએ લશ્કરની વચ્ચે થઈને બરાબર જોઈ-તપાસીને ચાલવું. ૨૨. જ્યારે અરુણોદય(અજવાળું) થાય ત્યારે સહુએ તે બાજું થઈને જ સ્નાન કરવા જવું. મારી આજ્ઞાથી સહુએ લશ્કર વચ્ચે થઈને જ જાવું-આવવું.' ૨૩. શ્રીહરિએ જે રીતે કહ્યું હતું તે રીતે સહુ સંત, વર્ણી અને સંન્યાસીઓ સવારે ગઢપુર ગામ અને ઉન્મત્તગંગા, તેનું લક્ષ કરીને જવા આવવા લાગ્યા. ગામથી નદી સુધી એકતાર હાર થઈ હતી. ૨૪. કેટલાક સ્નાન કરવા જતા હતા અને કેટલાક સ્નાન કરીને આવતા હતા. (સંન્યાસી તો પચીસેક જ હતા. પણ મહારાજે પોતાના પ્રતાપે હજારો દેખાડ્યા.) હજારે હજાર સંન્યાસીઓની લગાતાર પંક્તિ લશ્કર વચ્ચે લાગી ગઈ હતી. ૨૫.

(તે વખતે દીવાનજીએ પોતાના દેરા બહાર નીસરીને જોયું તો એ દંડીને દેખીને બોલ્યો જે, "આ પાંચ હજાર તો બ્રાહ્મણને મુંડી દંડી કર્યા છે ને સાધુનો તો પાર નથી માટે એવા સમર્થનું આપણે હવે કોઈ દિવસ નામ લેવું નહીં." એવો ભય પામ્યો.) દીવાનને તો તે આશ્ચર્યકારી વાત જ્યારે નજરે દેખાણી ત્યારે તેમને સંન્યાસી જાણીને તે સહુને હાથ જોડીને પગે લાગવા માંડ્યા અને પછી ભાગી ગયો. ૨૬. તે બાબત સાંભળીને સાક્ષાત્ શ્રીહરિવર મનમાં રાજી થયા અને બોલ્યા કે, જેટલા દક્ષિણી બ્રાહ્મણો છે, તે

બધા વર્ણી, સંન્યાસી અને પરમહંસોનું સન્માન કરે છે. ક્યારેય તેઓ તેમનું અપમાન કરતા નથી. હિંદુના સમાજમાં પેશવાના જેવો બીજો કોઈ રાજા નથી. ૨૭-૨૮. પેશવાની પાસે હાથી અને ઘોડાઓનો કોઈ પાર ન હતો. અંગ્રેજ સરકાર પણ તેનું ઘણું માન જાળવતી હતી. તેનું ધ્રુવના જેવું રાજ્ય હતું. ૨૯. જેનાં રાજ્યમાં ગોરખા(ગ્વાલિયર પ્રાંત), સિંધિયા(મધ્યપ્રદેશ), હોલકર(ઈન્દોર પ્રાંત) અને ચોથા ગાયકવાડ(વડોદરા પ્રાંત) જેવા મોટા સરદારો હતા. પરંતુ તેમણે રાજ્યમાં ઘણી અનીતિ કરી. ૩૦. તેથી પેશવાનું ધ્રુવના જેવું રાજ્ય હતું, તોપણ તેને ઊખડતા વાર ન લાગી. તેમણે ઘણી જ અનીતિ કરી, છતાં પેશવાની નજરમાં આવતી ન હતી. ૩૧.

બધા તીર્થોમાં દ્વારકા ઘણું મહાન ગણાય છે, પણ સેવકોની અનીતિને ક્યારેય સહન કરતું નથી. ૩૨. વ્યભિચારના જેવી બીજી કોઈ ઘોર અનીતિ દેખાતી નથી. તેમાં પણ વિપ્રનારીગમનનો દોષ ઘણો લાગે છે. ૩૩. ઝેર ઝેરમાં પણ ન્યૂન અધિક ભાવ દેખાય છે. એક ઝેરનો તો સ્પર્શ કરવાની સાથે જ માણસનું મરણ થાય છે. ૩૪. કોઈ મનુષ્ય વિપ્રનારીની સાથે વ્યભિચાર કરે તો તેનાં દ્રવ્ય અને કીર્તિનો એક પળવારમાં જ નાશ થઈ જાય છે. ૩૫. (અને સ્ત્રીના પ્રસંગથી કેટલાયના રાજ્ય ગયા છે કાં મોત થયા છે.) રાવણ મહાન રાજા હતો, છતાં સ્ત્રીના પ્રસંગથી તેનાં માથાં કપાયાં. સ્ત્રીના પ્રસંગથી ઈન્દ્રને સહસ્ર ભગ થયાં હતાં. ૩૬. પરનારીનો પ્રસંગ કરવા જતા નહુષ રાજાને પણ સર્પ થવું પડ્યું હતું. આવી તો અપાર વાતો સાંભળે છે, છતાં પણ લોકો વ્યભિચારને છોડતા નથી. ૩૭. વ્યભિચાર બધાં ધનનો નાશ કરે છે, છતાં ક્યારેય તે વ્યભિચારરૂપ અનીતિથી માણસો નિરાશ થતા નથી અર્થાત્ તેની ઈચ્છા છોડતા નથી. કેટલાએ વ્યભિચાર કરનારાનાં નાક, કાન અને મસ્તક સુધ્ધાં કપાયા છે. ૩૮. માણસને કોઈ કુલક્ષણ પડી જાય છે પછી તેને તે મરણપર્યંત છોડી શકતો નથી. માણસને ભગવાન ભજવાનું આવું વ્યસન થાતું નથી. ૩૯. **ભગવાનનું ભજન કરવું તેમાં ખૂબ જ કીર્તિ વધે છે,** છતાં તે મનુષ્ય ક્યારેય ભગવાનનું ભજન કરતો નથી અને ખરાબ વ્યસનોમાં જ લોભાયેલો રહે છે. ૪૦.

માણસ જેટલો ખરાબ વ્યસનના માર્ગે ચાલે છે, તે બધી અનીતિ જ કહેવાય છે. જે કાંઈ પણ શુભ પ્રથા-રીતિ પડી છે તે પ્રમાણ કરીને જ નક્કી કરી હોય છે. ૪૧. આવી શુભ પ્રથાનું ઉલ્લંઘન કરીને જે વર્તે છે તથા શુભ અને નિર્ભય માર્ગને છોડીને મનુષ્ય જેટલો ચાલે છે તેટલી અનીતિ કહેવાય છે. ૪૨. બધી અનીતિને દેખવી જોઈએ. અનીતિ અને કુસંગ બંને એક છે. તે તો જેમાં વિવેક હોય તે જ આ વાતને સમજે છે અને કહે છે. ૪૩. જેને જેટલો વિવેક હોય તેને જ તેટલાં નેત્ર, શ્રોત્ર અને તેટલી રૂડી બુદ્ધિ કહેવાય છે. ૪૪. જેને જેટલો વિવેક ન હોય તેને તેટલા નેત્ર, શ્રોત્ર નથી. અને એટલી શુભ બુદ્ધિ પણ નથી. કેમ જે, વિવેક વિના નેત્ર, શ્રોત્ર અને રૂડી બુદ્ધિ રહે ક્યાંથી ? ૪૫. જેટલા જંગમ પ્રાણીઓ છે, તે બધાને નેત્ર અને શ્રોત્ર તો હોય છે, પરંતુ તેમાં જેને જેટલો વિવેક હોય છે તેટલી તેના નેત્ર અને શ્રોત્રની કિંમત છે અર્થાત્ તેટલા જ નેત્ર, શ્રોત્ર કહેવાય. ૪૬.

चोपाई :

स्थावर जंगम तामें जेहा, जाकि किंमत अधिक होत तेहा;
तितना सतपुरुष ही ताके, सल्प हि जोग भयेउ वाके...४७
देखेमें हमकु आवत एसे, अनुभव ताके जब करत तेसे;
किंमत न जाकी करत जेता, सतपुरुष कु जोग न तेता...४८

સ્થાવર અને જંગમ, જે કાંઈ પણ વસ્તુ છે તેને જો સત્પુરુષનો થોડો પણ યોગ થયો હોય તો તેનું મૂલ્ય સૌથી અધિક થઈ જાય છે. ૪૭. અમે જ્યારે અનુભવ કરીએ છીએ ત્યારે અમને એવું દેખાય છે કે જેની જેટલી યથાર્થ કિંમત નથી કરવામાં આવતી તેટલો તેને સત્પુરુષનો યોગ થયો હોતો નથી. ૪૮. કોઈની કિંમત અધિક વધવી તે તો સત્પુરુષના યોગે કરીને છે. અને જે વસ્તુને જેવા સત્પુરુષનો યોગ થાય છે, તે પ્રમાણે તેની કિંમત કે અકિંમત નક્કી થાય છે. ૪૯. **સત્પુરુષો મનુષ્યની બુદ્ધિને વધારી દે છે.** તે જેનામાં બુદ્ધિ હોય તે દેખી શકે છે. આ પૃથ્વીમાં ભલે કાંઈ દેખાતું ન હોય, પણ બધી જ બાબતો આ પૃથ્વીમાં રહી હોય છે. ૫૦.

જે ખરાબમાં પણ અધિક ખરાબ ખારી ભૂમિ હોય, પણ ત્યાં જો બુદ્ધિશાળી મનુષ્ય હોય તો તે પોતાના બુદ્ધિબળે કરીને તેની ઘણી કિંમત આવે તેવી તે ભૂમિને કરી દે છે. ભલે પથ્થરમાં કશી કિંમત ન દેખાતી હોય, છતાં તે બુદ્ધિશાળી શિલ્પીના હાથમાં આવે, તો તે પથ્થરને શિલ્પથી એવો કરી દે કે સહુ લોકો તેને પૂજે. **તે રીતે જ સત્પુરુષો પણ મૂઢ મનુષ્યોનું જીવન પરિવર્તન કરીને તેને પૂજ્ય બનાવી દે છે. તે વાતમાં કોઈ ફેરફાર નથી.** જ્યારે ભક્તજનોની સભા થાતી ત્યારે શ્રીહરિ આવી વાતો કહેતા હતા. ૫૧-૫૪.

શ્રીહરિ પાંચ દિવસ સુધી મંચ ઉપર આવીને બેઠા હતા અને તેમની આગળ સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થાતી હતી. ૫૫. પછી ફૂલદોલના દિવસે સવારમાં સુખધામ ઘનશ્યામ શ્રીહરિ દાદા ખાચરના ઊંચી ઊભણીવાળા ભવને આવ્યા. ૫૬. શ્રીહરિએ ઘણાં સારાં બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને ઢોલ તથા તાંસા જેવાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૫૭. તે સમયે જે સંતો અને હરિભક્તો હતા, તે બધા હાથમાં પિચકારી લઈને રંગ ઉડાડવા માટે આવ્યા હતા અને રંગ પણ તૈયાર કરી રાખ્યો હતો. ૫૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ વ્યભિચાર આદિ અનીતિનું ખંડન અને સત્પુરુષનો મહિમા કહ્યો" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર સત્તરમું : તરંગ - ૬૯

શ્રીહરિ ગઢપુરમાં ફૂલદોલ નિમિત્તે સંતો-હરિભક્તોની સાથે રંગે રમ્યા

ફૂલદોલના દિવસે શ્રીહરિએ ઘણા હેતથી સંતો અને હરિભક્તોના ઉપર રંગના કટોરા ભરી ભરીને ઘણા ઉત્સાહથી રંગ છાંટ્યો. ૧. સંતો અને હરિભક્તોએ પણ રંગની પિચકારીઓ ભરી ભરીને અત્યંત ઉમંગભેર શ્રીહરિના ઉપર રંગ નાખ્યો. ૨. આ રીતે શ્રીહરિએ ચાર ઘડી સુધી ઊંચી ઊભણીવાળા ભવન ઉપર ઊભા રહીને રંગે રમીને ઘણો ગુલાલ ઉડાડ્યો.

તેનાથી બધા રંગ રંગ થઈ ગયા. ૩. વાસુદેવનારાયણના ઓરડાની આગળ ચોકમાં ગાડું રાખ્યું હતું. શ્રીહરિ આવીને તેના ઉપર ઊભા રહ્યા. ૪. ગાડાં ઉપર ઊભા ઊભા શ્રીહરિએ રંગની બહુ જડી મચાવી દીધી અને અપાર રંગ તથા ગુલાલ ઉડાડ્યો. તેનાથી ભૂમિ અને આકાશ રંગ રંગ કરી દીધા. ૫.

દાદા ખાચરનાં જેટલાં ભવન હતાં, તે બધાં રંગમય થઈ ગયાં. સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો જે આવ્યા હતા, તે બધા પણ રંગથી રસબસ થઈ ગયા. તેમની અદ્‌ભુત શોભા મુખથી કહી શકાતી નથી. આ રીતે શ્રીહરિ ચાર ઘડી સુધી રંગે રમ્યા. રંગથી ભરેલી શ્રીહરિની મૂર્તિ ઘણી પ્યારી લાગતી હતી. ૬-૭. તે પછી શ્રીહરિ પુરની રાજબજારે ચાલ્યા. સંતો અને હરિભક્તો સહુ સાથે હતા. તે વખતે શ્રીહરિએ ગુલાલની ઝોળી ભરી લીધી હતી. ૮. ગુલાલ ઉડાડતા શ્રીહરિ હરખભેર સંતોની વચ્ચે ચાલતા હતા અને બધી રાજબજાર પણ રંગમય કરી દીધી હતી. ૯. જેટલી પુરની દુકાનો હતી અને જે પુરજનો ઊભા હતા, તે બધાને શ્રીહરિએ રંગ ઉડાડીને રંગમય કરી દીધા હતા; એવી રીતે રંગભીના શ્રીહરિ રંગ ઉડાડતા રહ્યા. ૧૦.

આ રીતે શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં આવ્યા અને ત્યાં ઊંચી ઊભણીવાળાં સારાં ભવન અને વિશાળ ચોક હતો. ૧૧. બધા સંતો અને હરિભક્તો જેટલા હતા તે ચોકમાં ઊભા રહ્યા અને શ્રીહરિ ભવનની ઊંચી ઓસરીમાં આવીને ઊભા રહ્યા. ૧૨. ત્યાં જીવા ખાચરે રંગે રમવા માટે જેટલો રંગ બનાવ્યો હતો, તે શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. ૧૩. પરમ ચતુર દરબારે શ્રીહરિની સાથે રંગક્રીડા કરવા માટે કેટલોક રંગ લાવીને સંતોને પણ આપ્યો. ૧૪. શ્રીહરિની જેવી મરજી હોય તેને જીવા ખાચર અગાઉથી જ સમજી લેતા હતા અને પછી તે પ્રમાણે જ કરતા હતા. આવી વાતને શ્રીહરિ સિવાય કોઈ જાણી શકતા નહિ. ૧૫.

દરબારે ઘણા હેતથી જેટલો રંગ અને ગુલાલ લાવી દીધો હતો, તે લઈને શ્રીહરિ ઘણા હેતથી રંગ ઉડાડવા લાગ્યા. ૧૬. બહુનામી શ્રીહરિએ રંગના કટોરા ભરી ભરીને સંતો અને હરિજનોની ઉપર સતત રંગ ઉડાડ્યો.

રંગમાં રસબસ સહુ ઘણા સોહામણા અને પ્યારા લાગતા હતા. ૧૭. શ્રીહરિ જ્યારે રંગ ઉડાડી રહ્યા, તે પછી ગુલાલ પણ ઘણો ઉડાડ્યો. તેનાથી આકાશ, ભૂમિ અને દરબારમાં જે ભવનો હતાં, તે બધાં રંગ રંગમય બની ગયાં. આ રીતે ત્યાં એક પહોર સુધી રંગે રમ્યા. વળી, સંતો અને હરિભક્તો જે હતા, તેમણે પણ પિચકારી ભરી ભરીને શ્રીહરિના ઉપર રંગ ઉડાડ્યો અને રંગની જડી મચાવી દીધી. તે શોભાને જોવા માટે દેવતાઓ બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા અને તેઓ મુખથી 'જય જય...જય જય...' ગાન કરવા લાગ્યા. ૧૮-૨૦.

શ્રીહરિ જ્યારે રંગે રમી રહ્યા ત્યારે અશ્વ મંગાવ્યો અને તેના ઉપર બેઠા. અને બીજી પણ જેટલી સવારી હતી તેની સાથે શ્રીહરિ રાજબજારમાં ચાલ્યા. શ્રીહરિ અને ભક્તજનો રંગથી ભર્યા હતા. આગળના ભાગમાં જેટલાં વાજિંત્રો હતાં, તે બધાં વાગતાં હતાં. ૨૧-૨૨. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને આગળ ચાલતા હતા. અને જેટલા નિશાનો હતા, તે પણ શ્રીહરિની આગળ ચાલતા હતા. ૨૩. સંસારનાં દુઃખને ટાળનારા આવા શ્રીહરિ ઉન્મત્તગંગાને કિનારે આવ્યા. ગઢાળીને દરવાજે જ્યારે આવ્યા ત્યારે રણશિંગી અને સારી તુરાઈ, શરણાઈ અને ભેરી વગેરે વાજિંત્રો વાગતાં હતાં; આવી શ્રીહરિની સવારીને જોવા માટે અપાર લોકો ભેળા થયા હતા. ૨૪-૨૫. ઉન્મત્તગંગાને ઉત્તર કિનારે આવેલી શ્રીહરિની સવારી પૂર્વ દિશા તરફ ધીરે ધીરે ચાલી. ૨૬.

જ્યારે સતીને લીંબડે આવ્યા ત્યારે ડાંગરવાના દરબાર અમરાજી હાથમાં ઢાલ તથા તલવાર લઈને શ્રીહરિ દેખે તે રીતે આગળ આગળ ચાલતા હતા. તે અતિ સારા શોભતા હતા. શ્રીહરિએ તેને પોતાની પાસે બોલાવ્યા. ૨૭-૨૮. જ્યારે દરબાર અમરાજી શ્રીહરિની પાસે આવ્યા ત્યારે શ્રીહરિ ખૂબ જ રાજી હતા અને ભુજમાં કરાવેલો નિલમણિના હાથાવાળો સોનેરી છરો હતો. તે છરો પરમ દયાળુ કૃપાસાગર શ્રીહરિએ તેમને તત્કાળ આપ્યો. પછી શ્રીહરિ આગળ ચાલીને ઉન્મત્તગંગાના ધરામાં નાહ્યા. ૨૯-૩૦. સંતો,

વર્ણી અને હરિભક્તો, સહુ ત્યાં નાહ્યા. નાહ્યા વિના કોઈ બાકી ન રહ્યા. અને ગંગાનું જે પાણી હતું, તે બધું રંગ રંગ થઈ ગયું. ૩૧.

જ્યારે શ્રીહરિ ગંગામાં નાહીને પાણીથી બારા નીકળ્યા, તે પછી તેમણે કસુંબલ રંગની જરિયાની પાઘ મસ્તકે બાંધી. ૩૨. બુટ્ટાદાર કિનખાબની ડગલી શરીર ઉપર પહેરી લીધી અને જરકસી પાઘ મસ્તક ઉપર મૂકી. ૩૩. કસુંબલ રેંટો કમરે કસ્યો હતો. મુખથી મરક મરક હસી રહ્યા હતા અને બીજો કસુંબલ રેંટો ખભા ઉપર આડસોડે રાખેલો હતો. ૩૪. પાઘના ઉપર તોરા અને કલગી ધારી હતી. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. અને ધર્મના લાલ શ્રીહરિએ કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. ૩૫. શ્રીહરિ પછીથી અશ્વ ઉપર બેઠા. સાથે બધી સવારી હતી. શ્રીહરિવરે તે વખતે અનેક પ્રકારનાં સોનાનાં આભૂષણો ધાર્યાં હતાં. ૩૬.

તે વખતે મોતી જડિત સોનાની છડી શ્રીહરિએ હાથમાં ધારી હતી અને તેની ઘણી શોભા થઈ હતી. ૩૭. મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું. પછી નદી કિનારેથી ચાલી, ગઢપુર ગામમાં દાદા ખાચરના દરબારમાં ત્રિભુવનરાય શ્રીહરિ પધાર્યા. ૩૮. બોટાદ ગામનો એક લંઘો ઘણા ભાવથી શરણાઈ વગાડતો હતો. શ્રીહરિ તેના ઉપર ખૂબ જ રાજી થયા. ૩૯. પછી નંગ જડાવ સોનાનો એક બાજુ હતો, તે ઊતારીને લંઘાને આપી દીધો. પછી શ્રીહરિ થાળ જમ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરમાં ફૂલદોલ નિમિત્તે સંતો-હરિભક્તોની સાથે રંગે રમ્યા" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર સત્તરમું : તરંગ - ૭૦

અંગ્રેજ એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા

શ્રીહરિએ થાળ જમીને સંતોને પણ જમાડ્યા અને ગઢપુરમાં રામનવમી સુધી સતત ઉત્સવ છવાઈ ગયો હતો. ૧. રામનવમીનો ઉત્સવ કરીને સંતોને ગુજરાતના ગામોમાં સત્સંગ કરાવવા ફરવાની આજ્ઞા કરી. ૨. પછી સંતો ઝાલાવાડ અને ભાલ પ્રદેશમાં ફરતા ફરતા ગુજરાતમાં આવ્યા. ૩.

सोरठा : संत फिरत जे ठोर, श्रीहरि ताकी बात करत;
बंधन देवत तोर, अनादि जो जीव के तेहि...०४

चोपाई :

अनादि बंधन जन के जेता, संत देखाई देवत तेता;
बंधन रहेउ जो जो जितना, संत बिन न देखावत तितना...०५
बंधन छेदे बिन जन ताके, मोक्ष कबहु न होवत हि वाके;
प्रगट हरि के सबंध हि बिनही, बंधन नाश न होवत किनही...०६

સંતો જ્યાં ફરવા જતા ત્યાં શ્રીહરિના સ્વરૂપની અને સત્સંગની વાતો કરીને જીવના અનાદિ કાળના બંધનોને તોડી નાખતા હતા. ૪. જીવને અનાદિ કાળનાં જે બંધન હતાં, તેને સંતો બતાવી દેતા હતા અને જીવને જેટલી પ્રકારનાં બંધનો હતાં, તે સંતો વિના કોઈ બતાવનારું હતું નહીં. ૫. મુમુક્ષુઓના બંધનને કાપ્યા સિવાય તેમનો ક્યારેય મોક્ષ થાતો નથી. અને પ્રગટ શ્રીહરિના સંબંધ સિવાય કોઈના બંધનનો નાશ થતો નથી. ૬. સંતો આ રીતે સત્સંગની વાતો કરતા હતા ત્યારે વૈશાખ માસનો સમય હતો. અને વિલાયતની અંગ્રેજી કંપની સરકારે ભગવાનની ઈચ્છાથી દેશનું (અમદાવાદ પ્રાંતનું) શાસન પ્રાપ્ત કર્યું. ૭. અંગ્રેજ નીતિ પ્રમાણે વર્તતા હતા. ક્યારેય અનીતિમાં પગલું માંડતા નહિ. અને જે લોકો અનીતિના માર્ગે ચાલતા હતા, તેને અંગ્રેજો પ્રભુના ચોર માનતા હતા. ૮. આવી નીતિમાન અંગ્રેજ સરકારનું રાજ્ય (સં.૧૮૭૪, માગશર માસમાં) પેશવાની સત્તા ઉપર પણ થઈ ગયું અને પેશવા અંગ્રેજને આધીન થઈ ગયા. ૯. પેશવાનું તલભાર

પણ રાજ્યમાં ચલણ રહ્યું નહિ. પછી તેઓ ગંગાજીને કિનારે બેસીને રાત-દિવસ ગાયત્રી મંત્રનો જપ કરવા લાગ્યા. જો પેશવાએ નીતિ ન રાખી તો તેની આવી સ્થિતિ થઈ. ૧૦.

અમદાવાદ શહેરમાં પણ અચાનક અંગ્રેજ સત્તા સ્થપાઈ. તેમાં સૌ પ્રથમ અંગ્રેજ અધિકારી એરણ સાહેબ આવ્યા. તેઓ નીતિમાં ઘણા સાવધાન કહેવાતા હતા. ૧૧. (તે સમયે અમદાવાદમાં પાદશાહી વાડી હતી તેમાં એક વાઘ રહેતો હતો. તે કોઈક દિવસ બહાર નીકળતો ત્યારે મનુષની ઘાત કરતો; એવી વાત સાંભળીને એરણ સાહેબ હાથી ઉપર લોઢાનું પાંજરું મૂકીને બે મોરીવાળી બંદૂકમાં ગોળી ભરીને વાઘને મારવા સારુ ગયા. ને વાઘને મારવા સારુ બંદૂક છોડી. તે ગોળી વાઘને બેમાંથી એકેય વાગી નહીં. ને વાઘ ખીજાયો ને એમને મારવા સારુ આવ્યો. તે વખતે ડભાણમાં શ્રીજીમહારાજનાં જેવા દર્શન કર્યાં હતાં ને સર્વે જરિયાન વસ્ત્ર તથા ઘરેણાં અંગને વિશે ધારણ કર્યાં હતાં, તેવી જ મૂર્તિ (તેમની) આગળ ઢાલ-તલવાર બાંધીને વાઘ સન્મુખ ઊભી રહી અને તેની રક્ષા કરી.

પછી ભદ્રમાં આવતાં સુધી એ મૂર્તિએ સાહેબની રક્ષા કરી, ને વાઘને કાઢી મૂક્યો; એવી રીતે મહારાજે તેમની રક્ષા કરી હતી. તેથી મહારાજના દર્શન કરીને મનમાં એમ નિશ્ચય થયો જે, 'આ સ્વામિનારાયણ ભગવાને મને ઉગાર્યો, નહિ તો મુને વાઘ મારી નાખત. માટે મારે સ્વામિનારાયણને અહીં તેડાવવા.' એવો સંકલ્પ છાનો મનમાં રાખ્યો હતો. અને બીજે-ત્રીજે દિવસે સાહેબ કચેરીમાં સભા ભરીને મોટા શેઠ શાહુકારને પ્રશ્ન પૂછતા હતા જે, "તમારા હિંદુમાં બડા સંપ્રદાય કૌન હૈં ?" ત્યારે સર્વે કહે જે, "શક્તિપંથી તથા ગોસાઈજી મહારાજનો સંપ્રદાય એ બે મોટા મારગ છે." પણ સ્વામિનારાયણનું કોઈએ નામ ના લીધું.

ત્યારે ફરીથી સાહેબે પ્રશ્ન પૂછ્યો જે, "સાંખ્યમાર્ગમાં ને યોગમાર્ગમાં કોણ કુશળ છે ?" એવા પ્રશ્ન સાંભળીને સર્વે બોલ્યા જે, "સાંખ્યમાં ને યોગમાં તો સ્વામિનારાયણ કુશળ છે." ત્યારે સાહેબ પંડે જાણતા થકા

અજાણ્યા થઈને કહે જે, "સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે કુબેરસંગજીના મોટાભાઈ મોતીસંગજી ગાદીના છડીદાર હતા. તેમણે કહ્યું જે, "ડભાણમાં યજ્ઞ કર્યો એ સ્વામિનારાયણ છે. તે હાલમાં કાઠિયાવાડમાં છે."

ત્યારે સાહેબ કહે જે, "અહીં કેમ આવતા નથી ?" ત્યારે મોતીસંગ કહે જે, "પેશવા સરકારે કહ્યું હતું જે, 'અમારું રાજ હોય ત્યાં સુધી તમારે આવવું નહીં' તેથી નથી આવતા."

ત્યારે સાહેબ કહે જે, "અભી તો સાહેબકા રાજ હૈં, તે એમને તેડાવો. ને એમના અહીં કોઈ શિષ્ય છે ?"

ત્યારે મોતીસંગ કહે જે, "સાહેબ, મારા નાનાભાઈ કુબેરસંગજી એમના શિષ્ય છે અને બીજા પણ ઘણા તેમના શિષ્ય છે." ત્યારે સાહેબ કહે જે, "એમને સહુને મારી પાસે બોલાવો." તેથી કુબેરસંગજી, દામોદર પટેલ, નથુ ભટ્ટ, હિરાચંદ ચોક્સી વગેરેને બોલાવ્યા.

તેમને સાહેબ કહે જે, "સ્વામિનારાયણને તમે અહીં તેડાવો." ત્યારે કુબેરસંગજી કહે જે, "અમારા તેડાવ્યા સ્વામિનારાયણ આવે નહીં, આપ તેડાવો તો આવે." એવાં કુબેરસંગજીનાં વચન સાંભળીને સાહેબે મહારાજને તેડાવવાનો કાગળ લખીને આપ્યો. પછી સર્વે કચેરીમંડળને કહ્યું જે, 'સ્વામિનારાયણનો હું વકીલ છું, માટે ત્રણ દિવસમાં છૂટી છે જેને પ્રશ્ન પૂછવો હોય તો પૂછજો. અને સ્વામિનારાયણ આવશે ને કોઈ ઉપાધિ કરશે તો તેને હું શિક્ષા કરીશ."

પછી કુબેરસંગે કહ્યું, "તમો મારી સાથે બે માણસોને તેડવા મોકલો તો સ્વામિનારાયણ આંહીં આવે." ત્યારે તે સાહેબે પોતાના બે સ્વારોને સાથે મોકલ્યા ને કહ્યું જે, "સ્વામિનારાયણને કહેજો કે, 'આંહીં અમદાવાદમાં હવે સાહેબનું રાજ્ય થયું છે' માટે તમે જેમ પ્રથમ આવ્યા હતા તેમ સાધુ, પાળા તથા કાઠીના સ્વાર લઈને આંહીં અમદાવાદ આવજો." પછી તે સ્વારો સાથે કુબેરસંગ ગઢડે ગયા ને મહારાજને તે પ્રમાણે વાત કરીને સાહેબનો કાગળ આપ્યો. આ રીતે,)

આ દેશમાં શ્રીહરિને ઘણા નીતિમાન સમજીને એરણ સાહેબે અત્યંત આદરથી શ્રીહરિને અમદાવાદ બોલાવ્યા. ઝીંઝાવદર ગામના મોટા હરિભક્ત દરબાર હતા, જેમનું અલૈયા ખાચર નામ હતું. તેઓ શ્રીહરિને માટે એક અમૂલ્ય રોઝો ઘોડો લાવ્યા હતા. ૧૨-૧૩. ઘોડો ઘણો રૂપાળો હતો. એવું બીજા કોઈ ઘોડાનું રૂપ ન હતું. અલૈયા ખાચરે અત્યંત પ્રેમથી તે ઘોડો શ્રીહરિને અર્પણ કર્યો. ૧૪. પછી શ્રીહરિ અમદાવાદ જવાને માટે નીકળ્યા. જેટલા સત્સંગી કાઠી દરબારો હતા, તે બધાને સાથે લીધા. એકસો જેટલા તો ઘોડેસવારો હતા અને એકસો જેટલા તો પાર્ષદો સાથે લીધા હતા અને તે સિવાયના હરિભક્તો અનેક હતા. ૧૫-૧૬.

શ્રીહરિ ગઢપુરથી નીકળીને પહેલા **બોટાદ** ગામ આવ્યા. અને ત્યાં દરબાર હમીર ખાચરનાં ભવનમાં ઊતર્યા. ૧૭. તેમણે ઘણા જ ભક્તિભાવથી શ્રીહરિને દહીં, ભાત અને સાકરનો થાળ કરીને જમાડ્યા. બોટાદ ગામમાં બીજા પણ જે હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની ઘણા ભાવથી સેવા કરી હતી. ૧૮. ભગા શેઠ નામે જે હરિભક્ત કહેવાતા હતા, તેઓ સેવા કરવામાં મુખ્ય હતા. જે દિવસથી તેમને સત્સંગ થયો હતો ત્યારથી સેવા કરતા હતા. ૧૯. તેમને સેવા કરવામાં ઘણો ભાવ રહેતો. તે રીતે જ દેશકાળને પણ સારી રીતે સમજતા હતા. શ્રીહરિ બોટાદમાં એક રાત રહીને ચાલ્યા તે **ખસ** તથા **બગડ** થઈને **સુંદરિયાણા** આવ્યા અને ત્યાંથી બહુનામી શ્રીહરિ **અણિયાળી** અને **ધંધુકા** થઈને **જવારજ**માં આવી એક રાત રહ્યા. ૨૦-૨૧. ત્યાં આધાર નામે બારોટ પાકા હરિભક્ત હતા. તેણે શ્રીહરિની ઘણી સેવા કરી. તેઓ ઘણા સમય સુધી શ્રીહરિની સાથે રહ્યા હતા. ૨૨.

પછી જવારજથી **કોઠ** તથા **ધોળકા** થઈને **જેતલપુર** ગામ આવ્યા. સર્વ ભક્તજનોનું ચિત્ત ચોરનારા ભગવાન શ્રીહરિ ત્રીજી રાત જેતલપુરમાં રહ્યા. ૨૩. તે સમયે જ્યાં જ્યાં સંતો હતા, ત્યાંથી બધાને તરત જ જેતલપુર બોલાવ્યા અને વર્ણી તથા સંન્યાસીઓ હતા, તેઓ પણ દર્શન કરવા માટે ત્યાં આવ્યા. ૨૪. અમદાવાદ શહેરમાં જે મોટા અંગ્રેજ સાહેબ હતા, તેમને

કુબેરસિંહે જઈને શ્રીહરિ આવ્યાના ખબર આપ્યા. ૨૫. શ્રીસહજાનંદસ્વામી જેતલપુરમાં પધાર્યા છે તેવી વાત સાંભળીને અંગ્રેજ અધિકારી મનમાં ઘણું રાજી થયા. ૨૬. અંગ્રેજ સરકારનું અમદાવાદમાં નવું રાજ્ય થયું ત્યારે શહેરના બધા દરવાજાઓ ઉપર અખંડ ચોકી બેસાડી દીધી હતી. અને અજાણ્યા કોઈ પણ માણસને શહેરમાં આવવા દેતા નહિ. આવું જ્યારે નગરનું વાતાવરણ હતું ત્યારે શ્રીહરિને તરત જ શહેરમાં આવવાની રજા આપી. ૨૭-૨૮.

જેટલા ઘોડેસવાર, પાર્ષદો અને ત્યાગી, ગૃહસ્થ સેવકો, જે શ્રીહરિની સાથે હતા, તે સહુને શહેરમાં આવવાની રજા આપી. ૨૯. અંગ્રેજ અધિકારીનો અપાર ભાવ જોઈને શ્રીહરિ જેતલપુરથી અમદાવાદ આવવા ચાલતા થયા. જ્યારે શ્રીહરિ શહેરની સમીપ આવ્યા ત્યારે શહેરના જેટલા હરિભક્તો હતા, તે બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમનાં હૃદયનું હેત કહ્યું જાતું નથી. તેઓ વિવિધ પ્રકારના અપાર ફૂલના હાર જે લાવ્યા હતા, તેનો ગણતા પાર આવતો નથી. ૩૦-૩૧. આવીને તે ફૂલના હાર શ્રીહરિને પહેરાવ્યા. સંપૂર્ણ મૂર્તિ ફૂલથી છવાઈ ગઈ. શ્રીહરિએ કિનખાબનો જામો અને સુરવાળ પહેર્યા હતા. ૩૨. બુરાનપુરનો ભારે કિંમતી રેંટો સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ મસ્તકે બાંધ્યો હતો. તે રેંટાને ચારેબાજુ પાલવમાં અને કિનારે વિચિત્ર જરી ભરેલી હતી. ૩૩. શ્રીહરિની પાઘમાં ફૂલના તોરા લટકાવ્યા હતા અને બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધારણ કર્યા હતા. ૩૪. એક કસુંબલ રેંટાથી કમર કસેલી હતી અને બીજો એક કસુંબલ રેંટો ખભા ઉપર ધારણ કરેલો હતો. ૩૫.

જેટલા ઢોલ અને તાંસા આદિ વાજિંત્ર હતાં, તે બધાં શ્રીહરિની સન્મુખ આવ્યાં. અને જે હરિભક્તો હતા તેઓ ઘણા પ્રેમથી વિવિધ પ્રકારના નેજા(વાવટો) અને નિશાન પણ લાવ્યા હતા. ૩૬. તે સિવાયના બીજા જે ભાવિક લોકો હતા, તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે રથ અને મ્યાનામાં બેસીને આવ્યા હતા. ૩૭. હિમાભાઈ નામે ધનાઢ્ય નગરશેઠ હતા. તેઓ ઘોડા જોડેલી બગીમાં બેસીને તે સ્થળે આવ્યા. ૩૮. ગીરધરભાઈ, બેચર

મણકી, તે બંને નથુભાઈની સાથે શ્રીહરિની પાસે આવ્યા. ૩૯. તે સહુએ શ્રીહરિની આગળ બે હાથ જોડીને કહ્યું, 'આ ભૂમિ ખરેખર ધન્ય ભાગ્યશાળી થઈ છે. આપ આ શહેરમાં આવ્યા એટલે તેનું શ્રીનગર આવું નામ સાચું ઠર્યું છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "અંગ્રેજ એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ અમદાવાદ પધાર્યા" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર સત્તરમું : તરંગ - ૭૧

શ્રીહરિ ધામધૂમથી અમદાવાદમાં આવ્યા અને નવાવાસમાં ઊતર્યા

અમદાવાદના નગરશેઠ હિમાભાઈએ શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, **'શીલવ્રતના જેવું કોઈ મોટું વ્રત નથી, તેવું અમે સમજીએ છીએ. ૧. જ્યાં શીલવ્રત રહ્યું છે ત્યાં જ જેટલી હોય તે બધી જ પ્રભુતા રહી છે. આવું મોટું શીલવ્રત છે.** ૨. **શીલવ્રતમાં જ જપ, તપ અને બધા વ્રતો રહ્યા છે, તે મુખ્યધર્મ કહેવાય છે. અને શીલવ્રતરૂપ મુખ્ય ધર્મ વિના તો બીજા બધા સાધનો વ્યર્થ થાય છે.** ૩. અત્યારે યથાર્થરૂપમાં જે શીલવ્રત કહેવાય છે, તે આપના સંપ્રદાયમાં પ્રસિદ્ધ રીતે રહ્યું છે. ૪. **જે કોઈ પણ બાઈ-ભાઈ આપને શરણે આવ્યા છે, તે બધાને તમારા પ્રતાપે કરીને સહેજે શીલવ્રત રહે છે. ૫. અને જે શીલવ્રત પાળે છે તેનાથી તેમની મોટાઈ પ્રત્યક્ષ દેખાઈ આવે છે.**

પછી જ્યારે દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ તૈયાર થયા. ૬. પછી સ્વયં શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. બીજી બધી સવારી પણ તૈયાર થઈ. જેટલા વાજિંત્રવાળા હતા, તે બધા આગળ ચાલ્યા. ૭. નેજા અને નિશાનવાળા બધા વાજિંત્રોની ભેળા ચાલ્યા. અને તેમના પછી જે હરિભક્ત પુરુષો હતા, તે બધા ખૂબ જ આનંદથી ચાલ્યા. અને તેની પાછળ બધા સંતો, વર્ણી અને સંન્યાસીઓ ભેળા ચાલ્યા. તેની શોભા એટલી સુંદર બની કે જે કહી શકાતી નથી. ૮-૯. સંતોની પાછળ પાર્ષદો ચાલ્યા અને તેમની

પાછળ દસ-બાર ચોપદારો હાથમાં સોનાની છડી લઈને ચાલ્યા. ૧૦. ચોપદારો વારંવાર 'જય જય...જય જય...' આવા શબ્દો મુખથી પોકારીને બોલતા હતા. અને તેમની પાછળ શ્રીહરિ હતા. તેમના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૧૧. શ્રીહરિની પાછળ સર્વે કાઠી દરબારોની સવારી હતી. અને તેની પાછળ મ્યાના, રથ અને બગીની સવારી ચાલતી હતી. ૧૨.

અવિનાશી શ્રીહરિ કાંકરિયા સરોવરથી આગળ ચાલી અને રાયપુર દરવાજેથી અત્યંત ઉમંગભેર અમદાવાદ શહેરમાં આવ્યા. ૧૩. નગરના રાજમાર્ગોમાં પાણી છંટાવ્યું તથા કેળના સ્તંભોને રોપાવ્યા હતા. તેમજ બધી દુકાનોને સુંદર રીતે સજાવી હતી. ૧૪. નગરમાં જેટલા નરનારીઓ હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં આવીને ઊભા હતા. ૧૫. વાજિંત્રો વાગતાં હતાં. તેનાથી શહેર અને આકાશ ગાજી ઊઠ્યા હતા. એટલી અદ્‌ભુત શોભા બની હતી કે આવી શોભા ક્યારેય બની નહિ હોય. ૧૬. જેટલા લોકો દર્શન કરવા આવ્યા હતા, તે સહુ ફૂલના હાર લાવ્યા હતા, એટલે તેઓ હરખભેર પુષ્પહારની વૃષ્ટિ કરતા હતા અને બધે મહાન આનંદ છવાઈ રહ્યો હતો. ૧૭.

અંગ્રેજ અધિકારી જે એરણ સાહેબ હતા, તેઓ બગીમાં બેસીને શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમના અંતરમાં ઘણો જ પ્રેમભાવ હતો. ૧૮. તેઓ શ્રીહરિની બધી સવારીને જોઈને મનમાં ખૂબ જ રાજી થયા. પછી તેમણે માથા ઉપરથી ટોપી ઉતારીને શ્રીહરિને નમસ્કાર કર્યા. ૧૯. પછી તેમણે શ્રીહરિને કહ્યું, 'આપ ભલે પધાર્યા. આપને દેખીને અમે ખુશી થયા છીએ અને આપ પણ અમારા ઉપર ખુશી રહેજો. આપની ખુશીથી રાત-દિવસ અમને સુખ-શાંતિ રહે છે. વળી, આપને દેખીને અમારી છાતી આનંદથી ફૂલે છે. અને બધાં સુખનું ફળ એટલું જ છે કે, આપના ઉપર અમને પ્રેમભાવ રહે. ૨૦-૨૧.

चोपाई :

तुमारि उपर भाव जो तामें, जितना सुख रहायेउ यामें;
तुमारी अरुचि करत हे इनकू, शांति कबहु न होवत तिनकू...२२

नजर कर हम देखेउ ताई, अरुचि करत भये जो जाई;
बडे बडेउ शिरदार कहाते, बडे बडे महा भूप रहाते...२३
हकम ताके रहे नहि लेशा, पावत भये मन बहुत कलेशा;
तुमारे पर रखे जेहि भावा, ताके दिन दिन हकम रहावा...२४

આપની ઉપર જેને જેટલો ભાવ રહે છે તેટલું તેને સુખ રહે છે અને જેને આપની અરુચિ રહે છે તેને ક્યારેય સુખ-શાંતિ હોતી નથી. ૨૨. અમે દીર્ઘદષ્ટિથી જોયું છે કે, મોટી મોટી સત્તાઓને ભોગવનારા અધિકારીઓ અને મોટા મોટા રાજાઓની સત્તાનો પણ આપના ઉપર અરુચિ થવાથી નાશ થયો છે, તેનો લેશ પણ હુકમ રહ્યો નથી. તેથી તેઓ મનમાં ઘણું દુઃખ પામે છે. વળી, જેણે આપના ઉપર ઘણો જ પ્રેમભાવ રાખ્યો છે, તેની દિનપ્રતિદિન રાજ્યસત્તા વધી છે. ૨૩-૨૪. આપ સહુનું શ્રેય ચાહો છો. કારણ કે, આપમાં શ્રેયસ્કારી ગુણ રહ્યા છે. **જે લોકો આપનું શ્રેય ચાહે છે તેનું ચોક્કસ શ્રેય થાય છે.** ૨૫. **બધા લોકોને કલ્પવૃક્ષ, ચિંતામણિ અને સત્પુરુષનો યોગ મળવો તે ઘણો કઠણ છે.** ૨૬.

એરણ સાહેબે શ્રીહરિની આગળ આટલી વાત કરીને ચાલવા માટેની રજા લીધી અને તત્કાળ જ ત્યાંથી ચાલતા થયા. ૨૭. જ્યારે સાહેબ ત્યાંથી ચાલતા થયા ત્યારે શ્રીહરિ પણ નગરમાં ચાલ્યા અને ઊભી રાજબજારે થઈને માણેકચોકમાં આવ્યા. ૨૮. અમદાવાદમાં જેટલા જેટલા ધર્મગુરુઓ કહેવાતા હતા, તે બધા માણેકચોકમાં આવીને ઊભા હતા. તેઓ શ્રીહરિના પ્રતાપને દેખીને મનમાં ઘણા ઝાંખા થઈ ગયા. ૨૯. જેટલા સત્સંગના દ્રોહી હતા, તેમને સત્સંગ રુચતો નહિ. તેથી તેઓ મનમાં ઘણા પસ્તાવા લાગ્યા અને તેમને વિરોધનો કોઈ ઉપાય સૂઝ્યો નહિ. ૩૦. આજ સુધી તેમણે જેટલા ઉપાયો કર્યા તે નિષ્ફળ જવાથી થાકીને બેસી રહ્યા અને તેમણે સત્સંગને ઉખાડી નાખવાની લાલચ મનમાંથી છોડી દીધી. ૩૧. સત્સંગના મૂળ તો પાતાળ સુધી ચોંટી ગયા. **દુનિયામાં પરમેશ્વરની જેવી ઈચ્છા હોય છે તેવું સહેજે જ થાય છે.** ૩૨.

શ્રીહરિ ડંકો દઈને શ્રીનગરમાં આવ્યા. 'હવે કોઈનો કાંઈ ઉપાય ચાલે તેમ નથી. કારણ કે નીતિમાન અંગ્રેજનું રાજ્ય થયું છે. અને તેમને નીતિવાળો સંપ્રદાય જ ગમે છે.' ૩૩. અનીતિભર્યા સંપ્રદાયના જેટલા ગુરુઓ હતા, તેઓ બધા ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતા હતા. તે સમયે શ્રીહરિ હિમા શાહના ભવનની આગળ થઈને પ્રેમપૂર્વક ચાલ્યા. ૩૪. હિમા શેઠના બંધુઓ, પુત્રો અને પત્ની, એ બધા હવેલીના જરૂખામાં ઊભા હતા અને પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. તેમનાં મનમાં શીલવ્રતનું ઘણું મહત્ત્વ હતું. ૩૫. મોટેરા ગામના હરિભક્તો શહેરના નવાવાસમાં રહેતા હતા અને ત્યાં ઘણી વિશાળ જગ્યા હતી. તેથી લક્ષ્મીના નિવાસરૂપ શ્રીહરિ ત્યાં નવાવાસમાં ઊતર્યા. ૩૬.

જેટલો વિશાળ ચોક હતો, તેમાં મંડપ બાંધ્યો હતો અને તેમાં સંતો તથા હરિભક્તોની સભા બેસતી હતી. ૩૭. ત્યાં લીંબડાના ઝાડ નીચે ઊંચી પાટ ઢાળીને ગાદી તકિયા બિછાવ્યા હતા, એટલે શ્રીહરિ ત્યાં આવીને બેસતા હતા. ૩૮. તે સ્થળે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને ભગવાનના અવતારોના ચરિત્રો જેમાં વર્ણવ્યા હોય, તેવાં કીર્તનો રોજ ગવાતાં હતાં. ૩૯. **શ્રીહરિ રોજ એવી એવી વાતો કરતા હતા કે તેને જે કાનથી સાંભળતા હતા, તે લોકો તરત જ પવિત્ર થઈ જતા હતા.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ ધામધૂમથી અમદાવાદમાં આવ્યા અને નવાવાસમાં ઊતર્યા" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર સત્તરમું : તરંગ - ૭૨

શ્રીહરિએ નરભેરામ શાસ્ત્રીની આગળ પોતાનું મંતવ્ય કહ્યું

શ્રીહરિ અમદાવાદમાં સાત દિવસ રહ્યા. ત્યારે જે હરિભક્તો હતા તે બધા ઘણા ભક્તિભાવથી રસોઈ આપતા હતા. ૧. પહેલે દિવસે નથુ ભટ્ટે રસોઈ આપી હતી અને તેમણે ચંદન અને પુષ્પ ઈત્યાદિકે કરીને શ્રીહરિની પૂજા કરી હતી. ૨. પછી જેટલા સંતો હતા, તેમની પણ તે સમયે પૂજા કરી. પહેલા શ્રીહરિ થાળ જમ્યા અને પછી શ્રીહરિએ સંતોને જમાડ્યા. ૩. બધા પાર્ષદો અને કાઠી દરબારોને પણ શ્રીહરિએ જમાડ્યા. કંસારની રસોઈ હતી એટલે સહુને શ્રીહરિએ કંસારમાં ઘી પીરસ્યું. ૪. શાક, વિવિધ પ્રકારનાં અથાણાં વગેરે ઘણા પ્રેમથી પિરસાવ્યા.

તે દિવસે અમદાવાદના નરભેરામ શાસ્ત્રી નામે વિદ્વાન વિપ્ર હતા, તે શ્રીહરિને આવ્યા સાંભળીને ત્યાં આવ્યા. અને તેમણે શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા તથા આગળ શ્રીફળ મૂક્યું. મસ્તક નમાવીને પગે લાગ્યા. ૫-૬. તેમણે શરીર ઉપર જૂનાં વસ્ત્ર પહેરેલાં હતાં અને તપસ્વીના જેવો તેમનો વેષ હતો. સહુ સંતોને મસ્તક નમાવીને તેઓ શ્રીહરિની આગળ હાથ જોડીને બેઠા. ૭. શ્રીહરિએ નરભેરામ શાસ્ત્રીને કુશળ સમાચાર પૂછ્યા.

ત્યારે તેઓ બોલ્યા કે, **'જે સુખ અને શાંતિ કહેવાય છે, તે તો આપની પાસે રહેલી છે.** ૮. **બીજા જે લોકો કહેવાય છે તે આપને શરણે આવ્યા વિના જ ત્રિવિધ તાપમાં બળી રહ્યા છે. તેમનું દુઃખ તો મુખે કહી શકાતું નથી.** ૯. **ચાહે તેવા કોઈ શ્રીમંત હોય, તોપણ હું તેની પાસે જઈને કાંઈ માગતો નથી. કેટલાક લોકો વગર માગ્યા અન્ન, ધન અને વસ્ત્ર મને બોલાવીને આપે છે.** ૧૦. તેને હું હરખથી લઈ લઉં છું અને તેને હું આપ ભગવાનની સહાય માનું છું. નગરના રાજાએ મને બોલાવીને ઘણા હેતથી **દર વર્ષે બે હજાર રૂપિયા પ્રેમથી આપવાનું કહ્યું હતું, પણ રાજાના ધનને દોષરૂપ સમજીને અને ધર્મને મહાન માનીને તે રૂપિયા મેં લીધા નહિ.** ૧૧-૧૨.

મહારાજ, હું એવું સમજું છું કે જો ધર્મ જાય, તો પછી બાકી શું રહે ? આ બ્રાહ્મણનું શરીર ફરીવાર મળે નહિ. કારણ કે બધું ધર્મને આધીન રહ્યું છે. ૧૩. આપના પ્રતાપથી મને ધર્મમાં રુચિ-પ્રેમ રહે છે. બીજા બધા વિપ્રો તો ધન કમાવવા માટે જ વિદ્યાને ભણતા રહ્યા છે.' ૧૪. તે વિપ્રની વાત સાંભળીને તેના ઉપર શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. તે વિપ્રને રૂડી બુદ્ધિવાળા જાણીને શ્રીહરિએ એક પ્રશ્ન કરતા આગળ વાત કહી. ૧૫. તમે તો બધા સિદ્ધાંતના ગ્રંથોને ભણેલા છો. અમને તો એવું જણાય છે કે કેટલાએ આચાર્યો થયા છે તેમાં કોઈ વ્યાસજીના જેવા થયા નથી. ૧૬. વ્યાસજીએ અઢાર પુરાણો રચ્યા અને તેમાં સહુના સારભૂત ભાગવતની રચના કરી. બધા સિદ્ધાંતોનો મુખ્ય એક જ સિદ્ધાંત છે કે ભાગવતથી કોઈ મહાન ગ્રંથ નથી. ૧૭. ભાગવતમાં બીજી અનંત વાતો કહી છે, પણ ઠેક ઠેકાણે શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રતાપ અને સહુથી મહાન ચરિત્રોને વારંવાર બતાવ્યાં છે. ૧૮.

ભગવદ્‌ગીતાનું ભાષ્ય અને વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય, જે રામાનુજાચાર્યે કર્યું છે, તે અમને ઘણું પ્રિય લાગ્યું છે. ૧૯. તે ભાષ્યોમાં ભગવાનને સહુથી વિશેષ મહાન કહ્યા છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, તે બધા સાધનોની અત્યંત મહત્તા તો તેમાં ભગવાનના સંબંધે કરીને કહી છે. ૨૦. જેમાં ભગવાનની મહત્તા બતાવી હોય છે, તેવી મહત્તા લેશમાત્ર પણ બીજા કોઈની ન કહી હોય એવા ગ્રંથ જેટલા છે અને તેનાં જે વચન છે, તે બધાને અમે પ્રિય માનીએ છીએ. અને તે ગ્રંથોમાં અર્થ તથા કામપરાયણ જે વચનો હોય તેને પ્રયોજન પૂરતા જ હોય એમ અમે માનીએ છીએ; આવો અમે સિદ્ધાંત કરી રાખ્યો છે. ૨૧-૨૨. પરમેશ્વરનાં નિરાકારપણાનું પ્રતિપાદન કરનારા જે કોઈ પણ ગ્રંથ ચાહે તેવા વિદ્વાનને મુખે કહેવાયેલા હોય, તોપણ અમે તેને નહિ માનીને ભગવાનનાં અનુપમ સ્વરૂપને સાકાર રૂપમાં દૃઢ કરીને સમજીએ છીએ. ૨૩.

હે નરભેરામ ! પરમેશ્વરના સાકારપણાની સમજણનો ક્યારેય નાશ ન થાય, તેવો જે ઉપાય હોય તે અમને ઉમંગથી કહો. કદાચ કોઈ અમને અપાર ચમત્કાર બતાવે, છતાં ભગવાનના સમાન બીજા કોઈ દેખાય

નહિ. ૨૪. કલ્પતરુ અને ચિંતામણિ, તે બંનેમાં અપાર પ્રતાપ સહજ રીતે રહ્યો છે, છતાં તે ભગવાનને સમાન નથી. ૨૫. અમે મનમાં દૃઢ નિર્ધાર કરી રાખ્યો છે કે માણેક, હીરા અને સોનામાં અપાર શોભા રહી છે, છતાં તે બધા ભગવાનને સમાન થતા નથી. ૨૬. **પ્રકૃતિપુરુષ અને પ્રધાનપુરુષથી અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ થતી રહે છે.** ૨૭. **તેઓ એટલા બધા સમર્થ હોવા છતાં આજ સુધી ભગવાનની આગળ દીન આધીન થઈને વર્તે છે. તો બીજાની તો વાત શી કહેવી ?** ૨૮.

चोपाई :

भगवान हि आपसे अपारा, ओरमें सामृथि के न पारा;
देखावे तोउ कहा भयेऊ, भगवान के रोम सम न तेऊ...२९
होवत नहीं हे कबहु ताई, आपकी करीके प्रभुताई;
ईमी बात अचल रहे एहा, यामें नाहीं कबु संदेहा...३०
भगवान प्रसन्न होत जा पर ही, आपसे प्रताप ता पर ही;
देवत रहत सहज स्वभावा, कोई जन कु न देत देखावा...३१

કદાચ ભગવાન બીજા કોઈમાં પોતાના કરતાં પણ વધારે સામર્થ્ય દેખાડે તોપણ તેનાથી શું થયું ? તેઓ સામર્થ્ય દેખાડનારા ભગવાનના એક રોમ સમાન પણ ક્યારેય થઈ શકતા નથી. ૨૯. તે પ્રકૃતિપુરુષ ઇત્યાદિકનું સામર્થ્ય કોઈ વ્યક્તિગત હોતું નથી. પરમેશ્વરની પ્રભુતાઈને કારણે આ જગતની વાત આ રીતે અચલપણે ચાલી રહી છે. તેમાં કોઈ જાતનો સંદેહ નથી. ૩૦. જેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે તેને પોતે પોતાનો પ્રતાપ સહજ સ્વભાવે દેતા રહે છે, પણ તે બીજા કોઈ લોકોને દેખાવા દેતા નથી. ૩૧. પણ જે યોગ્ય પાત્ર ન હોય તો તે ઐશ્વર્યને પામીને તરત જ છકી જાય છે. પછી ભગવાન તેના ઉપર કોપ કરે છે. પછી સ્વયં ભગવાન પ્રગટ થઈને ઘણા ઉલ્લાસથી તેનો નાશ કરે છે. જે કામ ભગવાનનું છે તે કેવળ ભગવાનથી જ થાય છે. ૩૨-૩૩. **ભગવાનનું જે કામ છે તે ચાહે તેટલા કોઈ દેવ કે મનુષ્ય મહાન હોય તોપણ તેમનાથી થઈ શકતું નથી. આવી સમજણ સિવાયની બીજી જે સમજણ છે તે તો આંકડાંના તૂરના જેવી છે.** ૩૪. જ્યાં સુધી માણસ બીજા કોઈને ભગવાનને સમાન માનતો રહે છે ત્યાં

સુધી તે કાળનાં મુખમાં પડીને દુઃખ પામતો રહે છે. અને તે બીજા કોઈને દેખાતું નથી. ૩૫. તે દુઃખ સામાન્ય માણસને કઈ રીતે દેખ્યામાં આવે ? તે આપ પ્રેમથી સમજાવો.

ત્યારે તે નિષ્પાપ એવા નરભેરામ શાસ્ત્રી બોલ્યા, 'પ્રભુ, આપની વાત તો અમાપ છે. ૩૬. જે સ્વયં અમાપ છે, તેનો માપ કોઈથી લઈ શકાય તેમ નથી. પરંતુ જ્યારે તે અમાપ પ્રભુનો યોગ થાય છે ત્યારે હૃદયમાં તે જ્ઞાનનો પ્રકાશ થાય છે. ૩૭. જ્યારે હૃદયમાં તે જ્ઞાન થાય છે ત્યારે જે વાત જેવી હોય તે યથાર્થ દેખાય છે. કોઈ બાબત અગમ્ય રહેતી નથી. ૩૮. ખરી હકીકત તો એ છે કે હું શાસ્ત્રને ભણ્યો છું, છતાં મારે માટે તે વાત અગમ્ય જ રહી છે. હું કોઈ નિર્ધાર કરી શક્યો નથી, આ વાત ચોક્કસ છે. હવે આપ જ મને આપનો નિશ્ચય કરાવો. શાસ્ત્રો વાંચવાથી તો મતિ એક સમાન રહેતી નથી. મતિ અનેક પ્રકારની રહી છે અને એક મતિ થયા સિવાય શાસ્ત્રમાં મોક્ષ કહ્યો નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ નરભેરામ શાસ્ત્રીની આગળ પોતાનું મંતવ્ય કહ્યું" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર સત્તરમું : તરંગ - ૭૩

શાસ્ત્રીની સરળતાથી શ્રીહરિ રાજી થયા અને મોહનલાલ શેઠને ઘેર પધરામણી

પછી શ્રીહરિએ નરભેરામ શાસ્ત્રી આગળ કહ્યું કે, 'કોઈ કરોડો શાસ્ત્રને ભણે, પણ શુદ્ધ સત્સંગના યોગ વિના તેનો મોક્ષ કહ્યો નથી. ૧. જાત જાતનાં ભોજન બનાવ્યાં હોય, તેને ખાલી દેખવા માત્રથી ભૂખ ક્યારેય ટળતી નથી, પણ જેટલું ભોજન ખાવામાં આવે તેટલી ભૂખ ટળે છે. ૨. શાસ્ત્રના રચનારા વ્યાસજી છે. અને તેઓ ભગવાન હતા, આવી જેની દૃઢ સમજણ હોય તેનો તત્કાળ મોક્ષ થાય છે. ૩. લોકો જેવી ભાવનાવાળા

હોય, તેમના મોક્ષને માટે વ્યાસજીએ તેવી વાતો ગ્રંથમાં લખી છે. તે સત્સંગ સિવાય સમજ્યામાં આવતી નથી. ૪. **વ્યાસજીએ વેદ અને પુરાણો જે કહ્યા છે, તેને અનંતવાર વાંચે-વિચારે તોપણ ભગવાન નારાયણના શરણે ગયા સિવાય કોઈનો ક્યારેય તત્કાળ મોક્ષ થતો નથી.** ૫.

चोपाई :

मोक्ष कल्यान हे वार न पारा, ताके मन में करना विचारा;
जिन करी प्रसन्न होय भगवाना, सो मोक्ष सब उपर रहाना...०६
जेहि समय भगवान हि ताके, अवतार होवे भुवि पर वाके;
ताके प्रताप न रहत छिपाई, सूर्य उदे जिमी होवत ताई...०७

મોક્ષ અને કલ્યાણ તો અનંત પ્રકારનાં છે. તેનાં સ્વરૂપનો મનમાં વિચાર કરવો જોઈએ. જેનાથી ભગવાન પ્રસન્ન થાય, તે મોક્ષ સર્વોપરિ રહ્યો છે. ૬. જે સમયે આ ભૂમિ ઉપર ભગવાનના અવતાર થાય છે ત્યારે તેનો પ્રતાપ સૂર્યોદયની જેમ ક્યારેય છુપાઈ રહેતો નથી. ૭. કોઈ મનુષ્ય રાત દિવસ આંખોને મીંચી રાખે અને તેને સૂર્યદર્શન ન થાય, તો તેમાં સૂર્યનો કાંઈ વાંક નથી. વાંક તો આંખ મીંચી રાખી છે તેનો છે, તેમ જે પ્રગટ ભગવાનને ઓળખતો નથી તેનો જ વાંક છે. ૮. મનુષ્ય માયિક પંચવિષયનાં નાશવંત સુખને માટે રાત-દિવસ ઉદ્યમ કરતો રહે છે, છતાં તેને પોતાના ધાર્યા પ્રમાણેનું સુખ મળતું નથી, પણ તેમાં તે અપાર દુઃખને પામે છે. ૯. **અવિનાશી અને અવિચળ સુખ તો એક ભગવાનનાં સ્વરૂપમાં જ રહ્યું છે. મનુષ્ય તે સુખને મેળવવા દિવસમાં એકવાર પણ ભૂલથી ઉદ્યમ કરતો નથી.** ૧૦. જે કોઈ પણ બાબત હોય છે તે વગર ઉદ્યમે પ્રાપ્ત થાય તેવું અમે ક્યારેય સાંભળ્યું નથી. તમે આટલું ચાલીને અહીંયા આવ્યા છો, તો સંતોના દુર્લભ દર્શન તમને થયા છે.' ૧૧. **ત્યારે નરભેરામ શાસ્ત્રી બોલ્યા કે, 'સત્પુરુષનાં દર્શન કરવાં જતાં મનુષ્યને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે; આવું જે સત્પુરુષોનું વચન છે તે આજે સાચું ઠર્યું છે.** ૧૨.

दोहा : धरा मेरु कोउ दिन ही, चलत नजर देखात;
सत्पुरुष के बचन हि जो, कबहु न चलत रहात...१३

આ ભૂમિ અને મેરુ પર્વત ક્યારેક હાલતા ચાલતા દેખાય ખરા, પણ સત્પુરુષનું વચન ક્યારેય ચલિત થાતું નથી.' ૧૩. પછી શ્રીહરિએ તે વિપ્રને નિષ્કપટ દેખીને પોતે જે કિનખાબની ડગલી પહેરી હતી તે ઉતારીને તેને આપી દીધી. ૧૪. **જે મનુષ્ય નિષ્કપટ અને સરળ હોય છે, તે શ્રીહરિને અતિ પ્રિય લાગે છે, પણ જે કપટી હોય અને સરળ ન હોય તે ક્યારેય પ્રિય લાગતો નથી.** ૧૫. શહેરના ભાવિક લોકો વારાફરતી દર્શન કરવા આવતા હતા, તેની ઘણી ઘાટી ભીડ રહેતી હતી. સહુ ઘણી મીઠાઈ લાવતા હતા. ૧૬. અનેક જાતના વિવિધ મેવાઓને અપાર જનો લાવતા હતા. કેટલાક તો ફૂલના હાર લાવતા હતા, તેનો ગણે પાર આવતો ન હતો. ૧૭. શ્રીહરિની મૂર્તિ ફૂલમાં ઢંકાયેલી શોભતી હતી અને સંતોની સભા પણ ફૂલના હારોથી ખીલેલી ફૂલવાડીના જેવી સુંદર લાગતી હતી. ૧૮. ચારેબાજુ ફૂલોનો સુંગધ એટલો ફેલાઈ ગયો હતો કે તેની શોભા કહી શકાતી નથી.

વળી, ત્યાંના હરિભક્તો રોજ ઉપરા ઉપરી રસોઈ કરાવતા હતા. ૧૯. કેટલાક હરિભક્તો દૂધપાકની રસોઈ કરાવતા હતા તો કેટલાક મોતીચૂર અને જલેબીની રસોઈ કરાવતા હતા. ૨૦. કોઈ હરિભક્ત કેળા અને રોટલીની તો કેટલાક બરફી અને પેંડાની રસોઈ કરાવતા હતા. શ્રીહરિ આવ્યા પછી ત્રીજે દિવસ મનના ઘણા જ ભાવથી મોહનલાલ શેઠ સંધ્યા આરતી જ્યારે થઈ રહી ત્યારે સોનેરી રથ લઈને આવ્યા અને તેમાં શ્રીહરિને બેસાડ્યા. ૨૧-૨૨. તે રથમાં અપાર દીવાઓ કરાવ્યા હતા અને આગળ કેટલાક વાજિંત્રો વાગતાં હતાં. તેણે પોતાનાં ભવનની આગળ વિવાહને માટે સુંદર પ્રકારનો મંડપ કરાવ્યો હતો. ૨૩. તે મંડપની વચ્ચે શ્રીહરિને સોનેરી ખુરશીના ઉપર ઉત્તર મુખે બેસાડ્યા અને તેમની બંને બાજુએ સહુ સંતોને બેસાડ્યા. ૨૪.

શ્રીહરિએ મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, શ્વેત ધોતિયું પહેર્યું હતું અને અંગ ઉપર શ્વેત પછેડી ઓઢી હતી. મૂર્તિ ખૂબ જ સુંદર બની હતી. ૨૫. મંડપની ચારે તરફ પૂરના મનુષ્યોએ કાચના અરીસા મૂક્યા હતા. ૨૬. મંડપની જેટલી સુંદર રચના હતી તે બધી ચારે તરફના કાચના તકતામાં દેખાતી હતી. તેને જોઈને અજાણ્યા માણસો તો ભૂલા પડી જતા

હતા. ૨૭. તે અરીસામાં પૂરી સભા પાંચે બાજુ દેખાતી હતી. મંડપમાં કરોડો દીવા કર્યા હતા, તેની શોભા ખૂબ જ અદ્‌ભુત બની હતી. ૨૮. તેમાં બિલોરી કાચના સુંદર પ્રકારના ઝુંમર લટકાવી દીધાં હતાં અને બિલોરી કાચની હાંડીઓ ઘણી પ્રગટી હતી. ૨૯. કાચના અનેક જાતના સુંદર ચિત્રો મૂકેલાં હતાં અને મંડપમાં જેટલા સ્તંભ હતા, તે બધાને સુંદર પ્રકારના કરી દીધા હતા. ૩૦. ઉપરના ભાગમાં સુંદર પ્રકારના ઉલેચ બાંધ્યા હતા અને સુંદર બિછાના બિછાવ્યા હતા.

તે વખતે પ્રેમાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીના રચેલા ચાર ચાર કીર્તનોને સંતોએ પ્રેમમગ્ન ભાવથી ગાયા હતા. તેનાથી મંડપ અને જગત ગાજવા લાગ્યું હતું. ૩૧-૩૨. નગરમાં જેટલી ગાન અને નૃત્ય કરનારી ગણિકાઓ હતી, તે ધનાઢ્ય ગૃહસ્થોના વિવાહ પ્રસંગે જ્યાં મંડપ રચ્યો હોય ત્યાં આવતી, તેવી રીત હતી. કોઈ સત્સંગની નીતિને જાણતા નહિ, એટલે તે ગણિકાઓ ત્યાં નૃત્ય અને ગાન કરવા આવી. સરોદ અને દોકડ તેની સાથે હતા. ૩૩-૩૪. બે ગાંધર્વો શ્રીહરિની આગળ આવીને વાજિંત્રો વગાડવા લાગ્યા. સંતોની સભા છે એમ સમજીને બંને ગણિકાઓ દૂર રહી. ૩૫.

પછી શ્રીહરિએ સંતોને જ્યારે દૂર બેસાડ્યા ત્યારે તે ગણિકાઓ શ્રીહરિની સન્મુખ આવી અને તેમનાથી પાંચ હાથ દૂર રહીને પૂરેપૂરું ગાન અને નૃત્ય કરવા લાગી. ૩૬. તે સમયે નિયમવાળા જે સંતો હતા તે વિષમ દેશકાળને સમજીને શ્રીહરિની સન્મુખ જોઈ રહ્યા. ૩૭. કલ્યાણ રાગનો એક ટપો ગાયો ત્યાં સુધી પગમાં ઘૂઘરા બાંધીને તે વિચક્ષણ ગણિકાઓ નાચ કરતી રહી. ૩૮. પછી તરત તે સહુ ચાલ્યા ગયા. તે સમયે દેશકાળને સમજીને શ્રીહરિએ તરત જ તેમને દસ રૂપિયા અપાવ્યા. ૩૯. પછી શ્રીહરિની પૂજા કરવા માટેનો બધો સામાન મોહનલાલ શેઠે તરત આગળ લાવીને મૂક્યો અને પછી પૂજા કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શાસ્ત્રીની સરળતાથી શ્રીહરિ રાજી થયા અને મોહનલાલ શેઠને ઘેર પધરામણી કરી" એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥

પૂર સત્તરમું : તરંગ - ૭૪

શ્રીહરિ એરણ સાહેબને ભવને પધાર્યા અને પરસ્પર નીતિની વાત કરી

શ્રીનગરમાં મોહનલાલ શેઠે શ્રીહરિવરની જે રીતે પૂજા કરી, તે બધી વાતને હવે હું પરમ પ્રેમથી કહું છું. ૧. તે શેઠે કેસરના રંગથી અધિક સુંદર બનેલું મલિયાગર ચંદન શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું. ૨. તે ચંદનમાં સર્વોત્તમ અત્તર નાખેલું હતું. તેનો સુગંધ પૂરી સભામાં વ્યાપી ગયો, જે મુખથી કહી શકાતો નથી. ૩. તે ચંદન ચરચ્યા પછી શ્રીહરિને મહાન ધર્મનિષ્ઠ માનીને ગુલાબના મોટા હાર પહેરાવ્યા. ૪. ઘણી કિંમતી પાઘ શ્રીહરિનાં મસ્તક ઉપર બંધાવી અને નીલા રંગનો દુપટ્ટો શ્રીહરિને ઘણા ભાવથી ઓઢાડ્યો. ૫. શ્રીહરિની પાઘમાં ગુલાબના તોરા લટકાવ્યા અને બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા. ૬. ગુલાબની પહોંચી અને બાજુ, બંને ભુજાઓમાં બાંધ્યા અને ગુલાબનું ઠંડું જળ તે ગુલાબદાનીમાં ભર્યું હતું. ૭. પહેલા તે ગુલાબજળ શ્રીહરિના ઉપર છાંટ્યું અને પછી બધી સભા ઉપર છાંટ્યું.

મોહનલાલ શેઠ શ્રીહરિના ચરણમાં નમી પડ્યા ત્યારે શ્રીહરિએ તેમને એક ગુલાબનો હાર આપ્યો. ૮. ત્યાં શેઠના આશ્રિત જે વિપ્રો હતા, તેમણે સંતોની પૂજા કરી. લલાટમાં ચંદન ચરચ્યું અને કંઠમાં ફૂલના હાર પહેરાવ્યા. ૯. જ્યારે ફૂલના હાર પહેરાવી રહ્યા ત્યારે તરત જ રંગલહેરી ત્યાંથી ઊઠીને રથમાં બેઠા. પછી રથને ઘણો ઉતાવળે દોડાવ્યો. ૧૦. બજારમાં પાણી છંટાવ્યું હતું એટલે થોડીએ રજ ઊડતી ન હતી. જેટલા પાર્ષદો હતા, તે શ્રીહરિની આગળ દોડ્યા જતા હતા. ૧૧. બજારમાં દીવાઓ કરેલા હતા, તેનાથી ઘણું અજવાળું હતું. શ્રીહરિ તો એક ક્ષણવારમાં જ ઉતારે આવી ગયા, ત્યારે શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન જણાતા હતા. ૧૨. જ્યારે શ્રીહરિ રથમાંથી ઊતર્યા ત્યારે પોતાનો નીલા રંગનો જે દુપટ્ટો હતો તે તરત જ રથ હાંકનારને આપી દીધો. ૧૩.

પાંચમે દિવસે અંગ્રેજ સરકારી અધિકારી એરણ સાહેબે સવારીએ સહિત શ્રીહરિને પોતાને ભવન પધરાવ્યા. ૧૪. તે વખતે અંગ્રેજી પડઘમ, વાજાં ઇત્યાદિક જે વિવિધ પ્રકારનાં વાજિંત્રો હતાં, તે શ્રીહરિની સન્મુખ મોકલ્યા. ૧૫. સરકારે બજારમાં પાણી છંટાવ્યું હતું અને તે વખતે પલટન પણ સામે મોકલી. અને અત્યંત ઉત્સાહભર્યા હરિભક્તો બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ૧૬. શ્રીહરિની સાથે જે સંતો હતા, તે બધાને મુકામ ઉપર જ રાખ્યા. નવ વાગ્યાનો સમય થયો ત્યારે શ્રીહરિ એરણ સાહેબને ભવન જવા માટે નીકળ્યા હતા. ૧૭. શ્રીહરિ શહેરના રાજમાર્ગ ઉપર જ્યારે ચાલ્યા ત્યારે બધા નાગરિકો શ્રીહરિને જોઈ રહ્યા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૮.

આગળ અપાર વાજિંત્રો વાગતાં હતાં અને ચોપદાર છડી પોકારતા હતા. જ્યારે શ્રીહરિ ભદ્રમાં આવ્યા ત્યારે હરખભેર અશ્વ ઉપરથી ઊતર્યા. ૧૯. ભક્તજન ચિત્તચોર શ્રીહરિ જ્યાં સાહેબ રહેતા હતા ત્યાં આવ્યા. ત્યારે તે એરણ સાહેબ શ્રીહરિની સન્મુખ આવ્યા અને માથા ઉપરની ટોપી હાથમાં લઈ લીધી. ૨૦. તેઓ ઘણા હેતથી શ્રીહરિને મળ્યા અને પોતાના જમણા હાથે શ્રીહરિનો હાથ પકડ્યો. પછી હરખભર્યે હૈયે શ્રીહરિને પોતાના બંગલાના માળ ઉપર લઈ ગયા. ૨૧. ત્યાં સોનેરી ખુરશી ઉપર શ્રીહરિને બેસાડ્યા અને પછી તેણે હાથ જોડીને કહ્યું, ‘હે પ્રભુ, હવે કંપની સરકારનું રાજ્ય થયું છે. ૨૨. તો હવે આપની જ્યાં ઇચ્છા હોય ત્યાં સુખેથી હરો ફરો. હવે આપનું કોઈ નામ લેશે નહિ. તમને જે પીડનારા હતા, તે અત્યારે ઘણા દુઃખી થયા છે. ૨૩.

આપ તો સહુનું હિત ઇચ્છતા રહ્યા છો. મનમાં કોઈનું બૂરું ચાહતા ન હતા, છતાં જેણે તમારું અહિત કરવાનો ભાવ કર્યો, તેઓ પોતાના ભાવને અનુરૂપ દુઃખરૂપી દાવાનળને પામ્યા છે. ૨૪. **અમે તે નજરે દેખ્યું છે કે, જેનો ઘણો પ્રતાપ હતો તેવા અત્યાચારી લોકો પોતાના સળગાવેલા અગ્નિમાં જ બળી મર્યા છે.** ૨૫. **જે લોકો આપને તુચ્છતા ભરી દૃષ્ટિથી દેખતા હતા, તે લોકો અત્યારે પોતે તેટલા જ તુચ્છ થઈ ગયા છે. તેમને**

પોતાનું કાંઈ ઠેકાણું રહ્યું નથી. ૨૬. પણ જેઓ આપના પ્રતાપની પ્રશંસા કરતા હતા, તેઓ અત્યારે શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ સ્વયં પ્રતિદિન વધતા રહ્યા છે. ૨૭. હવે આપને અથવા કોઈ આપના સંતને વગર વાંકે જુલમ કરીને પીડે તો મને જણાવજો.' ૨૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમારા કંપનીના રાજ્યમાં કોઈ જુલમ નહિ કરી શકે. તમે તો અદલ રાજ્ય કરો છો. જેમાં કોઈ કામ બગડતું નથી. ૨૯. આ દેશમાં જ્યારથી તમારું રાજ્ય થયું છે ત્યારથી પ્રજા અત્યંત સુખને પામી છે. જ્યારે અનીતિ ચાલતી હતી ત્યારે કોઈને સુખ હતું નહિ. ૩૦. અમે જેવું ચાહતા હતા તેવું જ રાજ્ય પરમેશ્વરની ઈચ્છાથી થયું છે. અમે તો જેટલા અમારા આશ્રિતો છે, તેમની પાસે બધી જાતની અનીતિને છોડાવીએ છીએ.' ૩૧. ત્યારે સાહેબે કહ્યું, 'આપ તો હંમેશાં સામ ઉપાયથી એટલે સમજાવટથી જેટલી અનીતિ છે તે બધી ત્યાગ કરાવો છો, પણ અમારે તે સામ ઉપાયથી ચાલવું તે તો ઘણું કઠણ છે. ૩૨. અમે અત્યારે રાજાને સ્થાને રહ્યા છીએ, એટલે અમારે રાજાની ચાલ રાખવી પડે છે. અમે રાજ્ય કરતાં થકા પણ અસંગી રહીએ છીએ અને કોઈનો પ્રસંગ રાખતા નથી. ૩૩. હા, પ્રયોજન પૂરતો પ્રસંગ રાખીએ છીએ. અમારી જે રીત છે તે આપની આગળ કહી દીધી.

એક મનુષ્ય જ્યારે બીજા મનુષ્યને મારી નાખે છે ત્યારે અમે તેને ફાંસીનો દંડ આપીએ છીએ. ૩૪. ચાહે તેવા કોઈ મોટા હોય અને ચાહે તેટલું કોઈ ધન આપવા આવે, છતાં અમે તો ધન કરતાં ધર્મને મોટો પુરુષાર્થ માનીએ છીએ. ૩૫. જે માણસ જેવી ચોરી કરે છે તેને અમે તેવી કેદમાં રાખીએ છીએ અને જે ખૂન કરે છે તો અમે તેને અનુરૂપ કેદ-સજા કરીએ છીએ. ૩૬. પહેલા તો અમે ચોક્સાઈ કરીએ છીએ. ચોક્સાઈ કર્યા સિવાય અમે કોઈને કેદ કરતા નથી. આ રીતે અમે રાજ્યતંત્ર ચલાવીએ છીએ.' ૩૭. **ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જ્યાં સુધી તમે નીતિ પ્રમાણે ચાલશો ત્યાં સુધી તમે વધારે ને વધારે આગળ વધતા જશો, પણ જ્યારે તમે નીતિનો ત્યાગ કરીને ચાલશો ત્યારે તમારી બુદ્ધિમાં અંધકાર વ્યાપી જશે.** ૩૮-૩૯. નીતિ

વિનાના અંધકારમાં તો પ્રજાને સુખ રહેતું નથી, તેમાં તો અત્યંત દુઃખ હોય છે. કારણ કે સુખનું કારણ તો સારો રાજા કહેવાય છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબને ભવને પધાર્યા અને પરસ્પર નીતિની વાત કરી" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ||૭૪||



પૂર સત્તરમું : તરંગ - ૭૫

શ્રીનગરમાં શ્રીહરિની એરણ સાહેબની સાથે વાતચીત થઈ

શ્રીહરિની વાત પરમ રસરૂપ હતી. એરણ સાહેબે તેને પોતાનાં જીવનરૂપ જાણીને જેટલી ઉપયોગી હતી તેટલી ચમત્કારરૂપ સમજીને લખી લીધી. ૧. પછી પૂજાની જે સામગ્રી હતી તે લાવીને આગળ મૂકી. અને ગુલાબના હાર પહેરાવીને એક શાલ ઓઢાડી. ૨. તે સાહેબ અપાર બુદ્ધિશાળી હતા. તેણે શ્રીહરિની આગળ વારંવાર વિનંતિ કરી. ૩. પ્રભુ, આપનો જેટલો પ્રતાપ છે, તેને અમે જાણી શક્યા નથી. જો આપ કાંઈક પ્રતાપ દેખાડો તો હું જોઉં; એમ સાહેબે કહ્યું. ૪.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, અમે શાસ્ત્ર સાંભળતા રહીએ છીએ. શાસ્ત્ર, લોક અને દેશ તેના મંતવ્યથી જે જે વાત વિરુદ્ધ હોય છે, તેનાથી અમે દૂર રહીએ છીએ. અને જે આવી વિરુદ્ધરૂપ બાબત હોય તેને અમે અસત્ય માનીએ છીએ. વળી, ભગવાન સિવાયની જે કોઈ બાબત કહેવાય છે, તે બધાને અમે માયિક પ્રપંચ માનીએ છીએ. ૫-૬. અમે જેવું દૃઢ માનીએ છીએ, તેવી તમારી આગળ વાત કરીએ છીએ. **જીવની મનોવૃત્તિને અમે ભગવાનના સ્વરૂપમાં ચોંટાડાવીએ છીએ.** ૭. **જ્યારે અમે ભગવાનની મોટપને વિચારીએ છીએ ત્યારે યથાર્થ વાત સમજ્યામાં આવે છે કે, બ્રહ્માંડમાં જે કાંઈ સુખ છે, તે બધું કાળનું ચવાણું છે.** ૮.

ચોપાઈ :

भगवान ताकि मोटप जितनी, शास्त्र तामें लिखे सब तितनी;
शास्त्र में सुँ देखना जेहू, अतिशय सुगम रहेऊ तेहू...०९

भगवान के खप होय जाकू, भगवान की मोटप जो ताकू;
देखेमें आवत ततकाला, खप बिन रहत दीन जिमि ताला...१०
जेही बात के खप होत जाही, सिद्ध बात करे रहत ताही;
एसे खप सो खप कहावे, ता बिन खप तेहि वर्था रहावे...११

અને ભગવાનની જે મોટાઈ છે, તે બધી શાસ્ત્રમાં લખી હોય છે. અને શાસ્ત્ર દ્વારા જે ભગવાનની મોટપ સમજવી તે તો ઘણી સુગમ વાત છે. ૯. જેને ભગવાનનો ખપ હોય તેને ભગવાનની મોટાઈ તત્કાળ દેખવા-સમજવામાં આવે છે. ખપ વિના તો તાલ વગરના સંગીતની જેમ શૂન્ય થઈને બેસી રહે છે. ૧૦. જે માણસને જે બાબતનો ખપ હોય તે વાતને તે સાધીને જ રહે છે. અને સાધ્યને સાધવાની જે દૃઢ ઈચ્છા, તેને જ ખપ કહેવાય છે. અને દૃઢ મનોબળ સિવાયનો જે ખપ તે તો વ્યર્થ કહેવાય છે. ૧૧. ભગવાનનો જે પ્રતાપ છે તે પ્રતાપ તેમની વાતમાં જ રહ્યો છે, તેવો પ્રતાપ બીજી કોઈ બાબતમાં નથી અને તેનું જેને જ્ઞાન હોય તેને એક ક્ષણવારમાં સમજાઈ જાય છે. ૧૨. આવું જ્ઞાન તરત થવું કઠણ છે. એક દિવસમાં તે ન થાય. બુદ્ધિશાળી મનુષ્ય દેખે છે કે જેવું પાત્ર હોય તેવો શ્રમ કરાય. ૧૩.

અમુક જગ્યાએ થોડી મહેનતે તરત જ જમીનમાંથી અતિ મીઠું પાણી નીકળે છે અને તે પીવાથી થોડુંએ ખૂટતું નથી. ૧૪. ભાલ જેવા પ્રદેશમાં તળાવ હોય છે અને તળાવવાળા ભાગમાં પાંચ હાથ જેટલો કૂવો ખોદવામાં આવે તો ઉપરનું પાણી મીઠું નીકળે છે અને તે પાણી પણ ઘણું થોડું હોય છે. અને તે કૂવો જો વધારે ખોદવામાં આવે તો કાંઈ સાર રહેતો નથી. અર્થાત્ ખારું પાણી નીકળે છે. ૧૫-૧૬. મારવાડ જેવા દેશમાં સો હાથ જેટલું પાણી જમીનમાં ઊંડું રહ્યું હોય છે. તેથી કૂવો ખોદવાથી પણ તત્કાળ પાણી નીકળે નહિ. ૧૭. કૂવો ખોદવામાં પાંચ હજાર રૂપિયા જેટલો ખર્ચ કરે અને કદાચ પાણી જો નીકળે, તોપણ ક્યારેક ખારું નીકળે. પાણી મીઠું જ નીકળે તેનો કોઈ ચોક્કસ નિર્ધાર નથી. ૧૮. બધી જગ્યાએ એકસરખી રીતિ હોતી નથી. રીતિ બધી ભિન્ન ભિન્ન દેખાય છે. તેમ માણસમાં પણ જાણવું. જેમ કે, શુદ્ધ જ્ઞાનરૂપ ગુણવાળી બુદ્ધિનો જ્યારે પ્રકાશ થાય ત્યારે

જીવમાં રહેલું જે અજ્ઞાન છે તે આપોઆપ દેખાય છે. પ્રહ્લાદ અને પ્રિયવ્રતને જ્યારે જ્ઞાન થયું ત્યારે તે અતિ સમર્થ થયા. ૧૯-૨૦.

भगवान में सार मनाये जबहू, ओर सार असार भये तबहू;
भगवान बिन रहे सार जो जेते, जब देखेउ असार हि तेते...२१

जथार्थ हि भगवान के ज्ञाना, पूरे तब पाये यह रहाना;
एसी समझ होत हे ताकू, मोक्ष भये कहावत वाकू...२२

ભગવાનમાં જ્યારે વાસ્તવિક સાર મનાય છે ત્યારે બીજી જે બાબત સારરૂપ ગણાતી હોય તે અસાર થઈ જાય છે. અને ભગવાન સિવાયની સારરૂપ જેટલી વસ્તુ છે તેને જ્યારે અસારરૂપ દેખે છે ત્યારે ભગવાનનાં સ્વરૂપનું પૂરેપૂરું યથાર્થ જ્ઞાન તે પામ્યો છે; આવી સમજણ જ્યારે દૃઢ થાય છે ત્યારે મોક્ષ થયો કહેવાય છે. ૨૧-૨૨. જ્યાં સુધી આવી સમજણ ન આવે ત્યાં સુધી મોક્ષ થવામાં કસર રહે છે. માટે આવી સમજણ હોવી કે થવી એને જ અમે મોટો પ્રતાપ કહીએ છીએ.' ત્યારે એરણ સાહેબે કહ્યું, 'આપની વાત તો સહુ કરતા ઘણી અગાધ છે. આવી અગાધ વાત કરીને આપ પણ અગાધ રીતે નિર્બાધ દેખાઓ છો. ૨૩-૨૪.

અગાધ પુરુષનું એ જ મુખ્ય લક્ષણ છે કે, તેઓ જે જે વાત કરે તે આશ્ચર્યકારી હોય છે. ૨૫. આવી શુદ્ધ સમજણરૂપ આશ્ચર્યકારી વાત સિવાય કોઈની મહત્તા દેખાતી નથી અને તેવી મહત્તા વિનાના જે કોઈ મતો છે તે જીવાત્માઓને ઊતરતા માર્ગે ચલાવે છે. ૨૬. હું એટલું સમજુ છું કે **આ જગતમાં જેટલા લોકો ઊતરતે માર્ગે ચાલે છે તેઓ અંતે સુખ પામતા નથી.** ૨૭. બીજા બધા મતપંથોમાં કોઈ આપના સમાન શુદ્ધ જ્ઞાન જાણતા નથી. માટે તેઓ ઊતરતે માર્ગે ચાલે છે, તેથી નિમ્ન કક્ષાના થઈ ગયા છે. ૨૮. કુસંગ કરીને તેમાં મોટાઈ માને છે, તેઓ તો અજ્ઞાનીઓમાં શિરોમણિ રહ્યા છે. પોતે દિગંબર થઈને કપડાં પહેરનારાની અવજ્ઞા કરે તે મુર્ખ છે. પોતે પોતાની અવજ્ઞા કરીને શિર ઉપર પાપનો ભાર ભરે છે. ૨૯-૩૦.

તે બધા મતપંથીઓ અજ્ઞાનરૂપી અંધારાથી અવરાઈ ગયા છે. તેથી તેમને તેની ગમ રહી નથી. આ આશ્ચર્યકારી વાત રહી છે. તેને ક્યારેય

સન્માર્ગ દેખાતો નથી. ૩૧. તેથી તે લોકો સન્માર્ગે ચાલનારાની હાંસી-મશ્કરી કર્યા કરે છે માટે તેનાં ગળામાં જમની ફાંસી પડે છે. કેમ જે, **મોટા સત્પુરુષોનું જે અપમાન કર્યું હોય છે, તેનું ફળ પણ જમપુરીરૂપી મોટું જ મળે છે.** ૩૨. તે મતપંથીઓ આંખ હોવા છતાં દેખતા નથી, કાન હોવા છતાં સાંભળતા નથી, પગ હોવા છતાં જ્યાં ચાલવાનું હોય તેવા સન્માર્ગે ચાલતા નથી અને જે કરવાની વાત હોય તે કરતા નથી. ૩૩. મોટા સત્પુરુષનો આ કોઈ શાપ થયો હશે કે કોઈ મોટા પાપને લીધે તે સત્ય વાતને દેખતા નથી. હું તો કહું છું કે આપના સમાન જે સત્પુરુષ છે, તેનો દ્રોહ કોઈથી ભૂલમાં પણ ન થવો જોઈએ. ૩૪.

પશુ-પંખીના દ્રોહના પાપ જેવું તમારા દ્રોહનું પાપ નથી. કોઈ મનુષ્ય જો એકવાર પણ આપનો સત્કાર ક્યારેક કરે તો તે સત્કારરૂપી મોટા પુણ્યને લીધે તેના અલ્પ એવા પાપનો એક પળવારમાં નાશ થઈ જાય છે. અને તે પછી જે જે જન્મ પામે છે, તેમાં આપનો અતિશય સત્કાર તેનાથી થઈ શકે છે. ૩૫-૩૬. માટે હે પ્રભુ, હું હાથ જોડીને ઉપર કહ્યા પ્રમાણે માગું છું. કેમ કે, આ શરીરનો કોઈ નિર્ધાર નથી. અને અત્યારે જે મને શુભ અવસર મળ્યો છે તેવો વારેવારે મળે નહિ. ૩૭. આપની કે આપના શિષ્યોની જ્યારે જે કાંઈ પણ કાર્ય કરવાની ઇચ્છા હોય ત્યારે તરત મારી પાસે આવવું. હવે આપને કોઈ રોકશે નહિ. ૩૮.

મારી તો એવી ઇચ્છા છે કે, હવે આપ અહીં અમદાવાદમાં તમારો મુકામ કરો. અને જ્યાં આપ કહો ત્યાં સારામાં સારી જગ્યા હું અપાવું. ૩૯. અમે તો કંપની સરકારને આધીન છીએ. અમારા જેવા તો ઘણા અધિકારી રહ્યા છે. અમે સ્વતંત્ર નથી. જ્યાં જવાનો હુકમ આવે એટલે તરત અમે ચાલતા થઈ જઈએ છીએ. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીનગરમાં શ્રીહરિની એરણ સાહેબની સાથે વાતચીત થઈ" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર સત્તરમું : તરંગ - ૭૬

શ્રીહરિ શ્રીનગરના નવાવાસમાં મનપસંદ જમીન બતાવીને ચાલતા થયા

એરણ સાહેબ જ્યારે શ્રીહરિની આગળ બોલી રહ્યા તે પછી શ્રીહરિએ એરણ સાહેબને કહ્યું, ૧. 'તમારી મરજી દેખીને અમે અહીં પાંચ દિવસ રહ્યા છીએ. હવે અમે આપની રજા માગીએ, એમ અમારી ઈચ્છા છે.' ૨. ત્યારે સાહેબે ધર્મકુમાર શ્રીહરિને કહ્યું, 'આપના બધા આશ્રિત શિષ્યોને ઘેર પધરામણી કરો. બધા શિષ્યોનાં મનમાં ઘણો ભક્તિભાવ છે. ૩. આપના શિષ્ય બધા હરિભક્તોને આપના ઉપર ઘણો ભાવ છે, તો તેમને રાજી કર્યા પછી ચાલવાની આપને રજા છે. ૪. તે પછી શ્રીહરિ શ્રીનગરમાં બે દિવસ રહ્યા. જેટલા હરિભક્તો હતા, તે બધાને ઘેર પોતે પધાર્યા અને હરિભક્તોએ ખૂબ ભક્તિભાવથી પૂજા કરી. ૫. હરિભક્તોએ ધૂપ, દીપ કરીને આરતી કરી.

જે દિવસથી શ્રીહરિ શ્રીનગરના હરિભક્તો વચ્ચે આવ્યા ત્યારથી ત્યાં અલૌકિક સમય વર્તતો હતો. ૬. તે દિવસથી પૂર્વે આવો સમય ક્યારેય આવ્યો ન હતો. સુંદરવર પ્રભુ રોઝા ઘોડા ઉપર બેસીને ઘેર ઘેર પધરામણીએ ફર્યા હતા. ૭. એવી શોભા બની હતી કે તેમાંથી હું થોડી જ કહું છું. બધી શોભા કહી શકતો નથી. થોડામાં પણ થોડી કહું છું, છતાં આ ગ્રંથ વધારે પડતો વધી જાય છે. ૮. બુદ્ધિમાં એટલી સ્થૂળતા છે કે થોડા શબ્દોમાં બધી વાત આવી શકતી નથી. જો કોઈ અપાર બુદ્ધિમાન હોય તો બધી વાતને થોડા શબ્દોમાં કહી દે. ૯.

અનંત વાતોમાંથી હું એક વાતને ઘણા સંક્ષેપમાં લખી રહ્યો છું, છતાં પણ ગ્રંથ અપાર થઈ ગયો છે. મારી બુદ્ધિમાં એટલી સ્થૂળતા રહી છે. ૧૦. **બહુ મોટો ગ્રંથ થયો છે, એમ જે સાંભળે છે એટલે કેટલાક લોકો તેને દૂરથી જ ત્યજી દે છે. નાનો ગ્રંથ સાંભળવામાં સહુ લોકોને તાન રહે છે. ૧૧. આ ગ્રંથના એક એક પૂરને જો એક એક ગ્રંથ માનવામાં આવે**

તો મનમાં વાંચવા-સાંભળવાની શ્રદ્ધા ટકે. કેમ જે, આ રીતે આને એક એક પૂરનો નાનો ગ્રંથ માને તો તેમ માનવાથી મનમાં બહુ વધારે પ્રેમભાવ થાય અને વાંચી-સાંભળી શકે. ૧૨.

दोहा : भाव अल्प रहे तिनकु, अल्प ग्रंथ ही जेहु;
मेरु के सम लग हि एह, एसे बात रहे तेहु...१३
बहुत भाव रहे जिनकु, ग्रंथ हि सिंधु समान;
वछ के पद सम लग हि यह, निश्चे किये प्रमान...१४

જેનાં મનમાં થોડી ભાવના હોય તેને નાનો ગ્રંથ પણ મેરુના જેવો લાગે છે. આ હકીકત વાત છે. ૧૩. હું ચોક્કસ પ્રમાણિત રૂપમાં કહું છું કે જેનાં મનમાં ઘણો જ શ્રદ્ધાભાવ હોય, તેને સાગર જેવો ગ્રંથ પણ વાછડાંના પગલામાં ભરાયેલા પાણી જેટલો સ્વલ્પ લાગે છે. ૧૪. શ્રીનગરના ભક્તોએ પોતાની સંપત્તિ પ્રમાણે વસ્ત્ર અને ઘરેણાં વગેરે શ્રીહરિને પહેરાવ્યા અને મનોવાંછિત સુખ પ્રાપ્ત કર્યું. ૧૫. શ્રીહરિ આ રીતે એક દિવસ રહ્યા. પછી બીજે દિવસ ચાલવા તૈયાર થયા અને વિપ્ર નાનાભાઈ ભટ્ટને પોતાની પાસે બોલાવ્યા. ૧૬. ચોપદાર કુબેરસિંહ, ચોક્સી રણછોડભાઈ, વણિક લાલદાસ, કણબી દામોદર તથા શંભુદાસ અને બંને નથુ ભટ્ટ, તે બધાને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યા અને નવાવાસની સામે નાયકના ઘરથી સંતોના ઉતારા સુધીની જે જગ્યા હતી તે બધી બતાવી. પછી કહ્યું કે આ સ્થળે બંને બાજુ સંતો માટેની મોટી ધર્મશાળા કરવી અને તેમાં જરા પણ આળસ રાખવી નહિ. ૧૭-૧૯.

એરણ સાહેબને અત્યારે ઘણો આદરભાવ છે. જેટલી જગ્યા કહેશો તેટલી આપશે. તેથી સંતોને માટે સારી ધર્મશાળા અહીંયા થશે. ૨૦. ભરતખંડના રાજા ભગવાન નરનારાયણદેવ અહીં આવીને નિવાસ કરશે અને ભક્તોનાં પાપનો નાશ કરશે.' ૨૧. ત્યારે નાનાભાઈ ભટ્ટ બોલ્યા, 'અમે જગ્યાનો નિર્ણય ચોક્કસ કરશું. બધા હરિભક્તો મદદ પણ કરશે. કારણ કે સહુને સંતોના ઉપર ઘણું હેત રહ્યું છે. ૨૨. શ્રીહરિ થાળ જમીને ચાલતા થયા. અશ્વ ઉપર તરત ઘણા હરખથી બેઠા અને તે સમયે શહેરના હરિભક્તો

બધા આવ્યા. ૨૩. તે સમયે શ્રીહરિની સાથે જેટલા બુદ્ધિમાન સંતો હતા, તે બધા તૈયાર થયા અને જેટલા સવારો હતા, તે પણ તૈયાર થયા. ૨૪.

પહેલા જેટલી જગ્યા કરવાની હતી તેટલી શ્રીહરિએ આવીને લીટો કરી આંકી દીધી. ૨૫. જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને જગ્યાની વચ્ચે ઊભા રહ્યા અને જે જગ્યા પસંદ કરી હતી ત્યાં અશ્વે પોતાના પગથી જમીનને ખોતરી. ૨૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘અમારા અશ્વે સહુ પહેલા ખાતમૂહુર્ત કરી દીધું છે. હવે કામ ચાલું કરવામાં તમારી જ વાટ રહી છે.’ આમ કહીને શ્રીહરિ ચાલ્યા. ૨૭.

ત્યારે વહેલાલ ગામના હરિભક્ત જેસીંગભાઈ નામે પ્રસિદ્ધ અમીન હતા. ૨૮. તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ‘પ્રભુ, મારી એક વિનંતિને આપ સાંભળો. બહુનામી આપ કરુણા કરીને અમારે ગામ આવો. ૨૯. આપને માટે અમે કેરી પકાવી રાખી છે. તો આપ ત્યાં આવીને પ્રેમથી કેરી જમો અને સંતોને જમાડો; એવો અમારા મનમાં ખૂબ જ પ્રેમભાવ રહ્યો છે. ૩૦. આપની ઈચ્છામાં આવે તેટલા દિવસ આપ રહેજો. આપની મરજીનો લોપ અમે કોઈ નહિ કરીએ.’ ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘અમે એક રાત તમારે ત્યાં રહીને બીજે દિવસે જમ્યા પછી ચાલશું.’ ૩૧.

સુખનું મૂળ, શોભાના સાગર અને શ્રીવ્રજચંદ્ર આવા શ્રીહરિ આમ કહીને ચાલ્યા અને જે જે દેશના હરિભક્તો આવ્યા હતા, તે સહુને પોત પોતાને ઘેર જવાની રજા આપી. ૩૨. શ્રીહરિ શ્રીનગરના રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું અને આગળ ચાલતા ચોપદારો મુખથી ‘જય જય...જય જય...’ એવો ઉચ્ચાર કરતા હતા. ૩૩. શ્રીહરિની સાથે જેટલા સવારો હતા, તે બધા દેવો કરતાં પણ વધારે શોભતા હતા. અને બધા અશ્વો પણ વિમાનના જેવા શોભતા હતા, તેમ નગરજનો પરસ્પર કહેતા હતા. ૩૪. વળી, જેટલી નગરની હરિભક્ત બાઈઓ હતી, તે મંગળમય ધોળ ગાતી ગાતી સવારીની પાછળ ચાલતી હતી અને શ્રીહરિનાં દર્શન કરતી હતી. ૩૫.

ઘણા બધા ફૂલના હાર વચ્ચે શ્રીહરિની મૂર્તિ અપાર શોભતી હતી. તે કહી શકાતું નથી. ચોપદારની આગળ જે પાર્ષદો બંદૂકધારી ચાલી રહ્યા હતા તે ઘણા શૂરવીર હતા. ૩૬-૩૭. અને જેટલા સંતો હતા, તે બધા સારસ્વત વ્યાકરણ, કાવ્યો અને પુરાણોને ભણેલા હતા. તેઓ શ્લોકો બોલતા હતા. ૩૮. તે સંતોએ વિવિધ પ્રકારના શ્લોકો બોલીને આખા શહેરને ગજવી મૂક્યું હતું. અને ત્યાં જે નગરના પંડિતો હતા, તે બધા શ્લોકો સાંભળતા હતા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ શ્રીનગરના નવાવાસમાં મનપસંદ જમીન બતાવીને ચાલતા થયા" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર સત્તરમું : તરંગ - ૭૭

શ્રીહરિ શ્રીનગરથી વહેલાલ આવ્યા અને લોકવાણી કહી

અમદાવાદ શહેરના જે હરિભક્ત પુરુષો હતા તે ઘણા પ્રેમભાવથી ઝાંઝ અને મૃદંગ લઈને રાજમાર્ગ ઉપર ઉત્સવ કરતા ચાલતા હતા. ૧. જે ચોક્સી, સોની અને કણબી વગેરે હરિભક્ત હતા, તેઓ બધા ઉત્સવ કરવામાં મુખ્ય હતા. ૨. નિશાનો અને વાજિંત્રોવાળા શ્રીહરિની આગળ ચાલતા હતા. તેની ભારે શોભા બની હતી. ઢોલ અને તાંસા પણ વાગતાં હતાં. ૩. તે રીતે જ પડઘમ, ભેરી, રણશિંગી, તુરાઈ, શરણાઈ અને બીજા વિલાયતી વાજિંત્રો પણ વાગતાં હતાં. ૪. શહેરમાં જેટલા નરનારીઓ હતા, તેમાં ઝાઝા ભાગના બજારમાં બંને બાજુ ઊભા હતા અને ગોખ તેમજ અગાશીમાં પણ અપરંપાર ઊભા હતા. બધા મુખથી 'જય જય...જય જય...' એમ ઉચ્ચાર કરતા હતા. ૫.

સહુ એકધારા શ્રીહરિની ઉપર ફૂલના હાર વરસાવતા હતા. તે ફૂલથી બધી બજાર ભરાઈ ગઈ હતી. તેની શોભા મુખથી કહી શકાતી નથી. ૬. ધર્મકુમાર શ્રીહરિ નગરજનોને ઘણા હેત પ્રેમથી દર્શન દેતાં દેતાં ચાલ્યા અને ધીરે ધીરે નગરની બહાર આવ્યા. ૭. શ્રીહરિનાં દર્શન કરનારા જે બાઈ-

ભાઈ હતા, તે બધા પરસ્પર શ્રીહરિવરના ગુણોની મુખથી વાતો કરતા હતા. ૮. વળી, સાધુઓના શુદ્ધ વર્તનની પરમ પવિત્ર વાતો પણ કહેતા હતા.

વળી, એમ બોલતા કે આ સત્સંગ સિવાયના જેટલા મતપંથો છે, તે બધા ધન અને નારીમાં ખૂંતી ગયેલા છે. ૯. તેઓ સંસારરૂપી સાગરમાં ડૂબેલા છે. ડૂબેલા હોય તે કોને તારી શકે ? સ્વયં સંસારમાં જે ડૂબેલા છે તે સંસાર તરનારાની મશ્કરી કરે છે, પણ પોતાના અંતરમાં તપાસ કરીને દેખતા નથી. ૧૦. **જેઓ અંતરમાં કે બહાર ખરી વસ્તુને દેખી શકતા નથી અને ગુરુ થઈને બેઠા છે, ગુરુપણાની રીતને પણ જાણતા નથી, તો તેવા અજ્ઞાની લોકો મોક્ષ કોનો કરશે ?** ૧૧. આવા લોકોને આખું જગત બહુ માને છે, પણ તપાસીને લેશ પણ દેખતા નથી. ધન અને સ્ત્રી જેમાં ઘણા મળે, તેમાં તેવા ગુરુઓ મોક્ષ માને છે. ૧૨. જે ગુરુઓને સારું ખાવાનું અને સારાં વસ્ત્ર મળતાં રહે છે, જેને હાથી અને ઘોડા પણ અપાર હોય છે, સાત માળની હવેલીઓ રહેવા માટેની હોય છે, અને વિવિધ પ્રકારના મ્યાના તથા રથને રાખતા હોય છે. વળી, સંસારનો ત્યાગ કરીને અનેક શિષ્યો રાખે અને જ્યારે અપાર શિષ્યો થઈ જાય છે ત્યારે ધીરે ધીરે **સંસારની અપાર રિદ્ધિ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. આ રીતે જેની પાસે ધનનો ખજાનો વધે છે, પછી તેનાથી લગાર પણ ત્યાગ રહેતો નથી.** તેવા ગુરુઓથી જીવનો મોક્ષ કેમ થાય ? ૧૩-૧૫.

પણ આ શ્રીહરિએ તો ત્યાગીઓ માટેની એવી શુદ્ધ રીતિ બાંધી છે કે તેનો ક્યારેય નાશ ન થાય અને બ્રહ્માંડ રહે ત્યાં સુધી ટકી રહે. ૧૬. અને શ્રીહરિએ ત્યાગીની જે રીત બાંધી છે તે અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટેની છે. તે રીત-મર્યાદાનો કોઈ ત્યાગી લોપ કરે તો અનંત જન તરત જ વિમુખ થઈ જાય છે. ૧૭. આ શ્રીહરિની એવી જ ઇચ્છા છે કે ત્યાગની રીતિનો ક્યારેય લોપ ન થઈ જાય. મોક્ષરૂપ જે પોતાની મહાન ગાદી, ૧૮. તેને લાંછન ન લગાડે એવા ઉત્તરાધિકારી કરશે. કેમ જે, આગળ પાછળનો નિશ્ચય કરનારી તેમની બુદ્ધિ અપરંપાર છે. ૧૯. પોતાની ધર્મની ગાદીનો અત્યારે જેવો પ્રતાપ છે તેવો ને તેવો પ્રતાપ કાયમ રહે, તેવો પોતે વિચાર કરીને જેનાથી ત્યાગીનો ધર્મ સચવાય તેવા ગાદીના પૂજ્ય ઉત્તરાધિકારી

કરશે. આ શ્રીહરિ ત્યાગીના ધર્મનું રક્ષણ કરવા માટે ગાદીના યોગ્ય અધિકારી બનાવશે. કેમ જે, પ્રથમ ગાદીપતિ આચાર્યો જો ધર્મનું પાલન કરે તો જ તેના દ્વારા ત્યાગી, ગૃહીના ધર્મની રક્ષા થાય. ૨૦-૨૧.

આ શ્રીહરિમાં એવી બુદ્ધિ રહી છે કે તેવી બીજા કોઈમાં દેખાતી નથી. નગરજનો એવી વાતો કરતા હતા કે અત્યારે શ્રીહરિના સમાન કોઈ દેખાતું નથી. ૨૨. જેના જે ધર્મ-નિયમો છે, તેને તે જ્યાં સુધી પાળતા નથી ત્યાં સુધી આ શ્રીહરિના સત્સંગની આગળ બીજા બધા મતપંથો તો ચોર જેવા દેખાય છે. ૨૩. અને ત્યાં સુધી તે ભગવાનના ગુનેગાર રહેશે. આ શ્રીહરિ જ્યારે પ્રગટ થયા ત્યારે સાચી હકીકત દેખાણી. આટલા દિવસ તો આ બધા ચોર છુપાઈ રહ્યા હતા. ૨૪. જે સાચો ધર્મ છે તે અધર્મને દેખાડી દે છે, એટલે આ શ્રીહરિનો સત્સંગરૂપી ધર્મ સર્વોપરિ છે. અને જે રૂડી બુદ્ધિવાળા છે તે તેને પારખી લે છે. ૨૫. જ્યાં સુધી લોકો અધર્મને ધર્મ માનતા રહે છે ત્યાં સુધી અધર્મનું બળ ટકી રહે છે. ૨૬. ધર્મની આગળ કોઈ દિવસ અધર્મનું ચાલતું નથી; એ જ સાચા ધર્મનું લક્ષણ છે, માટે એને જ સાચો ધર્મ માનવો. ૨૭.

સાચો ધર્મ જ્યાં રહ્યો હોય છે ત્યાં ન કરવાની વાત કોઈ કરે જ નહિ, અને તેને જ સાચો ધર્મ કહેવાય છે. અને ન કરવાનું જે જેટલું કરતા રહેતા હોય છે ત્યાં તેટલો અધર્મ કહેવાય છે, એમ સહુ કહે છે. ૨૮. **અધર્મ અનેક પ્રકારે ધર્મના અપાર રૂપ ધરી લે છે. તે લગાર પણ દેખ્યામાં આવતા નથી. જેમ કે, ધર્મ, ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાન વગેરેનું અધર્મ રૂપ ધરી લે છે.** ૨૯. આવો અધર્મ દેખ્યામાં આવતો નથી. ભલે ચાહે તેટલા ગ્રંથ સાંભળે અને હરિભક્તોમાં પરસ્પર હેત રહે, તેમનું ચિત્ત ક્યારેય જૂદું ન પડે, તે સાચો સત્સંગ છે. ૩૦. **એકબીજાની સાથે જ્યારે પ્રેમથી બોલે નહિ ત્યારે તેમાં અધર્મનો પ્રવેશ થયો જાણવો. અને જ્યારે અધર્મ પ્રવેશે છે ત્યારે તેને કુસંગ ગમે છે અને હરિભક્ત સારા લાગતા નથી.** ૩૧.

चोपाई :

हरिजन के बोले अवगुण जेहा, अधर्म तब ही तामें तेहा;
हरिजन के बोले गुन जिहाँ लगही, आपके अवगुन तिहाँ लगही...३२

बोले जिहाँ लग हि ता मांही, धर्म ताके आवेश रहाही;
एक एक मुख करे वखाना, छाने जो करत हि अपमाना...३३
अधर्म एही करे निवासा, भजन करत रहे स्वास उसासा;
भजन करत रहे दिन राती, अधर्म आई बेठेउ छाती...३४

જે મનુષ્ય હરિભક્તોના અવગુણોને બોલે છે ત્યારે તેમાં અધર્મ રહ્યો છે, તેમ જાણવું. અને જ્યાં સુધી હરિભક્તોના ગુણોને વખાણે છે અને પોતામાં રહેલા અવગુણોને બોલે છે ત્યાં સુધી તેમાં ધર્મનો પ્રવેશ રહ્યો છે, પણ જો દરેક મનુષ્ય મોઢે વખાણ કરે અને છાની રીતે નિંદા કે અપમાન કરે તો તેમાં અધર્મ નિવાસ કરીને રહે છે. પછી તે દિવસ અને રાત શ્વાસોશ્વાસ ભજન કરતો હોય તોપણ તેની છાતી ઉપર અધર્મ ચઢી બેઠો છે, એમ માનવું. ૩૨-૩૪. સત્સંગમાં આવી વાતો રાત-દિવસ થતી રહે છે અને તેને લીધે સત્સંગમાં પ્રવેશ કરતા અધર્મ ડરતો રહે છે. ૩૫. જ્યારે શ્રીહરિ અમદાવાદ શહેરથી બહાર નીકળ્યા ત્યારે જે જે નગરના હરિભક્તો સાથે આવ્યા હતા તે બધાને શ્રીહરિએ તે સ્થળે ઊભા રાખ્યા. ૩૬. જેટલા વાજિંત્રવાળા હતા, તે બધાને પણ વિદાય આપી. રસ્તાની ચારેબાજુ આંબાની છાયા હતી અને પછી શ્રીહરિ તેમાં ચાલતા થયા. ૩૭.

જ્યારે સાંજનો સમય થયો ત્યારે સંતોએ સહિત શ્રીહરિ **વહેલાલ** ગામ આવ્યા. અને ગામના જે હરિભક્તો હતા, તે બધા સન્મુખ આવ્યા. વાજિંત્રોને સાથે લાવ્યા હતા. સહુ શ્રીહરિને પગે લાગ્યા અને તેમના હૃદયમાં અત્યંત આનંદ છવાઈ ગયેલો હતો. ૩૮-૩૯. જે ફૂલના હાર લાવ્યા હતા તે સહુએ શ્રીહરિને પહેરાવ્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. અને સહુ ગામ તરફ ચાલતા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ શ્રીનગરથી વહેલાલ આવ્યા અને લોકવાણી કહી" એ નામે સિત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર સત્તરમું : તરંગ - ૭૮

વહેલાલમાં પધારેલા શ્રીહરિએ સંતોના હિતની વાત કરી

વહેલાલ ગામના હરિભક્તોએ શ્રીહરિનો અને સંતોનો અલભ્ય લાભ લેવા માટે ઘણા ભાવથી બે હાથ જોડીને ગામમાં પધરાવ્યા. ૧. જે દિવસે લાભ મળે તે દિવસે લઈ લેવો. આવો સમય ફરીવાર ન આવે; આવું સમજીને બધા હરિભક્તો ઘણો ભાવ દેખાડતા હતા. ૨.

सोरठा : हरिजन बुद्धिवंत, जितने रहे चकोर तेहि;
हरि के लाव अतंत, लेवत रहे वर्ष वर्ष प्रति...०३
हरि विन जितने लाव, लेवत रहे संसारहु के;
भूल गये तितने दाव, हरिजन नकि जानत रहे...०४

વહેલાલના જે વિચક્ષણ અને બુદ્ધિશાળી હરિભક્તો હતા, તે દર વર્ષે જ્યાં શ્રીહરિ હોય ત્યાં સેવાનો અત્યંત લાભ લેતા હતા. ૩. ભગવાનની સેવા સિવાયનો સંસારનો જેટલો લાભ લોકો લે છે, તે બધા ખરા દાવ-લાભને ભૂલી ગયા છે, તેમ બધા પાકા હરિભક્તો મનમાં સમજતા હતા. ૪. શ્રીહરિ જ્યારે ગામમાં પધાર્યા ત્યારે રાજમાર્ગને સ્વચ્છ કરીને પાણી છંટાવી દીધું હતું, તેમજ રસ્તાની બાજુમાં કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૫. બજાર ઉપર જેટલી દુકાનો અને દરવાજાઓ હતા, તે બધાને સુંદર રીતે શણગાર્યા હતા. અને ગામના જે મનુષ્યો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવાને માટે બજારમાં આવી હાથ જોડીને ઊભા હતા. સહુ ઘરના કામકાજ છોડીને શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા હતા અને વારંવાર વિનંતિ કરતા હતા. ૬-૭.

શ્રીહરિ આ રીતે ગામલોકોને દર્શન દઈને ગામથી બહાર આવ્યા. ગામના પૂર્વ તરફના દરવાજાની નજીક બહાર આવીને ત્યાં ઉતારો કર્યો. ૮. એક સરસ રંગેલો પલંગ બિછાવી રાખ્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. શ્રીહરિએ પોતાનાં બધાં અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી સહુ સંતો ત્યાં આગળ આવીને બેઠા. ૯. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે

હરખથી ગોડી અને આરતી વગેરે કર્યા. તે સમયે જ્યારે બે મશાલો થઈ ત્યારે શ્રીહરિ પોતે ઊભા થઈને ધૂન બોલ્યા. ૧૦.

જ્યારે શ્રીહરિ ધૂન બોલી રહ્યા ત્યારે પલંગ ઉપર બેસી ગયા. શ્રીહરિ જેવું ભોજન કરતા હતા તેવી વર્ણીએ પરમ પ્રેમથી રસોઈ તૈયાર કરી. ૧૧. પરમ દયાળુ શ્રીહરિ તત્કાળ જમીને આવ્યા અને પલંગ ઉપર બેઠા. પાર્ષદો, કાઠી દરબારો અને ક્ષત્રિય રાજાઓ સાથે જે હતા તે સહુ પણ જમ્યા. ૧૨. સંતો સાત કોશ ચાલીને આવ્યા હતા, તેથી જેટલાને ભૂખ લાગી હતી, તે સહુએ જઈને ભોજન કર્યું. તે વાત શ્રીહરિએ સાંભળી. ૧૩. શ્રીહરિ જ્યારે વાત કરતા હતા ત્યારે તે બધું ધ્યાન રાખ્યું. વાતો કરતા હતા ત્યારે કાંઈ બોલ્યા નહિ, પણ પછીથી પોઢી ગયા. ૧૪. બધા સંતો કીર્તન, ભજન કરીને ત્યાં જ પોઢી રહ્યા. અને જે શક્તિશાળી ધ્યાની સંતો હતા તે સવાર સુધી ધ્યાનમાં બેઠા રહ્યા. ૧૫.

જ્યારે સવાર થયું ત્યારે સંતોએ પહેલા નારાયણધૂન કરી અને પછી સ્નાન કરીને આવ્યા. અને બધો પૂજાવિધિ કર્યો. ૧૬. ત્યાંથી અગ્નિખૂણા તરફ એક મોટી ઘાટી છાયાવાળી રાયણ હતી. તેને નજીકમાં જે બીજી રાયણ હતી ત્યાં જઈને શ્રીહરિએ સભા કરાવી. ૧૭. ગામના જે હરિભક્તો હતા, તે સહુ સતત સેવા કરતા હતા. પછી શ્રીહરિ જેનાથી પરમ સુખ-શાંતિ થાય, એવી વાતો સંતોની આગળ કરવા લાગ્યા. ૧૮. **સંતોની જેવી રીત છે તેવી પરમ પવિત્ર બીજી કોઈ રીત નથી. અને તેને લીધે જ મોટા મોટા દેવો અને ઋષિઓ સંતોને કાયમ પૂજતા રહે છે. ૧૯. જે ભગવાનના ખરા ભક્ત હોય છે, તેને રાજી રાખવા અને તેના મનોરથોને અનુરૂપ ભગવાન સતત તેને અનુકૂળ વર્તે છે. ૨૦.**

પરીક્ષિત રાજા ભક્ત હતા, પણ તેને ભગવાનના ચરિત્રમાં વારંવાર દોષ દેખાયા હતા. ભગવાને તેની ગર્ભમાં રક્ષા કરી હતી, છતાં ભગવાનના ચરિત્રોમાં તેમણે દોષ લીધો હતો. અને શુકદેવજીના જેવા સંતો ભગવાનના ચરિત્રોમાં ક્યારેય દોષ દેખતા નથી. પરંતુ બધા ચરિત્રને નિર્દોષ-પવિત્ર માને છે. સંતોનું વર્તન ભગવાનને પ્રસન્ન કરવાને માટે જ રહ્યું હોય છે.

૨૧-૨૩. **જે સંતો છે તે નાની એવી વાત માટે પોતાનાં વર્તનમાં કાંઈ ફરક પડવા દેતા નથી. અને વર્તનમાં જેટલો ફરક રાખે તે બીજાને તરત દેખાઈ આવે છે.** ૨૪.

दोहा : आपके दोष आपकु, देखेमें नहि आत;
देखावे दोष ओर जब, तरत ही तब देखात...२५
देखाये न देखत जो, निरंध जिनते जेह;
देखाये देखत जितने, अंध न कहावत तेह...२६

મનુષ્યને પોતાના દોષો દેખવામાં આવતા નથી, પણ જ્યારે કોઈ દોષ દેખાડે ત્યારે તે તરત દેખાય છે. ૨૫. સ્વયં દેખતો હોવા છતાં તેના દોષને કોઈ દેખાડે છતાં તે જો ન દેખે તો તે આંધળો કહેવાય છે, પણ જે દેખાડવાથી દોષને માને છે તેને આંધળો કહેવાતો નથી. ૨૬. જેટલા સંતો એક જ વખત જમતા હતા અને ક્યારેય બીજી વખત કોઈ જમાડે તોપણ જમતા નહિ, તેમને એકવાર જમવાનો નિયમ ટકી રહેતો; પણ જે સંતો બીજી વખત જમાડવાથી જમે છે તેને એક વખત જમવાનો નિયમ કાંઈ રહેતો નથી. ૨૭-૨૮. જે સંતોને એક વખત જમવાનો નિયમ રહ્યો હોય તે બોલો. કદાચ કોઈને શરીરમાં રોગનો ઉપદ્રવ થયો હોય અને તેને લીધે અન્નની રુચિ ન થતી હોય, ખાવાના પદાર્થને દેખીને ઊલટી થઈ જતી હોય અને અડધો શેર કે પાશેર જેટલું જ અન્ન ખાતા હોય, તે સંતને બીમાર જાણવા. ૨૯-૩૦.

વળી, જે સંતના મુખમાં એક પણ દાંત ન હોય અથવા જે સંતના માથાના વાળ ધોળા થઈ ગયા હોય અથવા જે સંત દસ-પંદર કોશ ચાલીને આવ્યા હોય અથવા જે સંતે આખો દિવસ કોઈ મોટી સેવાનું કામ કર્યું હોય અથવા જે સંતને અન્ન જમ્યા પછી ઊલટી થઈ ગઈ હોય અને જે પંદર વર્ષ સુધીના બાળક હોય, તે બધા સંતોને બીજીવાર જમવાની અમે છૂટ આપીએ છીએ. ૩૧-૩૨. આ ઉપર બતાવેલ વિગત સિવાય કોઈ સંતને બીજી વખત જમવાની અમે ક્યારેય છૂટ આપતા નથી. તો તમારામાં જેને એક વખત જમવાનો નિયમ હોય તે સભામાં ઊભા થાઓ. ૩૩. શ્રીહરિ

ઘણા ઉત્સાહથી આવું બોલી રહ્યા હતા. અને વળી, કહ્યું કે ક્યારેય કોઈએ નિયમનો ભંગ કરવો નહિ. હવે અમારે દર વર્ષે સત્સંગમાં ફરવું છે. ૩૪. તમે જેટલા સંતો અને વર્ણીઓ છો, તે સહુને સાથે લઈને ફરવું છે અને હવે સર્વોત્તમ વાત કરવી છે. ૩૫.

चोपाई :

समझवे की रहे बहु बाता, तुमकु नहि आवत देखाता;
हरि बिन चित्त दोरत जिहाँ लगहि, कसर रहे जीय में तिहाँ लगहि...३६

સમજવાની ઘણી વાતો બાકી રહી છે. તમને બધાને તે દેખાતું નથી. જ્યાં સુધી મન ભગવાન સિવાય બીજી બાબતમાં દોડે છે ત્યાં સુધી જીવમાં સમજણની ઘણી કસર રહી છે. ૩૬. **આ જીવને ચિત્તમાં કેટલાએ જન્મથી સંસાર ચોંટી ગયો છે, તેથી તે ભગવાનનું ભજન કરવામાં વારંવાર અપાર વિઘ્ન કરે છે.** ૩૭. **જ્યાં સુધી ચિત્તમાં સંસારનું એક પણ મૂળ છુપાઈને રહ્યું હોય ત્યાં સુધી ભજનમાં વિઘ્ન થાય છે. કેમ જે, તે કોઈ દિવસે વિઘ્ન કરી શકે છે.** ૩૮. ભગવાન સિવાયની બીજી વાતને જે સાર માનવામાં આવે છે તે જીવના શત્રુ ગણાય છે. આ હકીકત તમને કહ્યા સિવાય ક્યારેય દેખવામાં આવતી નથી. ૩૯. **જે પોતાના શરીરને જેટલું શ્રીહરિના હિત અર્થે નથી કરી રાખતો તેટલું તેનું શરીર તેનું શત્રુ છે. અને જ્યારે શરીરને કેવળ હરિ માટે જ કરી રાખે અને શરીરમાં શત્રુભાવ રાખે તો તે શરીરથી સત્સંગ કરી શકે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વહેલાલમાં પધારેલા શ્રીહરિએ સંતોના હિતની વાત કરી" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર સત્તરમું : તરંગ - ૭૯

શ્રીહરિ વહેલાલથી કણભા આવ્યા અને સંતો આગળ કેટલીક વાત કહી

શ્રીહરિના મનમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. તેથી સંતોના પ્રત્યે ઘણા પ્રેમભાવથી ફરીને પરમ રહસ્યરૂપ વાત કરી. ૧. શ્રીહરિ કહે, 'જ્યાં સુધી ઇન્દ્રિયો અને અંતઃકરણ ભગવાનથી દૂર ભાગતા રહે છે ત્યાં સુધી તે તેટલા વિમુખ છે, એમ જાણવું. ૨.

सोरठा : विमुख जो हरि सन्मुख, चलना रहे कठिन अति;
मानना कहा दुःख, जीय से देह रहे भिन्न अति...०३

જે વિમુખ હોય તેમને ભગવાનને સન્મુખ ચાલવું, તે ઘણું કઠણ પડે છે. તેમાં દુઃખ પણ શું માનવું ? કારણ કે જીવથી દેહ ઘણો ભિન્ન રહ્યો છે. ૩. દેહ કપાઈ જાય અને વિંધાઈ જાય તેવો છે અને જીવ અછેદ્ય તથા અભેદ્ય છે. તે બંનેની રીતિ એકસરખી નથી, પણ ભિન્ન ભિન્ન છે. ૪. જીવનો સ્વભાવ જીવની સાથે રહ્યો છે.' શ્રીહરિ આવી વાતો કરતા હતા. તે વખતે રસોઈ તૈયાર થતી હતી. ૫.

(પછી મહારાજે જેસંગભાઈના પિતા રઘનાથદાસને કહ્યું, 'રઘનાથ બાપા ! ભૂખ લાગી છે. રસોઈને કેટલી વાર છે ?' ત્યારે તેમણે કહ્યું, 'મહારાજ ! રસોઈયા બધા આપનાં દર્શને અહીં આવ્યા છે. માટે થોડી વાર લાગશે. અહીં ચાર-પાંચ ટોપલા કેરીઓ છે તે આપ જમો અને સૌ સંતો-હરિભક્તોને પણ પ્રસાદી આપો. ત્યાં રસોઈ થઈ જશે.'

પછી મહારાજે પોતાની પાસે કેરીના ટોપલા મંગાવ્યા. તેમાંથી મહારાજ બે હાથે કેરીઓ આપતા ગયા. સૌ સંતો, હરિભક્તો, પાર્ષદો, કાઠી દરબારો તેમજ ગામના પાટીદાર હરિભક્તો પણ કેરીઓ લેવા આવ્યા. મહારાજે સૌને જોઈએ તેટલી કેરીઓ આપી, પણ ટોપલામાંથી કેરીઓ ખૂટી નહીં. એટલે રઘનાથદાસે કહ્યું, 'મહારાજ ! આટલી બધી કેરીઓ આપે આપી છતાં આ કેરીઓ ટોપલામાં એટલી ને એટલી જ કેમ રહે છે ?'

મહારાજે કહ્યું, 'બાપા ! તમારી દીકરી વખતબા છે તેનું તપ બહુ તપે છે. તેના પ્રતાપે કેરીઓ ખૂટતી નથી.' રઘનાથદાસ આ વાત સાંભળી આશ્ચર્ય પામી ગયા. તે જાણતા હતા કે વખત બાળવિધવા થઈ ત્યારથી જ ભક્તિપરાયણ હતી. પરંતુ તેના તપથી આવો ચમત્કાર ન થાય. આ તો મહારાજનો પ્રતાપ છે.)

જેસીંગભાઈને ઘેર બધી રસોઈ તૈયાર કરાવી હતી. રસોઈમાં રસ, રોટલી અને લાડુ કર્યા હતા. તે પ્રથમ શ્રીહરિએ જમી લીધું. ૬. પછી સંતોની પંગત બેસાડી. પાર્ષદો અને કાઠીઓને પણ બેસાડ્યા. રસ અને લાડુ શ્રીહરિએ આવીને પીરસ્યા. શ્રીહરિને પીરસવામાં ઉત્સાહ ઘણો રહેતો હતો. ૭. સંતોને જ્યાં સુધી જમવાનો ભાવ રહ્યો ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. જ્યારે સંતો જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિ ભવનમાં આવી પોઢી ગયા. ૮. જ્યારે ત્રીજો પહોર દિવસ પૂરો થયો ત્યારે શ્રીહરિ તૈયાર થયા અને જેસીંગભાઈ શ્રીહરિની પૂજા કરવા માટે બધો પૂજાનો સામાન લાવ્યા. ૯.

તેમણે સહુ પહેલા કેસર યુક્ત ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું. પછી ઘણા હેતથી ચરણ ઉપર ચરચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૧૦. મસ્તક ઉપર પાઘ બંધાવી, તેમાં તોરા લટકાવ્યા. કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા. ફૂલોના બાજુ અને પહોંચી બનાવ્યા હતા, તે હાથે બાંધી દીધા. ૧૧. ધૂપ, દીપ અને આરતી કરી. તે વખતે ઘણાં વાજિંત્રો વાગતાં હતાં. જેસીંગભાઈના જે કુટુંબીઓ હતા, તેમણે બધાએ પણ શ્રીહરિની પૂજા કરી. ૧૨. ગામના બીજા જે હરિભક્તો હતા, તેમણે પણ જેનો જેવો ભાવ હતો, તે પ્રમાણે પૂજા કરી. ૧૩. પછી ચંદન અને ફૂલના હાર લઈને સંતો, વર્ણી અને પાર્ષદો વગેરેની તત્કાળ પૂજા કરી. ૧૪. સંતો, વર્ણી અને પાર્ષદોને એક એક ધોતિયું ઓઢાડીને પોતાના જન્મને સફળ માન્યો. ૧૫.

ગામમાં હરિભક્તોના જેટલા ઘર હતા તે બધા હરિભક્તોએ ઘણા ભાવથી શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧૬. હરિભક્તોનાં મનને રાજી કરીને શ્રીહરિ પછી ચાલતા થયા. અવિનાશી અને સુખરાશી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૭. મસ્તક ઉપર

શ્વેત છત્ર ધારણ કર્યું હતું. પાર્ષદો અને સંતો, બધા આગળ હતા. શ્રીહરિ ગામથી થોડાક આગળ દૂર ગયા હશે, તે સમયે એક ગાડામાં પાકી કેરી ભરીને શ્રીહરિને માટે ગામના હરિભક્તો લાવ્યા. અને શ્રીહરિની આગળ પ્રેમથી બોલ્યા, 'અમે આટલી બધી કેરી આપને માટે લાવ્યા, છતાં એક પણ કેરી આપના ઉપયોગમાં ન આવી ! ૧૮-૧૯.

શ્રીહરિએ તે હરિભક્તોનો ભાવ જોઈને સંતો વગેરેને પાસે બોલાવ્યા અને પોતે ગાડા ઉપર જઈને બેઠા. પછી બધા સંતોને પાકી કેરી આપવા લાગ્યા. ૨૦. શ્રીહરિએ સહુને પ્રેમથી કેરીઓ આપી. પાંચ પાંચ કેરી સહુને ભાગમાં આવી અને પોતાના ભાગની કેરી સંભારીને વર્ણીને આપી. ૨૧. પછી અશ્વ ઉપર બેસીને ચાલતા થયા, તે હરખભર્યા **કણભા** ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા, તે આનંદથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૨. તેઓ ફૂલના અપાર હાર લાવ્યા હતા. તે પ્યારથી શ્રીહરિને પહેરાવ્યા. જેટલા વાજિંત્રોવાળા ગામમાં રહ્યા હતા, તે બધાને સાથે લાવ્યા હતા. અને તે વાજિંત્રોનો શબ્દ બધા આકાશમાં છવાઈ ગયો હતો. ૨૩. ગામના ભક્તોને દર્શન દેતાં રંગભીના શ્રીહરિ ગામમાં પધાર્યા. રાત પડી ત્યારે મશાલો કરી અને બધી બજારો સ્વચ્છ કરી હતી. ૨૪.

કાર્ય કુશળ હરિભક્તોએ અત્યંત અલૌકિક અવસર જોઈને બજારમાં ઘણા કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૨૫. ગામના જેટલા મનુષ્યો હતા તે શ્રીહરિનાં દર્શન કરવાને માટે પ્રસન્નમનથી બજારમાં આવીને ઊભા હતા. ૨૬. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને ફૂલના હાર પહેરેલા હતા; તેવા સહુએ દર્શન કર્યા. ૨૭. ગામના ભક્તો પણ બધા ફૂલના હાર ઘણા ભાવથી લાવ્યા હતા. તે પ્રેમથી પહેરાવીને દર્શન કરતા હતા. ૨૮. સુખધામ અને બહુનામી એવા ઘનશ્યામ શ્રીહરિ આ રીતે ગામના લોકોને દર્શન દઈને ગામની બહાર આવ્યા અને સ્વચ્છ જગ્યા જોઈને ત્યાં ઉતારો કર્યો. ૨૯. હરિભક્તોએ શ્રીહરિને માટે વર્ણીની પાસે ઘણા ભાવથી રસોઈ કરાવી. રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ આવીને પ્રેમથી જમ્યા. ૩૦. કાઠી દરબારો અને પાર્ષદો પણ જમ્યા.

તે પછી સભા થઈ. તેમાં એક રંગીન પલંગ ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. તેમનું મુખ મરક મરક હસી રહ્યું હતું. પછી તેઓ બોલ્યા કે, 'રામાનંદસ્વામી આ કણભા ગામમાં ત્રણ-ચાર વખત આવ્યા હતા. ૩૧-૩૨. સ્વામી ચરોતરમાં લગભગ વિચર્યા ન હતા. આ રીતે સંતોની આગળ વાત કરીને આનંદ કરાવતા હતા. ૩૩. ગામડી અને જેતલપુર ગામમાં સ્વામીના મુકામો રહ્યા હતા. અમદાવાદમાં આવીને હિરાચંદ ચોક્સીને ઘેર સ્વામી રહ્યા હતા. ૩૪. નાગર અંબાબાઈએ તો રામાનંદસ્વામીને માટે હરિમંદિર કરાવીને તેમાં રામ, લક્ષ્મણ અને સીતાજીની મૂર્તિઓ પધરાવી. તેમાં સ્વામીને રાખ્યા હતા.

સ્વામીના પછી અમે પણ પૂરમાં રહેનારાઓને ત્યાં જઈને સમાધિ કરાવી હતી. ૩૫-૩૬. તે સમાધિમાં બુદ્ધિમાન ભક્તોને અમે જેટલાં ભગવાનનાં ધામ છે અને દેવતાઓનાં જેટલા સ્થાન છે અને બ્રહ્માંડની જેટલી રચના છે તે બધી દેખાડી હતી.' ૩૭. સમાધિની વાત સાંભળીને જે વૈરાગીઓ હતા, તે બધા મનમાં અતિ ડરી ગયા હતા. પછી પરસ્પર બોલવા લાગ્યા, ૩૮. 'આ સ્વામિનારાયણમાં તો ઘણો પ્રતાપ રહ્યો છે. આપણા ભેખમાં અત્યારે આવો કોઈ પ્રબળ પ્રતાપી નથી. ૩૯. જ્યાં પ્રતાપ દેખાય છે ત્યાં બધા લોકો જાય છે. બધી વાત પ્રતાપમાં રહી છે, એટલે હવે કોઈ બાબત આપણા હાથમાં રહી નથી.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ વહેલાલથી કણભા આવ્યા અને સંતો આગળ કેટલીક વાત કહી" એ નામે ઓગણએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર સત્તરમું : તરંગ - ૮૦

શ્રીહરિએ સંતોની આગળ સત્સંગનો ઉત્કર્ષ અને દ્વેષીઓના દ્વેષનું રહસ્ય કહ્યું

પછી જે વૈરાગીઓ હતા તે બોલતા કે, 'આ સ્વામિનારાયણની સાથે ઉપાધિ કર્યા સિવાય પાર આવશે નહિ. ૧. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનમાં જેનો લેશમાત્ર પણ પ્રવેશ નથી, એવો આપણો અડબંગી મત છે, છતાં આપણને રાજાઓ માને છે. ૨. તે રાજાઓ પણ જ્યાં સુધી સ્વામિનારાયણને ખરા સિદ્ધના રૂપમાં નહિ ઓળખે ત્યાં સુધી આપણું રાજ્ય રહેશે. ૩. જ્યાં સુધી રાજ્યમાં નીતિનો પ્રવેશ થયેલો નથી ત્યાં સુધી મોટા મોટા રાજાઓ આપણને માનતા રહ્યા છે. ૪. જ્યારે રાજ્યમાં નીતિનો લેશમાત્ર પણ પ્રવેશ થશે ત્યારે જે રીતે મજૂરો રહે છે તે રીતે આપણે અડબંગા ભેખધારીઓ રહેશું. ૫.

સ્વામિનારાયણનો પ્રબળ મત ઘણો આગળ વધી જશે, એવું દેખાય છે. તેમાં કોઈ વાર નથી. તેમનું સમૃદ્ધ બળ એક જ રહેશે; એવો તેમનો પ્રતાપ દેખાય છે. ૬. જે મનુષ્ય જેવો ધર્મ રાખે છે તેવો ધર્મ તેને ઉચ્ચ બનાવી દે છે. જે લોકો સુખને માર્ગે ચાલે છે, તેને તેટલું સુખ પ્રાપ્ત થાય છે. ૭. દુઃખના માર્ગમાં દુઃખ રહ્યું છે, એવું પ્રગટ દેખાય છે.' શ્રીહરિ જે સમાધિ કરાવતા હતા તેને જોઈને ભેખધારીઓના દિલમાં ધીરજ રહી નહિ. ૮. પછી તો દેશમાં અને ગામોમાં જેટલા વૈરાગીઓ હતા, તેઓ ઠેક ઠેકાણે જે લોકો સત્સંગ કરતા હતા તેને પીડવા લાગ્યા. ૯. જેટલા અસુરો હતા, તેમણે ભેખધારીનો વેષ લઈને નીતિને માર્ગે ચાલનારાને ખાઈ જવાનું મનમાં ધાર્યું. ૧૦. અને કેટલાક સત્સંગીને ધર્મનિષ્ઠ જાણીને છાની રીતે તેનું ભક્ષણ પણ કરી ગયા હતા.

માટે આવા અસુરો કંઠી અને તિલક રાખે તેનાથી શું ? તીર્થયાત્રામાં ફરે તેનાથી શું ? ૧૧. મુખથી રામ...રામ અને કૃષ્ણ...કૃષ્ણ બોલે તેનાથી શું ? તેઓ તો માત્ર ધર્મનિષ્ઠ ભક્તોને મારવા માટે જ ઘૂમતા રહેતા હતા.

શ્રીહરિએ કહ્યું, 'અમે ઘણી ક્ષમા રાખી, પણ તે સમયે ભગવાન નારાયણનો કોપ થયો. ૧૨. તેથી ભગવાન નારાયણે નીતિવાળા અને અનુપમ સુંદર વેષવાળા રાજાને તત્કાળ જ પ્રગટ કર્યો. અને તેણે જેટલા અનીતિવાળા હતા તેને ખોળી ખોળીને શોધી લીધા અને એકે એકને તત્કાળ જ તપાસીને ફાંસીએ દીધા. ૧૩-૧૪. ચાર ધામની અંદર અને તેનાથી બહાર દૂર દૂર સુધી ક્યાં લોકો અનીતિમાં ચાલે છે ? તે બધાને ખોળી ખોળીને તેમનો પણ નાશ કર્યો. ૧૫. જેની જેવી અનીતિ હતી તેને બરાબર દેખીને વિચાર કરીને તેવો દંડ દેતા હતા. તેઓ તપાસ કર્યા વિના ચાલતા નહિ. ૧૬.

જગતના કર્તા પરમેશ્વરે પૂર્વે જે અદલ નીતિ-મર્યાદા બાંધી હતી, તેને વારંવાર જોઈ વિચારીને નીતિપ્રિય તે રાજાએ અસુરોને વશ કર્યા. ૧૭. જેટલા નીતિના માર્ગ ઉપર ચાલે છે તેઓ ત્રિલોકીનું રાજ્ય કરે છે, અને જેઓ નીતિના માર્ગને તોડે છે તેના પગમાં બેડીની સાંકળ જડાઈ જાય છે. ૧૮. અને તે નીતિપ્રીય રાજાએ તે અનીતિવાળા રાજાને નિરંતર નિયંત્રણમાં રાખીને તેમને સીધે માર્ગે ચલાવ્યા અથવા તેની પાસે સન્માર્ગ સ્થપાવ્યો. અને જ્યાં સુધી રાજા લાંચ નથી લેતો ત્યાં સુધી દેશમાં નીતિનો અમલ ચાલુ રહે છે. ૧૯. **જ્યારે રાજાને લાંચ લેવાનો ભાવ થાય છે ત્યારે ત્યાં નીતિ રહેતી નથી. કેમ જે, નીતિ અને લાંચ ક્યારેય સાથે ચાલતા નથી. તેમજ નીતિની સાથે ક્યારેય છળ-કપટ ચાલતું નથી.** ૨૦. શાહુકારની અને ચોરની બંનેની વાત આજ દિવસ સુધી એક દેખાતી નથી. સાચા અને ખોટા નાણામાં અને માણસમાં દિવસ-રાત જેટલો ફરક રહે છે. ૨૧. તે રીતે જ સત્સંગ અને કુસંગમાં પણ તેટલો જ ફરક જાણવો.

જગતમાં જેટલા ચોર કહેવાય છે, તે બધા શાહુકારનું બૂરું કરવા ચાહે છે. ૨૨. ભલે ચોર શાહુકારનું બૂરું કરે, તોપણ શાહુકાર તે શાહુકાર જ રહે છે, તે ક્યારેય શાહુકાર મટી જાતો નથી અને શાહુકાર ક્યારેય ચોર થતો નથી. ૨૩. સત્સંગ કરે તે સત્સંગી કહેવાય છે અને જો કુસંગ કરે તો તેમાં કુસંગ દેખાય છે. કદાચ શાહુકાર એકવાર પણ ચોરનો પ્રસંગ કરે ત્યારે શાહુકાર ચોર થઈ રહ્યો અને તેની છાપ પણ ચોર પડી જાય છે. જ્યારે

શાહુકાર ચોરના માર્ગે ચાલે છે ત્યારે તેનું તેને આ પાપ લાગે છે. ૨૪-૨૫. **માણસ જેવો ઉદ્યમ કરે છે તેવી તેની છાપ પડી જાય છે. તે અમે તપાસીને જોયું છે કે, ઉદ્યમમાં બધી જાતની છાપ રહી છે.** ૨૬.

જેમને ફેલ જ ગમતા હતા એવા ફેલ કરનારા જે ભેખધારીઓ હતા, તેઓ લાજ-મર્યાદા છોડીને સત્સંગનો દ્વેષ કરવામાં રાત-દિવસ લાગી પડ્યા. આ રીતે તેઓ રાત-દિવસ દ્વેષ કરી કરીને મરી ગયા. કેમ જે, સત્સંગનો ઘણો ઉદય થયો તેથી તેના દિલમાં શાંતિ રહી નહિ. ૨૭-૨૮. સત્સંગનો ઘણો ઉત્કર્ષ દેખીને જે ઘણો જ દ્વેષ કરતા રહેતા હતા, અને તેઓ સંતો-હરિભક્તોને પોતાના વેરી માનતા હતા. તેથી તેવું ઝેર રાખનારા અંતરમાં સતત બળતા રહેતા. ૨૯. **માટે તેમાં આ અસુરપણાનું બીજ રહ્યું છે. કદાચ કોઈ બ્રહ્માના જેવા બુદ્ધિમાન હોય તોયે શું ? કારણ કે, તેઓ જેટલો વેદોક્ત ધર્મને પાળે છે તેટલો જ સાથોસાથ સત્સંગનો પણ દ્વેષ કરે છે.** ૩૦. તેઓ આસુરીભાવની સાથે મળતા રહે છે એટલે સત્સંગનો દ્રોહ કરે છે. વળી, શાસ્ત્રમાં ગૌહત્યાના જેવું વધારે કોઈ મોટું પાપ લખ્યું નથી. ૩૧. દારૂમાં પણ તેવો જ દોષ રહ્યો છે. ઉત્તમ જાતિનો મનુષ્ય થઈને પણ જો તે દારૂ પીવે તો તેને ક્યારેય ઉત્તમ જાતિનો જાણવો નહિ. કેમ જે, તે ઉત્તમ મનુષ્ય ક્યારેય તેનો સ્પર્શ પણ કરતા નથી. ૩૨. ચાહે તેટલા પાપ કર્યા હોય, કોઈ વર્ણમાં પણ તે ન રહ્યો હોય અને અંત્યજ સુધીનો સ્પર્શ કરવામાં જેને કાંઈ વિવેક ન હોય, ૩૩. પણ તે જો સત્સંગની રીત સાંભળીને સત્સંગ ઉપર પ્રેમ રાખે, ક્યારેય સત્સંગ ઉપર રોષ ન કરે, તેવાનું આચરણ ભલે નીચ રહ્યું હોય, છતાં તે તેની શુદ્ધ સમજણ અને વર્તનને લીધે ઊંચામાં ઊંચો ગણાય છે. વાનરની જે જાતિ છે તેમાં વિવેકધર્મ શું રહ્યો છે ? ૩૪-૩૫. પણ તેમણે ભગવાન રામચંદ્રજીનો પક્ષ રાખ્યો હતો, તેથી તેઓ સર્વ લોકમાં પૂજ્ય થયા.

મનુષ્ય ચાહે તેવો હોય, પણ તે જો સત્યનો પક્ષ રાખે છે તો તેને સત્પુરુષનાં જેવું ફળ પ્રાપ્ત થાય છે અર્થાત્ તેનો મોક્ષ થાય છે. ૩૬. **ઉપરના દેખાવમાં અસુર હોવા છતાં જો તે સત્યનો પક્ષ રાખે છે તો તે**

દેવ કરતાં પણ અધિક ઉત્તમ છે. આ વાત માર્મિક અને અતિ ગુહ્ય છે. ૩૭. **જેટલી ગુહ્ય બાબત છે તે વાત સત્પુરુષ સાથે હૃદય એક થયા વિના ચાહે તેટલો નિપુણ માણસ હોય, તોપણ તેને એક દિવસમાં સમજાતી નથી. પરંતુ મોટાપુરુષ સાથે હૃદય એક થાય તો એક જ દિવસમાં સમજાય જાય છે.** ૩૮. જે શુદ્ધ જ્ઞાનની વાતો છે તે વેદનો પણ વેદ છે અર્થાત્ સાર છે. તે કોઈને એક જ દિવસમાં યથાર્થ રીતે સમજાતી નથી. ૩૯. અર્જુન ઘણા સમર્થ હતા અને શ્રીકૃષ્ણ ભગવાન પણ સમર્થ હતા, પણ અર્જુનને એક દિવસમાં ગીતાનું રહસ્ય સમજાયું નહોતું.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ સંતોની આગળ સત્સંગનો ઉત્કર્ષ અને દ્વેષીઓના દ્વેષનું રહસ્ય કહ્યું" એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર સત્તરમું : તરંગ - ૮૧

વાત્રકમાં મર્યાદાભંગથી શ્રીહરિ નારાજ થયા અને સંતોના વિનયથી રાજી થયા

સહુના જીવનરૂપ અને પ્રાણઆધાર આવા શ્રીહરિએ ગામ કણભામાં સંતોની આગળ એક પહોર રાત ગઈ ત્યાં સુધી અપાર વાતો કરી અને પછી પલંગ ઉપર પોઢી ગયા. ૧. એક પહોર પાછલી રાત રહી ત્યારે શ્રીહરિ તૈયાર થઈ ગયા અને આવીને અશ્વ ઉપર બેઠા. સંતો પણ ચાલતા થયા. ૨. આગળ ચાલતા જ્યારે સૂર્યોદય થયો ત્યારે રસ્તામાં એક વડલાનું ઝાડ આવ્યું. ત્યાં શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને એક બાજુ લઘુશંકા કરવા માટે બેઠા. ૩. પછી તે વડલાની એક ડાળી ઝૂકીને નીચે જમીન ઉપર આવી ગઈ હતી. તેને દેખીને શ્રીહરિ તે ડાળી ઉપર પલાણ વાળીને બેઠા. ૪. મુક્તાનંદસ્વામીએ પોતાના મનમાં જેવો સંકલ્પ કર્યો હતો તેવી શ્રીહરિની લીલા જોઈને તેઓ ઘણા આશ્ચર્ય સાથે મનમાં ખુશી થયા. તેને દેખીને શ્રીહરિ બોલ્યા, ૫. 'સ્વામી, કેમ બહુ ખુશ થઈ ગયા ?' ત્યારે સ્વામી બોલ્યા, 'મહારાજ, મેં જેવો સંકલ્પ કર્યો તે રીતે આપે તેવી લીલા કરી.' ૬.

પછી ઘણું રાજી થયેલા શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. રસ્તામાં આંબાના ઘાટા વન હતા. અને તે આંબા કેરીઓથી ઘણા સોહામણા લાગતા હતા. ૭. તે બધા આંબાઓ ઉપરથી કેરીની સાખ જમીન ઉપર પડી હતી, પણ ચાલ્યા જતા સંતો કે હરિભક્તો કોઈ સાખની પાકેલી કેરીને અડતા ન હતા. ૮. **તેઓ ફળ કરતાં પણ શ્રીહરિની આજ્ઞા પાળવામાં પરમ રસ માનતા હતા. આંબાના રખેવાળ વગર પ્રેર્યા કોઈ ફળ આપતા ત્યારે સંતો અને હરિભક્તો તેને લેતા હતા, પણ કોઈ શ્રીહરિની આજ્ઞા બહાર જઈને કેરી માગવાનો સંકલ્પ પણ કરતા નહિ. અને શ્રીહરિની આજ્ઞા બહાર ઈન્દ્રિયોને તેનો આહાર આપતા નહિ.** ૯-૧૦.

આંબાના ખીલેલા વનને જોઈને ઠેકઠેકાણે કોયલ સોહામણા ટહૂકા કરતી હતી અને શ્રીહરિ તેને સાંભળતા હતા. ૧૧. ત્યાં તે વનમાં કોઈ એક વખતની સુંદર મોટી મહેલાતો(મહેલોનો સમૂહ) હતી, તેની પાસે જઈને શ્રીહરિએ કાઠી દરબારોને તે બતાવી. ૧૨. કોઈ એક મુસલમાન બાદશાહ હતા તેની આ મહેલાત છે. તેમાં તેણે ઘણું દ્રવ્ય ખરચ્યું છે, પણ આજે તેનું કોઈ રહ્યું નથી. ૧૩. આગળ જતા અવિનાશી શ્રીહરિ **મહેમદાવાદ**માં વાત્રક નદી ઊતરીને બધા સંતોએ સહિત ઘણા ઉલ્લાસથી નદીમાં નાહ્યા. ૧૪. જયાં શ્રીહરિ ઘણા પ્રેમથી સ્નાન કરતા હતા ત્યાં બધા સ્નાન કરતા સંતો શ્રીહરિની સમીપે આવીને ભીડ કરવા લાગ્યા. ૧૫. તેમાં મહાનુભાવાનંદસ્વામી સ્નાન કરનારા બીજા સંતોથી આગળ જઈને હૃદયના આનંદના આવેશમાં શ્રીહરિની સમીપે પહોંચી ગયા. ૧૬. જ્યારે સંતો શ્રીહરિની સમીપે આવ્યા ત્યારે પ્યારા શ્રીહરિ સંતોથી દૂર ખસી ગયા. જેમ જેમ શ્રીહરિ દૂર ખસતા ગયા તેમ તેમ સંતો પાસે આવતા રહ્યા. ૧૭.

❋ મરજીમાં રહે તેના ઉપર રાજીપો રહે :

चोपाई :

हरि की मरजी की न सुरत रखेऊ, नाये की एक सुरत रहेऊ;
हरि पीछे बहु दिनेउ डारा, कोपायमान भयेउ अपारा...१८

मरजी हमारी रखे न लेशा, ताकु हम नहि देत उपदेशा;
मरजी लोपत हमारी ताकू, हम न कब हि बोलाव हि वाकू...१९
हित रखीके जिमी बोलाये, तिमी मरजाद न लेश रखाये;
मरजाद रखे नहि काम ताके, संग रखे कहा होवे वाके...२०

સંતોને શ્રીહરિની મરજીનું કાંઈ ધ્યાન રહ્યું નહિ. કેવળ સ્નાન કરવાનું જ એક તાન રહ્યું. તે પછી શ્રીહરિએ ઘણો ડારો દીધો અને ઘણા કોપાયમાન થયા. ૧૮. 'જે લેશમાત્ર પણ અમારી મરજી રાખતા નથી તેને અમે ઉપદેશ દેશું નહિ. જે અમારી મરજીને લોપે છે તેને અમે ક્યારેય બોલાવશું નહિ. ૧૯. અમે જેમ જેમ હેત રાખીને બોલાવીએ છીએ તેમ તેમ તમે લેશમાત્ર પણ મર્યાદા રાખતા નથી. જે મર્યાદા નથી રાખતા તેનું અમારે કામ નથી. તેને સાથે રાખવાથી શું ફાયદો છે ? ૨૦.

હવે જ્યાં અમે હોઈએ ત્યાં તમારે રહેવું નહિ અને જ્યાં તમે હોવ ત્યાં અમે નહિ રહીએ. અમે મર્યાદા રાખવાની વાતો કરીએ છીએ, પણ તમે કોઈ અમારી વાતનું મનન કરતા નથી. ૨૧. મુક્તાનંદસ્વામી અમારી વાતનું રોજ મનન કરે છે તેથી તેઓ અમારાથી ઘણા ડરતા રહે છે અને અમારી મરજીમાં જ તેઓ મહા આનંદ માને છે. ૨૨. **જે જે કોઈ સારી બાબત કહેવાય છે, તે બધી મર્યાદામાં જ રહે છે. જો એક મર્યાદા જાય તો બધી જ વાત જતી રહે છે.** આ તો માણસને માટેની વાત કહીએ છીએ. ૨૩. કુબુદ્ધિ કાગડાને કરોડવાર સાબુથી ધોવામાં આવે તોપણ તે હંસ થાતો નથી.' સુખદાતા શ્રીહરિ આટલી વાત કરીને નદીના પાણીથી બહાર નીકળ્યા. ૨૪.

પછી શ્રીહરિએ સહુ સંતોને રજા આપી. કોઈની પણ મહોબત રાખી નહિ. ત્યારે બધા સંતો મહારાજ, 'અમે ભૂલી ગયા, અમને માફ કરો.' એમ વિનયથી પ્રાર્થના કરવા લાગ્યા. ૨૫. 'અમે તો નાના માણસ છીએ. આપ તો ગુણ ગંભીર છો. સુધીર એવા આપે પોતાની મોટપ સામે જોઈને આજ સુધી અમને નભાવ્યા છે. ૨૬. હવે જો અમે ફરીવાર ભૂલ કરીએ તો આપ તત્કાળ અમારો ત્યાગ કરજો. અમારા દોષોને દેખીને આપ સદા સત્ય કહો છો. ૨૭. આપે અમારા દોષ દેખાડી દીધા છે. બતાવ્યા સિવાય

કોઈને ખબર પડતી નથી. આમાં તો અમારું પરમ હિત રહ્યું છે. આવું હિત આપના સિવાય અમારું કોઈ કરે નહિ.' ૨૮.

जीय में दोष रहे अपारा, देखाय बिन न देखात लगारा;
जथार्थ दोष बतावना तामें, बहुत विवेक रहाये यामें...२९
विवेक बिन देखावत दोषा, ता पर जीय कु आवत रोषा;
जिमी जिमी दोष देखावे जेहा, तिमी तिमी प्रिय लगे तेहा...३०

(ગ્રંથકાર લખે છે) જીવમાં અપાર દોષો રહ્યા છે. પરંતુ બતાવ્યા સિવાય લગાર પણ દેખાતા નથી. યથાર્થ દોષોને બતાવવામાં તો ઘણો વિવેક રહ્યો હોય છે. ૨૯. વિવેક વગર કોઈને દોષ બતાવવામાં આવે તો જીવને તેના ઉપર રોષ આવે છે. જેમ જેમ દોષ બતાવવામાં આવે તેમ તેમ તે પ્રિય લાગે, ૩૦. **ત્યારે તે વિવેક કહેવાય છે. જો પ્રિય ન લાગે તો મૌન રહેવું જોઈએ. તેમ રહેવાય ત્યારે જ વિવેક રહે છે. અને તેમ ન સમજે તે અવિવેક કહેવાય છે.** ૩૧. શ્રીહરિ પોતાના ભક્તનો જેટલો તિરસ્કાર કરતા હતા તેમાં તેમને ભક્તોને સુધારવાનું જ તાન રહેતું હતું. જે લોકોને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનું અને એક ઉદરપોષણ કરવાનું જ તાન હોય છે, ૩૨. અને જેમની વાતો દેહપોષણ પરાયણ જ હોય છે, એવાના વચનો માનવામાં આવતા નથી. પછી સુખદાયક શ્રીહરિ સંતોના ચિત્ત સરળ જાણીને તેમના ઉપર પ્રસન્ન થયા. ૩૩.

મહેમદાવાદ ગામના હરિભક્તો ઘણા પ્રેમી હતા. તેમાં કેટલાક વિપ્ર જ્ઞાતિના હતા, તેઓ રસ રોટલીના ભોજન તૈયાર કરી, થાળ ભરી ભરીને લાવ્યા. ૩૪. દયાળુ શ્રીહરિ નદી કિનારે થાળ જમ્યા. પછી તૈયાર થયા. તેટલામાં તો મહેમદાવાદ ગામમાં જેટલા હરિભક્તો રહેતા હતા તે બધા શ્રીહરિની સામે આવ્યા. ૩૫. સહુ ભક્તો ફૂલના હાર લાવ્યા હતા, તે શ્રીહરિને પહેરાવ્યા અને તેમની આગળ શ્રીફળ લાવ્યાં હતાં તે મૂક્યાં. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૩૬. ગામમાં જેટલા ઢોલ અને તાંસા વગાડનારા હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને તે વગાડવા લાગ્યા. ૩૭. વાજિંત્રવાળા, હરિભક્તો, સંતો, વર્ણી, સંન્યાસીઓ અને પાર્ષદો વગેરે ઘણા

ઉલ્લાસથી શ્રીહરિની આગળ ચાલતા રહ્યા. ૩૮. શ્રીહરિ ગામમાં આવ્યા. જેટલી રાજબજારો હતી તે બધી સ્વચ્છ કરાવી અને તેમાં કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૩૯. ગામના જેટલા મનુષ્યો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા અને બજારમાં સહુ ઊભા રહ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વાત્રકમાં મર્યાદાભંગથી શ્રીહરિ નારાજ થયા અને સંતોના વિનયથી રાજી થયા" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર સત્તરમું : તરંગ - ૮૨

મહેમદાવાદમાં ભક્તોએ પૂજેલા અને જમાડેલા શ્રીહરિએ સંતોને પ્રશ્ન કર્યો

મહેમદાવાદ ગામની બજારમાં જેટલી દુકાનો અને દરવાજાઓ હતા, તેને ગામલોકોએ ઘણા પ્રેમથી વિવિધ રંગોથી રંગીને સજાવી દીધા હતા. ૧. બજારમાં, દુકાનોમાં, માળ ઉપર, ગોખમાં અને અગાસીમાં ગામલોકો એટલા અપાર ઊભા હતા કે તેની ગણતરી થઈ શકતી ન હતી. ૨. ગામના બધા લોકો ફૂલના હાર લઈ લઈને શ્રીહરિના ઉપર વરસાવતા હતા. માનો દેવતાઓ શ્રીહરિના ઉપર ફૂલની વર્ષા કરતા હોય ! ૩. ગામની જેટલી સ્ત્રીઓ હતી, તે બધી મોતીના થાળ ભરીને મંગળ ગીતો ગાતી હતી અને શ્રીહરિને વધાવતી રહેતી હતી. ૪. શ્રીહરિ એક સારા અશ્વ ઉપર બેઠા હતા. તે અશ્વની શોભા પણ અપાર કરેલી હતી. તેના વિવિધ પ્રકારના સોનાના આભૂષણોનો કોઈ પાર ન હતો. ૫.

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વના ઘરેણાંઓને જોનારા લોકો આશ્ચર્યચકિત થતા હતા અને શ્રીહરિએ તો અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૬. ફૂલના તોરા, બાજુ અને અપાર હાર શ્રીહરિએ અંગ ઉપર ધાર્યા હતા. કાન ઉપર ફૂલના ગુચ્છ હતા અને લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૭. અને ત્યારે જમણા હાથમાં રૂમાલ અને મોતી જડિત

છડી લીધી હતી. ડાબા હાથમાં અશ્વની લગામ પકડી હતી. ૮. ફૂલના આભૂષણોથી મૂર્તિની શોભા અત્યંત અદ્‌ભુત થઈ હતી. પ્યારા શ્રીહરિએ સોનાનું સુંદર છત્ર મસ્તક ઉપર ધાર્યું હતું. ૯. શ્રીહરિની પાછળ કાઠીઓની સવારી ઘણી શોભતી હતી અને આગળના ભાગમાં રહેલા ચોપદાર મુખથી 'જય જય...જય જય...' એવો ઉચ્ચાર કરતા હતા. ૧૦.

જેટલા પાર્ષદો હતા, તેઓ બંદૂકના અવાજ કરતા હતા. શ્રીહરિ બધી રાજબજારમાં ફરીને ગામની બહાર વડલાના ઝાડની નીચે આવ્યા. ૧૧. ગામની બહાર પશ્ચિમ તરફ એક ઘણું મોટું વડલાનું ઝાડ હતું. તેની દક્ષિણ તરફની ડાળીએ પલંગનો હિંડોળો બાંધ્યો હતો. ૧૨. સુશોભિત હિંડોળો તે વખતે બાંધ્યો હતો. તેના ઉપર અનંત જીવોનો ઉદ્ધાર કરનારા શ્રીહરિ આવીને બેઠા. ૧૩. વડલાની પૂર્વ દિશામાં આંબલીના ઝાડની ઘણી ઘાટી છાયા હતી, તેમાં બધા સંતો ઊતર્યા. ૧૪. જેટલા ઘોડેસવાર કાઠી દરબારો હતા, તેઓ વાત્રક નદીને નજીક ઊતર્યા. ૧૫.

બધા સંતો ત્યાં શ્રીહરિની આગળ આવીને બેઠા અને ગામના બધા લોકો આવીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧૬. ગામમાં એક બ્રાહ્મણોની ધર્મશાળા હતી. તેમાં બ્રાહ્મણોએ રસ રોટલીની રસોઈ તૈયાર કરી હતી. ૧૭. શ્રીહરિ અને સંતો ત્યાં જમવા આવ્યા. રસ્તામાં બધે પાણી છંટાવ્યું હતું. જેઠ માસનો એટલો બધો આકરો તડકો હતો કે જે મુખથી કાંઈ કહી શકાતો નથી. ૧૮. સંતો ઉઘાડે પગે હતા અને ન વર્ણવી શકાય તેટલી રેતી તપેલી હતી. પહેલા શ્રીહરિ રસ રોટલી પ્રસન્ન મનથી જમવા લાગ્યા. ૧૯. પ્રેમી હરિભક્તોએ કેરીના રસમાં સાકર અને ઘી ઘણું નાખ્યું હતું. વળી તેની સાથે ભજિયા, વડાં, ઘણી જાતનાં શાક, પાપડ અને અથાણાં વગેરે આગળ ધરાવ્યાં. ૨૦. વળી, દૂધપાક અને પૂરી લાવીને ધરાવ્યા. સાકરના લાડુ પણ ધરાવ્યા અને બીજા પણ કેટલીએ જાતના ભોજનો હરિભક્તોને જેટલો પ્રેમ હતો તે પ્રમાણે લાવીને ધરાવ્યાં. ૨૧.

તે વખતે ઉપર કહેલા બધાં ભોજન જ્યારે શ્રીહરિ જમવા બેઠા ત્યારે આગળ ધરાવ્યાં. હરિભક્તોનો શ્રીહરિને જમાડવાનો ઘણા દિવસોનો મનોરથ

હતો, તે આજે શ્રીહરિ આવ્યા ત્યારે પૂરો કર્યો. અને તેનાથી હરિભક્તોને ઘણો જ આનંદ વધ્યો. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. ૨૨-૨૩. ધર્મશાળામાં સંતોની પંગત કરી હતી. સંતો નારાયણધૂન કરતા હતા તે વખતે શ્રીહરિ એક પાટ ઉપર બેઠા, પણ તડકો ઘણી અકળામણ કરનારો હતો. ૨૪. પછી તે સમયે હરિભક્તોએ ઘણું ઠંડું મળિયાગર ચંદન લાવીને શ્રીહરિની મૂર્તિને નખથી શિખાપર્યંત ચરચ્યું. ૨૫. તે સમયે ભક્તોએ જાઈ, ચમેલી, મોગરો અને ગુલાબના ઘણા હાર શ્રીહરિને પહેરાવ્યા, તેથી તેમને શીતળતા થઈ. ૨૬.

ફૂલના હારની પાઘ શ્રીહરિએ મસ્તકે બાંધી અને ફૂલની પછેડી અંગ ઉપર ઓઢી લીધી. ૨૭. પાઘ ઉપર ફૂલના તોરા ધારણ કર્યા અને કાન ઉપર ફૂલના ગુચ્છ મૂક્યા. બાજુ અને પહોંચી હાથે બાંધી. ૨૮. લલાટ ઉપર અને ભુજાઓ ઉપર કુંકુમનો ચાંદલો કર્યો અને ચરણકમળ ઉપર ચંદન ચર્ચીને હરિભક્તોએ યોગ્ય રીતે પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૨૯. જે હરિભક્તોએ રસોઈ કરાવી હતી, તેમણે શ્રીહરિની પૂજા કરી અને આરતી ઉતારી. પછી શ્રીહરિને માટે વસ્ત્ર અને ઘરેણાં અર્પણ કર્યાં. ૩૦.

चोपाई :

स्तुति पीछे करत भयेऊ, तव चरण में जीय रहेऊ;
तुमारे धाम मूर्ति तुमारी, मति रहो तामें हमारी...३१
संत हरिजन जेते तुमारे, तामें चित्त सदा रहो हमारे;
संसारीक पदार्थ हि जेतो, सत्संग में विघ्न करे तेतो...३२
तामें अरुचि रहे सदाई, कर जोरीके मागत ताई;
तुमकु छोरी बंधन जो होऊ, ताके नाश तुम करना सोऊ...३३

પછી સહુ ભક્તોએ સ્તુતિ કરતા કહ્યું કે, 'પ્રભુ, અમારો આત્મા આપનાં ચરણોમાં રહે અને આપનું ધામ તથા આપની મૂર્તિમાં જ અમારી બુદ્ધિ કાયમ રહો. ૩૧. આપના સંતો અને હરિભક્તોમાં અમારું ચિત્ત હંમેશાં રહે અને જેટલા સાંસારિક પદાર્થો છે તે તો બધા સત્સંગમાં વિઘ્નો કરનારા છે. ૩૨. તેથી તેમાં અમને કાયમ અરુચિ રહે; એવું અમે હાથ

જોડીને આપની પાસે માગીએ છીએ. આપના સિવાય બીજા જે જે બંધન હોય તેનો આપ નાશ કરજો. ૩૩. એટલું અમે હાથ જોડીને માગીએ છીએ. તો આપ કૃપા કરીને તે અમને આપો.' આ રીતે સ્તુતિ કરીને હરિભક્તોએ (જમવા પંક્તિબદ્ધ બેઠેલા) સંતોની પૂજા કરી. ૩૪.

સંતોને ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. પછી દરેકને એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને ત્યાં અગરબત્તીનો ધૂપ કરાવ્યો. ૩૫. સંન્યાસી, વર્ણી અને પાર્ષદો, બધાને વસ્ત્ર ઓઢાડ્યાં હતાં. જ્યારે હરિભક્તો વસ્ત્ર ઓઢાડી રહ્યા. ત્યારે શ્રીહરિ પંગતમાં લાડુ પીરસવા આવ્યા. ૩૬. જે જે ભોજન બનાવ્યાં હતાં, તે બધા પીરસી દીધાં. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે પરમ નિપુણ સંતો ઊઠ્યા. ૩૭. પછી જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો તે વખતે શ્રીહરિ અને સહુ સંતો પોતાને મુકામે આવીને બેઠા. ૩૮. શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા અને સહુ સંતોને હેત કરીને પ્રશ્ન પૂછ્યો. ૩૯. 'તમે બધા સંતો તથા હરિભક્તો અમારું ધ્યાન, સ્મરણ અને પૂજન વગેરે બધું કરો છો અને તેમાં જ તમે મોક્ષ માનો છો. ૪૦. અમારાં વચનોને અને અમારા સંબંધવાળી વસ્તુને પણ મન કર્મથી મોક્ષરૂપ માનો છો. ૪૧. પણ અમે જ્યારે નહિ હોઈએ ત્યારે ભક્તજનો મુક્તાનંદસ્વામીનું ધ્યાન કરે તો તેનાથી મોક્ષ થાય કે ન થાય ? તે કહો.' ૪૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "મહેમદાવાદમાં ભક્તોએ શ્રીહરિને પૂજ્યા, જમાડ્યા અને સંતોને પ્રશ્ન કર્યો" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર સત્તરમું : તરંગ - ૮૩

બ્રહ્મમુનિ આદિ સંતોને શ્રીહરિએ પ્રશ્નનો ઉત્તર વિચારવા મળીને એકાંતમાં બેસવા કહ્યું

તે સમયે બધા સંતો બે હાથ જોડીને શ્રીહરિની આગળ બોલ્યા, ‘મહારાજ, અમને કાંઈ પ્રશ્નનો ઉત્તર સૂઝતો નથી. કારણ કે અમારી બુદ્ધિ તો ઘણી થોડી છે.’ ૧. ત્યારે શ્રીહરિએ સંતોના પ્રત્યે કહ્યું કે, ‘તમારા સંતમંડળમાં જે મુખ્ય હોય તે વિચાર કરીને બોલો. ૨. એક મુક્તાનંદસ્વામી સિવાયના જે મહંત કહેવાતા હોય. જેમ કે પરમ ચતુર એવા બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, અખંડાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, પરમાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, પરમ ચૈતન્યાનંદસ્વામી, કૃપાનંદસ્વામી અને કૃષ્ણાનંદસ્વામી વગેરે જે મહાન પ્રબળ બુદ્ધિમાન સંતો છો. તે બધા એક બાજુ જઈને બેસો અને તમે બધા મળીને પ્રશ્નના ઉત્તરનો વિચાર કરો. ૩-૬.

કોઈ એકથી ઉત્તર ન થઈ શકે એવો આ પ્રશ્ન છે. કેટલાક પ્રશ્ન એવા હોય છે કે તેનો ઉત્તર એકથી થઈ શકે નહિ. ૭. કેટલાક પ્રશ્નના ઉત્તરમાં સહુની બુદ્ધિ એક મળી જાય છે અર્થાત્ તેમનો ઉત્તર સહુને એકસરખો જ સૂઝી આવે છે. અને કેટલાક પ્રશ્ન જે રીતના હોય છે તે રીતના જ તેના ઉત્તર હોય છે, પરંતુ તે એકથી સૂઝતા નથી. ૮. પ્રશ્નનો ઉત્તર સુગમ દેખાતો હોય તોપણ આશંકા કરવાને લીધે તે ઉત્તર આપવો કઠણ થઈ જાય છે. અને આશંકાનો જે ઉત્તર કરવો તે તો તેનાથી પણ અતિ કઠિન છે. ૯. આશંકા અને ઉત્તર, તે બંનેમાં બુદ્ધિની પરીક્ષા થાય છે. બોલવામાં અને ક્રિયા કરવામાં પણ બુદ્ધિની પરીક્ષા થઈ જાય છે. ૧૦.

જ્યાં સુધી માણસની બુદ્ધિ વ્યાવહારિક રહે છે ત્યાં સુધી મનુષ્યને જન્મમરણ રહે છે. અને જ્યાં સુધી જન્મમરણ રહે છે ત્યાં સુધી તે અત્યંત દુ:ખને પામે છે. ૧૧. જ્યારે કોઈ મોક્ષભાગીને સંત મળે અને જો તે સંતને

મન, કર્મ, વચનથી સેવવામાં આવે તો તેની વ્યાવહારિક બુદ્ધિને પણ સંતો મોક્ષપરક બુદ્ધિ કરી દે છે. ૧૨.

दोहा : भगवान ताकु मिलन के, संत पेले हे द्वार;
संत के समागम बिन हि, कोउ न भये भवपार...१३

ભગવાનને મેળવવા માટેનું સંતો પહેલું દ્વાર છે. સંતોના સમાગમ સિવાય કોઈ સંસારના પારને પામ્યું નથી. ૧૩. તમે સહુ જે અહીં છો, તે તમને જ્યારે પહેલા વહેલા બુદ્ધિમાન સંતો મળ્યા ત્યારે તેમણે અમારા ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો હતો. ૧૪. પૂર્વે પણ જે જે ભગવાનના અવતારો થયા હતા, તેમણે કોઈએ ક્યારેય અમે ભગવાન છીએ, એવી વાત કરી નથી. ૧૫. પૂર્વે જે ભગવાન થઈ ગયા છે અને થશે અને અત્યારે જે આ ભગવાન પ્રગટ છે, તેમનો પ્રતાપ તો તેમની વાતમાં જ દેખાઈ આવે છે. ૧૬. નીચમાં પણ નીચ જે મનુષ્યો હોય છે, તે ભગવાનનો ડર રાખતા નથી. અજ્ઞાની નીચ મનુષ્યો 'હું ભગવાન છું' એમ બોલે છે અને વિષયમાં લપટાયેલા રહે છે. ૧૭. જે લોકો સ્વયં વિષયમાં બંધાયેલા છે તેઓ બીજાના બંધનને શું તોડે ? કેમ જે, તેવું ક્યાંય દેખ્યું નથી. તેવા તો મર્યા પછી અપાર દુઃખને પામે છે. ૧૮.

બ્રહ્માંડમાં જેટલું પાપ થાય છે તે બધું પાપ 'હું ભગવાન છું' એમ કહીને જે પોતાનું ધ્યાન કરાવે છે તેને લાગે છે. ૧૯. ભગવાનમાં તો એવા મહાન ગુણો રહ્યા છે કે અનંત બ્રહ્માંડોમાં ગમે તેવા પાપ હોય, તે બધાને પણ એક જ પળવારમાં બાળી દે છે. તેમાં જરાય વાર લાગતી નથી. ૨૦. દારૂનો ઘણો મોટો ઢગલો હોય, તોપણ એક તલભાર પણ પ્રત્યક્ષ અગ્નિના તણખાનો યોગ થાય તો તે બધા દારૂને અગ્નિ એક પળવારમાં બાળી દે છે. ૨૧.

चोपाई :

हरि के नाम रु चरित्र जितने, प्रोक्ष कबु नहीं होवत तितने;
मूर्ति प्रत्यक्ष प्रोक्ष कबही, देखेमें आत जब हि जबही...२२
आश्चर्य चरित्र रहे एहू, ब्रह्मादिक कु गम परत न तेहू;
ओर जन कि रहे कहा बाता, कोईकु न आवत देखाता...२३

आप आपकी बात ताकी, कोईकु गम न रहेउ वाकी;
भगवान जितनी देवे जाही, तितनी गम कबु परे ताही...२४

જેટલા ભગવાનનાં નામ અને ચરિત્રો છે તે ક્યારેય પરોક્ષ થતા નથી, સદા પ્રત્યક્ષ રહે છે. પરંતુ ભગવાનની મૂર્તિ ક્યારેક પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે અને ક્યારેક પરોક્ષ દેખ્યામાં આવે છે. અર્થાત્ જ્યારે પરમાત્મા મનુષ્યાકારે પ્રગટ હોય કે પ્રગટ થઈને દર્શન આપે ત્યારે પ્રત્યક્ષ દેખાય છે. અને જ્યારે અંતર્ધાન થઈ જાય અને દેખાય નહિ ત્યારે પરોક્ષ કહેવાય છે. ૨૨. આ ચરિત્ર તે આશ્ચર્યકારી રહ્યું છે. તેમાં બ્રહ્માદિક દેવતાઓને પણ ગમ પડતી નથી, તો બીજા લોકોની તો શું વાત કહેવી ? તે આશ્ચર્યની વાત કોઈના દેખ્યામાં આવતી નથી. ૨૩. કોઈને પોતપોતાની વાતની પણ પૂરી ગમ રહેતી નથી. ભગવાન જેને જેટલી બુદ્ધિ આપે છે તેટલી તેને ગમ ક્યારેક પડે છે. ૨૪.

❋ ભગવાનનો પ્રતાપ :

ભગવાન એક જ સ્વતંત્ર છે. તે સિવાયના બીજા બધા જ પરતંત્ર રહ્યા છે. કોઈ સ્વતંત્ર થઈ શકતું નથી. ૨૫. **પરમેશ્વર સિવાયના બીજા બધા જ પરતંત્ર રહ્યા છે. જે પોતાનું જેટલું સામર્થ્ય મન, કર્મ, વચનથી દેખાડતા રહે છે, તે પણ પરમેશ્વર વિના નથી હોતું.** ૨૬.

सोरठा : ईश्वर जितने जेहि, जन के मोक्ष करन हित;
सामृथ देखावत तेहि, ताके नहि अभिमान कबु...२७
ब्रह्मांड हि जितनेउ, उत्पत्ति स्थिति प्रलय जो;
लीला रहाये जेउ, लीला एसि अनंत रहे...२८

પરમેશ્વર પોતે જીવોના મોક્ષને માટે જે કાંઈ સામર્થ્ય દેખાડે છે, તેનું તેમને ક્યારેય અભિમાન હોતું નથી. ૨૭. જે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે, તે પરમેશ્વરની લીલા છે. તેવી તો બીજી અનંત લીલાઓ છે. ૨૮. **સત્યસંકલ્પ તો એક પરમેશ્વર જ છે. બીજા અનેક લોકો સંકલ્પ કરતા હોય છે, છતાં કોઈ સત્યસંકલ્પ થઈ શકતા નથી; આ નિશ્ચિત વાત છે.** ૨૯. **પરમેશ્વરને આ રીતે દૃઢપણે કરીને સમજવા જોઈએ કે, જેથી**

વિષમ દેશકાળે કરીને ક્યારેય ચિત્ત ફરે નહિ. માણસ જેવા શબ્દ સાંભળે છે તેવું તેનું ચિત્ત ચોક્કસ થઈ જાય છે. ૩૦. **જ્યાં સુધી માણસનું ચિત્ત ફરતું રહે છે ત્યાં સુધી તેને કોઈ બાબતની દઢતા થતી નથી. જેમાં વધારે લાભ દેખાય તેમાં મનુષ્ય ચિત્તને ઠેરાવીને જોડે છે.** ૩૧. ધર્મ પાળવાથી ઘણો મોટો લાભ થાય છે, તેમ સમજીને ચિત્તને તેમાં દઢ ચોંટાડવું. અને કદાચ અધર્મમાં મોટો લાભ દેખાય તોપણ સમજણથી તે લાભને ટાળી દેવો. ૩૨.

❋ ધર્મની મહત્તા :

આવું સમજણવાળું જે ચિત્ત છે તે શુદ્ધ કહેવાય છે અને તેની ક્યારેય અધોગતિ થાતી નથી. અને શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલી વાતને જો કરવામાં આવે છે તો તે અધોગતિ કરાવે છે. ૩૩. શાસ્ત્રમાં કહેલી વિધિ બાબતની જે વાત છે, તેની ચિત્તમાં તેટલી તપાસ કરીને તેને અનુસરવું. **શાસ્ત્રીય વિધિની વાતમાં મોક્ષ રહ્યો છે, તે પ્રગટ દેખ્યામાં આવે છે.** ૩૪. **જેટલું વિધિને માર્ગે ચલાય છે તેટલું મોક્ષને માર્ગે ચાલ્યા છીએ તેમ જાણવું. અને નિષિદ્ધ કરેલા માર્ગે જે ચાલવું તે નરકને માર્ગે ચાલ્યા છે તેમ જાણવું.** ૩૫. **નિષિદ્ધ કર્મ કરનારા આ લોક અને પરલોકમાં ક્યારેય સુખી થતા નથી. તેમજ આ લોકમાં પણ જેટલા દુઃખ કહેવાય છે, તે બધાને પામે છે અને તેને અન્ન, વસ્ત્ર પણ પૂરાં મળતા નથી.** ૩૬.

નિષિદ્ધ કરેલાં કર્મનું આવું દુઃખરૂપ ફળ રહ્યું છે, તે નજરે દેખાય છે તોપણ માણસો લેશમાત્ર ડરતા નથી. ૩૭. જેટલા મનુષ્યો થોડાં સુખને પામે છે કે, વધારે સુખને પામે છે, તે શાસ્ત્રના કરેલા વિધિને પાળવાથી પામે છે, તે વાત ચોક્કસ છે.' ૩૮. આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા ત્યારે સહુ સંતો ઊઠ્યા અને દૂર જઈને બેઠા. પછી તે સહુ સંતો પ્રશ્નનો ઉત્તર પરસ્પર નક્કી કરીને સભામાં આવીને બેઠા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "બ્રહ્મમુનિ આદિ સંતોને શ્રીહરિએ પ્રશ્નનો ઉત્તર વિચારવા મળીને એકાંતમાં બેસવા કહ્યું" એ નામે ત્યાંશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર સત્તરમું : તરંગ - ૮૪

શ્રીહરિએ નિત્યાનંદસ્વામીના ઉત્તરની પ્રશંસા કરી

શ્રીહરિએ જે પ્રશ્ન કર્યો તેને જેટલા રમતા સંતો હતા, તેઓ તેના મર્મને પૂરો સમજ્યા નહિ. તેથી સમજણ પ્રમાણે બોલ્યા. ૧. ભણનારા સંતોમાં નિત્યાનંદસ્વામી પ્રશ્નને યથાર્થ રીતે સમજ્યા હતા કે, જેને રમતા સંતો સમજ્યા ન હતા. ૨. રમતા સંતોમાં સમાધિનિષ્ઠ સંત કૃષ્ણાનંદસ્વામી અને કૃપાનંદસ્વામી હતા. ૩. કૃષ્ણાનંદસ્વામી તો ઘણા શૂરવીર હતા. તે સહુ પહેલા બોલ્યા. તેમણે પ્રશ્નનો મર્મ કાંઈ જાણ્યો ન હતો. ૪. પોતે પ્રશ્નને જે રીતે સમજ્યા હતા તે રીતે ઉત્તર કર્યો કે, ‘આપનાં સ્વરૂપ સિવાય બીજાનું ધ્યાન કરે, તેને તો વ્યભિચારી કહેવાય. ૫. અમારે બીજા કોઈનું કામ નથી. હે પ્યારા, અમારી સમજણ તો તેમ કહે છે. જો બીજાને આપના સમાન અમે સમજીએ તો અમારો જન્મ વ્યર્થ ગયો કહેવાય.’ ૬.

જેટલા રમતા સંતો હતા, તે બધા ઉપર કહ્યા પ્રમાણે એકસરખો ઉત્તર બોલ્યા. ભણનારા સંતોમાં નિત્યાનંદસ્વામી મુખ્ય હતા. ૭. શ્રીહરિએ જે પ્રશ્ન પૂછ્યો તેનો યથાર્થ લક્ષ્ય(તાન) તેઓ જાણતા હતા. પ્રશ્નનો જેવો લક્ષ્ય હોય તેવો ઉત્તર થવો જોઈએ. ૮. અને તે લક્ષ્ય-તાનના જેવો ઉત્તર થાય ત્યારે ઉત્તર યથાર્થ થયો કહેવાય. પ્રશ્નનું તાન જાણવું તે જ ઘણી કઠિનતર વાત છે. ૯. શ્રીહરિ જે પ્રશ્ન પૂછતા તેમાં એક પણ પ્રશ્ન તાન સિવાય રહેતો નહિ. તાન અને નિશાન(લક્ષ્ય) શબ્દ એક જ અર્થને કહેનારા છે. તાન વિનાનો પ્રશ્ન નિર્જીવ દેખાય છે. ૧૦. નિર્જીવ પ્રશ્નથી કોઈ જ્ઞાન સિદ્ધ થતું નથી. જેમ પાણી વલોવવાથી કોઈને ઘી મળતું નથી. એવા તો કેટલાય પ્રશ્નો નિર્જીવ હોય છે, પણ શ્રીહરિ ક્યારેય નિર્જીવ પ્રશ્ન કહેતા નહિ. ૧૧. જેનાથી અનેક જીવોનો ચોરાસીનો ફેરો મટી જાય તેવું તાન શ્રીહરિને રહેતું. પ્રગટ ભગવાન જે રીતે રહ્યા હતા, તેમના પછી પણ તેવા જ પ્રગતિશીલ સંતો-ભક્તો રહ્યા હતા. ૧૨.

दोहा : हरि कु मिले जितने जो, बाई भाई संत;
वर्णि संन्यासि पदाति हि, सनातन मुक्त रहंत...१३

શ્રીહરિને મળેલા જે કોઈ પણ બાઈ-ભાઈ, સંતો, વર્ણી, સંન્યાસી અને પાર્ષદો, એ બધા સનાતન મુક્ત રહ્યા છે. ૧૩. જેને ભગવાનનો સંબંધ થયો નથી તથા સંતો વગેરેનો સંબંધ થયો નથી એવા જે બાઈ-ભાઈઓ છે તેના માટેનો આ પ્રશ્ન ગણાય છે. ૧૪. નિત્યાનંદસ્વામીએ તે પ્રશ્નનો ઉત્તર જેવી પોતાને સૂઝ હતી તેવો કર્યો. તે સાંભળીને શ્રીહરિ રાજી થયા. ૧૫. જેવો પ્રશ્ન હતો તેવો તેમણે ઉત્તર કર્યો છે. નિત્યાનંદસ્વામીએ કહ્યું કે, **'મોટા જે સંતો છે તેમનાં વચનથી મોક્ષ થાય છે.** ૧૬.

*** સંતમહિમા :**

જેટલા મોટા સંતો છે તે ભગવાનનાં વચનને મોક્ષરૂપ માનીને ભગવાનના વચનમાં વર્તતા રહે છે. વચન બહાર રહેવામાં તેઓ નુકશાન માને છે. ૧૭. જે સાક્ષાત્ ભગવાન મળ્યા હોય, તેનું ધ્યાન અને સ્મરણ તેને કરતા રહે છે. ભગવાનનાં જન્મથી લઈને સ્વધામ પર્યંતના જેટલાં ચરિત્ર છે, તેનું રાત દિવસ નિત્ય ગાન કરતા રહે છે. તે સંતોને ચરિત્રમાં અધિક તાન રહે છે. એવા સંતોને આ ભૂમિ ઉપર જે કોઈ પણ મનુષ્ય મળે-સમાગમ કરે, ૧૮-૧૯. અને તે સંતોને જેવી ભાવનાથી માને છે તેમનો તે રીતે મોક્ષ થાય છે. જેમ પરીક્ષિત રાજા શુકદેવજીના વચનથી લખચોરાસીના દુઃખને તરી ગયા હતા. ૨૦.

પ્રિયવ્રત, પ્રહ્લાદ, ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ જેવા તથા દક્ષના પુત્રો અને ચિત્રકેતુ આદિક પણ નારદજીના ઉપદેશવચનથી પરમ મોક્ષપદને પામ્યા હતા. વળી, નારદજી પણ જ્યારે દાસીપુત્ર થયા ત્યારે સંતની સેવાથી અને ઉપદેશવચનથી સર્વોચ્ચ ગતિને પામ્યા હતા. ૨૧-૨૨. સંતોના વચનથી કેટલાએ જીવોનો ઉદ્ધાર થયો છે. તે બધા કહી શકાતા નથી. અને સંતો દ્વારાએ જેટલાનો ઉદ્ધાર થયો છે તે બધાની વાત શાસ્ત્રમાં લખેલી છે. ૨૩. ગોપીઓ અને ગોવાળોએ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં હેત કર્યું તો તેનાથી તેમનો મોક્ષ થયો હતો. ઉદ્ધવજી, પાંડવો અને દ્રૌપદી, તેનો મોક્ષ પણ ભગવાનના સંબંધથી થયો હતો. ૨૪. પૂતના, અઘાસુર, બકાસુર, દંતવક્ર, શિશુપાળ, શાલ્વ, કંસ, એ બધા વૈરભાવે તત્કાળ મોક્ષને પામ્યા હતા. ૨૫. **સંતોની**

સાથે વૈરભાવે કરીને એક પણ જીવનો મોક્ષ થયો હોય, તેવું અમે સાંભળ્યું નથી, પણ સંતોની સેવાથી મોક્ષ થયો હોય છે. ૨૬.

❋ સંતનાં લક્ષણ :

સંતો પોતાના ધર્મમાં દૃઢપણે કરીને રહેતા હોય છે અને ભગવાનના દાસના પણ દાસ થઈને વર્તે છે. ૨૭. તે સંતોમાં જેટલા શ્રેષ્ઠ શ્રેષ્ઠ ગુણો છે. અરે, તે ગુણોના તો તે ભંડારરૂપ છે, છતાં તેમને તેનું કશું અભિમાન હોતું નથી. ૨૮.

चोपाई :

एसे संत की सेवा जितना, महात्म रु श्रद्धा जुत तितना;
प्रगट मोक्ष रहायेउ एहा, समझ में तरत न आवत तेहा...२९
समझ में आये बिन उछाहा, आत न चलत प्राकृत राहा;
प्राकृत राह चलत जिहाँ लगहू, प्राकृत मति रहत तिहाँ लगहू...३०
प्राकृत मति से प्राकृत सुखा, पावत रेते ता महीं दुःखा;
संत में दोष न रहे तिल भारा, जन में दोष रहे अपारा...३१

આવા સંતોની માહાત્મ્ય અને શ્રદ્ધાએ યુક્ત જેટલી સેવા કરવામાં આવે છે તેટલો તેનો પ્રગટ મોક્ષ થાય છે. તે સહુને તરત સમજવામાં આવતું નથી. ૨૯. સમજાયા સિવાય ઉત્સાહ થતો નથી અને ઉત્સાહ આવ્યા વિના જીવ લૌકિક માર્ગે ચાલતો રહે છે. અને જ્યાં સુધી તે લૌકિક માર્ગે ચાલે છે ત્યાં સુધી તેની બુદ્ધિ લૌકિક જ રહે છે. ૩૦. લૌકિક બુદ્ધિથી લૌકિક સુખ મળે છે, પરંતુ તે સુખમાં દુઃખ ભળેલું હોય છે. સંતોમાં તો એક તલભાર પણ દોષ નથી. સામાન્ય માણસમાં તો દોષ અપાર રહ્યા હોય છે.' ૩૧. પછી શ્રીહરિ બોલ્યા કે, 'હવે અમારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર થયો છે.' (આમ, સંતના ધ્યાનથી નહિ, પરંતુ માહાત્મયે સહિત સંતની સેવા કરવાથી મોક્ષ થાય છે.) સંતોની સાથે આટલી વાત થઈ ત્યારે મહેમદાવાદ ગામમાંથી હજારો લોકો આવ્યા. ૩૨.

તેઓ હારના શણગારો અને ફૂલના હાર ઘણા લાવ્યા અને સહુએ શ્રીહરિને તે પહેરાવ્યા. અને શ્રીહરિએ તે હાર સંતોને આપ્યા. ૩૩. સંતોની

જે સભા હતી, તે બધી ફૂલના હારોથી શોભતી હતી. ખીલેલો ફૂલનો બાગ હોય, તેવી સભા દેખાતી હતી. ૩૪. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે પૂરવ અને ગોડી રાગના પદ બધા સંતો બોલવા લાગ્યા. તે સભામાં સહુમાં પરમ આનંદ છવાઈ ગયો હતો. ૩૫. સભાની વચ્ચે શ્રીહરિની મૂર્તિ ફૂલોથી ઢંકાઈ ગઈ હતી. અને તે મૂર્તિમાંથી નીકળતા તેજનો પ્રકાશ ચારેબાજુ ફેલાયેલો હતો. ૩૬. તે વખતે બે-ચાર મશાલો પ્રગટાવેલી હતી અને સંતો આરતી તથા ધૂન કરતા હતા. તેની અપાર શોભા થઈ હતી. ૩૭. સંતો જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુ જયજયકાર બોલ્યા. ઊભા ઊભા ધૂન કરતા હતા એટલે તે પછી બેસી ગયા. ૩૮. પછી સંતો મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીએ રચેલા ગરબીના પદ બોલવા લાગ્યા. ૩૯. સંતો અને શ્રીહરિની અદ્‌ભુત રીતને દેખીને મહેમદાવાદ ગામમાંથી આવેલ ગ્રામજનો યોગ્ય રીતે ઘણી ઘણી પ્રશંસા કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ નિત્યાનંદસ્વામીના ઉત્તરની પ્રશંસા કરી" એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર સત્તરમું : તરંગ - ૮૫

શ્રીહરિએ પાકા હરિભક્તની વાત કરી, પોતે થાળ જમ્યા અને સંતોને જમાડ્યા

જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને શ્રીહરિની ચારેબાજુ સંતો પણ સૂઈ ગયા. ૧. તેમાં કેટલાક સંતો ધ્યાનમાં બેઠા હતા, કેટલાક જાગતા હતા અને જાગતા સંતોમાં પણ કેટલાક પરસ્પર શ્રીહરિનાં ચરિત્રોની વાત કરતા રહેતા. ૨. જ્યારે રાત ચાર ઘડી બાકી રહી ત્યારે સહુ નારાયણધૂન કરવા લાગ્યા અને તે પછી પ્રભાતિયાના પદ બોલવા લાગ્યા. ૩. જ્યારે અરુણોદય થયો ત્યારે શ્રીહરિ સંતોને સાથે લઈને સ્નાન કરવા ચાલ્યા. સહુએ નદીમાં જઈને સ્નાન કર્યું. જ્યારે શ્રીહરિએ સ્નાન કરી લીધું

પછી પોતાને ઉતારે આવ્યા અને કાયમનો પૂજાવિધિ બધો કર્યો. અને તે પછી સભામાં આવીને બેઠા. ૪-૫.

મહેમદાવાદમાં જેટલા હરિભક્ત વિપ્રો હતા, તેમણે પોતપોતાને ઘેર શ્રીહરિને માટે બરફી, દૂધપેંડા અને દૂધપાકના થાળ કરી રાખ્યા હતા. ૬. સંતોને માટે રસોઈ તૈયાર થઈ ત્યાં સુધીમાં હરિભક્તોએ ઘણા ભક્તિભાવથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૭. સહુ પહેલા શ્રીહરિ દુર્લભરામને ઘેર પધાર્યા. તે વખતે શ્રીહરિએ પીતાંબર વસ્ત્ર પહેર્યું હતું અને એક લાલ રેશમી વસ્ત્ર ઘણા ભાવથી શરીર ઉપર ઓઢી રાખ્યું હતું. ચરણમાં ચાખડીઓ પહેરી હતી. ઘણી સુંદર ફૂલની પાઘ પ્રેમથી મસ્તક ઉપર બાંધી હતી. ૮-૯. શ્રીહરિ આવ્યા. ચરણ ધોઈને પાટલા ઉપર બેઠા. પછી થાળ જમવા લાગ્યા. જ્યારે થાળ જમી રહ્યા ત્યારે ઘણા પ્યારથી ભક્તજને શ્રીહરિની પૂજા કરી. ૧૦. લલાટ ઉપર કેસરી ચંદનની અર્ચા કરી અને ફૂલના મોટા હાર પહેરાવ્યા. ધૂપ અને દીપ પ્રગટાવીને આરતી કરી. પછી તેમના પરિવારે પણ શ્રીહરિની પૂજા કરી. ૧૧.

શ્રીહરિની સાથે જેટલા સંતો અને વર્ણી વગેરે હતા, તેમને પણ ચંદન ચર્ચી, ફૂલના હાર પહેરાવીને મનના ઘણા પ્યારથી પૂજા કરી. ૧૨. શ્રીહરિને એક સરસ શાલ ઓઢાડ્યા પછી બંને હાથની આંગળીઓમાં સોનાના વેઢ પહેરાવ્યા. ૧૩. પરમ નિપુણ દુર્લભજીભાઈએ તે સમયે સંતોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને બ્રહ્મચારીઓને પીતાંબર ઓઢાડ્યાં. ૧૪.

પછી ત્યાંથી ચાલેલા શ્રીહરિ બેચર ભટ્ટના ભવને ગયા. તેણે પોતાના ઘરને સુંદર રીતે શણગાર્યું હતું. ૧૫. ત્યાં હાથ-પગ ધોઈને મનમાં ઘણા પ્રસન્ન થઈ શ્રીહરિ મનોહર પાટલા ઉપર આવીને બેઠા. ૧૬. વિપ્રોએ જે જે ભોજન તૈયાર કર્યાં હતાં, તેના થાળ ભરી ભરીને સુખદાયક શ્રીહરિ આગળ ધરાવ્યા હતા. તેને ભાવ સહિત સ્વયં જમ્યા. ૧૭. બેચર ભટ્ટ નવા નવા મર્મભર્યા શબ્દ બોલીને શ્રીહરિને ઘણું હસાવતા હતા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા પછી તે ભટ્ટે શ્રીહરિની પૂજા કરી. ૧૮. તેમણે ઘણા ઉમંગથી

શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને શરીરના બીજા ભાગો ઉપર ઘણા હેતથી ચંદન ચરચ્યું. પછી સુશોભિત ફૂલના હાર અને બાજુ શ્રીહરિને પહેરાવી દીધા. ધૂપ, દીપ કરીને આરતી કરી. પછી અનુપમ અને ઘણો કિંમતી સોનાનો દોરો શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો. ૧૯-૨૦.

ચોપાઈ :

पावु लगिके स्तुति यह कीना, मूर्ति तुमारी न बिछुरो छीना;
तुमारे हरि चरित्र हि जोई, चित्त में मोह न होवे कोई...२१
तुमारे भक्त रहे बहु रीता, तिनसे जुदे होवे न चीता;
हमारो हम कु दोष देखावे, भक्तजन के गुन दरशावे...२२

પછી તેમણે પગે લાગીને સ્તુતિ કરતા એમ કહ્યું કે, 'પ્રભુ, એક ક્ષણવાર પણ આપની મૂર્તિને અમે ભૂલીએ નહિ. વળી, આપનાં ચરિત્ર જોઈને તેમાં અમને ક્યારેય મોહ થાય નહિ. ૨૧. આપના અનેક પ્રકારના ભક્તો હોય છે, પણ તેમનાથી અમારું મન ક્યારેય જૂદું ન પડે. અમને અમારો દોષ સૂઝે અને ભગવાનના ભક્તોના ગુણ જ દેખાય. ૨૨. મહારાજ, અમે હાથ જોડીને આપની પાસે આટલું માગીએ છીએ, તો આપ દયા કરીને તેટલું વચન અમને આપો.'

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'જેટલા પૂરો સત્સંગ કરતા નથી અને સત્સંગ કરવામાં જેટલી અધૂરાશ રાખે છે તેટલી તેમાં કસર રહે છે; એવું અમને દેખાય છે. જ્યારે ભક્તજન કસરનો ત્યાગ કરે છે ત્યારે તે ભક્ત શિરોમણિ બને છે. ૨૩-૨૪. **માણસને આપમેળે પોતાની ખોટ દેખાતી નથી, પણ પાકા સંત અને હરિભક્તો તેની ખોટ દેખાડી દે છે. ૨૫. પાકા જે હરિભક્તો છે તે બીજા હરિભક્તોની સાથે હેત રાખે છે. કોઈ વ્યાવહારિક બાબતને માટે પણ ક્યારેય કુહેત કરાવનારું વચન બોલતા નથી. ૨૬.** સારા હરિભક્ત થઈને બીજા હરિભક્તનું ક્યારેય પોતાનાં મુખે અણગમતું વચન(કુહિત) બોલે નહિ, તે ખરેખર પૂરો હરિભક્ત કહેવાય છે. ૨૭. આ જે હરિભક્તો છે તે બધાનું હિત ઇચ્છે છે અને જે પૂરો હરિભક્ત હોય તે તો રોજેરોજ હરિભક્તોનું પૂરું હિત ઇચ્છે છે. ૨૮.

हरिजन होई हरिजन संगा, कोउ स्वार्थ के हित प्रसंगा;
वैर करत हे जितना जेहा, पूरे हरिजन भये न तेहा...२९
हरिजन होई हरिजन ताके, बुरे करन इच्छत मन जाके;
जितनो बुरो इच्छत हि जाही, तितनो कुसंग जिय में रहाही...३०
दोष तेतो हम देत देखाई, हमारे सब पर हेत रहाई;
धर्म के पक्ष रखत हे हमहि, हमारी बात कहेउ तुमहि...३१
जितना हरिजन रहेउ जेहा, देखेमें तितना आत तेहा;
हरिजन तितनी कृपा हमारी, रहत निरंतर कहत पोकारी...३२

કોઈ સ્વયં હરિભક્ત થઈને બીજા હરિભક્તની સાથે સ્વાર્થને લીધે વૈર બાંધે છે તો તે પૂરો હરિભક્ત થયો નથી. ૨૯. **હરિભક્ત થઈને હરિભક્તનું બૂરું કરવા ઈચ્છે છે તે પૂરો સત્સંગી કહેવાય નહિ. કેમ જે, જે જેટલું બીજાનું બૂરું કરવા ઈચ્છે છે તેટલો તેના જીવમાં કુસંગ રહ્યો છે.** ૩૦. અમને તો જે દોષ દેખાય છે, તે અમે બતાવી દઈએ છીએ. કારણ કે, અમારે સહુના ઉપર સમાન હેત છે, છતાં અમે ધર્મવાળાનો પક્ષ રાખીએ છીએ. અમે આ અમારી વાત સ્પષ્ટપણે કહી દીધી. ૩૧. જે જેટલો હરિભક્ત હોય તે તરત દેખાઈ આવે છે. અને તે હરિભક્તના ઉપર અમારી તેટલી કૃપા નિરંતર રહે છે, તેમ અમે પોકારીને કહીએ છીએ. ૩૨.

આટલી વાત કહીને શ્રીહરિ અંબારામ વિપ્રને ઘેર આવ્યા. ત્યાં પણ શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તે વિપ્રે શ્રીહરિની પૂજા કરી. ૩૩. જેવો મનનો મનોરથ હતો તે રીતે તે વિપ્રો પૂજા કરતા હતા. તે બધા વિપ્ર હરિભક્તોને ઘેર શ્રીહરિ તે સમયે જમ્યા અને હરિભક્તોએ મનગમતી શ્રીહરિની પૂજા કરી. ૩૪. તે સહુએ ઘણા હેતથી સંતો અને વર્ણીઓની પૂજા કરી. જે હરિભક્તના જે રીતના મનોરથ હતા, તે બધાને તે રીતે શ્રીહરિએ પૂરા કર્યા. ૩૫.

હરિભક્તોને ઘેર જ્યારે ફરી રહ્યા ત્યારે સંતોની પંક્તિ તરત કરાવી. જે જગ્યાએ બુદ્ધિમાન સંતો પહેલે દિવસે જમ્યા હતા, ત્યાં આજે પણ જમવા માટે બેઠા. ૩૬. તે ધર્મશાળાના સ્થાનમાં કેળના સ્તંભો રોપાવી રંગોળી પૂરી

હતી અને બધા સંતોને જમવા માટે પાટલા ઉપર બેસાડ્યા. ૩૭. સંતોના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું, ફૂલના હાર પહેરાવ્યા અને અગરબત્તીનો ધૂપ કર્યો. ૩૮. પછી જે ભોજનો કર્યાં હતાં, તેને શ્રીહરિએ આવીને પીરસ્યા અને જેટલી કેરી લાવ્યા હતા તે બધી ઉપરથી આપી. ૩૯. જ્યારે સંતો, પાર્ષદો અને કાઠી દરબારો વગેરે બધા જમી રહ્યા ત્યારે ત્યાં અશ્વને લાવ્યા અને શ્રીહરિ તેના ઉપર બેઠા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ પાકા હરિભક્તની વાત કરી, પોતે થાળ જમ્યા અને સંતોને જમાડ્યા" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર સત્તરમું : તરંગ - ૮૬

વડથલ ગામમાં પધારેલા શ્રીહરિની લીલા

શ્રીહરિ અશ્વ ઉપર બેસીને જ્યારે પોતાના મુકામે આવ્યા ત્યારે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને મૂર્તિ અપાર સોહામણી લાગતી હતી. ૧. આવીને શ્રીહરિ હિંડોળે બેઠા ત્યારે વીરણવાળાના બે પંખાને શુદ્ધ પાણીથી ભીંજવીને સેવક પવન નાખવા લાગ્યા. ૨. શ્રીહરિ મહેમદાવાદમાં બે દિવસ અને બે રાત રહ્યા. પછી સવારમાં ઘણા પ્રસન્ન મનથી વડથલ ગામ જવા નીકળ્યા. ૩. જ્યારે શ્રીહરિ **વડથલ** ગામને નજીક આવ્યા ત્યારે ગામમાં રહેલા હરિભક્તોને શ્રીહરિ આવી રહ્યા છે તેવા સમાચાર મળ્યા, એટલે બધાને અપાર આનંદોત્સાહ થયો. ૪. તે ગામના ભક્ત બાઈ-ભાઈઓ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને દર્શન કરીને તેમને જે આનંદ થયો તે કહી શકાય તેમ નથી. ૫.

સહુ ફૂલના હાર લઈને આવ્યા હતા, એટલે ઘણા હરખથી તે હાર પહેરાવ્યા. તે સમયે ઢોલ, તાંસા, ભેરી, રણશિંગી અને શરણાઈ ઇત્યાદિક વાજિંત્રવાળા શ્રીહરિની સન્મુખ આવ્યા અને વગાડવા લાગ્યા. શ્રીહરિ જ્યારે ગામમાં પ્રવેશ્યા ત્યારે ગામની બધી બજારોને સ્વચ્છ કરાવીને સુંદર

રીતે સજાવી હતી. ૬-૭. ગામના જે નરનારીઓ હતા, તે બધા બજારમાં આવીને ઊભા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, તે અશ્વ પણ સોનાનાં ઘરેણાંઓથી ભરપૂર હતો. ૮. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ઝીણાં, ઘાટાં, ભારેમાંયલાં, સુંદર અને દૂધ જેવાં સફેદ વસ્ત્ર પહેર્યાં હતાં. અદ્ભુત શોભા બની હતી, તે વર્ણવી શકાતી નથી. ૯. ગામની જેટલી ભાવિક સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા લાગી અને તેનાથી તેમનાં જન્મ-મૃત્યુનાં દુઃખ ભાગી ગયાં. ૧૦. અને ગામમાં જેટલા પુરુષો હતા, તે સહુએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા અને વારંવાર પગે લાગ્યા. ૧૧.

વડથલ ગામમાં સહુને દર્શન દઈને શ્રીહરિ ગામની બહાર આવ્યા અને ઉત્તર તરફના ભાગમાં એક સરસ વડલાની છાયા હતી, જે શ્રીહરિને પધાર્યા દેખીને ઘણી જ ખીલી ઊઠી હતી. ૧૨. તે વડલાની ડાળે એક સારો હિંડોળો બાંધી રાખ્યો હતો, એટલે ત્યાં આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા. તે વખતે આગળના ભાગમાં સંતો, વર્ણી અને સંન્યાસીઓની સભા થઈ. ૧૩. શ્રીહરિની સાથે સવારીમાં જે કાઠી દરબારો હતા, તે બધા નજીકમાં રહેલા આંબાની છાયામાં ઊતર્યા. ૧૪. ત્યાંના હરિભક્તો પાકી કેરીના ટોપલા ભરી ભરીને લાવતા હતા. તે કેરીને શ્રીહરિ કાઠી દરબારોને આપતા હતા. ૧૫. શ્રીહરિ કાઠી દરબારોને પહેલા કેરી આપતા અને પછી પાર્ષદોને આપતા હતા. વળી, સંતો અને વર્ણીઓને પણ ઘણા હેતથી કેરી આપતા હતા. ૧૬. જેટલી કેરી આવતી હતી તેને શ્રીહરિ સ્વયં જમતા હતા અને સહુ સંત-હરિભક્તોને જમાડતા હતા.

ત્યાં જે વિપ્ર હરિભક્તો હતા, તે બધા થાળ કરીને શ્રીહરિને રસ રોટલી જમાડતા હતા અને ઘેર ઘેર પધરામણી કરતા. તેમાં પૂજા કરીને ફૂલના હાર પહેરાવતા અને સારાં સુંદર વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવતા હતા. ૧૭-૧૮. ભક્તોએ ધૂપ, દીપ કરીને આરતી કરી અને મનોવાંછિત બધો લાભ લીધો. ગામમાં જ્યાં સંતોની જગ્યા હતી ત્યાં સંતોને માટે રસોઈ કરાવી. ૧૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સંતોની પંગત કરાવી અને શ્રીહરિએ

સહુને લાડુ પીરસ્યા. જેટલી કેરી હતી તે બધી ઉપરથી જમવા આપી. ૨૦. પાર્ષદો તથા કાઠી દરબારો, સહુને જમાડ્યા. તે પછી સંતોની પૂજા કરી. ચંદન ચર્ચી અને ફૂલના હાર સહુને પહેરાવ્યા. ૨૧. જેટલા સંત અને વર્ણી હતા, તે દરેકને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ત્યાં રઘુનાથ પાંડે નામના વિપ્રે પહેલે દિવસે રસોઈ આપી હતી. ૨૨. પછી જ્યાં વડલાનું ઝાડ હતું ત્યાં શ્રીહરિ રાત રોકાયા અને ત્યાં જ આરતી તથા ધૂન કરી.

સભામાં શ્રીહરિએ વાત કરી અને સહુને સત્સંગ તથા કુસંગ સમજાવીને દેખાડી દીધો. ૨૩. અને સંતો તથા હરિભક્તોનાં વર્તનની રીત બતાવી. પછી શ્રીહરિએ જેવી વાત કરી હતી તે રીતના ગરબીના પદ સંતો પાસે ગવરાવ્યા. ૨૪. જ્યારે રાત દસ ઘડી ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને સંતોએ જે પોતાના નિયમો હતા, તે બધા પૂરા કર્યા. ૨૫. શ્રીહરિને ફરતા ચારેબાજુ સંતો સૂતા હતા. કેટલાક દૃઢ આસન લગાવીને ધ્યાનમાં બેઠા હતા. ૨૬. બધા પાર્ષદો વારાફરતી ચોકી કરતા હતા. શ્રીહરિ જ્યારે ગઢપુરથી નીકળ્યા ત્યારથી ચોકી કરવાના નિયમ બાંધી દીધા હતા. ૨૭. અને પાર્ષદોને જે કામ કરવાનું હતું તે બધી વાત તેમને કહી દીધી હતી એટલે પાર્ષદો રોજ તે કામમાં તત્પર રહેતા હતા. ૨૮.

જ્યારે રાત ચાર ઘડી બાકી રહી ત્યારે સંતો નારાયણધૂન કરવા લાગ્યા. ધૂન બોલ્યા પછી ધ્યાનમાં બેઠા. ૨૯. પછી સહુ સ્નાનવિધિ કરી મુકામે આવ્યા, ત્યાં શ્રીહરિએ બધો નિત્યવિધિ પૂરો કરી લીધો. પછી હિંડોળે આવીને બેઠા ત્યારે બધા સંતો આગળ આવીને બેઠા. ૩૦. ગરબીના પદ બોલાતા હતા અને વચ્ચે વચ્ચે શ્રીહરિ વાતો કરતા હતા. સંતો જ્યારે ઉલ્લાસથી કીર્તન ગાતા હતા ત્યારે આસપાસનાં વનનાં વૃક્ષો ગૂંજતાં હતાં. ૩૧. બીજે દિવસ કાલીદાસ વિપ્રે રસોઈ કરાવી. તેમાં મનમાન્યા લાડુ કરાવ્યા, જેમાં ઘી ચૂચવતું હતું. ૩૨. કેરીનો રસ કઢાવ્યો હતો એટલે સહુ પહેલા શ્રીહરિને થાળ જમવા બોલાવ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોની પંક્તિ કરાવી. ૩૩.

શ્રીહરિના હજુરી પાર્ષદોની એક પંગત કરાવી અને મરુત ક્ષત્રિયો(મારવાડી ક્ષત્રિયો) કે જેમને ચાકર-નોકર રાખ્યા હતા તે બધાની એક પંક્તિ કરાવી. ૩૪. એક પંગત ધારાળાઓની અને બીજી કાઠીઓની પણ કરાવી. દરરોજ આ રીતે અલગ અલગ પંક્તિઓ થતી હતી. ૩૫. રોજની આ રીતિ કાંઈ કહી શકાતી નથી અને કહ્યા વિના ખબર પણ કાંઈ પડતી નથી. નિત્ય તો મુખ્ય સંતોની જ એક વાત કહેવાય છે. અત્યારે મેં અહીંયા વિગતથી વાત કરી. ૩૬. જ્યારે જ્યારે બધા સંતો ભેળા થતા ત્યારે ઉપર મેં જે વિગત કહી તે રીતે પંગત થતી હતી. ૩૭. શ્રીહરિ પહેલા સંતોની પંગતમાં લાડુ હાથમાં લઈને ઉમંગભર ચટ્ ચટ્ ચાલીને પીરસતા હતા. ૩૮. ચંદન ચર્ચેલા અને કુંકુમથી લપેટાયેલા બંને ચરણોમાં શ્રીહરિએ ચાખડીઓ પહેરી હતી. શ્રીહરિ 'સંતો..લાડુ લો..' એમ વારંવાર બોલતા હતા. અને વારેવારે કહેતા કે, 'હવે હું ફરીવાર આવીશ નહિ.' ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વડથલ ગામમાં પધારેલા શ્રીહરિની લીલા" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર સત્તરમું : તરંગ - ૮૭

સત્સંગમાં વિચરણ કરતા દયાળુ શ્રીહરિ ઉમરેઠ પધાર્યા

શ્રીહરિએ સહુ સંતોની પંક્તિમાં, પાર્ષદોની પંક્તિમાં તથા કાઠી દરબારોની પંક્તિમાં આવીને લાડુ પીરસ્યા. ૧. પછી ધારાળાની પંક્તિમાં પણ લાડુ પીરસી રહ્યા પછી 'વાસુદેવ હરે...' એમ બોલ્યા. ત્યારે બધા સંતો વગેરે જમવા લાગ્યા. ૨. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ તેમને પીરસવાને માટે પંગતમાં ફરતા રહ્યા. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે વિપ્ર કાલીદાસે શ્રીહરિની ઘણા હેતથી પૂજા કરી અને તે પછી સંતોની પણ પૂજા કરી. ૩-૪. તે પછી ભક્તમનરંજન અને સુંદરશ્યામ એવા બહુનામી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને બપોર પછી ત્યાંથી ચાલતા થયા, તે

ડડુસર ગામે આવ્યા. ૫. ત્યાં ક્ષત્રિય હરિભક્તો હતા. તેમાં ગલુજી નામે હરિભક્ત મુખ્ય હતા. તેમના પત્ની અંબાબાઈ તથા પુત્રી સુખબાઈ વગેરે સહુ ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને રોકવા માટેની ઘણી તાણ કરી. ૬. ગલુજીના મા જીજીબા તેમના ઘરમાં એકદમ મરણ પથારીએ હતા. અંતર્યામી શ્રીહરિ તે જાણીને તેને ઘેર ગયા અને તરત ત્યાંથી ચાલતા થયા. ૭. ગલુજી ઘોડાઓને માટે જોગાણ લાવ્યા અને બધા સવારોને આપ્યું.

પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. તે વખતે બધા સંતો સાથે હતા. ૮. ત્યાં પણ આંબાના ઝાડની ઘણી ઘાટી ઘટા રહી હતી. અમદાવાદથી લઈને જેટલી ભૂમિ છે તે બધી આંબાના ઝાડથી ભરાયેલી હતી. ૯. બધાં ઝાડ કેરીથી શોભતાં હતાં. ત્યારે દર્શન દેતાં દેતાં શ્રીહરિ આગળ જતા હતા. ત્યારે તેઓ બોલ્યા કે, 'ગુજરાતના જેવો કોઈ જગ્યાએ બીજો દેશ નથી. ૧૦. અમને ગુજરાત પ્રદેશ બહુ ગમે છે. અહીંયા રહેવાનું અમને ઘણું સારું લાગે છે. અહીંયાના જે બાઈ-ભાઈ મનુષ્યો કહેવાય છે તે બધા સત્સંગની રીતને સહજ રીતે સમજે છે અને વાણીથી સંતોનું સન્માન કરે છે, એવા બુદ્ધિમાન છે.' ૧૧-૧૨. ત્યારે કાઠી દરબારોએ કહ્યું, 'આંબાને લીધે આ દેશ સોહામણો લાગે છે તે વાત ઠીક છે, પણ કોઈ એકલો ચાલે તો તેના શરીર ઉપર એક પણ કપડું રહે નહિ. ૧૩. આ દેશમાં જેટલા કોળી રહે છે, તે બધા ચોર છે. મેવાસમાં(મહી કાંઠામાં) તેમનું બળ છે. આમ તો આ બધો દેશ ચોરનો છે. ૧૪. કાઠિયાવાડ દેશ બધા દેશોથી અધિક છે. ત્યાં કાયમ શેરડી હોય છે અને અત્યારે તો ચીભડાં બહુ થાય છે. ૧૫. નદી વિનાનું એક પણ ગામ નથી. પથ્થર અને પહાડોથી દેશ શોભે છે. ઠેકઠેકાણે વિમાનોની જેમ ઘોડાઓ ફરતા હોય છે.' ૧૬.

આ રીતે પરસ્પર પ્રેમથી વાતો કરતા કરતા **ચુણેલ** ગામ આવ્યા. પરમ નિપુણ અને રંગભીના શ્રીહરિ ત્યાં એક રાત રહ્યા અને સવારે ચાલતા થયા. ૧૭. અવિનાશી શ્રીહરિ **ઉમરેઠ** આવ્યા. ત્યાંના હરિભક્તો ઘણા ઉત્સાહી હતા. શ્રીહરિ પધારે છે તેમ જાણીને સહુને એટલો આનંદ થયો

કે તે કહી શકાતું નથી. ૧૮. ઉમરેઠમાં ઘણા ખેડાવાળ વિપ્રો હરિભક્તો હતા. તેમાં રૂપરામ અને નરભેરામ મુખ્ય હતા. ૧૯. બીજા બધા હરિભક્તો પણ મુખ્ય જ હતા, છતાં આ બેના સમાન કોઈ એક પણ કહેવાય નહિ. અને હરિભક્ત બાઈઓમાં તો બધી મુખ્ય જ હતી. ૨૦. શ્રીહરિ આવી રહ્યા છે તેમ સાંભળીને બધા હરિભક્તો ઘણે દૂર સુધી સન્મુખ ગયા. જે પુરુષ હરિભક્તો હતા તે સહુએ ફૂલના હાર સાથે લીધા હતા. ૨૧. તે ફૂલના હાર શ્રીહરિને પહેરાવ્યા અને ઘણા પ્રેમથી દંડવત્-પ્રણામ કરવા લાગ્યા. જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધર્યાં અને વારંવાર ચરણમાં પડ્યા. ૨૨.

'મહારાજ, હે નાથ ! આપ ભલે પધાર્યા. આપે આજ અમને સનાથ કર્યા છે. આપ ચાલીને અમારે ઘેર આવ્યા અને દર્શન દીધાં, તે આપની દયાની વાતને અમે મુખથી કહી શકતા નથી. ૨૩. અમારે ઘેર બેઠા આપનાં દર્શન થયા. આવી કોઈ બીજી સર્વોત્તમ વાત કહેવાય નહિ. આજના દિવસની મહત્તાની વાત કઈ રીતે કહીએ ? યથાર્થ વાત તો મુખથી કહી શકાતી નથી. ૨૪. આપનું વારેવારે આવવાનું તો ઘણું દુર્લભ છે, પણ અત્યારે તો એ દુર્લભ દર્શન સુગમ થયા છે.' આ રીતે હરિભક્તો બોલતા હતા. ૨૫.

ત્યારે શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, 'અમે તો સમયને જોઈ વિચારીને બધા હરિભક્તોને દર્શન દેવા માટે વારાફરતી દેશમાં ફરતા જ રહીએ છીએ. ૨૬. કરોડો ઉપાય કરે તોપણ યોગ્ય સમય સિવાય અમારાં દર્શન ક્યારેય થતાં નથી અને સમય આવ્યે અમારાં દર્શન સુગમ રહે છે.' ૨૭. ત્યાં જે હરિભક્ત બાઈઓ હતી તે આવા પવિત્ર સમયને દુર્લભ જાણીને મોતીના થાળ ભરીને લાવી હતી અને તેનાથી શ્રીહરિને વધાવ્યા. ૨૮. ઢોલ, તાંસા, રણશિંગી, ભેરી, ભૂંગળ, તુરાઈ, શરણાઈ અને બીજાં પણ જે કાંઈ વાજિંત્ર હતાં તે શ્રીહરિની સન્મુખ આવ્યાં હતાં. ૨૯. જે હરિભક્તો આવ્યા હતા તેની સાથે શ્રીહરિએ પુરમાં પ્રવેશ કર્યો. પુરની બધી રાજબજારોને સ્વચ્છ કરીને તેમાં પાણી છંટાવ્યું હતું. ૩૦.

પુરના લોકોએ ઘણા ઉલ્લાસથી બજારની બંને બાજુના ભાગમાં કેળના સ્તંભો રોપાવેલા હતા અને બજાર ઉપર જેટલી દુકાનો અને દરવાજાઓ હતા તેને સહુ લોકોએ સારી રીતે સજાવી દીધા હતા. ઉમરેઠ કોઈ દેવતાઓની પુરી જેવું શોભતું હતું. ગામમાં જેટલા મનુષ્યો હતા, તે બધા ઘરનું કામ છોડીને બજારમાં આવીને ઊભા હતા. કેટલાક તો ગોખમાં, અગાસીમાં અને માળ ઉપર ઊભેલા હતા. આ રીતે એટલી બધી લોકોની ભીડ થઈ હતી કે જે કહી શકાતી નથી. ૩૧-૩૩. એટલી બધી ભીડ થઈ હતી કે આવી ભીડ ક્યારેય થઈ ન હતી. તેમાં જેટલા પુરુષો હતા, તે બધા ફૂલના હાર લઈને ઊભા હતા. ૩૪. માનો ફૂલનો બગીચો ખીલી રહ્યો હતો, તેમ બજારની શોભા દેખાતી હતી.

સુખધામ શ્રીહરિ રોઝા ઘોડા ઉપર બેઠા હતા. ૩૫. શ્રીહરિની સાથે જેટલા અશ્વો હતા, તેમાં સહુથી રોઝો ઘોડો ઊંચો હતો. શ્રીહરિ તેના ઉપર બેઠા હતા અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૩૬. મસ્તક ઉપર વિચિત્ર બુટ્ટાવાળી મલમલની પાઘ બાંધી હતી. તેની કોર અને છેડાઓ ઘણા વિચિત્ર હતા. ૩૭. તે પાઘની વિચિત્ર કોર અને વિચિત્ર બુટ્ટાઓ જે હતા, તેમાં સોનેરી તારનાં ચિત્રો કરેલાં હતાં. ૩૮. પાઘ અમૂલ્ય હતી અને તેમાં રહેલાં છોગાં તો ઘણાં અમૂલ્ય હતાં. તેની શોભા અજોડ હતી અને તેમાં આંટા અનુપમ લીધેલા હતા. ૩૯. તેમાં બંને કાન ઉપર મોતીના તોરા ઝૂકી રહ્યા હતા. શ્રીહરિનાં નેત્રકમળ એવાં હતાં કે જે કોઈ તેનું ચિંતવન કરે તેનું ચિત્ત તેમાં ખેંચાઈ જતું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સત્સંગમાં વિચરણ કરતા દયાળુ શ્રીહરિ ઉમરેઠ પધાર્યા" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર સત્તરમું : તરંગ - ૮૮

ઉમરેઠમાં રૂપરામ ઠાકરને ઘેર થાળ જમીને શ્રીહરિએ સાંજે સભા કરી

શ્રીહરિએ પોતાના અંગ ઉપર સુંદર મલમલની બુટ્ટાદાર ડગલી પહેરી હતી અને તેની અપાર શોભા બની હતી. ૧. સુંદર ચંદેલીનો દુપટ્ટો ખભા ઉપર રાખ્યો હતો અને બીજો એક દુપટ્ટો કસીને કમરે બાંધ્યો હતો. ૨. વળી, પ્રાણઆધાર શ્રીહરિએ રેશમની નાડીવાળો રૂપેરી સુરવાળ પહેર્યો હતો. તે વસ્ત્ર ઝગમગ ઝગમગ થયા કરતું હતું. ૩. શરીર ઉપર પહેરેલાં સોનાનાં ઘરેણાંઓનો કોઈ પાર ન હતો. આ રીતે મૂર્તિ નવરસમય બની ગઈ હતી. ૪. શ્રીહરિનાં મસ્તક ઉપર શુભ શ્વેત છત્ર ધારણ કર્યું હતું. અને અશ્વને સોનાનાં ઘરેણાંઓથી હરખભેર શણગાર્યો હતો. ૫. કાઠી દરબારોના જે અશ્વો હતા, તેના ઉપર પણ બધો અનુપમ સાજ સજાવ્યો હતો.

જેટલાં વાજિંત્ર અને નિશાન હતા, તે સહુથી આગળ ચાલતા હતા. ૬. વાજિંત્રોની પાછળ હરિભક્ત પુરુષો ચાલતા હતા. અને તેમની પાછળ જેટલા સંત, સંન્યાસી અને વર્ણી હતા, તે ચાલતા હતા. ૭. સંતોની પાછળ ચાલતા પાર્ષદો બંદૂકના અવાજ કરતા હતા અને પાર્ષદોની પાછળ ચાલતા ચોપદારો 'જય જય...જય જય...' કરતા હરખાતા હતા. ૮. હરિભક્તો વધામણાનાં પદ ગાઈને ઝાંઝ મૃદંગ સાથે ઉત્સવ કરતા હતા. તેમજ ભણનારા સંતો વેદસ્તુતિ બોલતા હતા. ૯. વળી, કેટલાક સંતો ગોપિકાગીત, વેણુગીત અને યુગલગીત ગાતા હતા. અને કેટલાક સંતો સુંદર ગરબીના પદ ગાતા હતા. ૧૦.

આ રીતે **ઉમરેઠમાં** મહાન મંગળમય ઉત્સવ છવાઈ ગયો હતો. તે વખતે જેટલા દેવતાઓ હતા, તે બધા દર્શન કરવા આવ્યા. તેમના વિમાનોથી આકાશ છવાઈ ગયું હતું. અને તેઓ ફૂલની ઝડી વરસાવતા હતા. ૧૧. ચોપદારની પાછળ શ્રીહરિની સવારી ચાલી આવતી હતી. અને બજારમાં જેટલા મનુષ્યો હતા, તે ફૂલના હાર લઈને ઊભા હતા. ૧૨. તે બધા

શ્રીહરિવરના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરીને જયજયકાર બોલાવતા હતા. ૧૩. ગામની જેટલી સ્ત્રીઓ હતી, તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને પ્રેમથી વધાવતી હતી અને સુંદર પ્રેમભર્યાં વચન બોલતી હતી. ૧૪. 'હે સુજાણ ભગવાન ! આપે અત્યારે પધારીને ભવસાગરમાં ડૂબતા એવા અમારો જન્મ સફળ કર્યો છે.' ૧૫. અને પુરના જેટલા પુરુષો હતા તેઓ શ્રીહરિને બંને હાથ જોડીને કહેતા હતા કે, 'આજ આપના સમાન કોઈ નથી.' ૧૬.

આ રીતે સુખરાશી શ્રીહરિ ઉમરેઠવાસી ભક્તોને કૃતાર્થ કરીને ગામની બહાર સુંદર એક જાગનાથ શિવનું મંદિર હતું. ૧૭. ત્યાં સુખના ધામરૂપ શ્રીસહજાનંદસ્વામી સંતોએ સહિત આવીને ઊતર્યા અને સંતોએ વૃક્ષોની છાયામાં ઉતારો કર્યો. ૧૮. (શ્રીહરિએ જાગનાથ મહાદેવના મંદિરમાં શા માટે ઉતારો કર્યો ? ઉમરેઠમાં મોટા ભાગના બ્રાહ્મણો શિવપંથી હતા. તેથી રૂપરામ તથા નરભેરામ વગેરે બ્રાહ્મણો સ્વામિનારાયણ પંથમાં ભળ્યા એટલે તેઓ તેમને વટલાઈ ગયા એમ માનતા હતા. તેથી તેમને ત્યાં આવતા નહિ અને તેઓ મહારાજને અનેક પ્રશ્નો પૂછવા માગતા હતા. માટે મહારાજે તેમની જિજ્ઞાસા જાણીને જ અહીં ઉતારો તથા સભા કરવાનું નક્કી કર્યું હતું.) ઉમરેઠના રૂપરામ ઠાકરે શ્રીહરિ અને સંતોને માટે ઘણા હેતથી રસ રોટલીની રસોઈ તૈયાર કરાવી હતી. ૧૯. તેણે આંગણામાં મંડપ બાંધી, રંગોળી પૂરાવીને મંડપમાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ અને સંતોને બોલાવ્યા. ૨૦. પછી તેમણે શ્રીહરિને પોતાના ઘરમાં પાટ ઉપર બેસાડ્યા. શ્રીહરિ પીતાંબર પહેરીને આવ્યા હતા ત્યારે રૂપરામભાઈ શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૨૧. તેમણે સુગંધીમાન કેસરયુક્ત ચંદન ઘણા પ્રેમથી શ્રીહરિનાં અંગ ઉપર ચરચ્યું અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૨૨. છાતી ઉપર ફૂલના હાર પહેરાવ્યા, ભૂજાઓમાં બાજુબંધ બાંધ્યા અને હાથે પહોંચી પહેરાવી અને ધીરે રહીને મસ્તક ઉપર તોરાએ સહિત ફૂલની ટોપી ધરાવી. ૨૩. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા અને કાશીનું એક પીતાંબર શ્રીહરિને ઓઢાડ્યું. ૨૪.

પછી ધૂપ અને દીપ કરીને આરતી ઊતારી. પછી હાથ જોડી, મસ્તક નમાવીને પ્રેમથી સ્તુતિ કરી. ૨૫. 'હે સુખદાયક શ્રીહરિ, વારેવારે અમારે ઘેર તમારી પધરામણી થવી કઠિન છે. તો હવે આપ કરુણા કરીને ફરીવાર ક્યારે આવશો ? ૨૬. આપને પધારવાનો કોઈ નિર્ધાર નથી અને નિર્ધાર રાખે તે તો મૂઢ કહેવાય છે. કારણ કે મૂઢને કોઈ વિચાર હોતો નથી. અમે તો આજ લાભ લીધો તે જ સાચો છે.' ૨૭. આ રીતે જ્યારે સ્તુતિ કરી રહ્યા ત્યારે સંતો, વર્ણી તથા સંન્યાસીઓની પૂજા કરી અને પછી સહુને વસ્ત્ર ઓઢાડ્યા. ૨૮.

રૂપરામભાઈને નંદુભાઈ નામે એક જ પુત્ર હતા. તે સહજ સાધુ સ્વભાવના હતા. તેણે પણ શ્રીહરિ અને સંતોની પૂજા કરી. ૨૯. **સંતોને ગમે તેવું તેનું સહેજે જ શુભ વર્તન હતું. ઘરમાં ધન-સંપત્તિ ઘણી હોવા છતાં તેઓ તેનો કાંઈ ગર્વ દેખાડતા નહિ.** ૩૦. **તેઓ સત્સંગના મતવાલા થઈને ઓછી કિંમતનાં હલકાં વસ્ત્રને પહેરતા હતા. સહેજે જે મળે તે ભોજન કરી લેતા. તેમને સ્વાદ ઉપર રુચિ રહી નહોતી.** ૩૧. જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેઓ શરીર ઉપર ઘરેણું પહેરતા નહિ. તેણે સારી ભારે રસોઈ તૈયાર કરાવીને વારંવાર વિનયપૂર્વક શ્રીહરિને જમાડ્યા હતા. શ્રીહરિ જમી રહ્યા પછી સંતોની પંગત કરાવી અને તેમને રસ રોટલી ખૂબ જ જમાડી. ૩૨-૩૩. આવો સમય દુર્લભ છે તેમ સમજીને રસમાં ઘણી સાકર નખાવી હતી. પછી ઘણા પ્રેમથી તાંબડી ભરીને ઘીની ધાર રસમાં કરતા હતા. ૩૪.

તે વખતે શ્રીહરિ ત્યાં આવીને તેના ઘરના ગોખમાં બેઠા. અને જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી સહુને દર્શન દીધાં. ૩૫. તે ગોખ ભવનની પૂર્વમાં હતો. શ્રીહરિએ ત્યાં બેસીને તેને સફળ કર્યો. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊઠીને ચાલતા થયા. ૩૬. સંતો પોતાને મુકામે આવ્યા અને શ્રીહરિ તેમની પાછળ આવ્યા. જ્યારે સાંજનો સમય થયો ત્યારે સભા કરી. ૩૭. જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા ત્યાં એક સુંદર વેદિકા હતી. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા અને ચારેબાજુ સભા થઈ. ૩૮. શ્રીહરિની સન્મુખ બેઠેલા બધા સંતોની સુંદર સભા હંસોના સમાન સોહામણી લાગતી હતી.

૩૯. તે વખતે ગામના જેટલા હરિભક્તો હતા, તે બધા આવીને શ્રીહરિનાં ઘણાં હેતથી દર્શન કરવા લાગ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ઉમરેઠમાં રૂપરામ ઠાકરને ઘેર થાળ જમીને શ્રીહરિએ સાંજે સભા કરી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર સત્તરમું : તરંગ - ૮૯

ઉમરેઠમાં શ્રીહરિએ વિષયી માણસોના મંતવ્યનું ખંડન કર્યું

ઉમરેઠમાં શ્રીહરિનાં દર્શન કરવા માટે જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા ફૂલના હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. ૧. શ્રીહરિ ફૂલના હાર, તોરા અને બાજુ પહેરવાથી ફૂલમાં ગરકાવ થઈ ગયા હતા. અને મૂર્તિ અદ્‌ભુત મનોહર બની હતી. ૨. અને હરિભક્ત જે બાઈઓ હતી તે બધી પણ ફૂલના હાર લાવીને શ્રીહરિને ઘણા હેતથી પહેરાવતી હતી. ૩. હરિભક્ત બાઈઓની સભા અલગ થઈ હતી. તે બધી બાઈઓનાં મનમાં શ્રીહરિને પ્રસન્ન કરવાની અભિલાષા રહી હતી. ૪.

❋ જ્યાં સ્ત્રી-પુરુષની મર્યાદા છે ત્યાં જ મોક્ષ રહે છે :

જ્યારે સંતો કીર્તન ગાવા લાગ્યા ત્યારે બધું વન ગાજવા લાગ્યું. જ્યાં શ્રીહરિ સભા કરતા હતા ત્યાં ગોકુળિયું ગામ બની જતું હતું. ૫. ગોકુળ અને વૃંદાવન કરતાં પણ આ સભામાં અધિક ઉત્સાહથી ઉત્સવ થતો હતો. પરંતુ જેને ઉત્સવની રીતનું જ્ઞાન હતું તેને આ સભામાં અધિક ઉત્સવ દેખાતો હતો. ૬.

चोपाई :

नारी पुरुष की सभा जेहा, जेही ठोर पृथक होत तेहा;
तेही ठोर मोक्ष के द्वारा, वरतत रहत हि सदा उघारा...०७

नारी नर जिहा वरतत एका, अधर्म तिहाँ रहत ग्रही टेका;
अधर्म यह नर्क द्वार रहाते, वेद पुरान स्मृति सब गाते...०८

જે સ્થળે સ્ત્રી અને પુરુષોની સભા અલગ થતી હોય ત્યાં કાયમને માટે મોક્ષનું દ્વાર ઉઘાડું રહે છે. ૭. પણ જ્યાં સ્ત્રી અને પુરુષો ભેળા બેસતા હોય ત્યાં અધર્મ ટેક લઈને રહેતો હોય છે. અને જ્યાં અધર્મ હોય છે ત્યાં નરકનું દ્વાર હોય છે; તેમ બધા વેદ, પુરાણો અને સ્મૃતિઓ કહે છે. ૮. જેટલી શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરાય છે તેટલું તે નરકનું દ્વાર રહે છે. અને જે શાસ્ત્રને દેખીને તે પ્રમાણે મર્યાદામાં ચાલે છે તે પૂરેપૂરા મનુષ્ય કહેવાય છે. ૯. શાસ્ત્રો પણ અનેક પ્રકારના છે. તેનો કોઈ એક નિર્ધાર નથી. પરંતુ જે શાસ્ત્રો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને આધારે મોક્ષનું પ્રતિપાદન કરે છે તે જ શાસ્ત્ર સાચા છે અને તે શાસ્ત્ર મહાભાગ્યશાળી છે. ૧૦. અને તે ચારને લીધે જે મોક્ષ કહેવાય છે તે જ સાચો મોક્ષ છે અને તે વિનાનો મોક્ષ અસત્-મિથ્યા જાણવો. જે ગ્રંથમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું ચલણ ન હોય, કહેતાં યથાર્થ પ્રતિપાદન ન હોય તેમ છતાં બલાત્ મોક્ષને જે કહેનારા હોય તેવા શાસ્ત્ર પણ ભગવાનના ચોર છે. અને જેટલાં વચનો ભગવાનના ચોરરૂપ હોય છે, તેને મુમુક્ષુઓ ઓળખી લે છે. ૧૧-૧૨.

વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત શ્રીહરિની ભક્તિ વિના તથા ભગવાનના શરણ વિના જે મોક્ષને બતાવનારા હોય તે પણ ચોર છે. ૧૩. તેમજ વિષયોને ભોગવવા માટે જે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું દાંભિક આચરણ વધારે કરતા હોય તે તો અધિક ચોર છે. ૧૪. **વિષયોને ભોગવવા માટે અને લોકોના ધનને હરવા માટે જે ભગવાનનું શરણ સ્વીકારે છે તે તો સહુથી મોટો ચોર છે.** ૧૫. શ્રીહરિ રોજ આ રીતે સભામાં વાત કરતા હતા. અને ખોટી રીતને ખુલ્લી કરીને બતાવતા હતા. શ્રીહરિ વિના મોક્ષની સાચી રીત બતાવવી તે ઘણી કઠણ છે. ૧૬. જીવાત્માનો જે રીતે મોક્ષ થાય તેવી રીતની શ્રીહરિ સાચી વાત કરીને સમજાવતા હતા. શ્રીહરિ વાતની વાતમાં પુરજનોને પ્રિય લાગે તે રીતે આવી બધી ઉત્તમ વાતો કહેતા. ૧૭.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે પૂરવ અને ગોડી રાગના પદ ગવરાવ્યા. જ્યારે વાળંદ મશાલ લાવ્યા ત્યારે ઊભા થઈને સહુ આરતી બોલ્યા. ૧૮. તે પછી નારાયણધૂન કરી. ધૂન કરી રહ્યા પછી રંગભીના શ્રીહરિ અને બધી

સભા નીચે બેસી ગઈ. ત્યારે સભામાં જેટલા વિષયી મનુષ્ય હતા, તેઓ શ્રીહરિની પાસે બોલ્યા, 'આ કળિયુગમાં કોઈએ ધર્મ ન ચલાવ્યો હોય તેવો તમે મોટો ધર્મ ચલાવ્યો છે. તેમાં અમારું કાંઈ ચાલતું નથી. ૧૯-૨૦. જેટલા વિશ્વાસુ લોકો છે તે બધા આપની વાતને સાંભળે છે અને તેઓ ફરીને અમારો વિશ્વાસ કરતા નથી. તમે તે લોકોને ભવિષ્યના દુઃખનો ત્રાસ બતાવો છો. ૨૧. ખરેખર વિષયના જેવું કોઈ સુખ નથી, પણ તમે તેને ઝેર જેવું બતાવી દ્યો છો. તમારી જેટલી વાત છે તે બધી હળાહળ ઝેરના જેવી છે. ૨૨. આ બ્રહ્માંડમાં જેટલાં સુખ રહ્યા છે તે ઝેર કરતાં અત્યંત ભયંકર ઝેર છે, એમ તમે જેને એકવાર બતાવી દો છો તે ફરીવાર ક્યારેય વિષયનો સ્વાદ લેતા નથી. ૨૩.

पुरुष में सुख मानत रहे नारी, नारी में नर सुख मानत भारी;
नाक हि कान कपावत जोऊ, एक एक की अरुचि न तोऊ...२४

સ્ત્રી પુરુષમાં સુખ માને છે અને પુરુષ સ્ત્રીમાં ભારે સુખ માને છે. તે સુખને માટે નાક, કાન કપાવે છે, તોપણ ક્યારેય એકબીજાની અરુચિ થાતી નથી. ૨૪. **કરોડો લોકોએ સ્ત્રી અને ધનને માટે મસ્તક કપાવ્યાં છે.** ભવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર અને નારદની પણ નારીએ લાજ લઈ લીધી છે. ૨૫. પરાશર, ઋષ્યશૃંગ, ચ્યવન અને સૌભરિ વગેરેએ સ્ત્રીને માટે થઈને પોતે કરેલું મહાન તપ છોડી દીધું હતું. ૨૬. મોટા મોટા ઋષિઓની પણ નારીએ લાજ લઈ લીધી છે. તેના પ્રેમને તમે છોડાવી દો છો. તમે તો કેટલાયના ઘર ભંગાવ્યા છે. ૨૭. તમારી વાત સાંભળીને સ્ત્રી પોતાના પતિનો ત્યાગ કરી દે છે અને તે પછી ફરીવાર ક્યારેય પુરુષને આંખે કરીને નિરખીને જોતી પણ નથી. પુરુષને તો તે પિશાચના જેવો દેખે છે. ૨૮. સ્ત્રી અને પુરુષ તો સંસારનું દ્વાર છે. તે દ્વારને તમે બંધ કરાવી દો છો. તે અમને રુચતું નથી. ૨૯. જેટલા રસમાત્ર કહેવાય છે તેને તમે નીરસ કરીને દેખાડો છો અને તમારી બધી વાતો એવી છે કે, તે વિશ્વાસી લોકોના ચિત્તને ભમાવી દે છે. ૩૦. તમે અમારી આગળ જે કાંઈ પણ વાત કહો, તેને અમે તલભાર પણ માનીએ નહિ.'

ત્યારે શ્રીહરિએ તે વિષયી લોકોને કહ્યું કે, 'અમે તમારે માટે અહીં આવ્યા નથી. ૩૧. તમે જે રીતે ચાલશો તેને અંતર્યામી પરમાત્મા તો જાણે છે અને તેનું તેવું ફળ પણ તેઓ તમને આપશે. તેમાં રંચમાત્ર પણ સંદેહ નથી. ૩૨. જે મનુષ્યો અધર્મથી ડરતા રહે છે તેને અમે ઉપદેશ કરીએ છીએ, પણ મનુષ્ય હોવા છતાં પશુની રીતે વર્તવામાં જેને પ્રેમ હોય એવા મનુષ્યરૂપી પશુને અમે ક્યારેય ઉપદેશ આપતા નથી. તીર્થ, વ્રત અને સંતોમાં જેને પૂજ્યબુદ્ધિ રહે છે, તેટલા લોકો જ મનુષ્ય દેખાય છે. મનુષ્યપણું આચરણમાં જણાય આવે છે. મા, બહેન, દીકરી અને પુત્રવધૂની સાથે જે અધર્મ કરે છે તે તો ખૂવાર થઈ જાય છે. ૩૩-૩૫. એવા જે નરપશુ હોય છે તેને અમારી વાત ગમતી નથી. તેને માટે તો ચૌદ કરોડ જમ તેના મહાસમર્થ ગુરુ રહ્યા છે. ૩૬.

જે અમારી વાત નથી માનતા તે બધા જગતના દ્વાર છે. તેવા જગતના દ્વારની તો કોઈ કમી નથી. તેની જે ચિંતા રાખે તે તો ગમાર છે. ૩૭. એવા બધા તો જન્મે છે અને મરે છે. મનુષ્યોને લીધે તો આ આખું બ્રહ્માંડ અખૂટ રીતે ભરેલું રહે છે. ૩૮. જે જેવી રીતે ચાલે છે તેને તેવું ફળ મળે છે. આ વાત ખરેખર સત્ય છે. એમાં એક રતીભાર પણ ફરક પડતો નથી. ૩૯. અમે જે રીતે રહીએ છીએ તેનું તેવું ફળ અમને મળશે અને તમે જે રીતે ચાલો છો તેવું તમને ફળ મળશે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ઉમરેઠમાં શ્રીહરિએ વિષયી માણસોના મંતવ્યનું ખંડન કર્યું" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર સત્તરમું : તરંગ - ૯૦

શ્રીહરિએ ખપ વગરના સત્સંગની અને કુસંગની વાત કરી

(ઉમરેઠ જાગનાથ મહાદેવના મંદિરમાં) આગળ કહેલા વિષયી લોકોનાં મંતવ્યના ખંડન ઉપર શ્રીહરિએ વાત કરી. અને તે ઉપરના મુક્તાનંદસ્વામીના જે ફટાણાના પદો હતા, તેને ગવડાવ્યા. ૧. સ્વામીના તે પદોને જ્યારે સાંભળ્યા ત્યારે તે વિષયી લોકો એક પછી એક ઊઠીને ગુપચુપ રીતે ચાલતા થયા. ૨. જ્યારે પદો બોલાઈ રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા, 'જેને મોક્ષનો ખપ નથી તેનું મનુષ્યનું શરીર વ્યર્થ ગયું જાણવું. ૩.

सोरठा : जितने मोक्ष ताके, खप तितने मनुष्य रहे;
सुफल हि भये वाके, मनुष्य ताके जन्म तेहि...०४

चोपाई :

मनुष्य तन के फल हे एता, मोक्ष के मग हि चलना तेता;
मनुष्य तन कु पाईके जेहा, मोक्ष के मग न चलेउ तेहा...०५
ताकु दुःख कहावत जितना, लखचोरासी ताके तितना;
जमपुरि ताके दुःख जो जेता, शिर उपर कबुल करे एता...०६

જેટલાને મોક્ષનો ખપ છે તેટલા જ ખરા મનુષ્ય છે અને તેનો જ મનુષ્યજન્મ સુફળ થયો જાણવો. ૪. મનુષ્યજન્મનું એટલું જ ફળ છે કે, મોક્ષને માર્ગે ચાલવું. અને મનુષ્યના દેહને પામીને જે મોક્ષને માર્ગે નથી ચાલતા તેને લખચોરાશીનું જે દુઃખ કહેવાય છે તે બધું ભોગવવું પડે છે. અને જેટલું જમપુરીનું દુઃખ છે તે માથે સ્વીકારવું પડે છે. ૫-૬. તેવા લોકોને સંતો સિવાય લખચોરાશી વગેરેનું દુઃખ કોણ બતાવે ? લોકો તો દુઃખને જ સુખ માની રહ્યા છે. અમૃત જેવી વાતને ઝેર માની રહ્યા છે અને ઝેર જેવી બાબતને અમૃત જાણે છે. ૭. જેના દસ માથા ઉપર દસ મુગટ હતા, તે રાવણની પણ બુદ્ધિ વિપરીત થઈ ગઈ હતી. જે ધતૂરો, લીલાગરભાંગ્ય અને દારૂ પીવે ત્યારે તેને બોલવાનું પણ ભાન રહેતું નથી. ૮. પોતે વિપરિત બોલે છે, છતાં પોતાને બહુ જ સમજદાર માને છે. જ્યાં સુધી તેઓ મોહરૂપી

મદિરાનું પાન કરતા હોય છે ત્યાં સુધી તેમને સંતોની વાત ઝેર જેવી લાગે છે. કેમ જે, તેની તો બુદ્ધિ જ એવી થઈ જાય છે. સત્સંગ કર્યા પછી જે કુસંગ કરે છે તેને તો તરત કુસંગનો રંગ લાગી જાય છે. ૯-૧૦.

નારદજી જેવા સંતની બુદ્ધિ પણ કુસંગથી ફરી ગઈ હતી. તો પછી સામાન્ય હરિભક્તના તો શા લેખા ? એટલા માટે કોઈએ ક્યારેય કુસંગ કરવો નહિ. ૧૧. જગતમાં કુસંગ અનેક પ્રકારનો છે. તે અંદરનો અને બહારનો ખુલ્લો છે. માટે મારા આશ્રિતોએ ભૂલમાં પણ કુસંગનો વિશ્વાસ કરવો નહિ. ૧૨.

સત્સંગ કર્યા પછી પણ જ્યાં સુધી કુસંગને ઓળખતા નથી ત્યાં સુધી તેના સત્સંગમાં જરૂર કોઈ વિઘ્ન આવી શકે છે. ૧૩. પોતાનો સત્સંગ દિન પ્રતિદિન તાજો ને તાજો રહે તે રીતે તમારે સાવધાનપણે તત્પર થઈને રહેવું. ૧૪. સત્સંગ કર્યા પછી પણ જે સાવધાન નથી રહેતા, તો તેને ફરીને કુસંગ લાગી જાય છે. જે ગફલત રાખે છે તેને કાંઈ ગમ પડતી નથી. ૧૫. તત્પર થઈને જેટલો સત્સંગ રાખવામાં આવે છે તેટલો તેના સત્સંગને નવો નવો રંગ ચઢતો રહે છે, તેમ સહુ જાણે છે. ૧૬.

सत्संग के चढत रहे रंगा, नित हि नवीन नवीन जो अभंगा;
वरतन में तेहि आत देखाई, वरतन रहे शुद्ध आरसि ताई...१७

સત્સંગનો રંગ જેને અખંડ રીતે નિત્ય નવો ને નવો ચઢતો રહે છે, તે તેના વર્તનમાં દેખાઈ આવે છે. કારણ કે વર્તન શુદ્ધ અરીસાના જેવું છે. ૧૭. દિવસના જેવું જેનું ઉજ્જવળ વર્તન હોય તે સ્પષ્ટ દેખાય છે. દિવસે થયેલા વાદળાના જેવો જેનો સત્સંગ હોય તેનું અંગ પણ દેખવામાં આવે છે. ૧૮. હરિભક્ત હોવા છતાં કોઈ સંત કે કોઈ હરિભક્તની સાથે તેને ક્યારેક દિલ મળે અને ક્યારેક દિલ ન મળે તો તેનો વાદળાવાળા દિવસના જેવો રંગ કહેવાય છે. ૧૯. જેનો શુક્લપક્ષના પંદર દિવસની જેમ સત્સંગનો રંગ કાંઈક ચડતો દેખાતો હોય તેનો સત્સંગનો રંગ શુક્લપક્ષના જેવો ચડતો કહેવાય. તે તેનાં વર્તન ઉપરથી જણાઈ આવે છે. ૨૦. અને જેમાં સત્સંગનો

રંગ પંદર દિવસમાં પણ કાંઈ ન દેખાય તો તેનો સત્સંગ કૃષ્ણપક્ષની સમાન દેખાય છે, અર્થાત્ તે ઘટતો જાય છે. માટે સત્સંગના જેટલા નિયમો છે તેટલામાં સાવધાનપણે વર્તવું. ૨૧. **પોતે સત્સંગના નિયમોમાં જેવો સાવધાન રહે તે રીતે બીજા આગળ પણ વાત કરીને તેને સાવધાન રાખે તે આપણા સત્સંગમાં મોટેરો છે.** ૨૨.

હરિભક્ત હોવા છતાં પણ જે બીજા હરિભક્ત અને સંતનો જે રીતનો મહિમા સમજવો જોઈએ, તેને લેશમાત્ર પણ ન સમજે તો રસ વિનાના ફળ, ફૂલ જેવો અને છાયા વિનાના વૃક્ષ જેવો તેનો સત્સંગ છે, તે વર્તનમાં દેખાઈ આવે છે. ૨૩-૨૪. વર્તન છે તે સૂર્ય, દીવો કે અરીસા જેવું છે. જેનું જેવું વર્તન હોય તે વર્તન તે હરિભક્તને કહી દે છે. ૨૫. અમે જોયું છે કે હરિભક્તો તો અપાર છે, પણ આપણા સત્સંગમાં પર્વતભાઈના જેવા થોડા છે. ૨૬. **જ્યારે હરિભક્તને સત્ય વાત સમજાય છે ત્યારે દેહ, ઘર, પુત્ર અને સ્ત્રી, જે પોતાના કહેવાય છે તેને મિથ્યા જાણીને વર્તે છે.** ૨૭. **તે ભક્ત ભગવાન, સત્સંગ, સંતો અને હરિભક્તોને અખંડપણે સત્ય દેખે છે અને તે સિવાયના બ્રહ્માંડને અસત્ય માને છે.** ૨૮. રાત-દિવસ આ રીતનો વિચાર કરે અને તે વિચારમાં જ અપાર લાભને માને. આ કહી જે વાત તે સિવાયની બીજી વાતમાં અપાર અસત્યપણું દેખે. ૨૯.

ચાહે તેટલું સારું ભોજન હોય, તેને મોટા રાજાઓ પણ ખાય છે, પણ તે ખાધા પછી પેટમાં ગયેલું ભોજન નકારું થઈ જાય છે, પણ તે ભોજનમાં ફરીવાર પ્રેમ રહેતો નથી. ૩૦. તે રીતે જ તમામ વિષયોમાં અસારપણું દેખતા રહે, વારંવાર અને ફરી ફરીને જે તેવા વિચાર કરતા રહે છે તથા ભગવાન સિવાય મનમાં બીજા જે ઘાટ થાય છે તેને પણ શત્રુના સમાન જાણે છે, તેવા બાઈ-ભાઈ હરિભક્ત કે સંત હોય છે તે સત્સંગમાં શિરોમણિ કહેવાય છે. ૩૧-૩૨. **મન અને ઈન્દ્રિયોની જેમ જેટલા પદાર્થો અને સંબંધીઓ ભગવાનનું ભજન કરવામાં વિઘ્ન કરે છે, તે બધા જીવના શત્રુ છે.** ૩૩. **હરિભક્ત ઈન્દ્રિયો આદિક બધાને પોતાના શત્રુ માનતા રહે છે. જેટલો ભગવાનનો સંબંધ રાખે છે તેટલો જ તે હરિભક્ત રહ્યો છે.** ૩૪.

સુખદાતા શ્રીહરિ આટલી વાત કરીને પછી પોઢી ગયા. પાછલી બે ઘડી રાત બાકી રહી ત્યારે સંતો બધા નારાયણધૂન કરવા લાગ્યા. ૩૫. પછી શ્રીહરિએ સ્નાન કરીને બધો નિત્યવિધિ કર્યો. ઉમરેઠમાં નરભેરામ નામે સારા હરિભક્ત હતા, તેણે શ્રીહરિ અને સંતોને માટે રસોઈ કરાવી હતી. ૩૬. સાકરના સારા લાડુ કરાવ્યા અને તેમાં અપાર ઘી નાખ્યું અને થોડોક કેરીનો રસ કઢાવ્યો. તેમણે પ્રથમ શ્રીહરિને જમાડ્યા. ૩૭.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે વિપ્ર નરભેરામભાઈએ પૂજા કરી. કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચીને હાર પહેરાવ્યા. ૩૮. ફૂલના ઘણા હાર હતા. બાજુ, ગુચ્છ અને પહોંચી પણ શ્રીહરિને ભક્તિભાવથી પહેરાવ્યા પછી આરતી કરી. ૩૯. આરતી કર્યા પછી સંતોની પૂજા કરી, સહુને ફૂલના હાર પહેરાવ્યા અને તે પછી પંગત કરાવીને સહુને જમાડ્યા. ૪૦. આમ, જ્યારે બધા સંતો જમી રહ્યા ત્યારે તે વિપ્રે શ્રીહરિને ઘણાં ભારેમાંયલાં વસ્ત્ર ઓઢાડ્યાં. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ ખપ વગરના સત્સંગની અને કુસંગની વાત કરી" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર સત્તરમું : તરંગ - ૯૧

શ્રીહરિ આણંદમાં પધારે તે પહેલા વિમુખોએ પાટીદારોના ઘરમાં કરેલી ખટપટ

વિપ્ર નરભેરામભાઈએ શ્રીહરિને વસ્ત્ર ઓઢાડ્યાં પછી સંતોને પણ ઓઢાડ્યાં. તે સિવાયના બીજા વિપ્ર હરિભક્તોએ ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. ૧. જે ભક્તને જેવી ભાવના હતી તે પ્રમાણે તેમણે તેવી પૂજા કરી. તે પધરામણી પૂરી કર્યા પછી શ્રીહરિ સંતોને સાથે લઈ ઉમરેઠથી ચાલી નીકળ્યા. ૨. પછી ગામ **સામરખામાં** આવ્યા. ત્યાં એક રાત રહ્યા હતા. ગામથી બહાર જ્યાં એક વેદિકા હતી ત્યાં શ્રીહરિ ઊતર્યા હતા. ૩. જેટલા હરિભક્તો

હતા, તેમણે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી અને સહુ હરિભક્તોએ ખૂબ જ ખુશ થઈ ભાવનાથી શ્રીહરિની પૂજા કરી. ૪. પછી બહુનામી શ્રીહરિ વેદિકા ઉપર બિછાવેલા પલંગે બેઠા. આગળ સભા થઈ. સંતો કીર્તન ગાવા લાગ્યા અને ગામના સહુ ભક્તજનો દર્શન કરવા માટે આવ્યા. ૫.

સંતો જ્યારે ગામલોકો આગળ કલ્યાણકારી વાત કરવા લાગ્યા ત્યારે બધા ઊઠીને ચાલતા થયા. સંતો તેમના હિતની વાત સંભળાવતા હતા, પણ નિયમ પાળવાની વાત તેમને ગમતી ન હતી. ૬. સત્સંગ વિનાના જેટલા લોકો હોય છે તેમને પોતાના હિતની વાત પણ સમજ્યામાં આવતી નથી. વેદ કે પુરાણોને ભણ્યા હોય તોપણ તેમને પોતાનું હિત જાણવામાં આવતું નથી. ૭. આખી ભૂમિનું રાજ્ય કરે એવી બુદ્ધિ હોય તોપણ પોતાનું જેમાં ઘણું હિત રહ્યું છે, એવું તે લગાર પણ દેખતા નથી. ૮. તે લોકો બીજી તો ઘણી વાતો કરતા હોય. કહેતા તેનો કોઈ પાર ન આવે, પણ જે રીતે પોતાનું હિત થતું હોય તેવું તેમને નક્કી સમજવામાં આવતું નથી. ૯.

બ્રહ્માંડમાં જેટલું માયિક સુખ રહ્યું છે, તે બધું સુખ નાશવંત અને તુચ્છ છે. તેને માટે તે વિમુખ લોકો ઘણો જ પ્રયત્ન કરતા રહે છે. ૧૦. એક એક સુખ મેળવવાને માટે તેઓને અપાર દુઃખ વેઠવું પડે છે. મોહ અને માયાને લીધે દુઃખમાં પણ સુખ દેખે છે અને તેઓ ભગવાનના સુખને દુઃખરૂપ દેખે છે. ૧૧. **માતા, પિતા, ગુરુ, વિપ્રો, મિત્ર અને સગાસંબંધીઓ, બધા માયિક પદાર્થોમાં સુખ દેખાડે છે અને બધા મનુષ્યો પણ તે માર્ગે ચાલે છે. ૧૨. મનુષ્યશરીરને પામ્યા પછી પણ જે મનુષ્ય સત્સંગ નથી કરતો તે મનુષ્યને છેવટે મહાન દુઃખ પ્રાપ્ત થાય છે. ૧૩. રાત-દિવસ સંતો ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતા રહે છે. તેમાં જેટલા લોકો તે વાતને માને છે, તે કહી ન શકાય તેટલા સુખી થાય છે. ૧૪.**

सोरठा : सुख कहावत जेतो, संत की बात में रहेउ;
दुःख कहावत तेतो, कुसंग संग में रयेउ...१५
हरि हि हरि जो ताके, धाम धाम के सुख जोउ;
बात में रहे वाके, संत एसे रहाय यह...१६

જેટલી જાતનું સુખ કહેવાય છે, તે બધું સંતોની વાતોમાં રહ્યું છે અને જે કાંઈ દુઃખ કહેવાય છે, તે બધું કુસંગના પ્રસંગમાં રહે છે. ૧૫. આ સંતો તો એવા છે કે, તેમની વાતમાં ભગવાન તથા ભગવાનનાં ધામોધામનાં સુખ રહ્યાં છે. ૧૬. આવા જે મહાન સંતો છે તેને જગતના ચારે વર્ણ અને ચારે આશ્રમના લોકો ગરીબ જેવા જાણે છે, અર્થાત્ માનભરી દૃષ્ટિથી દેખતા નથી. ૧૭. જગતના જીવોને તો વર્ણાશ્રમનું અભિમાન રહ્યું હોવાથી સંતોનો ગુણ આવતો નથી. **સંતોના ગુણ આવ્યા વિના તો અજ્ઞાન જ રહે છે. અને તેને લીધે હૃદયમાં લેશમાત્ર પણ જ્ઞાન ઉદય થાતું નથી.** ૧૮.

જગતમાં જેટલા મિથ્યા ગુરુઓ અને સંતો છે તે બધા પોતાને પૂજાવા માટે જે રીતે નર-નારીઓ પોતાને પૂજે તેવી જ તેમની આગળ વાતો કરે છે. ૧૯. તે મિથ્યા ગુરુઓને પેટ ભરવા અને પૂજાવાનું રાત-દિવસ તાન રહે છે. તેથી સ્ત્રીઓની જેવી રુચિ હોય તેવી જ તેની આગળ વાતો કરે છે. ૨૦. અને જેવી પુરુષોને વાતો રુચે તેવી પુરુષોને વાતો કરે છે. તે નર-નારીઓની રુચિને અનુસારે કીર્તન અને કથા કરતા રહે છે. ૨૧. તે મિથ્યા ગુરુઓ જે કાંઈ આચરણ કરે છે તે નર અને નારી, તે બંનેની રુચિને અનુસારે જ કરે છે. તેણે કરીને બધા નર-નારીઓને તે ગુરુઓએ વશ કરી લીધા હોય છે. ૨૨. તે મિથ્યા ગુરુઓ જેવી રીતે વાત કરે છે તે રીતે બીજા નર-નારીઓ કરતા રહે છે. કારણ કે તેવા મિથ્યા ગુરુઓના વચનમાં પણ લોકો મોક્ષ માનતા હોય છે. ૨૩.

શ્રીહરિ અહીં **સામરખામાં** રાત રહ્યા તેના સમાચાર આણંદ શહેરમાં મળ્યા. ત્યાં રહેલા હરિભક્તોને ઘણો જ આનંદ થયો. ૨૪. આણંદમાં દિનકરભાઈ નામે ખેડાવાળ બ્રાહ્મણ હતા. તેઓ હરિભક્તોમાં મુખ્ય હતા. તેણે અનીતિને હરામ કરી હતી. ૨૫. તેણે શ્રીહરિ અને સંતોને માટે રસોઈનો સામાન બધો તૈયાર કર્યો અને પાટીદારોની પાસે જઈ શ્રીહરિ પધારવાની બધી વાત કહી. તે પાટીદારો તો નિષ્કપટ હતા. ૨૬. શ્રીહરિને પધારવાની વાત સાંભળીને રાજી થયા અને પોતાના સદ્ભાગ્ય માન્યા. તે

વાતની પોતાની પત્નીઓને ખબર પડી. ૨૭. જેટલી સ્ત્રીઓ હતી તે તો સરળ હૃદયની હતી. તેમણે પોતાના ગુરુ પાસે જઈ શ્રીહરિ પધારી રહ્યા છે તે વાત સહેજે કહી. ૨૮.

જે જેના ગુરુ હતા, તેણે પોતપોતાની શિષ્યા સ્ત્રીઓની આગળ કહ્યું કે, ‘આજ સુધી અમારે અને તમારે જે સ્નેહભાવ હતો તે હવે પછીથી જરૂર તૂટી જાશે. ૨૯. જે સ્વામિનારાયણ છે તેમાં તો કેટલીક એવી વાતો રહી છે કે અમે આજ સુધી તે તમને કહી નથી. ખરી હકીકતને તમે જાણતી નથી. ૩૦. તે અમારા જેવા સરળ નથી. તેની કળા તો કહી શકાતી નથી. તેઓ જે ગામમાં જાય છે ત્યાંના બધા નર-નારીઓ તેમના જ થઈ જાય છે. ૩૧. તે તો આ સંસારમાં જેટલું સુખ છે તે બધાને ઝેર સમાન દેખાડી દે છે. જે કોઈ પણ સ્ત્રી સ્વામિનારાયણને માને છે તે ક્યારેય પુરુષનું મુખ દેખતી નથી. ૩૨. અને જે પુરુષ સ્વામિનારાયણને માને છે તે બધા સ્ત્રીના મુખને દેખતા નથી. સ્ત્રીમાં જેટલું સુખ રહ્યું છે, તેને તે પુરુષ જમપુરીના દ્વારરૂપ દેખે છે. ૩૩.

આવી વાત તો અપાર છે. તેનો કહ્યે પાર આવતો નથી. હવે જો તમારે તમારા પુરુષનો ખપ હોય તો અમે જેમ કહીએ તેમ કરો. ૩૪. અમે જે કહીએ તેમાં જ તમારું હિત સમાયેલું છે. હિત ગયા પછી કાંઈ રહેશે નહિ. સ્વામિનારાયણ અહીં આણંદમાં ક્યારે આવે છે ? તે અમને તરત જાણ કરો. ૩૫. જો તમે અમે કહીએ તે રીતે કરવાનું નક્કી કરો તો અમે તમને તેનો ઉપાય પ્રેમથી બતાવીએ. કેમ જે, અમે તમારું નિત્ય હિત ચાહીએ છીએ. એટલે જ આ ચોક્કસ વાત કહીએ છીએ. ૩૬. (બાઈઓ તે વાતમાં સહમત થઈ. ત્યારે તેમને કહ્યું,) તમે તમારા પુરુષને એમ કહો કે સ્વામિનારાયણ નિશ્ચિતરૂપમાં સવારમાં આવશે. ૩૭. સ્વામિનારાયણ જ્યારે નગરમાં આવશે ત્યારે તમને તો કાંઈ લગારેય ગમ હોતી નથી અને અમે તો સ્વામિનારાયણને દેખશું અને મનના પ્રેમથી તેમને માનશું. ૩૮. અને તે પછી તમે અમારી ક્યારેય લાલચ રાખશો નહિ. અમે તો

અગાઉથી કહીએ છીએ કે તમારે જે કાંઈ ઉપાય કરવો હોય તે અત્યારે જ કરો. ૩૯. જે કોઈ સ્વામિનારાયણને દેખે છે તે તરત તેના થઈ જાય છે અને પછીથી તો તે તેમને જ દેખતા રહે છે. તેને ઘરમાં ક્યારેય પ્રેમ રહેતો નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ આણંદમાં પધારે તે પહેલા વિમુખોએ પાટીદારોના ઘરમાં કરેલી ખટપટ" એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર સત્તરમું : તરંગ - ૯૨

સામરખાથી નીકળેલા શ્રીહરિ ભક્તના આગ્રહથી આણંદ શહેરમાં જવા તૈયાર થયા

આણંદ શહેરની પ્રતિષ્ઠિત બાઈઓ પણ પાટીદાર જ્ઞાતિની હતી. તેઓએ ઘેર આવીને પોતાના પતિને તેના મિથ્યા ગુરુઓએ કહેલી વાત કહી સંભળાવી. ૧. ત્યારે તે સાંભળીને તેના પતિ પાટીદાર બોલ્યા, 'અમે તો ઘરમાં બેસી રહીશું. તમે નિશ્ચિંત રહો.' ૨. આ બાજુ વિપ્ર દિનકરભાઈ તો પાટીદારોની આગળ પહેલા વાત કહીને ચાલ્યા ગયા હતા અને તે ઘણા વિશ્વાસુ હતા. ૩. તેઓ પોતાના ભાઈ લક્ષ્મીદત્તને સાથે લઈને અડધી રાતે શ્રીહરિની પાસે સામરખા આવ્યા. ૪. બંને ભાઈ શ્રીહરિને પગે લાગ્યા અને બે હાથ જોડીને કહ્યું, 'પ્રભુ, અમે રસોઈનો બધો સામાન તૈયાર કરીને અહીં આવ્યા છીએ. ૫. શહેરમાં જે આગેવાન પાટીદારો છે તેમને આપના પધારવાની બધી વાત કહી સંભળાવીને અમે અહીં આવ્યા છીએ.'

ત્યારે તે સાંભળીને શ્રીહરિ થોડું હસ્યા. તે હસવાનો મર્મ કોઈ સમજી શક્યા નહિ. ૬. 'તમારી રસોઈ પૂરી થઈ ગઈ. હવે કાંઈ અધૂરું રહ્યું નથી. તમારો ભાવ જે રીતનો છે તે રીતનો ભાવ પાટીદારોને જો હોય તો અમારે આવવાની બધી વાત બની શકે. ભાવ વિનાની બાબત કાચી રહે છે. જ્યાં સુધી પાટીદારોને મિથ્યા ગુરુમાં વિશ્વાસ-ભાવ રહે છે ત્યાં સુધી અમે આણંદ

શહેરમાં આવવાના નથી. અમે બારોબાર ચાલ્યા જઈશું એમ નક્કી કર્યું છે. અમે વડતાલ જઈને રહીશું. તમને આ આવશ્યક વાત કહી છે. ૭-૯. બે-ચાર આગેવાન પાટીદારો જો અમારી સન્મુખ આવે તો તમે આવજો. અમે જ્યાં કોઈ નવા ગામમાં જઈએ છીએ ત્યાં આ રીતે જઈએ છીએ. ૧૦.

હવે પાટીદારોના આવ્યા સિવાય અમે શહેરમાં ક્યારેય આવશું નહિ.' ત્યારે વિપ્ર દિનકરભાઈ બોલ્યા કે, 'જેટલા પાટીદારો છે તે બધા અમારા હાથમાં છે અને અમે જેમ કહીએ તેમ તેઓ કરશે. જેટલા પાટીદારો છે તે બધા બ્રાહ્મણની મર્યાદા રાખે છે. ૧૧-૧૨. જેટલો વિવેક છે તે બધો પાટીદારોમાં નિવાસ કરીને રહ્યો છે, તેમ અમે જાણીએ છીએ. ૧૩. તેઓ મિથ્યા ગુરુઓને ઘણા ભાવથી માને છે. તેમને સાચા ગુરુની ગમ નથી. અત્યારે સાચા ગુરુ તો આપ છો. ૧૪. અત્યારે જેટલા મિથ્યા ગુરુઓ છે તે સાચા ગુરુનો મન, કર્મથી છાની રીતે દ્રોહ કરતા રહે છે. ૧૫. મહારાજ, આપ જો આણંદ શહેરમાં એક જ વાર ચરણારવિંદ મૂકો તો તત્કાળ જ બધા પુરવાસીઓ શુદ્ધ થઈ જશે. ૧૬.

(ત્યારે મહારાજે કહ્યું, "તમારા ગામમાં વિરોધીઓ વિક્ષેપ કરે એમ છે. તેથી તમને સુખ નહિ આવે માટે પછી રાખો." એમ ત્રણ-ચાર વાર ના પાડી છતાં બહુ જ આગ્રહ કર્યો ત્યારે મહારાજે દિનકરભાઈ વગેરેને કહ્યું, "સારું જાવ, કાલે અમે આવશું. ભગવાને ધાર્યું હશે તેમ થાશે.")

પછી શ્રીહરિએ કહ્યું, 'અમે તમારે માટે થઈને ચોક્કસ આણંદ શહેરમાં આવશું. જે રીતનો દેશકાળ દેખાશે તે રીતે અમે રહેશું. ૧૭. પાટીદારની ભાવના સિવાય અમે કોઈની રસોઈ લેશું નહિ.' ત્યારે વિપ્ર દિનકરભાઈએ કહ્યું, 'તો હવે હું જાઉં છું. આપ સર્વે સંતોને લઈને આણંદ આવજો. ૧૮. હે મહારાજ ! જેઠ સુદિ છઠનો સવારનો પહોર અમારા ભાગ્યમાં આવ્યો છે, એટલે છઠનો જેવો ભાવ હશે તેવો અમને ફળીભૂત થશે. ૧૯. જીવને મનોરથો તો અપાર હોય છે પણ તેની સફળતા દૈવના હાથમાં નિર્ધારિત હોય છે. જેટલું દૈવને આધીન છે તે આપણા હાથમાં હોતું નથી.' ૨૦.

એમ કહીને વિપ્ર દિનકરભાઈ તત્કાળ ચાલતા થયા. અને મનમાં સંકલ્પો કરતા જતા હતા, પણ જ્યારે તેઓ શહેરમાં પ્રવેશ્યા તે વખતે જમણી બાજુએ ઊભેલા ગધેડાં ભયંકર શબ્દ કરવા લાગ્યા. તે મુખથી કહી શકાતું નથી. અને ઝાડના પોલાણમાં રહેલ કેટલાક ઘુવડ પણ બોલવા લાગ્યા. ૨૧-૨૨. પછી દિનકરભાઈએ પાટીદારોની પાસે જઈને કહ્યું, 'અમારા ગુરુ સ્વામિનારાયણને આણંદમાં આવવાનો ભાવ નથી. પણ જો તમે સન્મુખ આવો, તમારા મનમાં ભાવના હોય અને તમે કહો તો તેઓ શહેરમાં આવે. એવી તેમની આવવાની રીત છે. ૨૩-૨૪. ગામના મુખીને જો ભાવ ન હોય તો અમારા ગુરુ કોઈ પુરમાં જાતા નથી. આવી તેઓ રીત રાખે છે. ૨૫. પુરમાં જેટલા લોકો છે તે બધાની એક રીત નથી. કેટલાક ઉપર કહેલી રીતિને જાણે છે અને કેટલાક જાણતા નથી. ૨૬.

એક ઘરમાં બે ભાઈ રહેતા હોય તોપણ બંનેની એકસરખી રીત હોતી નથી. ઘરમાં જે તેની પત્ની હોય છે, તેનું ચલણ હોય છે. ૨૭. આજે પણ એ જ રીતે ઘરમાં સ્ત્રીનું ચલણ રહ્યું હોય છે. સ્ત્રીઓ પોતાના પતિનું ચિત્ત જ્યારે ફેરવી દે છે ત્યારે દીકરો મા બાપનો રહેતો નથી. ૨૮. સ્ત્રીઓની જેવી રુચિ હોય છે તે પ્રમાણે તેના પતિઓ કરતા હોય છે. આજે ગૃહસ્થનાં ઘરમાં તેની પત્ની જ ગુરુનો પણ ગુરુ થઈને રહેતી હોય તેવું દેખાય છે. ૨૯. જ્યાં સ્ત્રીને જ ગુરુ માનતા હોય છે તે ગૃહસ્થ સ્ત્રીની મરજી લોપતા નથી. એકબીજાની રુચિ જાળવવાને લીધે પતિ પત્ની પરસ્પર બંધાઈને રહ્યા હોય છે. ૩૦. ભગવાનની આ એક બળવાન માયા છે. તેનાથી તો કોઈક જ છૂટે છે.'

ત્યારે પાટીદારોએ કહ્યું કે, 'અમે તો અમારા ગુરુ સાથે બંધાયેલા છીએ. તમારા ગુરુ સ્વામિનારાયણની પાસે અમારે આવવાનો સમય નથી. અમારા ગુરુ જ્યારે અમારો ત્યાગ કરે અને અમે તમારા ગુરુની પાસે જ્યારે આવીએ ત્યારે તે બધુ બની શકશે. તે સિવાય આ રોગ દૂર થશે નહિ. અમે કાંઈ બ્રાહ્મણોથી અધિક નથી એમ બધા વેદ અને પુરાણો કહે છે. ૩૧-૩૩. તમારી પાછળ અમે આવી રહ્યા અર્થાત્ અમે આવશું નહિ.

આ વાત અમે સાચી કહીએ છીએ.' પાટીદારોના આવા શબ્દને સાંભળીને તે બંને વિપ્ર ભાઈઓનું મન અત્યંત તૂટી ગયું અને જેટલો ઉમંગ હતો તે બધો ગાયબ થઈ ગયો. ૩૪.

પરમ ચતુર શ્રીહરિ છઠને દિવસે સવારે સામરખાથી ચાલતા થયા અને **આણંદ**ની સીમમાં આવ્યા. ત્યાં એક કૂવા ઉપર સ્નાનાદિક ક્રિયા કરી. ૩૫. પછી શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમારે જડભરતની રીત યાદ રાખીને પુરમાં ચાલવાનું છે. તમારે નિર્માનીપણાથી અત્યારે માન દોષને જીતી લેવાનો છે. ૩૬.

दोहा : निरमान सम शस्त्र कोउ, जग में नहीं रहाय;
जितने ग्रंथ जो तिनमें, बडता ताकी कहाय...३७
निरमान शस्त्र हि तिनके, कबहु न करना त्याग;
हमारे बचन करिके तुम, तामें रखना राग...३८

આ દુનિયામાં નિર્માનીપણા જેવું કોઈ શસ્ત્ર નથી. જેટલા શાસ્ત્ર છે તે બધામાં નિર્માનીપણાનું મહત્ત્વ કહ્યું છે. ૩૭. નિર્માનપણારૂપી શસ્ત્રનો ક્યારેય ત્યાગ કરવો નહિ. અમારા વચને કરીને તમારે નિર્માનીપણામાં પ્રેમ રાખવો. ૩૮. આણંદ શહેરમાં જેટલા લોકો રહે છે, તે બધા અત્યંત શુદ્ધ મનવાળા છે, પરંતુ મિથ્યા ગુરુના વચનમાં બંધાઈ રહ્યા છે. ૩૯. કેમ જે, આણંદમાં કેટલાક એવા અબૂજ લોકો છે કે, તેના દિલમાં કાંઈ સૂઝબૂઝ નથી અને તેથી મનફાવે તેમ કરે છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "સામરખાથી નીકળેલા શ્રીહરિ ભક્તના આગ્રહથી આણંદ શહેરમાં જવા તૈયાર થયા" એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર સત્તરમું : તરંગ - ૯૩

શ્રીહરિ આણંદ, બાકરોલ અને જોળ થઈને વડતાલ પધાર્યા

दोहा : श्रीहरि हित कर संत कु, फेर कहत भये बात;
साधुता सम निधि कोउ, हम न देखत रहात...०१
साधुता सम न पद कोउ, पद रहे वार न पार;
पारस चिंतामनि कहाँ, कल्पतरु कहाँ सोउ...०२

શ્રીહરિએ ઘણા હેતથી સંતોને ફરીવાર વાત કહી કે, ‘સાધુતાના જેવો કોઈ મહાન નિધિ અમને દેખાતો નથી. ૧. પદ તો ઘણા છે, પણ સાધુતાના સમાન બીજું કોઈ ઊંચું પદ નથી. પારસમણિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ સાધુતાની આગળ કાંઈ નથી. ૨. ભગવાનનો અવતાર રાજારૂપે જ્યારે થાય છે ત્યારે ઘણા આદરભાવથી સાધુઓને માને છે. ૩. તેમની સાધુતાને દેખીને ભગવાન તેમના શિષ્ય થઈને રહે છે; એવું તે સાધુતાનું પદ સહુથી વધારે શ્રેષ્ઠ છે. ૪. જેણે જેટલું સાધુતાના મહત્ત્વપૂર્ણ પદને જાણ્યું ન હોય તેટલા તે સાધુતામાં કાચા રહે છે. જ્યારે કામ પડે ત્યારે તેની સાધુતા તરત દેખાઈ આવે છે. ૫.

કામ પડ્યા સિવાય ખબર પડતી નથી. સાધુની ભેળા બધા સાધુ સરખા જ દેખાય છે, પણ **જેમાં જે ગુણ રહ્યા હોય છે તે તો સમય આવ્યે દેખાય આવે છે.** ૬. સમય આવે ત્યારે પણ જો ગુણ ન દેખાય તો તેના તે ગુણ નિષ્ફળ છે.’ બહુનામી શ્રીહરિ પોતાના ભક્તજનનું હિત કરવા માટે આટલી વાત કહીને ફરીવાર બોલ્યા, ૭. ‘સંતો તમે બધા આગળ ચાલો. અમે તમારી પાછળ હમણા જ આવીએ છીએ. શહેરમાં જઈને તમારે ઊભા રહેવું અને ત્યાંના લોકોને દર્શન દેવા. ૮. તમારાં દર્શન કરશે ત્યારે જેનો જેવો ભાવ હશે તે દેખાશે.’

ત્યારે સંતો ચાલ્યા અને શહેરને દરવાજે આવ્યા. આવતા કાંઈ વાર લાગી નહિ. ૯. તે સમયે મિથ્યા ગુરુના મનમાં સુખ રહ્યું નહિ. હૃદયમાં ઘણું દુઃખ થયું. અબૂજ લોકોએ ગુરુને માટે થઈને ચોક્કસ ઉપાધિ કરવાનું

ધાર્યું હતું. ૧૦. નાના નાના બાળકો હતા, તેને આગળ કરીને અબૂજ લોકો ચાલ્યા. રાજમાર્ગમાં આવીને ઊભા રહ્યા. રણશિંગી અને ઢોલ વાગી રહ્યા હતા. ૧૧. તે દેખીને સંતોમાં ઘણો હર્ષ વ્યાપ્યો. આ બધા લોકો સામૈયું કરવા માટે ગામ બહાર આવી રહ્યા છે તેવું સમજ્યા.

તે સમયે સવારી લઈને શ્રીહરિ શહેરમાં આવ્યા. તેમણે બધા પાર્ષદોને સમજાવી રાખ્યું હતું કે, કોઈ અબૂજ લોકો કાંઈ ઉપદ્રવ કરે તો સહુએ સહન કરવું. **જેટલું સહન કરવામાં આવે છે તેટલો તેનો અતિ ઉત્કર્ષ થાય છે.** ૧૨-૧૩. પરમેશ્વર અત્યારે તમારી સાધુતાને દેખવા માટે તથા તમારું કામ સુધારવા માટે અપાર રાજી થયા છે. ૧૪. પ્રહ્લાદજી ત્રિલોકીના રાજા મહાન ભક્ત હતા. તેમણે જો ઉપાધિને અત્યંત સહન કરી હતી તો તેની અનુપમ કીર્તિ થઈ હતી. ૧૫. **જેટલી ઉપાધિ થાય તેને ભક્તજન સહન કરે છે તો તેની ઘણી કીર્તિ વધે છે; એમ ઉપાધિમાં કીર્તિ રહેલી છે.** ૧૬.

આમ કહીને શ્રીહરિ આણંદ શહેરમાં આવ્યા. ભક્ત લોકોએ સંતોની પૂજા કરી. હરિભક્તના જે મનોરથ હતા તે એક રસોઈ સિવાય બધા પૂરા કર્યા. ૧૭. શ્રીહરિનો અપાર પ્રતાપ જોઈને અબૂજ લોકો પણ બધા પગે લાગ્યા. શ્રીહરિ આ રીતે હરિભક્તોને રાજી કરીને ચાલ્યા અને ગામવાસીઓની આગળ પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવ્યો. ૧૮. તે સમયે વિમાનોમાં બેસી બધા દેવતાઓ આવ્યા. શ્રીહરિનો પ્રતાપ જોઈને તેઓ રાજી થયા. અને તે સહુ શ્રીહરિના ઉપર ફૂલની ઝડી વરસાવવા લાગ્યા અને મુખથી 'જય જય... જય જય...' એમ બોલતા હતા. ૧૯. દેવોના જે ગાંધર્વો હતા તેઓ બધા શ્રીહરિનો અપરંપાર પ્રતાપ દેખીને વાજિંત્રો વગાડીને વિવિધ પ્રકારનું ગાન કરવા લાગ્યા. ૨૦. અને જેટલી અપ્સરાઓ કહેવાતી હતી તે બધી પણ ત્યાં નૃત્ય કરવા લાગી. તે અપ્સરાઓ શ્રીહરિની જેવી નિર્દોષ કીર્તિ હતી, તેનું મુખથી ગાન કરવા લાગી. ૨૧.

શ્રીહરિ આણંદ શહેરમાં આનંદનું મોઝું ફેલાવીને હરખભેર ચાલતા થયા. બધાં અમંગળ અને વિઘ્નોને દૂર કર્યાં અને ત્યાં પોતાનો સંપૂર્ણ પ્રતાપ

દેખાડ્યો. ૨૨. સુખધામ શ્રીહરિ પછી હાસ્યવિનોદ કરતા કરતા **બાકરોલ** ગામમાં આવ્યા. ત્યાંના મોટા પાટીદારોમાં ઘણી વિવેકબુદ્ધિ રહી હતી. ૨૩. બધા દોડીને શ્રીહરિની પાસે આવ્યા. બે હાથ જોડીને પગે લાગ્યા અને બોલ્યા કે, 'અમારા ગામમાં આપ પગલા પાડીને અમારા ગામને પવિત્ર કરો. ૨૪. આપ જ્યાં ચરણકમળ મૂકો છો ત્યાં તે ચરણોના પ્રતાપથી તે પુર તીર્થરૂપ થાય છે અને તેની અમાપ કીર્તિ વધે છે. ૨૫. અમારા કોઈ પૂર્વના સારા પુણ્યના યોગે કરીને આપે અહીંયા ચરણો મૂક્યા છે. અહીંયા આપ રસોઈ કરો. અહીં પાકી કેરીઓ બહુ છે. ૨૬.

આ વિઠ્ઠલભાઈ નામે પાટીદાર અને તેના બધા સંબંધીઓ આવ્યા. અહીં એક સારું તળાવ છે, ત્યાં રસોઈ કરો.' એમ ઘણો આગ્રહ કર્યો. ૨૭. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'વડતાલ સિવાય અમારે ક્યાંય રોકાવું નથી; એવું અમે નક્કી કર્યું છે.' એમ કહ્યું અને ત્યારે અશ્વ ઉપર બેઠા રહ્યા, પરંતુ અશ્વ ઉપરથી હેઠા ઉતર્યા નહિ. ૨૮. ત્યારે તે પાટીદારોએ તત્કાળ પાકી કેરીઓ મગાવી. દયાળુ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા બેઠા કેરી જમવા લાગ્યા. તે રીતે પાટીદારોની ભાવનાને પૂરી કરી. ૨૯. અને ત્યારે શ્રીહરિ સાથે જેટલા સંતો, વર્ણીઓ, પાર્ષદો અને કાઠીઓ હતા તેમને સહુને સંભારીને પાટીદારો જેટલી કેરીઓ લાવ્યા હતા તે બધી વહેંચી દીધી. ૩૦.

બાકરોલના ભક્તજનોના મનોરથોને પૂરા કરીને પછી તરત ભક્તપતિ શ્રીહરિ બધા સંતો સાથે **જોળ** ગામ આવ્યા. ૩૧. તે ગામમાં હરિભક્તોમાં વિપ્રો અને પાટીદારો તથા એક સુતાર હરિભક્ત હતા તથા તે સર્વના પરિવાર પણ હરિભક્ત હતા. ૩૨. અને પગીઓમાં પણ જેટલા હરિભક્ત હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. આવીને સહુ પગમાં પડ્યા અને મનમાં બહુ રાજી થયા. ૩૩. શ્રીહરિની સન્મુખ જે વાજિંત્રો લાવ્યાં હતાં તેને ઘણા હરખથી વગાડવા લાગ્યા.

ત્યાંના સહુ હરિભક્તોમાં રામદાસ નામે આગેવાન હતા. ૩૪. તેમણે ગામમાં શ્રીહરિની પધરામણી કરી અને ઘેર ઘેર શ્રીહરિનાં પગલાં પાડ્યાં.

રામદાસ પટેલના પરિવારજનો ઘણા સારા હરિભક્ત હતા. ૩૫. તે ગામમાં જેટલા જેટલા હરિભક્ત નામે કહેવાતા હતા, તે સહુને ઘેર શ્રીહરિ પધાર્યા. અને જેને જેવી ભાવના હતી તેણે શ્રીહરિનો તેવો લાભ લીધો. ૩૬. તે સમયે **વડતાલ** ગામના જેટલા હરિભક્તો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે શ્રીહરિની સામે આવ્યા. ૩૭. જ્યારે શ્રીહરિ જોળ ગામથી ચાલ્યા ત્યારે વડતાલના હરિભક્તો સામે આવ્યા. તે સહુ શ્રીહરિનાં દર્શન કરીને ઘણો જ આનંદ પામ્યા. ૩૮. ઢોલ, તાંસા, રણશિંગી, ભોગળ, ભેરી, તુરાઈ, શરણાઈ ઈત્યાદિક વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૩૯. ધર્મના લાલ શ્રીહરિ વડતાલમાં પધાર્યા અને આંબલે જઈને પાટ ઉપર બેઠા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ આણંદ, બાકરોલ અને જોળ થઈને વડતાલ પધાર્યા" એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર સત્તરમું : તરંગ - ૯૪

શ્રીહરિની વડતાલમાં વિવિધ પ્રકારની વાતો અને લીલા

તે સમયે શ્રીહરિની સાથે જે સંતો, વર્ણી અને સંન્યાસીઓ વગેરે હતા, તે સહુ સભા કરીને બેઠા. ૧. તેમાં જે સંતો હતા તે શ્રીહરિની પાસે બેઠા બેઠા આનંદમાં ભરપૂર થઈને ગરબીના પદ ગાવા લાગ્યા. ૨. જે સ્થળે શ્રીહરિ બેસતા હતા ત્યાં બધા મોટા મોટા સંતોની ઘણી જોરદાર સભા થતી હતી અને અત્યંત આનંદનું વાતાવરણ રહેતું હતું. ૩. એટલો બધો આનંદ થતો હતો કે જે એવો ને એવો જ મુખથી કહી શકાતો નથી. જ્યારે સંતો ગાતા હોય ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે ગાતા હતા. ૪. સંતો જ્યારે ગરબી ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિએ થોડી વાતો કરી.

ગામમાં જેટલા પટેલો હતા, તે બધા ત્યાં આવીને બેઠા હતા. તેમજ વડતાલ, બામરોલી, સંજાયા અને જોળ, એ બધા ગામના પગીઓમાં જે

પટેલો, કહેતાં મોટેરાઓ હતા તે પગીઓ શ્રીહરિ પાસે આવીને બેસતા. ૫-૬. રાવલી ગામના જે મુસલમાનો હતા તે પણ આવ્યા. કેમજે, શ્રીહરિની નીતિને દેખીને તેઓ હેત રાખતા હતા. અને જ્યારે જ્યારે શ્રીહરિ વડતાલમાં આવ્યા છે તેવું સાંભળતા ત્યારે તરત જ શ્રીહરિની પાસે આવતા. ૭. સહુને શ્રીહરિની મૂર્તિ પ્યારી લાગતી. તેને લીધે જ બધા નર-નારીઓ આવતા હતા. મુસલમાનોમાં પણ કેટલાક હેતવાળા હતા, તેઓ શ્રીહરિના ઉપર હિતકર જાણી ખૂબ પ્રેમભાવ રાખતા હતા. ૮. બીજી વાતોમાં તેઓની સમજણ થોડી હતી, પણ જે હેત થયું હોય તેને તેઓ તોડતા નહિ. પગી, મુસલમાન અને કાઠીઓની જે જાતિ છે, તે બધા સ્વભાવમાં તો એક રીતના જ હોય છે. જો તેમને છંછેડવામાં આવે તો સંબંધ રાખતા નહિ. શ્રીહરિ તે સહુના સ્વભાવને જાણતા હતા એટલે તેને તેવી રીતે સમજીને નિભાવી લેતા. ૯-૧૦.

શ્રીહરિ તો ધન્વંતરિ વૈદ હતા. બધાની નાડીને ઓળખતા. કેટલીક વાર તો માણસની નાડી એક દિવસમાં જ ફરી જાય છે. ૧૧. **અંતર્યામી શ્રીહરિ બધું જાણતા હતા, તેથી જેની નાડી જે રીતે ચાલે તેવો ઉપાય હેત કરીને કરતા રહેતા હતા.** ૧૨. જેને જેવો રોગ હોય તેને ટાળવા ઘડીએ ઘડીએ તેવી વાતરૂપી ઔષધ તે સહુને આપતા હતા. ૧૩. જનોને આશારૂપી અપાર રોગો રહ્યા છે. સર્વ પ્રકારના રોગોમાં જન્મ-મરણરૂપી રોગ સર્વે રોગનો રાજા છે. ૧૪.

सोरठा : हरि करत रहे बात, जिनकर दुःख न होवत कबु;
सब हि दुःख तेहि जात, हित करी श्रवन करत जोउ...१५
सुखि हि रहत हे ताय, सुख के मारग चलत यह;
दुःखी होवत हि रहाय, दुःख के मारग चलत तेह...१६

શ્રીહરિ એવી રીતે વાતો કરતા કે, જેનાથી કોઈને ક્યારેય દુઃખ થાતું નહિ. શ્રીહરિની વાતોને જે હેતે કરીને સાંભળતા તેમના બધા જ દુઃખો ટળી જતા હતા. ૧૫. શ્રીહરિ કહેતા, જે સુખને માર્ગે ચાલે છે તે સુખી રહે છે અને જેઓ દુઃખને માર્ગે ચાલે છે તે દુઃખી થાય છે. ૧૬. **જેમાંથી**

અપાર સુખ થાય એવું કરવાના જે વિચારો શીખે છે, અને જે જેટલી યોગ્ય વાતો હોય તે પ્રમાણે યોગ્ય કરતા રહે છે તેમને તેટલું સુખ રહે છે. ૧૭. આ સુખનો માર્ગ છે. જે તેને જુએ તેને તે દેખાય છે. **ભગવાને જેના જે પ્રકારે નિયમ કહ્યા છે તે તેના માટે ચોક્કસ સુખનો માર્ગ છે.** ૧૮. **નિયમનું ઉલ્લંઘન કરીને જેટલા ચાલે છે તે બધા દુ:ખને માર્ગે ચાલ્યા ગણાય.** જે જેટલી ક્ષમા રાખે છે, તેને તેટલું સુખ વર્તે છે. ૧૯. ક્ષમામાં પણ વિવેક રાખવો જોઈએ. વિવેક વિનાની ક્ષમા અવિવેકરૂપ ગણાય. અને જેટલી વાત વિવેક વિનાની હોય છે તે તેટલી દુ:ખથી યુક્ત જ હોય છે. ૨૦.

ચોપાઈ :

जो जो बात कहावत तिनमें, विवेक मुख्य रहावत इनमें;
क्षमा विवेक राखीके जोऊ, जो जो बात करत हे सोऊ...२१
ताकु दुःख कबहु नहीं आता, सुख के सिंधु में रहत हि माता;
क्षमा विवेक हम जानिके एसे, रखत रहत हे प्रान ज्युं तेसे...२२
क्षमा विवेक रखत तिन करीके, कीर्ति हमारी हे इन करीके;
कीर्ति करावत जितने जेहा, शास्त्र में लिखे हे गुन तेहा...२३
सो गुन के हम भूषन करिता, अंगोअंग में रहत धरीता;
एसे गुन के बसन हम धरते, सत्संग तामें रहत विचरते...२४

જે કોઈ પણ બાબત કહેવાતી હોય તેમાં વિવેક મુખ્ય રહ્યો હોય છે. જે લોકો ક્ષમા અને વિવેક રાખીને જે કાંઈ કરે છે તેને ક્યારેય દુ:ખ આવતું નથી. તેઓ તો સુખના સાગરમાં લહેર કરે છે. માટે ક્ષમા અને વિવેકને આવી રીતે સમજીને અમે તેને પ્રાણની જેમ રાખીએ છીએ. ૨૧-૨૨. અમે ક્ષમા અને વિવેકને રાખીએ છીએ તેનાથી અમારી કીર્તિ વધી છે. કીર્તિ વધારનારા જેટલા ગુણો છે તે શાસ્ત્રમાં લખેલા છે. તે બધા સદ્‌ગુણોનાં ઘરેણાં કરીને અમે અમારાં અંગોઅંગ ઉપર ધારીએ છીએ. અને તેવા સદ્‌ગુણોનાં જ વસ્ત્ર પહેરીને આ સત્સંગમાં વિચરણ કરતા રહીએ છીએ. ૨૩-૨૪. કીર્તિરૂપ ગુણના મોટા તીર્થધામ રચ્યા છે અને મોટા મંદિર કર્યા છે. તેને જોતા સહુને આરામ-શાંતિ થાય છે. **કીર્તિરૂપ ગુણ વગરના તીર્થધામોમાં અને**

મંદિરમાં ભગવાન રહેતા નથી. તે તીર્થધામો અને મંદિરો તો નામમાત્રના કહેવાય છે. ૨૫-૨૬.

કીર્તિરૂપ ગુણ વગરના જે જે તીર્થ છે તે તત્કાળ પાપને ટાળતા નથી. અને તેવા તીર્થો તો નામમાત્રના જ રહ્યા છે.' ૨૭. શ્રીહરિએ પોતાના ભક્તોના કલ્યાણને માટે આટલી વાત કરી. પછી રસોઈ તૈયાર થઈ ગયેલ હોવાથી ગામમાં આવ્યા. ૨૮. જે જે સરસ ભોજન કરેલાં હતાં, તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. તે પછી બધા સંતો જમી રહ્યા. અને ભીમ એકાદશી પણ વડતાલમાં જ કરાવી. ૨૯. વડતાલની આસપાસના ગામ અને શહેરના બાઈ-ભાઈ હરિભક્તો ભીમ એકાદશી ઉપર અપાર આવ્યા. સહુને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. ૩૦.

શ્રીહરિ આંબલે જઈને સભા કરતા. ત્યાં પલંગ ઉપર બેસતા. વળી, પલંગનો હિંડોળો બાંધ્યો હોય અને ગાદીતકિયા બિછાવ્યા હોય તો તેના ઉપર પણ આવીને શ્રીહરિ બેસતા. તે વખતની શોભા મુખથી કહી શકાતી નથી. સંતો અને હરિભક્ત બાઈ-ભાઈઓની સભા અલગ અલગ થાતી હતી. ૩૧-૩૨. સંતો જ્યારે ગરબીના અલૌકિક કીર્તનો ગાતા હતા ત્યારે સંતોની સાથે શ્રીહરિ પણ ગાતા હતા. અને ત્યારે અલૌકિક રસ જામતો રહેતો. ૩૩. આવા અલૌકિક રસને રાત-દિવસ જે પીતા હતા તેમને ક્યારેય તૃપ્તિ થાતી નહિ. આવો અલૌકિક રસ હંમેશાં રહેતો. તે સિવાયના બીજા રસ તો ફિક્કા દેખાતા હતા. ૩૪. તે રસમાં રાત અને દિવસ પણ પળ જેવા થઈ જતા હતા અને બધું વાતાવરણ આશ્ચર્યરૂપ દેખાતું હતું.

જેટલા હરિભક્તો આવતા તે બધા ફૂલના હાર લઈને આવતા હતા. ૩૫. કેટલાક લોકો વસ્ત્ર અને ઘરેણાં લાવતાં. મેવા અને મીઠાઈનો તો કોઈ પાર ન રહેતો. તેનાથી જેને વેદો 'નેતિ નેતિ' એમ કહીને ગાય છે એવા શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૬. હરિભક્તો રસ રોટલીની રસોઈ આપીને શ્રીહરિ અને સંતોને રોજ ખૂબ રાજીપે જમાડતા હતા. ૩૭. શ્રીહરિ જે જે સમૈયો કરતા, તેમાં ભક્તજનો કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરતા હતા. તે બધું લખી શકાતું નથી. ૩૮. શ્રીહરિ જ્યાં જ્યાં જઈને રહેતા હતા

ત્યાં ત્યાં અલગ અલગ રીતે ઘણી પૂજા થતી હતી. ૩૯. આ બધી બાબતો અમાપ છે. ક્યારેય તે માપમાં આવતી નથી. માપમાં લખવામાં આવે તોપણ તેમાં અમાપતા તો આવી જ જાય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિની વડતાલમાં વિવિધ પ્રકારની વાતો અને લીલા કહી" એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર સત્તરમું : તરંગ - ૯૫

શ્રીહરિનું જોળ, કરમસદ, ગાના આદિ સત્સંગના ગામોમાં દિવ્ય વિચરણ

શ્રીહરિએ વડતાલમાં ભીમ એકાદશી કરી અને બારશને દિવસે પારણા કરીને સંતોએ સહિત ત્યાંથી નીકળ્યા. ૧. તે સુખનિધિ ઘનશ્યામ **જોળ** થઈને **કરમસદ** આવ્યા અને ગામ વચ્ચે થઈને ચાલ્યા. ૨. આગળ જતા **ગાના** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોને ઘણો જ આનંદ થયો અને સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩. ગાનામાં મોક્ષના ખપવાળા પાટીદારો સત્સંગી થયા હતા અને સુતાર પણ સત્સંગી હતા. ૪. ત્યાંના સહુ હરિભક્તોએ શ્રીહરિનાં ચરણ પોતાનાં મસ્તક ઉપર ધારણ કર્યાં અને ફૂલના હાર પહેરાવીને 'જય જય...જય જય...' એમ બોલવા લાગ્યા. ૫.

ઢોલ, રણશિંગી, ભેરી ઇત્યાદિક વાજિંત્રો વાગવાં લાગ્યાં. બધા હરિભક્તો ઝાંઝ, મૃદંગ વગાડીને શ્રીહરિની આગળ ઉત્સવનાં પદ બોલતા હતા. ૬. શ્રીહરિ તો અશ્વ ઉપર બેઠા હતા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. મસ્તક ઉપર શ્વેત છત્ર હતું અને લલાટમાં કુંકુમનો શુભ ચાંદલો કર્યો હતો. ૭. તે ભક્તોએ શ્રીહરિને ગામમાં પધરાવ્યા. બધી રાજબજારોને સ્વચ્છ કરાવીને ઘણા પ્રેમથી બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. ૮. બજારમાં જેટલી દુકાનો હતી, તેને સુંદર રીતે શણગારી હતી. ગામના બધા

નર-નારીઓ ઘરનાં બધા કામ છોડી દઈને, ૯. દર્શન કરવાને માટે બજારમાં આવીને ઊભા રહ્યા હતા. જેટલી સ્ત્રીઓ હતી, તે બધી મોતીના થાળ ભરી ભરીને ઘણા આદરભાવથી શ્રીહરિને વધાવતી હતી. સહુનાં હૃદયમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. જે કોઈ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતાં હતાં, તેઓ દિલમાં શાંતિ પામતા હતા. ૧૦-૧૧. સહુ બે હાથ જોડીને શ્રીહરિને પ્રણામ કરતા હતા. સહુને એટલું બધું હેત થયું કે, જે કહી શકાતું નથી.

ગામમાં જેટલા પાટીદારો હતા તે બધા શ્રીહરિને શરણે આવ્યા. ૧૨. હાથમાં ફૂલના હાર લઈને સહુ ઊભી બજારે ખડે પગે રહ્યા હતા. બધી બજાર ફૂલના બગીચા જેવી ખીલેલી હતી. તેની અપાર શોભા થઈ હતી. ૧૩. સહુ શ્રીહરિને ઘણા હેતથી ફૂલના હાર પહેરાવતા અને વિનંતિ કરી હાથ જોડી બોલતા કે, 'આપે અમારા જન્મને સુધારી દીધો છે. ૧૪. આપ શ્રીહરિએ અહીં પધારીને આ ગામને પવિત્ર કરી દીધું છે. અમારે ઘેર આવી સહુને દર્શન દઈને બધા પાપોને ટાળી નાખ્યા છે.' ૧૫. સહુ હરિભક્તોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરીને પૂજા કરી અને મનોવાંછિત લાભ લીધો. ૧૬. શ્રીહરિને ભક્તોએ ઘરેણાં અને વસ્ત્ર પ્રેમથી પહેરાવ્યા. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું. ત્યારે કૃપાળુ શ્રીહરિ મંદમંદ હસી રહ્યા હતા. ૧૭. ભક્તોએ લલાટમાં કુંકુમનો ચાંદલો કરીને પછી આરતી ઉતારી. સંતોની પણ પૂજા કરીને ઘણા હરખથી વસ્ત્ર ઓઢાડ્યાં. ૧૮.

જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે મશાલો પ્રગટાવી. શ્રીહરિ ગામથી બહાર આવીને તળાવને કાંઠે ઊતર્યા. ૧૯. ત્યાં આવીને રંગભીના શ્રીહરિ રથ ઉપર બેઠા. ચંદ્રોદય થયો હતો તેની શોભા ચારેબાજુ છવાઈ રહી હતી. પછી મશાલવાળાને રજા આપી. ૨૦. ચિણા(એક જાતનું ધાન્ય)નો સ્વાદ જોવા માટે શ્રીહરિએ પ્રેમથી તેનો રોટલો કરાવ્યો. વર્ણીએ રસોઈ કરી, થાળ પીરસ્યો ત્યારે તેમાં તે રોટલો મૂક્યો. ૨૧. શ્રીહરિ સહુ પહેલા ચોથા ભાગનો રોટલો જમ્યા અને બોલ્યા, 'આ તો સરસ છે. જમવામાં કઠિન લાગતો નથી. ૨૨. ઘઉંના કરતાં પણ રોટલો ઊજળો થયો છે અને આમાં કોઈ કુસ્વાદ દેખાતો નથી.' આમ કહીને બાકીનો રોટલો ઘણા પ્રેમથી સંતોને

પ્રસાદીના રૂપમાં આપ્યો. ૨૩. બધા સંતો પણ એક ચણા ચણા જેટલો તે પ્રસાદ લઈને મનમાં રાજી થયા.

ત્યાં ગાના ગામમાં એક રાત રહીને શ્રીહરિ ચાલ્યા તે **મેઘવા** ગામ આવ્યા. ૨૪. ત્યાં ગામમાં ગામના પાટીદાર હરિભક્તો હતા. સહુ સન્મુખ આવીને ચરણમાં પડ્યા. ૨૫. શ્રીહરિને વિનંતિ કરીને ગામમાં પધરાવ્યા. ત્યારે આગળ ઢોલ, રણશિંગી, ભેરી આદિ વાજિંત્રો વાગતાં હતાં. ૨૬. ગામમાં સહુએ ઘેર ઘેર પધરામણી કરી ત્યારે શ્રીહરિ અને સંતોની ઘણા ભાવથી પૂજા કરી. ૨૭. મેઘવાથી શ્રીહરિ તરત ચાલ્યા તે ઉતાવળે **દેદરડા** ગામ આવ્યા. બધા હરિભક્તો તરત શ્રીહરિની પાસે આવ્યા. ૨૮. જેટલા હરિભક્ત પાટીદારો હતા, તે શ્રીહરિનાં ચરણમાં પડ્યા. તે સિવાયના પણ બીજા જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિને પગે પડ્યા. ૨૯.

સહુએ શ્રીહરિની ગામમાં પધરામણી કરી. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં રહ્યાં હતાં અને હરિભક્તોએ ઘેર ઘેર પધરાવીને પૂજા કરી. ૩૦. તે પછી સંતોની પૂજા કરી અને ત્યાંથી શ્રીહરિ **વહેરા** ગામ આવ્યા. ત્યાં જેટલા પાટીદાર હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સામે આવ્યા. ૩૧. સહુએ હેતથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. વાજિંત્રો વગડાવ્યા. અને ઘેર ઘેર પધરાવીને પૂજા કરી અને શ્રીહરિનો ઘણો લાભ લીધો. ૩૨. ત્યાં જ્યારે સંતોની પૂજા થઈ રહી, પછી શ્રીહરિ ત્યાંથી **બોચાસણ** ગામ આવ્યા. ત્યાંના પાટીદાર અને બીજા બધા ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. પગે લાગ્યા અને ઘરનું બધું કામકાજ છોડી દીધું. હરિભક્તોમાં કાશીદાસભાઈ મુખ્ય હતા. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૩૩-૩૪.

આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને સહુ લોકો જયજયકાર કરતા હતા. અને તે લોકો શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી, સંતો તથા શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૫. તે પછી પરમ સુખધામ ઘનશ્યામ શ્રીહરિ બોચાસણ ગામની બહાર આવ્યા. ત્યાં તળાવની પાળે એક મોટો વડલો હતો. તેની છાંયા જોયા જેવી હતી. ૩૬. સંતોએ વડલા નીચે ઉતારો કર્યો. તેની ડાળીએ પલંગનો હિંડોળો બાંધ્યો હતો. જેનાં દર્શન દુર્લભ છે

એવા શ્રીહરિ તેના ઉપર બેઠા. ૩૭. તે ગામમાં બળદની સુંદર ચાલ દેખીને શ્રીહરિએ પૈસા આપીને તેને ખરીદ્યો અને તેનું સાલેમાળ નામ હતું. ૩૮. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ અને સંતો ગામમાં આવ્યા. તેમાં પ્રથમ શ્રીહરિ જમ્યા. ૩૯. તે પછી કાશીદાસભાઈને ઘેર સંતોની પંગત કરી અને શ્રીહરિએ પંગતમાં લાડુ પીરસ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિનું જોળ, કરમસદ, ગાના આદિ સત્સંગના ગામોમાં દિવ્ય વિચરણ કહ્યું" એ નામે પંચાણુંમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર સત્તરમું : તરંગ - ૯૬

વરસતા વરસાદમાં બુધેજ આવ્યા, ત્યાં રાત રોકાઈને આગળ ચાલતા ગાંફ આવ્યા

જ્યારે બોચાસણમાં સહુ સંતો જમીને તળાવ ઉપર આવ્યા ત્યારે આકાશમાં એકદમ વાદળાઓ ચઢી આવ્યા, આંધી ચડી આવી અને ઘણું વાવાઝોડું થયું. ૧. ત્યારે શ્રીહરિએ સહુ સંતોને બોલાવીને પલંગ ઉપર બેઠા બેઠા જ તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યા. ૨. પછી સહુ સંતોને દેશમાં ફરવા માટે રજા આપી અને પોતે તરત તૈયાર થયા. ૩. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી અને ભણનારા સહુ સંતોને શ્રીહરિએ બોલાવીને કહ્યું, 'અમે જઈએ છીએ. તમે અમારી પાછળ આવજો. અમે અશ્વ દોડાવીને જઈએ છીએ અને આજની રાત બુધેજ ગામમાં રહીશું. ૪-૫. તમે બધા સંતો, ગાડીને લઈને આવજો. અને ઉકા ભક્ત, બધા બાઈઓ અને કાઠિયાવાડના બીજા હરિભક્તોની સાથે રહીને બુધેજ આવે.' ૬. આટલું કહીને બહુનામી અને સહુના સ્વામી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને એકદમ અશ્વને દોડાવ્યો.

મસ્તક ઉપર ફૂલના તોરા હતા. છાતી ઉપર કેટલાક ફૂલના હાર પહેરાવેલા હતા. ૭. રસ્તામાં આંબાની ડાળમાં ફૂલના તોરા ભરાઈ ગયા,

લટકી રહ્યા અને હારના કેટલાક ફૂલ રસ્તામાં પડતા રહ્યા. ૮. આ રીતે દોડતે ઘોડે શ્રીહરિ **સુંદરડા** ગામનાં ભક્તોને દર્શન દઈને ચાલ્યા. તે સમયે તે ગામના ભક્તોએ રસોઈ આપવાને માટે કેરી ભેળી કરી રાખી હતી. ૯. જ્યારે સંતો ત્યાં આવ્યા ત્યારે તે સહુને કેરી આપતા હતા. શ્રીહરિની પાછળ જેટલા સંતો અને હરિભક્તો હતા, તે સહુને કેરી આપી. તેમાં જેને જેટલી જોઈએ તેટલી કેરી લીધી, પણ રસ્તામાં તો ખૂબ જ વરસાદ થયો. તેથી તે કોઈને કેરીનો સ્વાદ રહ્યો નહિ અને રસ્તામાં ચાલતા પડી જતા હતા. શ્રીહરિ **બુધેજ** પહોંચ્યા પછી ઘણીવારે તે સંતો વગેરે બુધેજ પહોંચ્યા. ૧૦-૧૨.

પછી શ્રીહરિએ કહ્યું, 'આ બળદગાડીને અહીંયા મૂકી દો. આ ગાડી કાશીદાસભાઈએ આપી છે. તેને સાચવીને રાખી મૂકવી. ૧૩. આ બુધેજના હરિભક્ત ખોડાભાઈ અને તેમનું પોતાના જેવું જ ગુણવાન સત્સંગી બધું કુટુંબ એક જ સ્થળે રહેતું હતું. ૧૪. શ્રીહરિની સાથે જે સંતો-હરિભક્તો આવ્યા હતા અને વરસાદથી સહુ પલળી ગયા હતા, તે બધાને તેમણે કોરાં વસ્ત્ર લાવીને તરત આપ્યાં. ૧૫. પલળેલાં બધાં વસ્ત્રને નીચોવીને સૂકવી નાખ્યાં. ત્યારે ઉકાભક્તને જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. ૧૬. પછી શ્રીહરિએ કહ્યું, 'તમને રસ્તામાં વરસાદથી શી તકલીફ પડી ? તે બોલો.'

ત્યારે ઉકાભકતે કહ્યું, 'મહારાજ, રસ્તાની વાત તો મારે શું કહેવી? ૧૭. જીવશું ત્યાં સુધી હવે તે વાત ભૂલશું નહિ. હે નાથ, એવી વિકટ પરિસ્થિતિ થઈ કે કોઈ કોઈની સાથે રહી શક્યા નહિ. ૧૮. રાત પડી ગઈ હતી. વાદળાં ખૂબ ઘાટાં થઈ ગયાં હતા. એકબીજા કોઈ કોઈને દેખતા નહિ. કોઈ બોલે ત્યારે ખબર પડતી. ૧૯. અમે ડગલે ને પગલે રસ્તામાં વારે વારે પડી જતા હતા. જેટલી કેરી લીધી હતી તે રસ્તામાં પડી ગઈ, તેની પણ કોઈને ખબર રહી નહિ. ૨૦. ઉકો ક્યાંય રહ્યો અને કેરી પણ ક્યાંય રહી ગઈ ! હે મહારાજ ! વાત જેવી બની તેવી અમે તમને કહી.'

ત્યારે પલંગ ઉપર બેઠેલા શ્રીહરિ હસતાં હસતાં આળોટવા લાગ્યા. ૨૧. શ્રીહરિ વારંવાર હસીને એટલા ખુશી થયા કે જે વાત મુખથી કહી

શકાતી નથી. બુધેજ ગામમાં જે બીજા હરિભક્તો હતા, તે જેની જેમ સેવા કરવી ઘટે તેની તેમ સેવા કરતા હતા. ૨૨. રસોઈ તૈયાર કરીને ઉત્સાહભર શ્રીહરિને જમાડ્યા. શ્રીહરિ બુધેજમાં વહેલા, મોડા, સવારે, બપોરે, અધરાતે, **પાછલી રાતે કેટલીયે વાર આવતા અને ઘણું રોકાતા. ચાહે તેટલી વાર આવતા, પણ બુધેજના હરિભક્તોનો રંગ એકસરખો રહેતો હતો.** ૨૩-૨૪.

❋ જ્યાં સંપ હોય ત્યાં શ્રીહરિ રહે છે :

दोहा : एक रंग रहे जिनके, घर में संप हि जाहि;
जानत रहे हरि बात हि, जात रहे घर ताहि...२५
जाकु रज ही जितने जो, निर हि उछाह रहेउ;
टीकत न हरि घर तिनके, कुट हि मरे शिर तेउ...२६
सोरठा : भाव जिनकू जेतो, नेन बेन कहि देत यह;
छिपाये रहाय तेतो, छिपाय रखे न रहत कबु...२७

જે ભક્તોનો રંગ એકસરખો હોય અને ઘરમાં સંપ હોય, એવું જ્યારે શ્રીહરિ જાણતા ત્યારે તેને ઘેર અવારનવાર જતા હતા. ૨૫. જેનાં મનમાં એક રજ જેટલો પણ અણગમો દેખાય તો શ્રીહરિ તેને ઘેર ચાહે તેટલી માથાકૂટ કરે તોપણ ટકતા નહિ. ૨૬. જેના મનમાં જેટલો ભાવ હોય તે તેના નેણમાં અને વેણમાં દેખાઈ આવતો હતો. ચાહે તેટલું છુપાવે તોપણ તે ક્યારેય છુપાતો નહિ. ૨૭. જો સાચો ભાવ અને સંપ ન હોય તો અંતર્યામી એવા શ્રીહરિની આગળ કોઈ કરોડો યુક્તિઓ કરે તોપણ તેનો શ્રીહરિ ત્યાગ કરી દેતા હતા, પણ પ્રેમી ભક્તોનો ત્યાગ કરતા નહિ. ૨૮. **કોઈ પોતાનો પ્રેમી ભક્ત ચાહે તેટલા કોશ દૂર રહેતો હોય અને ત્યાં જવામાં ગમે તેટલું કષ્ટ પડતું હોય, તોપણ શ્રીહરિ તેને ઘેર જતા હતા.** ૨૯. તેવા ભક્તને ઘેર શ્રીહરિ ક્યારેય ગયા સિવાય રહેતા નહિ, એટલે જ તેમનું નામ **'દયાળુ'** કહેવાય છે.

શ્રીહરિ ત્યાં રાત રહીને સવારે **ગોરાડ** ઉપર થઈને ચાલ્યા. ૩૦. ગોરાડમાં રંગભીના શ્રીહરિ ભક્તજનોને દર્શન દઈને **ગોલાણા** ગામ આવ્યા.

ત્યાં સાબરમતી નદી ઊતરીને **મોટી બોરુ** આવ્યા. ૩૧. ત્યાં એક વણિક હરિભક્ત રહેતા હતા. તેને દર્શન દઈને પછી **નાની બોરુ** આવ્યા. ત્યાંના હરિભક્તોમાં વિપ્ર, સોની અને વણિક હતા. તેમને ઘનશ્યામ શ્રીહરિએ દર્શન દીધાં અને પછી **ભોળાદ** ગામ આવ્યા. ૩૨-૩૩. ત્યાં ભોગાવો નદી ઊતરીને **પીપળી** આવ્યા. ત્યાં દાદાભાઈ વરાણ સારા હરિભક્ત રહેતા હતા. તે ત્યાંના રાજા કહેવાતા હતા. ૩૪.

બીજા પણ જે હરિભક્તો હતા, તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા અને ચરણકમળમાં પડ્યા. તેમના હૃદયમાં ઘણો આનંદ ભર્યો હતો. ૩૫. દાદાભાઈએ અવિનાશી અને સુખરાશિ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પોતાનાં ભવનમાં લાવી, સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ પ્રસન્નતાથી બેઠા. ૩૬. સાથે જે બ્રહ્મચારી હતા, તેમણે હેતથી રસોઈ બનાવી અને ઘણા નવલા પ્રેમ સહિત હેતથી શ્રીહરિને જમાડ્યા. ૩૭. જમ્યા પછી ભક્તજનપ્રતિપાળ શ્રીહરિએ દાદાભાઈને થાળની પ્રસાદી આપી. પછી રાત રહીને ચાલ્યા. ૩૮. તે **ગાંફ**ના રાજા મનુભાને દર્શન આપ્યાં. પછી પ્રસન્ન મને ગામની વચ્ચે થઈને ચાલ્યા. ૩૯. ગામના જેટલા હરિભક્તો તથા દરબારો હતા, તે બધા ઘણા ભક્તિભાવથી શ્રીહરિને વળાવવા માટે ગામની બહાર આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વરસતા વરસાદમાં બુધેજ આવ્યા, ત્યાં રાત રોકાઈને આગળ ચાલતા ગાંફ આવ્યા" એ નામે છન્નુંમો તરંગ સમાપ્ત ।।૯૬।।



પૂર સત્તરમું : તરંગ - ૯૭

ભાલમાં ચાલતા શ્રીહરિ ભીમનાથ આવ્યા અને ત્યાં મહંતને બ્રહ્મવિદ્યા કહી

ધર્મકુમાર શ્રીહરિ ગાંફ ગામની બહાર આવ્યા ત્યારે વળાવવા આવેલ હરિભક્તોને ઊભા રાખીને આગળ ચાલતા થયા. ૧. તે વખતે શ્રીહરિ બોલ્યા, 'હવે જ્યારે આ રણને પાર ઊતરી જાઈએ અને કીચડ બધો દૂર થાય તો જ ઘણી મજા આવે.' ૨. તે સમયે બધા દરબારોએ (સ્પર્ધામાં) અશ્વોને એકબીજાની આગળ ચલાવ્યા. તે બધા ઘણા સુંદર લાગતા હતા અને તે પછી વરસાદ થયો. ૩. જ્યારે **ખરડ** આવ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા, 'હવે કાંઈ દુ:ખ રહ્યું નથી.' તે સમયે ખરડના બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા, ૪. પણ શ્રીહરિ તો ત્યાંથી તરત ચાલતા થયા અને **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં પણ બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા. ૫.

ઝીંઝરના દરબાર ખોડાભાઈ મુખ્ય હરિભક્ત હતા. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પોતાને ભવને ઉતારો આપ્યો. ૬. એક સરસ પલંગ બિછાવી દીધો. તેના ઉપર પરમ નિપુણ શ્રીહરિ બેઠા અને બોલ્યા કે, 'હવે ભાલના કીચડનો બધો ડર વીતી ગયો છે. ૭. અહીંયા આવીને આપણે નિર્ભય થયા અને આજ ઘણા સુખિયા થયા છીએ. રસોઈ જમીને અહીંથી ચાલશું. સારંગપુરમાં જઈને ઉતારા કરશું.' ૮. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિએ અને બધા કાઠી દરબારોએ જમી લીધું. સાથેના જે પાર્ષદો હતા, તે પણ જમીને તૈયાર થઈ ગયા. ૯.

શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા તે **પરબડી** થઈને **ભીમનાથ** આવ્યા. ભીમનાથમાં ગાદીપતિ ગોસાઈ ગુમાનગીરી હતા. ૧૦. શ્રીહરિને આવ્યા જોઈને તેઓ સામે ચાલ્યા. બે હાથ જોડીને શ્રીહરિનાં ચરણમાં નમ્યા. તેઓ શ્રીહરિને ગુરુ દત્તાત્રેય કહેતા હતા. ૧૧. **તેઓ કહેતા કે, 'તમારી મૂર્તિ અમને એવી જણાય છે કે, તમે તો શિવને સ્થાને રહ્યા છો. શિવજીમાં જેટલી યોગકળા રહી છે તે તમામ તમારા ધ્યાને કરીને છે. આપ જ્યારે અહીંયા**

આવીને અમને દર્શન દો છો ત્યારે અમારા જીવમાં અમને એવું દેખાય છે. ૧૨-૧૩. અમારાં જીવમાં જે દેખાય છે તે વાત અમે કોઈને કહેતા નથી અને જ્યારે અમે મનમાં ચાહીએ ત્યારે આપ અમને દર્શન આપો છો. ૧૪. આ આપનું પોતાનું ઘર છે તેમ માનીને આપ અહીં આવતા રહેજો. અમે દારૂ અને માંસને હરામ કર્યા છે. તેને ક્યારેય ખાતા પીતા નથી. ૧૫. અમે ધન રાખીએ છીએ, પણ અમારી જગ્યામાં સ્ત્રીને રાખતા નથી. અને જે સ્ત્રીને રાખે છે તેને પણ જગ્યામાં રાખતા નથી. ૧૬.

સીથા ગામમાં જે ગોસાઈ રહે છે તેનો મઠ મોટો ગણાય છે. તેઓ ગાદીપતિ હોવા છતાં નારીનો પ્રસંગ રાખે છે. ૧૭. એ ધનના મદથી છકી ગયા છે અને કોઈનો ડર રાખતા નથી. ગામમાં ચાર-પાંચ ઘર જ તેમને માનતા રહ્યા છે છતાં તે ગાદીપતિ નિંદિત કામ-વર્તન કરી રહ્યા છે. ૧૮. તેના ગુરુ જ્યારે ખરાબ ચાલે ચાલતા થયા ત્યારે શિવજી તેને ખમી શક્યા નહિ. પછી કોઈ ક્ષત્રિય દરબારમાં પ્રવેશ કરીને તેના ટૂકડે ટૂકડા કરી નાખ્યા હતા. ૧૯. શિવજી કોઈનો ડર રાખતા નથી. તેઓ તો ધર્મનું સ્થાપન કરે છે. અને જ્યારે તે સીથાના ગાદીપતિના શિષ્ય ગુરુના ખરાબ માર્ગે ચાલવા ગયા તો તરત જ તે ગાદીથી પડી ગયા અને બેહાલ થઈ ગયા. શિવજીને ધર્મ રુચે છે, પણ ધનના મદે કરીને તે દેખ્યામાં આવતું નથી. ૨૦-૨૧.

શિવજીના સ્થાન ઉપર બેસીને જ્યારે કોઈ ગાદીપતિ બૂરા કામ કરે છે ત્યારે શિવજી તેનો તરત જ નાશ કરી નાખે છે. પછી તેનો જગતમાં ક્યાંય પ્રભાવ રહેતો નથી. ૨૨. જે અધર્મ કરે છે તેનો તત્કાળ જ નાશ થઈ જાય છે. ધર્મના સમાન અધર્મમાં ક્યારેય દૈવત રહેતું નથી. ૨૩. **જ્યાં ધર્મ રહે છે ત્યાં જેટલી કહેવાય છે તે સર્વે રિદ્ધિ સિદ્ધિ રહે છે,** પણ સાધારણ માણસને કાંઈ દેખાતું નથી એટલે તે ધર્મવાળાનો દ્રોહ કરે છે. ૨૪.

❋ સ્ત્રી-ધનાદિક વિષયની ભયંકરતા :

હે શ્રીહરિ, આપને ધન્ય છે ધન્ય છે કે આપ મનુષ્યરૂપે થયા છો. આ ઘોર કળિયુગમાં પણ આપ મહાન ધર્મનું સ્થાપન કરી રહ્યા છો. ૨૫.

લોકો બધી જાતનાં કામ કરે છે, પણ કોઈ ધર્મનું સ્થાપન કરતા નથી. અમને દેખાય છે કે બ્રહ્મા સુધીના દેવોને પણ અધર્મ ઉપર રુચિ રહે છે. ૨૬. પોતાના આત્માને કેન્દ્રમાં રાખીને કઠોરમાં કઠોર તપ અપાર દેવ-મનુષ્યો કરે છે અને પોતાનાં શરીર સુખનો ત્યાગ કરે છે. ૨૭.

પરંતુ તેમાં મોટા ભાગના વિષયસુખ વધારે મળે એટલા માટે વધારે તપ કરે છે, પણ મનમાંથી વિષયનો ત્યાગ કરતા નથી. આપ જ એક સાચા અર્થમાં નિષ્કામભાવે તપ કરાવો છો. ૨૮. હૃદયમાંથી વિષયનો ત્યાગ કરવો તે ઘણું કઠિન છે. એવા તો હાલ તમે જ એક છો, માટે આપને અમે ઘણા સમર્થ અને પરમ વિવેકી દેખ્યા છે. ૨૯. હૃદયમાંથી વિષયસુખનો ત્યાગ તો તમારા જેવા ભાગ્યશાળી સિવાય કોઈ રાખતા નથી. અમે તો હૃદયમાં જેટલા વિષય છે તે સર્વનું ચિંતવન કરીને તેનો રસ લઈએ છીએ. ૩૦. હું તો આપ અંતર્યામીની આગળ દંભ રાખતો નથી. અને જો દંભ રાખું તો મારો ઉદ્ધાર થાય તેમ નથી. આવો સમય ફરીને ક્યારેય મળશે નહિ. આપની કૃપાથી મારું બધું દુઃખ ટળી જશે. ૩૧.

પ્રભુ, અમે તો દુઃખમાં પણ સુખ માનીએ છીએ અને વિષય વિનાનું બધું લૂખું લાગે છે. તો મને દુઃખમાં દુઃખ મનાય અને દુઃખમાં ક્યારેય સુખ મનાય નહિ એવી કૃપા કરો. હે બહુનામી સ્વામી ! આપ મને એવી યોગકળા બતાવો. કારણ કે આપને માટે તે કોઈ કઠિન બાબત નથી. અને અમારે માટે તો તે વજ્ર કરતાં પણ કઠિન દેખાય છે.' ૩૨-૩૩.

✵ સંતસમાગમ સાચી બ્રહ્મવિદ્યા છે :

चोपाई :

श्रीहरि तब बोलत रहेऊ, बडी तुमहि एह बात पूछेऊ;
समागम बिन तरत ततकाला, समझ में न आत मोहजाला...३४

समागम से समझ में आते, ब्रह्मविद्या यह बात कहाते;
समागम में खप जेसा जाही, तेसे समझ में आवत ताही...३५

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'તમે તો આ ઘણી મોટી વાત પૂછી. સંતસમાગમ સિવાય તરત જ આ વાત સમજમાં આવે તેવી નથી. એવી તે

મોહજાળ છે. ૩૪. સંતસમાગમથી તે સમજાય છે. એ વાત તો બ્રહ્મવિદ્યા કહેવાય છે. સંતસમાગમમાં જેને જેટલો ખપ રહે છે તેટલું તેને સમજવામાં આવે છે. ૩૫. કોઈ ઘણો રૂપાળો હોય અને પછી કોઈ ભયંકર રોગને લીધે તે જ્યારે નકારો થઈ જાય છે ત્યારે તેમાં જેટલો પ્રેમ હોય છે તેટલી જ અરુચિ થઈ જાય છે. ૩૬. ચાહે તેટલી સરસ રસોઈ જમ્યા હોઈએ અને પછી જ્યારે તેની ઊલટી થઈ જાય ત્યારે તેમાં તેવો રસ રહેતો નથી. તેમ વિષયનો રસ ઉલટીના અન્ન જેવો લાગે એવો વિચાર કરવો જોઈએ. ૩૭. **જે જે વિષય હોય છે તેની બાબતમાં ઉલટીના અન્ન જેવો વિચાર કરીને જ્યારે તેમાં દુઃખ દેખે છે ત્યારે તેમાં રાગ થતો નથી.** ૩૮.

सोरठा : वस्तु विचार हि वीन, विषय में रहत राग तेहि;
विचार से होत खीन, चाय तेसे विषय रहेउ...३९
जो जो विषय तामें, दोष देखने सिखे जब;
प्रीत न रहे तब यामें, ब्रह्मविद्या एसे सिखे जोउ...४०

વસ્તુના વિચાર કર્યા સિવાય વિષયમાં માણસને રાગ રહે છે અને જો યથાર્થ રીતે વિચાર કરવામાં આવે તો ચાહે તેવો વિષય હોય તો તેની વાસના ક્ષીણ થઈ જાય છે. ૩૯. જે જે વિષયમાં રાગ હોય તેમાં જ્યારે દોષ જોવાનું શીખે ત્યારે તેમાં રાગ રહેતો નથી. આવી બ્રહ્મવિદ્યા સંતસમાગમ કરીને શીખવી જોઈએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "ભાલમાં ચાલતા શ્રીહરિ ભીમનાથ આવ્યા અને ત્યાં મહંતને બ્રહ્મવિદ્યા કહી" એ નામે સત્તાણુંમો તરંગ સમાપ્ત ।।૯૭।।



પૂર સત્તરમું : તરંગ - ૯૮

શ્રીહરિ દોઢ મહિને ગઢપુર પાછા આવ્યા અને અંગ્રેજોની નીતિની પ્રશંસા કરી

અનંત ભુવનના પતિ ભગવાન શ્રીહરિ ભીમનાથ શિવજીના મહંત ગોસાઈ ગુમાનગરજીને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ૧. ત્યાંથી **પોલારપુર** આવ્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને તત્કાળ **ચાણકી** ઉપર થઈને પછી **ખાંભડા** ગામ આવ્યા. અને ત્યાંથી **સારંગપુર** આવ્યા. ત્યાં શ્રીહરિ જીવા ખાચરના ભવનમાં ઊતર્યા. ૨-૩. જે સંઘ પાછળ રહી ગયો હતો તે સારંગપુરમાં ભેળો થયો. પછી તેને સાથે લઈને શ્રીહરિ **પીપળીયા** ગામ આવ્યા. ૪. ત્યાંના ભક્તોને દર્શન દઈને ચાલ્યા તે ગઢપુર જ્યારે અડધો કોશ દૂર રહ્યું ત્યારે ગઢપુરના ભાવિક ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૫.

ઉગામેડીને માર્ગે ચાલ્યા તે દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે દોઢ મહિને શ્રીહરિ **ગઢપુરમાં** પાછા આવ્યા. ગઢપુરના ભક્તોને શ્રીહરિના ઉપર ખૂબ જ હેત હતું. ૬. સામા આવેલા ભક્તો કોઈ કોઈની વાટ જોવા રહ્યા નહિ અને બધા હરખથી ચાલ્યા. દરબાર દાદા ખાચરે તો શ્રીહરિની સન્મુખ જવા બધી સવારી તૈયાર કરી. ૭. તેઓ શ્રીહરિની સામે આવ્યા. શ્રીહરિને મળ્યા ત્યારે તેમનાં ચરણોમાં પડ્યા અને શ્રીહરિના વિયોગને લીધે તેઓ ગદ્ગદ કંઠ થઈ ગયા. ૮. શ્રીહરિએ દાદા ખાચરને બોલાવીને ધીરજ આપી અને અમૃત સમાન વચનથી તેમના બધા સંતાપને ટાળી દીધા.

શ્રીહરિએ તેમને કહ્યું, 'અમે જ્યાં સુધી છીએ ત્યાં સુધી તમારે દિલગીર થાવું નહિ. ૯. અમારા યોગને લીધે તમારા ભાગ્ય પ્રબળ થયા છે. મોટા મોટા રાજાઓ, સરદારો અને રાજાના મોટા દીવાનો, એ બધા તમને ઓળખતા થયા છે. તલભાર પણ તમારે ચિંતા રાખવી નહિ.' શ્રીહરિ આવું કહેતા હતા, તે વખતે જીવા ખાચર પોતાની અનુપમ સવારી લઈને ત્યાં આવ્યા. ૧૦-૧૧. જીવા ખાચરનું જે કુટુંબ હતું, તે બધા તેમના કહ્યામાં હતા. અને ગઢડાના બધા બોરિચા આહિર પણ શ્રીહરિ ઉપર પ્રેમ રાખતા

હતા. ૧૨. સહુ ઘોડા ઉપર ચઢીને આવ્યા હતા, તે પાસે આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા અને ત્યાં તળાવડીને પાસે જ્યાં ખેતર હતું ત્યાં શ્રીહરિ થોડીવાર બેઠા. ૧૩. ગઢપુર ગામથી લઈને જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં સુધી આવનારા ભક્તોની લગાતાર પંક્તિ થઈ હતી. કેટલાક મહાજન વણીક પણ આવ્યા હતા. ૧૪. ગઢપુરમાં ભાવનગરના જેઠા મહેતા નામે જે કારભારી રહેતા હતા, તે પણ શ્રીહરિની સન્મુખ લોકલાજે આવ્યા હતા અને ત્યારે પગે લાગ્યા હતા. કારણ કે તેઓ સમર્પણી વૈષ્ણવ હતા. ૧૫-૧૬. તેઓ વિવેકને જાણતા હતા, એટલે તેમણે શ્રીહરિના ચરણમાં એક રૂપિયો મૂક્યો. અને જીવા ખાચર તો તેના પહેલા આવ્યા હતા. તેણે પાંચ રૂપિયા મૂક્યા હતા. ૧૭. બધા મહાજનોએ તો નામ લઈને પાંચ પાંચ રૂપિયા શ્રીહરિની આગળ ભેટ ધર્યા અને પછી દરબાર જીવા ખાચર બે હાથ જોડીને બોલ્યા કે, 'મહારાજ ! હવે આપ પુરમાં ચાલો. ૧૮.

પછી તરત જ શ્રીહરિ અશ્વ ઉપર ઘણા હર્ષથી બેઠા અને જ્યારે શ્રીહરિ ચાલતા થયા ત્યારે જેટલી બંદૂકો હતી તે બધી ફૂટી. ૧૯. લગાતાર જ્યારે બધી બંદૂકો ફૂટી ત્યારે આકાશગંગામાં ગંભીર શબ્દ થવા લાગ્યા ત્યારે શ્રીહરિના મસ્તક ઉપર છત્ર શોભી રહ્યું હતું. ૨૦. સવારીના બધા ઘોડાની ઘુમર ઘણી સારી હતી અને સહુની આગળ સુખકારી શ્રીહરિ રહ્યા હતા. જ્યારે ગઢપુર ગામને નજીક આવ્યા ત્યારે અનેક વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૨૧. ઢોલ, તાંસા અને શરણાઈ, તેના ધ્વનિથી આખું ગઢપુર ગામ છાઈ રહ્યું હતું. જ્યારે શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા ત્યારે બધા લોકો 'જય જય... જય જય...' કરવા લાગ્યા. ૨૨. ગામમાં જેટલા નર-નારી ભક્તો હતા, તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુએ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કર્યાં અને દરેકના દિલમાં ઘણો ઊંચો પ્રેમ છવાયેલો હતો. ૨૩.

શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. તે વખતે ભવનની ઓસરીમાં એક પલંગ બિછાવી દીધો હતો. ૨૪. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. અને સર્વે ભક્તોની સભા ભરાઈ ગઈ. સુખદાતા શ્રીહરિએ સહુ ભક્તજનોને સુખશાંતિ અને કુશળતાના વારંવાર સમાચાર પૂછ્યા. ૨૫.

શ્રીહરિ જ્યાં જ્યાં ફર્યા અને અમદાવાદમાં અંગ્રેજ અધિકારીએ જે રીતે સન્માન કર્યું, તે બધું દરબાર જીવા ખાચરે હાથ જોડીને પૂછ્યું. ત્યારે શ્રીહરિએ જેમ થયું હતું તેમ સ્પષ્ટ રીતે કહ્યું. ૨૬-૨૭.

❋ અંગ્રેજોની નીતિની પ્રશંસા :

પછી શ્રીહરિ કહે, 'તે અંગ્રેજ અધિકારી સાહેબે અમારા ઉપર વારંવાર ઘણું જ હેત કર્યું હતું. ૨૮. અંગ્રેજ અધિકારી સાહેબને નીતિ ઉપર ઘણું તાન રહે છે. તેમને અનીતિ ગમતી નથી. અનીતિ ઉપર તો તેઓ ખેદ કરે છે. ૨૯. **તેમનામાં લાંચની તો રીત જ રહી નથી અને જે લાંચ લે છે તેનું તો મોત આવે છે. મૃત્યુદંડ સિવાય બીજો કોઈ ઉપાય હોતો નથી. એ રીતનો તેમનો ધર્મ રહ્યો છે.** ૩૦. વિલાયત સિવાયના જેટલા લોકો છે તેની વિદ્યાને અંગ્રેજો ભણતા અને જેવી વિદ્યાને તેઓ ભણતા તેવી તેની અક્કલ-હોશિયારી થાતી. ૩૧. પછી તેઓ જેને જે અધિકાર આપતા તેમાં વારંવાર તપાસ કરતા હતા. કારણ કે, કોઈ લાંચ લીધા સિવાય ક્યારેય રહેતા નહિ. બધાને લાંચ લેવાના અનેક દ્વારો હોય છે. ૩૨.

જ્યાં સુધી લાંચ લીધાનું જાહેર ન થાય ત્યાં સુધી સાહેબ કાંઈ બોલતા નહિ, પણ લીધેલી લાંચ એકવાર પણ જાહેર થઈ જાય ત્યારે લાંચ લેનારો ગમે તેટલા ઉપાય કરે, તોપણ સાહેબ તેની તલભાર પણ શરમ રાખતા નહિ. અને તે લાંચ લેનારો ગમે તેટલો હોશિયાર હોય તોપણ તેને સાહેબ પોતાના રાજ્યની ફરજ ઉપરથી બરતરફ કરી દેતા હતા. ૩૩-૩૪. તેઓ કોઈનો અંધવિશ્વાસ કરતા નહિ અને આવું અદલ રાજ્ય કરે છે. જ્યાં સુધી આવી અદલ નીતિ દેખાશે અને જ્યાં સુધી કોઈની માયામાં ફસાશે નહિ ત્યાં સુધી અત્યારના જેવું જ અંગ્રેજનું રાજ્ય વધારે ને વધારે વધતું જાશે. તેમની જે અદલ નીતિ કહેવાય છે તે અંતર્યામી પરમેશ્વરને ઘણી રુચે છે. ૩૫-૩૬.

दोहा : अंतर में रहे ओर हि, उपर से रहे ओर;
माया कहत हे तिनकू, शुभ मति देवत तोर...३७
शुभ मति रहे जितनी जोउ, ईश्वर ताके निवास;
अशुभ मति रहे तितनी तिहाँ, अधर्म ताके हि वास...३८

દિલમાં જૂદું હોય અને ઉપર કાંઈ જૂદું હોય, તેને માયા કહેવાય છે અને તે માયા શુભ મતિનો નાશ કરે છે. ૩૭. જેટલી શુભ મતિ હોય છે તેટલો તેમાં ઈશ્વરનો નિવાસ થાય છે અને જેટલી અશુભ મતિ રહે છે તેટલો તેમાં અધર્મનો નિવાસ થાય છે. ૩૮.

सोरठा : अधर्म के जितनो वास, श्री के तितनो नाश होत;
शुभ मति रहत न तास, द्रव्य हरन मति होत जब...३९
द्रव्य हरन मति जेति, श्री तितनी होत नाश यह;
इमि कहत भये नेति, ऋषि बडे सब कहत तिमी...४०

જેટલો અધર્મનો વાસ થાય છે તેટલો લક્ષ્મીનો નાશ થાય છે. કેમ જે, જ્યારે અધર્મનો વાસ થાય છે ત્યારે શુભ મતિ રહેતી નથી. અને જ્યારે શુભ મતિ રહેતી નથી ત્યારે પારકું ધન લેવાની બુદ્ધિ થાય છે. ૩૯. માટે જેટલી પારકું ધન હરવાની મતિ થાય છે તેટલો તેના ધન-આબરુનો નાશ થાય છે; આમ નીતિ કહે છે અને બધા મોટા મોટા ઋષિઓ પણ એમ જ કહે છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિ દોઢ મહિને ગઢપુર પાછા આવ્યા અને અંગ્રેજોની નીતિની પ્રશંસા કરી" એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર સત્તરમું : તરંગ - ૯૯

શ્રીહરિએ સત્સંગના હિતની વાત વિચારી અને હિંસાનો પ્રશ્ન પુછાવ્યો

જીવા ખાચરે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, 'લોભ વિનાનાને ધનનો ખજાનો લગારેય વધતો દેખાતો નથી. ૧. ચાહે તેટલું મોટું સરોવર હોય, પણ જો તે તૂટી ગયેલું હોય તો તેમાં ગમે તેટલો વરસાદ વરસે, છતાં પાણી ટકતું નથી.' ૨. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'ચાહે તેટલું મોટું સરોવર અકબંધ હોય પણ જ્યારે અપાર વરસાદ વરસે છે ત્યારે તે સર્વે જળ તેમાં

સમાઈને રોકાઈ શકતું નથી. ૩. જ્યારે ચોમાસું આવે છે ત્યારે જેટલું પાણી વરસ્યું હોય, તે બધા પાણીને અધીર-વેગવંતી થયેલી નદીઓ ખેંચી જાય છે. ૪. બધી નદીઓ અખંડ રીતે પાણી ખેંચી ખેંચીને સમુદ્રમાં ઠાલવે છે, છતાં પણ તે પાણીથી સમુદ્ર ક્યારેય વધતો ઘટતો નથી. ૫.

❋ શ્રીહરિની યોગકળા સાગરની સમાન છે :

चोपाई :

जोगकला भगवान हि ताकी, सिंधु जो रहाये यह वाकी;
शीत उष्ण वर्षात ही जेहू, हरि की योगकला रहे तेहू...०६
भोमि नीर हि अनल अरु वाता, आकाश इतने जो रहाता;
जोगकला भगवान हि तिनकी, रहे कले नहि आवत किनकी...०७

સમુદ્રની આવી જે સ્થિરતા કે ગંભીરતા છે તે ભગવાનની યોગકળા છે. ઠંડી, ગરમી અને વરસાદ તે ઋતુને અનુસારે થયા કરે છે, તે પણ ભગવાનની એક યોગકળા જ છે. ૬. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ પંચભૂતની આ જે સૃષ્ટિ છે તે ન કળી શકાય તેવી ભગવાનની યોગકળા છે. ૭. **શરીરમાં જેટલી વસ્તુ રહી છે, તે બધીમાં એક પણ વસ્તુ પવિત્ર દેખાતી નથી, છતાં તેમાંથી જે દૂધ પેદા થાય છે તે પવિત્ર ગણાય છે, તે પણ ભગવાનની યોગકળા છે. ૮. દૂધમાંથી દહીં અને માખણ થાય છે અને માખણમાંથી ઘી થતું દેખાય છે. ભગવાનમાં તો એવી અપાર યોગકળા રહી છે. તેનો ગણે પારે આવે તેમ નથી. ૯. એ ભગવાન જ્યારે મનુષ્યદેહ ધરે છે ત્યારે પણ ઉપર કહી એવી બધી યોગકળાઓ રહી હોય છે. માણસને જ્યારે તેનું પૂરું જ્ઞાન થાય ત્યારે તેમના ભગવાનપણાના નિશ્ચયમાં કોઈ જાતનો સંશય રહે નહિ. ૧૦.**

तब भगवान कहे जिस रीता, मति तामें न होवे विपरीता;
एसी समझ दृढ आये विनही, संशय होवे छिन्न छिन्न ही...११

અને નિશ્ચય થયા પછી જેમ ભગવાન કહે તેમ કરે તો તેમાં ક્યારેય વિપરીત બુદ્ધિ થાય નહિ. પરંતુ આવી સમજણ આવ્યા સિવાય ક્ષણે ક્ષણે સંશય થયા કરે છે. ૧૧. અને અંતરમાં સંશય હોય તે સમયે ગુણ અને

દોષબુદ્ધિનું બળ સતત ભેળું રહ્યા કરે છે, જૂદું પડતું નથી. માટે કેવળ ગુણો જ રહે અને દોષો બધા દૂર થઈ જાય; એવો પૂરો સત્સંગ કરવો. ૧૨. **પૂરો સત્સંગ કર્યા સિવાય જે દોષ રહી જાય છે, તે સૂર્ય અને ચંદ્રને જેમ રાહુ પીડે છે તેમ તે ભક્તને દોષ રાત-દિવસ પીડતા રહે છે.'** ૧૩. શ્રીહરિએ જીવા ખાચરને કહ્યું કે, 'અમે સત્સંગમાં જ્યાં જ્યાં ફર્યા ત્યાં બધે આવી વાત કરી છે. તે બધી તમારી આગળ કરી.' ૧૪.

તે સમયે જીવા ખાચરે શ્રીહરિને કહ્યું, 'મહારાજ, આપમાં તો એટલા બધા ગુણ ભર્યા છે કે તેનો કોઈ પાર આવતો નથી. ૧૫. આપના સદ્‌ગુણોનું તો નિગમ અને આગમ ગાન કર્યા કરે છે, છતાં પાર પામતા નથી. તેની આગળ અમે શા લેખામાં ? ૧૬. આપ જેને મળો છો તેમાં બધા ગુણ આવે છે. આપે અમારી લાજ રાખી છે. હવે પછી ચાહે તેમ કરો. અમે આપને ક્યારેય છોડશું નહિ. ૧૭. કોઈ પાર ન પામે તેવી તો આપની માયા છે. ભવ, બ્રહ્મા, ઈન્દ્ર અને ચંદ્ર જેવા સમર્થ હોવા છતાં પણ આપની માયાના પારને પામ્યા નથી. ૧૮. તો અમારા જેવા અલ્પ જીવ તો એ માયાના પારને ક્યાંથી પામે ? જ્યાં સુધી અમારો દેહ રહે ત્યાં સુધી આપનો કાયમ યોગ રહે; ૧૯. એવું હું હાથ જોડીને આપની પાસે માગું છું. તો હે પ્રભુ ! આપ પ્રસન્ન થઈને એ વર મને આપો. આપનાથી જ અમારા બધા કાર્યો સુધરી શકે છે. માટે મહારાજ, હું આટલું જ માગું છું. ૨૦.

(તે સમયે અષાઢી વર્ષ ચાલતા. તે મુજબ સં. ૧૮૭૫ નું વર્ષ ચાલું થયું. નિમી એકાદશી નજીક આવી તેથી જીવા ખાચર આગળ વિનંતી કરતા કહે છે, હે મહારાજ !) હવે દર વર્ષે ચાતુર્માસ આવે તે આપે ગઢપુરમાં કરવા અને આપની રુચિમાં જે હોય તે ગ્રંથની અહીંયા કથા વંચાવવી. ૨૧. સંતો, વર્ણી અને હરિભક્તોના તો આપ જીવનપ્રાણ છો. આપ કોઈ એવો ગ્રંથ કરાવો કે તે ગ્રંથને આધારે પછીથી સહુને ધીરજ રહે. ૨૨. **આપ જેટલી વાત કહો છો તે બધી વાતો આપના સમાન સુખકારી છે. આપની જ્યાં સુધી ઈચ્છા હશે ત્યાં સુધી આ ભૂમિ ઉપર આપ વિચરતા રહેશો.** ૨૩. જ્યારે ઈચ્છા પૂરી થઈ જશે ત્યારે એક પળવાર પણ આપ રહેશો

નહિ. અત્યારે અમારા ઉપર જેટલું હેત રાખો છો, તે બધા હેતનો પણ તે સમયે ત્યાગ કરી દેશો. ૨૪.

જ્યાં સુધી અમારા ઉપર આપની દયા રહી છે ત્યાં સુધી અમારા આનંદનો કોઈ પાર નથી. ૨૫. પણ જ્યારે તમે અદયા કરીને અમારી વચ્ચેથી ચાલ્યા જશો ત્યારે આપે અમારા ઉપર આ દયા કરી છે તેનું કંઈ ચાલશે નહિ. તે દયા તો તરત પલાયન કરી જશે. ૨૬. જ્યાં સુધી આપની દયાનું અમારા ઉપર ચલણ છે ત્યાં સુધી આપને જે શુભ કામ કરવાના હોય તે વહેલાસર કરો. હવે એમાં વિલંબ ન કરતા. ૨૭. હે સુખધામ પ્રભુ, આપે જે કોઈ પણ શુભ કાર્યો વિચારી રાખ્યા હોય તે પણ હરિભક્તોના હિત માટે છે. આપને તેમાં કોઈ સ્વાર્થ નથી.' ૨૮.

❋ શ્રીહરિએ ભવિષ્યવાણી કહી :

પછી શ્રીહરિએ કહ્યું, 'હવે પછીના આવનારા બાર વર્ષમાં અમારે શુભ કામ કરી લેવા છે. જેને લીધે હરિભક્તોને અમારો વિયોગ થવાથી કોઈ પણ જાતનો શોક કે દુઃખ ન થાય. ૨૯. બધા સંત-હરિભક્તોનો પ્રાણ અમારી સાથે બંધાયેલો છે. તેને અમારાં સ્વરૂપ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. તેઓ બધાના સુખમય પ્રાણ જે રીતે રહે તેવો હું વિચાર કરું છું. ૩૦. બાર વર્ષની અંદરના ગાળામાં અમારો વિયોગ થાય એવા વિઘ્નો ત્રણવાર આવીને તૈયાર ઊભા રહેશે. તે અમારી નજરમાં દેખાય છે. ૩૧.

(શ્રીહરિએ આ ભવિષ્યવાણી કહી તે મૂજબ (૧) ગઢપુરમાં મહારાજે ટૂંટિયાનો રોગ ગ્રહણ કર્યો. પછી ભક્તજનોના સુખાર્થે સં.૧૮૭૭, વૈશાખ સુદ બારસે દેહ રાખ્યો. (૨) અમદાવાદ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યાંથી ચાલ્યા તે સં.૧૮૭૮ માં ફાગણ સુદ આઠમે ગણેશ ધોળકે મંદવાડ ગ્રહણ કર્યો હતો. તેમાં પણ દેહ રાખ્યો. (૩) પંચાળામાં ભક્તોને પરણવાનું કહ્યું પછી અદીબાને દેખીને ઉલ્ટી થવા લાગી. અન્ન-જળ પેટમાં રહે નહિ. ત્યારે પણ મુક્તાનંદસ્વામીની પ્રાર્થનાથી સં.૧૮૭૯, ચૈત્ર સુદ નવમીએ તે મંદવાડમાંથી દેહ રાખ્યો અને સાજા થયા.)

અમે અમારા મનમાં કાંઈ બોલ્યા સિવાય ગુપચુપ વાતને છુપાવી રાખીએ છીએ અને સત્સંગનું હિત ચિંતવતા રહીએ છીએ. તમે આ બધી વાત જાણી લીધી છે. ખરેખર તમે ઘણા બુદ્ધિશાળી છો. ૩૨. અમે કોઈની આગળ વાત કહી નથી. તમે કઈ રીતે આ વાત જાણી લીધી ? તમારા અંતરમાં ભગવાને પ્રવેશીને થોડી વાત બતાવી દીધી છે. ૩૩. અમે જે કહ્યું તે વાતમાં લેશ પણ અટકળ નથી. અમે તમારી આગળ આ પ્રશ્નને ચોક્કસ મનમાં મૂકવાનો વિચાર કરતા હતા.' ૩૪.

શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા પછી પોતાનાં અક્ષરભવને ગયા. ત્યાં થાળ જમીને પોઢી ગયા. પછી થોડીવારે તરત જ ઊઠ્યા. ૩૫. પછી શ્રીહરિએ ઘણા આનંદોલ્લાસથી પ્રાગજી દવેની પાસે ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. ભાગવતની કથામાં શ્રીહરિના મનમાં ઘણો આદર હતો. ૩૬. જેને હિંસામાં રુચિ હોય છે તેવા લોકોએ વેદ અને પુરાણોમાં મુખ્યપણે કરીને પશુની હિંસાનું (ક્ષેપક અથવા ટીકા-ટીપ્પણીથી) સ્થાપન કર્યું છે. ૩૭. મોટા મોટા જેટલા ઋષિઓ છે, તેમણે શ્રુતિમાં કહેલાં જે વચનો છે તેને બીજા કોઈ યથાર્થરૂપમાં જાણતા નથી. ૩૮. **સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોને સમાધિ કરાવી અને તે તે ગ્રંથોના લેખક જે જે ઋષિઓ જ્યાં જ્યાં રહેતા હતા ત્યાં તેમને મોકલ્યા અને સત્ય હકીકત પ્રત્યક્ષ પુછાવી.** ૩૯. **શ્રુતિઓમાં તમારાં નામ લઈ લઈને હિંસા લખી છે, તેવું ઠેકઠેકાણે દેખાય છે. તો આ વાતમાં સત્ય હકીકત શું છે ?** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગના હિતની વાત વિચારી અને હિંસાનો પ્રશ્ન પુછાવ્યો" એ નામે નવ્વાણુંમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર સત્તરમું : તરંગ - ૧૦૦

વૈદિક હિંસાના નિષેધમાં સમાધિ દ્વારા ઋષિઓનાં વચનોનું પ્રમાણ

શ્રીહરિના વચનથી હરિભક્તો સમાધિ કરીને તે તે ઋષિઓ જ્યાં હતા ત્યાં હરખભર્યા હૈયે ગયા. ૧. હિંસાનું વિધાન કરનારી શ્રુતિમાં જે ઋષિના નામ હતા તેને જઈને પૂછ્યું અને કહ્યું કે, 'આમાં યથાર્થ વાત શું છે ? તે અમને કહો. ૨. અત્યારે કળિયુગમાં ધર્મકુમાર શ્રીહરિ ધર્મનું સ્થાપન કરવાને માટે વિપ્રને ઘેર પ્રગટ થયા છે. ૩. તેઓ બ્રહ્મચર્યાશ્રમમાં રહ્યા છે અને આપને પૂછાવે છે કે વેદમાં આપના નામે હિંસા લખી છે તે કઈ રીતની કહી છે ? ૪. સમાજમાં વેદ ઉપર લોકોને અપાર વિશ્વાસ રહ્યો છે અને વેદમાં યજ્ઞ બાબતનો અપાર વિધિ કહ્યો છે. ૫. તે એક પણ હિંસા વગરનો નથી અને મંત્રના અનેક પ્રકારો કહ્યા છે. જીવતા પશુઓને મારવાનું ઘણું નીચ કર્મ તે મંત્ર બતાવે છે. ૬. વેદો હિંસા પર કેમ થઈ ગયા ? હિંસાનું પ્રતિપાદન વેદ કરે તે વાત અમારા હૃદયમાં બેસતી નથી. વેદ હિંસાને ક્યારેય કહે નહિ. કારણ કે વેદો સહુનું હિત ચાહે છે.' ૭.

ત્યારે તે ઋષિઓ બોલ્યા કે, 'અમે જેટલા ઋષિઓ છીએ તે બધા હિંસા બાબતમાં કાંઈ સમજતા જ નથી. અમારું નામ લઈ લઈને હિંસાપરક શ્રુતિઓ આસુરીવૃત્તિના લોકોએ કરી દીધી છે. ૮. જે વિપ્ર મોટા કવિરાજ કહેવાતા હતા અને તે બધા હિંસામાં જ્યારે લીન થઈ ગયા ત્યારે લોભે કરીને વેદમાં હિંસા લખી દીધી છે. ૯. હિંસાનું નિષેધ કરનારી જેટલી શ્રુતિઓ હતી તેને હિંસાપરક કરી દીધી છે. આવું કરીને શુદ્ધ વેદને હિંસાપ્રધાન કરી દીધા છે. ૧૦. **જે સનાતન વેદો છે તે તો હિંસાનો નિષેધ કરી રહ્યા છે. અને જેટલા હિંસા કરે છે તેને તો તે વેદો મ્લેચ્છ શબ્દથી કહે છે.** ૧૧. જે જે યજ્ઞો કહ્યા છે તે બધાના આરાધ્ય દેવ ભગવાન કહેવાય છે. અને ભગવાનને જ જો હિંસા રુચતી હોય તો પછી હિંસા કરાવનારા ભગવાનને કોણ ભજે ? ૧૨.

શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાન ક્યારેય હિંસા કરે નહિ, છતાં તેમણે ઘણી હિંસા કરી, એવું લખી દીધું છે. ૧૩. વાલ્મીકિ રામાયણ બધી

અમૃતના સમાન છે, પણ તેમાં હિંસક બ્રાહ્મણોએ તેઓ હિંસા કરતા એમ તેમના નામે ઝેરના જેવી હિંસા ભેળવી દીધી છે. ૧૪. શ્રીકૃષ્ણ ભગવાનનાં જે બધાં ચરિત્રો છે તે અમૃતના સમાન છે. તેનું જે શ્રવણ કરે છે તે શુદ્ધ થઈ જાય છે. ૧૫. પણ જેને હિંસા, વ્યભિચાર અને મદ્યપાન રુચતા હોય છે તેમણે તે બધી વસ્તુરૂપી ઝેર તે ચરિત્રોમાં ભેળવી દીધા છે. ૧૬. ભગવાનના જે બધાં ચરિત્ર છે તે બધાં અમૃતના જેવાં સરસ છે, પણ તેમાં તેવી રુચિવાળા વિપ્રોએ હિંસારૂપ ઝેર ભેળવી દીધું છે. ૧૭. જે જે અધર્મ કહેવાય છે તેનો વેદો નિષેધ કરે છે. ભગવાન અને વેદ એકસરખા રહ્યા છે. તેમાં એક રતીભાર પણ ભિન્નતા રહી નથી. ૧૮.

જેના જે રીતના ધર્મ હોય તેને વેદોએ તે પ્રમાણે કહ્યા છે, પણ મદ્ય, માંસ, ચોરી અને વ્યભિચારને વેદોએ નકારી કાઢ્યા છે. ૧૯. મનુષ્ય જાતિ થઈને તે ઉપર કહેલાં પાપને કોઈ કરે તો તેને માટે પ્રાયશ્ચિત કહ્યું છે. તેમજ ઈન્દ્ર, ચંદ્ર, ભવ અને બ્રહ્મા જેવા ચાહે તેવા મોટા દેવો હોય અને તે ઉપર કહેલા પાપને કરે તો તેને માટે પણ પ્રાયશ્ચિત કરવાનું કહ્યું છે. ૨૦.

❋ પ્રગટ ભગવાન પણ વેદ ધર્મને પાળે છે :

ભગવાન જ્યારે કૃપા કરીને મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે વેદમાં જેવા મનુષ્યના ધર્મ કહ્યા હોય છે તે પ્રમાણે પોતે વર્તે છે. ૨૧. ભગવાન તો વેદના પણ વેદ કહેવાય છે, છતાં પણ વેદની રીતિ પ્રમાણે જ ચાલે છે. અને જ્યારે જ્યારે ભગવાન દેવતારૂપે પ્રગટ થાય છે ત્યારે પણ વેદમાં દેવતાઓના જે ધર્મ કહ્યા હોય છે તે રીતે ભગવાન પોતે ચાલે છે, પણ બીજી કોઈ રીતે ક્યારેય ચાલતા નથી. ૨૨-૨૩.

બધા જ ગ્રંથોમાં ભગવાનને વેદમૂર્તિ કહ્યા છે. તારાગણમાં સહુથી અધિક ધ્રુવ છે. તેનાથી અધિક કોઈ તારા ગણાતા નથી. તેમ ભગવાન સહુથી અધિક છે. ૨૪. અને જેટલા ગ્રંથો છે તેમાં વેદો સહુથી વધારે મહત્ત્વપૂર્ણ છે. અને વેદ કરતાં પણ અધિક તો ભગવાન છે, તેમ બધા ઋષિઓ કહે છે. ૨૫. દેવતાઓ અને ઋષિઓમાં સહુથી અધિક બ્રહ્મા રહ્યા છે. અને બ્રહ્માથી અધિક વૈરાજનારાયણ રહ્યા છે. ૨૬. વૈરાજ અને વેદ, આ બંનેની

મહત્તા એકસરખી છે. માટે વેદમાં કોઈ જાતની હિંસા કહી નથી તેમ અમે કહીએ છીએ. ૨૭. હિરણ્યકશિપુ અને રાવણ મોટા દૈત્ય થયા હતા. તેમણે બધા વેદની શ્રુતિઓને હિંસાપરક કરી દીધી હતી. ૨૮. ભગવાને નૃસિંહરૂપ લીધું અને ક્રોધ કરીને હિરણ્યકશિપુને વેદનો દ્રોહી જાણીને મારી નાખ્યો, પણ તેણે વેદમાં હિંસા લખી હતી તે રહી ગઈ છે. ૨૯.

ભગવાને જ્યારે રામચંદ્ર અવતાર ધારણ કર્યો ત્યારે રાવણને વેદનો દ્રોહી જોઈને ઘણો ક્રોધ કર્યો. પછી તેમણે સમુદ્રના ઉપર સેતુ બાંધ્યો. ૩૦. પછી રાવણની લંકાપુરીમાં જઈને તરત તેને મારી નાખ્યો. વળી, કુંભકરણને માર્યો અને વિભીષણને રાજ્ય આપ્યું. ૩૧. પણ રાવણે વેદનો દ્રોહ કર્યો અને હિંસામય યજ્ઞ કરી દીધા. અને વેદમાં જે શ્રાદ્ધ કહ્યાં છે તેને પણ તેણે હિંસામય કરી દીધાં. તે હજી રહ્યા છે. ૩૨. વળી, વેદમાં જેટલા જેટલા પર્વો કહ્યાં છે તેને પણ રાવણે હિંસામય કરી દીધાં. તેમજ પ્રાચીન બર્હિષ નામે રાજા હતા તેમણે પણ યજ્ઞોને હિંસામય કરી દીધાં હતાં. ૩૩. પછી એક દિવસ નારદમુનિ તે રાજાની પાસે આવ્યા. નારદને મોટા મુનીશ્વર જાણીને ઘણા હેતથી રાજાએ તેનું સન્માન કર્યું. ૩૪. પછી નારદજીએ રાજાને કહ્યું કે, 'તમે ઘણા યજ્ઞ કર્યા છે અને તેમાં તમે જે જે પશુઓને માર્યા છે તે બધા હાથમાં હથિયાર લઈને ઊભા છે. ૩૫. તે તમારી રાહ દેખી રહ્યા છે. તમે તેને દેખી શકતા નથી.' એમ કહીને નારદજીએ તેને દિવ્યદષ્ટિ આપીને પશુઓને બતાવ્યા. તે પછી પ્રાચીન બર્હિષ રાજાએ હિંસા કરવાનું છોડી દીધું. ૩૬.

બધા ઋષિઓમાં નારદજી મોટા દેવર્ષિ કહેવાય છે. જે વાત વેદમાં કહી નથી તેવી હિંસાનો તેમણે પણ નિષેધ કર્યો છે. ૩૭. સૂર્યના પુત્ર યમરાજ છે. તેનું ધર્મરાજ એવું બીજું નામ છે. તે પાપીઓને માટે જે જમપુરી કરી છે તે સ્થાન ઘણું ભયંકર છે. ૩૮. માણસે જેવાં પાપ કર્યાં હોય અને તેનું પ્રાયશ્ચિત જો ન કર્યું હોય તો તેને ભયંકર દુઃખ દેવાને માટે નરકના અનંત કુંડો કર્યા છે. ૩૯. ત્યાં વિચિત્ર પ્રકારના ચૌદ કરોડ જમ કર્યા છે અને

જમપુરીમાં જાતા વચ્ચે સોળ જેટલાં દુઃખદ નગરો રચ્યાં છે. ૪૦.' (તેમાં ધર્મના નામે હિંસા કરનારા લોકોને અપાર દુઃખ આપવામાં આવે છે. માટે વેદ હિંસાપ્રધાન ક્યાંથી હોય ?)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "વૈદિક હિંસાના નિષેધમાં સમાધિ દ્વારા ઋષિઓનાં વચનોનું પ્રમાણ કહ્યું" એ નામે સોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર સત્તરમું : તરંગ - ૧૦૧

અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરતા શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમી કરી

વળી, ઋષિઓએ ફરીને સમાધિવાળા હરિભક્તો આગળ વાત કરી કે, 'પૂર્વે ઇન્દ્રએ યજ્ઞનો આરંભ કર્યો હતો તે વાત હવે અમે કરીએ છીએ. ૧. જેટલા દેવતાઓ છે તે બધાનો ઇન્દ્ર રાજા કહેવાય છે. તે એક વખત મદોન્મત્ત થઈ ગયો હતો. ૨. પછી તેણે એકવાર યજ્ઞ કરવાનો આરંભ કર્યો. અને યજ્ઞમાં પશુઓનો વધ કરવા માટે અગણિત પશુ ભેળા કર્યા. ૩.

તે સમયે ત્યાં બધા ઋષિઓ આવ્યા અને ઉપરિચરવસુ પણ આવ્યા. તે રાજા ઇન્દ્રનો મિત્ર હતો. તેથી ઇન્દ્ર તેને પોતાના સમાન રાખતો. ૪. ઉપરિચરવસુ રાજાએ હિંસા વગરના અપાર યજ્ઞો કરેલા હતા. ઇન્દ્ર વસુરાજાને ઘણું માન આપતો. તેથી ઉપરિચરવસુ ઇન્દ્રના વિરુદ્ધ કાંઈ પણ બોલ્યો નહિ. ૫. ત્યારે સપ્તર્ષિઓએ ઇન્દ્રને કહ્યું, 'તમે ઇન્દ્ર ઘણા મોટા છો અને બધા દેવતાઓના અધિપતિ છો. માટે તમારે હિંસા કરવી તે યોગ્ય નથી. ૬. હે દેવેશ ! યજ્ઞમાં લેશમાત્ર પણ હિંસા કરવી તે યજ્ઞનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રનો મત નથી. તમારા પહેલા કેટલાએ ઇન્દ્ર થઈ ગયા. તેમણે કોઈએ ક્યારેય યજ્ઞમાં હિંસા કરી નથી. ૭. હિંસા દેવતાઓનો ધર્મ નથી. હિંસા તો અસુરોનો ધર્મ કહેવાય છે. દેવ થઈને અસુરના ધર્મનું આચરણ કરવું જોઈએ નહિ.' ૮.

ત્યારે ઈન્દ્રે કહ્યું કે, 'વેદમાં હિંસામય ધર્મ કહ્યો છે. તેથી તો હિંસામય યજ્ઞ કરતા રહ્યા છીએ.' ત્યારે ઋષિઓએ કહ્યું, 'દેવતાઓએ હિંસા ન કરવી એમ વેદમાં કહ્યું છે. અને મનુષ્ય જાતિએ પણ હિંસા ન કરવી તેમ કહ્યું છે.' ત્યારે ઈન્દ્રે હિંસામય યજ્ઞ કરવાનું વાક્ય વેદમાંથી બતાવ્યું. ૯-૧૦. ત્યારે ઋષિઓએ કહ્યું, 'તમે વેદના મર્મને પૂરી રીતે સમજતા નથી. વેદના વચનને ન માનનારા તો બ્રાહ્મણોમાં કેટલાક રાક્ષસ થઈ ચૂક્યા છે. ૧૧. તે રાક્ષસો કેટલાક મનુષ્યોનું ભક્ષણ કરતા દેખાયા છે. અને તેઓ બ્રહ્માનું ભક્ષણ કરવા પણ દોડ્યા હતા તો તે બીજા કોને છોડે ? ૧૨. કેટલાક તો જ્યારે ભૂખ લાગતી ત્યારે ઘોડાનું ભક્ષણ કરવા લાગ્યા હતા. અને તેમાં લેશમાત્ર પણ પાપ ગણતા નહિ. ૧૩. કેટલાક તો ગાય અને વાછરુંને ભાળ્યા મૂકતા નહિ. બકરા અને પાડાનો પણ કોઈ નિયમ હતો નહિ. તે બધાને જોરથી ભક્ષણ કરવા લાગ્યા. ૧૪. ઋષિઓને મારી મારીને તો તેનાં હાડકાંના પહાડ કરી દીધા હતા. મારેલા પશુઓનો પણ કોઈ પાર ન હતો. માછલાં અને પંખીઓને તો તેઓ ચવાણું કરી જતા. ૧૫.

વેદો તો પ્રથમથી શુદ્ધ રહ્યા હતા અને તેથી જ રાક્ષસોને નિયમમાં લાવવાને માટે તેઓ સમર્થ હતા એટલે તે રાક્ષસોના હિતને માટે પણ યજ્ઞ કહ્યા છે. ૧૬. પ્રથમ સતયુગ જે દિવસથી શરૂ થયો ત્યારથી બધા નિયમો બાંધ્યા હતા, ત્યારે બધા અસુરો નિયમમાં હતા. તે પછી જ્યારે સૃષ્ટિનો વિસ્તાર થયો, ૧૭. ત્યારે તેઓને એમ ને એમ નિયમમાં કરવાને માટે યજ્ઞમાં હિંસા કહેવાયેલી હશે, પણ યજ્ઞમાં હિંસા કરવી એવી કોઈ વેદની મરજી નથી. ૧૮. આ ઉપરિચરવસુ રાજા તમારા મિત્ર છે અને તેમણે પણ અપાર યજ્ઞો કર્યા છે તે બધા અહિંસામય જ કર્યા છે. અને તે બધા વેદના મતને જાણે છે. ૧૯. એટલે તે રાજા જેમ કહે તેમ તમે યજ્ઞ કરો. પછી ઈન્દ્રે ઉપરિચરવસુ રાજાને પૂછ્યું ત્યારે તેણે ઈન્દ્રને રાજી રાખવાને માટે કહ્યું કે, વેદ બંને બાબતને અર્થાત્ હિંસા અને અહિંસા બંનેને કહે છે. તમારી જેવી મરજી હોય તેમ કરો. ઈન્દ્રનો પક્ષ રાખવા માટે વસુરાજા ખોટું બોલ્યા તેથી તે તરત જ સ્વર્ગમાંથી નીચે પડ્યા. ૨૦-૨૧.

તે સમયે ઋષિઓ ભૂમિ ઉપર આવ્યા અને રાજાને કહ્યું, હવે જો વિચારીને તમે સાચું બોલો તો અમે સર્વે તમારી મદદ કરશું. ૨૨. છતાં પણ તે રાજાએ પહેલા જેમ કહ્યું હતું તેમનું તેમ જ કહ્યું. ઋષિઓની કાંઈ શરમ રાખી નહિ. તેનાથી તો તે ભૂમિ ઉપરથી તત્કાળ પતિત થઈને પાતાળમાં જઈ પહોંચ્યા. ૨૩. પછી ઈન્દ્રે તો ભયને લીધે બધા પશુઓને છોડી મૂક્યા અને પવિત્ર સમિધથી યજ્ઞ કર્યો. માટે વેદનો મત અહિંસામય જ રહ્યો છે.' ૨૪. **ઋષિઓએ સમાધિવાળા ભક્તોને ઉપર કહેલી બધી વાત કહી. પછી સમાધિમાંથી તે ભક્તો જ્યારે જાગ્યા ત્યારે તેમણે શ્રીહરિને વાત કહી. તે વાતને બધી સભાએ સ્પષ્ટરૂપમાં સાંભળી.** ૨૫.

❋ સત્સંગિજીવન ગ્રંથ આરંભ :

તે પછી શ્રીહરિએ શતાનંદસ્વામીને સત્સંગિજીવન ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી. ૨૬. શતાનંદસ્વામી ઘણા સમર્થ સંત હતા. તેઓ જે કાંઈ મનમાં ચિંતવતા તેને તેઓ પ્રત્યક્ષ પોતાની પાસે જ દેખતા એવા ત્રિકાલજ્ઞ હતા. ૨૭. તેઓએ શ્રીહરિનું ધ્યાન કરીને સત્સંગિજીવન ગ્રંથ રચવાનો આરંભ કર્યો. તેઓ અત્યંત બુદ્ધિમાન હતા, એટલે શ્રીહરિની રુચિ પ્રમાણે કરવા લાગ્યા. ૨૮. શતાનંદસ્વામી દિવસે જેટલો ગ્રંથ કરતા તેને શુકાનંદસ્વામી દિવસે સારી રીતે લખી રાખતા હતા. પછી રાત્રીએ નિત્યાનંદસ્વામી વાંચતા અને તે બધું શ્રીહરિ સાંભળતા હતા. ૨૯. જે ગ્રંથ લખાતો હતો તેને દિનાનાથભટ્ટ શોધતા હતા.

પછી જ્યારે શ્રાવણ માસ બેઠો ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી વગેરે શાસ્ત્રોનું અધ્યયન કરનારા બધા સંતોને બોટાદ મોકલ્યા. ૩૦-૩૧. ત્યાં હમીર ખાચરના દરબારમાં જઈને સંતો ઊતર્યા. તેમણે મનમાં ઘણા જ પ્રસન્ન રહીને સંતોને માટે એક જગ્યા તૈયાર કરી હતી. ૩૨. ત્યાં મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીએ પ્રથમથી જ નિત્યાનંદસ્વામીની પાસે ઘણા ઉલ્લાસથી શ્રીમદ્‌ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. ૩૩. નિત્યાનંદસ્વામી કાયમ સંધ્યા આરતી અને ધૂન કરીને આનંદપૂર્વક કથા વાંચતા હતા અને બધા હરિભક્તો રાજી થઈને રોજ કથા સાંભળવા આવતા હતા. ૩૪.

જ્યારે જન્માષ્ટમી આવી ત્યારે શ્રીહરિએ સંતોને ગઢપુર બોલાવ્યા. કરશનજી શ્રીમાળી તે ખબર લાવ્યા. ૩૫. પછી બધા સંતો ગઢપુર આવ્યા. શ્રીહરિનાં દર્શન કર્યાં. બીજા પણ સંતો કેટલાક આવ્યા હતા અને હરિભક્તો તો અપાર આવ્યા હતા. ૩૬. શ્રીહરિ દાદા ખાચરના ભવનમાં પલંગ ઉપર આવીને બિરાજમાન થયા ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૩૭. ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની સભા ભરાઈ. જ્યારે સંતો કીર્તન ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે ગાતા હતા. ૩૮. જેટલા હરિભક્તો આવ્યા હતા, તે સહુએ શ્રીહરિની પૂજા કરી. ઢોલ, મૃદંગ અને ઝાંઝ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. ૩૯. જ્યારે જન્માષ્ટમીનો ઉત્સવ થઈ રહ્યો ત્યારે જે જે દેશના હરિભક્તો આવ્યા હતા, તે સહુ પોતપોતાને ઘેર ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તદશ પૂરમાં "અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરતા શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમી કરી" એ નામે એકસો એકમો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે
સપ્તદશ પૂર સંપૂર્ણ ॥૧૭॥

સંવત્ ૧૯૨૧ ના આસો સુદિ ત્રીજ (તા.૨૬/૧૦/૧૮૬૪) ને સોમવારે વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવના ચરણકમળ સમીપમાં શ્રીહરિચરિત્રામૃતસાગરનું સત્તરમું પૂર સમાપ્ત થયું.



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૮

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર અઢારમું : તરંગ - ૧

મંગલાચરણ અને શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને વડોદરા જવા પત્ર લખ્યો

दोहा : श्रीहरि सहजानंद प्रभु, धर्म भक्ति के कुमार;
प्रगट भये जन तारने, वंदु करी मन प्यार...०१
तुमारे जो चरित्र के, कोउ न पावत पार;
जितनो सामृथ देत तुम, तितनो करत उचार...०२
तुमारे बल कर लिखत हे, तुमार मरजी जेति;
हममें नहीं हे बल कछु, विनति करत हे एति...०३

ધર્મ-ભક્તિના કુમાર સહજાનંદસ્વામી એવા ભગવાન શ્રીહરિ મહાપ્રભુ અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ થયા હતા. તેમને હું મનના ઘણા પ્રેમથી વંદન કરું છું. ૧. આપના ચરિત્રનો પાર કોઈ પામી શકતા નથી. આપ જેટલું સામર્થ્ય આપો છો તેટલું હું બોલું છું અર્થાત્ લખું છું. ૨. હું આપના બળથી જેટલી આપની મરજી હોય તેટલું લખું છું. મારામાં કાંઈ બળ નથી. એટલા માટે આપને હું વિનંતિ કરું છું. ૩.

❋ મરજીમાં રહે તે મહાન બને છે :

જ્યાં જ્યાં મનુષ્યનો જેટલો જય કે પરાજય થાય છે તે બધો આપની મરજી પ્રમાણે થતો રહે છે. ૪. જેટલી નીતિ કહેવાય છે, તેમાં આપની મરજી રહી છે અને જે અનીતિ કહેવાય છે, તેમાં આપનો કોપ રહ્યો છે. ૫. મને એવું દેખાય છે કે જે કોઈ આપની મરજી લોપીને જેટલું કામ કરે છે તેટલી તેની કીર્તિ ઘટી જાય છે. ૬.

सोरठा : मरजि रख जो तुमारि, जो करत हि जितना जेहि;
कीर्ति होत यह भारि, बढत बढत बढत हि रहत...०७
तुमारि मरजी देख, जितना जो करत हि रहत;
प्रसन्न होत अलेख, दयाल एसे रहे तुम...०८
तुमारि मरजि ताके, लोप करत जितनी जोऊ;
सुख हि रहत न वाके, जन्म मरत वेर हि वेर...०९

જે કોઈ આપની મરજીને ધ્યાનમાં રાખીને જે કાંઈ કામ કરે છે, તેની ભારે કીર્તિ થાય છે અને તે પ્રતિદિન વધતી જ રહે છે. ૭. આપની મરજીને જોઈને જેટલું કામ કરવામાં આવે છે તેના ઉપર આપ અત્યંત પ્રસન્ન થાઓ છો. આપ તેવા દયાળુ રહ્યા છો. ૮. આપની મરજીનો જે જેટલો લોપ કરે છે તેટલું તેને સુખ રહેતું નથી, પણ વારંવાર તે જન્મમરણને પામે છે. ૯. આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના અઢારમા પૂરનો હું આરંભ કરું છું.

હે શ્રીહરિ ! આપ તે કાર્યરૂપી સાગરને તરવા માટેની નાવરૂપ રહ્યા છો. ૧૦. સર્વે સંતો, વર્ણી અને હરિભક્તો, આપ તો ઘણા સમર્થ છો. હવે શ્રીહરિનાં જે ચરિત્ર લખવાના બાકી રહ્યા છે તે બધાને આપની સહાયતાથી લખી રહ્યો છું. મારામાં તે ચરિત્ર લખવાનું સામર્થ્ય નથી. આપ સહુ અપાર સમર્થ છો અને નિર્બળને બળ આપનારા છો. ૧૧-૧૨. મને નિર્બળ સમજીને બળ આપો. આપ સહુ મારી આટલી વિનંતિને સાંભળજો. આપ તો સહુ સિદ્ધોના પણ સિદ્ધ છો. કેમ જે, આપે હૃદયમાં શ્રીહરિ સિવાય કોઈ વસ્તુ રાખી નથી. ૧૩.

જેઓ મનથી શ્રીહરિની સમીપે રહે છે તે સંસારના બંધનથી દૂર રહે છે. અને કેટલાક લોકોને આપે સત્સંગ કરાવીને સંસારનાં બંધનથી છોડાવી દીધા છે. આપ એવા મહાન સમર્થ છો, પણ જેને ભગવાન સિવાય અન્ય વસ્તુ સારરૂપ દેખાય છે તેને આપ સંસારનું બંધન દેખાડી દો છો. ૧૪-૧૫. હરિભક્ત સિવાયના જે સિદ્ધ હોય છે તેમાં પણ આવી સમજણ આવતી નથી. સિદ્ધોને તો જ્યાં માન મળતું હોય છે અને જ્યાં વધારે ને વધારે સન્માન થતું હોય છે, તેમાં તેઓ સુખ માનીને બંધાઈ જાય છે. બીજા સિદ્ધોની તેવી સમજણ હોય છે. ભગવાનના ભક્તો જ સાચા સિદ્ધ છે. તેઓ ભગવાન સિવાયના બીજા સુખને કાચા માને છે અર્થાત્ સાચા માનતા નથી. ૧૬-૧૭.

ભગવાન સિવાય બીજા કોઈને અધિક ન દેખે; એમાં જ આત્યંતિક મોક્ષ રહ્યો છે. બીજી વાત ચાહે તેટલી સાંભળો, પણ દૃઢપણે સમજવાનું તો ઉપર કહ્યું તેટલું જ છે. ૧૮. ઉપર કહેલી વાતની સમજણ સિવાય બીજી અપાર સમજણ હોય તોપણ તે અણસમજણ જ છે; આવો મેં ચોક્કસ નિર્ધાર કર્યો છે. ૧૯. જે નક્કી-સિદ્ધાંત વાત હોય તે ક્યારેય ફરતી નથી. તે સિવાયની મનમાની વાત તો ફરી જાય છે. છતાં જે વાત ફરી જાય છે તેના ઉપર લોકો આગ્રહ કરતા રહે છે, પણ સિદ્ધાંત વાતનો આગ્રહ કરતા નથી. ૨૦. ભગવાન સિવાયની બીજી બાબતમાં પોતાની કીર્તિ મેળવવા માટે કરોડોની સંખ્યાનું ધન લોકો ખરચે છે. ૨૧. માણસ પોતાની કીર્તિને માટે કરોડો લોકોના માથા કપાવે છે અને તેને સાચી કીર્તિ માને છે. ૨૨.

જેટલા લોકો અનીતિના કામો કરીને મરે છે તેને પરલોકમાં તેટલું દુઃખ વેઠતા રહેવું પડે છે. સહન કરતા કરતા તેનો ક્યારેય પાર આવતો નથી. અને મુખથી 'હાય..હાય..'નો પોકાર કરતા રહે છે. ૨૩. જે ભગવાનનો કાયદો લોપે છે તે બધા ભગવાનના ચોર થાય છે. આ લોકમાં રાજાના કાયદાને જે લોપે છે તે તેટલું અહીં દુઃખ પામતા રહે છે, તે પ્રગટ દેખ્યામાં આવે છે. તે રીતે જ ભગવાનના ચોરોને પણ દુઃખ પ્રાપ્ત થાય

છે. તેને ક્યારેય સુખ જોવા મળતું નથી. ૨૪-૨૫. ભગવાનના કાયદામાં જે લોકો જેટલું ચાલે છે, તે બધાને બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ એવું સુખ તેટલું પ્રાપ્ત થાય છે. ૨૬. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી હવે દરબાર દાદા ખાચર પ્રતિ વાત કરવા લાગ્યા. ગાદીપતિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી તથા જેટલા ધર્મવંશી કહેવાય છે તેઓ સહુ સભામાં બેઠા હતા.

તેમજ સંતો, વર્ણી અને જે સંન્યાસીઓ હતા તે પણ બધા સભામાં બેઠા હતા. ૨૭-૨૮. શ્રીહરિના જેટલા પાર્ષદો હતા, તે પણ બધા આવીને બેઠા હતા. જેણે ભગવાનને માટે થઈને પત્નીનો પણ ત્યાગ કર્યો હતો એવા જે હરિભક્ત થયેલા કાઠી દરબારો હતા, ૨૯. તથા દેશદેશના જે બાઈ-ભાઈ હરિભક્ત કહેવાતા હતા, તે સહુ બેઠા હતા. તે સહુ મહાન રસરૂપ અનુપમ એવા અનેક પ્રકારનાં શ્રીહરિનાં જે ચરિત્ર હોય છે, તેને રાત-દિવસ સાંભળતા હતા. અને મુક્તાનંદસ્વામી વાત કહેતા હતા, તે વાતને હવે હું કહું છું. જે તેને સાંભળશે છે તે ભગવાનના ધામને પામશે. ૩૦-૩૧.

ગઢપુરમાં સં.૧૮૭૫ની જન્માષ્ટમીનો ઉત્સવ જ્યારે પૂરો થયો ત્યારે શ્રીહરિ સહુ સંતોને ભેટ્યા. પછી તેમને રજા આપી. ૩૨. મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી અને શાસ્ત્રનું અધ્યયન કરનારા જે સંતો હતા, તે સહુ બોટાદ આવ્યા અને પાંચ જ દિવસ રહ્યા. તે વખતે શ્રીહરિએ જે પત્ર લખ્યો તે વાત હવે કહું છું. ૩૩-૩૪.

(આ પત્રમાં શ્રીહરિ મુક્તાનંદસ્વામીને વડોદરામાં તત્કાળ જવાનું કહે છે. તેનું કારણ શું ? તો, ગોપાળાનંદસ્વામી ખુશાલ ભટ્ટ હતા ત્યારે શ્રીહરિએ સૌ પ્રથમ તેમને ભણવા નિમિત્તે વડોદરામાં મોકલ્યા હતા. ખુશાલ ભટ્ટના યોગથી વડોદરાના દિવાન બાબાજી આપાજીના ધર્મપત્ની તુલજાબાઈ અને નાથભક્ત વિશેષ સત્સંગના રંગે રંગાયા હતા. વળી, ખુશાલ ભટ્ટનો પ્રતાપ જોઈને સદાશીવભાઈ અને તેમનું કુટુંબ સત્સંગના રંગે રંગાયું હતું. ફરીવાર ગોપાળાનંદસ્વામી વડોદરા આવ્યા ત્યારે તેમના યોગથી રાજવૈદ્ય રામચંદ્રભાઈ, શોભારામ શાસ્ત્રી, નારુપંત નાના વગેરે અનેક સત્સંગીઓ થયા હતા.

સં. ૧૮૭૩ માં વડોદરા નરેશ આનંદરાવ સ્વર્ગવાસી થયા. તેમની ગાદીએ ૨૧ વર્ષના સયાજીરાવ ગાયકવાડ બીજા આવ્યા. તેઓ પણ ગોપાળાનંદસ્વામીના સામર્થ્યથી ખેંચાઈ સત્સંગમાં ગુણભાવવાળા થયા. તે સમયે વડોદરામાં દરેક ધર્મના લોકો રહેતા હતા. વડોદરા નરેશ સહુને આદરભાવ આપતા. તેથી સહુનું ગુજરાન ચાલતું. વડોદરામાં સત્સંગનો પ્રભાવ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેથી રાગ-દ્વેષથી પ્રેરાઈને વડોદરામાં વસતા વિવિધ ધર્મના મહંતો, મઠાધિપતિઓએ ત્યાંના દીવાનને વાત કરી. વડોદરાના દીવાન વિઠ્ઠલરાવજી સત્સંગના દ્વેષી હતા.

આ વિઠ્ઠલરાવજીના પિતા બાબાજીએ વંશપરંપરાગત પોતાને ત્યાં રાજ્યનું દીવાનપદું મળે એવો ઠેરાવ કરાવેલો હતો. પરંતુ તે સં. ૧૮૬૮માં મૃત્યુ પામ્યા. પછી અઢી વર્ષ જેટલું દીવાનપદ ગંગાધર શાસ્ત્રીએ કર્યું. ત્યારબાદ બાબાજીના દિકરા વિઠ્ઠલરાવને વડોદરા રાજ્યનું દીવાનપદ મળ્યું. લોકો એને પણ બાબા સાહેબના નામે ઓળખતા હતા. તેમના પિતાની જેમ જ સ્વામિનારાયણ ભગવાન સાથેનો તેજોદ્વેષ આ દીવાન વિઠ્ઠલરાવજી પણ રાખતા.

વડોદરાના અમુક મતપંથી વિદ્વાનો અને મહંતોએ દીવાનને સ્વામિનારાયણ સંપ્રદાય વિશે ખોટી વાતો કરી રાગ-દ્વેષ વધાર્યો. તે સમયે વડતાલ અને નડિયાદમાં શ્રીહરિ તથા પરમહંસોને ન જીતવાથી પોતાની જાતને અપમાનિત થયેલી માની વેદાંતાચાર્ય હરિહરાચાર્ય વડોદરા આવેલા. તે પણ સ્વામિનારાયણ સંપ્રદાય વિશે અતિશય હલ્કા શબ્દોમાં નિંદા-ટીકા કરતા હતા. આ બધા મળી સત્સંગીઓને ખૂબ દુઃખી કરતા. ભક્તોના આ દુઃખને સમાવવા અને સાચી વાત સમજાવી સત્સંગનો ઉત્કર્ષ કરવા શ્રીહરિ મુક્તાનંદસ્વામીને પત્ર લખે છે.)

તે પત્રમાં શ્રીહરિએ કહ્યું હતું કે, ‘આ પત્રને સાંભળીને મુક્તાનંદસ્વામી પોતાના સંતમંડળને લઈને તત્કાળ બોટાદથી વડોદરા જવા માટે ચાલતા થાય. કોઈ વસ્તુને લેવા માટે પણ વિલંબ ન કરે. ૩૫. બ્રહ્માનંદસ્વામી,

નિત્યાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી, સહુ જેતલપુર જઈને રહે અને ત્યાં સિદ્ધાંતના ગ્રંથોને ભણે. ૩૬. હવે પછી અમે દિવાળીનો ઉત્સવ જ્યાં જઈને કરશું ત્યાં સંભારીને તમને બોલાવશું. તમને ક્યારેય ભૂલશું નહિ. ૩૭. એવું અમે સાંભળ્યું છે કે, વેદાંતાચાર્ય વડોદરામાં છે. તેઓ મુક્તાનંદસ્વામીને આવતા સાંભળીને ડરના માર્યા વડોદરાથી નીકળી જશે. ૩૮. તે ચોક્કસ અમદાવાદ જશે. તમને આવ્યા સાંભળીને તેના દિલમાં લેશમાત્ર પણ સુખ રહેશે નહિ. તે ભણ્યા છે, છતાં તેને કાંઈ વિવેક નથી. ૩૯.

તે પ્રશ્નોત્તરની રીતને સમજતા નથી અને રીતને સમજ્યા વિના જ મુખથી બોલી નાખે છે. સભામાં કેવું વચન પ્રમાણરૂપ થાય તેને તે જાણતા નથી. ૪૦. તે ઘણું ભણેલા છે, છતાં તેમને તે લગાર પણ ઉપયોગી થતું નથી. જેમ કોઈ મોટો વૈદ્ય થાય પણ એક રોગની પરીક્ષા કરવાનું ન શીખે તો તે લગાર પણ ઉપયોગી થતું નથી. ૪૧. વૈદ્યને ઔષધ તૈયાર કરવામાં ઘણી ચતુરતા હોય પરંતુ રોગ સાધ્ય છે કે અસાધ્ય છે; એવું નાડીનું જ્ઞાન લેશમાત્ર પણ ન શીખ્યા હોય તો તેનું ભણતર નકામું છે. ૪૨.

તે રીતે જ જ્ઞાનની રીત શીખ્યા વિના તે જ્ઞાનનો કાંઈ પ્રકાશ થતો નથી. તેની પાસે તો જ્ઞાનની પોથી રહે. તે પોથીથી કાંઈ સમાસ થાતો નથી. ૪૩. જેને નીતિનું લેશમાત્ર પણ જ્ઞાન ન હોય તે રાજા થાય તોપણ શું થયું ! જે નીતિમાન રાજા હોય છે તે આખો દેશ કબજે કરે છે.' ૪૪. શ્રીહરિનો પત્ર આવ્યો તેને સાંભળીને સહુએ તત્કાળ માથે ચઢાવ્યો અને મુક્તાનંદસ્વામી ચાલતા થયા. ૪૫. વડોદરાની પાસે કલાલી ગામ છે ત્યાં સ્વામી આવીને રહ્યા. વડોદરાના ભક્તો તે સમાચાર સાંભળીને ઘણું ખુશી થયા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મંગલાચરણ અને મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ વડોદરા જવા પત્ર લખ્યો" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર અઢારમું : તરંગ - ૨

મુક્તમુનિનું વડોદરામાં આગમન તથા સાચા અને મિથ્યા સંતોનાં લક્ષણ

બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી વગેરે સંતો જેતલપુર આવ્યા અને મહોલની જગ્યામાં રહીને સિદ્ધાંતના ગ્રંથોને ભણતા હતા. ૧. હવે મુક્તાનંદસ્વામીની વાત કહું છું. તેઓ કલાલીમાં પાંચ દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે વડોદરા શહેરમાં આવ્યા. હરિભક્તો રથ લાવ્યા હતા. તેમાં મુક્તાનંદસ્વામી એકલા જ બેઠા હતા. ૨-૩. વડોદરાના બધા હરિભક્તોના દિલમાં સ્વામીના આવવાથી અત્યંત આનંદ વર્તતો હતો. ૪.

હરિભક્તો ઝાંઝ અને મૃદંગ બજાવીને ઉત્સવ કરતા આગળના ભાગમાં ચાલતા હતા. અને મુક્તાનંદસ્વામીની સાથે રહેલા બધા સંતો રથની ચારે તરફ ચાલતા હતા. ૫. આખા વડોદરા શહેરમાં સહુને ખબર પડી ગઈ. સ્વામી જ્યારે રાજબજારે ચાલ્યા ત્યારે બધા નગરજનો દર્શન કરવા આવ્યા હતા. ૬. બધા હરિભક્તો એટલા બધા હાર લાવ્યા હતા કે મુક્તાનંદસ્વામીને સહુ લગાતાર પ્રેમથી પહેરાવતા હતા. ૭. સ્વામીની સાથે જે સંતો હતા તે બધાને પણ હાર પહેરાવ્યા હતા. વડોદરાના નાથભક્તે સંતોને માટે એક જગ્યા રાખી હતી. ૮. તે પરાની જગ્યા શહેર જેવી હતી. તે વડોદરા શહેરથી બહાર દક્ષિણ તરફના ભાગમાં હતી, ત્યાં આવીને સંતો ઊતર્યા. તે બાજુ હરિભક્તો ઘણા રહેતા હતા. ૯.

સંતોના વ્રતમાનના જે નિયમો રહ્યા છે, તેને શહેરમાં સહુ જાણતા હતા. જે હરિભક્તો હતા તે બધા ઘણા જ ઉત્સાહથી સંતોની સેવા કરતા હતા. ૧૦. સંતોને રસોઈ આપવાને માટે એકબીજાની આગળ થઈને નવી ને નવી રસોઈ કરાવતા હતા અને નિત્ય મેવા પણ લાવતા હતા. ૧૧. વડોદરા શહેરની આસપાસના ગામમાં જે સંતો રહ્યા હતા, તે બધા મુક્તાનંદસ્વામીનાં દર્શન કરવાને માટે મનના ઘણા પ્રેમથી આવતા હતા. ૧૨. રોજ વડોદરામાં કથા, વાર્તા અને કીર્તન થતા હતા. તેને બધા હરિભક્તો સાંભળતા હતા.

ભગવાન સિવાય સભામાં બીજી કોઈ વાત થાતી નહિ, તે રીતે સંતો રહેતા હતા. ૧૩. શહેરમાં જેટલા મુમુક્ષુ મનુષ્યો હતા, તેઓ બીજા સંતોની પાસે જતા હતા, પણ તે સંતોને બરાબર ઓળખતા નહિ. ૧૪.

❋ સાચા સંતોની રીત :

ત્યારે જે હરિભક્તો હોય તે મુમુક્ષુ લોકોને વાત કહેતા કે, 'તમે સંતોને બરાબર ઓળખતા નથી. અમે સાચા સંતોને બરાબર ઓળખ્યા છે. ૧૫. તો અમે આપને સાચા સંતોના લક્ષણો કહીએ છીએ. જે આઠ પ્રકારે દૃઢતાથી સ્ત્રીનો ત્યાગ રાખે, તે જ રીતે આઠ પ્રકારે ધનનો પણ ત્યાગ રાખે, ૧૬. જેટલા વ્યસનો કહેવાય છે અને જેટલા કેફી પદાર્થો કહેવાય છે, તે બધાને સંતો દૂરથી ત્યાગી દે છે. અને ગાળ્યા વગરનું દૂધ તથા પાણીને પીતા નથી. ૧૭. જે મુખથી ભગવાનનું નામ લેવાતું હોય તે મુખથી નઠારા અપશબ્દો બોલતા નથી અને નકામી ગ્રામ્યવાર્તાને ક્યારેય સાંભળતા નથી અને કરતા નથી. વળી, ભગવાનની વાર્તા સિવાય મુખથી બીજું કાંઈ બોલતા નથી. ૧૮. તે સંતો ભાંડ ભવાઈ થતી હોય તેને દેખતા નથી. કુમાર્ગની નિંદા કરે છે અને દારૂ, માંસ, ચોરી તથા વ્યભિચારમાં અપાર પાપ બતાવે છે. ૧૯. અનીતિનો ત્યાગ કરાવે છે અને નીતિમાં પ્રેમ કરાવે છે. ચિત્રામણની કે કાષ્ઠની નારીને નિરખીને આંખથી દેખતા નથી. ૨૦.

વળી, નારીનું ચિત્ર કરતા નથી. તેનો સ્પર્શ પણ ત્યજી દે છે. મૈથુનાસક્ત પશુ અને પંખીઓને પણ ક્યારેય પોતાની આંખે દેખતા નથી. ૨૧. મુખથી નારીની ક્યારેય વાત કરતા નથી અને નારીનું મનમાં ચિંતવન પણ છોડી દે છે. સ્વપ્નમાં પણ નારીનો સંગ થયો હોય તો એક ઉપવાસ નિશ્ચિત કરે છે. ૨૨. વસ્ત્ર પહેર્યા વિનાની નારી દેખાઈ જાય તો તેઓ એક દિવસ ઉપવાસ કરે છે. સ્ત્રીએ પહેરેલા વસ્ત્રનો ભૂલથી સ્પર્શ થઈ જાય તોપણ એક ઉપવાસ કરે છે ત્યારે તેનો દોષ ટળે છે. સંતો સ્ત્રીના સંબંધને લીધે આવા કેટલાક ઉપવાસોને કરતા હોય છે. ૨૩-૨૪. જે સાચા સંતો છે તે ઉપર કહ્યા સિવાયના પણ બીજા ઉપવાસો કરીને દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણને નિયમ વિના વર્તાવતા નથી. ૨૫.

दोहा : नियम बिन हि बात कोउ, साचे संत रहे जेह;
डंभ कपट छल कुटीलता, शत्रु हि मानत तेह...२६
सरल हि चित वरतत रहत, कुसंग देत देखाय;
सत्संग देत देखाइके, मोक्ष जामें रहाय...२७

જે સાચા સંતો છે તેમની નિયમ વિનાની કોઈ પણ વાત હોતી નથી. અને તેઓ દંભ, કપટ, છળ અને કુટીલતાને શત્રુ માને છે. ૨૬. સંતો સરળ ચિત્તથી વર્તે છે. જેમાં મોક્ષ રહ્યો છે તેવા સત્સંગને બતાવીને કુસંગને દેખાડી દે છે. ૨૭. જે કુસંગ કરે છે તે જમપુરીમાં જાય છે અને ત્યાં તેને જમ મારે છે, તેનું દુઃખ કહ્યું જાતું નથી. ૨૮. જે લોકો નિયમ તોડીને ચાલે છે તેને જમ જાણતા હોય છે. જેટલા નિયમને જેવી રીતે લોપે છે તેટલું તેને તેવી રીતે જમપુરીમાં દુઃખ દે છે. ૨૯. જ્યાં સાચો સત્સંગ હોય ત્યાં આવી વાતો નિરંતર થતી હોય છે. આ સાચા સંતોની રીત છે. તેને મોક્ષભાગી જીવો પ્રેમથી ગ્રહણ કરે છે.' ૩૦.

હરિભક્તોની આવી વાતો સાંભળીને મોક્ષભાગી જીવો સંતો પાસે આવતા રહેતા. તેમને સાચા સંતો જ્યારે ઓળખાયા ત્યારે મિથ્યા સંતો જાણવામાં આવ્યા. ૩૧. મિથ્યા સંતો તો અપરંપાર હતા. તેઓ છાવણીમાં દસ હજાર જેટલા ભેળા થયા હતા. અને રોજ ત્યાં દસ મણ જેટલો ગાંજો હોકામાં ભરીને પી જતા હતા. ૩૨. વળી, દસ મણ જેટલી લીલાગર ભાંગને રસ કરીને રોજ પીતા હતા. ગાળ સિવાય મુખથી કોઈની સાથે વાત કરતા નહિ અને શરીર ઉપર ભભૂતી લગાડી રાખતા. ૩૩. શાહુકારોમાં પણ જે મોટા શાહુકારો હતા તે પ્રેમથી રોજ સીધું આપતા હતા. અને તેમને પુણ્યકારી સત્પાત્ર માનીને પોતાનું હિત જાણીને તેમની સેવા કરતા હતા. ૩૪. જ્યારે ચાતુર્માસ આવતો હતો ત્યારે છાવણી ભરાતી હતી. અને જ્યારે છાવણી પૂરી થાય ત્યારે સહુને એક એક વસ્ત્ર આપતા હતા. ૩૫.

જ્યારે દશેરા થઈ રહે ત્યારે તે બધા ચાલતા થતા. કોઈ એક પણ હથિયાર વગરના રહેતા નહિ. અને તેમના રાત-દિવસ ક્રોધમાં જ વીતતા હતા. ૩૬. લોકોને ઠગવા માટે જ માળા, કંઠી અને તિલક ધારતા હતા.

સાધુના નિયમ જે હોય છે તેની તેમને ગમ હતી નહિ. ૩૭. તેઓ દારૂ અને માંસનો ત્યાગ રાખતા હતા પણ સાધુતાના નિયમને લોપીને વર્તતા હતા. ૩૮. જે સાચા સંત થયા હોય તેનાં ત્રીસ લક્ષણ શાસ્ત્રમાં કહ્યા છે. તેમાં બ્રહ્મચર્ય મુખ્યપણે રાખે અને બીજા બધા નિયમોમાં રહે. ૩૯. જ્યારે કોઈ મોક્ષભાગી મનુષ્ય તે મિથ્યા સંતોની આગળ સંતોનું લક્ષણ પૂછે તો સંતનો વેષ ધારી રહેલા તે દૈત્યો તરત જ ગાળો દેતા હતા. ૪૦. કંઠી અને તિલકને રાખે. બાલમુકુંદ તથા શાલગ્રામ વિષ્ણુને પૂજે, છતાં જે ધર્મના નિયમોનું પાલન ન કરે તે દૈત્ય કહેવાય છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “મુક્તમુનિનું વડોદરામાં આગમન તથા સાચા અને મિથ્યા સંતોનાં લક્ષણ કહ્યાં” એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર અઢારમું : તરંગ - ૩

મુક્તાનંદસ્વામીનું પૂર્વવૃત્તાંત

મુક્તાનંદસ્વામી વડોદરામાં આવીને રહ્યા તે વાતને યથાર્થ રૂપમાં કહું છું. ૧. મુક્તાનંદસ્વામીની પરમ પ્રેમભાવથી સેવા કરવા માટે ગઢપુરથી જ કેટલાક સંતો તેમની પાસે રહ્યા હતા. ૨. મુક્તાનંદસ્વામી નવા કીર્તનો પણ બનાવતા રહેતા. તેમાં સત્સંગની પ્રાપ્તિ અને ભગવાનનો મહિમા અધિક રહેતો હતો. ૩. સંતો અને હરિભક્તો સ્વામીનાં તે પદને જ્યારે સાંભળતા ત્યારે તે પદને લીધે તેમને શ્રીહરિમાં જે હેત હતું તેમાં વધારો થતો હતો. ૪. મુનિવર મુક્તાનંદસ્વામી સત્સંગમાં આવ્યા તે પહેલા પણ નવાં પદ કરવાની તેમનામાં બુદ્ધિ હતી. કારણ કે, તેમના મામા કવિ હતા. ૫. અમરેલીમાં મૂળદાસ નામે એક માર્ગી વૈરાગી રહેતા હતા અને તેઓ માર્ગીની રીતમાં રહેતા હતા. ૬.

(મુક્તાનંદસ્વામી તેઓના કેવી રીતે સંબંધી થાય ? વિરમગામ તાલુકાના **ઓગાન** ગામમાં **મોતીરામ** નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા.

તેમને **આનંદરામ** અને **સુરજરામ** ઉર્ફે **સેવકરામ** નામે બે પુત્રો હતા. મોતીરામ સ્વર્ગવાસી થયા પછી બન્ને ભાઈઓ જુદા રહેતા હતા. મોટાભાઈ આનંદરામ ભિક્ષાવૃત્તિ કરતા એકવાર અમરેલીમાં આવ્યા. ત્યાં સંત મૂળદાસના કહેવાથી તેમની જગ્યામાં રહેતી રાધા નામની કન્યા સાથે લગ્ન કર્યા.

આ રાધા કોણ હતી ? તેના વિશે થોડું જાણી લઈએ. તો, દિવ ગામમાં એક રતન નામની બ્રાહ્મણ કન્યા રહેતી હતી. કોઈ યતિના ઉપદેશથી તે નાની વયમાં સાધ્વી થઈ. ફરતી-ફરતી તે અમરેલીમાં આવી. ત્યાં એક શ્રીમંત કુટુંબના નબીરા યુવકના મોહમાં પડી. તેના પ્રેમમાં આવતા આ રતનબાઈના ઉદરમાં બાળક રહ્યું. તેથી તેની ફજેતી થઈ. પછી તેણે કુવે પડી જીવન ટૂંકાવી નાખવાનો નિર્ણય લીધો. તે જ્યારે કુવે પડવા ગઈ તે સમયે ત્યાં સંત મૂળદાસનો ભેટો થયો. પછી તેના પાપને પોતાના માથે લઈ સંત મૂળદાસે રતનબાઈને મરતા અટકાવી. પોતાના આશ્રમમાં લાવ્યા. આ રતનબાઈની કૂખે એક પુત્રીનો જન્મ થયો. તેનું નામ **રાધા** હતું. આ રાધા નામની દીકરીના લગ્ન મોતીરામના મોટા દીકરા આનંદરામ સાથે મૂળદાસે કર્યા. પછી તેઓ ત્યાં જ રહ્યા. થોડા દિવસો બાદ તેઓ અમરાપુર રહેવા ગયા. ત્યાં આનંદરામ તથા રાધાબાઈને ઘેર એક પુત્રનો જન્મ થયો. એ પુત્ર મોટા થઈ સંત થયા. જેને આપણે **'સત્સંગની મા મુક્તાનંદસ્વામી'** તરીકે ઓળખીએ છીએ.)

મુક્તાનંદસ્વામીને તે માર્ગીઓની રીત જોઈને તેમાં અરુચિ થઈ. તેમનો આત્મા મહામુક્ત હતો. તેથી ત્યાંથી છટકીને તીર્થ કરવા માટે ચાલી નીકળ્યા. ૭. તેમની વય અઢાર વરસની હતી. તેઓ એટલા રૂપાળા હતા કે તે કહી શકાતું નથી. જે કોઈ વૈરાગીઓ તેમને દેખતા તેઓ તેમના રૂપમાં મોહ પામતા હતા. ૮. કીર્તન ગાવામાં તેમનો કંઠ ઘણો મધુર હતો. તેને જે સાંભળતા તે તેમાં લોભાઈ જતા. અપાર લોકો વગર માગ્યે તત્કાળ જ તેમને માટે સીધું લાવી આપતા હતા. ૯. તેઓ ગીતાનો પાઠ કરવાનું શીખ્યા હતા. જ્યારે તેઓ પાઠ કરતા ત્યારે માનો તેમના મુખમાંથી મોતી ઝરતા હતા. જ્યાં તેઓ ઉતારો કરતા ત્યાં લોકો તેમનું ઘણું સન્માન કરતા હતા. ૧૦. ગૃહસ્થો અને બધા ભેખધારીઓ તેમનો પ્રેમથી આદર કરતા

હતા. તેઓ કાશી અને જગન્નાથપુરી ગયા હતા. અયોધ્યાપુરીમાં પણ ગયા હતા. તે વખતે વૃંદાવન, ગોકુળ તથા મથુરા ગયા અને ભગવાનને રાજી કરવા માટે દ્વારકાપુરી પણ ગયા. ૧૧-૧૨. સરધાર ગામમાં શ્યામદાસ નામે સાધુ રહેતા હતા. તેમને મોટા સંત જાણીને તેમની જગ્યામાં રહ્યા. ૧૩. મુક્તમુનિ મુકુંદદાસ એવે નામે ત્યાં રહ્યા ત્યારે ત્યાંના મહંતે તેમને સોના-રૂપાથી શણગારી દીધા. ૧૪. તે દિવસોમાં લોકોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટેલા અને ઉદ્ધવનો અવતાર ગણાતા સદ્.શ્રીરામાનંદસ્વામી સરધારમાં આવ્યા. ૧૫. મુકુંદદાસજી પણ સ્વામીનાં દર્શન કરવા માટે ઘણા હેતથી આવ્યા અને પ્રેમથી સ્વામીને પગે લાગ્યા. ૧૬.

મુકુંદદાસને સ્વામીના દર્શનથી દિલમાં ઘણું સુખ થયું અને તે વખતે જ સ્વામીમાં ચિત્ત ચોંટી ગયું. સ્વામીએ તેમને હેત આપીને બોલાવ્યા ત્યારે તે વખતનાં તેમનાં અમૃત સમાન વચન ચિત્તમાં ખૂંતી ગયાં. ૧૭. મુકુંદદાસજીએ રામાનંદસ્વામીને કહ્યું, ‘હું ઉત્સાહથી આપની સાથે આવીશ.’ ત્યારે સ્વામીએ કહ્યું, ‘અમે વૈરાગીનો વિશ્વાસ કરતા નથી. ૧૮. લાખ રૂપિયાની ગણાતી તમારી મોટી જગ્યા છોડવી ઘણી કઠણ છે. તમે સોના-રૂપામાં લપટાયેલા રહો છો. તેનો ત્યાગ કરવો તે ઘણું વિકટ છે. ૧૯. તમે તમારી જગ્યામાં રહીને અમારા ઉપર આદરભાવ રાખો. તે ભાવમાં જ બધી વાત રહી છે. જે દૂધ, દહીં અને સાકરને નિત્ય ખાતા હોય અને જેને ઘીનો તો કોઈ પાર ન હોય, ૨૦. અને હિંડોળા ખાટ ઉપર ઝૂલતા હોય; એવા સુખને છોડીને ગરીબ થઈને જે રહેવું તે વાત માન્યામાં આવતી નથી.’ ૨૧.

સ્વામી જેટલી વાત કરતા રહ્યા તેટલા મુકુંદદાસના બધા બંધન તૂટવા લાગ્યા. રામાનંદસ્વામી ઉપરથી વાત જુદી દેખાડતા હતા, પણ અંદરની વાત ચિત્તને ચોરી લેતી હતી. ૨૨. **સત્પુરુષ અને ભગવાનની વાત અલૌકિક હોય છે. તે વાત કરવા માત્રથી જ મોક્ષભાગી જીવના ચિત્તને ખેંચી લે છે.** ૨૩. સ્વામીએ કહ્યું, ‘સુખનો ત્યાગ કરીને તમારે દુ:ખમાં અનુરાગ કરવો નહિ. હજી તમારી બાળબુદ્ધિ છે. માટે હવે મારી સાથે આવવાની વાત કરશો નહિ. ૨૪. અમે આ વાત તમારા ગુરુને કહેશું. તમારા શિષ્ય મુકુંદદાસ

બાળક છે. તે અમારી સાથે આવવા ચાહે છે. ૨૫. અમે તો ગરીબ સંત છીએ. અમારે રહેવા માટે કોઈ મહેલાત નથી. બેસવાને માટે રથ, અશ્વ કે સુખપાલ નથી. ૨૬. વળી, જે મોટા મોટા રાજાઓ છે તે અમને ચાહતા નથી. કારણ કે, તે રાજાઓની આગળ અમે અનીતિનું રૂપ વાતે કરીને દેખાડી દઈએ છીએ. ૨૭. પણ જે લોકોને નીતિ ગમે છે તેઓ અમારી વાતને સાંભળે છે, પણ એવા થોડા લોકો હોય છે. અમને તો કોઈક કોઈક ગરીબ લોકો માને-પૂજે છે. ૨૮.

જેને ધનનો ગર્વ હોય તેઓ ચાહે તેમ વર્તન કરે છે અને જેને ઘેર કાંઈક મોટો અધિકાર હોય તેઓ મનમાં ફાવે તેમ વર્તતા રહે છે. ૨૯. ધન અને અધિકારમાં જેની મતિ ફરે નહિ એવા રાજાઓ અને ધનવાન લોકો દેવતાઓ કરતાં પણ અધિક છે કે જેઓ ન્યાયને માર્ગે ચાલતા રહે છે. ૩૦. જ્યારે તેવા ન્યાયનું રાજ્ય થશે ત્યારે તેઓ અમારો આદર કરશે. જે નીતિવાળા હોય છે તેઓને વગર આદરે આદર મળે છે.' ૩૧.

ત્યારે મુકુંદદાસે હાથ જોડીને કહ્યું, 'હવે આપના સિવાય બીજામાં મારી બુદ્ધિ ફરશે નહિ. આપ આવીને મારા ગુરુને ભલે કહો, પણ હવે આપ જ એક મારા ગુરુ રહ્યા છો.' ૩૨. પછી રામાનંદસ્વામીએ તેના ગુરુ પાસે જઈને કહ્યું, 'તમારા શિષ્ય મુકુંદદાસ અત્યારે અમારી પાછળ પડ્યા છે. ૩૩. તેઓ મને કહે છે કે, મને તમારી પાસે રાખો. તેઓ તમારાથી શા માટે ઉદાસ થઈ ગયા છે ? અમે તો અત્યંત ગરીબ સંત છીએ અને તમે તો અત્યંત ધનાઢ્ય સંત કહેવાઓ છો. ૩૪. આવાં સુખનો ત્યાગ કરીને તે કેમ ભાગ્યશાળી બનશે ? તમે એને ઉપદેશ કરી સમજાવો અને તેમની જે ઈચ્છા હોય તે આપો.' ૩૫.

મુકુંદદાસના ગુરુને રામાનંદસ્વામીનો ઘણો વિશ્વાસ આવ્યો. પછી તે ઉમંગથી સ્વામીના ચરણમાં પડ્યા. ૩૬. રામાનંદસ્વામી તો વાત કહીને ચાલતા થયા અને બંધિયા ગામમાં આવીને ત્યાં રહ્યા. ૩૭. આ બાજુ મુકુંદદાસજીએ તો બધાં ઘરેણાંઓને ઝેર જેવા ગણી ઉતારી નાખ્યા અને પોતાના ગુરુને આપી દીધા. ૩૮. ત્યારે તેના ગુરુએ મુકુંદદાસને કહ્યું,

'તમે શા માટે રીસાયા છો ? જેમ તમે કહો તેમ આજે હું કરું.' ૩૯. ત્યારે મુકુંદદાસજીએ કહ્યું, 'જો હું કહું તેમ તમે કરશો તો અહીં જગ્યામાં કાંઈ કોઈ બાબત રહેશે નહિ. અને તેમ કરવું તે ઘણું કઠિન છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મુક્તાનંદસ્વામીનું પૂર્વવૃત્તાંત કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર અઢારમું : તરંગ - ૪

સ્વામી પાસેથી જઈને મુકુંદદાસે ગુરુ તથા માતા-પિતા પાસેથી રજા મેળવી

હવે હું એ વાત કહું છું કે, જે મોક્ષભાગી જીવના મોક્ષમાં ઉપયોગી થાય. ૧. મોક્ષના ઉપયોગમાં આવે એમ જાણીને અમૃતથી પણ અધિક ઉપયોગી થાય તેવી વાત હવે હું કહું છું. ૨. મુકુંદદાસજીના ગુરુને તેમને રાખવાનું ઘણું તાન હતું એટલા માટે ઘણા હેતથી વાત કહેવા લાગ્યા, ૩. 'હું તમને આ જગ્યાના માલિક બનાવી દઉં. જો તમે આ જગ્યામાં રહો તો પછી તમારે બીજા કોઈની બીક રાખવાની નથી. ૪. જેના ભાગ્યમાં ન હોય એવા માણસને આ જગ્યાનો અધિકાર કરોડ ઉપાય કરે તોપણ મળે નહિ. આ તો ભાગ્યશાળીની વાત કહેવાય છે. ૫. આ બધા પ્રદેશમાં ગાયકવાડ સુધીના બધા રાજાઓના મોટા મોટા જગ્યાધારી મહંતો રહ્યા છે, ૬. તે બધા આ જગ્યાને પોતપોતાની જગ્યા કરતાં વારંવાર ઘણી ભારે માને છે. તેનું અપમાન કરીને તમારે જવું યોગ્ય નથી. ૭.

માન મળ્યા પછી અપમાનને તમારા સિવાય બીજો કોઈ ચાહતો નથી. રામાનંદસ્વામીમાં એવી કોઈ મોટાઈ રહી નથી. ૮. હા, તેઓ સંસારમાં જેટલી આસક્તિ હોય છે તેનો ત્યાગ કરાવી દે છે, પણ તે આસક્તિ ગયા પછી શું રહ્યું ? તમે બાળબુદ્ધિના છો એટલે સમજતા નથી.' ૯. ત્યારે મુકુંદદાસજીએ કહ્યું, 'તમે જેમાં રસ માનો છો તેને તો હું ઝેર જેવું દેખું છું. તમે સંતની તેવી રીત સાંભળી નથી. ૧૦.

તમે નામમાત્રના સંત દેખાઓ છો. તમારામાં સંતની રીત લેશમાત્ર પણ નથી. જેઓ નારી અને ધનનો સંબંધ ન રાખતા હોય તેવા સાચા સંતને મેં દેખ્યા છે. ૧૧. **જેમાં સંસારનો રસ બિલકુલ ન હોય તેવા સંતને હું નિત્ય ચાહું છું. આવી જ્યારે મને રુચિ થઈ છે એટલે હવે હું આપની જગ્યામાં રહીશ નહિ.** ૧૨. હું રામાનંદસ્વામીની પાસે જઈને રહીશ. તમે મને રાજીપે રજા આપો. મને આ સુખ ગમતું નથી. ૧૩. હું તો દુઃખને સુખ માનું છું. મને દુઃખ જ ગમે છે.'

પછી તો ગુરુએ ઘણા સમજાવ્યા, છતાં મુકુંદદાસ ઊઠીને ચાલતા થયા. (અને ગુરુને કહ્યું, બંધિયા ગાય આપી છે, તે વિયાણી છે કે કેમ ? તેની ખબર કાઢી આવું. અને જો વિયાણી હોય તો લેતો આવીશ; એમ કહી ચાલી નીકળ્યા.) ૧૪. તેઓ સ્વામીની પાસે બંધિયા ગામે આવ્યા, પણ સરધારની મોટી જગ્યા જાણીને તેમના સંતની ઉપાધિના ડરથી સ્વામીએ પોતાની પાસે રાખ્યા નહિ. ૧૫.

સ્વામીએ મુકુંદદાસને કહ્યું, 'તમે જઈને તમારા ગુરુને કહો કે, રામાનંદસ્વામી મને રાખતા નથી. તેઓ તો મને ઘણું વઢ્યા.' ૧૬. વળી કહ્યું, 'તમારા ગુરુ હવે તમને ક્યારેય રાખશે નહિ. એક વખત મોહ તૂટી ગયો તેથી ફરીવાર હેત થશે નહિ. તેણે તમને ઘણી રીતે જોઈ લીધા છે. હવે તમને દેખીને છાતી હરખશે નહિ. અત્યારે તમારો અડધો વિશ્વાસ થયો છે, તે હવે પૂરો થશે નહિ. હવે તમારા ગુરુ તમારો વિશ્વાસ નહિ કરે, પણ તત્કાળ તમને તજી દેશે. ૧૭-૧૮. પછી તમે તમારે ઘેર જાજો. એક વર્ષ સુધી ત્યાં રહેજો. તમારા માતા પિતાને હજી તમારો મોહ છે. પરણેલી સ્ત્રીને પણ તમે તજી દીધી છે. ૧૯. તે બધાને તમારો મોહ છે, એટલી વાત કાચી કહેવાય છે. ઘેર રહીને તે મોહને પૂરો કરો અને ગુરુના મોહની જેમ તેને દૂર કરો. ૨૦.

જેને મોક્ષનો ભારે ખપ હોય તેણે મોહને ટાળી દેવો જોઈએ. જેને જેટલો ખપ હોય છે તેટલી ભગવાન તેને મદદ કરે છે.' ૨૧. ત્યારે મુકુંદદાસ કહે, 'સ્વામી, આ બધું કરવું ઘણી કઠણ વાત છે. ઊલટી કરેલા અન્નને

ફરીને ખાવા જેવી આ વાત છે.' ૨૨ ત્યારે સ્વામીએ તેમને કહ્યું, 'આટલી વાત કાચી હોય ત્યાં સુધી ખરો વિશ્વાસ ન આવે.' ત્યારે મુકુંદદાસજીએ કહ્યું, 'બહુનામી સ્વામી, આપને રાજી કરવામાં કોઈ વાત કઠિન નહિ જણાય. ૨૩. આપનો વિશ્વાસ સંપાદન કરવા માટે કોઈ વાત કરવી કઠિન રહી નથી.' ત્યારે રામાનંદસ્વામી તેમના ઉપર રાજી થયા અને જમીને તેમને પોતાની પ્રસાદી આપી. ૨૪.

પછી મુકુંદદાસજી સ્વામીને રાજી કરવા માટે પોતાના ગુરુ શ્યામદાસની પાસે સરધાર આવ્યા. ગુરુને તેમનો વિશ્વાસ જતો રહ્યો હતો તેથી તરત જ તેણે રજા આપી દીધી. ૨૫. પછી મુકુંદદાસજી ગામના દરબારની પાસે ગયા અને ગુરુએ જે રજા આપી તે બધી વાત કહી. ૨૬. દરબાર ગુરુની પાસે ગયા અને તેમને કહ્યું, 'તમે મુકુંદદાસને રાખો. તમે તો ઘણા મોટા છો. આવા સેવક ફરીવાર ક્યારેય નહિ મળે.' ૨૭. ત્યારે તેના ગુરુએ કહ્યું, 'હવે મુકુંદદાસ અમારા રહ્યા નથી. અમારી રીત તેને અનીતિ લાગે છે. તેમની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે. બગડી ગયેલું દૂધ કામમાં ન લાગે.' ૨૮. ત્યારે દરબારે હાથ જોડીને ગુરુ આગળ કહ્યું, 'તમારી બુદ્ધિ થોડી છે. તમે સાધુ થયા છો છતાં તમારામાં સાધુતાના ગુણ આવ્યા નથી. ૨૯. પોતામાં રહેલા દોષને જે ક્યારેય ન દેખે તેને અમે બગડેલું દૂધ કહીએ છીએ. મુકુંદદાસ તો સૂર્યના સમાન તેજસ્વી છે અને તેમને સાધુતાના ઉપર તાન રહ્યું છે. ૩૦.

તમે જે બગડેલું દૂધ કહો છો તે વાત તો તમારી ઘણી વિપરીત છે. હિરાદાસ તમારા જ શિષ્ય છે. તેમાં ભારે સાધુતા રહી છે. ૩૧. નેહના જેટલા ચારણો આવે છે તે બધા તેના વખાણ કરે છે અને કહે છે કે, અમારા ગુરુ શ્યામદાસજી તો સારો વાલી ઘોડો રાખે છે. ૩૨. આવા તમારા શિષ્યો તમારો ઉદ્ધાર કરીને ભવપાર કરી દેશે.' પછી દરબારે મુકુંદદાસને કહ્યું, 'હવે તો તમારા ભગવાન જ એક આધારરૂપ રહ્યા છે. ૩૩. જેની પાસે ભગવાન રહ્યા હોય તેના તો દેવતાઓ અને દૈત્યો પણ દાસ થઈને રહે છે.' પછી મુકુંદદાસ સરધારથી ચાલતા થયા અને પોતાના માતા-પિતાને

ઘેર **અમરાપુર** આવ્યા. ૩૪. માતા-પિતા તેમને દેખીને મનમાં ખૂબ રાજી થયા. તેમણે નવલા ભોજન બનાવીને જમાડ્યા અને નિત્ય નવો પ્રેમ કરીને ચાહવા લાગ્યા. ૩૫. પરંતુ મુકુંદદાસે તો જડભરતના જેવી સ્થિતિ ગ્રહણ કરી લીધી. કોઈ બોલાવે તો જેમ તેમને કોઈ ભૂત-પ્રેતનો વળગાડ થયો હોય તેમ કાંઈ જુદી રીતે જ બોલતા હતા. ૩૬.

માતા-પિતાએ તેમને ઠીક કરવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ મુકુંદદાસજીએ તો મોહ તોડવાને માટે બધી વિપરીત રીત જ કરી. ૩૭. (સ્વામીને વલ્લભદાસ નામે ભાઈ અને ધનબાઈ નામે બહેન હતા. સ્વામી સહુથી મોટા હતા.) મુકુંદદાસ યાત્રા કરવા નીકળ્યા તે પહેલા તેમને પરણાવ્યા હતા. તેમની પત્નીનું નામ જમનાબાઈ હતું. તેમણે પરણેલી નારીનો તત્કાળ ત્યાગ કરી દીધો હતો. તે પણ મુકુંદદાસજીને ઠીક કરવા માટે પ્રયત્ન કરવા લાગી. તે ઘણી સુંદર હતી. ૩૮. તે જમનાબાઈએ મુકુંદદાસને સમજાવવા એક વર્ષ સુધી પોતામાં જેટલી કળા હતી તે બધી જ અજમાવી જોઈ. પરંતુ એક વર્ષ સુધીના તેમના બધા જ ઉપાયો નિષ્ફળ ગયા. ૩૯. પછી બધા નિરાશ થયા અને માતા, પિતા તથા બધા સંબંધીએ તેમની આશા છોડી દીધી અને હારીને છેવટે તેમને રજા આપી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સ્વામી પાસેથી જઈને મુકુંદદાસે ગુરુ તથા માતા-પિતા પાસેથી રજા મેળવી" એ નામે ચોથો તરંગ સમાપ્ત ।।૪।।



પૂર અઢારમું : તરંગ - ૫

વૈરાગીઓનું સંગઠન અને તેમની ઉત્પાતભરી મંત્રણા

પછી મુકુંદદાસજી ચાલતા થયા. ત્યાગાશ્રમનું અને ગૃહસ્થાશ્રમનું એમ બંને બંધનોને તોડીને જ્યાં રામાનંદસ્વામી હતા ત્યાં લોજ આશ્રમમાં દોડીને આવ્યા. ૧. પછી સ્વામીએ તેમને ઘણો પ્રેમ આપ્યો. વારંવાર તેમને ભેટ્યા. તેમનો અપાર ખપ દેખીને ઘણા દિવસ સુધી પોતાની પાસે રાખ્યા. ૨. તે

વખતે દેશમાં જેટલા વૈરાગીઓ હતા, તે બધા સંપી ગયા અને એવું નક્કી કર્યું કે, કોઈએ રામાનંદસ્વામી પાસે જાવું નહિ. ૩. કારણ કે, તેઓ બધા વૈરાગીઓના પ્રભાવને હરી લે તેવું વર્તન કરી રહ્યા છે. ૪. રામાનંદસ્વામીનું જેટલું વર્તન છે, તેમના પ્રતાપથી સત્સંગ સિવાયના બધા મતપંથોનો વગર નાશ કર્યે ચોક્કસ નાશ થઈ જશે. ૫. તેમાં કોઈ એવી કળા રહી છે કે તે બીજા કોઈના જાણ્યામાં આવતી નથી. તેઓ જે જે વાત કરે છે તે સમાજને સર્વોપરિ દેખાય છે. ૬. તેમાં પણ સ્વામી પાસે મુકુંદદાસજી આવીને રહ્યા તે તો તેમની જીતનું નિશાન ચઢાવી દીધું છે. અત્યારે જે સહજાનંદસ્વામી છે તે અંતર્યામી થઈને બેઠા છે, છતાં જે મુકુંદદાસ મુક્તાનંદસ્વામી બન્યા છે, તેમને ગુરુની જેમ માને છે. અને સહજાનંદસ્વામી જ્યારે પહેલા તેઓ લોજમાં રહેતા હતા ત્યારે મુક્તાનંદસ્વામીની સેવા કરતા હતા. (પછી સહજાનંદસ્વામી ગાદીએ બેઠા ત્યાર બાદ) ૭-૮.

જ્યારે મુક્તાનંદસ્વામીએ નિષ્કપટભાવે તેમની સેવા કરી ત્યારે સહજાનંદસ્વામીએ પોતાનો પ્રતાપ જેટલો મુક્તાનંદસ્વામીએ જાણ્યો તેટલો પ્રતાપ તેમને ભાવથી બતાવી દીધો, અર્થાત્ એટલું સામર્થ્ય આપ્યું. ૯.

પછી મુક્તાનંદના વચને, થાય સમાધિ બહુ જનને;
દેખે સ્વર્ગ કૈલાસ વૈકુંઠ, તેમાં જરાય ન મળે જૂઠ. *ભ.ચિં. પ્ર.૪૯*

સ્વામીને શ્રીહરિનો મહામહિમા થયો તેથી અતિ ભાવ થયો. તેને કારણે આવી સિદ્ધિને પામ્યા હતા. કેમ જે,) ભાવ વિનાની સિદ્ધિ ક્યારેય નિવાસ કરીને રહેતી નથી. (આવા મુક્તાનંદસ્વામી શ્રીહરિની આજ્ઞાથી વડોદરે આવ્યા.) વડોદરામાં જેટલા વૈરાગીઓ હતા તેમને મુક્તાનંદસ્વામી વડોદરામાં આવ્યા અને પાંચ દિવસ રહ્યા ત્યારે ખબર પડી. તેમાં જે મોટા મોટા વૈરાગીઓ હતા તે બધા મુક્તાનંદસ્વામીનું નામ સાંભળીને ઠેકઠેકાણે બળી ઊઠ્યા. તેમણે મુક્તાનંદસ્વામીનું નામ સાંભળ્યું હતું પણ ક્યારેય દેખ્યા ન હતા. તેમને મુક્તાનંદસ્વામીને જોવાનું મન હતું. ૧૦-૧૨. વડોદરામાં જે જે મોટા મહંતો કહેવાતા હતા તેમને સરકાર અને મોટા શાહુકારો ઘણું માનતા હતા. ૧૩. તે મહંતોને સરકાર તથા શાહુકારની ઘણી મદદ મળતી

હતી. તે મહંતોને જગ્યાઓ કરાવી દીધી. તેમજ જે માગતા તે બધું આપતા રહેતા હતા. ૧૪. તે દિવસોમાં વડોદરામાં ઘણા મોટા મોટા વૈરાગીઓ આવ્યા. સુરત અને મુંબઈ સુધીના આવ્યા. તેમજ વૃંદાવન, ગોકુળ, મથુરા, તેના વૈરાગીઓ પણ હાથી અને ઊંટ લઈને આવ્યા. ૧૫-૧૬. અયોધ્યા, હરિદ્વાર, જગન્નાથપુરી, બુંદી, કોટા, ભરતપુર, કાશી અને મુક્તનાથ સુધીના પણ બધા વૈરાગીઓ વડોદરામાં ભેળા થયા. ૧૭-૧૮.

કાશ્મીર, બદ્રિનાથ વગેરેના રજવાડાની જેમ રહેનારા વૈરાગીઓ આવ્યા. ૧૯. ગુજરાતમાં ડાકોર, અમદાવાદ, સિદ્ધપુર, પાટણ અને વિસનગરના મહંત વગેરે સહુ ત્યાં આવ્યા. ૨૦. ચાર સંપ્રદાયના જેટલા વૈરાગીઓ હતા તે અને વેદાંતાચાર્ય પણ ત્યાં વડોદરામાં આવીને રહ્યા હતા. ૨૧. તેમાં વિસનગરના મહંત લક્ષ્મણદાસમાં સહુ પહેલા કુટુંબ સાથે અધર્મ પેઠો તેથી તેની બુદ્ધિ અતિશય વિપરીત થઈ ગઈ. ૨૨. એ ઘણું બળ કરીને સહુની પાસેથી મદદ માગી ઘણા દિવસથી આપણા સત્સંગના વિરુદ્ધમાં લાગ ખોળતા હતા. સ્વામિનારાયણના સત્સંગને ઊખેડી નાખવો છે; એવું તે બોલ્યા કરતા હતા. ૨૩.

તે વિસગનરના મહંત ચારેય સંપ્રદાયના મોટા મહંતને મળી આવ્યા અને સહુને સત્સંગ ઉપર રોષ ચડે તેવાં વચન સંભળાવતા હતા. ૨૪. સ્વામિનારાયણના મતને ચલાવનારા મુક્તાનંદસ્વામી અત્યારે અહીંયા આવ્યા છે. હવે તો આપણું જ ધાર્યું થશે. ૨૫. સરકાર, શાહુકારો અને પંડિત, એ બધા આપણા છે. અત્યારે મુક્તાનંદસ્વામી ખરા લાગમાં આવ્યા છે. ૨૬. નવા સંપ્રદાયને ઉડાવી દેવો છે. અત્યારે તે તોપના નાળચા સામે આવ્યા છે. સહુએ એક મત થયા સિવાય પરિણામ ધાર્યું આવે નહિ. હું તો આ સહુના હિતની વાત કહું છું. ૨૭. અમે ઉડાવનારા છીએ. હવે થોડી જ વાર છે. તમને કોઈને જો તેના ઉપર હેત હોય તોપણ કોઈ તેનો પક્ષ ન લેશો. ૨૮.

આ સ્વામિનારાયણનો મત તો બીજા બધા મતને માટે આગના જેવો છે. તેને જો બુજાવશું નહિ તો સહુ મતને રાખ કરી દેશે. ૨૯. હું કહું છું તેમાં તલભાર પણ ખોટું નથી. અને પછી પણ કરોડો ઉપાયે મારું કહેલું

ખોટું થશે નહિ.' ત્યારે કોઈ એક વૈરાગી એમ બોલ્યા, 'જેને કોઈ મદદ કરનાર ન હોય તેની મદદ તો ભગવાન કરે છે. આવી પણ એક વાત છે. પ્રહ્લાદની વાત કેવી હતી ? ભગવાનની તો રીત જ તેવી છે. ૩૦-૩૧. વૈરાગીઓ બોલતા કે, એને જો જાનથી મારી નાખવામાં આવે તો જ બધા ભેખને ચેન પડશે. તેમણે વેદાંતાચાર્યને પોતાને ત્યાં વડતાલમાં બોલાવીને તેની લાજ લીધી હતી. ૩૨. તેણે બધા ભેખનું નાક કાપ્યું તે તેનો મોટો વાંક છે. માટે સરકારની હાજરીમાં સભા બોલાવીને મુક્તાનંદસ્વામીને આપણે પૂછવું જોઈએ. ૩૩. આ જે અન્યાય ચાલી રહ્યો છે તે વાત જગજાહેર પ્રસિદ્ધ છે. તે અન્યાયનો શો જવાબ આપશે ? તે કાંઈ નહિ બોલી શકે. ૩૪.

આપણે શાસ્ત્રની રીતે કાંઈ વાત કરવી નહિ. શાસ્ત્રમાં તો તે મોટા વિદ્વાન છે અને અહીંના જેટલા પંડિતો છે તે બધા શાસ્ત્રમાં તો સમજે છે. ૩૫. જો આપણે શાસ્ત્રની રીતે પૂછશું તો મુક્તાનંદ મુનિ તરત ઉત્તર આપી દેશે અને બધા પંડિતો માન્ય રાખે એવો તે ઉત્તર કરી શકે છે. ૩૬.

જ્યારે કોઈ પંડિત જઈને તેને કઠણમાં કઠણ પ્રશ્ન કરે છે ત્યારે તેઓ તરત જ ઉત્તર આપે છે. અને પછી બધા પંડિતો પણ તેના ઉત્તરની પ્રશંસા કરે છે. ૩૭. જેટલા પુરાણો છે તેમાં તો આ મુક્તમુનિ ઘણા નિપુણ છે. એ ઠીક થયું છે કે સિદ્ધાંતને ભણેલા સાધુઓ અહીં આવ્યા નથી. ૩૮. પણ આપણે જેનું કામ હતું તેઓ આપણા લાભમાં આવ્યા છે. હવે તેનું ઠામ ઠેકાણું રહેવા દેવું નથી. આવો સમય ફરીવાર ક્યારેય મળશે નહિ. ૩૯. આપણે સરકારમાં જઈને કહીએ કે તમારી હાજરીમાં અમારે સભા કરવી છે. જેને અમે આજ સુધી ખોળતા હતા, તે આપના શહેરમાં આવ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વૈરાગીઓનું સંગઠન અને તેમની ઉત્પાતભરી મંત્રણા કહી" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર અઢારમું : તરંગ - ૬

સરકારની સમક્ષ સભા કરવાનું નક્કી કરીને દ્વેષી વૈરાગીઓ મુક્તમુનિને મળ્યા

વૈરાગીઓ જ્યારે ગાયકવાડ સરકાર પાસે ગયા ત્યારે સરકારે કહ્યું, 'અમારી હાજરીમાં જો સભા કરવી હોય તો વિચારીને કરજો. અમે જરાય જૂઠું બોલશું નહિ. (જેનું જેવું હશે એવું તેને કહેશું.)' ૧. જેવી સભાની રીત હોય તેવી રીત જોઈને તેમ સભા કરવી તે યોગ્ય છે. ૨. તમારામાં આગેવાન કોણ છે ? તે પહેલા સરકારને સંભળાવો. આગેવાનનું નામ નક્કી થયા સિવાય સભા ન કરવી અને નામ નક્કી થયા સિવાય સભા કરવી તે સભાની રીત નથી. ૩.

અમે પંડિતને મોકલીએ તે જઈને તમારા આગેવાનને પૂછે. કેમ જે, તેના મનમાં સભા કરવાનું નક્કી હોય અને પોતાનું બળ દેખીને એક પક્ષને સભા કરવાનું તાન રહે પરંતુ બીજા પક્ષને તેની ખબર પણ ન હોય તે ઠીક ન કહેવાય. આવી સભા જે કરવી તે તો અધર્મ કહેવાય છે. સભા કરવાના નિમિત્તને તમે વૈરાગીઓ જાણતા નથી. ૪-૬. અમારે ત્યાં તો સભા કરવાની એવી રીત હોય છે કે, કોઈ બ્રાહ્મણ સારો વિદ્વાન થઈને આવે પછી તેને વર્ષાસન આપવું હોય ત્યારે સભા થાય છે. ૭. તેમાં અમારા વિદ્વાન તે ભણીને આવેલની પરીક્ષા કરે છે. તેને અનુસારે પછી સરકાર તેને તેવી દક્ષિણા તરત આપે છે તેમજ કડાં અને શિરપાવ આપે છે. ૮.

પછી તે જેવી વિદ્યાને ભણ્યો હોય તેવું વર્ષાસન કરી આપવામાં આવે છે અથવા તો કોઈ વ્રતના દિવસનો પાકો નિર્ણય કરવો હોય તો તેમાં સભા કરવાની હોય છે. સભા કરવાના એટલા નિમિત્તો હોય છે. તમે વૈરાગીઓ સભા કરવાના નિમિત્તને જાણતા નથી. સભા બોલાવવી તે કોઈ હાંસીમજાનો ખેલ નથી. ૯-૧૦. તમે બોલો, તેવા ભણીને વિદ્વાન કોણ આવ્યા છો ? પછી અમે સભા કરાવીએ. તમે બધા છોકરમતના છો. તે કામ પડ્યું ત્યારે દેખાઈ આવ્યું.' ૧૧. ત્યારે વૈરાગીઓ બોલ્યા કે, 'અમારા બધા ભેખના

જે શત્રુ છે તે હમણા અહીં આવ્યા છે અમારે તેને ઘણી શિક્ષા કરવી છે.' ૧૨. ત્યારે સરકાર હસવા લાગ્યા, 'તમે સરકાર નથી. તમારું જ્યારે રાજ્ય થાય ત્યારે તે બધું કરજો.' ૧૩. તે સમયે ધર્મ અને સત્સંગની વૃદ્ધિ કરવા માટે શ્રીહરિ સરકારમાં આવીને નિવાસ કરી રહ્યા હતા. ૧૪.

सोरठा : श्रीहरि रहेउ दूर, अंतरजामी रहेउ यह;
भक्त के रहत हजूर, प्रत्यक्ष रहे देखात नहि...१५
हरि स्वछंद रहेउ, देखात किहाँ देखात नहि;
कोउ के वश न तेउ, वश की रीत वश रहेउ...१६

પ્રત્યક્ષપણે શ્રીહરિ તો ઘણા દૂર હતા, પરંતુ તેઓ અંતર્યામી છે. માટે ભક્તની પાસે પ્રત્યક્ષ જ હાજરાહજુર રહે છે, પરંતુ દેખાતા નથી. ૧૫. ભગવાન તો સ્વતંત્ર છે. ક્યાંક દેખાય છે અને ક્યાંક નથી દેખાતા. તે કોઈને વશ નથી પણ વશ કર્યાની રીત આવડે તો વશ રહે છે. ૧૬. પછી સરકારે વૈરાગીઓને હિતકારી વચન કહ્યું, 'તમારા શત્રુઓની શી રીત છે ? તે પહેલા તમે અમને સંભળાવો. ૧૭. પછી તમે જેમ કહેશો તે રીતે અમે સભા બોલાવશું. તમે તો અમારા ગુરુ છો. અને તમારા જે શત્રુ છે તેને અમે ભારે શિક્ષા કરીએ એમ તમે જે કહો છો, તે અમે વિચારીને દેખશું.' તે વૈરાગીઓને શત્રુની રીત કહેતા આવડી નહિ.

પછી સરકાર બોલ્યા, ૧૮-૧૯. 'અમે શત્રુની રીત કહીએ છીએ. તમે સાવધાન થઈને તેને શીખો. શીખ્યા વિના તો બાળબુદ્ધિ દેખાઓ છો. અમે તો તમારું હિત જાણીને તમને કહીએ છીએ. ૨૦. બીજા કોઈને અમે ક્યારેય શીખવતા નથી. બાળકો જેવા અજ્ઞાનીનું બધા ધન લઈ લે છે. વગર વિચારે બોલવામાં તો ઘણો બાધ આવતો રહે છે. ૨૧. જ્યાં સુધી જો પોતાને બોલતા ન આવડતું હોય તો પોતે જ ચોર બની જાય છે. અને જો બોલવામાં પોતે જ ચોર બની જતા હોઈએ તો તેમાં શું લાભ થાય ? ૨૨. વધારે લાભ થતો હોય તો જ બોલવું જોઈએ; એવી તમને બોલવાની રીત આવડતી નથી. જે પોતાનું કોઈ પણ રીતે બૂરુ કરે તો તેને અમે શત્રુ કહીએ છીએ. ૨૩. તમારે બધાને ઘણો ભારે છક રહ્યો છે.

તેને જો ખોવો હોય તો આ વખતે સભા કરી જુઓ ! અમે પણ દેખીએ કે તમારી અક્કલ કેવી છે ? ૨૪.

સભા કર્યા સિવાય તમારું જેવું રૂપ છે તે તમને ક્યારેય દેખાશે નહિ.' એમ તે વખતે સરકારે કહ્યું. ૨૫. 'તમે ઘણી હોંશ કરીને પોતાનું નાક કપાવો છો, પણ નાક કપાશે તો ફરીવાર ક્યારેય ચોંટશે નહિ. વિચારો તો ખરા કે તમે કેવા ચકરાવે ચડ્યા છો ? ૨૬. સભા બોલાવવાનું જ્યારે સરકારે કહ્યું ત્યારે બધા ભેખધારીઓ અતિ ખુશ થઈ ગયા, પણ સરકારે પારખી લીધું કે આ બુદ્ધિ વગરના શું કરી શકશે ? ૨૭. એકેયમાં જીવ રહ્યો નથી અને ફજેતી માટે સભા કરવા તૈયાર થયા છે. આ કેવી આશ્ચર્યની વાત છે ! ૨૮. જ્યારે જેનામાંથી ભગવાન ચાલ્યા જાય છે ત્યારે તેને પોતાનું જ ભૂંડું કરવાનું સૂઝે છે. ૨૯. સરકારે કહ્યું કે, 'પુંડરીકનાથ(વિઠ્ઠલનાથ)ના મંદિરમાં સહુએ ભેળા થઈને સભા કરવી અને અમારા વતી ભાઉ પુરાણી તમારી સભાના મધ્યસ્થ રહેશે. ૩૦. મધ્યસ્થ વિના જે કાંઈ બોલાય તે ક્યારેય પ્રમાણભૂત થતું નથી. અને મધ્યસ્થ જેનાં સિદ્ધાંતના વચનને સાંભળીને પ્રમાણ કરે તેની પહેલી પૂજા થાય છે. આવી સભાની રીત રહી છે.' સરકારે આટલી વાત કરીને પૂછ્યું કે, 'તમારે સામે પક્ષે કોણ છે ? ૩૧-૩૨.

વૈરાગીઓએ સામા પક્ષનું મુખથી નામ કહ્યું નહિ ત્યારે તેમને જવાની રજા આપી. કોઈ વૈરાગી રહ્યા નહિ ત્યારે સરકારે કહ્યું, ૩૩. 'બધા વૈરાગીઓના મનમાં દગો અને કપટ ભર્યા છે. પૂછીએ છીએ તોય સામા પક્ષનું નામ લીધું નથી. આટલું કપટ તેમાં દેખાયું છે. ૩૪. જો આ વૈરાગીઓ કોઈ ગરીબનું અપમાન કરશે તો આપણે તેની સહાયતા કરવી. વિસનગરના મહંત જે લક્ષ્મણદાસ વૈરાગી હતા, તે ચારેય સંપ્રદાયના વૈરાગીઓને ભેળા કરીને જ્યાં મુક્તાનંદસ્વામી હતા ત્યાં આવ્યા. તેના અંતરમાં ઘણો ક્રોધ ભર્યો હતો. ૩૫-૩૬. જ્યારે દિવસ ચાર ઘડી પાછલો રહ્યો હતો ત્યારે તેઓ સહુ આવ્યા. તેમને દેખીને મુક્તાનંદસ્વામી ઊભા થયા. ૩૭. જે મોટા વૈરાગીઓ હતા તેને આસન ઉપર બેસાડ્યા. 'તમે ભલે પધાર્યા' એમ કહીને તે વખતે તેમનો સત્કાર કર્યો. ૩૮. સ્વામી બોલ્યા કે,

'આપે કરુણા લાવીને મારા ઉપર આજ કૃપા કરી છે. થોડા પુણ્યે વૈષ્ણવોનો સમાજ મળતો નથી.' ૩૯. ત્યારે વિસનગરનો મહંત લક્ષ્મણદાસ વેરાગી જે હતો તે બોલ્યો કે, 'તમે તો મોટા અભાગિયા છો કે તમે આવા વૈષ્ણવ સમાજનો ત્યાગ કર્યો છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સરકારની સમક્ષ સભા કરવાનું નક્કી કરીને દ્વેષી વૈરાગીઓ મુક્તમુનિને મળ્યા" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર અઢારમું : તરંગ - ૭

વૈરાગીઓની અડબંગાઈ, સ્વામીની સુરક્ષા અને સંત-હરિભક્તોનું ત્યાં આગમન

મુક્તાનંદસ્વામી તે વખતે વેરાગીઓના વચનને સાંભળીને વિચાર કરીને સમજી ગયા. પછી બોલ્યા, ૧. 'અમે તો અભાગિયા થયા છીએ, પણ તમે બધા મોટા છો અને તમારો યશ જગતમાં પ્રસિદ્ધ છે. તો સહુ અમને બચાવી લેજો.' ૨. ત્યારે વિસનગરનો લક્ષ્મણદાસ વૈરાગી જે મહંત હતો તે કટાક્ષભર્યા તુચ્છ વચન બોલ્યો. ૩. અંદરથી એક હોવા છતાં પણ કોઈ બે વૈરાગીઓએ તે વિસનગરના મહંતને બોલતા વાર્યો અને તે બેયે એમ કહ્યું કે, 'તમે આ નવો મત કેમ ચલાવ્યો છે ? તે કહો.' ૪. તે વૈરાગીઓ ભાંડની જેમ બોલવા લાગ્યા.

પછી તો મુક્તાનંદસ્વામી ચુપ રહ્યા. ખરેખર સાધુ હોય તેને લાજ-મર્યાદા રહે છે. તેઓ મુખથી ક્યારેય અણછાજતું વચન બોલતા નથી. ૫. તે વૈરાગીઓ એકબીજામાં જેવી મોટાઈ હતી તે બધી બોલીને દેખાડવા લાગ્યા. ત્યારે તે જગ્યાએ શહેરના દસ-વીશ માણસો તે તમાશાને જોવા આવ્યા હતા. ૬. તેઓ મુક્તાનંદસ્વામીની સાધુતાને દેખીને પરસ્પર બોલ્યા કે, 'મુક્તાનંદસ્વામી ભારે સાધુ છે ! આવી ધીરજ બીજાથી ક્યારેય રહે નહિ. ૭. ભૂમિની પણ ધીરજ ન રહે તેવા શબ્દોને આ વૈરાગીઓ બોલે છે. માટે આપણે સાધુની મદદ કરવી જોઈએ. આ સાધુ મુખથી કાંઈ જ બોલતા

નથી.' ૮. પછી શહેરના લોકો વૈરાગીઓની સામે બોલ્યા કે, 'અમે તો તમને સાધુ જાણતા હતા, પણ તમે બોલવા માંડ્યા એટલે અમારી આગળ અસુરના રૂપમાં દેખાયા છો. ૯. આ સાધુ ક્યારથી કાંઈ બોલતા નથી. અહિંયા અમે તે બધું દેખી રહ્યા છીએ અને તમે તો એલ-ફેલ જે બોલો છો, તેને અમે ક્યારના અહીં રહીને સાંભળીએ છીએ. ૧૦. હવે અમે સરકારમાં જઈને જેવું તમે બોલ્યા છો તેની ફરિયાદ કરીએ છીએ. બગલા, કાગડાં, ગીધ, વાઘ અને ચિત્તાના જેવા તમે બધા સંપ કરીને હંસ જેવા સાધુને ઘણું પીડી રહ્યા છો. તે અમે અમારી આંખથી નિહાળ્યું છે.' ૧૧-૧૨.

ત્યારે વૈરાગીઓએ કહ્યું કે, 'તમે સરકારમાં જઈને ભલે કહો, પણ અમને તો આજે અમારું ખાજ મળ્યું છે તેને છોડશું નહિ. ૧૩. તમારાથી અમે ડરતા નથી. તમે તો ઘરબારી છો. તમારે ભેખની સામે બોલવું જોઈએ નહિ. તમે કોઈ અમારી સામે બોલવાના અધિકારી નથી. ૧૪. સરકારની સમક્ષ સભામાં આ સાધુને બોલાવીને અમારે પૂછવું છે કે, તમે નવો મત કેમ ચલાવ્યો છે ? ૧૫. સરકાર સમક્ષ આ સાધુની કાલ બધી વાત છે. માટે સભા થયા પછી તમારે આ સાધુની જે સહાય કરવી હોય તે આવીને કરજો. ૧૬. આજ અમે તેમને કાંઈ કહેશું નહિ. કહેવાની બધી વાત તો આવતીકાલે કહેશું. આ સાધુ અહીંથી ભાગી ન જાય એટલું અમે તમને કહીએ છીએ. ૧૭. હવે આવતીકાલે સવારે અમે બોલાવવા આવશું. તમે સહુ સાધુ તે વખતે તૈયાર થઈ રહેજો.' આમ કહીને તે વૈરાગીઓ ચાલતા થયા. તેમના મનમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. ૧૮.

તે પછી બે દિવસ સુધી સરકારને સભા બોલાવવાનો અવકાશ જ આવ્યો નહિ, પણ તેમણે સંતોની રક્ષાને માટે પ્રેમથી ચાર જાસૂસોને મોકલ્યા હતા. ૧૯. એક તો પોતાનો પલંગનો હજૂરી તત્કાળ મોકલ્યો હતો. અને વૈરાગીઓ આવીને જે કાંઈ બોલ્યા હતા તે બધું હરિભક્તોએ સરકારમાં આવીને અવકાશ જોઈને કહ્યું. સરકારે મન દઈને બધું સાંભળ્યું. શાસ્ત્રમાં કહેલા જે સાધુઓના નિયમ-વ્રતમાન છે તેને સાંભળ્યા. ૨૦-૨૧. સરકારે સંતોના જે નિયમ હતા તે બધા એક કાગળમાં લખાવી લીધા. વળી અંગ્રેજ

તરફથી ધાકજીકાકા નામે એક વિપ્ર વડોદરામાં રહેતા હતા. ૨૨. તેમની પાસે એક હરિભક્તે જઈને બધા વૈરાગીઓના વિચાર કહી સંભળાવ્યા અને સાધુતાના બધા નિયમ પણ સ્પષ્ટપણે કહ્યા. ૨૩.

ત્યારે તે ધાકજીકાકાએ વિચાર કરીને તે હરિભક્તની સાથે ચાર સિપાઈ(હમેલિયા) આપ્યા અને કહ્યું કે, તમારે જ્યાં સુધી જરૂર હોય ત્યાં સુધી આમને સંતોની સેવામાં રાખજો. ૨૪. વળી કહ્યું કે, વૈરાગીઓને તે સંતોની પાસે ક્યારેય આવવા દેવા નહિ અને તેનો વિશ્વાસ કરવો નહિ.' ૨૫. આ રીતે મુક્તાનંદસ્વામીની સુરક્ષાને માટે બંને બાજુથી રક્ષક આવ્યા. અને તે બધા વિનયવાળા હતા. ૨૬. જે કોઈ વૈરાગી ત્યાં આવતા તેને તે સિપાઈઓ પાસે આવવા દેતા નહિ. દૂર જ રાખતા. અને કોઈ કાંઈ બોલે તો તેનું તાડન કરતા હતા. ૨૭. સરકારે હુકમ કર્યો તે રીતે બધા હોશિયાર સરકારી મનુષ્યો કરવા લાગ્યા. અને તેથી બધા વૈરાગીઓ દૂર રહેતા હતા. ૨૮.

વડોદરાની ચારેબાજુના ગામમાં જે સંતોના મંડળ રહ્યા હતા તેઓ સભા થવાની વાતને સાંભળીને વડોદરા આવવા લાગ્યા. ૨૯. અદ્‌ભુતાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી તથા ચિદ્રુપાનંદસ્વામી વગેરે સંતો સભા થવાનું સાંભળીને પોતપોતાના મંડળને સાથે લઈને વડોદરા આવ્યા. તે સિવાય બીજા મુનિઓ પણ સભા થવાની છે એવું સાંભળીને આવ્યા. ૩૦-૩૧. કરાલી ગામના અમીન અજુભાઈ વગેરે પણ વડોદરા આવ્યા. તેમજ ઈટોલાના હરિભક્ત પાટીદારો પણ આવ્યા. ૩૨. વરણામા, પોર, ઉત્તરાજ આદિ વાંકળ અને કાનમના બીજા બધા ગામોના હરિભક્તો પણ સભા થવાની વાત સાંભળીને આવ્યા. તેનો ગણવાથી પાર આવતો નથી. અને સત્સંગ ઉપર જે લોકોને દ્વેષ હતો તે બધા, મનમાં ફાવે તેમ બોલતા હતા. કારણ કે, તેઓ શ્રીહરિના પ્રતાપને જાણતા નહિ, પણ હરિભક્તોને તો શ્રીહરિનો મનમાં ઘણો દૃઢ વિશ્વાસ હતો. તેથી તેમને તલભાર પણ ભય લાગતો ન હતો. ૩૩-૩૫. ખુશાલભાઈ કાછિયાની વાડીમાં કેટલાક સંતો રહ્યા હતા. તેમને મધરાતે ત્રણવાર આકાશવાણી સંભળાણી હતી. ૩૬. સૂર્ય જયારે મધ્યાહ્નને આવ્યો

ત્યારે મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ પ્રસન્ન થઈને દર્શન આપ્યા. ૩૭. (અને કહ્યું, 'સ્વામી ! પ્રતિપક્ષીઓની જીભમાં વાણીનો પ્રેરનારો હું છું. માટે તેને કોઈ પ્રશ્ન સરખા નહિ સૂઝે. તમે મૂંઝાતા નહિ. તમને જેવા આવડે તેવા ઉત્તર આપજો. અમે તમારી સાથે રહેશું.' એમ કહી શ્રીહરિ અદૃશ્ય થયા.) પછી મુક્તાનંદસ્વામીએ સહુ સંતોને બોલાવીને તે વાત કહી કે, આપણા ઉપર સાક્ષાત્ શ્રીહરિની ઘણી પ્રસન્નતા છે. ૩૮. જેને જેવાં દર્શન થયા હતા તેણે પરસ્પર તેવી બધી વાતો કરી. સહુના મનમાં ઉત્સાહ છવાઈ ગયો હતો અને બધા સંતો નિર્ભય હતા. ૩૯. વડોદરાના નાથભક્તે રાતમાં જ દૂધપાક અને માલપુવાની રસોઈ તૈયાર કરાવી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વૈરાગીઓની અડબંગાઈ, સ્વામીની સુરક્ષા અને સંત-હરિભક્તોનું ત્યાં આગમન" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર અઢારમું : તરંગ - ૮

મુક્તમુનિ પુંડરીકનાથના મંદિરમાં આવ્યા અને શ્રીહરિએ તેમના વિઘ્નોને ટાળ્યા

જ્યારે રાત પાછલો એક પહોર રહી ત્યારે સહુ સંતો ઊઠ્યા. નારાયણ ધૂન કરીને સહુએ વ્યવસ્થિત રીતે સ્નાન કરી લીધું. ૧. સહુ સંતો પૂજાવિધિ કરી લીધા પછી જમ્યા અને સભામાં જવા માટે તૈયાર થઈને બેઠા. ૨. જ્યારે તેમને બોલાવવા આવ્યા ત્યારે સહુ ચાલતા થયા. તેમાં મુક્તાનંદસ્વામી સંતોની આગળ ચાલતા હતા. ૩. બહારગામથી જે હરિભક્તો આવ્યા હતા, તેઓ બાળકોને સાથે લાવ્યા હતા. તેમને બધાને મુકામ ઉપર રાખ્યા અને જે પીઢ હતા તે સંતોની સાથે ચાલ્યા. ૪. દાસપણાની ભાવનાવાળા જે હરિભક્તો હતા, તે બધા સંતોના મંડળની ચારે ફરતા ચાલતા હતા. અને સરકારી માણસો પણ સંતોની ચારે ફરતા રહેતા હતા. ૫. જેટલા સંતો ચાલતા હતા, તેની સુરક્ષાને માટે કદાચ કોઈ વૈરાગી સંતોની ભેળા ભળી જતા દેખાતા હતા ત્યારે તેમના અંતરમાં કદાચ દગો હોય તેમ જાણીને તેમને

સંતોની સાથે ચાલવા દેતા નહિ. અને જેટલા વૈરાગીઓ બળ કરીને સાથે ચાલવા પ્રયત્ન કરતા હતા તેને સરકારી સિપાઈઓ મારીને દૂર કરતા હતા. ૬-૭. મુક્તાનંદસ્વામી જ્યાંથી ચાલતા થયા ત્યાંથી જ 'વાલા રમઝમ કરતા કહાન, મારે ઘેર આવો રે..' એ ગરબીના પદને પ્રસન્ન મનથી ગાતા હતા. ૮. તેના સોળ પદોને ઊભી રાજબજારે શ્રીહરિની મૂર્તિને ધારીને સ્વામી ગાતા હતા. અને બજારમાં સહુ નરનારીઓ તે સાંભળતા હતા. સ્વામીની પાછળ બીજા સંતો તે પદને ઝીલીને ગાતા હતા. મહાઉત્સવ કરતા કરતા ચાલ્યા તે પરામાંથી શહેરમાં આવ્યા. બજારે શહેરના લોકો ઊભરાયા હતા. ૯-૧૦.

આ સંતોની સાધુતા જોઈને સહુ પરસ્પર બોલતા, 'આવા પવિત્ર સંતોને કેટલાક અસંતો મારવા માટે ઊભા રહ્યા છે. ૧૧. માંડવી ચોકમાં સમાય નહિ તેટલા વૈરાગીઓ હથિયાર બાંધીને ઊભા રહ્યા હતા. કેટલાક તો ખાંડાં(તલવાર) કાઢીને પટ્ટો રમવા લાગ્યા. નશો કરીને ચારેબાજુ ફરતા હતા. ૧૨. તે વૈરાગીઓને દેખીને થોડીવાર સરકારને પણ હિંમત રહી નહિ. બોલ્યા, 'હવે શું કરશું ? આ લોકો તો શહેરને પણ લૂંટી લેશે.' ૧૩. પછી તેમણે શાહુકારોને બોલાવીને કહ્યું, 'વૈરાગીઓ જે કાંઈ કરશે તેના ગુનામાં તમે પણ આવશો.' ૧૪. તેટલી વારમાં તો ટોપીવાળાને પણ તરત સમાચાર મળી ગયા. એટલે તેણે ત્યાં તરત એક પલટન તૈયાર કરાવીને મોકલી. ૧૫. એક તોપ તૈયાર કરાવીને તેનો અવાજ કર્યો. અને ચાર દરવાજે તોપને લાવ્યા. ૧૬.

પછી વૈરાગી એવું નામ ધારણ કરનારા હથિયાર બાંધીને આવેલા જેટલા વૈરાગીઓ હતા, તે બધાને ચારેબાજુથી કબજે કરી લીધા ત્યારે વૈરાગીઓનું જોર ભાંગી ગયું. ૧૭. અંગ્રેજની ભયંકર પલટનને દેખીને વૈરાગીઓની બધી ઠરડમરડ તત્કાળ મટી ગઈ. ચારેય દરવાજે પલટન ઊભી હતી અને આગળના ભાગમાં અંગ્રેજ સુરક્ષા અધિકારી ઊભા હતા. ૧૮. ચારેબાજુ જ્યારે પડઘમ વાગવાં લાગ્યાં ત્યારે સરકારના મનમાં આનંદ થયો. જેવો સમય હતો તે રીતે અંગ્રેજોએ સહુને ખુશી ખુશી કરી દીધા. ૧૯. અંગ્રેજો સમયને ઓળખે એવા ઘણા ચતુર હતા. સામી બાજુ દસ હજાર જેટલા વૈરાગીઓ બધા હથિયાર બાંધીને ઊભા હતા. ૨૦.

જે વૈરાગીઓ બંદૂક બાંધીને જામગરી સળગાવીને ઊભા હતા, તેણે જ્યારે પલટનને દેખી ત્યારે તરત જ જામગરીને બુઝાવી દીધી. ૨૧. જે વૈરાગીઓ પટ્ટો રમતા હતા તેમણે અંગ્રેજી પલટનને દેખીને તલવારોને મ્યાનમાં કરી દીધી. સિંહને દેખીને કૂતરા જેમ દીન થઈ જાય છે તેમ દીન થઈ ગયા. ૨૨. તેઓ દીન થઈ ગયા અને નશો બધો ઊતરી ગયો. તેમની તરત જ સાધુતા પકડાઈ ગઈ.

પછી અંગ્રેજો બોલવા લાગ્યા કે, 'તમે હથિયાર શા માટે રાખ્યા છે? ૨૩. તમે કોની રક્ષા કરવા આવ્યા છો ? સાધુતા તો તમે ઘણી સારી દેખાડી છે ! સાધુ થઈને હથિયાર બાંધો છો તે તમને કોઈ પૂછનારો પણ મળ્યો નથી ? ૨૪. સાધુ થઈને હથિયાર બાંધવા એવી વાત તમારા કોઈ શાસ્ત્રમાં લખી હોય તો અમને સ્પષ્ટ દેખાડો. ૨૫. તમારા મોટા ચાર સંપ્રદાય રહ્યા છે. તેમાં સાધુને હથિયાર રાખવાનું કહ્યું હોય તો તે બતાવો. ૨૬. હથિયાર બાંધવા, ધન રાખવું, સ્ત્રી સાથે બોલવું અને વ્યસન કે કેફ કરવો; તેવી સાધુની રીત તમારા શાસ્ત્રમાં કહી હોય તો તે ચોક્કસ અમને દેખાડો, તો હથિયાર બાંધવાની તમારી રીતને અમે માન્ય રાખીએ. ૨૭-૨૮. જ્ઞાનવાર્તા કે ધર્મની સભામાં હથિયાર બાંધીને આવવું, એવું જેના મતમાં લખ્યું હોય તો તે વચન પણ અમને બતાવો. ૨૯.

જે શાસ્ત્રની રીત સિવાય વર્તતા હોય છે તેને તો અમે ગર્દભના જેવા દેખીએ છીએ. કેમ જે, ગર્દભ જ નીતિની રીતિને ઉલ્લંઘન કરીને વર્તતા હોય છે. ૩૦. કાળનેમીએ કપટથી સાધુનો વેષ બનાવ્યો હતો અને રાવણ નામના મોટા રાક્ષસે પણ સાધુનો વેષ લીધો હતો. ૩૧. જેટલા કપટથી સાધુ થયા તેઓ બધા મોટા રાક્ષસ હતા, તોપણ તેમણે હથિયાર રાખ્યા ન હતા. અને તમે તો બધા તેના કરતાં પણ આગળ નીકળી ગયા છો ! ૩૨. તમારા મહંતને અત્યારે જ બોલાવો. તમે બધા પાખંડી છો. તમારી બધાની હવે વાત છે..! તમે હથિયાર લઈને આવ્યા એટલે ગુનેગાર થયા છો.' ૩૩. તે પછી તે ગુનામાં જે શાહુકારો હતા, તેમને જામીન લીધા. આટલી વાત બની હતી તે વખતે મુક્તાનંદસ્વામી વગેરે સંતો માંડવી ચોકમાં આવ્યા. ૩૪. જેટલી

સનાતન સંતોની રીત હતી તે બધી ટોપીવાળા અંગ્રેજે મુક્તાનંદસ્વામીમાં દેખી. પછી બધા સંતો સુખશાંતિથી પુંડરીકનાથના મંદિરમાં આવ્યા અને ભગવાનનાં દર્શન કર્યા. દર્શન કરી રહ્યા પછી મંદિરના આગળના ભાગમાં બેઠા. ૩૫-૩૬. જે હરિભક્તો હતા તે બધાને મંદિરમાં આવવા દીધા અને બીજા લોકોને ચોકીદારે રોકી રાખ્યા. ૩૭. મુક્તાનંદસ્વામી મંદિરમાં આવ્યા તોપણ ગરબીના પદને ઘણા પ્રેમથી ગાતા હતા. ૩૮. (તે સોળ પદ પૂરા થયા ત્યારે મહારાજે સ્વામીને ફરીને દર્શન દીધા. અને કહ્યું, 'તમારામાં રહીને અમે બોલશું.' પછી મહારાજે જે રીતે દર્શન દીધા હતા. તે મૂર્તિને ધારીને સ્વામી પ્રસન્ન મને સભામાં બેઠા.) તે સમયે શાહુકારો વૈરાગીના જામીન થયા ત્યારે અંગ્રેજ અધિકારીએ પલટનને ત્યાંથી ખસી જવા માટે રજા આપી. ૩૯. તે વખતે સરકાર તરફથી ભાઉ પુરાણી ત્યાં આવ્યા અને તેમણે સંતોને દેખીને નમસ્કાર કર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મુક્તમુનિ પુંડરીકનાથના મંદિરમાં આવ્યા અને શ્રીહરિએ તેમના વિઘ્નોને ટાળ્યા" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર અઢારમું : તરંગ - ૯

રાજમાતાને સંતોનો ગુણ અને વેદાંતાચાર્ય એકલા સભામાં મુક્તમુનિ પાસે આવ્યા

ગાયકવાડ સરકારની માતા ગયાબાઈ નામે હતા. તેઓ મ્યાનામાં બેસીને સંતોનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. ૧. સંતોની પૂજા કરવા માટે કેસરચંદન તથા અપાર હાર વગેરે પૂજાના ઉપચારને લાવ્યા હતા. ૨. તેમની સાથે સોનાનો થાળ અને કટોરા લઈને દશ-બાર દાસીઓ આવી હતી. તેઓ આવીને મંદિરના માળ ઉપર બેઠા. ૩. ત્યાં એક ગોખ હતો. તેમાં આગળ ચક(પડદો) બાંધી દીધો. પછી ત્યાં બેસીને સંતોનાં દર્શન કર્યા. ૪. તેમણે અપાર શાંત સંતોને દેખ્યા. તેના કોઈ અંગમાં વિકાર દેખાયો નહિ. તેમનાં નેત્રો, શ્રોત્ર અને હૃદયમાં ભગવાન દેખાયા. ૫. **સંતોનાં તન, મન**

ભગવાનમાં પરોવાઈ ગયેલા દેખાયા. પછી દાસીઓ પ્રત્યે બોલ્યા, 'આવા સંતોને ધન્ય છે...ધન્ય છે... મુખથી ભગવાન સિવાય એક શબ્દ બોલતા નથી. ૬. આ જગ્યાને પણ ધન્ય છે કે જ્યાં હંસોના સમાન આવા સંત બેઠા છે. આવા સંતોનાં ચરણમાં તો જેટલા તીર્થ છે તે બધા રહ્યા છે.' ૭. રાજમાતા દાસીઓની સાથે આવી વાતો કરતા હતા. વળી એમ બોલ્યા કે, 'જેને ધનનો કોઈ પાર ન હોય તેવા ધનાઢ્ય લોકો અપાર હોય છે. ૮. અનેક રાજાઓ પણ હોય છે. જેનો ગણતા પાર આવતો નથી. સુખ અને સંપત્તિ ઘણીવાર મળે છે. કેટલાક તો વારંવાર દેવના જન્મને પામે છે. ૯. આવું બધું સુગમ દેખાય છે. તે દાનપુણ્ય કરવાથી મળી રહે છે, પણ આવા સંતોનાં દર્શન મળવા તે ઘણા દુર્લભ છે. ૧૦.

❊ નારી, ધનથી દૂર રહે તે દેવનો પણ દેવ છે :

चोपाई :

नारी धन के बंधन जेहू, सब बंधन से अधिक रहे तेहू;
पाताल से ब्रह्मा लग ताई, नारी धन में रहेउ बंधाई...११
नारी धन से जितने जेही, दूर रहावत संत जो तेही;
मनुष्य देव से अधिक कहाते, इनके वेश नहीं लेवाते...१२

નારી અને ધનનું બંધન બધા જ બંધનોથી અધિક છે. પાતાળથી લઈને બ્રહ્મા સુધીના લોકોમાં સહુ નારી અને ધનમાં બંધાઈ રહ્યા છે. ૧૧. જેટલા સંતો નારી અને ધનથી દૂર રહે છે તે બધા મનુષ્યો અને દેવો કરતાં પણ ઘણા મહાન કહેવાય છે. તેવા સંતોનો વેષ લઈ શકાતો નથી. ૧૨. આવા બ્રહ્માંડો ઘણીવાર થયા છે અને હજી પણ થશે. વેદ ઘણીવાર થયા છે અને હજી અપાર થશે. ૧૩. **પણ સહજાનંદસ્વામીએ જે ધર્મ-મર્યાદા બાંધી છે તેના કરતાં સરસ ધર્મ-મર્યાદા કોઈએ બાંધી નથી અને કોઈ બાંધી શકે એવું પણ જણાતું નથી.** ૧૪. તેમના મતમાં જે મોક્ષની વાત કહેવાય છે, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ-નિયમની જે વાત કહેવાય છે તે બધી આ બ્રહ્માંડની નથી. ૧૫. કોઈ દિવસ કાને સાંભળ્યો ન હોય તેવો ધર્મ તેમણે સ્થાપ્યો છે. અને તે ધર્મને વેદો અને બધા પુરાણો માન્ય કરે છે. ૧૬. જે મત અત્યારે

વેદ અને પુરાણોની ધર્મ-મર્યાદાની બહાર વર્તે છે તે બધા સ્વામિનારાયણના સનાતન મતને ઊખેડી નાખવાનું બળ કરી રહ્યા છે. ૧૭. જે મત શાસ્ત્રથી વિરુદ્ધ ચાલે છે તે બધા અત્યારે નિર્જીવ જેવા થઈ ગયા છે. તેમને પોતાના વર્તનની કાંઈ ગમ નથી, છતાં પોતાને સહુથી મહાન માની રહ્યા છે. ૧૮. જે મતના લોકો નિર્જીવ જેવા થઈ ગયા છે તે આ સ્વામીના સનાતન મતની સામે બળ કરીને શું કરશે ? નિર્જીવ થઈને જે ખોટું અહં-મમત્વ કરે છે તેના બધા પ્રયાસો છેવટે નિરર્થક થાય છે. ૧૯. વજ્રના છરાને ધર્મનો છરો દેખાય નહિ તે રીતે હઠાવી દે છે. ધર્મથી બળવાન થયેલા જીવમાં એવો પ્રતાપ રહ્યો છે કે તે કોઈના તર્કમાં આવતો નથી.' ૨૦.

રાજમાતા ગયાબાઈ દાસીઓ સાથે આવી વાતો કરતા હતા ત્યારે ચોકમાં સંતો ગરબી ગાતા હતા. આટલો સમય ગયો છતાં ત્યાં કોઈ વૈરાગી આવ્યા નહિ. ૨૧. પછી ભાઉ પુરાણીએ જાસૂદ મોકલીને વૈરાગીઓને બોલાવવાની તાકીદ કરી. ચાર સંપ્રદાયના જે મોટા મહંત હોય તે જલ્દી આવે, વિલંબ ન કરે. જાસૂદને કહ્યું, 'તમારે ડરવું નહિ. જ્યાં હોય ત્યાંથી લઈ આવો. લાવ્યા સિવાય હવે પાછા આવશો નહિ.' ૨૨-૨૩. ત્યારે જાસૂદ ચારેબાજુ ખોળવા લાગ્યા. બધા વૈરાગી ચોરની જેમ સંતાઈ ગયા અને તે બધા વિસનગરના મહંતને ગાળો દેવા લાગ્યા. ૨૪. સભા બોલાવવાનો જેણે ઉદ્યોગ કર્યો છે તે ચોરની જેમ બધા સંતાઈ ગયા. તેને જાસૂદે બધા વૈરાગીના અખાડામાં ઠેકઠેકાણે ખોળ્યા. દસ હજાર જેટલા ભેખધારીઓ અપાર ગાળો દેતા હતા. વારંવાર પોકાર કરીને આગેવાન મહંતને નકટો કહેતા હતા. ૨૫-૨૬.

વિસનગરવાળા વૈરાગીને ડરના માર્યા ઝાડા થઈ ગયા અને બધા બંધ છૂટી ગયા. તે નદીમાં જઈને બેઠો. ૨૭. તેના ઘણા બૂરા હાલ થયા. પાછળ ઝાડો ચાલ્યો જતો હતો. જાણે હમણા જ મરી જશે; એવો દેખીને તેને છોડી દીધો. ૨૮. પછી બધા વૈરાગીઓ ઉદાસ થઈને વેદાંતાચાર્યની પાસે ગયા અને કહ્યું, 'તમારા વિના તો અમારી આબરૂ ગઈ છે. હવે તેને સુધારવી તે તમારા હાથની વાત છે. ૨૯. અત્યારે અમારામાં જીવ રહ્યો

નથી. મુકુંદદાસે એવી અમારી સ્થિતિ કરી છે કે દસ હજાર વૈરાગીઓને તેણે કળાથી જીતી લીધા છે. ૩૦.

અમારા હથિયારનું કાંઈ જોર ચાલ્યું નહિ. ટોપીવાળા અંગ્રેજે તો અમને ચોર બનાવ્યા. અમે ચોર થયા એટલે અમારાથી હવે કાંઈ થઈ શકે નહિ. હવે તમારા સિવાય અમારી આબરૂ રહેશે નહિ. ૩૧. દસ હજાર વૈરાગીઓ સવારના બજારમાં ભૂખ્યા બેઠા બેઠા તમને યાદ કરે છે. માટે અમે આપની આગળ વિનંતિ કરીને કહીએ છીએ.' ૩૨.

ત્યારે આચાર્યે કહ્યું, 'તમે બધા મારા પ્રાણ લેવા આવ્યા છો. સભાની રીતને તમે કાંઈ જાણતા નથી. આમાં તો પ્રતિષ્ઠિત માણસનું મોત થાય છે. ૩૩. તમે બધા મને જમદૂતના જેવા દેખાઓ છો. હવે કોઈ ઉપાય રહ્યો નથી. જો મ્યાનો હોય તો જલ્દી હું આવું. હવે હું પગથી ચાલી શકું તેમ નથી.' ૩૪. પછી બીજા વૈરાગીઓ તત્કાળ દોડ્યા અને મ્યાનો લઈ આવ્યા. પછી તે વેદાંતાચાર્ય તે મ્યાનામાં બેઠા. ૩૫. વેદાંતાચાર્યને તે વખતે ભયંકર ટાઢિયો કાળજ્વર આવ્યો હતો. અને તેનું શરીર એકદમ કાળું પડી ગયું. શરીર અને મોઢા ઉપર મેશ છવાઈ ગઈ હતી. મ્યાનામાં બેઠા બેઠા થરથર ધ્રૂજતા હતા. ૩૬. તેણે બેવડી પીળી શાલ ઓઢી ત્યારે કાંઈક રંગ દેખાયો. પછી તેઓ પુંડરીકનાથના મંદિરમાં આવ્યા. (સં.૧૮૭૫ આસો સુદ-૪, શનિવારે આ સભા થઈ.) ૩૭.

દિવસ પાછલો એક પહોર બાકી હતો ત્યારે તેઓ આવ્યા, એટલે મુક્તાનંદસ્વામીએ ઊભા થઈને તેમને આદરથી બોલાવ્યા. ૩૮. તેઓ ભાઉ પુરાણીની પાસે ગયા અને ઉદાસ થઈને બેઠા. ત્યારે ભાઉ પુરાણીએ તેમને કહ્યું, 'ઘણી રાહ જોઈ છે છતાં કોઈ વૈરાગી આવ્યા નથી. બહુ મોડું થાય છે. હવે સભાનો કાંઈ ઉકેલ કરો.' ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "રાજમાતાને સંતોનો ગુણ અને વેદાંતાચાર્ય એકલા સભામાં મુક્તમુનિ પાસે આવ્યા" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર અઢારમું : તરંગ - ૧૦

ધર્મસભામાં વેદાંતાચાર્યે ભાવ પુરાણીને છ પ્રશ્ન લખીને આપ્યા

ભાઉ પુરાણીએ આચાર્યને વાત કરી કે, 'કોઈ વૈરાગીમાં જીવ નથી અને સભા કરવા ચાહે છે. ૧. હવે તમે જો કાંઈક પ્રશ્ન પૂછો તો વૈરાગીઓને કાંઈક સંતોષ થાય. હવે પૂછ્યા સિવાય ચાલશે નહિ એવી સ્થિતિ થઈ છે. ૨. વૈરાગીઓએ ગરીબ સંતોને મારવું અને ગાળો દેવી, આટલું જ શીખી રાખ્યું છે. ૩. ગાળો દેવી અને કોઈને મારવું, આ કાંઈ ધર્મસભાની રીત નથી; તે તો અધર્મસભાની રીત છે. તે અધર્મી હોય ત્યાં ચાલે છે.' ૪.

ત્યારે આચાર્યે ભાઉ પુરાણીને કહ્યું, 'મુક્તાનંદસ્વામીને તમે બોલાવો અને તેઓ અમને પ્રશ્ન પૂછે. અમે તેનો ઉત્તર આપશું. ૫. જ્યારે આચાર્ય બોલી રહ્યા ત્યારે ભાઉ પુરાણીએ કહ્યું, 'તમે સભાની રીતે બોલતા નથી. આ સભા કોણે બોલાવી છે ? ૬. પ્રશ્ન કરવા માટે તો તમે સભા બોલાવી છે અને હવે તમે કહો છો કે, એ મને પ્રશ્ન પૂછે. આ સભાની રીત નથી. તમે રીતથી ઊલટું બોલવા લાગ્યા છો. ૭. પહેલા પ્રશ્ન પૂછવા માટે તો તમે આવીને સભા કરાવી છે. તો તમારે પ્રતિપક્ષીઓને પહેલો પ્રશ્ન કરવો જોઈએ. ૮. આ સભા મુક્તાનંદસ્વામીએ કરાવી નથી. તે વાત અમે જાણીએ છીએ. તેઓ સરકારને કાંઈ ઓળખતા પણ નથી. ૯. વૈરાગીઓ સરકારને ઓળખે છે અને તેથી જ તેમને બળ રહે છે. તેમને સાધુઓને પીડવા માટેનું શાહુકારોનું પણ બળ છે. ૧૦.

તેમણે આ બધી સભાની ખટપટ શરૂ કરી અને તેઓ જ હેરાન થયા. સાધુઓના ભગવાન હોય છે. ભગવાનનું ભજન કરવું તે સાધુનો ધર્મ છે. ૧૧. વૈરાગીઓ સરકાર અને શાહુકારોનું બળ દેખાડતા હતા. આ સંતોએ તો કોઈની આગળ ફરિયાદ કરી નથી. હા, તેમની ફરિયાદને એક ભગવાન સાંભળે છે. ૧૨. વૈરાગીઓને તો હથિયારનું બળ હતું. હથિયારથી સભા જીતવી તે તો ઘણી થોડી બુદ્ધિની વાત છે. ૧૩. સાધુઓએ હથિયાર બાંધવા એવું ક્યાં કહ્યું છે ? જેટલું શાસ્ત્રમાં કહ્યા બહાર વર્તવું તે બધું બાધયુક્ત કહેવાય છે. ૧૪. સાધુ થયા છે, પણ તેમાં સાધુતાનું એક લક્ષણ નથી. તેની તેમને કાંઈ ગમ પણ નથી. આ કેવા સાધુ છે ? ૧૫. જેઓ અસાધુ

હોય છે તેઓનો ઉત્તર ક્રોધ હોય છે અને જેટલા સાચા સાધુઓ છે તેઓ તો ક્રોધને શત્રુ કહે છે. ૧૬. પરસ્પર સાધુઓની જ્યારે સભા થતી હોય છે ત્યારે તેમાં રસ આવે છે. જ્યારથી આ મુક્તાનંદસ્વામી ઈત્યાદિક સાધુઓ અહીંયા આવ્યા છે ત્યારથી તેઓ પ્રસન્નમનથી ભગવાનનો રસ પી રહ્યા છે. તેમનાં મનમાં એક તલભાર પણ ઉદ્વેગ નથી. અને અસાધુઓની સભામાં તો આવો રસ ક્યારેય આવે નહિ. ૧૭-૧૮. વૈરાગીઓએ અસાધુતા કરી તો તેમના દિલમાં ઉદ્વેગ થઈ રહ્યો છે. તમારું રૂપ તમે જ જાતે દેખાડ્યું છે. તેમાં આ સંતોને રતીભાર પણ બાધ આવ્યો નથી. ૧૯. નવો ધર્મમાર્ગ ચલાવ્યો છે એમ જે કહો છો તેમાં શું બાધ દેખાય છે ? તમે જેટલા નિર્બાધ રીતે ચાલતા હોય તે લખીને બતાવો. ૨૦.

તેમના ગુરુમાં તમને જેટલો બાધ દેખાતો હોય તે તમે પૂછો. તમે પૂછવાની રીત જ જાણતા નથી. તમને હું પૂછવાની રીત સ્પષ્ટ રીતે બતાવું છું.' ૨૧. વેદાંતાચાર્યને તે વખતે પ્રશ્ન પૂછવાની હિંમત આવી. તેમણે પૂછવા માટે છ પ્રશ્ન લખાવ્યા. લખાવવામાં પણ તે બાળક જેવા દેખાયા. ૨૨. જ્યારે તે પ્રશ્ન લખી રહ્યા ત્યારે ભાઉ પુરાણીએ તે વાંચ્યા. પશુ સમાન ગામઠી લોકોનાં જેવાં વચન સાંભળ્યા હતા તેવા તેમણે પ્રશ્ન લખાવ્યા હતા. ૨૩. જે વિદ્વાનો કહેવાય છે તેમનાં મુખમાં જે શબ્દ શોભે નહિ તેવા શબ્દ આચાર્યે વિદ્વાન હોવા છતાં લખાવ્યા હતા. તે દેખીને ભાઉ પુરાણી મનમાં ઘણું આશ્ચર્ય પામ્યા. ૨૪.

આચાર્ય વિદ્વાન હોવા છતાં તેની બુદ્ધિનો નાશ થઈ ગયો હતો. તેનું મૃત્યુ સમીપ આવ્યું હતું એટલે અધર્મીઓની સાથે નિવાસ કર્યો હતો. ૨૫. વિદ્વાન હોવા છતાં પણ જ્યારે બુદ્ધિનો નાશ થઈ જાય છે ત્યારે તેને બોલવાનું ભાન રહેતું નથી અને તેને સવળું હોય તે અવળું દેખાય છે. ૨૬. 'પ્રશ્ન તો તમે લખાવ્યા, પણ તેને હવે કોણ પૂછશે ? તમે કહો તેને હવે બોલાવીએ. ઘણું મોડું થઈ રહ્યું છે.' આમ ભાઉ પુરાણીએ કહ્યું છતાં કોઈ બોલ્યા નહિ. ૨૭. ભાઉ પુરાણીએ વૈરાગીઓને કહ્યું કે, 'હવે બધી સભા પૂરી થઈ રહી. અમે ઊઠીએ છીએ. અમે તમને જોઈ લીધા. ૨૮. સાચા સંતોને મારવા માટે જ તમે સભા કરી હતી. હવે તમે તે સંતોને મારી તો જુઓ ! અમે

તમને બધાને જોઈ લીધા છે. ૨૯. આ સંતો જે જે ગામમાં ફરે ત્યાં તમારામાંથી તેમનું કોઈ તલભાર પણ નામ લેશે તો તમારી જેટલી સાધુતા છે તે બધાને અમે જોઈ લેશું. ૩૦.

અમે તો સાધુઓથી ડરતા રહીએ છીએ. અસાધુનો અમે કાંઈ ડર રાખતા નથી.' તે સમયે સરકારના વિષ્ણુદાસ નામે એક ગવૈયા હતા. તે રાધાવલ્લભીય સંપ્રદાયના હતા. તેણે કહ્યું કે, 'હું પ્રશ્ન પૂછું છું. સંતોને પ્રશ્ન પૂછવામાં મને કોઈ બાધ નથી. ૩૧-૩૨. હું આ બાબતમાં કાંઈ જાણતો નથી. જે લખેલું છે તેટલું હું બોલીશ. હું તો સંતોનો દાસ છું. હવે તમે સંતોને પાસે બોલાવો.' ૩૩. તે વખતે એક જાસૂદ દોડીને મુક્તાનંદસ્વામીને હાથ જોડીને બોલાવવા આવ્યો કે, 'આપ ચાર સંતોને લઈને સભામાં આવો અને સ્વામી, અમારા ઉપર પ્રસન્ન રહેજો. ૩૪. અત્યારે આપ મહાન સંત છો. ભગવાન આપની લાજ રાખે છે. સાગરના જેટલું જો પાણી હોય તો તેને આગ ઝાઝું નુકશાન શું કરી શકે ? ૩૫.

મેરુના સમાન પર્વત હોય તો તેને કરોડો મચ્છર ભેળા થઈને પણ શું કરી શકે ? માખ બોલે કે હું ગરૂડથી ઘણી મહાન છું, પણ ક્યાં ગરૂડ અને ક્યાં માખ ? આજે સંતોની આગળ આવી ઘટના બની છે. બધા ભેખધારીઓ લડવા આવ્યા છે, પણ ભગવાન આપની મોટાઈને વધારશે. ૩૬-૩૭. મુક્તાત્માની આગળ સામાન્ય જીવનું બળ શું દેખાય ? જીવ તો આખિર જીવ જ રહે છે અને મુક્ત તો અવિચળ હોય છે.' ૩૮. પછી મુક્તાનંદસ્વામી ભાઉ પુરાણીની પાસે આવ્યા. ત્યારે ભાઉ પુરાણીએ ઊભા થઈને તેમનું સારી પેઠે સન્માન કર્યું. ૩૯. ભગવાનનું મંદિર હતું એટલે તેણે સ્વામીને યોગ્ય આસન આપ્યું. મુક્તાનંદસ્વામી તો મનમાં ઘણા પ્રસન્ન હતા એટલે પછી આસન ઉપર બેઠા. ૪૦. ચાર સંપ્રદાયના મોટા સંતોએ મળીને કોઈના દ્વારાએ જેવું સાંભળ્યું હતું તેવા પ્રશ્નો કહ્યા હતા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "ધર્મસભામાં વેદાંતાચાર્યે ભાવ પુરાણીને છ પ્રશ્ન લખીને આપ્યા" એ નામે દશમો તરંગ સમાપ્ત ॥૧૦॥

પૂર અઢારમું : તરંગ - ૧૧

મુક્તાનંદસ્વામીએ વૈરાગીઓના પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો

ત્યારે ભાઉ પુરાણીએ સભામાં કહ્યું, 'શ્રમપૂર્વક લખી આપેલા પ્રશ્ન નિર્જીવ જેવા છે, પણ હવે આપ તેનો ઉત્તર આપો.' ૧. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'જે પ્રશ્નો લખ્યા છે તે અમને પૂછો. પછી જેવા આવડશે તેવા ઉત્તર આપીશ.' ૨. પછી વિષ્ણુદાસ નામે જે વૈરાગી હતા તે બે હાથ જોડીને મુક્તાનંદસ્વામી આગળ બોલ્યા કે, 'મારા અપરાધને આપ માફ કરજો. ૩. કોઈ વૈરાગી પ્રશ્ન કરતા નથી. તેથી હું વૈરાગી તરફથી બોલું છું. વૈરાગીઓ સવારથી ભૂખ્યા મરી રહ્યા છે. ૪. ધર્મનું સ્થાપન કરવાને માટે સ્વામિનારાયણ પ્રગટ થયા છે. તેમને મેં નજરે જોયા નથી, પણ આ વેદાંતાચાર્યે દેખ્યા છે. ૫.

આ આચાર્યજી વડતાલમાં પાંચ દિવસ સુધી સ્વામિનારાયણની સાથે પ્રશ્ન-ઉત્તર કરતા રહ્યા હતા, અને સ્વામિનારાયણ તેમને રોજ સાકરનું પાકું સીધું અપાવતા હતા. ૬. તેમનું સારી રીતે સન્માન પણ કર્યું હતું. તેમને સંપ્રદાયની રીતના જ્યારે પ્રશ્ન પૂછાતા હતા ત્યારે સ્વામિનારાયણે જે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તર આચાર્ય આપતા હતા. ૭. પણ તેમાં જ્યારે સ્વામિનારાયણે આશંકાઓ કરી ત્યારે આચાર્ય મૂંઝાઈ ગયા. અને તે આશંકાનો કાંઈ ઉત્તર આપી શક્યા નહિ. તેથી તેણે પોતાનું માન ભંગ થયું હોય તેમ મનમાં માની લીધું. ૮. તેઓ વડતાલથી ચાલ્યા ત્યારે તેમને રૂપિયા પણ અપાવ્યા, પરંતુ વૈરાગીઓએ ભેગા મળીને તેને ભરમાવી દીધા. અને વૈરાગીઓએ તેમને જે રીતે ઉશ્કેર્યા તે રીતે તેઓ મુખથી બોલવા લાગ્યા. ૯. જેટલી વાતોનો મુખથી બકવાસ કર્યો તેમાં કોઈ એક વાત પણ પ્રમાણભૂત થઈ નહિ. હવે જે વાત પ્રમાણભૂત ન થઈ તેને આ સભામાં તેમણે પ્રમાણભૂત કરાવવી છે. ૧૦.

હવે તે વાતો જો આ સભામાં પ્રમાણભૂત થાય તો તેનાથી વૈરાગીઓને બળ મળે. પરંતુ સત્પુરુષો તો સૂર્યના સમાન છે અને કલ્પવૃક્ષના જેવા જણાય છે. ૧૧. કલ્પવૃક્ષ અને સૂર્યમાં તેવા ગુણ રહ્યા છે કે તેની આગળ

જેવી ભાવના રાખે છે તેવું તેને ફળ મળે છે. ૧૨. સ્વામિનારાયણે આ આચાર્યના ઉપર પત્રમાં લખ્યું છે કે, 'ચારે સંપ્રદાયના તમે શુદ્ધ ગુરુ રહ્યા છો. ૧૩. તો તમારા તે ચાર સંપ્રદાયમાં અમારા સંતોની સાથે તમે સહુને હેત-પ્રીત કરાવો તો કોઈ અમારા સંતોને પીડે નહિ. ૧૪. અમારા ઉદ્ધવ મતના બધા સંત શુદ્ધ વર્તનવાળા છે. તેઓ કોઈ પણ પ્રકારનું વ્યસન કે નશો કરતા નથી. ૧૫. તેઓ આઠ પ્રકારે ધન અને નારીનો ત્યાગ રાખે છે. ભગવાન સિવાય કોઈ વસ્તુમાં આસક્તિ રાખતા નથી. ૧૬. તમારા સંપ્રદાયની સાથે જો તમે સંપ નહિ કરાવો તો અમારા ઉદ્ધવ સંપ્રદાયના સંતો બીજા મતને માટે તીખા કુવાડા જેવા છે.' ૧૭.

(૧) તમને તો બધા લોકો નિર્માની કહે છે તો પછી સ્વામિનારાયણે તમને **સંતોને બીજા મતના કુવાડા જેવા શા માટે કહ્યા ?** આ પ્રશ્નનો ઉત્તર તમે અમને આપો અને આટલો સંશય ટાળો. ૧૮. સ્વામિનારાયણના સહુ સંતોમાં તમને લોકો મુખ્ય કહે છે. જે બધી વાતોને જાણતા હોય ત્યારે જ તે મુખ્ય બને છે. ૧૯.

સ્વામિનારાયણ જ્યારે પહેલા વહેલા આવ્યા ત્યારે બાળસ્વરૂપ હતા અને તેઓએ તમારી સેવા કરી હતી. તેઓ સરવરિયા વિપ્ર છે અને ઈટ્ટાર પાંડે તેમની અટક છે. બચપણથી જ તેઓ વર્ણી થયા હતા. અને તેમને તમે સંતોમાં પ્રેમ કરાવ્યો તેમજ બીજી વસ્તુમાંથી પ્રેમ તોડાવી નાખ્યો. ૨૦-૨૧. તમારી સેવાના પ્રતાપથી તેઓ રામાનંદસ્વામીને મળ્યા. રામાનંદસ્વામી શ્રીકૃષ્ણ ભગવાનના અત્યંત પ્રિય ઉદ્ધવજીનો અવતાર હતા. ૨૨. શ્રીકૃષ્ણ ભગવાનમાં જેટલું જ્ઞાન હતું તે બધું તેમણે ઉદ્ધવજીને આપ્યું હતું અને આ સ્વામિનારાયણને ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ તે બધું જ્ઞાન આપ્યું છે. ૨૩. તે સ્વામિનારાયણની વાત તમે જાણો છો. તેઓ બીજા મતના સંતોને કુવાડા જેવા કહે છે તે સમજાતું નથી. આ બીજાને કુવાડો કહ્યો તેનો જ્યારે ઉત્તર આપો ત્યારે હું બીજો પ્રશ્ન પૂછીશ. ૨૪. જ્યારે વિષ્ણુદાસે પ્રશ્ન કર્યો ત્યારે મુક્તાનંદસ્વામી તેનો ઉત્તર આપવા લાગ્યા કે, બાદશાહે તેના વજીર

લવા આગળ વાત કરી કે મારા દોરેલા આ લીટાને અડ્યા સિવાય તું નાનો કરી દે ત્યારે હું તને બુદ્ધિમાન કહું. ૨૫-૨૬.

ત્યારે લવાએ તે જ વખતે બાદશાહના લીટાની પાસે તેને અડ્યા સિવાય બીજો લાંબો લીટો ખેંચી દીધો, એટલે આગળ જે લીટો કર્યો હતો તે તેને અડ્યા વિના તેની આગળ નાનો થઈ ગયો. કુવાડાની વાત પણ તેવી જ છે. ૨૭-૨૮. જેટલા મત છે તે બધાના પ્રાયઃ ભેખધારીઓ સ્ત્રી અને ધનમાં લોભાયેલા રહે છે. કેફ અને વ્યસનથી ભરપૂર રહ્યા છે. તેઓ કોઈ વાતમાં અધૂરા નથી. ૨૯. ભેખધારી કહેવાતા હોવા છતાં સંસારી કરતાં પણ આગળ નીકળી ગયા છે.

અને અમારા જેટલા સંતો છે તે સ્ત્રી અને ધનનો સ્પર્શ પણ કરતા નથી. ૩૦. વળી, સ્ત્રીના સંબંધને લીધે કેટલાએ ઉપવાસ કરે છે. ક્રોધ કરીને જેટલી ગાળો દે તેટલા તે ઉપવાસ કરે છે. ૩૧. જેટલાનું હથિયાર એવું નામ હોય છે તેને કોઈ સંતો રાખતા નથી. ક્યારેય તેઓ પોતાની કરીને વ્યક્તિગત જગ્યા બાંધતા નથી. ૩૨. તેમની કોઈ વાત નિયમ વિનાની નથી. સહુ સંતો નિયમમાં જ વર્તે છે. સંતોના ઉત્તમ વર્તનને તથા શુદ્ધ રીતને જોઈને જેટલા ગુણગ્રાહી વિવેકી સંસારીઓ છે તે તેમને સાચા સંત કહે છે. અને જેટલા નિયમ વિનાનું વર્તન કરે છે તેમને તેઓ પાખંડી કહે છે. ૩૩-૩૪.

❋ નિયમમાં રહે તે ઉગરે :

चोपाई :

सूर्य के उदे होवे जबहू, पतंग कुन लेख में तबहू;
नियम बिन वरतत रहे जितने, संसारी अरु त्यागी तितने...३५
पतंगिये सम रहेउ ताही, मरीके जमपुरी में जाही;
नियम करिके संत कु कुठारा, कहे एसे करी निरधारा...३६

સૂર્યનો જ્યારે ઉદય થાય છે ત્યારે આગિયા જેવા પતંગિયા શું લેખામાં આવે ? નિયમ રહિત જેટલા સંસારીઓ અને ત્યાગીઓ વર્તે છે તે બધા અમારા સંતોની આગળ પતંગિયાના જેવા છે, અને તેઓ મરણ પછી

જમપુરીમાં જાય છે. નિયમો પાળવાની બાબતમાં અમારા સંતોને નિશ્ચિત રૂપમાં કુવાડા જેવા કહ્યા છે. ૩૫-૩૬. જેટલી સત્ય વાતો છે તે અસત્ય વાતો માટે સહેજે કુવાડા જેવી છે. એટલે તમારા પ્રશ્નનો ઉત્તર આવો છે.' ૩૭. ત્યારે ભાઉ પુરાણી બોલ્યા, 'સંતોને જે કુવાડો કહ્યા તેનો ઉત્તર યથાર્થ થયો છે. તેમાં કોઈ રતીભાર પણ સંદેહ નથી.' ૩૮. (૨) વળી વિષ્ણુદાસે બીજો પ્રશ્ન કર્યો કે, 'સ્વામિનારાયણના જેટલા **ગૃહસ્થો છે તે સ્ત્રીની સન્મુખ જોતા નથી. સ્વામિનારાયણ સહુની પાસે સ્ત્રીનો ત્યાગ કરાવી દે છે.** તે બાબતમાં તમે શું કહો છો ?' તેનો હવે ઉત્તર કરો. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મુક્તાનંદસ્વામીએ વૈરાગીઓના પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર અઢારમું : તરંગ - ૧૨

મુક્તાનંદસ્વામીએ વૈરાગીઓના બધા પ્રશ્નોના ઉત્તર કર્યા

વૈરાગીઓએ આગળ કહ્યા મુજબનો જ્યારે બીજો પ્રશ્ન કર્યો ત્યારે ઉદાર સ્વભાવના મુક્તાનંદસ્વામી તેનો ઉત્તર કરવા લાગ્યા. ૧. સ્વામી ઉત્તર ટૂંકમાં આપતા હતા. બહુ લાંબો વિસ્તાર કરતા નહિ. 'હાથ કંગન તો આરસી ક્યાં' 'હાથમાં કંકણ પહેર્યું હોય તો અરીસાની શી જરૂર ?' ૨. તે કહેવત પ્રમાણે કરાલી ગામના અમીન પાટીદાર હરિભક્તો અહીં બેઠા છે. તેમણે કેટલાએ નારીનો ત્યાગ કરી દીધો છે ? ૩. અને ફરતા ગામના જે હરિભક્તો અહીં બેઠા છે તે સહુને પૂછી જૂઓ કે કેટલાએ નારીનો ત્યાગ કર્યો છે ? ૪. તે હરિભક્તો ઉત્તર આપી દે પછી જે બાકી રહે તે ઉત્તર અમે આપશું.'

ત્યારે ભાઉ પુરાણીએ કહ્યું, 'તે બાબતને તો હું જાણું છું. ૫. કોઈએ નારીનો ત્યાગ કર્યો નથી. આ તો ખોટી વાત કહેવાય છે. બીજા પ્રશ્નનો ઉત્તર બધો નિઃસંદેહ થઈ ગયો છે.' ૬. (પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "સાંભળો, જગતમાં અસંખ્યાત ગૃહસ્થાશ્રમી છે તેને કાંઈ અમે સ્ત્રીઓ

તજાવતા નથી, પણ જેને વૈરાગ્ય ઉપજે તે એની ખુશીથી તજી દે છે. જુઓ, આગળ ચિત્રકેતુ રાજા હતા તે પણ કરોડ સ્ત્રીઓ તજીને વનમાં ગયા હતા. તેમ જેને વૈરાગ્ય થાય તે સ્ત્રીને તજી સંત થાય છે, તે તો આપણી સનાતન પરંપરા છે, પણ અમે કાંઈ કોઈને જોર કરીને સ્ત્રીઓ તજાવતા નથી. માટે તમે એ પ્રશ્ન કોઈ ભોળો માણસ બોલે તેમ બોલેલો છે." તે સાંભળીને તે સભામાં જે ડાહ્યા મનુષ્યો બેઠા હતા તે બોલ્યા જે, "તે ઉત્તર પણ ખરો છે.")

(૩) પછી વૈરાગીએ સ્વામીને ત્રીજો પ્રશ્ન પૂછ્યો કે, **'તુલસીના સમાન કોઈ ઉત્તમ વસ્તુ નથી, પણ સ્વામિનારાયણ તેને પોતાના પગ ઉપર ચડાવે છે.** ૭. આ વાતમાં તથ્ય શું છે ? હે મુનિ ! તમે જેમ દેખ્યું હોય તેમ બોલો.' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'તમારી કહેલી વાત મિથ્યા છે. અમે તુલસી ચડાવતા ક્યારેય દેખ્યા નથી. ૮. આ વેદાંતાચાર્ય વડતાલમાં પાંચ દિવસ રહ્યા છે. તે રહ્યા ત્યારે તુલસી ચડાવતા ક્યારેય જોયું હોય તો તેમને પૂછો. ૯. તેમણે જોયું હોય તો તે અત્યારે બોલે. તો પછી અમે સત્ય વાત કહેશું.' ત્યારે તે આચાર્ય બોલ્યા, 'મેં મારી નજરે તુલસી ચડાવતા જોયા નથી. ૧૦. લોકો પાસેથી સાંભળેલી વાત લખી છે. કદાચ આ વાત ખોટી કહી દીધી હોય.'

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'સમૈયા-ઉત્સવમાં હજારો લોકો આવે છે. ૧૧. માળી કોઈ પાર ન આવે તેટલા ફૂલના હાર લાવે છે અને તેમાં કેટલાકમાં તુલસી ગૂંથ્યા હોય એવા પણ હાર આવે છે. ૧૨. પહેરાવાતા હારમાંથી ક્યારેય ફૂલ પલંગ ઉપર પડતા હોય છે અને તે ફૂલમાં તુલસીપત્ર પણ પડ્યા હોય છે.' ૧૩. ત્યારે ભાઉ પુરાણી બોલ્યા, 'હારમાં તુલસી રહ્યા હોય તેમાં કોઈ બાધ નથી. ૧૪. તુલસી બાબતના પ્રશ્નનો ઉત્તર થઈ ગયો છે. તેમાં રતીભાર પણ સંશય નથી. કારણ કે મુક્તાનંદસ્વામી વિચાર કરીને નિર્ભયભાવથી વચન બોલ્યા છે. ૧૫.

(૪) 'સ્વામિનારાયણના જેટલા **બ્રાહ્મણ શિષ્ય હોય છે તે બધા દેવસેવાનો ત્યાગ કરી દે છે** આવો ચોથો પ્રશ્ન પૂછાયો છે. તો હવે આપ તેનો ઉત્તર કહો.' ત્યારે મુક્તાનંદસ્વામી નિર્ભયપણે તેનો ઉત્તર આપવા લાગ્યા. ૧૬-૧૭. 'અમારા હરિભક્ત વિપ્ર કેટલાક અહીંયા બેઠા છે. તો

તેમને ઘેર તમારા કોઈ વિપ્રને મોકલીને ચોક્કસ નિર્ધાર કરો. ૧૮. દેખીને આવનારા તેઓ જે રીતે કહે તે વાતને તમારે ચોક્કસ સાચી માનવી.' તે સમયે ત્યાં બેઠેલા હરિભક્ત વિપ્રો બોલ્યા, 'અમારે સહુને ઘેર દેવસેવા ચાલું છે. ૧૯. સાચું જાણીને પ્રશ્ન પૂછવો જોઈએ. કોઈ પણ વાતનો નિશ્ચય કર્યા સિવાય જે ખોટી વાત કહે તે કઈ રીતે સત્ય થાય ? તે તો આંકડાના તૂરની જેમ ઊડી જાય છે.' ૨૦.

(૫) પાંચમો પ્રશ્ન એવો છે કે, **'સ્વામિનારાયણ મસ્તક ઉપર મુગટ ધારે છે.** તે વાતમાં તથ્ય શું છે ? આ તો અમારા સાંભળવામાં આવ્યું છે.' ૨૧. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'સુરતના હરિભક્તો સ્વામિનારાયણને માટે મુગટ લાવ્યા હતા. તે હરિભક્તોના મનમાં ઘણો પ્રેમભાવ હતો. સ્વામિનારાયણ તે વાતને જાણતા ન હતા. ૨૨. હુતાશનીની રાતે મુગટ લાવ્યા ત્યારે તેને દેખીને સ્વામિનારાયણ કચવાયા અને બોલ્યા કે, અમે મસ્તક ઉપર મુગટ ધારશું નહિ.' ત્યારે હરિભક્તોના મનમાં ઘણી પીડા થઈ. ૨૩.

પછી તે હરિભક્તોને રાજી રાખવા માટે પોતે મસ્તક ઉપર મુગટ ધારણ કર્યો અને સહુ હરિભક્તોએ જ્યારે દર્શન કરી લીધા ત્યારે તે મસ્તક ઉપરથી તરત ઊતારી લીધો. ૨૪. પછી સ્વામિનારાયણે તે ભક્તોને કહ્યું કે, 'માથા ઉપર મુગટ ધારણ કરવો તે તો રાસધારીની રીત છે અને જે અમીર હોય છે તે પણ મુગટને ધારણ કરતા નથી. ૨૫. અમે તો સાધુ છીએ એટલે મુગટ પહેરાવીને અમને શું રાસધારી કરવા છે ? પણ સહજાનંદસ્વામીને હરિભક્તોને દુઃખવતા દયા આવે છે.' ૨૬. ત્યારે ભાઉ પુરાણી બોલ્યા, 'તેમાં કાંઈ વિરોધજનક વાત નથી. હવે બીજો પ્રશ્ન પૂછો.' ૨૭.

(૬) **'સ્વામિનારાયણ રાસ રમે છે** આ અમારો છઠ્ઠો પ્રશ્ન છે. તેઓ બ્રહ્મચારી છે છતાં (સ્ત્રીઓ સાથે) રાસ રમે તે કેમ બને ? તે કહો.' ૨૮. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'અવિનાશી સ્વામિનારાયણ પ્રભુ આજ સુધી ક્યારેય સ્ત્રીઓની સાથે રાસ રમ્યા નથી. અમારા ઉદ્ધવ સંપ્રદાયમાં સહુને માટે એક એવો નિયમ રહ્યો છે કે, ગૃહસ્થ કે ત્યાગી જે પુરુષો હોય તેમણે

સ્ત્રીની સાથે ક્યારેય બેસવું નહિ. ગૃહસ્થે તો એકાંતમાં માતા, બહેન, દીકરી અને કાકીની સાથે પણ બેસવું નહિ. ૨૯-૩૦.

અને જેટલા ત્યાગીઓ છે તેને તો સ્ત્રીનો પ્રસંગ રહેતો જ નથી. દિવાળીનો ઉત્સવ હરિભક્તો ક્યારેક કરાવે છે ત્યારે તેઓ દીપમાળાને બાંધે છે, અને તેમાં વચ્ચે સ્વામિનારાયણ બેસે છે. અને હરિભક્તોને જેવો ભાવ હોય તે પ્રમાણે વસ્ત્ર આભૂષણ ધરાવે છે. તેને તેઓ પોતાનાં અંગ ઉપર તે રીતે ધારે છે. અને પછી જે હરિભક્ત પુરુષો હોય છે તે ગરબીના પદ ગાતા રહે છે. ૩૧-૩૩. તેમાં કેટલાક ભાવિક પુરુષો દીપમાળાને ફરતા કીર્તન ગાતા ફરે છે અને ક્યારેક ત્યાગી સંતો પણ ફરીને ગાય છે. ૩૪.

સ્વામિનારાયણને રાજી કરવા માટેનો હરિભક્તો અને સંતોનાં મનમાં ભાવ રહે છે. અને ક્યારેક તો તેઓ સંતોની સાથે ઉમંગથી ફરે પણ છે. ૩૫. સંતો અને હરિભક્તો ગરબીના કીર્તન ગાતા જે રીતે ગોળાકારે ફરતા હોય છે, તે રીતે પુરુષોની સભાથી દૂર રહીને સધવા સ્ત્રીઓ પણ ગરબીના કીર્તન ગાતી ગાતી ફરતી હોય છે. ૩૬. જેટલા હરિભક્ત પુરુષો હોય છે તે સ્ત્રીઓની તરફ દેખતા પણ નથી. જે જે ઠેકાણે હરિભક્તો હોય છે ત્યાં આવા બધા નિયમો પાળે છે. ૩૭. અને તે પણ રોજ નથી ફરતા, કોઈ વખતે ઉત્સવમાં જ ગોળાકારે ફરીને કહ્યું તે પ્રકારે રાસ સાથે ગાય છે.' ૩૮. જેવું વર્તન હતું તે બતાવીને બધા જ પ્રશ્નના ઉત્તર કર્યા. તેમાં કોઈ પણ જાતનો બાધ દેખાયો નહિ ત્યારે ભાઉ પુરાણી ઘણા જ પ્રસન્ન થયા. ૩૯. ભાઉ પુરાણીએ તે વખતે વૈરાગીઓને કહ્યું, 'તમે બધા જૂઠા ઠર્યા છો. ક્યારેય આવી વાત કરશો નહિ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મુક્તાનંદસ્વામીએ વૈરાગીઓના બધા પ્રશ્નોના ઉત્તર કર્યા" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર અઢારમું : તરંગ - ૧૩

ઉદ્ધવ સંપ્રદાયના દિગ્વિજયથી શ્રીહરિ તથા સંતો-હરિભક્તોને આનંદ થયો

(તા.૩/૧૦/૧૮૧૮ સં.૧૮૭૫, આસો સુદ-૪, શનિવારે વિઠ્ઠલનાથના મંદિરમાં સભા થઈ હતી.) ગાયકવાડ સરકારના રાજમાતા ગયાબાઈ આ પ્રશ્નના ઉત્તર સાંભળીને ખૂબ જ રાજી થયા. ૧. રાજમાતાએ ભાઉ પુરાણીને કહ્યું, 'સ્વામિનારાયણનો ઉદ્ધવ સંપ્રદાય સાચો છે. ૨. વૈરાગીઓએ ઉદ્ધવ મતને સત્ય કરવાને માટે જ, સાચો ઠરાવવા માટે જ આ સભા બોલાવી હતી એમ સરકારને જાણ થઈ ગઈ છે. ૩. **ઉદ્ધવ મતના બધા સંતો પોતાના બળવાન વર્તનને લીધે શ્રેષ્ઠ થયા છે. વળી તે સંતોની સમજણ પણ ખૂબ જ બળવાન છે.** ૪. તેમની જે જે રીત છે તે સહુથી ઘણી શ્રેષ્ઠ છે. અને તેમાં જ ચોક્કસ મોક્ષ રહ્યો છે. તે બધું તેમનું વર્તન જ કહી દે છે. ૫.

❋ જ્યાં સારું વર્તન હોય ત્યાં શ્રીહરિ રહે છે :

चोपाई :

इनके वरतन रहाये जेता, भगवान कु रिझावन हि तेता;
लोक कु रिझावन नहि रहाये, तिन करि मोक्ष रहे मुद पाये...०६
अच्छी बुरी बात जो जितनी, वरतन तामें रहाये तितनी;
वरतन अछे रहे जा मांही, भगवान आई रहत ता मांही...०७
भगवान तिहाँ कहा न रहेऊ, सब रहे देखे न आवत तेऊ;
देखवे की रीत रहे जिस रीता, देखेमें आवत तिस रीता...०८

આ સંતોનું વર્તન ભગવાનને રાજી કરવા માટે છે. લોકરંજન માટે નથી. અને તેને લીધે જ તેમના વર્તનમાં મોક્ષ પ્રસન્નતાપૂર્વક રહ્યો છે. ૬. સારી મોળી જેટલી બાબત હોય છે તે બધી વર્તનમાં રહેલી હોય છે. જેમાં શુદ્ધ વર્તન હોય છે તેમાં ભગવાન આવીને રહે છે. ૭. અને ભગવાન રહ્યા હોય ત્યાં શું ન રહ્યું હોય ? અરે ! ત્યાં જ બધું રહ્યું હોય છે, પણ તે દેખ્યામાં આવતું નથી. તે તો તેને દેખવાની રીત જે પ્રકારની હોય તે

પ્રકારે દેખવામાં આવે ત્યારે દેખાય છે. ૮. જેટલામાં આપણું રાજ્ય છે તે બધી જગ્યાએ આ સંતોને કોઈ દુભાવે નહિ. અને કદાચ કોઈ દુભાવે તો તેનું તમારે ધ્યાન રાખવું અને ખબર પડ્યા પછી તરત જ તેના ઉપર દબાણ થાય તેવું લખવું.' ૯.

રાજમાતાએ આટલી ભલામણ કરીને ભાઉ પુરાણીની પાસે જે મુક્તાનંદસ્વામીની સાથે સંતો હતા તે સહુની પણ પૂજા કરાવી. કેસરયુક્ત ચંદન સહુને ચરચ્યું અને ફૂલના હાર તે વખતે પહેરાવ્યા. ૧૦. રાજમાતા સંતોને દૂરથી પગે લાગ્યા અને મ્યાનામાં બેસીને ચાલતા થયા. મુક્તાનંદસ્વામીને બેસવાને માટે તેમણે એક બીજો મ્યાનો મોકલ્યો. ૧૧. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'અમે ચાલીને આવ્યા છીએ અને હવે ચાલીને જઈશું. મ્યાનામાં વેદાંતાચાર્યને બેસાડો. તેમાં અમે બહુ રાજી છીએ.' ૧૨. પછી મુક્તાનંદસ્વામી ત્યાંથી ચાલતા થયા. બધા સંતો અને હરિભક્તો સાથે હતા. જ્યારે આવ્યા ત્યારે કીર્તન બોલતા હતા, તે રીતે જ જ્યારે ચાલ્યા ત્યારે કીર્તન બોલતા હતા. ૧૩. આગળ બજારમાં બધા વૈરાગીઓ ઊભા હતા. સહુ સ્વામીની સામે જોઈ રહ્યા હતા, પણ કોઈ કાંઈ બોલી શક્યા નહિ. ૧૪. જેટલા નગરજનો હતા તે ઘણા આદરભાવથી સંતોનાં દર્શન કરતા હતા અને પગે લાગતા હતા. ૧૫. અને કેટલાક ભાવિક લોકો તો ફૂલના હાર લાવતા અને પ્રેમભાવથી સંતોને પહેરાવતા હતા. ૧૬.

સંતો જ્યારે પુંડરીકનાથના મંદિરમાંથી બહાર આવ્યા ત્યારે સરકાર ઝરૂખામાં ઊભા હતા. ત્યાં દૂર જ ઊભા રહીને તેમણે સંતોનાં દર્શન કર્યાં. સંતો માંડવી દરવાજામાં પહોંચ્યા ત્યાં સુધી સરકાર દર્શન કરતા રહ્યા. ૧૭-૧૮. માંડવી ચોકથી જ્યારે સંતો આગળ આવ્યા ત્યારે જ્યાં સરકારી કોઠો છે ત્યાં જગાતની ચિઠ્ઠી ફાટતી હતી. ૧૯. તે જગ્યાએ ફૂલહારની મોટી બે છાબો ભરી રાખી હતી. અને તે કોઠાવાળા અધિકારીઓએ સંતોને ઊભા રાખીને બધાને પ્રેમથી હાર પહેરાવ્યા. ૨૦. તેઓ બોલ્યા કે, 'તમે બધા વૈરાગીઓને સહેજે જ જીતી લીધા છે. આ સભામાં તમે સાચા સંત ઠર્યા છો. અને તમારા સિવાયના બધા પાખંડી ઠર્યા છે. ૨૧. સભામાં ઉદ્ધવ

સંપ્રદાયનો તમે દિગ્વિજય કરી દીધો છે. જ્યારે તમે દિગ્વિજય કર્યો તે વખતે નોબત અને ચોઘડિયા વાગ્યા હતા. ૨૨. તે વખતે મોટો 'જય જય...જય જય...' આવો શબ્દ આકાશમાં થતો રહેતો હતો. અમે શબ્દ સાંભળ્યો હતો. કોઈને દેખ્યા નથી, પણ તે શબ્દ આખા આકાશમાં છવાઈ ગયો હતો. ૨૩. તમને બધાને મારવાને માટે વૈરાગીઓએ મળીને સભા કરાવી હતી, પરંતુ તે અરસામાં અંગ્રેજ અધિકારી પલટન લઈને આવી ગયા. ૨૪. વૈરાગીઓ પલટનને દેખીને ડરી ગયા. અંગ્રેજોએ તરત જ તેને ગુનેગાર ઠરાવ્યા. આજે ભગવાને આવીને તમારી રક્ષા કરી છે. તે અમે દેખ્યું છે.' ૨૫.

આટલી વાત કરીને વેપારી લોકો પગે લાગ્યા. પછી સંતો ચાલતા થયા અને પોતાની જગ્યા ઉપર આવ્યા. ૨૬. હરિભક્તો સાકર લાવીને તરત વહેંચવા લાગ્યા. પછી આરતી અને ધૂન કરી. ત્યાં સહુને આનંદ થઈ રહ્યો હતો. ૨૭. સવારના પહોરમાં બધા હરિભક્તો પોતપોતાને ગામ ગયા. મનમાં સહુ ખુશી હતા અને સહુને સત્સંગનો નવો રંગ ચઢી ગયો હતો. ૨૮. સભામાં જે રીતે વિજય થયો તે બાબતનો તરત પત્ર લખાવ્યો, તે પત્રને શોધીને બીડી દીધો. ૨૯. વડતાલના જુસા પગી ત્યાં દર્શન કરવા આવ્યા હતા. તેમની સાથે તખા પગી અને વખતા પગી આવ્યા હતા. તેઓ વડોદરામાં એક દિવસ રહ્યા. ૩૦. બીજે દિવસ જુસા પગી પત્ર લઈને ચાલ્યા તે ઘણા ઉમંગભેર પાંચમે દિવસ ગઢપુર આવ્યા. ૩૧. તે દિવસોમાં પરમ ઉદાર એવા ભગવાન શ્રીસહજાનંદસ્વામી ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં રહ્યા હતા. ૩૨. જુસા પગીએ દર્શન કરીને મુક્તાનંદસ્વામીનો પત્ર આપ્યો. તે પત્ર વાંચીને શ્રીજીમહારાજ ખૂબ જ રાજી થયા. જુસા પગીને ત્રણવાર ભેટ્યા અને તે પછી એક ભારે રેંટો તેમને આપ્યો. ૩૩.

શ્રીહરિએ જે મૌખિક સમાચાર પૂછ્યા, તે સભા કઈ રીતે થઈ ? તે બધા સમાચાર જુસા પગીએ કહ્યા. મુક્તાનંદસ્વામી વડોદરા જઈને ત્યાં સભા જીત્યા તે ખબર સાંભળીને જે જે સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની પાસે આવ્યા. દરબાર દાદા ખાચર અને તેમનો બધો પરિવાર પણ તે વખતે શ્રીહરિની પાસે આવ્યો. ૩૪-૩૫. ગઢપુર ગામમાં પણ જે હરિભક્તો હતા તે દિગ્વિજયની વાત સાંભળીને આવ્યા. દરબાર

જીવા ખાચરે પણ તે વાત સાંભળી એટલે શ્રીહરિની પાસે તરત આવ્યા. ૩૬. મુક્તાનંદસ્વામી જે રીતે સભા જીત્યા તે રીતની શ્રીહરિ જ્યારે વાતો કહેતા હતા ત્યારે હરિભક્તો અને સંતો સહુ સાંભળતા હતા. સહુને આનંદ આનંદ થઈ ગયો. ૩૭. દાદા ખાચર અને જીવા ખાચર સાકરના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ લાવ્યા. કૃપાળુ શ્રીહરિ તેમાંથી થોડી સાકર જમ્યા. ૩૮. પહેલા તો પત્ર લાવનારને બોલાવીને બે-ત્રણ ખોબા સાકર શ્રીહરિએ આપી. ૩૯. જે વર્ણીઓ અને સંતો હતા તે બધાને પોતાની પાસે બોલાવી શ્રીહરિએ સાકર આપી. ૪૦. જેટલા સભામાં હતા, તે બધાને પરમ નિપુણ શ્રીહરિએ સાકર આપી અને વધી તે બધી (બહેનોને વહેંચવા માટે) દરબાર દાદા ખાચરને આપી. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “ઉદ્ધવ સંપ્રદાયના દિગ્વિજયથી શ્રીહરિ તથા સંતો-હરિભક્તોને આનંદ થયો” એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥

પૂર અઢારમું : તરંગ - ૧૪

ઈર્ષ્યા દેખાવાથી શ્રીહરિને અણગમો અને દંઢાવ્યમાં દિવાળી કરવા માટેનું પ્રસ્થાન

આનંદાનંદસ્વામી સરલ ચિત્તના હતા, પણ મુક્તાનંદસ્વામી જે સભા જીત્યા તે તેમનાથી સહન થયું નહિ. ૧. ‘મુક્તાનંદસ્વામી સભા જીત્યા તેમાં શું ? અને સભા પણ ક્યાં એવી થઈ છે ? સભા જીતવી તે તો બહુ વિકટ છે. તેમણે સભા જોઈ પણ નથી.’ ૨. નિર્મળ બુદ્ધિના આનંદાનંદસ્વામી (વગેરે સંતો) ઉપર કહ્યા પ્રમાણેનું બોલ્યા. તે શ્રીહરિએ જ્યારે સાંભળ્યું ત્યારે તેમનો રાજીપો(મરજી) ઊતરી ગયો. ૩. જે મુક્તાનંદસ્વામી છે તે તો સર્વોપરિ સંત છે. અમે પણ તેમને ગુરુ માનીએ છીએ, છતાં તેઓએ તો અમારી પણ મહોબત રાખી નહિ. ૪. (અન્ય ગ્રંથોમાં આ પ્રસંગે નિર્વિકલ્પાનંદસ્વામી તથા હર્યાનંદસ્વામીએ ઈર્ષ્યા કરી હતી અને પછી શ્રીહરિને તેમના ઉપર ક્યારેય હેત રહ્યું ન હતું, તે વાત પ્રસિદ્ધ છે.)

❋ ઈર્ષ્યાની દુષ્ટતા :

चोपाई :

ईर्षा सम नहि दुष्ट हे केहा, तिलभर मोबत न रखत तेहा;
विमुख होवे मरे तिहा लगही, इर्षा नहि जावत इहा लगही...०५
मरी करी महा दैत हि जितना, इर्षावंत होत रहे तितना;
संत होई इर्षा रखत जितने, हमकु नहि रुचत हे तितने...०६

(શ્રીહરિ કહે છે) ઈર્ષ્યા સમાન કોઈ દુષ્ટ નથી. ઈર્ષ્યાને લીધે મનુષ્ય તલભાર પણ મહોબત રાખી શકતો નથી અને વિમુખ થઈ જાય છે. મરે ત્યાં સુધી ઈર્ષ્યા જાતી નથી. ૫. જેટલા ઈર્ષ્યાવાળા હોય છે તે બધા મરીને મોટા દૈત્ય થાય છે. સંત થઈને જે ઈર્ષ્યા રાખે છે તે અમને રુચતું નથી. ૬.

જેટલી જે ઈર્ષ્યા રાખે છે તેટલા તેને અમે સંત દેખતા નથી. તે રીતે જ માન, ક્રોધ, કામ અને લોભ, એ બધા દોષ પણ દુઃખનું ધામ રહ્યા છે. ૭. મત્સર અને અસૂયા પણ ઈર્ષ્યા જેવા જ છે. તે સંતને પણ વિપરીત કરી દે છે. જેટલો અધર્મસર્ગ છે તેમાંથી એક પણ દોષ જેટલો સમય જેમાં આવીને રહે છે તેટલો સમય તેમાં અધર્મ રહે છે. જેમાં જે દોષ મુખ્ય રહ્યો હોય તે વ્યક્તિ તેવું કામી, ક્રોધી, લોભી વગેરે નામ ધરાવે છે. ૮-૯. તે રીતે જ ધર્મસર્ગ જેમાં જેટલો સમય રહે છે તેટલો સમય તે તેવા સદ્‌ગુણવાળો કહેવાય છે. આ બધી વાત આ રીતની જ છે. ૧૦.

સંતોએ પરસ્પર ખૂબ જ સાવધાની રાખવી જોઈએ. જે જેટલો ગાફલાઈથી વર્તે છે તેટલો અધર્મસર્ગ તેમાં પ્રવેશ કરીને સાધુતાને ખુવાર કરવા તૈયાર જ ઊભો છે. જ્યારે સાધુતા ખુવાર થઈ જાય છે તે પછી સત્સંગમાં ટકવું ઘણું કઠણ થઈ જાય છે. ૧૧-૧૨. સંતોના જેવી મોટાઈ કોઈની કહેવાતી નથી. આ તો બાળકના હાથમાં ચિંતામણિ આવે, અને તે ચિંતામણિ બાળકને જેમ પથ્થર દેખાય છે તેવું થયું છે. ૧૩. માણસ જ્યાં સુધી ચિંતામણિને પથ્થર સમાન ગણે છે ત્યાં સુધી તે રાંક જ રહેવાનો છે. ૧૪.

❋ મહિમાનો મહિમા :

सोरठा : संत भेगे रहेउ, संत के नहि महात्म कछु;
रंक रहाये तेउ, भेगे तोउ विमुख रयेउ...१५
महात्म जितना जेहु, तितना तेहि सत्संग रहे;
संत रु हरिजन तेहु, बात यह रखना याद कर...१६

સંતોની ભેળા રહે અને સંતોનું કાંઈ માહાત્મ્ય ન સમજે તો તેઓ રાંક જ રહે છે, અને સાથે રહ્યા તોપણ વિમુખ જ રહ્યા છે. ૧૫. જેટલું માહાત્મ્ય સમજવામાં આવે છે તેટલો તેનો સત્સંગ દૃઢ રહે છે. તેટલા માટે આ બાબતને સહુ સંતો અને હરિભક્તોએ યાદ રાખવી. ૧૬. **માહાત્મ્ય વગરના જે અપાર ગુણો છે તે બધા જીવ વગરના શરીર જેવા નકારા છે. અમે આ વાત સિદ્ધાંતરૂપ કહીએ છીએ કે, માહાત્મ્ય સમજ્યા વિના ક્યારેય મોક્ષ થાતો નથી.** ૧૭. **ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, ધારણા, વ્રત, દાન અને શાસ્ત્રાધ્યયન, સંતસમાગમ; એ કોઈ માહાત્મ્ય સમાન ઉચ્ચ કહેવાતા નથી.** ૧૮.

વળી, જો માહાત્મ્ય હોય તો ભગવાનના ધામમાં જવું વગેરે પણ કઠણ નથી કહ્યું. પણ માહાત્મ્ય વિના જેટલું કહેવાય છે તે ક્યારેય શાંતિ કરતું નથી. ૧૯. કોઈ ઘોર નરકના દુઃખમાં પડ્યો હોય, પરંતુ તે જો માહાત્મ્યે સહિત ધર્મકુલોત્પન્ન શ્રીહરિને તથા અતિ સમર્થ તદાશ્રિત સંતો-ભક્તોને એકવાર પણ સંભારે છે, તો તે નરકના દુઃખમાંથી છૂટીને ભગવાનના ધામને દેખે છે. અને કોઈ અક્ષરધામમાં બેઠો હોય અને તેના હૃદયમાં જો માહાત્મ્ય ન હોય તો, ધામમાંથી પણ તેને ઘોર નરક દેખાય છે. સત્સંગની વાત તો કોઈ અલક્ષ્ય રહી છે. કારણ કે, માહાત્મ્યમાં જ બધી વાત રહી છે. અને જો માહાત્મ્ય ન હોય તો તેમાં એક પણ વાત રહેતી નથી. ૨૦-૨૨.

शांति जो जो कहावत जितनी, महात्म तामें रहाये तितनी;
महात्म जितना जानत जेही, नियम धर्म तितना रहत तेहि...२३
नियम धर्म बिन महात्म जेता, कपटरुप महात्म रहे तेता;
कपटरुप महात्म जो ताकू, महात्म नहि कहत हि वाकू...२४

જે કાંઈ સુખ-શાંતિ કહેવાય છે તે બધી માહાત્મ્યમાં રહી છે. અને જે જેટલું માહાત્મ્ય સમજે છે તેટલા જ તેના ધર્મ અને નિયમો રહે છે. ૨૩. ધર્મ અને નિયમ વગરનું જેટલું દેખાડારૂપ માહાત્મ્ય છે તે માહાત્મ્ય કપટરૂપ કહેવાય છે. અને અમે તે કપટરૂપ માહાત્મ્યને ખરું માહાત્મ્ય કહેતા નથી. અને માહાત્મ્ય વિના જે દેખાડા માટે ધર્મ-નિયમ પાળવામાં આવે છે તે પણ કપટરૂપ છે. ૨૪. કોઈએ સંતનો વેષ ધારણ કર્યો હોય તેથી તે સંતને સમાન થઈ જતો નથી. અને અંતરમાં જેટલું કપટ રાખે છે તેને તેવું ફળ મળે છે. ૨૫.

કોઈ શાહુકારનો વેષ રાખે, પણ તે કાંઈ શાહુકારના જેવો ન થઈ જાય. તે જો ચોરીનું કામ કરતો હોય તો તેને તેવું જ ફળ મળે છે. ૨૬. બહાર જેવું શુદ્ધ વર્તન હોય તેવું જ અંદર પણ હોવું જોઈએ. અંદર, બહારનું જેટલું શુદ્ધ વર્તન હોય તેટલી તે સહાય કરે છે. ૨૭. તે પ્રમાણે સમજીને જે સત્સંગ કરે છે, તેને જ સત્સંગ અખંડ ફળીભૂત થાય છે. અને જેટલું છળ-કપટ રાખે છે તેટલું તેને દુઃખ થાય છે. ૨૮. આનંદાનંદસ્વામી જે દિવસે મુક્તાનંદસ્વામીની સાથે ઈર્ષ્યાનું વચન બોલ્યા તે પછીથી શ્રીહરિને આનંદસ્વામીના ઉપર જેવું પહેલા હેત હતું તેવું રહ્યું નહિ. ૨૯. આનંદાનંદસ્વામીના સમાન કોઈ સેવા કરતા નહિ, પરંતુ શ્રીહરિને અગાઉ જેવું હેત હતું તેવું ક્યારેય ફરીને થયું નહિ. ૩૦.

દિવાળીનો ઉત્સવ દંઢાવ્ય દેશમાં કરવો છે; એમ ધારીને શ્રીહરિએ હરખભેર કાઠી દરબારોને સાથે લઈ જવા પર્યાણ કર્યું. ૩૧. જે દરબારોને જવા બોલાવ્યા હતા તે બધા આવ્યા, અને મનભાવતી સવારી તૈયાર થઈ. ખંભાળાના મોકા ખાચર અને માણસિયા ખાચર, બોટાદના સોમલા ખાચર, માતરા ધાધલ, ગોદડ ખાચર અને મસ્તી નામે મુસલમાન, નાગડકાના સુરા ખાચર, ડોસા ખાચર, કોટડાના રોષ રહિત દરબાર કુંપાવાળા(પીઠાવાળા), સારંગપુરના અમરા ખાચર, માત્રા ધાધલ, રાઠોડ ધાધલ, સુંદરિયાણાના ડોસા ખાચર, અને કાંધા ખાચર તે વગેરે બધા ગઢડે આવ્યા. ગઢડાના દાદા ખાચર, ઘેલા ધાધલ, નાગમાલા અને નાન ખાચર વગેરે તૈયાર થયા. ૩૨-૩૫.

શ્રીહરિ જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે સર્વે અશ્વ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે વખતની શોભા કહી શકાતી નથી. ૩૬. પાર્ષદ ભગુજી, અલૈયા કહર, બંને ભીમભાઈ, વીરાભક્ત, કસળાજી, હમીરજી, ગુમાનજી, કાજાજી, લાખાજી, કમાભાઈ, ધનાજી, રવાજી, રાજાભાઈ, લાધાજી, અર્જુન, બીજલ, રામસિંહ, મિયાંજી, હરજી, કાળાભાઈ, દલાભાઈ, મલારભાઈ, હમીરભાઈ, બે કરીમભાઈ, શૂરવીર વેરાભાઈ, ઉમાભાઈ અને નાથજીભાઈ વગેરે અગણિત પાર્ષદો શ્રીહરિની સાથે તે વખતે ચાલ્યા હતા. ૩૭-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "ઈર્ષ્યા દેખાવાથી શ્રીહરિને અણગમો અને દંઢાવ્યમાં દિવાળી કરવા માટેનું પ્રસ્થાન" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥

પૂર અઢારમું : તરંગ - ૧૫

શ્રીહરિ ગઢપુરથી કુંડળ આવ્યા અને નિષ્કામાનંદમુનિને પત્ર લઈને મુક્તાનંદસ્વામી પાસે મોકલ્યા

મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સાથે ચાલ્યા. અને આનંદાનંદસ્વામી આદિ સંતો પણ શ્રીહરિની સાથે નીકળ્યા. ૧. શ્રીહરિ પહેલા **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાંથી અલૈયા ખાચર તૈયાર થઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ૨. ત્યાંથી **કારિયાણી** ગામ આવ્યા અને વસ્તા ખાચર, વેલા ખાચર, માતરા ખાચર અને વિસામણ ખાચર તૈયાર થઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ૩. શ્રીહરિ **કુંડળ** ગામ આવ્યા અને ત્યાં રાત રહ્યા. ખૂબ જ આનંદ થયો અને મામૈયા પટગીરને ઘેર રહ્યા. ૪.

અમરા પટગીરને ઘેર સંતો ઊતર્યા. સંતોનો ધર્મ સચવાય તેને તેઓ સારી રીતે જાણતા હતા. ૫. જેઓ જ્યાં ઊતર્યા હતા ત્યાં તેમને રસોઈ કરીને તેઓએ જમાડ્યા હતા. પછી શ્રીહરિએ કુંડળથી મુક્તાનંદસ્વામીના ઉપર એક પત્ર લખાવ્યો. ૬. તમારો એક પત્ર આવ્યો છે. તે વાંચીને બધા સમાચાર જાણ્યા. હવે તમે દિવાળી ઉપર આદરજ ગામ આવજો. ૭. દિવાળી

અને અન્નકોટનો ઉત્સવ અમે ત્યાં કરશું. જેટલા સંતો અને હરિભક્તો છે તેઓ બધા પણ ત્યાં આવશે. ૮. ભગવાનની ઈચ્છાથી તમે સભામાં વિજયી થયા તે અમે જાણ્યું. સત્સંગ ઉપર જે વિઘ્ન હતું તે સભા કરવાથી ટળી ગયું છે. ૯. દર વર્ષે અસુરો એકાદ વાર તો ઘણા વિઘ્ન કરવા આવે છે. વિઘ્ન તો ઘણા આવે છે, પણ ભગવાનની ઈચ્છાથી અસુરોનું લેશમાત્ર પણ ઊપજતું નથી. ૧૦.

☀ ભગવાન અને નીતિનું ગૌરવ :

જે નીતિ છોડીને ચાલે છે તેને અસુરોની જાતિ સમજવી. વર્ણાશ્રમના જે નિયમ અને નીતિ ઉપર જે ચાલતા નથી તે પણ અસુર કહેવાય છે. ૧૧. **જે લોકો નીતિના માર્ગે ચાલે છે અને ભગવાનથી ડરે છે, તે બધા મનુષ્યો તો દેવના જેવા છે. કેવળ ઉપરથી જ મનુષ્ય દેખાય છે.** ૧૨. કવિઓ અપાર થઈ ગયા છે. તેમણે ગ્રંથો ઘણા લખ્યા છે. અને એટલી બધી વાતો લખી છે કે તેનો કોઈ પાર આવતો નથી. ૧૩. જેને જેવી વાતનો જીવમાં પાસ(સોબતની અસર) હોય તેવી વાતો તેઓ લખી ગયા હોય છે, તેવું અમને દેખાય છે. ૧૪.

સોરઠા : અંતર જેસે તાકે, સમઝ જેસી રહે તેહી;
દેખ પરત હે વાકે, હુતાસન કનક કહત જિમી...૧૫
ભગવાન નીતિ વીન, ચાય તિતની બાત લિખેઉ;
દેખ હિ પરે પ્રવીન, યામેં અર્થ ન સરત કછુ...૧૬

જેનું અંતર જેવું હોય અને જેવી સમજણ હોય તે જેમ અગ્નિ સોનાને કહી બતાવે છે તેમ તેમના લખેલા ગ્રંથોથી દેખાઈ આવે છે. ૧૫. ભગવાન અને નીતિ વગરની ચાહે તેટલી હોશિયારીથી વાતો લખી હોય, અને તે અતિ પ્રવિણ દેખાય પણ તેનાથી કોઈ અર્થ સરતો નથી; એવું બુદ્ધિશાળી હોય તેને દેખાય છે. ૧૬. તમારો વિજય થયો છે. હવે તમારે ત્યાં રહેવું નહિ. પરમેશ્વરે તમને બચાવી લીધા છે. હવે તમને અમે જ્યારે દેખશું ત્યારે જ અમારા અંતરમાં સુખ થાશે.' ૧૭. આવી વાત પત્રમાં લખી અને તેને બીડાવી દીધો. પછી નિષ્કામાનંદસ્વામીના હાથમાં તે પત્ર આપ્યો. ૧૮.

શ્રીહરિ રાજી થઈને તેમને ભેટ્યા અને સાથેના બીજા સંતને પણ ભેટ્યા. તમારાથી જેટલું સત્વરે ચલાય તેટલું ચાલજો. એવું અમે તમને કહીએ છીએ. ૧૯. તમારામાં કોઈ એકને કાંઈ કસર થાય અને ચાલવાની હિંમત જો ન રહે તો તેને કોઈ એક ગામમાં હરિભક્ત હોય ત્યાં મૂકી દેજો. ૨૦.

❋ વચનની મહત્તા :

પછી જે એકલા રહે તેણે ચાલવું. અમારા વચનમાં રહેવું. વચને કરીને એકલા ચાલવામાં મનમાં શંકા કરવી નહિ. ૨૧. અમારા વચન સિવાય જે એકથી કરોડ સુધી સાથે ચાલવું તેમાં અપાર બાધ રહ્યો છે. અમે સમજી વિચારીને કહીએ છીએ. ૨૨. અમારા વચન વગર કરોડો સાથે ચાલે અને તેને જ્યારે કોઈ પૂછે કે તમે કોના વચનથી આટલા ફરો છો ? તો તેઓ તેનો શું ઉત્તર આપશે ? ૨૩. **આજ્ઞા-વચન વિના તો નધણિયા કહેવાય. નધણિયાનો કોઈ ધણી નથી. આજ્ઞા-વચન વગરના જ્યારે જોવામાં આવે ત્યારે તેની કાંઈ કિંમત રહેતી નથી. ૨૪.** જેની જ્યારે કાંઈ કિંમત ન હોય એવા મનુષ્યમાં ચાહે તેટલા ગુણ હોય, તોપણ તેનો ત્યારે કોઈને પછીથી ભાર રહેતો નથી. ૨૫.

दोहा : बचन में भगवान हि, रहाये करी निवास;
एसे रहाये बचन जो, जानत यह हम तास...२६

सोरठा : जितना जामें ज्ञान, तितना यह अधिक रहेउ;
ज्ञान सम नहीं आन, ज्ञान रहे शिरदार सब...२७
भगवान ज्ञान ताहि, एकता रहे होय कर;
गंगा सिंधु हि जाहि, काष्ठ अनल रहे जो जिमी...२८

વચનમાં જ ભગવાન નિવાસ કરીને રહ્યા છે; એવાં જે વચનો છે તેને અમે જાણીએ છીએ. ૨૬. જેમાં જેટલું જ્ઞાન હોય તેટલો તે અધિક ગણાય છે. જ્ઞાનના સમાન બીજું કાંઈ નથી. સહુમાં જ્ઞાન સર્વોપરિ છે. ૨૭. ગંગા અને સાગરની જેમ તથા કાષ્ઠ અને અગ્નિની જેમ ભગવાન અને જ્ઞાન એક થઈને રહ્યા છે. ૨૮. જ્યારે રાત્રી અડધી વીતી ગઈ ત્યારે પત્ર આપ્યો અને

સંતો ચાલતા થયા. અને સવારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમીને કુંડળથી ચાલતા થયા. ૨૯. મામૈયા પટગીર પોતાની સવારી લઈને ઉમંગથી શ્રીહરિની સાથે ચાલ્યા. કુંડળથી જે સંતો નીકળ્યા હતા તેઓ અમદાવાદ ઉપર થઈને ચાલ્યા. ૩૦. આ બાજુ શ્રીહરિ કુંડળથી નીકળીને **સુંદરિયાણા** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા, તે સહુ સન્મુખ આવ્યા. ત્યાંના સત્સંગનો રંગ નવો હતો. ૩૧. સહુ શ્રીહરિને પગે લાગ્યા. આગળ શ્રીફળ ધર્યાં. ઢોલ અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને ઘણા હેતથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા. બધા પુરજનો દર્શન કરતા હતા. પછી ડોસા ખાચરને ઘેર આવીને શ્રીહરિ પ્રસન્નમનથી ઊતર્યા. ૩૨-૩૩. સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર રંગભીના શ્રીહરિ બેઠા. ત્યાં જે વણિક હરિભક્તો હતા તે બધાના નામ પૂછ્યા. ૩૪.

હેમરાજ શાહ મોટા વૈષ્ણવ હતા અને વૈષ્ણવોમાં પણ મોટા અધિકારી ગણાતા. તેના સંબંધીઓના ઘરબાર જે ધંધુકામાં હતા, ૩૫. તે બધા મોઢ વણિક હતા. તેના જેવા કોઈ ખળ કહેવાતા નહિ. વૈષ્ણવ થયા હતા પણ વૈષ્ણવપણાનો ગુણ તેના અંતરમાં એક પણ હતો નહિ. ૩૬. તેઓ ખાનગીમાં નહિ કરવાના કામને કરતા, છતાં હરિભક્તોને દેખીને હાંસી કરતા હતા. ૩૭. જેટલા હરિભક્તો હતા, તે બધા પરસ્ત્રીને માતાની સમાન દેખતા હતા. તે ઉપર કહેલા વૈષ્ણવોને ગમતું નહિ. ૩૮. વૈષ્ણવોની જે કાંઈ ખાનગી વાત હતી તે બધી અને તેમની જે ઉપાસના હતી, તેને હેમરાજ શાહ જાણતા હતા. ૩૯. વૈષ્ણવોમાં કેટલાક ભીતરિયા સમર્પણી હતા. તેઓ કેટલીય પેઢીઓથી વૈષ્ણવ હતા. તે પણ સત્સંગી થયા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરથી કુંડળ આવ્યા અને નિષ્કામાનંદમુનિને પત્ર લઈને મુક્તાનંદસ્વામી પાસે મોકલ્યા" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર અઢારમું : તરંગ - ૧૬

સુંદરિયાણાના હેમરાજ શાહ અને તેમના પરિવારનો સત્સંગ

હેમરાજ શાહ સત્સંગની વાત સાંભળીને મોક્ષભાગી હોવાથી તરત જ સત્સંગી થયા. ૧. જે મોક્ષભાગી હોય તેનો સત્સંગ ટકે છે અને મોક્ષભાગી જે ન હોય તે તો ક્યારેય સત્સંગ કરી શકતા નથી. ૨.

❋ જેને દોષો શત્રુ મનાય તેને સત્સંગ થાય :

सोरठा : विषय जितना जेहु, काम क्रोध लोभ तिनकु जो;
शत्रु जानत हि तेहु, एसे जन सत्संग करत...०३
विषय में जिनकु प्रीत, काम क्रोध लोभ ताकु जेहि;
मानत रहेउ मीत, एसे न सत्संग कर हि...०४

જે પંચવિષયોને અને કામ, ક્રોધ તથા લોભને શત્રુ જાણે છે એવા મુમુક્ષુ લોકો સત્સંગ કરે છે. ૩. જેને વિષયમાં પ્રેમ છે અને કામ, ક્રોધ તથા લોભને મિત્ર માને છે, તેઓ ક્યારેય સત્સંગ કરી શકશે નહિ. ૪. હેમરાજ શાહ વૈષ્ણવ હતા, તોપણ વિષયને શત્રુ માનતા હતા. અને વિષયોમાં રાગવાળા વૈષ્ણવોને પણ શત્રુ તરીકે માનતા હતા. ૫. વૈષ્ણવોના જે ગુરુનું પંચવિષય ઉપર તાન દેખતા તો તેને પણ જનતાના શત્રુ તરીકે દેખતા હતા. અને તેનો વિશ્વાસ ક્યારેય કરતા નહિ. ૬. તેઓ નિર્વિષયી ગુરુનાં દર્શન કરવા માટે ગોકુળ, વૃંદાવન અને મથુરામાં ફર્યા હતા. અને ત્યાં યમુનાનું જળપાન કરીને રહ્યા હતા. ૭.

વૈષ્ણવોના ગુરુ જ્યાં રહેતા હતા ત્યાં કાંકરોલી અને શ્રીનાથજી પણ ગયા હતા. બધાનું વિષયો ઉપર તાન હતું એટલે તેવા ગુરુમાં તેમનું મન માન્યું નહિ. ૮. વિષય ઉપર તાન ન હોય તેવા કોઈને દેખ્યા નહિ. પછી તેઓ વિચાર કરતા કે જ્યારે નિર્વિષયી ગુરુ મળશે ત્યારે જ જીવનો મોક્ષ થાશે. ૯. પછી જ્યારે તેમને સત્સંગના સંત (ગોપાળાનંદસ્વામી વગેરે) મળ્યા, અને તેમના મુખથી વિષયખંડનની વાત સાંભળી તથા સત્સંગની સારી વાત સાંભળી ત્યારે તેમણે સત્સંગ કર્યો. અને સત્સંગને જ બધા તીર્થોનું ફળ મળ્યું તેમ તેમણે માન્યું. ૧૦.

જેમ જેમ સત્સંગ કરતા રહ્યા તેમ તેમ તેમને રંગ ચઢતો રહ્યો. તેમના જીવમાં જ્યારે ભગવાનનો નિશ્ચય થયો ત્યારે 'હવે મારો મોક્ષ થયો' એવું ચોક્કસ દેખ્યું. ૧૧. જ્યાં ભગવાન હોય ત્યાં જ આવી વાત થાય છે અને લેશમાત્ર પણ સંદેહ રહેતો નથી. જ્યારે જીવમાં અપાર સુખ થયું ત્યારે સત્સંગ વિના બધું નકારું દેખાણું. ૧૨. **સત્સંગ સિવાયની જેટલી બાબતો હતી, તેને નરકના દ્વારરૂપ દેખી. પછી તો તેમનો જે પરિવાર હતો તે પણ તેવી જ વાતો કરતો હતો.** ૧૩. **તેમનો બધો પરિવાર મુક્ત હતો. પિતા હેમરાજ શાહ જે વાત કહે તે રીતે સહુ કરતા હતા. તેમની વાતનું કોઈ ઉલ્લઘંન કરતા નહિ.** ૧૪.

હેમરાજ શાહને ત્રણ પુત્ર હતા અને પુત્રના જેવા જ એક ભત્રીજા હતા. ૧૫. તેમના મોટા પુત્રનું નામ વનાશાહ(વનમાળી) હતું. તેઓ શૂરવીર સત્સંગી હતા અને કુસંગને ઝેર જેવો દેખતા. ૧૬. જ્યારે વના શાહ પહેલા જ પ્રેમથી સત્સંગી થયા ત્યારે હિરાલાલ આદિક જે તેમના પુત્ર હતા અને જેટલા પૌત્ર હતા, તે બધા પણ સત્સંગી થયા. તે સહુ એક એકથી અધિક સત્સંગનો અપાર પક્ષ રાખતા હતા. ૧૭-૧૮. તેઓ સત્સંગના સમાન અન્ય કોઈ બાબતને જાણતા નહિ. બધા જ એવા હતા. અને પૂરો વિચાર કરીને પરસ્પર અપાર સંપ રાખતા હતા. ૧૯. હેમરાજ શાહના વચેટ પુત્રનું નામ પૂજા શાહ હતું. તેઓ સત્સંગી થયા ત્યારે તેમને સત્સંગની વાત સર્વોપરિ દેખાણી. ૨૦.

તેમને કાંઈ પ્રજા ન હતી. પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કર્યું હતું અને જિંદગીભર શ્રીહરિના સેવક થઈને રહ્યા હતા. ૨૧. મહાન ભાગ્યશાળી પૂજા શાહે સંસારનો ત્યાગ કર્યો હતો. સારાં વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં શ્રીહરિને અર્પણ કરીને તેમણે ઘણીવાર પૂજા કરી હતી. તેનો ગણતા પાર આવતો નથી. કેટલીએ વાર તેમણે થાળ કરાવીને શ્રીહરિને જમાડ્યા હતા. ૨૨-૨૩. કેટલીએ વાર તેમણે કેસરયુક્ત ચંદન અને ફૂલના હારથી શ્રીહરિની પૂજા કરી હતી. આ રીતે પ્રગટ શ્રીહરિનું સુખ લઈને સંસારમાં ભટકવાનું બધું જ દુઃખ દૂર કરી દીધું હતું. ૨૪. હેમરાજ શાહના ત્રીજા

પુત્રનું નામ જેઠા શાહ હતું. તે પણ સારા હરિભક્ત થયા હતા. ૨૫. જેઠા શાહના મોટા પુત્ર પુરુષોત્તમ હતા. તે સિવાયના તેમના જે પુત્રો હતા તે બધા સત્સંગી થયા હતા. ૨૬. તેમના દીકરાના દીકરાઓ પણ બધા સત્સંગી થયા હતા અને સત્સંગના બધા નિયમોને યથાર્થ રીતે પાળતા હતા. ૨૭.

હેમરાજ શાહના ભત્રીજા ભગા શાહ હતા. તેમનો સત્સંગ પણ નિશ્ચળ અને અત્યંત દૃઢ હતો. ૨૮. ભગા શાહના પુત્ર પિતાંબર નામે હતા. તે બીજા દીકરાઓમાં સહુથી મોટા હતા. સત્સંગ થયા પછી તેમનો રંગ ઘણો ચઢતો રહ્યો હતો. ૨૯. તેમણે સત્સંગને ઘરેણું માનીને રાખ્યો હતો. બીજી બધી વાતને દૂર કરી દીધી હતી. જ્યારે તેઓ શ્રીહરિ અને સંતોને દેખતા ત્યારે ગદ્‌ગદ કંઠ થઈ જતા હતા. તેમને એટલું હેત હતું કે તે કહી શકાતું નથી. શ્રીહરિ તેમના હેતને દેખીને પ્રસન્નતાથી બોલ્યા હતા કે, ‘આવા હેતભાવમાં જેનું શરીર છૂટે તેનું ઘણું સદ્‌ભાગ્ય ઉદય થયું જાણવું.’ અને પિતાંબરના જેટલા ભાઈઓ હતા, તે બધા પણ સારા સત્સંગી થયા હતા. ૩૦-૩૨.

પિતાંબરભાઈના ભાઈઓના જેટલા પુત્રો થયા તે બધા સારા સત્સંગી થયા. પરસ્ત્રી ગમન કરનાર જેટલા ધંધુકાના વૈષ્ણવો હતા, તેમણે સુંદરિયાણાના શાહ કુટુંબનો સત્સંગ છોડાવવા માટે ઘણા ઘણા ઉપાયો કર્યા, પણ જ્યારે તેનો કોઈ ઉપાય સફળ ન થયો ત્યારે સહુએ ભેળામળીને અપરાધ વિના પણ તેમને નાત બહાર મૂક્યા. ત્યારે હરિભક્ત શાહ પરિવાર ખૂબ રાજી થયો. અને તે વાતને જ્યારે શ્રીહરિએ સાંભળી ત્યારે શ્રીહરિ પણ ઘણું રાજી થયા. જે કહી શકાતું નથી. ૩૩-૩૫.

પછી શ્રીહરિએ તેમને હેત લાવીને વાત કરી હતી કે, ‘તે વિમુખોએ પોતાનું દુષ્ટ વર્તન જાહેર દેખાડી દીધું.’ સુંદરિયાણામાં પધારેલા શ્રીહરિએ હરિભક્ત વિપ્રોના નામ પૂછ્યા. ૩૬. જેટલા કાઠી દરબાર હરિભક્ત બાઈ-ભાઈ હતા, તેમનાં નામને શ્રીહરિ જાણતા હતા એટલે તે પૂછ્યા નહિ. ૩૭. તે સિવાયના બીજા જે ક્ષત્રિયો બાઈ-ભાઈ હતા, તેમનાં બધાનાં નામ પ્રસન્ન થઈને પૂછ્યા. ૩૮. ગામના કણબી પટેલો સત્સંગી થયા હતા અને

બીજા જે વણિક સત્સંગી હતા, તેમનાં નામ પણ શ્રીહરિએ પૂછ્યા. ૩૯. હેમરાજ શાહે શ્રીહરિને માટે વર્ણી પાસે રસોઈ કરાવી. તે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ભાવથી જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સુંદરિયાણાના હેમરાજ શાહ અને તેમના પરિવારનો સત્સંગ કહ્યો" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર અઢારમું : તરંગ - ૧૭

સત્સંગમાં વિચરણ કરતા શ્રીહરિ સુંદરિયાણાથી શિયાણી પધાર્યા

શ્રીહરિ સાંજ પડી ત્યારે ગામના તળાવ પાસે આવ્યા અને જયાં અનાજના ખળા હતા ત્યાં મુકામ કર્યો. ૧. જેટલા કાઠી દરબારો અશ્વ લઈને શ્રીહરિની સાથે આવ્યા હતા, તેઓ બધા ગામ બહાર જયાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવ્યા. ૨. ત્યાં એક સારો પલંગ લાવ્યા હતા અને શ્રીહરિ તેના ઉપર બેઠા. જયારે હરિભક્તો સાંજે વાળુ કરીને આવ્યા ત્યારે તેમને દર્શન દઈને પોઢી ગયા. ૩. જયારે એક પહોર રાત બાકી રહી અને ચંદ્રનું અજવાળું હતું ત્યારે ઘણા સારા અનુપમ અશ્વ ઉપર બેસીને શ્રીહરિ સુંદરિયાણાથી ચાલતા થયા. ૪.

જયારે સૂર્યોદય થવાનો સમય થયો ત્યારે શ્રીહરિ **લીંબડી** શહેર આગળથી તરત ચાલતા થયા. ૫. લીંબડીમાં નારાયણદાસ નામે પરજિયા સોની હતા. તેમને ખબર પડી એટલે તેઓ તરત દોડી આવ્યા અને બે હાથ જોડીને શ્રીહરિને પગે લાગ્યા. ૬. તે સમયે પરમ દયાળુ શ્રીહરિએ ઘેલા ધાધલને લીંબડી ગામમાં મોકલ્યા અને જે ટીમણ મળે તે તત્કાળ લઈ આવો તેમ કહ્યું. ૭. સારા સમજદાર ઘેલા ધાધલ જયારે ગામમાં ગયા ત્યારે સાથે બે પાર્ષદોને લીધા હતા. કંદોઈની દુકાને આવીને જલેબી તથા મોતીચૂર લીધા. ૮. શ્રીહરિને માટે અલગ પેંડા લીધા અને તે વખતે તરત ગાંઠિયા, કળી અને શેકેલા ચણા પણ લીધા. ૯. **ભલગામડા** નામે લીંબડીની નજીક

એક ગામ હતું ત્યાં આવ્યા અને તળાવને કાંઠે ઊતર્યા. શ્રીહરિ તથા પાર્ષદો સહુએ ત્યાં સ્નાન કર્યું. ૧૦.

બધા કાઠી દરબારોએ ત્યાં સ્નાન કર્યું, પૂજાવિધિ કર્યો. તે ગામમાં કોઈ એક ગરાસિયા બાઈ સત્સંગી હતી. ૧૧. તેણે શ્રીહરિને બેસવાને માટે એક સુંદર પલંગ મોકલ્યો. શ્રીહરિ હરિભક્તોનું હિત ચાહતા હતા, તેથી તે પલંગ ઉપર બેઠા. ૧૨. ઘેલા ધાધલ બધું ટીમણ લઈને ત્યાં આવ્યા. અને શ્રીહરિએ તરત બધા પાર્ષદો અને ઘોડેસવારોને તે આપ્યું. ૧૩. પછી સહુએ ત્યાં ટીમણ કર્યું. શ્રીહરિ પેંડા જમ્યા અને તે વર્ણીને પણ આપ્યા. આ રીતે ટીમણ કરીને ત્યાંથી ચાલ્યા. ૧૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ત્યાં ગામમાં જઈને હરિભક્ત બાઈને દર્શન દીધાં. ૧૫. તે બાઈએ શ્રીહરિનાં ચરણોમાં દસ રૂપિયા ધર્યા. પછી મર્યાદા રાખીને પગે લાગી. ૧૬.

જેની જેવી મર્યાદા હોવી જોઈએ તેને રાખીને જે વર્તે છે તેના ઉપર શ્રીહરિ દિવસે દિવસે અધિક પ્રસન્ન રહેતા હતા. જે કહી શકાતું નથી. ૧૭. હરિભક્ત બાઈને દર્શન દઈને શ્રીહરિ તત્કાળ જ પાછા આવીને ચાલતા થયા, તે **શિયાણી** ગામ આવ્યા અને તળાવને કાંઠે ઊતર્યા. ૧૮. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા ખબર સાંભળીને ત્યાં આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા અને શ્રીફળ આગળ મૂક્યા. ૧૯. હરિભક્તોમાં શિવરામ ભટ્ટ મુખ્ય હતા. તે સિવાય ભીમા વોરા નામે વણિક હરિભક્ત મુખ્ય હતા. ૨૦.

અને કણબી હરિભક્તોમાં અગોલા મેઘા પટેલ મુખ્ય હતા. કેટલાક ક્ષત્રિય હરિભક્તો હતા. તેમાં (પરમચૈતન્યાનંદસ્વામી ઉર્ફે અજીતસિંહના મોટાભાઈ) હમજી નામે મુખ્ય હતા. દેપાળા હરિભક્તોમાં ઠક્કર રઘુભાઈ મુખ્ય હતા અને સતવારા હરિભક્તો હતા તે બધાં પણ દર્શન કરવા આવ્યા. ૨૧-૨૨. તળાવની પાળ ઉપર પથ્થરના ડેરા હતા. તેના વિશાળ પરથાર ઉપર પરમ દયાળુ શ્રીહરિ બેઠા. ૨૩. લીંબડી શહેરના કેટલાક ક્ષત્રિયો શિયાણી આવ્યા હતા. તે હરિભક્ત ન હતા, પણ તેમના મનમાં સંશય

હતો. ૨૪. તેઓ બધા ભેળામળીને સંશય ટાળવા આવ્યા હતા. શ્રીહરિને પગે લાગીને સન્મુખ બેઠા. ૨૫. શ્રીહરિએ ધર્મની અને અધર્મની ઘણી વાતો કરી. બંનેના પરિણામરૂપ ફળ કહી સંભળાવ્યાં. ૨૬.

આટલી વાત કહી. તે પછી શ્રીહરિએ તે ક્ષત્રિયોના મનના સંશયોને જાણી લીધા. ૨૭. તેના સંશય ટાળવાને માટે શ્રીહરિએ પહેરેલું એક ધોતિયું રહેવા દીધું અને બીજાં વસ્ત્ર ઊતારી નાખ્યાં. તે વખતે કાંઈ પણ વાત કર્યા સિવાય જ તે ક્ષત્રિયોના બધા સંશય ટળી ગયા. ૨૮. ત્યારે ઊભા થઈને તેઓ ફરીથી ભાવપૂર્વક શ્રીહરિને પગે લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેમને પૂછ્યું, 'તમે ફરીને પગે લાગ્યા તેમાં ઘણો વધારે ભાવ દેખાયો છે. ૨૯. અમને તે સમજાયું નહિ. જે વાત જેમ હોય તેમ અમને પ્રસન્નતાથી કહો.' ત્યારે તે ક્ષત્રિયોએ કહ્યું, 'તમે અમારા સંશયને દૂર કર્યો છે. ૩૦.

તમારી વાતથી અમારો સંશય ટળ્યો નહિ, પણ તે સંશયને તમે પછીથી ચોક્કસ ઓળખી ગયા. અને પછી અમારા સંશયને ટાળવા માટે તમે જ્યારે અંગરખું ઊતાર્યું, ત્યારે આપના શરીરને દેખ્યું, ત્યારે અમારા સંશય તરત જ ટળી ગયા છે. વૈરાગીઓ અને ચારણ લોકો છે તેઓ વગર દેખે વાતો કરે છે કે, સ્વામિનારાયણને શરીરે કેટલાક લોકોએ ઘા મારેલા છે એના નિશાન છે. ૩૧-૩૨. તેમની મિથ્યા વાતોથી અમારા મનમાં ઘણા દિવસથી સંશય રહેતો હતો. આજ આપ મળ્યા ત્યારે અમારો સંશય ગયો. આપ અમારે માટે જ અહીં આવ્યા છો. ૩૩. અમે પહેલા જ્યારે પગે લાગ્યા ત્યારે અમારા મનમાં સંશય હતો. જ્યારે સંશય ટળ્યો ત્યારે અમારા મનમાં વધારે ભાવ થયો. તેથી ફરીને ભાવથી પગે લાગ્યા છીએ.' ૩૪.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'બીજો કોઈ સંશય હોય તો પૂછો. અમે વાત કરીએ.' ત્યારે ક્ષત્રિયો બોલ્યા 'અમે પૂછી રહ્યા.' એમ કહીને ચાલતા થયા. ૩૫. શિવરામ ભટ્ટે મુકુંદ વર્ણીની પાસે સુંદર થાળ તૈયાર કરાવ્યો અને શ્રીહરિને બોલાવવા આવ્યા. ૩૬. કાઠી દરબારો અને પાળાઓને જમવાને માટે અગોલા મેઘા પટેલ દહીં અને ઘણા રોટલા લઈ આવ્યા. ૩૭. શ્રીહરિ ગામમાં શિવરામ ભટ્ટને ઘેર આવ્યા. ત્યાં થાળ જમી રહ્યા ત્યારે તે

વિપ્રે શ્રીહરિની પૂજા કરી. ૩૮. બીજા બધા જે હરિભક્તો હતા, તે સહુએ પણ પૂજા કરી અને પગે લાગ્યા. પછી શ્રીહરિ તળાવ ઉપર આવ્યા. ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સત્સંગમાં વિચરણ કરતા શ્રીહરિ સુંદરિયાણાથી શિયાણી પધાર્યા" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર અઢારમું : તરંગ - ૧૮

શ્રીહરિ દેવળિયામાં દરબાર જાલમસિંહને ઘેર રાત રહ્યા અને અશ્વ ખોવાયો

પછી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા અને **તાવી** ગામ આવ્યા. હરિભક્તોને ખબર મળ્યા. ૧. તે ગામમાં ક્ષત્રિય હરિભક્તો હતા. ગામના દરબાર અખાભાઈ નામે હતા. તે સહુ મળીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨. અખાભાઈના ભાઈ, ભત્રીજા અને પુત્રો, બધા સત્સંગી હતા. સહુ સન્મુખ આવીને શ્રીહરિને પગે લાગ્યા. ૩. ગામમાં બીજા જે હરિભક્તો હતા તે પણ શ્રીહરિની સામે આવ્યા. બધા શ્રીફળ લાવ્યા હતા. ૪. દરબાર અખાભાઈએ શ્રીહરિને વારંવાર અપાર વિનંતિ કરી. શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને આગળ વાજિંત્રો વાગતાં રહ્યાં હતાં. ૫.

અખાભાઈએ શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા અને પલંગ ઉપર બેસાડ્યા. જેટલા તેમના ભાઈઓ સત્સંગી હતા તે સહુ થાળ ભરી ભરીને સાકર લાવ્યા. ૬. અને ગામના બીજા જે હરિભક્તો હતા, તે સહુએ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ થાળમાંથી સાકર જમ્યા. પછી જેનો જે થાળ હતો તેને પાછો અપાવ્યો. ૭. ત્યાં જે પાર્ષદો અને કાઠી દરબારો હતા, તેમને દહીં લાવીને ખવડાવ્યું. પછી શ્રીહરિ ત્યાંથી તત્કાળ ચાલ્યા તે **તલસાણા** ગામ થઈને **દેવળિયા** આવ્યા. ત્યાં જાલમસિંહ નામે દરબાર સત્સંગી હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૮-૯. જ્યારે તેમણે શ્રીહરિને દેખ્યા ત્યારે પાસે આવીને પગે લાગ્યા. તેમણે શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા. તે વખતે

સારાં વાજિંત્રો વાગતાં હતાં. ૧૦. ગામના બીજા પણ જે હરિભક્તો હતા તે સહુ શ્રીહરિને પગે લાગ્યા. અને દરબારે પોતાને ઘેર પધરામણી કરી, અને એક સારો પલંગ બિછાવી દીધો. ૧૧. શ્રીહરિ બે ઘડી પલંગ ઉપર બેઠા. સંધ્યા આરતી થઈ. દરબારના ભવનની આગળ એક હરિમંદિર હતું. ૧૨. હરિમંદિરનો પરથાર એક માથોડું ઊંચો હતો. પછી શ્રીહરિએ આવીને તેના ઉપર ઉતારો કર્યો. ૧૩. જેટલા અશ્વ હતા તેને મંદિરના આગળના ભાગમાં ચોક હતો ત્યાં નિર્ભયપણે બાંધી દીધા. ૧૪. શ્રીહરિને જમવાને માટે વર્ણીએ રસોઈ કરી હતી. શ્રીહરિ ઘણા પ્રેમથી દરબારમાં જઈને થાળ જમ્યા. ૧૫.

પછી પાર્ષદો અને દરબારોને કંસાર કરીને જમાડ્યા અને તે ઉપર દૂધ પીરસીને જમાડ્યું. ૧૬. દરબાર જાલમસિંહના માતા કેશાબા હતા. (તેમનું મૂળગામ મૂળી હતું. બાળપણથી જ તે મહાન ભક્ત હતા. તેમના ભાઈનું નામ અમાભાઈ તથા જેઠાભાઈ હતું. કેશાબાના પ્રેમને આધીન થઈ શ્રીહરિ દેવળિયામાં ૧૭ વખત પધાર્યા હતા. અને તેમણે શ્રીહરિ તથા સંતો-ભક્તોની સેવા કરી સહુની ખૂબ જ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.) તે કેશાબાએ શ્રીહરિને કહ્યું કે, 'અમે હાથ જોડીને આપને કહીએ છીએ કે આપ આવતીકાલે અહીંથી જમીને નીકળજો.' ૧૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે રહેવાના નથી. અત્યારે તમારું ધાર્યું નહિ કરીએ.' ત્યારે કેશાબાએ કહ્યું, 'મહારાજ, આપ તો મહાન સમર્થ છો, પરંતુ આપ ચાલશો તેને અમે સવારે દેખશું. ૧૮. આપ ગરીબની વાત માનતા નથી. કેમ જે, આપ તો સાક્ષાત્ ભગવાન છો. આપની આગળ અમારી શું ગણતરી ? આપની આગળ અમારું કાંઈ જોર નથી. ૧૯. આપની નજરમાં આવે તો અમે કહીએ છીએ તે માનો. બીજા હોય તો કરોડ ઉપાય કરીને જાવા ન દઈએ. એવી માયા અમે કરીએ.' ૨૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે માયાને ક્યારેય માનતા નથી અને એવી કોઈ માયા નથી કે ક્યારેય અમને રોકી શકે.' ૨૧. ત્યારે કેશાબાએ કહ્યું, 'તેથી તો આપ ભગવાન કહેવાઓ છો. આજ આપને અમે ઓળખી લીધા છે. અમારા ઉપર કૃપા રાખજો. અમે તો હવે પ્રાર્થના કરીએ છીએ. ૨૨.

આપ જ્યારે ચાલશો ત્યારે કાંઈ અમને મળશો નહિ.' આમ કહીને આગળ પૂજાનો થાળ મૂક્યો અને બીજો થાળ રૂપિયાનો ભરીને રાખ્યો ને કહ્યું, 'હવે અમે આપને રોકવાના નથી.' ૨૩. પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને પલંગ ઉપર પોઢી ગયા. ત્યારે શ્રીહરિએ દરબારોને કહ્યું, 'રાતનો પાછલો પહોર રહે ત્યારે આપણે ચાલવું છે. ૨૪. સુંદરિયાણા ગામથી ચાલેલા શ્રીહરિ દેવળિયા સુધી આવ્યા, તેથી કાઠી દરબારો, પાર્ષદો અને ઘોડાઓ, બધા થાકી ગયા હતા. ૨૫.

પહેલી જ ઊંઘમાં સહુ નિધડક થઈને સૂઈ રહ્યા. ઘોડાની ચારેબાજુ કાઠી દરબારોના ખાટલા રહ્યા હતા. ૨૬. જેટલા પાર્ષદો હતા, તે બધા મંદિર ઉપર શ્રીહરિની ચારેબાજુ સૂઈ રહ્યા હતા. કોઈ જાગતું ન હતું. ૨૭. ત્યારે જાલમસિંહની માતાએ તેમને સાથે લીધા. બીજું કોઈ સાથે હતું નહિ. બધાને ઊંઘમાં લીન થયેલા જોયા. ૨૮. પછી શ્રીહરિની માણકી ઘોડીને ખીલેથી છોડી લીધી. તે કોઈને ખબર પડી નહિ. ઘોડીના સગડ દેખાય નહિ તે રીતે બધું ઠીક કરી દીધું. ૨૯. પછી પોતાના ઘરની અંદરના ભાગમાં ઘોડીને કોઈ ન જાણે તે રીતે બાંધી દીધી અને સારું લીલું ઘાસ નાખ્યું. અને આગળના ભાગમાં તે મતવાલાએ વસ્ત્ર બાંધી દીધું. ૩૦.

તેમના મનમાં ઘણો ઉમંગ હતો એટલે બ્રાહ્મણની પાસે રસોઈ કરાવી. શ્રીહરિના ઉપર બહુ હેત હતું એટલે આખી રાત કોઈ સૂતા નહિ. ૩૧. જ્યારે પાછલી એક પહોર રાત રહી ત્યારે જાગીને સહુ પલાણ લઈને પોતપોતાના અશ્વ ઉપર હરખથી કસવા લાગ્યા. ૩૨. નાન ખાચરે ઊઠીને પહેલા પોતાના અશ્વ ઉપર પલાણ કસ્યું અને શ્રીહરિના અશ્વ ઉપર પલાણ કસવા લઈ આવ્યા. ૩૩. ત્યારે તે ઘોડીને જ્યાં બાંધી હતી ત્યાં દેખી નહિ. બધા અશ્વો હતા. શ્રીહરિ કહે, માણકી ક્યાં ગઈ ? આ તો ઘણી આશ્ચર્યકારી બાબત થઈ. ૩૪. ત્યારે કોઈએ કહ્યું, 'મશાલ કરીને તેના સગડ દેખો કે, ક્યાં ગઈ છે ?' પછી મશાલ કરી, પણ તેના સગડ ક્યાંય દેખાયા નહિ. ૩૫. શ્રીહરિએ કહ્યું, 'આ તો આશ્ચર્યકારી બાબત છે. કોઈના કળ્યામાં આવતું નથી. ઈન્દ્ર પાંખો કરીને ઘોડાને લઈ ગયો હોય તેવી આ બાબત છે.' ૩૬.

માણકી ઘોડીને ખોળતા ખોળતા સવાર થઈ ગયું, તોપણ ક્યાંય શોધી શક્યા નહિ. ૩૭. તે વખતે બધા પાર્ષદો અને કાઠી દરબારોના આ ઘટનાથી મોઢા ઊતરી ગયા. ઘોડીને ખોળતા ખોળતા થાકી ગયા અને આશા છોડીને બેઠા. ૩૮. પછી કેશાબાએ મંદિરમાં ધ્યાનદાસ નામે વૈરાગી હરિભક્ત હતા, તેને બોલાવીને તેની આગળ બધી વાત કહી. ૩૯. તમે જઈને શ્રીહરિને કહો કે, જો તમે અહીંયા જમો તો અમે ઘોડીની શોધ કરીને લાવી આપીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ દેવળિયામાં દરબાર જાલમસિંહને ઘેર રાત રહ્યા અને અશ્વ ખોવાયો" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥

પૂર અઢારમું : તરંગ - ૧૯

દેવળિયાથી જમ્યા પછી શ્રીહરિ મખિયાવ આવ્યા, ત્યાં સહુની પાસે શ્રીહરિએ રજા માગી અને સંતોને બોલાવવાનું નક્કી કર્યું

વૈરાગી ધ્યાનદાસજી હસતે મુખે શ્રીહરિની પાસે આવ્યા. અને હાથ જોડીને તેમને કહી બતાવ્યું કે, દરબાર જાલમસિંહજીના માતાએ મને બોલાવીને કહ્યું છે કે, 'જો શ્રીહરિ અહીંયા જમે તો અમે ઘોડી લાવી આપશું.' ૧-૨. તે સાંભળીને શ્રીહરિ રાજી થયા અને બોલ્યા કે, 'અમે જરૂર રસોઈ જમશું.' ત્યારે કેશાબાએ કહ્યું કે, 'હે નાથ ! હવે આપ બધા સ્નાન કરી લો.' ૩. પછી સહુ જ્યારે તળાવમાં સ્નાન કરીને આવ્યા. (પછી સહુએ પૂજા પાઠ કર્યા. નિત્યવિધિ પૂરી કરી શ્રીહરિ કેશાબા પાસે આવ્યા અને કહ્યું, અમારી ઘોડી ક્યાં છે ? ત્યારે કેશાબા કહે, પ્રથમ જમી લો.)

પછી શ્રીહરિને જમવા બેસાડ્યા. શ્રીહરિ જે ચોખ્ખા પાક હતા તેને જમ્યા. ૪. આમ, જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તેમને ઘોડી બતાવી. શ્રીહરિ કહે, 'આ વાત તમે કેવી રીતે કરી? કોઈના જાણ્યામાં જ ન આવ્યું.' ૫. વળી, બાઈએ કહ્યું, 'જો કોઈના જાણ્યામાં આવી જાય તો તેને માયા કેમ કહેવાય ?' ત્યારે શ્રીહરિ કહે, 'ભગવાને ગીતામાં કહ્યું છે

કે, 'મમ માયા દુરત્યયા' (૭/૧૪) મારી માયાનો પાર પામી શકાય તેમ નથી. આજ તે વાત મળતી આવી છે.' પછી શ્રીહરિ તૈયાર થઈને ચાલતા થયા. જ્યારે ગામથી દૂર ગયા, ૬-૭. તે સમયે પરમ દયાળુ શ્રીહરિએ પાર્ષદો અને દરબારોને કહ્યું, 'એક નારીએ તમારાં નાક ઉતારીને ચોંટાડી દીધા છે. તમે પુરુષ હોવા છતાં ગમ પડી નહિ.' ત્યારે દરબારોએ કહ્યું, 'અમે તો હરિભક્તના વિશ્વાસમાં રહ્યા. ૮-૯. અમે જેનો વિશ્વાસ રાખ્યો તેણે અમારી લાજ લીધી. હવે તેનો ઉપાય શું કરીએ ? હવે તો જે આપ કહો તેને અમે માથે ચઢાવીએ છીએ.' ૧૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ તમારા ગુરુ થયા છે. હવે ક્યારેય ભૂલ કરશો નહિ. મેવાસ(મહી કાંઠા)માં હવે આપણે ફરવા જઈ રહ્યા છીએ. તમને આગળથી આ ચેતાવી દીધા છે.' ૧૧. આવી પ્રેમથી વાતો કરતા શ્રીહરિ **દદુકા** ગામ આવ્યા. ત્યાં ક્ષત્રિય દરબારો હરિભક્ત હતા. શ્રીહરિને આવ્યા સાંભળીને સહુ સામે આવ્યા. ૧૨. શ્રીહરિના ચરણમાં પડ્યા અને ગામમાં લઈ ચાલ્યા. ઉતારો કરાવીને રસોઈ કરાવી. ૧૩. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે અપાર દહીં લાવ્યા. ધર્મકુમાર શ્રીહરિએ બ્રાહ્મણને ઘેર દહીં ખાધું. ૧૪. શ્રીહરિએ તે પછી પાર્ષદો અને દરબારોને ઘણા ભાવથી દહીં જમાડ્યું. જે વધ્યું તે પાછું આપ્યું. ૧૫. જમીને તૈયાર થયા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને આગળ ચાલતા થયા, તે **મછિયાવ** ગામ આવ્યા. ૧૬.

તે ગામના રાજા બાપુભાઈ શ્રીહરિ આવ્યા છે તેમ સાંભળીને સવારી લઈને સામે આવ્યા. તેમને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. ૧૭. શ્રીહરિ પાસે આવીને ચરણમાં પડ્યા. બીજા હરિભક્તો પણ હરખથી ત્યાં આવ્યા. ઘણી જાતનાં વાજિંત્રો વગડાવીને પ્રેમથી ગામમાં પધરાવ્યા. ૧૮. બહુનામી અંતરજામી અને કમળનયન એવા શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ગામની રાજબજારમાં ચાલ્યા. હજારો લોકો દર્શન કરી રહ્યા હતા. ૧૯. અંગ ઉપર સર્વ શ્વેત્ર વસ્ત્ર ધાર્યાં હતાં. મસ્તક ઉપર શ્વેત છત્ર રહ્યું હતું. દરબારગઢમાં આવી ઊતર્યા. તે સમયે સાંજ થવા આવી હતી. ૨૦. સહુએ સંધ્યા આરતી કરી. પછી નારાયણધૂન કરી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સુખકારી

શ્યામસુંદર શ્રીહરિ જમ્યા. ૨૧. પાર્ષદો અને સહુ દરબારોને જમાડ્યા. જમ્યા પછી સભામાં આવ્યા. સત્સંગની જેવી પ્રથા રહી છે તે પ્રમાણે શ્રીહરિએ સભામાં વાતો કરી. ૨૨.

☀ પરસ્પર હિત ઇચ્છે તે મહાન ભક્ત છે :

ત્યાગી અને ગૃહસ્થ હરિભક્તોની વિસ્તારથી વાત કરી. જે હરિભક્તો હોય છે તેમણે એકબીજાનું હિત રાત-દિવસ ઇચ્છવું જોઈએ. ૨૩. **જે પરસ્પર હિત ચાહે છે તેના સમાન બીજો કોઈ હરિભક્ત નથી. હરિભક્ત થઈને ક્યારેય બીજા હરિભક્તની સાથે વૈર કરવું નહિ.** ૨૪. (મછિયાવના ફઈબા અને પુત્રવધૂને અણબનાવ હતો. તેથી શ્રીહરિ કહે છે,)

दोहा : हरिजन उपरि वैर हि जो, हरिजन ही जो होइ;
रखत हि तिनकु देख हम, उदासी होवत सोइ...२५
अन्न वसन सनमान हित, हमारे तन सुख हित;
उदासी हम नहि होत हे, एसी हे हमारी रीत...२६

હરિભક્ત થઈને જે બીજા હરિભક્ત ઉપર વૈર રાખે છે તેને જોઈને અમે ઉદાસ થઈ જઈએ છીએ. ૨૫. અન્ન, વસ્ત્ર તથા સન્માનને માટે કે પોતાના શરીર સુખને માટે અમે ક્યારેય ઉદાસ થતા નથી. તેવી અમારી રીત છે. ૨૬. અમારી જે રીત છે તેને કોઈ સમજતા નથી અને તેથી અમારું મન એવાની સાથે મળતું નથી. જ્યારે મન મળી જાય છે ત્યારે સુખ રહે છે.' ૨૭.

આટલી વાત કરીને શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા. જ્યારે અડધી ઉપર રાત ગઈ ત્યારે ઊંઘ ઊડી ગઈ. ૨૮. દાદા ખાચરના કારભારી લાધા ઠક્કર નામે હતા. તે શ્રીહરિની મરજીને જાણે તેવા બુદ્ધિમાન હતા. ૨૯. તે તથા દાદા ખાચર આદિક જે બુદ્ધિશાળી કાઠી દરબારો હતા તે સહુને શ્રીહરિએ પાસે બોલાવ્યા. અને કહ્યું કે, 'હવે અમે સત્સંગમાં રહેશું નહિ. ૩૦. જેને જે કાંઈ પૂછવું હોય તે તમે અત્યારે પૂછી લો. ફરીને અમે ક્યારેય મળશું નહિ. તેવો અમે વિચાર કરી રાખ્યો છે.' ૩૧. ત્યારે લાધા ઠક્કરે

હાથ જોડીને કહ્યું, ‘મહારાજ, અમારી તો બુદ્ધિ થોડી છે. જો અહીંથી આપ જતા રહેશો તો બધા સંતો અને હરિભક્તો અમારો વારંવાર તિરસ્કાર કરશે અને સમાજમાં અમારે ક્યારેય મુખ દેખાડવાનું નહિ રહે. ૩૨-૩૩.

જેમ તમે અત્યારે અમારી ઘણી કીર્તિ વધારી છે તેવી જ અમારી ભારે અપકીર્તિ થશે. કાંઈ સેવામાં ધ્યાન નહિ રાખ્યું હોય તેથી શ્રીહરિ ચાલ્યા ગયા હશે; આવો અપવાદ અમને કોઈ ન આપે તેમ તમારે હવે કરવું જોઈએ. આપ તો ચતુરોમાં પણ સહુથી અધિક ચતુર છો. આપની આગળ અમે તો કાંઈ નથી. ૩૪-૩૫. બધા સંતો જ્યારે ભેળા થાય ત્યારે આપે વિચાર કરવો જોઈએ. પછી અમને કોઈ કાંઈ કહેશે નહિ. અમે તો ખરી વાત આપને કહી છે.’ ૩૬.

શ્રીહરિએ જ્યારે સહુ દરબારોને પૂછ્યું ત્યારે તેમણે પણ આવો જ ઉત્તર આપ્યો. પછી શ્રીહરિએ વિચાર કરીને કહ્યું, ‘અમને પણ તેમ કરવું તે જ ઠીક લાગે છે. ૩૭. તમે જ્યારે સાચી વાત કહી ત્યારે તે વાત અમારા જીવમાં તરત ઊતરી ગઈ છે. હવે અમારે તેમ જ કરવું છે.’ ૩૮. બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી આદિ શાસ્ત્ર ભણનારા સંતો જેતલપુર રહ્યા હતા. તેમના ઉપર પત્ર લખાવ્યો અને તેમાં લખ્યું કે, ‘તમારે સહુએ કરજીસણ ગામ આવવું.’ ૩૯-૪૦.

છોટાભાઈ નામે વિપ્રને બોલાવીને શ્રીહરિએ તેમને પત્ર આપ્યો ત્યારે તે વિપ્ર પત્ર લઈને ચાલતો થયો. ૪૧. શ્રીહરિ સવાર થયા પહેલા મછિયાવથી ચાલ્યા. પછી જ્યારે **કલોલ** આવ્યા ત્યાં ટીમણ મગાવ્યું. તેમાં જલેબી અને પેંડા લાવ્યા. ૪૨. પાણી આવ્યું ત્યારે બધા નાહ્યા અને પૂજાવિધિ કર્યો. પછી સહુને જલેબી આપી અને શ્રીહરિ પોતે પેંડા જમ્યા. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “દેવળિયાથી જમ્યા પછી શ્રીહરિ મખિયાવ આવ્યા, ત્યાં સહુની પાસે શ્રીહરિએ રજા માગી અને સંતોને બોલાવવાનું નક્કી કર્યું” એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર અઢારમું : તરંગ - ૨૦

અમારે સત્સંગમાં નથી રહેવું તેમ કરજીસણમાં શ્રીહરિએ બ્રહ્મમુનિને કહ્યું

ટીમણ કરીને શ્રીહરિ ચાલ્યા તે સાંજ પડે **સેરખા** ગામ આવીને રાત રહ્યા. ગામમાં ગયા પણ ત્યાં એક પણ હરિભક્ત હતા નહિ. શિવરામ ભટ્ટ સાથે હતા. તેના સંબંધી વિપ્ર તે ગામમાં રહેતા હતા. ૧-૨. તેને ઘેર શ્રીહરિ ઊતર્યા. ઘાસ અને જોગાણ વેચાતું લીધું અને શ્રીહરિને માટે બ્રાહ્મણે મોરૈયાનો ભાત બનાવ્યો. ૩. શ્રીહરિ દૂધ અને મોરૈયો જમ્યા. પાર્ષદો અને કાઠી દરબારોને અલગ અલગ ઘેર પાટીદારોએ જમાડ્યા. ૪. તે પ્રદેશમાં ચોરી કરનારા જત લોકોનો બહુ ડર લાગતો હતો.

શ્રીહરિએ પાર્ષદોને કહ્યું, 'તમારે બંદૂક ભરી જામગરી સળગાવીને રાખવી. ૫. ચાર ચાર પાર્ષદો ઊભા રહીને આખી રાત ચોકી કરજો.' કાઠી દરબારોને કહ્યું, 'તમે પણ વારાફરતી જાગતા રહેજો. ૬. આજ અશ્વમાંથી કોઈ અશ્વ ચોરાઈ જશે તો તે અશ્વનું પલાણ ચોકીદારનાં માથા ઉપર મૂકવામાં આવશે. અમે અગાઉથી કહીએ છીએ. હવે અમારો દોષ ગણાશે નહિ.' ૭. ગામના લોકો આવીને દર્શન કરી ગયા, પણ પછીથી કોઈ આવ્યું નહિ એટલે શ્રીહરિ પોઢી ગયા. સવાર થયું ત્યારે ઊઠીને ચાલતા થયા. ૮. **ડાંગરવા** ગામને સીમાડે જ્યારે આવ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરી ગયા અને પોતાની સાથે પાર્ષદ કરીમભક્તને રાખ્યા. ૯. મુકુંદાનંદ વર્ણીને રસોઈ બનાવવા માટે ડાંગરવા ગામમાં મોકલ્યા. ત્યાં ઘણા સારા ક્ષત્રિય હરિભક્ત અગરાજી હતા. તેને ઘેર મોકલ્યા. ૧૦.

શ્રીહરિએ કહ્યું કે, 'પરમ વિવેકી અગરાજી છે તેને એકને જ ખબર પડવી જોઈએ અને પાર્ષદો તથા કાઠી દરબારો તે બધા કરજીસણ જાય.' તેમ કહ્યું. ૧૧. તેમને શ્રીહરિએ કહ્યું કે, 'કોઈએ અમારી વાત ક્યાંય કરવી નહિ. અમારે બે દિવસ ગુપ્ત રીતે રહેવું છે. અત્યારે તમે મારા અશ્વને પણ સાથે લઈ જાઓ. રાત પડ્યા પછી અમે ત્યાં આવશું. ૧૨. ત્યાં નાનાભાઈ વિપ્રને એકને જ વાત કહેજો. તેને ઘેર અમે રહેશું. ઘરમાં કોઈ બાઈ માણસ

રહે નહિ; એવો પ્રબંધ કરાવજો.' ૧૩. આમ કહીને સહુને વળાવી દીધા. પાંચ પાર્ષદો સાથે હતા. પાર્ષદોને દૂર રાખ્યા અને પોતે દૂર જઈને સૂઈ ગયા. ૧૪. જ્યારે મહુડાની છાયામાં સૂતા હતા, ત્યારે કરીમભક્ત એક જ પાસે હતા. તે સમયે કોઈ એક ક્ષત્રિય પુરુષ ત્યાં થઈને નીકળ્યો. તેણે કહ્યું, ૧૫. 'અહીંયા વનમાં એકલા આવીને કોણ સૂતું છે ? હું તો તમને સહેજે જ પૂછું છું. તો તે વાત કહો.' ૧૬.

ત્યારે કરીમભક્ત બોલ્યા, 'તારે પૂછવાનું શું કામ છે ? ચાહે તે સૂતા હોય, તું તારે રસ્તે ચાલ્યો જા ને.' ૧૭. કરીમભક્તે આમ તુંકારાથી ક્ષત્રિયને બોલાવ્યો ત્યારે તે આગળ જઈને પાછો વળ્યો અને બોલ્યો કે, 'તેં મને તુંકારે કેમ બોલાવ્યો ? માટે હું તારું માથું કાપી નાખીશ. ૧૮. અમે ક્ષત્રિય છીએ. તુંકારા ઉપર તો અમે તરત મરીએ, પણ તું તો કોઈ પશુના જેવો છે એમ જાણીને તને છોડી દઉં છું.' ૧૯. આમ કહીને ગાળો દેતો દેતો તે ક્ષત્રિય જ્યારે દૂર જતો રહ્યો ત્યારે શ્રીહરિ બેઠા થઈ ગયા. અને કરીમભક્તને તરત જ ચાલ્યા જવાનું કહ્યું. ૨૦.

'હવે તારે ક્યારેય મારી નજર આગળ રહેવું નહિ. તારે મારું માથું કપાવવાનો ભાવ લાગે છે ! ૨૧. અહીંયા રહેવાનું અમે તને કહેતા નથી માટે અત્યારે જ ચાલ્યો જા.' તે પછી તત્કાળ કરીમભક્ત ચાલ્યા ગયા. અને તે જ વખતે શિવરામ વિપ્ર આવ્યા. ૨૨. પછી વર્ણીએ રસોઈ બનાવી હતી, તે લઈને આવ્યા. શ્રીહરિ પ્રસન્ન મનથી તે જમ્યા. દરબાર અગરાજી અને તેમની માતા શ્રીહરિનાં દર્શન કરવા માટે શ્રીહરિની મરજી જાણીને ત્યાં આવ્યા. ઘણા હેતથી તેમણે દર્શન કર્યાં. જ્યારે દર્શન કરી રહ્યા તે પછી શ્રીહરિએ તેમને પણ જવાની રજા આપી. ૨૩-૨૪.

અગરાજીને શ્રીહરિએ કહ્યું, 'અમે કરજીસણ ગામમાં બે દિવસ સુધી ગુપ્ત રહેવાનો નિર્ધાર કર્યો છે.' ૨૫. પછી અગરાજી અને તેમની મા ડાંગરવા ગામમાં આવ્યા અને રાત પડી ત્યારે શ્રીહરિ કરજીસણ ગામ આવ્યા. ૨૬. ત્યાં શ્રીહરિ એક રાત ગુપ્તપણે રહ્યા. સવાર થયું ત્યારે જાહેર થઈને સહુને

દર્શન દીધાં. ૨૭. શ્રીહરિ ગામના ચોરે જ્યારે પલંગ ઉપર આવીને બેઠા ત્યારે ગામલોકોએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૮. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને ફૂલના હારથી છવાઈ ગયા હતા. ફૂલના હાર અને કેટલાક તોરાઓ પાઘના ઉપર હતા. ૨૯. કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા હતા. તેની શોભા અપાર બની હતી. બાજુબંધ અને ફૂલની પહોંચી બંને ભુજાઓ ઉપર છવાયેલી હતી. ૩૦.

ફૂલના હાર છાતી ઉપર પહેર્યા હતા. આ બધું કહેતા કોઈ પાર આવતો નથી. બરાબર તે જ સમયે બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી આદિ સંતો ત્યાં આવ્યા. તેમાં બ્રહ્માનંદસ્વામી શ્રીહરિની પાસે પહેલા આવીને મળ્યા. ૩૧-૩૨. કેટલાક ફૂલના હાર શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને પહેરાવ્યા અને તે પછી નિત્યાનંદસ્વામીને મળ્યા. ૩૩. મળ્યા પછી કેટલાક ફૂલના હાર નિત્યાનંદસ્વામીને પહેરાવી દીધા. પછી જેટલા સંતો આવ્યા તે સહુને મળ્યા અને હાર પહેરાવ્યા. ૩૪. મળીને જ્યારે સહુ બેઠા ત્યારે શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું, ૩૫.

'હવે અમે સત્સંગમાં ટકવાના નથી. હવે આ વાત હું તમને ખરેખર સાચી કહું છું. અમે આબુ પર્વતમાં જઈને તપ કરશું. વન અને પર્વત અમને ઘણા ગમે છે. ૩૬. પૂર્વે કેટલાક ચક્રવર્તી રાજાઓ પણ રાજ્યનો ત્યાગ કરીને વનમાં ચાલ્યા ગયા હતા. ૩૭. ચક્રવર્તી રાજ્ય કરતાં પણ પહાડ અને વન અમારે સુખરૂપ રહ્યા છે. વન અને પર્વત સિવાયના જેટલા પદાર્થ છે તેને અમે દુઃખરૂપ જાણીએ છીએ. ૩૮. જેટલા વૈભવ છે તેને અમે દુઃખરૂપ માનીએ છીએ. અને જે પર્વત તથા વન છે તેને અમે મહાન સુખરૂપ દેખીએ છીએ.' ૩૯. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'મુક્તાનંદસ્વામી જ્યારે આવશે ત્યારે તેઓ રજા આપશે. તેઓ આવે ત્યાં સુધી તમે રોકાઈ જાઓ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "અમારે સત્સંગમાં નથી રહેવું તેમ કરજીસણમાં શ્રીહરિએ બ્રહ્મમુનિને કહ્યું" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર અઢારમું : તરંગ - ૨૧

એકાકી તપ અને સત્સંગના ભીડામાં રહેવા બાબતે શ્રીહરિના વિચારો

વળી બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'આપને સત્સંગનો બધો અધિકાર મુક્તાનંદસ્વામીએ આપ્યો છે. ૧. તમારી ગુરુ-શિષ્ય બંનેની વાતને અમે કાંઈ જાણતા નથી. અમને તો એવું દેખાય છે કે આ બાબતને તો તમે બંને ગુરુ-શિષ્ય જ જાણો.' ૨. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'તમે આ વાત સાચી કહી છે. હવે મુક્તાનંદસ્વામીને મળીને અમે ચોક્કસ ચાલ્યા જઈશું. ૩. જે સત્ય વાત છે તેનું અમે ક્યારેય ઉલ્લંઘન કરતા નથી. કારણ કે, અમને સત્ય વાત પ્રિય લાગે છે અને અસત્ય વાત અમને ક્યારેય રુચતી નથી.' ૪.

चोपाई :

ब्रह्ममुनि तब बोलत भयेऊ, सत्यमूर्ति तुम एक रहेऊ;
सत्य यह सत्संग हि कहाते, सत्संग सम न कोउ देखाते...०५
गिरि बन में तप करे जितने, ताके फल हे सत्संग तितने;
सत्संग से अधिक ही जोऊ, फल हम नहीं सुने हे सोऊ...०६

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! સત્યમૂર્તિ તો આપ એક જ છો અને આ સત્સંગ પણ સત્ય કહેવાય છે. અમને સત્સંગના સમાન બીજું કાંઈ દેખાતું નથી. ૫. પર્વત અને વનમાં જેટલા તપ કરે છે, તે બધા તપનું ફળ સત્સંગ છે. સત્સંગથી બીજું કોઈ અધિક ફળ અમે સાંભળ્યું નથી. ૬. **પર્વત કે વનમાં જે એકલા જાય છે તે મનમાં ફાવે તેમ વર્તે છે. તેને કોઈ કહેવાવાળું નથી. એટલા માટે જ તે પર્વત કે વનમાં રહેવાનું ઠીક ધારે છે. ૭. અને જે વનમાં એકલા રહેતા હોય તેને માનવસમાજમાં રહેવું ગમતું નથી. અને જે મનુષ્યસમાજમાં રહેતા હોય છે તેનાં મનનું ધાર્યું ક્યારેય થતું નથી.'** ૮.

શ્રીહરિ કહે, 'પર્વત અને વનમાં જઈને જેટલા તપ કરે છે, તે જો મનનું ધાર્યું ન કરે તો તેને તપનું પૂરું ફળ મળે છે. ૯. અને જેટલું મનનું ધાર્યું કરે છે તેટલું તેને તપનું ફળ મળતું નથી. અને જેઓ સત્સંગ કરે છે

તેમને તો તેમાં કેટલાએ વિઘ્ન કરતા રહે છે. ૧૦. જ્ઞાનદૃષ્ટિથી જોઈએ છીએ ત્યારે આ બધો લોક વિઘ્નરૂપ જ દેખાય છે. પાણીની વચ્ચે બેસીને સૌભરિ ઋષિ તપ કરતા હતા. તે તપમાં ને તપમાં ઘરડા થઈ ગયા. એક દિવસ તેઓ મનને વશ થઈ ગયા અને માછલાનું મૈથુન દેખતાની સાથે જ તેનાં મને તપ કરનારા ઋષિને ખુવાર કરી દીધા. ૧૧-૧૨.

ઋષ્યશૃંગમુનિ વનમાં તપ કરી રહ્યા હતા. તેણે સ્ત્રી જાતિને ક્યારેય દેખી સાંભળી ન હતી. અને પિતાની સાથે રહેતા હતા. ૧૩. પિતાની સાથે ઘણા દિવસ સુધી કંદ અને ફળ ખાતા હતા. તેમાં એક દિવસ વેશ્યાની સાથે થોડો જ સંસર્ગ થયો. ૧૪. સ્ત્રીનો સંસર્ગ થોડો જ થયો હતો, પણ જ્યારે તે મનનું ધાર્યું કરવા લાગ્યા ત્યારે ઘણા દિવસ સુધી કરેલા તપથી તેને ભ્રષ્ટ કરી દીધા. ૧૫. મન અને ઈન્દ્રિયોનો સમુદાય જ્યાં કોઈ તપ કરતા હોય ત્યાં જાય છે, અને તેનો સંસર્ગ થયા પછી જે ગાફલ રહે છે તેને તે લૂંટી લે છે. ૧૬. હવે મુક્તાનંદસ્વામી જેમ કહેશે તેમ અમે દૃઢપણે કરશું. અમને મુક્તાનંદસ્વામીનો વિશ્વાસ છે. કારણ કે અમે પ્રથમ તેમની પાસે રહ્યા હતા. ૧૭. તે મુક્તાનંદસ્વામી કહે તેમ અમે જ્યાં સુધી દૃઢપણે કરશું ત્યાં સુધી અમારા મનનું અમારી પાસે કાંઈ ચાલશે નહિ. જીવના જેટલા શત્રુઓ કહેવાય છે તે મનની પાછળ જ રહ્યા હોય છે. ૧૮.

❋ સાચા ગુરુનાં લક્ષણ :

मन के राज रहत जिहाँ लगही, जन्म मरन रहत तिहाँ लगही;
गुरु कहत तिमि करत जबहू, मन के राज न रहत हे तबहू...१९
बंध मोक्ष की जाने बाता, गुरु सत्य कहे साक्षाता;
परब्रह्म श्रीहरि कु जाने, हरि से अधिक नहि कोउ माने...२०
देश काल विषम रहे तामें, एक की एक मति रहे यामें;
छिन छिनमें न रंग पलटावे, एसे साचे गुरु जो कहावे...२१

જ્યાં સુધી જીવમાં મનનું રાજ્ય રહે છે ત્યાં સુધી જીવને જન્મમરણ લાગ્યું જ રહે છે. અને જે મનુષ્ય ગુરુ કહે તેમ કરે છે તેના જીવનમાં મનનું રાજ્ય રહેતું નથી. ૧૯. બંધ અને મોક્ષની વાતને જાણતા હોય,

અને પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિને જાણતા હોય, અને ભગવાનથી અધિક બીજા કોઈને માનતા ન હોય; તે ગુરુ સાચા કહેવાય છે. ૨૦. દેશકાળની વિષમતામાં પણ જેની મતિ એકસરખી રહે અને જે ક્ષણ ક્ષણમાં રંગ બદલે નહિ તે જ સાચા ગુરુ કહેવાય છે. ૨૧. **જ્યાં સુધી જેટલો રંગ બદલાતો રહે છે ત્યાં સુધી તે ગુરુ તેટલા કાચા કહેવાય છે. મુક્તાનંદસ્વામીનો તો એક જ સરખો રંગ છે. તેમના રંગનો ક્યારેય ભંગ થાતો નથી.** ૨૨.

મુક્તાનંદસ્વામીના એકસરખા રંગને જોઈને અમે તેમને ગુરુ માનીએ છીએ. અને સત્સંગના જેટલા સદ્‌ગુણ કહેવાય છે તે બધા તે સ્વામીમાં રહ્યા છે. ૨૩. અને બીજાને સદ્‌ગુણ આપવામાં સ્વામીને ઘણો ઉત્સાહ રહે છે. અને જો ઉત્સાહ વગરની વાત કરવામાં આવે તો તેમાં સાંભળનારાને મનમાં ચાહના થતી નથી. ૨૪. જેટલી ઉત્સાહ વિનાની વાત કરવામાં આવે છે, તેમાં લોકોને રસ દેખાતો નથી. કારણ કે જેવી ખેડ કરે તેવી ખેતી થાય છે. ૨૫. સત્સંગનું જેટલું માહાત્મ્ય હોય તેનાં હૃદયમાં તેનો તેટલો કેફ રહે છે. તે કેફ છુપાવ્યો છુપાતો નથી. ૨૬. **અને સત્સંગના માહાત્મ્યમાં દંભ ઝાઝા દિવસ ચાલતો નથી. તે બીજા કોઈની વધારે માન-પ્રતિષ્ઠા થાય ત્યારે તરત દેખાઈ આવે છે.** ૨૭. જ્યારે અક્રૂરજી ગોકુળ આવ્યા હતા ત્યારે તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું ઘણું માહાત્મ્ય દેખાડ્યું હતું. ભગવાનના ચરણમાં આવીને આળોટવા લાગ્યા. ભગવાનના ચરણચિહ્નોનું ચિંતવન કરવા લાગ્યા. અને ખૂબ જ ગદ્‌ગદ કંઠ થઈ ગયા. તેમણે અપરંપાર વંદનભક્તિ કરી હતી. ૨૮-૨૯. શ્રીકૃષ્ણ ભગવાનને લઈ જવાનું અંદર કપટ હતું અને ઉપરથી ભક્તપણું દેખાડ્યું, પણ ભગવાન તેને જાણતા હતા. ૩૦.

જે મનુષ્ય ભગવાનની સાથે જેવું વર્તન કરે છે, ભગવાન તેની સાથે તેવું વર્તન કરે છે. મનુષ્ય માને છે કે મારા કપટને ભગવાન જરાયે જાણતા નથી. ૩૧. તે અક્રૂરજી શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજીને રથમાં બેસાડીને મથુરા જવા ચાલ્યા ત્યારે મનમાં ઘણા ઘાટ-સંકલ્પ થયા કે કંસ તો ઘણો દુષ્ટ છે. તે આ બંને ભાઈને મારી નાખશે, પરંતુ તે અક્રૂર યમુનામાં જ્યારે નાહવા ગયા ત્યારે ભગવાને તેને પોતાનું આશ્ચર્યમય રૂપ દેખાડ્યું. ૩૨-૩૩.

ભગવાને મથુરામાં આવતાની સાથે જ ધોબીને મારી નાખ્યો. પછી કુવલયાપીડ નામે હાથીને માર્યો. અને તે પછી જઈને મલ્લોનો પણ સંહાર કર્યો. ૩૪. કંસે વસુદેવ અને દેવકીનો ઘણો અપરાધ કર્યો હતો તેથી દયાળુ ભગવાને પછીથી તત્કાળ કંસને પણ મારી નાખ્યો. ૩૫. અક્રૂરજીએ ભગવાનનો અપાર પ્રતાપ દેખ્યો હતો, છતાં તે પ્રતાપને ભૂલી ગયા અને તેણે સ્યમંતકમણિની બાબતમાં ભગવાનનો અપરાધ કર્યો. ૩૬. **દેહ અને દેહના સંબંધી માટે માણસને અહં-મમત્વ થાય છે. પછી તે અહં-મમત્વને લીધે ભગવાનનો પણ અપરાધ કરતા દેખતો નથી.** ૩૭. જેઓ મોક્ષમાર્ગે ચાલ્યા છે, તેવા સંત અને હરિભક્તોએ પણ આ બાબત વિચારવાની રહે છે. જે કુમાર્ગે ચાલ્યા હોય તેની વાત શું કહેવી ? ૩૮.

✱ બીજાનો યશ સાંભળીને રાજી થાય તે સાધુતા છે :

सोरठा : संत हरिजन ताकी, आपसे उत्कृषा अधिक;
दिन दिन जोय वाकी, प्रसन्न होत सो अधिक बडे...३९
एसे गुन जुत संत, गुरु हम मानत हि रहेउ;
जरत हि रहत असंत, संत के जस कछु सुनकर...४०

સંતો અને હરિભક્તોનો ઉત્કર્ષ રોજ રોજ પોતાના કરતાં પણ વધારે જ્યારે દેખાય ત્યારે જે મનમાં ખૂબ જ રાજી થાય, તેને અધિક મોટા સંત કહેવાય. આવા ગુણયુક્ત સંતને અમે ગુરુ માનીએ છીએ. પણ જે અસંત છે તે તો સંતના થોડાક યશને સાંભળીને બળવા લાગે છે. ૩૯-૪૦. જેટલી સાધુતા છે તે બધી સ્વભાવમાં દેખાઈ આવે છે. અને જેનામાં જેટલી મોટપ હોય તે મોટપ કાંઈ કર્યા વિના પણ તેને ફાયદો કરે છે.' ૪૧. તે સમયે બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી શ્રીહરિના મુખની વાત સાંભળીને મનમાં ઘણું રાજી થયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "એકાકી તપ અને સત્સંગના ભીડામાં રહેવા બાબતે શ્રીહરિએ પોતાના વિચારો કહ્યા" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥

પૂર અઢારમું : તરંગ - ૨૨

શ્રીહરિ કરજીસણથી વડુ અને ઓળા થઈને આદરજ પધાર્યા

કરજીસણમાં બીજે દિવસે ગામથી બહાર પૂર્વ દિશામાં જ્યાં એક વડ હતો ત્યાં આવીને શ્રીહરિએ સભા કરી. ૧. ત્યાંના ગોવિંદભાઈ પટેલ હરિભક્ત હતા. તેણે પહેલે દિવસે લાડુની રસોઈ કરાવી હતી. ૨. પહેલા શ્રીહરિને જમાડ્યા. પછી સંતો અને વર્ણીને જમાડ્યા. શ્રીહરિ સંતોની પંગતમાં લાડુ પીરસવા ફરતા રહ્યા. ૩. પાર્ષદો અને કાઠી દરબારોની પંગતમાં પણ પીરસવા ફર્યા. શ્રીહરિ રોજ સવાર-સાંજ તે સહુની સંભાળ રાખતા હતા. ૪.

પછી પટેલ ગોવિંદભાઈએ શ્રીહરિની કેસરયુક્ત ચંદન અને ફૂલહારથી ઘણા ભક્તિભાવથી પૂજા કરી અને એક દુપટ્ટો નવો ઓઢાડ્યો. ૫. ધૂપ, દીપ કરીને આરતી ઉતારી. તેમણે પોતાના જન્મને સુફળ કર્યો. સંતો અને વર્ણીની પૂજા કરીને ઘણા સ્નેહથી વસ્ત્ર ઓઢાડ્યાં. ૬. બીજે દિવસ એક સોની હરિભક્ત હતા, તેણે રસોઈ કરાવી. શ્રીહરિ, સંતો અને વર્ણીને જમાડીને પછી સહુની પૂજા કરી. ૭. આદરજ ગામના રતુ ખાંટ હરિભક્ત હતા. તેને શ્રીહરિ કરજીસણ આવ્યા છે એવા ખબર મળ્યા. તેથી શ્રીહરિમાં હેત લાવી પોતાના મનમાં ઘણો સ્નેહભાવ કર્યો. ૮. દિવાળી અને અન્નકોટના પર્વના દિવસ સમીપ આવ્યા છે એમ સમજીને શ્રીહરિ તથા સંતોને બોલાવીને પોતાના ગામમાં ભાવથી ઉત્સવ કરાવવો, તેવું રતુ ખાંટે પરીવાર સાથે નક્કી કર્યું. ૯. ગાયકવાડ સરકારનું લશ્કર ગામ પાસે રહ્યું હતું, છતાં શ્રીહરિની પાસે ઉત્સવ કરાવવાનું ઉત્સાહભેર ઠરાવ કર્યો. ૧૦.

રસોઈનું પણ નક્કી કરીને પછી તરત શ્રીહરિના ઉપર આદરજથી કરજીસણ પત્ર લખ્યો. તે પત્ર પોતાના અંગત માણસને બીડીને આપ્યો. ૧૧. તે માણસ પત્ર લઈને આવ્યો અને શ્રીહરિના હાથમાં આપ્યો. પત્ર વાંચીને શ્રીહરિ ધનતેરશને દિવસે જ આદરજ જવા નીકળ્યા. ૧૨. રસ્તામાં **વડુ** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તો સામે આવ્યા. માનાભાઈ ગોહિલ નામે એક ક્ષત્રિય હરિભક્ત આવીને શ્રીહરિને પગે લાગ્યા. ૧૩. તે સિવાય પુરુષોત્તમ અને જેરામ તથા ઝવેરભાઈ નામે તેના પુત્ર પાટીદાર હતા. તેઓ પણ આવીને

શ્રીહરિને પગે લાગ્યા. ૧૪. કાનજીભાઈ નામે બારોટ હરિભક્ત હતા. તે શ્રીહરિને પગે લાગ્યા અને બીજા હરિભક્તોએ પણ ભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૫. તે સમયે સહુ ફૂલના હાર, તોરા, બાજુબંધ અને ગુચ્છ લાવ્યા હતા, તે ઘણા પ્રેમથી શ્રીહરિને ધરાવ્યા. ૧૬. ઢોલ અને તાંસા આદિક અનુપમ વાજિંત્ર વાગી રહ્યાં હતાં. શ્રીહરિ અદ્‌ભુત અશ્વ ઉપર બેઠા હતા. ૧૭. અંગ ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. દર્શન કરનારાનાં નેત્ર તૃપ્ત થતાં નહિ. શ્રીહરિ ગામની બહાર આવ્યા અને ત્યાં એક સુંદર કૂવો જોઈને ઊતર્યા. ૧૮. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે બે મશાલો કરાવી. શ્રીહરિએ આરતી અને ધૂન કરાવી. પછી સભા કરીને પલંગ ઉપર બેઠા. ૧૯. માનાભાઈ ગોહિલે સવારમાં લાડુની રસોઈ કરાવી હતી. અને ગામમાં જેટલું દહીં તથા દૂધ મળ્યું, તે બધું જ તેમણે ભેળું કરાવ્યું. ૨૦.

જ્યારે રાત પાછલી એક પહોર રહી ત્યારે શ્રીહરિ, સંતો અને વર્ણી વગેરે સહુ નાહ્યા. પૂજા અને તિલક વગેરે કર્યાં. પછી હરિભક્ત શ્રીહરિ તથા સંતોને બોલાવવા માટે આવ્યા. ૨૧. પછી શ્રીહરિ અને સંતો વગેરે તત્કાળ ગામમાં માનાભાઈ ગોહિલને ઘેર આવ્યા. ૨૨. તરત દયાળુ શ્રીહરિ થાળ જમ્યા અને સંતોની પંગત કરાવી. પાર્ષદો તથા કાઠી દરબારોની પંગત કરાવીને ઘટે તે રીતે સહુને બેસાડ્યા. ૨૩. શ્રીહરિએ પહેલા ઘણા પ્રેમભાવથી સંતોની પંગતમાં લાડુ પીરસ્યા. તે પછી પાર્ષદો તથા દરબારોની પંગતમાં જઈને લાડુ પીરસ્યા. ૨૪.

ધર્મકુમાર શ્રીહરિએ પંગતમાં સહુ લાડુ જમી રહ્યા ત્યારે ભાત પીરસાવ્યો અને તેમાં પહેલા દૂધ પીરસ્યું. ૨૫. અને તે પછી દહીં પણ પીરસ્યું. દહીં તથા દૂધને પીરસતા રેલમછેલ મચાવી અને ફળિયામાં દૂધ દહીંનો કીચડ કરી દીધો. ૨૬. માનાભાઈ ગોહિલે આવીને તે સમયે શ્રીહરિને પલંગ ઉપર બેસાડીને ઘણા જ પ્રેમથી તેમની પૂજા કરી. ૨૭. કેસરી ચંદન લલાટમાં ચરચ્યું અને તેમાં ઘણા ભક્તિભાવથી કુંકુમનો ચાંદલો કર્યો. ૨૮. પછી ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર મોહક પાઘ બંધાવી. ધૂપ, દીપ અને આરતી કરીને તેઓ શ્રીહરિના ચરણમાં પડ્યા. ૨૯. આ અવસરને

અત્યંત દુર્લભ માનીને પછી માનાભાઈએ જેટલા સંતો અને વર્ણી હતા, તે બધાની પ્રેમભાવથી પૂજા કરી અને સહુને નવાં વસ્ત્ર ઓઢાડ્યાં. ૩૦.

ગામમાં જેટલા હરિભક્તો હતા, તેમણે દિલના પ્રેમભાવથી ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી અને સારી પૂજા કરી. ૩૧. તે હરિભક્તોએ જેવો લ્હાવો લીધો હતો તેવો કોઈએ લીધો ન હતો. હરિભક્તોને રાજી કરીને અંતર્યામી સહજાનંદસ્વામી પૂરની બહાર આવ્યા. ૩૨. તે પછી અવિનાશી શ્રીહરિ અશ્વ ઉપર સવાર થઈને ચાલ્યા. બધા સંતો અને વર્ણી વગેરેને સાથે લીધા હતા. આગળ જતા **ઓળા** ગામ આવ્યા. ત્યાં ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધા સન્મુખ આવ્યા અને દર્શન કરીને પરમ સુખિયા થયા. ફૂલના હાર પહેરાવીને સહુએ વારંવાર વિનંતિ કરી. ૩૩-૩૪.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, 'અમે ફરીવાર આવશું ત્યારે આ તમારા ગામમાં જરૂરાજરૂર રાત રહેશું. અમે ખોટું વચન આપતા નથી.' ૩૫. આમ કહીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે સં. ૧૮૭૫ આસો વદ-૧૪-કાળીચતુર્દશીને દિવસે **આદરજ** ગામ આવ્યા. શ્રીહરિ પધાર્યાની ખબર રતુ ખાંટને તત્કાળ મળી. ૩૬. પછી તેઓ ઢોલ અને તાંસા આદિ જેટલાં વાજિંત્ર હતાં, તે બધાંને લઈને સામે ગયા. ગામના જેટલા ભક્તો સાથે આવ્યા હતા તેમણે પણ ઉમંગથી શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૭. દર્શન કરીને સહુએ ફૂલહાર પહેરાવ્યા, શ્રીફળ ચરણમાં મૂક્યાં અને પગમાં પડ્યા. ૩૮. ધર્મકુમાર શ્રીહરિની સાથે કાઠી દરબારોની અપાર સવારી હતી. તેમાં પોતે આગળ હતા તેથી તે વખતે તે ઘણી શોભી રહી હતી. ૩૯. તે સમયે શ્રીહરિ રોઝા ઘોડા ઉપર બેઠા હતા. અને ઘોડાને બધાં સોનાનાં શણગાર પહેરાવ્યા હતા. ૪૦. શ્રીહરિનાં મસ્તક ઉપર રંગબેરંગી સોનાનું સુંદર છત્ર ધારણ કર્યું હતું અને મૂર્તિ ઘણી મોહક બની હતી. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ કરજીસણથી વડુ અને ઓળા થઈને આદરજ પધાર્યા" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર અઢારમું : તરંગ - ૨૩

આદરજમાં સાંજની સભામાં શ્રીહરિને લશ્કરી અધિકારીએ પ્રશ્ન કર્યા

તે વખતે શ્રીહરિની આગળ હાથમાં સોનાની છડી લઈને કુબેરસિંહ 'જય જય...જય જય...' એમ બોલતા હતા. ૧. કુબેરસિંહ સારા હરિભક્ત હતા અને ચોપદાર હતા. જ્યાં જ્યાં શ્રીહરિ સમૈયો કરતા ત્યાં તેઓ આવતા હતા. ૨. શ્રીહરિની આગળ પાર્ષદો બંદૂક બાંધીને ચાલતા હતા અને તે સમયે બંદૂકના અવાજ કરતા હતા. ૩. પાર્ષદોની આગળ જેટલા સંતો અને વર્ણી હતા, તે ચાલતા હતા. અને બધા હરિભક્તો સંત વગેરેની આગળ ચાલતા હતા. ૪. નિશાન અને વાજિંત્રવાળા જેટલાં હતાં, તે સહુની આગળ હતા. જેટલા વાજિંત્રવાળા તે વખતે આવ્યા હતા, તે અલૌકિક રીતે વગાડતા હતા. ૫.

બધું આકાશમંડળ વાજિંત્રોના ધ્વનિથી છવાઈ ગયું હતું. તેમજ સંતો તથા હરિભક્તો પ્રેમરસભર્યા ગરબીના પદ ગાતા હતા. અને કેટલાક તો 'જય જય...જય જય...' શબ્દ કરતા હતા. તે સમયે પરમ આનંદનો સાગર ઊભરાયો હતો. ૬-૭. શ્રીહરિ આ વખતે આવ્યા ત્યારે બધી રાજબજારો સ્વચ્છ કરી હતી. શ્રીહરિને ઘણા પ્રેમથી પુરજનોના દર્શન માટે પુરમાં પધરાવ્યા હતા. ૮. સૂર્યાસ્તને સમયે શ્રીહરિ પુરમાં પધાર્યા હતા તેથી કેટલીક મશાલો પ્રગટાવી હતી અને મનગમતી દીપમાળાઓ પણ કરી હતી. ૯. કેળના સ્તંભ રોપાવીને દુકાનોને રંગબેરંગી કરી અને બિલોરી ઝાડ બધી દુકાનોમાં બાંધી દીધા હતા. ૧૦.

પુરવાસી જેટલા બાઈ-ભાઈ હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવાને માટે ઊભી બજારે આવીને ઊભા હતા. તેમની જે ભીડ થઈ હતી તે કહી શકાતી નથી. ૧૧. ભાવનાશીલ જે બાઈઓ હતી તે મોતીના થાળ ભરી ભરીને હરખથી શ્રીહરિને વધાવતી અને મુખથી મંગળ ગીતો ગાતી હતી. ૧૨. બજારમાં ચારેબાજુથી મોતીનો વરસાદ વરસતો હતો અને શ્રીહરિ આવ્યા તેથી અપાર શોભા બની હતી. તે કહી શકાતી નથી. ૧૩. શ્રીહરિનાં દર્શન કરવાને માટે જેટલા પુરુષો ઊભા હતા, તે બધા ફૂલના હાર લઈને આવ્યા

હતા અને શ્રીહરિની પૂજા કરતા હતા. ૧૪. શ્રીહરિ પણ પ્રેમવિવશ થઈને તે સહુને પ્રસાદીના હાર પહેરાવતા હતા. સહુ ગામલોકો આ દિવસને ધન્ય ધન્ય માનતા હતા. ૧૫. તે વખતે રતુ ખાંટે ઘણો વિનય અને ભક્તિભાવથી વિનંતી કરીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧૬.

અંતર્યામી શ્રીહરિએ તેનું ઘર અને ચોકને દેખ્યા. પછી ગામથી બહાર આવીને સ્વચ્છ જગ્યા જોઈને ત્યાં મુકામ કર્યો. ૧૭. ગામની સમીપે ઉત્તર દિશામાં એક મોટું ગંગાસર તળાવ હતું. તે તળાવની પાસે પૂર્વ તરફ આંબલીના ઝાડની ઘટા હતી. ૧૮. ત્યાં સંતોએ મુકામ કર્યો. તે જગ્યાએ વચ્ચે સુંદર ચોક હતો એટલે મનમોહક શ્રીહરિએ ત્યાં સભા કરી અને પલંગ ઉપર બેઠા. ૧૯. ગાદી તકિયાથી યુક્ત તે સુંદર પલંગ હતો અને સફેદ ઓછાડ ગાદી ઉપર બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને છાતી ઉપર શ્વેત હાર શોભી રહ્યો હતો. હાથમાં શ્વેત રૂમાલ હતો. વળી તે સભાની ચારેકોર દીપમાળાઓ કરી હતી. ૨૦-૨૧.

સંતો સારા કીર્તન ગાતા હતા. તે સભા અલૌકિક દેખાતી હતી. ભગવાન સ્વામિનારાયણની અલૌકિક મૂર્તિના અલૌકિક પ્રતાપને લીધે, ૨૨. જે કાંઈ પણ નજરે દેખાતું હતું તે સભા વગેરે બધું અલૌકિક દેખાતું હતું. તેવા સમયમાં લશ્કરના એક મોટા સરદાર ત્યાં રહેતા હતા. ૨૩. તેઓ શ્રીહરિના દર્શન કરવા માટે ત્યાં આવ્યા અને મનના પ્રેમભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં. તે પછી આગળ શ્રીફળ મૂક્યું. ૨૪. તેઓ શ્રીહરિ, સંતો અને વર્ણી, તેમની મર્યાદા રાખીને શ્રીહરિની સન્મુખ બેઠા. પછી શ્રીહરિની સામે બંને હાથ જોડ્યા. ૨૫. પછી તેમણે શ્રીહરિ આગળ કહ્યું કે, ‘આપ ક્યાંથી આવ્યા છો ? તમારો નિવાસ ક્યાં છે ? આપના શિષ્યો કોણ છે ? ૨૬. ચાર વર્ણમાં આપ કયા વર્ણમાં પ્રગટ્યા છો ? જેટલા યજ્ઞો કરાવ્યા છે તેમાં આપ ધન ક્યાંથી લાવ્યા છો ? ૨૭. ધન વિના યજ્ઞ થતા નથી. વારંવાર આપે યજ્ઞ કર્યા છે. ઘણા બ્રાહ્મણોને જમાડ્યા છે અને સહુને દાન પણ આપ્યા છે. ૨૮. મોટા મોટા પેશવા જેવા કેટલાએ રાજાઓ હતા. તેમનું રાજ્ય ગયું તેમનાથી

યજ્ઞ થઈ શક્યા નહિ. અને આપ તો યજ્ઞ કરતા જ રહ્યા છો. ૨૯. આપને કાંઈ રાજ્ય તો નથી છતાં યજ્ઞ કરો છો, તે વાત ઘણી આશ્ચર્યકારી છે. વળી, આપ ધનનો સંગ્રહ પણ કરતા નથી. એવી વાત અમે સાંભળી છે. ૩૦.

આપનો સંપ્રદાય કયો છે ? આપના ઈષ્ટદેવ, ઈષ્ટશાસ્ત્ર અને ઈષ્ટ મંત્ર કયો છે ? વળી, મૃત્યુ પછી તમારા શિષ્યો ક્યાં જાય છે ? અર્થાત્ તેમનો કેવો મોક્ષ થાય છે ? ૩૧. આપે ધર્મ કેવો ધાર્યો છે ? આપના નરનારી શિષ્યો કઈ રીતે વર્તે છે ? આપના જે ત્યાગી શિષ્યો છે તેમને કેવા ધર્મમાં વર્તાવો છો ? ૩૨. અત્યારે ઘોર કળિકાળ ચાલી રહ્યો છે. ક્યાંય ધર્મ રહ્યો નથી, છતાં આપના મતમાં ધર્મ નિવાસ કરીને રહ્યો હોય તેવું દેખાય છે. ૩૩. શાસ્ત્રમાં જેને અધર્મ કહ્યો હોય છે, તેને અત્યારે કેટલાક મતમાં ધર્મ કરીને માનવામાં આવે છે, અને તે લોકો સાચા ધર્મને અધર્મ કહે છે. ૩૪. આજે આપના સિવાયના જેટલા મત છે તે બધા મર્યાદા છોડીને વર્તે છે. અને જેટલા નિર્મર્યાદ છે તે બધા આપનો દ્રોહ કરતા રહે છે. ૩૫. શાસ્ત્રો પોકાર કરીને કહે છે કે, જે મતમાં ધર્મ જેટલો નિવાસ કરીને રહે છે તેટલો ત્યાં ચોક્કસ મોક્ષ રહે છે. ૩૬.

આ જગતમાં જેટલી સાચી વાત સિવાયની વાત છે તેમાં કોઈ વિશ્વાસ કરતું નથી. જેના જેવા લક્ષણ હોય તેનાથી તે પરખાય છે. ૩૭. સત્ય વચન સિવાયની જેટલી વાતો છે તે બધી મૂળિયા વિનાની દેખાય છે. એટલે તેમાં મોક્ષ પણ તેવો જ રહ્યો છે. ૩૮. ત્યારે શ્રીહરિએ તે લશ્કરી અધિકારી આગળ કહ્યું, **'જેને જેવો ખપ હોય તે રીતે તેઓ નિર્ધાર કરે છે. જેને ખપ ન હોય તે શું નિર્ધાર કરે ?** ૩૯. **અને ખપ વગરની વાત કોઈ પૂછે તે પણ એક-બે ઘડીનો વિનોદ દેખાય છે અને તેવા વાર્તા-વિનોદથી કોઈ પ્રયોજન સરતું નથી.'** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "આદરજમાં સાંજની સભામાં શ્રીહરિને લશ્કરી અધિકારીએ પ્રશ્ન કર્યા" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર અઢારમું : તરંગ - ૨૪

શ્રીહરિએ લશ્કરી સરદારને નિઃસ્પૃહતાભર્યા સ્પષ્ટ ઉત્તર આપ્યા

લશ્કરના સરદારે શ્રીહરિને જે વાત પૂછી તેના ઉત્તર પ્રગટ પ્રભુ શ્રીહરિએ કર્યા. ૧. કાઠિયાવાડ દેશમાં ગઢપુર ગામ છે. ત્યાં અમે ખાસ કરીને ચાતુર્માસમાં વારંવાર વિશેષ રહીએ છીએ. ૨. ખાચર અટકના કાઠીઓનો તે મુખ્ય દેશ છે. તેમને અમારો સત્સંગ થયો ત્યારે તેમણે જેટલી અનીતિ હતી તે બધી છોડી દીધી છે. ૩. ચારે વર્ણના મનુષ્યોમાં જેને મોક્ષનો ખપ હોય તે બધા અમારાં વચન પ્રમાણે સત્સંગી થાય છે. ૪. મનુષ્ય જાતિમાત્રના બાઈ-ભાઈ તે બધાને ભગવાનનું ભજન કરવાનો સંપૂર્ણ અધિકાર છે. ૫. અપાર મુસલમાન અને ચાંડાળ પર્યંતના લોકો પણ ભગવાનનું ભજન કરીને મોક્ષને પામ્યા છે. અને અપાર પશુ પક્ષીઓ પણ મોક્ષને પામ્યા છે. ૬.

જે કોઈ પણ મનુષ્ય કહેવાય છે તે બધા મુખ્યપણે અમારાં વચનથી ચાર પ્રકારના દુષ્કર્મ(દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર)નો જેટલો ત્યાગ કરે છે તે બધા બાઈ-ભાઈ જે કોઈ પણ હોય તે અમારા શિષ્ય કહેવાય છે. ૭. અને જેનો જેવો અધિકાર હોય તે પ્રમાણે રહે છે. અમારાં વચનનો તેઓ લગાર પણ લોપ કરતા નથી. ૮. વિપ્રની રીતમાં વિપ્ર રહે છે. ક્ષત્રિયની રીતમાં સર્વે ક્ષત્રિય ચાલે છે. વૈશ્ય વૈશ્યની રીત ત્યાગતા નથી. શૂદ્રની રીતમાં શૂદ્ર પણ ચાલે છે. તે સહુ પોતપોતાની લોક અને શાસ્ત્રની રીત પ્રમાણે વર્તે છે. ૯. જેની જેવી જાતિ હોય તે રીતે અમારા વિવેકી શિષ્યો રહે છે. આ વાત અમે તમારી આગળ જાહેર કરી દીધી છે. ૧૦.

જેટલી બાબતોમાં કોઈ બાધ ન હોય અને લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ ન હોય તેવી નિર્બાધ બાબતોને અમે ગ્રહણ કરીને રાખીએ છીએ. ૧૧. જે બાબતમાં કોઈ બાધ દેખાય અને લોક તથા શાસ્ત્રમાં મળતી ન આવે તેને અસત્ બાબત દેખીને અમે તેનો ત્યાગ કરીએ-કરાવીએ છીએ. ૧૨. અયોધ્યાથી ઉત્તરમાં આઠ કોશ દૂર છપૈયા નામે ગામ છે. ત્યાં અમારો જન્મ થયો હતો. ૧૩. અમે સરવરિયા વિપ્ર છીએ. બાળપણથી જ ઘરનો ત્યાગ

કરીને તીર્થો અને વનમાં ફર્યા છીએ. ૧૪. જ્યારથી યજ્ઞોપવીત ધારણ કર્યું ત્યારથી મેં આ વર્ણીનો વેષ યોગ્ય જાણી રાખ્યો છે. ૧૫. અમે સાત વર્ષ સુધી વનમાં રહીને તપ કર્યું છે. દક્ષિણ દેશના તીર્થોમાં ફરતા ફરતા અમે ધરમપુર પ્રદેશ થઈ સુરત અને ખંભાત આવ્યા. ત્યાંથી ભાલદેશમાં થઈને ભીમનાથ આવ્યા. ૧૬-૧૭. પછી શિહોર થઈને ભાવનગર આવ્યા. ત્યાંથી ગોપનાથ થઈને આદિવારાહ આવ્યા. ૧૮. તે પછી ગુપ્તપ્રયાગ અને તુલસીશ્યામ થઈને પ્રાચીપાટણ ગયા. અને ત્યાંથી માંગરોળ પુરમાં આવ્યા. ૧૯. પછી અમે લોજ ગામ આવ્યા. ત્યાં જેટલાં અમે તીર્થ અને તપ કર્યાં હતાં તેનું ફળ મળી ગયું. કોઈ ફળ બાકી રહ્યું નહિ. ૨૦.

અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીનો અવતાર થયો હતો. તે ગીરનારના છાયા પ્રદેશમાં પીપલાણા ગામમાં રહ્યા હતા. ૨૧. તેઓ પછી તત્કાળ મને મળ્યા. અયોધ્યાનગરમાં અજય નામે વિપ્ર રહેતા હતા. તેમને ત્યાં દયાળુ રામાનંદસ્વામી પ્રગટ થયા હતા. જે કોઈના જાણ્યામાં આવ્યા ન હતા. ૨૨. જ્યારે તેઓને કોઈ મુમુક્ષુ મનુષ્ય ઓળખી જતા ત્યારે તેને મોક્ષનો ઉપદેશ કરતા હતા. અને ખળની સાથે તો ખળની રીતે રહેતા હતા. તેમને ખળ મનુષ્યો ક્યારેય ઓળખતા નહિ. ૨૩. તેમણે મને નિર્માની સમજીને મારા ઉપર ઘણી કૃપા કરી. અને તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ ભગવાનનું જેટલું જ્ઞાન હતું, તે બધું જ્ઞાન મને આપ્યું. તે પછી તેઓ શરીરનો ત્યાગ કરીને સ્વધામ પધાર્યા. ૨૪-૨૫.

અત્યારે જેટલામાં અમારો સત્સંગ થયો છે તેટલામાં તેમના વચનને દિલમાં ધારીને અમે ફરતા રહીએ છીએ. ૨૬. તે ગુરુના વચનના પ્રતાપે અમે મનમાં જેવો સંકલ્પ કરીએ છીએ તેવું તેઓ સ્વયં કરી આપે છે. અમારા ઉપર તે ગુરુ રામાનંદસ્વામીની કૃપા છે. ૨૭. અને શ્રીકૃષ્ણ ભગવાન અમારાથી દૂર રહેતા નથી. અમે જ્યારે જ્યારે યજ્ઞ કર્યા ત્યારે તેની બધી સામગ્રી તેમણે પૂરી કરી છે. ૨૮. બધી રિદ્ધિ સિદ્ધિ શ્રીકૃષ્ણ ભગવાનને આધીન રહે છે. અને સામગ્રી આપવી તેમાં શ્રીકૃષ્ણ ભગવાનને

કોઈ આશ્ચર્યની વાત રહી નથી. ૨૯. અમારી જેટલી બાબત છે તે બધી શ્રીકૃષ્ણ ભગવાનને આધીન છે. જે જે જેટલી વિદ્યાઓ કહેવાય છે તે સર્વનું કારણ શ્રીકૃષ્ણ ભગવાન છે. ૩૦.

જે કાંઈ ઇન્દ્રજાળ કહેવાય છે તેને તો અમે ફિતૂર માનીએ છીએ. જે કોઈ પણ બાબતમાં અમને ફિતૂર દેખાય તેનો અમે તરત ત્યાગ કરી દઈએ છીએ. ૩૧. જે લોકો ફિતૂર બાબતને માને છે તે ક્યારેય શુભગતિને પામતા નથી. અમારી જે સમજણ છે તે બધી તમને કહી દીધી. ૩૨. અમારી વાતને તમે માનો એવું અમને કોઈ તાન નથી. જે અમારી વાતને માને છે તેને સંસારનું ભટકણ રહેતું નથી. ૩૩. જેને સંસારના ભટકણનો ભય લાગે છે તેઓ અમારી વાતને માને છે. અને જે લોકોને ધન, લશ્કર અને હુકમના જોરથી ડર લાગતો હોય એવા થોડાક જ હોય છે. ૩૪. તે લોકો તો જેનાથી ભવભટકણ ન થાય એવી વાતમાં ક્યારેય મન પરોવતા નથી. અને જેટલી વિષયના સંબંધની વાત હોય છે તે બધી તેમને પ્રિય લાગે છે. ૩૫.

❋ શ્રીહરિની કૃપા કોને કહેવાય અને કોપ કોને કહેવાય ?

चोपाई :

दुःख रहाये तामें जितना, सो नहि देखत तिल भर तितना;
भगवान के कोप रहाये एहा, मनगमते विषय मिलत तेहा...३६

दोहा : सतपुरुष रहे जितने, समझत एसी रीत;
असतपुरुष रहे तितने, समझ तेहि विपरीत...३७
मनमाने विषय मिलत जब, असतपुरुष जेते;
भगवान की कृपा बहुत हि, मानत भये तेते...३८

પણ વિષયમાં જેટલું દુઃખ રહ્યું છે તેને તે લોકો તલભાર જેટલું પણ દેખતા નથી. 'મનગમતા જે વિષય મળે છે તે તો ભગવાનનો કોપ થયો છે' આ રીતે જેટલા સત્પુરુષો છે તે માને છે. અને જેટલા અસત્પુરુષો છે તેઓ તેથી વિપરીત સમજે છે. ૩૬-૩૭. અસત્પુરુષો તો જેટલા મનમાન્યા વિષય મળે છે તેને ભગવાનની મોટી કૃપા માને છે. ૩૮. **વિષયમાં જે દુઃખ**

રહ્યા છે તેનો ગણતા કોઈ પાર આવતો નથી. આવા દુઃખરૂપ વિષયમાં સુખ માનવું તેના સમાન બીજો કોઈ ભગવાનનો કોપ નથી. ૩૯. આવા કોપને અજ્ઞાની લોકો ઈશ્વરની અપાર સુખકારી કૃપા માને છે. તેઓમાં અપાર બુદ્ધિ હોવા છતાં તે બુદ્ધિ મોક્ષના ઉપયોગમાં આવતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ લશ્કરી સરદારને નિઃસ્પૃહતાભર્યા સ્પષ્ટ ઉત્તર આપ્યા" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥

પૂર અઢારમું : તરંગ - ૨૫

શ્રીહરિએ વેદનું મોક્ષપરક તાત્પર્ય કહ્યું, પછી મુક્તાનંદ-સ્વામીની સન્મુખ ગયા

જેણે પ્રશ્ન કર્યા હતા તે સરદારની આગળ શ્રીહરિએ ફરીવાર કહ્યું, 'શ્રીકૃષ્ણ ભગવાન અમારા ઈષ્ટદેવ છે અને શાસ્ત્ર તો વેદને માનીએ છીએ. ૧. અને તે વેદના અર્થને જોઈને વ્યાસમુનિએ જે રીતે અઢાર પુરાણોમાં સ્પષ્ટ કરીને બતાવ્યા છે, ૨. તે પછી જે સમર્થ ઋષિઓ હતા અને જેટલા સમર્થ આચાર્યો થયા તે બધા વ્યાસમુનિના વચનને અનુસારે પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલતા રહ્યા છે. ૩. મુનિવર્ય વ્યાસજીએ અનેક જીવોનું હિત કરવાને માટે જે બાબત લખી છે તેને કોઈક લોકો જ સવળી સમજે છે. ૪. લોકો અનેક પ્રકારના છે અને તેની રુચિનો પણ કોઈ પાર નથી. વેદોએ પ્રથમ લોકોને જે રીતે રુચિ ઉપજે તે રીતે પરમ પ્રેમરસથી વેદના માર્ગે ચલાવવા માટે નિયમ વિરુદ્ધ જે પાપ કરતા હતા તેમને નિયમમાં રહીને પાપ કરવાનું બતાવ્યું. ૫-૬. એ રીતે ધીમે ધીમે થોડા થોડા પાપને છોડાવવાનો આશય છે, પણ વેદને પાપ કરાવવામાં ક્યારેય તાન રહ્યું નથી. ૭. મુમુક્ષુ સિવાયના જેઓને પોતાની બુદ્ધિનું અભિમાન હતું તે લોકો વેદના તાન(આશય)ને સમજ્યા નહિ અને જેને બુદ્ધિનું અભિમાન નથી હોતું તેનું વેદ પરમ હિત કરે છે. ૮.

જ્યાં સુધી બાળકને જ્ઞાન નથી હોતું ત્યાં સુધી તે અજ્ઞાની બાળક મળ-મૂત્રમાં આળોટતો રહે છે, પણ જ્યારે તેને મળ-મૂત્રનું જ્ઞાન થાય છે ત્યારે તેનું મન તેમાં લાગતું નથી. ૯. સમજણ આવ્યા પછી તેને મળ-મૂત્રને ધોયા સિવાય પળવાર પણ ચેન પડતું નથી. આમ જોઈએ તો બાળક અને વેદની એકસમાન રીત છે, છતાં વેદની રીત તો ઘણી પવિત્ર છે. ૧૦. વેદની રીતિને જાણ્યા વિના બધાને ક્યારેય તે સમજ્યામાં આવતી નથી. ઘણો બુદ્ધિમાન હોવા છતાં પણ જ્યાં સુધી તેને પાપનું જ્ઞાન નથી થાતું ત્યાં સુધી વેદ, પુરાણો અને સ્મૃતિઓ તેને બાળબુદ્ધિ કહે છે. જ્યારે જીવ ભગવાનને શરણે જાય છે ત્યારે જ તેને મનુષ્યશરીર પ્રાપ્ત થયું કહેવાય. ૧૧-૧૨.

❋ સ્મૃતિ રહે તેટલી સંસૃતિ ટળે :

दोहा : भगवान धर्म वैराग में, जितनि जो रुचि हि होत;
चोरासि बंधन तितनो, जन जरूर यह खोत...१३
भगवान धर्म वैराग विन, ओर महीं रुचि जेति;
तितनो बंधन रहे यह, निति सब एसे केति...१४

सोरठा : भगवान की स्मृति जेति, निरदंभ कर जितनी जोउ;
रखत भये जो तेति, तितनो बंधन दूर भये...१५

ભગવાન, ધર્મ અને વૈરાગ્યમાં જેટલી રુચિ થાય છે તેટલું મનુષ્યનું લખચોરાશીનું બંધન જરૂર નાશ પામે છે. ૧૩. વળી ભગવાન, ધર્મ અને વૈરાગ્ય સિવાય બીજી બાબતમાં મનુષ્યને જેટલી રુચિ રહે છે તેટલું તેને લખચોરાશીનું બંધન રહે છે, તેમ બધી નીતિઓ કહે છે. ૧૪. નિર્દંભપણે જેટલી ભગવાનની સ્મૃતિ રાખે છે તેટલા તેના બંધન દૂર થાય છે. ૧૫. ભગવાનના સંબંધે કરીને જે કોઈ પણ બાબત નિર્દંભપણે કરે છે તે બધા સંત અને હરિભક્તોમાં શ્રેષ્ઠ કહેવાય છે. ૧૬. જે માણસને જેવા પ્રયોજનની જરૂર હોય તેવાં વેદશાસ્ત્રમાં વચન લખેલા હોય છે અને તે પ્રયોજન પ્રમાણે વેદશાસ્ત્રના માર્ગ ઉપર લોકોને ચલાવવાનું તાન રહે છે. ૧૭.

પ્રથમ તો વેદ દ્વારા લોકોને ધર્મ, અર્થ અને કામ ઉપર ચલાવવામાં આવે છે. પછી તેની આગળ બ્રહ્માંડનાં સુખ-દુઃખ દેખાડીને તથા ચાર પ્રકારના પ્રલય, ૧૮. સમજાવીને તેનાં દિલમાં વૈરાગ્ય કરાવવામાં આવે છે. અને તેના પછી તે જીવને પ્રેમથી મોક્ષનો માર્ગ દેખાડીને તેનું હિત કરે છે. ૧૯. વેદ અને પુરાણોની આવી રીત રહી છે. તે રીતને સમજ્યા વિના મોક્ષની બાબત લોકોને ક્યારેય માનવામાં આવતી નથી. ૨૦. અને રીત સમજ્યા વિનાની જેટલી વાત છે તેમાં લોકોને પોતાનું હિત મનાતું નથી. રીત વિનાની જેટલી વાતો છે તે ક્યારેય સિદ્ધ થાતી નથી. ૨૧. જેટલી જેટલી બાબતો છે તે બધાની અલગ અલગ રીત હોય છે. તેમ મોક્ષની રીત પણ અલગ છે. જે મોક્ષભાગી જીવ છે તેને જ તે સાચી રીત દેખાય છે. ૨૨. મૂળપુરુષ સુધીના જ્યાં સુધી મોક્ષમાર્ગ ઉપર ચાલતા નથી ત્યાં સુધી તે વારંવાર ઉત્પત્તિ અને પ્રલયમાં આવતા રહે છે. ૨૩. તો પછી મોક્ષના માર્ગ ઉપર ચાલ્યા વિના દેવતાઓ અને સામાન્ય મનુષ્ય શું લેખામાં ? જ્યાં સુધી તે મોક્ષના માર્ગ ઉપર ચાલતા નથી ત્યાં સુધી સુખ અને દુઃખને પામ્યા કરે છે. ૨૪.

❋ ભગવાનના સુખની વિશેષતા :

दोहा : भगवान तिनसे अधिक हि, विषय जिहाँ लग जोउ;
जीय में रहत तिहा लग हि, भव भटकत जन सोउ...२५
विषय रहाये तिनसे जब, भगवान अधिक होउ;
सुख होवत तब जीय कु, दुःख कु देवत खोउ...२६

જ્યાં સુધી જીવને ભગવાન કરતાં પણ વિષયની વાસના અધિક રહે છે ત્યાં સુધી તેને ભવભટકણ રહે છે. ૨૫. જ્યારે વિષયના કરતાં પણ જીવને ભગવાનમાં અધિક હેત થાય છે ત્યારે તે સુખને પામે છે અને દુઃખથી રહિત થઈ જાય છે. ૨૬. જીવને જેટલું દુઃખ રહ્યું છે તેનું ખરી રીતે જ્યારે જ્ઞાન થાય છે ત્યારે તેને તે દુઃખનો ભય લાગે છે અને પછી તેને સુખ મેળવવા તરફ દોડ થાય છે. ૨૭. **ભગવાનના સ્વરૂપના સુખની આગળ બીજા બધા સ્વર્ગાદિક સુખોને તો નરકના જેવા કહ્યા છે. કેમ જે,** ભગવાનનું સુખ

સર્વોપરિ સર્વાધિક છે.' ૨૮. પછી લશ્કરનો સરદાર તે વાતને સાંભળીને બોલ્યો, 'આપના મતની આગળ બીજા બધા મત ઝાંખા પડી ગયા છે. ૨૯. જો આ સમયે આપ પ્રગટ ન થયા હોત તો અધર્મ સહુને ઘેરી લેત. અધર્મનું ઘણું બળ વધ્યું હતું તે અધર્મને તમે ચોર બતાવ્યો. ૩૦. કાઠી, કોળી અને મુસલમાન પર્યંતમાં તમે પ્રબળ ધર્મનું સ્થાપન કર્યું છે. આ તમારું સહુથી ઘણું ભારે સામર્થ્ય છે. એમ અમે મનમાં વિચારી જોયું છે. ૩૧. ભગવાન સિવાય ધર્મનું સ્થાપન ક્યારેય થઈ શકતું નથી. ધર્મનું સ્થાપન કરવું તે ભગવાનનું મોટું લક્ષણ છે. ભગવાન તો સૂર્યના સમાન છે. ૩૨.

ધર્મનું સ્થાપન કરવું, અધર્મનાં મૂળ ઊખેડવા અને દિન પ્રતિદિન ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યનો ઉદય કરવો, એમાં જેને તાન હોય તેને ભગવાન જાણવા. આપની વાત સાંભળીને મને આવું સમજાયું છે. ૩૩-૩૪. આજે મારા ભાગ્યને ખરેખર ધન્ય ધન્ય છે. મહારાજ, મને આપનાં દર્શન થયાં. આ મોટી વાત છે. મારા જેટલા સંદેહ હતા, તે બધા દૂર થઈ ગયા છે. ૩૫. આપના સિવાયની બીજી બધી જે વાત હોય છે તેને હું સાચી માનીશ નહિ. આજથી હું આટલું નિયમ રાખીશ.'

આમ કહીને તે ચાલતા થયા. ૩૬. જ્યારે રાત દોઢ પહોર વીતી ત્યારે શ્રીહરિ પોઢી ગયા. બધા સંતો વારાફરતી કીર્તન ગાતા રહ્યા. ૩૭. આખી રાત કીર્તનનો ઉત્સવ થતો રહ્યો અને શ્રીહરિ પલંગ ઉપર સૂતા સૂતા કીર્તન સાંભળતા રહ્યા. ૩૮. દિવાળીને દિવસે શ્રીહરિ સવારથી જ મુક્તાનંદસ્વામીને આવવાની વાટ જોવા લાગ્યા. ૩૯. જ્યારે દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે મુક્તાનંદસ્વામી વડોદરાથી આદરજ આવ્યા અને તે વખતે શ્રીહરિ તેમની સામે ચાલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ વેદનું મોક્ષપરક તાત્પર્ય કહ્યું, પછી મુક્તાનંદસ્વામીની સન્મુખ ગયા" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર અઢારમું : તરંગ - ૨૬

મુક્તાનંદસ્વામીનું સ્વાગત કરીને શ્રીહરિ ગામમાં આવ્યા અને થાળ જમ્યા

શ્રીહરિએ બધા અંગ ઉપર અમૂલ્ય શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતા અને ચરણમાં મોજડી પહેરી હતી. તે સમયની શોભા અતુલ્ય હતી. ૧. હજારીફૂલના ગુચ્છ કાન ઉપર હતા. પાઘમાં હજારીના તોરા હતા અને છાતી ઉપર હજારીના હાર લટકી રહ્યા હતા. ૨. બંને હાથમાં હજારીના ફૂલની પહોંચીઓ પહેરી હતી અને ભુજાઓ ઉપર તેના જ બાજુ શોભી રહ્યા હતા. ૩. સંતો, પાર્ષદો અને જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ૪. આદરજથી દક્ષિણ દિશા તરફ **ખેરપુર** નામના ગામ નજીક શ્રીહરિ આવ્યા. તેટલી વારમાં પોતાના મંડળે સહિત મુક્તાનંદસ્વામી પ્રેમથી માર્ગમાં ચાલ્યા આવતા હતા. ૫.

મુક્તાનંદસ્વામીએ પોતાની કંથાને બેવડી કરીને મસ્તક ઉપર ખૂંપની જેમ ધારી હતી. અને તેઓ કમાનમાંથી છૂટેલા તીરની જેમ વેગથી શ્રીહરિની સન્મુખ આવતા હતા. ૬. જ્યારે મુક્તમુનિને શ્રીહરિએ પોતાની નજરે દેખ્યા ત્યારે તેમને એક દંડવત્-પ્રણામ કર્યો. જ્યારે શ્રીહરિએ દંડવત કર્યાં, તે જ વખતે હજારો સંતો અને હરિભક્તો પણ દંડવત કરવા લાગ્યા, ૭. ત્યારે મુક્તાનંદસ્વામીએ પણ શ્રીહરિને દંડવત્-પ્રણામ કર્યાં. શ્રીહરિ તરત તેમને બાથમાં લઈને ભેટ્યા. તેમને મુક્તાનંદસ્વામીના ઉપર ખૂબ જ હેત હતું. ૮. સ્વામીની સાથે બીજા જેટલા સંતો હતા, તેમને પણ શ્રીહરિ ભેટ્યા. પછી સ્વામીને કુશળ સમાચાર પૂછ્યા અને બોલ્યા કે, ‘સ્વામી, તમારે તો બહુ મોટા વિઘ્નો આવ્યા. ૯. તમારા એકના વિઘ્નમાં બધા સત્સંગને વિઘ્ન હતું. એ વાત એવી હતી. તેને અમે પોતે એક સાક્ષાત્ દેખતા હતા. ૧૦.

તમારો સભા જીત્યાનો એક પત્ર આવ્યો તે વાંચીને જે વાત હતી એ બધી અમે જાણી. ૧૧. અમારા હિત માટે તમારા જીવનમાં કેટલાએ વિઘ્નો આવતા રહે છે. આમ તો જેટલી સારી બાબત હોય છે તેમાં તેટલા વિઘ્ન દેખાય જ છે. ૧૨. **સારા કામમાં જ્યારે વિઘ્નોથી જેટલું ડરવામાં ન**

આવે ત્યારે ચોક્કસ તેટલી સફળતા મળે છે તેમ દેખાય છે. ૧૩. બે માસ ઉપર સાત દિવસ ગયા ત્યારે આજે તમારા દર્શન થયાં છે. હું તો તમને કાયમ સંભારતો રહ્યો છું. ૧૪. અમે નિત્ય સંભારતા હતા, પણ જ્યારે તમે આવીને મળ્યા ત્યારે હવે અમારા ચિત્તમાં શાંતિ થઈ.' આવી આવી તો શ્રીહરિએ ઘણી વાત કરી. ૧૫.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'આપ અમને સંભારતા હતા તેથી જ અમે આનંદમાં રહ્યા હતા. બધી બાબતો તો આપના હાથમાં છે. ૧૬. જેવી આપની મરજી હોય છે તેવી જ બધી બાબત થાય છે. આપ તો સહુનું હિત ચાહો છો, પણ તે હિતને સામાન્ય માણસો દેખી શક્તા નથી. અને તેને લીધે જ તેઓ રાત-દિવસ અનેક જાતના દુઃખોને વારંવાર પામતા રહે છે. જ્યારે આપને લોકો હિતકારી જાણે છે ત્યારે લેશમાત્ર પણ દુઃખ રહેતું નથી. ૧૭-૧૮.

चोपाई :

तुमकु जन जानत जिस रीता, तिनसे वरतत हो तिस रीता;
अनादि एसे गुन हि अपारा, तुम में रहेउ वार न पारा...१९
जिन कु जेसे भाव रहाते, तिनके तेसे हि हित कराते;
पुतना के जेसे रहे भावा, तेसे तिनके हित हि करावा...२०

માણસ આપને જે રીતે સમજે છે તેની સાથે તમે તે રીતે વર્તો છો. આપનામાં એવા અપરંપાર ગુણ તો અનાદિકાળથી રહ્યા છે. ૧૯. જેના હૃદયમાં જેવો ભાવ હોય તેનું તેવું આપ હિત કરો છો. પૂતનાના હૃદયમાં જેવો ભાવ હતો તેનું તમે તેવું હિત કર્યું હતું. ૨૦. આવી તો આપની અપાર વાત રહી છે. તે કહેતા પાર આવતો નથી. મેં પત્રમાં જેવું લખ્યું હતું તે રીતે સભા થઈ હતી. ૨૧. આપણા ઉદ્ધવ મતની આગળ બીજા જેટલા મત હતા તે સારા લાગી શક્યા નહિ. સ્ત્રી, ધન અને ફેલનો આપણા મતમાં સંપૂર્ણ રીતે ત્યાગ છે. ૨૨.

❋ શાસ્ત્રથી વિરુદ્ધ મતોમાં મોક્ષ નથી :

પ્રાયઃ બધા જ મતમાં સ્ત્રી, ધન વગેરેનું મોટામાં મોટું બંધન છે અને તેમાં પ્રાયઃ બધા મત ખુવાર થઈ રહ્યા છે. શાસ્ત્રમાં કહેલી સંતોની રીત

પ્રમાણે આપણા મત સિવાય બીજા કોઈ ચાલતા નથી.' ૨૩. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'શાસ્ત્રમાં સંતોની જે રીત કહી છે તેવી રીત તો તેમાં નથી, પરંતુ બધા તેનાથી વિરુદ્ધ વર્તે છે.આ બધી તે મતોની રીત તો પેટ ભરવા માટેની કહેવાય છે. ૨૪. શાસ્ત્રમાં બતાવેલી રીત વગરના જેટલા મત છે તે બધા મોક્ષના સંપ્રદાયથી વિરુદ્ધ રહ્યા છે. ૨૫.

મોક્ષની રીત સિવાયના જેટલા સંપ્રદાયો છે તે બધા મોક્ષની રીતવાળા સંપ્રદાયની સાથે વૈર વધારી રહ્યા છે. ૨૬. પાણી વગરના જે મોટા સરોવર, કૂવા કે નદી હોય તે તો નામમાત્રના જ જળાશય છે. તેનાથી ક્યારેય તરશ મટતી નથી. ૨૭. ખારા પાણીથી તો અપાર સમુદ્ર ભર્યો છે, છતાં તે પાણી પીવાથી કોઈને ક્યારેય લગાર પણ શાંતિ થતી નથી. ૨૮. **પથ્થરનું ચાહે તેટલું મોટું વહાણ હોય, પણ તે પોતે તરે નહિ અને બીજાને પણ તારે નહિ, તેમ ધર્મ-નિયમ વગરના મત તો બધા પથ્થરના વહાણ જેવા છે. ૨૯. પાણીથી ભરેલા સરોવર, નદી અને કૂવાઓ તથા કાષ્ઠના નવા બનાવેલા વહાણ જેવા ધર્મ-નિયમવાળા મત મોક્ષકારી છે. તેમાં લેશમાત્ર પણ સંશય નથી.'** ૩૦.

આવી વાતો કરતા કરતા રંગલહેરી શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા. પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તરત ગામમાં આવ્યા. ૩૧. રતુ ખાંટના ઘર અને ચોક ઘણા વિશાળ હતા. ધર્મના લાલ શ્રીહરિ ત્યાં આવ્યા અને વિપ્રોએ ઘણી સરસ રસોઈ બનાવી હતી. ૩૨. ચોકમાં પાણી છંટાવી દીધું અને તેમાં કેળના સ્તંભ રોપ્યા હતા. ઉત્તર દક્ષિણ લાંબા વિસ્તારમાં રંગોળી પૂરાવીને કેળનો બાગ કર્યો હતો. ૩૩. ઉત્તરાદા બારના ઘર હતા. તેની ઓસરી સુંદર હતી. તેમાં ચોકો દઈને સ્વચ્છ કરી તેના ઉપર સુંદર પાટ ઢાળી હતી. ૩૪. પરમ નિપુણ સુખદાયક સુંદરશ્યામ શ્રીહરિએ સ્નાન કરીને એક પીતાંબર પહેર્યું અને એક બીજું ઓઢી લીધું. પછી ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. ૩૫.

શ્રીહરિ આવીને પાટલા ઉપર બેઠા. ભોજનોથી થાળ ભર્યા હતા. તેમાં બહુ જાતનાં ભોજન, વ્યંજન અને જાત જાતના મેવા-મીઠાઈઓ પીરસ્યા હતા. ૩૬. કેરી, લીંબુ અને ખારેકના અથાણાઓ પણ રાખ્યા હતા. પાપડ,

ભજિયાં, વડાં અને રાઈતા વગેરે બહુ બનાવ્યા હતા. ૩૭. શ્રીહરિ જ્યારે જમી રહ્યા, પછી સહુ સંતોને બોલાવ્યા. સંતો તળાવના પાણીને ગાળીને તુંબડા ભરી લાવ્યા હતા. ૩૮. ઉત્તર-દક્ષિણ લાંબી પંગત કરી. અને શ્રીહરિ જમી રહ્યા તે પ્રસાદીનો થાળ મુક્તાનંદસ્વામીને આપ્યો. ૩૯. તે સમયે રતુ ખાંટે આવીને કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની હરખભર્યે હૈયે પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મુક્તાનંદસ્વામીનું સ્વાગત કરીને શ્રીહરિ ગામમાં આવ્યા અને થાળ જમ્યા" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર અઢારમું : તરંગ - ૨૭

શ્રીહરિએ સંતોને જમાડ્યા, રાહુને પ્રસાદી આપી અને રતુ ખાંટે પૂજા કરી

આદરજમાં રતુ ખાંટના મનમાં જેવો પ્રેમભાવ હતો તે રીતે તેણે શ્રીહરિની પૂજા કરી. ૧. તેમના પુત્ર અરજણજી વગેરે પરિવારજનોએ પણ શ્રીહરિની પૂજા કરી. કપૂરથી આરતી ઉતારી અને મુખથી 'જય જય...જય જય...' આવા શબ્દો ઉચ્ચાર્યા. ૨. પછી કેસરયુક્ત ચંદન લઈને સહુ સંતોની પૂજા કરી અને ઘણા પ્રેમભાવથી ફૂલના હાર પહેરાવ્યા. ૩. તે સમયે ત્યાં જેટલા હરિભક્તો આવ્યા હતા, તે સંતોની ચારેબાજુ જેમ દિવાલ કરી દીધી હોય તેમ આવીને ઊભા હતા. ૪.

શ્રીહરિ પંગતમાં સંતોને સાકરના લાડુ પીરસવા લાગ્યા. તે વખતે રાહુ ગ્રહ કૂતરાનું રૂપ લઈને સંતોની વચ્ચે ઘૂસી ગયો. ૫. તેને કૂતરું જાણીને બધા હડકારવા માંડ્યા. તે જ્યારે પંગતથી બહાર નીકળ્યો ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ તેને દેખ્યો. ૬. કૂતરાએ જ્યારે શ્રીહરિની સામે દેખ્યું ત્યારે શ્રીહરિના હાથમાં રહેલો લાડુ બે હાથે દબાવી, કઠણ કરી અને તે કૂતરાના મુખ તરફ તાકીને ઘા કર્યો. ત્યારે તે કૂતરો લાડુને મુખમાં લઈ

બહાર ભાગી ગયો. શ્રીહરિ ઘણું હસવા લાગ્યા અને પંગતમાં પીરસવા લાગ્યા. ૭-૮. સંતો પીરસાતું હતું ત્યારે મુખથી નારાયણધૂન કરતા હતા. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સંતો જમવા લાગ્યા. ૯.

❋ સંતોના વર્તનની રીતિ :

चोपाई :

ग्रास ग्रास प्रति हरि के नामा, लेवत हे संत ठाम ठामा;
जितने भोजन रहेउ ताही, आप आप के पात्र मांही...१०
मिलाई एक रस हि करेऊ, तेसे करी हि जेवत रहेऊ;
हरि के बचन में मानत स्वादा, एसे संत रहाये जादा...११
हरि के बचन बिन स्वाद ताकू, विष सम संत मानत हि वाकू;
मोक्ष मग में रहाये ताका, बचन पर वरतन रहे वाका...१२

दोहा : बचन पर वरतत जितना, तितना हरि ता मांहिं;
निवास करीके रहत हि, संदेह यामें नाहिं...१३

સંતો દરેક ઠેકાણે કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ' આવું ભગવાનનું નામ લઈને ભોજન કરતા હતા. જે સંતો ભોજન કરતા હતા તે બધા પોતપોતાના પાત્રમાં પીરસેલું મેળવી, એકરસ કરીને જમવા લાગ્યા. સહુ શ્રીહરિનાં આજ્ઞાવચનમાં સ્વાદ માનતા હતા. અધિકતર બધા સંતો એવા હતા. ૧૦-૧૧. ભગવાનનાં આજ્ઞાવચન સિવાયનો સ્વાદ સંતો ઝેરરૂપ માનતા હતા. જે મોક્ષમાર્ગમાં ચાલતા હોય, તેઓનું વર્તન વચન પ્રમાણેનું હોય છે. ૧૨. જેઓ આજ્ઞાવચન પ્રમાણે વર્તે છે તેમાં ભગવાન શ્રીહરિ નિવાસ કરીને રહે છે. આ બાબતમાં કોઈ સંદેહ નથી. ૧૩. અને જે લોકો વચનનું જેટલું ઉલ્લંઘન કરે છે તેનાથી શ્રીહરિ તેટલા દૂર રહે છે; એમ નિશ્ચિત સમજવું. ૧૪. અને જેનાથી શ્રીહરિ જેટલા દૂર રહે છે તેટલું તેનાં હૃદયમાં આનંદનું પૂર નિવાસ કરીને રહેતું નથી. ૧૫.

બધા સંતો અને હરિભક્તો આ રીતે સમજતા હતા અને 'વચનમાં જ બધું સુખ રહ્યું છે' એમ માનીને શ્રીહરિનાં આજ્ઞાવચનમાં સહુ રહેતા હતા. ૧૬. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. જમ્યા પછી

સંતો ઉતારે આવ્યા અને શ્રીહરિ તે ભવનમાં જ પોઢી ગયા. ૧૭. જ્યારે દિવસનો ત્રીજો પહોર થયો ત્યારે શ્રીહરિ સંતોની સભામાં આવ્યા. સંતોની વચ્ચે બેસીને સહુને દર્શન દીધાં. ૧૮. સંતોની વચ્ચે ગાડું છૂટેલું હતું, તેના ઉપર એક પલંગ મૂક્યો અને તે ઉપર સુંદર ગાદી તકિયા બિછાવેલા હતા. ૧૯. તે ગાદી તકિયા ઉપર શ્રીહરિ આવીને બેઠા. સંતો કીર્તન બોલતા હતા. પછી જે હરિભક્તો ત્યાં આવ્યા તે બધાની પણ સભા થઈ. ૨૦.

બાઈઓ બાઈઓની સભા કરીને અલગ બેઠી. સત્સંગી બાઈઓ એટલી આવી હતી કે તેનો કોઈ પાર ન હતો. ૨૧. તે બધી ભક્ત બાઈઓ અનાદિકાળથી ભગવાનને દાસભાવે ભજતી હતી. ભલે બીજા લોકોને તે સામાન્ય જણાતી હોય. સંસારમાં રહી ત્યાં સુધી તો સંસારના જેવું જીવન હતું, પણ જ્યારથી સત્સંગ થયો તે પછી તો ભગવાન સિવાય પુરુષ માત્રને તે પિશાચના સમાન દેખતી હતી. ભગવાન સિવાયના જેટલા વિષય છે તેને તેઓ નરકના સમાન માનતી હતી. ૨૨-૨૩. તે બધી બહેનો ભગવાન સિવાયના સંબંધમાત્રને બંધનરૂપ માનતી હતી.

અરે, પોતાનાં શરીરને પણ આવરણરૂપ માનતી અને એક ભગવાનના સ્વરૂપને જ પરમ અનુપમ સત્ય દેખતી હતી. ૨૪. **ભગવાન સિવાયના અન્ય કોઈ વિષયના ચિંતવનમાં તેમને ક્યારેય કોઈ સાર જણાતો નહિ. સહુમાં અપાર સાર તો ભગવાનના ચિંતવનને જ દેખતી હતી.** ૨૫. **જેઓ ભગવાનના ધામના નિવાસી ભક્તો હતા તેઓ જીવનપર્યંત ભગવાનથી અધિક કાંઈ દેખતા ન હતા.** ૨૬. આ પ્રસંગ ઉપર જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા વિવિધ પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ ઇત્યાદિક લાવીને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨૭. સહુ પહેલા રતુ ખાંટ વસ્ત્રો અને આભૂષણો લઈને આવ્યા. તે સર્વે આભૂષણો સોનાના હતા અને શ્રીહરિને તે બધાં પહેરાવ્યાં. ૨૮. જ્યારે વસ્ત્ર અને ઘરેણાં પહેરાવી રહ્યા પછી લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો ઘણા હેતથી કર્યો અને ત્યારબાદ કપૂરથી આરતી કરી. ૨૯. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને એટલો સરસ ઉત્સવ

થયો તે કહી શકાતું નથી. જ્યારે આરતી કરી રહ્યા પછી રતુ ખાંટે હાથ જોડીને શ્રીહરિની આગળ ઘણા વિનયભાવથી કહ્યું, ‘આપે અમને પવિત્ર કર્યા છે. અમે તો અસુરોમાં પણ અધમ અસુર હતા. પાપથી લેશમાત્ર પણ ડરતા નહિ. ૩૦-૩૧.

માંસ, દારૂ, ચોરી, વ્યભિચાર ઈત્યાદિક ઘણાં મોટાં પ્રસિદ્ધ પાપો અમે કર્યાં છે. અમે રાજાથી પણ ડરતા નહિ. બધા રાજાઓ પણ અમારાથી ડરતા હતા. ૩૨. માણસને મારી નાખવામાં તો અમને ઘણો ઉત્સાહ રહેતો હતો. એક તલભાર પણ અમારા દિલમાં દયા હતી નહિ; એવી અમારી મતિ હતી. ૩૩. જ્યારે અમને કોઈ બ્રાહ્મણ કે વૈરાગી દેખાય ત્યારે અમારા મનમાં તેને પણ લૂંટવા, મારવામાં ઘણો આનંદ થતો હતો. જે કાંઈ કહી શકાતું નથી. આટલા અમે નિર્દય હતા. ૩૪.

પરંતુ જ્યારે અમને આપના સંતોનાં દર્શન થયાં અને અમે તે સંતોની વાત સાંભળી ત્યારે તત્કાળ અમારું અંતર ફરી ગયું. અને અંતરમાં ઘણો પ્રકાશ થયો. ૩૫. અમે જેટલાં પાપ કર્યાં હતા અને તે પાપને લીધે જે દુઃખ આવવાનું હતું, તે બધું સંતોએ અમને બતાવ્યું. અને તેને લીધે અમારો આત્મા થરથર ધ્રૂજવા લાગ્યો. ૩૬. **આપનો જે પ્રતાપ છે તે બધો સંતોની વાતમાં આપે આવીને મૂક્યો છે. તે એક મોટો ચમત્કાર છે.** ૩૭. ચમત્કાર દેખ્યા સિવાય કોઈ ભગવાન કહે નહિ. બીજા કેટલાક તો સ્ત્રી-ધનનું હરણ કરવા માટે જ મોટા થાય છે. ૩૮. કોઈનાં કરેલા પાપ ક્યારેય ભગવાન સિવાય ટળતા નથી. અમારાં તો અમાપ પાપ હતા, તેને ભગવાન જ માફ કરી શકે છે. ૩૯. કેટલાક પૂરા ઠગલોકો તો ભગવાન બની જાય છે અને લોકો તો અજાણ્યા હોય છે. તેની કોઈ ક્યારેય પરીક્ષા કરી શકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “શ્રીહરિએ સંતોને જમાડ્યા, રાહુને પ્રસાદી આપી અને રતુ ખાંટે પૂજા કરી” એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર અઢારમું : તરંગ - ૨૮

રતુ ખાંટની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેની આગળ કલ્યાણકારી વાત કરી

વળી, રતુ ખાંટે કહ્યું કે, 'જે ઠગલોકો ભગવાન થઈને પૂજાય છે તેની શી ગતિ થાશે ? ૧. મિથ્યા ભગવાન અને તેના જેટલા શિષ્યો છે તે તો આ જગતમાં ઘણા છે, પણ અંતે તેઓ ક્યાં રહેતા હશે ? ૨. જ્યાં સત્યસ્વરૂપ ભગવાન હોય છે અને જ્યાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાન સાચા રૂપમાં હોય છે ત્યાં જ ખરો મોક્ષ રહ્યો હોય છે.' ૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'મિથ્યા ભગવાન થઈને લગાર પણ ધર્મ રાખતા નથી તે પણ એક ચમત્કાર જ છે ને ! ૪. આ લોકમાં ધર્મ લોપીને ચાલનારા જેટલા ભગવાન હોય છે, તેને અને તેના બધા મિથ્યા શિષ્યોને ફરીવાર મનુષ્યજન્મ ન મળે એ રીતે જમપુરીમાં જમદૂતો એવે માર્ગે ચલાવે છે. અને વારે વારે તેને એવાં શરીર મળે છે કે જેમાં વધારેમાં વધારે દુઃખ સહન કરવું પડે છે. ૫-૬.

જેટલા મિથ્યા ગુરુ, મિથ્યા ભગવાન અને મિથ્યા શિષ્યો છે તેને હીનમાં પણ અત્યંત હીન યોનિઓમાં વારંવાર જન્મ આપે છે. ૭. જ્યારે કાળે કરીને કોઈક દિવસ એ સન્માર્ગના જોગમાં આવે છે ત્યારે એને મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે. પછી સંતોને શરણે થઈને દાસ બને. વળી મન, કર્મ, વચનથી સરળભાવે સાચા સંતોની સેવા કરે, જિંદગીભર મનમાં બધા છળ-કપટરૂપી મેલ ન રાખે. ૮-૯. ત્યારે તે જેટલું અસન્માર્ગે ચાલ્યો હોય તે બધાં પાપ બળી જાય છે. બધાં પાપોમાં પાંચ મહાપાપ સહુથી મોટાં છે. ૧૦.

તેવાં મહાપાપો કરોડો વખત કર્યાં હોય, તેના કરતાં પણ વધારે પાપ તો મિથ્યા ભગવાન થવામાં છે. ૧૧. સત્યસ્વરૂપ ભગવાન તો રામ, કૃષ્ણાદિક થયા છે. તે ભગવાનના એટલા અવતારો થયા છે કે તેનો કોઈ ગણતા પાર આવતો નથી. ૧૨. એ ભૂમિ ઉપર જે અવતાર થયા તેમણે એવાં ચરિત્ર કર્યાં છે કે તે ભગવાન સિવાય બીજાથી થઈ શકે નહિ. ૧૩. ભગવાને એવાં ચરિત્રો કર્યા તે જ તેમનું સાચું લક્ષણ છે. તેને મુમુક્ષુ પુરુષ જ તત્કાળ દેખી શકે છે. ૧૪. જે સત્યસ્વરૂપ ભગવાન છે તે તો પાખંડ

મતને ખોટા કરવા માટે વેદ અને પુરાણોને પ્રમાણરૂપ માને છે. ૧૫. જેટલા પાખંડી મતો છે તે ઉન્મત્ત થઈને વેદ તથા પુરાણોના મતનો છાની રીતે નાશ કરે છે. ૧૬. સાચા અને ખોટાને દેખાડવા માટે ભગવાને સહુ પહેલા વેદ રચ્યા છે, છતાં જે મૂઢ છે તેને વેદથી પણ સમજાતું નથી. ૧૭. ઘણી સમજણવાળા વેદવ્યાસે મહાભારત રચ્યું, પણ તેનાથી મૂઢ માણસને સમજણ ન આવી. તેના પછી સત્તર પુરાણોની રચના તેમણે ઘણા પ્રેમથી કરી. ૧૮. છતાં પણ મૂઢ માણસોને સત્ય અને મિથ્યાનું જ્ઞાન થયું નહિ. પછી વ્યાસમુનિએ ઘણા પ્રેમથી વેદ અને પુરાણના સારરૂપ રસમય શ્રીભાગવત રચ્યું. અને ભગવાનના જેટલા અવતારો થયા તેના બધાં અનુપમ ચરિત્રોને સંક્ષેપમાં લખ્યા અને શ્રીકૃષ્ણ ચરિત્રને વિસ્તારથી લખ્યું. ૧૯-૨૦.

છતાં પણ મૂઢ માણસો તો મલિન જ રહ્યા. સન્માર્ગને ઓળખી શક્યા નહિ. તે સમયે સન્માર્ગથી બહાર ચાલનારા જે અસુરો હતા તેણે વિચારીને સન્માર્ગે ચાલનાર લોકોને અસચ્છાસ્ત્રનો બોધ કર્યો અને તેને અસન્માર્ગે ચલાવ્યા. અસન્માર્ગે ચલાવ્યાનું તેને એટલું બધું પાપ લાગે છે કે જે કહી શકાતું નથી. ૨૧-૨૨. આ બ્રહ્માંડમાં જેટલી જીવસૃષ્ટિ છે તે બધાનો નાશ કર્યા જેટલું પાપ તો એક જીવને અસન્માર્ગે ચલાવવાનું લાગે છે. ૨૩. શાસ્ત્રમાં જેટલી સત્યરૂપ કહેલી વાત છે તેને સત્યના રૂપમાં જે સમજે અને તે પ્રમાણે જ્યાં સત્ય વર્તન હોય તે સન્માર્ગ કહેવાય છે. ૨૪. વેદ અને વ્યાસરચિત શાસ્ત્રોમાં જેટલી સત્ય અને અસત્ય બાબતો છે તે બતાવી દીધી છે. ૨૫.

વ્યાસરચિત જેટલા શાસ્ત્રો છે તેને અમે સચ્છાસ્ત્ર કહીએ છીએ. તેના સમાન બીજા કોઈ શાસ્ત્ર નથી. ૨૬. વ્યાસના શાસ્ત્રોમાં અને વેદોમાં જેનાં વચન મળતાં આવતાં હોય તેને સચ્છાસ્ત્ર કહેવાય છે. ૨૭. વ્યાસરચિત શાસ્ત્રોમાં અને વેદોમાં જેનાં વચન મળતાં આવતાં ન હોય તેને અસચ્છાસ્ત્ર કહેવાય છે. ૨૮. તે અસચ્છાસ્ત્રને માનનારા જેટલા મત છે તે બધા અસત્ મત કહેવાય છે. તે અસચ્છાસ્ત્ર અને અસત્ મતને જે કોઈ માને છે તે બધા મરીને જમપુરીમાં કરોડો કલ્પ સુધી દુઃખને પામે છે. આ લોકમાં જેઓ મન ફાવી રીતે વર્તે છે તેનો હિસાબ તો છેવટે મરણ પછી થવાનો છે. ૨૯-૩૦. જે સન્માર્ગમાં ચાલે છે તે સાચું સુખ પામશે અને તેને ક્યારેય દુઃખ થશે

નહિ. અસન્માર્ગમાં તો અપાર દુઃખ મળશે. તેનો કોઈ પાર નથી. ૩૧. પૂર્વે જેટલા જેટલા અસુરો અસન્માર્ગે ચાલ્યા હતા ત્યારે ભગવાને તેને માટે અવતાર ધરીને અપાર અસુરોને માર્યા હતા. ૩૨.

❋ શ્રીહરિ ચરિત્રોની પવિત્રતા :

भगवान के यह चरित्र कहाते, ताकु सुनत हितकर हि गाते;
फेर दुःख यह पावत हि नाही, हरि के चरित्र सब एसे रहाही...३३
अवर जन सम हरि के चरीता, जितने जन जो यह देखीता;
एसे जन सब जमपुरि तामें, अथाह दुःख यह पावत यामें...३४

આ બધા તો ભગવાનનાં ચરિત્ર કહેવાય છે. તેને હેત કરીને જે ગાય છે અને સાંભળે છે તેને ફરીવાર સંસારનું દુઃખ આવતું નથી. ભગવાનનાં બધાં જ ચરિત્ર આવા દુઃખહારી હોય છે. ૩૩. ભગવાનના ચરિત્રને બીજા મનુષ્યના સમાન દેખે છે તે તો મરીને જમપુરીમાં જાય છે અને ત્યાં અગાધ દુઃખને પામે છે. ૩૪. **મનુષ્ય આ જગતમાં જેવા કર્મ કરે છે તેવું તેને ફળ મળે છે. માણસ ગમે તેવા ઉપાય કરે તોપણ તે છૂટતો નથી. આ બાબતમાં તલભાર પણ ખોટું નથી.** ૩૫. ભગવનના જેટલા ભક્ત હોય છે તે જેવું સમજે છે તેવું કહે છે.

પોતે તર્યા તો આખું જગત તર્યું અને પોતે બૂડ્યા તો બધું જગત બૂડ્યું કહેવાય છે. ૩૬. ભગવાનને ભજનારામાં કોઈ વિઘ્ન કરતો હોય તો તેને તત્કાળ છોડી દેવું જોઈએ. તે ભગવાનની સમૃદ્ધિ કેવી રહી છે ? ૩૭. **તો, ભગવાનના સુખની આગળ કરોડો બ્રહ્માંડનું સુખ તુચ્છ દેખાય છે.** ૩૮. ભગવાનના ભક્ત સમાન બીજા કોઈ નથી. જેને પોતાના મનમાં ભગવાન સિવાય બીજો કોઈ અધિક નથી એ જ સહુથી અધિક છે.' ૩૯. શ્રીહરિએ આટલી વાત કરી. તે સાંભળીને રતુ ખાંટને એટલો બધો આનંદ થયો કે તે તેના હૃદયમાં સમાયો નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "રતુ ખાંટની પ્રાર્થના સાંભળીને શ્રીહરિએ તેની આગળ કલ્યાણકારી વાત કરી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥

પૂર અઢારમું : તરંગ - ૨૯

શ્રીહરિની મોક્ષદાયી વાત સાંભળીને સંત-હરિભક્તો રાજી થયા

તે પછી રતુ ખાંટે ચંદન ચર્ચી, ફૂલના હાર પહેરાવીને સંતોની પૂજા કરી. ૧. સંતોને, વર્ણીને અને બધા પાર્ષદોને પણ સંભારીને વસ્ત્રો ઓઢાડ્યાં.૨. પછી સંતો અને વર્ણી વગેરે સહુને પગે લાગ્યા. તેણે વિનંતિ કરીને કહ્યું કે, 'અંતકાળે આપ સહુ આવાં જ દર્શન આપજો. ૩. કેટલાએ સમયથી અતિશય અજ્ઞાનના અંધારાથી અમે અવરાઈ ગયા હતા. આજે અમારા અજ્ઞાનના અંધારાનો નાશ કર્યો છે. ૪.

ચોપાઈ :

भगवान संत प्रगट साक्षाता, अलोकिक मोक्ष के ही दाता;
ताके ज्ञान भये अब जिनकू, आवागमन छुट गये तिनकू...०५

પ્રગટ ભગવાન અને પ્રગટ સંતો અલૌકિક મૂર્તિમાન મોક્ષના દાતા છે. અત્યારે જેને એવું જ્ઞાન થયું છે તેના જન્મમરણ છૂટી ગયા છે.' ૫. રતુ ખાંટ આ રીતે વિનંતિ કરી રહ્યા ત્યારે અન્ય હરિભક્તો સહુ ઊભા થયા. અને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ૬. સહુએ ઘણા હરખથી શ્રીહરિને ઘરેણાં, વસ્ત્ર અને ચંદન વગેરેથી પૂજ્યા. કેટલાકે આરતી ઊતારી. કેટલાક મતવાલા ભક્તોએ મેવા-મીઠાઈ ધર્યા. ૭. આ રીતે શ્રીહરિની પૂજા કરીને સંતોની પણ પૂજા કરી. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. ૮. જેની જેવી સંપત્તિ હતી તે પ્રમાણે તેમણે વસ્ત્ર ઓઢાડ્યાં. જેમને જેટલી સંપત્તિ હતી તેમણે તેટલા ફૂલના હાર પહેરાવ્યા. ૯. જેને જેવી સંપત્તિ અને જેવો ભાવ હતો તે પ્રમાણે સહુએ પૂજા કરી. કેટલાક લોકોએ તો હાથ જોડીને ચરણમાં મસ્તક નમાવ્યા. ૧૦.

❋ સેવાની મહત્તા :

જેને ધનની અપાર સંપત્તિ હોવા છતાં શ્રીહરિને માટે એકવાર પણ થાળ ન કર્યો હોય તે તો ઘણી મોટી આશ્ચર્યની વાત કહેવાય. ૧૧.

'શ્રીહરિને માટે જે વસ્તુ ઉપયોગમાં ન આવે તે નકામી છે.' એમ કેટલાક હરિભક્તોની સમજણ હતી. ૧૨.

दोहा : हरि के अर्थ हि वस्तु में, जितना जाकु तान;
तितना हरिजन श्रेष्ठ तेहि, रहत न तेहि अजान...१३
हरि हित वस्तु जितना जो, आवत तितना जोउ;
परम लाभ तेहि तितना, मानत केते सोउ...१४

શ્રીહરિને માટે વસ્તુ આપવામાં જેને વધારે તાન હોય તેટલો તે શ્રેષ્ઠ હરિભક્ત કહેવાય છે અને તે કાંઈ છાનો રહેતો નથી. ૧૩. 'શ્રીહરિને માટે જે વસ્તુ ઉપયોગમાં આવતી હોય તે જ ખરો લાભ છે.' એમ કેટલાક હરિભક્તો માનતા હતા. ૧૪. આવા જે હરિભક્તો હોય તે બીજા બધા હરિભક્તોમાં શ્રેષ્ઠ ગણાય છે. તે કાંઈ છૂપા રહેતા નથી. તેઓ સેવા કરે છે તેમાં તે દેખાઈ આવે છે. ૧૫. **ભગવાન ક્યારેય કોઈને વધારતા કે ઘટાડતા નથી. જેવી જે સેવા કરે છે તેવા તે વધે ઘટે છે.** ૧૬. પોતાની સંપત્તિને અનુસારે જે સેવા નથી કરતા તે હરિભક્તોમાં ઘટી જાય છે. અને જે સંપત્તિએ કરીને હરિભક્તોમાં બધાથી દુર્બળ હોય તેઓ દેહથી સેવા કરે છે. અને તેમાં તે લેશમાત્ર પણ કસર રાખતા નથી. તે ભલે ધનની દૃષ્ટિએ દુર્બળ હોય તોપણ બીજા ભક્તો કરતાં ઘણા શ્રેષ્ઠ કહેવાય છે. ૧૭-૧૮. જેની જેવી શક્તિ હોય તે પ્રમાણે સહુએ સેવા કરવી, પણ બીજા હરિભક્તોને પાછા દેખાડવા માટે વધારે સેવા ક્યારેય કરવી જોઈએ નહિ. ૧૯. જે જે સેવા કરતા હોઈએ તે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ કરવી. અને ઘણા ઉલ્લાસથી સંત અને હરિભક્તોના દાસના દાસ થઈને વર્તવું. ૨૦.

❋ સંતો-ભક્તોનો દોષ જોનારો પાપી છે :

मान मिले न मिले कबु जोऊ, सत्संग यह तामें तोऊ;
संत हरिजन के दोष न लीना, दोष लिये मति होत मलीना...२१
संत हरिजन में दोष देखावे, एहि सम पापी कोउ न कहावे;
हरि कहे हम कबु मोटप दीने, तोउ जानना ताकु मलीने...२२

संत हरिजन में दोष कबही, जिनके देखेमें आवे जबही;
मात तात से अधिक जानी, रक्षन करना ताके हित आनी...२३

પોતાને સત્સંગમાં માન મળે કે ન મળે, તોપણ સંતો અને હરિભક્તોનો દોષ લેવો નહિ. કારણ કે દોષ લેવાથી બુદ્ધિ મલિન થઈ જાય છે. ૨૧. સંત અને હરિભક્તોમાં દોષ દેખાડે છે, તેના જેવો કોઈ પાપી કહેવાય નહિ. શ્રીહરિ કહે છે કે, 'તેવા માણસને ક્યારેય અમે મોટાઈ આપીએ તોપણ તેને મલિન જ જાણવો.' ૨૨. કદાચ કોઈ સંત કે હરિભક્તમાં ક્યારેક દોષ દેખાય ત્યારે તેને માતા પિતા કરતાં પણ વિશેષ સમજીને હેતથી તેમનું રક્ષણ કરવું. ૨૩. પોતાના કોઈ શિષ્ય કે દીકરામાં દોષ દેખાય, તોપણ જેમ તેને જાળવીએ છીએ તે રીતે જ બીજા સંત-હરિભક્તની સંભાળ રાખવી. ૨૪.

જે સંત-હરિભક્તને પોતાના સંબંધી કરતાં અધિક અને પોતાના શરીર કરતાં અપાર મનમાં વિશેષ નિર્ધાર કરીને જાણે છે; આવા સંત કે હરિભક્ત કોઈ આધુનિક નથી. તેમને સુજ્ઞ સંત-હરિભક્તોએ વર્તન ઉપરથી પારખી લેવા. ૨૫-૨૬. સંતો અને હરિભક્તો જેના જેવા નિયમ હોય તેનો ભંગ કરતા નથી અને તે નિયમોને ખરો નિધિ જાણીને પ્રયત્નપૂર્વક જતન કરી પાળે છે. કારણ કે, સંતો અને હરિભક્તો માટે ભગવાનના નિયમો અપાર નિધિના પણ નિધિ છે. તે નિયમોનો કોઈ પાર નથી. તે તો સિદ્ધિના પણ સિદ્ધિરૂપ છે. ૨૭-૨૮. વ્યાસમુનિ, રામાનુજાચાર્ય, શંકરાચાર્ય, કપિલદેવ અને દત્તાત્રેય, એ બધા ઈશ્વરમૂર્તિ હતા. અને કેટલાક વૈષ્ણવાચાર્યો પણ હતા. તેમણે કેટલાએ સદ્ગ્રંથોની રચના જીવોના હિત માટે કરી છે. જેની જેવી રુચિ હતી તે પ્રમાણે ગ્રંથ કર્યા હોય તેવું દેખાય છે. ૨૯-૩૦.

તે બધા સત્પુરુષો વેદના સિદ્ધાંત પ્રમાણે ચાલ્યા તેથી તેમનું ઘણું સન્માન થયું, પણ જેઓ વેદને અનુસારે ન ચાલ્યા તે બધાના મત વેદથી વિમુખ રહ્યા છે. ૩૧. જે લોકો વેદના સિદ્ધાંતથી વિમુખ રહ્યા છે અને ગ્રહણ કે બીજા કોઈ સૂતકને પણ માનતા નથી, મા અને બહેનની સાથે પણ વ્યભિચાર કરે છે અને તેને લગાર પણ દોષ માનતા નથી, ૩૨. આવા જેટલા મત છે તે બધા વેદથી વિમુખ છે. અને વેદોએ જેમાં દોષ દેખાડ્યા

છે તે વેદનું ઉલ્લંઘન કરીને તેને આચરે છે. ૩૩. આવા જે મત છે તે વેદથી બહાર ગણાય છે. કેટલાક તો મળત્યાગ કરીને મળદ્વારને ક્યારેય કોઈ વાર ધોતા પણ નથી. ૩૪.

તે ગમાર લોકો વર્ણાશ્રમમાં રહીને પણ વર્ણાશ્રમના ધર્મને એક આરે કરી દે છે. જેના જેવા ધર્મ હોય છે તે વેદોએ અલગ અલગ કરીને બતાવ્યા છે. ૩૫. તેનું જેટલું ઉલ્લંઘન કરે છે તેટલા તે વેદથી બહાર કહેવાય છે. અને જેટલું ધર્મનું ઉલ્લંઘન કરાય છે તેનો તેટલો દંડ વેદે કહ્યો છે. ૩૬. દંડ કર્યા સિવાય કોઈ બાબતની સ્થિતિ રહેતી નથી, આમ સમજીને વેદોમાં ઘણી જાતના દંડ કહ્યા છે. ૩૭. કોઈ બાબત દંડ કર્યા સિવાય અદ્દલ રહેતી નથી. અને દંડે કરીને સહુ અદ્દલ નીતિમાં વર્તે છે. ૩૮. અસુર, મનુષ્ય કે દેવ, તે બધા વેદનાં વચનનો જેટલો ભંગ કરે છે તેટલો તેને વેદ દંડ કહે છે. ૩૯. જેવી દેશકાળની સ્થિતિ દેખાય તેવો દંડ કરાય છે. દંડ સિવાય સ્થિતિ એકસરખી રહેતી નથી અને દંડે કરીને કાંઈક સુખ રહે છે. ૪૦.

વર્ણ અને આશ્રમના ધર્મ અલગ અલગ કહ્યા છે. તેમાં જેટલી નિર્દોષ બાબત છે તે બધી આચરવાની કહી છે. ૪૧. વેદમાં જે બાબતમાં દોષ બતાવ્યો હોય તે ક્યારેય કરવી નહિ. અને દોષ દેખાડ્યા છતાં જે કરવામાં આવે છે તે મનુષ્ય વેદ, ગુરુ તથા રાજાનો ચોર બને છે. તેને યમરાજા ઘણા જ જોરથી મારે છે અને એને બધું પાપ દેખાડીને પીડે છે. જે દુઃખ કહી શકાતું નથી. ૪૨-૪૩. તે જમપુરીમાં કેટલાક એવો માર ખાય છે કે હાય હાય કરીને પોકાર કરે છે. ત્યાંનું દુઃખ કહી ન શકાય એટલું બધું તે ભોગવે છે. ૪૪. આ બધું નજરે દેખાય છે તોપણ લોકો કુફેલને છોડતા નથી. જેટલા કુફેલ કરવામાં આવે છે તેટલો માર ખાવો પડે છે. ૪૫. અપાર માર ખાવા છતાં જે કુફેલને છોડતા નથી અને તેમાં રસ માને છે, તે બધા ભગવાનના પણ ચોર કહેવાય છે. ૪૬. **ભગવાન, વેદ, ગુરુ, રાજા અને ધર્મના જે ચોર બને છે, તેને કોઈ સહાય કરતું નથી અને તે અત્યંત હીન જન્મને પામે છે.'** ૪૭. શ્રીહરિની આવી વાત સાંભળીને બધા સંતો અને હરિભક્તો ખૂબ જ પ્રસન્ન થયા અને તે વચનને અમૃત જેવા જાણ્યા. ૪૮.

સહુ સંતો અને હરિભક્તોએ શ્રીહરિ આગળ કહ્યું કે, 'અમને આપ મળ્યા છો એટલે અમારા બધા વિકટ દુઃખો દૂર થઈ ગયા છે. ૪૯. આપની મરજી પ્રમાણે કરવામાં સુખ રહ્યું છે. આપની આ વાત સાંભળીને અમે સહુએ તેવો વિચાર કર્યો છે.' ૫૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિની મોક્ષદાયી વાત સાંભળીને સંત-હરિભક્તો રાજી થયા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર અઢારમું : તરંગ - ૩૦

શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને ગુરુનો અધિકાર આપીને આરતી ઉતારી

હરિભક્ત પુરુષો જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે પ્રેમભક્તિ વિવશ થયેલી સર્વ હરિભક્ત બાઈઓ પૂજા કરવા લાગી. ૧. તેમણે શ્રીહરિને મોતીના હાર પહેરાવ્યા. લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ૨. મોતીના થાળ ભરી ભરીને ઘણા હેતથી શ્રીહરિને વધાવ્યા અને ઘણા સરસ પ્રેમભર્યા વચન બોલી. ૩. જ્યારે બાઈઓ પૂજા કરી રહી ત્યારે સંધ્યા વખત થયો અને ઘણી વિશાળ દીપમાળા પ્રગટાવી. તેનો ઘણો પ્રકાશ થયો. ૪. આરતી અને ધૂન કર્યા. તે પછી જે શોભા હતી તેનો કોઈ પાર ન રહ્યો.

પછી શ્રીહરિએ પ્રસન્ન થઈને વચન કહ્યાં, ૫. 'અમે જેને ગુરુ કરીને માન્યા છે તે બીજા સહુએ માનવાને યોગ્ય રહ્યા છે. જેનામાં જેટલા સંતના ગુણો હોય તે બધા રહ્યા હોય, ૬. તેમને ગુરુ કરીને અમે સહુથી અધિક માનીએ છીએ. તેમની મોટાઈને જે સહન ન કરી શકે તે કેવા સંત કહેવાય ? ૭. આ વાત જે રીતની તમે સમજતા હોવ તે રીતે અમને નિશ્ચિતરૂપમાં સહુ કહો. હે મુક્તાનંદસ્વામી ! પ્રથમ તમે જ કહો. આવી બાબત ક્યારેય છૂપી રહેતી નથી. ૮. અને તે પછી અમારા પ્રશ્નનો ઉત્તર આનંદાનંદસ્વામીએ કરવો. કારણ કે સુંદરદાસે સંતોને માટે મોટાઈને વીંછણ જેવી કહી છે. ૯.

मनहर छंद :

धुली जेसो धन जाके, सुलि सो संसार सुख,
भुलि जसो भाग्य देखे, अंत जेसि यारी हे;
पाप जेसी प्रभुताई, साप जेसो सनमान,
बडाई बिछुन जेसी, नागनिसी नारी हे.
अग्नि जेसो ईन्द्रलोक, विघ्न जेसो विधिलोक,
किरति कलंक जेसी, सिद्धि सो ठगारी हे;
वासना न कोई वाकी, एसी मति सदा जाकी,
सुंदर कहत ताहि, वंदना हमारी हे...०१

તે સુંદરદાસના વચનનું ધ્યાન રાખીને ઉત્તર કરવો. તેનો ખ્યાલ રાખ્યા સિવાય બોલવું નહિ. તે પછી સહુ સંતોએ મારા પ્રશ્નનો ઉત્તર કરવાનો છે.' ૧૦. ત્યારે મુક્તાનંદસ્વામી શ્રીહરિની પાસે ખૂબ જ પ્રસન્નમનથી બોલ્યા, 'આટલા બધા સંતોમાં આપ જેને મોટાઈ આપશો. તેની આગળ આપ જેમ કહેશો તેમ અમે રાત-દિવસ નમ્રભાવે વર્તશું. અમારે તો તમને પ્રસન્ન કરવાનું જ તાન છે. બીજી બાબતમાં હું કાંઈ જાણતો નથી. ૧૧-૧૨. આટલા દિવસ તો અમે મનનું ધાર્યું કરતા રહ્યા છીએ, પણ હવે આપને પ્રસન્ન કરવાનો યોગ આવ્યો છે એટલે આપને રાજી કરવા માટે અમે જેમ કહો તેમ કરશું. ૧૩.

હવે આપ જે રીતે પ્રસન્ન રહો તે રીતે કરોડો કલ્પ સુધી કરવું છે, એમ મારા મનમાં રાત-દિવસ રહે છે. ૧૪. **આપની પ્રસન્નતાથી અધિક બીજો કોઈ મોક્ષ નથી. આવી અમારી સમજણ રહી છે. તો હવે અમે આપ કહેશો તેમ કરશું.'** ૧૫. પછી આનંદાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા, 'મહારાજ, આપ તો જાણો જ છો, અમને નભાવવા તે આપના હાથમાં છે. ૧૬. ચાહે તેવા મોટા સંત હોય પણ તેમને માટે પરસ્પરનું અપમાન સહન કરવું તે ઘણું કઠિન છે, તેમ મને દેખાય છે. ૧૭. કદાચ કોઈ અજ્ઞાની માણસ અપમાન કરે તો તે બધું સહન થઈ શકે છે, પણ બરોબરિયાનું પરસ્પર થતું અપમાન તે લગાર પણ ક્યારેય સહન થઈ શકતું નથી. ૧૮.

✵ સંતસેવાની દુર્લભતા :

કોઈ સંત જ્યારે વધારે પડતા બીમાર થાય અને તેને શરીરનું ભાન પણ ન રહે ત્યારે રોજ તેનાં મળમૂત્ર ધોવા તે કાંઈ કઠિન દેખાતું નથી. ૧૯. બીજા કોઈ મંડળના સંત જ્યારે અત્યંત બીમાર પડેલા દેખાય ત્યારે પોતાના મંડળના સંતની જેમ જ, ૨૦. તે બીમાર સંતની સેવા અત્યંત ભાવનાથી કરવાની રુચિ રહે છે. પોતાના સ્વાર્થને માટે સંતની સેવા ક્યારેય ન કરે એવા બધા આ સંત છે. ૨૧.

ચોપાઈ :

संत की सेवा सम फल न कोऊ, भगवान की सेवा सम हे सोऊ;
स्वारथ कर सेवा करत ताकू, स्वारथ तितने फल मिलत वाकू...२२
भगवान की सेवा सम हि जेहू, ताकु फल नहीं मिलत तेहू;
हरि तब बोले एसी रीता, संत सम नहीं कोउ सुनीता...२३

સંતની સેવા જેવું અન્ય કોઈ ફળ નથી. સંતની સેવા તો ભગવાનની સેવા સમાન છે. જે સંતોની સેવા સ્વાર્થથી કરે છે તો તેને જેટલો સ્વાર્થ હોય તેટલું ફળ મળે છે. ૨૨. સંતસેવાનું ફળ ભગવાનની સેવા તુલ્ય હોવા છતાં સ્વાર્થીને તેનું પૂરું ફળ મળતું નથી.' ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'સંતોની સમાન બીજા કોઈ મોટા સાંભળ્યા નથી. ૨૩. વળી, શ્રીહરિ કહે, શ્રીકૃષ્ણ ભગવાન કહેવાતા હતા અને નારદજી તેમનું ભજન કરતા હતા, છતાં નારદજી જ્યારે દ્વારકામાં પોતાને ભવન આવતા ત્યારે ભગવાન તેનાં ચરણ ધોતા હતા. ૨૪. અને નારદજીના ચરણને ધોયેલું જળ પોતાના ભવનમાં છંટાવતા હતા અને પોતાને માથે ચઢાવતા હતા. ૨૫. દુર્વાસા ઋષિને રથમાં બેસાડીને શ્રીકૃષ્ણ ભગવાન તથા રુક્મિણીએ તે રથને ખેંચ્યો હતો. ૨૬.

✵ બીજાને મોટપ આપે તે મહાન છે :

પાંડવોના યજ્ઞમાં આવેલા બધા ઋષિઓના ચરણ શ્રીકૃષ્ણ ભગવાને ધોયા હતા. ૨૭. **ભગવાન તો ભક્તના પણ ભક્ત થવાના ગુણને રાખી રહ્યા છે. તેનાથી તેમની કીર્તિ ઘટી નથી, પરંતુ કીર્તિ વધતી રહી છે.** ૨૮. પોતે મોટા થઈને પણ જો બીજાને વધારે મોટાઈ આપીને નમતા રહે છે તો તેનું

મહત્ત્વ વધે છે. જેમ કે સમુદ્ર, સરોવર અને સરિતાથી પણ અત્યંત નમતો રહ્યો છે ત્યારે ઇન્દ્ર જેટલો વરસાદ કરે છે તે બધા જળને સમુદ્ર પોતામાં સમાવી શકે છે અને તે પાણીથી છલકાયો હોય તેવું ક્યારેય સાંભળ્યું નથી. અને કદાચ વરસાદ ન થાય તો તેનાથી સમુદ્ર સુકાતો પણ નથી. ૨૯-૩૦. ભગવાન અને સંતોમાં જે ગુણ રહ્યા છે તે તો કામ પડે ત્યારે દેખાય છે. અમારી જેટલી મોટાઈ છે તે જે સંત લે તેને અમે આપી દઈએ. ૩૧. આજ દિવાળીનો દિવસ રહ્યો છે. આટલો બીજો કોઈ શુભ દિવસ કહેવાય નહિ. અને અત્યારે સંતો, વર્ણી, હરિભક્ત પુરુષો અને હરિભક્ત બાઈઓ અહીં બેઠા છે. ૩૨. આટલા દિવસ અમે મોટાઈમાં રહ્યા, પણ તેમાં કાંઈ સ્વાદ દેખાયો નથી. હવે જેને તેનો સ્વાદ લેવો હોય તેને અમે અમારી મોટાઈ આપી દઈએ. ૩૩. કોઈના મનમાં મોટા થવાના સંકલ્પ થતા હોય તો અમે રાજી થઈને તે મોટપ આપીએ છીએ. અમે જે મોટપ આપીએ છીએ તે કોઈ ખૂંચવી લેતું નથી. ૩૪.

જેને કાંઈ બોલતા ન આવડતું હોય તે કાંઈ બોલતા નહિ. અમે તો સભામાં કહીએ છીએ કે, અમારી મરજીમાં આવશે તેને અમે મોટાઈ આપી દઈશું. ૩૫. કોઈએ પછીથી તેની ઈર્ષ્યા કરવી નહિ, પણ તેમની આજ્ઞામાં મન, કર્મ અને વચનમાં વર્તવું પડશે. અમે પણ તેમનાં વચનમાં વર્તશું અને જે કહેશે તે તેમની સેવા કરશું.' ૩૬. ત્યારે સહુ સંતોએ કહ્યું, 'અમે સહુએ નિર્ધાર કર્યો છે કે આપ જે રીતે પ્રસન્ન રહો તે રીતે અમારે કરવું છે.' ૩૭. પછી બધા સંતો એક પછી એક ઊઠીને શ્રીહરિને પગે લાગ્યા. તે સહુના પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને બોલાવ્યા. ૩૮. પોતે પલંગ ઉપરથી નીચે ઊતરીને સંતો ભેળા બેઠા અને મુક્તાનંદસ્વામીને તે પલંગ ઉપર બેસાડી દીધા. ૩૯. શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની આરતી ઉતારી. આમ કેટલીક વાતોનું મૂળ જાણ્યા પછી આવો નિર્ધાર કર્યો હતો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને ગુરુનો અધિકાર આપીને આરતી ઉતારી" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥

પૂર અઢારમું : તરંગ - ૩૧

શ્રીહરિએ આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની વાત કહીને પોતાની પણ કહી

ઉપર કહ્યા મુજબ ધર્મકુમાર શ્રીહરિએ મુક્તાનંદસ્વામીની આરતી ઉતારીને તત્કાળ તેમને સદ્ગુરુ તરીકે જાહેર કર્યા. ૧. તે સિવાય નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને શામળિયા ચૈતન્યાનંદસ્વામીને પણ સદ્ગુરુ કર્યા. ૨. શ્રીહરિ બોલ્યા કે, 'અમે જેમને સદ્ગુરુ કર્યા છે તેમને બધા હરિભક્ત પુરુષોએ પૂજ્યભાવથી માનવા. ૩. વળી, બીજા સહુ સંતોએ પણ હવે પછી આ ચારને મોટા જાણીને પહેલા પૂજા કરવી અને એ ચારની આરતી પણ ઉતારવી. ૪. આ ચાર સંતો જે હરિભક્તને ગામ આવે ત્યારે તે ગામના સહુ હરિભક્તોએ તરત ફૂલના હાર અને શ્રીફળ લઈને તેમની સન્મુખ જાવું. ૫.

સહુએ આદરભાવથી દંડવત કરવા, કોમળ ચિત્ત થઈને મીઠાં વચન બોલવા કે, આજનો દિવસ ધન્ય છે, આપે અહીં આવીને અમારા જન્મને સફળ કર્યો છે. ૬. ભક્તિભાવની રીત સાંભળ્યા સિવાય કોઈને ચોક્કસ તેની ખબર પડતી નથી. જ્યાં સુધી સત્સંગમાં અમે મોટા રહ્યા હતા ત્યાં સુધી આવી વાત ક્યારેય અમે કરી નથી. ૭. સેવકની રીત-ફરજને અમે જેવી જાણીએ છીએ તેવી બીજા કોઈ જાણતા નથી. હવે અમે જ્યારે સેવક થયા છીએ એટલે સહુને આ વાત કહેવાનો મોકો મળ્યો છે. ૮. આત્માનંદસ્વામી જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી તેઓ બધે વિચરણ કરતા હતા. અને પોતામાં જેટલો પ્રતાપ હતો તે જેટલા પોતાના શિષ્યો હતા, તે સહુને તેમણે મનના ઘણા ભાવથી દેખાડ્યો હતો. છ ચક્રોના જે સ્થાનક રહ્યા છે તે બધા પણ તેમણે બધા બાઈ-ભાઈઓને દેખાડ્યાં હતાં. તેમનાં વચનમાં સિદ્ધિ રહી હતી. ૯-૧૦.

તેઓ જેવું વચન ઉચ્ચારતા હતા તેવું તરત દેખાડતા હતા. જેટલા તેમના શિષ્યો હતા, તેમાંથી કેટલાકને પ્રતાપ દેખાડ્યો હતો. ૧૧. તેમના બધા શિષ્યો તેમને મોટા ઈશ્વર માનતા અને તેમનાં વચનમાં મોક્ષ માનતા

હતા. તેમને ધ્યાન સિવાયની કોઈ વાત અધિક હતી નહિ. ૧૨. તેઓ આત્માને અક્ષર જાણીને ધ્યાન કરાવતા હતા. અને ભક્તના જેવા મનોરથ હોય તેને પૂર્ણ કરતા હતા. ૧૩. તેમને એક ધ્યાનનું જ અંગ હતું અને ધ્યાનની જ એક વાત કરતા. તેઓ વિવેકે કરીને આત્મા અને દેહને અલગ દેખાડતા હતા. ૧૪. ચમારનો કુંડ જેવો મલિન હોય તેવો આ દેહને મલિન દેખાડતા અને આત્માને એક સત્યસ્વરૂપ બતાવતા. ૧૫. હવે તેમના પછી જે ઉદ્ધવનો અવતાર રામાનંદસ્વામી થયા તેની વાત કહું છું. ૧૬. તેઓ માનતા કે આત્માના પણ આત્મા શ્રીકૃષ્ણ ભગવાન છે. તેમનો જ્યાં સુધી સંબંધ ન થાય ત્યાં સુધી તેને કાંઈ જ પ્રાપ્ત થયું નથી. ૧૭. તેઓ આવી જ વાત કથામાં, કીર્તનમાં અને પોતાની વાતોમાં નિત્ય પ્રત્યે બોલતા હતા. અને શ્રીકૃષ્ણ ભગવાનનો જે સંબંધ છે તેને જ આત્મામાં આત્મારૂપે કરીને કહેતા હતા. ૧૮. તે શ્રીકૃષ્ણ ભગવાન અંતર્યામી શક્તિએ કરીને સહુનું કારણ કહેવાય છે. અને તેઓ જ્યારે મૂર્તિમાન મળે ત્યારે મનુષ્યદેહનો લાભ મળ્યો કહેવાય. ૧૯.

चोपाई :

मनुष्य देह के लाभ हे इतना, प्रगट श्रीकृष्ण मिलेउ तितना;
प्रगट कृष्ण न मिले जिहाँ लगहू, मनुष्य देह वृथा तिहाँ लगहू...२०
कृष्ण मिले तामें साधन जेता, आई गये कहावत तेता;
कोउ पिछे हि करवे कि बाता, रहे एसे न आत देखाता...२१
कृष्ण कहे पीछे करना ताई, अनंत बात या महिं आई;
देह रहो नहि रहो ताके, ममत न रखना वृथा वाके...२२

મનુષ્યદેહનો એટલો જ લાભ છે કે પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાન મળે. અને જ્યાં સુધી પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાન ન મળે ત્યાં સુધી મનુષ્યદેહ વૃથા છે તેમ જાણવું. ૨૦. અને તે ભગવાન મળે તેમાં જેટલા સાધન છે તે આવી ગયા કહેવાય છે. ભગવાન મળ્યા પછી કરવાનું કોઈ સાધન રહેતું નથી, એવું દેખાય છે. ૨૧. અને જ્યારે ભગવાન મળે ત્યારે તો તેઓ કહે તેમ કરવાનું. આમાં અનંત વાતો આવી જાય છે. દેહ રહે કે ન રહે તેમાં વૃથા

મમત્વ રાખવું નહિ. ૨૨. બહુનામી રામાનંદસ્વામી આવા અંગની વાતો કરતા હતા. જ્યારે અમે સત્સંગમાં આવ્યા ત્યારે તે સ્વામી ઘણા ખુશી થયા. ૨૩. તેમને અમારા ઉપર ઘણો સ્નેહ રહેતો હતો. એક પળવાર પણ મને દૂર રાખતા નહિ. તેઓ હરિભક્તોની આગળ પ્યારથી અમારા વારંવાર વખાણ કરતા હતા. ૨૪. પણ તે સમયે રામાનંદસ્વામીની વાતો સાંભળીને રઘુનાથદાસ નખથી શિખા પર્યંત બળતા રહેતા હતા. તેની ઈર્ષ્યાને દેખીને સ્વામી મને વધારે સાચવતા હતા. ૨૫. મારી જે કોઈ પણ વાત હોય તેને સ્વામી પ્રમાણરૂપ કરતા હતા અને રઘુનાથદાસની વાતને સાચી ગણતા નહિ. ૨૬. રામાનંદસ્વામીના બીજા જેટલા સંત હતા, તેમને તેઓ કાયમ હેત કરીને કહેતા હતા કે, 'અનંત કોટિ બ્રહ્માંડમાં આ વર્ણીના જેવા કોઈ સંત નથી. આ તેવા સંત છે. ૨૭-૨૮.

બધી જ યોગકળાઓ અને બધું જ ઐશ્વર્ય આ બ્રહ્મચારીના એક એક રોમમાં રહ્યું છે. તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. મોટા સિદ્ધો પણ આ વર્ણીની ચાહના રાખે છે. ૨૯. જેટલા સિદ્ધો કહેવાય છે તે સહુના આ બાળસ્વરૂપ વર્ણી ગુરુ રહ્યા છે. જ્યારે સ્વામી આવી વાતો કહેતા હતા ત્યારે અમે મુખથી ચુપ રહેતા હતા. ૩૦. જ્યારે સ્વામી સ્વધામ ગયા અને તેમણે જેવાં વચનો કહ્યાં હતાં, તે રીતે સંતો અને હરિભક્તોનું હિત કરવાને માટે અમારામાં અપાર પ્રતાપ ઉદય થયો. ૩૧. પણ જે અજ્ઞાની લોકો હતા, તે આ પ્રતાપને દેખીને તેને ઇન્દ્રજાળ કહેતા હતા. અને તે બધા પાખંડીઓ અમારા પ્રતાપથી વારંવાર અતિશય બળી ઊઠ્યા. ૩૨.

❋ લોભની દુષ્ટતા :

તે પછી સત્સંગની મદદ કરવાને માટે અદ્લ રાજ આવી ગયું અને તે રાજ્યના અધિકારીઓ જેટલા કુપંથીઓ હતા તે બધાને ખોળવા લાગ્યા. ૩૩. પરમેશ્વરની ઇચ્છાથી જે અદ્લ રાજ્ય થયું છે તે(અધિકારીઓ)માં જ્યાં સુધી લોભ નહિ પ્રવેશે ત્યાં સુધી આવું કોઈ રાજ્ય નથી. ૩૪. લોભમાં ન્યાયનો અન્યાય દેખાય છે અને અન્યાયનો ન્યાય દેખાય છે. મતપંથના બધા લોકો લોભને લીધે જ ઉપરથી ન્યાય દેખાડે છે. ૩૫. લોભને જ્યારે

મોકો મળે છે ત્યારે તે તેનું ધાર્યું કરે છે. અને લોભ જ્યાં ધર્મ હોય ત્યાં ધર્મનો દાસ-સેવક થઈને પાસે રહે છે. ૩૬. જ્યાં ભક્તિ હોય છે ત્યાં લોભ ભક્તિનો અનન્ય દાસ થઈને રહે છે અને વૈરાગ્ય હોય છે ત્યાં લોભ તેનો સેવક થઈને તેની પાસે ઉલ્લાસથી રહે છે. ૩૭. અને જ્યાં જ્ઞાન અધિક હોય ત્યાં જ્ઞાનનો અને જ્યાં ધ્યાન હોય ત્યાં ધ્યાનનો સેવક થઈને લોભ પ્રેમથી રહે છે. ૩૮. લોભમાં અપરંપાર કળાઓ રહી છે. તે લોભ એવો રહ્યો છે કે તેનો કોઈ પાર પામતું નથી. ૩૯. સત્સંગ વિના લોભ જેવો રહ્યો હોય તેવો કોઈને ક્યારેય દેખાતો નથી. સત્સંગ વિના તો લોભ શું દેખાય ?' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ આત્માનંદસ્વામી અને રામાનંદસ્વામીની વાત કહીને પોતાની પણ કહી" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ।।૩૧।।



પૂર અઢારમું : તરંગ - ૩૨

શ્રીહરિએ ચાર સદ્‌ગુરુઓ કર્યા અને સહુએ પૂજા કરી

ચાર સદ્‌ગુરુઓ કર્યા પછી સ્વયં શ્રીહરિએ હરિભક્તોની આગળ તેમની સેવા કરવાની ઘણી રીત બતાવી. ૧. તે સદ્‌ગુરુઓને રેશમી કોરની ધોતી પહેરાવી, લલાટમાં ચંદન ચરચ્યું અને કુંકુમનો ચાંદલો કર્યો. ૨. ફૂલના હાર મગાવીને પહેરાવ્યા તેમજ ફૂલના બાજુ અને પહોંચી સદ્‌ગુરુને પહેરાવ્યા અને આગળ શ્રીફળ મૂક્યા. ૩. ધર્મના લાલ શ્રીહરિએ સાકરના ભરેલા થાળ તેમની આગળ મૂક્યા અને પછી પોતે દંડવત્-પ્રણામ કરીને પગે લાગ્યા. ૪. પછી જેટલા સંતો હતા તેઓ પણ પૂજા કરીને પગે લાગ્યા. તેમાં જેનો જેવો ભાવ હતો તે શ્રીહરિએ જોઈ લીધો. ૫. જેનો જેવો ભાવ હતો તેના ઉપર શ્રીહરિ તેવા પ્રસન્ન થયા અને જેવો અંતરમાં ભાવ હતો તેવું તેમને શ્રીહરિ ઉપરથી સુખ આપતા. ૬. સંતો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે હરિભક્તોએ પણ પૂજા કરી. અને ફૂલના હાર પહેરાવીને વસ્ત્ર ઓઢાડ્યાં. ૭. વિવિધ પ્રકારના મેવાના થાળ ભરી ભરીને લાવ્યા અને પછી હરિભક્તોએ આરતી

કરી. તેને જોઈને શ્રીહરિ હરિભક્તોના ઉપર પ્રસન્ન થયા. અને હરિભક્તોને કહ્યું કે, ‘કોઈને ઘરેણાં અને ધન આપીને જ્યારે પૂજા કરવાનો ભાવ હોય ત્યારે તથા પૂજામાં રથ, અશ્વ અને બળદ આપવાનો ભાવ હોય ત્યારે સંતને બાધ કરે એવું હોય તો તેમણે તે અમારી પૂજા કરવી. ૮-૧૦.

❋ ધર્મની મહત્તા :

સંતોની રક્ષા કરવાને માટે બાધ આવે એવી પૂજાને અમે ગ્રહણ કરશું. સંતો અને હરિભક્તોના ધર્મની રક્ષા જે રીતે થાય તે રીતે અમે કરીએ છીએ. ૧૧. અને હરિભક્ત બાઈઓએ અમારી પૂજા કરવી. તેમ કરવાથી સંતોને કોઈ બાધ નહિ આવે અને સહુના ધર્મ-નિયમો આમ કરવાથી રહેશે. ૧૨. ધર્મ અને નિયમ વિના ક્યારેય મોક્ષ થતો નથી અને ધર્મ પાળવામાં જ મોક્ષ રહ્યો છે તે વાત ચોક્કસ છે. ૧૩. અમે સત્ય કહીએ છીએ કે જેટલા દૃઢતાથી ધર્મ અને નિયમ પળાય છે તેટલો તેનો મોક્ષ થાય છે. ૧૪. હવે અમે કહીએ છીએ કે જે જેટલા ધર્મ અને નિયમને દૃઢપણે રાખશે તેનો તેવો જ મોક્ષ થાશે. ૧૫. જે જેવો ઉદ્યમ કરે છે તેને તેવો લાભ મળે છે. ફળપ્રદાતા પરમેશ્વર તલ તલ જેટલું બધું જાણે છે અને ઉદ્યમ પ્રમાણે ફળ આપે છે. ૧૬.

❋ વિષયભોગ એ જ મહારોગ :

चोपाई :

जो जो हमारि बात हे जितनी, नियम धर्म दृढ करन हे तितनी;
समैये उछव करत हम जितने, नियम धर्म दृढ करने तितने...१७
रमणिक विषय रहाये जेता, यह लोक परलोक में तेता;
जन सब भोगवे कई वेरा, तामे सुँ दुःख पाये घनेरा...१८

અમારી જે જે વાત હોય છે તે ધર્મ-નિયમને દૃઢ કરવા માટેની હોય છે. અને અમે જેટલા સમૈયાઓ કરીએ છીએ, તે પણ ધર્મ-નિયમને દૃઢ કરવા માટે જ કરીએ છીએ. ૧૭. આ લોક અને પરલોકના જેટલા રમણીય પંચવિષય છે તેને જીવે કેટલીએ વાર ભોગવ્યા છે અને તેમાં જીવ ઘણું દુઃખ પામ્યો છે. ૧૮. જેવા વિષય જીવે ભોગવ્યા તેવું દુઃખ તે પામ્યો છે.

જ્યાં સુધી મોક્ષના માર્ગમાં જીવ ચાલ્યો નહિ ત્યાં સુધી જે સુખ અને દુઃખને ભોગવ્યા, તે કહી શકાતા નથી. છતાં તે વિષયો તરફ દોડતો રહે છે. સાચા ગુરુ સિવાય તેને કોઈ વાતનું જ્ઞાન થતું નથી. એકલું અજ્ઞાન જ રહે છે. ૧૯-૨૦. **એક મોક્ષની જ વાત સિવાય વિષયની બાબતમાં જીવ રાત-દિવસ પરમ હેત લાવીને દોડતો રહે છે. તે તો તેના ઉપર ભગવાનનો કોપ રહ્યો છે તેમ જાણવું.** ૨૧. **જ્યાં સુધી જીવ મોક્ષને માર્ગે ચાલતો નથી ત્યાં સુધી તે આ સંસારના અપાર સુખ-દુઃખને ભોગવતો રહે છે. તેનો કહેવાથી પાર આવતો નથી.** ૨૨.

महातम में तिहाँ लग रहाये, हरि से जिहाँ लग दूर रहे ताये;
हरि बिन देखत ओरमें सूखा, सुख एहि रहायेउ दूःखा...२३
साचे संत मिलत हि जबही, मोक्ष के मग देखावत तबही;
विद्या अपार रहेउ तामें, मोक्ष की विद्या अधिक हे यामे...२४
जो जो बात रहाये तिनमें, मोक्ष मग अधिक रहे इनमें;
मोक्ष के मग न चले जिहाँ लगही, एक बात न किये तिहाँ लगही...२५

જ્યાં સુધી જીવ ભગવાનથી દૂર રહે છે ત્યાં સુધી તેને અજ્ઞાનનું મહા અંધારૂં રહે છે. અને તેથી જ ભગવાન વિના બીજામાં સુખ દેખે છે પણ તે સુખ જ તેના માટે દુઃખ છે. ૨૩. જ્યારે તે જીવને સાચા સંતો મળે છે ત્યારે તે સંતો તેને મોક્ષનો માર્ગ બતાવે છે. જેટલા પ્રકારની વિદ્યાઓ કહેવાય છે તેમાં મોક્ષની વિદ્યા સહુથી અધિક મહત્ત્વની છે. ૨૪. જે જે બાબતો છે તેમાં મોક્ષનો માર્ગ સહુથી વધારે ઉત્તમ છે. અને જ્યાં સુધી મોક્ષને માર્ગે ન ચલાય ત્યાં સુધી જીવની એક પણ બાબત ફળતી નથી. ૨૫. સારરૂપ જે ગ્રંથ છે અને સાચા જે સંતો છે તે ભગવાન સિવાયની બધી વાતને અસારરૂપ કહે છે. ૨૬. પણ જે સાચા સંત છે તે ભગવાન સિવાયની બધી વસ્તુને અસાર દેખાડે છે. અને જે અસત્ ગ્રંથ અને મિથ્યા સંત છે તે બધી બાબતને ભગવાનના જેવી જ કહે છે. ૨૭. માટે જેટલા હરિભક્તો છો તેમણે અસત્ય ગ્રંથ અને મિથ્યા સંત, એનો સંગ ક્યારેય કરવો નહિ. તેનો દૂરથી જ ત્યાગ કરવો.' ૨૮. દિવાળીને દિવસે શ્રીહરિએ જે વાત કહી તે મેં જોઈને લખી છે. હવે અન્નકોટની વાત કહું છું. ૨૯.

જ્યારે રાત પાછલી ચાર ઘડી રહી ત્યારે સહુ સંતો ઊઠ્યા અને નારાયણ ધૂન કરી. તે પછી સહુએ શ્રીહરિનું ધ્યાન કર્યું. ૩૦. ધ્યાન કર્યા પછી બધા સંતોએ તળાવમાં જઈને સ્નાન કર્યું. શ્રીહરિ અને બધા હરિભક્તોએ પણ સ્નાન કર્યું અને પછી બધો પૂજાવિધિ કર્યો. ૩૧.

પછી શ્રીહરિ ગાડા ઉપર ગાદી તકિયા બિછાવેલા હતા ત્યાં આવીને બેઠા. ધર્મના લાલ શ્રીહરિએ લાલ રેશમનો સુરવાળ પહેર્યો હતો. ૩૨. અને રેશમની નાડીમાં કસબવાળા ફૂમકા કર્યા હતા અને સુરવાળમાં રૂ ભરીને સિલાઈથી ચોકડી કરેલી હતી. ૩૩. શરીર ઉપર સરસ ડગલી પહેરી હતી. તેથી મૂર્તિ ઘણી મોહક બની હતી. ચિત્તને ચોરે તેવો જરિયાની કોરનો કસુંબી રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. ૩૪. તેના ઝરીવાળા છેડાઓ પાઘની વચ્ચે છોગાના રૂપમાં ભરાવ્યા હતા અને ભારે બેવડી શાલ ઓઢી હતી. તેની બધી કોર લાલ જરિયાની હતી. ૩૫. શાલના છેડામાં કસબી કામ કર્યું હતું અને તેમાં જે બુટ્ટા હતા તેની શોભા કહી શકાતી નથી. શ્રીહરિ પશ્ચિમ તરફ મુખ રાખીને બેઠા હતા.

તેમનાથી દક્ષિણ તરફ સંતોની સભા થઈ હતી. ૩૬. ગામના જેટલા ખાંટ હતા તે બધાએ સુંદર વસ્ત્ર પહેર્યાં હતાં અને બેસતા વર્ષનો દિવસ(જુહાર પટોળા) હોવાથી પરસ્પર શુભકામના કરતા હતા. અને સહુએ હાથમાં શ્રીફળ અને તલવાર લીધેલી હતી. ૩૭. શ્રીહરિનાં દર્શન કરવાને માટે સહુએ એક એક રૂપિયો હાથમાં લીધો હતો અને ઘણા પ્રેમથી ઉમંગ સાથે આવ્યા હતા. ૩૮. આગળના ભાગમાં ઢોલ, તાંસા, રણશિંગી અને શરણાઈ વાગતી હતી. તે રીતે સહુ શ્રીહરિને પગે લાગવા આવ્યા. ૩૯. તેમણે શ્રીહરિના ચરણમાં એક પછી એક આવીને શ્રીફળ અને રૂપિયો મૂક્યો અને પગે લાગ્યા. ૪૦. પોતાના રીવાજ મુજબ શ્રીહરિની આગળ ઘણા પ્રેમથી આવીને બેઠા અને તેમણે શ્રીહરિની આગળ કહ્યું. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ ચાર સદ્‌ગુરુઓ કર્યા અને સહુએ પૂજા કરી" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર અઢારમું : તરંગ - ૩૩

આદરજમાં ખાંટ લોકોએ નવું વર્ષ ઊજવ્યું અને શ્રીહરિ અન્નકૂટ જમ્યા

તે સમયે રતુ ખાંટે બે હાથ જોડીને શ્રીહરિ આગળ વાત કહી, 'અમારા બધા લોકોનો આજ ઘણો મોટો પર્વનો દિવસ છે. ૧. આજે અમે હરેકને નવા વર્ષની ખુશાલીમાં પ્રણામ કરીએ છીએ અને આજ વિ.સં.૧૮૭૬નું નવું વર્ષ બેઠું છે. ૨. આજ અમારા લોકો જ્યાં જ્યાં રહેતા હોય ત્યાં ભેળા થઈને કસુંબો(અફીણનું પીણું) લે છે. ૩. પછી મોટા ચોકમાં ગોળ મંડળ આકારે બધા બેસે છે અને પરસ્પર પ્રણામ(જુહાર) કરે છે. ૪. તે જુહાર કરી રહ્યા પછી જેટલા જુવાન પુરુષ હોય છે તે હાથમાં લાકડાંના દાંડિયા લઈને ખૂબ જ રાસ રમે છે. ૫. જો આપની ઈચ્છા હોય તો આપને તે દાંડિયા રાસની રમત દેખાડે. આપનો જોગ આવો ફરીવાર ક્યારેય આવે નહિ. ભટકતા ભટકતા અમારાં અનેક જન્મ વીતી ગયાં છે.' ૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું, **'તમારી જે રીત હોય તે પ્રમાણે તમે કરો. અમે પ્રેમથી તેને દેખશું. અમને રાજી કરવાનો તમને જે ભાવ થયો છે તેથી તમારું ઘણું મોટું ભાગ્ય ઉદય થયું છે.'** ૭. પછી શ્રીહરિને રાજી કરવાને માટે બધા જુવાનો ઊઠ્યા. સહુએ બબ્બે દાંડિયા હાથમાં લીધા. ૮. સહુ ગોળમંડળ આકારે રાસ રમવા લાગ્યા. અને તે સમયે ઢોલ અને તાંસા વાગતાં હતાં તેનાથી સહુને ઘણો ઉત્સાહ વધ્યો હતો. ૯. રાસમાં જેટલી ચાતુરી રહી હતી તે બધી શ્રીહરિને બતાવી. તેઓ ઊલટ સૂલટ રમતા હોવા છતાં દાંડિયાના તાલને ભૂલતા નહિ. ૧૦.

બેઠા બેઠા પણ રાસમાં ફરતા હતા, પણ એક એકની આગળ દેખાતા હતા. પોતાના હાથ-પગની ચતુરતા દેખાડી. શ્રીહરિએ તેમને પ્રસન્નતારૂપી મોજ આપી. ૧૧. ચાર ઘડી દાંડિયારાસની રમત ચાલી. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'હવે રમત રાખો. સહુ બેસો અને જુહાર(એક પ્રકારના વંદન, નમસ્કાર) કરો. અમે જોઈએ.' ૧૨. પછી એક એક જણ ઊઠીને જે બેઠેલા

હતા, તેને એક હાથથી જુહાર કરવા લાગ્યા. ૧૩. જ્યારે બધા ખાંટ યુવાનો જુહાર કરી રહ્યા, (ત્યારે શ્રીહરિએ પોતાના હાથે સહુને પ્રસાદ આપ્યો. પછી શ્રીહરિએ ઈશારો કર્યો તેથી સંતો દૂર જઈને બેઠા. તરત જ આદરજ ગામની પ્રેમી બહેનો હવનબાના કહેવાથી સહુ માથે ગરબા લઈ મહારાજ પાસે રમવા આવ્યા. ત્યારે તેઓ શ્રીહરિને રાજી કરવા મન મૂકી સામસામી તાળી વગાડી ગરબા રમવા લાગી. ત્યારે ભાવના ભૂખ્યા ભગવાને તેમને નવરસ મૂર્તિ દેખાડી. આદરજવાસી તમામ બહેનો ઉપર કરુણા કરી શ્રીહરિએ સહુને કૃતાર્થ કર્યા.

પછી સહુને પોતાના હાથે ખોબો ભરી ભરીને પતાસા આપ્યા. આમ, તેના મનોરથ પૂરા કર્યા. આ તમામ લીલા આદરજ ગામના પાદરે આવેલ ગંગા સરોવરને કિનારે ચાલી રહી હતી. ભક્તોએ દીપાવલીના દિવસો જાણી સરસ મજાની દીપમાળા પૂરી હતી. મહારાજે સંતો-ભક્તોને બોલાવ્યા. પછી પોતે દીપમાળા વચ્ચે જઈને બેઠા અને સંતોએ શ્રીહરિને રીઝવવા રાસની રમઝટ બોલાવી. સંતોનો સ્નેહ જોઈ શ્રીહરિએ પણ અનેક રૂપ ધરી સંતો સાથે રાસ લીધો હતો. જ્યારે રાસ પૂરો થયો ત્યારે) શ્રીહરિએ સહુ સંતોને બોલાવ્યા અને પ્રસન્ન મનથી એક એક કરીને સહુને ભેટ્યા. ૧૪.

શ્રીહરિ સહુને ભેટી રહ્યા ત્યારે અન્નકોટ તૈયાર થયો. પછી શ્રીહરિ ત્યાંથી તરત ઊઠ્યા અને ગામમાં જમવા માટે ચાલ્યા. ૧૫. અને ગંગાસર નામના તળાવની પાળે આવ્યા તે વખતે ખાંટ જુવાનો બધા બંદૂક છોડીને તળાવમાં મૂકેલા ઘડાને નિશાન કરતા હતા. ૧૬. બંદૂકનો અવાજ કરી નિશાન પાડતા હતા, પણ તે બંદૂકની ગોળી નિશાનને લાગતી નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘જો તમે કહો તો અમારા પાર્ષદ તમારા નિશાનને પાડે.’ ૧૭. ત્યારે ખાંટ બોલ્યા, ‘અમે રાજી છીએ.’ ત્યારે વીરાભાઈ નામના પાર્ષદે પહેલી જ ગોળીથી તે નિશાન ઊડાડી દીધું. ૧૮. તે દેખીને બધા ખાંટ ખૂબ રાજી થયા. પછી શ્રીહરિ ગામમાં આવવા ચાલતા થયા. રતુ ખાંટના બહેન હવનબાઈ નામે હતા. ૧૯. તેણે અન્નકોટના પકવાન અને બધી રસોઈ હરિભક્ત વિપ્રોની પાસે ઘણા ઉલ્લાસથી વિવિધ રીતે બનાવડાવી હતી. ૨૦.

ચોકમાં રંગોળી પુરાવી અને કેળનો બાગ બનાવ્યો હતો. શ્રીહરિએ આવીને તે બધું જોયું ત્યારે તેના ઘણા ભાવને લીધે તેમના ઉપર પ્રસન્ન થયા. ૨૧. તે સમયે શ્રીહરિએ સ્નાન કરીને પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું પીતાંબર વસ્ત્ર ઓઢ્યું. અને બંને ચરણમાં ચાખડીઓ પહેરીને ચટાક ચટાક કરીને ચાલતા હતા. ૨૨. શ્યામસુંદર સુખદાયક અવિનાશી શ્રીહરિ આવીને સોનાના બાજોટ ઉપર ઉત્તરમુખે બેઠા. ત્યારે હસતું મુખકમળ ચમકી રહ્યું હતું. ૨૩. શ્રીનગરની જેટલી બાઈઓ હરિભક્ત હતી તે બધી આવી હતી. તેમજ ગંગાબાઈ, રેવાબાઈ અને ગોમતીબાઈ વગેરે બીજી બધી સત્સંગી બાઈઓએ ત્યાં આવીને કેટલોય અન્નકોટ કર્યો હતો. જેનો ગણતા પાર આવે તેમ નથી. ભાત ભાતના અનેક પ્રકારના અપાર પકવાનો કર્યાં હતાં. ૨૪-૨૫.

તે રીતે જ ઘણાં ભોજન કર્યાં. અને તે રીતે જ અપાર શાક, રાઈતા, પાપડ, અથાણાં, ભજિયાં અને વડાં પણ કર્યાં હતા. ૨૬. પ્રેમાનંદસ્વામીએ **'અવિનાશી આવો રે, જમવા કૃષ્ણહરિ..' એ ૫૭ કડીનો અને નિષ્કુળાનંદસ્વામીએ 'ધન્ય ધન્ય તે આજ, દિવસ દિવાળી બેની..' તે ૩૨ કડીનો જે થાળ ગાયો છે** (તેમાં ૧૦૦ ઉપરાંત શાક-પાકાદિકનું વર્ણન છે.) તે કરતાં પણ અધિક ભોજનો બનાવ્યા હતા. ૨૭. જેટલા ભોજન કર્યાં હતા તે તત્કાળ જ સોનાના થાળમાં ભરીને લાવ્યા. આ રીતે ભોજનોનો એક મોટો કોટ(ઢગલો) કર્યો. ૨૮. પછી ભગવાન શ્રીહરિ જે જે જાતના પકવાન અને ભોજન કર્યાં હતાં તેને પહેલા જમ્યા. મુકુંદાનંદ અને જયાનંદ વર્ણી તથા વિપ્ર નાનાભાઈ જેટલા ભોજન કર્યાં હતાં તે ઘણા ભાવથી લાવ્યા. તેને શ્રીહરિ જમ્યા. પકવાન, ભોજન, શાક, ભજિયાં અને વડાં કેટલાએ કર્યાં હતાં. ૨૯-૩૦.

ભાજી, કેટલીયે પ્રકારના રાઈતા, અથાણું અને પાપડ વગેરેનો કોઈ પાર ન હતો. કેળા અને કેટલી ભાતના મેવા અલગ અલગ ઊંચી જાતના હતા. ૩૧. જેટલા સંતો અને હરિભક્તો હતા, સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. સહુને જે રીતે દર્શન થાય તે રીતે શ્રીહરિ ઊંચી પાટ ઉપર બેઠા હતા. ૩૨.

નવા ચાર સદ્‌ગુરુઓને અને પાંચમા આનંદાનંદસ્વામીને પાસે બેસાડ્યા. પોતે જેટલું ભોજન કર્યું હતું તે બધી વસ્તુઓ પહેલા પાંચ સંતોને જમાડી. ૩૩.

જ્યારે શ્રીહરિ અને સદ્‌ગુરુઓ જમી રહ્યા ત્યારે તરત જ બીજા સંતોની પંગત બેઠી. તે સમયે રતુ ખાંટ કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને આવ્યા. ૩૪. તેમણે પહેલા આવીને શ્રીહરિને કેસરયુક્ત ચંદનથી પૂજ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર ફૂલની ટોપી ધરાવી. ૩૫. ફૂલના બે ગુચ્છ બંને કાન ઉપર તે વખતે ધરાવ્યા. ફૂલના બાજુ અને પહોંચી બનાવી હતી, તે ઘણા હેતથી હાથમાં બાંધી દીધી. ૩૬. સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં અને રૂપિયાનો ભરેલો થાળ શ્રીહરિની આગળ મૂક્યો. તે સમયે એક શાલ લઈને ઓઢાડી. ૩૭. કપૂરની આરતી કરી. તે સમયે ‘જય જય...જય જય...’ આવા અપાર શબ્દો બોલાતા હતા. ૩૮. પછી તેમણે સ્તુતિ કરીને કહ્યું, ‘અમે સહુ આપને શરણે થયા છીએ માટે આપ અમને સંભાળી લેજો અને આપના ચરણારવિંદમાં નિવાસ આપજો.’ ૩૯.

सोरठा : हरि बोले ते वार, हम बिन अधिक न रखे जेहि;
दुर रहे यह अपार, हमारे रहे चरण यह...४०

ત્યારે શ્રીહરિ બોલ્યા, ‘જે અમારા સિવાયની અન્ય વસ્તુને અધિક નથી રાખતા તે ઘણા દૂર હોવા છતાં અમારાં ચરણમાં જ રહ્યા છે.’ ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “આદરજમાં ખાંટ લોકોએ નવું વર્ષ ઊજવ્યું અને શ્રીહરિ અન્નકોટ જમ્યા” એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર અઢારમું : તરંગ - ૩૪

આદરજમાં ઉત્સવ કર્યા પછી સંતોને પાત્ર રાખવાની આજ્ઞા કરી

રતુ ખાંટ શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા પછી તેમણે મોટા સદ્‌ગુરુઓની પણ તે વખતે પૂજા કરી. ૧. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીની પ્રથમ પૂજા કરી. અને તે પછી અનુક્રમે બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી અને આનંદાનંદસ્વામીની પૂજા કરી અને બીજા સહુ સંતોની પણ પૂજા કરી. ૨-૪. પ્રથમ કેસરયુક્ત ચંદન લલાટમાં ખૂબ ભાવથી ચરચ્યું. અને પછી ઘણા પ્રેમથી સહુને ફૂલના હાર પહેરાવ્યા. ૫. પછી સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું અને સહુને પગે લાગ્યા. તે પછી સહુ સંતોની આગળ એક એક ખાખરાની પત્રાવળી મૂકી. ૬.

પછી નિષ્કામી સંતો મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ પકવાન લઈને પહેલા પીરસવા લાગ્યા. ૭. બીજા બધા સંતો પકવાનના ભર્યા પાત્રો લઈને શ્રીહરિની આગળ લાવતા હતા. સંતો તથા પાર્ષદોની પંગત અને ગામધણી કાઠી દરબારો કે જેઓ શ્રીહરિની સાથે સવારી લઈને આવ્યા હતા. અને જેટલા હરિભક્તો હતા તે સહુની અલગ અલગ પંગત થઈ અને જ્યાં જેવું યોગ્ય લાગે તે રીતે શ્રીહરિ પિરસવા ફરતા હતા. ૮-૯. જેટલા સર્વોત્તમ પકવાન અને ભોજનો નિર્ધારિત હતા, તેને લઈને શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરવા લાગ્યા કે, જે શ્રીહરિના હાથનો પ્રસાદ બ્રહ્મા અને શિવજી જેવાને પણ દુર્લભ હોય છે. ૧૦.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

તે પ્રસાદ સંતો, પાર્ષદો, કાઠી દરબારો, એ બધાને ત્રીશ વર્ષ સુધી ઘણો સુલભ થયો હતો. કોઈ અવતારમાં કોઈને આવો પ્રસાદ સુલભ થયો ન હતો. ૧૧. **શ્રીહરિએ સંતો, વર્ણી અને હરિભક્તોને દિન પ્રતિદિન જે અધિક સુખ આપ્યું છે, તેવું સુખ બ્રહ્મા અને શિવજી જેવાને પણ અત્યાર સુધી ક્યારેય મળ્યું નથી.** ૧૨. સંતો, વર્ણી અને હરિભક્તોને શ્રીહરિએ જે

સુખ હેતથી એક ઘડી આપ્યું હોય તેટલું પણ કહી શકાતું નથી. ૧૩. **કોઈ હરિભક્તને શ્રીહરિએ આપેલું જે એક ઘડીનું સુખ તેને કોઈ કરોડો કલ્પ સુધી કહેતા રહે, તોપણ તે પૂરું કહી શકાતું નથી.** ૧૪. શ્રીહરિએ પોતાના ભક્તને જેટલું સુખ આપ્યું હોય તે બાબતની મનમાં મનન કર્યા સિવાય અથવા તો કોઈની આગળ ક્યારેય વાત કર્યા સિવાય, એક વાત પણ કહી શકાતી નથી. ૧૫. ચિંતામણિમાં અપાર સુખ રહ્યું છે, તે પાસે હોવા છતાં તેનું જો ચિંતવન કરવામાં ન આવે તો તેનાથી કાંઈ સુખ થતું નથી. ૧૬.

☼ સમજણની મહત્તા :

चोपाई :

सुख दिये में हरि कसर लेशा, रखे नहि एक दिन तेसा;
हरि में सुख रहे जेति प्रकारा, खोल दियेउ सब तेहि द्वारा...१७
सुख दिये में हरि तिल भारा, कसर कबहु न रखे कोउ वारा;
चिंतवन करि सुख रखे जितना, हरिजन कु अर्थ आये तितना...१८
जेसी जाकि समझ रहाये, तेसे सुख लेवत रहे ताये;
समझमें हरि के सुख रहाते, समझ हि बिन कबहु न देखाते...१९
समागम संत के जिस रीता, जन जेसे करत करहि प्रीता;
तेसे समझ तेहि पावत प्रानी, समझ में हरि सुख कि रहे खानी...२०

શ્રીહરિએ એક દિવસ પણ ભક્તજનોને સુખ આપવામાં લેશમાત્ર પણ કસર રાખી નથી. શ્રીહરિનાં સ્વરૂપમાં જેટલા પ્રકારના સુખો રહ્યાં છે તે બધાનાં દરવાજા પોતે ખોલી નાખ્યાં છે. ૧૭. શ્રીહરિએ પોતાના આશ્રિતોને સુખ આપવામાં ક્યારેય તલભાર પણ કસર રાખી નથી, પણ તે સુખનું ચિંતવન કરીને જેટલું દૃઢ કરી રાખે તેટલું જ હરિભક્તને તે સુખ ઉપયોગી થાય છે. ૧૮. જેની જેવી સમજણ હોય તેવું તે સુખ લે છે. શ્રીહરિનું સુખ તો સમજણમાં રહ્યું છે અને સમજણ વિના તે સુખ ક્યારેય દેખાતું નથી. ૧૯. માણસ જે રીતે સંતોનો સમાગમ કરે છે અને જે રીતે સંતોની સાથે હેત રાખે છે તેવી તે સમજણને પામે છે. અને તે સમજણમાં શ્રીહરિના સુખની ખાણ રહી છે. ૨૦.

ભગવાનનું સુખ મળ્યું હોવા છતાં પણ જે ભગવાનનાં સ્વરૂપની સમજણમાં જેટલા આળસ અને પ્રમાદ રાખે છે, તેટલું તે સુખને રાખી શકતા નથી. અને જગતનાં મિથ્યા સુખમાં ખૂંતી રહે છે. ૨૧. તેથી શ્રીહરિ ભક્તજનોને હેતે કરીને વારંવાર ચેતવતા રહે છે, છતાં જે ભક્તને સંસારમાં તાન લાગેલું રહે છે તે પ્રમાદનો ત્યાગ કરતો નથી. ૨૨. પોતાના ભક્તજનોને સુખ આપવાને માટે તો મહારાજાધિરાજ શ્રીહરિએ મનુષ્યશરીર ધારણ કર્યું છે. અને તેથી જ ભક્તજનોને ઘેર ઘેર જઈને પોતાનાં સ્વરૂપનું અત્યંત સુખ તેમને આપે છે. ૨૩.

સંતો અને પાર્ષદો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. હાથ અને ચરણ ધોઈને પોતાના મુકામે આવ્યા. તે સમયે જેટલા હરિભક્તો ઉત્સવમાં આવ્યા હતા તે બધાને ઘેર જવાની રજા આપી. ૨૪. શ્રીહરિએ ભક્તોને કહ્યું, ‘તમે પોતપોતાને ગામ જાઓ. જે ઘણા દુર્લભ છે એવા સંતોના મંડળને લઈને અમે તમારે ગામ આવશું. ૨૫. વારે વારે હવે પછી અમે આ સંતોની સાથે ફરીવાર ક્યારે આવશું ? ગયો અવસર ફરીવાર આવતો નથી એમ તમારે નિશ્ચય સમજવું. ૨૬.

હવે અમે આ દેશમાં છેલ્લીવાર ફરીએ છીએ એમ જાણો. તો આ છેવટનો લાભ તમે લઈ લો. નહિતર પછી તમે કહેશો કે અમે તો ગાફલ રહ્યા. ૨૭. દિવાળીનો અને અન્નકોટનો અહીંયા આ છેલ્લો ઉત્સવ છે. હવે કહી ન શકાય કે પ્રબોધની એકાદશી અમે ક્યાં કરશું ? ૨૮. આ રીતે બહુનામી શ્રીહરિએ હરિભક્તોને રજા આપી. અને પછી સંતોને કહ્યું કે, ‘આજ પછીથી તમે સહુ સંતો અમારી આજ્ઞાએ કરીને ભોજન જમવાને માટે કાષ્ઠના સુંદર એક એક પાત્ર પોતાની પાસે રાખજો. પાત્ર રાખવાથી તમારા ત્યાગમાં ખામી નહિ આવે. ૨૯-૩૦. મોટા આત્માનંદસ્વામી મહાન ત્યાગી હતા. તેઓ ઝેરી નાળિયેરનું જમવા માટેનું એક પાત્ર રાખતા હતા. ૩૧. અને તેમની પાસે જેટલા ત્યાગી સંતો રહેતા હતા તે પણ તેમની આજ્ઞાથી એક એક પાત્ર રાખતા હતા કે જેવું રામાનંદસ્વામી પાત્ર રાખતા હતા. ૩૨.

માંગરોળ બંદરના સંઘાડિયા હરિભક્ત આણંદજીભાઈ નામે છે. તેણે ધન લીધા સિવાય પાત્ર ઊતારી દીધા છે. ૩૩. ધોરાજી શહેરમાં રહેનારા ક્ષત્રિય અજુભાઈને ઘેર દસ વીશ પાત્ર હમણાં સુધી હતાં. તે લેવામાં હવે કોઈ બાધ નથી.' ૩૪. ત્યારે સંતોએ કહ્યું, 'હે મહારાજ ! હવે આપ જેમ કહો તેમ અમારે કરવાનું છે. આપની જ્યારે જેવી મરજી હોય તે પ્રમાણે આપ અમને તરત કહેજો. ૩૫.

આપનાં વચન અમારે માટે તો વેદોના પણ વેદ છે. અમને આવું સમજાયું છે. અને વેદોને પણ આપનાં વચન પ્રમાણે રહેવામાં તાન રહે છે. ૩૬. આપને જે રીતે વેદો સમજી શકે છે તે રીતે જગત સમજી શકતું નથી. અને તેને લીધે જ જીવો સંસારસાગરમાં દુઃખ પામતા રહે છે. ૩૭. આપના અપરાધે કરીને તે જીવો દુઃખને સુખ કરીને દેખે છે. આપને શરણે આવ્યા સિવાય ક્યારેય સંસાર પાર થતો નથી. ૩૮. આપના શરણે ન થઈ શકાય તેના જેવો બીજો કોઈ દૈવી કોપ નથી. છતાં જગત તેને દેખતું નથી. અમે જ્યારે આપને શરણે થયા ત્યારે અમને તે બધું સમજાયું છે. ૩૯. આપના તે અતિ કોપને લીધે જગત આપનાં શરણને દેખતું નથી. અને તે જગતના લોકો ભગવાનના જે ભક્ત થયા છે તેમને તુચ્છ કરીને ગણે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "આદરજમાં ઉત્સવ કર્યા પછી સંતોને પાત્ર રાખવાની આજ્ઞા કરી" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર અઢારમું : તરંગ - ૩૫

શ્રીહરિએ મુક્તમુનિની સેવામાં રવાજીને મૂક્યા અને આદરજથી કોલવડા આવ્યા

શ્રીસહજાનંદસ્વામીએ સંતોને કાષ્ઠનાં પાત્ર રાખવાની જ્યારે આજ્ઞા કરી, તે વખતે માણસા ગામના ગંગાદાસ નામે સુતાર હરિભક્ત હતા. તે સ્વભાવે ઘણા સુશીલ હતા. ૧-૨. તેણે શ્રીહરિની પાસે આવી, હાથ જોડીને કહ્યું કે, ‘સંતોને માટે કાષ્ઠનાં પાત્ર બનાવીને હું આપીશ. ૩. રોહીડાનું કાષ્ઠ શુભ હોય છે, તેનાં પાત્ર સારાં થાય છે. તે ઘણાં પાત્ર બનાવીને હું આપની પાસે પહોંચાડીશ.’ ૪.

ત્યારે શ્રીહરિ ઘણું રાજી થયા અને તત્કાળ પાત્ર બનાવવાની તેને આજ્ઞા આપી. ‘અમે આટલા પ્રદેશમાં હરિભક્તોના હિત માટે દસ દિવસ સુધી ફરવાના છીએ. ૫. આટલા સમયમાં જેટલાં પાત્ર બને તે બનાવીને અમને બતાવો. પણ બે, ત્રણ, ચાર પાત્રનો અલગ અલગ ઘાટ કરજો. ૬. પાત્ર એક વેંત પહોળાં કરવા અને ગજની ત્રણ આંગળ જેટલાં ઊંચાં કરવા અને ચિનાઈ કટોરા જેવો સુંદર ઘાટ તેમાં લાવવો.’ ૭. આમ કહીને શ્રીહરિએ રાજી થઈને ગંગાદાસની છાતીમાં પોતાનાં ચરણકમળ આપ્યાં. જ્યારે તે ગંગાદાસને જવાની રજા આપી ત્યારે તે શ્રીહરિને પગે લાગીને તત્કાળ ઉતાવળે ચાલતા થયા. ૮. અમદાવાદના જે હરિભક્તો દર્શન કરવામાં ઘણા ભાવવાળા હતા, તેઓ દસ વીશ દિવસ સુધી દર્શન કરવાના ભાવથી શ્રીહરિની સાથે રોકાયા. ૯.

અન્નકોટના દિવસની રાત ત્યાં રહીને સવારમાં શ્રીહરિ ચાલતા થયા. પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને ઘણા હેતથી એક સુંદર બળદગાડી બળદ સાથે બેસવા માટે આપી. અને રવાજી નામે એક દરબાર ઘણા સરસ બુદ્ધિમાન પાર્ષદ હતા. તેમને એક મુક્તાનંદસ્વામીની રક્ષા કરવા માટે તેમની પાસે રાખ્યા. તેઓ માથાસૂળ ગામના પ્રસિદ્ધ હરિભક્ત હતા. ૧૦-૧૨. જેટલા ક્ષત્રિયો શ્રીહરિની પાસે પાર્ષદ થઈને રહેતા હતા તે શ્રીહરિને પ્રસન્ન કરવાના જ ભાવવાળા હતા. તેમને બીજો કોઈ સ્વાર્થ ન હતો. ૧૩. તેઓ ધનને દોષરૂપ

જાણીને પોતાની પાસે રાખતા નહિ. ગરાસની આવકનું જે ધન આવતું તે બધું લાવીને શ્રીહરિને આપતા હતા. ૧૪. શ્રીહરિને હરિભક્તો જે કાંઈ પણ ધન લાવીને આપતા હતા, તેને શ્રીહરિ પણ રાખી મૂકતા નહિ. તે ધનથી તરત જ વિપ્રોને જમાડી દેતા હતા. ૧૫. તે સિવાય શ્રીહરિ જ્યાં સુધી ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા ત્યાં સુધી બ્રાહ્મણના બાળકોને જનોઈ અપાવતા અને કન્યાદાન અપાવતા હતા. ૧૬. વળી, કોઈ સત્‌પાત્ર ગરીબ બ્રાહ્મણ દેખાય તો તેને ધન અપાવતા હતા. વિપ્રોને ધન તો અપાર આપ્યું છે. તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. ૧૭. તેમજ કોઈ સત્‌પાત્ર ગરીબ બ્રાહ્મણને દેખીને તેને સારી પહેલા વેતરની ગાય, વસ્ત્ર અને સોનાનાં ઘરેણાંથી શણગારીને ઘણીવાર આપતા હતા. ૧૮. કેટલાક બ્રાહ્મણોને અશ્વનું દાન આપતા. પરમ નિપુણ શ્રીહરિ કેટલાય વિપ્રોને મકાન અને જમીનનું પણ દાન આપતા હતા. વળી, વિપ્રની જ્ઞાતિને રસોઈ બનાવવા માટેના તાંબા-પિત્તળનાં વાસણ પણ લઈ આપતા હતા. ૧૯. કેટલાક વિપ્રોને માટે અપરંપાર ભાગવતના દાન કર્યાં હતાં અને કેટલાક બ્રાહ્મણોને વેદની પોથી લખાવી આપી હતી. ૨૦.

સુંદરશ્યામ સુજાણ શ્રીહરિ કેટલાક વિપ્રોને અન્નનું દાન આપતા હતા. આમ ગંગાના પ્રવાહની જેમ શ્રીહરિને હાથે દાનનો પ્રવાહ ચાલું રહેતો હતો. ૨૧. ભગવાન શ્રીહરિ સિવાય આવું ક્યારેય કોઈથી બને નહિ એવું સહુ લોકો જાણી લેજો. શ્રીહરિ પોતાનું કરીને ક્યારેય ધન રાખતા નહિ. આવા શ્રીહરિ મહાન સમર્થ હતા. ૨૨. બ્રહ્માદિક મોટા મોટા દેવોને પણ શ્રીહરિ જ સંપત્તિ આપે છે. મોટા ચક્રવર્તી રાજાઓને પણ તેઓ જ સંપત્તિ આપે છે. ૨૩. જેટલા દાનેશ્વરી રાજાઓ પૂર્વે થઈ ગયા તેઓ બ્રાહ્મણોને રોજ કરોડો ગાયનું દાન વારંવાર આપતા હતા. તે બધાને પણ તેવી સંપત્તિ શ્રીહરિએ જ આપી હતી. ૨૪. ચિંતામણિ, કલ્પવૃક્ષ અને પારસમણિમાં જે ઘણું દૈવત દેખાય છે તે પણ શ્રીહરિએ જ દીધેલું છે. ૨૫. રિદ્ધિ અને સિદ્ધિમાં જે દૈવત દેખાય છે એ પણ શ્રીહરિનું આપેલું છે. તે દૈવત વગેરે તેમના ઘરનું નથી. ૨૬. જેમાં જે જે અધિક દૈવત દેખાય છે તે શ્રીહરિનું આપેલું જ છે. ધર્મપુત્ર શ્રીહરિ આવા મહાન છે. ૨૭. શ્રીહરિના જેટલા પાર્ષદો

હતા તેમાં ભગુજીનું નામ સહુથી મોખરે હતું. અને પાર્ષદ રવાજી તેમના ગુરુ હતા. ૨૮. રવાજી સિવાયના બીજા ત્રણ પાર્ષદો ઘણા ચતુર હતા. એક લાખાજી, બીજા રામસિંહ અને ત્રીજા રાજાભક્ત. તેમાં લાખાજી અને રાજાભક્ત બે બંદૂક બાંધનારા ગણાતા હતા. ૨૯. રવાજી અને રામસિંહજી, આ બંને ધનુષ્યબાણને રાખનારા હતા. શ્રીહરિએ ઘણા ઉમંગથી રવાજીને મુક્તાનંદસ્વામીની સાથે રાખ્યા હતા. ૩૦.

શ્રીહરિ જ્યારે આદરજથી ચાલ્યા ત્યારે રોઝા નામના ઘોડા ઉપર બેઠા હતા. એ ચંચળ, ઘણો ચપળ અને ડાહ્યો હતો. ૩૧. જ્યાં જેવો સમય હોય ત્યાં તેવી ગતિથી ચાલતો હતો. ગરુડ અને વિમાન આ રોઝા ઘોડાની છટા દેખીને પોતાનામાં રહેલી ગતિ અને છટાને રોઝા ઘોડાથી તલભાર પણ અધિક માનતા ન હતા. ગરુડ અને વિમાનમાં જે કાંઈ ગર્વ હતો, તે શ્રીહરિના રોઝા ઘોડાની આગળ બધો ગર્વ છોડીને વર્તતા હતા. ભૂમિ ઉપર બીજા જેટલા અશ્વ અને હાથીઓ મોટા મોટા રાજાઓને ભુવન રહ્યા હતા તે બધા સૂર્યની આગળ તારાના જેવા દેખાતા હતા. જ્યારે મોટા મોટા રાજાઓ આ અશ્વને દેખતા હતા, ત્યારે તેની પોતાની રાજસમૃદ્ધિ હતી તે પણ તેને ઘોડાની તુલનામાં ફિક્કી લાગતી હતી. શ્રીહરિના સંબંધવાળી જે કોઈ પણ વસ્તુ રહેતી તેમાં આવો ચમત્કાર ભર્યો રહેતો હતો. ૩૨-૩૬. ભગવાન શ્રીહરિની જે જે વસ્તુ હોય, તેને બ્રહ્મા જેવા દેવતાઓ પણ જ્યારે નજરે દેખતા હતા ત્યારે એકદમ ફિક્કા પડી જતા હતા. ૩૭. આવા મહાન શ્રીહરિ તેને તુચ્છ મનુષ્યો પોતાથી પણ ન્યૂન સમજે છે તે આશ્ચર્યની વાત છે. ૩૮. પછી શ્રીહરિ સંતોને સાથે લઈને ભક્તજનોને કૃતાર્થ કરવા માટે **કોલવડા** ગામ આવ્યા. ૩૯. એ ગામમાં જે હરિભક્ત બાઈઓ-ભાઈઓ હતા તે બધા ઘણા પ્રેમભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ મુક્તમુનિની સેવામાં રવાજીને મૂક્યા અને આદરજથી કોલવડા આવ્યા" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર અઢારમું : તરંગ - ૩૬

શ્રીહરિ કોલવડાથી ઊનાવા ગામમાં ધામધૂમપૂર્વક પધાર્યા

જે હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા હતા તે બધા ઘણા ભાવથી શ્રીહરિને પગે લાગ્યા. ૧. હરિભક્તોએ શ્રીહરિને અપાર વિનંતિ કરીને પછી તેઓ પોતાના ગામ કોલવડામાં લઈ ગયા. ગામની બજારો બધી સ્વચ્છ કરી હતી. ૨. ઢોલ, તાંસા, ભેરી, ભૂંગળ, શરણાઈ અને રણશિંગી જેવાં વાજિંત્રો તે વખતે વાગતાં હતાં. ગામના બધા લોકો તે વખતે દર્શન કરવા આવ્યા. ૩. ગામલોકો બધા બજારમાં આવીને ઊભા હતા અને ફૂલના હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. ૪. જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિને દિવસ ઊગતા પહેલા તો ઘેર ઘેર પધરાવીને શ્રીહરિની પૂજા કરી અને અલભ્ય લાભ લીધો. ૫.

હરિભક્તનાં મનના જેવા મનોરથ હતા, તે પ્રમાણે પૂજા કરી અને ભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ગામની બહાર આવ્યા. ૬. ગામ બહાર જ્યાં વડલો હતો ત્યાં ગાડી ઉપર શ્રીહરિ બેઠા. સંતો ત્યાં નજીકમાં ભેળા થઈને બેઠા અને ભક્તજનોને રાજી કરવા માટે બહુનામી શ્રીહરિએ તેમની પાસે કીર્તન ગવડાવ્યા. ૭. ચાલતી વખતે હરિભક્તો રસોઈ બનાવીને લાવ્યા. તેમાં સુખડીના લાડુ વાસણમાં ભરી ભરીને લાવ્યા. તે વખતે શ્રીહરિએ બબ્બે લાડુ વર્ણી અને બ્રાહ્મણોને પ્રથમ આપી દીધા. પછી સંતો અને પાર્ષદોને બંને હાથથી લાડુ આપવા લાગ્યા. ૮-૯. નાનાભાઈ વિપ્ર જે કરજીસણ ગામના હતા, તેઓ આ પ્રદેશમાં જેટલા હરિભક્તો હતા તેમાં મુખ્ય હરિભક્ત હતા. ૧૦.

જેટલા બાઈ-ભાઈ હરિભક્તો હતા તે બધા નાનાભાઈ કહે તેમ કરતા હતા. અને નાનાભાઈ પણ જેની જેવી સંપત્તિ હોય તેને જાણતા હતા. ૧૧. હરિભક્તોની દિનપ્રતિદિન જે રીતે શ્રદ્ધા વધતી રહે તે રીતે તેઓ શ્રીહરિની સેવા પૂજા કરાવતા હતા. ૧૨. **હરિભક્તોની પ્રતિદિન શ્રદ્ધા જે રીતે વધારે રહે તેવી પૂજા સેવામાં શ્રીહરિ પ્રસન્ન રહેતા હતા.** ૧૩. જે ભક્તો સેવા પૂજા કરે અને તેમાં તેની શ્રદ્ધાને તોડે તેવા ભક્ત ઉપર શ્રીહરિ

ક્યારેય પ્રસન્ન થતા નહિ. ૧૪. ગામે ગામમાં જે મુખ્ય હરિભક્ત હોય તે હરિભક્તની દિનપ્રતિદિન શ્રદ્ધા વધારે તેવી રીતે પૂજા સેવા કરાવતા હતા. કારણ કે, સેવા પૂજા કરવામાં જે શ્રદ્ધા રહી છે તે રસ ભરેલી ફળદ્રૂપ ભૂમિ જેવી છે. જો ભૂમિ રસથી ભરેલી હોય તો તેમાં જે ચાહો તે અન્ન ઉત્પન્ન થાય છે. ૧૫-૧૬. જ્યારે સંતોને લાડુ આપી રહ્યા એટલે તરત શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. માર્ગમાં જ્યાં ગામ આવતું હોય ત્યાં શ્રીહરિ દર્શન આપતા હતા. ૧૭.

શ્રીહરિ અશ્વ ઉપર બેસતા અને મસ્તક ઉપર સોનાનું છત્ર રાખ્યું હતું. જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વ પણ સોનાનાં ઘરેણાંઓને લીધે સોનેરી અંગવાળો થઈ ગયો હોય તેમ ઝગમગ ઝગમગ શોભતો હતો. જે લોકો દર્શન કરતા હતા તે મુખથી 'જય જય...જય જય...' એમ બોલતા હતા. ૧૮-૧૯. શ્રીહરિના ચરણમાં નમી હાથ જોડીને 'અમારા પુરમાં પધારો' તેમ અત્યંત આગ્રહ કરીને કહેતા હતા. તે સહુ શ્રીહરિના ઉપર ઘણો ભારે ભાવ રાખતા હતા. શ્રીહરિની મૂર્તિ ઘણી છટાદાર હતી. ૨૦.

સુખરાશી અને અવિનાશી આવા શ્રીહરિ **ઊનાવા** ગામ આવ્યા. ત્યાં જે હરિભક્તો હતા તે હરખતે હૈયે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૧. જે આવ્યા તેના દિલમાં આનંદ ભર્યો હતો. અને પ્રેમથી ફૂલના હાર લાવ્યા હતા. વિવિધ પ્રકારના જે વાજિંત્રો હતાં તે બધા પણ લાવ્યા હતા. ૨૨. શ્રીહરિની આગળના ભાગમાં જે સંતો અને વર્ણી હતા તે બધા ઉમંગભર ચાલતા હતા. અને સંતોની પાછળ પાર્ષદો હતા. સહુના હાથમાં બંદૂકો હતી. ૨૩. પાર્ષદની પાછળ કુબેરસિંહ ચોપદાર હાથમાં વળિયાવાળી સોનેરી છડી લઈને ગામેગામ ચાલતા હતા. અને મુખથી 'જય જય...જય જય...' આવા શબ્દો બોલતા હતા. ૨૪. જય જય મહારાજાધિરાજ...આજ પ્રગટ થયેલા ધર્મવંશ તિલક, ધર્મવંશ ભૂષણનો જય હો...ધર્મવંશના પ્રકાશક, ધર્મવંશના ચંદ્ર સમાન ભગવાન સ્વામિનારાયણનો જય હો...અધર્મનો નાશ કરનાર શ્રીહરિનો જય જય હો...૨૫-૨૬. શરણાગત અધમોનો ઉદ્ધાર

કરનારા શ્રીહરિનો જય જય હો...ભક્તજનના સુખકારી, લોકોને રંજન કરનારા અને ભૂમિનો ભાર હરનારા એવા શ્રીહરિનો જય જય હો...૨૭. હરિભક્તોના પ્રાણ અને તેના જીવનરૂપ એવા શ્રીહરિનો જય જય હો... હરિભક્તોને માટે સુખની ખાણ જેવા અને હરિભક્તોના મુગટમણિ એવા શ્રીહરિનો જય જય હો...' ૨૮. ચોપદાર આ રીતે કેટલીએ પ્રકારે મુખથી 'જય જય' બોલતા હતા. જેટલા હરિભક્ત કાઠી દરબારોના અશ્વ હતા, તે બધા શ્રીહરિની સાથે હતા. ૨૯. ઘોડાઓની ઘણી મોટી ઘુમર ખૂબ શોભતી હતી અને હરિભક્તોને સામે આવતા દેખીને તે ઘુમરની આગળ ભવભયહારી ઘનશ્યામ શ્રીહરિ પોતાના ઘોડાને નચાવતા હતા. ૩૦.

ત્યાં આવીને શ્રીહરિએ સર્વ હરિભક્તોને દર્શન દઈને તેમના મનના બધા સંતાપને ટાળી દીધા. અને બધા હરિભક્તો પણ દંડવત્-પ્રણામ કરીને શ્રીહરિના ચરણમાં પડતા હતા. ૩૧. સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવીને શ્રીફળ અર્પણ કર્યા. આ રીતે બધી સવારી ઊનાવા ગામમાં ચાલી. ત્યારે આગળના ભાગમાં ઘણાં વાજિંત્રો વાગતાં હતાં. ૩૨. હરિભક્તો ઉલ્લાસથી ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કરતા હતા. આગળના ભાગમાં જરિયાની બે નિશાનવાળા ચાલતા હતા. ૩૩. હરિભક્તો હરખમાં ગુલાલ ઊડાડતા ચાલતા હતા અને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા. ગામની બધી રાજબજારને સુંદર રીતે સજાવી દીધી હતી. ૩૪.

કેળના સ્તંભ રોપાવીને સહુના દરવાજાઓમાં તોરણ બંધાવ્યા હતા. ધજા, પતાકાઓ દરવાજા ઉપર બાંધ્યા હતા. અને સુવર્ણના કળશ ઉપર શ્રીફળ મૂક્યા હતા. ૩૫. હરેક દરવાજે રંગબેરંગી ચિત્રો(રંગોળી)ની રચના કરી હતી. અને વિવિધ પ્રકારના ધૂપ તથા દીપ કર્યા હતા. ગામના જેટલા બાઈ-ભાઈઓ હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. ૩૬. કેટલાક લોકો તો મકાનના ગોખ અને અગાશીમાં ઊભા હતા. અને તે સમયે તે બધા શ્રીહરિના ઉપર ફૂલહારની વૃષ્ટિ કરતા હતા. ૩૭. સત્સંગી, બિનસત્સંગી સર્વે ભાવિક બાઈઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૩૮.

બધી બાઈઓ વારંવાર શ્રીહરિને હાથ જોડી, મસ્તક નમાવીને પગે લાગતી હતી અને તેઓ શ્રીહરિની સન્મુખ દૃષ્ટિ રાખતી હતી. ૩૯. શ્રીહરિએ વસ્ત્રો અને મણિ જડિત સોનાના આભૂષણો ધારણ કર્યાં હતાં. અને મસ્તક ઉપર સોનાનું છત્ર ધાર્યું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ કોલવડાથી ઊનાવા ગામમાં ધામધૂમપૂર્વક પધાર્યા" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥

પૂર અઢારમું : તરંગ - ૩૭

સત્સંગમહિમા, અનુવૃત્તિ અને પ્રગટના યોગનું મહત્ત્વ કહ્યું

ગામના જેટલા હરિભક્તો હતા તેમણે અપાર ભાવથી શ્રીહરિની ઘેર ઘેર આ વખતે પધરામણી કરી. ૧. અને તે હરિભક્તોના મનમાં જેવા મનોરથો હતા તે પ્રમાણે તેમણે ભાવથી શ્રીહરિની પૂજા કરી અને તેવું શ્રીહરિએ તેમને સુખ આપ્યું. ૨. કેટલાક ભક્તિભાવવાળા હરિભક્તોએ શ્રીહરિને પ્રસન્નમનથી ઘેર પધરાવીને પૂજા કરી. ૩. જે હરિભક્તોએ એકવાર પણ ભાવનાથી શ્રીહરિની પૂજા કરી તેમણે ઘણો લાભ લીધો. અને જેણે દર્શન કર્યાં તેના પણ અત્યંત ભાગ્ય કહેવાય. ૪. જેમ કે, જાણે અજાણે જે જે અમૃતનું પાન કરે છે તો અમૃતમાં જેવા ગુણ રહ્યા હોય છે, તેવું તેનું ફળ તે સહેજે જ પામે છે. ૫.

તેમ જ, શ્રીહરિના જેણે દર્શન કર્યાં તેના જન્મમરણ, યમયાતના, કાળ, કર્મ અને માયા વગેરેના દુઃખો નાશ પામ્યા. અને તે વારંવાર નમસ્કાર કરવાને યોગ્ય થયા. તેમાં રંચમાત્ર પણ મિથ્યા નથી. ૬. તે બાબતને જે ખોટી જાણે છે તે બધા માયાના ઉદરમાં પડ્યા રહે છે. પ્રગટ શ્રીહરિનો પ્રતાપ તો ભારે છે. ક્યારેક પ્રગટ શ્રીહરિનો સહજ સ્વભાવે સંબંધ થઈ જાય તો તેના ઉપર કહેલા દુઃખોનો નાશ થાય છે. કેમ જે, પ્રગટનો યોગ ઘણો દુર્લભ છે. ચાહે તેટલા જપ તપ કરે અને ચાહે તેટલો યોગ સાધે, ચાહે

તેટલા વ્રત અને દાન કરે, કરોડો યજ્ઞ કરે, વેદ, પુરાણો અને બધી સ્મૃતિમાં કહેલા સાધનોને કોઈ કરોડો વાર કરે અને અન્ન તથા જળનું પાન પણ ન કરે, છતાં પ્રગટ શ્રીહરિનો પળવાર પણ તેમને ક્યારેય યોગ થાતો નથી. ૭-૧૦. પ્રગટ શ્રીહરિનો જેને યોગ થયો છે તેવા મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષ, વેલી, વસ્ત્ર, આભૂષણ અને વાહન, તે બધા ઘણા દુર્લભ છે. વળી, પ્રગટના યોગવાળા સરોવર, નદી, વાવ, કૂવા, પર્વત, વન અને સાગર વગેરે જેટલા છે તે બધા, અને જે સ્થળ ઉપર શ્રીહરિ બેઠા હોય તેવા સ્થાનો પણ અત્યંત દુર્લભ છે. અજ્ઞાની લોકોને તે જાણવામાં આવતું નથી. ૧૧-૧૨.

दोहा : हरि हरि के जन के जोउ, हरि के सबंध ताके;
महिमा जानत जिस विध, तिस विध मोक्ष वाके...१३
महिमा तेसे हि मोक्ष हि, प्रसिद्ध रहेउ तेहि;
यामें रंच नहि जुठ हि, सत्य बात हे एहि...१४

सोरठा : महिमा में खामि जेति, मोक्ष में सब जन कु जोउ;
खामि रहत हे तेति, अक्रुर कु रहि खामि जिमि...१५

ભગવાન, ભગવાનના ભક્તો અને ભગવાનના સંબંધવાળી વસ્તુનો મહિમા જેટલો જે જાણે છે તેનો તેવો મોક્ષ થાય છે. ૧૩. જે જેટલો મહિમા સમજે છે તેનો તેટલો મોક્ષ થાય છે, એ બાબત પ્રસિદ્ધ છે. તે ખરી હકીકત છે. તેમાં રંચમાત્ર મિથ્યા નથી. ૧૪. મહિમા સમજવામાં જેટલી ખામી રહે છે, તેટલી તેને અક્રૂરની જેમ મોક્ષમાં ખામી રહે છે. ૧૫. જે ભક્તજન દિનપ્રતિદિન સત્સંગ કરતો રહે છે, તેને પોતામાં રહેલી ખામી બરાબર રીતે સમજાય છે. ૧૬. શ્રીહરિ અને સંતો સત્સંગમાં વર્ષોવર્ષ ફરતા રહે છે અને વર્ષોવર્ષ ઉત્સવ-સમૈયા કરે છે. જેનો કોઈ પાર લઈ શકાય તેમ નથી. ૧૭. **આ બધાનું પ્રયોજન એટલું જ છે કે, ભગવાન અને સત્સંગનો યથાર્થ મહિમા સમજવો. જેને જેવું સંતોના સમાગમનું તાન રહે છે તેવો તે મહિમા જાણી શકે છે.** ૧૮.

चोपाई :

महिमा जितना आवत जामें, छिपाये कबहु न रहत यामें;
हरि हि हरि के जन हि जो ताके, अनुवृत्ति में वर्तन सो वाके...१९

अनुवृत्ति में वर्तन जो जितना, महिमा तामें रहाये तितना;
अनुवृत्ति में कसर जो जेता, महिमा में कसर रहे तेता...२०
महिमा में कसर रहत जितनेऊ, मोक्ष में कसर रहत तितनेऊ;
उद्यम जिमि इहां करत जिस रीता, फल कु इहां पावत तिस रीता...२१

જેનામાં જેટલો મહિમા આવે છે તે ક્યારેય ઢાંક્યો રહેતો નથી. અને મહિમાવાળો ભક્ત ભગવાન અને ભગવાનના ભક્તની અનુવૃત્તિમાં નિરંતર રહે છે. ૧૯. જે ભક્ત જેટલો અનૃવૃત્તિમાં રહે છે તેમાં તેટલો મહિમા રહ્યો હોય છે. અને અનુવૃત્તિમાં જેટલી કસર રહે છે તેટલી તેના મહિમામાં પણ કસર હોય છે. ૨૦. અને મહિમામાં જેટલી કસર રહે છે તેટલી મોક્ષમાં કસર રહે છે. આ લોકમાં જેવો ઉદ્યમ કરે છે તેવું તેને આ લોકમાં ફળ મળે છે. ૨૧.

તે રીતે જ જેવો મહિમા સમજાય છે તેવો તેનો મોક્ષ થાય છે. સંતોના મંડળમાં જે મોટેરા હોય છે તે પોતે શુદ્ધ વર્તન રાખીને સંતોને જેટલી વાતો કરે છે તેને સંતો ગ્રહણ કરી લે છે. શુદ્ધ વર્તન સિવાય મોઢેથી અપાર વાતો કહેવામાં આવે, બધા વચનામૃતોને પણ મોઢે કરી લેવામાં આવે, સત્સંગના બધા અંગોને યાદ રાખવામાં આવે અને બધા ગ્રંથોના રહસ્યને યાદ કરી રાખવામાં આવે, યોગની યમ-નિયમ આદિક જેટલી કળાઓ છે તેને પોતાનું હિત કરવાને માટે યાદ કરી રાખે, પણ બીજા સંતો અને હરિભક્તોને પાછા પાડવા માટે તે શીખી રાખવામાં આવ્યું હોય, તો તે ઘણી મોટી વાત કહેવાતી હોવા છતાં ઝેર સમાન થઈ રહે છે. ૨૨-૨૬.

સત્સંગની જેટલી વાતો છે તે પોતાનું હિત કરવા માટે શીખે; એવા સત્સંગમાં જે સંત હોય તેને અમાપ સંત કહેવાય છે. ૨૭. અને એવા સત્સંગમાં જે હરિભક્તો, વર્ણી તથા પાર્ષદ હોય તે પણ અમાપ કહેવાય. ૨૮. સત્સંગમાં જેટલી વાત રહી છે તે બધી મુખથી કહી શકાતી નથી. તે બધી વાતો જીવના મોક્ષ કરવા માટેની છે. મોક્ષ સિવાય તેનું બીજું કોઈ પ્રયોજન નથી. ૨૯. આવી વાતના મર્મને જે જાણે છે તેને તેમાં અત્યંત

સ્વાદ આવે છે અને એ સિવાયની બીજી બાબતમાં જેટલો સ્વાદ રહ્યો છે તેને તો મળનો પણ મળ સમજે છે. ૩૦.

સત્સંગની વાર્તાની આગળ બ્રહ્માદિ દેવતાઓના સુખ પણ અત્યંત તુચ્છ દેખાય છે. સત્સંગની વાત આવી મહત્ત્વપૂર્ણ છે. ૩૧. અને સત્સંગના મર્મને જે સમજે છે તે તો બ્રહ્માના કરતાં કરોડગણા અધિક બીજા સુખોને પણ ઊલટીના સમાન તુચ્છ દેખે છે. ૩૨. ભગવાન સિવાય અન્ય સુખને જ્યારે ઊલટીના જેવું સમજાય છે ત્યારે તે સત્સંગના મહિમાને સમજ્યો છે. અને જ્યાં સુધી ભગવાન સિવાયના સુખ ઊલટીના સમાન ન જણાયા હોય ત્યાં સુધી સત્સંગ કરવામાં ઘણી કસર રહી છે. અને આવી કસર ન રહી હોય, તોપણ રાત-દિવસ ઉત્સાહથી સત્સંગ કરતા રહેવું. ૩૩-૩૪.

અક્ષરધામમાં જઈને નિવાસ કરવો તે સહજ છે. કારણ કે, અક્ષરાધિપતિ ભગવાન સ્વામિનારાયણના મળવે કરીને અક્ષરધામ સુગમ થયું છે. ૩૫. **જેને અક્ષરાધિપતિ શ્રીહરિ ન મળ્યા હોય તેને અક્ષરધામ દુર્લભ છે. અને સત્સંગ તો તે કરતાં પણ દુર્લભ છે. તે જ્ઞાનના અર્કરૂપ રહસ્યને સમજ્યા સિવાય દેખાતું નથી.** ૩૬. જ્ઞાનરૂપી નેત્ર તથા શ્રોત્ર સિવાય અને જ્ઞાનમય બનેલા અંતઃકરણ સિવાય સત્સંગ ક્યારેય ઓળખી શકાતો નથી. ૩૭. જેને આ સમયે યથાર્થ સત્સંગ ઓળખાયો છે તેના જેવું સદ્‌ભાગ્ય તો વારંવાર કોનું કહેવું ? ૩૮. સર્વોત્તમ ભાગ્યની સીમા જેટલી કહેવાય છે તે બધી સત્સંગ છે. સત્સંગ સિવાય બીજું કોઈ ઊંચું ભાગ્ય નથી. ૩૯. શ્રીહરિ અને સંતો આટલી વાત શીખવવાને માટે અને ભક્તોનું હિત કરવા માટે સત્સંગમાં વારંવાર ફરતા રહે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સત્સંગમહિમા, અનુવૃત્તિ અને પ્રગટના યોગનું મહત્ત્વ કહ્યું" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર અઢારમું : તરંગ - ૩૮

સત્સંગમાં વિચરતા શ્રીહરિની વિવિધ લીલાઓ

શ્રીહરિએ ઊનાવા ગામમાં જઈને ભક્તજનોના જે મનોરથ હતા તેને પૂરા કર્યા અને પછી ગામની બહાર આવ્યા. ૧. તળાવ કાંઠે એક મોટો વડ હતો ત્યાં આવીને ઊતર્યા. સંતો અને વર્ણી જે સાથે હતા તે બધાનો સારો મુકામ પણ ત્યાં જ કર્યો. ૨. મુક્તાનંદસ્વામીને બેસવા માટે શ્રીહરિએ જે ગાડી આપી હતી તેમાં તેઓ બેસીને આવ્યા. પછી છૂટેલી તે ગાડી ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૩. સંતો અને વર્ણીની ત્યાં સભા થઈ અને મુક્તાનંદસ્વામીનાં કીર્તન ત્યાં સંતોએ ગાયા. ૪.

ઊનાવાના મુખ્ય હરિભક્ત પાટીદાર રામદાસભાઈ ઉદાર સ્વભાવના હતા. તેમણે શ્રીહરિ અને સહુ સંતોને માટે પ્રેમથી રસોઈ કરાવી. ૫. રસોઈમાં જે લાડુ બનાવ્યા હતા તેમાં તાજુ ઘી નખાવ્યું. ત્યાં જે હરિભક્ત વિપ્રો અને વર્ણી હતા તે પ્રેમથી નિત્ય રસોઈ બનાવતા હતા. ૬. રામદાસભાઈએ પોતાને ઘેર ઘણા પ્રેમથી રસોઈ કરાવી હતી. તે જ્યારે તૈયાર થઈ ત્યારે શ્રીહરિને બોલાવવા આવ્યા. ૭. ત્યારે શ્રીહરિ થાળ જમવા ચાલ્યા. પોતાના અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને તે સમયે જેટલા પાર્ષદો હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ૮. જેની પાસે જે હથિયાર હતાં તે બધા પાર્ષદોએ પોતાની પાસે રાખ્યાં હતાં. અને ચોપદાર કુબેરસિંહ શ્રીહરિની આગળ ચાલતા હતા. ૯. દયાળુ શ્રીહરિના એક હાથમાં રૂમાલ હતો અને બીજા હાથમાં મોતી જડિત છડી રાખી હતી. મોટા મોટા ફૂલના બે ગુચ્છો બંને કાન ઉપર તે વખતે ધાર્યા હતા. ૧૦.

તે વખતે સંધ્યા સમય પૂરો થયો હતો, કાંઈ બાકી રહ્યો ન હતો. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા અને જ્યારે રાજબજારમાં આવ્યા ત્યારે બે મશાલો પ્રગટાવેલી હતી અને ચોપદાર આગળના ભાગમાં જયજયકારના શબ્દ બોલતા હતા. બજારમાં હજારો દીવા કર્યા હતા અને દિવસના જેવું અજવાળું થયું હતું. ૧૧-૧૨. જ્યારે શ્રીહરિ રામદાસ પટેલને ઘેર આવ્યા ત્યારે ગરમ

પાણીથી સ્નાન કર્યું અને રૂમાલથી અંગ કોરું કર્યું. ૧૩. પછી જરિયાની કોરનું પીતાંબર વસ્ત્ર પહેર્યું. અને તેવું જ બીજું લાલ રંગનું પીતાંબર ધર્મકુમાર શ્રીહરિએ ઓઢ્યું. ૧૪. ચરણમાં ચાખડીઓ પહેરી, હાથમાં ધોયેલો શુદ્ધ રૂમાલ લીધો અને સોનાનાં બાજોઠ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૧૫.

બહુ પ્રકારનાં કરેલાં બધાં ભોજન સોનાનાં થાળમાં પૂર્યાં હતાં. તેનું વર્ણન કરતા આવડતું નથી. દૂધપાક, પૂરી, બીરંજ, વડાં, ઘણી જાતનાં ભજિયાં, જેટલી જાતના મળતાં હતાં તે બધાં શાક અને હરિભક્તને જેટલી ભાવના હતી તેટલી પ્રકારનાં ભોજન શ્રીહરિને માટે કરાવ્યાં હતાં. ૧૬-૧૭. શ્રીહરિ થાળ જમી રહ્યા પછી તરત સંતોને જમવા માટે બોલાવ્યા. શ્રીહરિએ જમીને મુખવાસ લીધો અને હરિભક્તો તે જોઈને મનમાં ખુશી થયા. ૧૮. બધા સંતોની પંગત કરાવી. પાર્ષદોની સાથે પાર્ષદો અને કાઠી દરબારોની સાથે કાઠી દરબારો પંગતમાં બેઠા. શ્રીહરિએ તે સમયે હાથમાં લાડુ લીધા. ૧૯. પહેલા સંતોની પંગતમાં પીરસવા ફર્યા, પછી પાર્ષદોમાં અને પછી કાઠી દરબારોમાં ફર્યા. શ્રીહરિ ઘણા પ્રેમભાવથી પીરસવા ફરતા હતા. ૨૦.

મહાન સુખકારી રંગભીના શ્રીહરિએ પહેલા સહુને બબ્બે લાડુ પીરસ્યા. પછી એક એક આપ્યો અને તે પછી ભયહારી શ્રીહરિએ અડધો અડધો લાડુ આપ્યો. ૨૧. કરૂણાભર્યા શ્રીહરિ સંતોની પંગતમાં પીરસવા ફરતા હતા તે કહી શકાતું નથી. જ્યારે કોઈ સંતે લાડુ ન લીધો ત્યારે પીરસતા બંધ થયા. ૨૨. પછી બહુનામી શ્રીહરિએ હાથ-પગ ધોયા અને ઉતારે આવ્યા. જ્યારે શ્રીહરિ આવીને ગાડી ઉપર બેઠા ત્યારે ત્યાં સંતોએ આવીને સભા કરી. ૨૩. તે વખતે સંતોએ ગરબીનાં પદ ગાયા. અને ગામમાં જેટલા હરિભક્તો હતા તેઓ સંતોની પૂજા કરવા માટે મોટી મોટી ગાંસડીઓ બાંધીને ઘણાં વસ્ત્ર લાવ્યા. પ્રથમ શ્રીહરિની પૂજા કરી અને આરતી કરી. ૨૪-૨૫. તે પછી સંતો, વર્ણી અને પાર્ષદોની પૂજા કરી. સહુને ઘણા પ્રેમથી એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૬. રાત્રી દોઢ પહોર ગઈ ત્યાં સુધી સહુ સંતો કીર્તન ગાતા રહ્યા અને તે પછી શ્રીહરિ પોઢી ગયા. ૨૭. ગામના બધા હરિભક્તો

શ્રીહરિનાં દર્શન કરીને પ્રસન્નમનથી પાછા ગામમાં ગયા. ૨૮. જ્યારે અરુણોદય થયો ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તૈયાર થયા. અને શ્રીહરિની સાથે રહેલા સંતો, વર્ણી તથા પાર્ષદો પણ તૈયાર થયા. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'આપણે હવે કયે ગામ જાવું છે ? તમે નાનાભાઈ ભટ્ટને પૂછીને પછી માર્ગ ઉપર ચાલજો.' ૨૯-૩૦.

તેમને જ્યારે પૂછ્યું ત્યારે તેઓ તત્કાળ બોલ્યા, 'આપણે નારદીપુર થઈને ચાલવું છે. હરિભક્તોનો જેવો ભાવ હોય તેમ કરવાનું છે અને પછી ખોરજ ગામ જવાનું છે. ત્યાંના હરિભક્તોને પણ ઘણો પ્રેમભાવ છે. અને ખોરજ ગામ જઈને પછી માણસા ગામ જવાનું છે.' ૩૧-૩૨. શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. બીજી બધી સવારી પણ તૈયાર થઈ ગઈ. તે દેશમાં આંબા અને મહુડાના ઘાટા વન હતા. ૩૩. શ્રીહરિની આગળ ચોપદાર ચાલ્યા અને તે વારંવાર 'જય જય...જય જય...' બોલતા હતા. અને જે પાર્ષદો હતા તેઓ શ્રીહરિની આગળ ચાલતા હતા. ૩૪. શ્રીહરિની મરજી જાણીને પાર્ષદો જેટલા થઈ શકે તેટલા બંદૂકના અવાજ કરતા હતા. તેની અપાર ગર્જનાઓ થતી હતી. ૩૫. બંદૂકનો અવાજ થયા પછી ઘડીભર તો તેનો પડછંદો વનમાં છવાઈ જતો હતો. શ્રીહરિ કાઠી દરબારોની સાથે રમૂજ કરતા હતા. તેવી રમૂજને બીજા લોકો કોઈ સમજી શકતા નહિ. ૩૬.

❋ હરિવરનો હાસ્યરસ :

ભગવાન શ્રીહરિ કાયમ કાઠી દરબારોને રસ્તામાં ગુલતાન કરી દેતા હતા. શ્રીહરિ એવી રમૂજ કરતા હતા કે, તેમાં ભારે હાસ્યરસ જામતો હતો. ૩૭. શ્રીહરિની રમૂજના તે હાસ્યરસને માટે કાઠીઓ શ્રીહરિની પાછળ જ ફરતા રહેતા હતા. અને શ્રીહરિની રમૂજના રસને બધા કાઠીઓ લેતા રહેતા હતા. ૩૮. **શ્રીહરિની રમૂજનો રસ કાઠીઓએ જેટલો લીધો તેટલો રસ ભવ, બ્રહ્મા અને સનકાદિકોએ પણ ક્યારેય લીધો ન હતો.** ૩૯. શુકજી અને નારદજી જેવા જેટલા મોટા મોટા મુનિઓ છે તેઓ શ્રીહરિના હાસ્યરસનો સ્વાદ લેવા માટે પોતાના શરીરને દમીને તપ કરે છે. ૪૦. **ગીતામાં જ્ઞાની**

ભક્તને અધિક કહ્યો છે. તે જ્ઞાની ભક્ત ભગવાન શ્રીહરિના આ રમૂજરૂપી પરમ રસને કરોડગણો અધિક માને છે. ૪૧.

(મોટા સંતોએ કરેલી જ્ઞાની શબ્દની વ્યાખ્યા : જ્ઞાની તે શું ? તો ધર્માત્મજ એવા પ્રત્યક્ષ શ્રીહરિ પુરુષોત્તમનારાયણ, પરબ્રહ્મ પરમાત્મા, શ્રીકૃષ્ણ ભગવાન, સર્વાધાર, સર્વકારણ, દિવ્યવિગ્રહ, દિવ્યચરિત્ર, સ્વતંત્ર, અંતર્યામી, કાળ, કર્મ, માયા, યમરાજ, અક્ષરાદિક દેવ, તેમના નિયંતા અને તેમાં જેવું સામર્થ્ય છે ને જેવી વાર્તા છે ને જેવો રસ છે તેવું સામર્થ્ય, વાર્તા ને રસ તે અક્ષરાદિક કોઈ દેવમાં નથી એમ જે જાણે છે તેને જ્ઞાની કહીએ. અને તે વિના જે જે વાત કહ્યામાં, દેખ્યામાં, સાંભળ્યામાં, વર્તન કરવામાં તથા અનુભવ કરવામાં આવે છે તેને જાણે તેને પણ જ્ઞાની કહીએ. અને તે બેય વાર્તા કરતાં પ્રત્યક્ષ શ્રીહરિનો રમૂજરસ તે અતિ અધિક છે, એમ વાર્તાને જાણે તેને અધિક જ્ઞાની કહીએ. અને ગ્રામ્યવાર્તા તથા વ્યાવહારાદિક સુખને અર્થે પ્રવર્તે તેને અજ્ઞાની કહીએ.)

શ્રીહરિ રમૂજ કરતા કરતા નારદીપુર ગામ આવી પહોંચ્યા. અને તે વખતે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. ૪૨. બધા હરિભક્તોએ શ્રીહરિને **નારદીપુર** ગામમાં ઘેર ઘેર પધરાવીને તેમની પૂજા કરી. ૪૩. પછી શ્રીહરિ **ખોરજ** ગામ આવ્યા. ત્યાં જે બાઈ ભાઈ હરિભક્ત હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સત્સંગમાં વિચરતા શ્રીહરિની વિવિધ લીલાઓ કહી" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર અઢારમું : તરંગ - ૩૯

શ્રીહરિને વસ્ત્રાભૂષણ આદિક ધારવા તે અનંત જીવના ઉદ્ધાર માટે છે

ખોરજ ગામના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને ફૂલના હાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યા. ૧. ફૂલના બાજુબંધ બાહુ ઉપર બાંધી દીધા. અને ઘણા પ્યારથી ફૂલના તોરા પાઘમાં લટકાવ્યા. ૨. અને ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધારણ કર્યા. અને ઘણી ભાવનાથી શ્રીહરિ આગળ શ્રીફળ ભેટ મૂક્યા. તે સહુ ભક્તોનો જન્મ સુફળ થયો. ૩. બધા હરિભક્તોએ દંડવત્-પ્રણામ કરી, શ્રીહરિના ચરણમાં મસ્તક રાખી દીધું.

પછી બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ૪. 'હે સુખધામ ! પૂર્ણકામ ! અમારા પ્રાણરૂપ આપ અતિ દુર્લભ છો. હે શ્રીહરિ ! અમારા પુરમાં પધારો. કારણ કે આપનાં દર્શન વારંવાર અમારે માટે સુગમ નથી.' ૫. તે હરિભક્તોનો અત્યંત ભક્તિભાવ જોઈને શ્રીહરિ ખોરજ ગામમાં આવ્યા. ગામમાં જેટલાં વાજિંત્રવાળા હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૬. વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ ગામમાં આવ્યા. રાજબજારો બધી સ્વચ્છ કરી હતી. અને ગામના બધા લોકો બજારમાં આવીને ઊભા રહ્યા હતા. ૭. સહુએ હાથમાં ફૂલના હાર લીધા હતા અને શ્રીહરિને પ્રેમથી પહેરાવીને હાથ જોડી પગે લાગતા હતા. આ રીતે શ્રીહરિને પૂજીને તેમણે પોતાના ભવબંધનને તોડી નાખ્યા. ૮. સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને તે વખતે શ્રીહરિને વધાવતી હતી. હરિરાય સ્વયં અશ્વ ઉપર બેઠા હતા. અને મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. ૯. શ્રીહરિએ હરિભક્તોનું હિત કરવાને માટે સોનેરી વસ્ત્ર અને સોનાના ઘરેણાંઓ પોતાનાં શરીર ઉપર ધારણ કર્યાં હતાં. તે કાંઈ મોટપ દેખાડવા માટે ધારણ કર્યા ન હતા. ૧૦.

चोपाई :

लोकिक रहाये मोटप जेती, ब्रह्मांड में देखात तेती;
सुपन हि वत सो सबहि रहाये, देव जन हि यामें बंधाये...११

वज्र सम बंधन रहे ताई, नारि द्रव्यादिक जो जाई;
अधिक अधिक नित तामें तेऊ, हित जानी बंधावत रहेऊ...१२

આ બ્રહ્માંડમાં જેટલી લૌકિક મોટપ દેખાય છે તે બધી સ્વપ્નના જેવી છે કે જે મોટપમાં દેવતાઓ અને મનુષ્યો બંધાઈ રહ્યા છે. ૧૧. સ્ત્રી અને દ્રવ્ય વગેરેનું બંધન તો વજ્રના જેવું છે. જીવો તેમાં પોતાનું હિત જાણીને નિત્ય વધારે ને વધારે બંધાતા જાય છે. ૧૨. **જીવો સ્ત્રી અને ધનને માટે જેટલું દુઃખ રહ્યું છે તેને અનેક જન્મથી ઘણા પ્રેમથી સહન કરી રહ્યા છે.** ૧૩. **જેટલા કેફ(નશો) કહેવાય છે તે પ્રસિદ્ધ રીતે ઝેર દેખાય છે, છતાં કેફ કરવામાં મોટાઈ માને છે. જીવની આવી વિપરીત બુદ્ધિ છે.** ૧૪.

જે વ્યસની લોકો ઝેરમાં હિત માને છે, તે વિષને છોડાવવા માટે આવનારા પરમ મિત્રને ઝેર કરતાં પણ વધારે ઝેર જેવા માને છે. ૧૫. ચાહે તેવો ચતુર મનુષ્ય હોય પણ ભગવાન અને ભગવાનના ભક્ત સિવાય તેને ક્યારેય પોતાનું હિત કે કુહિત ચોક્કસરૂપમાં દેખાતું નથી. ૧૬. ચાહે તેવા મોટા હોય અને ક્યારેક ઈન્દ્રના જેવા ભોગ-વૈભવને પામ્યા હોય, પરંતુ જ્યાં સુધી ભગવાનનો આશ્રય છોડીને વિષય તરફ દોડતા રહે છે ત્યાં સુધી જેમ જેમ અધિક અધિક ભોગોને પામે છે તેમ તેમ અધિક ભવરોગ થતો જાય છે. તે વાત ભગવાનના ભક્ત સિવાય બીજાને દેખાતી નથી. કારણ કે તેનું અંતઃકરણ પાપના આવરણથી ઢંકાઈ ગયું હોય છે. ૧૭-૧૮.

અને તે પાપરૂપ આવરણ જીવને અનેક જન્મથી અવરાઈને રહ્યા છે. ભૂમિ ઉપર રહેલા તમામ પર્વતથી માંડીને લોકાલોક પર્વત સુધીના પર્વત જેવા, અરે ! તેનાથી કરોડગણા અધિક અપરંપાર પાપો એક એક જીવને આવરણ કરીને રહ્યા છે. પરંતુ ખેદની વાત છે કે, તે પાપરૂપ આવરણને જ જીવો સારા સુખરૂપ માની રહ્યા છે. ૧૯-૨૦. **આ પાપરૂપ આવરણમાં જે સુખ દેખતા રહે છે એ જ એને દેવનો કોપ થયો છે. અને દૈવના થયેલા કોપનું નિવારણ દૈવ સિવાય કોઈથી થઈ શકે નહિ.** ૨૧. **જીવ દૈવનો(પરમેશ્વરનો) દાસ ક્યાં થાય છે ? જો પરમેશ્વરનો દાસ થાય તો તેનાં પાપના પાશને પરમેશ્વર તરત છોડાવી દે છે. તે પાપના પાશો**

તો વજ્ર કરતાં પણ વધારે દૃઢ રહ્યા છે અને પાપી જીવ તે પાપમાં પોતાનું વધારે હિત માને છે. ૨૨. દૈવી કોપને હિત માને તેવી તે પાપી જીવની વિપરીત મતિ થઈ ગઈ છે. હવે તેવા પાપીઓને શુદ્ધ કરવાને માટે જાણી જોઈને મહારાજાધિરાજ શ્રીહરિ મણિ જડિત સોનાનાં આભૂષણોને પોતાનાં અંગ ઉપર ધારણ કરે છે. અને તેનાથી અપાર લોકોના અછેદ્ય જે બંધન છે તેને પણ કાપી નાખે છે. ૨૩-૨૪.

दोहा : तान हरि कु रहे इतना, ओर न रहेउ तान;
जितना रुप देखात जिहा, दीनेउ यह भगवान...२५
जामें दैवत हि जितना, देखे सुने हि आत;
देत भये श्रीहरि यह, कर्मफलप्रद रहात...२६

જીવોના ભવબંધનનો નાશ કરવો એટલું જ શ્રીહરિને તાન રહે છે, બીજું કોઈ તાન નથી. જેને જેમાં જેટલું રૂપ દેખાય છે તથા જેમાં જેટલું દૈવત દેખ્યા, સાંભળ્યામાં આવે છે, તે બધું ભગવાન શ્રીહરિએ જ આપ્યું છે. કારણ કે તેઓ જ કર્મફળપ્રદાતા છે. ૨૫-૨૬. પોતાનું જે દૈવત-સામર્થ્ય છે તેને પોતે પ્રસન્નપણે કરીને સ્વીકારે છે એમ તેમના ભક્તો સમજે છે. ૨૭. આ જગતમાં જે જે અત્યંત રમણીયમાં પણ રમણીય પદાર્થો છે, તેમાં જે રમણીયતા છે તે ભગવાનના કિંચિત્ સંબંધથી જ આવી છે. અને ભગવાનના સંબંધ સિવાય તેમાં ક્યારેય દૈવત રહેતું નથી. ૨૮. જેટલી જેટલી નિર્દોષ અને શુભ બાબતો છે તે બધી શ્રીહરિને મેળવવા માટેનો શુભ રાહ છે. ૨૯. **શ્રીહરિનું ધામ અતિશય દૂર છે, પણ શુભ માર્ગમાં ચાલે તો તેને માટે તે હાજરાહજૂર છે. અને જ્યાં સુધી અશુભ માર્ગમાં ચાલવામાં આવે છે ત્યાં સુધી તે ભગવાનનું ધામ અપાર દૂર દૂર થતું જાય છે. અને તે અશુભ વાતો દ્વારા નરક સમીપ આવે છે. જેટલો કુસંગ અને જેટલાં પાપ છે તે બધાં દુઃખી થવાના મારગ જ છે.** ૩૦-૩૧.

⁕ સત્સંગ સુખનો રાજમાર્ગ છે :

चोपाई :

सत्संग के मारग रहे जेता, सुख के मारग रहेउ तेता;
सुख के मारग छाने न रहाये, लोकशास्त्र विदित रहे ताये...३२

सत्संग रूप मारग ताके, काल नास नहि करत वाके;
सत्संग विन मारग जेते, काल के मुख में रहे तेते...३३

સત્સંગનો જેટલો માર્ગ છે તે બધો સુખનો રાજમાર્ગ છે. સુખનો માર્ગ છાનો રહેતો નથી. તે તો લોક અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ રહ્યો છે. ૩૨. સત્સંગરૂપ જે સન્માર્ગ છે તેનો કાળ ક્યારેય નાશ કરી શક્તો નથી. અને સત્સંગ સિવાયના માર્ગે જે ચાલનારા છે તે બધાં કાળના મુખમાં પડેલા છે. ૩૩. ભલે તે મોઢું મલકાવીને ચાહે તેટલા ફુલાય છતાં તે બધાં કાળના મુખમાં જ રહ્યા છે. અને કુમાર્ગે જેટલા ચાલી રહ્યા છે તે પણ કાળના મુખમાં જ રહ્યા છે. ૩૪. કુમાર્ગે ચાલવું તેનાથી અધિક બીજો કોઈ દૈવી કોપ નથી. કુમાર્ગે ચાલવું તે દૈવનો મોટામાં મોટો કોપ છે, તે સુમતિ લોકો દેખતા હોય છે. ૩૫. તેવા સુમતિવાળા લોકોનો ઉદ્ધાર કરવાને માટે કરુણારસથી ભરેલા દયાળુ ધર્મદુલારા શ્રીહરિ ગામોગામ ફરી દર્શન આપતા રહે છે. ૩૬. શ્રીહરિની જેટલી વાત છે તે સર્વ જીવનો ઉદ્ધાર કરવા માટેની જ છે. તેને ભગવાનના ભક્ત હોય તે જાણી શકે છે. બીજા કોઈ જાણી શક્તા નથી. ૩૭. ભગવાન સમાન બીજો કોઈ નિર્દોષ નથી અને તેમના સમાન બીજો કોઈ સમર્થ નથી. પૂર્વે જેટલા જેટલા સમર્થ થયા છે તે બધા શ્રીહરિને ભજીને જ થયા છે. ૩૮.

सोरठा : श्रीहरि हि ताकि जोउ, अनुवृत्ति तिनमें रहि कर;
वरतत ताकु सोउ, अक्षर सम हरि करत तेहि...३९
अक्षर सम हि होई, अनुवृत्ति में न चलत जब;
किट सम होत सोई, हरि सम नहि समृथ कोउ...४०

શ્રીહરિની અનુવૃત્તિમાં રહીને જે વર્તે છે તેને શ્રીહરિ અક્ષરધામ જેવો બનાવે છે. ૩૯. વળી, કોઈ અક્ષરધામના સમાન હોય અને તે જો શ્રીહરિની અનુવૃત્તિમાં ન રહે તો તે સામાન્ય કીટ જેવો થઈ જાય છે. કેમ જે, શ્રીહરિ સમાન કોઈ સમર્થ નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિને વસ્ત્રાભૂષણ આદિક ધારવા તે અનંત જીવના ઉદ્ધાર માટે છે" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥

પૂર અઢારમું : તરંગ - ૪૦

શ્રીહરિ માણસા પધાર્યા અને ત્યાંના રાજાએ રાજદરબારમાં પધરામણી કરી

ખોરજ ગામના બધા ભક્તજનોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. ૧. જેનો જેવો મનોરથ હતો તે પ્રમાણે ઘણા પ્રેમભાવથી પૂજા કરી અને ભાવિક લોકોએ પણ પૂજા કરીને ઘણો લાભ લીધો. ૨. તે ગામના બધા હરિભક્તોએ ટીમણને માટે સુખડીના લાડુ કરાવ્યા હતા. તેમાંથી વર્ણી અને સંતોને તે આપ્યા. ૩. સહુને એક એક લાડુ આપ્યો અને પછી ત્યાંથી પરમ ચતુર અને નિપુણ આવા શ્યામસુંદર શ્રીહરિ ચાલતા થયા. તે પછી **માણસા** ગામ આવ્યા. ૪. માણસાના જે હરિભક્તો હતા તે ફૂલના હાર લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા અને ઘણા ભાવથી તે ફૂલના હાર પહેરાવ્યા. ૫. અને જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ મૂક્યા. દંડવત્-પ્રણામ કરી, હાથ જોડીને સહુ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૬.

માણસાના ક્ષત્રિય રાજા દરબાર સબળસિંહ હતા. તેમણે શ્રીહરિને પધાર્યા જાણીને પોતાની બધી સવારી તૈયાર કરી. ૭. ડંકા, નિશાન, નોબત, નગારા, ઢોલ અને તાંસા વગેરે વગાડનારાને લઈને સવારી સાથે શ્રીહરિની સન્મુખ ઘણા પ્રેમભાવથી આવ્યા. ૮. શ્રીફળ વગેરે કેટલાક મેવાના થાળ ભરીને લાવ્યા. તે શ્રીહરિની આગળ લાવીને મૂક્યા અને ઘણા હેતથી પગે લાગ્યા. ૯. તેઓ બે હાથ જોડીને તે વખતે બોલ્યા, ‘આપે આ બધો દેશ પવિત્ર કર્યો છે અને અમારા પુરમાં આવીને પણ આપે આ પુરને પાવન કર્યું છે. ૧૦.

❋ સત્પુરુષ ચિંતામણિ તુલ્ય છે :

હવે જેટલા પુરવાસી ભક્તો છે તે બધાને આપ પાવન કરો. જે કોઈ લોકો આપનાં દર્શન કરે છે તેની પાસે જમ ક્યારેય આવતા નથી.’ ૧૧. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ‘તમે સત્ય વાત કહો છો. સત્પુરુષ તો કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવા છે. ૧૨. જેના દિલમાં જેવો ભાવ હોય તેવું ફળ તેને સહેજે મળે છે. આ ખરી વાત છે.’ ૧૩. આટલી વાત કરીને શ્રીહરિ તત્કાળ

ચાલતા થયા અને દેવતાઓ પણ જેની સેવા કરે છે એવા શ્રીહરિ માણસા ગામમાં આવ્યા. ૧૪. પુરની રાજબજારો બધી સ્વચ્છ કરાવેલી હતી. અને તેમાં કેળના સ્તંભ તે વખતે રોપાવ્યા હતા. ૧૫. બધી દુકાનો અને ભવનો રંગબેરંગી કરીને તેમાં અપાર શોભા કરી હતી. ૧૬.

રંગબેરંગી ધજાઓ અને તોરણો બહુ પ્રકારના બાંધી દીધા હતા. અને મકાન તથા દુકાનના દરવાજામાં સોનાના સુશોભિત કુંભો સ્થાપન કર્યા હતા. ૧૭. વિવિધ પ્રકારના ધૂપ અને દીપ પ્રગટાવ્યા હતા. બજારમાં હજારો લોકો હાથમાં ફૂલના હાર લઈને ઊભા હતા. આખી બજાર ફૂલથી ખીલેલા બગીચા જેવી શોભતી હતી. ૧૮. રોઝો ઘોડો ઘણો રૂપાળો હતો. શ્રીહરિ તેના ઉપર બેઠા હતા. બહુ મૂલી અને અનુપમ સોનાનું છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કર્યું હતું. ૧૯. સોનેરી વસ્ત્ર અને વિવિધ પ્રકારના મોતી અને મણિઓથી જડેલા ઘરેણાંઓને શ્રીહરિએ અંગ અંગ ઉપર હેતથી પહેર્યા હતા. જેની શોભા કહી શકાતી નથી. ૨૦.

વળી, અશ્વને પણ સોનાનાં અપરંપાર આભૂષણો પહેરાવ્યા હતા. તેમાં અનેક પ્રકારના બધા મણિ જડેલા હતા, તેથી તે ઝગમગાટ કરી રહ્યા હતા. ૨૧. અશ્વના પગમાં પહેરાવેલા સોનાના ઝાંઝરનો ઘમઘમ અવાજ થઈ રહ્યો હતો. ઉપર કહેલા શ્રીહરિનાં દર્શન લોકો ઉલ્લાસથી કરતા હતા. ૨૨. સવારીના આગળના ભાગમાં શ્રીહરિનો અશ્વ ચાલતો હતો અને તેની આગળ છડીદાર 'જય જય ધર્માત્મજ...' એમ પોકાર કરતા હતા. ૨૩. જેટલા છડીદાર હતા તે સહુના હાથમાં સોનાની છડી લીધેલી હતી. અને એક મોતી જડેલી નાની છડી શ્રીહરિએ ડાબા હાથમાં લીધી હતી. ૨૪.

સોનેરી ફૂલવાળી અશ્વની લગામ ડાબા હાથમાં હતી. શ્રીહરિની મૂર્તિ ઘણી છટાદાર હતી. ૨૫. મુનિઓના ભૂપ એવા શ્રીહરિએ જમણા હાથમાં અનુપમ રૂમાલ રાખ્યો હતો. અને તે રૂમાલ પૂર્ણચંદ્રના સમાન મુખ આગળ રાખ્યો હતો. ૨૬. જેટલા પાર્ષદો હતા તે છડીદારની આગળ ચાલતા હતા, અને જેના હાથમાં બંદૂકો હતી તે બધા અવાજ કરતા ચાલતા હતા. ૨૭. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, બંને સર્વતંત્ર સ્વતંત્ર એવા શ્રીહરિની

બાજુમાં ચાલીને ચામર કરતા હતા. ૨૮. સાચા સંતો અને વર્ણી જે હતા તે બધાએ ધર્મરૂપી આભૂષણ સજી રાખ્યા હતા. અને તેથી તેઓ ઉજ્જ્વળ તેજથી યુક્ત દેખાતા હતા. તે સંતો પાર્ષદોની આગળ ચાલતા હતા. ૨૯. સંતોની આગળ જેટલા હરિભક્તો હતા તે પ્રસન્ન મનથી ચાલતા હતા અને ઝાંઝ તથા મૃદંગ બજાવીને ઉત્સવ કરતા હતા. ૩૦.

સહુ હરખભર્યા વારંવાર ગુલાલ ઉડાડતા હતા અને તે હરિભક્તોની આગળ ડંકા, નિશાન અને બધા વાજિંત્રવાળા ચાલતા હતા. ૩૧. ગામની બધી સ્ત્રીઓ ગોખ અને અગાશીમાં ઊભી રહીને દર્શન કરતી હતી, અને મનમાં ઘણો જ ભક્તિભાવ ભર્યો હતો. ૩૨. બધી સ્ત્રીઓ તે વખતે મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. કેસર, ચંદન અને ફૂલના હાર હાથમાં લઈને પુરજનો અપાર ઊભા હતા. ૩૩. બધા શ્રીહરિને વધાવીને મનમાં ખૂબ જ પ્રસન્ન થતા હતા. બધી બજાર ગુલાલ, ફૂલ અને મોતીથી શોભી રહી હતી. ૩૪.

માણસાના રાજાએ ઘણા જ ભક્તિભર્યા પ્રેમભાવથી અલૌકિક લાભ લેવા માટે પોતાના રાજદરબારમાં શ્રીહરિને પધરાવ્યા. ૩૫. એક સુંદર સોનેરી પલંગ બિછાવ્યો હતો અને તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. પૂજાના જે ઉપચારો હતા, તે સોનાના થાળમાં ભરીને શ્રીહરિની આગળ લાવ્યા અને પૂજા કરી. તેમાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાંઓ તે વખતે પહેરાવ્યા. ૩૬-૩૭. મોતીના તોરા, બાજુબંધ અને હાર પહેરાવ્યા. કેસરયુક્ત ચંદનથી પૂજા કરીને આરતી ઉતારી. ૩૮. **આરતી ઉતારી રહ્યા પછી શ્રીહરિના ચરણમાં પોતાનું મસ્તક ધરી દીધું. અને હાથ જોડીને બોલ્યા, 'આ જીવ તો તમારો જ છે. માટે તેની વાત તો આપ જાણો. અને શરીર જે છે તે અમારું નથી. તેનું તો જે થવું હોય તે થાય.'** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ માણસા પધાર્યા અને ત્યાંના રાજાએ રાજદરબારમાં પધરામણી કરી" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર અઢારમું : તરંગ - ૪૧

ખુશાલ ભટ્ટની નિખાલસતા, યોગસિદ્ધિ અને પ્રતાપ કહ્યો

માણસાના રાજા સબળસિંહજીએ શ્રીહરિની પ્રાર્થના કરી, તે પછી તેમણે ચંદનથી સહુ સંતોની પૂજા કરી. ૧. સહુને ફૂલના હાર પહેરાવીને સંતો, વર્ણી અને પાર્ષદોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨. રાજા પૂજા કરી રહ્યા પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. મૂર્તિની શોભા અનુપમ હતી. પછી તેઓ હરિભક્તોને ઘેર ઘેર પધરામણીએ ફર્યા. ૩. ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની ઘણા ભાવથી પૂજા કરવા માટે ઘેર ઘેર પધરાવ્યા. ૪. જેના જેવા મનોરથ હતા તે પ્રમાણે તે હરિભક્તોએ શ્રીહરિ અને સંતોની પૂજા જેટલા ઉપચારો હતા તેનાથી કરી. ૫.

શ્રીહરિએ દેશમાં વારંવાર ફરીને હરિભક્તોને કેટલીયે વાર સુખ આપ્યું હતું. હવે આ પ્રદેશમાં સુંદર રંગલહેરી એવા ધર્મકુંવર શ્રીહરિ છેલ્લીવાર ફરી રહ્યા છે. ૬. **શ્રીહરિને હરિભક્તોના ઉપર ઘણું હેત હતું. શ્રીહરિ હરિભક્તોને જોઈ રહ્યા હતા. જેમાં ખરા ધર્મ-નિયમો હતા તેને શ્રીહરિ સાચા હરિભક્ત તરીકે જોતા હતા.** ૭. જેટલા ઉપરથી દેખાડવા માટે ધર્મ-નિયમ પાળતા હોય તેને શ્રીહરિ હરિભક્ત તરીકે દેખતા નહિ. જેટલા લોકાપવાદ હોય તે બધા કપટીને આવતા રહે છે. તેવા કપટીની શ્રીહરિ સહાય કરતા નથી. શ્રીહરિ નિષ્કપટ હરિભક્તની સહાય કરે છે. જે નિષ્કપટ હોય તેના ઉપર શ્રીહરિને પ્રેમ રહેતો; એવી શ્રીહરિની પ્રકૃતિ હતી. ૮-૯.

કપટી તો હરિભક્તના મળ જેવો છે અને નિષ્કપટ હરિભક્ત શુદ્ધ છે. જેટલા લોક વિરુદ્ધ અપવાદો છે તે જ્યારે માથે ન આવે ત્યારે તે તેટલા હરિભક્ત કહેવાય. હરિભક્તોની આવી રીત હોય છે. માણસાના હરિભક્તોના જેટલા મનોરથ હતા તેને પૂરા કરીને શ્રીહરિ, ૧૦-૧૧. ગામની પાછળ બહાર જ્યાં સુંદર તળાવ હતું ત્યાં આવ્યા અને તે તળાવની પાળ ઉપર એક મનોહર પાટ બિછાવી. ૧૨. શ્રીહરિ પાટ ઉપર બેઠા અને સંત-હરિભક્તની વિશાળ સભા થઈ. તેની અદ્ભુત શોભા હતી. પછી ત્યાં

ગામના રાજા આવ્યા અને બ્રહ્માનંદસ્વામી તેમની આગળ ઉપદેશના ઝૂલણા છંદ બોલ્યા. ૧૩-૧૪. ત્યારે હરિભક્તો શ્રીહરિને માટે પેંડા અને બરફીના થાળ ભરી ભરીને લાવ્યા. તેને શ્રીહરિ જમ્યા. ૧૫. વળી, હરિભક્તોએ ત્યાં સુખડીના લાડુ કર્યા હતા. તે વર્ણી, સાધુ અને પાર્ષદોને આપ્યા. ૧૬. તે ટીમણ કર્યા પછી માણસાથી ચાલતા થયા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને બધા સંતો તથા વર્ણીઓ શ્રીહરિની સાથે ચાલ્યા. ૧૭. મુક્તાનંદસ્વામી આદિક જે ચાર સદ્‌ગુરુઓ કર્યા હતા તે બધા એક ગાડીમાં બેઠા. બીજા બધા સંતો રસ્તામાં પગપાળા ચાલતા હતા. ૧૮. (સં.૧૮૬૨ માં શ્રીહરિ દંઢાવ્ય દેશમાં સત્સંગ વિચરણ કરવા નીકળ્યા હતા. તે સમયે)

✵ ગોપાળાનંદસ્વામીના સદ્‌ગુણો :

चोपाई :

खुसाल विप्र रहाये जेही, घरके त्याग करिके तेही;
आदरोज गाम आत भयेऊ, विद्यारथी होकर रहे तेऊ...१९
मुक्तानंदमुनि के रहे पासा, श्रीहरि के ध्यान के अभ्यासा;
हरि के ध्यान की रुची रहाये, विद्या के मिष रखेउ ताये...२०
विप्र यह रहाये जो तोऊ, अद्भूत जोगी रहेउ सोऊ;
डापन ताके डोल हि जितना, छिपायकर चलत भये तितना...२१
अवस्य बसन चैये जेता, पास रखत अनादर तेता;
हरि बिन वस्तु रहाये तिनमें, अनादर रखत रहे इनमें...२२

પાડા ટોડલાના ખુશાલ વિપ્ર(ગોપાળાનંદસ્વામી) ઘરનો ત્યાગ કરીને આદરજ ગામ આવ્યા. તેઓ ત્યારે વિદ્યાર્થી થઈને રહ્યા હતા. ૧૯. તેઓ મુક્તાનંદસ્વામીની પાસે રહ્યા. તેમને ભગવાનનાં ધ્યાનનો અભ્યાસ હતો. તેમને ધ્યાનમાં ઘણી રુચિ હતી. અને વિદ્યાનું તો માત્ર બહાનું રાખ્યું હતું. ૨૦. આ ખુશાલ ભટ્ટ વિપ્ર હતા તેમ છતાં તે એક અદ્‌ભુત યોગી હતા. તેઓ પોતામાં જેટલું ડહાપણ(ચતુરપણુ) હતું તે બધું છુપાવીને જીવતા હતા. ૨૧. જેટલા અવશ્ય જોઈએ તેટલા જ કહેતાં, જરૂર પૂરતા જ કપડાં પાસે

રાખતા. તેમાં પણ બહુ કાળજી રાખતા નહિ, અનાદર રાખતા. ભગવાન સિવાયની જે કોઈ પણ વસ્તુ હોય તેમાં અનાદર રાખતા હતા. ૨૨. ખાવા પીવાની બાબતમાં પણ અનાદર રાખતા અને પથારી પણ તેવી જ રાખતા. તેઓ ઈડરના રાજાના ગોર હતા. તેનું પણ લેશમાત્ર અભિમાન રાખતા નહિ. તેઓ ઉપરથી જડભરતની જેમ ગબરગંડપણે રહેતા હતા, પણ તેમાં જે અમાપ પ્રતાપ હતો તેને એક શ્રીહરિ જ જાણતા હતા. ૨૩-૨૪. સહુ રાત-દિવસ ભેળા રહેતા હતા, પણ શ્રીહરિના સિવાય બીજા કોઈ તેમના પ્રતાપને જાણી શક્યા ન હતા. તેઓ સહુની સાથે દાસના પણ દાસ થઈને રહેતા હતા અને સંતોની સેવામાં અત્યંત ઉત્સાહ રહેતો હતો. ૨૫.

दोहा : सरल रखे स्वभाव अति, रेसम कि फेल ताय;
संत कि सेवा करत रहे, भाव सहित हरखाय...२६
संत में जेसे भाव रखे, निष्कपट तेहि होउ;
तेसे गुन हि तिन में, निवास करे सोउ...२७

રેશમની ફાળકીના જેવો એકદમ સરળ સ્વભાવ રાખ્યો હતો. અને ઘણા હરખથી સંતોની સેવા કરતા રહેતા. ૨૬. નિષ્કપટભાવે સંતમાં જેવો ભાવ રાખે તેવા ગુણો તેમાં નિવાસ કરીને રહે છે. ૨૭. **જ્યારે ખુશાલ ભટ્ટમાં બધા ગુણો આવીને નિવાસ કરવા લાગ્યા ત્યારે તેમના અંતરમાં ઉજ્જ્વળતા પ્રગટી અને તેઓ વચનસિદ્ધ બન્યા.** ૨૮. સંતોનો પ્રતાપ લઈને તેઓ જેટલું કહેતા તે સિદ્ધ થતું. તે ક્યારેય મિથ્યા થતું નહિ. કારણ કે, સંતોમાં શ્રીહરિએ જ પ્રતાપ આપ્યો છે. ૨૯.

શ્રીહરિ પ્રતાપ આપે છે તેમાં આ નારી છે કે નર છે, એવા વિવેકનું કોઈ કારણ નથી. તે ચાહે તેવો જીવ હોય પણ તેનું ચિત્ત જ્યારે શ્રીહરિ સાથે એક થઈ જાય છે ત્યારે શ્રીહરિમાં જેટલું સામર્થ્ય છે તે બધું તે ભક્તમાં વર્તે છે. અર્થાત્ પ્રગટ થઈ આવે છે. અને જ્યારે તે જીવ શ્રીહરિથી જુદો પડે અને શ્રીહરિ તથા સંતોના પ્રતાપનો ત્યાગ કરે છે ત્યારે, તેમાં રહેલો પ્રતાપ પણ તરત જ જતો રહે છે. દીવાને અભાવે જેમ અંધારું થાય છે તેમ થઈ જાય છે. જ્યાં સુધી ભગવાનનો અને સંતોનો પ્રતાપ માણસના

હૃદયમાં રહે છે ત્યાં સુધી, ૩૦-૩૨. તેમાં અપરંપાર પ્રતાપ દેખ્યામાં આવે છે. આવી સત્સંગની રીત છે. તેને જે પરમ પવિત્ર ભક્ત છે તે જાણે છે. ૩૩. પણ જે ગબરગંડ હોય છે તે ભલે સત્સંગમાં આવતો હોય, અને રાત-દિવસ કથાવાર્તા સાંભળતો હોય, તોપણ તૂટી ગયેલા સરોવરમાં જેમ પાણી રહેતું નથી તેમ તેમાં પ્રતાપ તથા સદ્‌ગુણો રહેતા નથી. ૩૪. તેવા મનુષ્યના અંતરમાં તલભાર પણ ફરક પડતો નથી અર્થાત્ સત્સંગના ગુણ અને પ્રતાપ આવતા નથી.

શ્રીહરિ અને સંતોનું જ્યાં સુધી અંતરમાં જેટલું માહાત્મ્ય રહે છે ત્યાં સુધી તેણે તેટલો સત્સંગ કર્યો છે. માહાત્મ્ય વિના તો સત્સંગમાં ખાલી દિનકઢણી થાય છે. ભગવાન અથવા સત્પુરુષ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરતા હોય છે ત્યાં સુધી જેટલા નરનારીઓ પોતાની સમજણ પ્રમાણે તેમના આશ્રિત રહે છે તેને તેઓ પોતાની રુચિને અનુસારે વર્તાવે છે. ૩૫-૩૭. ભગવાન અને સત્પુરુષો સચ્છાસ્ત્રને અનુસારે ત્યાગી અને ગૃહસ્થોને નિશ્ચિત રૂપમાં વર્તાવે છે. ૩૮. **સત્પુરુષ નારી અને ધનને હરવા માટે સત્શાસ્ત્રનું અધિક માહાત્મ્ય દેખાડતા નથી. અને પોતે સનાતન રીત રાખે છે.** ૩૯. અને જે ખળપુરુષો છે તે હર કોઈ પ્રકારે જ્યારે પોતાની વાતને નિર્બાધ બતાવીને અગાધ માયા રાખે છે, ત્યારે તે માયામાં જેટલા દોષ હોય છે તે બધા તેને વળગે છે. અને તેનાથી પુણ્યના દરવાજાઓ બંધ થઈ જાય છે. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "ખુશાલ ભટ્ટની નિખાલસતા, યોગસિદ્ધિ અને પ્રતાપ કહ્યો" એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર અઢારમું : તરંગ - ૪૨

ખુશાલ ભટ્ટના સાધુતાના ગુણ કહ્યા અને શ્રીહરિ વિહાર ગામમાં આવ્યા

વિપ્ર ખુશાલ ભટ્ટ સાધુતાના સદ્‌ગુણ શીખવા માટે મુક્તાનંદસ્વામીનો સમાગમ પળવાર પણ છોડતા નહિ. ૧. મુક્તાનંદસ્વામીના જેટલા સાધુતાના ગુણો હતા તે બધા ખુશાલ ભટ્ટના હરએક અંગમાં સતત નિવાસ કરીને રહ્યા. ૨.

✵ સાધુતા સર્વોત્તમ ગુણ છે :

सोरठा : उपर अंतर हि एक, साधु के गुन जेते जोउ;
रहेउ परम विवेक, साधुता के मूल रहेउ...०३
साधुता गुन हि जोउ, गुन सबहि से अधिक रहेउ;
एही पर नहि गुन कोउ, गुन की अवधी जो रहे यह...०४

चोपाई :

साधुता के गुन हि जो जेहाँ, जिंहाँ लग एक न आवत तेहाँ;
तिंहाँ लग ओर गुन हि अपारा, सोहत हि नहि तेहि लगारा...०५
सूर्य बिन निशि रहाये जेसे, साधुता बिन सब गुन हि तेसे;
भूप के भूप देव के देवा, साधुता गुन रहाये एवा...०६

અંદર બહાર સાધુતાના ગુણ એકસરખા રહ્યા હોય તેને પરમ વિવેક કહેવાય, જે સાધુતાનું મૂળ છે. ૩. સાધુતારૂપ જે ગુણ છે તે બધા ગુણોમાં સર્વોત્તમ છે. સાધુતાથી અધિક કોઈ ગુણ નથી. સાધુતા તે ગુણોની સીમા છે. ૪. સાધુતાના જેટલા ગુણ છે તેમાંથી એક પણ ગુણ જ્યાં સુધી ન આવ્યો હોય ત્યાં સુધી તેમાં રહેલા બીજા અપાર ગુણો પણ લગારેય શોભતા નથી. ૫. સૂર્યના વિના જેવી રાત હોય છે તેમ સાધુતા વગરના બીજા બધા ગુણ હોય છે. સાધુતારૂપી ગુણ તો રાજાઓનો પણ રાજા અને દેવોનો પણ દેવ છે. ૬. સાધુતાના સદ્‌ગુણોએ કરીને સાધુજનોને આ દુનિયામાં જે કોઈ દેવતાઓ, અસુરો અને રાજાઓ છે તે વારંવાર નમે છે અને પૂજા કરે છે

અને તે સંતની કોઈનેય લગારેય ઈર્ષ્યા થતી નથી. ૭. જ્યાં સુધી સાધુમાં ઈર્ષ્યા આવે છે ત્યાં સુધી તેની સાધુતાના ગુણમાં તેટલી ખામી ગણાય છે. સાધુતાવાળા તો સાર અને અસારનો વિવેક જાણે છે, અને જેને સાર અને અસારનો વિવેક ન હોય ત્યાં તો અવિવેક જ રહે છે. ૮. સાધુતા વગરનો જેટલો વિવેક ગણાતો હોય તે બધો અવિવેક જ સમજવો. તેટલા માટે મુક્તાનંદસ્વામી કાયમ સાધુતાની વાત કરતા રહેતા હતા. ૯. તે સાધુતાની વાતને શીખવાને માટે ખુશાલ ભટ્ટ ઘણા પ્રેમથી મુક્તાનંદસ્વામીના સમાગમમાં રહ્યા હતા અને તેમાં અત્યંત રુચિ કરતા હતા. ૧૦.

જેને જેવો ઈશક હોય છે તે તેમાં તેવી રુચિ કરે છે. અને જેવી રુચિ હોય તેવું તેને ફળ મળે છે. તેમાં કોઈ ફેરફાર રહેતો નથી. ૧૧. ખુશાલ ભટ્ટ મનમાં આવો વિચાર કરીને સાધુતાને સર્વ સાધનોથી ઉત્તમ સારરૂપ સાધન જાણીને તેમાં રુચિ કરી હતી. ખુશાલ ભટ્ટ મુક્તાનંદસ્વામીની સેવા, ૧૨. નિષ્કપટભાવે કરતા હતા. તેથી મુક્તાનંદસ્વામીએ તેમને ઘણા શુદ્ધ પવિત્ર દેખ્યા. ૧૩. અને સાધુતાના જેટલા સર્વોપરિ ગુણ છે તે બધા ગુણોને મુક્તાનંદસ્વામીએ ખુશાલ ભટ્ટને કહ્યા. ૧૪. જેટલા સંતો અને વર્ણીઓ હતા તથા જે સવારી હતી તે બધા શ્રીહરિની સાથે રહ્યા હતા. ૧૫.

શ્રીહરિ **વિહાર** ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા અને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧૬. તે બધા ફૂલના હારને લાવ્યા હતા. પછી પ્રેમથી તે ફૂલના હાર પહેરાવ્યા. શ્રીહરિ તો અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર સોનાનું છત્ર ધારણ કર્યું હતું. ૧૭. મુરારી એવા શ્રીહરિનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં ધરેલાં હતાં અને સોનાનાં ભારે આભૂષણોથી અશ્વને શણગાર્યો હતો. ૧૮. ગામના જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘણી વિનંતિ કરીને સંતો, વર્ણી અને બધી સવારીએ સહિત શ્રીહરિને તે સમયે ગામમાં પધરાવ્યા. ૧૯.

ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા તે બધા આવીને શ્રીહરિની આગળ વાજિંત્ર વગાડવા લાગ્યા. અને જે પાર્ષદો હતા તે બધા બંદૂકોના અવાજ તે વખતે વારંવાર કરવા લાગ્યા. શ્રીહરિ જ્યારે ગામમાં ચાલ્યા ત્યારે ગામની

બધી રાજબજારો સ્વચ્છ કરી દીધી હતી. ૨૦-૨૧. કેળના સ્તંભો રોપાવ્યા હતા અને મકાનના દરવાજાઓને રંગબેરંગી કર્યા હતા. ગામના બધા નરનારીઓ બજારમાં આવીને ઊભા હતા. ૨૨. શ્રીહરિનાં દર્શન કરવાને માટે આવ્યા અને હાથમાં બધો પૂજાનો સામાન લીધેલો હતો. ગામના બધા પુરુષોએ ફૂલના હાર લીધા હતા, તે અંતરના ઘણા ભાવથી શ્રીહરિને પહેરાવ્યા. પછી પોતાના મસ્તક નમાવીને પગે લાગ્યા અને પોતાના જન્મને સુફળ કરી લીધો. ૨૩-૨૪.

ગામમાં જેટલી સ્ત્રીઓ હતી તેઓએ પણ મોતીના થાળ ભરી ભરીને ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિને ઘણી ભાવનાથી વધાવ્યા. ૨૫. શ્રીહરિના મસ્તક ઉપર રહેલું છત્ર ઘણું શોભી રહ્યું હતું. અને આગળના ભાગમાં ચોપદાર વારંવાર જયજયકાર કરતા હતા. ૨૬. શ્રીહરિની આગળ પાર્ષદો, વર્ણી અને સંત ચાલતા હતા અને તેનાથી આગળ વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ જે જે ગામમાં જતા હતા ત્યાં આવી રીત હતી. ૨૭. વિહાર ગામના બધા હરિભક્તોએ મનમાં ખૂબ રાજી થઈને શ્રીહરિને પોતપોતાને ઘેર તે સમયે પધરાવ્યા. ૨૮. જેના મનમાં જેવા મનોરથો હતા તે રીતે મનના ઘણા ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી અને સહુએ અલૌકિક લાભ લીધો. ૨૯. હરિભક્તોના જેટલા ગામ હતા તેમાં મુખ્ય પાટીદારો હતા અને પાટીદારો જ હરિભક્ત હતા. તેમને સેવા કરવામાં શ્રદ્ધા વધારે રહેતી હતી. ૩૦.

હરિભક્તોએ જ્યારે શ્રીહરિની પધરામણી પોતાને ઘેર કરી ત્યારે તે સિવાયના બીજા ભાવિક લોકોએ પણ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ૩૧. જેને જેવી ભાવના હતી તે રીતે તેઓ શ્રીહરિની પૂજા કરતા. હરિભક્તોની પાછળ પાછળ જેટલા ભાવિક લોકો હતા તેમણે પણ લાભ લીધો. ૩૨. શ્રીહરિની પૂજા કરીને તે લોકોએ લખચોરાશી અને જમપુરીનું દુઃખ મટાડી દીધું. જ્યારે શ્રીહરિ ગામમાં પધરામણીએ ફરી રહ્યા તે સમયે શ્રીહરિ પુરની બહાર આવ્યા. ૩૩. જ્યાં વડલાની ઘણી ઘાટી છાયા હતી ત્યાં આવીને પોતાનો ઉતારો કર્યો. પછી સંતો, વર્ણી અને હરિભક્તોની ત્યાં સભા કરી. ૩૪. ગાડી ઉપર સુંદર ગાદી તકિયા બિછાવ્યા. પછી સમર્થ

ભગવાન શ્રીહરિ તે ગાદી ઉપર બેઠા. અને સંતો તે વખતે કીર્તન ગાવા લાગ્યા. ૩૫. ગામના હરિભક્તોએ બ્રાહ્મણોની પાસે લાડુની રસોઈ તૈયાર કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ત્યાં જઈને શ્રીહરિ જમ્યા. પછી સંતોની પંગત કરીને પોતે લાડુ પીરસ્યા. ૩૬-૩૭. જ્યારે સંતો લાડુ જમી રહ્યા ત્યારે શ્રીહરિ હાથ પગ ધોઈને પોતાના ઉતારે આવ્યા. તેટલીવારમાં તો સંધ્યા સમય થઈ ગયો. ૩૮. સંતો જમીને આવ્યા ત્યારે સંતોની સભા થઈ. મશાલો કરી હતી એટલે આરતી અને ધૂન પણ કરી. ૩૯. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સંતો, વર્ણી તથા હરિભક્તોની સભા બેઠી અને તેમાં સંતો કીર્તન ગાતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "ખુશાલ ભટ્ટના સાધુતાના ગુણ કહ્યા અને શ્રીહરિ વિહાર ગામમાં આવ્યા" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ||૪૨||

પૂર અઢારમું : તરંગ - ૪૩

વિહારમાં શરણાગતિનો મહિમા કહ્યો અને પછી શ્રીહરિ ગેરીતા આવ્યા

જ્યારે સભામાં સંતો કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિએ ભક્તોની આગળ વાત કરી કે, **'હરિભક્તોને અત્યારે જેવો લાભ થયો છે તેવો પૂર્વે ક્યારેય થયો નથી અને અમે ક્યારેય થયો હોય તેમ સાંભળ્યું પણ નથી.** ૧-૨.

❋ હરિઆશ્રય તથા ચરિત્રનો મહિમા :

આવો લાભ કોઈએ પહેલા લીધો નથી અને હવે પછી લેશે પણ નહિ. ભગવાનને શરણે ગયા સિવાય તો ગેરલાભ જ થાય છે. ૩. જ્યાં સુધી માણસ ભગવાનને શરણે જાતો નથી ત્યાં સુધી તે પોતાની જિંદગી નુકશાનીમાં જ ખૂએ છે. ૪. જે હરિભક્ત થયા નથી તેને ચાહે તેટલું ધન મળ્યું હોય અને ઈન્દ્ર કે બ્રહ્માના સમાન રાજ્ય મળ્યું હોય, તોપણ સત્સંગ વિના તે બધું સુખ નરકના જેવું કહેવાય છે. ૫. જેમ કોઈ બાળકના

હાથમાં ચિંતામણિ આવે તો તેને તે પથ્થર સમાન જાણે છે. ચિંતામણિમાં તો બધી જ વાત રહી છે, પણ બાળકને તેની ગમ નથી. ૬. કરોડો કરોડ ચિંતામણિ કરતાં પણ સત્સંગમાં અધિક સુખ રહ્યું છે. હરિભક્ત હોવા છતાં પણ બાળબુદ્ધિને લીધે તેને સત્સંગનો મહિમા યથાર્થરૂપમાં દેખાતો નથી. સત્સંગ મળવા છતાં શાંતિ રહેતી નથી. માટે જે રીતે શાંતિ થાય તે રીતે સત્સંગ કરવો જોઈએ. ૭-૮. સત્સંગથી જેને શાંતિ થઈ હોય તો તેણે તે શાંતિને વારંવાર સંભારવી જોઈએ. અને તે સમાગમ રાખવામાં ક્યારેય પ્રમાદ કરવો નહિ. ૯. સમાગમમાં જેટલો પ્રમાદ રાખે તેને ક્યારેય શાંતિ થાય નહિ. જેમાં શાંતિ નથી તેમાં શાંતિ મનાણી હોવાથી અશાંતિ રહે છે. ૧૦.

ચોપાઈ :

जाकु मिले जेही भगवाना, ताके जन्म कर्म जो रहाना;
अथ से इति लग तामें जेऊ, परम शांति रहाये तेऊ...११
चाय तितनेउ पाप करेऊ, हरि के शरण जब होत एऊ;
ततकाल तेहि पाप ताके, पल में नास होइ जावत वाके...१२

શાંતિ કેમ મળે ? તો, જેને જે ભગવાનની પ્રાપ્તિ થઈ હોય તેને તે ભગવાનના અથથી ઈતિ સુધીના જન્મ અને ચરિત્રોમાં જ પરમ શાંતિ રહી છે. ૧૧. ચાહે તેટલાં પાપ કર્યાં હોય, પણ તે મનુષ્ય જ્યારે ભગવાનને શરણે જાય છે ત્યારે તેનાં કરેલાં તે પાપો એક પળવારમાં તત્કાળ નાશ થઈ જાય છે. ૧૨. **તેમાં એક રતીભાર પણ મિથ્યા નથી. પ્રગટ ભગવાનનાં નામો અને ચરિત્રો અગ્નિનો પણ અગ્નિ છે.** ૧૩. ભગવાનને શરણે ગયા પછી પણ જે જેટલાં પાપ કરતો રહે છે, તે તેટલો સંસારનાં ભટકણથી છૂટતો નથી. તેને માટે તો અધિક ભગવાનને પ્રસન્ન કરવા પડે છે. ૧૪. જાણીને જે પાપ કરે છે તેનું પ્રાયશ્ચિત અધિક કરવું પડે છે. તે સહેજે માફ થતા નથી. તે પાપથી તો તપે કરીને છૂટાય છે. ૧૫. પ્રાયશ્ચિત દ્વારા પાપથી છૂટવા માટે શ્રીહરિએ કેટલાક સ્થાનો રચ્યા છે. અને જીવ જ્યારે પવિત્ર થાય છે ત્યારે

અક્ષરધામમાં જાય છે.' ૧૬. શ્રીહરિ આટલી વાત કરીને પછી પલંગ ઉપર પોઢવા માટે આડે પડખે થયા. અને દોઢ પહોર રાત ત્યારે ગઈ હતી. અને ત્યારે બધા સંતો પણ શાંત થઈ ગયા અર્થાત્ કથા-કીર્તન કરતા બંધ થયા. ૧૭. પછી ગામના હરિભક્તો ગામમાં ગયા. તેમણે એટલી સેવા કરી કે તે મુખથી કહી શકાતી નથી. પછી શ્રીહરિએ સંતોને હેત કરીને કહ્યું, ૧૮. 'વીશ કોશ જેટલું જે ચાલી શકે તેવા સંત હોય તે હવે અમારી સાથે આવે અને જે તેટલું ચાલી ન શકે તે અહીંયા જ રોકાઈ જાય. ૧૯. અને પછી તે સંતો નજીકમાં મેઉ ગામ છે ત્યાં જઈને રહે. અત્યારે તો અમે વડનગર થઈને વિસનગર જઈશું. ૨૦. જેમણે સત્સંગને માટે દુઃખ સહન કર્યું છે તેવા હરિભક્તોને દર્શન દઈને તેના દુઃખ, સંતાપને અમે દૂર કરશું. ૨૧. જેને માટે થઈને અપાર દુઃખ સહન કર્યું હોય છે, તેનો જ્યારે યોગ થાય છે ત્યારે તે દુઃખ સહન કરનારાને અપરંપાર સુખ થાય છે. અને પછી લગાર પણ દુઃખ રહેતું નથી. ૨૨.

❋ દુઃખમાં ભગવાન ભક્તની સમીપે રહે છે :

જીવના મોક્ષને માટે જેટલું દુઃખ સહન કરે છે તેટલી તેના ઉપર ભગવાનની અપાર કૃપા થાય છે. અને તે કૃપા દુઃખ સહન કરવાથી થાય છે. ૨૩. પ્રહ્લાદજીએ પોતાના આત્માના મોક્ષ માટે જુઓ તો ખરા, કેટલું દુઃખ સહન કર્યું હતું ? ભગવાન પોતાના ભક્તના દુઃખને જોઈને સ્તંભમાંથી પ્રગટ થયા હતા. ૨૪. ભક્તજનના દુઃખને દૂર કરવાને માટે તો ભગવાને વારંવાર અગણિત અવતારો ધાર્યા છે. ૨૫. **ભક્તનાં સુખ દેખીને ભગવાને એક પણ અવતાર ધર્યો નથી. તમે વિચાર કરીને જુઓ તો ખરા, ભગવાન સુખને દેખીને તો તેનાથી દૂર રહે છે.** ૨૬. **ભક્તને દુઃખમાં તે વખતે ભગવાન સિવાય કોઈ સહાય કરતા નથી. પરમ નિપુણ ભગવાન સમીપે જ રહ્યા હોય છે, છતાં તેઓ દુઃખ પડ્યા સિવાય દેખાતા નથી.** ૨૭. પાંડવો વનમાં રહેતા હતા અને ત્યાં દુર્વાસા આવ્યા. તેના સત્કાર બાબતમાં મનમાં ઘણું દુઃખ થયું ત્યારે (દ્રૌપદીએ) ભગવાનને સંભાર્યા. ૨૮. ત્યારે ભગવાન

ઘણા દૂર હતા અને અપરંપાર દુઃખ આવ્યું. તેમને જ્યારે ભગવાન સિવાય કોઈ ઉપાય ન રહ્યો ત્યારે મદદ કરવાને માટે ભગવાન તરત તેમની પાસે આવ્યા. અને પાંડવોના દુઃખનો નાશ કર્યો. વળી ગજેન્દ્રને ઝૂડે(મગરે) જ્યારે પકડ્યો અને તેને કોઈએ સહાયતા ન કરી, ત્યારે તે ભગવાનને શરણે ગયો. તેણે ભગવાન સિવાય બીજા શરણને છોડી દીધું, સહાય કરનારા એક ભગવાનને જ જાણ્યા અને ભગવાન સિવાયની બધી સહાયતાને મિથ્યા માની. ૨૯-૩૧. ગજેન્દ્ર જ્યારે ભગવાનને શરણે આવ્યો ત્યારે દયાળુ ભગવાન શ્રીહરિએ તત્કાળ હાથમાં ચક્ર લઈ દર્શન દીધાં અને ઝૂડને કાપી નાખીને ગજેન્દ્રને છોડાવ્યો. ૩૨.

❋ ભગવાન કોની સહાય કરે ?

चोपाई :

हरि बिन आलंबन जिहा लगहू, जन जो एक रखत तिहा लगहू;
तिहा लग हरि न करत सहाया, हरि ताकि एसि रित हि रहाया...३३
श्रीहरि बिन आलंबन जितना, छोरि देवत जन जब तितना;
आलंबन हरि होत तब ताके, छोरत नहि पल भर हि वाके...३४

મનુષ્ય જ્યાં સુધી ભગવાન સિવાયનું એક પણ અવલંબન રાખે છે ત્યાં સુધી ભગવાન તેની સહાયતા કરતા નથી; આવી ભગવાનની રીત છે. ૩૩. મનુષ્ય જ્યારે શ્રીહરિ સિવાયના જેટલા આલંબન(આધાર) હોય તે બધાને છોડી દે છે અને એક શ્રીહરિનું જ આલંબન રાખે છે ત્યારે ભગવાન તેને એક પળવાર પણ છોડતા નથી. ૩૪. જેટલી યોગકળાઓ કહેવાય છે તે બધી ભગવાનમાં રહી છે. તે યોગકળાઓ એટલી બધી અપાર રહી છે કે અક્ષર પણ તેનો પાર લઈ શકતા નથી. ૩૫. ભગવાન શ્રીહરિ તો સ્વયં યોગકળાની મૂર્તિ છે. જ્યાં જેવું કાર્ય હોય ત્યાં તેવી યોગકળાને દેખાડે છે. ૩૬. વિહાર ગામમાં શ્રીહરિ આટલી વાત સૂતા સૂતા કહીને પછી પોઢી ગયા. અને જ્યારે અરુણોદય થયો તે વખતે ઊઠ્યા. ૩૭. બધી સવારીને તૈયાર કરી, સંતો પણ તૈયાર થયા અને ગેરીતા ગામને માર્ગે તે વખતે

ચાલ્યા. ૩૮. અલબેલા શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. કેટલીયે જાતની રમૂજના ખેલ કરતા કરતા શ્રીહરિ **ગેરીતા** ગામ આવ્યા. ૩૯. ગામના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. મનમાં ખૂબ રાજી થયા અને શ્રીહરિના ચરણમાં નમી પડ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વિહારમાં શરણાગતિનો મહિમા કહ્યો અને પછી શ્રીહરિ ગેરીતા આવ્યા" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર અઢારમું : તરંગ - ૪૪

શ્રીહરિ ગેરીતાથી બામણવા ગામ આવ્યા અને ભક્તોના ભાગ્ય વખાણ્યા

શ્રીહરિના ડુંગરજી નામે એક ક્ષત્રિય પાર્ષદ હતા તે ગેરીતા ગામના હતા. ૧. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શૂરવીર હતા. તેઓ શ્રીહરિને ગામમાં લઈને ચાલ્યા. લોકોની ઘણી ભીડ થઈ. ૨. ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા તે આવીને વગાડવા લાગ્યા અને બધી રાજબજારોને તે વખતે સ્વચ્છ કરાવી દીધી હતી. ૩. ગામવાસી લોકો બધા ફૂલના હાર લઈને રાજમાર્ગ ઉપર ઊભા હતા; આવી શોભા તો ક્યારેય થઈ નહોતી. ૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર શુભ અને સુશોભિત સોનાનું છત્ર ધારણ કર્યું હતું. ચોપદાર મુખથી નેકી પોકારતા હતા. ૫.

શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં અંગ ઉપર ધાર્યાં હતાં. પાઘ ઉપર અમૂલ્ય છોગા ધાર્યા હતા અને મુગટના જેવી શોભા થઈ હતી. ૬. પાઘની ઉપર નંગ જડિત શિરપેચ બાંધીને તેના ઉપર કલગી રાખી હતી. બંને કાનમાં નંગ જડિત કુંડળ પહેર્યા હતા અને તેના ઉપર ફૂલના ગુચ્છ મૂક્યા હતા. ૭. હાથમાં સોનાનાં વળિયા કડાં નંગ જડિત પહેર્યાં હતાં અને તેવા જ સારા બાજુ પહેર્યા હતા. મોતી જડિત સોનાની છડી હાથમાં લીધી હતી. ૮. છડીની ઉપર સોનેરી તારનાં ફૂમકાં હતાં. વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં મોતી અને નંગ વિનાના એક પણ ન હતા. ૯. બધાં સોનાનાં

ઘરેણાંઓથી અશ્વને શણગાર્યો હતો. તેમાં મોતી અને નંગ જે જડ્યા હતા તે ઝગમગાટ કરી રહ્યા હતા. ૧૦. જેટલા લોકો દર્શન કરતા હતા તે બધા શ્રીહરિને ફૂલના હાર પ્રેમથી પહેરાવતા હતા અને મુખથી 'જય જય...જય જય...' શબ્દનો ઉચ્ચાર કરતા હતા. ૧૧. ગામમાં જેટલી સ્ત્રીઓ હતી તે બધી ઘરનું કામ છોડીને મોતીના થાળ ભરીને આવી હતી અને શ્રીહરિને વધાવતી હતી. ૧૨.

❋ શ્રીહરિનો પ્રતાપ :

શ્રીહરિ જે કોઈ પણ ગામમાં જતા હતા તે વખતે ત્યાં એવી શોભા બનતી હતી કે માનો તે ગામમાં એવી શોભા ક્યારેય ન થઈ હોય. ૧૩. શ્રીહરિ જે કોઈ ગામમાં જ્યાં સુધી રહેતા હતા ત્યાં સુધી તે ગામમાં ઘણો જ આનંદ રહેતો હતો. તે શ્રીહરિનો એક મોટો ચમત્કાર હતો. ૧૪. શ્રીહરિ જ્યાં જતા ત્યાં જેટલી ગ્રામ્યવાર્તા હોય તે શ્રીહરિના પ્રતાપથી ગુપ્ત થઈ જતી, દબાઈ જતી હતી અને એક મોક્ષ સંબંધી વાત જ મુખ્ય રહેતી હતી. ૧૫. મોક્ષ સંબંધી વાત જ્યાં મુખ્યપણે રહેતી હોય છે ત્યાં પ્રગટપ્રમાણ મોક્ષ નિવાસ કરીને રહે છે. ૧૬. જેટલી વિષય, ફેલ અને વ્યસન સંબંધી વાતો હોય તથા ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને ભગવાન સિવાયની વાતો હોય, તે બધી ગ્રામ્ય વાત કહેવાય છે. ૧૭.

તે ગ્રામ્ય વાતોનો જ્યાં ઉચ્છેદ થતો રહેતો હોય ત્યાં પ્રગટ મોક્ષની વાત રહેતી હોય છે. હરિભક્તોનાં જેટલાં ઘર હતાં ત્યાં તેમણે શ્રીહરિને પધરાવ્યા હતા. ૧૮. હરિભક્તોએ ઘણી ભાવનાથી શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ હરિભક્તોના મનોરથ પૂરા કર્યા. તે સિવાય જેટલા ભાવિક લોકો હતા તેમણે પણ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧૯. સહુએ શ્રીહરિની પૂજા કરી અને પોતાના મોક્ષનું કામ સુધારી લીધું. વીતેલો સમય ફરીવાર ક્યારેય પાછો આવતો નથી. સંતોને ટીમણ કરાવવાને માટે જેટલા હરિભક્તો હતા તે બધાએ સુખડીના લાડુ કરાવ્યા. અને વર્ણી તથા સંતોને આપ્યા. વિપ્રો અને હરિભક્તોને પણ લાડુ આપ્યા. પછી સહુ ત્યાંથી ચાલતા થયા. ૨૦-૨૧.

કાઠી દરબારો અને પાર્ષદો જે હતા તેમને પણ હરિભક્તોએ સુખડીના લાડુ આપ્યા. અને પછી પેંડાનો થાળ ભરીને તત્કાળ શ્રીહરિને માટે લઈ આવ્યા. ૨૨. તે પેંડા મુકુંદ વર્ણીને બોલાવીને આપ્યા. તેમણે તે પેંડા ડબામાં ભરી લીધા. પછી રસ્તામાં આગળ ચાલતા થયા અને ત્યાં આવેલા એક તળાવમાં સ્નાન કરી લીધું. ૨૩. તિલક અને પૂજા કરી બધા જમીને ચાલ્યા. જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે વનમાં કોઈ એક સુંદર વૃક્ષથી યુક્ત સ્થાન આવ્યું. ૨૪. સંતો, વર્ણી અને હરિભક્તથી યુક્ત શ્રીહરિ ત્યાં આવીને બેઠા. સદ્‌ગુરુઓની ગાડી તો પાછળ રહી ગઈ હતી. ૨૫.

જ્યારે ગાડી ભેગી થઈ ત્યારે તેને આગળ કરીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને તેની પાછળ પાછળ ચાલતા રહ્યા. ૨૬. ગાડીની પાછળ ભગવાનની સવારી પાર્ષદોથી યુક્ત ચાલી આવતી હતી. તેની અપાર શોભા થઈ હતી. ૨૭. આગળ જતા જ્યારે **બામણવા** ગામ આવ્યું ત્યાં સુધી શ્રીહરિ ગાડીની પાછળ પાછળ ચાલતા હતા ત્યારે ગામ નજીક આવી ગયું. ૨૮. બામણવા ગામના ક્ષત્રિય હરિભક્ત નારૂજી અને બીજા કેટલાક હરિભક્ત હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુએ દર્શનનું પરમ સુખ પ્રાપ્ત કર્યું. ૨૯. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને બધી રાજબજારોને સ્વચ્છ કરીને રંગબેરંગી કરાવી હતી. ૩૦.

ગામમાં જેટલા બાઈ-ભાઈ રહેતા હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુના હાથમાં ફૂલના હાર લીધેલા હતા તે ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ૩૧. ગામમાં જેટલી સ્ત્રીઓ હતી તે મોતીના થાળ ભરી ભરીને ઘણા હેતથી શ્રીહરિને વધાવતી હતી અને વારંવાર વિનંતિ કરીને કહેતી હતી કે, 'અમારું એવું કયું મોટું પુણ્ય હશે કે ઘેર બેઠા આવીને અત્યારે આપે અમને દર્શન દીધાં ! ઘણા પુણ્ય સિવાય આપનાં દર્શન થતા નથી. આપ દયા કરીને અમારા બધા દોષોને હવે દૂર કરી દેજો. ૩૨-૩૩. **મનુષ્યમાં એટલા બધા દોષ રહ્યા છે કે તેનો ગણે પાર આવતો નથી. જીવમાં દોષોનો પાશ લાગી ગયો છે. તે દોષો આપના સિવાય નાશ થઈ શકે તેમ નથી.** ૩૪. જીવ દોષ તરફ જેવો દોડતો રહે છે તેવો આપની સન્મુખ દોડતો

નથી. અને તેથી તે જીવ જમપુરી અને લખચોરાશીમાં અસહ્ય દુઃખને સહન કરે છે. ૩૫. દુઃખ ભોગવવા છતાં લોકો આપનું ભજન કરતા નથી માટે તેવા લોકોના સમાન કોઈ દુષ્ટ કહેવાય નહિ. આપના સ્વરૂપમાં તો અપાર સુખ રહ્યું છે, પણ તે સુખનો દુષ્ટ લોકો લગારેય આદર કરતા નથી.' ૩૬. ત્યારે શ્રીહરિએ સ્ત્રીઓને કહ્યું, **'પાપને લીધે દુઃખમાં સુખ મનાય છે. સોમલ ઝેરને કોઈ ખાવા ચાહતું નથી.** ૩૭. વળી, સાપ અને અગ્નિને અણસમજુ બાળક સિવાય કોઈ ક્યારેય ભૂલથી સ્વપ્નમાં પણ અડતા નથી. ૩૮. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને દિનપ્રતિદિન પાપ કરવાનો રંગ ચઢતો રહે છે. ૩૯. મનુષ્ય જ્યારે પાપ કરવામાં અત્યંત દોષ માને છે ત્યારે તેને સત્સંગ થાય છે અને કુસંગનો ત્યાગ કરે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ ગેરીતાથી બામણવા ગામ આવ્યા અને ભક્તોના ભાગ્ય વખાણ્યા" એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર અઢારમું : તરંગ - ૪૫

શ્રીહરિ બામણવામાં સંતોને જમાડીને સવારે વડનગર તરફ ચાલ્યા

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર સોનાનું ભાતીગળ છત્ર ધારણ કર્યું હતું. ૧. અલબેલા શ્રીહરિએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં વિવિધ ભાતના ઘરેણાં અંગ ઉપર ધારણ કર્યાં, તેથી સારી રીતે નટવર છેલછબિલા બન્યા હતા. ૨. અશ્વને પણ રંગબેરંગી નંગોથી જડેલાં સોનાનાં ઘરેણાંઓથી શણગાર્યો હતો. અને આગળના ભાગમાં ચોપદાર 'જય જય... જય જય...' શબ્દ કરતા હતા. ૩. ચોપદારની આગળ પાર્ષદો હતા અને તેની આગળ સંતો તથા વર્ણી ચાલતા હતા. ગામના બધા હરિભક્તો આગળ ગુલાલ ઉડાડતા હતા. ૪. સહુ હરિભક્તોએ શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને પછી ઘેર ઘેર પધરામણી કરી, પૂજા કરી અને સંતોની પણ પૂજા કરી. ૫. વર્ણી તથા પાર્ષદોની પણ પૂજા કરી અને પોતાનાં મનના મનોરથોને

પૂરા કર્યા. હરિભક્ત સિવાયના બીજા ભાવિક લોકોએ પણ શ્રીહરિ, સંતો અને વર્ણીની પૂજા કરી. ૬. ગામમાં પધરામણીએ ફરી રહ્યા પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને ત્યાં ગામ બહાર જ ઉતારો કર્યો. ગામમાં સરસ રીતે રસોઈ કરી. ૭. શીરો, ભાત અને બાટી બનાવ્યા. શ્રીહરિ પોતે બાટી બનાવવા આવ્યા. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ પ્રથમ જમ્યા. ૮. સંતો, પાર્ષદો અને કાઠી દરબારોની યોગ્ય રીતે પંગત કરાવી અને શ્રીહરિ ઘણા ભાવથી શીરો પીરસવા આવ્યા. ૯. શ્રીહરિ સહુને જલ્દીથી ચટ ચટ પીરસવા લાગ્યા, છતાં તેમાં ક્યારેય કોઈને ભૂલી જતા નહિ. જ્યારે શીરો પીરસી રહ્યા ત્યારે બધા સંતો જમવા લાગ્યા. ૧૦.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ગામમાંથી લોકો ગાળેલું દૂધ લાવ્યા. શ્રીહરિ ચોકમાં (ભાત સાથે) દૂધ પીરસતા હતા. (દૂધની તાણ પડી.) ત્યાં એક પાટીદાર તેજુબાઈ રહેતા હતા. ૧૧. તેમને ચાર-પાંચ ભેંશો હતી. તે વખતે તેને દોવાનો સમય હોવાથી દોઈ રહ્યા હતા. ત્યારે શ્રીહરિ તેની પાસે ગયા અને તેજુબાઈને હેતથી કહ્યું, (આ બાજુમાં અમારા સંતોનો મોટો સંઘ ઊતર્યો છે. તેમને દૂધની જરૂર છે.) ૧૨. અમે વારે વારે તમારા ગામમાં આવવાના નથી. અત્યારે સંતો અહીં આવ્યા છે અને અત્યારે તમારાં આંગણાં આગળ જમે છે. ૧૩. આજ અમે તમારા મહેમાન છીએ એટલે તમારી પાસે આવ્યા છીએ. તો તમારી ભેંસોનું બધું દૂધ માગીએ છીએ, તો અમને બધું દૂધ આપો. ૧૪. તમને જેમ તમારા બાળકો વહાલા હોય છે તેમ આ સંતો અમારા બાળકો છે, તે અમને પણ ખૂબ વહાલા છે. માટે તમે અત્યારે જ અમને દૂધ આપો, તો અમે જઈને પીરસીએ.' ૧૫.

પછી તે બાઈ જેટલી ભેંસો હતી તે તમામને દોઈ રહ્યા ત્યારે તેણે બધું દૂધ આપ્યું અને શ્રીહરિએ તરત જ તે બધું દૂધ ગાળી લીધું. ૧૬. ત્યારે તેજુબાઈએ શ્રીહરિને કહ્યું, 'હું જે રીતે દેખું તે રીતે આપ પહેલા દૂધ અહીં મારા આંગણામાં પીઓ; આવી મારાં મનની ભાવના છે.' તે સમયે શ્રીહરિએ તેના કહેવા પ્રમાણે તેને ભાળતા દૂધ પીધું. ૧૭. પછી જ્યારે સંતોની પંગતમાં ભાત પિરસાઈ ગયો ત્યારે શ્રીહરિએ આ દૂધ લાવીને સંતોને

પીરસ્યું. કોઈ પણ દૂધ વિના રહ્યા નહિ. શ્રીહરિ મશાલ કરીને દૂધ પીરસવા નીકળ્યા હતા. ૧૮. પછી પ્યારા શ્રીહરિ દૂધ જ્યારે પીરસી રહ્યા ત્યારે હાથ તથા ચરણ ધોયા અને ઉતારે આવ્યા. તેટલામાં તો રાત એક ઘડી વીતી ગઈ. ૧૯. ગાડી ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. તે વખતે નારાયણધૂન એવી કરી કે આખું વન ગજવી મૂક્યું. ૨૦.

પછી શ્રીહરિએ સંતો પાસે ગરબીનાં પદ બોલાવ્યા. તે પદ સાંભળવાને માટે ગામના લોકો બધા ત્યાં આવીને બેઠા. ૨૧. સંતોએ દસ-બાર સારાં ગરબીનાં પદ ગાયા. **(છોગાવાળા હો છેલ, પ્યારા મારા જીવનપ્રાણ છો...)** પછી શ્રીહરિ કહે, 'હવે વાતો કરીએ. વાતો કરવાથી બધું સમજાય છે. ૨૨. જગતમાં તો અપાર વાતો રહી છે. તેનો કહ્યે-સાંભળ્યે પાર આવતો નથી. તે વાતો પ્રયોજન વિના કહેવી કે સાંભળવી, તેનો કોઈ અર્થ નથી. ૨૩. પ્રયોજન વિનાની જે વાતો કહેવી તે બધી નિરર્થક કહેવાય છે અને નિરર્થક વાતો કર્યાનું ફળ શું મળે ? જે વાત સાર્થક હોય તેમાં અપાર ફળ રહ્યા હોય છે. ૨૪. **ભગવાન સંબંધી જેટલી વાતો હોય છે તે અનંત અર્થ અને ફળયુક્ત હોય છે.** ૨૫. ભગવાનના સંબંધ વિનાની જેટલી વાતોને લોકો કરે છે તે નિરર્થક છે અને અર્થ કે ફળ વગરની છે. ૨૬.

✵ સત્સંગનો મહિમા :

જેટલી નિરર્થક વાતો હોય છે તે જમપુરીમાં જવાનો માર્ગ છે. અને તે વાત તલભાર પણ ઉપયોગમાં આવતી નથી. તે સત્સંગ વિના સમજાતું નથી. ૨૭. **મોક્ષની બાબતમાં સત્સંગ તો નેત્ર સમાન છે. માટે જેને મોક્ષ મેળવવો હોય તેણે શ્રદ્ધાભાવથી સત્સંગ કરવો જોઈએ.** ૨૮. જમપુરી અને લખચોરાશીમાં અપાર દુઃખ રહ્યા છે. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેને તે સહન કરવા પડે છે. ૨૯. કરોડો યુગ વીતી જાય, તોપણ સત્સંગ સિવાય જમપુરી અને લખચોરાશીનાં દુઃખ દેખ્યામાં આવતાં નથી. અને તેમાં દુઃખ દેખાતા નથી તેથી મનુષ્ય મનમાન્યાં પાપ કરતાં રહે છે. ૩૦. જે જીવ જેટલું પાપ કરે છે તેટલું તેને માથે યમદૂતો દુઃખ કબૂલ કરાવે

છે અને જીવ કબૂલ કરતો રહે છે. અર્થાત્ ભોગવતો રહે છે. સત્સંગ વિના તો બધી આવી વાત છે. ૩૧. જેને દુઃખ સહન કરવાની શક્તિ હોય છે તે ક્યારેય સત્સંગ નથી કરતા અને મનમાન્યાં પાપ કરે છે. તેમાં તેને તલભાર પણ ત્રાસ થાતો નથી. ૩૨.

જેને પાપનો તલભાર પણ ત્રાસ ન હોય તે આ લોકમાં જમદૂત જેવા રહ્યા છે અને જેને પાપનાં પરિણામરૂપ દુઃખનો ભય લાગે છે તે મનુષ્યો જ સત્સંગ કરે છે.' ૩૩. શ્રીહરિની આવી વાત જેને હિતકારી લાગી એવા બધા નરનારીઓએ વ્રતમાન નિયમ લઈને સત્સંગ સ્વીકાર્યો અને જેટલા પાપમય કર્મ હતા તેને છોડી દીધા. ૩૪. જે લોકો સત્સંગી થયા તે સંસાર તથા જમપુરી આદિના મહાન દુઃખથી નિર્ભય થયા. શ્રીહરિ જ્યારે આવી વાત કરી રહ્યા ત્યારે રાત દોઢ પહોર ગઈ હતી. ૩૫.

અવિનાશી અને પૂર્ણ સુખરાશી શ્રીહરિ પછી આવીને પલંગ ઉપર પોઢી ગયા. અને ગામના બધા લોકો ગામમાં ગયા. તેમણે સહુએ શ્રીહરિની ઘણી સેવા કરી હતી. ૩૬. જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો નારાયણધૂન કરવા લાગ્યા અને ધર્મકુમાર શ્રીહરિ ઊઠ્યા. ૩૭. બધા સવારો તૈયાર થયા. સંતો પણ તૈયાર થયા. પછી જગદાધાર જગત્પતિ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૩૮. શ્રીહરિ વડનગર તરફ ત્રણ કોશ ચાલ્યા અને વડનગરને નજીક પહોંચ્યા. ૩૯. **વડનગરની** ચારેકોર ઘણા સ્વચ્છ પાણીવાળા સરોવર હતા. તેમાં સંતો અને શ્રીહરિ સહુ આવીને નાહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ બામણવામાં સંતોને જમાડીને સવારે વડનગર તરફ ચાલ્યા" એ નામે પીસ્તાલીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર અઢારમું : તરંગ - ૪૬

શ્રીહરિ વડનગરમાં પધાર્યા અને ભક્તોએ ઘેર ઘેર પધરામણી કરી

શ્રીહરિ અને બીજા સહુ નાહીને જ્યારે તૈયાર થયા અને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા ત્યારે ઘણી ધુમ્મસ આવી. ૧. એકબીજા કોઈ દેખે નહિ તેટલું અંધારું થઈ ગયું. પછી સહુ ચાર ઘડી સુધી એક ઠેકાણે ઊભા રહ્યા. ૨. સૂર્ય ચાર ઘડી ચડ્યો ત્યારે તે ધુમ્મસ નાશ પામી, સવારી બધી તૈયાર થઈ અને સહુ વડનગરમાં આવ્યા. ૩. ડંકા, નિશાન, રણશિંગી, તુરાઈ, તાંસા, ઢોલ, પડઘમ વગેરે કેટલીય જાતનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. તેનો ઘણો મીઠો તુમુલ શબ્દ થયો. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા ફૂલના હાર લઈને આવ્યા હતા. ૪-૫. સહુ હરિભક્તો શ્રીહરિ, સંતો અને વર્ણીને પગે લાગ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. તેમજ શ્રીહરિની સાથે જે પાર્ષદો અને ઘોડેસવારો હતા તે સહુને પણ ફૂલના હાર પહેરાવ્યા. તેની અપાર શોભા થઈ.

પુરની જ્યાં લાંબી બજારો હતી તેને સ્વચ્છ કરાવી અને રંગબેરંગી કરી દીધી. ૬-૭. બજારમાં કેળના સ્તંભ રોપાવ્યા અને શ્રીફળના રોપ પણ જેટલી રાજ બજાર હતી ત્યાં મૂક્યા. હરિભક્તોને શ્રીહરિના ઉપર અપાર હેત હતું. ૮. શ્રીહરિ જ્યારે પધારે તે અવસર તો અવસરોમાં સર્વોત્તમ અવસર કહેવાય. તેના સમાન મંગળમાં પણ મંગળ ઉત્તમ સમય બીજો કોઈ કહેવાય નહિ. ૯. આવું હરિભક્તો મનમાં સમજતા હતા. તેથી તેમના જેવા બીજા કોઈ બુદ્ધિમાન ન કહેવાય. શ્રીહરિના ઉપયોગમાં જેટલું ધન આવે તેમાં તેઓ ઘણો લાભ માનતા હતા. ૧૦.

હરિભક્તો જેટલો ગુલાલ લાવ્યા હતા તે હરખથી ઉડાડતા હતા. શ્રીહરિ પધાર્યા તેમાં જેટલા ઉત્તમ અવસરો કહેવાય છે તે સર્વે આવી જાય છે, એમ માનતા હતા. ૧૧. નગરવાસી જેટલા નરનારી હતા તે બધા શ્રીહરિને આવતા સાંભળીને તે વખતે બજારમાં આવીને સહુ ઊભા રહ્યા. ઘરમાં એકપણ માણસ રહ્યો નહિ. ૧૨. બજાર ઉપર જેટલી દુકાનો અને મકાનો હતા તેમાં તોરણ, ધજા અને પતાકાઓ બારણે બારણે બંધાવી દીધા. ૧૩. સુવર્ણના કળશોને મંગળમય વસ્તુઓથી સજાવીને બારણે બારણે મૂકી

દીધા. અને ત્યાં ધૂપ તથા દીવાઓ કર્યા હતા. ૧૪. જેટલી મંગળમય શુભ વસ્તુઓ કહેવાય છે, તે પ્રત્યેક ઘર આગળ મૂકી. જે જે નામે વસ્તુ કહેવાતી હતી તે એકપણ બાકી રહેવા દીધી નહિ. ૧૫. મકાનો અને દુકાનોના જેટલા માળ, ગોખ તથા અગાશીઓ હતી તેના ઉપર બધા નરનારીઓ એકદમ ઘાટા ઊભા હતા. ૧૬.

ગામની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને આવી હતી. અને શ્રીહરિને વધાવવા માટે મોતીનો વરસાદ કરવા લાગી. ૧૭. પરસ્પર એકબીજી સ્ત્રીઓ વાત કરતી કે, 'આ શ્રીહરિ તો દેવોના પણ દેવ રહ્યા છે. તે અશ્વ ઉપર બેઠા છે અને મસ્તક ઉપર છત્ર ધારી રહ્યા છે. ૧૮. જીવોનો મોક્ષ કરવા માટેની જ અત્યારે તેમની બધી વાતો રહી છે. તેમણે અંગે અંગમાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં છે. ૧૯. જેણે વસ્ત્ર અને આભૂષણો આપ્યાં છે તેનો મોક્ષ કરવાનું તેમને તાન રહ્યું છે. જેણે વસ્ત્ર ને ઘરેણાં બનાવરાવ્યાં છે તેનો મોક્ષ તો થઈ ગયો. ૨૦.

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા છે, તેનો પણ હવે મોક્ષ થઈ રહ્યો. જેણે આ અશ્વ આપ્યો છે તેને પણ ધન્ય છે. તેને હવે આ સંસારનું ભટકણ રહેશે નહિ. ૨૧. આપણાં નેત્રનું જે ફળ છે, તે આ શ્રીહરિનાં દર્શન કર્યાં સિવાય બીજું કોઈ રહ્યું નથી. અને આ મૂર્તિનાં દર્શન સિવાય બીજાં જેટલાં રૂપ છે તે બધાં તો સંસારમાં ભટકાવનારા છે. ૨૨. આ સિવાયના બીજા જેટલા રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ છે તે બધા આ શ્રીહરિનાં દર્શન સિવાય બધો સંસાર છે, આવું અમને દેખાય છે.' ૨૩.

જેટલી સ્ત્રીઓ હતી તે પરસ્પર શ્રીહરિની મોટપને કહેતી હતી. જેને જેવું દેખવામાં આવ્યું હતું તેવું હરખથી કહેતી હતી. ૨૪. તે વખતે ત્યાં જેટલા પુરુષો હતા તે સહુના હાથમાં ફૂલના હાર હતા. અને તેનાથી તે બધી બજાર ખીલેલા ફૂલના બાગ જેવી શોભી રહી હતી. ૨૫. તે બધા જ મનુષ્યો ફૂલના હારની લગાતાર વૃષ્ટિ શ્રીહરિના ઉપર વારંવાર કરતા હતા. ૨૬. તે સમયે શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર જે સોનેરી વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં હતાં તેમાં ઘણા અમૂલ્ય મણિ જડેલા હતા. ૨૭. અશ્વને જે સોનાનાં આભૂષણોથી

શણગાર્યો હતો તેને જોઈને લોકોને ઘણું આશ્ચર્ય થાતું હતું. ૨૮. બધા ઘોડે સવારોની આગળ શ્રીહરિ હતા. અને શ્રીહરિની આગળ ચોપદાર મુખથી ઊંચે સ્વરે 'જય જય...જય જય...' એમ બોલતા હતા. ૨૯. હાથમાં સોનાની છડી રાખેલી હતી તેનાથી ચોપદાર ઓળખાઈ જતા હતા. અને ચોપદારની આગળ જેટલા પાર્ષદો હતા તે સહુના હાથમાં બંદૂક લીધેલી હતી. ૩૦.

એક પછી એક બંદૂકોના અવાજ થતા હતા તેનાથી આખું નગર ગાજી ઊઠ્યું હતું. તે રીતે જ અનેક વાજિંત્રો પણ વાગી રહ્યાં હતાં. ૩૧. પાર્ષદોની આગળના ભાગમાં ભણનારા સંતો વેણુગીત, યુગલગીત, ગોપીકાગીત અને વેદસ્તુતિ વગેરેને ઊંચે અવાજે મુખથી ગાતા હતા. અને કેટલીય જાતના અષ્ટકોને પણ અખંડ બોલતા રહેતા હતા. ૩૨-૩૩. અને ભણનારા જે વર્ણીઓ હતા તેઓ ઊંચે સ્વરે સામવેદને ગાતા હતા. અને કેટલાક તો ગરબીનાં પદ બોલતા હતા. ૩૪. હરિભક્તોનાં જેટલાં ઘર હતાં ત્યાં શ્રીહરિની પધરામણી કરી અને જેને જેવો ભાવ હતો તે રીતે તેમણે શ્રીહરિની પૂજા કરી. ૩૫. ભક્તોએ વસ્ત્ર, આભૂષણો અને રૂપિયા અર્પણ કરીને ઘણા હરખથી શ્રીહરિની પૂજા કરી. અને કેટલાક ભક્તોએ પૂજા કરીને કપૂરથી આરતી ઊતારી. ૩૬.

શ્રીહરિની પૂજા કર્યા પછી ભક્તજનો સંતો, વર્ણી અને પાર્ષદો એમની પૂજા પણ ઘણા આદરભાવથી કરતા હતા. ૩૭. હરિભક્ત સિવાયના બીજા જે ભાવિક લોકો હતા તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરીને પૂજા કરી. ૩૮. જેટલા હરિભક્તો અને ભાવિક લોકો હતા તેમણે આ રીતે શ્રીહરિને ઘેર ઘેર પધરાવીને તેમની પૂજા કરી. ૩૯. **ગામમાં જેટલી નિશાળોમાં બાળકો ભણતાં હતા તેમને શ્રીહરિનાં દર્શન કરવા માટે એક દિવસની છુટ્ટી આપી હતી.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ વડનગરમાં પધાર્યા અને ભક્તોએ ઘેર ઘેર પધરામણી કરી" એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર અઢારમું : તરંગ - ૪૭

વડનગરમાં શ્રીહરિ થાળ જમ્યા અને શ્રીહરિના રૂડા ગુણોની વાત કહી

ગામની નિશાળોમાં ભણાવનારા જેટલા વિપ્રો હતા તેમને શ્રીહરિએ સીધાના દાન આપીને રાજી કર્યા. ૧. પછી શ્રીહરિ ગામની બહાર આવ્યા અને તળાવથી પશ્ચિમ તરફના ભાગમાં આવીને ત્યાં ઉતારો કર્યો. તે જગ્યા ઘણી રમણીય હતી. ૨. ત્યાં આંબાના અપાર વૃક્ષો હતા. લગાર પણ તડકો જ્યાં આવતો ન હતો ત્યાં શ્રીહરિ ઊતર્યા. ૩. સાગરનાં જેવું મોટું શર્મિષ્ઠા નામનું સરોવર પુરથી ઉત્તર દિશામાં અડીને હતું. ચારેબાજુ પાકા પથ્થરથી તે બાંધેલું હતું. ૪. ફરતા સો કોશના વિસ્તારમાં આવું કોઈ સરોવર ન હતું. કેટલાય પ્રકારના વિચિત્ર ઘાટો બાંધેલા હતા તેથી તે ઘણું રૂપાળું લાગતું હતું. ૫. તે સરોવરને દેખીને શ્રીહરિ તેની વારંવાર પ્રશંસા કરવા લાગ્યા અને સંતોની આગળ કહ્યું કે, 'આજે આપણે બધાએ સરોવરમાં સ્નાન કરવું છે. ૬.

चोपाई :

मोक्ष मारग तामें तिनकू, रुचि होवे चलन जो इनकू;
सबहि रुचि में रुचि यह एहा, श्रेष्ठ अति रहाये जो तेहा...०८
मोक्ष बिन रुचि रहे जितनी, दुःख ताके मारग हे तितनी;
मोक्ष मगहे सिद्धांत हमारे, सबसे अधिक लगत यह प्यारे...०९

તમે બધા મહાપુરુષો છો એટલે તમારા જેવાને સ્નાન કરવા માટે આ સરોવર સિદ્ધરાજ સોલંકીએ બંધાવ્યું છે. જો તમે એકવાર આ સરોવરમાં સ્નાન કરશો તો જે કોઈ પણ લોકો આમાં સ્નાન કરશે તો તેમને મોક્ષમાર્ગમાં ચાલવાની રુચિ થશે. બધા પ્રકારની રુચિમાં મોક્ષમાર્ગની જે રુચિ તે ઘણી શ્રેષ્ઠ રહી છે. ૭-૮. જીવને મોક્ષની રુચિ સિવાય જેટલી રુચિ છે, તે બધી દુઃખનો માર્ગ છે. મોક્ષનો માર્ગ તે અમારો સિદ્ધાંત છે અને અમને સૌથી અધિક તે પ્રિય લાગે છે. ૯. અમારી રુચિ એવી રહી છે કે તેમાં અમે

સહુનું હિત ચાહીએ છીએ.' આટલી શ્રીહરિએ વાત કરી તે વખતે જેટલી ત્યાં સવારી હતી તે આવી અને વાજિંત્ર વગાડનારાઓ પણ આવ્યા. તેમને કહ્યું કે, 'સંતોની જ્યારે પંગત થાય ત્યારે તમારે સહુએ જમવા આવવું.' ૧૦-૧૧. આમ કહીને તે વખતે સહુને ફુલના હાર આપ્યા અને સવારીમાં જે મોટા હતા તે સહુને પણ તરત પહેરામણી કરી. ૧૨.

શ્રીહરિ ઘણા ઉદાર હતા. તેમના જેવા કોઈ ઉદાર ન હતા. શ્રીહરિને માટે જે જેટલું કરે છે તે બધું શ્રીહરિ જાણતા હોય છે. ૧૩. શ્રીહરિને એક પણ વાત જાણ્યા વગર અજાણી રહેતી નહિ. તેથી જેવો અવસર હોય ત્યાં તરત તેવું કરતા હતા. ૧૪. અને જે અવસર જેવો હોય તે પ્રમાણે તે સમયમાં જે ન કરે તે તો કંજૂસમાં પણ કંજૂસ ગણાય અને તેની કીર્તિ પણ દિનપ્રતિદિન ઘટતી જણાય છે. ૧૫. **અવસર ગયા પછી ગમાર મનુષ્ય ચાહે તેટલું કામ કરે, તોપણ તેમાં લગારેય કીર્તિ થતી નથી અને તેનું ધન બધું મળના જેવું રહે છે.** ૧૬. **શ્રીહરિનો આ પ્રકારનો સિદ્ધાંત હતો. તેને લોક અને વેદાદિ શાસ્ત્ર પણ પ્રમાણરૂપ માને છે. જે બાબત લોક અને વેદમાં પ્રમાણરૂપ ન થાય તે ચાહે તેટલી મોટી હોય કે ચાહે તેટલી સમૃદ્ધિ હોય, તોપણ તે મડદાંના સમાન રહે છે.** જ્યાં સરોવરની પાસે ગાડી છૂટી હતી ત્યાં શ્રીહરિએ સભા કરી. ૧૭-૧૮. તે સભામાં ગાડી ઉપર ગાદીતકિયા બીછાવી દીધા હતા તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. અને સંતો ગરબીનાં પદ ગાવા લાગ્યા. ૧૯. સંતોની સાથે શ્રીહરિ પણ ઘણા ઉમંગથી ગાવા લાગ્યા. જ્યારે શ્રીહરિ ગાતા હોય ત્યારે ત્યાં ખૂબ જ રસ જામતો હતો. ૨૦.

શ્રીહરિ એવી રીતે ગાતા હતા કે તેનાથી ભક્તજનોને ઘણો પ્રેમ થાય. રસ વિના જેટલું ગવાય તે શ્રીહરિને ગમતું નહિ. ૨૧. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે હરિભક્ત બોલાવવા આવ્યા. શ્રીહરિ પ્રથમ જઈને થાળ જમ્યા. અનેક પ્રકારના પકવાન બનાવ્યા હતા. ૨૨. સરોવરને કાંઠે બ્રાહ્મણોની સુંદર ધર્મશાળા હતી. હરિભક્તોએ ત્યાં રંગોળી પૂરી હતી અને શ્રીહરિને તેમાં બેસાડ્યા. ૨૩. સોનાનો એક સારો બાજોઠ હતો તેના ઉપર સુખકારી શ્રીહરિ બેઠા. અને સોનાનાં થાળમાં બધાં ભોજન ભરી લાવ્યા તેનો ગણવાથી પાર

આવતો નથી. ૨૪. હરિભક્તોને જેવી ભાવના હતી તેવાં ભોજન બનાવ્યાં હતાં. તે શ્રીહરિને ઘણા પ્રસન્ન મનથી જમાડ્યા. ૨૫. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે મુખવાસ લીધો. સુંદર પીતાંબર પહેરેલું હતું અને મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૨૬. ચરણમાં ચાખડીઓ પહેરી, મસ્તક ઉપર ફૂલની પાઘ ધારણ કરી અને હરિભક્તોનાં ચિત્તને હરનારા એવા શ્રીહરિએ તરત સંતોની પંક્તિ કરાવી. ૨૭.

સંતો અને પાર્ષદોની પંગત અલગ અલગ કરાવી અને કાઠી દરબારો પણ સહુ પોતાની રીતે પંગતમાં બેઠા. ૨૮. ધીણોજ ગામના વિપ્રોએ રસોઈ કરી હતી. તેમણે પ્રથમ શ્રીહરિની કેસર ચંદનાદિકથી પૂજા કરી. ૨૯. પછી ફૂલના હાર લાવ્યા હતા તે પહેરાવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. પછી તેમણે ફૂલના હાર પહેરાવી સંતોની પૂજા કરી. ૩૦. પછી અગરબત્તી લાવીને ઘણા હેતથી એક એક સંતની આગળ ધૂપ કર્યો અને સંતો નારાયણધૂન કરવા લાગ્યા. ૩૧. લગાતાર મુખથી સંતો ધૂન કરતા હતા તેથી તે ઘણા પ્રિય લાગતા હતા. માનસરોવરના હંસના જેવી તે વખતે સંતોની શોભા બની હતી. ૩૨.

❋ સંતોમાં રહેલો વિવેક :

चोपाई :

श्रीहरि की मूर्ति तामें जेहा, श्रोत्र नेत्र की वृत्ति जो तेहा;
रखत भये तेहि संत सदाई, मूर्ति में रस मानत रहाई...३३
मूर्ति बिन रस न देखत एका, एसे रहाये परम विवेका;
परम विवेक रस ताकु पाये, अविवेक रस दूर कराये...३४
हरि बिन रस रहाये जेता, अविवेक रस रहाये तेता;
नित हरि एसी करत रहे बाता, विवेक तिन करी आय रहाता...३५

તે બધા સંતો પોતાનાં શ્રોત્ર અને નેત્રની વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં સદા રાખતા હતા અને મૂર્તિમાં જ રસ માનતા હતા. ૩૩. તેઓ મૂર્તિ સિવાય બીજો એક પણ રસ દેખતા નહિ. એવો તેમને પરમ વિવેક રહ્યો હતો. જ્યારે આવા પરમ વિવેકરૂપી રસને પામ્યા હતા ત્યારે તેમનો બધો અવિવેકનો રસ દૂર થઈ ગયો હતો. ૩૪. ભગવાન સિવાય જેટલો રસ હોય

છે તે બધો અવિવેક રસ કહેવાય છે. શ્રીહરિ રોજ આવી વાતો કહેતા હતા. અને તેનાથી સહુમાં વિવેક આવતો હતો. ૩૫. **સત્સંગમાં જેટલી સારી બાબતો છે, તે બધી શ્રીહરિ પાસેથી આવતી હતી. અને જેટલો અવિવેક જેમાં કાંઈ દેખાતો હતો તે બધો તુચ્છ જીવોનો પોતાનાં ઘરનો હતો. સત્સંગરૂપી અમૃતના સાગરમાં તેટલું અવિવેકરૂપી ઝેર ભળેલું હોય છે. ભલે ચાહે તેવું ઝેર હોય પણ અમૃતના સંગે કરીને તે અમૃતના જેવું જ થઈ જાય. તેવો આ પ્રસંગ છે.** ૩૬-૩૮. **એકાર્ણવનું જે અપાર જળ છે તેમાં અનંતકોટિ બ્રહ્માંડો પાર ન હોય તેટલા તરે છે. એવા તે મહાન નીરમાં જેટલું ઝેર હોય તે બધું આવીને ભળે પણ તે મહાન નીરના સંગથી ઝેર બની શકે નહિ. તેમ સત્સંગ છે તે મહાન નીરના સમાન છે.** ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વડનગરમાં શ્રીહરિ થાળ જમ્યા અને શ્રીહરિના રૂડા ગુણોની વાત કહી" એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥

પૂર અઢારમું : તરંગ - ૪૮

ધર્મશાળાના પ્રસંગે કુબેરસિંહે અંગ્રેજોની નીતિ વખાણી

હરિભક્તોએ જ્યારે સંતોની પૂજા કરી લીધી પછી શ્રીહરિ આવીને સંતોને લાડુ પીરસવા લાગ્યા. ૧. સાકરના લાડુમાં ખૂબ ઘી નાખ્યું હતું. તે જ્યાં સુધી સહુ જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૨ ત્યાં ધર્મશાળાની વચ્ચે ઘણો સુંદર ચોક હતો. તેને દેખીને ખુશી થયેલા શ્રીહરિ બોલ્યા કે, 'વડતાલમાં અને અમદાવાદમાં હવે આપણે આવી ને આવી જ ધર્મશાળા કરવી છે. ૩-૪.

❋ ત્યાગી જીવનના વિવેકો :

આવી જો ધર્મશાળા હોય તો સંતોની પંગત ઘણી સારી લાગે. ખુલ્લી જગ્યા હોય તો પંગત સારી લાગે માટે વચ્ચે લગાર પણ પડદો કરવો નહિ. ૫. ધર્મશાળામાં ક્યારેય વચ્ચે પડદો કરવો નહિ. અને જો પડદો કરવામાં

આવે તો તે ગૃહસ્થના ઘર જેવું દેખાય છે. ૬. જ્યાં ઝાઝા સાધુઓ રહેતા હોય ત્યાં તેમનો આશ્રમ ખુલ્લો રહેવો જોઈએ. અને તેમાં ગોખ, ગેલેરી અને જાળિયા મર્યાદા વિનાના ખુલ્લા હોય તો અપાર નિર્દોષ સાધુને પણ તે લગારેક દૂષણ લગાડે છે. માટે સાધુને કોઈ દૂષણ ન આપે એવી ધર્મશાળા હવે કરવી છે. ૭-૮. રાતમાં પણ દીવા વગરના જે સાધુના આશ્રમ હોય તો તે અંધારું શુદ્ધ સાધુને પણ દોષ લગાડે છે. કેમ જે, અંધારું દોષરૂપ કહેવાય છે. ૯. મેદાન જેવી જગ્યા હોય તોપણ રાત્રે સાધુએ એકલા પથારી કરીને સૂવું નહિ. શુદ્ધ સંતોએ આવો પરમ વિવેક રાખવો જોઈએ. ૧૦. વિવેકરૂપી દીવા વિનાનું જેટલું છે તેટલું બધું રાતનાં અંધારા જેવું છે. માટે ત્યાગી એવા નામથી કહેવાતાં સંતો, વર્ણી અને પાર્ષદોએ રાતે જ્યારે સૂવાનું હોય ત્યારે એકબીજાના હાથ કે પગ ઊંઘમાં અડે નહિ તે રીતે વિચાર કરીને સૂવું. ૧૧-૧૨. વાત કર્યા સિવાય ત્યાગીની રીત સમજાતી નથી. જેમ કે, સૂર્યોદય થયા સિવાય રાતનું અંધારું ક્યારેય નાશ પામતું નથી. ૧૩.

दोहा : जो जो जितना विवेक हि, वात तामें रहाय;
बात बिन रहे अंधेर हि, तम में खपत रहाय...१४

सोरठा : वात सुनीके जेहि, जितना मनन करत जोउ;
अर्थमें तितना तेहि, आवत हे खचित कर यह...१५
अर्थ हि तामहि जोउ, अधिक रहे अरथ जो यह;
मोक्ष हि करना सोउ, अपने अवर जीयहुके...१६

જે જે વિવેક છે, તે બધો વાતમાં રહ્યો છે. અને વાત વિનાનું તો ગાઢ અંધારામાં જ ખપે છે. ૧૪. જે વાતને સાંભળીને તેનું જેટલું મનન કરે છે, તેટલી જ તેને ચોક્કસપણે ઉપયોગમાં આવે છે. ૧૫. ઉપયોગી વાતોમાં પણ સર્વાધિક ઉપયોગી વાત તો પોતાનો અને બીજાનો મોક્ષ કરવો એ જ છે.' ૧૬. શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી તે વખતે ચોપદાર કુબેરસિંહે બે હાથ જોડીને કહ્યું કે, 'અત્યારે આપની જેટલી ઈચ્છા હોય તેટલી મનમાની જગ્યા અમદાવાદમાં મળે છે, આપની મરજીમાં વાત રહી છે. આપની મરજીમાં જ્યારે આવે ત્યારે મને તે કહેજો. ૧૭-૧૯. આપ

જેટલી કહો તેટલી જગ્યા એકવાર લઈ રાખીએ. અત્યારે શહેરમાં આપણને અનૂકુળ પડે તેવી જગ્યા ઘણી પડી છે. ૨૦.

અત્યારે અમદાવાદમાં અંગ્રેજોનું રાજ્ય થયું છે અને પ્રજાનું બધું દુઃખ દૂર થયું છે. અંગ્રેજ સાહેબની જેવી છાપ છે, તેવું અત્યારે તેનું રાજ્ય ચાલી રહ્યું છે. ૨૧. અત્યારે અમદાવાદ જેટલું ઉજ્જડ રહ્યું છે તે બધું તત્કાળ વસી જાશે. સરકાર પ્રજાની ખૂબ સંભાળ રાખે છે અને જે ત્રાસ હોય છે તેને ટાળી દે છે. ૨૨. પ્રજાને તો બન્ને બાજુથી ત્રાસ દેખાતો હતો. એક બાજુ તુચ્છ રાજાઓનો ત્રાસ અને બીજી બાજુ લૂંટારાં ઘોડેસવારો દુઃખ દઈ રહ્યા હતા તેનો ત્રાસ. ૨૩. રાતમાં ચોર છૂપી રીતે આવીને ઘરમાંથી ચોરી જતા હતા. તે હવે અંગ્રેજોએ ઠેકઠેકાણે ચોકીઓ બેસાડીને ચોરી ન થાય તેવો બંદોબસ્ત કરી દીધો છે. ૨૪. જે મોટા મોટા પ્રસિદ્ધ ચોર હતા તેને રાજી રાખીને તેના જામીન લઈ લીધા છે. ૨૫.

સામ, દામ, ભેદ અને દંડ આ બધા ઉપાયોને અંગ્રેજ જાણે છે. તેઓ લેશમાત્ર પણ પ્રમાદ રાખતા નથી અને સાવધાન રહે છે. ૨૬. તેમની જે જે વાત હતી તે કાયદા વગરની એક પણ હતી નહિ. કાયદા વગરની જે જે વાતો હોય તે કાયદાથી જ દેખાય છે. ૨૭. તેથી જેટલી કાયદા બહારની વાત દેખવામાં આવે છે, તેનો તરત નવો કાયદો કરીને અમલમાં લાવી દે છે. ૨૮. સિંહના સમાન કોઈ બળવાન ન કહેવાય તેમ છતાં કાયદા દ્વારા તેને મારી નાખે છે, તેમાં કોઈ વાર લાગતી નથી અને તલભાર પણ ડર લાગતો નથી. ૨૯. પ્રજાને જે કોઈ પણ જાતનો ભય દેખ્યા સાંભળવામાં આવે તો તરત જ તેને દૂર કરી દે છે અને પ્રજાને અપાર સુખી કરી દે છે. ૩૦.

જેટલા જે વર્ણ કહેવાય છે, તેને તેઓ તેના નિયમમાં ચલાવે છે. અને જે નિયમ બહાર ચાલતા હોય તેને પણ નિયમમાં ચાલવા વિવશ કરે છે. ૩૧. જેટલા જે આશ્રમના નિયમો છે, તેને છોડીને કોઈ વર્તતા હોય તો તેને તેઓ તેમના નિયમમાં વર્તાવે છે. ૩૨. ગુરુના નિયમની જે રીત હોય છે, તે પ્રમાણે જે ગુરુ રહેતા ન હોય તો તેના ચિત્ર છપાવીને ઘેર ઘેર તેઓ બતાવે છે. ૩૩. અધિકાર ઉપર જેટલા સારા અંગ્રેજો હતા તેઓ

ગુરુના પણ ગુરુ અને રાજાઓના પણ રાજા હતા. તેમની બુદ્ધિ ઘણી તર્કયુક્ત હતી. તેઓ સત્સંગની વાતો સાંભળતા ત્યારે તેને પ્રમાણરૂપ માનતા. કેમ જે, આવી સત્સંગ જેવી ઉત્તમ વાતને પણ સમજવારૂપ મોટાઈ તેમાં અધિક રહી હતી. કેમ જે, માણસની મોટાઈનો તો જ્યારે તેમની સાથે કામ પડે ત્યારે તેમાં રહેલી ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠતા દેખાય આવે છે. ૩૪-૩૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'જેટલા દૈવી જીવ છે, તે જ્યાં જન્મ ધરે છે ત્યાં તેઓ પોતાના ઉત્તમ સ્વભાવને છોડતા નથી. તેઓ સદા ઉત્તમના ઉત્તમ રહે છે. ૩૬. જીવ જે જે જાતના ઉત્તમ કર્મ કરતા રહે છે, તેટલો તેનો સ્વભાવ ઉત્તમ થાય છે તેવું દેખ્યામાં આવે છે. ૩૭. અને જે મધ્યમ પ્રકારનાં કર્મ કરે છે, તે મધ્યમ થાય છે. અને કનિષ્ઠ પ્રકારનાં કર્મ કરતા હોય છે તેઓ કનિષ્ઠ થાય છે. તેમ દેખ્યામાં આવે છે. ૩૮. જે જેવી વાતનું સેવન કરતા રહે છે તે તેવા થાય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ થવાનું દ્વાર સેવન અને રુચિ છે.' ૩૯. શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે બધા સંતો જમી રહ્યા. પછી જ્યાં ઉતારો હતો ત્યાં સહુ આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "ધર્મશાળાના પ્રસંગે કુબેરસિંહે અંગ્રેજોની નીતિ વખાણી" એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥

પૂર અઢારમું : તરંગ - ૪૯

શ્રીહરિ અને સંતો-ભક્તોએ સ્નાન કર્યું અને સભામાં સહુનું પૂજન કર્યું

બધા સંતો સવારમાં સહુ પહેલા સરોવર ઉપર આવ્યા અને સહુએ પોતાની કંથાઓ ધોઈ અને ત્યારે સ્નાન પણ કર્યું. ૧. શ્રીહરિ જમ્યા પછી જ્યારે પોતાના ઉતારા ઉપર આવ્યા અને બે ઘડી જેટલો સમય વીત્યો ત્યારે તરત જ સરોવરમાં આવીને સ્નાન કર્યું. ૨. શ્રીહરિ જેટલી વખત વડનગરમાં આવ્યા હતા તેટલીવાર તે સુંદર સરોવરને દેખીને તેમાં નાહ્યા હતા. ૩. બહુનામી સદ્‌ગુરુ રામાનંદસ્વામી પણ વારંવાર જ્યારે વડનગર આવતા ત્યારે

આ સરોવરમાં સ્નાન કરતા હતા. ૪. રામાનંદસ્વામીના સમયમાં પણ અહીંયા સત્સંગ હતો. અને વિસનગરમાં પણ તે સમયે આપણો સત્સંગ હતો. ૫. પ્રાંતિજ, મેઉ, ઊંઝા, નારદીપુરમાં પણ રામાનંદસ્વામીનો સત્સંગ હતો. ૬. કડી, અમદાવાદ, વહેલાલ, કણભા, ગામડી, જેતલપુર, ચલોડા, વિંછિયા, મછિયાવ, દદુકા, દેવળિયા વગેરે ગામમાં પણ રામાનંદસ્વામી આવ્યા હતા, તેથી ત્યાં સત્સંગ હતો. કાઠિયાવાડ દેશમાં એક કારિયાણી-કુંડળ ગામમાં સત્સંગ હતો. ૭-૮. સરધાર, કોટડા, બંધિયા, ગોંડલ શહેર, જેતપુર, ફરેણી, ધોરાજી, ભાડેર, મેઘપુર, સાંકળી, જેતલસર, આખા, સુખકારી પીપલાણા, અગત્રાઈ, કાલવાણી, માંગરોળ બંદર, લોજ, માણાવદર, રાજકોટ, મોડા, અલૈયા, શેખપાટ, ભાદરા, જોડિયા, માંડવી, ભુજ, તેરા, અંજાર, ધમડકા, આધોઈ વગેરે ગામોમાં રામાનંદસ્વામી વર્ષમાં બે-ત્રણવાર ફરતા અને કચ્છ અને સોરઠમાં તો ઘણું રોકાતા. ૯-૧૨.

ઝાલાવાડ દેશમાં મેથાણ અને મેમકા ગામમાં રામાનંદસ્વામીનો સત્સંગ થયો હતો. તે ગામમાં જે વર્ષે સત્સંગ થયો તે વર્ષમાં જ બહુનામી રામાનંદસ્વામી ફરેણી ગામમાં સ્વધામ ગયા હતા. ૧૩-૧૪. હવે વડનગર જ્યાં શ્રીહરિ રહ્યા હતા તેની વાત હું સાક્ષાત્ કહું છું. શ્રીહરિ જ્યારે સ્નાન કરીને ઉતારા ઉપર આવ્યા ત્યારે શ્રીહરિ જે જગ્યાએ સરોવરમાં જઈને સ્નાન કર્યા હતા ત્યાં બધા સંતો, વર્ણી અને હરિભક્તો જઈને નાહ્યા. ૧૫-૧૬. શ્રીહરિ જ્યારે ઉતારા ઉપર આવ્યા પછી તરત જ ત્યાં સભા કરી. તે સ્થળે સિંહાસનના જેવો એક ચોતરો હતો. ૧૭. ત્યાં ગાદી તકિયા બિછાવ્યા હતા તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. પછી શ્રીહરિની આગળ બધા સંતો અને વર્ણીઓ આવીને સભામાં બેઠા. તે સભાની શોભા ઘણી થઈ હતી. અને સાથે જે કાઠી દરબારો હતા તેમની પણ સભા થઈ. ૧૮-૧૯. જેટલી હરિભક્ત બાઈઓ અને તે સિવાયની બીજી પણ બાઈઓ હતી તેમની સભા જેમ પાણીમાં પોયણા ખીલ્યા હોય તેમ યોગ્યરૂપમાં થઈ. ૨૦.

વળી, જેટલા હરિભક્તો પુરુષો હતા તેની સભા થઈ. તે કમળના ખીલેલા વન જેવી શોભાવાળી દેખાતી હતી. ૨૧. વડનગરમાં જે વિદ્વાન

બ્રાહ્મણો હતા તે પણ સભામાં જેમ ઘટે તેમ બેઠા. અને જેટલા વડનગરા બ્રાહ્મણોમાં જે મોટા ગૃહસ્થો હતા તેની સભા શ્રીહરિની પાસે થઈ. તેમને શ્રીહરિએ જ ઉલ્લાસથી બોલાવીને પાસે બેસાડ્યા હતા. તે સિવાય ગામમાં જેટલા ગૃહસ્થો હતા તે બધા સભામાં આવીને બેઠા હતા. ૨૨-૨૩. તે સમયે ગામમાં કોઈ નરનારી રહ્યા નહિ. શ્રીહરિનાં દર્શન કરવાનો સહુને ઘણો ભાવ હતો. સહુ ફૂલના હાર લાવતા હતા અને અતિ પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા. ૨૪. 'નિત્ય ભજીએ..' એ બ્રહ્માનંદસ્વામીનું ગરબીનું પદ સંતો ગાતા હતા. ૨૫. તે પદોમાં ઉપદેશ હતો અને ભગવાનની મૂર્તિનો રસ, શોભા અને ઘણું માહાત્મ્ય પાર ન આવે તેટલું કહ્યું હતું. ૨૬.

જ્યારે શ્રીહરિ સભા કરતા હતા ત્યારે આવાં જેટલાં પદો હોય તેને સંતોની પાસે ગવડાવતા હતા. ૨૭. ગામના જે હરિભક્તોએ રસોઈ આપી હતી તેઓ તે વખતે પૂજા કરવા આવ્યા. ૨૮. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાંઓ શ્રીહરિને પહેરાવ્યાં અને સુંદર ફૂલના હાર અપાર પ્રેમથી પહેરાવ્યા. ૨૯. પાઘમાં ફૂલના તોરા ધરાવ્યા અને બન્ને કાન ઉપર ફૂલના ગુચ્છ મૂક્યા. લલાટમાં કેસરયુક્ત ચંદન ચર્ચ્યું અને તેની વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૩૦.

પછી હરિભક્તોએ રૂપિયાનો ભરેલો થાળ આગળ મૂક્યો, કપૂરથી આરતી કરી અને જેને જેવી આવડે તેવી તેણે સ્તુતિ કરી. ૩૧. જ્યારે સ્તુતિ કરી રહ્યા ત્યારે ઘણા હરખથી સંતો, વર્ણી અને પાર્ષદોની કેસરયુક્ત ચંદનથી પૂજા કરી. ૩૨. ફૂલના હાર પહેરાવીને સંતો, વર્ણી અને પાર્ષદોને એક એક વસ્ત્ર ઘણા ભાવથી ઓઢાડી દીધું. ૩૩. જ્યારે હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે સંધ્યા વખત થયો. તે વખતે તત્કાળ જ મશાલો થઈ. અને સંતોએ ઊભા થઈને આરતી બોલીને જ્યારે નારાયણધૂન શરૂ કરી, ત્યારે શ્રીહરિ ધૂન બોલવા લાગ્યા. અને તે સમયે વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા. ૩૪-૩૫. દેવતાઓ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવા લાગ્યા અને મુખથી 'જય જય...જય જય...' આવા શબ્દો બોલીને ફૂલ અને કેસરયુક્ત ચંદનની વૃષ્ટિ પ્રેમમગ્ન થઈને છાની રીતે કરવા લાગ્યા. જે સમાધિનિષ્ઠ

ભક્ત હતા તેમને તે દેખાતું હતું. ૩૬-૩૭. જ્યારે શ્રીહરિ ‘નારાયણધૂન’ કરીને બેઠા ત્યારે બધા સંતો પણ ‘જય જય...જય જય...’ શબ્દ બોલીને બેઠા. ૩૮. તે સભામાં વિદ્વાન વિપ્રો હતા તેમની આગળ શ્રીહરિએ કહ્યું, ‘તમે સહુ બુદ્ધિમાન છો એટલે કાંઈક પ્રશ્ન પૂછો તો અમે વાત કરીએ. ૩૯. તમે જે રીતે પ્રશ્ન કરશો તેના ઉપર અમે વાત કરશું. તો સ્વસ્થ ચિત્ત થઈને પૂછો. અમે તો સવારે ચાલતા થઈશું.’ ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “શ્રીહરિ અને સંતો-ભક્તોએ સ્નાન કર્યું અને સભામાં સહુનું પૂજન કર્યું” એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥

પૂર અઢારમું : તરંગ - ૫૦

વડનગરમાં વિદ્વાન વિપ્રોને શ્રીહરિનું સત્ય સ્વરૂપ સમજાયું

તે સભામાં જેટલા વિદ્વાન વિપ્રો બેઠા હતા તેમણે તે સમયે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, ‘પ્રભુ, બધું શહેર સવારથી આવીને આપની પાસે બેઠું છે. સહુએ પોતાના ઉદ્યમ અને કામકાજ તથા ખાન-પાન પણ બધું છોડીને તન, મન આપમાં જોડી દીધા છે. ૧-૨. ગુરુમાં પોતાનું જેટલું સામર્થ્ય હોય તેટલું તે પોતાના શિષ્યને બતાવે છે, તે આજ અમે દેખ્યું. ૩. અમને કરોડો વાતે પણ અહીંયા આવવાનું મન ન હતું, પણ આપને આવ્યા સાંભળીને અમારો જીવ દોડીને અહીં આવ્યો છે. ૪. વારંવાર ઘેર જવા માટેનું મનમાં નક્કી થયા કરે છે, પણ આપનાં દર્શન કર્યાં સિવાય ઘરમાં જીવને જંપ થતો નથી. ૫. જેટલા ભક્તોની જીવનદોરી આપના હાથમાં છે, તે અમે સમાધિ થયા વિના જ આજે દેખી છે.

હે નાથ ! આપ તો મહાન સમર્થ છો. ૬. આજ સુધી અમે આપના સત્સંગનો ઘણો દ્રોહ કર્યો છે. વૈરાગી, બીજા ગુરુઓ અને વિપ્રો આપને જેવા માનતા હતા તેવા જ અમે પણ માનતા રહ્યા છીએ. ૭. તેને લીધે અમે આપની નિંદા કરતા રહ્યા છીએ. અમારા સમાન બીજો કોઈ આપનો ને સત્સંગનો દ્રોહી કહી શકાય નહિ. આપના જેટલા શિષ્યો છે તે બધા

જ સ્વધર્મમાં ચાલી રહ્યા છે. ૮. શાસ્ત્રોમાં જોઈને જેટલી નિંદિત અભક્ષ્ય વસ્તુઓ છે તેનો આપ નિષેધ કરતા રહ્યા, ત્યારે અમે તેનું પ્રતિપાદન કરતા હતા. ૯. તે આપે હમણાં કેટલાય યજ્ઞો કરાવ્યા. તેમાં આવ્યા તેટલા વિપ્રોને જમાડ્યા અને અપાર દાન દક્ષિણાઓ આપી. આપ પોતાની પાસે કાંઈ ધન રાખતા નથી. ૧૦.

આપની પાસે જે કાંઈ ધન આવે છે તેને આપ અત્યાર સુધી બ્રાહ્મણોના હિતમાં જ વાપરી નાખો છો. તે અમે પોતાની નજરે દેખી રહ્યા છીએ. ૧૧. બ્રાહ્મણ હોય તે બ્રાહ્મણના મહિમાને જાણતા હોય છે. અમે જ્યારે તમારી પાસે આવીએ છીએ ત્યારે તેવું જણાય છે, પરંતુ જ્યારે દૂર જઈએ છીએ ત્યારે તેવું મંતવ્ય રહેતું નથી. ૧૨. પ્રભુ ! અમારી સમજણ કાયમ એકસરખી રહે અને ક્યારેય ફરે નહિ એવી વાત અત્યારે આપ કરો, અમે તેવી પ્રાર્થના કરીએ છીએ.' ૧૩. ત્યારે વિપ્રોના પ્રત્યે શ્રીહરિ તે વખતે બોલ્યા, 'તમે ઘણી સારી વાત કહી. હવે અમે અમારા વિચાર કહીએ છીએ. ૧૪. **જ્યાં સુધી જીવને મોક્ષનો ખપ ન હોય ત્યાં સુધી તેનું મન વિભ્રાંત થઈને ફરતું રહે છે.** ૧૫.

મોહરૂપી મદિરાનું પાન કરવાને લીધે પળ પળમાં તેની મતિ ફરી જાય છે, એકસરખી રહેતી નથી. ૧૬. માણસ જ્યારે ગુલાબના બાગમાં જઈને બેસે ત્યારે ગુલાબની સુગંધ આવે છે. જ્યાં સુધી તે ત્યાં બેસે છે ત્યાં સુધી જ તેને ગુલાબની બહુ સુગંધ આવે છે. અને મળના ખાડામાં જઈને બેસે ત્યારે મળની ગંધ આવે છે. મનુષ્ય જેવું અન્ન ખાય છે તેવો તેને ઓડકાર આવતો રહે છે. ૧૭-૧૮. ખાવા-પીવાના પદાર્થ જેવા હોય છે તેવું તેનું અંતઃકરણ થઈ જાય છે. જેટલી પ્રકારના રસ હોય છે તે તે પ્રકારનું તેનું અંતઃકરણ થઈ જાય છે. ૧૯. એ રીતે જ જેવા જેવા રૂપ હોય છે તેવા તેમાં ગુણ રહ્યા હોય છે. અને તે ગુણના જેવું અંતર થઈ જાય છે. તે ગબરગંડને દેખાતું નથી. ૨૦.

જેટલી પ્રકારના શબ્દો હોય તેટલી પ્રકારના તેના ગુણ હોય છે અને તે શબ્દના ગુણ અનુસારે તેવું અંતર તરત ફરી જાય છે. ૨૧. કેટલીય પ્રકારના સ્પર્શ હોય છે. તે સ્પર્શના ગુણને લીધે ગુણ ગ્રહણ કરનારનું અંતઃકરણ ફરી

જાય છે. ૨૨. જેવો નિર્મળ કાચ હોય તેવું માણસનું અંતઃકરણ હોય છે. કાચ જેવો નિર્વિકાર હોય છે, માણસનું અંતઃકરણ પણ તેવું નિર્વિકાર હોય છે. ૨૩. જેટલી જે વસ્તુ નિર્મળ અને નિર્વિકાર હોય છે અને જેમ જેમ અધિક નિર્મળતા હોય તેનો જ્યારે યોગ થાય છે, ત્યારે યત્કિંચિત વસ્તુઓ હોય તે નિર્મળ દેખ્યામાં આવે છે. પરંતુ જ્યાં સુધી મનમાં અજ્ઞાન અને અવિવેક રહે છે ત્યાં સુધી બધું એક લાગે છે, સારા મોળાનો ભેદ રહેતો નથી. ૨૪-૨૫. જીવ અછેદ્ય, અભેદ્ય ઇત્યાદિક અપાર ગુણોને લીધે દેહથી ભિન્ન છે અને છેદ્ય, ભેદ્ય ઇત્યાદિક દેહમાં અપાર વિકારવાળા ગુણો ભર્યા છે. ૨૬. **દેહમાં જેટલા વિકારો રહ્યા છે તેને અજ્ઞાની મનુષ્યો જીવમાં માની રહ્યા છે અને તે જ જીવને દૃઢ બંધન છે.** ૨૭.

✵ શરણાગતને જ શ્રીહરિ સમજાય છે :

કોઈ ચાહે તેટલો નિપુણ હોય, તોપણ જ્ઞાનરૂપી શસ્ત્ર સિવાયના બીજા અનેક શસ્ત્રોથી ક્યારેય જીવના બંધન કપાતા નથી. ૨૮. **અને ભગવાન અને ભગવાનના સંતનું શરણ સ્વીકાર્યા સિવાય ક્યારેય જ્ઞાનમાર્ગમાં ગમ પડતી નથી.** ૨૯.

चोपाई :

भगवान अरु भगवान ताके, साचे संत रहाये वाके;
ज्ञान के दोनु नेत्र रहाये, दोनु नेत्र बिन अंध कहाये...३०
दो में एक के जोग विनही, ज्ञान साचे न पावत किनही;
दो के जोग विन विधी जेसे, समृथ भये तोउ कहा तेसे...३१

ભગવાન અને ભગવાનના સાચા સંત એ બે જ્ઞાન માટેના નેત્ર છે. તે બે નેત્ર વિના તો માણસ અંધ કહેવાય છે. ૩૦. તે બેમાં એકના પણ યોગ વિના જીવ ક્યારેય સાચું જ્ઞાન પામતો નથી. અને બન્નેના યોગ વિના તો બ્રહ્મા જેવો સમર્થ હોય, તોપણ કહ્યા તેવા અજ્ઞાનના બંધનનો નાશ કરી શકતા નથી. અજ્ઞાનનું આવું દૃઢ પાશ-બંધન છે.' સભામાં જેટલા વિદ્વાનો બેઠા હતા તે સહુએ શ્રીહરિની વાત કાને સાંભળી. ૩૧-૩૨. તે સાંભળીને સહુ મનમાં અપાર આશ્ચર્ય પામ્યા અને પછી તેઓ બોલ્યા કે, 'તમે જ સાચા

ભગવાન છો. તે અમે આપની વાતમાં જાણી લીધું છે. ૩૩. હવે જો અમારું અંતઃકરણ ફરી જાય તો અમારા બધા જેવો બીજો કોઈ અધમ કહેવાય નહિ. અમારામાં જેટલું અજ્ઞાન રહ્યું છે તેટલું આપે મૂર્તિમાન દેખાડ્યું છે. ૩૪. અમારો ઉદ્ધાર કરવા માટે આપ પ્રેમથી પધાર્યા છો. શાસ્ત્રમાં તો અપાર વાતો રહી છે તેમાંથી એકવાર અમે સાંભળ્યું છે કે, ૩૫.

✻ ગુરુ વિના જ્ઞાન થાય નહિ :

साचे गुरु मिले जो जबही, साचे जन कु ज्ञान की तबही;
गम परे नहि रहे अंदेसा, खप बिन कछु न करे उपदेशा...३६
अज्ञान जन में जिहा लगहू, बालक सम रहे तिहा लगहू;
विधी सम हि होवे तोऊ, बालक सम हि रहे सोऊ...३७

સાચા ગુરુ જ્યારે મળે ત્યારે સાચા મુમુક્ષુ જીવને જ્ઞાનની સાચી ગમ પડે છે અને કોઈ સંદેહ રહે નહિ. જેને ખપ નથી તેને ગુરુનો ઉપદેશ કંઈ જ કામ લાગતો નથી. ૩૬. જ્યાં સુધી માણસમાં અજ્ઞાન રહે છે ત્યાં સુધી તે બાળકના જેવો છે. ભલે તે બ્રહ્મા જેવો હોય તોપણ તે બાળકના જેવો જ રહે છે. ૩૭. તો પછી ઈન્દ્ર અને ચક્રવર્તી રાજા શા લેખામાં ? અને બીજા લોકોનું તો કહેવું જ શું ? કે જેને તેની કાંઈ ગમ જ નથી.' ૩૮. આવું વિદ્વાન વિપ્રોએ કહ્યું ત્યારે શ્રીહરિએ તેમના પ્રત્યે હેતથી કહ્યું કે, 'સત્સંગ જે રીતનો છે તેવી રીતે જ તમે બોલજો. હવે સત્સંગનું તમે વાંકુ બોલશો નહિ. ૩૯. તેનાથી તમારા જે અપાર દોષ હશે તે બધા માફ થશે. અને લગાર પણ ખળતાઈ રાખશો તો તેનો દોષ લાગશે. અત્યારે આ સત્સંગ છે તે તો કળિયુગમાં કલ્પવૃક્ષ જેવો છે, તે વાત નિશ્ચિત છે તેને સદ્‌બુદ્ધિવાળા સજ્જનો જાણે છે.' ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વડનગરમાં વિદ્વાન વિપ્રોને શ્રીહરિનું સત્ય સ્વરૂપ સમજાયું" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર અઢારમું : તરંગ - ૫૧

અવિવેક તથા બાળબુદ્ધિનો ત્યાગ તેમજ સંપ-કુસંપનું સ્વરૂપ કહ્યું

શ્રીહરિના મુખની વાત સાંભળીને જે વિપ્રો હતા તેના દિલમાં મોક્ષનાં અંકુર ઉદય થયા અને પછી સહુ સત્સંગી થયા. ૧. એક એકની આગળ ચાલીને સહુએ વ્રતમાન નિયમ ધારણ કર્યા. અને ચોરી, વ્યભિચાર, મદ્ય અને માંસ આ બધા દોષોનો ત્યાગ કર્યો. ૨. શ્રીહરિએ જેનો હાથ પકડ્યો તેનાં ભાગ્યની વાત હવે શી કરવી ? મોટા દેવતાઓ પણ ગુલતાન થઈને તેના ગુણ ગાય છે. ૩. **થોડા પુણ્યે ભગવાનનો જોગ ક્યારેય થાતો નથી, એ ચોક્કસ વાત છે. યોગ થવો એ તો ઘણી અપાર વાત છે.** ૪. મુક્તાનંદસ્વામી કહે છે કે, 'જેને ભગવાનનો જોગ ન થયો હોય તે લોકો ભગવાનના જોગવાળા આચાર્ય અને સંતોની ઈર્ષ્યા અને માન તજીને પ્રેમપૂર્વક મન, કર્મથી જ્યારે સેવા કરે છે, ત્યારે જેવી સેવા કરે તેવો તેમનો મોક્ષ થાય છે. આ વાતમાં લેશમાત્ર પણ ફેરફાર નથી. ૫-૬.

✵ ક્યારેય સંતો-ભક્તોને દુભવવા નહિ :

चोपाई :

भगवान के जोग भये न जाही, एसे जितने जन रहाही;
सत्संग यह करत रहेऊ, जथार्थ धर्म रखत रयेऊ...०७
भक्ति करत रहेउ अपारा, भगवान कु मिले ताकु लगारा;
जितना दुबावत रहे ताई, तितना आपके बुरे वाई...०८

જેને ભગવાનનો યોગ ન થયો હોય આવા જેટલા ભક્ત હોય તેઓ સત્સંગ કરતા રહે, યથાર્થ ધર્મ પાળે, ૭. અને અપાર ભગવાનની ભક્તિ કરતા રહે, તો તેમનો મોક્ષ થાય છે. અને ભગવાનને પ્રત્યક્ષ મળેલા હોય તેવા સાચા પ્રગટના આશ્રિતને જો લગારેય દુભાવે તો તેટલું તે પોતે જ પોતાનું ભૂંડું કરે છે. ૮. તેને વજ્રનાં જેવું પાપ લાગે છે. જે ભગવાનને મળેલા હોય અને ભગવાનના મળેલાને મળેલા હોય, ૯. તેઓ સંસાર સાગરને તરવા માટેના વહાણ છે. એમાં હું તલભાર પણ મિથ્યા કહેતો નથી. જેટલા આધુનિક સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો છે, ૧૦. તેઓ

ભગવાનના ભક્તને જેટલા દુભાવે છે તો તેની તેટલી કરેલી સેવા નિષ્ફળ થાય છે. પોતે મનમાં પોતાને રાજા માનવાથી કાંઈ રાજા થવાતું નથી. ૧૧. કેટલાક નારકી પાપી લોકો પોતે પોતાનાં મનથી ભગવાન થાય છે. તે ક્યારેય ભવસાગરને તરી શકતા નથી. ૧૨. પોતાને ભગવાન માનનારા લોકો પાપીઓમાં પણ અતિ અધમ પાપી છે. તેને એટલું બધું વધારે દુઃખ મળે છે કે, તે શરીરથી સહન કરી શકતા નથી. ૧૩. ચિત્રમાં આળેખેલા કરોડો સૂર્ય હોય, તોપણ તેનાથી અંધારું ક્યારેય ટળતું નથી. જે વિવેકી મનુષ્યો છે તેઓ આવું તપાસીને જુએ છે. ૧૪. અને જે સાચો સૂર્ય છે તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે તત્કાળ ઘોર અંધારું હોય તોપણ દૂર કરી દે છે. ૧૫. રાતના અપાર અંધારાનો સૂર્યોદયથી નાશ થાય છે, પણ અંતઃકરણનું જે અજ્ઞાનરૂપી અંધારું છે તે સૂર્યથી લગાર પણ ટળતું નથી. ૧૬.

ભગવાનરૂપી સૂર્યનો ઉદય થયા સિવાય અંતઃકરણનું અંધારું ટળતું નથી. ચાહે તેવો કોઈ અતિ સમર્થ હોય તોપણ તે ભગવાનથી તો અધિક નથી જ. ૧૭. આવી જેને નિષ્કપટ અને નિચ્છળ સમજણ હોય તેને જેટલી અધર્મયુક્ત બાબતો હોય તેની અંતઃકરણમાં અરુચિ રહે છે. ૧૮. **ઉપર દેખાવમાં જુદું હોય અને અંતઃકરણમાં જુદું હોય એવો માયાવી તો ભગવાનનો ચોર કહેવાય છે. જે અંદર અને બહાર અત્યંત શુદ્ધ હોય છે તેવાને જ સાચા સંત કહેવાય છે.** ૧૯. એવા સંતની જેટલી વાત હોય તેટલી સાચા જ્ઞાનની વાત છે. સાચા જ્ઞાનનો જેટલો માર્ગ છે તેને જ સાચો સત્સંગ કહેવાય છે. ૨૦.

જ્યાં તેવો સાચો સત્સંગ ઘણો જોરદાર રહ્યો હોય ત્યાં કળિયુગ પ્રવેશ કરી શકતો નથી. અને ત્યાં ભક્તોને પરસ્પર દ્વેષ પણ રહેતો નથી. ૨૧. ચાહે તેટલો સત્સંગ હોય, જ્ઞાનની ધૂન મચાવતા હોય, પૂરેપૂરા નિયમ રાખતા હોય અને ધર્મ પણ પળાવતા હોય, છતાં જેટલું કપટ હોય તેટલો તેમાં કળિયુગ કહેવાય છે. તે કોઈના દેખ્યામાં આવતો નથી. પણ કળિયુગનો સ્વભાવ જ એવો છે કે, તે પરસ્પર શત્રુદાવો બંધાવે છે. ૨૨-૨૩. લેણ-દેણ વિના પણ કુસંપ રાખે-રખાવે છે. અને કોઈનો ક્યારેય વિશ્વાસ કરવા દેતો

નથી. અને ભગવાનને રાજી કરવા માટે અગણિત લોકો ત્યાગી થયા છે. ૨૪. તેને પ્રત્યક્ષ ભગવાનની સમીપની સેવા મળી છે અને તેના સમાન બીજી કોઈ વાત નથી. તે તો સર્વોપરિ વાત છે. ૨૫.

જેટલી બાળબુદ્ધિ હોય તેટલો તે પ્રમાદ રાખે છે. ભગવાને તેને સેવાનું ઘણું સુખ આપ્યું હોય તોપણ તેને તે સમજી શકતો નથી. ૨૬. અમૂલ્ય સત્સંગની પ્રાપ્તિ થયા પછી પણ જે મનુષ્ય જેટલી બાળબુદ્ધિ રાખે છે તેટલું તે દિવસે દિવસે વધારે દુઃખને પામે છે. ૨૭. જે બાળબુદ્ધિના છે તેઓ પ્રમાદી થઈ રહે છે. અને મોહ તથા મદને લીધે દુઃખમાં પણ સુખ માનતા રહે છે. ૨૮. ભગવાન વિનાનું જેટલું સુખ છે તે બધું અલ્પ સુખ કહેવાય છે અને સાધુતાનું પદ તો અપાર રહ્યું છે. તે સારુ અલ્પ સુખ માટે અપાર એવા સાધુતાના પદનો, ૨૯. ક્યારેય ત્યાગ કરવો નહિ. પણ જેટલી બાળબુદ્ધિ હોય તેનો ત્યાગ કરવો. સંતોમાં પણ પરસ્પર જેટલું અંતર જુદું હોય, ૩૦.

✵ માન અને મમત્વ મોક્ષમાં વિઘ્નકારી છે :

તેટલી તેમાં બાળબુદ્ધિ રહે છે. તેને સાધુતાના પદની ગમ નથી. જો સાધુતાના પદની ગરિમા હોય તો અલ્પ વસ્તુનાં મમત્વને માટે થઈને કોઈ કોઈના માનનું ખંડન કરે ખરા ? ન જ કરે. ૩૧. **સંતને જે જે વાતનું માન રહેતું હોય તેટલી તેમાં ત્યાં સુધી બાળબુદ્ધિ જાણવી. અને જેને જેટલું મમત્વ તથા માન રહે છે તેટલું તેને મોક્ષમાર્ગમાં જરૂર વિઘ્ન રહે છે.** ૩૨.

चोपाई :

भगवान के भये निश्चे तामें, कोउ करे खंडन हि यामें;
परम शत्रु जानना ताऊ, तिलभर दोष न यामें रहाऊ...३३
धर्म नियम सत्संग ताके, भंग करावे जितने वाके;
इस रीत की केतीक रहे बाता, काम परे आवत देखाता...३४

પોતાને ભગવાનનો સર્વોપરિ નિશ્ચય થયો હોય તેનું કોઈ ખંડન કરે તો તે ખંડન કરનારને પરમ શત્રુ જાણવો. તેમાં તલભાર પણ દોષ લાગતો નથી. ૩૩. વળી, જેટલા ધર્મ, નિયમ અને સત્સંગનો ભંગ કરાવે તેને શત્રુ માનવા. આવી રીતની કેટલીક વાતો રહી છે જે કામ પડે ત્યારે દેખાય

છે. ૩૪. આવી બાબતોમાં મમત્વ અને માન દિનપ્રતિદિન અધિક રાખવા જોઈએ, એનું જ નામ વિવેક કહેવાય છે. અને તેવા વિવેક વગરના તો અંધ કહેવાય છે. ૩૫. બાળબુદ્ધિ અને વિવેકહીન અંધ, તે બન્નેની રીત એકસરખી છે, તે બન્નેની સમજણ વિપરીત હોય છે. ચાહે તેટલા મોટા અધિકારને મેળવે છતાં વિવેક વગરના તો બાળબુદ્ધિ તેમજ અંધ કહેવાય છે. ૩૬.

दोहा : विवेक बिन हि जो तिनके, दैव जोग कर ताके;
आश्रित जन हि अपार हि, संप न रहत वाके...३७
विवेक रहे जिहाँ जितनो, तिहाँ संप हि तेतो;
विवेक नहि जिहाँ तितनो, कुसंप रहाये एतो...३८
सोरठा : जिहाँ संप हि जेतो, सुख वरतत तेतो तिहाँ;
कुसंप तिहाँ तेतो, तेतो दुःख वरतत तिहाँ...३९
कुसंप तितनो जोउ, कलि इतनो वरतत रहेउ;
संप तितनो सोउ, सतजुग सो वरतत रहत...४०

વિવેક વગરના કદાચ દૈવયોગથી ભગવાનના અપાર આશ્રિત થાય છતાં તેમાં પરસ્પર સંપ રહેતો નથી. ૩૭. જ્યાં જેટલો વિવેક રહેતો હોય છે ત્યાં તેટલો સંપ રહે છે. અને જ્યાં વિવેક નથી હોતો ત્યાં તેટલો કુસંપ રહે છે. ૩૮. જ્યાં જેટલો સંપ હોય છે ત્યાં તેટલું સુખ રહે છે અને જ્યાં જેટલો કુસંપ હોય છે ત્યાં તેટલું દુઃખ રહે છે. ૩૯. જેટલો કુસંપ હોય છે તેટલો ત્યાં કળિયુગ રહે છે. અને જેટલો સંપ હોય છે તેટલો ત્યાં સત્યયુગ રહે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "અવિવેક તથા બાળબુદ્ધિનો ત્યાગ તેમજ સંપ કુસંપનું સ્વરૂપ કહ્યું" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર અઢારમું : તરંગ - ૫૨

વિસનગરમાં શ્રીહરિની ધામધૂમપૂર્વકની સુશોભિત નગરયાત્રા

શ્રીહરિ વડનગરમાં રાત રહીને સવારે ચાલતા થયા. પછી ભૂમિનો ભાર ઉતારવા માટે **વિસનગર** આવ્યા. ૧. જ્યારે દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ વિસનગર આવ્યા. સ્વયં રોઝા ઘોડા ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. ૨. કાઠી દરબારોના ઘણા અશ્વો હતા. તે બધા શ્રીહરિની સાથે ચાલતા હતા. તેનું સદ્‌ભાગ્ય કહી શકાતું નથી. ૩. શ્રીહરિ હરિભક્તોના હિતને માટે આ ભૂમિ ઉપર જ્યાં સુધી વિચર્યા ત્યાં સુધી બધી સવારી શ્રીહરિની સાથે ચાલતી રહી હતી. ૪. વિસનગરમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ફૂલના હાર પહેરાવીને વારંવાર શ્રીહરિને પગે લાગ્યા. ૫. તે સિવાયના જે ભાવિક સજ્જનો ગામમાં હતા તે બધા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. અને તે બધા ફૂલના હાર લાવ્યા હતા, તે શ્રીહરિને પહેરાવીને પગે લાગ્યા. ૬.

વિસનગરના સૂબાએ પોતાની બધી સવારીને સોનેરી વસ્ત્ર, આભૂષણોથી બધાં અંગમાં સજાવીને શ્રીહરિની સન્મુખ મોકલી. ડંકા અને નિશાન પણ લાવ્યા હતા. કેટલીય જાતનાં વાજિંત્રોવાળા પણ આવ્યા હતા. તે સહુ આવીને શ્રીહરિના પગમાં પડ્યા. ૭-૮. તે વાજિંત્રો જે વખતે વાગતાં હતાં ત્યારે વિવિધ પ્રકારના ધ્વનિ થતા હતા. શ્રીહરિની આગળ સોનાની છડી લઈને છડીદારો ચાલતા હતા. ૯. તેઓ મનમાં ઘણું હેત લાવીને મુખથી 'જય જય...જય જય...' આવા શબ્દો બોલતા હતા. અને સવારીને ચાલવાની જે રીત હોય છે તે પ્રમાણે ત્યારે બધી સવારી ચાલતી થઈ. ૧૦.

ડંકા, નિશાન અને વાજિંત્રો સહુની આગળ ચાલતા હતા અને વાજિંત્રોની પાછળ નાગરિક જે પુરુષો હતા તે ચાલતા હતા. ૧૧. જ્યારે શ્રીહરિ પુરમાં ચાલ્યા ત્યારે ગુલાલ ઉડાડતા હતા અને ઉત્સવિયા લોકો મૃદંગ અને ઝાંઝ વગાડીને ઉત્સવ કરતા હતા. ૧૨. સંતો અને બ્રહ્મચારી જેટલા હતા તે હરિભક્તોની પાછળ ચાલતા હતા. અને ઉમંગભેર શ્લોકો બોલતા હતા. ૧૩. જેટલા પાર્ષદો હતા તે સંતોની પાછળ રહ્યા હતા અને બંદૂકોના

અવાજ કરીને પુરને ગજવી દીધું હતું. ૧૪. પાર્ષદોની પાછળ છડીદાર ચાલતા હતા, તેના પછી શ્રીહરિ અને તેમની પાછળ બધા ઘોડેસવારો હતા. ૧૫. ઘોડેસવારોની પાછળ સદ્‌ગુરુની ગાડી ચાલતી હતી. આ રીતે તે સમયે શ્રીહરિની બધી સવારી વિસનગરમાં ચાલતી હતી. ૧૬.

શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં વગેરે રંગબેરંગી ધાર્યાં હતાં. મસ્તક ઉપર પેચવાળી સોનેરી પાઘ મૂકી હતી અને પાઘની વચ્ચે મોતી ભરેલા છોગા ધારણ કર્યા હતા. ૧૭. બન્ને કાન ઉપર મોતીના કુંડળ ઝગમગ ઝગમગ ચમકી રહ્યા હતા. વિવિધ પ્રકારના મોતીના તોરાઓ પાઘમાં રાખ્યા હતા, તે લટકતા હતા. ૧૮. કાન ઉપર ફૂલના ગુચ્છ રાખ્યા હતા અને લલાટની વચ્ચે કેસરનું તિલક કર્યું હતું. તિલકની વચ્ચે કુંકુમનો શુભ ગોળ ચાંદલો કર્યો હતો. ૧૯. મુખની આગળ રૂમાલ રાખ્યો હતો અને કૃપાળુએ એક હાથમાં મોતી જડિત છડી રાખી હતી. સોનેરી જામો પણ મોતી જડિત હતો. તેનું ચિંતવન કરનારાનું ચિત્ત તેમાં ચોંટી જતું હતું. ૨૦.

સોનેરી સુરવાળમાં મોતી ભરેલા હતા તે શ્રીહરિએ પહેર્યો હતો અને મોતી જડિત બન્ને મોજડીઓ ચરણમાં પહેરી લીધી હતી. ૨૧. છાતી ઉપર મોતી જડિત હાર પહેર્યા હતા. તે રીતે જ બાજુ અને પોંચીઓ મોતી જડિત પહેરી હતી. કાંડામાં મોતી જડિત કડાં અને આંગળીઓમાં વીંટીઓ પહેરી હતી. ૨૨. ઘોડાને જે ઘરેણાં પહેરાવ્યાં હતાં, તેમાં એક પણ મોતી જડ્યાં વગરનું હતું નહિ. અબદાગીરી અને છત્રમાં પણ મોતી જડી દીધેલા હતા. ૨૩. શ્રીહરિના ઉપર મોતી જડિત ચામર વિંઝાઈ રહ્યાં હતાં. આ રીતે શ્રીહરિ વિસનગર પુરમાં આવ્યા. અને જેટલી રાજબજારો હતી તે બધી સ્વચ્છ કરાવીને તેમાં કેળના સ્થંભ રોપાવ્યા હતા. ધજા, તોરણો અને પતાકાઓ દરવાજે દરવાજે બંધાવી હતી. ૨૪-૨૫. સોનાનાં માંગલિક કળશ રંગબેરંગી ઘરના દરવાજે મૂકી દીધા હતા. ૨૬. ઘેર ઘેર ઠેર ઠેર અગરુ ચંદનના ધૂપ અને ઘીના દીવાઓ પ્રગટાવીને મૂકી દીધા હતા. ૨૭. બજાર ઉપર રહેલી દુકાનો અને ભવનોને પણ શ્રીહરિને પ્રસન્ન કરવા સારી રીતે શણગાર્યાં હતાં. ૨૮. ગામના જેટલા મનુષ્યો હતા તે બધા બજારમાં

આવીને ઊભા હતા. મકાનોના માળ, ગોખ અને ગેલેરી વગેરેમાં નરનારી લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે અપરંપાર ઊભા હતા અને જેટલા પુરુષો હતા તે બધાએ હાથમાં ફૂલહાર લીધેલા હતા. ૨૯-૩૦.

તે સમયે ફૂલનો બાગ જાણે ખીલી ઉઠ્યો હોય અથવા તો ફૂલની મંડળી ભરાણી હોય તેવી શોભા બની હતી. લોકો શ્રીહરિના ઉપર ફૂલહારની વૃષ્ટિ કરતા હતા. ૩૧. જેટલા લોકો ઊભા હતા તે બધા બે હાથ જોડીને પગે લાગતા હતા. અને મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. તે શબ્દ એકતાર સંભળાતો હતો. ૩૨. શ્રીહરિની આગળના ભાગમાં ચાલતા પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા અને પુરની જેટલી સ્ત્રીઓ હતી તે મોતી ભરેલા સોનાનાં થાળ લઈને હરખથી વધાવતી હતી અને મુખથી મંગળમય ગીતો ગાતી હતી. શ્રીહરિ જેટલી વખત આ વિસનગર પુરમાં આવ્યા તેટલી વખત પુરવાસી બધા મનુષ્યોએ તન-મનની બધી વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં પ્રેમમગ્ન થઈને અર્પણ કરી દીધી હતી. શ્રીહરિની મૂર્તિ સિવાય ચિત્તમાં કાંઈ રાખ્યું ન હતું. ૩૩-૩૫.

ભગવાનની મૂર્તિનાં દર્શન કરતી વખતે ચિત્તની વૃત્તિમાં વિક્ષેપ કરનાર કોઈ પોતાનો હિતકારી પરમ મિત્ર હોય, તોપણ તે પુરવાસીઓને ઝેરના જેવો દુઃખકારી લાગતો હતો. ૩૬. આવા સદ્‌ભાવનાવાળા નગરજનોની મનોવૃત્તિને દેખીને સુખધામ ઘનશ્યામ શ્રીહરિ ધીરે ધીરે બજારે ચાલતા હતા. ૩૭. તેમાં જેટલા હરિભક્તો હતા તેમણે ઘણા ભક્તિભાવથી શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરીને સારી રીતે પૂજા કરી. ૩૮. હરિભક્તોમાં જેનો જેટલો ભાવ હતો તે શ્રીહરિની પૂજા કરીને પૂરો કર્યો. સહુએ ઘણો લાભ લીધો, તે કહી શકાતું નથી. ૩૯. વિસનગરના હરિભક્તોએ આ વખતે એટલું સુખ લીધું કે, તેને કરોડો કલ્પ સુધી કહીએ તોપણ કહી શકાય તેમ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વિસનગરમાં શ્રીહરિની ધામધૂમપૂર્વકની સુશોભિત નગરયાત્રા" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર અઢારમું : તરંગ - ૫૩

લેખકે શરણાગતિ અને ભગવાનનાં સ્વરૂપનો મહિમા કહ્યો

વિસનગરમાં જે બીજા ભાવિક લોકો હતા તેમણે પણ પોતાને ઘેર શ્રીહરિની તે વખતે પધરામણી કરાવી હતી. ૧. કેટલાક પુરવાસીઓએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં શ્રીહરિને ધરાવીને હરિભક્તોની સાથે સાથે ઘણો જ લાભ લીધો. ૨. તેમણે શ્રીહરિને ઘણા મેવા, મીઠાઈના થાળ જમાડ્યા. શ્રીહરિ તો તેને તે સ્મૃતિ રહે તે માટે જમતા હતા, બીજું કોઈ પ્રયોજન ન હતું. ૩. શ્રીહરિનાં ચરિત્રની એક એક વાત એક એક મહા કલ્પ સુધી લખવામાં આવે, તોપણ લખી શકાતી નથી. હરેક દિવસની એટલી બધી વાતો છે. ૪.

❋ ભગવાન સંબંધી વાતનો પ્રતાપ :

चोपाई :

हरि कि बात बिन जितनि बाता, कहत सुनत जन जो रहाता;
हरि बात बिन ओर बात ताके, रस लेवत भये जितना वाके...०५
तितना विष पिवत रहे तेहा, जन्म होवत तितना एहा;
हरि की बात जितना जेहू, सुनत रुचि लाय जन तेहू...०६

ભગવાનની વાતો સિવાયની બીજી જેટલી વાતો છે તેને જે લોકો કહે છે તથા સાંભળે છે, અને ભગવાનની વાત સિવાય બીજી બાબતમાં જે જેટલો રસ લે છે, માનો તેટલું તે ઝેર પીવે છે અને એટલા તેના જન્મ થાય છે. ભગવાનની વાતોને જેટલી રુચિપૂર્વક સાંભળે છે, તેને માથે જેટલા જન્મ લેવાના હોય તે સર્વે છૂટી જાય છે. અને તે સિવાય તો બીજું કેટલુંય સુખ પામે છે અને તલભાર પણ દુઃખ રહેતું નથી. ૫-૭. ભગવાનની વાતમાં સત્ય અને શાશ્વત સુખ રહ્યું છે. ભગવાન સિવાયની વાતમાં તો મિથ્યા અને અલ્પ સુખ રહે છે. ૮.

❋ શરણાગતિની આવશ્યકતા :

જ્યાં સુધી જીવ ભગવાનની વાતમાં રુચિ નથી કરતો ત્યાં સુધી તેની બુદ્ધિ વિપરીત રહે છે. અને ઊંધી દિશામાં ચાલતો રહે છે. ૯. **તે જેમ જેમ**

ચાલતો જાય છે તેમ સાચા સુખથી દૂર થતો જાય છે. અને મિથ્યા સુખની નજીક થતો જાય છે. આ બ્રહ્માંડમાં જે લોકો રહ્યા છે તે બધા ભગવાનને શરણે થયા સિવાય, ૧૦. અલ્પ અને મિથ્યા સુખને માટે રાત-દિવસ મહેનત કરતા રહે છે. એમ ને એમ કરોડો કલ્પ વીતી જાય, તોપણ તેને સાચું પરમ સુખ મળતું નથી. ૧૧. ભગવાનનાં સાચાં સુખમાં મનુષ્ય જ્યારે રુચિ કરે છે ત્યારે જેટલું દુઃખ કહેવાય છે તે બધાનો નાશ થઈ જાય છે. ૧૨. જ્યારે ભગવાન શ્રીહરિ તેમને માટે સુગમ થયા ત્યારે તે ભાવિક નાગરિકોના બધા મનોરથોને પૂરા કર્યા. ૧૩.

જ્યારે ભગવાન સુગમ થાય છે ત્યારે તેમના જેવું બીજું કોઈ સુગમ નથી હોતું. છતાં જેટલા અભાગી લોકો છે તે ભગવાનથી અત્યંત દૂર રહે છે. ૧૪. પુરજનોના તે તે મનોરથોને પૂર્ણ કરીને અત્યંત દુર્લભ એવા શ્રીહરિ ઉમંગભેર પુરથી બહાર આવ્યા. ૧૫. વિસનગર ગામથી પૂર્વ દિશામાં જે શિવજીનું મંદિર છે ત્યાં આવીને શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો. ૧૬. શ્રીહરિ જ્યારે જ્યારે મોટા નગરમાં જતા હતા ત્યારે ડંકા, નિશાન વગેરે લઈને સવારી સામે આવતી હતી. ૧૭. તે સવારીમાં જે મોટેરા હોય તેને શ્રીહરિ પહેરામણી કરતા હતા. શ્રીહરિની આવી અધિક ભાવ વધારે એવી રીત હતી. ૧૮.

❋ ભગવદ્‌મહિમા :

અહીંયા જે સવારી આવી હતી તેમાં જે સહુથી મોટા હતા તેને દેખી તપાસીને શ્રીહરિએ ઘટિત રીતે પહેરામણી કરી. ૧૯. **શ્રીહરિ જે કોઈ પણ કામ કરતા હોય તે તપાસ્યા સિવાય કરતા નહિ. અને જે કાંઈ આવા દાન, પુણ્ય કરતા હતા તે પણ સમય વિચારીને કરતા હતા.** ૨૦. **શ્રીહરિ કોઈ પણ બાબત કરતા હોય ત્યારે તેમાં અનેક બાબત આવી જતી હતી. તે બીજાને દેખવામાં આવતું નહિ. શ્રીહરિ જ્યારે જે કાંઈ પણ કરતા તે ક્યારેય વગર વિચાર્યું કરતા નહિ.** ૨૧. ઉપરથી તો વિવેક વિના કામ કરતા હોય એવું લાગતું, છતાં તેમાં પણ કેટલીક રહસ્ય વાતો રહેતી. ઈન્દ્ર જ્યારે વરસાદ વરસાવે છે ત્યારે કોઈ સમ વિષમ સ્થાન દેખતા નથી. ૨૨. ઈન્દ્ર જેમ સમાન સ્થળમાં વરસાદ કરે છે તેમ ખાડા ટેકરામાં પણ કરે છે. જે સહુથી

મોટા હોય છે તેઓ બધાને પોતાના માનતા હોય છે અર્થાત્ તેમની દૃષ્ટિ સહુમાં સમાન રહેતી હોય છે. ૨૩. આવા બ્રહ્માંડો તો અનંત છે તેનો કોઈ અંત લઈ શકતા નથી. એકાર્ણવ જળની ઉપર બુદબુદાની સમાન અનંત બ્રહ્માંડો રહ્યા છે તે, ૨૪. અપાર બ્રહ્માંડો પાણીના પરપોટાની જેમ તરતા રહે છે. તેનો કોઈ પાર પામતા નથી. તે મહાજળમાં કેટલાક નવા બ્રહ્માંડો ઊપજે છે અને કેટલાક ફૂટી જાય છે. આ પ્રક્રિયા નિરંતર ચાલુ રહે છે. ૨૫. શ્રીહરિની આવી લીલાઓ તો અપાર હોય છે. બ્રહ્માદિક દેવતાઓને પણ તે લીલાઓની જરાય ગમ હોતી નથી. ૨૬. ભગવાનની જે વાત છે તેને તો સ્વયં ભગવાન કહે ત્યારે જ આપણને ખબર પડે છે. કારણ કે, વેદ પણ ભગવાનની સ્તુતિ કરીને સનકાદિક સંતોની આગળ કહે છે. ૨૭. ભગવાનની જડ અને ચેતનરૂપ બે શક્તિઓ રહી છે, તે ભગવાનનું અનુપમ ઐશ્વર્ય છે; તેને ભગવાનની યોગકળા કહેવાય છે. ૨૮.

❋ દાસત્વનો મહિમા :

चोपाई :

एक एक रोम हरि ताके, अक्षर कोटि अनंत रहे वाके;
अक्षर के एक एक रोम तामें, ब्रह्मांड की कोटि कोटि वामें...२९

रहाये अक्षर रहे एसे, हरि के दास होई कर तेसे;
हरि के दास होई वर्तत तिनमें, ऐश्वर्य अपार आवत ईनमें...३०

श्रीहरि के जिहाँ लगहि जेहा, होवत नहि दास जन तेहा;
चाय तेसे यह ज्ञानी होऊ, शुष्क ज्ञानी रहावत सोऊ...३१

हरि के दास बिन चाय तितना, ज्ञानी जन जो होवे जितना;
श्रीहरि ताके दास हि तेही, रोम एक सम होत न एही...३२

ભગવાન શ્રીહરિના એક એક રોમમાં અનંતકોટિ અક્ષર રહ્યા છે અને તે હરેક અક્ષરના એક એક રોમમાં કરોડો બ્રહ્માંડો રહ્યા છે. ૨૯. આવા મહાન અક્ષર પણ ભગવાન શ્રીહરિના દાસ થઈને વર્તે છે. શ્રીહરિનો દાસ થઈને જે વર્તે છે તેમાં અપાર ઐશ્વર્ય આવે છે. ૩૦. જ્યાં સુધી મનુષ્ય ભગવાન શ્રીહરિનો દાસ નથી થતો તે ચાહે તેટલો જ્ઞાની હોય તોપણ તે શુષ્કજ્ઞાની જ રહે છે. ૩૧. ભગવાનના દાસ થયા સિવાય ચાહે તેટલા મોટા

જ્ઞાની હોય, તોપણ તે ભગવાન શ્રીહરિના દાસના એક રોમને સમાન પણ થતા નથી. ૩૨. તેવો શુષ્કજ્ઞાની પુરુષ બ્રહ્મ સુષુપ્તિમાં લીન થઈને રહે છે. પરમેશ્વર જીવના જેવાં કર્મ હોય તે પ્રમાણે તેને ફળ આપે છે, અને તેવી ગતિ કરાવે છે. પરમેશ્વરની ગતિ અકળ હોય છે.

અને જે દંભી જ્ઞાનીઓ હોય છે તેઓ તો નરનારીઓને ઠગતા રહે છે. ૩૩-૩૪. તે તો કલ્પ સુધી જમપુરીમાં અપાર દુઃખને ભોગવે છે. અને જે જેટલી શાસ્ત્રની શુભ રીતિને છોડીને વર્તે છે, ૩૫. તેઓ તેટલાં દુઃખને પામે છે અને તેનું મુખથી વર્ણન થઈ શકતું નથી. જે લોકો મોક્ષને માર્ગે ચાલતા નથી તેઓ તો ભગવાનના ચોર બને છે. ૩૬. અંતર્યામી એવા શ્રીહરિ તો જીવની શુભ અશુભ જે કોઈ વાત હોય છે તેને જાણતા જ હોય છે. ૩૭. જીવ ચાહે તેટલો છુપાવીને જેટલું પાપ કરે છે તેને ભગવાન તો તલ તલ જેટલું જાણે છે અને તેનું ફળ પણ દેતા રહે છે. ૩૮. ભગવાનના આશ્રય વિના જે જીવ બીજા પુણ્ય અને તપને કરે છે તે દેવલોકમાં જઈને તેનાં ફળને ભોગવે છે. અને પછી ભરતખંડમાં જન્મ ધરે છે. ૩૯. અને ભરતખંડમાં જન્મ્યા પછી જેટલાં પાપ કરવામાં આવે છે તે પાપ કરનારો પાપી જીવ જમપુરીમાં જાય છે. અને જેવાં પાપ હોય તેવાં દુઃખને ત્યાં ભોગવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "લેખકે શરણાગતિ અને ભગવાનનાં સ્વરૂપનો મહિમા કહ્યો" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર અઢારમું : તરંગ - ૫૪

વિસગનરના અભિમાની શોભારામનાં નેત્ર ગયા ત્યારે તે નમ્યો

શ્રીહરિ સભામાં સહુ નગરજનોને દર્શન દેતા હતા ત્યારે રસોઈ તૈયાર થઈ. પછી જે પાટ ઉપર બેઠા હતા ત્યાંથી ઉઠીને તે સમયે ચાલતા થયા. ૧. શ્રીહરિ એક અશ્વ ઉપર બેઠા અને પુરમાં ચાલ્યા. સંતો, વર્ણી અને પાર્ષદો વગેરે સહુ સાથે ચાલ્યા. ૨. વિસનગરમાં મોતીરામ નામના નાગર વિપ્ર સત્સંગી હતા. (તેઓ શોભારામના ભત્રીજા હતા.) તેમણે રસોઈ

બનાવી હતી કે જેણે સત્સંગને માટે ઘણું કષ્ટ સહન કર્યું હતું. ૩. સં.૧૮૬૧ ના વર્ષથી નાગર હરિભક્તોના આઠ ઘરને બધા નાગરોએ નાત બહાર કર્યા હતા. ૪. સં.૧૮૬૮ ના વર્ષ સુધી તેઓ નાત બહાર રહ્યા. જ્યારે શ્રીહરિએ વૌઠામાં સમૈયો કર્યો હતો ત્યારે પોતે ચરોતરમાં થઈને વાકળ દેશમાં ગયા. અને ત્યાંથી ઉમરેઠ થઈને ઉંટડિયા ગામમાં રહેલા ઉત્કંઠેશ્વર મહાદેવે ગયા હતા. અને પછી ત્યાંથી વિસનગર આવ્યા હતા, ત્યારે મયારામ ભટ્ટ સાથે હતા. ૫-૬. તેમને હરિભક્તોના જેટલા તડ હતા તેમને જમાડવાને માટે વિસનગર રાખ્યા હતા. ત્યાં શોભારામ અને સારથરામ નામના બે નાગર બ્રાહ્મણ હતા. ૭. તેઓ નાગરમાં બન્ને ધનાઢ્ય હતા અને તેમને સમૃદ્ધિનો ઘણો ગર્વ હતો. ભગવાનની ઈચ્છાથી બન્નેના તડ જુદા થયા હતા. ૮. સારથરામે આપણા હરિભક્તોને પોતાના તડમાં લઈ લીધા.

શ્રીહરિએ જ્યારે તે વાત સાંભળી ત્યારે તેના ઉપર ઘણું રાજી થયા હતા. ૯. તે સારથરામની સાથે મળીને વ્યવહારમાં નિપુણ બુદ્ધિના મયારામ ભટ્ટ જેમ શ્રીહરિ કહે તે રીતે હરિભક્તોના તડને પ્રેમથી મનમાની રસોઈ કરાવીને રોજ હરખભેર જમાડતા હતા. અને શોભારામના તડમાં જેટલા નાગરો હતા, તે બધા હરિભક્તોના તડમાં એક પછી એક ઘરે આવીને મળી ગયા. (તે સમયે શોભારામના ભત્રીજા મોતીરામ પણ તેમને મૂકીને સારથરામના તડમાં ભળ્યા. ત્યારે શોભારામે કહ્યું, મોતીરામ ! અમને મૂકીને તું એના તડામાં કેમ ગયો ? ત્યારે મોતીરામ કહે, મર્ય ચાંડાળ, પ્રથમ અમને નાતબહાર મૂકીને હવે તેડવા આવ્યો છો ? તે સમયે સારથરામ દેસાઈના તડવાળાએ ચાર દિવસ પકવાન કરીને જમાડ્યા હતા અને દક્ષિણા આપી હતી. મહારાજે પાંચ હજાર રૂપિયા સત્સંગીને માટે વાપર્યા હતા. તે વખતે સુબાને પણ પ્રતાપ જણાવીને સત્સંગી કર્યા હતા.) અને શોભારામ એકલો જ રહ્યો છતાં પણ તેણે દ્વેષની આંટી છોડી નહિ. ૧૦-૧૨.

શોભારામની દીકરીઓ અને દીકરાઓ પણ ઘણા સારા સત્સંગી થયા. તેઓ હરિભક્તોના તડમાં ભળી ગયા, તોપણ શોભારામ લગારેય નમતો નહિ. ૧૩. શોભારામનો દીકરો અને દીકરી બન્ને રોજ રોજ તેમને કહેતા

હતા કે, 'હવે તમે ભગવાનને ભજો. ૧૪. સહજાનંદસ્વામી તો નિશ્ચિત સાક્ષાત્ ભગવાન છે. મંદબુદ્ધિના તમે તેમને ભજો તો તમારાં નરકકુંડનાં બધાં જ દુઃખો ટળી જાશે. ૧૫. તમે ઘણા બુદ્ધિમાન છો છતાં નરકને માર્ગે ચાલ્યા જાઓ છો. મર્યા પછી ત્યાં આવીને તમારી કોઈ સહાયતા કરશે નહિ.' ૧૬. ત્યારે શોભારામે તેના દીકરા દીકરીને કહ્યું કે, 'હું દુઃખથી લગાર પણ ડરતો નથી. બધા સવાલ જવાબને જાણું છું. હું જે સવાલ પૂછું તેનો તેઓ જવાબ આપશે ? ૧૭. કાશીવિશ્વનાથના સમાન બીજો કોઈ સમર્થ નથી. અને શ્રીકૃષ્ણ પણ જગદંબા પાર્વતીને શરણે થયા હતા. ૧૮. જે જે દૈત્યો ગોકુળમાં આવ્યા તેમાં પૂતનાને પહેલી મારી દીધી. શ્રીકૃષ્ણ નાના બાળક હતા, તોપણ તેણે બીજું કેટલુંય સામર્થ્ય બતાવ્યું હતું. ૧૯. શ્રીકૃષ્ણમાં જેટલું સામર્થ્ય હતું તે બધું દેવી પાર્વતીના પ્રતાપથી આવ્યું હતું. શ્રીકૃષ્ણને જ્યારે જેટલું દુઃખ આવ્યું ત્યારે દેવીએ તેને બધી મદદ કરી હતી. ૨૦.

શિવ અને પાર્વતી બન્ને એકરૂપ છે. આ અનુપમ રહસ્ય વાતને બાળબુદ્ધિવાળા તમે સમજી ન શકો. સદાશિવમાં બધું જ રહ્યું છે. ૨૧. જો તમારા સ્વામિનારાયણ સદાશિવથી પણ વધારે સમર્થ હોય તો મારા વહાલામાં વહાલા બન્ને નેત્ર, ૨૨. આંધળા કરી દે તો હું સ્વામિનારાયણને સદાશિવથી પણ સમર્થ માનું. તે સિવાય હું ક્યારેય માનું નહિ. હું કાંઈ તમારા જેવો બાળક નથી.' ૨૩. ત્યારે તેને બીજા હરિભક્તોએ કહ્યું કે, **'અમારા ભગવાન સ્વામિનારાયણ તો બ્રહ્માંડમાં જેટલા જીવ છે તે બધાને નેત્ર આપે છે.** ૨૪. તેઓ કોઈ પ્રાણીના નેત્રને અંધ કરતા નથી. જે અંધ થાય છે તે તો પોતાના નીચ કર્મથી થાય છે. આ ખરી હકીકત છે. ૨૫. માટે એવું બીજું કાંઈક માગો, જેનાથી તમારી મોટપ વધે. ઉલ્ટાની મોટપ ઘટે એવી વાત તમે ન માગો.' ૨૬.

ત્યારે શોભારામે કહ્યું, 'શિવજી મારી સહાયમાં છે. તેઓ મારા બધા મનોરથોને પૂર્ણ કરે છે. સદાશિવ મારા નેત્રોની રક્ષા કરશે.' આ રીતે જ્યારે શોભારામે કહ્યું, ૨૭. ત્યારે હરિભક્તોએ આ રીતે કહ્યું, 'ભગવાન તો કલ્પવૃક્ષ જેવા સદાય અતિ નિર્દોષ છે. જેવું ચાહે છે તેવું ફળ તેને મળે છે.' પછી ત્રણ

મહિના જ્યાં વીત્યા ત્યાં તેની એક આંખમાં દુઃખાવો થયો. તે દુઃખાવાથી તેની આંખ જતી રહી. ૨૮-૨૯. ત્યારે તે શોભારામ બોલ્યો, 'આ આંખ તો દુઃખાવાને લીધે ગઈ છે, હજી એક આંખ તો રહી છે ને ! જો તે આંખ પણ જાય તો હું સ્વામિનારાયણને ભગવાન કહું.' ૩૦. પછી બીજા ત્રણ મહિના ગયા ત્યારે તેની બીજી આંખ પણ પહેલી આંખની જેમ જતી રહી. ૩૧. પછી તેણે હરિભક્તોની આગળ કહ્યું, 'હવે સ્વામિનારાયણ ભગવાન સાચા છે. હવે જો હું નમું નહિ તો મારા જેવો બીજો કોઈ અધમ ન કહેવાય. ૩૨.

✻ વડનગરના સૂબાને સત્સંગ થયો તે વાત :

પછી જ્યારે બહુનામી શ્રીહરિ વડનગર આવ્યા ત્યારે ત્યાંના સૂબાએ ઘણા હેતથી શ્રીહરિને બોલાવ્યા. અને સૂબા શ્રીહરિની પાસે આવ્યા. ૩૩. તે સૂબાએ મનમાં પૂછવા માટેના જેવા સંકલ્પ કર્યા હતા, તે બધી વાત શ્રીહરિએ સાચી કરી દીધી. ત્યારે તે શ્રીહરિને સત્ય માનીને ગદ્ગદ થઈ ગયા. ૩૪. ભગવાન સિવાય બીજા ગમે તેવા હોય, પણ કોઈથી વેદની વાત થઈ શકે નહિ. શ્રીહરિએ હિંસા કરવી કે ન કરવી, બંને બાબતને સાચી રીતે કહી બતાવી. ૩૫. બંને બાબતને નિર્બાધ કહી અને વેદને પણ નિર્બાધ કહી બતાવ્યા. નિર્બાધ રીતે વાત કરવી તે શ્રીહરિને કહેતા આવડતું હતું. ૩૬. જેને જ્ઞાનરૂપી મહાન નેત્ર હોય તેને નિર્બાધ રીતે વાત કહેતા આવડે છે. ૩૭. જેમાં ઘણી જાતના બાધ હોય એવી બાબતને પણ નિર્બાધ રાખીને કહેવાનું ભગવાન સિવાય બીજા કોઈને ક્યારેય આવડતું નથી. ૩૮. જેનું અંતર આવરણ રહિત હોય તે શાસ્ત્રમાં આવતી બાધવાળી વાતને પણ તરત જ નિર્બાધ કરીને દેખાડી દે છે. ૩૯. જેમાં દોષ દેખાતો હોય તેમાં નિર્દોષ સિદ્ધાંત દેખવો તે સહુથી કઠિન છે. જેના અંતરમાં આવરણ હોય તેને તેવી બાબતમાં રોષ આવ્યા સિવાય રહેતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વિસગનરના અભિમાની શોભારામનાં નેત્ર ગયા ત્યારે તે નમ્યો" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર અઢારમું : તરંગ - ૫૫

વેદમાં હિંસા અને અહિંસા બાબતમાં શ્રીહરિના વિચારો

સંધ્યા આરતી કર્યા પછી સૂબો ઘણા ભાવથી શ્રીહરિની પાસે આવ્યો. તેના મનમાં ઘણો ઉત્સાહ હતો. ૧. શ્રીહરિને પગે લાગીને સન્મુખ બેઠા. એક શ્રીફળ અને વીંટી લાવ્યા હતા, તે શ્રીહરિની આગળ ધરી. ૨. ત્યારે શ્રીહરિએ તે સૂબાને કહ્યું, 'તમારાં મનમાં ધારી રાખેલો પ્રબળ સંશય છે, તે અમને પૂછો.' ૩. ત્યારે સૂબાએ બે હાથ જોડીને કહ્યું, 'વેદમાં હિંસાનું ઘણું પ્રતિપાદન કર્યું છે. તેનું શું પ્રયોજન છે ? ૪. વેદમાં હિંસા કહી છે એમ કહીએ તો વેદ દોષરૂપ લાગે. અને વેદને દોષરૂપ જો સમજવામાં આવે તો તેનો મોક્ષ ક્યારેય થાય નહિ. ૫. જો વેદમાં હિંસા છે એમ ન કહેવામાં તો આ હિંસા ક્યાંથી પ્રચલિત થઈ ? વેદમાં કોઈ જાતનો બાધ ન આવે એ રીતે જ્યારે આપ કહો ત્યારે અમારાં અંતરમાં આનંદ થાય. ૬. વેદમાં હિંસા કહી છે તે બાબતને જો સાચી કહીએ તો વેદ અધર્મમય થઈ જાય અને તે બ્રહ્મરૂપ રહે નહિ. આ વાત ઘણી અટપટી છે.' ૭.

ત્યારે શ્રીહરિ કહે, 'અમે જેમ સમજીએ છીએ તેવી તમને વાત કરીએ છીએ. જેવા ભગવાન અનાદિ છે તેવા વેદ પણ અનાદિ છે. ૮. અનાદિ વેદ મૂર્તિમાન છે અને તેનું જેવું સ્વરૂપ છે તેવું વાસુદેવમાહાત્મ્યમાં જ્યાં પૂજાવિધિ છે ત્યાં કહ્યું છે કે, ૯. વેદ એકમૂર્તિ હતા તે ચારરૂપે થયા. અને ચારેયની આકૃતિ અલગ અલગ છે. વર્ણાશ્રમના જે ધર્મ છે તેને ભગવાને વેદના દ્વારા કહ્યા છે. ૧૦. ભગવાન પોતે નિર્દોષ રહ્યા અને કહેવાની વાતમાં વેદને પ્રમાણરૂપ ઠેરાવ્યા. ચક્રવર્તી રાજાની મોટપ સર્વોપરિ હોય છે. ૧૧. જે રીતે પ્રજા સુખી થાય તે રીતે તે મનોરથ કરે છે. જેનાથી પ્રજાને દુઃખ થાય તેવો તે મનમાં સંકલ્પ પણ કરતા નથી. ૧૨. પ્રજામાં કોઈ ચાહે તેટલી મોટપ પામે, છતાં તે ચક્રવર્તી રાજાની આગળ તો અતિશય રાંક જ રહે છે. ૧૩. જે રાંક થઈને રહે છે તેના ઉપર મોટાને ક્યારેય રોષ રહેતો નથી. ચાહે તેવો અપરાધ કરે છતાં તેના ઉપર જે બહુ મોટાઈ પામ્યા હોય તે રોષ રાખતા નથી. ૧૪.

✻ જે કામ જેનાથી થતું હોય તેનાથી જ થાય :

सोरठा : काम जेसे जाके, तेसे होव तिनसे यह;
ओर से कबु वाके, काम न होय राह रहेउ...१५
शुभ अशुभ हि जेती, क्रिया रहे ब्रह्मांड महिं;
एकसे बने न तेती, क्रिया तितने कारण करे...१६

જેનાથી જે કામ થતું હોય તે તેનાથી જ થાય છે. બીજાથી ક્યારેય થતું નથી. આ એક શિરસ્તો(માર્ગ) છે. ૧૫. આ બ્રહ્માંડમાં જેટલી શુભ અને અશુભ ક્રિયા હોય છે તે બધી એક વ્યક્તિથી બની શકતી નથી. જેટલી ક્રિયાઓ છે તેના તેટલા કારણ પણ હોય છે. ૧૬. **જીવ સમર્થ હોય તોપણ તે દેહ વિના દેખાતો નથી. તેમ કોઈ વાત કારણ વિનાની દેખવામાં આવતી નથી.** ૧૭. લોકમાં જે કાંઈ પણ વ્યવસ્થા જે રીતની હોય છે તે બધું શાસ્ત્રમાં લખ્યું હોય છે. તેણે કરીને બધા રસ્તાઓ દેખાય છે. ૧૮. જ્યોતિષ અને યોગશાસ્ત્રમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાત કહી હોય છે. તે બધી તલ તલ જેટલી દેખાય છે. ૧૯. જ્યોતિષ અને યોગશાસ્ત્રનું જેટલું બીજ છે તે વેદમાં લખેલું છે. લાખ લાખ શ્લોકે કરીને તે બધી વાત શાસ્ત્રમાં લખાઈ છે. ૨૦.

છતાં પણ તે વાત લખ્યા વિનાની પણ અપાર રહી છે. તેનો પાર ભવ, બ્રહ્મા અને ઈન્દ્ર પામી શકતા નથી. વેદની યથાર્થ વાતના મર્મને તો તુચ્છ મનુષ્ય પામી શકતો નથી. ૨૧. દેવતાઓ કરતાં દૈત્યો દસગણા અધિક રહ્યા છે. અને સોના કરતાં ચાંદી બહુ જ અધિક રહી છે. ૨૨. અને ચાંદી કરતાં તાંબું અતિ અધિક રહ્યું છે. અને તાંબું તથા પિત્તળ, બંને સમાન કહ્યા છે. જસત અને કથીર, તે બંને સમાન છે. અને લોખંડનો તો કોઈ પાર રહ્યો નથી. ૨૩. સોનાની જગ્યાએ દેવતાઓને સમજવા અને ચાંદીને ઠેકાણે મનુષ્યને માનવા. તેમાં પણ જે શાસ્ત્રના નિયમ પ્રમાણે ચાલે છે તેટલા જ મનુષ્ય કહેવાય છે. ૨૪. અને જેટલા મનુષ્યો વર્ણાશ્રમના નિયમમાં ચાલે છે તે બધા ઉત્તમ શુદ્ધ ચાંદીના જેવા મનુષ્ય કહેવાય છે. ૨૫. દેવતાઓમાં અને મનુષ્યોમાં પણ તાંબું અને લોઢાના જેવા અપાર દૈત્યો ઘણા બળવાન

હોય છે. ૨૬. દેવતાઓ કરતાં દૈત્યોનું પરાક્રમ અપાર રહ્યું છે. પણ દૈત્યોમાં એક મોટો દોષ છે કે તેઓ માંસ અને મદિરાને ખાય પીવે છે. ૨૭. ઘણા સમયે દેવતાઓ અને દૈત્યો, એ બધા એક રુચિના થયા. તેમાં કશ્યપના બે દીકરાઓ હતા. ૨૮. બ્રહ્માનાં મનથી મરીચિ ઋષિ ઉત્પન્ન થયા. મરીચિના પુત્ર કશ્યપ થયા. અને કશ્યપના પુત્રો દેવ તથા દૈત્ય કહેવાયા. ૨૯. બ્રહ્માના અંગૂઠામાંથી દક્ષ પ્રજાપતિ ઉત્પન્ન થયા. તે દક્ષને દિતિ અને અદિતિ નામે બે પુત્રીઓ હતી. ૩૦.

તે બંને કશ્યપને પરણાવવામાં આવી. તે કશ્યપથી દેવો અને દૈત્યો જન્મ્યા. અદિતિ કરતાં દિતિ મોટી હતી. અને દિતિના પુત્રો દૈત્યો કહેવાયા. ૩૧. અદિતિના પુત્રો દેવતાઓ થયા. તેઓ શાંત સ્વભાવના અને મદ રહિત હતા. જેનાથી જે મોટો હોય તેમાં તેટલો મદ વધારે હોય છે. ૩૨. મરેલાને જીવતો કરી શકે તેવું દૈત્યો અને દેવતાઓમાં સામર્થ્ય હતું. વેદના મંત્રોમાં પણ તેવું સામર્થ્ય હતું. ૩૩. પરંતુ જેમ જેમ કળિયુગ આવતો ગયો તેમ તેમ તે મંત્રોનું સામર્થ્ય ઘટતું ગયું અને મનુષ્યમાં તેવા સમર્થ કોઈ રહ્યા નહિ. ૩૪.

પ્રથમ સતયુગમાં બધા જ મનુષ્યોનું આયુષ્ય લાખ વર્ષનું હતું અને બધાને ઘેર કલ્પવૃક્ષ હતા. ૩૫. મનુષ્યના મનના સંકલ્પથી જ પ્રજાની ઉત્પત્તિ થાતી હતી. જ્યારે ત્રેતા યુગ આવ્યો ત્યારે તે મનુષ્યની આયુષ્ય ઘટીને દસ હજાર વર્ષની થઈ. અને જ્યારે સ્ત્રીનો સ્પર્શ કરે ત્યારે પ્રજા થવા લાગી. ૩૬-૩૭. દ્વાપર યુગ આવ્યો ત્યારે મનુષ્યની આયુષ્ય તેથી પણ ઘટી ને એક હજાર વર્ષની થઈ. અને સ્ત્રી પુરુષના મૈથુનથી પ્રજા થવા લાગી. ૩૮. પછી કળિયુગમાં મનુષ્યોની આયુષ્ય સો વર્ષની થઈ અને કળિયુગમાં તેનું સામર્થ્ય ઘટી ગયું. ૩૯. અને અત્યારે તો બ્રહ્માનાં આયુષ્યનાં પચાસ વર્ષ ઉપર દિવસના સવા પહોર જેટલા સમયમાં અઠ્યાવીશમો કળિયુગ ચાલે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વેદમાં હિંસા અને અહિંસા બાબતમાં શ્રીહરિના વિચારો" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર અઢારમું : તરંગ - ૫૬

આસુરી ચક્રવર્તી રાજાના આશ્રિત વિદ્વાનોના હાથે હિંસાનો શાસ્ત્રમાં પ્રવેશ

શ્રીહરિએ ફરીને સૂબાની આગળ વાત કહી કે, 'વેદ સમજવા કઠિન છે. તે તરત સમજાતા નથી. ૧. હિંસામય યજ્ઞ છે તે જ્યારે દૈત્યોનું રાજ્ય થાય છે ત્યારે તેઓ પોતાનું કાર્ય કરવા માટે કરે છે. ૨. દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય આદિ દૈત્યોને બળવાન કરવા માટે તેમને હિંસામાં રુચિ કરાવે છે. ૩. કેટલાક પશુ પક્ષીઓમાં હિંસા કરતા હતા અને તેમાં પણ કેટલાક દૈવી જીવો હિંસા કરતા નહિ. ૪. પશુઓમાં પણ જે હાથી છે તે પશુઓનો રાજા કહેવાય છે. તે ક્યારેય હિંસા કરતો નથી. ઘાસચારો અને પાણીથી તે પોતાનું ગુજરાન કરે છે. ૫. અશ્વની જાતિમાં પણ કોઈ હિંસા કરતા નથી.

ઊંટ, ગાય, બળદ, ભેંશ જે છે તે પણ ક્યારેય હિંસા કરતા નથી. ૬. બકરાં, ઘેટાં, હરણ, જેટલી વાંદરની જાતિ છે તે, ખીસકોલી, નોળિયાં, ગધેડાં, એ બધાં પણ ક્યારેય હિંસા કરતા નથી. ૭. તેઓ પોતપોતાની જાતિમાં છાની રીતે પણ સહજભાવે હિંસા કરતા નથી. મનુષ્ય કરતાં પણ તે પશુઓની દૃઢ ટેક રહી છે. ૮. મનુષ્ય જેટલા ફેલ કરે છે તે બધા ફેલ તેમાં દેખાતા નથી. જેટલા પશુ અને પક્ષીઓ છે તેમાં પણ વિષયભોગનો નિયમ રહ્યો છે. ૯. મનુષ્યને નિયમમાં રાખવા માટે વેદ અને શાસ્ત્રો અપરંપાર કર્યાં છે. અને વર્ણ અને આશ્રમની કેટલીયે મર્યાદાઓ રહી છે, છતાં પણ મનુષ્ય છાની રીતે તે શાસ્ત્રો અને મર્યાદાને લોપતો રહ્યો છે. ૧૦.

મનુષ્યમાં અપાર ફેલ ભર્યા છે. તે રાજાના ભયથી થોડોક ડરતો રહે છે. દંડનો ભારે ભય હોય છે. તેને લીધે નરનારીઓ કાંઈક ડરતા રહે છે. ૧૧. દંડ વિના વેદશાસ્ત્રની મર્યાદા હજારમાં કોઈક જ રાખે છે. તેમાં જે પ્રથમ ગુરુઓ થયા તે બધા વિપ્રો અને વૈરાગીઓ હતા. ૧૨. તેઓ ભક્તિ અને કેટલીક બાબતોનો મહિમા દેખાડીને સ્ત્રી અને પુરુષને ધર્મથી ભ્રષ્ટ કરવા લાગ્યા. ૧૩. વળાવિયાની જેમ જે ધર્મરક્ષકો હતા તે જ વિશ્વાસ સંપાદન

કરી, શરીર આદિકને નાશવંત દેખાડીને લૂંટનારા થયા. ૧૪. અને જેટલા ગૃહસ્થો હતા તે બધા પોતપોતાના ઉદ્યમ-ધંધામાં જ સાવધાન રહેતા હતા. અને પોતાના ખરાબ ગુરુઓમાં દૃઢ વિશ્વાસ રાખતા હતા. ૧૫. પ્રથમથી જ જેનો મનમાં દૃઢ વિશ્વાસ આવ્યો હોય તે ગુરુને પછી મૂકી શકતા નથી. કેમ જે, બધા ગૃહસ્થ લાજ-શરમવાળા હોય છે. ૧૬. હિંસાને છોડાવવા માટે વેદમાં જે હિંસા કહી છે તેને પુરાણમાં જે રીતે કહી છે તે વાત હું તમને નિશ્ચિતરૂપમાં કહું છું. ૧૭. કોઈ પણ નિયમ વિના જે અપાર હિંસા કરતા હતા અને તેમાં લગાર પણ દોષ જે ગણતા નહિ, તેને નિયમમાં કરવાને માટે અને હિંસાનો નિવેડો લાવવા માટે હિંસા કહી છે. ૧૮. વેદમાં કહ્યા પ્રમાણે નહિ કરનારા મનુષ્યો દેવ અને દૈત્યો કરતાં વિપરીત થઈ ગયા. જ્યાં સુધી વિપરીત સમજણ હોય છે ત્યાં સુધી તે બાળબુદ્ધિ ગણાય છે. ૧૯.

જ્યાં સુધી હિંસામાં રુચિ હોય છે ત્યાં સુધી તે પશુ કરતાં પણ અધમ પશુ જેવા હોય છે. અને જે દૈવી જીવ હોય છે તે જે જે યોનિમાં જાય છે ત્યાં તેઓ મન, કર્મ, વચને ક્યારેય હિંસા કરતા નથી. અને જે આસુરી જીવ હોય છે તે જે જે યોનિમાં જાય છે,

ત્યાં ક્યારેય હિંસા કર્યા વગર રહી શકતા નથી. કારણ કે તે બધાનું બીજ જ તેવું હોય છે. અને અસુરોમાં કોઈક યોગે કરીને કોઈ દૈવી જીવ દેહ ધરીને આવે તે ક્યારેય હિંસા કરતા નથી. તે જેવા શુદ્ધ હોય છે તેવા શુદ્ધ જ રહે છે. અને દેવતાઓમાં કોઈક યોગે કરીને અસુર દેહ ધારે છે તોપણ તેઓ હિંસા કર્યા સિવાય ક્યારેય રહેતા નથી. કારણ કે અસુરોનું બીજ જ તેવું રહ્યું છે. દૈવી અને આસુરી રુચિએ કરીને તે બધું તરત દેખ્યામાં આવે છે. ૨૦-૨૪. દૈવી અને આસુરીને દેખાડવાને માટે વેદમાં હિંસાનું પ્રતિપાદન થયું છે. ૨૫. વેદના જેવું કોઈ નિપુણ નથી. જે દૈત્યો છે તે યજ્ઞના નિમિત્તથી દેખાય આવે છે. ૨૬.

શ્રીરામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાન, બંને ઘણા સમર્થ હતા. તેઓએ ક્યારેય હિંસા કરી નથી. ૨૭. ઘણી હિંસા કરી હોય એવા તે બંનેનાં ચરિત્રો તો જે અસુર ગુરુઓ અને જે વિપ્રો હતા તેમણે તે તે ગ્રંથમાં લખી દીધાં

છે. ૨૮. કારણ કે, ભગવાનનાં ચરિત્રોમાં જે ચરિત્રના રૂપમાં લખેલ હોય તેનું કોણ ઉત્થાપન કરે ? ૨૯. પુરાણોની શુદ્ધિ કરવામાં પણ જે ચક્રવર્તી રાજાઓ થયા હતા તેના ગુરુ જેવા હોય તેવું તે વખતે શોધન થયું હોય છે. ૩૦.

ચક્રવર્તી રાજા સિવાય ક્યારેય શોધન થઈ શકતું નથી. સમર્થ સિવાય કોઈ શોધ કરવા જાય તો તે આબરૂ ખોવે છે. વળી, જો ચક્રવર્તી રાજા દૈવી હોય અને તેના ગુરુ પણ દૈવી હોય તો તે સમયે જેમ અહિંસામય ધર્મ મુખ્ય રહે તે પ્રમાણે વેદ અને શાસ્ત્રની શોધ કરે છે. ચક્રવર્તી રાજાની રુચિનું ઉત્થાપન કોણ કરી શકે ? ૩૧-૩૨. ચક્રવર્તી રાજાના આશ્રિત જે વિદ્વાનો હોય છે તે બધા તે શોધને પ્રમાણરૂપ કરે છે. જે આશ્રિત લોકો આસુરી હોય તેનાં મનમાં ન રુચે તોપણ ચક્રવર્તી દૈવી રાજાની મરજીને ક્યારેય લોપી શકતા નથી. અને ચક્રવર્તી આસુરી રાજાનું જ્યારે રાજ્ય હોય છે ત્યારે તેવા જ આસુરી ગુરુનું ચલણ હોય છે. અને તેની જેવી રુચિ હોય છે તે પ્રમાણે વેદનો સિદ્ધાંત નક્કી કરી દે છે. ૩૩-૩૫.

ઋષિમુનિઓ ચાહે તેટલું અહિંસાનું પ્રતિપાદન કરે, પણ અસુરો ઉન્મત્ત થઈને રહે છે અર્થાત્ તે માનતા નથી, પરંતુ ભગવાન ગર્વગંજન કહેવાય છે. ૩૬. આસુરી રાજા ચાહે તેવો ચક્રવર્તી હોય પણ તે પરમેશ્વરની આગળ તો ઘણો અલ્પ છે અને ભગવાન તેને રાંક કરી દે છે. ૩૭. તે રીતે જ કોઈ દૈવી રાજા ચક્રવર્તી થઈને ઉન્મત્ત થઈ જાય ત્યારે ગર્વગંજન પરમેશ્વર તેને દેખે છે. ૩૮. અને જેમાં કોઈ પણ વાતનો એક રતીભાર પણ ગર્વ આવે ત્યારે તે સમુદ્રની જેમ મર્યાદા તજીને ઉન્મત્ત થઈને ચાલે છે. જે કાંઈ પણ બાબતો કહેવાય છે તે સર્વનિયામક પરમેશ્વરે પોતાના હાથમાં જ રાખી છે, છતાં તેમને તેનો જરાપણ ગર્વ નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "આસુરી ચક્રવર્તી રાજાના આશ્રિત વિદ્વાનોના હાથે હિંસાનો શાસ્ત્રમાં પ્રવેશ" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર અઢારમું : તરંગ - ૫૭

વડનગરનો સૂબો અને વિસનગરના શોભારામ, બંને શ્રીહરિને શરણે થયા

શ્રીહરિનાં મુખથી ઉપર કહેલી બધી વાત સાંભળીને સૂબાના મનમાં ઘણું આશ્ચર્ય થયું. અને આ સ્વામિનારાયણ પરમેશ્વર છે એવો નિશ્ચય કર્યો. ૧. બીજા લોકોની વાતને સાંભળીને જો હું આપની પાસે આવ્યો ન હોત તો મને આ મનુષ્યજન્મ મળ્યો છે તે ન મળ્યા જેવો થઈ જાત !! ૨. **આપના સમાન સત્પુરુષનો જ્યાં સુધી યોગ નથી થતો ત્યાં સુધી તે માનવજીવનમાં મોટામાં મોટી હાનિ કહેવાય છે.** ૩. આ મારા જીવે અપાર જન્મો લીધા છે, જેનો કોણ પાર લઈ શકે ! પણ આજે આ મારો વર્તમાન જન્મ લેખે લાગ્યો છે. ૪.

સાચા સત્પુરુષનો જીવને જે યોગ નથી થતો તેનું કારણ તો પાપી મનુષ્યે અનેક જન્મમાં કરેલા અપાર પાપ હોય છે. ૫. તે પૂર્વનાં પાપો જીવને વારંવાર આવરણ કરે છે અને તેને જોરે કરીને ઘેરી રાખે છે. જેને લીધે જીવ વારંવાર જેમાં જન્મ-મરણનું દ્વાર હોય એવા વિષયનાં સુખમાં રુચિ કરતો રહે છે. અને તે પાપો વિષયી માણસનું ભૂંડું કરે છે. સૌભરિ ઋષિએ સાઠ હજાર વર્ષ સુધી ઘણું કઠિન તપ કર્યું હતું, પણ તેણે એક દિવસે પોતાની આંખે માછલાનો સમાગમ દેખ્યો તેણે કરીને નેત્ર દ્વારાએ તેનાં હૃદયમાં તત્કાળ કામે પ્રવેશ કર્યો. ૬-૮. જ્યારે કામે પ્રવેશ કર્યો ત્યારે તેનું અંતર તેવું કામરૂપ થઈ ગયું. પછી બધી લોકલાજને છોડી કામભોગનાં સુખને માટે તેમણે ઉદ્યમ કર્યો. ૯. ઋષ્યશૃંગ અને ચ્યવન ઋષિએ પણ ભગવાનને પ્રસન્ન કરવાને માટે કેટલાયે હજાર વર્ષ પર્યંત ઘણું કઠણ તપ કર્યું હતું. ૧૦. તેમને રસના, ત્વચા અને નેત્ર દ્વારાએ સ્ત્રીનો યોગ થયો ત્યારે મર્યા જેવો થયેલો કામ પણ સજીવન થયો અને તેમને તપમાંથી રુચિ ઊતરી ગઈ. ૧૧.

ભોજન ચાહે તેવું જમ્યા હોય, પણ એક રતીભારની માખ તેમાં ભળી ગઈ હોય તો ઊલટી થયા વિના રહે નહિ. કામની વાત પણ તે માખના

જેવી જ છે. ૧૨. કામના અને અધર્મના જેટલા દ્વાર છે તે બધાને આપે આ વખતે બંધ કરી દીધા છે. ૧૩. કામ અને અધર્મમાં અપાર બળ રહ્યું છે. તેણે બ્રહ્મા, શિવ, ઈન્દ્ર અને કેટલાક ઋષિઓનું પણ લગારેય માન રહેવા દીધું નથી. ૧૪. કામ, અધર્મ અને બળવાન કળિયુગ, તેમને આજે આપે કબજે કર્યા છે કે જેનો આજ સુધી કોઈએ કબજો કર્યો ન હતો. ૧૫.

આપને શરણે ન આવ્યા હોય તેવા લોકોમાં કામે અને અધર્મે પ્રવેશ કર્યો છે અને તેવા લોકોને તે આપનાથી દૂર રાખે છે. ૧૬. તે કામ અને અધર્મ વિવિધ પ્રકારના ફેલ કરાવી અને તેમાં પ્યાર કરાવે છે. અને તે મનુષ્યને તમારાથી વિમુખ રાખીને તેની પાસે ઘણા ખરાબ કામ કરાવ્યે રાખે છે.' ૧૭. ત્યારે શ્રીહરિએ તે સૂબાની આગળ કહ્યું, 'ભગવાનનું ભજન કરવામાં જે લોકો આડા આવીને વિઘ્ન કરતા હતા તેને અમે ચોખ્ખા ચોર બતાવી દીધા છે, છતાં પણ લોકો તેનો વિશ્વાસ કરે છે. ૧૮. અને તે બધા ચોર જમપુરીમાં જઈને ત્યાં જમનો ખૂબ માર ખાય છે અને વારંવાર જન્મમરણ તથા લખચોરાશીમાં ભટકતા રહે છે. ૧૯.

માણસ જેવા માર્ગે ચાલે છે તેવાં સુખ-દુઃખને તે પામે છે. જે લોકો સત્સંગને માર્ગે જેટલા ચાલે છે તેઓ તેટલું અનંત સુખ પામે છે. ૨૦. સત્સંગ કરવાથી એટલું બધું સુખ થાય છે કે, તેને ફરીવાર ક્યારેય દુઃખ આવતું નથી. એક લવ જેટલાં સત્સંગનાં સુખમાં બ્રહ્માંડનાં બધાં જ સુખ આવી જાય છે. ૨૧. હવે તે સત્સંગનું એટલું સુખ છે કે તેની તુલના કોઈની સાથે થઈ શકતી નથી, પણ મનુષ્યનું અંતઃકરણ પાપ કરવાથી નાસ્તિક થઈ ગયું હોય છે. ૨૨. અને તે નાસ્તિકતાને લીધે જીવના મોક્ષની વાત અંતરમાં લેશમાત્ર પણ ચોંટી જાતી નથી. પછી તેને લીધે અસહ્ય દુઃખને ભોગવે છે અને બીજાનો વાંક કાઢે છે. ૨૩.

❋ સત્સંગ દોષો ટાળવાનું દ્વાર છે :

चोपाई :

आपके दोष जन देखे जब हि, सत्संग के ग्रहे गुन कु तब हि;
जन में दोष रहाये जेता, नाश होई जावे सद्य हि तेता...२४

दोहा : आप में दोष अपार हि, देखे जन जे वार;
बांह ग्रहे तब हरि तेहि, होवत तेहि उद्धार...२५
दोष मेटावन सद्य हि, सत्संग रहे द्वार;
सत्संग बिन न द्वार कोउ, निश्चे यह निरधार...२६

માણસ જ્યારે પોતાના દોષોને દેખે છે ત્યારે તે સત્સંગના ગુણને ગ્રહણ કરે છે અને સત્સંગના ગુણ ગ્રહણ કરવાથી મનુષ્યમાં રહેલા બધા દોષોનો તત્કાળ નાશ થઈ જાય છે. ૨૪. માણસ જ્યારે પોતાનામાં રહેલા અપાર દોષોને દેખે છે ત્યારે ભગવાન તેનો હાથ પકડી લે છે, અને તેનાથી તે જીવનો મોક્ષ થાય છે. ૨૫. પોતાના દોષોને તત્કાળ ટાળવાને માટે તો સત્સંગ જ એક સારો દરવાજો છે. સત્સંગ સિવાય બીજું કોઈ એવું દ્વાર નથી. આ વાત નિશ્ચિત કરેલી છે.' ૨૬.

ત્યારે તે વડનગરના સૂબાએ કહ્યું, 'આપની જેટલી વાત છે તે ચોક્કસ વેદરૂપ છે એમ મેં મારી નજરે દેખ્યું છે. ૨૭. વેદ જેનું પ્રતિપાદન કરે છે તે આપ મૂર્તિમાન છો. અને જે લોકો આપની નિંદા કરે છે તે બધા નારકી છે. ૨૮. આપનો જેટલો સત્કાર જે કરશે તેને તેટલી મોટપ મળશે. હવે આવતીકાલે મારી રસોઈ જમીને આપે જવું હોય તો જાજો.' ૨૯. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'પ્રબોધની એકાદશી ઉપર અમારે વૌઠાની યાત્રાનો સમૈયો કરવો છે. ૩૦.

અમારા જે સંતો અને હરિભક્તો છે તે બધા ત્યાં સમૈયામાં ભેળા મળશે. અમે જો અહીં રસોઈ જમવા માટે રોકાઈએ તો સમૈયા ઉપર પહોંચી શકીએ નહિ. ૩૧. તમે કહ્યું એટલે અમે રસોઈ જમ્યા જ છીએ. હવે અમે તમારી પાસે રજા લઈએ છીએ.' ત્યારે તે સૂબાએ કહ્યું, 'જેવી આપની મરજી, પણ આપ અમારી સંભાળ રાખજો.' ૩૨. આ રીતે રજા માગીને વડનગરના સૂબા ચાલતા થયા અને ગામમાં ગયા. પછી જ્યારે સવાર થયું ત્યારે દયાળુ શ્રીહરિ તત્કાળ ત્યાંથી ચાલ્યા અને **વિસનગર** આવ્યા. ૩૩. આટલી વાત મેં ફરીથી લખી. હવે જે ઉપર લખ્યું હતું ત્યાંથી આગળ લખું છું. તે વખતે વિસગનરમાં જે રસોઈ તૈયાર થઈ હતી તેને શ્રીહરિ ગામમાં જમવા માટે ચાલ્યા. ૩૪. (તરંગ-૫૪, ચોપાઈ-૩૨માં કહ્યા મુજબ શોભારામ

શ્રીહરિને શરણે આવ્યા) પછી જેમ શોભારામે કહ્યું તે રીતે શ્રીહરિએ કર્યું. પછી તેણે પાર્ષદોને કહ્યું, 'હવે તમે બંદૂકોના અવાજ લગાતાર કરતા રહો અને બજારે ચાલો. કોઈનો ડર તમારે હવે રંચમાત્ર પણ રાખવાનો નથી. બધો ડર હવે જતો રહ્યો છે. ૩૫-૩૬. તે વખતે બધા પાર્ષદોએ બંદૂકના અવાજોની ખૂબ ધૂમ મચાવી દીધી. અને જ્યાં રસોઈ તૈયાર થઈ હતી ત્યાં આવ્યા અને સરસ રીતે પાટ ઉપર શ્રીહરિ પ્રેમથી બેઠા. ૩૭. ત્યારે શોભારામ આવીને શ્રીહરિને પગે લાગ્યા. તેઓ બોલવામાં ઘણા ચતુર હતા, એટલે હાથ જોડીને બોલ્યા, ૩૮. 'પ્રભુ, પથ્થર જેવા કઠોર અને અધમ એવા અમારો ઉદ્ધાર કરવા માટે અત્યારે આપ ભગવાન પ્રગટ થયા છો. ૩૯. આપે ઘણા મનુષ્યોનો ઉદ્ધાર કર્યો છે. પશુ, પક્ષી અને વૃક્ષ સુધી ન સાંભળ્યા હોય તેવા જીવોનો પણ ઉદ્ધાર કર્યો છે. અને અત્યારે પથ્થર જેવા કઠોર જીવોનો પણ ઉદ્ધાર કર્યો છે. ૪૦. પથ્થરના રૂપમાં રહેલી અહલ્યાનો આપે રામરૂપે ઉદ્ધાર કર્યો હતો. અને શ્રીકૃષ્ણે પોતાના હાથથી ગોવર્ધનને ધારણ કર્યો હતો અને તેનો ઉદ્ધાર કર્યો હતો.' ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વડનગરનો સૂબો અને વિસનગરના શોભારામ, બંને શ્રીહરિને શરણે થયા" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥

પૂર અઢારમું : તરંગ - ૫૮

વિસનગરના શોભારામે અને કાઠી દરબારોએ પોતાના વિચારો કહ્યા

સંતોની પંક્તિ કરવાને માટે મોતીરામભાઈએ ચોક સ્વચ્છ કરાવીને તેમાં રંગોળી પૂરાવી હતી. ૧. ત્યાં કેળના સ્તંભ રોપાવીને બગીચો બનાવી દીધો હતો. તેમણે શ્રીહરિને પ્રથમ જમાડી દીધા. ૨. શ્રીહરિએ જમ્યા પહેલા ગરમ જળથી સ્નાન કરીને રૂમાલથી અંગ કોરું કર્યું. પછી એક પીતાંબર પહેરીને બીજું પીતાંબર ઓઢી લીધું હતું. ૩. ચરણમાં ચાખડીઓ પહેરીને ચટાક્ ચટાક્ ધ્વનિ કરતા ચાલતા થયા અને આવીને સોનાના બાજોઠ ઉપર

બેઠા. ૪. જેટલાં પ્રકારનાં ભોજન તૈયાર કર્યાં હતાં તેના તેટલા સોનાના થાળ ભરીને શ્રીહરિની આગળ લાવીને ધરાવ્યા. તેમાં શાકભાજી અને ફરસાણનો કોઈ પાર ન હતો. ૫. નાગર બ્રાહ્મણોમાં જેટલી જાતના ભોજનો થતાં હતાં, તે બધાં કરીને ધરાવ્યાં હતાં અને ઉત્તમમાં ઉત્તમ મેવાઓ પણ લાવીને બધા ધર્યા હતા. ૬. સાકરના જેટલા મેવા બનાવ્યા હતા તે પણ લાવીને શ્રીહરિની આગળ ધરાવ્યા. જે પકવાનો બનાવ્યા હતા તેના નામનો ગણતા પાર આવતો નથી. ૭. શ્રીહરિની આગળ જે પકવાન ધરાવ્યા તેના ઉપર સોનાનો વરખ લગાવેલો હતો. શ્રીહરિની સાથે આવેલા જે કાઠી દરબારો હતા તે બોલ્યા, 'સોનાનાં પકવાનો તો આજ અમે દેખ્યા છે ! દેશનું જે બધું ધન છે તે નાગરો પાસે રહ્યું જણાય છે. ૮-૯. તેઓને બુદ્ધિએ કરીને આવું ખાતા આવડે છે. આવા પકવાન કોઈને ખાતા આવડતા નથી. જેટલા મોટા રાજાઓના રાજ્ય છે તે કોઈ નાગર અધિકારી વિના દેખાતા નથી. ૧૦.

જેને રાજ્ય અને ધનનો ભારે ગર્વ રહેતો હોય તે ક્યારેય સત્સંગ કરતા નથી. નિપુણતામાં વધારે નિપુણતા તો બ્રહ્મજ્ઞાન સિવાય એક પણ ન કહેવાય. ૧૧. તે સહુના કાશીવિશ્વનાથ શિવજી મુખ્ય ઈષ્ટદેવ રહ્યા છે. નાગરોમાં કોઈ વૈષ્ણવ થાતા નથી. એક નરસિંહ મહેતા વૈષ્ણવ થયા હતા. ૧૨. તેમણે સહુએ મળીને નરસિંહ મહેતાને નાત બહાર કરી દીધા હતા, પણ વૈષ્ણવ ભક્તની લાજ ભગવાને ઘણી રાખી. તે લીલાગર ભાંગ્ય પીતા હોય છે. ૧૩. તેમાં પણ જે શક્તિપંથી નાગર હતા તેઓ તો બધા ન કરવાની વાતને ઘણા પ્રેમથી કરતા હતા. ૧૪. જેટલો જેને અધિકાર હોય છે તેટલો તેને મોટે ભાગે ગર્વ રહેતો હોય છે. તે સત્તાનો તેને નશો ચડેલો રહે છે. તેથી મનમાં ફાવે તેમ કરતા રહે છે.' ૧૫. કાઠીઓનાં વચનને સાંભળીને નાગર શોભારામ એવું બોલ્યા કે, ૧૬. 'આ કોણ વાતો કરે છે ? અમારી સાથે તેની કોઈ ઓળખાણ નથી.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ તો મોટા કાઠી દરબાર હરિભક્તો છે. ૧૭. તે અલૈયા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, વસ્તા ખાચર, વેલા ખાચર, મોકા ખાચર, અમરા ખાચર, ડોસા ખાચર અને કૂપા ખાચર વગેરે બધા ગામધણી દરબારો છે.' ૧૮. ત્યારે

શોભારામે કહ્યું, 'કાઠીઓના બધા ગામ તો અત્યારે ભાવનગરના રાજાએ હાથમાં કરી લીધા છે. ૧૯. ભાવનગર નરેશ સામાન્ય પ્રજા જેટલી પણ તેની કાંઈ સંભાળ રાખતા નથી. દિનપ્રતિદિન તેને આંટીમાં લઈને અમુક હદનો અધિકાર છીનવી લીધો છે. ૨૦.

જેટલો અધિકાર કાઠી લેવા જાય એટલા વધુ આંટીમાં આવી જાય છે, માટે ગરાસ આવવો કે જવો તે ભાવગનર નરેશના વચનમાં રહે છે. ૨૧. હાર અને જીતની જે વાત હોય તે બધી વાતો ભાવનગર રાજાના વચનમાં રહે છે. જેની પાસે ગરાસ ન હતો તે ગરાસ લઈને બેઠા અને મૂળ ગરાસવાળાને દાસ બનાવી દીધા. ૨૨. જેમાં જેટલી કળા હોય તે તેટલો મોટો અધિકાર પામે છે. નાગરના જીવમાં સહજ રીતે એવી કળા રહી છે. ૨૩. નાગરો વહિવટમાં નહિ હોવાથી જેટલા કાઠી હતા તે બધા ગરાસને ખોઈ બેઠા છે. અત્યારે બળનું લેશમાત્ર કામ રહ્યું નથી, પણ કાઠી જાતિ તે બાબતમાં સમજતી નથી. ૨૪. પરસ્પર ભાઈઓમાં કુસંપ કરીને કાઠી લોકો પોતાનો ગરાસ બીજાને આપી દે છે. ૨૫.

પાંચ-દસ વર્ષ સુધી તેનો ઘણો સત્કાર કરે. પછી એકે એકને ફોડીને તેનો ગરાસ લઈ લે છે. ૨૬. સામ, દામ, ભેદ અને દંડ, આ ચાર ઉપાયોથી તેને દુઃખી કરી દઈને ગુનામાં લાવી દે છે. ૨૭. મોટા ગામમાં પ્રજાને નિમિત્ત કરીને કુસંપ કરાવવા માટે જ થાણું બેસાડે છે. ૨૮. મનમાં જેવી વાત હોય છે તેવી ઉપરથી દેખાવા દેતા નથી. શીખવ્યા સિવાય કોઈ વાત આવડતી નથી. હરેક વાતમાં કાંઈ ને કાંઈ પેચ રહેતા હોય છે. ૨૯. જ્યારે પેચ કરવા કે ઓળખવાની બુદ્ધિ આવે ત્યારે જે કોઈ કામ હોય તે સુધરી જાય છે. પેચની બુદ્ધિ મળ્યા સિવાય ક્યારેય કામ સુધરતું નથી. ૩૦. મોક્ષની બાબતમાં તો કોઈ જાતનો સ્વાર્થ લેશમાત્ર દેખાતો નથી, તોપણ કોઈ પણ જાતના પેચ વિનાની વાત માણસને કાંઈ સમાસ કરતી નથી અર્થાત્ યુક્તિપૂર્વક કરેલી વાત જ અસર કરે છે. ૩૧.

⁕ ભગવાનનું ધાર્યું જ થાય છે :

अर्थ जो जो कहावत जितना, पेच तामें रहाये तितना;
भगवान सम समर्थ नहि केहा, सर्वोपरि कहावत ही तेहा...३२

यह संकल्प करत जो जेसा, निश्चे होवत रहेउ तेसा;
निराले आप रहिके जोऊ, जो जो काम करत रहे सोऊ...३३
बडता जितनी कहावत जेहा, सब हि यामें रहाये तेहा;
मेरे नेत्र नहि जावत जबही, में इहाँ नहीं आवत तबही...३४

જે જે કોઈ પણ પ્રયોજન કહેવાય છે તેમાં તેટલો પેચ રહ્યો હોય છે. ભગવાનના જેવા તો કોઈ સમર્થ નથી તે તો સર્વોપરિ કહેવાય છે, ૩૨. તેઓ જેવો સંકલ્પ કરે છે તેવું નિશ્ચય થઈને જ રહે છે. તેઓ પોતે જે જે કામ કરે છે તે અત્યંત નિરાળા(નિર્લેપ) થઈને કરે છે. ૩૩. જેટલી મોટાઈ કહેવાય છે તે બધી મોટાઈ ભગવાનમાં રહી છે. જો મારાં નેત્ર ન ગયા હોત તો હું અહીંયા આવ્યો હોત નહિ. ૩૪. હું જે સત્સંગનો દ્રોહ કરતો હતો તેમાં ભુજના નાગર દીવાન જગજીવન મૂળ કારણરૂપ હતા. તેઓ પણ ભૂંડી હાલતે મર્યા.

જગજીવનની વાતે કરીને વઢવાણમાં ભાણજી નામે મહેતા રહેતા હતા, ૩૫-૩૬. તેમણે વઢવાણમાં જે યજ્ઞ કરવાનો હતો તે અટકાવ્યો હતો. જેટલા અતીતો, વૈરાગીઓ ઝાલાવાડમાં મોટા મોટા ગણાતા હતા તેમને ઝાલાવાડના રાજાઓએ મોટી જગ્યાઓ બાંધી આપી હતી, તેનો તે વૈરાગીઓ વગેરેને ગર્વ હતો. તે રાજાઓએ તેમને ઓળખાણ આપી કે, ૩૭-૩૮. સ્વામિનારાયણના સંતોને ગામે ગામના લોકો તમારા કરતાં અધિક માને પૂજે છે. ૩૯. પ્રજા જે ચોરી તથા વ્યભિચાર ઈત્યાદિકના ગુના કરતી હતી તેમાંથી રાજાને ઘણી ઊપજ આવતી હતી, ૪૦. પરંતુ સ્વામિનારાયણના જે સંતો છે તે, જે પ્રજા આગળ વાત કરે છે તે ચોતરફ ફેલાઈ જાય છ; માટે જ્યાં તમને મળે ત્યાં તેને મારજો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વિસનગરના શોભારામે અને કાઠી દરબારોએ પોતાના વિચારો કહ્યા" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર અઢારમું : તરંગ - ૫૯

શ્રીહરિના પરમેશ્વરપણાની વિસનગરમાં પ્રસરેલી લોકવાર્તા

રાજાના જેટલા દીવાનો હતા તે બધા પરસ્ત્રીમાં આસક્ત રહ્યા હતા અને સત્સંગનો દ્રોહ કરતા હતા. ૧. તે વૈરાગીઓ અને અતીતોની પાસે, ગામના મુખી પાસે અને બ્રાહ્મણોની પાસે સંતોનું અપમાન કરાવતા હતા. ૨.

❋ મનનો વિશ્વાસ ન કરે તે મહાન છે :

પણ **શ્રીહરિ પોતાના સંતોને દિનપ્રતિદિન શીખવતા હતા કે, આજ તો તમારે સહન કરવાનું છે. સહન કરવામાં જ તમારી સહુની કીર્તિ રહી છે.** ૩. સંતોએ મારો દૃઢ વિશ્વાસ રાખવો કે જેમાં સહુનો ઉદ્ધાર રહ્યો છે. મન તો જીવને ખુવાર કરી દે છે. ૪. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિકને તથા મોટા મોટા ઋષિઓને પણ જે મન છે તે વારંવાર કેટલીએ વખત ખુવાર કરી ચૂક્યું છે. ૫. દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણની ચાહે તેવી સિદ્ધિ થઈ હોય અર્થાત્ વશ થયા હોય તોપણ જીવથી તેની રુચિ જુદી રહી છે. તે ક્યારેય ફેરવી ફરતી નથી. ૬. **ઈન્દ્રિયો, અંતઃકરણને જેટલા નિયમમાં રાખવામાં આવે તેટલું તેનું કાંઈ ચાલતું નથી. નિયમ વિનાની જેટલી વાતો છે તે તો નિર્જીવ જેવી લાગે છે.'** ૭. શોભારામ કાઠી દરબારોની સાથે જેટલી વાતો કરતા હતા તેમાં શ્રીહરિ તેનું પ્રમાણ કરતા હતા. આ રીતે જ્યારે ભોજન જમી રહ્યા, ૮. ત્યારે શોભારામે કેસરયુક્ત સુગંધી ચ ંદન લલાટમાં ચર્ચીને પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૯. શ્રીહરિનાં અંગેઅંગમાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો ધરાવ્યાં. પછી ધૂપ, દીપ આદિ કરાવીને કપૂરની આરતી ઘણા ભાવ સહિત ઉતારી. પછી તેણે હાથ જોડીને કહ્યું, 'હે પ્રભુ, મેં આપનો જેટલો અપરાધ કર્યો તેટલો મને દંડ આપજો. ૧૦-૧૧.

હવે તેમાં જે કાંઈ કસર રાખો તો પછી મારે શિર તેનો દોષ નહિ. મેં મારો જીવ આપને સોંપી દીધો છે. હવે આપણે વારંવાર ક્યાં મળશું ?' ૧૨. આમ કહીને તેણે તરત એક સારી શાલ ઓઢાડી અને ચરણ ઉપર ચંદન ચર્ચીને તે પોતાની છાતી અને મસ્તક ઉપર ધાર્યાં. ૧૩. શોભારામની

બુદ્ધિને જોઈને શ્રીહરિ તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા. પછી ઊભા થઈને તેને ભેટ્યા અને તેનો બધો ખેદ ટાળી દીધો. ૧૪. પછી શ્રીહરિએ તરત સંતોની પંગત કરાવી. પછી હરિભક્તોએ સંતોની ચંદનથી પૂજા કરી. ૧૫. સંતોના લલાટમાં ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા અને શ્રીહરિ ભોજનના થાળ ભરી ભરીને સંતોને પીરસવા લાગ્યા. ૧૬.

જે સંતો પંગતમાં બેઠા હતા તે નારાયણ ધૂન બોલતા હતા. વેદના ધ્વનિ કરતાં પણ નારાયણ ધૂનના શબ્દ અત્યંત પ્રિય લાગતા હતા. ૧૭. તે વખતે શ્રીહરિએ સંતોમાં અપાર તેજ બતાવ્યું. વિસનગરના બધા નરનારીઓએ સંતોનાં આવાં તેજપૂર્ણ દર્શન કર્યાં. ૧૮. સ્ત્રીઓમાં સ્ત્રીઓ અને પુરુષોમાં પુરુષો પરસ્પર બોલવા લાગ્યા કે, 'સાચા સંતોની બધી રીત તો અત્યંત અલૌકિક રહી છે. ૧૯. સાચા સંતોએ સંસારનો ત્યાગ કર્યો હોય છે તેઓ સ્ત્રી અને ધનને મુખ્ય બંધન માને છે. જ્યારે મિથ્યા ત્યાગી તેમાં બંધાઈને રહે છે. ૨૦. સ્ત્રી અને ધનમાં જ બધો સંસાર રહ્યો છે. તેને મોક્ષભાગી જીવ જાણે છે, પણ જેને મોક્ષનો ખપ નથી તેઓને તે સ્ત્રી-ધનનો કોઈ બાધ નથી. ૨૧. મોક્ષભાગી સિવાયના જે ત્યાગી કે ગૃહસ્થ કહેવાતા હોય તે બધાની રીત એકસરખી જ છે અને તેવા લોકો તો અનેક છે. ૨૨.

❋ મોટાની રુચિમાં રહેવું તે મુક્તિનું દ્વાર છે :

મોક્ષભાગી સિવાયના કોઈ લોકો યોગ્ય કે અયોગ્યનો કાંઈ વિચાર રાખતા જ નથી. તેને મનુષ્યનો જન્મ મળ્યો તોયે શું ? કે જ્યાં સુધી તેમાં વિવેક આવતો નથી. ૨૩. **કોઈ રાજા કે દેવ થયા તેનાથી શું ? અને ત્યાગી થયા તોએ શું ? જ્યાં સુધી તેઓને સ્ત્રી અને ધનમાં રુચિ રહે છે ત્યાં સુધી તે સહુને તેમાં જન્મ-મરણરૂપ સંસૃતિ રહી છે.** ૨૪.

दोहा : संसृति जो यह जीय को, होत हि रुचि अनुसार;
चोरासी जमपुरी महिं, भटकत वार हि वार...२५
सत्संग यह हे तिनसे, जिहाँ लग दूर रहात;
वेर वेर भव सिंधु के, फेर नहीं मिटात...२६

सोरठा : स्वामिनारायण जेह, ताके यह प्रताप कर;
संत सब वरतत तेह, अनादि मुक्त रहे यह...२७
अनादि हि मुक्त वीन, भगवान के सबंध वीन;
वरतना हे कठीन, खप ताकु सुगम रहेउ...२८

જીવને પોતાની રુચિ પ્રમાણે સંસૃતિનું બંધન રહે છે અને તે રુચિ વારંવાર લખચોરાશી અને જમપુરીમાં ભટકાવે છે. ૨૫. જ્યાં સુધી જીવ સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી તેને વારંવાર સંસારસાગરનો ફેરો મટતો નથી. ૨૬. સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપથી તેમના આ બધા સંતો ધર્મ-નિયમમાં વર્તે છે. તેઓ તો અનાદિમુક્ત રહ્યા છે. ૨૭. કારણ કે, અનાદિમુક્ત સિવાય અને ભગવાનના સંબંધ સિવાય ધર્મ-નિયમમાં જે વર્તવું તે ઘણું કઠિન છે, પણ જેને ખપ હોય છે તેને સુગમ રહે છે. ૨૮. જે જે બાબતનો જેને ખપ હોય છે તેને ચાહે તેવી કોઈ વાત કઠણ હોય તોપણ તે કઠણ વાતને કરે છે. કારણ કે સહુનું કારણ તે તે પ્રકારનો લોભ હોય છે. ૨૯.

સારો લોભ અને ખરાબ લોભ, તે બંનેનું ફળ અલગ અલગ દેખાય છે. સદ્ધર્મ અને અસદ્ધર્મ, તેનું ફળ પણ ભિન્ન ભિન્ન હોય છે. ૩૦. **અરે ! ભગવાન પણ સાચા અને ખોટા કહેવાય છે. બુદ્ધિહીન માણસને તે સમજાતું નથી. જેને બુદ્ધિ ન હોવા છતાં બુદ્ધિનું માન રહે છે તેને સમજાવું ઘણું કઠણ રહે છે.** ૩૧. **જે પોતે પોતાને આપમેળે બુદ્ધિમાન માને છે તેવા બુદ્ધિ માનને મૂઢ માનવો. તાળું ઘણું સુગમ લાગતું હોય તોપણ તે ચાવી વિના ખૂલતું નથી.** ૩૨.

ઘણી સુગમ વાત હોય તોપણ તેનો અર્થ કર્યા સિવાય કઠિન લાગે છે. ચાહે તેટલો કોઈ જ્ઞાની હોય તોપણ જેટલું તેને જ્ઞાન હોય તેટલું જ તે જાણે છે. ૩૩. જેને બીજા કોઈની ઉપમા ન આપી શકાય, આવા અનુપમ જે અવિનાશી પરમાત્મા છે તે અધર્મનો નાશ કરવા માટે પ્રગટ થાય છે. ૩૪. તેમની કહેલી જેટલી વાત હોય છે તે બધી અલૌકિક હોય છે. તેમની એક પણ વાત મોક્ષના પ્રયોજન સિવાયની હોતી નથી. ભગવાનની બાબતમાં

તો આવી અનેક વાતો છે. ૩૫. **ચાહે તેવો કોઈ પાપી જીવ હોય અને તે જો પરમેશ્વરને શરણે આવે તો તેનો તત્કાળ ઉદ્ધાર કરે છે. તેમનામાં આવા તો અનંત ગુણો રહ્યા છે.** ૩૬. મોક્ષરૂપ ગુણવાળી ભગવાનની દિવ્યમૂર્તિ તો પોતાના ધામમાં અવિચળ રૂપમાં રહી છે, છતાં તે ભગવાન તેને અહીંયા દેખાડે છે. ૩૭. તે પરમેશ્વર જ્યાં જેવું કામ હોય છે ત્યાં તેવા દેખાય છે. અને તેટલું કામ કર્યા પછી તેઓ અદૃશ્ય થઈ જાય છે. ૩૮. આવા જે ભગવાન છે તેને સાચાભગવાન કહેવાય છે, પણ જે નારકી મનુષ્ય છે તે સત્યસ્વરૂપ ભગવાનને મિથ્યા કહે છે. ૩૯. જે મનુષ્ય નારકી હોવા છતાં ભગવાન બની જાય છે તે નરકકુંડમાં કેટલાય પ્રલયકાળ પર્યંત પિડાતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિના પરમેશ્વરપણાની વિસનગરમાં પ્રસરેલી લોકવાર્તા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥

પૂર અઢારમું : તરંગ - ૬૦

વિસનગરમાં શ્રીહરિનું સન્માન જોઈને વૈરાગીઓને થયેલી અકળામણ

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ભોજન પીરસતા રહ્યા. ૧. સંતો અને પાર્ષદો વગેરે જ્યારે જમી રહ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિ અશ્વ ઉપર બેસીને પુરની બહાર આવ્યા. ૨. દિવસ એક પહોર રહ્યો ત્યારે સભા કરીને શ્રીહરિ બેઠા. વિસનગરના ગ્રામજનો બધા ત્યારે દર્શન કરવા આવ્યા. ૩. કેટલાક તો મોટા મોટા માણસો રથમાં બેસીને આવ્યા. બધા જ છાબમાં ફૂલના હાર ભરીને લાવ્યા હતા. ૪. બીજી બાજું પુરમાં બધા વૈરાગીઓ ઘેર ઘેર જઈને લોકોને વારંવાર 'સ્વામિનારાયણ પાસે જશો નહિ' એમ રોકવા લાગ્યા અને મુખથી પોકાર કરવા લાગ્યા. ૫. તે પુરના કોઈ લોકો તેના પોકારને સાંભળતા નહિ. કારણ કે તેમનાં લક્ષણને સહુ જાણતા હતા. અને જે સુજ્ઞ નરનારીઓ હતા તે તો તેમને સામે કહેતા

પણ હતા કે, **'બીજી તો એવી ઘણી બાબત છે કે જેમાં તમે અમને ક્યારેય રોકતા નથી અને સાચા ભગવાન મળ્યા, તેની પાસે જઈએ છીએ ત્યારે આજ અમને અટકાવી રહ્યા છો.** ૬-૭.

તમે સાધુ શા માટે થયા છો ? અમને રોકતા તમને લાજ નથી આવતી ? તમે ગમાર છો. તેથી હાથે કરીને તમારું રૂપ ઉઘાડું કરો છો. ૮. તમારામાં નિયમ-ધર્મ કેટલા રહ્યા છે ? તે તમે કહી બતાવો. જે સાધુઓ હોય છે તેનું વર્તન તો શાસ્ત્રોમાં ઠેર ઠેર લખેલું છે. ૯. આ સ્વામિનારાયણના સાધુ શાસ્ત્રમાં જે કહ્યું છે તે પ્રમાણે વર્તે છે. તેમનું વર્તન તો એટલું પ્રસિદ્ધ છે કે તેને સહુ રાજદ્વારમાં પણ જાણતા થઈ ગયા છે. ૧૦. તે સંતોનું જે વર્તન છે તે બધું વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રને આધારે છે. અને જેટલા બુદ્ધિશાળી નાગરિકો છે તે બધા સંતોના વર્તનને પ્રમાણ કરે છે, પણ જે લોકો પશુના જેવા છે તે સ્વામિનારાયણના સાધુને ઓળખતા નથી. તમે જો સાચા સાધુ હો તો તમે તમારું વર્તન અમને કહો. ૧૧-૧૨.

સાધુનાં વર્તનની તમને લેશમાત્ર ગમ નથી તો તમે સાધુ કઈ રીતના છો ? તે અમને સમજાવીને કહો.' ૧૩. ત્યારે તે વૈરાગીઓ કહેવા લાગ્યા, 'જે કોઈ દોષ કહેવાય છે તે જેને લાગે નહિ તે સાધુ કહેવાય છે અને જેને દોષ લાગે છે તે સાધુ નથી. ૧૪. જેને દોષ લાગે છે તેને અમે સાધુ કહેતા નથી. અને દોષથી જે ડરે નહિ તે વૈરાગી સાધુ કહેવાય છે. ૧૫. જેટલા નિયમ-ધર્મ છે, અપાર જપ, તપ અને યજ્ઞ વગેરે જે સાધનો છે તે બધા તો સાધુના દાસ થઈને રહ્યા છે. ૧૬. જે સાધુ થયા હોય છે તેની પાછળ ભગવાન ફરતા રહે છે. ભક્તની પાછળ ભગવાન ફરે એ ચોક્કસ વાત કહેવાય છે. ૧૭. જપ, તપ અને બીજાં બધાં સાધનો તો ઋષિઓનો ધર્મ કહેવાય છે. ઋષિઓ અને સાધુ, બંનેની રીત અલગ અલગ હોય છે. તેને આધુનિક લોકો ક્યાંય જાણતા નથી.' ૧૮.

જ્યારે વૈરાગીઓ આવું કહી રહ્યા ત્યારે પુરના સજ્જનો બોલવા લાગ્યા, 'સાધુનાં લક્ષણ કેટલાં હોય છે ? તમે સાધુ કહેવાઓ છો, તો

બતાવો. ૧૯. ભગવાન તમારી પાછળ ફરતા હોય તેને અમે ક્યારેય દેખ્યા નથી. તમે આધુનિક કોને કહો છો ? અમને તો તમારામાં ઘણો સંદેહ થાય છે.' ૨૦.

ત્યારે વૈરાગીઓએ ક્રોધ કર્યો અને જ્યારે તેઓએ ન બોલવાના વચન બોલી નાખ્યા ત્યારે સામે પક્ષે જેટલા આબરૂદાર મોટા માણસો હતા તેમની પાસે સિપાઈઓ હતા, ૨૧. તે સિપાઈઓએ વૈરાગીઓની સારી રીતે પૂજા કરી..! હવે વૈરાગીઓ કોની પાસે જઈને ફરિયાદ કરે ? પછી તે વૈરાગીઓના જે ગુરુ હતા, તે બધી વાત સાંભળીને બોલી ઊઠ્યા, ૨૨. 'સ્વામિનારાયણ આ પુરમાં જ્યારથી આવ્યા છે ત્યારથી બધા પુરજનો સ્વામિનારાયણને એકને જ દેખે છે. બધો વિવેક નાશ પામ્યો છે. ૨૩. અરે ! બ્રાહ્મણો સુધી બધા તેના થઈ ગયા. આજ દિવસ સુધી જે સ્વામિનારાયણના વિરોધમાં મુખ્ય હતા તે સૂબાએ પણ સ્વામિનારાયણનું ઘણું સન્માન કર્યું. લાગે છે કે સ્વામિનારાયણે કાંઈ છાની લાંચ આપી હશે. ૨૪.

અત્યાર સુધી તેમનો મત ક્યાંય જામ્યો ન હતો, પણ તે ઘણા જોરદાર અપાર ચમત્કારને બતાવે છે. ૨૫. તેણે બધા કાઠીઓને વશ કરી લીધા છે એટલે તે બધા તેની પાછળ ફરે છે. તે બધા ગામધણી છે. કેટલાએ તો પરણેલી પત્નીને પણ તજી દીધી છે. ૨૬. સ્વામિનારાયણ જેની સામે નજર કરે છે તે તેને વશ થઈ જાય છે. તેને કોઈ સિદ્ધ મળ્યા હતા. ૨૭. પછી તેને કોઈ સિદ્ધિ વશ થઈ છે. તેઓ મુખથી જે કાંઈ બોલે છે, લોકો તરત તેમ કરવા લાગે છે. અત્યારે અમારું વૈરાગીઓનું ચલણ રહ્યું નથી. ૨૮. આ ગયા ચાતુર્માસમાં અમે વડોદરા ગયા હતા. ચારે સંપ્રદાયના વૈરાગીઓ છાવણીમાં હતા. ૨૯. લગભગ વૈરાગીઓ દસ હજાર ભેગા થયા હતા. હરિભક્તિવાળા એકલાએ જ ચાર માસ સુધી તે બધાને સીધું આપ્યું હતું. ૩૦.

રોજ વીસ મણ ઘી આપતા. દસ મણ ગાંજો આપતા. તમાકુ અને ગોળ તો દસ દસ મણ રોજ આપતા હતા. ૩૧. દર મહિને એક વખત પ્રેમથી પાકી રસોઈ દેતા હતા. દશેરાને દિવસે પાકી રસોઈ જમાડી અને જોયા વિના જ સહુને એક એક વસ્ત્ર તથા એક એક જોડી જોડા આપતા

હતા, પણ આ વખતે સ્વામિનારાયણના સંત મુક્તાનંદ નામે વડોદરામાં આવ્યા. તેને દેખીને બધા વૈરાગીઓ ઠેકઠેકાણે બળી ઊઠ્યા અને તેમનું અપમાન કરવાનું જોર કર્યું. ૩૨-૩૪. રામાનુજ સંપ્રદાયના વેદાંતાચાર્ય નામે એક આચાર્ય તે વખતે વડોદરામાં હતા. ૩૫. તેમને બોલાવીને સરકારની હાજરીમાં સ્વામિનારાયણને દેશથી દૂર કરવાને માટે સભા કરી. વૈરાગીઓને સરકાર અને મોટા મોટા મહાજનોનું ઘણું બળ હતું. ૩૬. પછી પુંડરીકનાથના મંદિરમાં એક મોટી સભા થઈ. અને વેદાંતાચાર્યે તેમની આગળ પ્રશ્ન પૂછવાનો વિચાર કર્યો. ૩૭. સરકાર મુક્તાનંદ મુનિને બોલાવીને લાવ્યા ત્યારે તે સભામાં આવ્યા. ૩૮. સરકારના પ્રતિનિધિના રૂપમાં ભાઉ પુરાણી સભામાં આવીને બેઠા અને વૈરાગીઓએ પ્રશ્ન પૂછ્યા. ૩૯. વૈરાગીઓએ જેટલા જેટલા પ્રશ્ન પૂછ્યા તે બધાના ઉત્તર મુક્તાનંદ મુનિએ કરી દીધા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વિસનગરમાં શ્રીહરિનું સન્માન જોઈને વૈરાગીઓને થયેલી અકળામણ" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥

પૂર અઢારમું : તરંગ - ૬૧

વૈરાગીઓનું જનતાએ કરેલું અપમાન અને સારથરામે કરેલી પૂજા

પરમ નિપુણ મુક્તાનંદ મુનિએ એકલાએ જ વેદાંતાચાર્યને ઉત્તર કરવામાં જીતી લીધા અને બધા વૈરાગીઓને પણ જીતી લીધા. ૧. પછી તો સરકારે જ કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને ઘણા ભાવથી મુક્તાનંદ મુનિની પૂજા કરાવી હતી. ૨. ચારે સંપ્રદાયના વડા ગુરુઓને પણ સહજ રીતે જીતી લેવામાં તેમને કોઈ વાર લાગી નહિ. ૩. આ મોટા ચાર કિલ્લાઓને તેમણે સરકારની હાજરીમાં જીતી લીધા. હવે બે કોટ બાકી રહ્યા છે અને તેમને જીતે ત્યારે તે જામી ગયા કહેવાય. ૪. ચાર કિલ્લાઓ તો તેમણે જીતી લીધા છે, હવે બે

કિલ્લાઓ જીતવાના બાકી છે. તેમાં કોઈ વિલંબ નથી. તે વગર જીતે જિતાયેલા જ છે. ૫. ભગવાન તો સહુ કારણનું પણ કારણ છે. તે અત્યારે એમને અનુકૂળ રહ્યા છે. માટે હવે તેનાથી શું ન થઈ શકે ? જેવું તે સ્વામિનારાયણ ચિંતવે તેવું થઈ જાય છે. ૬. જેટલા વૈરાગીઓ છે તે સિવાયના ફેલી નરનારીઓ પણ હવે સ્વામિનારાયણના નવા મતના આશ્રિત થઈ જાશે. ૭. કેમ જે, બધા લોકો ફેલ કરતાં ભગવાનને સમર્થ માને છે, પણ ભગવાને તો પોતાના કરતાં પણ સંતોને ઠેકઠેકાણે અધિક કહ્યા છે. ૮. અત્યારે જે નવો મત ચાલ્યો છે તે ભગવાન કરતાં પણ ફેલ(સત્સંગના સદાચાર)ને વધારે માને છે. આ સ્વામિનારાયણે નવી વાત ક્યાંથી ચલાવી હશે ? ૯. અમે જેટલા વૈરાગીઓ છીએ તે બધા ભગવાન કરતાં પણ વધારે સંતોને પ્રેમથી માનીએ છીએ અને મૂળભૂત સંતોની આ ખરી રીત હતી. ૧૦.

વૈરાગીઓના ગુરુ કહેતા કે, 'દુનિયામાં જે જે પાપ કહેવાય છે તે બધા સંતોની આગળ તો થરથર ધ્રૂજતા રહે છે. આવા સંતોને જે મનુષ્ય સેવે છે તે ચાહે તેટલું પાપ કરે, તોપણ તેનો નાશ થઈ જાય છે. તેને લગાર પણ વાર લાગતી નથી. આ નવા મતના લોકો છે તે બિલકુલ માર્ગ ભૂલી ગયા છે, ઋષિઓના માર્ગે ચઢી ગયા છે અને લોકોને ભરમાવી રહ્યા છે. ૧૧-૧૨. આ નવા મતવાળા ઘણી જાતનું શુદ્ધ વર્તન રાખે છે અને વર્તનમાં જ મોક્ષ ઠેરાવી દીધો છે, પણ વર્તનમાં ભગવાનના જેટલું સામર્થ્ય નથી.' ૧૩. વૈરાગીઓની વાતને હરિભક્તો સાંભળતા રહ્યા.

પછી તેમણે વૈરાગીઓને ખરી હકીકત કહી કે, **'શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનની આગળ કહ્યું છે કે, મહા બળવાન કામ, ક્રોધ અને લોભ, એ ત્રણ નરકના દ્વાર છે. ૧૪-૧૫. જેની જેવી રુચિ હોય તે પ્રમાણે ક્યારેય જ્ઞાન થઈ જતું નથી. પણ સત્શાસ્ત્રોમાં જે રીતે મોક્ષને કહ્યો હોય તેમ મોક્ષ થાય છે.** ૧૬. ભગવાન સિવાયનાને કોઈ અધિક મોટા કહે તો તેનાથી કોઈ અધિક થઈ જતા નથી. ભગવાનમાં જેટલા ગુણ રહ્યા છે તેટલા સંતમાં ગુણ રહે છે. ૧૭. તોપણ સંતો દાસના પણ દાસ થઈને રહે છે.

આવા જે સંતો છે તે અધિક કહેવાય છે. પોતે સંત થઈને ભગવાન કરતાં પણ પોતાને જો અધિક માને છે તો તેઓ ચંડાળ કરતાં પણ અધિક ચંડાળ છે, એવું અમે જોઈએ છીએ. અને જે ભગવાન કરતાં પણ પોતાને અધિક કહે છે તે બધાને તો જેટલું પાપ કહેવાય છે તે બધું, નખથી શિખા પર્યંત સુધી લપેટાઈને રહે છે. અને તેણે કરીને જ એવું બોલે છે. અને અમારા જે સ્વામિનારાયણ ભગવાન છે તે તો સંત તથા હરિભક્તને રોજ રોજ જેટલી નિર્બાધ વાત હોય તે કહે છે અને હેતે કરીને શીખવાડે છે. અને જેટલા અલૌકિક ચમત્કાર છે તે પણ અમારા સત્સંગમાં થતા રહે છે. ૧૮-૨૧.

જેમાં જેટલો પ્રતાપ રહ્યો હોય છે તેને જે હરિભક્ત થાય છે તે દેખતા રહે છે. અને જે લોકો સત્સંગનો આશ્રય નથી કરતા તે બધા તો જમપુરીમાં જાય છે. ૨૨. હરિભક્તો અને સંતો કેટલું બધું દેખે છે. તેની તમને કાંઈ ગમ નથી.' જ્યારે તે વૈરાગીઓના ગુરુને હરિભક્તોએ આવું કહ્યું ત્યારે તે વૈરાગીઓના ગુરુ પછીથી બોલતા બંધ થઈ ગયા. અને હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા ત્યારે વૈરાગીઓના ગુરુ જે બોલ્યા તે બધી વાત શ્રીહરિ આગળ કહી. ૨૩-૨૪. શ્રીહરિ હરિભક્તોના મુખની વાત સાંભળતા હતા ત્યારે મુખ ઉપર રૂમાલ રાખીને મંદ મંદ હસતા હતા. ૨૫. નગરના નરનારીઓ જે ફૂલના હાર લઈને આવતા હતા તે શ્રીહરિને પ્રેમથી પહેરાવતા હતા. ૨૬. વિસનગરના નાગર હરિભક્ત મોતીરામભાઈ જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવી શ્રીહરિ અને સંતોની પૂજા કરવા લાગ્યા. ૨૭.

જેટલો પૂજાનો સામાન લાવ્યા હતા તે બધો શ્રીહરિની આગળ મૂક્યો. તે વખતે શ્રીહરિનાં દર્શન કરવાને માટે કેટલીયે મોટી સભા બેઠી હતી. ૨૮. મોતીરામભાઈએ સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો શ્રીહરિને પહેરાવ્યાં. પછી લલાટમાં કેસર ચંદન ચર્ચીને કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૨૯. કપૂરની આરતી કરી. પછી સ્તુતિ કરી. તે વખતે સારથરામ નામના જે નાગરે હરિભક્તોને પોતાના તડ(પક્ષ)માં લીધા હતા તે શ્રીહરિની પૂજા કરવા આવ્યા. પાઘ બંધાવીને શાલ ઓઢાડી. પછી શ્રીહરિ તેના ઉપર ઘણું પ્રસન્ન થયા. ફૂલના હાર ઘણા ઊતારીને તેમને આપ્યા. ૩૦-૩૧.

❋ ભક્તની સહાયની શ્રેષ્ઠતા :

વળી, શ્રીહરિએ તેને બધી સભાની આગળ બેસાડ્યા અને તે સારથરામને શ્રીહરિએ કહ્યું, 'તમે અમારા હરિભક્તોને ઘણી સહાય કરી છે. અમે તમારા ઉપર ઘણું રાજી થયા છીએ. અમારા હરિભક્તો, સંતો, વર્ણી અને સંન્યાસી વગેરે જે છે તે બધા પણ તમારા ઉપર બહુ પ્રસન્ન થયા છે. તમે તમારા જીવનું કલ્યાણ કરી લીધું છે. તમારા બધા પરિવારનો પણ હવે ઉદ્ધાર થઈ રહ્યો છે. ૩૨-૩૪. મનુષ્ય જેની જેવી બુદ્ધિ હોય છે તેવા તે કર્મ કરતા રહે છે અને કર્મની ગતિ પણ ઘણી વિચિત્ર હોય છે અને તેનું ફળ પણ વિચિત્ર મળે છે. ૩૫.

चोपाई :

सबसे श्रेष्ठ यह कर्म कहाते, हरिजन ताकि सहाय देखाते;
एही सम बात श्रेष्ठ नहि केही, श्रेष्ठ में श्रेष्ठ बात रहे एही...३६

ભગવાનના ભક્તને જે સહાય કરવી તે સહુથી શ્રેષ્ઠ કર્મ દેખાય છે. આના સમાન કોઈ શ્રેષ્ઠ બાબત નથી. ભક્તને સહાયક બનવું તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વાત છે.' ૩૬. ત્યારે સારથરામે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'હવે તો બધું આપના હાથમાં છે. આપને ઠીક લાગે તે કરો.' ૩૭. પછી મોતીરામે સંતો, વર્ણી અને સંન્યાસીઓને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૩૮. કેસરયુક્ત ચંદન લઈને પહેલા સંન્યાસીઓની પૂજા કરી અને તે પછી વર્ણી તથા સંતોની પૂજા કરી. ૩૯. પછી તેણે સહુને એક એક ફૂલનો હાર પહેરાવ્યો અને પાર્ષદોની પણ ઘણા ભાવથી પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "વૈરાગીઓનું જનતાએ કરેલું અપમાન અને સારથરામે કરેલી પૂજા" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર અઢારમું : તરંગ - ૬૨

શ્રીહરિએ પાપકર્મથી ડરી, સન્માર્ગે ચાલી અને ભજન કરવાની વાત કહી

વિસનગરમાં જ્યારે સંધ્યા સમય થયો ત્યારે મશાલો થઈ. અને તે શિવ મંદિરના સભામંડપ ઉપર ધર્મકુમાર શ્રીહરિ આવ્યા. ૧. પહેલા આરતી બોલ્યા અને પછી શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તોએ મળીને નારાયણધૂન કરી. ૨. નારાયણધૂન કરીને સહુ બેઠા ત્યારે નાગર શોભારામે પોતાની પત્ની અને પુત્રને ત્યાં સભામાં મોકલ્યા. ૩.

તેઓ રથ અને મ્યાનામાં બેસીને ત્યાં આવ્યા. તેમની મર્યાદા જળવાય તેવી રીતે યોગ્ય જગ્યામાં બેઠા. ૪. તેમની સાથે સિપાઈ પણ હતા. તેઓ પણ મર્યાદા રાખીને બેઠા. પછી શ્રીહરિએ ચાર સદ્‌ગુરુઓના નામ લઈને તેમને ઓળખાણ કરાવી. ૫. શ્રીહરિએ જ્યારે સદ્‌ગુરુઓની ઓળખાણ આપી દીધી તે પછી નાયક જાતિના જે સદારામ વગેરે હરિભક્તો હતા તે શ્રીહરિની આગળ ગાન કરવા લાગ્યા. તેઓ બધા વાજિંત્ર પણ સાથે લાવ્યા હતા. ૬. દોકડ, સરોદ, તંબુર અને મંજીરા વગેરેને લાવ્યા હતા. તેઓએ પહેલા કલ્યાણ રાગનું પદ ગાયું. ૭. અને તે પછી અડાણા, કાનડો અને બિહાગ વગેરે મીઠા રાગોમાં પદો ગાયા. નાયક જ્યારે ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિ તેના ઉપર રાજી થયા. ૮.

શ્રીહરિએ પોતાનું સોનેરી કોરનું શેલું હતું તે તેમને આપ્યું. હરિભક્ત નાયક સિવાયના પણ બીજા જે નાયકો હરિભક્તોની સાથે જેટલા આવ્યા હતા, તેમને પણ એક એક રૂપિયો શ્રીહરિએ અપાવ્યો અને તે બધાને ઘણા પ્રેમથી એક એક ફૂલહાર પણ આપ્યો. ૯-૧૦. જેટલા પુરના લોકો આવીને બેઠા હતા તેની આગળ શ્રીહરિએ વાત કહી, ‘મનુષ્યને આ દુનિયાનાં સુખ તરફ ઘણી ભારે અપાર દોડ રહે છે. ૧૧. **પરંતુ આ લૌકિક સુખ અને ભોગોમાં અપાર દુઃખ તથા રોગ રહ્યા છે. છતાં તે દુઃખ અને રોગ બાબતનો માણસ ક્યારેય પોતાના મનમાં વિચાર કરતો નથી.** ૧૨. **સુખ અને ભોગ-**

વૈભવોનું મનમાં સહુને તાન રહ્યું હોય છે. તે મળવું કોઈના હાથમાં નથી, છતાં પણ દિલમાં તેનું ચિંતવન કર્યા કરે છે. ૧૩.

✵ બધું હરિના હાથમાં છે :

લોકો તો એવા છે કે, તે સુખ અને ભોગ જેના હાથમાં છે એવા પરમેશ્વર તરફ તેના ઉરમાં કાંઈ તાન નથી હોતું. ૧૪.

सोरठा : शुभ हि जो जितनी बात, भगवान ताके हाथ रहेउ;
ताकु नहि कबु चात, तिनकरी दुःख बहु सहत जन...१५
भगवान हि से जोउ, जितना जन दूर रहत यह;
तितना दुःख कु सोउ, सहत हि जन्म जन्म प्रति...१६

જેટલી શુભ બાબતો છે તે બધી ભગવાનના હાથમાં રહી છે, પણ માણસ તેવા ભગવાનને ક્યારેય ચાહતો નથી. અને તેને લીધે જ માણસને ઘણું દુઃખ સહન કરવું પડે છે. ૧૫. માણસ ભગવાનથી જેટલો દૂર રહે છે તેટલું દુઃખ તેને હરેક જન્મમાં સહન કરવું પડે છે. ૧૬. **વ્યવહાર સંબંધી જે જે કામ કરવું પડે તેને તો માથા ઉપર ઉપાડેલા વેઠના ભારની જેવું સમજવું જોઈએ.** ૧૭. આવી સમજણ જ્યારે રાખે ત્યારે તેને કોઈ વ્યવહાર બંધન કરે નહિ. ભગવાનને શરણે ગયા સિવાય કોઈ સંસારના પારને લઈ શકતો નથી. ૧૮.

મનુષ્યજન્મનું સાચું ફળ તો એટલું જ છે કે ભગવાનનું ભજન કરવું. મનુષ્યજન્મ પામીને કોઈ મોટો રાજા થાય તોપણ શું થયું ? ૧૯. મોટો રાજા થઈને તો ઝાઝું પાપ કરે અને અંતરમાં તે પાપનો સંતાપ પણ થતો નથી. પરંતુ અહીંયા જેટલું પાપ કરે છે તે બધાને ધર્મરાજા તો જાણતા જ હોય છે. ૨૦. અહીંયા જેટલું પાપ કર્યું હોય છે તેના કરતાં હજારગણું વધારે ભોગવવું પડે છે. અહીંયા જેવી રીતે પાપ કર્યું હોય છે અને જેટલા પશુઓને માર્યા હોય છે તેટલા તેવા પશુઓને બનાવતા જમને કોઈ વાર લાગતી નથી. જેવી હિંસાનું કર્મ કર્યું હોય છે તેવા શસ્ત્રને જમપુરીમાં તે પશુઓ લે છે. તેમાં કોઈ ફેરફાર રહેતો નથી. ૨૧-૨૨.

આ લોકમાં જેવા જળજંતુઓ અને પંખીઓને માર્યા હોય છે તેવા જ જળજંતુ અને પંખીઓને જમ ત્યાં બનાવે છે. અને યમદૂતો જીવે અહીં જેને ખાધા હોય છે તે જંતુ અને પંખીઓને તેનું માંસ ખવરાવે છે. ૨૩. પશુ, પંખી તથા જળજંતુને કોઈ નિત્ય ચાહે તેટલા મારે અને મારીને જેટલા ખાય છે તે બધાનાં પાપનો ભાર મારનારના માથા ઉપર રહે છે. ૨૪. માટે કોઈ પ્રાણીની લેશમાત્ર પણ ક્યારેય હિંસા કરવી નહિ, એવો મનુષ્યજાતિને ઉપદેશ છે. ૨૫. ભગવાને જે રીતે કહ્યું છે તે રીતે જો મનુષ્યજાતિ પાપ ન કરે તો તેને બહુ સુખ મળે છે. ૨૬.

सोरठा : मनुष्य तन कु पाय, जितने कु दुःख होत ईहां;
पाप के फल हि ताय, मूर्तिमान देखात सब...२७
जितना सुखी देखात, मनुष्य तन तिनमें जोउ;
धर्म के फल हि रहात, मूर्तिमान यह देख परत...२८

મનુષ્યશરીરને પામ્યા પછી જેને અહીંયા દુઃખ થાય છે તે બધું પાપનું ફળ હોય છે. તેવું બધું મૂર્તિમાન દેખાય છે. ૨૭. મનુષ્યશરીરમાં રહ્યા પછી જેટલું સુખ દેખાય છે તે બધું પુણ્યનું ફળ કહેતાં ધર્મ પાળવાનું જ ફળ રહ્યું છે. તે પણ મૂર્તિમાન દેખાય છે. ૨૮. શાસ્ત્રમાં વારંવાર જે બાબતનો નિષેધ કરેલો દેખાય છે તેવા કર્મો, તથા છાની રીતે જે જે કરવામાં આવતું હોય તેવા કર્મો, અને લોકનિંદિત જે જે કર્મો હોય તેવા કર્મો જે ન કરવા તેને મૂર્તિમાન ધર્મ કહેવાય છે; એમ તમે સમજો. કારણ કે, સત્શાસ્ત્રો, સજ્જનો અને અંતરાત્મા એ ત્રણેયે નિષેધ કરેલી વાતને જે કરવી તે બધો મૂર્તિમાન અધર્મ છે. ૨૯-૩૦. જેને કાંઈક વિવેક હોય છે તેને અધર્મ અને પાપ એક જણાય છે. તે રીતે જ ધર્મ અને પુણ્ય પણ એક કહેવાય છે. ખાલી નામ જ જુદા જુદા છે. ૩૧. પોતાનું કલ્યાણ કરવું હોય તે તો જીવના હાથમાં જ છે. જો મનુષ્ય સન્માર્ગે ચાલે છે તો તે કલ્યાણને પામે છે. ૩૨. જો ક્યારેય કલ્યાણને માર્ગે ચાલે જ નહિ તો તેને સુખ ક્યાંથી મળે ? મનુષ્ય જેવા માર્ગ ઉપર ચાલે છે તેવું તે સુખ પામે છે. ૩૩.

અમે જે જે વચન કહીએ છીએ તેમાં રતીભાર પણ મિથ્યા હોતું નથી.' આવી વિસનગરમાં શિવમંદિરે સભામાં શ્રીહરિએ વાતો કરી. તેને સાંભળીને કેટલાય લોકોએ સત્સંગના વ્રતમાન નિયમ ધારણ કર્યા. ૩૪. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. ગામના બધા લોકો ગામમાં ગયા. અને તેઓ પરસ્પર કહેતા કે, 'સત્સંગના જેવું બીજું કોઈ નથી. ૩૫. સત્સંગ સિવાયના જેટલા માર્ગ છે તે તો જીવને ભવભટકણ કરાવનાર રહ્યા છે. જેને ભવભટકણમાં રુચિ હોય છે તે લોકો સત્સંગને સ્વીકારતા નથી.' ૩૬. **જેટલા સંતો હતા તે બધા શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા અને ધ્યાન કરતા કરતા જ સૂઈ ગયા. તેનો તેમને કાંઈ ખ્યાલ પણ ન રહ્યો.** ૩૭. **કેટલાક સંતો અને હરિભક્તોને તો દિવસે શ્રીહરિને જેવા દેખતા તેવા જ સૂતા પછી નિદ્રામાં પણ દેખાતા હતા.** ૩૮.

सोरठा : दरशन करे जिस रीत, फेर हि तिस रित के जेहि;
चोट जावत हि चीत, अखंड मूर्ति देखत तेहि...३९
दरशन बात ताके, जिहाँ लग वेग न लगत जेहि;
संभारत नहि वाके, फेर चडत नहि कबहु यह...४०

જે રીતે દર્શન કર્યાં હોય તે જ રીતે ફરીને મૂર્તિ ઊંઘમાં પણ દેખાતી હતી. કેમ જે, ચિત્તમાં ચોંટી જતી હતી અને તેથી જ અખંડ મૂર્તિ દેખતા હતા. ૩૯. જેને ભગવાનના દર્શન અને વાતનો વેગ જ્યાં સુધી નથી લાગ્યો, અને ફરી ફરીને મનન કરી સંભારતા નથી, તેને ત્યાં સુધી આ કહ્યો એવો અખંડ મૂર્તિ દર્શનનો ક્યારેય વેગ ચઢતો નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ પાપકર્મથી ડરી, સન્માર્ગે ચાલી અને ભજન કરવાની વાત કહી" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર અઢારમું : તરંગ - ૬૩

શ્રીહરિએ રસ્તામાં રોઝને દોડાવ્યા અને વસાઈ થઈને મેઉ આવ્યા

જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો ઊઠ્યા અને ત્યાં ઠામોઠામ નારાયણધૂન કરવા લાગ્યા. ૧. શ્રીહરિ જંગલ(દિશાએ) જઈ આવ્યા. પછી દાતણ કર્યું ત્યારે બધા સંતો તૈયાર થઈને રસ્તે ચાલતા થયા. ૨. શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને અશ્વ ઉપર સવાર થયા. તે વખતે સવાર થઈ ગયું અને હરિભક્તો દર્શન કરવા આવ્યા. ૩. પા કોશ સુધી **વિસનગરના** બધા હરિભક્તો શ્રીહરિની સાથે આવ્યા. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને ઊભા રાખીને ઘેર જવાની રજા આપી. ૪.

જ્યારે બધા હરિભક્તો ઊભા રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. દિવસ એક પહોર જ્યારે ચઢ્યો ત્યારે વનમાં સ્વચ્છ પાણીનું એક નાનું તળાવ આવ્યું. ૫. તે તળાવ રસ્તાથી ડાબે પડખે હતું. શ્રીહરિ પોતાનો અશ્વ લઈને તે તરફ ચાલ્યા. અશ્વે તે પાણી પીધું અને પીતા પીતા આગળ ચાલ્યો. ૬. રોઝા ઘોડાના પેટ નીચે પાણી અડે ત્યાં સુધી તેને આગળ જવા દીધો. પોતે બંને ચરણોને ઊંચા લઈ લીધા. પછી જ્યારે તે અશ્વ પાણી પી રહ્યો ત્યારે તેને પાણીથી બહાર લઈને આવ્યા. તરત તેનું પલાણ ઉતરાવી લીધું. પછી અશ્વને પાણીમાં ઊંડે સુધી લઈ જઈને ખૂબ ચોળીને નવડાવ્યો. ૭-૮. **શ્રીહરિએ પોતે તે અશ્વને નવડાવ્યો. તે અશ્વનું મોટું ભાગ્ય શું વખાણવું ? પછી પોતે શ્રીહરિ તળાવમાં નાહ્યા અને સાથે સંતો હતા તે પણ નાહ્યા.** ૯. સાથે ગાડીમાં જે સદ્‌ગુરુઓ હતા તેઓ નાહ્યા અને પાર્ષદો તથા સાથેના કાઠી દરબારો પણ શ્રીહરિની સાથે નાહ્યા. ૧૦.

સંતો ત્રણ ભાગ જેટલા તો આગળ ચાલ્યા ગયા હતા અને એક ભાગ જેટલા જ શ્રીહરિની સાથે રહ્યા હતા. સ્નાન કરી લીધા પછી શ્રીહરિ તરત અશ્વ ઉપર બેઠા. ૧૧. પછી જ્યારે આગળ થોડુંક દૂર ચાલ્યા ત્યારે નીલ વર્ણના અશ્વના જેવા પૂરા શરીરના દસ-બાર મોટા રોઝનું ટોળું શ્રીહરિએ જોયું. ૧૨. શ્રીહરિને દેખીને બધા રોઝ થંભી ગયા અને માનો ચિત્રમાં આળેખેલા હોય તેવા તે બધા થઈ ગયા. ૧૩. શ્રીહરિ એક જ ઊભા રહ્યા.

બીજા બધા તો ચાલતા થયા. અને જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે તે બધા રોઝ શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા. ૧૪. શ્રીહરિ જે વખતે ઊભા રહેતા હતા ત્યારે તે રોઝ પણ ઊભા રહેતા હતા. શ્રીહરિએ અશ્વને કૂદાવ્યો ત્યારે માર્ગથી પશ્ચિમ દિશા તરફ રોઝ ભાગવા લાગ્યા. શ્રીહરિ દક્ષિણ દિશા તરફ આવીને તેની પાછળ દોડ્યા. ૧૫-૧૬. અશ્વ રોઝની પાછળ કેવો દોડે છે ? તે જોવાને માટે જ્યાં સુધી નજરે રોઝ દેખાયા ત્યાં સુધી શ્રીહરિ તેની પાછળ પાછળ અશ્વ દોડાવીને ગયા. ૧૭. શ્રીહરિએ ઘોડાની દોડના જેવી જ રોઝની દોડ પણ દેખી. રોઝના ટોળાને દૂર સુધી છોડી આવ્યા ત્યારે પોતાનો અશ્વ પરસેવાથી ભીંજાઈ ગયો હતો. ૧૮. આગળ ચાલતા વચ્ચે **વસાઈ** નામનું ગામ આવ્યું. ત્યાં મોતીલાલ નામના ભાવસાર હરિભક્ત હતા. શ્રીહરિએ તેમને પોતાનો ઘણો પ્રતાપ દેખાડ્યો હતો. ૧૯. તેઓ તત્કાળ દોડતા શ્રીહરિની સન્મુખ આવ્યા અને પરાણે ગામમાં લઈને ચાલ્યા. પોતાને ઘેર પધરામણી કરાવી અને હરખભેર શ્રીહરિની પૂજા કરી. ૨૦.

પછી શ્રીહરિએ જેટલા સંતો હતા તે બધાને ઘણા પ્રેમથી બબ્બે સુખડીના લાડુ આપ્યા. તે જમ્યા પછી સંતો તરત જ ચાલતા થઈ ગયા. ૨૧. વસાઈ ગામના જે લોકો હતા તે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. પછી શ્રીહરિ વસાઈથી ચાલીને **મેઉ** ગામ આવ્યા. ૨૨. મેઉમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. જેટલા ફૂલના હાર લાવ્યા હતા તે બધા ઘણા પ્યારથી શ્રીહરિને પહેરાવ્યા. ૨૩. ત્યાં ભૂખણ ભાવસાર નામે મુખ્ય હરિભક્ત હતા. તે ઘણા પવિત્ર અને પ્રેમીભક્ત હતા. તેમણે શ્રીહરિ સિવાય બીજે ક્યાંય ચિત્ત રાખ્યું ન હતું. ૨૪. પોતાનું તન, મન અને ધન બધું જ ભગવાનને માટે તેણે કરી રાખ્યું હતું. સદાય તેમનું મુખ પ્રસન્ન રહેતું. તેમણે શ્રીહરિ આગળ કહ્યું, 'મહારાજ ! હરિભક્ત વિપ્રો રસોઈ કરે છે માટે ત્યાં સુધી આપ અમારા ગામમાં હરિભક્તોને ઘેર ઘેર પધરામણી કરો.' ૨૫-૨૬. શ્રીહરિ હરિભક્તોનો ભાવ જોઈને ગામમાં જવા ચાલ્યા. પોતાની સાથે જે સવારી હતી તે બધા પણ સાથે જ ચાલ્યા. ૨૭. પુરમાં જેટલાં વાજિંત્રો હતાં તે બધાં આગળ વાગતાં ચાલ્યાં જતાં હતાં.

બધી રાજબજારોમાં કેળના સ્તંભ રોપાવી દીધા હતા. ૨૮. શ્રીહરિ જ્યારે મેઉ ગામમાં આવ્યા ત્યારે અશ્વ ઉપર બેઠા હતા અને સોનાનાં ઘરેણાંઓથી અશ્વને શણગાર્યો હતો. ૨૯. અશ્વના ઉપરનું પલાણ પણ સોનાનું હતું. અને તે સુંદર શોભાયમાન હતું. ભુજના હરિભક્તોએ ડભાણમાં મહારુદ્ર યજ્ઞ કર્યો ત્યારે તે પલાણ કરાવ્યું હતું. ૩૦.

પલાણમાં ચિત્રકારની બધી ચતુરતા દેખાતી હતી. હરિભક્ત ચિત્રકારે ઘણા હેતથી તેમાં ચિત્ર કર્યા હતા. ૩૧. ભુજના હરિભક્ત કારીગરોએ પ્રેમથી સોનાનો કસબ કરીને તેમાં ઊંચામાં ઊંચા શંખલાદ(ઊંચા પ્રકારનું ભરત) ભર્યા હતા. અને કાઠું પણ સોનાનું ભાતિદાર બનાવેલું હતું. ૩૨. તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. શોભા મુખથી કહી શકાતી નથી. સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં ઘણાં વિવિધ પ્રકારના પહેર્યાં હતાં. ૩૩. મસ્તક ઉપર રંગબેરંગી સોનાનું છત્ર ધારણ કર્યું હતું. હાથમાં સોનાની છડી લઈને છડીદાર સ્વામિનારાયણ ભગવાનનો જય જયકાર બોલાવતા હતા. ૩૪.

શ્રીહરિની આગળ જે પાર્ષદો હતા તે બધા હાથમાં બંદૂક લઈને ચાલતા હતા. ગામમાં જેટલા મનુષ્યો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કરી અને ફૂલના હાર લઈને પ્રેમથી શ્રીહરિને પહેરાવતા હતા અને શ્રીહરિનો જય જયકાર બોલાવતા હતા. ૩૫-૩૬. ગામની બધી સ્ત્રીઓ બજારમાં આવીને ઊભી હતી અને મોતીના થાળ ભરીભરીને શ્રીહરિને વધાવતી હતી. ૩૭. જે લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા તેમને તૃપ્તિ થાતી ન હતી. હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ૩૮. જેના જેવા મનોરથો હતા તેણે તે રીતે ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી અને ક્યારેય ન લીધો હોય એવો સહુએ લાભ લીધો. ૩૯. ભાવસાર ભૂખણભાઈએ શ્રીહરિને ઘણા ભક્તિભાવથી પોતાને ઘેર પધરાવ્યા અને ત્યાં સહુ સંતોને પણ બોલાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ રસ્તામાં રોઝને દોડાવ્યા અને વસાઈ થઈને મેઉ આવ્યા" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥

પૂર અઢારમું : તરંગ - ૬૪

મેઉમાં ભૂખણ ભાવસારની પ્રાર્થના અને શ્રીહરિએ સત્સંગને તાજો રાખવાની વાત કહી

મેઉ ગામમાં ભૂખણ ભાવસારે શ્રીહરિને સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણો પહેરાવ્યાં. ૧. લલાટમાં કેસરયુક્ત ચંદન ચર્ચીને તેમાં કુંકુમનો સુંદર ચાંદલો કર્યો અને ફૂલના હાર પહેરાવ્યા. ૨.

❋ શ્રીહરિની દુર્લભતા :

કપૂરની આરતી ઉતારીને પછી સ્તુતિ કરી, 'મહારાજ ! આપે અત્યંત દયા કરીને દર્શન દીધાં છે તે વાત ઘણી દુર્લભ છે. ૩. **વારંવાર આપનો યોગ ક્યારેય થતો નથી. આ તો સહેજે યોગ થઈ ગયો. આવો યોગ ક્યાંથી થાય ? ૪. કઠણમાં કઠણ જેટલાં સાધન છે તે કરી કરીને કોઈ મરી જાય અને કરોડો કલ્પ સુધી તે સાધન કરવામાં આવે, તોપણ તેમને આવો આપનો યોગ થતો નથી. ૫. આવો દુર્લભ યોગ અમને આ વખતે વર્ષોવર્ષ બે-ચાર વખત મળે છે. આપ દયા લાવીને દર્શન આપો છો, તે અમારાં હરિભક્તોનાં ધન્યભાગ્ય છે. ૬. આપ જે અમને દર્શન આપો છો તે અમારા સર્વોપરિ ભાગ્ય છે. આના સમાન બીજું કોઈ સદ્‌ભાગ્ય કહેવાતું નથી, અને આનાથી અધિક પણ કાંઈ દેખાતું નથી.** ૭. આ આપની દયા કરતા કોઈ પણ વાત અધિક જો દેખાય તો તેને અમે બાળબુદ્ધિ માનીએ છીએ. કોઈ કલ્યાણકારી સાધન કરોડો કલ્પ સુધી અપરંપાર કરે, ૮. તે બધા સાધનોનું એ જ ફળ છે કે, આપનાં પ્રગટ દર્શન થાય. કેટલાક લોકો આપના દર્શન કરતાં આત્મદર્શનમાં અધિકતા માને છે. ૯.

चोपाई :

चिंतामनि ताके करीके त्यागा, काच तामें करे अनुरागा;
आत्मा के कारन रहे तुमहि, तुम बिन अधिक न देखत हमहि...१०
चिंतामनि ताके तुम जेहू, चिंतामनि कोटिगन हि तेहू;
बहुत अधिक तुमकु हम स्वामी, जानत रहेउ अंतरजामी...११

તેઓ તો ચિંતામણિનો ત્યાગ કરીને કાચના ટૂકડામાં પ્રેમ કરે છે. કારણ કે, આત્મદર્શનનું કારણ પણ આપ જ છો. માટે અમે આપના સિવાય અન્ય કોઈને અધિક દેખતા નથી. ૧૦. સર્વના સ્વામી અને અંતર્યામી એવા આપને અમે ચિંતામણિ કરતાં પણ કરોડ ઘણા ચિંતામણિ જેવા સહુથી અધિક માનીએ છીએ. ૧૧. આપની મહત્તા જોઈને આપના સિવાયની આત્મદર્શન ઈત્યાદિક અપાર વાતોને અમે કાચના ટૂકડાને સમાન જોઈએ છીએ. ૧૨. આપ એક જ આત્માના પણ અંતર્યામી આત્મા છો. આત્મા તો અનેક છે અને અનેક શરીરને ધારણ કરે છે. ૧૩. તે આત્મા જેવી પોતાની રુચિ અને જે જાતનો સંગ રહે તેવી રીતનાં કર્મને રાત-દિવસ કાયમ કરતો રહે છે. ૧૪. જીવાત્મા જે રીતનાં કર્મ કરે છે તેને અંતર્યામી પરમેશ્વર કર્મફળનાં રૂપમાં તેવી જાતનું શરીર હેત કરીને આપે છે. ૧૫. વેદ અને પુરાણો આપને કર્મફળપ્રદાતા પરમેશ્વર કહે છે. આપમાં જે જે અલૌકિક બાબતો રહી છે તેને તો વેદાદિક જાણે છે. ૧૬.

જેનાથી કોઈ અધિક વાત નથી, જેનાથી કોઈ વધારે ફળ નથી, જે મળ્યા પછી તેનાથી અધિક કોઈ પ્રાપ્તિ રહેતી નથી અને જેનાથી કોઈ અધિક સુખ સાંભળ્યું નથી; એવા આપ ભગવાન સ્વામિનારાયણ સામેથી ચાલીને અમારે ઘેર આવ્યા છો, માટે આનાથી અધિક બીજું કાંઈ કહેવાય નહિ. બીજા કોઈને આનાથી અધિક જે સમજે છે તે બધા તો આપના ચોર ગણાય છે. ૧૭-૧૮. અને આપનાથી અધિક બીજું કાંઈક માનનારા મનુષ્યોને વારંવાર સંસારમાં ભટકવાનું રહે છે. અને જેટલી જાતના દુઃખો કહેવાય છે તે બધા તેનાં માથા ઉપર રહે છે. ૧૯. **હવે અમને આપનાથી બીજું કોઈ અધિક ન રહે, એક આપના સ્વરૂપમાં જ અમને સ્નેહ થાય અને દેહ-ગેહાદિક અપાર પદાર્થો છે તે અમને અસત્ય જણાય; એવો વર અમને પ્રેમથી આપો.** ૨૦. **જે આપના આશ્રિત નર-નારી ગૃહસ્થ અને ત્યાગી છે, તેઓ બધા જ્યાં સુધી આપના કહેવાતા રહે ત્યાં સુધી અમને તેમની અરુચિ ક્યારેય થાય નહિ.** ૨૧. કોઈક વાતના લોભે કરીને જ હરિભક્તોનો દ્રોહ થાય છે, લોભ એવો વિપરીત છે. તે લોભે કરીને હરિભક્તો પ્રત્યે મારી

બુદ્ધિ શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી ક્યારેય વિપરિત ન થઈ જાય, અને રાત-દિવસ અલૌકિક બુદ્ધિ જ રહે અને ક્યારેય કોઈ પ્રકારનો વિરોધ ન થાય; એવો વર આપો. ૨૨-૨૩.

अलोकिक भाव रहेउ जितना, मोक्ष के द्वार रहाये तितना;
अरुचि जितना भाव रहाते, अधोगति तितना द्वार देखाते...२४

જેટલો અલૌકિક ભાવ રહે છે તેટલું તે મોક્ષનું દ્વાર ગણાય છે. અને જેટલો અરુચિનો ભાવ રહે છે તેટલું તે અધોગતિનું દ્વાર દેખાય છે.' ૨૪. ભક્ત ભૂખણ ભાવસારે શ્રીહરિની આવી સ્તુતિ કરી અને પછી સંતો, વર્ણી અને પાર્ષદોની પૂજા કરી. ૨૫. તે વખતે કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા અને સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૬. આ રીતે જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ. પ્રથમ શ્રીહરિએ જમી લીધું અને તે પછી સહુ સંતોની પંગત કરી. ૨૭. હરિભક્તોનું હેત દેખીને શ્રીહરિએ ઘણા પ્રેમથી માલપૂડા પંગતમાં પીરસ્યા. રાત થઈ ગઈ હતી એટલે મશાલ કરી હતી. ૨૮. સંતો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં માલપૂડા પીરસતા રહ્યા. શ્રીહરિ પીરસવામાં ઘણું હેત દેખાડતા હતા. ૨૯. અડદની દાળ અને જેટલા શાક હતા તેને સંતો પીરસતા હતા. જ્યાં સુધી સંતો જમી રહ્યા ત્યાં સુધી સંતોને પીરસતા રહ્યા. ૩૦.

શ્રીહરિએ સંતોને આ રીતે પીરસ્યું અને તે પછી તરત જ ચાલતા થયા. મેઉ ગામની બહાર મુકામ કર્યો હતો. ત્યાં આવીને ગાડી ઉપર બેઠા. ૩૧. શ્રીહરિએ ગાડી ઉપર બેસીને તે સમયે એક પત્ર લખાવ્યો. જગન્નાથ નામે જે એક વિપ્ર (શુકમુનિ) હતા તેણે શ્રીહરિના કહ્યા પ્રમાણે તે પત્ર લખ્યો. ૩૨. શ્રીહરિ જે રીતે બોલ્યા તે રીતે પત્ર લખ્યો. તેમાં લખાવ્યું હતું કે, 'વૌઠામાં જે બાઈ-ભાઈ હરિભક્ત આવ્યા હોય તે બધા જેતલપુર આવજો. હવે અમે વૌઠામાં આવી શકશું નહિ.' આવો જ્યારે પત્ર લખાઈ ગયો ત્યારે તે એક બ્રાહ્મણને આપ્યો. ૩૩- ૩૪. તે પછી સંતો ગરબીનાં પદ બોલવા લાગ્યા. તે સંતોની સાથે શ્રીહરિ પણ પદ બોલતા હતા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૩૫. ગામમાં જેટલા બીજા બાઈ-ભાઈ

ભાવિક લોકો હતા તે બધાં દર્શન કરવા ત્યાં આવ્યા અને મર્યાદા પ્રમાણે બેઠા. ૩૬. **જ્યારે સંતો કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિ વાતો કરવા લાગ્યા. વાતો કરવાથી સત્સંગ તાજો ને તાજો જ રહે છે.** ૩૭. **વાતો કર્યા સિવાય અને સાંભળ્યા સિવાય જીવમાં રહેલા જે દોષો છે તે ક્યારેય દેખાતા નથી.** ૩૮. જીવનો મોક્ષ કરવાને માટે જેટલા સંપ્રદાયો ચાલ્યા છે તેમાં મોક્ષસંબંધી વાતો નિત્ય થતી રહેતી હોય છે. ૩૯. જે જેના લોભી હોય તે તેને માટે તત્પર રહે છે. તેવી રીતે જ મોક્ષભાગી જીવાત્માઓ મોક્ષના માર્ગમાં તત્પર થઈને રહે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મેઉમાં ભૂખણ ભાવસારની પ્રાર્થના અને શ્રીહરિએ સત્સંગને તાજો રાખવાની વાત કહી" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥

પૂર અઢારમું : તરંગ - ૬૫

આજ્ઞાવચનનું મહત્ત્વ સાંભળીને મુક્તમુનિએ મહિમા કહ્યો અને શ્રીહરિ લાંઘણોજ આવ્યા

વળી શ્રીહરિએ વાત કહી કે, '**જે મનુષ્યને જેમાં પોતાનું હિત મનાય છે તે કરવું કઠણ પડતું નથી. અને જે કરવામાં જેટલું કઠણ પડે છે તેટલું તેમાં હિત મનાયું નથી. આ વાતને ચોક્કસ સમજવી.** ૧-૨. જેમાં જેટલું હિત મનાયું હોય તેટલું તેનું વર્તન કહી દે છે. આ વાતને રામબાણના જેવી ચોક્કસ સમજવી. ૩. **દેહ અને દેહના સંબંધીઓને માટે ચાહે તેવું કઠણ કામ હોય તોપણ લોકો પ્રેમથી કરે છે. અને તે કઠણ કામ હોય તોપણ સુગમ લાગે છે.** ૪. પ્રથમ ચોરી કરવી તે કઠણ દેખાતું હોય છે. પરંતુ જ્યારે જેને ચોરી કરવાનું વ્યસન પડે ત્યારે ચોરી કરવી તે કઠણ બાબત હોવા છતાં કઠણ નથી પડતી. અને ચોરી કરવામાં લેશમાત્ર પણ લાજ શરમ નથી લાગતી. ૫. ચોરી કરનારાને જ્યારે કોઈ પકડે એટલે તરત તેને કેટલોય માર પડે છે. તે વખતે તેના સંબંધીઓ પાસે ઊભા હોય છતાં તેને બચાવવા કોઈ એક પણ પાસે આવતો નથી. કદાચ તેનું માથું કાપે તોપણ કોઈ શું કરે ?

જુઓને, ચોરીમાં કેટલું બધું દુઃખ રહ્યું છે ? ૬-૭. ચોરીમાં આટલું દુઃખ દેખવા છતાં ચોર તે દુઃખને દેખતો નથી. તેની સામે મોક્ષને માર્ગે ચાલવામાં તો આ લોક અને પરલોકનો ઘણો લાભ રહ્યો છે. ૮. કુમાર્ગે જે ન ચાલવું તેમાં કેટલો બધો યશ રહ્યો છે છતાં પણ તેનાં વ્યસની લોકો કુમાર્ગે ચાલે છે. અને તેમાં તન્મય થઈ જાય છે. ૯. કુમાર્ગે ચાલવામાં ચાહે તેટલું દુઃખ પડે પણ તે વ્યસની લોકો તેમાં દુઃખ દેખતા નથી. તે કુમાર્ગીઓની જેમ જ આપણે દિલના સાચા પ્રેમથી સન્માર્ગે ચાલવાનું વ્યસન રાખવું જોઈએ. ૧૦.

❋ મીઠી વાણીની આવશ્યકતા :

સન્માર્ગે ચાલવાનું વ્યસન કરવું તેનું જ નામ મોક્ષ કહેવાય છે. તે અમે વાતે કરીને દેખાડી દઈએ છીએ. આવી વાત કહ્યા સિવાય સાક્ષાત્ સમજાતી નથી. ૧૧.

चोपाई :

करामत कहावत ही जितनी, बात तामें रहाये तितनी;
एक बात रहाये जो एसी, भुमिके भूप सहज होय तेसी...१२

दोहा : चक्रवर्ति होय राज तोउ, पल में देवे खोय;
करामत रहे बात में, बात हे एसे सोय...१३

જેટલી કરામત કહેવાય છે તે બધી વાત કરવામાં રહી છે. કોઈ એક વાત એવી હોય છે કે તે સહજભાવે આ પૃથ્વીનો રાજા થઈ જાય. ૧૨. અને કદાચ કોઈ ચક્રવર્તી રાજા હોય, તોપણ તે વાત કરતા ન ફાવે તો પળવારમાં રાજ્યને ખોઈ બેસે છે. માટે વાતમાં એવી કરામત રહી હોય છે. ૧૩. અત્યારે અંગ્રેજો રાજ્ય કરે છે તે એક જુઓ કેવી રીત છે ? અને બીજા અપાર રાજાઓ રાજ્ય કરે છે તેમની રીત તેનાથી કોઈ ઓર જ હોય છે. ૧૪. ભગવાન સહુના અનુપમ અંતર્યામી રહ્યા છે. અંગ્રેજોને તે ભગવાનને પ્રસન્ન કરવાનું આવડે છે. ૧૫. જે રાજાઓ જ્યાં સુધી છળ-કપટ છોડી દઈને નીતિ ઉપર ચાલે છે ત્યાં સુધી તેઓ દિનપ્રતિદિન રાજકીય ક્ષેત્રમાં આગળ વધતા જ રહે છે. ૧૬. **પહેલા નીતિ દેખાડીને પછીથી જ્યારે અનીતિના માર્ગે**

ચાલવા લાગે છે ત્યારે તેની બુદ્ધિમાં રહેલો જે પ્રકાશ છે તે અંધકારરૂપ થઈ જાય છે. ૧૭. જે કોઈ પણ મનુષ્ય અમારાં આજ્ઞાવચનમાં જ્યાં સુધી વર્તશે ત્યાં સુધી મોટા બુદ્ધિમાન રાજાઓ પણ તેનો તેટલો સત્કાર કરશે. ૧૮.

❋ વચનની મહત્તા :

અમારો આશ્રિત થઈને પણ જે અમારાં આજ્ઞાવચનથી બહાર ચાલશે તેની ચાહે તેટલી મોટાઈ હશે તોપણ તે ખંડિત થઈ જશે. ૧૯. જેટલી મોટાઈ છે તે બધી અમારાં વચનમાં રહી છે. અમારાં વચનમાં જેને દુઃખ દેખાય છે તે ક્યારેય સુખને પામતા નથી.’ ૨૦.

❋ હરિવાણીની વિશેષતા :

ત્યારે મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડી ચરણમાં મસ્તક મૂકીને કહ્યું, ‘મહારાજ ! આપ જે વાત કરો છો તે બધી અમૃતરસથી ભરેલી છે. ૨૧. આપનાં વચનને સાંભળવા છતાં અમારા કાનને ક્યારેય તૃપ્તિ થાતી નથી. જે કાંઈ પણ દૈવત અને સુખ કહેવાય છે તે બધું આપની વાતમાં દેખાઈ આવે છે. ૨૨.

ચોપાઈ :

जो जो जितना रस रहाये, तुमारी बात में आत भराये;
तुमारी बात में रस रहे जेसे, ओर बात में रहे न तेसे...२३
तुम करत हो एक हि बाता, सुनीके हम जो करत रहाता;
एसे रस नहि आवत तामे, आश्चर्य एही रहाये यामे...२४

જે જે કાંઈ રસ હોય છે તે બધો આપની વાતમાં ભર્યો હોય છે અને આપની વાતમાં જેવો રસ રહ્યો છે તેવો બીજી કોઈ બાબતમાં રહ્યો નથી. ૨૩. આપ જે કોઈ એક વાતને કરો છો તેને સાંભળ્યા પછી તેની તે વાતને અમે કરીએ છીએ તેમાં કોઈને આટલો રસ આવતો નથી. તે પણ ઘણું મોટું આશ્ચર્ય છે. ૨૪. આપની મૂર્તિ ગુણાતીત છે અને આપની વાત પણ ગુણાતીત છે. અને જે સત્ત્વાદિક ત્રણગુણમય વર્તે છે તેનાથી આવી વાત કહી શકાતી નથી. ૨૫. આપની વાતમાં તો અપરંપાર લિજ્જત-મિઠાસ

રહી છે. તેવી મજા બીજી કોઈ બાબતમાં ક્યારેય આવતી નથી. ૨૬. જ્યારે મેઘ પાણી વરસાવે છે ત્યારે બધી જ પૃથ્વી તૃપ્ત થઈ જાય છે અને પાણી વિના કાંઈ ખાલી દેખાતું નથી. ૨૭.

તે સમયે વાવેલું અનાજ, ઘાસ અને અપાર વનસ્પતિ થાય છે. અને કૂવામાંથી તો કૂવામાં પાણી હોય તેટલું થાય. કૂવાથી જે કાંઈ ખેતી વગેરે કરવાનું હોય તે મહેનત કર્યા વિના સહજ થાતું નથી. પણ ખુદ આપ ભગવાન જ્યારે પધારો છો ત્યારે તો મુમુક્ષુઓને વગર મહેનતે મોક્ષ હાથમાં જ રહે છે, અર્થાત્ મોક્ષ સુલભ થઈ જાય છે. ૨૮-૨૯. પ્રગટ ભગવાન પધારે છે ત્યારે ચાહે તેનો ઉદ્ધાર કરે છે, તેમાં કોઈનું ધાર્યું થતું નથી અને તે ભગવાન કોઈ બીજાના ધાર્યામાં ચાલતા પણ નથી. આ વાતમાં અતિશય મર્મ રહ્યો છે. ૩૦. ઉપર કહેલી વાતના મર્મને જે જાણતા નથી તેઓ વેદ અને પુરાણોને મિથ્યા કહે છે. પણ વેદ, પુરાણ અને જે ધર્મશાસ્ત્રો છે તે બધા ભગવાનનું જ સર્વોપરિપણું કહે છે. ૩૧.

જે જે કોઈ વાત કરવી હોય તેમાં ભગવાનનું સર્વશ્રેષ્ઠપણું રહેવું જોઈએ. અને તેમ કરવાથી વેદ કે પુરાણો મિથ્યા થતા નથી. બધી વાતોથી આ વાત જ મહત્ત્વની છે. ૩૨. વેદ, પુરાણ અને ધર્મશાસ્ત્રો તથા તેને અનુસરતા બીજા પણ જેટલા ગ્રંથો છે તે બધા ભગવાનને પોતાના કરતાં ઘણા મહાન અધિક કહે છે. ૩૩. અને તેણે કરીને તે બધાં શાસ્ત્રોમાં મોટાઈ રહી છે. આ મર્મને બીજા કોઈ જાણતા નથી અને હે શ્રીજીમહારાજ ! અમને તો તે મર્મ આપની પાસેથી પ્રાપ્ત થયો છે. આપના વિના તો અમે અંધ જ હતા.' ૩૪. મુક્તાનંદસ્વામી જ્યારે આટલી વાત કહી રહ્યા ત્યારે રાત દોઢ પહોર ગઈ હતી. પછી શ્રીહરિ પોઢી ગયા અને બીજા બધા લોકો સહુ ગામમાં ગયા. ૩૫. સંતો ધ્યાન કરીને સૂઈ ગયા. જ્યારે અરુણોદય થયો ત્યારે ઊઠ્યા. પછી નારાયણધૂન કરીને તરત સહુ ચાલતા થયા. ૩૬. નાનાભાઈ ભટ્ટને પૂછીને સહુ સંતો આગળ ચાલતા થયા અને ભગવાન શ્રીહરિનું ચિંતવન કરતા હતા. ૩૭. તે પછી શ્રીહરિ તૈયાર થયા. આવીને અશ્વ ઉપર બેઠા. શરીર ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મુખથી

મંદમંદ હસતા હતા. ૩૮. દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે સહુ **લાંઘણોજ** ગામ આવ્યા. ત્યાં એક વડનું ઝાડ હતું ત્યાં આવીને ઊતર્યા. ૩૯. તે વડની પાસે જગ્યા બાંધીને એક ખાખી રહેતો હતો. શ્રીહરિ આવ્યા ત્યારે તે ગામમાં ગયો હતો. પછી શ્રીહરિ વડની છાયામાં ઊભા રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "આજ્ઞાવચનનું મહત્ત્વ સાંભળીને મુક્તમુનિએ મહિમા કહ્યો અને શ્રીહરિ લાંઘણોજ આવ્યા" એ નામે પાસઠમો તરંગ સમાપ્ત ।।૬૫।।

પૂર અઢારમું : તરંગ - ૬૬

લાંઘણોજ ગામના ખાખીની વાત અને હરિભક્તોએ માન્યા-પૂજ્યા

છડીદાર કુબેરસિંહની સોનાની છડી શ્રીહરિએ પોતાના હાથમાં લીધી અને તેનો ટેકો દઈને ઊભા રહ્યા. ૧. ડાબા હાથની બગલમાં ટેકો દઈને પૂર્વમુખે ગોવાળની જેમ ઊભા રહ્યા હતા. ૨. તેમાં ડાબા ચરણને સીધો રાખીને ઊભા રહ્યા અને જમણા ચરણની આંટીવાળી હતી. ૩. ગાયોના ધણની જેમ સો જેટલી હરિભક્ત બાઈઓ શ્રીહરિમાં ચિત્ત લગાડીને માથા ઉપર કપડાં, વાસણનાં પોટલાં રાખીને ઊભી હતી. ૪. તે સમયે દામોદરભાઈ અને કુબેરસિંહ આદિક ઘણા હરિભક્તો શ્રીહરિની પાસે બધા ઊભા હતા. અને શ્રીહરિ બોલ્યા કે, 'આ (હનુમાનજીની) જગ્યા ઘણી સારી છે.' ૫. જગ્યા વાળીને સ્વચ્છ કરી રાખેલી હતી. તે શ્રીહરિને ગમે તેવી હતી.

એક ઘડી સુધી શ્રીહરિ જ્યારે તેમ ઊભા રહ્યા ત્યારે ગામમાં ગયેલો ખાખી ત્યાં આવ્યો. ૬. તે ખાખીની ત્રીસ વર્ષની ઉંમર હતી. ગામના મુખીએ તેને આ જગ્યા બંધાવી દીધી હતી. રોજે એક વખત તેને ઘેર જઈને ઈચ્છાભોજન-મનપસંદ ભોજન કરી આવતો હતો. ૭. મુખીને તે ખાખીના ઉપર ઘણો આદરભાવ હતો. તે મુખીને ઘેર રોજ આવતો જાતો હતો. મુખીએ રાખ્યો તેને ચાર-પાંચ વર્ષ થયા હતા. તે ખાખીએ આવીને શ્રીહરિને જગ્યામાં ઊભેલા જોયા. ૮. (આ બાવો કંઠે રુદ્રાક્ષની માળા

રાખતો, હાથમાં સોનાનું માંદળિયું બાંધતો. ગામની સ્ત્રીઓને મંત્રેલા દોરા તથા માંદળિયા આપતો. અને તેમના મનોરથ ફળે એવા આશીર્વાદ આપતો. હરિઈચ્છાથી અમુકના કામ થયા હતા. તેથી લોકો તેના ચરણ ધોઈ પાણી પીતા. તેનો આ બાવાને અંતરમાં કેફ હતો.) તેથી ગર્વ ભર્યો તે તરત બોલ્યો, 'આ રેઢી જગ્યામાં આવીને તમે કેમ ઊભા છો ? ચાલો તરત ને તરત અહીંથી બહાર નીકળો.' પછી દયાળુ શ્રીહરિ તો ત્યાંથી ચાલતા થયા. ૯. તેટલી વારમાં તો તે લાંઘણોજ ગામના જે પાટીદાર હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. કેટલાક તો ફૂલના હાર લાવ્યા હતા. ૧૦.

હાર પહેરાવીને સહુ પગે લાગ્યા. કેટલાકે દંડવત્-પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'આ ખાખીને અહીંયા કોણે રાખ્યો છે ?' ૧૧. ત્યારે પાટીદાર બોલ્યા કે, 'ગામના મુખીએ રાખ્યો છે. મુખી તેને બહુ માને છે. તેનાં પગ ધોઈને પાણી પીવે છે. ૧૨. મુખી ખાખીને જમાડ્યા પછી નિત્ય જમે છે, તેવી તેણે ટેક રાખી છે.' ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'મુખીના તો ધન્યભાગ્ય છે..!! અને ત્યારે તો આવા મોટા મહાપુરુષને તેણે રાખ્યા હોય તેવું દેખાય છે.' ૧૪.

વળી કહ્યું, 'જે મુખી હોય છે તે તો ઘણા હોશિયાર હોય છે. તે જે જે બાબત કરે તે બધી પોતાની મોટાઈને માટે જ કરતા હોય છે. ૧૫. આપણા સાધુને તે કેટલા માને છે ? જેને બુદ્ધિ હોય તે ક્યારેય છૂપી રહેતી નથી.' ૧૬. ત્યારે હરિભક્તો બોલ્યા કે, 'મુખી આપણા સંતોને પૂરા સાધુ માનતા નથી. કારણ કે સંતો સ્ત્રીના સંપર્કથી ભાગે છે એવું તે કહે છે. ૧૭. જ્યાં સુધી સાધુને નારીનો ડર લાગે છે ત્યાં સુધી નારીનો મોક્ષ થાતો નથી. જ્યારે તેનું શરીર સાધુની સેવા કરે ત્યારે નારીનો મોક્ષ થાય છે. ૧૮. જેણે સંસારનો ત્યાગ કર્યો હોય છે તે બધા અગ્નિસ્વરૂપ હોય છે. સંસારને તારવારૂપ હિત જે કરતા હોય છે, તેના ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. ૧૯. સંતો તો નૌકારૂપ છે, સંતોના જેવા તો બીજા કોઈ બળવાન કહેવાય નહિ. બ્રહ્મચારી અને સંતોના ધર્મ અલગ અલગ રહ્યા હોય છે. ૨૦.

સ્ત્રી અને ધનના ત્યાગના જે નિયમો છે તે બ્રહ્મચારીને માટે કહ્યા

છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આવું જે બોલે છે તેનો મત શાસ્ત્રની બહારનો છે. ૨૧. જે કોઈ પણ મત શાસ્ત્રની બહાર હોય તેને અમે ક્યારેય માનતા નથી. અમારો જે સત્સંગ છે તે શાસ્ત્રના આધારે જ ચાલે છે. ૨૨. જગતને ડૂબાડી દે એવા કેટલાય શાસ્ત્રો રહ્યા છે. તેમાં રસિકપ્રિયા, રસિકમંજરી તથા ભક્તમાળ વગેરે ગ્રંથો મુખ્ય છે. માણસની બુદ્ધિને વિપરીત કરી દે એવા તે અપાર શાસ્ત્રો છે, તેને અમે ક્યારેય સાંભળતા નથી. ૨૩-૨૪. સાચું જે ધન હોય છે તેને બધા લોકો જતન કરીને સાચવે છે અને જે ખોટું ધન હોય તેને જતન કરીને ક્યારેય રખાય નહિ. ૨૫. જે સાચી વાત હોય છે તેને બુદ્ધિશાળી લોકો બધી સાચી માને છે અને તેને કોઈ ખોટી કહેતું નથી.' ૨૬.

શ્રીહરિ આટલી વાત કરી રહ્યા પછી બધા હરિભક્તોએ શ્રીહરિને લાંઘણોજ ગામમાં પધરાવ્યા. આગળના ભાગમાં વાજિંત્ર વાગતાં હતાં. ૨૭. જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા, પૂજા કરીને સહુએ લાભ લીધો. ૨૮. હરિભક્તો જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ગામની બહાર આવ્યા. ત્યાં ગામથી દક્ષિણ તરફ એક સુંદર જગ્યા હતી. ૨૯. આંબા અને આંબલીઓની ઘાટી છાંયા હતી. ત્યાં આવીને શ્રીહરિ ઊતર્યા. તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૩૦.

વિપ્રો અને વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. તે શ્રીહરિ ગામમાં જઈને જમ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સૌ સંતોને ત્યાં બોલાવ્યા. ૩૧. સંતોએ આવીને પંગત કરી અને નારાયણ નામની ધૂન કરવા લાગ્યા ત્યારે સાકર નાખીને બનાવેલા લાડુ લઈને શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૩૨. જ્યારે લાડુ પિરસાઈ રહ્યા ત્યારે સંતોને જમવાની આજ્ઞા કરી. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસતા રહ્યા. ૩૩. સંતો જમી રહ્યા તે વખતે શ્રીહરિએ હાથ ધોયા અને ગામની બહાર આવ્યા. પછી સંતો આવ્યા ત્યારે તેમની સભા કરી. ૩૪. પાટીદારોએ રસોઈ આપી હતી તેથી તેઓ ત્યાં પૂજા કરવા આવ્યા. ગામમાં જેટલા બાઈ-ભાઈ મનુષ્યો હતા તે પણ બધા ત્યાં આવ્યા. ૩૫. બાઈઓ ભેળી બાઈઓ બેઠી અને પુરુષોમાં પુરુષો બેઠા. સંતો કીર્તન ગાતા હતા તેથી તે વખતની સભા અલૌકિક

દેખાતી હતી. ૩૬. ભક્તોએ કેસરી ચંદન અને કુંકુમ લઈને શ્રીહરિની પૂજા કરી અને ભારે માંહેલા શાલ દુશાલા ઓઢાડ્યા. ૩૭. પછી તેમણે કપૂરની આરતી કરી અને સ્તુતિ કરી, રૂપિયાનો થાળ ભરીને શ્રીહરિની આગળ ધરી દીધો. ૩૮. સૌ મસ્તક નમાવી હાથ જોડીને પગે લાગ્યા અને એક એક પછેડી સંતોને ઓઢાડી દીધી. ૩૯. વર્ણી અને પાર્ષદોને પણ કેસરી ચંદન ચર્ચી ફૂલહાર પહેરાવીને પછેડીઓ ઓઢાડી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં “લાંઘણોજ ગામના ખાખીની વાત અને હરિભક્તોએ માન્યા પૂજ્યા” એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર અઢારમું : તરંગ - ૬૭

લાંઘણોજમાં શ્રીહરિએ ગામના મુખીને નિર્દોષ ગુરુ કરવાની વાત કહી

(આદરજમાં શ્રીહરિએ કહ્યું હતું તે મુજબ) ત્યાં માણસા ગામના ગંગાદાસ નામે સુતાર હરિભક્ત કાષ્ઠનાં સારાં પચાસ જેટલાં પાત્ર સંતોને માટે બનાવીને લાવ્યા. ૧. તે લાવીને શ્રીહરિની આગળ મૂક્યા. તેને દેખીને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા અને તેને મનોહર ચરણારવિંદ આપ્યા. ૨. તેને ફૂલના હાર આપ્યા અને જિજ્ઞાસાનંદમુનિ તે પાત્રનો ભાર ઉપાડીને લાવ્યા હતા એટલે તે બન્ને સંતને પણ હાર આપ્યા. ૩. બીજા સંતનું નામ નિષ્કામાનંદસ્વામી હતું. તેઓ આનંદથી બોલ્યા કે, ‘આ સુતાર હરિભક્તે ઘણો શ્રમ કર્યો છે.’ ૪. ત્યારે **શ્રીહરિએ કહ્યું, ‘હરિભક્તોની શી વાત કહેવી ? તે તો સાક્ષાત્ કલ્પવૃક્ષ છે. સંતો અને અમારા માટે હરિભક્તોને જે કાંઈ કરવું હોય તેમાં તેમનાં મનમાં ઘણો ઉત્સાહ રહે છે. ૫. અમે મનમાં જેવી રીતનું ધારીએ છીએ તેવી રીતે તરત કામ સિદ્ધ થાય છે. અત્યારે જગતમાં હરિભક્તોના જેવું કોઈ નથી.’** ૬. આવું બોલીને રંગભીના શ્રીહરિએ સહુ પહેલા મુક્તાનંદસ્વામીને પાત્ર આપ્યું. તે પછી બ્રહ્માનંદસ્વામી,

નિત્યાનંદસ્વામી ચૈતન્યાનંદસ્વામી અને આનંદાનંદસ્વામી આદિ મોટા મોટા સંતોને પાત્ર આપ્યાં. પહોંચે ત્યાં સુધી સહુને એક એક પાત્ર આપ્યું. ૭-૮. પછી શ્રીહરિએ કહ્યું કે, 'હવે જે સંતો રહ્યા છે તેમણે જ્યારે પાત્ર મળે ત્યારે તે જિંદગીભર રાખવા, તેનો ત્યાગ કરવો નહિ. અને જ્યારે તુંબડાં મળે ત્યારે એક એક તુંબડું પણ રાખવું.' ૯. શ્રીહરિ આટલી વાત કરી રહ્યા ત્યારે ગામના મુખી પટેલ શ્રીહરિની પાસે આવ્યા. ચરણમાં રૂપિયો ધર્યો અને પછી પગમાં પડ્યા. ૧૦.

હરિભક્તોએ કહ્યું કે, 'આ અમારા મુખી આવ્યા છે.' ત્યારે શ્રીહરિએ તેને યોગ્ય શબ્દોથી બોલાવ્યા, સત્કાર કરીને પાસે બેસાડ્યા. પછી વાત કરી. ૧૧. જેમાં જેવા ગુણ હોય તેવી વાત શ્રીહરિ કરતા હતા. શ્રીહરિમાં તેવી અપાર નિપુણતા હતી કે તેનો કોઈ પાર પામતું નથી. ૧૨. શ્રીહરિએ મુખીને કહ્યું, 'તમે અહીંના મુખી છો. જે તમારાં વચનનો લોપ કરે તેને સુખ થાતું નથી. ૧૩. **તમે જે પરમેશ્વરને લીધે મુખી થયા છો તેમનાં વચનનો લગાર પણ જ્યારે લોપ કરશો ત્યારે તમને તલભાર પણ સુખ નહિ રહે. ૧૪. જે કોઈ પણ માણસ જેટલું સ્વતંત્ર થઈને વર્તે છે તેટલું તેને દુઃખ થાય છે. તે આ દુનિયામાં નજરે દેખાય છે.** ૧૫.

જ્યારે તમારો જ પુત્ર તમારાથી સ્વતંત્ર થઈને વર્તતો હોય ત્યારે તમને તેના ઉપર ક્યારેય લગાર પણ હેત રહેતું નથી. પુત્ર થયો તો શું થયું ? ૧૬. તમારી રજા લીધા સિવાય અમે અહીંયા પરાણે ઊતારો કરીએ તો તમારાં મનમાં કેવો ભાવ રહે ? આવી કેટલીક વાતો રહી છે. ૧૭. જેવો ભાવ હોય તેવી વાત કરવી જોઈએ. અને ભાવ વગરની વાતમાં તો ઉત્પાત રહે છે. અમારા જેટલા સાધુઓ છે તે સાધુઓની રીતમાં ચાલે છે. ૧૮. જે લોકો અમારા સાધુને બરાબર સમજતા નથી તેથી તેઓ તેમને માટે એમ કહે છે કે, આ સાધુ કાચા છે એટલે નારી જાતિથી દૂર દૂર ભાગતા રહે છે. ૧૯. આવું જે બોલે છે તેને શાસ્ત્રની ગમ નથી. હવે જેને શાસ્ત્રની જ ગમ નથી તેની આગળ અમે શી વાત કહીએ ? ૨૦.

જે માર્ગમાં જે ચાલ્યા ન હોય તે માર્ગની તેને ગમ હોતી નથી. જો

દારુ અને અગ્નિ બન્ને ભેળા રહી શક્તા હોય તો પુરુષ અને સ્ત્રી બન્ને ભેળા રહીને નિર્વિકારી રહી શકે. ૨૧. અગ્નિના જોગથી જો ઘી પીગળે નહિ તો સ્ત્રીના પ્રસંગથી પુરુષ બચી શકે છે. આવી તો કેટલીય વાતો રહી છે. ૨૨. જેટલા સિદ્ધો નારી જાતિથી ડર્યા નથી તે બધા ખુવાર થયા વિના રહ્યા નથી. અમે તે ઘણી આવશ્યક વાત કહીએ છીએ પણ તમને તે માનવામાં નહિ આવે. ૨૩. તમે જે ખાખીને સિદ્ધ માનીને રાખ્યા છે તેની બોલી ઉપરથી અમે તેને પારખી લીધા છે. માટે છ માસની અંદર જ તમે તેની સિદ્ધાઈને દેખશો. ૨૪. તમારી દીકરી કે દીકરાની પત્નીને તે જરૂર લઈ જશે. તેમાં જો કાંઈ ખોટું પડે તો અમને ખોટા કહેજો. ૨૫. તમે તે તમારાં ગુરુનાં પગ ધોઈને કરોડવાર પીશો તોપણ અમે જે કહ્યું છે તેવું ફળ જરૂર નિપજશે.' ૨૬. ત્યારે તે મુખી પાટીદારે કહ્યું કે, 'બધું ભગવાનના હાથમાં રહ્યું છે. કોઈનું નક્કી કરેલું ધાર્યું થતું નથી.' ૨૭.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'ભગવાન અમારામાં રહીને જ અત્યારે બોલે છે. તેમાં લેશમાત્ર પણ ફરક પડશે નહિ.' ૨૮. ત્યારે પાટીદારે કહ્યું કે, 'અમે તો મનમાં એવું ચાહીએ છીએ કે કોઈ સારાં ભાગ્ય વિના આવા સિદ્ધની સેવા ક્યારેય મળી શકતી નથી. ૨૯. સિદ્ધને જો દોષ લાગે તેમ હોય તો અમે તેને સિદ્ધ માનીએ જ નહિ.' ત્યારે શ્રીહરિ કહે, 'જેને દોષ ન લાગે તેવો કોઈ એક સિદ્ધ તો દેખાડો ? ૩૦.

તમે જેને સિદ્ધ કહો છો તેને તો શાસ્ત્ર ગધેડો કહે છે. ભક્તમાળ નામના ગ્રંથને જે સાંભળે છે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ૩૧. જેની બુદ્ધિ દૂષિત હતી તેવા લોકોએ દોષમાં નિર્દોષતાની ભાવના કરી દીધી છે. જે દોષથી ભર્યા હતા તેમણે દોષમાં પણ મોક્ષરૂપ ફળ દેખાડ્યું છે. ૩૨. કાચી ઉંમરનો માણસ જેવા શબ્દોને સાંભળે છે તેવું તેનું અંતઃકરણ થઈ જાય છે. પછી જ્યારે તે અંતઃકરણ પાકું થઈ જાય છે ત્યારે તેને ફેરવવું ઘણું કઠણ પડે છે. ૩૩. દોષોમાં પણ આવી નિર્દોષતા દેખાડનારા કેટલાક કુમાર્ગો રહ્યા છે, લોકોને તે માર્ગ સુગમ લાગે છે. મૃત્યુ થયા પછી તે માર્ગ કઠણ છે, તેને તે જોતા નથી. ૩૪. **જેમાં બધી વાતની છૂટ હોય તેવા**

માર્ગમાં ચાલવું તે સુગમ જણાય છે. અને જે માર્ગમાં જેટલા વધારે નિયમ બતાવવામાં આવતા હોય તેટલું તે માર્ગે ચાલવું ઘણું કઠણ પડે છે. ૩૫. જેટલા નિર્દોષમાર્ગ હોય છે તેમાં પરમ મોક્ષ રહ્યો હોય છે. અને નિર્દોષમાર્ગ સિવાયના જે કોઈ છે તે બધા દોષયુક્ત માર્ગ છે. ૩૬. જેવો જે માર્ગ હોય તેમાં તેવો મોક્ષ થતો હોય છે. આ બધું સત્સંગ કર્યા સિવાય દેખાતું નથી.' ૩૭. ત્યારે મુખીએ હરિભક્તોની આગળ કહ્યું, 'આવું બધું બનવું ઘણું કઠણ છે. આખો દિવસ નવરા રહીને અમે બધા ફેલ કરતા રહીએ છીએ. ૩૮. અમે તો ફેલી છીએ, તમે જે વાતને છોડાવો છો તે બધું અમે કરતા રહીએ છીએ. અમારો જીવ ફેલમાં બંધાઈ ગયો છે.' ૩૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે નિર્બંધ ગુરુને કરો તો જ તમારા બધા બંધન છૂટશે. કેમ જે, નિર્બંધ ગુરુ મળ્યા વિના બંધન જ રહે છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "લાંઘણોજમાં શ્રીહરિએ ગામના મુખીને નિર્દોષ ગુરુ કરવાની વાત કહી" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥

પૂર અઢારમું : તરંગ - ૬૮

શ્રીહરિની સાથે વિચાર વિમર્શ થયા પછી મુખીએ ખાખીને તજી દીધો

પછી લાંઘણોજ ગામના મુખીએ બે હાથ જોડીને તે સમયે શ્રીહરિની આગળ કહ્યું, 'મારી વાત ખોટી છે. હું વગર વિચાર્યે બોલ્યો છું. ૧. આપના જેવા સંતોને માટે જ ઈન્દ્ર વરસાદ કરે છે અને પૃથ્વી કેટલાય ફળ આપે છે. આપને લીધે જ લોકોનું ગુજરાન થાય છે. ૨. જેટલી વિષમ બાબતો વર્તે છે તે તો લોકોનાં પાપનું ફળ દેખાય છે અને ખરી હકીકત પણ એ જ છે.' ૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'મુખીમાં સમજણ તો છે પણ જાણી જોઈને ખોટે માર્ગે ચાલ્યા જાય છે અને બાળકબુદ્ધિથી જ બીજે બંધાઈ ગયા છે. ૪. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તે ચાહે તેમ વર્તે છે. જ્યાં સુધી નાના બાળકને મળમાં દોષ દેખાતો નથી ત્યાં સુધી તે તેને ચૂંથે છે અને ખાય છે. ૫. જ્યારે દોષનું જ્ઞાન થાય છે પછી તેને મળ ગમતો નથી.' શ્રીહરિએ

જ્યારે આવી વાત કહી ત્યારે મુખી ખુશ ખુશ થઈ ગયા. ૬. પછી મુખીએ બે હાથ જોડીને કહ્યું, 'પ્રભુ ! બધાની દોરી આપના જ હાથમાં છે. આપ જે વાત કહો છો તેવી વાત તો આપને એકને જ આવડે છે. ૭. અમારાં મનમાં જે આંટી હતી તેને આપે આજે તોડી નાખી છે. આપના જેટલા સંતો અને હરિભક્તો છે તે અમારા ખરા સંબંધી છે. ૮. આપ જેવી વાત કહો છો તેવી જ વાતો તે સંતો અને હરિભક્તો કહેતા હતા. પરંતુ તેને સાંભળીને અમને તેમાં પ્રેમ થાતો નહિ, ઊલટાનો તેમાં દ્વેષ બંધાતો હતો. ૯. હું જાણતો હતો કે તે મારા હિતની વાત કહે છે, પણ તેઓ એવી વાત કરતા હતા કે તેમાં મને મારું અહિત દેખાતું હતું. વાત વાતમાં તેઓ મને એવું કાંઈ કહેતા કે તેનાથી હું હરિભક્ત થતો નહિ.' ૧૦.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આ ગામમાં તમારા જેવા પાટીદાર કેટલા ? મુખી તો તમે એક જ છો. તમારી બુદ્ધિ સૌથી અધિક તેજ છે. ૧૧. ડહાપણ, વિવેક અને બુદ્ધિ એ ત્રણ તો વાતમાં રહ્યા છે. અંગ્રેજ લોકો અપાર છે પણ બુદ્ધિમાન જ સાહેબ કહેવાય છે. ૧૨. **કેટલાક લોકો વર્ષ દિવસમાં કરોડોની કમાણી કરે છે. રાજાઓની તો વાત જ શું કહેવી ? પણ તે બધા એકસરખા નથી.** ૧૩. જે કામ જેનાથી થતું હોય તેનાથી જ તે થાય છે. ચાહે તેવો બુદ્ધિમાન હોય પણ એકલાથી બધું કામ ક્યારેય થતું નથી. ૧૪. એક પોતાના શરીરમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ અવયવો કહેવાય છે. તે રીતે જ કોઈની બુદ્ધિ એકસરખી નથી. ૧૫. જ્યાં જેવો વ્યવહાર કરવો જોઈએ ત્યાં તેનો જ્ઞાતા માણસ જો હોય તો તેનો ઘણો વ્યવહાર હોય તોપણ તે અટકતો નથી.' ૧૬. ત્યારે તે મુખી પટેલ બોલ્યા, 'તમે ચોક્કસ મનુષ્યદેહધારી ભગવાન છો. તે સિવાય આવી વાત કોઈ કરી શકે નહિ. વાતમાં જ મેં આપને પારખી લીધા છે. ૧૭. જેટલા વૈરાગી અને વિપ્રો છે તે બધા પેટ ભરવા માટે જ મહેનત કરે છે. આટલા દિવસ સુધી જે તે રીતે પણ તેઓ અમને ભરમાવતા રહ્યા છે. ૧૮. તે વૈરાગી અને વિપ્રો સંતો-હરિભક્તોમાં દોષ દેખાડીને સર્વેને નિરંતર વાતો કરતા રહે છે. તેથી હું જે રીતે આપનો દ્રોહ કરું તે રીતે જ તેઓ મને પણ

વાત કહેતા રહેતા. ૧૯. આજ હું આપની મશ્કરી કરવાનું ધારીને અહીં આવ્યો હતો, પણ અહીં આવીને મેં જ્યારે આપને જોયા ત્યારે મને આપ નિર્વિકારી દેખાયા છો. ૨૦.

હું કાંઈ આડું અવળું બોલ્યો છતાં આપ તે બધું સહન કરતા રહ્યા. પરંતુ આપમાં છે એટલી સંપૂર્ણતા, સિદ્ધિ જેનામાં હોય તે તો ચાહે તેવું મુખેથી બોલી સામો જવાબ દઈ શકે છે, પરંતુ તમે મારું બોલવું કેવળ સહન જ કર્યું છે. આખી પૃથ્વીનું આપ સારી રીતે રાજ્ય કરો એવી આપમાં ઈશ્વરપણાની અપાર બુદ્ધિ રહી છે, માટે મને નાનો બાળક જાણીને આપ મારા અપરાધને માફ કરો. ૨૧-૨૨.

સમર્થ થઈને સહન કરવું અને બાળક જેવા માણસથી ડરતા રહેવું આવા બધા જેટલા સહનશીલતાના ગુણ છે, તે આપમાં રહ્યા છે અને તે આપની મોટાઈ છે. ૨૩. સહનશીલતારૂપી આપના ગુણને પંચ મહાભૂતોએ થોડોક ગ્રહણ કર્યો છે. તેથી તેમાં કેટલીયે મોટાઈ આવી છે. તે પંચમહાભૂતોને કોઈ વિકાર અડતા નથી. ૨૪. હવે અમે જો હરિભક્ત થઈ શકતા નથી તો તે અમારો દોષ છે. કોઈ સંતો કે હરિભક્તોમાં લગાર પણ દોષ નથી. ૨૫. જે મનુષ્ય જેટલું અયોગ્ય આચરણ કરે છે તેટલો તેને માથે પાપનો ભાર રહે છે. અને તે બધા દુઃખને સહન કરે છે તથા વારંવાર જન્મને લે છે.' ૨૬. મુખી શ્રીહરિને પગે લાગીને જ્યારે ઊઠ્યા ત્યારે શ્રીહરિએ તેને ઘણા ભાવથી ફૂલનો હાર આપ્યો. ૨૭.

મુખી જ્યારે પોતાને ઘેર આવ્યા ત્યારે ખાખી ઘેર આવેલો હતો. તે એવું બોલ્યો કે, 'અત્યારે ઘર છોડીને ક્યાં ગયા હતા ? ૨૮. (મુખી શ્રીહરિ પાસે ગયા તેથી ગુરુ બદલ્યા છે અને ગુરુ બદલે તે વ્યભિચારી કહેવાય એવા આશયથી બાવો કહે,) જે વ્યભિચારી હોય છે તેનો ક્યારેય મોક્ષ થાતો નથી. વ્યભિચારી માણસ ચાહે તેવો મોટો હોય પણ હવે અમે તેનું અન્ન ક્યારેય ખાશું નહિ. ભલે અમે ભૂખ્યા મરી જઈએ.' આવું જ્યારે ખાખી બોલી રહ્યો ત્યારે મુખી બોલ્યા, ૨૯-૩૦.

'તમે વ્યભિચારી કોને કહો છો ? તમારી આ વાત હું સમજ્યો નહિ.' ત્યારે ખાખીએ કહ્યું, 'મને પૂછ્યા વિના અત્યારે તમે ક્યાં ગયા હતા ?' આવું જ્યારે ખાખીએ કહ્યું ત્યારે તેની સામે મુખી બોલ્યા, 'અમે તો ગામના મુખી છીએ અને ગામમાં ક્યારેક કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ આવે, ત્યારે તેની પાસે અમે ન જઈએ તો અમારી લાજ-આબરૂ રહે નહિ. તમારા જેવા નાગા બાવાને તો લાજ-શરમનું કામ જ ક્યાં છે ?' ૩૧-૩૩. ત્યારે ખાખીએ કહ્યું, 'તમારું મન ફરી ગયું છે. હવે તમે મારા રહ્યા નથી. પહેલા જ્યારે તમે મને દેખતા હતા ત્યારે તમારી આંખો હરખથી ઘણી પ્રફુલ્લિત થાતી હતી. ૩૪. હાથ જોડ્યા સિવાય બોલતા નહિ. અહીંયા મારા ચરણમાં આળોટતા હતા. પાંચ વર્ષની મોબત ચાર ઘડીમાં તમે ભૂલી ગયા છો.' ૩૫.

તે વખતે મુખીએ કહ્યું, 'અરે બાવા..! તમને મેં કાંઈ કહ્યું નથી. કાંઈ પણ કહ્યા સિવાય જ હવે તમે તમારી હલકાઈને જાહેર કરી રહ્યા છો.' ૩૬. પછી તે બાવાએ મુખીનું ઘર છોડી દીધું. બાવો પૂરો શેતાન હતો તે બાબત ઓળખાઈ ગઈ. મુખી બાવા સાથે કાંઈ બોલ્યા નહિ. એક કોઈ બ્રાહ્મણ સમાધાન કરાવવા આવ્યો પણ મુખીને તેના ઉપર લેશમાત્ર પણ હેત રહ્યું નહિ. બાહ્મણ પણ મનમાં ડરી ગયો. ૩૭-૩૮. મુખીના ઘરમાં જે ગાંજો હતો તે બધો તરત વેચી દીધો અને સિદ્ધની સફાઈ(હોંશિયારી)ને પણ ફેંકી દીધી અર્થાત્ તેની તરફેણ છોડી દીધી. ૩૯. તે ખાખીએ મડદાની રાખના ગોળાઓ આપ્યા હતા તેનો પણ મુખીને ભાર ન રહ્યો અને તેને અપવિત્ર જાણીને ફેંકી દીધા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિની સાથે વિચાર વિમર્શ થયા પછી મુખીએ ખાખીને તજી દીધો" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર અઢારમું : તરંગ - ૬૯

શ્રીહરિએ હરિભક્તોની આગળ અજ્ઞાનરૂપી અંધારાની વાત દૃષ્ટાંત સાથે કહી

મુખી ગયા પછી શ્રીહરિ તરત જ ઘોડા ઉપર બેઠા અને લાંઘણોજથી ચાલતા થયા. અને **ડાંગરવા** આવ્યા ત્યારે સાંજનો સમય થઈ ગયો હતો. ૧. પુરમાં જેટલા ક્ષત્રિય અને પાટીદાર હરિભક્તો હતા તે બધા અપાર હરખભેર સન્મુખ આવ્યા. ૨. સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા અને પગે લાગ્યા. પછી ગામમાં પધરાવ્યા. ગામની બધી બજારો સ્વચ્છ કરી હતી. ૩. ઢોલ, તાંસા, ભૂંગળ, શરણાઈ વગેરે વાજિંત્રો વાગતાં હતાં. મશાલો પ્રગટાવી હતી તથા દીવાની પંક્તિઓ કરી હતી. ૪. ગામવાસી જેટલા બાઈ-ભાઈ મનુષ્યો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં આવીને ઊભા હતા. ૫. જેને જે કામ હતું તે બધું છોડીને લોકો ઊભા હતા. જેટલા પુરુષો હતા તેમણે હાથમાં ફૂલના હાર લીધેલા હતા. ૬. માનો કે ફૂલનો કોઈ બાગ ખીલ્યો હોય તેવી તે વખતે બજાર શોભી રહી હતી અને ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને ઊભી હતી. ૭. શ્રીહરિ ઘણા સારા અશ્વ ઉપર બેઠા હતા. બધી સ્ત્રીઓ શ્રીહરિને પૂજીને વધાવતી હતી. શ્રીહરિના અશ્વને સોનાનાં આભૂષણોથી સુંદર રીતે શણગારી દીધો હતો. ૮.

⁕ શ્રીહરિની મૂર્તિની અલૌકિકતા :

શ્રીહરિનો અશ્વ સોનેરી બની ગયો હતો. તેને વિવિધ પ્રકારનાં ઘરેણાં પહેરાવ્યાં હતાં. અને પોતે **શ્રીહરિએ પણ હરિભક્તોના હિતને માટે પોતાનાં અંગ ઉપર રંગબેરંગી સોનેરી વસ્ત્ર તથા સોનાનાં આભૂષણો પણ પહેર્યાં હતાં. શ્રીહરિની મૂર્તિ એક હોવા છતાં દર્શન કરનારા ભક્તોને અનેક રીતની દેખાતી હતી.** ૯-૧૦.

चोपाई :

अकल कले कोउ के न आते, आश्चर्य ऐसे अपार देखाते;
मूर्ति एक में आश्चर्य अपारा, देखावत रहे वार वारा...११

अपार आश्चर्य करी क्रपाला, भगवान कहावत हि दयाला;
अपार आश्चर्य देखावत तोऊ, मूढ जन भूली जावत हे कोऊ...१२

શ્રીહરિની અકળ મૂર્તિ કોઈના કળ્યામાં આવતી નહિ. મૂર્તિમાં તો તેવા અપાર આશ્ચર્ય દેખાતા હતા. મૂર્તિ એક હોવા છતાં પણ તેમાં અપાર આશ્ચર્ય વારંવાર દેખાડતા હતા. ૧૧. કૃપાળુ શ્રીહરિમાં રહેલા અપાર આશ્ચર્યોને લીધે દયાળુ પ્રભુ ભગવાન કહેવાય છે. ભગવાન સ્વામિનારાયણ પોતાની મૂર્તિમાં અત્યંત આશ્ચર્યને દેખાડતા હતા, છતાં પણ કેટલાક મૂઢ લોકો તેને ભૂલી જાતા હતા. ૧૨. મૂઢ માણસ અને બાળકની એક રીત હોય છે કે, તે દુનિયામાં ઘણા આશ્ચર્યને દેખે છે છતાં તેને તે ભૂલી જાય છે. તે વાત પૃથ્વીમાં બધા માણસો જાણે છે. ૧૩. મનમાં અત્યંત ઉત્સાહવાળા લોકો શ્રીહરિના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરી રહ્યા હતા. ૧૪.

શ્રીહરિ લોકોને દર્શન દઈને ગામની બહાર આવ્યા અને ત્યાં ઉતારો કર્યો. બધા સંતો અને વર્ણી સાથે હતા. ૧૫. વર્ણીએ શ્રીહરિને માટે વિવિધ પ્રકારની રસોઈ બનાવી અને પાટીદારોએ ઘણા પ્રેમથી તે રસોઈ કરાવી. ૧૬. વર્ણીઓએ શ્રીહરિને માટે અતિ આનંદથી અને ઘણા પ્રેમથી રસોઈ કરી હતી. શ્રીહરિ તે જમ્યા. પછી પાર્ષદો તથા ઘોડેસવાર સખાઓને જમાડ્યા. ૧૭. રંગલહેરી શ્રીહરિ જમી રહ્યા પછી પલંગ ઉપર આવીને બેઠા. ત્યારે સંતોની સભા થઈ અને શ્રીહરિએ સંતો પાસે કીર્તન ગવડાવ્યા. ૧૮. અગરાજી અને અમરાજીના જેટલા સંબંધી હતા તે સહુ ક્ષત્રિય શૂરવીર હરિભક્તો હતા. ખોરજ ગામના બાલકદાસ નામે હરિભક્ત હતા. તે ડાંગરવા ગામમાં આવીને રહ્યા હતા. તેની પાસે જે બેસવા આવતા હતા તેની આગળ તેઓ સત્સંગની વાતો કરતા હતા. ૧૯-૨૦.

તે બાલકદાસ બન્ને પગે અપંગ હતા. તેથી હાથથી અને ઢીંચણથી ચાલતા હતા. ગામના પાટીદાર અને ક્ષત્રિય જે હરિભક્તો હતા તે ગામમાં જેટલું દૂધ થતું હતું તેને ભેગું કરીને લાવ્યા હતા. તેને ગાળીને જમાવી દીધું. મોટા દસ-બાર માટલાઓ ભરાવ્યા. ૨૧-૨૨. ભોજન જમીને જ્યારે પરવાર્યા ત્યારે સહુ શ્રીહરિની પાસે આવીને બેઠા. ગામના પણ જે બધા મનુષ્યો

હતા તે પણ શ્રીહરિની પાસે આવીને બેઠા. ૨૩. પછી જેનાથી મનુષ્યની બુદ્ધિ શુભ થાય એવી વાતો શ્રીહરિ કરવા લાગ્યા કે, આવું મનુષ્યનું શરીર વારંવાર ક્યારેય મળતું નથી. ૨૪.

❋ ભજનની મહત્તા :

મનુષ્યનાં શરીર સિવાય બીજાં શરીર તો અપરંપાર રહ્યાં છે, પણ તે બધાં નિરર્થક ગણાય છે. કારણ કે, તે કોઈ શરીરથી સંસારનો પાર પમાતો નથી. ૨૫. **સંસારમાં જેટલું દુઃખ રહ્યું છે તે જે ભગવાનનું ભજન નથી કરતા તેને વારંવાર ભોગવવું પડે છે, તે મુખથી કહી શકાતું નથી.** ૨૬.

सोरठा : हरि भजना जो तामें, सुख कहावत जितना जोउ;
रहाये हे यामें, खचित हि बात रहेउ यह...२७
मनुष्य तन कू पाय, हरि भजत नहि जितने जेउ;
दुःख बहु होवत ताय, अर्थ आवत न बात अवर...२८

ભગવાનનું ભજન કરવામાં જેટલું સુખ કહેવાય છે તે બધું તેમાં રહ્યું છે અને આ વાત ચોક્કસ નિર્ણીત છે. ૨૭. મનુષ્ય શરીરને પામીને જે ભગવાનનું ભજન કરતા નથી તેને ઘણું દુઃખ થાય છે. તેને બીજી કોઈ વાત કામમાં આવતી નથી. ૨૮. જેને સત્સંગ થયો નથી એવા લોકો તો કોઈ ઉપયોગમાં ન આવે એવી અપાર વાતો કરે છે. અને તે બાબતમાં કોઈ ખરો વિચાર કરતા નથી. ૨૯. બધા લોકો અજ્ઞાનના અંધારામાં ગૂંચવાઈ રહ્યા છે તેથી તેની તેને કાંઈ ગમ પડતી નથી. અરે, કેટલાક તો વેદશાસ્ત્રને ભણે છે તોપણ તેઓ મોક્ષને માર્ગે ચાલતા નથી. ૩૦.

સૂર્યના પ્રકાશના જેવો વેદ અને પુરાણોનો માર્ગ છે. જો ધોળા દિવસે અંધારામાં ગૂંચવાઈ રહ્યા હોય તો દિવસ ગયા પછી તો અજ્ઞાનરૂપી અંધારી રાત જ આવવાની છે ને..! ૩૧. તે બાબતનો લેશમાત્ર પણ મનમાં વિચાર નથી કરતા, તો તેની આગળ ગતિ પણ તેવી થાશે. જીવો જે મનુષ્યશરીરને પામ્યા છે તે શરીર પણ વીજળીના ઝબકારા જેવું ક્ષણિક છે. ૩૨. નાશવંત શરીરનાં સુખ તો સ્વપ્નનાં જેવાં છે. તે માયિક સુખ

ગયા પછી અપાર દુઃખ ભોગવવાનું રહે છે. તે માયિક સુખોમાં દુઃખ નથી દેખાતું અને તેમાં સુખ જ દેખાય છે, તે અતિશય મોટું અજ્ઞાનરૂપી અંધારું છે. ૩૩. **અજ્ઞાનરૂપી અંધારાનું યથાર્થ જ્ઞાન જેને થયું હોય તેનો જ્યારે સમાગમ કરવામાં આવે ત્યારે તે અજ્ઞાનના અંધારાની સમજણ આવે છે, અર્થાત્ અજ્ઞાન ઓળખાય છે.** ૩૪.

✵ ભણતરનો મહિમા :

જેટલા બાળક હોય છે તે બધાને રમતગમતમાં જ મન રહેતું હોય છે. રમતગમતમાં શું સિદ્ધિ થાય ? રમત રમ્યા કરે અને ભણે નહિ તો તે મૂર્ખાઈમાં જ દિવસોને ખૂએ છે. ૩૫. મોટામાં વિશ્વાસ રાખીને જે ભણવાની શરૂઆત કરે છે તે દિનપ્રતિદિન આગળ ભણતો જાય છે. અને જે નથી ભણતો તે તો ભણી ચૂકેલાનો નોકર થઈને રહે છે. રમતનું ફળ નોકર થઈને રહેવું તે નજરે દેખાઈ આવે છે. છતાં પણ મૂર્ખ બાળકને તેની ગમ પડતી નથી. ૩૬-૩૭. જેટલા ખેડૂતો છે તે ભણ્યા વગર રાત-દિવસ મહેનત કરીને મરી જાય છે. ૩૮. ખેડૂત જેટલા અનાજને પેદા કરે છે, તે બધા અનાજને ભણેલો વેપારી ખુશમિજાજથી લઈ જાય છે. ૩૯. અભણ મનુષ્ય તો અંધ કહેવાય છે, (તેને વેપારી જે પૈસા દેવાનું કહે તે આપવા પડે છે.) પણ જે ભણેલો માણસ છે તે તો લખેલા નામાને જોઈને પછી તેટલા પૈસા દેવાનું કબૂલ કરે છે. જે રમતમાં મશગૂલ રહે છે તે અભણ અંધ રહી જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ હરિભક્તોની આગળ અજ્ઞાનરૂપી અંધારાની વાત દૃષ્ટાંત સાથે કહી" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર અઢારમું : તરંગ - ૭૦

સત્સંગ અને શ્રીહરિચરિત્રનો મહિમા કહ્યો

ભોજનો તો અપાર છે, પણ અમૃતના સમાન અન્ય કોઈ ભોજન નથી. તેમ શ્રીહરિ જેટલી વાત ઉચ્ચારે છે તે અમૃતના સમાન રહી છે. ૧. **અમૃત સમાન કોઈ સ્વાદિષ્ટ નથી પણ શ્રીહરિની વાત તો અમૃત કરતાં પણ અત્યંત સ્વાદિષ્ટ છે. તેને તો કોઈ જાણકાર જ જાણે છે.** ૨. શ્રીહરિ જીવના હિત માટેની રોજ જેટલી વાત કહેતા હતા તેમાં જેને જેટલો સ્વાદ આવતો તે તેટલી વાતને ગ્રહણ કરતા હતા. ૩. જેને થોડી પણ બુદ્ધિ હોય તે શ્રીહરિની વાતોનું કાને કરીને પાન કરતા રહેતા. અને તેને સત્સંગમાં રસ દેખાતો હતો. ૪.

❋ સત્સંગ તથા હરિચરિત્રની મહત્તા :

चोपाई :

सत्संग बिन जितनी जो बाता, विष सम हि आवे देखाता;
एसी बात सो बात कहावे, श्रीहरि एसे कहत रहावे...०५
चिंतामनि कहाँ पथर रहेऊ, रात दिन के फरक रहे तेऊ;
चिंतामनि सम सत्संग रहाते, पथर सम ओर बात कहाते...०६
कल्पतरु पारसमनि जेसे, सत्संग जो रहाये तेसे;
हरि के चरित्र रहाये जितना, सत्संग रूप पुर में तितना...०७

સત્સંગ સિવાયની જેટલી વાત છે તે ઝેરના જેવી દેખાય, એવી જે વાત હોય તે જ ખરી વાત કહેવાય છે. શ્રીહરિ એવી વાત કરતા હતા. ૫. ચિંતામણિ ક્યાં અને પથ્થર ક્યાં ? તે બન્નેમાં રાત-દિવસ જેટલો ફરક રહે છે. સત્સંગ ચિંતામણિના જેવો છે અને બીજી વાતો પથ્થરના જેવી કહેવાય છે. ૬. સત્સંગ તો કલ્પતરુ અને પારસમણિ જેવો છે. જેટલા શ્રીહરિનાં ચરિત્રો છે તે બધા સત્સંગરૂપી પુરમાં વસીને રહ્યા છે. ૭. ભગવાનનાં ચરિત્રો સમુદ્રની જેમ અપાર ભર્યા છે. બ્રહ્માદિક પણ તેનો પાર લઈ શકતા નથી. ભગવાનના નાભિકંદ(કમળ)નો બ્રહ્મા પાર લઈ શક્યા નહિ. ૮. દેવતાઓના કેટલાય વર્ષ સુધી બ્રહ્મા નાભિમાં ફરતા રહ્યા. જો એક નાભિનો

અંત ન આવ્યો તો આવાં ચરિત્રનો પાર ક્યાંથી આવે ? ૯. જેની જેવી બુદ્ધિ હોય છે તેટલાં તે ભગવાનનાં ચરિત્રને કહી સાંભળીને આનંદ પામે છે. ભગવાનનાં ચરિત્ર શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ બધાનું સરસ મૂળ કહેવાય છે. કારણ કે, ચરિત્રમાંથી જ સર્વે સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. ૧૦.

ભગવાનનાં જે ચરિત્રો છે તેને ઉપર કહ્યું તે રીતે સમજીને સાંભળવા જોઈએ. ભાવ વિના જો ચરિત્રોને કહે છે અથવા સાંભળે છે તો તેમાંથી કાંઈ ફળ નીકળતું નથી. ૧૧. છતાં પણ ચરિત્રરૂપી અમૃતનો ગુણ જાતો નથી. બીજી વાતો કરતાં તો ચરિત્રો ઘણા ઉત્તમ રહ્યા છે. કોઈ માણસ ભાવે કભાવે સાકર ખાય તોપણ તેને ગળી લાગે છે. ૧૨. જે ઘણું ઉત્તમ અન્ન હોય તો તેમાં મીઠું નાખવાની જરૂર પડતી નથી. તે ઉત્તમ અન્નમાં તો સહેજે જેટલા રસ હોય છે તે બધા રહ્યા હોય છે. ૧૩. **ભગવાન શ્રીહરિનાં ચરિત્ર અને સત્સંગ તે બન્ને ઉત્તમ રસ છે, તેનાથી કોઈ ઉત્તમ રસ નથી. એટલે ચરિત્ર અને સત્સંગની વાત ઉત્તમ છે.** ૧૪.

આ રીતે સત્સંગ અને હરિચરિત્રથી મનુષ્યનું અંતઃકરણ કપટ અને છળનો ત્યાગ કરીને ઉત્તમરસરૂપ થઈ જાય તો તેનો મોક્ષ થઈ રહ્યો છે. કારણ કે, જેવી ભાવના હોય તેવું ફળ મળે છે. ૧૫. શુદ્ધ અરીસામાં જે જેવું હોય તે તેવું દેખાઈ આવે છે. અરીસો કોઈ બાબતને છુપાવતો નથી. સત્સંગ અને ચરિત્રનો જે અભ્યાસ છે તે અંતઃકરણને શુદ્ધ કરનારું મંજન છે. ૧૬. સત્સંગ અપાર સ્વચ્છ અરીસા જેવો છે, તેમાં વાતરૂપી મંજન રાત દિવસ થતું રહે છે. ૧૭. અને વાતરૂપી મંજને કરીને સત્સંગ સૂર્યના સમાન ઉજ્જવળ રહે છે. તેવા સત્સંગમાં અંધારું થતું નથી. અંધારું તો તે સત્સંગથી બહાર રહે છે. ૧૮. અંગ્રેજોનાં રાજ્યમાં નીતિનો યોગ હોવાથી લેશમાત્ર પણ અંધારુ રહ્યું નથી. નીતિ વિના તો બધે અંધારું છવાઈ ગયેલું રહે છે. ૧૯. સત્સંગ સિવાયના બીજા બધા મતો અજ્ઞાનથી અવરાઈ ગયા છે. જ્યારે રૂડી સદ્‌બુદ્ધિરૂપી મણિ પામે છે ત્યારે તેના અજવાળામાં યથાર્થ વાત દેખાય છે. ૨૦.

જ્યાં સુધી માણસ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે આ સંસારમાં ભટકતો રહે છે. માટે સંસારસાગરને તરવાનું સત્સંગ એક નાવ રહ્યું છે.

સત્સંગ સિવાય સંસારસાગરને તરવાનો અન્ય કોઈ ઉપાય નથી. ૨૧. માણસમાં જ્યારે આવી સમજણ આવે છે ત્યારે તેનો મનુષ્યજન્મ સુફળ થયો કહેવાય. આ રીતે મનુષ્યજન્મને સુફળ કરીને ફરીવાર ક્યારેય કુસંગ કરવો જોઈએ નહિ. ૨૨.

❋ કુતર્ક કઠણાઈનું મૂળ છે :

सत्संग करत करत हि केते, गाफल जन वरतत रहे तेते;
संत हरिजन के लेत अभावा, कुतर्क कबहु रहत करावा...२३
कुतर्क करत रहाये जितना, आपकी बुद्धि हि करिके तितना;
कुतर्क तितना द्रोह कहाते, सो ताकु देखे नहीं आते...२४

સત્સંગ કરતા કરતા પણ કેટલાક મનુષ્યો ગાફલાઈ રાખે છે. અને તેનાથી સંતો અને હરિભક્તોનો અવગુણ લે છે. તથા ક્યારેક ક્યારેક તેની બાબતમાં કુતર્ક કરતા રહે છે. ૨૩. માણસ પોતાની બુદ્ધિથી સંતો-ભક્તો પ્રત્યે કુતર્ક કરે છે. તેના તે કરેલા કુતર્ક દ્રોહ કહેવાય છે, પણ તે દ્રોહ કુતર્ક કરનારાને દેખ્યામાં આવતો નથી. ૨૪.

दोहा : कुतर्क करत रहे जितना, तितना कली रहात;
कलि करत ही प्रवेश जब, तब विपरित बोलात...२५
विपरीत जितना मुखसे, बोलत तितना जेहि;
मूर्तिमान रहे कलि यह, प्रत्यक्ष हि देखना तेहि...२६

જેટલા કુતર્ક કરતા રહે છે તેટલો ત્યાં કળિયુગ રહે છે. અને કળિયુગ જ્યારે પ્રવેશ કરે છે ત્યારે હકીકતથી વિપરીત બોલાય છે. ૨૫. પોતાને મોઢે સત્યથી જેટલું ઊલટું બોલાય છે તેટલો ત્યાં મૂર્તિમાન કળિયુગ પ્રત્યક્ષરૂપમાં દેખવો. ૨૬. પોતાના માતા, પિતા અને ભાઈઓ સારા સંબંધી કહેવાય છે, પરંતુ મનુષ્યને ઘરમાં જ્યારે નારી આવે છે ત્યારે તેની સાથે સંબંધ તોડી નાખે છે. ૨૭. કુટુંબમાં પરસ્પર જે હેત હોય છે તેને દેખીને દુષ્ટ બુદ્ધિવાળી વ્યક્તિ બધું ઊલટું કરી દે છે. અને જ્યારે ઊલટું થાય ત્યારે જ દુષ્ટ મતિવાળાને અંતરમાં સુખ થાય છે. ૨૮. આ સંસારની જેટલી વાત કહી છે તેને તો દૃષ્ટાંતના રૂપમાં સમજવી. અને સત્સંગની જેટલી વાત છે તેટલી સિદ્ધાંતના

રૂપમાં સત્ય સમજવી. ૨૯. કુતર્ક કરનારી કુમતિરૂપી નારી હરિભક્તના ઘરમાં જ્યારે આવે છે ત્યારે પરસ્પર એકબીજાની મોટાઈને ક્યારેય સહન કરી શકતી નથી. ૩૦. તે કુબુદ્ધિ ઘરના દરેકની વાતને વિપરીત દેખાડવા લાગે છે. જ્યાં સુધી સુમતિ વર્તતી હોય ત્યાં સુધી એકબીજાની વાત અમૃત કરતાં અપાર પ્રિય લાગે છે. અને પ્રેમથી પરસ્પર પાન કરે છે.

જ્યાં સુધી તેમાં કુબુદ્ધિરૂપી ઝેર ભળતું નથી ત્યાં સુધી પરસ્પર એકબીજાને મહત્તા, ઉત્સાહ સહિત આપતા રહે છે. અને તેમાં તલભાર પણ અરુચિ લાવતા નથી. જ્યારે પરસ્પર એકબીજાની મોટાઈને સાંભળે છે ત્યારે તેના અંતરમાં ઉત્સાહ વધતો રહે છે. ૩૧-૩૩. અને નિત્ય એકબીજાની મોટપ વધે તેની જ પુષ્ટિ કરતા રહે છે. જ્યાં સુધી સુમતિ વર્તે છે ત્યાં સુધી હર કોઈ બાબતમાં રાત-દિવસ ઉત્સાહ વધતો રહે છે. અને એકબીજાની મોટાઈ વધે તેમાં છાતી ઠરે છે. પણ કોઈક વાતને કારણે જ્યારે કોઈ (અહં) મમત્વ બંધાઈ જાય છે, ત્યારે તે (અહં) મમત્વને કારણે તેમાં કુમતિ પ્રવેશ કરે છે. અને તેને લીધે પરસ્પર એકબીજાનો દ્વેષ કરવા લાગે છે.

ચાહે તેવું ઉત્તમમાં પણ ઉત્તમ ભોજન હોય, પણ તેમાં ઝેર આવીને જો મળે તો ભોજન ઉત્તમ હોવા છતાં પણ તેને ખાનારો પ્રાણોને ખૂએ છે. ૩૪-૩૭. તે સર્વોત્તમ ભોજન હોવા છતાં તેમાં ઝેર પડ્યું છે તેથી તે નાખી દેવાને લાયક જ છે પણ ખાવાને લાયક રહ્યું નથી. ૩૮. કોઈ ચાહે તેવો શ્રેષ્ઠ મિત્ર હોય અને તે પોતાનાં શરીર કરતાં પણ વહાલો હોય, પણ તેના જો પ્રાણ જતા રહે તો પછી તે મિત્રનાં શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં જ હિત રહ્યું છે. ૩૯. શરીરમાંથી પ્રાણ નીકળી ગયા હોય છતાં કેટલાક લોકોના નીકળેલા પ્રાણ પાછા આવે છે. એમ જેના પ્રાણ આવી ગયા હોય તેનો જીવનપર્યંત ત્યાગ ન કરવો જોઈએ અર્થાત્ જે અહં-મમત્વથી રહિત થાય તેનો ત્યાગ ન કરવો જોઈએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "સત્સંગ અને શ્રીહરિચરિત્રનો મહિમા કહ્યો" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥

પૂર અઢારમું : તરંગ - ૭૧

જીવના મોક્ષમાં મહિમા, નિશ્ચય અને વિનયભાવની મુખ્યતા કહી

ગામે ગામમાં શ્રીહરિનાં મુખની વાત સાંભળીને કેટલાક ગ્રામજનો સત્સંગી થતા હતા. ૧. શ્રીહરિ ગૃહસ્થાશ્રમીઓના જે ધર્મ-નિયમ હોય તેની વાત કરતા હતા. જેના ગુણોને શેષજી ગાતા રહે છે, એવા શ્રીજીમહારાજ પાણી લઈને મુમુક્ષુઓને વ્રતમાન-નિયમ ધરાવતા હતા. ૨. જ્યારે રાત દોઢ પહોર વીતી તે પછી શ્રીહરિ પોઢી ગયા અને જેટલા ડાંગરવાના ગ્રામજનો હતા તે બધા ગામમાં ગયા. ૩. જે જેટલા બુદ્ધિમાન સંતો હતા તે બધા શ્રીહરિનું ધ્યાન કરીને પોઢી ગયા અને અરુણોદય થયો ત્યારે ઊઠ્યા. ૪.

પ્રથમ નારાયણધૂન કરી અને સહુ સંતો સ્નાન કરીને આવ્યા. જ્યારે માનસીપૂજા કરી રહ્યા તે પછી બાહ્ય પૂજા કરી. ૫. શ્રીહરિએ પણ સ્નાન કરીને પૂજા કરી. એક પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢ્યું હતું. ચરણમાં ચાખડી પહેરીને ચટાક્ ચટાક્ ચાલતા હતા. ૬. દરબાર અમરાજીના ઘર આગળ વિશાળ ચોક હતો. ચોકમાં રંગોળી પૂરાવીને કેળના સ્તંભ રોપાવી દીધેલા હતા. ૭. વિપ્રે રસોઈ તૈયાર કરી ત્યારે બ્રહ્મચારી બોલાવવાને માટે આવ્યા. પછી શ્રીહરિ બ્રહ્મચારીની સાથે ચાલ્યા અને સહુ સંતોને પણ સાથે બોલાવ્યા હતા. ૮. સોનાનો બાજોઠ હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા. જેટલી જાતનાં ભોજન અને વ્યંજન કર્યાં હતાં. ૯. તે બધાં ભોજન અન્નકોટની જેમ પાત્રમાં ભર્યાં હતાં. તે શ્રીહરિની આગળ લાવીને ધર્યાં. અમરાજીના જે મા તે બહુ સારા સત્સંગી હતા. ૧૦.

શ્રીહરિ જ્યારે થાળ જમવા બેઠા ત્યારે દૂર આવીને જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી દર્શન કરવા માટે બેઠી. શ્રીહરિ ઘણા ભાવથી થાળ જમતા હતા. ૧૧. નાનાભાઈ વિપ્રે થાળનાં જે પદ કર્યાં હતાં તેને તે દેશમાં સત્સંગી બાઈઓ ગાતી હતી. ૧૨. તેમણે ધોળનાં કેટલાક પદ કર્યાં હતાં તેને તે બાઈઓ બોલતી હતી. અને જયાનંદ વર્ણીનાં કરેલાં પદને પણ ક્યારેક બોલતી હતી. ૧૩. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વગેરે મોટા કવિઓ હતા. ૧૪. તે સહુ કવિઓનાં

રચેલાં પદ ચારે ધામની અંદર પ્રસિદ્ધ હતા. સત્સંગમાં જે કવિઓ થયા તેનાં પદ વિલાયત સુધી છપાયાં હતાં. ૧૫. બીજા પણ કેટલાક સત્સંગમાં કવિઓ થયા હતા. તેનો કોઈ પાર ન હતો, કારણ કે સત્સંગ પણ અપાર છે. ૧૬. પૂર્વે કહેલા પ્રસિદ્ધ જે કવિઓ થયા, તેમનાં અપાર પદ સત્સંગમાં ઘેર ઘેર ગવાતાં હતાં. તે પદોમાં અપરંપાર રસ ભર્યો હતો. ૧૭. કેટલાક જ્ઞાનના રસ ભરેલાં પદ અત્યંત શુદ્ધ અને પવિત્ર હતાં. તે જેનું અંતઃકરણ શુદ્ધ હોય, તેને પ્રીતિ ઉપજાવતા હતા. ૧૮.

જેનું વર્તન જેવું હોય તેવું તે પદમાં દેખાતું હતું. પદ ગાતાં તેમાં જે કોઈ પણ પ્રકારનો સ્વભાવ હોય તે તરત સહુને દેખાઈ આવતો હતો. ૧૯. જે જે જરૂરી બાબતો હતી તે બધી પદોમાં ગૂંથી દીધી હતી. જે રૂડી બુદ્ધિવાળા મનુષ્યો હોય તેમને તે પદોમાં કવિનું અગાધપણું દેખાઈ આવે છે. ૨૦. ગમે તેટલો પાપી જીવ હોય તે જો સત્સંગની જેટલી વાતો છે તેમાંથી અંત સમયે એકાદ વાત યાદ કરીને સંભારે તો તેની નજીક યમદૂત આવતા નહિ. તે વાતોમાં એવું દૈવત હતું. તે વાત યાદ કરનારો દેવતાઓનાં કરતાં પણ ઊંચા સ્થાનમાં જઈને ત્યાં નિવાસ કરતો હતો. ૨૧-૨૨. જે સ્થાનમાં જતા કાળ પણ ડરે છે તેવા સ્થાનમાં તે નિર્ભય થઈને વાસ કરે છે. વિમાન અને કલ્પવૃક્ષના સમૂહે સમૂહ ત્યાં રહ્યા હોય છે. ૨૩. જેટલું મનોવાંછિત સુખ રહ્યું હોય છે તેને તે બધા પામે છે અને જેમાં ભગવાનનું ચિંતવન રહે એવા શરીરને તે જીવ પામે છે. ૨૪.

❋ પ્રગટ હરિના સંબંધની વાતનો મહિમા :

સત્સંગ સંબંધી વાતમાં પ્રગટ ભગવાન રહ્યા છે અને તેમનો સંબંધ પણ તે વાતમાં રહ્યો છે, એટલે તેનાથી જીવનું કલ્યાણ થાય છે. ૨૫.

दोहा : भगवान प्रगट के संबंध बिन, चाय तेसी रहे बात;
कोटि कल्प जप तप करे, ब्रह्मांड में रहात...२६

सोरठा : जन के अंतर मांहि, महिमा प्रवेश करत जब;
भगवान के जाहि, सद्य मोक्ष हि होत तेहि...२७
कोटी करे साधन, कोटिक कल्प लग हि जोउ;
महिमा विन ही जन, साधनके फल जो होत तेहि...२८

જીવો પ્રગટ ભગવાનનાં સંબંધ વિના ગમે તેવી બાબત હોય; જેમ કે, જપ-તપ વગેરેને કરોડો કલ્પ સુધી કરે તોપણ આના આ બ્રહ્માંડમાં રહે છે. પણ જીવના અંતરમાં જ્યારે ભગવાનનો મહિમા પ્રવેશ કરે છે ત્યારે જ તત્કાળ તેનો મોક્ષ થાય છે. ૨૬-૨૭. ભગવાનના મહિમા વિનાનો માણસ કરોડો કલ્પ સુધી કરોડો પ્રકારના સાધન કરે તો તે સાધનોનું ફળ ભગવાનનો મહિમા થાય એ જ છે. મહિમા વિનાનાં સાધન તો ફળ વિનાના વૃક્ષ અને સંતાન વિનાની નારીના જેમ નિર્જીવ ગણાય છે. ૨૮-૨૯.

છપ્પનકોટિ યાદવોને શ્રીકૃષ્ણ ભગવાનનો યોગ ખાતા, પીતા, હાલતા, ચાલતા રહેતો હતો. ૩૦. યાદવો જે જે ક્રિયા કરતા તેમાં એક પણ વાત ભગવાનના સંબંધ વિનાની હતી નહિ. સૂતા, ઊઠતા પણ ભગવાનની ભેળા રહેતા હતા. ૩૧. યાદવોએ શ્રીકૃષ્ણ ભગવાનને અત્યંત સમર્થ દેખ્યા, પરંતુ 'આ જ ભગવાન છે' એવું એના દિલમાં નક્કી ન થયું. સો વર્ષ સુધી મહિમા અને નિશ્ચય વિના ભેળા રહ્યા. તેથી તેનો મોક્ષ થયો લખ્યો નથી. ૩૨. તે યાદવોનો મોક્ષ થયો હોય તેવી વાત ગ્રંથોમાં લખી નથી. ઉદ્ધવ, સાત્યકી, ગોવાળો, ગોપીઓ, પશુઓ અને પક્ષીઓ તથા સરોવર, નદી, પર્વત અને વૃક્ષોના ઉદ્ધારની વાત લખી છે. ૩૩. જેનો મોક્ષ થયો હોય અને ન થયો હોય, તેનો વિભાગ કરીને ગ્રંથોમાં લખ્યું છે. અઢાર પદ્મ જેટલા વાનર, શબરી નામે ભીલડી અને તે સિવાયના ભગવાન શ્રીરામચંદ્રજીને જે કોઈ પણ સહાયક થયા તે બધાનો મોક્ષ લખેલો છે. અને જેટલા દાસ થઈને વર્ત્યા હતા તેમનો મોક્ષ થયાનું પણ લખ્યું છે. ૩૪-૩૫.

चोपाई :

महिमा रु निश्चय विनय बिनही, मोक्ष कबु न लिखत रहे किनही;
तिन विन साधन जितने रहाते, भूषन वसन सम हि देखाते...३६

મહિમા, નિશ્ચય અને વિનય-દાસભાવના સિવાય કોઈનો મોક્ષ થયો હોય તેવું ક્યારેય લખાયું નથી. તે ત્રણ વિના જેટલાં સાધન છે તે બધા તો વસ્ત્રાભૂષણ જેવા ઉપરથી શોભાડનારા દેખાય છે. ૩૬. જીવ વગરના વસ્ત્રાભૂષણ તો નાક, કાન વગરના શરીર જેવા છે. પછી તેને ગમે તે રીતે શણગારો, છતાં તેમાં કાંઈ શોભા દેખાતી નથી. ૩૭. મહિમા, નિશ્ચય અને

વિનય તો નાક, કાન અને જીવના સમાન રહ્યા છે અને બીજા બધા સાધન તો તેને માટે યોગ્ય વસ્ત્રાભૂષણ છે. આ વાત ચોક્કસ છે. ૩૮. જેટલા જપ, તપાદિ સાધન છે તે ઋષિઓનો મુખ્ય ધર્મ રહ્યો છે. અને તે સાધન વિના તેનો ધર્મ કાંઈ શોભતો નથી. અને **ભગવાનના ભક્તોના જીવનમાં તો ભગવાન મુખ્ય રહે છે અને ભગવાનનાં આજ્ઞાવચન ભક્તોનું સર્વોપરિ સાધન છે.** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "જીવના મોક્ષમાં મહિમા, નિશ્ચય અને વિનયભાવની મુખ્યતા કહી" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥

પૂર અઢારમું : તરંગ - ૭૨

શ્રીહરિ ડાંગરવાથી કરજીસણ આવ્યા અને તેમનો ઉદાર સ્વભાવ કહ્યો

શ્રીહરિ થાળ જમી રહ્યા અને હરિભક્ત બાઈઓ થાળ ગાઈ રહી તે સમયે બધો પૂજાનો સામાન ત્યાં લાવ્યા. ૧. અમરાજીએ કેસરયુક્ત ચંદન ચર્ચીને ઘણા ભક્તિભાવથી શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. ૨. આ અમરાજી અગરાજીના ભાઈના પુત્ર હતા. તેમણે પણ આવીને શ્રીહરિની પૂજા કરી. ૩. તે સિવાય તેમના બધા હરિભક્ત કુટુંબે શ્રીહરિની જ્યારે પૂજા કરી લીધી ત્યારે અમરાજી એક શાલ લાવ્યા. ૪. જે પીળા રંગની શાલ હતી તે શ્રીહરિને ઓઢાડી. ધૂપ, દીપ વગેરે કરીને કપૂરની આરતી ઉતારી. ૫. જ્યારે આરતી ઉતારી રહ્યા પછી તે અમરાજીએ શ્રીહરિની પ્રાર્થના કરતા કહ્યું કે, 'આપની સાથે જે મોટા મોટા કાઠી દરબારોની સવારી છે, ૬. તેમણે સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં અંગે અંગમાં પહેર્યાં હોય, અશ્વ, વિમાન, રથ, મ્યાના, હાથી અને સુખપાલ વગેરે જે છે તે બધાને પણ સોનાનાં ઘરેણાંઓથી શણગાર્યાં હોય, તેમાં અનંત મણિઓ જડ્યા હોય અને મુક્તાનંદસ્વામી આદિક જે સંતોનાં મંડળો તે પણ સાથે હોય, ૭-૮. મુકુંદાનંદસ્વામી આદિ બ્રહ્મચારી, દેવાનંદસ્વામી

આદિ સંન્યાસી અને નાનાભાઈ આદિ મોટા મોટા હરિભક્તો વગેરે સહુ સાથે હોય તે રીતે આપ અમારા અંતકાળે પધારજો. આપની શાશ્વત સેવા અમને જે રીતે મળે તેવું હું પ્રેમથી માગું છું.' ૯-૧૦. અમરાજીએ જેવો માગ્યો તેવો વર શ્રીહરિએ તેમને આપ્યો.

અમરાજી અને અગરાજીના ઉપર શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન રહેતા હતા. ૧૧. આ અમરાજી જ્યારે પ્રાર્થના કરી રહ્યા પછી તેમણે સંતોની કેસરયુક્ત ચંદન ચર્ચી તથા ફૂલના હાર પહેરાવીને પૂજા કરી. ૧૨. જ્યારે પૂજા કરી રહ્યા તે વખતે સંતો, વર્ણી અને પાર્ષદોને એક એક વસ્ત્ર લઈને ઓઢાડ્યું. ૧૩. તેઓ દંડવત્-પ્રણામ કરીને પગે લાગ્યા. પછી સંતોની પંગત થઈ. તેની શોભા વ્યાપી ગઈ હતી. ૧૪. જેઓ અંતર્યામી છે અને જેના અનંત નામ છે એવા શ્રીહરિના 'સ્વામિનારાયણ' નામને સંતો બોલતા હતા. ૧૫. સાકર નાખીને લાડુ બનાવ્યા હતા. તેને શ્રીહરિ પછી પીરસવા લાગ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે ઘીની ભરેલી તાંબડી લઈને પીરસવા નીકળ્યા. ૧૬.

જ્યારે ઘી પીરસી રહ્યા ત્યારે સંતોને જમવાની આજ્ઞા કરી. સંતો જ્યારે જમવા લાગ્યા ત્યારે જેટલાં ભોજન કર્યાં હતાં તે બધાને શ્રીહરિ પીરસતા હતા. સંતો પણ ઘણા પ્રેમભાવથી જમતા હતા. જ્યારે સંતો ભોજન જમી રહ્યા પછી તેમને ભાત પિરસાવ્યો. ૧૭-૧૮. શ્રીહરિએ ઘણા પ્રેમભાવથી ભાતમાં ખૂબ દહીં અને સાકર પીરસ્યા. અને જેને દૂધની ઈચ્છા હતી તેમને ઘણા પ્રેમભાવથી દૂધ પીરસ્યું. ૧૯. શ્રીહરિએ દહીં અને દૂધને પીરસીને ચોકમાં રેલમછેલ કરી દીધી. દૂધ અને દહીં એટલા પીરસ્યા કે ચોકમાં તેનો કીચડ મચી ગયો. ૨૦.

દૂધ અને દહીંને પીરસતા જ્યારે ચોકમાં તેનો કીચડ થઈ જાય ત્યારે પીરસવામાં શ્રીહરિને ઘણી પ્રસન્નતા થાતી હતી. ૨૧. જે કોઈ ભક્તનો લોભી સ્વભાવ દેખે તો તેની રસોઈમાં ભોજન પીરસતા નહિ. તે લોભી ભક્ત પીરસવાનું કહે તોપણ શ્રીહરિ ક્યારેય પીરસતા નહિ. ૨૨. **લોભી ભક્ત જે કાંઈ લાવીને આપે તો તેને શ્રીહરિ આદર વિના સ્વીકારતા હતા. લોભી ભક્તને ઘેર રસ્તામાં ચાલતા શ્રીહરિ ક્યારેય રોકાતા નહિ**. ૨૩.

શ્રીહરિનો સ્વભાવ મહામેઘના સમાન ઘણો ઉદાર હતો. અને સાગરના જેવો ગંભીર હતો. જે કોઈ ભક્ત પ્રેમથી ભજન કરતા તેના સંસારની પીડાને શ્રીહરિ ટાળતા હતા. ૨૪. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે ગામના જે બધા હરિભક્તો હતા તેમણે શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. ૨૫. જેના હૃદયમાં જેવી ભાવના હતી તેમણે તે રીતે પૂજા કરી અને કોઈએ ન લીધો હોય તેવો અમૂલ્ય લાભ સહુએ લીધો. ૨૬. જ્યારે પાછલો દિવસ ચાર ઘડી રહ્યો ત્યારે શ્રીહરિએ ડાંગરવાથી નીકળવાની તૈયારી કરી. અને મુક્તાનંદસ્વામીને એક શાલ આપી. ૨૭. શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. સંતો અને વર્ણી વગેરે સાથે હતા. પોતે **કરજીસણ** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૨૮. હરિભક્તો જેવા સેવાના મનોરથોને કરતા હતા, શ્રીહરિ તેમના મનોરથોને તે રીતે પૂર્ણ કરતા હતા. નાનાભાઈ વિપ્રે થાળ કરાવ્યો અને વર્ણીએ તે થાળ બનાવ્યો. ૨૯. શ્રીહરિએ બધા ઘોડેસવાર દરબારો, પાર્ષદો સહુને ખૂબ જ જમાડ્યા. પછી આવીને પલંગ ઉપર બેઠા અને બધા સંતોની સભા ભરાણી. ૩૦.

❋ સમય પારખીને વાતો કરવી :

બધા હરિભક્ત બાઈ-ભાઈઓની ત્યારે સભા થઈ. પછી શ્રીહરિએ સાંખ્યયોગી બાઈઓને સદ્‌ઉપદેશની વાતો કરી. ૩૧. **ગામમાં જેવા હરિભક્ત હોય તેને જોઈને શ્રીહરિ તેવી વાતો કરતા હતા. શ્રીહરિ જેવી વાતો કરતા હતા તેમાં દેશ અને કાળને મુખ્ય રાખતા હતા, અર્થાત્ દેશકાળ જોઈને વાત કરતા હતા.** ૩૨. જે જે વાતનો જેવો સમય હતો તેને શ્રીહરિ તરત જાણી લેતા હતા. સમયને જાણ્યા વિના શ્રીહરિ કોઈ વાત કરતા નહિ, પણ સમયને જોઈને જ વાત કરતા હતા. ૩૩. સમયને દેખ્યા સિવાય વાતને કહેવી કે કરવી, તે વાતમાં તલભાર જેટલું પણ ફળ દેખાતું નથી. આવું શ્રીહરિ પોતે કહેતા હતા. ૩૪. જેટલી વાત ફળયુક્ત હોય તે વાત રસવાળી કહેવાય છે. તથા સમય હોય તોપણ વાત ન કરવી અને કેટલીક વાત સમય ન હોવા છતાં કરવી જોઈએ. માટે જેટલી કરામત અને ચતુરતા હોય છે તે બધી વાત કરવામાં રહી છે. ગોડિયા અને નટની વિદ્યા છે તે

લોકમનોરંજન કરનાર છે. ૩૫-૩૬. આવી જેટલી લૌકિક વિદ્યા હોય છે તે બધીમાં એક પેટ ભરવાનું જ ફળ દેખાય છે. તેમાં મોક્ષરૂપી ફળ હોતું નથી. ૩૭. જેમાં મોક્ષરૂપ ફળ હોય તે વાત સહુથી અધિક છે અને એકલું પેટ ભરવાનું જ જે વિદ્યામાં ફળ હોય તેનાથી તો જન્મ વ્યર્થ થઈ જાય છે. ૩૮. ભગવાનનું ભજન કરવા સિવાય બીજું કરશું તો જન્મ વ્યર્થ થઈ જાશે એવી વાત મોહવશાત્ બધા ભૂલી ગયા છે. કરી કરીને કરવાની વાત તો તે જ છે કે, હેતથી ભગવાનનું ભજન કરવું. ૩૯. મનુષ્ય જ્યાં સુધી પ્રેમભાવથી ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી તેના માથે અપાર દુઃખ રહ્યું છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ ડાંગરવાથી કરજીસણ આવ્યા અને તેમનો ઉદાર સ્વભાવ કહ્યો" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥

પૂર અઢારમું : તરંગ - ૭૩

શ્રીહરિએ કરજીસણમાં સાંખ્યયોગી અને વિધવા સ્ત્રીઓના ધર્મ કહ્યા

ગોડિયા અને નટ જેવો વેષ લાવે છે તેવો તે ભજવે છે, તેમ શ્રીહરિ પણ તેવી જ વાત ઘણા હેતથી કરતા હતા. ૧. જો વેષ લાવીને તેને બરાબર ભજવે નહિ તો બધા લોકો તેને હસે છે. અને તેની જેને લાજ-શરમ ન હોય તેવા તે વેષધારી નિર્લજ્જ કહેવાય છે. ૨. જે સતીનો વેષ લે છે તે પતિની ચિતાના અગ્નિમાં બળી મરે છે. એક પગલું પણ પાછું ભરતી નથી ત્યારે બધો જનસમુદાય તેની કીર્તિ ગાય છે. ૩. જે ચિતાના અગ્નિને દેખીને પાછો પગ ભરે છે તે તો કૂતરી કહેવાય છે. તેને નાક, કાન ક્યાંથી રહે ? ૪. જેને લાજ-શરમ ન હોય તેને નાક, કાન ક્યાંથી હોય ? ફાતડા, વેશ્યા, ભાંડ, ભવાઈ કરનારા અને નગ્ન ફરનારા કહેવાતા બધા ખોટા સિદ્ધો તથા નિર્લજ્જ વર્ણના અધમ મનુષ્યો, તે બધા મનુષ્ય કહેવાતા હોય તોપણ તેનાથી શું ? તેનો જે સમાગમ કરે છે તેને પણ તેના સમાન જ

દેખવા. ૫-૬. જે જેટલી બાબતમાં લાજ, શરમ, અદબ, મર્યાદા રાખે છે તેટલા તેને મનુષ્યની જાતિ દેખવા. અને તે સિવાયના બીજાને તો પશુના સમાન જોવા. ૭. સત્પુરુષ અને સત્શાસ્ત્રની જેવી સમજણ હોય તથા જેવી રુચિ હોય તે પ્રમાણે અમારી સમજણ અને રુચિ છે. તે વાત વિના કઈ રીતે દેખી શકાય ? ૮.

❋ સત્યના આગ્રહી હોય તે સત્પુરુષ :

चोपाई :

सत बात रहायेउ जेती, दोष कर वरजित रहेउ तेती;
तेसी बात प्रसन्न हम करीता, असत बात में पावु न धरीता...०९
सत बात हि ग्रहि चलत जेते, सतपुरुष कहावत ही तेते;
सत बात कु देखावत जितने, सतशास्त्र कहावत तितने...१०

જેટલી સત્ય વાત હોય છે તે બધી નિર્દોષ હોય છે અને તેવી સત્ય, નિર્દોષ વાતને અમે પ્રસન્ન મનથી કરીએ છીએ. ક્યારેય અસત્ય વાતમાં પગલું માંડતા નથી. ૯. સત્ય વાતને ગ્રહણ કરીને જેઓ ચાલે છે તેઓ સત્પુરુષ કહેવાય છે. અને સત્ય વાતને જે બતાવે છે તે બધા સચ્છાસ્ત્ર કહેવાય છે. ૧૦. સત્ય માર્ગ અને અસત્ય માર્ગ, બંને અનાદિ અને અવિચળપણે રહ્યા છે. તે એક એકમાં બીજા પણ ઘણા માર્ગ છે. જતે કાળે તે માર્ગો અપાર થઈ ગયા છે. ૧૧. વિદ્યા અને અવિદ્યા, તે બે ભગવાનની અનાદિ શક્તિઓ છે. જેટલી સત્ય વાતો છે તે વિદ્યાશક્તિથી પ્રચલિત થઈ છે. ૧૨. જે સત્ય વાતને માર્ગે ચાલે છે તે આ લોક અને પરલોકમાં સુખને પામે છે. ૧૩. વિદ્યાશક્તિ યુક્ત જે મનુષ્ય તે શરીર છોડીને જ્યાં જાય છે ત્યાં તેની તે વિદ્યાશક્તિ રક્ષા કરે છે. વિદ્યાશક્તિ તેને ક્યારેય ભૂલતી નથી. ૧૪. જે નરનારીઓ અસત્ માર્ગે ચાલે છે તેઓ અસત્ આચરણને લીધે અસત્ય કહેવાય છે. ૧૫. શાસ્ત્રમાં કહેલા વિધિને ઉલ્લંઘીને જે વર્તે છે તેને અસત્ માનવા અને તેનો દૂરથી ત્યાગ કરવો. ૧૬. જે નરનારીઓ નિષિદ્ધ વાતનું આચરણ કરે છે તે આ લોક અને પરલોકમાં ક્યારેય સુખને પામતા નથી. ૧૭. જે બાઈઓ સાંખ્યયોગી થઈ હોય તેમણે લેશમાત્ર પણ પ્રમાદ રાખવો નહિ. તેઓ જેટલો પ્રમાદ રાખશે તેટલો તેમનો સાંખ્યયોગ રહેશે નહિ. ૧૮. નટ જેમ દોરડાં

ઉપર ચાલે છે તે રીતે સાંખ્યયોગમાં સાવધાન રહેવું જોઈએ. આગમાં બેસવું સુગમ છે, પણ સાંખ્યયોગના નિયમ પાળવા કઠણ દેખાય છે. ૧૯. કામરૂપી વાઘ જેટલા ગાફલ મનુષ્ય હોય છે તેને ખોળતો ફરે છે. સાંખ્યયોગ રાખીને જે ગાફલ ફરે છે તેવા ક્યારેય પાર પડતા નથી. ૨૦.

સાંખ્યયોગનો ધર્મ સ્વીકારીને જે એકલા ફરે છે તેને તમારે ગાફલ સમજવા. અમે તે વાત કરીને તમને બતાવીએ છીએ. ૨૧. ગાફલની વાત કર્યા સિવાય ક્યારેય તે બધાને દેખ્યામાં આવતું નથી. સાંખ્યયોગી બાઈઓ પુરુષની સાથે જેટલી મહોબત રાખે છે તેટલી તેમાં ગાફલતા રહે છે અને તેને જ વિઘ્ન જાણવું. અમે તો આ વાત બીતા બીતા કહીએ છીએ. કારણ કે, વાત કર્યા વિના બગાડ થતો દેખાય છે. ૨૨-૨૩. વિધવા અને સાંખ્યયોગી સ્ત્રીઓની વર્તવાની રીત એકસરખી છે. બંનેની વાત હું ભેળી કરું છું. જે વાત સમજે છે તેને માટે મારી આ વાત અમૃત જેવી છે. ૨૪. જેને જેટલી સમજણ હોય અને જેટલો ધર્મ રાખવો હોય તેના માટે મારી કહેલી આ વાત તેટલી પરમ હિતકારી છે. ૨૫. સત્સંગ સિવાયની કેટલીક વિધવાઓ છે તે તો ‘આ વિધવા છે’ તેવું નામમાત્ર રહ્યું છે. ૨૬. બ્રાહ્મણ, વણિક, પાટીદાર અને ગરાસિયા ક્ષત્રિયો છે તેમાં પતિના મર્યા પછીની વિધવાની રીત રહી છે. ૨૭. જે સ્ત્રી પોતાના એક જ પતિને ધારી રહેલી હોય છે તે રીત ઘણી ઉત્તમ કહેવાય છે. ફરીને બીજો પતિ ન કરવો તે પતિવ્રતાનો ધર્મ છે. ૨૮. જે વિધવા સ્ત્રી પોતાને માટે શાસ્ત્રમાં કહેલા યથાર્થ ધર્મને પાળે છે તે મૃત્યુ પછી સતીના લોકમાં જઈને પતિનાં સુખને ત્યાં ભોગવે છે. ૨૯. જેમ કોઈ સાચો યોગી ભગવાનને મેળવવાને માટે તપ કરતો હોય છે તે રીતના વિધવાના ધર્મ રહ્યા હોય છે. વિધવા સ્ત્રી ક્યારેય શરીરનાં સુખને ઈચ્છે નહિ. ૩૦.

જિંદગીભર તપ કરવામાં જ શરીરને લગાવી દે. તપ કરવું તે રૂપ આભૂષણ જ તેનાં શરીરને શોભાવે છે. તેનું જેટલું વર્તન છે તે બધું નિરસતાભર્યું રહે છે. ૩૧. વિધવા સ્ત્રી કોઈ પણ રસમાં રાગ કરતી નથી. તે એક શરીર સંબંધી તપ કરવામાં જ અનુરાગ રાખે છે. તે સતત શરીરને તપમાં જ જોડી રાખે અને તપને જ એક પોતાની જીવનદોરી માને છે. ૩૨. વિધવા સ્ત્રીને

માટે આ પૃથ્વી ઉપરની જે કોઈ પણ ભોગ્ય વસ્તુ છે તે બધી ઝેર જેવી અને ઊલટીનાં અન્ન જેવી છે. જે સ્ત્રી નિર્લજ્જ હોય અને જેને એક પતિ ન હોય તેવી સ્ત્રીનો ચંડાળીની જેમ ત્યાગ કરવો. આવું જે વિધવા સ્ત્રીનું વર્તન હોય તેણે ભગવાનની સેવા કરવા માટે બાલમુકુંદને રાખવા. ૩૩-૩૪.

તે બાલમુકુંદમાં પતિનો ભાવ લાવીને અત્યંત હરખથી તેમની પૂજા કરવી. અને કોઈ પુરુષને પોતામાં મોહ પેદા થાય તેવું કોઈ આચરણ રાખવું નહિ. ૩૫. જ્યાં ધર્મયુક્ત સ્ત્રીઓ બેસીને ભગવાનનાં કથા કીર્તન કરતી હોય અને જ્યાં પુરુષનો પ્રવેશ ન હોય ત્યાં જઈને હંમેશાં બેસવું. ૩૬. પોતાના નજીકના સંબંધી હોય તેની રજા લઈને આવવું જવું. વળી, આવતા જતા બજારમાં જ્યાં ત્યાં જોયા ન કરવું. ૩૭. જેટલા ગ્રામ્ય વિષયના શબ્દો છે તેને સાંભળવા નહિ. અને બીજી કોઈ બાઈ સાથે આવે ત્યારે જાવું, પણ એકલા ચાલવું નહિ. ૩૮. ઉપર કહ્યા પ્રમાણે વર્તનમાં જેને વધારે રુચિ રહે છે તેને સાંખ્યયોગી જીવનનો નિર્વિઘ્ન પાર પમાય છે. અને તેવાં વર્તન સિવાય તેની કીર્તિ રહેતી નથી.' ૩૯. આવી રીતની વાતો તો શ્રીહરિએ અપાર કરી હતી. બધી લખી શકાતી નથી. આ તો તે વાતનું બીજમાત્ર દેખાડ્યું છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ કરજીસણમાં સાંખ્યયોગી અને વિધવા સ્ત્રીઓના ધર્મ કહ્યા" એ નામે તોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર અઢારમું : તરંગ - ૭૪

શ્રીહરિ વડુથી ઓળા આવ્યા ત્યાં વચ્ચે પાનસરના બાવાની દુષ્ટતા કહી

શ્રીહરિ જ્યારે આગળ કહ્યા મુજબની વાત કરી રહ્યા પછી પોઢી ગયા. અને બધા હરિભક્તો શ્રીહરિની કહેલી વાતને સંભારતાં સંભારતાં પોતાને ઘેર ગયા. ૧. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિનું ધ્યાન કરી, પોતાના મુકામે જઈને સૂઈ ગયા. ૨. જ્યારે રાત ચાર ઘડી બાકી રહી ત્યારે સંતોએ ઊઠીને નારાયણધૂન કરી અને સાક્ષાત્ શ્રીહરિએ સ્નાન કરીને પૂજા

કરી. ૩. સંતો સ્નાન કરી, પૂજા કરીને જ્યારે તૈયાર થયા ત્યારે પોતાના બધા સવારોની સાથે અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. ૪. દિવસ ઊગવાનો સમય જ્યારે થયો ત્યારે શ્રીહરિ **વડુ** ગામ આવ્યા. ત્યાં રહેનારા બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૫. આવીને સહુ શ્રીહરિના પગમાં પડ્યા અને તે વખતે સહુએ ખૂબ જ વિનંતિ કરી. માના ગોહિલ નામે જે ક્ષત્રિય હતા તે શ્રીહરિને ગામમાં લઈ ગયા. ૬.

પછી તેઓ શ્રીહરિને પોતાને ભવન લઈ ગયા. ત્યાં ભવનની આગળ વિશાળ ચોક હતો. તેમાં એક સારો પલંગ બિછાવી દીધો અને શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૭. તે દરબાર ગોહિલ દહીંનાં ભરેલાં ઘણાં પાત્ર શ્રીહરિની આગળ લાવ્યાં. અને થાળ ભરીને સાકર લાવ્યા. પછી શ્રીહરિ તેમનો પ્રેમભાવ જોઈને દહીં તથા સાકર જમ્યા. ૮. શ્રીહરિની સાથે જેટલા ઘોડેસવાર દરબારો તથા પાર્ષદો હતા તેની ગોળાકાર પંગત કરાવી. અને બીજા સંતો તો રસ્તે ચાલતા થયા હતા. અને શ્રીહરિની વાટ જોતા હતા, પણ વીસ પચીસ સંતો શ્રીહરિની પાસે રહ્યા હતા. તે સહુને શ્રીહરિ ઉમંગથી દહીં પીરસવા લાગ્યા. દહીં પીરસ્યા પછી ખોબો ભરીને સાકર પીરસવા લાગ્યા. ૯-૧૦. દહીં પીરસવાની છાકમછોળ કરી દીધી તોય ચાર પાંચ દહીંનાં પાત્ર ભર્યાં રહ્યાં, ત્યારે સહુ સંતોએ તે દહીંને પ્રસાદીનું માનીને તુંબડામાં ભરી લીધું. ૧૧. વડુ ગામમાં માના ગોહિલને આ રીતે રાજી કરીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા અને **પાનસર** ગામ આવ્યા. ૧૨.

સદ્‌ગુરુઓની જે ગાડી હતી તે આગળ રહી હતી. ગામના જેટલા મનુષ્યો હતા તે બધાં દર્શન કરવા માટે ઊભા હતા. ૧૩. ઊભેલા લોકોમાં એક વૈરાગી આવીને ઊભો હતો. તે તમાશો દેખવા આવ્યો હતો એટલા માટે લોકો તેને હસવા લાગ્યા. ૧૪. લોકો કહેતા હતા કે, 'જેટલા બાવાઓ છે તેમાંથી બધો પ્રતાપ નીકળી ગયો છે અને જેટલો પ્રતાપ છે તે આજે સ્વામિનારાયણમાં આવ્યો છે.' ૧૫. ત્યારે બાવાએ કહ્યું, 'હું એકલો જ એમને પૂછીશ. સ્વામિનારાયણમાં તો કાંઈ નથી. હું તમને તમાશો બતાવું છું.' ૧૬. લોકોએ તેને કહ્યું, 'તમે પૂછો તો ખરા. અમે આજે તમને

જોઈ લઈએ.' ત્યારે અબૂજ બાવો દોડ્યો અને લોકો તેની પાછળ હસવા લાગ્યા. ૧૭. તે બાવો દોડીને સદ્ગુરુઓની ગાડી પાસે આવ્યો અને તેણે બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું, 'શું તમે સ્વામિનારાયણ કહેવાઓ છો ?' ત્યારે સ્વામીએ કહ્યું, 'તેઓ તો પાછળ આવે છે.' ૧૮. પછી તે રસ્તામાં જ ઊભો રહ્યો. પાંચ હાથ જેટલો તો તે ઊંચો હતો. બધી સવારીની આગળ શ્રીહરિનો અશ્વ હતો. ૧૯. તેમની આગળ બંદૂકધારી અપાર પાર્ષદો ચાલતા હતા. પછી બાવાએ જાણી લીધું કે, આ સ્વામિનારાયણ છે, એટલે મદમાતો બાવો અચાનક આગળ આવ્યો. ૨૦.

તેણે અશ્વની લગામ પકડી અને પૂછ્યું, 'તમારું નામ શું છે ?' તે વખતે અશ્વ એટલો બધો કૂદ્યો છતાં તે બાવાએ લગામ છોડી નહિ. ૨૧. બળવંત શ્રીહરિ ઘોડા ઉપરથી પડતા પડતા બચી ગયા. તેટલામાં તરત જ પાર્ષદોએ તે દેખ્યું. દસ-બાર પાર્ષદો આવીને તે બાવાનો હાથ છોડાવવા લાગ્યા. ૨૨. બંદૂકના કંદા તે બાવાને ઠેકઠેકાણે લાગ્યા. જ્યારે તે મૂર્છિત જેવો થયો ત્યારે તેણે અશ્વની લગામ છોડી દીધી. ૨૩. શ્રીહરિ વારંવાર સહુને રોકતા હતા, પણ તે વખતે કોઈ સાંભળતું નહિ. બાવાની દાઢી મોટી હતી અને લાંબા વિખરાયેલા વાળ હતા. ૨૪. તેનો એક એક વાળ જેના હાથમાં આવ્યો તેણે એક પલકમાં ખેંચી લીધો. બાવાને તેની કાંઈ સૂધ રહી નહિ. ૨૫. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આ ગરીબની સાથે તમે ઠીક વર્તાવ કર્યો નથી. ગરીબને ક્યારેય પીડવો જોઈએ નહિ. તેની તો રક્ષા કરવી જોઈએ. ૨૬. આ ગરીબ બાવો જો મરી જશે તો અત્યારે અંગ્રેજનું રાજ્ય છે અને તરત જ હત્યાના આક્ષેપમાં ફાંસીનો દંડ થાય. અને તેમાં અમારું નામ બહાર જાહેર થાય.' ૨૭.

ગામના લોકો જે બધાં દર્શન કરવા ઊભા હતા તેઓ સહુ બોલ્યા, 'આમાં તમારો કાંઈ દોષ નથી. ૨૮. અંગ્રેજ લોકો તો ઘણા મોટા માણસ કહેવાય છે અને ઘણા સુજ્ઞ છે. આપણા મનુષ્યોમાં તેના જેવો કોઈ સુજ્ઞ દેખાતો નથી. ૨૯. બીજા બધા રાજ્યમાં તો જો લાંચ મળતી હોય તો ગમે તેવો ગુનો કરવામાં આવે, તેને વગર વિલંબે ઊડાવી દેવામાં આવે છે. ત્યાં તો લાંચ એ જ ન્યાય રહ્યો છે. ૩૦.

અંગ્રેજોમાં લાંચની કોઈ વાત જ હોતી નથી. જેવો જેનો ગુનો હોય તેવી સજા થાય છે. તેમાં કોઈ એકના હાથમાં વાત નથી હોતી. જેવું કામ હોય તેવું તેવા અધિકારીની પાસે જાય છે. ૩૧. સાક્ષી સિવાયની એક વાત પણ કરતા નથી. કાંટે તોળ્યા જેવી જ્યારે વાત મળે, છતાં પણ જો કોઈએ ખૂન કર્યું હોય તો પહેલા તે ખૂનીનાં મુખે કબૂલ કરાવે છે. ૩૨. વાત કબૂલ કરાવ્યા પછી જોઈ વિચારીને તેનો તેવો ઘાટ ઉતારે છે અર્થાત્ બંધબેસતો નિર્ણય લે છે. મનુષ્ય બચી જાય ત્યાં સુધી તેની ઘણી રીતે તપાસ કરે છે. ૩૩.

મનુષ્યને બચાવવા ઉપર તેને બહુ તાન રહે છે. ફાંસી દેવા સિવાય અંગ્રેજોનો બીજો કોઈ ત્રાસ નથી. અંગ્રેજો ફાંસી દે છે તોપણ ખૂની લોકો ખૂન તો કરતા જ રહે છે. ૩૪. તમારા સમાન સત્પુરુષને માટે પરમેશ્વરે રાજા ઘણો ભલો કર્યો છે. અને તમારી પાછળ બીજી બધી પ્રજા આ રાજ્યમાં ઘણી સુખી થઈ છે. ૩૫. અહીંયા તો ગાયકવાડનું રાજ્ય રહ્યું છે. તમે જે વાત કહી તે ઠીક તો છે પણ ઢોલ, પશુ, ગમાર મનુષ્ય અને સ્ત્રી, એ બધા તાડનના અધિકારી છે.' ૩૬. સહુ લોકોએ કહ્યું, 'આમાં તમારો રતીભાર પણ દોષ નથી. અમે બધાએ દેખ્યું છે કે આગમાં પતંગિયો મરી જાય તેમ તે બાવો કરતો રહ્યો છે. ૩૭. આ બાવો અમને કાયમ ગાળો દેતો હતો. તેને ભેખધારી સમજીને અમે સહન કરતા હતા અને કાંઈ બોલતા નહિ. ૩૮. જેવો શબ્દ બોલાય છે તેવું જ તરત દેખાઈ આવે છે. અને તે શબ્દ જેવો હોય છે તેવા તેના જાતિ તથા કર્મ વગેરે કહી દે છે.' ૩૯. આટલી વાત થઈ રહી પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **ઓળા** ગામમાં આવ્યા. ત્યારે બધા હરિભક્તો સન્મુખ આવ્યા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ વડુથી ઓળા આવ્યા ત્યાં વચ્ચે પાનસરના બાવાની દુષ્ટતા કહી" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર અઢારમું : તરંગ - ૭૫

શ્રીહરિ ઓળા ગામથી કલોલ થઈને અડાલજ આવ્યા

ઓળા ગામના જે હરિભક્તો આવ્યા તે બધા શ્રીહરિના પગમાં પડ્યા, ફૂલના હાર પહેરાવ્યા અને મનમાં ખૂબ રાજી થયા. ૧. તે ગામથી પૂર્વમાં એક વડલાનું ઝાડ હતું. શ્રીહરિ ત્યાં આવીને ઊતર્યા. હરિભક્તોએ પલંગ બિછાવી દીધો હતો. ૨. શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. સામે સંતો સભા કરીને બેઠા હતા. ત્યારે બ્રહ્માનંદસ્વામી 'લાગ્યો મારે નટવરથી નેડો, હવે મેં તો શીર નાખ્યો છેડો રે...' એ ગરબીનાં પદ બોલ્યા. ૩. સભામાં આનંદ છવાઈ ગયો હતો.

એ સમયે કલોલ ગામના બાવુચા નાતના ઘાસ કાપનારા એક સ્ત્રી અને પુરુષ ત્યાં આવ્યા. ૪. બન્નેના હાથમાં ઘાસ બાંધવાના બંધિયા હતા. કાજળના સમાન તે કાળા હતા અને સભાથી દૂર તે ઊભા હતા. શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા હતા. ૫. સંતો પૂર્વમુખે અને હરિભક્તો દક્ષિણમુખે બેઠા હતા. તે સ્ત્રી-પુરુષ શ્રીહરિની સન્મુખ જોઈને ઊભા રહ્યા અને સભાને જોઈને હસવા લાગ્યા. ૬. શ્રીહરિ એક જ તે બન્નેને દેખતા હતા. તેનો અવિવેક જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. બ્રહ્મમુનિ સમજ્યા કે, અમારાં પદ સાંભળીને પ્યારા શ્રીહરિ ખુશી થયા છે. ૭. પછી તો પદ બોલવામાં ઘણો ઉત્સાહ થયો. તે પછી શ્રીહરિ હસતા હસતા બોલ્યા, 'આ સામે બન્ને ઘાસિયા ઊભા છે, શરીર ઉપર કપડાં પણ ફાટેલા છે. ૮. આપણે આટલા બધા બેઠા છીએ તે સહુને જોઈને તે બે હસે છે.' આમ કહીને જે પુરજનો ઊભા હતા તેને શ્રીહરિએ તરત બેસાડી દીધા. ૯. તે સમયે ઊભેલા તે સ્ત્રી-પુરુષ સહુને દેખાયા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'જીવનું એવું અજ્ઞાન છે કે તે પોતે પોતાને જ ઘણો ડાહ્યો માને છે. ૧૦.

બાદશાહે એક હબસીને કહ્યું કે, તું બધી દિલ્હી નગરીમાં ખોળીને જે વધારે રૂપાળો બાળક હોય તેને લાવ. હું તારી બુદ્ધિ કેવી છે ? તેને દેખું. ૧૧. તે હબસી એક મહિના સુધી દિલ્હી શહેરમાં ફર્યો, ઘેર ઘેર તપાસ કરીને થાક્યો, પણ તેને દિલ્હીમાં પોતાના દીકરા જેવો બીજો કોઈ રૂપાળો

બાળક દેખાયો નહિ. ૧૨. પછી તેણે પોતાના પુત્રને સારી રીતે વસ્ત્ર વગેરેથી શણગાર્યો અને તે હબસી તેને બાદશાહ પાસે લાવ્યો અને કહ્યું કે, દિલ્હીમાં આ બાળકના જેવો કોઈ રૂપાળો નથી. ૧૩. તે બાળકને દેખીને બાદશાહ હસ્યા, તું એવો બાળક લાવ્યો છો કે તારા જેવું જ તેનું રૂપ છે માટે તું તેનું પાલન કર. ૧૪. **જીવ પ્રાણીમાત્રનો સ્વભાવ બધો એવો છે કે, તે જીવને પોતાને બધો દેખાતો નથી. આ તો દીવા તળે અંધારું રહ્યા જેવી વાત છે અર્થાત્ પોતાની ભૂલ પોતાને દેખાતી નથી.'** ૧૫.

આટલી વાત બ્રહ્માનંદસ્વામી કરી રહ્યા ત્યારે ગામમાં રસોઈ તૈયાર થઈ. તેથી શ્રીહરિ ચાલીને ત્યાં ગામમાં આવ્યા અને થાળ જમ્યા. ૧૬. જ્યારે શ્રીહરિ જમી રહ્યા તે વખતે તરત જ સંતોની પંગત થઈ. પછી શ્રીહરિ તે પંગતમાં પીરસવા આવ્યા અને સહુને બબ્બે લાડુ પીરસ્યા. ૧૭. પાટીદાર હરિભક્તોની રસોઈ હતી. સહુ સંતો પ્રસન્ન મનથી નારાયણધૂન બોલતા હતા. ૧૮. જ્યારે લાડુ પીરસાઈ રહ્યા ત્યારે બધા સંતો અને પાર્ષદો જમવા લાગ્યા. જ્યાં સુધી સહુ જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસતા રહ્યા. ૧૯. જમ્યા પછી સહુ મુકામ ઉપર આવ્યા અને ત્યાં ચાર ઘડી વિશ્રામ કર્યો. તે સમયે બધા સંતો તૈયાર થઈને ચાલતા થયા અને શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા. ૨૦.

જ્યારે બધી સવારી તૈયાર થઈ ત્યારે ભક્તપતિ શ્રીહરિ ઓળા ગામથી ચાલતા થયા. તે **કલોલ** ગામ આવ્યા. બધુ સંતમંડળ પણ સાથે હતું. ૨૧. રંગભીના શ્રીહરિ ગામના લોકોને દર્શન દેતાં દેતાં ગામ વચ્ચે થઈને ચાલ્યા. બજારમાં જે લોકો ઊભા હતા તે બધા શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૨૨. શ્રીહરિને મોટા પુરુષ સમજીને સહુ હાથ જોડી મસ્તક નમાવતા હતા. તે સમયે શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારેલું હતું. અને સર્વે ઝરીમય સુંદર શ્વેત વસ્ત્ર અંગ ઉપર ધારેલાં હતાં. અને લલાટમાં કુંકુમનો ચાંદલો કરેલો હતો. વળી કેટલાય ફૂલના હાર છાતી ઉપર પહેર્યા હતા અને તેનાથી દર્શન કરનાર લોકોના ચિત્તને ચોરી લેતા હતા. ૨૩-૨૪. કલોલમાં કાજાભક્ત નામે એક ચારણ હરિભક્ત હતા. તેણે શ્રીહરિને પોતાને ભવન પધરાવીને પોતાનું

કલ્યાણનું કામ સાધી લીધું. ૨૫. તેણે ઘણા ભાવથી પૂજા કરી. પછી શ્રીહરિ **કલોલથી** ચાલતા થયા અને **અડાલજ** ગામ તરફ ચાલ્યા. સહુ સંતો સાથે જ હતા. ૨૬. રસ્તામાં ચાલતા અડાલજ ગામ અડધો કોશ દૂર હતું ત્યારે એક વાત બની કે જે, મેં નજરે જોઈ છે, તે હવે હું કહું છું. ૨૭. ત્યાં રસ્તામાં આગળ ચાલતા ખુરાસાની સાંકડી નેળ આવી. બધી સવારીની આગળ હરિભક્ત બાઈઓ ચાલતી હતી. ૨૮. જે સંતો દેશકાળમાં સમજતા ન હતા તેવા બધા દોડી દોડીને શ્રીહરિની આગળ ચાલ્યા ગયા ત્યારે શ્રીહરિએ બધી સવારીને ઊભી રાખી. ૨૯. સંતોને જતાં જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. 'નેળમાં ચાલો.. નેળમાં ચાલો..' તેમ બોલતા હતા. જ્યારે નિત્યાનંદસ્વામી તે રસ્તામાં આવ્યા ત્યારે શ્રીહરિ અણગમાપૂર્વક બોલ્યા કે, 'આગળ ચાલો.' ૩૦.

આ તો શ્રીહરિ હસે છે એમ નિત્યાનંદસ્વામી સમજી ગયા. એટલે સવારીથી આગળ એકપણ પગલું ભર્યું નહિ. અને બીજા જે સંતો ચાલતા હતા તેમને પણ રોકી રાખ્યા. તેઓ શ્રીહરિની મરજીને ખૂબ જાણતા હતા. ૩૧. જે સંતો આગળ નીકળી ગયા તે તો બધા ગયા પણ તેમને શ્રીહરિએ નજરમાં રાખ્યા હતા. તે પછી શ્રીહરિ **અડાલજ** ગામમાં આવ્યા અને વાવથી પૂર્વ તરફના ભાગમાં ઊતર્યા. ૩૨. ગામમાં જે હરિભક્તો રહેતા હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ દંડવત્-પ્રણામ કરીને ચરણોમાં નમી પડ્યા. ૩૩. શ્રીહરિ ત્યાં ગાડી ઉપર બેઠા અને હરિભક્તોએ હરખથી સેવા કરી. જ્યારે વર્ણીએ શ્રીહરિની માટે થાળ કર્યો ત્યારે શ્રીહરિ મનમાં રાજી થઈને થાળ જમ્યા. ૩૪. જેટલા સાથેના ઘોડેસવાર કાઠી દરબારો હતા તે બધાને પણ જમાડ્યા. સહુ જમી રહ્યા ત્યારે મશાલો થઈ અને શ્રીહરિ ગાડી ઉપર આવીને બેઠા. સંતોએ આરતી અને ધૂન કરી. તે સમયે ગામના બધા ભક્તો પણ આવીને બેઠા. ૩૫. આરતી ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કીર્તન બોલાવ્યા. તે પછી ગામના ભક્તોની આગળ શ્રીહરિ વાત કરવા લાગ્યા, ૩૬.

✳ ભજન આત્માનું ભોજન છે :

दोहा : हरि भजवे में लाभ बहु, रहेउ अपरमपार;
शास्त्र संत सब कहत इमि, ता विन हि न उद्धार...३७

उद्धार किनकु कहत हे, बुडना कहा रहेउ;
गम नहीं हे जन तिनकु, तपास न जिय में तेउ...३८

सोरठा : जिहाँ लग यह बात, ताके न तपास करत;
तन वृथा सब जात, भूप भये कछु न भयेउ...३९

'ભગવાનનું ભજન કરવામાં અપરંપાર લાભ રહ્યો છે. તેમ સર્વે શાસ્ત્રો અને સંતો કહે છે. તે ભજન વિના જીવનો ઉદ્ધાર થતો નથી. ૩૭. ઉદ્ધાર કોને કહેવાય છે ? અને બૂડવું એટલે શું ? તેની જે મનમાં તપાસ કરતા નથી તેને તે બાબતમાં કાંઈ ગમ પડતી નથી. ૩૮. જ્યાં સુધી આ બાબતનો તપાસ કરતા નથી, ત્યાં સુધી બધા મનુષ્ય શરીર વૃથા થઈ જાય છે. રાજા થયા હોય તોપણ શું થયું ? કેમ જે, મનુષ્યના દેહથી કોઈ રાજા થાય તોપણ જો આત્મકલ્યાણ ન થાય તો કશું નથી થયું. ૩૯. જ્યાં સુધી માથા ઉપર જન્મ-મરણ રહ્યું હોય છે ત્યાં સુધી દેવ થયા તોપણ શું થયું ? આ શરીરમાં રહીને જીવે કરવાની વાત આટલી જ છે કે, જન્મ-મરણથી રહિત થઈ ભગવાનને પામવું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ ઓળા ગામથી કલોલ થઈને અડાલજ આવ્યા" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥

પૂર અઢારમું : તરંગ - ૭૬

અડાલજમાં મોડી સાંજે હરિભક્તો ગયા પછી સંતોને સાધુતાની રીત પૂછી

શ્રીહરિએ લોકો આગળ કહ્યું કે, 'જે બાબત અવશ્ય કરવી જોઈએ તે કરતા નથી અને બીજું બધું ઘણું કર્યા કરે છે, અને તેને લીધે જીવને માથે વારંવાર જન્મ-મરણ રહ્યા કરે છે. ૧. જન્મ-મરણ ચાલું રહે છે તેમાં જ બધા દુઃખ રહ્યાં છે.' શ્રીહરિ આ રીતે ગામના લોકો ઉપર હેત લાવીને આવી વાત કહેતા હતા. ૨. ત્યારે ગામના લોકો બોલ્યા, 'અમારા જેટલા ગુરુઓ છે તે કોઈ આવી વાત કહેતા નથી અને માતા-પિતા પણ કોઈ આવું

કહેતા નથી. ૩. સહુ કહે છે કે તત્પર થઈને જેનો જે ઉદ્યમ-ધંધો હોય તે રાત-દિવસ કરો. તેમાં જ બધું સુખ રહ્યું છે.' ૪.

❋ માયિક સુખ તે જ દુઃખ :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'જેને જેવું જ્ઞાન હોય છે તે તેવા પ્રકારનું તાન કરાવે છે અને તેવો આગ્રહ રાખે છે. જેને આ લોકનું જેટલું જ્ઞાન હોય, તેટલી આ લોકની જ વાત કરે છે. ૫. **આ દુનિયાના સુખમાં દુઃખ રહ્યું છે. તે દુઃખને વિમુખ મનુષ્યો ક્યારેય સંભારતા નથી. તેનું જ નામ અજ્ઞાન કહેવાય છે અને તે રહેલા અજ્ઞાનને લીધે જ બીજાને પણ અજ્ઞાનની વાત કહેતા રહે છે. આમ, અજ્ઞાનને લઈને જ અજ્ઞાન ફેલાયા કરે છે.** ૬. જ્ઞાન પણ એક જ પ્રકારનું હોતું નથી અને જ્ઞાનની અનેક રીતો પણ હોય છે. ભગવાન સંબંધી જ્ઞાન જ સાચું છે અને ભગવાનનાં જ્ઞાન સિવાયનું તો બધું અજ્ઞાન રહ્યું છે. ૭. **આવી વાત જે કહેવી સાંભળવી તેને જ હકીકતમાં વાત કહેવાય. તે સિવાયની બીજી બધી વાતો તો નિષ્ફળ કહેવાય છે. અને જેટલી વાતો નિષ્ફળ હોય છે તેમાં લેશમાત્ર પણ જીવના હિતનું પ્રયોજન હોતું નથી.** ૮. **આ બ્રહ્માંડમાં અને દેહમાં અપાર સુખ માનીને તેમાં જ જે મનુષ્યો વારંવાર ભમતા રહે છે તેમાં તેને અપાર દુઃખ થાય છે. ૯. જીવ તે દુઃખનો વિચાર કરતો નથી તેથી જ તે ભવસાગરના પારને પામતો નથી. જીવ જ્યાં સુધી આ સંસારમાં સુખ માનતો રહે છે ત્યાં સુધી તેને માણસ હોવા છતાં શાસ્ત્રો પશુના જેવો કહે છે. ૧૦.**

જ્યારે મનુષ્ય મોક્ષને માર્ગે ચાલે છે ત્યારે તેને યથાર્થ જ્ઞાન થાય છે. હવે અત્યારે તમે ચાલીને અમારી પાસે આવ્યા છો. જો હું વાત ન કરું તો તમને યથાર્થ વસ્તુ કેમ દેખાય ? ૧૧. **સૂર્યમાં જે તેજ રહ્યું છે તેના કરતાં ઘણું અધિક તેજ આવી વાતોમાં રહ્યું છે. જો યથાર્થરૂપમાં વાત કરતા આવડે તો તે યથાર્થ વાતના જેવું બીજું કોઈ સાધન કહેવાય નહિ. ૧૨. ભગવાન સમાન બીજી કોઈ વાત નથી. એવી વાત રહી છે કે, તેમાં જ બંધન અને મોક્ષ રહ્યા છે પણ વાત કરતા આવડવું જોઈએ.** ૧૩. આ બ્રહ્માંડમાં જેટલા દેવતાઓ અને મનુષ્યો કહેવાય છે તેઓ જેને લીધે બંધન

થાય એવી વાતો કરતા રહે છે. ૧૪. **જેટલા દેવતાઓ અને મનુષ્યો છે તે બંધનને મોક્ષ માનીને ભગવાન સિવાયની અન્ય બાબતમાં ઘણું હેત કરીને તેના બંધનમાં બંધાઈ રહે છે. ૧૫. દુનિયામાં જેટલા અજ્ઞાનીઓ છે તે બધા જેમાં અપાર દુઃખ રહ્યું છે એવા બંધનમાં મોક્ષ માનીને ચાલ્યા જાય છે.** ૧૬. અજ્ઞાનીઓના ગુરુ પણ અજ્ઞાની જ રહ્યા હોય છે. અમે તો જે બંધનમાં મોક્ષ માને છે તેને અજ્ઞાની કહીએ છીએ. ૧૭. જ્ઞાનીઓના ગુરુ જેટલા શુદ્ધ જ્ઞાની હોય છે તેટલા તે સત્ય મોક્ષને મોક્ષ માને છે. અને તેવાને અમે સાચા જ્ઞાની કહીએ છીએ. ૧૮.

❋ સાચા ગુરુનાં લક્ષણ :

જે મિથ્યા ગુરુઓ છે તેનું આચરણ પણ મિથ્યા રહ્યું હોય છે અને તેની સમજણ પ્રમાણેનો મોક્ષ પણ મિથ્યા જ હોય છે અને તેને લીધે તેને આ સંસારનું ભટકણ પણ રહે છે. ૧૯. જે શુદ્ધ અને ઉત્તમ સદ્‌ગુરુ છે તેનું આચરણ પણ શુદ્ધ અને ઉત્તમ હોય છે. વળી તેમણે કહેલો જે મોક્ષ છે તે પણ શુદ્ધ, ઉત્તમ અને સત્ય હોય છે. તેવા સદ્‌ગુરુ અને તેના શિષ્યને સંસારનું ભટકણ રહેતું નથી. ૨૦. આ સંસારમાં જેટલો કુસંગ કહેવાય છે તે બધો મિથ્યા ગુરુમાં રહ્યો હોય છે અને તે ગુરુમાં જેવા ગુણ હોય છે તેવા બધા ગુણ તે રીતે જ શિષ્યમાં રહે છે. ૨૧. ઝેરી વૃક્ષનાં ફળ અને ફૂલ બધાં ઝેરરૂપ જ રહ્યાં હોય છે, પણ તેમાં જે ઝેર હોય છે તે આપણને ઝેરનાં રૂપમાં ક્યારેય દેખ્યામાં આવતું નથી. ૨૨. જેટલી સર્વોત્તમ અને શુદ્ધ બાબતો છે તે સત્ય ગુરુમાં રહી હોય છે. ગુરુ જેટલી સારી સમજણવાળા હોય તેટલી સારી સમજણ શિષ્યોને આપે છે. ૨૩. જે સાચી સમજણવાળા ગુરુનો સમાગમ કરે છે તે સદ્‌બુદ્ધિ પામે છે. અને તેમાં જેટલી કુબુદ્ધિ હોય તે દૂર થઈ જાય છે. સાચી સમજણવાળા ગુરુ છે તે શિષ્યને કુબુદ્ધિમાં દોષ દેખાડે છે.' ૨૪. શ્રીહરિએ આવી બહુ વાત કરી. તેમાંથી જેટલી યાદ રહી તેટલી સદ્‌બુદ્ધિવાળાના હિતને માટે મેં અહીંયા લખી છે. ૨૫. શ્રીહરિની આવી વાત સાંભળીને કેટલાક મુમુક્ષુ મનુષ્યોએ પોતાની કુબુદ્ધિને તજી દીધી. અને શ્રીહરિનાં ઉપદેશ વચનને ગ્રહણ કરી લીધા. ૨૬. જ્યારે રાત દોઢ

પહોર વીતી ત્યારે ગામના લોકો ગામમાં પોતાને ઘેર ગયા. પછી શ્રીહરિ સહુ સંતોને બોલાવીને વાત કરવા લાગ્યા. ૨૭. 'હે સંતો ! સાધુતાની રીત કેવી છે ? તે તમે કહો. મને અત્યારે તમારા જેવા પરમ પવિત્ર કોઈ સંત ક્યાંય દેખાતા નથી. ૨૮. તમારી સહુની સાધુતાને જોઈને મતપંથમાં જેટલા મોટા મોટા સિદ્ધો થઈને પૂજાય છે, તે બધા ઝાંખા પડી જાય છે. ૨૯. તમે જે રીતે પવિત્રપણે વર્તો છો તે રીતે અત્યારે કોઈ વર્તતા નથી. અને તમને જેવો શુભ યોગ મળ્યો છે તેવો શુભ યોગ કોઈને મળ્યો નથી. ૩૦.

✵ સમજણની વિશેષતા :

ચોપાઈ :

श्वेतद्वीप बदरिबन तामें, जा हित तप करत मुनि यामें;
कठिन कठिन ही साधन जेता, जा हित मुनि करत रहे तेता...३१
तुमकु सहज यह जोग भयेऊ, तुम सम आज न देखत केऊ;
सब पर मोटप तुममें रहाये, बालक जिमि चिंतामनि हि पाये...३२
बालबुद्धि रहे जिहाँ लगही, चिंतामनि ताकी तिहाँ लगही;
बालक कु मोटप न रहेऊ, वरतन कही देवत हे तेऊ...३३

શ્વેતદ્વીપમાં અને બદરિકાશ્રમમાં જે મુનિઓ તપ કરે છે અને કઠણમાં કઠણ સાધન જેને માટે કરે છે તેનો તમને સહેજે યોગ થયો છે. આજે તમારા સમાન શ્રેષ્ઠ હું કોઈને દેખતો નથી. સહુથી ઊંચી મોટાઈ તમારામાં રહી છે. જેમ બાળકના હાથમાં ચિંતામણિ આવે, પરંતુ તેમાં જ્યાં સુધી બાળબુદ્ધિ હોય છે ત્યાં સુધી બાળકનાં મનમાં તે ચિંતામણિનું મહત્વ હોતું નથી. તે તેનું વર્તન કહી દે છે. ૩૧-૩૩. અમે અહીંયા જ્યારથી વાત કહીએ છીએ ત્યારથી જે વિવેક વગરના છે તે આસન ઉપર જઈને સૂતા છે. તેઓ મોટા સંતોની મર્યાદાને પણ જાળવતા નથી. ૩૪. એમાં તમારી શોભા કેટલી દેખાય છે ? તે અમે અમારી નજરે દેખી રહ્યા છીએ. તમને સુખ દેવાને માટે અમે સાથે રાખ્યા છે, તેનું આ ફળ અમને દેખાયું. ૩૫.

જેનામાં અવિવેક ભર્યો હોય છે તેને સમાગમનું કાંઈ ફળ મળતું નથી. સમુદ્રમાં અને નદીમાં જેટલા પથ્થર રહ્યા હોય છે તે પાણીથી કાંઈ કોમળ

થઈ જતા નથી, તેમ એવા જીવો સંતો ભેળા રહે તોપણ સુધરતા નથી. કોઈક પથ્થર જ ચૂનો બને છે. ચૂનો બને એવા પથ્થર ઝાઝા હોતા નથી અર્થાત્ મહામુક્તો બને એવા જીવ ઝાઝા હોતા નથી. ૩૬-૩૭. કેટલાક પથ્થરમાં ટાંકણાથી ઘાટ ઘડી શકાય છે અને કેટલાક પથ્થર તો ઈમારત બાંધવામાં અને કિલ્લો કરવામાં કામ લાગે છે. અર્થાત્ કેટલાક મહામુક્ત બને એવા જીવો હોય છે અને કેટલાક અન્ય સેવાઓમાં ઉપયોગી બને છે. ૩૮. લોઢું, ચાંદી, સોનું, ઘણી જાતના હીરાઓ તે બધા પથ્થરમાં રહ્યા છે અને ઘણી જાતનો કાચ પણ તેમાંથી થાય છે. ૩૯. અને કેટલાક પથ્થર ચિંતામણિ તથા પારસમણિ હોય છે. અને કેટલાક પથ્થર શાલગ્રામ હોય છે અને કેટલાક પથ્થરમાંથી સુંદર પ્રતિમાઓ થાય છે. અને કેટલાક પથ્થરમાં તો અગ્નિ પણ રહ્યો હોય છે. તેમ અનેક પ્રકારના જીવો સંસારમાં હોય છે. અને એમ જ આ સંપ્રદાયમાં પણ અનેક પ્રકારના મુમુક્ષુ અને મુક્તો હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "અડાલજમાં મોડી સાંજે હરિભક્તો ગયા પછી સંતોને સાધુતાની રીત પૂછી" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥

પૂર અઢારમું : તરંગ - ૭૭

શ્રીહરિએ સંતોની સમજણ અંગે વાત કહી

વળી શ્રીહરિએ સંતો આગળ વાત કહી કે, 'જેટલો અવિવેક રહ્યો હોય છે તે કહ્યા વિના ક્યારેય દેખાતો નથી. જે કાંઈ પણ બાબત કરવાની હોય છે તેમાં અપાર વિવેક હોવો જોઈએ. અને જે વાત વિવેક વગરની હોય તેનો તલ જેટલો પણ ભાર રહેતો નથી. ૧-૨. વાત કરવામાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા બહુ ભેદ રહ્યા છે. તે જેમાં વિવેક હોય તેને દેખાઈ આવે છે. ૩. **જે મનુષ્યમાં વાત કરવાનો જેટલો વિવેક હોય છે તેટલો તેનો ભાર પડે છે, અને જેટલો ભાર નથી પડતો તેટલો તેમાં વિવેક નથી હોતો.** ૪. જેમાં જેટલો વિવેક રહ્યો છે અને જેનામાં જેટલો વિવેક

નથી તે અમને આજે રસ્તામાં ચાલતી વખતે દેખાયો છે. અને તે આજ અમે ધ્યાનમાં રાખ્યો છે. ૫. તમે કેટલા બધા અમને રાજી કરવા માટે ઘર છોડીને આવ્યા છો. છતાં આજ તમે અમારી મર્યાદા પણ રાખી નહિ. હવે આ બાબતને જો હું ન કહું તો શું તે તમને સમજાય ? ૬. જે હરિભક્ત બાઈઓ છે તે જ્યાં સુધી સભા બેઠી હોય છે ત્યાં સુધી અખંડ રીતે બેસી રહે છે અને તેમનામાં અધિક શ્રદ્ધા રહી છે. ૭.

જે વધારે શ્રદ્ધા રાખે છે તેટલું તેને વધારે ફળ દેખાય છે. અમારાં દર્શન કરવામાં કેટલાય લાભ રહ્યા છે. ૮. અત્યારે અમારાં દર્શનનો ત્યાગ કરીને કેટલાય નિદ્રામાં આસક્ત થયા છે. હવે તે દર્શન છોડીને નિદ્રા કરવી તેમાં કેટલો લાભ હશે ? તે તમે સહુ દેખી વિચારીને કહો. ૯. અમારાં દર્શન છોડીને આગળ ચાલે છે તે કોની આજ્ઞામાં રહીને ચાલી રહ્યા છે ? પોતપોતાના સંતમંડળના જે મોટેરા-મહંત હોય તે તેમને જઈને તમે પૂછો. ૧૦.

જે સંતો જેની ભેળા જ્યાં સુધી રહ્યા હોય ત્યાં સુધી તે મોટા જેમ કહે તેમ કરવું જોઈએ. મોટેરાની ભેળા રહે અને મનફાવે તેમ કરે, અને તેમાં તલભાર પણ કાંઈ શંકા ન રાખે તે તો મોટાની ભેળા રહ્યા તે ન રહ્યા બરાબર છે. આ વાત સહુ જાણી લેજો. જેની એકસરખી સ્થિતિ ન રહેતી હોય તેવા સંતને ક્યારેય સાધુતાની મોટપ મળતી નથી. જેટલી મોટપ છે તે એકસરખી સ્થિતિમાં રહી છે. ૧૧-૧૨. એકસરખી સ્થિતિમાં રહ્યા સિવાય ક્યારેય મોટપ આવતી નથી. પ્રારબ્ધ બળવાન કહેવાય છે તેની વાત હું અહીં કહેતો નથી. ૧૩. કોઈ એક સ્થળે વડલાનું ઝાડ રોપ્યું હોય અને પાંચ વર્ષ સુધી વાડ તથા પાણીથી તેને સાચવવામાં આવે, તો પાંચ વર્ષમાં તે વડ મોટો થઈ જાય છે. તેમ કોઈ મોટાને સોંપાઈને જો રહો ને મનધાર્યું ન કરો તો તત્કાળ મોટાઈ આવે છે. ૧૪.

❋ મનધાર્યું કરવું એટલો કુસંગ છે :

હવે જેને મન કહે તેમ કરવું હોય તે અમને કહો. મનનું ધાર્યું કરવું તે કાંઈ સત્સંગની રીત નથી. ૧૫. **જેટલું મન કહે તેમ કરવું તે તો કુસંગ જ દેખાય છે. અમે તો આટલું સમજીએ છીએ. આથી વધારે કોઈ સમજતા હોવ તો બોલો.** ૧૬.

चोपाई :

मन के धारे करना जेता, कुसंग कहावत हि जो तेता;
संत गुरु कहे करना जितना, सत्संग कहावत जो तितना...१७

જેટલું મનનું ધાર્યું કરવામાં આવે તેટલો તે કુસંગ કહેવાય છે. અને જેટલું સંતોનું અને ગુરુનું કહ્યું કરવામાં આવે તેટલો સત્સંગ કહેવાય છે. ૧૭. અમારી આવી સમજણ છે. મેં તો તમને સત્સંગ અને કુસંગ બતાવી દીધો છે. હવે તમારી સમજણમાં જેવું આવ્યું હોય તેવું તમે સહુ સંતો કહો. ૧૮. બોલવામાં જ્યારે કોઈ બાધ ન આવે ત્યારે તે વાત સત્ય કહેવાય છે અને જેટલો બાધ ન આવે તેટલી તે વાત નિર્બાધ કહેવાય છે. નિર્બાધ વાતમાં જ મોક્ષ રહ્યો છે. ૧૯. નિર્બાધ વાતમાં અપાર ફળ રહ્યું છે તેનો કોઈ અંત નથી. જે જે કાંઈ પણ કરવું-કરાવવું હોય તે નિર્બાધતા જોઈને કરવું. ૨૦.

નિર્બાધ વસ્તુમાં પણ જે જેટલો બાધ દેખાડે છે તે માણસ તેટલો કુબુદ્ધિવાળો છે. સદ્‌બુદ્ધિવાળા મનુષ્યની અને શાસ્ત્રની સમજણ એકસરખી મળતી હોય છે. ૨૧. જેટલા સદ્‌બુદ્ધિવાળા મનુષ્યો છે તેનું શાસ્ત્ર પણ સદ્‌બુદ્ધિરૂપ હોય છે અને સદ્‌બુદ્ધિવાળાનાં શાસ્ત્રમાં જેટલાં વચન હોય છે તે તેના જેવા સદ્‌બુદ્ધિવાળાને સાંભળીને ઘણો આનંદ થાય છે. તે રોજ સાંભળે તોપણ તેને તૃપ્તિ થતી નથી. જેમ વિષયી જીવો વિષયમાં બંધાણેલા હોય છે અને તેને તેમાં જ જીવન મનાય છે, ૨૨-૨૩. તે વિષયરૂપ જીવનને જ્યારે છોડાવવામાં આવે ત્યારે તરત તે પોતાના પ્રાણને છોડી દે છે. તેમ જેટલા સદ્‌બુદ્ધિવાળા મનુષ્ય છે તેને પોતાના જેવા સદ્‌બુદ્ધિવાળાનાં વચન છે તે જ્યારે જીવનરૂપ થઈને રહે છે, ત્યારે તેને સાચો સદ્‌બુદ્ધિવાળો કહેવાય. સદ્‌બુદ્ધિવાળાને સત્સંગ નિત્ય સ્નેહ ઉપજાવે છે. ૨૪-૨૫.

दोहा : सुमति करत सत्संग जो, दिन दिन यह तेउ;
बढत बढत बढ जात अति, तृप्ति न होवत एउ...२६

જે સદ્‌બુદ્ધિવાળો સજ્જન છે તે દિનપ્રતિદિન સત્સંગ કરતો રહે છે. અને તે વધતા વધતા ઘણો આગળ વધી જાય છે અને સત્સંગ કરતા તેને

તૃપ્તિ થાતી નથી. ૨૬. ક્યારેય તૃપ્તિ થઈ જાય એવો આ સત્સંગ નથી, તેના મહિમાને સદ્‌બુદ્ધિવાળો પરમ નિપુણ મનુષ્ય હોય છે તે સમજે છે. ૨૭. જે કુબુદ્ધિવાળો મનુષ્ય છે તે જ્યારે સત્સંગ કરે છે ત્યારે તે પહેલા તો સદ્‌બુદ્ધિવાળા મનુષ્ય કરતાં પણ ઘણો રંગ દેખાડે છે, પણ તેનો તે રંગ-ઉત્સાહ અંતે રહેતો નથી. ૨૮. કુબુદ્ધિ માણસની એવી રીત હોય છે કે તે બીજા બધાને દબાવીને આનંદ માણે છે. સંતો અને હરિભક્તોના દાસ થઈને રહેવું તેમાં કુમતિને ઉત્સાહ હોતો નથી. ૨૯. કુબુદ્ધિવાળો માણસ જ્યારે બોલતો હોય છે ત્યારે તુંકારા સિવાય એકપણ વેણ કાઢતો નથી. તેની કુબુદ્ધિ બોલવામાં છુપાઈ રહેતી નથી. પછી ભલે ચાહે તેવો તે ચતુર રહ્યો હોય. ૩૦. જેટલા કુબુદ્ધિવાળા મનુષ્યો સત્સંગ કરીને સત્સંગમાં જ જો દેહ છોડે છે તો સત્સંગના પ્રતાપે કરીને તેમના બધાં પાપ ટળી જાય છે. ૩૧. સદ્‌બુદ્ધિવાળો હોય કે કુબુદ્ધિવાળો મનુષ્ય હોય પણ તે સત્સંગ કરીને જે રીતે નિષ્કપટ થઈને ભગવાનમાં જોડાશે તે રીતનો તેનો મોક્ષ થાશે. તેમાં કાંઈ રંચમાત્ર પણ ફેર નથી. અને જે જેટલો વર્તનમાં ફેર રાખશે તેટલો તેના મોક્ષમાં પણ ફેર રહેશે.' ૩૨-૩૩.

ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'મહારાજ ! જેટલા સંતો આપનાં દર્શન વિનાના રહી ગયા છે તે બધા રાત-દિવસ વિલાપ કરે છે. તેના વિલાપથી હૃદય ભરાઈ આવે છે. આપ જે રીતે દર્શન આપો છો તે રીતે જ નિત્ય નવીન ચરિત્ર કરો છો, તેને સંતો વારંવાર સંભારે છે. પણ સાથે રહેવાથી કદાચ તૃપ્તિ થઈ ગઈ હોય અને તેમાં જેને જેટલી કાંઈ ગફલત રહી ગઈ હોય તેને આપે વાત કરીને બતાવી દીધી છે. ૩૪-૩૬. વાત જેવી તો કોઈ વાત નથી. કેમ જે, વાત કરતા જો આવડે તો સમજાવીને કહેલી વાતના જેવી બીજી કોઈ ઊંચી વાત નથી. એવી વાત કરવી તે કઠણ છે. વાત કરવાની આવડત એવી મહત્ત્વની દેખાય છે. ૩૭. જેવો સમય હોય તેવી વાત વિચારીને કહેવી જોઈએ. સમયને અનુકૂળ વાત કહેવી ઘણી કઠણ છે. કસમયે કહેલી વાત ગમતી નથી. ૩૮. મહારાજ, આપ જે કાંઈ વાત કહો છો તે રાજીપે કહો છો અને તે સમય પ્રમાણે સારી લાગે

છે. અને આપે કહેલી વાતમાં તો એકલો રસ જ ભરેલો દેખાય છે. ૩૯. જે કોઈ પણ વાત હોય તે સમય પ્રમાણેની હોય તો તેમાં ઘણો રસ દેખાય છે. જે વાતમાં રસ જામતો ન હોય તે બધી વાત સમય વિનાની છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ સંતોની સમજણ અંગે વાત કહી" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર અઢારમું : તરંગ - ૭૮

દંડનો વિચાર અને વિવેકની વાત કર્યા પછી સહુ મોટેરા ગામમાં આવ્યા

શ્રીહરિ જ્યારે વાત કરી રહ્યા પછી સંતો પોઢી ગયા, તે વખતે મધ્યરાત્રિ ઉપર સમય થઈ ગયો હતો. તેથી બધાને નિદ્રાએ ઘેરી લીધા હતા. ૧. જે સંતો પોતાના નિયમમાં ગાફલ રહ્યા હતા તેની ગફલત દેખાડી. જે ભૂલ હોય છે તેની વાત કહ્યા સિવાય તે ક્યારેય દેખાતી નથી. ૨. 'આટલી ભૂલ છે અને આટલી ભૂલ નથી' તેને માટે શ્રીહરિએ અમૂલ્ય વાત કરી. ત્યારે તે ભૂલ તેમને યથાર્થરૂપમાં દેખાણી. ૩. આવી અમૂલ્ય વાત કરતા તો શ્રીહરિને જ આવડે છે. જેનાથી ભૂલ દેખાય જાય એવો વાતમાં તેમનો ઘણો પ્રતાપ રહ્યો છે. ૪. રસ્તામાં આવતી વખતે નેળમાં જેટલા સંતો શ્રીહરિની આગળ ચાલ્યા હતા તે બધા આરતી, ધૂન અને કીર્તન ગાઈને જ્યારે ગામના હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યા, ૫. તેમને શ્રીહરિ વાતો કરતા હતા ત્યારે ત્રીજા ભાગના સંતો આસન ઉપર જઈને સૂઈ ગયા હતા. તે વખતે રાત ચાર ઘડી ગઈ હતી. ૬.

શ્રીહરિ તો તે વખતે ગાડી ઉપર બેઠા હતા અને તેમણે તે સૂતેલા બધા સંતોને દેખ્યા. હરિભક્તો સાથે શ્રીહરિ વાત કરતા હતા તેથી કાંઈ બોલ્યા નહિ. ચંદ્રમાનું અજવાળું હતું. ૭. સંતો સૂતા તે પછી તો એક પહોર રાત ગઈ ત્યાં સુધી શ્રીહરિ હરિભક્તોની સાથે વાતો કરતા રહ્યા હતા. જ્યારે બધા હરિભક્તો ગામમાં ગયા, ૮. ત્યારે મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ કહ્યું,

'જેટલા તમારા હેતવાળા સંતો કીર્તન ગાઈને સૂઈ રહ્યા છે તેમને અમે કાંઈ અહીંયા દર્શન કરવાની મનાઈ કરી ન હતી. ૯. તમે તે સંતોને બોલાવીને પૂછો કે, તેઓ શા માટે અમારી ભેળા ચાલે છે ?' ત્યારે મુક્તાનંદસ્વામીએ તે સંતોને બોલાવીને પૂછ્યું, પણ કોઈએ કાંઈ ઉત્તર ન દીધો. ૧૦.

હવે તેમને શો દંડ દેવો ? લશ્કરમાં પણ દંડ દીધા સિવાય અપરાધીને છોડતા નથી. જેને શરીરમાં કોઈ મોટો રોગ હોય તેને શિર દંડ કરાય નહિ. ૧૧. સોળ વર્ષ સુધીનો બાળક હોય તેને પણ દંડ નથી કહ્યો. હવે તમે સહુ સંતો કહો તે રીતે અપરાધ કરનારને દંડ આપીએ. અમે એકલા દંડ નહિ આપીએ. ૧૨. દંડ આપવાનો અધિકાર તો રાજાને હોય છે. અને સહુ સહુની નાતના જે આગેવાન હોય તેને પણ દંડ દેવાનો અધિકાર હોય છે. ૧૩. જે નાતની મર્યાદા ઉલ્લંઘીને વર્તે તેના ઉપર રાજાનો દંડ કર્યો છે. ૧૪. સંતો અને વિપ્રો જો મર્યાદાથી ઊલટું વર્તે તો તેમને તાડનરૂપ દેહનો દંડ વિપરિત કહ્યો છે. તે સિવાયનો દંડ કરી શકાય છે. ૧૫.

વિવેક વગરનો જે અપરાધ થયો હોય તેનો દંડ તો વિવેક કહ્યો છે. જેમાં જે પ્રકારની ભૂલ થઈ હોય તેને ગુરુ તેવો દંડ આપ્યા સિવાય રહે નહિ. ૧૬. કોઈ માણસની હત્યા કરે તો આજે સરકાર તેને ફાંસી આપે છે. ફાંસી આપવામાં પણ કેટલીએ જાતની તપાસ કરે છે. તપાસ કર્યા સિવાય કોઈ માણસને દેહાંત દંડ દેતા નથી. ૧૭. તપાસ કર્યા વગર કોઈ જો દંડ દે તો તે દંડ દેનારને માથે દંડ આવે છે. નીતિમાં ઘણી જાતનો વિવેક કહ્યો છે અને તપાસના પણ અનેક ભેદ કહ્યા છે. ૧૮.

ગુનેગાર જ્યારે ગુનો કબૂલ કરે ત્યારે તેને માથે દંડ દેવાય છે. પૂરી તપાસ કર્યા વિના જેટલો દંડ કરાય છે તેટલો દોષ દંડ કરનારને લાગે છે.' ૧૯. સંતોને માટે શ્રીહરિએ કહ્યું કે, 'અમારાં દર્શન કરવા માટે તો તમે સહુ અમારી સાથે ફરો છો. જ્યારે તમે અમને છોડીને નેળમાં દોડ્યા ત્યારે ત્યાં આગળ જઈને કોનાં દર્શન કર્યાં ?' ૨૦. ત્યારે સંતો બોલ્યા, 'હે મહારાજ ! જેટલા સંતો તમારી આગળ દોડ્યા હતા તે વિચાર્યા વિના દોડ્યા હતા. તમારાં દર્શન અને તમારી વાત તે તો અપરંપાર દુર્લભ છે.

૨૧. પરંતુ વિચાર અને વિવેક વિનાના જેટલા હોય તે આપના સિવાયની બીજી બાબતને સુગમ દેખે છે.' પછી શ્રીહરિએ કહ્યું, 'જેટલા સંતો વહેલા સૂઈ ગયા હતા તે બધા સવાર સુધી બધા સંઘની ચોકી કરે.' ૨૨. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! આપે ઠીક કહ્યું. અમારાથી આવું કહી કે કરાવી શકાત નહિ.' આમ કહીને શ્રીહરિ સૂઈ ગયા. ત્યારે તે સંતો મનમાં રાજી થઈને સંઘની ચોકી કરવા લાગ્યા. ૨૩. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતોએ ધૂન કરી અને તે અડાલજની વાવને પ્રસાદીની સમજીને બુદ્ધિમાન સંતોએ પાણી સીંચીને તેનાથી સ્નાન કર્યું. ૨૪. ત્યારે સમજણા સંતો જેને વિવેક ન હતો તેને કહેવા લાગ્યા, હે સુધીર સંતો ! સાંભળો. વાવમાંથી પાણી સિંચીને નાહવું જોઈએ પણ પાણી સીંચ્યા સિવાય વાવમાં પેસીને નહાવું ન જોઈએ. કેમ જે, બીજા બધાને તે પાણી પીવાના કામમાં લેવાનું હોય છે. ૨૫. પ્રથમ સંતો જે રીતે વિવેક રાખે છે તે રીતે જગતના બીજા નરનારીઓ પણ તેવો વિવેક રાખીને વર્તે છે. તે રીતનું ઉલ્લંઘન કરતા નથી. ૨૬.

❋ વિવેક મોટો નિધિ છે :

જેટલો વિવેક રહે છે તે બધાનું મૂળ તો તમે સંતો છો.' એમ જે સંતો વિવેકની બાબતમાં સમજતા હતા તે પરસ્પર વાત કહેતા હતા. ૨૭. 'જે નવ નિધિ કહ્યા છે તેમાં વિવેક તો મુખ્ય દસમો નિધિ છે. વિવેક વગરના નિધિમાં લેશમાત્ર પ્રતાપ દેખાતો નથી. ૨૮. અપાર નિધિઓના પણ નિધિ પ્રગટ ભગવાન મળ્યા છે તે છે. જે મનુષ્ય જેટલો વિવેક રાખે છે તેટલી તે મોટાઈ પામે છે. ૨૯.

चोपाई :

बडता बिन बडता रहेऊ, विवेक निधि जो एसे रयेऊ;
विवेक निधि बिन बडता पाते, निमित्त ताके कछुक रहाते...३०

જેમાં વિવેકરૂપી નિધિ રહ્યો હોય છે તેની વગર મોટાઈએ મોટાઈ રહે છે. વિવેકરૂપી નિધિ વગર જે મોટાઈ પામે છે તેનું નિમિત્ત કાંઈ બીજું રહ્યું હોય છે. ૩૦. કોઈ નિમિત્તથી જે મોટાઈ મળતી હોય છે તે કાંઈ જુદી જ

જાતની હોય છે. તેની આગળ વિવેકનું જોર ચાલતું નથી. કોઈ નિમિત્તે જે મોટાઈને પામે છે તે વિવેકવાળાને દબાવી દે છે. ૩૧.

निमित कर बडता पाये तामें, अपार दोष रहाये यामें;
निमित कर बडता दोश ताकू, विवेक एहि मनावत वाकू...३२
माया ताके जिहाँ निवासा, विवेक तिन आगे रहे घासा;
संत इमी करत रहे बाता, विवेकि जितने नाता नाता...३३

હા, નિમિત્તને લીધે જે મોટાઈ મળે છે તેમાં અપાર દોષ રહ્યા હોય છે. નિમિત્તને લીધે મળેલી મોટપ માણસને પોતામાં રહેલા દોષને વિવેકના રૂપમાં મનાવે છે. ૩૨. માયાનો જ્યાં નિવાસ હોય તેની આગળ તો વિવેક તરણા જેવો રહે છે.' જેટલા સંતો વિવેકી હતા, તે બધા સ્નાન કરતા કરતા આવી વાતો કરતા હતા. ૩૩. શ્રીહરિ વાવ કિનારે સ્નાન કરીને ચાલ્યા ત્યારે સંતો તેમની પાછળ ચાલ્યા. શ્રીહરિ **મોટેરા** ગામ આવ્યા અને ત્યાંના હરિભક્તો સન્મુખ આવ્યા. ૩૪. મોટેરાના હરિભક્તોમાં પુરુષોત્તમ પટેલ મુખી હતા. તે પુરુષોત્તમ મુખીના સંબંધીના જેટલા ગામો હતા, તેમાં બધા સત્સંગી હતા. ૩૫. તે ગામના હરિભક્તોમાં ભૂધરદાસ તો સેવામાં અત્યંત ઉત્સાહી હતા. જ્યારથી તેમને સત્સંગ થયો ત્યારથી તેમણે જીવનમાં સત્સંગને જ મુખ્ય રાખ્યો હતો. ૩૬.

હરેક હરિભક્તમાં સત્સંગના અપાર ગુણ રહ્યા હતા. તે બધા લખી શકાતા નથી. ૩૭. આખું ગામ સત્સંગી હતું. તે બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા. ફૂલના હાર પહેરાવીને સહુ પગે લાગ્યા. ૩૮. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગડાવીને શ્રીહરિને મોટેરા ગામમાં લઈ આવ્યા. તે સમયે બધી બજાર સ્વચ્છ કરાવી હતી અને સહુને ગામ વચ્ચે ઉતારો આપ્યો. ૩૯. ગામની વચ્ચે સંતોનું જે મંદિર કરાવ્યું હતું ત્યાં એક લીંબડાનું ઝાડ હતું. તે સ્થળે શ્રીહરિએ ઉતારો કર્યો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "દંડનો વિચાર અને વિવેકની વાત કર્યા પછી સહુ મોટેરા ગામમાં આવ્યા" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮

પૂર અઢારમું : તરંગ - ૭૯

મોટેરાના પુરુષોત્તમ પટેલે સહુને જમાડી, પૂજી અને સ્તુતિ કરી

તે સમયે અમદાવાદમાં જે હરિભક્તો રહેતા હતા તેમણે શ્રીહરિ મોટેરા પધાર્યા છે તેમ સાંભળ્યું. ૧. ત્યારે તે સહુએ અપાર ફૂલહાર, વિવિધ પ્રકારના મેવા, જાત જાતના ફળ અને અપાર મીઠાઈઓ સાથે લીધી. ૨. તે અમદાવાદથી લઈને મોટેરા ગામ સુધી દર્શન માટે આવતા હરિભક્તોની એકતાર પંક્તિ થઈ ગઈ હતી. ૩. અમદાવાદના હરિભક્તો ઘણા પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. અને શ્રીહરિ પણ તેમના પ્રેમભાવને જોઈને હેતથી બોલાવતા હતા. ૪. ભક્તો શ્રીહરિને માટે જે જે વસ્તુ લાવતા હતા તે શ્રીહરિની આગળ મૂકતા હતા. અને તેમાં પહેલા ફૂલના હાર, તોરા અને બાજુબંધ પ્રેમથી ધરાવતા હતા. ૫.

જે ભક્ત બરફી લાવ્યા હોય તે બરફી, અને પેંડા લાવ્યા હોય તે પેંડા શ્રીહરિનાં ચરણકમળમાં પગે લાગીને મૂકતા હતા. ૬. જે નિપુણ હરિભક્તો જે જે મેવા-મીઠાઈ લાવ્યા હોય તે શ્રીહરિની આગળ ધરીને તેમનાં ચરણકમળને છાતી ઉપર લેતા. અને શ્રીહરિને વિનંતિ કરતા હતા કે, ૭. 'આપ અવિનાશી અમદાવાદ આવો અને અમને ઘણા ઉલ્લાસથી દર્શન આપો. અત્યારે ભગવાને અમદાવાદમાં એવું રાજ્ય કરી દીધું છે કે માણસોને લેશમાત્ર પણ દુઃખ રહ્યું નથી. ૮. સત્યયુગમાં પણ જેવું રાજ્ય ન થયું હોય તેવું આજે રાજ્ય થયું છે. જે દિવસથી નીતિવાળું રાજ્ય થયું છે તે દિવસથી બધા દુઃખો દૂર થઈ ગયા છે. ૯. અમદાવાદથી બાઈ-ભાઈ હરિભક્ત ઘરેણાં પહેરીને આવતા જતા રહે છે, છતાં તેમને કોઈ જાતનો રંચમાત્ર પણ ભય રહ્યો નથી. ૧૦.

અમદાવાદમાં જ્યાં જ્યાં ડર રહેતો હતો તે બધી બજારો પણ નિર્ભય બની છે. સરકારને પ્રજાને સુખી કરવાનો ભાવ છે, આવું નીતિપ્રધાન રાજ્ય થયું છે. ૧૧. મહારાજ ! આપે જે યજ્ઞ કર્યો તેનું આ જાણે આવીને સુખમય ફળ ઉદય થયું હોય તેવું અમને લાગે છે.' ૧૨. અમદાવાદના વિપ્ર નથુ ભટ્ટ

ઉપર કહ્યા પ્રમાણે જ્યારે બોલ્યા ત્યારે શ્રીહરિએ મુખ આડો રૂમાલ રાખીને અમૃતમય વચનથી તેમને શાંતિની વાત કહી. ૧૩. લીંબડાની નીચે ગાડી ઉપર શ્રીહરિ બેઠા હતા. તે જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ત્યાંથી જમવાને માટે ઊઠ્યા. ૧૪. સાકર નાખીને ઘણો સારો ઉજ્જ્વળ શીરો બનાવ્યો હતો. અને તેમાં લીલવા દ્રાક્ષ અને કાજુ નાખ્યા હતા. ૧૫. એવો સરસ શીરો કર્યો હતો અને મેંદાની સારી પૂરી કરી હતી. ભજિયાં અને વડાં તળ્યાં હતા. દૂધપાક અને બીરંજ પણ કર્યો હતો. ૧૬. પછી નટનાગર શ્રીહરિ તરત જ ગરમ પાણીથી નાહ્યા. મુકુંદ વર્ણીએ શ્રીહરિનાં અંગ ઉપર પ્રથમ સુગંધી તેલ ચોળ્યું. ૧૭. જ્યારે શ્રીહરિ સવારમાં સ્નાન કરતા હતા ત્યારે રોજ વર્ણી શ્રીહરિનાં અંગ ઉપર સુગંધી તેલ ફૂલેલ ચોળતા હતા. મુકુંદ વર્ણીના સમાન બીજા કોઈ સેવક કહેવાય નહિ. ૧૮.

✵ શ્રીહરિનાં ચરિત્રો અપાર છે :

શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી મુકુંદ વર્ણીએ શ્રીહરિની સેવા કરી હતી. વારે વારે અને રોજ રોજની આવી વાત કહી શકાતી નથી. ૧૯. **જે હરિચરિત્રની અમાપ વાતો છે તે જો માપમાં આવી જતી હોય તો તેને અમાપ કેમ કહેવાય ? જે જે વસ્તુ અમાપ છે તેનો માપ લેનાર આજ સુધી કોઈ થયો નથી.** ૨૦. વનસ્પતિઓના પાંદડાં, પૃથ્વીના રજકણ અને વરસાદના ભૂમિ ઉપર પડતા બિંદુઓ, કોઈ બુદ્ધિશાળી માણસ હોય તે તેને ગણી શકે છે, પણ શ્રીહરિની જેટલી વાત છે તેનો પાર કોઈ પામતા નથી. જેની બુદ્ધિમાં જેટલું સમજાય તેટલું તે લખે છે. ૨૧-૨૨. લખવાથી તો જે ચરિત્ર જેવું થઈ ગયું હોય તેવું મૂર્તિમાન દેખાય છે. જેનામાં જેટલી બુદ્ધિ અને પ્રતાપ હોય તે લખવે કરીને દેખાય છે. ૨૩.

ભગવાનના સંબંધ સિવાયની જેટલી વાત લખાતી હોય તે બધી નિષ્ફળ કહેવાય છે. જેટલા ભગવાનના ભક્તો છે તેની, ૨૪. તથા ભગવાન અને ભગવાનના સંબંધ વગરની જે વાત લખાય છે તે તો સમુદ્રને મથ્યા જેવી દેખાય છે. ૨૫. **ભગવાન સંબંધી વાત તો દૂધ અને દહીંના સમુદ્ર જેવી**

છે. તેમાં મોક્ષરૂપી ઘી રહ્યું છે, જે મથવાથી દેખાય છે. ૨૬. અને ખારા સમુદ્રને મથવાથી તો ફળમાં મીઠું મળે છે. ભગવાન સિવાયની વાતોનું ફળ તો આવું ખારું દેખાય છે. ૨૭. જ્યારે શ્રીહરિએ સ્નાન કરી લીધું ત્યારે રૂમાલથી અંગને લૂછ્યું. પછી એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢી લીધું. ૨૮. પાણીથી ધોયેલી ચાખડીઓ ચરણકમળમાં પહેરી લીધી. જ્યાં વર્ણીએ રસોઈ કરી હતી ત્યાં સોનાનો બાજોઠ ઢાળ્યો હતો. ૨૯. પછી શ્રીહરિ આવીને તે સોનાનાં બાજોઠ ઉપર બેઠા. જેટલી રસોઈ બનાવી હતી તે બધી થાળમાં ધરાવી, તેને શ્રીહરિ પ્રેમભાવથી જમ્યા. ૩૦.

જમ્યા પછી શ્રીહરિએ મુખ ધોયું અને તે પછી સુંદર મુખવાસ લીધો. સંતોને બોલાવીને પંગત કરાવી. પછી શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. ૩૧. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. પછી જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૩૨. તે દિવસની રસોઈ પુરુષોત્તમ પટેલની હતી એટલે તેઓએ આવીને શ્રીહરિની પૂજા કરી. પ્રથમ શ્રીહરિનાં લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું. પછી ફૂલના હાર પહેરાવ્યા અને ઘણા પ્રેમથી દુપટ્ટા ઓઢાડ્યા અને એક હજાર જેટલા રૂપિયા શ્રીહરિની આગળ ભેટ ધર્યા. ૩૩-૩૪.

તેમના જેટલા ભાઈઓ હતા તેમણે પણ શ્રીહરિની પૂજા કરી અને જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે કપૂરની આરતી કરી. ૩૫. આરતી કરીને સંતોની પૂજા કરી. સહુને ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. ૩૬. પછી એક એક ધોતિયું સહુ સંતોને ઓઢાડ્યું. વર્ણી તથા પાર્ષદોને પણ જમાડીને તેમની પૂજા કરી. ૩૭. તે સમયે સહુને એક એક ધોતિયું ઓઢાડ્યું. શ્રીહરિને સર્વ જગતના આધાર સમજીને તે ભક્તોએ શ્રીહરિની સ્તુતિ કરી, ૩૮.

सोरठा : तुमारि मूर्ति तामें, दिन दिन भाव अधिक रहे;
दोष देखाय न तामें, मनुष्य चरित्र तव देख कर...३९
भव ब्रह्मा इंद्र हि, मनुष्य चरित्र तव देख कर;
मोह भये वर्णिंद्र हि, मोह न होय मागत यह...४०

'મહારાજ ! આપની મૂર્તિમાં અમને દિનપ્રતિદિન વધારે ને વધારે ભક્તિભાવ વધતો રહે. આપનાં મનુષ્ય ચરિત્રને દેખીને તેમાં ક્યારેય દોષ દેખાય નહિ. ૩૯. હે વર્ણીન્દ્ર ! આપનાં મનુષ્ય ચરિત્રોને જોઈને ભવ, બ્રહ્મા અને ઈન્દ્રને પણ મોહ થયો હતો, તો તેવો મોહ અમને ક્યારેય ન થાય તેવું અમે માગીએ છીએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "મોટેરાના પુરુષોત્તમ પટેલે સહુને જમાડી, પૂજી અને સ્તુતિ કરી" એ નામે ઓગણએંસીમો તરંગ સમાપ્ત ||૭૯||

પૂર અઢારમું : તરંગ - ૮૦

અમદાવાદમાં શ્રીહરિ પધાર્યા ત્યારે એરણ સાહેબ સામે આવીને મળ્યા

પુરુષોત્તમ પટેલ જ્યારે શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ પહેરેલા ફૂલહાર પ્રસાદીના રૂપમાં તેને દીધા. ૧. મોટેરા ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરી. અને જેવો પ્રેમભાવ હતો તે પ્રમાણે પૂજા કરી. ૨. મોટેરા ગામ સાબરમતી નદીને ઉત્તર કાંઠે છે. ઉત્તર તરફ નદીમાં પાણી હતું તેને શ્રીહરિએ દેખ્યું. ૩. પછી ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા કે, 'જ્યાં ઊંડાં પાણીનો ધરો હોય ત્યાં જઈને આપણે સ્નાન કરીએ.' ૪. જેટલા સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા અને જ્યાં મોટો ધરો હતો ત્યાં ઉમંગથી આવ્યા. ૫. શ્રીહરિએ પ્રથમ પાણીના ધરામાં જઈને તપાસી જોયું. જેને તરતા ન આવડે તેવા મનુષ્ય બૂડી જાય તેટલું ઊંડું પાણી હતું. ૬.

શ્રીહરિએ સાદ પાડીને સહુને કહ્યું, 'ધરાનું પાણી ઘણું ઊંડું છે. જેને પાકું તરતા ન આવડતું હોય તેવા બધાએ ધરાને કાંઠે રહીને બૂડી ન જવાય એટલામાં જ આવીને સ્નાન કરવું. અને જેને પાકું તરતા આવડતું હોય તે અમે જ્યાં નાહીએ છીએ ત્યાં આવીને નહાઓ.' ૭-૮. શ્રીહરિએ આવો

બંદોબસ્ત પ્રેમથી કરીને ધરામાં પ્રસન્નમનથી નાહવા લાગ્યા. અને જેને તરતા આવડતું હતું તેવા સંત-હરિભક્તો શ્રીહરિને ફરતા ગોળ મંડળ થઈને નહાવા લાગ્યા. ભક્તોના ગોળાકારે થયેલા મંડળની વચ્ચે સ્નાન કરતા કરતા શ્રીહરિ ખૂબ જ જળક્રીડા કરવા લાગ્યા. ૯-૧૦.

જળક્રીડા કરવાની જેટલી રીત કહેવાતી હોય છે તે રીતે શ્રીહરિ જળક્રીડા કરતા હતા. જ્યારે શ્રીહરિનો રાજીપો દેખ્યો ત્યારે બધા સંત કીર્તન ગાવા લાગ્યા. ૧૧. શ્રીહરિએ આ રીતે ત્યાં ચાર ઘડી સુધી સ્નાન કર્યું અને સંતો તથા હરિભક્તોને સુખ આપ્યું. તે વખતે ત્યાં ત્રણ-ચાર હરિભક્તો ડૂબી રહ્યા હતા તેને સંતોએ બચાવ્યા. ૧૨. કૃષ્ણજી નામે શેઠ, દરબાર દાદા ખાચર અને શ્રીહરિના અનુપમ સેવક જગન્નાથ વિપ્ર(શુકમુનિ) વગેરે હરિભક્તોને ડૂબતા દેખીને શ્રીહરિ તરત જ ધરાથી બહાર નીકળ્યા. અને કોરાં વસ્ત્ર પહેરી લીધાં. ૧૩-૧૪. શ્રીહરિ મોટેરા ગામમાં આવ્યા. બધી સવારી તૈયાર કરી. સંતો પણ તૈયાર થયા અને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૫.

જ્યારે દિવસનો પાછલો એક પહોર રહ્યો ત્યારે મોટેરાથી ચાલ્યા. અને સીધે માર્ગે જ્યાં બાદશાહી વાડી કહેવાતી હતી તે વાડીથી પશ્ચિમ દિશા તરફ ભક્તના ચિત્તને ચોરનારા શ્રીહરિ સાબરમતી નદીને ઊતર્યા. અમદાવાદ શહેરમાં મોટા મોટા શાહુકારો પણ શ્રીહરિના પ્રત્યે ઘણા આદરભાવવાળા હતા. ૧૬-૧૭. તે બધા રથ અને મ્યાનામાં બેસીને શ્રીહરિની સન્મુખ આવ્યા. કેટલાક તો ઘોડા ઉપર બેઠેલા હતા. સામા આવેલા જે મનુષ્યો હતા તે રસ્તામાં સમાતા ન હતા. ૧૮. અમદાવાદ શહેરથી લઈને સાબરમતી નદી સુધી મનુષ્યોની ભીડને લીધે માર્ગમાં ક્યાંય અવકાશ રહ્યો ન હતો. સહુના હાથમાં ફૂલના હાર લીધા હતા. તે એટલા બધા હતા કે જાણે ત્યાં ફૂલનો બાગ બનાવી દીધો ન હોય ! તેમ દેખાતું હતું. ૧૯. નરનારી મનુષ્યોનો કોઈ પાર ન હતો. ત્યાં શહેરનો ભાગ ન હતો, છતાં પણ બધું શહેર બની ગયું હતું. ત્યાં શહેરમાં જે મોટા સરદાર એરણ સાહેબ હતા તે પણ અશ્વ ઉપર બેસીને સન્મુખ આવ્યા. જ્યારે દિવસ એક ઘડી બાકી હતો ત્યારે તે શ્રીહરિને ઘણા આદરભાવથી મળ્યા અને ઘણા પ્રેમપૂર્ણ ભાવથી બોલ્યા, ૨૦-૨૧.

'હું જ્યારે આપને દેખું છું ત્યારે મારું દિલ ઘણું ખુશ થઈ જાય છે. જ્યારે આપ અહીં અમદાવાદ શહેરમાં આપનું નિવાસસ્થાન કરો ત્યારે મારા દિલમાં ખૂબ જ ખુશી થશે. ૨૨. શહેરમાં અત્યારે ઘણી ખાલી જગ્યા પડી છે. તેને જોઈને તે નક્કી કરો. જ્યાં આપ કહેશો ત્યાં અમે જગ્યા આપશું. તે આપ્યા પછી ફરીથી કોઈ તેનું નામ લેશે નહિ. ૨૩. જ્યાં સુધી અમારું રાજ્ય રહેશે અને અમારા અંગ્રેજ લોકો અધિકાર ઉપર રહેશે ત્યાં સુધી તેઓ આપની વધારે સંભાળ રાખશે. કારણ કે આપમાં નીતિનો ગુણ રહ્યો છે. ૨૪. જેમાં જેટલો નીતિનો ગુણ હોય તેને જોઈને અમે સહુથી વધારે માનીએ છીએ.

માટે હું આપને કહું છું. ૨૫. અમને જેમાં જેટલી અનીતિ દેખાય છે તે અનીતિનો તરત ત્યાગ કરાવીને તેને નીતિના માર્ગ ઉપર ચલાવીએ છીએ. ૨૬. અમારાં રાજ્યમાં જેઓ સીધે માર્ગે ચાલે છે તેને અમે વિશેષ માન આપીએ છીએ. અને જે સીધે માર્ગે ચાલતા નથી તેને અમે તરત સીધા કરી દઈએ છીએ. ૨૭. ચોરી, પરસ્ત્રીગમન અને મનુષ્યની હત્યા, તેટલા ગુના કરનારાને અમે હરામી કહીએ છીએ. અને તેને દેખીને તરત કેદ કરીએ છીએ. ૨૮. જેનો જેવો દોષ હોય તેની અદ્દલ તપાસ કરીને અમે તે રીતે દંડ કરીએ છીએ. અને બધી જ જાતના પ્રમાણોને સાંભળીએ છીએ. ૨૯. કોઈ એકની નજરમાં આવે એ રીતે અમે કોઈ દંડ કરતા નથી. જેવા જેવા દોષ, ગુન્હા હોય તેના તેવા તેવા કાયદાઓ કર્યા છે. ૩૦.

અમે રાંક અને રાજાની એકસરખી રીતિ રાખીએ છીએ. જેની જેવી અનીતિ હોય તે અનીતિ પ્રમાણે દંડ થાય છે. તેમાં કોઈ ફેરફાર થાતો નથી.' ૩૧. ત્યારે શ્રીહરિએ એરણ સાહેબને કહ્યું, 'નીતિરૂપ ભગવાન સહુનું કારણ રહ્યા છે. તમે જેટલું નીતિમાં ચાલી રહ્યા છો તેને અમે નિરંતર દેખતા રહીએ છીએ. ૩૨. તમે નીતિરૂપ તખતના ઉપર બેઠા છો. તમે જે રીતે ચાલો છો તે બધું અમે દેખીએ છીએ. કોણ નીતિમાં ચાલે છે અને કોણ નીતિમાં નથી ચાલતા, તે બધું અમે તલ તલ જેટલું જોતા રહીએ છીએ. ૩૩. જે માણસ જે પ્રમાણે નીતિમાં ચાલે છે તે પ્રમાણે તેને સુખ રહે

તેમ અમે કરીએ છીએ. અમે જે વચન કહીએ છીએ તેમાં રતીભાર પણ ફેરફાર નથી. ૩૪. આજ સુધી અમે ક્યાંય અમારી જગ્યા રાજાની મંજૂરી વિના બાંધી નથી. હવે તમે રાજાના પણ રાજા થયા છો અને તમારી અમને અનુપમ મદદ છે, એટલે હવે પછી કોઈ અનુકૂળ જગ્યા જોઈને અમારા હરિભક્ત દ્વારા તમને પહેલાં સંભળાવશું અને પછી અરજી લખાવશું.' ૩૫-૩૬. આટલી વાત એરણ સાહેબની સાથે કરી લીધી, ત્યારે તે સાહેબ પાછા ચાલ્યા અને શ્રીહરિએ પોતાનો પ્રસાદીનો હાર તેને આપ્યો. ત્યારે તેણે ટોપી ઉપર ધારી લીધો. ૩૭. જેટલી જાતનાં વાજિંત્ર હતાં તે બધાં શ્રીહરિની આગળ આવ્યા હતાં. અને વિલાયતી બેન્ડવાજાં પણ ત્યાં આવ્યા હતાં. ૩૮. શહેરના જેટલા લોકો આવતા હતા તે શ્રીહરિનાં દર્શન કરી, ફૂલના હાર પહેરાવી અને તરત પાછા ચાલતા હતા. ૩૯. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે પરમ નિપુણ શ્રીહરિ બાદશાહી વાડીને દરવાજે આવ્યા. તે સમયે અપાર મશાલો પ્રગટી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "અમદાવાદમાં શ્રીહરિ પધાર્યા ત્યારે એરણ સાહેબ સામે આવીને મળ્યા" એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥

પૂર અઢારમું : તરંગ - ૮૧

શ્રીહરિ અમદાવાદ નવાવાસમાં આનંદોત્સવ સાથે પધાર્યા

શ્રીહરિ અમદાવાદમાં રાજમાર્ગ ઉપર જ્યારે આવ્યા ત્યારે ત્યાં અદ્‌ભુત શોભા કરેલી હતી. ૧. શહેરની બજારના બંને તરફના ભાગમાં ઠેકઠેકાણે દીવાના અપાર સુંદર ફાનસ પ્રગટાવેલા હતા. ૨. રાજમાર્ગમાં જેટલી દુકાનો અને મકાનો હતા તેમાં તથા મકાનના જેટલા માળ હતા તેમાં બધે જ મનુષ્યો ઊભા હતા. ૩. દુકાનોને અને મકાનોને રંગબેરંગી કરીને તેમાં અને બધા માળમાં મોતીના તોરણ બાંધી દીધા હતા. ૪. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તેને જાત જાતનાં મોતી જડેલા સોનાનાં સુંદર ઘરેણાંઓથી શણગાર્યો હતો. ૫. ઘોડાના ઘરેણામાં કેટલીયે જાતના હીરા જડ્યા હતા. તેને જોઈને

લોકોને આશ્ચર્ય થાતું હતું. તે અશ્વ સોનું, હીરા અને મોતીથી નખથી શિખા પર્યંત છવાઈ ગયો હતો. ૬. શ્રીહરિએ પણ બધા અંગો ઉપર સોનેરી વસ્ત્ર અને નંગજડાવ સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૭. મોતીના વિવિધ પ્રકારના હાર છાતી ઉપર પહેર્યા હતા, તે અપાર સોહામણા લાગતા હતા. અને વિવિધ પ્રકારની સુવર્ણની સૂર્યમુખી મસ્તક પડખે રાખી હતી. ૮. સોનાની દાંડીવાળા સુંદર રંગબેરંગી ચામર બંને બાજુ ઢળતા હતા. શ્રીહરિએ મોતી જડિત એક સોનાની છડી હાથમાં લીધી હતી. અને એક હાથમાં રૂમાલ રાખ્યો હતો. ૯. જેટલા ભાવિક સજ્જનો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરીને તેમના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરતા હતા. ૧૦.

સહુ બે હાથ જોડી માથું નમાવતા અને મુખથી જય જયકાર કરતા હતા. બીજી જેટલી સવારી હતી તે શ્રીહરિની પાછળ આવતી હતી. ૧૧. સાથેના જે કાઠી દરબારો હતા તેમણે સોનાનાં કવચ પહેર્યાં હતાં અને હાથમાં સોનાનો ઢોળ ચઢાવેલા ઢાલ, તલવાર અને ભાલાઓ રાખ્યા હતા. ૧૨. મોતીરામ તથા કુબેરસિંહ, બંને ચોપદાર ભાઈઓ અને તેના સંબંધીઓ દસ-બાર જેટલા હતા. તે બધા હાથમાં સોનાની છડી લઈને શ્રીહરિની આગળ ચાલતા, અને ઊંચે સ્વરે જય જયકાર શબ્દ બોલતા હતા. ૧૩-૧૪. ચોપદારની આગળના ભાગમાં સરકારે મોકલેલી પલટન ઘણી સારી લાગતી હતી. અને વિલાયતી બેન્ડ વાગતાં હતાં. ૧૫. તે વાજાઓની આગળ શ્રીહરિના પાર્ષદો હતા. તે હાથમાં બંદૂકો લઈને બજારમાં ચાલ્યા આવતા હતા. ૧૬.

પાર્ષદોની આગળ સંતો અને વર્ણી ચાલતા હતા. જેટલા સંતો હતા તેઓ વિવિધ પ્રકારના શ્લોકો બોલતા હતા. ૧૭. કેટલાક સંતો તો કીર્તન ગાતા ગાતા પ્રેમમગ્ન થઈને ચાલતા હતા. શ્રીહરિના સંન્યાસી અને વર્ણીઓ બધા સંતોની આગળ રહ્યા હતા. ૧૮. જેટલા હરિભક્ત વિદ્વાન વિપ્રો હતા તે બધા વર્ણીઓની સાથે ચાલ્યા આવતા હતા. સંન્યાસી, વર્ણી અને વિપ્રો જે હતા તે બધા જેનો જે વેદ હોય તેનું ઊંચે સ્વરે ઉચ્ચારણ કરતા હતા. તેની અપાર શોભા છવાઈ ગઈ હતી. અને ગામમાં જેટલા ઉત્સવિયા હરિભક્તો હતા, તે બધા મૃદંગ અને ઝાંઝ વગાડીને સમય સમયના પદો ગાતા હતા.

ઉત્સવિયાઓમાં પણ જેટલા ચોક્સી હરિભક્ત થયા હતા તે બધા મુખ્ય હતા. સોનીમાં અને કણબીમાં જે હરિભક્ત થયા હતા તે બધા ઉત્સવિયા હતા. ૧૯-૨૨. તે ઉત્સવ કરનારા ભક્તો પોતપોતાના સમાજમાં આગેવાન ગણાતા હતા, છતાં તેઓ પોતાના સમાજ કરતાં ઉત્સવના નિયમ અધિક સમજતા હતા. ઉત્સવિયા સિવાયના બીજા હરિભક્તો કીર્તન ગાતા આવતા હતા. ૨૩. ધર્મકુમાર શ્રીહરિએ તે વખતે સંભારીને ઉત્સવિયા હરિભક્તોને ફૂલના હાર આપ્યા અને જે ચોપદારો હતા તેમને પણ ફૂલના હાર આપ્યા. ૨૪. જે પ્રેમી ભક્તો હતા તે બધા પ્રેમમગ્ન થઈને સહુના ઉપર ગુલાલ ઉડાડતા હતા. ૨૫.

દુનિયાનો બીજો જેટલો આનંદ છે તે બધો મિથ્યા ગણાય છે. અને ભગવાન સંબંધી જે આનંદ છે તેને સમાન બીજો કોઈ આનંદ ગણાતો નથી. ૨૬. હરિભક્તોની આગળ ઢોલ, તાંસા, રણશિંગી, શરણાઈ, ભૂંગળ, ભેરી અને તુરાઈ ઈત્યાદિક વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. તેનાથી આખું નગર ગર્જી ઊઠ્યું હતું. ૨૭-૨૮. ઘોડાના ઉપર ડંકો અને જરિયાની નિશાન લઈને પ્રેમી હરિભક્તો ચાલી રહ્યા હતા. શણગારેલા અશ્વ ઉપર ભાલાવાળો સહુની આગળ ચાલતો હતો. ૨૯. બપોરિયા ફટાકડાં અપાર લાવ્યા હતા. તેનું અજવાળું અખંડ થયા કરતું હતું. એકનું અજવાળું હજી ચાલું હતું ત્યાં તરત બીજાનું અજવાળું થાય તે રીતે તેને સળગાવતા હતા. ૩૦.

શ્રીહરિ રાજમાર્ગમાં અત્યંત પ્રેમરસભર્યા ઉપર કહ્યા પ્રમાણેની રીતે ચાલ્યા આવતા હતા. અને જે લોકો દર્શન કરતા હતા તેનાં હૃદયમાં ઘણો પ્રેમપૂર્ણ આદરભાવ રહ્યો હતો. ૩૧. નગરજનો આનંદથી અત્યંત ઉત્સાહિત થઈ ગયા હતા. આવો આનંદોત્સવ ક્યારેય થયો ન હતો. જે લોકોને ફેલી મતમાં રુચિ હતી તેઓ હૃદયમાં બળી મર્યા હતા. ૩૨. જેટલા ફેલી મતવાળા હતા તે બધા ભેળા થયા. અને અંતરમાં ખેદ રાખીને શુદ્ધ સનાતન આ શ્રીહરિના સંપ્રદાયને ઊખેડી નાખવા માટે તત્કાળ જ અનેક પ્રકારના ઉપાય કરવા લાગ્યા. ૩૩. તે ફેલી મતવાળા શ્રીહરિના વિરુદ્ધમાં જ્યારે જ્યારે જે

જે ઉપાય કરતા હતા, ત્યારે ત્યારે તેની લાજ જતી હતી, છતાં પણ તેને શરમ આવતી નહિ. ૩૪. ફેલી ગુરુઓ જેટલા જેટલા ફેલ કરતા હતા, તેનાં ચિત્ર બનાવીને શહેરે શહેરમાં દેખાડવામાં આવતાં હતાં, છતાં તેને લાજ આવતી નહિ. ૩૫. ફેલી ગુરુઓના જેટલા નરનારી શિષ્ય હતા, તે બધા તેના ફેલી ગુરુઓ જેમ કરે તેમ કરતા હતા. ૩૬. સર્વોત્તમ ધર્મનો પ્રકાશ કરનારા અવિનાશી શ્રીસહજાનંદસ્વામીએ કરોડો સૂર્યના સમાન તેજસ્વી એવો પોતાનો પ્રતાપ પ્રગટ કર્યો. ૩૭. શ્રીહરિ માણેકચોકમાં થઈને મોટા શેઠના ઘર આગળ થઈ ચાલતા થયા. ૩૮. પછી ઘનશ્યામ પ્રભુ શ્રીહરિ જ્યાં નવોવાસ છે તે સ્થળે સહુની સાથે આવ્યા. ૩૯. સં.૧૮૭૬ ના કાર્તિક સુદિ દશમને દિવસ શ્રીહરિ અમદાવાદ નવાવાસમાં આવ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ અમદાવાદ નવાવાસમાં આનંદોત્સવ સાથે પધાર્યા" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥

પૂર અઢારમું : તરંગ - ૮૨

શ્રીહરિ પ્રબોધની એકાદશીને દિવસ સાબરમતીમાં સ્નાન કરીને પુરમાં આવ્યા

નવાવાસમાં દરવાજાની આગળ એક સુંદર લીંબડાનું ઝાડ હતું. તેની નીચે ઢાળેલી પાટ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૧. એક પહોર રાત ગઈ હતી ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા હતા. અને શ્રીહરિની આગળ તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થઈ હતી. ૨. શહેરના જેટલા મનુષ્યો હતા તે બધા સહુ સહુને ઘેર ગયા અને હરિભક્તો જ રહ્યા. ત્યારે શ્રીહરિએ તે સહુને કહ્યું, ૩. 'જેનું પ્રબોધની, દેવદિવાળી તથા સુખધામ એવું દેવઊઠી એકાદશી નામ છે. ૪. એવી જે અનુપમ કાર્તિક સુદિ એકાદશી છે તે આવતીકાલે આવે છે. અને તે દિવસે અમારા પિતા ધર્મદેવે ભાગ્યવતી માતાના ઉદરથી મધ્યાહ્ન સમયે જન્મ ધારણ કર્યો હતો. તો જેટલા ધર્મવંશના આશ્રિત બાઈ-ભાઈ સહુ છો, તેમને માટે આ અનુપમ ઉત્સવ છે. ૫-૬. તો

તમારે સહુ નરનારી હરિભક્તોએ વર્ષોવર્ષ જન્મોત્સવ અને ઉપવાસ કરવો. અને તેમાં જાગરણ કરવાનો ઘણો મહિમા રહ્યો છે, માટે તેને ક્યારેય ભૂલવું નહિ. ૭. સંતો, વર્ણી અને પાર્ષદો, તે સહુએ તો અવશ્ય જાગરણ કરવું. દશમના વેધવાળી એકાદશીના દિવસે ઉપવાસ કરવો નહિ. ૮. પંચાવન પળની અંદરની જે એકાદશી હોય તેમાં દશમનો વેધ કહેવાય છે. પંચાવન પળથી જે એકાદશી ઉપર હોય તેનું વ્રત કરવું. ૯. સંતો, વર્ણી અને પાર્ષદો તેમજ બાઈ-ભાઈ હરિભક્તો તેમણે જે તિથિએ ધર્મદેવનો જન્મ કહેવાતો હોય તે તિથિએ પ્રબોધની એકાદશી કરવી.' ૧૦.

❋ મરજી જોઈને બોલે તો રાજીપો મળે :

તે સમયે શ્રીહરિની વાત સાંભળીને સહુ હરિભક્તો ઘણું રાજી થયા અને હરખથી બોલ્યા કે, 'અમે આપના આશ્રિત સહુ હરિભક્તો દર વર્ષે પ્રબોધની એકાદશીનો સર્વોત્તમ ઉત્સવ અને ઉપવાસ કરશું.' ૧૧. જ્યારે સહુ સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે બધા આ પ્રમાણે બોલ્યા ત્યારે શ્રીહરિ તેમના ઉપર ઘણા રાજી થયા. કારણ કે, સહુ શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે બોલ્યા હતા. ૧૨.

दोहा : संत वर्णि हरिजन जो जब, हरि मरजी अनुसार;
बोलत भये श्रीहरि तब, प्रसन्न होत अपार...१३
हरि की मरजी जाने बिन हि, जितना बोलत जोउ;
प्रसन्न हरि नहि होत हे, ताके उपर हि सोउ...१४

સંતો, વર્ણી અને હરિભક્તો જ્યારે જ્યારે શ્રીહરિની મરજી પ્રમાણે બોલતા હતા ત્યારે શ્રીહરિ તેમના ઉપર અપાર પ્રસન્ન થતા હતા. ૧૩. શ્રીહરિની મરજીને જાણ્યા સિવાય જે જેટલું બોલે તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થતા નહિ. ૧૪. **જેટલા બુદ્ધિશાળી સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે સહુ પ્રથમ શ્રીહરિની મરજીને દેખતા અને પછી જ બોલતા.** ૧૫. જ્યારે રાત દોઢ પહોર વીતી તે પછી શ્રીહરિ પોઢી ગયા અને સવારે ઊઠ્યા. પછી સાબરમતી નદીએ સ્નાન કરવા માટે ગયા. ૧૬. જ્યારે નગરના દરવાજાઓ ખૂલ્યા ત્યારે શ્રીહરિ અમદાવાદ શહેરની બહાર નીકળ્યા. જે બાજુ બાદશાહી

બાગ હતો તે માર્ગે ભક્તજનચિત્તચોર શ્રીહરિ ચાલ્યા. ૧૭. સંતો, વર્ણી તથા પાર્ષદો જેટલા હતા તે શ્રીહરિની સાથે ગયા. અને જે વખતે હરિભક્તોએ સાંભળ્યું કે શ્રીહરિ સ્નાન કરવા ગયા છે એટલે તરત જ બધા તેમની પાછળ પાછળ સ્નાન કરવા આવ્યા. ૧૮. બાદશાહી બાગના મહેલની પાછળના ભાગ તરફ શ્રીહરિએ સ્નાન કર્યું. અને બધા સંતો, વર્ણી તથા હરિભક્તોએ પણ ત્યાં સ્નાન કર્યું. ૧૯. સ્નાન કરીને જ્યારે ધર્મકુમાર શ્રીહરિ બહાર નીકળ્યા ત્યારે પીતાંબર વસ્ત્ર પહેર્યું. તે સમયે જેટલા વિપ્ર આવ્યા હતા તે બધાને પંક્તિબદ્ધ બેસાડ્યા. ૨૦.

શ્રીહરિએ તે વખતે નદી ઉપર જેટલા વિપ્રો આવ્યા હતા તેમને ચટ્ ચટ્ ચાલીને એક એક રૂપિયો દાનમાં આપ્યો. અને તે રીતે સહુની પૂજા કરી. ૨૧. શ્રીહરિ જ્યારે દાન આપી રહ્યા તે પછી વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેરી લીધાં. ત્યારે જે હરિભક્તો આવ્યા હતા તેમણે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૨૨. તે હરિભક્તોએ અનુપમ અવસર જોઈને ફૂલના હાર પહેરાવ્યા. અને પ્રસન્ન મનથી રૂપિયાની ભેટ મૂકી. ૨૩. તે હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી લીધી તે વખતે સંતો અને વર્ણીઓને સહુને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. ૨૪. બધા હરિભક્તોએ શ્રીહરિ, સંતો અને વર્ણીની જ્યારે પૂજા કરી લીધી ત્યારે સહુએ શ્રીહરિનો જય જયકાર કર્યો. ૨૫.

શ્રીહરિના અશ્વને સોનાનાં આભૂષણો અને શણગારથી તૈયાર કરીને ત્યાં લાવ્યા છે, એમ જ્યારે ધર્મકુમાર શ્રીહરિએ દેખ્યું એટલે તરત જ આવીને અશ્વ ઉપર બેઠા. પોતાનાં અંગો ઉપર સોનાનાં આભૂષણો ધાર્યાં હતાં અને સોનાનું છત્ર શ્રીહરિનાં મસ્તક ઉપર રાખ્યું હતું. ૨૬-૨૭. સંતો, વર્ણી અને હરિભક્તો પ્રસન્નમનથી તે સમયે શ્રીહરિની આગળ ચાલ્યા અને કેટલાક શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યા. ૨૮. શ્રીહરિ નગરના દરવાજામાં જ્યારે આવ્યા ત્યારે ઢોલ અને તાંસાની એક જોડ સન્મુખ આવીને વગાડવા લાગ્યા. સંતો, વર્ણી અને જે હરિભક્તો હતા, તે બધા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીનાં કરેલા શ્રીહરિની મૂર્તિની શોભાનું વર્ણન કરતા ગરબીનાં કીર્તન ગાવા લાગ્યા. ૨૯-૩૦.

શ્રીહરિ ત્યારે શેઠ શ્યામળ પારેખના ઘરની તરફ થઈને કુબેરસિંહ ચોપદારની પોળ હતી તે તરફ આવ્યા. ૩૧. ત્યારે ચોપદાર કુબેરસિંહે શ્રીહરિને બે હાથ જોડીને પોતાને ઘેર પધરાવ્યા અને અમૂલ્ય લાભ લીધો. તેના ભાઈ મોતીરામે પણ પોતાને ઘેર પધરામણી કરીને સુખ લીધું. ૩૨. ત્રણેય ભાઈઓએ પૂજા અને આરતી કરીને અલભ્ય લાભ લીધો. મોતીરામના જે દીકરા હતા તે પણ શ્રીહરિની સેવામાં આવ્યા હતા. ૩૩. બજારથી ઉત્તર તરફના ભાગમાં જે પોળ છે તેમાં હરિહર, રણછોડ, કાળાભાઈ, લાલદાસ અને કેવળભાઈ ઈત્યાદિક હરિભક્તો રહેતા હતા. ૩૪. તે સહુએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવીને પૂજા કરી. એક પાનાચંદ નામે અપાર ફેલી હતો. તેણે પણ તે સમયે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૩૫. એક દામોદરભાઈ નામના હરિભક્ત શ્રીહરિની ઘણી સેવા કરતા હતા, એટલે તેઓ પણ શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. અને શ્રીહરિની સેવા-પૂજા કરીને તેમને રાજી કર્યા. ૩૬.

❋ દામોદરભક્તના ગુણો :

દામોદરભાઈએ શ્રીહરિની પાસે ત્રીશ વર્ષ સુધી રહીને પોતાના શરીરથી સેવા કરી હતી. ૩૭. **ઘરના વરસ દિવસના ખર્ચ માટે તેઓ આઠ માસ ઘરમાં રહીને ઉદ્યમ-ધંધો કરતા હતા.** ૩૮. પછી બાકીના ચાર માસ શ્રીહરિની સેવા કરતા હતા. તેઓ એવા હતા કે શ્રીહરિની સેવા સિવાય તેમને લગારેય સુખ રહેતું નહિ. ૩૯. તેનો ભાવ જોઈને શ્રીહરિ એક બે વખત તેને ઘેર આવીને રાત રહ્યા હતા. શ્રીહરિ તો ભાવના સિવાય ક્યાંય ટકતા નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ પ્રબોધની એકાદશીને દિવસ સાબરમતીમાં સ્નાન કરીને પુરમાં આવ્યા" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર અઢારમું : તરંગ - ૮૩

શ્રીહરિએ નવાવાસમાં કુબેરસિંહને જમીન લેવાની અને નાનાભાઈને સંતોની ધર્મશાળા કરવાની વાત કહી

અમદાવાદમાં દામોદરભક્તની પોળમાં રતનજી અને વજેરામ નામના બે હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧. ગંગાદાસ નામે બે હરિભક્ત, એક માણેકચંદ અને તે સિવાયના બીજા જે હરિભક્ત હતા તેમણે જગદ્વંદ્ય મહાપ્રભુને પોતાને ઘેર પધરાવ્યા. ૨. શ્રીહરિને ઘેર પધરાવીને ભાવ પ્રમાણે પૂજા કરી. પછી પોળમાં આગળ જે હરિભક્ત હતા તેમણે પણ પધરામણી કરાવી. ૩. વિપ્ર મહાદેવ અને નારાયણજી નામે બંને ભાઈઓએ પોતાને ઘેર શ્રીહરિને પધરાવીને પૂજા કરી. ૪.

એક કણબી જેઠાભાઈ નામે અને એક વાલદાસ, ગુલાબદાસ, વજેરામ વગેરે હરિભક્તોએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા, ૫. અને ભાવ સહિત પૂજા કરી. ત્યાંથી શ્રીહરિ પાછા વળ્યા. ત્યારે શંભુદાસે શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. તેનો જીવ ઘણો નિર્મળ હતો. તેને ત્રણ દીકરાઓ હતા. શ્રીહરિની પૂજા કરતા તેમને હૃદયમાં હરખ સમાતો નહિ. ૬-૭. જ્યારે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા પછી નવાવાસમાં આવ્યા. ત્યારે ત્યાં લીંબડાની નીચે પાટ બિછાવેલી હતી તેના ઉપર આવીને બેઠા. ૮.

❋ અલૌકિકભાવની અદ્ભુતતા :

શ્રીહરિની આગળના ભાગમાં સંતો અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી. તે વખતે નગરના લોકો દર્શને આવ્યા. તેમાં જેટલાનું અંતર નિર્મળ હતું તેમને સંતોની સભા તેટલી નિર્મળ લાગતી હતી. અને એટલો સ્નેહ ઉપજતો હતો. અને જેના જીવમાં જેટલા દોષ ભર્યા હતા તેટલું તેનું ચિત્ત સભામાં ચોંટતું ન હતું. ૯-૧૦. **જો સભામાં પરાણે બળ કરીને બેસે તો તેને ઊંઘ આવીને ઘેરી લે છે. સંતો અને હરિભક્તોની જે સભા હોય છે તે તો ભગવાનની સભા છે. ૧૧.**

चोपाई :

एसे जिय में जेहि देखावे, तेसे जन परम पद पावे;
सत्संग में अलोकिक जेता, संत हरिजन कु देखे तेता...१२

दोहा : मोक्ष तेसे जो तिनके, निश्चे होइ रहाइ;
यामें रंच नहि फेर हि, हरि इमी कहे ताइ...१३

આવી ભાવના જેનાં હૃદયમાં હોય તે મનુષ્ય પરમપદને અર્થાત્ મોક્ષને પામે છે. 'સત્સંગમાં રહેલા સંતો અને હરિભક્તોને જેવા અલૌકિકભાવથી દેખે છે તેવો તેનો મોક્ષ ચોક્કસ થઈ રહ્યો છે. તેમાં એક રંચમાત્ર ફરક નથી.' એમ શ્રીહરિએ કહ્યું છે. ૧૨-૧૩. જેની સમજણમાં જેટલો ફરક રહે છે તેના મોક્ષમાં તેટલો ફેર રહી જાય છે. ૧૪.

सोरठा : अलोकिक जितना भाव, निष्कपट सत्संग महीं;
भाव देत देखाव, रतीभार न फेर रहत...१५
सत्संग हि जो करत, अलोकिक जिहाँ लग जेहि;
देख न जितना परत, तितना कुसंग रहे यह...१६

चोपाई :

संत हरिजन में भाव हि जेसा, मोक्ष ताके देखना तेसा;
भगवान रहाये सत्य हि जेसे, भगवान के आश्रित तेसे...१७

જેને સત્સંગમાં જેટલો નિષ્કપટભાવ અને અલૌકિકભાવ હોય છે તે બધો દેખાય જાય છે. તેમાં રતીભાર પણ ફેર પડતો નથી. ૧૫. સત્સંગ કરતા કરતા જ્યાં સુધી અલૌકિક ભાવ રહે તેટલો સત્સંગ કહેવાય. અને જેટલો અલૌકિક ભાવ દેખાય નહિ તેટલો તેમાં કુસંગ રહ્યો છે. ૧૬. સંતો અને હરિભક્તોમાં જેવો ભાવ હોય છે તેવો તેનો મોક્ષ થાય છે તેમ દેખવું. કારણ કે, જેમ ભગવાન સત્ય છે તેમ જ તેમના આશ્રિતો પણ ભગવાનના સંબંધને લીધે સત્ય છે તેમ દેખવું. પરંતુ જેને ભગવાનના સંબંધમાં જેટલો ફેર રહેતો હોય છે તેટલો તે સંતો અને હરિભક્તોની સમજણમાં ફેર જાણવો. માટે તેનું નામ લીધા સિવાય સત્સંગની વાતો કરીને જેટલો ફરક હોય તેને દેખાડવો. ૧૭-૧૯. સંતો કે હરિભક્તોમાં દોષ ન હોવા છતાં જે તેમાં દોષ દેખાડે છે તો તે તેટલો દોષ

તેને વળગી જાય છે. સત્સંગની આવી અતિશય પરમ પુનિત રીત છે. ૨૦. જે લોકો ગબરગંડ છે તે પણ સત્સંગ કરતા રહે છે. પરંતુ જેટલા આસુરી લોકો હોય છે તેમને તો સત્સંગનો પાસ જ લાગતો નથી. અસુરો તો ધર્મ-નિયમને ઉપર ઉપરથી રાખે છે. અને સંતો-હરિભક્તોની ભેળા રહેતા હોવા છતાં તેનો જીવ સંતો-હરિભક્તોની ભેળો ભળતો નથી. ૨૧-૨૨.

અને જે પોતા જેવા દેખાય તેમાં તેને પરમઆનંદ વર્તે છે. આ વાત તો નિષ્પાપ કાચા અસુરની કહી છે. બુદ્ધિમાન હોય તેને આ વાત દેખાય છે. ૨૩. અને જે પાકા પાપી અસુર કહેવાય છે તે પૂર્વના કોઈ પુણ્યને લીધે સત્સંગ કરે છે ત્યારે સહુથી અધિક વર્તવામાં રુચિ કરે છે. ૨૪. ભગવાનનાં વચન કરતાં પણ જ્યારે તે અધિક વર્તે ત્યારે તેનાં દિલમાં શાંતિ રહે છે. આવો જે હોય તે પાકો અસુર ગણાય છે. ૨૫. જે પાકો અસુર છે તેને ભગવાનની સેવા અને કીર્તનમાં તલભાર પણ રુચિ હોતી નથી. કારણ કે, તે સેવા અને કીર્તનને પણ પ્રવૃત્તિ માને છે. ૨૬. આત્મસત્તારૂપે રહેવું તેને જ તે નિવૃત્તિ માને છે. તે સેવા અને કીર્તન કરતાં પણ આત્મસત્તારૂપે રહેવાને અધિક માને છે. ૨૭. ભગવાનની બાબતમાં બીજાની સમજણ કરતાં પોતાની સમજણ અધિક સમજે છે અને બીજાને કહે છે. એવાને સભાની વાત તુચ્છ લાગે છે. ૨૮.

બીજાની વાતો કરતાં પોતાના જ્ઞાનને અલગ બેસીને છાની રીતે કહેવું, અને સહુથી અલગ બેસીને ધ્યાન અને સ્મરણ કરવું તેમાં જ પોતાનો ઉદ્ધાર માનતો હોય છે. ૨૯. પોતાની રુચિમાં મળે તેને સર્વોપરિ માને છે અને પોતાની રુચિમાં જે ન મળે તેના તરફ તે ઉદાસ રહે છે. ૩૦. તે પોતાનું જ્ઞાન, ધામ અને ધ્યાન, તેને સહુથી અધિક માને છે. અને જે પોતાને અધિક મનાવે-પૂજાવે છે તેવા જીવ પ્રાણીમાત્રમાં કરોડગણી રુચિ વધારે કરે છે. તે કદાચ વિમુખ હોય તોપણ તેમાં થયેલી પોતાની રુચિનો ક્યારેય ત્યાગ કરતો નથી. ૩૧-૩૨. જીવ જેમાં વધારે પડતી ઝાઝી રુચિ કરે છે ત્યારે તેમાં ભ્રમી જાય છે. પછી તે પોતાનો રોક્યો પણ રોકાતો નથી. આવો જીવમાં સહજ સ્વભાવ રહ્યો છે. ૩૩. આવું જોઈને શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં વચન કહ્યું

છે કે, જે જે વાત કરવી હોય તે યોગ્ય પ્રમાણમાં કરે તો જ રસ રહે છે. ૩૪. તે ભગવાનનાં વચન તે સાચા સિદ્ધાંતરૂપ છે. જેટલા તેનું ઉલ્લંઘન કરે છે તે તો મનમુખી કહેવાય છે. ૩૫. જે મનમુખી હોય છે તે આ લોક અને પરલોકમાં હાથી અને અશ્વ ઈત્યાદિકનો જન્મ પામીને પરાધીન જીવન ગાળે છે. ૩૬. ભગવાનનાં વચન તો સિદ્ધાંતોમાં સર્વોત્તમ સિદ્ધાંત છે. તે પ્રમાણે જે યોગ્ય રીતે ચાલવું તેમાં જ સુખ રહ્યું છે. ૩૭. જે કોઈ પણ બાબત હોય તેનો વિચાર કરીને યોગ્ય રીતે માણસ જેટલો વર્તે છે તેટલો તેનો નિભાવ થાય છે. અને અત્યંત વધારે કે ઘણું ઓછું વર્તે છે તો તે લાંબું નભતું નથી. ૩૮. જે વધારે અથવા ઘણું ઓછું વર્તે છે તેને દુઃખ આવ્યા સિવાય રહેતું નથી. કોઈ માણસ જ્યારે પોતાના ઉપર કઠોર વચનનો જો પ્રહાર કરે, તેને જ્યાં સુધી સહન કરે છે ત્યાં સુધી તે સત્સંગમાં નભે જાય છે. અને જ્યારે તે કઠોર વચન સહન ન થાય ત્યારે તે વગર પૂછ્યો ચાલ્યો જાય છે. ૩૯-૪૦.

❋ દૈવી જીવનાં લક્ષણ :

સહુની સાથે હળીમળીને ચાલવું તેમાં ક્યારેય કોઈ વિઘ્ન આવતું નથી. હળીમળીને ચાલવું તે ઘણી ભારે વાત છે અને તે અપાર સુખકારી પણ છે. ૪૧. જેને ઝાઝાં સુખનો લોભ હોય તે સહુની સાથે હળીમળીને વર્તે છે. અને જે માણસ જેટલો હળીમળીને વર્તે છે તેને તેટલો દૈવી જીવ જાણવો.' ૪૨. શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે મધ્યાહ્ન સમય થઈ ગયો હતો. તે સમયે સહુ સંતોએ ધર્મદેવનો જન્મ સમય સમજીને વાજિંત્રો વગાડી ઉત્સવ કર્યો. અને જન્મોત્સવનો જે વિધિ હતો તે પણ કર્યો. શ્રીહરિ નવાવાસથી બહાર આવ્યા અને પૂર્વ તરફ ખાલી રહેલી બધી જગ્યાને દેખી. ૪૩-૪૪. તે જગ્યા જોઈને શ્રીહરિના મનમાં તે ગમી ગઈ. પછી તેમણે કુબેરસિંહને બોલાવ્યા અને કહ્યું, 'આ જેટલી ઉજ્જડ જગ્યા દેખાય છે તે સંતોને માટે આપણે લેવી છે. ૪૫. આ જગ્યાનો પહેલા લેખ(દસ્તાવેજ) કરાવીને પછી ધર્મશાળા કરવી.' ત્યારે કુબેરસિંહે કહ્યું, 'પહેલા ખતપત્ર(દસ્તાવેજ) કરાવીને પછી ધર્મશાળા કરવાનો વિચાર કરીએ. આપ નાનાભાઈ ભટ્ટને કહો. તેઓ

તરત જ ધર્મશાળા કરાવશે. હવે તેમાં વિલંબ થશે નહિ.' ૪૬-૪૭. પછી શ્રીહરિએ વિપ્ર નાનાભાઈ ભટ્ટને તરત પોતાની પાસે બોલાવ્યા. અને તેમને ફૂલનો હાર આપ્યો અને બધી વાત કહી બતાવી. ૪૮. આ કુબેરસિંહ જ્યારે જગ્યાનો લેખ કરાવી લાવે ત્યારે તમે સંતોની ધર્મશાળા તરત કરાવજો. ૪૯. પછી કુબેરસિંહને પણ શ્રીહરિએ ફૂલનો હાર આપ્યો અને જેટલી લેવાની હતી તે બધી જમીન બતાવી. ૫૦. વળી કહ્યું કે, 'લેખ અમારે નામે લખાવવો. તે લેખ ક્યારેય ફરે નહિ, ખોટો ન પડે તે રીતે તમારે લખાવવો.' ૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ નવાવાસમાં કુબેરસિંહને જમીન લેવાની અને નાનાભાઈને ધર્મશાળા કરવાની વાત કહી" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર અઢારમું : તરંગ - ૮૪

શેઠાણી વતી નથુભાઈએ શ્રીહરિની પૂજા કરી અને મિથ્યા ગુરુના બોધની વાત

અનંત ભુવનના આધાર શ્રીહરિ નવાવાસમાં આવ્યા તે વખતે પાટ ઉપર બેઠા. ૧. વિપ્ર મોટા નથુભાઈએ ભક્તપતિ ધર્મકિશોર શ્રીહરિને હાથ જોડીને કહ્યું, 'મહારાજ ! આપ મારે ઘેર પધારો. ૨. તે વખતે શ્રીહરિએ અશ્વ મગાવ્યો. સેવક અશ્વને શણગારીને લઈ આવ્યા ત્યારે શ્રીહરિ તેના ઉપર બેઠા અને આગળના ભાગમાં ઢોલ અને તાંસા વાગવાં લાગ્યાં. ૩. શ્રીહરિએ સંતો, વર્ણી અને પાર્ષદોને સાથે લીધા. તે સમયે એટલી અપાર શોભા થઈ કે તે મુખથી કહી શકાતી નથી. ૪. ધર્મકુમાર શ્રીહરિ રામજી મંદિરની બજારે ચાલ્યા. નથુ ભટ્ટનું ઘર મંદિરની પાસે જ હતું. ૫. તે ઘર આથમણા બારનું હતું. તેની આગળના ભાગમાં પાટ બિછાવી હતી. પછી શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. વળી, બીજા સુંદર બિછાના બિછાવી દીધા હતા. તેના ઉપર સંતો અને વર્ણી આવીને બેઠા. ઉપર સુંદર ઉલેચ બાંધ્યા હતા. જાતજાતની બિલોરી હાંડીઓ પણ અપાર બાંધી દીધી હતી. ૬-૭. નથુ

ભટ્ટે કેસરયુક્ત ચંદનના કટોરા ભર્યા હતા. કેટલાક ફૂલના હાર લાવ્યા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપરની પાઘ અને શાલ લાવીને આગળ ધરી. કપડાંની બીજી ગાંસડી પણ બાંધેલી હતી. ૮. પૂજાનો બધો સામાન શ્રીહરિની આગળ મૂક્યો. પારેખ અટકના એક મોટા શેઠ કહેવાતા હતા. તેના ઘર તરફથી આ બધી પૂજા આવી હતી. ૯. પારેખ તો પોતે ગુજરી ગયા હતા. તેના ઘરમાં તેમના વિધવા પત્ની હતા. તેઓ પુષ્ટિ માર્ગીય મતના અનુયાયી હતા. તેણે પોતાના ગુરુની ચાલચલગત વિપરીત દેખી. ૧૦.

જો કે તે ઘર પ્રસિદ્ધ શાહુકારનું હતું. અમદાવાદ અને વડોદરામાં તેના મોટા મોટા ઘર હતા, પણ તેને પછીથી સત્સંગમાં હેત થયું હતું. ૧૧. કરાળી ગામના અજુભાઈ અમીન સારા હરિભક્ત હતા. પારેખ શેઠની પત્નીએ તેમની પાસેથી બધી વાત સાંભળી ત્યારે તેને સ્વામિનારાયણીય સત્સંગ સત્ય છે એમ દેખાયું. ૧૨. સત્સંગની જ્યારે બધી વાત સાંભળી ત્યારે જેટલા બીજા પાખંડી ગુરુઓ કહેવાતા હતા, તેમને પરધન તથા પરનારીના ચોરના રૂપમાં દેખ્યા. ૧૩. તે બધા ભગવાન કરતાં પણ ગુરુને અધિક માનતા હતા. અને તેવા ગુરુઓ પણ આવો બોધ કરતા હતા કે, ૧૪.

'ઘણો મોટો મહેલ હોય અને તેના માળ પણ ઘણા હોય, છતાં પગથિયાં સિવાય તેના ઉપર ચઢી શકાતું નથી. તેમ ગુરુ વિના ભગવાન પાસે જઈ શકાતું નથી. ત્યાં પોતાનું બીજું કોઈ ડહાપણ ચાલતું નથી. ૧૫. સુંદર માળ અને સભાખંડ ઘણા સારા હોય, છતાં જો પગથિયાં કાઢી નાખવામાં આવે તો માળનું કાંઈ જોર ચાલતું નથી. ૧૬. આવી ગૂઢતાવાળી વાતો ઘણી છે. તેનો કહેતા પાર આવતો નથી. એવી ગૂઢ વાતોમાં જે ગૂંચવાઈ જાય છે, કહેતાં તે વાતને સમજી શકતા નથી તે બંધાયા વગર રહેતા નથી. ૧૭. મનુષ્ય જ્યાં બંધાઈ જાય છે ત્યાં પછી તેનું કાંઈ જોર ચાલતું નથી. તેનું બુદ્ધિબળ ચાહે તેટલું વધારે હોય તોપણ તે લેશમાત્ર પણ કામ લાગતું નથી. ૧૮. એવી ગૂઢ વાતોને જેટલા જાણે છે તેટલા ગુરુ કહેવાય છે. જેને ગૂઢ વાતોનો વિવેક નથી તેને અંધ અજ્ઞાની કહેવાય છે. તેવા અજ્ઞાની લોકો ગૂઢ વાતોને જાણનારા ગુરુના શિષ્ય થઈને રહે છે. ૧૯-૨૦.

પછી ગુરુ જે રીતે રહેતા હોય છે તેના ઉપર તે વિશ્વાસ રાખે છે. અને પરલોકનાં સુખને માટે પોતાનો દેહ, ઘર અને કુટુંબમાં જેવી પ્રીતિ હોય છે તેના કરતાં પણ અધિક તેવા ગુરુમાં પ્રીતિ કરે છે. તે પછી ગુરુમાં જેવા ગુણ હોય છે તેવા ગુણ તે શિષ્યમાં આવે છે. ૨૧-૨૨. પછી તે શિષ્ય ગુરુ કરતાં બીજા કોઈને અધિક દેખતો નથી.' આ રીતે ગુરુ તેને સમજાવે છે. પછી તો તે શિષ્યનું કલ્યાણ થાય કે ન થાય પણ તેવા મિથ્યા ગુરુને તે છોડી શકતો નથી. ૨૩. જે મિથ્યા ગુરુને મિથ્યા કહે છે તે મારથી ક્યારેય બચતો નથી. પણ સત્સંગમાં જે ચતુર મનુષ્યોને ભગવાન શ્રીહરિનો યોગ થયો હતો, તેઓને જે ઘોર અજ્ઞાની કહેવાતા હતા; એવા તે મિથ્યા ગુરુઓના શિષ્યોને અજ્ઞાનરૂપી ગાઢ બંધનથી છોડાવવાનું આવડતું હતું. ૨૪-૨૫. જ્યાં સુધી તેવા ગુરુઓની સાથે તે શિષ્ય જોડાયેલા રહે છે ત્યાં સુધી તે પંચવિષયમાં બંધાયેલા રહે છે. અને તેમાં કાંઈ મોક્ષ રહ્યો નથી. ૨૬.

જે મનુષ્ય માયિક પંચવિષયમાં જ્યાં સુધી બંધાયેલો રહે છે ત્યાં સુધી તેનો મોક્ષ થતો નથી. ગુરુ થવાથી પણ વિશેષ શું થયું ? ૨૭. કોઈ કૃષ્ણ કે રામ એવું નામ રાખે, તો તેવા નામમાત્રથી તે કૃષ્ણ કે રામ થઈ જાતો નથી. એક બદામ કે એક કોડી જેટલું ધન હોય તો તેની સોનાની આગળ શી કિંમત કહેવાય ? ૨૮. સોનું છે તે તો સાચું સોનું કહેવાય છે. બીજું તો નામમાત્રનું સોનું છે. માનો કે, ઘણી વસ્તુનું દૂધ એવું નામ રાખી દીધું પણ તેમાંથી દહીં, માખણ કે ઘી થાતું નથી. ૨૯. જેમાંથી દૂધપાક, દહીં, માખણ અને ઘી થઈ શકતું હોય એ જ શુદ્ધ દૂધ કહેવાય છે. તે રીતે જ ગુરુ નામધારી ઘણા હોય છે, પણ જેનાથી જીવનો આત્યંતિક મોક્ષ થતો હોય છે તેને જ સાચા ગુરુ સમજવા. ૩૦.

જે મોક્ષદાતા ન થઈ શકે તેવા ગુરુઓ તો નામમાત્ર ગુરુ કહેવાય છે. અને તેવા પાખંડી ગુરુઓ તો ધન અને પંચવિષયમાં આસક્ત થઈને રહેતા હોય છે. ૩૧. ધન અને વિષયમાં જે આસક્ત છે તે બધા ગુરુઓ તો બંધાયેલા જ છે. આવા કરોડો ગુરુઓ હોય તોપણ તે પથ્થરની નાવ જેવા રહ્યા છે. ૩૨. ચિંતામણિનો યોગ થવા છતાં જો મનુષ્ય અત્યંત રાંક રહે તો ચિંતામણિ મળવાનો શો ફાયદો ? તેમ જે ધનમાં જ્યાં સુધી બંધાયેલા રહે

છે ત્યાં સુધી તેને ચિંતામણિ મળ્યો છે એનો અર્થ શું ? ૩૩. જ્યાં સાચો મોક્ષ અને સાચો સત્સંગ સર્વોચ્ચપણે રહ્યો હોય તો ત્યાં જેટલી ઉત્તમમાં પણ ઉત્તમ બાબત છે તે બધી રહી હોય છે.' ૩૪. અમીન અજુભાઈની ઉપર કહ્યા પ્રમાણેની વાત પારેખ શેઠાણીને ગમતી હતી. અજુભાઈએ ઘણા દિવસ સુધી જ્યારે વાત કરી ત્યારે તે શેઠાણીને સત્સંગ ઉપર ભાવના થઈ. ૩૫. અજુભાઈ અમીનના એક ભાણેજ વ્રજલાલભાઈ હતા. તેને ભગવદ્‌ગીતા સંપૂર્ણ કંઠે હતી. ૩૬. અને ભાગવતના પણ કેટલાક શ્લોક કંઠસ્થ હતા. તેઓ સત્સંગી હતા એટલે અજુભાઈ તેમને પોતાની સાથે રાખતા હતા. ૩૭. નથુભાઈએ આ બધી વાત શ્રીહરિવરને કહી હતી. અને તે વાત શેઠાણીએ નથુભાઈને કહી હતી. ૩૮. પછી નથુભાઈએ ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી અને મસ્તક ઉપર પાઘ બંધાવી. ૩૯. અને તે પછી શાલ ઓઢાડી અને સોનાનો નંગ જડિત ગંઠો શ્રીહરિના કંઠમાં બાંધ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શેઠાણી વતી નથુભાઈએ શ્રીહરિની પૂજા કરી અને મિથ્યા ગુરુના બોધની વાત કહી" એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥

પૂર અઢારમું : તરંગ - ૮૫

અમદાવાદમાં શ્રીહરિની પધરામણી, અલૌકિકભાવ અને નિર્દંભતાની પ્રશંસા

શ્રીહરિના લલાટમાં કેસર ચંદન ચર્ચીને કપૂરની આરતી ઉતારી અને ઘણીવાર લાભ લીધો. ૧. શ્રીહરિનાં બંને ચરણ ઉપર કેસરી ચંદન ચર્ચીને તે ચરણોને યોગ્ય સમય દેખીને નથુભાઈએ પોતાની છાતી ઉપર છાપ્યા. ૨. તે પછી પ્રથમ ફૂલના બે હાર શ્રીહરિને પહેરાવ્યા. અને રંગબેરંગી જરિયાની ડગલી શ્રીહરિએ પહેરી લીધી. ૩. પછી ઘણો અમૂલ્ય જરિયાની સુરવાળ પણ પહેર્યો. વળી, અત્યંત સુંદર લાલ રેંટો તે વખતે કમર ઉપર બાંધ્યો. ૪. જે સંતો, વર્ણી તથા પાર્ષદો હતા તેમને પણ કેસરયુક્ત ચંદન લઈને પૂજ્યા અને સહુને એક એક ફૂલનો હાર પ્રેમથી પહેરાવ્યો. ૫. એક એક ધોતિયું પણ લઈને ઓઢાડ્યું અને આ રીતે સંતોની પૂજા કરી. બારશને

દિવસે રસોઈ માટેનું બધું સીધું ઉતારે પહોંચાડ્યું. ૬. સીધામાં સાકર અને ઘી મુખ્ય હતા. પુરી અને દૂધપાક કરવાનું ઠરાવ્યું હતું. વળી ભજિયાં, વડાં અને રાઈતાં માટેનો બધો જ સામાન પહોંચાડી દીધો હતો. ૭. ભજિયાં કરવા માટે કેળા પહોંચાડ્યા. શાક કરવા માટે સુરણ અને રતાળુ લાવ્યા હતા. વળી, જેટલા જોઈએ તેટલા પરવળ પણ શાક માટે પહોંચાડ્યા હતા. ૮. રણછોડજી અને ત્રિકમ નામે બે ભાઈ ચોક્સી હરિભક્ત હતા. તેનું ઘર નજીક જ હતું, એટલે તેમણે પણ શ્રીહરિની પધરામણી કરી. ૯. શ્રીહરિ, સંતો, વર્ણી અને પાર્ષદોની ઘણા પ્રેમભાવથી તેમણે પૂજા કરી. ત્રિકમભાઈને બે પુત્રો હતા. તેમાં મોટો મોહનલાલ નામે હતો. બંને પુત્ર હરિભક્ત થયા હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી. ઘરમાં બાઈ-ભાઈ જે હતા તે બધા પાકા હરિભક્ત થયા હતા. ૧૦-૧૧.

કેટલીયે વાર તેમણે શ્રીહરિની પૂજા કરી હતી. અહીંયા તો થોડી જ વાત દેખાડી છે. કેટલીયે વાર બરફી, પેંડા અને કેળાના થાળ ભરીને તેમણે શ્રીહરિને જમાડ્યા હતા; એવો ઘણીવાર લાભ લીધો હતો. વળી, વસ્ત્ર અને ઘરેણાંઓ પહેરાવીને શ્રીહરિને ખૂબ જ રાજી કર્યા હતા. ૧૨-૧૩. તે શ્રીહરિના સમયના વિચક્ષણ હરિભક્ત હતા અને તેમણે શ્રીહરિની પૂજા સેવા ઘણીવાર કરી હતી. ૧૪. બધા હરિભક્ત બાઈ-ભાઈઓની યથાર્થરૂપમાં જે બધી વાત છે તે કહી શકાતી નથી. જે અપાર હોય છે તેનો કોઈ પાર લઈ શકતા નથી. ૧૫. શ્રીહરિના સમયના જેટલા બાઈ-ભાઈ હરિભક્ત હતા તે સહુનાં નામ લખવા, તે કામ ઘણું કઠણ છે. ૧૬. અપાર દેશમાં અપાર ગામો રહ્યા છે અને તેમાં હરિભક્તોનાં નામ પણ અપાર છે. તેટલા મોટા પ્રમાણમાં જો કવિજનો થાય તોપણ યથાર્થરૂપે કોઈથી લખી શકાય તેમ નથી. ૧૭. જે હરિભક્ત બાઈ-ભાઈઓએ શ્રીહરિની સેવા પૂજા કરી છે, તે હરિભક્તોની તે બધી બાબત લખનારા હરિભક્તોના જેટલા જ કવિ જો થાય, અને તેમની બ્રહ્માંડ જેટલી આયુષ્ય હોય, તોપણ યથાર્થરૂપમાં વાત લખી શકાય નહિ. તેમ સમજીને બુદ્ધિમાન જેટલા કવિઓ છે તે શરીરથી જ્યાં સુધી શ્રદ્ધા રહે ત્યાં સુધી માપમાં આવે તેટલું જ લખે છે. લેખનકાર્યની વાત નેત્ર અને શરીરની સાથે રહી છે અને કવિને ભાવનારૂપી પાંખ કહેવાય છે. ૧૮-૨૦.

કવિની ભાવનામાં જેટલું બળ રહે છે તેટલું ઊડી શકે છે. સંતો અને હરિભક્તો જ્યાં સુધી સહાયકના રૂપમાં રહે છે ત્યાં સુધી પાંખમાં સહજ સ્વભાવે બળ આવે છે, પણ તે દેખી શકાતું નથી. હરિભક્તો દ્વારા અને ઈન્દ્રિયોની શક્તિ દ્વારા જ્યાં સુધી શ્રીહરિ સહાય કરતા રહે છે ત્યાં સુધી કવિ ક્રિયા કરવામાં સમર્થ દેખાય છે. **શ્રીહરિની સહાયતા વિના શ્વાસ પણ ચાલતો નથી. દેવતા, મનુષ્ય અને તરણા સુધીના તમામ ભગવાનની સહાય સિવાય એક પણ કામ કરી શકતા નથી.** ૨૧-૨૩.

'ભગવાનની સહાયતા વિના હું કામ કરી શકું છું' એમ જે માને છે તે તો દેવ કે મનુષ્ય હોય તોપણ પશુના સમાન ગણાય છે. જેટલા સંચિત અને પ્રારબ્ધકર્મ છે તે ભગવાને આપેલા શરીર અને ઈન્દ્રિયો વિના કોઈ પણ બાબત કરી શકવા સમર્થ થતા નથી. આ રીતે જે સમજે છે એ જ દેવ કે મનુષ્ય છે એમ બુદ્ધિમાન કહે છે. ૨૪-૨૫. આવા જે બુદ્ધિમાન લોકો છે તે ક્યારેક સત્સંગ કરે છે. અને પછી તરત જ ભવસાગરને તરી જાય છે અને જન્મ-મરણથી છૂટી જાય છે. ૨૬. દેવતાઓ કે મનુષ્યો જ્યાં સુધી ઉપર કહેલી વાતને સમજતા નથી ત્યાં સુધી વારંવાર બ્રહ્માંડોમાં ભટકતા રહે છે. ૨૭. જ્યાં સુધી જીવ ભટકતો રહે છે ત્યાં સુધી તેને કુસંગ લાગ્યો રહે છે અર્થાત્ જ્યાં સુધી એને કુસંગ લાગ્યો રહે છે ત્યાં સુધી તે ભટકતો રહે છે. જ્યારે તે જીવ સત્સંગ સ્વીકારે છે ત્યારે તેનાં સંસારનાં ભટકણનો અંત સહેજે અને તરત આવી જાય છે. ૨૮.

※ જેવો અભ્યાસ તેવી સિદ્ધિ :

चोपाई :

हरि सन्मुख चलत जन जेता, भव के अंत आवत तेहि तेता;
सत्संग महि जे संत कहाते, एसी बात जानत हि रहाते...२९
अभ्यास एसी बात के विनही, जाने में न आवत कीनही;
अलोकिक जितनी रहेउ बाता, अभ्यास तितनी ठरत रहाता...३०

જે મનુષ્ય શરણાગત થઈને ભગવાનની સન્મુખ ચાલે છે તેને આ સંસારનો અંત આવી જાય છે. આવી બાબતને સત્સંગમાં જે સંતો છે તે

જાણે છે. ૨૯. આવી વાતોનો અભ્યાસ કર્યા સિવાય કોઈની સમજણમાં તે આવતું નથી. અલૌકિક વાતોનો જેટલો અભ્યાસ કરવામાં આવે તેટલી તે અંતરમાં ઠરીને સ્થિર થાય છે. ૩૦. કેટલાકને અલૌકિક વાતનો અભ્યાસ કરીને પણ પછી સત્સંગનો પાશ રહેતો નથી. એવા તો પ્રગટ કેટલાય દેખ્યામાં આવે છે. ૩૧. કારણ કે, જેટલા પોતાને પૂજાવારૂપ મેલ અંતરમાં રાખે છે એવો મેલ અંતરમાં રાખીને સત્સંગ કરે છે અને તેટલા માટે જ તેઓ ઘણો અભ્યાસ કરે છે. ૩૨. પૂજાવાના હેતુથી જે અભ્યાસ કરે છે તેને જ્યારે પૂજાવાનો અવકાશ ન મળે ત્યારે તે તત્કાળ વિમુખ થઈ જાય છે તે સત્સંગમાં તરત દેખાય છે. ૩૩. **જેટલા પોતાના મોક્ષને માટે નિષ્કપટપણે અલૌકિક વાતનો અભ્યાસ કરે છે તે બધા સત્સંગમાં નભે છે. તેવા કરોડો ભક્ત જોવામાં આવે છે.** ૩૪.

કેટલાક સત્સંગમાં પૂજાવાને માટે અપાર અભ્યાસ કરતા હોય છે, પણ જ્યારે તે પૂજાવાનું કોઈ ખંડન કરે ત્યારે તેનાં અંતરનો રંગ જેવો હોય તેવો તે બતાવે છે. ૩૫. દંભી માણસ જ્યાં સુધી પૂજાતો રહે છે ત્યાં સુધી સહુને દબાઈને ચાલે છે. આવા જે દંભી હોય છે તેનો કરોડો કલ્પ સુધી મોક્ષ થાતો નથી. ૩૬. દંભી માણસ ભલે રાત્રિ-દિવસ ધ્યાન, ધારણા અને ભજનસ્મરણ કર્યા કરે તોપણ તે બધું જ વ્યર્થ છે. સંતો તો નિષ્કપટ હોય છે. ૩૭. અને જે નિષ્કપટ સંતો છે તે ક્યારેય પૂજાવાના હેતુથી કોઈ વાત કરતા નથી. જેટલું કાંઈ કરે તે તો પોતાના મોક્ષ માટે જ કરે છે અને તે જ સાચા સંતો છે. ૩૮. **જેટલા સાચા સંતો છે અને સાચા હરિભક્તો છે તે બધા નિષ્કપટ વર્તે છે. અને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવામાં ભાવ રાખે છે.** ૩૯. **જેટલા દંભીઓ છે તેઓ તો ઊલટી પોતાની સેવા કરાવે છે અને કોઈને નમતા નથી. પરંતુ જે સંતો તથા હરિભક્તો નમતા રહે છે તે જ સાચા છે.** ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "અમદાવાદમાં શ્રીહરિની પધરામણી, અલૌકિકભાવ અને નિર્દંભતાની પ્રશંસા" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર અઢારમું : તરંગ - ૮૬

ભક્તોને ઘેર પધરામણી અને સન્માન કરવા એરણ સાહેબનું આમંત્રણ

અમદાવાદમાં ગિરધરલાલ નાગરની હજી બાળ ઉંમર હતી, તોપણ તે શ્રીહરિ તથા સંતોને પોતાને ઘેર પધરામણીએ લઈ ગયા. ૧. હિંમતરામ નાગર વેદના વિદ્વાન હતા. તેણે પણ શ્રીહરિની પધરામણી પોતાને ઘેર કરાવીને પૂજા કરી. ૨. અમૃતલાલ નાગરે શિવ મંદિરમાં ધર્મના પુત્ર શ્રીહરિને ઈશ્વરમૂર્તિ જાણીને પધરાવ્યા હતા. ૩. તે પછી શ્રીહરિને પોતાને ઘેર પણ પધરાવ્યા અને પગે લાગીને શ્રીહરિની પૂજા કરી. ૪. તે સિવાયના એક બીજા નાગર હરિભક્ત હતા, તેનું ઘર અમૃતલાલના ઘરની પાસે હતું. તેમણે પણ પ્રેમથી શ્રીહરિની પધરામણી કરાવીને પૂજા કરી. ૫. તે પછી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. શ્રીહરિના મસ્તક ઉપર રંગબેરંગી જરિયાની છત્ર ધારણ કરેલું હતું. તેની શોભા કહી શકાતી નથી. ૬.

એક રાયકવાલ(એક ઉપજાતિ) વિપ્ર હતા. તેઓ યજ્ઞ કરતા હતા ત્યાં શ્રીહરિ આવ્યા. અને તે વિપ્રને આવીને દર્શન દીધા. ૭. યજ્ઞનાં દર્શન કરીને ચાલ્યા પણ અશ્વ ઉપરથી નીચા ઊતર્યા નહિ. તે વિપ્રના મનમાં જેવા મનોરથ હતા તેવા બધા પૂરા ન થયા. ૮. પછી શ્રીહરિ ગિરધરલાલ નાગરને ઘેર આવ્યા. ત્યાં તેણે શ્રીહરિ અને સંતોની કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી. ૯. તેઓએ શ્રીહરિની યથાયોગ્ય સેવા કરી. તેમણે શ્રીહરિને વસ્ત્ર તથા આભૂષણ ધરાવ્યા અને કપૂરની આરતી ઉતારી. ૧૦.

કેટલીક જાતના મેવા અને મીઠાઈ વગેરે બધું લાવીને શ્રીહરિની આગળ ધર્યું. ફૂલના હાર અને બાજુબંધ ધરાવ્યા. પાઘમાં મોતીના તોરા લટકાવ્યા. ૧૧. પછી શ્રીહરિના ચરણમાં કેસરચંદન ચર્ચીને તે આનંદકારી ચરણને પોતાની છાતીમાં લીધા. ગિરધરલાલની માતા પણ પાકા હરિભક્ત હતા. ૧૨. તેણે શ્રીહરિનું પરમસુખ કેટલીક વાર લીધું હતું, વાત તો ઘણી પ્રકારની છે તેને મેં અત્યંત સંક્ષેપથી કહી છે. ૧૩. અને ગોવિંદજી, ગોકુળ, બેચરજી અને બે કેવલરામ એ બધા ચોક્સી હતા, તેને ઘેર શ્રીહરિ પધાર્યા. ૧૪.

સહુએ ઘણા ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી. ચંદન અને ફૂલના હાર લઈને સંતોની પણ પૂજા કરી. ૧૫. તે પછી પુરુષોત્તમ નામે સોનીને ઘેર શ્રીહરિ આવ્યા. તે શ્રેષ્ઠ સારા સત્સંગી હતા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૧૬. તેમણે કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને ઘણા પ્રેમથી શ્રીહરિને પૂજ્યા. તેમના જે પુત્ર ને પરિવાર સહુએ પણ શ્રીહરિને પરમ પ્રેમથી પૂજ્યા. ૧૭. સંતો અને વર્ણીઓને પણ પૂજીને વારંવાર સર્વોત્તમ ઘણો લાભ લીધો. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે રાજમાર્ગમાં આવ્યા. ૧૮. શ્રીહરિની આગળ વિવિધ પ્રકારના ઢોલ અને વાજિંત્રો વાગતાં હતાં. બજારમાં જે લોકો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧૯. પછી બહુનામી શ્રીહરિ માણેકચોક થઈને નવાવાસમાં આવ્યા. ત્યારે સંધ્યા વખત થઈ ગયો હતો અને પાટ ઉપર આવીને બેઠા. ૨૦.

તે વખતે મશાલો પ્રગટાવી અને સહુ સંતો આરતી બોલ્યા. તાળી પાડીને ઊંચેથી નારાયણ ધૂન કરવા લાગ્યા. ૨૧. શ્રીહરિ સહુની સાથે ધૂન બોલતા હતા. અપાર સંતો અને બીજા ભક્તો ઊભા હતા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુ શ્રીહરિનો જય જયકાર કરીને બેઠા. ૨૨. આખી રાત સહુએ જાગરણ કર્યું. તેમાં સંતો અને બધા હરિભક્તો કીર્તન ગાઈને ઉત્સવ કરતા રહ્યા. વળી મંડલાકારે ફરીને ગરબીનાં પદ ગાતા હતા. ૨૩. તે સમયે સંતો અને હરિભક્તોની શ્રદ્ધા જોઈને શ્રીહરિ તેમના ઉપર ઘણા રાજી થયા. પાછલી રાતે જ્યારે તોપનો અવાજ થયો ત્યાં સુધી સહુએ ગરબીનાં કીર્તન ગાયા, પછી શ્રીહરિએ તેમને બંધ કરાવ્યા. ૨૪. શ્રીહરિએ સંતોને કહ્યું, ‘તમે સહુ સાબરમતી નદીએ સ્નાન કરી આવો. પશ્ચિમ તરફના દરવાજા તરફ તમે જજો. ૨૫. સમૈયાના દિવસોમાં સંતો અને હરિભક્તોને નાહવા માટે નદી અને સરોવર જેવી અનુકૂળતા કૂવા કે વાવમાં આવતી નહિ. ૨૬. **સહુ સંત-હરિભક્તોએ શ્રીહરિનાં વચનને મસ્તકે ચડાવ્યું. પછી તેઓ શ્રીહરિની મૂર્તિને હૃદયમાં યાદ કરતા કરતા સાબરમતી નદીએ ગયા. ૨૭. સ્નાન કરીને આવ્યા પછી શ્રીહરિની આ મૂર્તિને હૃદયમાં ધારીને તેની પૂજા કરી. પછી રસોઈ તૈયાર થઈ.** ૨૮. વર્ણીએ જે રસોઈ કરી હતી તે શ્રીહરિ પ્રથમ જમ્યા. પછી સંતો

અને પાર્ષદોને શ્રીહરિએ પીરસીને જમાડ્યા. ૨૯. પરમ નિપુણ અને રંગભીના આવા શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. જ્યારે સંતો અને પાર્ષદો જમી રહ્યા ત્યારે પોતે હાથ અને પગ ધોયા. ૩૦.

તે સમયે ચોપદાર મોતીરામ આવ્યા અને તેણે શ્રીહરિને કહ્યું કે, 'એરણ સાહેબને આપના ઉપર ઘણો જ આદરભાવ છે. ૩૧. તેણે આપનું સન્માન કરવાને માટે આપને ઘણા પ્રેમથી બોલાવ્યા છે. આપની નજરમાં આવે તેટલા સંતો અને હરિભક્તોને સાથે લાવજો. એમ કહ્યું છે. ૩૨. પરંતુ થોડા લઈ જઈએ તેમાં તેને ખુશી રહે છે, બહુ ઝાઝા લઈ જવાય તેમાં તેને રુચિ નથી. અમે તેની પાસે રહીએ છીએ, એટલે તેની મરજી જાણીએ છીએ. ૩૩. બહુ થોડા માણસો લાવજો, એવું એમણે કાંઈ નથી કહ્યું છતાં અમે તેણે નહિ કહ્યું હોવા છતાં કહીએ છીએ. આથી આપના ધ્યાનમાં આવે તેટલા જ મનુષ્યો સાથે લાવજો. ૩૪.

હે સુખદાયક ! આપ દેશકાળને જાણવામાં જે પ્રવિણ હોય એવા સંતો-ભક્તોને લાવજો. રાજદ્વારની રીત કાંઈ જુદી હોય છે. તે જેવી હોય તે આપે ઓળખેલી જ છે. ૩૫. મહારાજ ! આપ તો ભગવાન છો. બધી વાતને જાણો જ છો. બધી વાત આપના હાથમાં જ રહી છે. જેટલી પણ કાંઈ બાબત રહી છે તે બધી આપને લીધે જ થઈ છે.' ૩૬. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જેટલા રાજા નિપુણ હોય છે અને એમને જેટલો દેશ આધીન હોય છે એ જ કીર્તિરૂપી ભૂષણ એની ઓળખાણ છે. ૩૭. તેને હાથી, ઘોડા, રથ, મ્યાના તથા ધનનો અપાર ખજાનો હોય છે. વસ્ત્ર અને સોનાનાં આભૂષણો તો અપરંપાર હોય છે. ૩૮. તે મોટા રાજાઓ જે લોકો જેટલો કીર્તિનો માર્ગ છોડી દઈને ચાલતા હોય છે તેમને કશું જ માનતા નથી. કેમ જે, તે કીર્તિ-પદ-પ્રતિષ્ઠાને જ બધી વાત માને છે. ૩૯. આવા મોટા રાજા ભલે કોઈને ગમે તેટલી મોટાઈ આપે છે, તોપણ લેનારાએ તેટલું અધિક સહન કરવાનું રહે છે. કેમ જે, તેમના મનમાં કીર્તિ-આબરૂ સમાન કોઈ વાત નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિની ભક્તોને ઘેર પધરામણી અને સન્માન કરવા એરણ સાહેબનું આમંત્રણ" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥

પૂર અઢારમું : તરંગ - ૮૭

શ્રીહરિ અને એરણ સાહેબની મુલાકાત તથા નીતિ અને બુદ્ધિની પ્રશંસા

શ્રીહરિ એરણ સાહેબને મળવા ગયા ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને આનંદાનંદસ્વામીને સાથે લીધા. ૧. દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર, મોકા ખાચર, વસ્તા ખાચર, અમરા પટગીર, માણસિયા ખાચર, વેલા ખાચર અને વિસામણ ખાચર વગેરે તથા બધા પાર્ષદોને શ્રીહરિએ સાથે લીધા. ૨-૩. નાનાભાઈ ભટ્ટ, બન્ને નથુભાઈ, ચોપદાર કુબેરસિંહ અને દામોદારભાઈ વગેરે નગરના હરિભક્તોને સાથે લીધા. ૪. શ્રીહરિ તથા જેટલા કાઠી દરબારો હતા તે બધા અશ્વ ઉપર બેઠા હતા. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર પહેરી લીધા હતા. ૫. એક પણ ઘરેણું પાસે રાખ્યું નહિ અને સોનાના તાર વગરનાં બધા સાદાં વસ્ત્ર પહેર્યાં હતાં. બધાં વસ્ત્ર દૂધનાં ફીણ જેવાં ઊજળાં હતાં અને તેવું જ છત્ર મસ્તક ઉપર ધાર્યું હતું. ૬.

જે સંતો હતા તે બધા જઈને ગાડીમાં બેઠા હતા. એક એક સેવક સાથે રાખ્યા હતા. રાજમાર્ગમાં સહુ ઉમંગથી ચાલ્યા. ૭. આગળ પાછળ સહુ હરિભક્તો હતા અને ભદ્રના ત્રણ દરવાજે આવ્યા. તેના બંગલામાં ઊંચા માળ ઉપર સભા રાખી હતી. ૮. બિલોરી કાચનાં ઝુંમર અને રંગબેરંગી હાંડીઓ ઉપર બાંધી હતી. એરણ સાહેબ બંગલા ઉપર ઊભા હતા અને તેણે શ્રીહરિ આવતા હતા, તે દૂરથી જોયું. ૯. સાહેબે પોતાના નોકરને બોલાવીને કહ્યું કે, 'સ્વામિનારાયણની સાથે જે ચાર-પાંચ કુશળ મનુષ્યો હોય તેવા તમારા ભારતીય લોકોને જોઈને લાવવા અને બીજા જે મનુષ્યો હોય તે બધાને નીચે રાખજો.' ત્યારે નોકરે આવીને શ્રીહરિની આગળ સાહેબની કહેલી બધી વાત કહી. ૧૦-૧૧. શ્રીહરિએ તે સમયે સાહેબના કહ્યા પ્રમાણે બધું કર્યું અને તેનાથી સાહેબ રાજી થયા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. માથા ઉપરથી ટોપી ઉતારીને પગે લાગ્યા. ૧૨.

પછી શ્રીહરિએ તેનો હાથ પકડીને ટોપી તેનાં મસ્તક ઉપર મૂકી. સાહેબે શ્રીહરિનો હાથ પકડ્યો અને બેઠક સુધી આવ્યા. ૧૩. હાથીદાંત અને છીપોથી વિવિધ પ્રકારની બનાવેલી સુંદર ખુરશી ઉપર શ્રીહરિને અપાર પ્રેમથી બેસાડ્યા. ૧૪. શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને પોતાના ગુરુ સમજીને એક ખુરશી દેવડાવી અને બીજા સહુ પણ યોગ્ય રીતે બેઠા. ૧૫. તે વખતે સાહેબ બન્ને હાથ જોડીને શ્રીહરિની આગળ ઊભા રહ્યા. પછી શ્રીહરિએ તે સ્થળે સાહેબને માટે તરત ખુરશી મગાવી. ૧૬. જ્યારે શ્રીહરિએ સાહેબને ખુરશી ઉપર બેસાડ્યા ત્યારે તેઓ બેઠા. (સાહેબને ખુરશી પર બેસાડવારૂપ) બાબતમાં શ્રીહરિએ કેટલીક વાત દેખાડી. તેને યથાર્થરૂપમાં તો શ્રીહરિ એક જ જાણતા હતા. ૧૭. કોઈક દેહે કરીને ભગવાનને રાજી કર્યા હતા. તેથી તે (અંગ્રેજો) વ્યવહારમાં સહુથી ઉત્તમ અપાર બુદ્ધિને પામ્યા હતા. જેમાં લગાર પણ દોષ આવતો નથી. ૧૮. તેઓ પશુ, પક્ષીઓને મારવાના પાપ કરતાં મનુષ્યને મારવાનું પાપ અમાપ દેખતા રહેતા હતા. તે અમુક સ્વાર્થી દેવતાઓ અને મનુષ્યો કરતાં વધારે બુદ્ધિ પામ્યા હતા. દેવો, મનુષ્યો માણસોને પશુની જેમ મારતા હતા. કેમ જે, દેવતાઓ કે મનુષ્યો જ્યારે પોતાનો સ્વાર્થ ન સરે ત્યારે તેઓ માણસોને પણ પશુની જેમ જ તરત મારી નાખતા હતા. ૧૯-૨૦.

આ રીતે માણસને મારવારૂપ પાપનો દિલમાં લેશ પણ ત્રાસ-ભય લાગતો ન હતો. તેને કારણે તેની બુદ્ધિ મલિન થઈ ગઈ હતી. મલિન બુદ્ધિને કારણે રાજ્યનો સહેજે જ ઉચ્છેદ થઈ ગયો. ૨૧. અંતર્યામી ભગવાને માણસને મારવામાં જેનાં દિલમાં ત્રાસ થાય છે એવા રાજાને આ દેશનું રાજ્ય આપ્યું. ૨૨. અને તેને સહુથી શ્રેષ્ઠ બુદ્ધિ આપી છે. જેવી બુદ્ધિ હોય તેવું તે સમજે છે. અંતર્યામી પરમેશ્વર જેના અંતરમાં વિશેષ બુદ્ધિ પ્રકાશતા હોય તેના જેવો બીજો કોઈ શુદ્ધ કહી શકાતો નથી. ૨૩. આમ, તો ભગવાન સહુનાં હૃદયમાં રહ્યા છે, પરંતુ જેનામાં જેટલી સુબુદ્ધિ વિશેષ હોય છે તેટલાં તેનાં અંતરમાં પરમેશ્વર વિશેષ રહે છે. અને જેટલી કુબુદ્ધિ હોય તેટલા તેનાથી દૂર રહે છે. ૨૪. જેને પ્રગટ શ્રીહરિ મળે છે તે શુદ્ધ

જ્ઞાની બને છે. અને પ્રગટ ભગવાન મળ્યા વિના માણસ ઘટિત કે અઘટિત દેખી શકતો નથી. ૨૫. આ દેશમાં સહુને દબાવીને જે બોલતા હતા તે વધારે જ્ઞાની ગણાતા હતા. તથા જે બાધ અને નિર્બાધને વિચારે એવા હતા તે ન્યૂન ગણાતા હતા. ૨૬. જે લોકો બાધ અને નિર્બાધને ઓળંગીને ઉદ્ધત થઈને વર્તતા હતા, તેમને શિક્ષા કરવા માટે તેના ગુરુ થાય તેવા સુજ્ઞ આ રાજા થયા છે. ૨૭. તે સમયે સાહેબે શ્રીહરિના પ્રત્યે કહ્યું, 'આપ ઘટિત ન્યાયને માર્ગે જે ચાલો છો, તેને અમારા ઉપરના અધિકારી સાહેબ પણ જાણે છે. ૨૮. જેટલા યોગ્ય રીતે ચાલે છે અને જેટલા યોગ્ય રીતે નથી ચાલતા તે બધાને અમારા મોટા સાહેબ લોકો યથાર્થ રીતે જાણે છે. ૨૯. આપે આપના સંતો-હરિભક્તોની યોગ્યધર્મની મર્યાદા બાંધી છે. ધર્મમર્યાદામાં વસ્ત્ર, આભૂષણ વગેરે સમૃદ્ધિ અપરંપાર રહી છે. ૩૦.

ધર્મ જો જતો રહે અને બીજું રહે તો તેનાથી શું ફાયદો ? બુદ્ધિશાળી આવું બધું સમજે છે. આ લોકમાં જેટલી શુભકીર્તિ હોય છે તેટલો ધર્મ અને મોક્ષ હોય છે, તેમ અમે દેખીએ છીએ. ૩૧. આ લોકમાં જેટલી શુભકીર્તિ નથી હોતી તેટલો તેમાં ધર્મ અને મોક્ષ નથી હોતો. જીવના સમાન કોઈ શુદ્ધ નથી, તેની સાથે જે અનીતિ કરે છે તેને દુ:ખ થાય છે. ૩૨. જે લોકો જેવી અનીતિ કરે છે તેવું તેના દેહને દુ:ખ થાય છે. જેટલું દુ:ખ કહેવાય છે તે બધાનું દ્વાર અનીતિ છે. ૩૩. અમારામાં જે શુદ્ધ બુદ્ધિવાળા સાહેબો છે તેમની એવી સમજણ છે કે, જેટલું સુખ દેખાય છે તેનું દ્વાર નીતિ રહી છે. ૩૪. અમારા અંગ્રેજોમાં જેમાં વધારે નીતિ હોય અને વધારે બુદ્ધિ હોય તે મોટા ગણાય છે. નીતિ અને બુદ્ધિના જેવી બીજી કોઈ વાત હોતી નથી. નીતિ અને બુદ્ધિવાળા આ બે ધનાઢ્ય કરતાં પણ મોટા ગણાય છે. ૩૫. મેં કહ્યું તેમાં જે કોઈ ફરક આપને દેખવામાં આવે તે આપ મને કહેજો. દિલ મળ્યા સિવાય કહેવું તેમાં તો ઘણો વિચાર કરવો પડે છે.' ૩૬. ત્યારે શ્રીહરિએ એરણ સાહેબને કહ્યું કે, 'તમારામાં જે નીતિ અને બુદ્ધિ છે તે તમારા કોઈ પૂર્વનાં ભારે તપનું ફળ હોય તેમ અમને દેખાય છે. ૩૭.

તમારું અહીંયા રાજ્ય થવાથી મનુષ્યોના બધા જ દુઃખ દૂર થઈ ગયા છે અને અત્યંત સુખ શાંતિ થઈ છે. ૩૮. જેટલા અનીતિના માર્ગે ચાલતા હતા તેમને મનમાં અત્યંત દુઃખ થયું છે. તેમનામાં અનીતિ હોવાથી તેમને સુખ રહ્યું નથી. ૩૯. જેટલું સુખ થાય છે તે અમે નીતિમાં દેખીએ છીએ અને જેટલું દુઃખ થાય છે તે અનીતિમાં દેખીએ છીએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ અને એરણ સાહેબની મુલાકાત તથા નીતિ અને બુદ્ધિની પ્રશંસા" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર અઢારમું : તરંગ - ૮૮

એરણ સાહેબે સ્ત્રી-પુરુષની અલગ સભાની શ્રીહરિ પાસે પ્રશંસા કરી

તે સમયે એરણ સાહેબે શ્રીહરિને કહ્યું કે, 'જે લોકો અનીતિમાં સુખ માને છે તે બધા અસુરો છે. ૧. જેટલા લોકો અનીતિ કરે છે તેને માટે અમે કાળનું રૂપ ધરીને આવ્યા છીએ. અને નીતિવાળાના અમે પરમ મિત્ર થયા છીએ. અને તે નીતિવાળાની સંભાળ રાખીએ છીએ. ૨. અમે તપાસ કર્યા પછી જેમાં જેટલી નીતિને દેખીએ છીએ તેટલી તેમાં મોટાઈ દેખીને અમારા દિલમાં આનંદ થાય છે. ૩. હવે આપને માટેની જગ્યા આપે ક્યાં દેખી છે ? તે અમને કહો. અમે તે અંગે ચોક્કસ તપાસ કરીને આપને આપવા માટે તે નક્કી કરીએ.' ૪. પછી શ્રીહરિએ કહ્યું કે, 'તમે જે અમને કહો છો તે નવાવાસની પાસે જે જગ્યા ઉજ્જડ પડી છે તેની તપાસ કરવી. ૫. અમારી નજરમાં તે જગ્યા આવી છે અને તે અમે ચોક્કસ કહીએ છીએ.' તે સાંભળીને એરણ સાહેબ ઘણા ખુશી થયા. પછી તેણે ફૂલના હાર મંગાવ્યા. ૬. પાનબીડાની ઉપર સરસ સોનાનો વરખ ચઢાવ્યો હતો. લવીંગ તથા એલાયચી વગેરે બધાના ઉપર પણ સોનાનો વરખ ચઢાવ્યો હતો. ૭. સાહેબે ગુલાબદાની અને અત્તર મગાવ્યું. તે વખતે ત્રણ શાલો મગાવી. બીજા સફેદ વસ્ત્રના દસ-બાર તાકા મગાવ્યા. ૮. તે બધી વસ્તુઓની અલગ અલગ

છાબો ભરી હતી, તે બધી શ્રીહરિની આગળ રાખી. જેટલા કાઠી દરબારો હતા તે બધાને સાહેબે તે સ્થળે બોલાવ્યા. ૯. તે દરબારો જ્યારે આવ્યા ત્યારે સાહેબ ખુરશી ઉપરથી ઊભા થયા અને પહેલા તેણે શ્રીહરિને ફૂલના હાર પહેરાવી દીધા. ૧૦.

શાલ ઓઢાડીને અત્તર આપ્યું. આ રીતે તેણે ઘણું હેત દેખાડ્યું. તે પછી ઘણા પ્રેમથી મુક્તાનંદસ્વામીને ફૂલનો હાર પહેરાવ્યો. ૧૧. જે બીજી શાલ હતી તે સ્વામીને ઓઢાડી અને ત્રીજી શાલ જે હતી તે દરબાર દાદા ખાચરને ઓઢાડી. અને પાછળ જે તાકાઓ હતા તે બધા મોટા સંતોને એક એક તાકો ઘણા ભાવથી આપ્યો. સાહેબ ઘણા બુદ્ધિમાન હતા. ૧૨-૧૩. બીજા જે દરબારો હતા તેમને તે વખતે એક એક તાકો મનમાં ખૂબ રાજી થઈને આપ્યો. ૧૪. સહુને રૂવાળી એક એક સળી અત્તરમાં બોળેલી આપી અને ગુલાબદાની લઈને ગુલાબજળ સહુના ઉપર છાંટ્યું. ૧૫. લવીંગ અને એલાયચી જેમ ઘટે તેમ આપ્યા. અને જે પાનબીડા હતા તે પણ પછીથી લઈને આપ્યા. ૧૬.

શ્રીહરિ સવારના દસ વાગે સાહેબને મળવા આવ્યા હતા તે જ્યારે બાર વાગ્યા ત્યારે ત્યાંથી પાછા આવવા ચાલ્યા. ૧૭. જ્યારે શ્રીહરિએ જવાની રજા માગી ત્યારે સાહેબ બોલ્યા કે, 'હવે આપ ફરીને ક્યારે આવશો ? તે વાત મને અત્યારે ચોક્કસ સાચું કહો. ૧૮. આપને જવા માટે રજા આપવામાં અમારું દિલ અત્યારે ચાલતું નથી. જો આપ અહીં પાંચ દિવસ રહો તો અમે તેમાં ઘણા ખુશી છીએ. ૧૯. આપમાં કોઈ પણ વિકાર નથી અને તેવા તમે સહુ ભક્તોને નિર્વિકાર કરો છો. ગુરુ થઈને જેટલો વિકાર પોતામાં રાખે છે તેટલો વિકાર તેના શિષ્યમાં આવે છે. જો ગુરુ વિકારથી ભરેલા હોય તો તેના શિષ્ય વિકારને ક્યાંથી છોડી શકે ? તેવા વિકાર ભરેલા ગુરુઓ રજા આપવાને લાયક છે. ૨૦-૨૧.

જે લોકો સ્ત્રીઓ અને પુરુષોની સભા ભેળી કરીને ભેળા બેસે છે તેનું નામ અમે વિકાર કહીએ છીએ. તેની જેને લગાર પણ શંકા નથી તેવા ગુરુઓ જેટલા સ્ત્રી અને પુરુષ છે તેમને ભેળા કરવાને માટે ગામે

ગામ મંદિર બાંધે છે, અને તેમાં મૂર્તિ લઈને પધરાવે છે. ૨૨-૨૩. જ્યારે આરતી કરે છે ત્યારે નરનારીઓ બધા ભેળા થઈ જાય છે, મધપુડાના ઉપર જેવી માખો બેઠી હોય છે તેવા ભેળા મળી જાય છે. ૨૪. સ્ત્રી અને પુરુષો જેટલા ભેળા ભીડામાં ઘસાય છે તેમાં અને વિવાહ, ભાંડ, ભવાઈ અને હોળી વગેરેમાં ઘણો વિકાર થતો હોય છે. ૨૫. તે વિકારને આંખથી દેખે છે, નિર્લજ શબ્દો બોલે છે. અને પરસ્પર એકબીજાને વિકારીભાવ હોવાથી કોઈ તેમાં શંકા લાવતા નથી. ૨૬. આપ એક જ સ્ત્રી અને પુરુષોની ભેળી એક સભા કરતા નથી, તેનું કારણ તો આપ નિર્વિકાર છો તે છે. ૨૭. મને એવું દેખાય છે કે જે નિર્વિકારી પરમેશ્વર છે એ જ આપમાં સાક્ષાત્ રહ્યા છે. ૨૮. પુરુષને સ્ત્રી ઘણી પ્રિય લાગતી હોય છે અને જેમાં જેને હેત થાય તેમાં તે તલભાર પણ શંકા કરતો નથી. ૨૯. અને તેના પ્રેમમાં જે શંકા કરે છે, તે પુરુષ તેને પોતાનો કટ્ટર શત્રુ માને છે. અને જે વર્ણાશ્રમનો ધર્મ છે તેને તો તેઓ ઉપરથી દેખાવ પૂરતો રાખે છે. ૩૦.

આપે બાંધેલા ધર્મને લીધે વિવેક અને અવિવેક દેખાય છે. સૂર્ય અને રાત્રીની જેમ વિવેક અને અવિવેકની વિગત આવા ધર્મથી થાય છે. ૩૧. જે ધર્મનો માર્ગ બાંધ્યો છે તેનાથી અધર્મરૂપ કુમાર્ગ દેખાય છે. સન્માર્ગ વિના કુમાર્ગ બધાને ક્યારેય દેખાતો નથી. ૩૨. ખેતી કે રહેઠાણની જમીનના નિયમ બાંધ્યા છે તેણે કરીને ક્યારેય વિરોધ થાતો નથી. તેમજ વિવાહના નિયમો હોય છે તો તેનાથી અનિયમ ચોખ્ખા દેખાય છે. ૩૩. વર્ણના ધર્મ-નિયમોથી વર્ણ બહારના દેખાઈ આવે છે. વળી આશ્રમના ધર્મ-નિયમોથી આશ્રમ વગરના જે હોય તે દેખાઈ આવે છે. ૩૪. જે જે બાબતના નિયમો હોય છે તો તે નિયમરૂપ દીવાથી તે તે બાબત ખરી ખોટી દેખાઈ આવે છે. નિયમોને લીધે તે બાબત ક્યારેય છૂપાયેલી રહેતી નથી. ૩૫. આ યોગ્ય છે અને આ અયોગ્ય છે આવી બાબતો ચારે વેદમાં રહી છે, માટે જે જેટલો યોગ્ય રીતે ચાલે છે તેટલો તેમાં વેદનો વાસ છે. ૩૬. અને જે અયોગ્ય રીતે ચાલવામાં આવે છે તે વેદથી બહાર ચાલ્યા કહેવાય છે. ઋષિઓએ વિચાર કરીને તે બાબત ઉપર ધર્મ શાસ્ત્રો રચ્યા છે. ૩૭. જેની

જેવી સમજણ હતી તે પ્રમાણે કેટલાક પુરાણો પણ રચ્યા છે. એરણ સાહેબ કહે છે કે, તે માટે આપ પણ પોતાની સમજણને અનુસારે શાસ્ત્રની રચના કરજો. ૩૮. જેમાં જે સામર્થ્ય હોય છે તે શાસ્ત્રોના દ્વારા દેખી શકાય છે. જો શાસ્ત્ર ન રચ્યું હોય તો તે સામર્થ્ય દેખાતું નથી. ૩૯. આ બ્રહ્માંડ થયું ત્યારથી આરંભીને જેટલા સમર્થ પુરુષો થયા છે તે બધા શાસ્ત્રો દ્વારા જોવા જાણવામાં આવે છે.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "એરણ સાહેબે સ્ત્રી-પુરુષની અલગ સભાની શ્રીહરિ પાસે પ્રશંસા કરી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥

પૂર અઢારમું : તરંગ - ૮૯

શ્રીહરિ એરણ સાહેબ પાસેથી રજા લઈને અમદાવાદ શહેરથી બહાર નીકળ્યા

ત્યારે શ્રીહરિએ એરણ સાહેબની આગળ કહ્યું કે, 'વેદ, ધર્મશાસ્ત્ર અને પુરાણ, એ બધાનો સિદ્ધાંત એક છે. તેને જે બુદ્ધિમાન હોય તે જ સમજી શકે છે. ૧. તે શાસ્ત્રોમાં સત્ય અને અસત્ય એવી બધી બાબતો જોઈ શકાય છે. તેથી જેની જેવી રુચિ હોય તેને તેવી વાત ગમે છે. ૨. જેટલા આસ્તિક લોકો છે તે બધા વેદ અને પુરાણોને સત્ય માને છે. અને જે નાસ્તિક છે તેમને તે વેદ અને પુરાણ ગમતા નથી. ૩. નાસ્તિક લોકોને આસ્તિક કરવા માટે જ્યોતિષ અને વૈદક શાસ્ત્રની રચના કરી છે. મોટા પુરુષોની દીર્ઘદૃષ્ટિની આ વાત છે. ૪. ચાહે તેવો નાસ્તિક હોય, તોપણ તે જ્યોતિષ અને વૈદકને સાચું માનતો દેખાય છે. તે નાસ્તિક આ બે શાસ્ત્રમાં નાસ્તિક દેખાતો નથી. ૫. ચાહે તેવો નાસ્તિક હોય, તોપણ તે દેહની બાબતમાં તો આસ્તિક જ રહે છે. ધન કમાવા ઉદ્યમ કરવામાં તે નાસ્તિકપણું રાખતો નથી. ૬. તે નાસ્તિક દેહ અને દેહનાં સંબંધીઓનું ભરણ પોષણ કરવામાં નાસ્તિકપણું રાખતો નથી, પરંતુ તેમાં તો તે આસ્તિકભાવ રાખે છે. ૭. મોક્ષનાં જેટલાં દ્વાર છે તેને નાસ્તિકો બંધ કરીને બેઠા છે, પરંતુ

કર્મમાર્ગમાં તો તેઓ આસ્તિક હોય છે. ૮. સર્વ જગતનું કારણ ભગવાન છે, તેમ તે નાસ્તિક માનતા નથી. જે કોઈ પણ બાબત હોય તેના કેટલાક ઉપકરણો(સાધનો) હોય છે. ૯. કોઈ એક ઉપકરણથી કોઈ બાબત બનતી હોય તેવું દેખી શકાતું નથી. જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનું અપાર દુઃખ રહ્યું છે. ૧૦. ભગવાનનું ભજન કર્યા સિવાય તે દુઃખો ક્યારેય તત્કાળ નિવૃત્ત થતા નથી. માણસની બુદ્ધિ એકસરખી રહેતી નથી, જેવા શબ્દ કાને સાંભળે છે તેવી બુદ્ધિ થઈ જાય છે. **જે શબ્દને જેવા રૂપમાં સાંભળવામાં આવે છે, મનુષ્યની બુદ્ધિ તેવી રીતની થઈ જાય છે. જ્યારે તે બુદ્ધિ પાકીને દૃઢ થઈ જાય છે પછી તે છોડાવવી હોય, તોપણ ક્યારેય છૂટતી નથી.** ૧૧-૧૨.

दोहा : बलवान जेसे संग हि, तेसी मति हो जात;
बलवान रहाये संग हि, इमी हम हि देखात...१३

સંગ જેવો બળવાન હોય તેવી મનુષ્યની બુદ્ધિ થઈ જાય છે. માટે અમને તો એવું દેખાય છે કે સહુથી બળવાન સંગ રહ્યો છે. ૧૩. શુદ્ધ સોનું હોય તેમાં કોઈ આકાર હોતો નથી, પણ તેમાં જેવા ઘાટ ઘડવામાં આવે છે તેવો તે સોનાનો આકાર બની જાય છે. ૧૪. સોનાનું કારણ ભૂમિ છે પણ સોનાને તપાવવાથી જ્યારે ભૂમિનો બીજો ભાગ બળી જાય છે ત્યારે તે શુદ્ધ સોનું થાય છે. તે રીતે જીવને પણ કર્મ અને વાસનારૂપ ઉપાધિનું દુઃખ ટળી જાય છે, ત્યારે તે શુદ્ધ થાય છે. ૧૫. છેવટે તો સોનું અને ભેગ બધું ભૂમિ જ છે. ભલે દૃષ્ટાંત અને સિદ્ધાંત અલગ રહ્યા હોય. જેટલા લોકો ભગવાનનું ભજન કરે છે તેમને સંસૃતિ રહેતી નથી. ૧૬. ધર્મસર્ગ જે કહેવાય છે તેને ઓળખ્યા પછી જે તેનો આશ્રિત થાય છે તેનો મોક્ષ થયા સિવાય રહેતો નથી. ૧૭. જે દેશ જવાનું હોય તેનો સાચો જાણભેદું જો મળી જાય તો તે દેશ આવ્યા સિવાય રહેતો નથી, તેમ ધર્મસર્ગની પણ તેવી જ વાત કહેવાય છે. ૧૮. કોઈ ચોક્કસ આધાર વિના અગ્નિ પણ પ્રગટ દેખાતો નથી, તેમ અગ્નિરૂપ જે ભગવાન છે તેનો આધાર ધર્મસર્ગ દેખાય છે. ધર્મસર્ગ સિવાય ભગવાનરૂપી દ્વાર દેખાતું નથી.

આમ સમજીને અમે ધર્મદેવને તેના પત્ની ભક્તિએ સહિત, દઢ વિશ્વાસથી માનતા રહીએ છીએ. તે ધર્મ અને ભક્તિના વિના બીજા બધા પાસ(સંસર્ગ)નો અમે ત્યાગ કર્યો છે. તે બન્ને સિવાયનો બીજાનો જેટલો પાસ રહે છે, તેટલું તેમાં અપાર દુઃખ દેખાય છે. ૧૯-૨૧.

અમે આ વાતને જેવી દઢ કરી છે તેવી અમારા આશ્રિતોને પણ બતાવીએ છીએ.' એરણ સાહેબે શ્રીહરિની આટલી વાત સાંભળી ત્યારે તેઓ ગદ્‌ગદ કંઠ થઈ ગયા. ૨૨. સાહેબ શ્રીહરિને વારંવાર ભેટ્યા અને ઘણા પ્યારથી મૂર્તિને હૃદયમાં ધારી લીધી. પછી હૃદયના સ્નેહરૂપી મહેલમાં તે શ્રીહરિની મૂર્તિને ધારી રાખી. ૨૩. તે મૂર્તિને આવી રીતે યત્ન કરીને હૃદયમાં જે ધારણ કરી હતી તેની બીજા કોઈને ખબર પડવા દીધી નહિ. આ દુનિયામાં આત્મકલ્યાણ માટેનું જેટલું કામ કરવાનું હતું તે બધું સાહેબે કરી લીધું. ૨૪. **જેને શ્રીહરિનો સાક્ષાત્‌ મેળાપ થયો હોય છે, તેણે કરવાની બાબત બધી કરી લીધી હોય છે. અને પછી જેટલું જીવન જીવવું તે દિવસ કાપવા જેવું તેઓ માને છે.** ૨૫. શ્રીહરિ મળ્યા પછી કરવાની કોઈ બીજી વાત રહેતી નથી અને મળ્યા પછી પણ અન્ય કોઈ બાબતમાં જેટલી રુચિ રહેતી હોય તેટલી તેને બાળબુદ્ધિ સમજવી. ૨૬.

જીવને જે આવશ્યક કરવાની વાત છે તેને જીવ કરતો નથી એટલે વારંવાર અનંત જન્મોને ધરે છે અને તેને સહુ કબૂલે છે. ૨૭. **કરવાની જેટલી બાબત છે તેને તે કરતો નથી અને બીજું બધું કરે છે. અને તેને લીધે આ સંસૃતિમાં તેને કેટલીય વાર જન્મમરણ થયા કરે છે, છતાં તેનો તે વિચાર કરતો નથી.'** ૨૮. એરણ સાહેબને તે સમયે ઉપરોક્ત કહ્યું તેવું સમજાણું. અને તેણે શ્રીહરિને ઘણા સમર્થ જાણ્યા. પછી તેણે શ્રીહરિને કહ્યું કે, 'આપની જેવી ખુશી હોય તે પ્રમાણે બધું કરજો. ૨૯. આપની જેટલી વાત છે તેમાં મોક્ષરૂપ પુરુષાર્થ રહ્યો છે.' તે પછી તત્કાળ જ શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૩૦.

શ્રીહરિ ચાલ્યા ત્યારે આગળના ભાગમાં વિલાયતી બેન્ડ વાજા તૈયાર રાખ્યા હતા. શ્રીહરિની આગળ તેને મોકલ્યા, અને તેઓ બેન્ડ વગાડતા વગાડતા આગળ ચાલ્યા. ૩૧. સુરક્ષા માટેની એક પલટન શ્રીહરિની આગળ

મોકલેલી હતી. બહુનામી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને રાજમાર્ગે ચાલ્યા. ૩૨. આ રીતે શ્રીહરિ નવાવાસમાં આવ્યા અને ત્યાંથી બેન્ડ અને બધી પલટનને રજા આપી. તે પછી શ્રીહરિ તૈયાર થઈને તરત જ અમદાવાદથી ચાલી નીકળ્યા. ૩૩. સંતો, વર્ણી અને જે હરિભક્તો હતા તે સહુ શ્રીહરિની આગળ ચાલ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. ૩૪. શ્રીહરિની જે સવારી હતી તે બધી સાથે ચાલતી હતી. જેટલા વાજિંત્ર અને નિશાનો હતા તે આગળના ભાગમાં ચાલતા હતા. ૩૫. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતાં હતાં. અને શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા જતા હતા ત્યારે નગરમાં જેટલા ભાવિક લોકો હતા તે બધાં દર્શન કરતા હતા. ૩૬. જે છડીદારો હતા તે બધા હાથમાં સોનેરી છડી લઈને આગળ ચાલતા હતા અને જયજયકાર કરતા હતા. ૩૭. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા કીર્તન બોલતા હતા. એવી અદ્ભુત શોભા હતી કે જે મુખથી કહી શકાતી નથી. ૩૮. માણેકચોક થઈને રાજમાર્ગે ચાલ્યા. પછી વટવાને દરવાજે થઈને નગરની બહાર નીકળ્યા. ૩૯. શ્રીહરિની મૂર્તિ ફૂલોના હારથી છવાઈ ગઈ હતી. તે મૂર્તિમાં બધા ભક્તજનો સ્નેહથી લીન થઈ ગયા હતા અને શ્રીહરિ પ્રસન્નમનથી ચાલ્યા આવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબ પાસેથી રજા લઈને અમદાવાદ શહેરથી બહાર નીકળ્યા" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥

પૂર અઢારમું : તરંગ - ૯૦

શ્રીહરિએ અસલાલીથી જેતલપુર આવીને ભક્તિ-માતાનો જન્મોત્સવ કર્યો

જ્યારે શ્રીહરિ અમદાવાદ શહેરથી નીકળીને થોડાક આગળ ગયા ત્યારે વાજિંત્ર અને નિશાનવાળાઓને રજા આપી. ૧. તે સહુને સંભારીને શ્રીહરિએ ફૂલના હાર આપ્યા. અને પ્રત્યેકને એક એક શેર જેટલી મીઠાઈ આપી. ૨. તે સિવાયના જેણે જેટલા કહ્યા તેને તેટલા રૂપિયા પણ આપ્યા.

સહુ ત્યાં ઊભા રહ્યા પછી તેને રાજી કરીને શ્રીહરિ આગળ ચાલતા થયા. ૩. જે ચોપદાર હતા તે બધાને ફૂલના હાર આપ્યા, પતાસા આપ્યા અને એક એક પાઘ આપી. ૪. અમદાવાદના જેટલા હરિભક્તો હતા તે બધાને ત્યાં ઊભા રાખ્યા. સહુ હરિભક્તો પગે લાગ્યા અને તેમણે શ્રીહરિના ચરણકમળને પોતાના માથા ઉપર લીધા. ૫.

જ્યારે હરિભક્તો પગે લાગી રહ્યા પછી શ્રીહરિ આગળ ચાલતા થયા અને તત્પર થઈને અસલાલી ગામને માર્ગે ચાલ્યા. ૬. આગળ જતાં એક મસ્જિદ અને મોટું ચંડોળા નામે તળાવ આવ્યું. તેમાં અશ્વને પાણી પાયું. પછી આગળ ચાલતા માર્ગમાં એક વાવ આવી. ૭. ત્યાં શ્રીહરિ, સંતો, વર્ણી અને પાર્ષદો, તે સહુએ ગાળીને પાણી પીધું. જ્યારે શ્રીહરિ **અસલાલી** ગામને સમીપ આવ્યા ત્યારે તે ગામમાં જેટલા પાટીદાર હરિભક્તો હતા તે પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. તે સમયે હરિભક્તોમાં ગોપાલજીભાઈ નામે પાટીદાર મુખ્ય હતા. ૮-૯. તે સિવાય કેટલાક મોટા અમીન કહેવાતા હતા. અમીનાતથી ખરેખર તેમની આબરૂ બંધાયેલી હતી અને અમીનોમાં પણ વેણીભાઈ ઘણા મોટા મુમુક્ષુ હતા. ૧૦.

વેણીભાઈને તીર્થ કરવા જવાની મનમાં ઘણી આતુરતા હતી. તે જાણીને ગોપાલજીભાઈએ ઘણા હેતથી તેમને કહ્યું, ૧૧. 'શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે પ્રગટ થયા હતા ત્યારે મથુરાના યજ્ઞ કરનારા યાજ્ઞિક ઋષિઓએ શ્રીકૃષ્ણે મોકલેલ ગોવાળોનું ન માન્યું. અને કુળના અભિમાનમાં જ તેઓ વધારે ને વધારે બંધાઈ રહ્યા તેથી તેમણે પોતાને ધિક્ ધિક્ કહ્યા છે. ૧૨. **તે બાબતને તમે સંપૂર્ણ જાણો છો તેવી જ વાત અત્યારે અહીં છે કે બધા જ તીર્થોને પણ પવિત્ર કરનાર તીર્થરૂપ શ્રીહરિ આપણે ઘેર આવી રહ્યા છે. ૧૩. માટે તમે તે શ્રીહરિની સન્મુખ ચાલો. તેમાં મોટપ રહી છે. માણસની જેટલી મોટાઈ છે તે માન રાખવાથી ઘટી જાય છે. તેમાં હું કાંઈ મિથ્યા કહેતો નથી.'** ૧૪. ગોપાળજીભાઈ જેવા હરિભક્તનો ભાવ દેખીને વેણીભાઈના હૃદયમાં ભગવાન તે વાતરૂપે ઊતર્યા. પછી તેઓ હાથમાં

એક શ્રીફળ અને રૂપિયો લઈને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૧૫. અત્યંત નિપુણ આવા વેણીભાઈએ શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીફળ અને રૂપિયો ભેટ મૂક્યા, ત્યારે શ્રીહરિએ તેમને હેતથી બોલાવ્યા. ૧૬. વેણીભાઈએ જ્યારે શ્રીહરિની મૂર્તિનાં દર્શન કર્યાં ત્યારે તેના અંતરમાં પ્રકાશ થયો અને અપાર પ્રેમ વધ્યો. ૧૭. પછી શ્રીહરિએ વેણીભાઈને સત્સંગના વ્રતમાન નિયમ ધરાવ્યા. પછી તેને પોતાની અમીનાતની મોટાઈ હતી તે હરિભાઈને આપી દીધી. ૧૮. અમદાવાદ પરગણા(તાલુકા વિસ્તાર)ની તેઓ અમીનાત કરતા હતા. અને જેટલા ફેલ કહેવાય છે તે બધા તેમનામાં ભરપૂર રહ્યા હતા. ૧૯. અજ્ઞાની લોકો જેમાં જેટલા વધારે ફેલ હોય છે તેટલી તેમાં પોતાની મોટાઈ માને છે. દારૂ, માંસ અને વ્યભિચાર, એ બધા જ્યાં અમલ(સત્તા) હોય છે તેટલા ત્યાં ચોક્કસ રહે છે. ૨૦.

ફેલી લોકો પોતાની સત્તાનું તે બધું ફળ માને છે. જેને કાંઈ સત્તા મળી હોય અને તે જો દારૂ, માંસ ખાતા પીતા ન હોય અને વ્યભિચારથી ડરતા હોય તો તેને ફેલી લોકો નમાલો દેખે છે. અને ફેલી લોકોને સત્સંગના ઉપર દ્વેષ રહ્યો હોય છે. વેણીભાઈને શ્રીહરિએ પહેલા વ્રતમાન-નિયમ ધરાવ્યા. ૨૧-૨૨. તે પછી ધર્મદુલારા શ્રીહરિ અસલાલીથી ચાલ્યા અને **જેતલપુર** આવ્યા. જેટલા હરિભક્તો જે જે દેશથી વૌઠા ગયા હતા તે બધા જેતલપુર આવ્યા હતા. જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે સહુ સન્મુખ આવ્યા. તેમજ જેતલપુર ગામમાં જે પાટીદાર હરિભક્તો હતા, તેઓ પણ ઘણા પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૩-૨૪. શ્રીહરિની સન્મુખ જે હરિભક્તો આવ્યા હતા તે બધા ફૂલના હાર લાવ્યા હતા. સહુએ શ્રીહરિને તે હાર પહેરાવ્યા અને પછી ચરણમાં નમી પડ્યા. ૨૫.

જેતલપુરમાં જે વિપ્રો હરિભક્તો થયા હતા, તેઓ પણ ભક્તિભાવથી સન્મુખ આવ્યા અને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૨૬. જેતલપુરના બીજા પણ જે જે હરિભક્તો સામે આવ્યા હતા તે બધા વારંવાર શ્રીહરિને પગે લાગ્યા. ૨૭. હરિભક્તોએ આગળના ભાગમાં ઢોલ અને તાંસા વગડાવીને શ્રીહરિને

ગામમાં પધરાવ્યા. અને પછી મંદિરમાં આવીને ઊતારો કર્યો. ૨૮. કાર્તિકી પુનમના દિવસે ભક્તિમાતાનો જન્મ થયો હોવાથી તે નિમિત્તે મહાન ઉત્સવ કર્યો. અને સંતો, વર્ણી તથા વિપ્રોને ઘણા પ્રેમથી સારા પકવાનો કરાવીને અતિ હેતભાવથી જમાડ્યા. જેટલા હરિભક્તો બહારથી આવ્યા હતા, જે ગામના હરિભક્ત હતા, અને તે સિવાયના જે હતા તે સહુને સંભારીને શ્રીહરિએ જમાડ્યા. અને પછી શ્રીહરિ જમ્યા. જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે મહોલની જગ્યામાં જ્યાં આસોપાલવ છે તેની નીચે સુંદર પાટ બિછાવી હતી. પછી શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૨૯-૩૨.

તે સમયે નિષ્કામપણાના ગુણવાળા સંતો અને વર્ણીઓ સભા કરીને બેઠા. અને જેટલા હરિભક્તો આવ્યા હતા તેઓ પણ સભામાં આવીને બેઠા. ૩૩. (તે સમયે ત્યાં અમદાવાદનો માળી મહારાજનું પૂજન કરવા હાર લાવ્યો અને મહારાજનું પૂજન કર્યું. પછી મહારાજ કહે, 'આ તુલજારામ જેવા જે હોય તે આવો, તેને હાર પહેરાવીએ.' ત્યારે સભામાંથી ઘણા ભક્તો આવ્યા. જે આવે તેને મહારાજ એક હાર પે'રાવે કે તરત બીજો હાર કંઠમાં આવી જાય. આમ, મહારાજે બધા ભક્તોને હાર પહેરાવ્યા. આવું ઐશ્વર્ય જોઈ સહુ રાજી થયા. પછી મહારાજ કહે, 'સદ્‌ગુરુઓ થકી દેહભાવ મેલી બ્રહ્મભાવે ખેલાય આવું જ્ઞાન પમાય છે. માટે આપણે થોડા સદ્‌ગુરુઓ વધારવા છે.' એમ કહી નવા આઠ સદ્‌ગુરુઓ ત્યાં બનાવ્યા. (હરિલીલામૃત : ૭/૭૫) માં કહ્યું છે,

આનંદાદિક સંત જે બાર, ઠરાવ્યા સદ્‌ગુરુ તેહ ઠાર;
તેમાં પ્રથમ કર્યા હતા ચાર, બીજા આઠ કર્યા એહ વાર.
આત્માનંદ જે ભાઈ કહાવે, સ્વયંપ્રકાશાનંદ સુહાવે;
તથા મા'નુભાવાનંદસ્વામી, એહ આદિ પૂરા નિષકામી.
સર્વ જનને કહે સુખકારી, જેમ પૂજા કરો છો અમારી;
વળી આજ્ઞાઓ માનો છો જેમ, સદ્‌ગુરુઓને સેવજો તેમ.
જેમ વિશ્વમાં કરવા પ્રકાશ, રવિ બાર કર્યા છે આકાશ;
તેમ પાડવા જ્ઞાનનું તેજ, કર્યા બાર આ સદ્‌ગુરુ એ જ.

પછી મહારાજે સહુ સદ્‌ગુરુઓને પલંગ ઉપર બેસાડ્યા. ત્યારબાદ હરિભક્તોને કહ્યું, 'આજથી સર્વે સત્સંગની જવાબદારી આ સદ્‌ગુરુઓને અમે સોંપીએ છીએ. માટે અમારી પેઠે આ સદ્‌ગુરુઓને તમારે સર્વેએ માનવા. આ સદ્‌ગુરુઓ સત્સંગના સ્તંભ સમાન છે માટે તેમની આજ્ઞામાં સહુ વર્તજો. ને જેમ અમારી પૂજા કરો છો તેમ તેમની પણ પૂજા કરજો. ને અમારી સેવા કરો છો તેમ તેમની સેવા કરજો. આ સંતો ભવસાગર તરવાના વહાણરૂપ છે. અનંતકોટી બ્રહ્માંડમાં આવા કોઈ સંત નથી.' એમ કહી શ્રીહરિએ પ્રથમ સદ્‌ગુરુઓની પૂજા કરી, પછી ભક્તો પાસે પણ પૂજા કરાવી.) જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બે ચાર મશાલો કરાવી. સંતોએ તથા બધી સભાએ ઊભા રહીને આરતી અને ધૂન કરી. ૩૪.

આરતી અને ધૂન થઈ રહ્યા પછી 'જય સ્વામિનારાયણ... જય સ્વામિનારાયણ...' એમ સહુ પરસ્પર પરમ પ્રેમરસથી બોલતા હતા. ૩૫. સંતો અને વર્ણી જ્યારે નીચા બેસી ગયા ત્યારે ત્યાં આવેલા બધા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે પૂજા લાવ્યા હતા. ૩૬. હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે તેણે પૂજા કરી અને તે પૂજાને શ્રીહરિએ પરમ પ્રેમરસથી પૂર્ણ થઈને સ્વીકારી. ૩૭. પછી સંતોએ ખૂબ પ્રેમમગ્ન થઈને ભક્તિમાતાનો જન્મોત્સવ ઝાંઝ, મૃદંગ લઈને કર્યો. ૩૮. તે જન્મોત્સવ કરતા અધરાત થઈ ગઈ અને બધા હરિભક્તો પણ ત્યાં સુધી શ્રીહરિની પૂજા કરતા રહ્યા. ૩૯. અધરાતથી વધારે જ્યારે સમય થયો ત્યારે તે દેખીને શ્રીહરિ બોલ્યા કે, 'હવે આપણો સમૈયો પૂરો થઈ ગયો છે.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિએ શ્રીનગરથી અસલાલી થઈને જેતલપુર આવીને ભક્તિમાતાનો જન્મોત્સવ કર્યો" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર અઢારમું : તરંગ - ૯૧

જેતલપુરથી નીકળેલા શ્રીહરિએ લૂંટારાઓને પકડ્યા અને મુક્તમુનિ આદિ ત્રણ સદ્‌ગુરુઓને વડોદરા મોકલ્યા

જ્યારે ઉત્સવ થઈ રહ્યો ત્યારે શ્રીહરિએ સર્વે હરિભક્તોને ઊંચે સાદે ઘેર જવાની રજા આપી. ૧. બીજા દિવસે શ્રીહરિએ મંદિરમાં સંતો માટે સુંદર લાડુની રસોઈ કરાવી અને સહુ સંતોને જમાડ્યા. ૨. તે દિવસે જેતલપુર ગામના પટેલ આશજીભાઈની રસોઈ હતી, તે શ્રીહરિ જમ્યા. પછી અશ્વ ઉપર બેઠા અને જેતલપુરથી તરત ધોળકા ગામ તરફ ચાલતા થયા. ૩-૪. બહુનામી શ્રીહરિ નારુ ગામ થઈને **વસાઈ** ગામ આવ્યા.

ત્યાં જેઠાભાઈ નામના હરિભક્ત પાટીદારોમાં મુખ્ય હતા. ૫. અને બીજા જે પાટીદાર હરિભક્તો હતા, તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુના અંતરમાં આનંદ છવાઈ ગયો. ૬. સહુ હરિભક્તો શ્રીહરિના ચરણમાં આવીને પડ્યા અને પોતાને ઘેર લઈ ગયા. સંતો અને વર્ણી વગેરે સહુ સાથે હતા. હરિભક્તોએ શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. ૭. સહુએ ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિ તરત જ ચાલતા થયા. સાબરમતી નદી ઊતરીને **ટીંબા** ગામ આવ્યા. ૮. ધોળકા અને ટીંબા ગામની વચ્ચે જ્યારે આવ્યા અને દિવસ બે ઘડી બાકી હતો ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. અને અંગ ઉપર બધા શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૯. જેટલા ઘોડેસવાર કાઠી દરબારો હતા તે સહુ શ્રીહરિની સાથે રહ્યા. આગળ સીધો પગરસ્તો હતો ત્યાં શ્રીહરિ ચાલ્યા અને સદ્‌ગુરુઓની ગાડી ગાડામાર્ગે ચાલી. ૧૦.

જે ચાર સદ્‌ગુરુઓ હતા તેઓ ગાડીમાં બેઠા હતા. બીજા સંતો, વર્ણી અને જે પાર્ષદો હતા તે બધા ગાડામાર્ગે ચાલ્યા. ૧૧. પાર્ષદ રવાજી સદ્‌ગુરુઓની ગાડીની આગળ બંદૂક બાંધીને ચાલ્યા જતા હતા. આગળ માર્ગમાં ચાલતા પાંચ ઘોડેસવારો સામે આવ્યા. ૧૨. તે ઘોડા ભીલના હતા. શાહુકાર બનીને ચોર રહ્યા હતા. અનેક લોકોને તે લૂંટતા હતા છતાં તે કોઈથી પકડાતા ન હતા. ૧૩. તેણે લોકોને શાહુકાર જેવા બનીને કેટલીયવાર લૂંટ્યા હતા. દેખાવમાં શાહુકાર જણાય પણ અંદરથી તે પાકા લૂંટારાઓ

હતા. ૧૪. તેને જોઈને પાર્ષદ રવાજીએ બંદૂકની જામગરી સળગાવી. તે ઘોડેસવારો જ્યારે પાસે આવ્યા, ત્યારે રવાજી તેનાથી થોડા દૂર ચાલ્યા. ૧૫. ત્યારે તે ભીલ લોકો કાંઈક ખરાબ કડવા વેણ બોલ્યા. તેમણે ઘણા લોકોને લૂંટ્યા હતા તેથી તેમને તેનો ઘણો ગર્વ હતો. ૧૬.

કેટલાક સથવારા લોકો આપણા સંઘની સાથે ચાલ્યા આવતા હતા. તેમને લૂંટવાનો ભીલોને લાગ આવ્યો નહિ. પાછળના ભાગમાં ઘણા પાર્ષદો આવતા હતા. ૧૭. જે સથવારાઓ હતા તેણે લૂંટારા ઘોડેસવારોને જોઈને 'લૂંટારાઓ આવ્યા છે' એવું જાણીને ઊંચેથી બૂમો પાડવા લાગ્યા. ૧૮. તેથી પાછળ રહેલા પાર્ષદોએ જાણ્યું કે, 'આપણા સંઘને તે લૂંટીને આવે છે એટલે તે ઘોડેસવારોને ચારેબાજુથી ઘેરી લીધા. તે ભીલો જોર કરવા લાગ્યા. ૧૯. ધનુષ્ય ઉપર સહુએ તીર ચઢાવ્યા. ત્યારે પાર્ષદોએ નક્કી કર્યું કે, ખરેખર આ લૂંટારા છે. સહુ પાર્ષદોએ બંદૂકો તૈયાર કરી ત્યારે ભીલો મુખથી ગાળો દેવા લાગ્યા. ૨૦.

શ્રીહરિએ દૂરથી તે બૂમોને સાંભળી અને મનમાં માન્યું કે, આપણા સંઘને લૂંટી લીધો છે. તેથી રોઝા અશ્વ ઉપર બેઠેલા શ્રીહરિએ તરત જ તલવાર ખેંચી લીધી. ૨૧. રોઝા ઘોડાને એવો દોડાવ્યો કે માનો કમાનમાંથી તીર છૂટ્યું હોય. આંખના એક પલકારામાત્રમાં તે ઘોડે સવારોને ઘેરી લીધા. ૨૨. ભીલોએ મનમાં જાણ્યું કે, 'હવે તો આપણું મોત આવ્યું છે, આ લોકો આપણને કોઈ રીતે જાવા દેશે નહિ.' તે લોકોએ છટકવા જોર કર્યું. તેથી સહુ પાર્ષદોએ તે પાંચેયને પકડી લીધા. ૨૩. પછી તેમના હાથ પાછળ બાંધી લીધા અને તેમને **ધોળકા** લાવ્યા. ધોળકાના બધા માણસો લૂંટારાને પકડાયેલા જોઈને ખુશી થયા. ૨૪.

પાંચેયને તેમના ઘોડા સાથે સરકારી અધિકારી પાસે તત્કાળ પહોંચાડ્યા, પણ તેમણે ખાનગીમાં લાંચ આપી દીધી. ૨૫. વળી ગામનો કોઈ પાટીદાર તે સહુનો જામીન થયો, એટલે તેમને છોડી મૂક્યા. અને ઘોડા પણ અપાવી દીધા. ૨૬. ધોળકા ગામની બહાર કોઠ ગામના રસ્તા ઉપર એક તળાવ હતું, તેને કાંઠે આવીને ઉતારો કર્યો. ૨૭. શ્રીહરિ આવીને ગાડી ઉપર બેઠા. કોઠ

ગામના હરિભક્તો ત્યાં દર્શન કરવા આવ્યા. ૨૮. ત્યાંના હરિભક્તોએ ઘણા સ્નેહથી ખીચડીની રસોઈ કરાવીને શ્રીહરિ, સંતો, વર્ણી અને પાર્ષદો, સહુને જમાડ્યા. ૨૯. ખીચડીમાં ઘી પીરસાવ્યું અને દરેકને પાંચ પાંચ પાકા કેળા આપ્યા. જ્યારે મધ્ય રાત્રી થઈ ત્યારે શ્રીહરિએ સદ્‌ગુરુઓને કહ્યું, ૩૦.

'અમે પીપળી ગામ નહિ આવીએ. અહીંથી સીધા ગઢડા જઈશું. પીપળી ગામમાં બે રસોઈ છે તો સહુ સંતોએ ત્યાં જઈને બે રસોઈ જમવી. ૩૧. એક મુક્તાનંદસ્વામી, બીજા નિત્યાનંદસ્વામી અને ત્રીજા બ્રહ્માનંદસ્વામી, આ ત્રણેએ વડોદરા જવાનું છે. ૩૨. ત્યાં સહુએ પંદર દિવસ સાથે રહેવું. પછી મુક્તાનંદસ્વામીએ કાનમ દેશમાં ફરવા જવું. ફૂલડોલના ઉત્સવ ઉપર અમે બોલાવી લેશું. ૩૩. બ્રહ્માનંદસ્વામીએ જેતલપુરમાં જઈને તર્કસંગ્રહ ગ્રંથને ભણવો અને તેવી બીજી વિદ્યાનો પણ અભ્યાસ રાખવો. ૩૪.

નિત્યાનંદસ્વામીએ અમારી સાથે આવવાનું છે. કારણ કે, તેમની પાસે જગન્નાથ વિપ્રને વિદ્યાભ્યાસ કરવા માટે રાખવાના છે. ૩૫. વિપ્ર ખુશાલ ભટ્ટ રામાનુજાચાર્યની ટીકા સાથે ગીતાને હવે મુક્તાનંદસ્વામી પાસે ભણશે. તેઓ ધ્યાન, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, તપ અને યોગ પરાયણ રહે છે. મુક્તાનંદસ્વામી સિવાય તેમને બીજામાં ક્યાંય રુચિ થશે નહિ. મુક્તાનંદસ્વામી ભટ્ટને ઓળખે છે. ૩૬-૩૭. વિપ્ર ખુશાલ ભટ્ટ જો વડોદરા શહેરમાં રહેશે તો તેમના દ્વારા સત્સંગની વૃદ્ધિ થાશે. ૩૮. તેઓ સત્સંગને કરાવશે. તેમને લેશમાત્ર લોભ નથી. તેમને એક સત્સંગનો જ ઉરમાં લોભ છે. ૩૯. જેના દિલમાં સત્સંગનો જેવો રંગ રહ્યો હોય છે તેવું દૈવત ભગવાન આવીને તેને આપે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "જેતલપુરથી નીકળેલા શ્રીહરિએ લૂંટારાઓને પકડ્યા અને મુક્તમુનિ આદિ ત્રણ સદ્‌ગુરુઓને વડોદરા મોકલ્યા" એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર અઢારમું : તરંગ - ૯૨

શ્રીહરિ નાગડકા, બોટાદ, સારંગપુર વગેરે ગામોમાં થઈને ગઢપુર પધાર્યા

વળી શ્રીહરિએ કહ્યું, 'ચાર સદ્‌ગુરુઓ સિવાયના જે સંતના મંડળો છે તેમને આનંદાનંદસ્વામી કહે તે રીતે પ્રદેશોમાં ફરવાનું છે. ૧. આનંદાનંદસ્વામી જેમ કહે તેમ સહુ સંતો અને વર્ણીઓ રાજીપે કરજો. તેમ અમે કહીએ છીએ.' ૨. ધોળકાથી કોઠ જતા રસ્તામાં તળાવે અડધી રાત્રે 'જય સચ્ચિદાનંદ' કહીને તરત જગદ્‌વંદ્ય શ્રીહરિ ઊઠ્યા. અને ઘોડા ઉપર બેસીને તરત ચાલતા થયા. ૩. **કોઠ** ગામ થઈને શ્રીહરિ **જવારજ** ગામ આવ્યા. પછી આનંદનિધિ પ્રભુ **બળોલ** ગામ આવ્યા. ૪. ત્યાં રાત રહીને ચાલ્યા તે **ધોળી** અને **ભુંભલી** ગામ આવ્યા.

પછી બહુનામી શ્રીહરિ **અડવાળ** ગામ થઈને **વાગડ** ગામ આવ્યા. ૫. જે જે ગામમાં હરિભક્તો હતા ત્યાં શ્રીહરિએ સહુને દર્શન દીધાં. અને હરિભક્તોએ પોતાને ઘેર જ્યાં પધરામણી કરાવી ત્યાં શ્રીહરિ ગયા હતા. ૬. જેને જેવો ભાવ હોય તેવી તે પૂજા કરતા હતા. વાગડ ગામમાં રાત રહીને ચાલ્યા તે **નાગનેશ** ગામ આવ્યા. ૭. પછી ત્યાંથી રંગભીના શ્રીહરિ **રાણપુર** આવ્યા. અને તે જ દિવસે ત્યાંથી **ભેંસજાળ** આવ્યા અને ત્યાંથી પછી **નાગડકા** આવ્યા. ત્યાં બે-ત્રણ રાત રોકાયા. ૮. સુખદાઈ શ્રીહરિ વારંવાર સુરા ખાચરને ઘેર આવીને રહેતા હતા. પછી ત્યાંથી ચાલીને **લોયા** ગામ થઈને તે દિવસે **બોટાદ** ગામ આવ્યા. અને સુખધામ શ્રીહરિ દાહા ખાચરને ઘેર ચાર-પાંચ દિવસ રહ્યા અને હરિભક્તોને સુખ આપ્યું. ૯-૧૦.

હરિભક્તોને જેને જેવો ભાવ હતો તેણે તેવો શ્રીહરિનો લાભ લીધો. બોટાદ ગામના હરિભક્તોને અલૌકિક સુખ આપીને પરમ નિપુણ અને ભક્તાધીન શ્રીહરિ **સારંગપુર** આવ્યા. ત્યાં જીવા ખાચરે પ્રેમથી રાખ્યા અને શ્રીહરિ દસ-બાર દિવસ રોકાયા. ૧૧-૧૨. જ્યાં કોઈ જાતની ઉપાધિ ન હોય ત્યાં શ્રીહરિને ગમતું હતું. અને જ્યાં કોઈ જાતની ઉપાધિ દેખાય એટલે

તેનાથી અલગ જઈને રહેતા. ૧૩. **જ્યારે જેના ભાવમાં રસ રહેતો નહિ ત્યારે તેવા રસ વિનાના ભાવવાળાને શ્રીહરિ તરત જ તજી દેતા હતા. અને જ્યાં જેટલો રસ હોય ત્યાં તેટલો જ સ્નેહ રાખતા હતા.** ૧૪. **ભગવાનનું ભજન કરવામાં શ્રેષ્ઠ હરિભક્ત હોય, તોપણ તેમાં જ્યારે પ્રમાદ દેખાય ત્યારે શ્રીહરિ તરત જ ત્યાંથી દૂર જતા રહેતા હતા.** ૧૫. પછી શ્રીહરિ સારંગપુરથી જ્યારે ચાલ્યા તે કારિયાણી ગામમાં આવ્યા. અને ત્યાં પંદર દિવસ રોકાયા. ૧૬. મુકુંદાનંદ અને જયાનંદ એ બે વર્ણીઓને શ્રીહરિએ પાસે રાખ્યા હતા. અને બોટાદથી દરબાર સોમલા ખાચરને સાથે રાખ્યા હતા. ૧૭. તે સિવાયના બીજા કાઠી દરબારો અને પાર્ષદો, તે સહુને પોતપોતાને સ્થાને જવાનું કહ્યું અને નાન ખાચરને શ્રીહરિએ પોતાની સાથે રાખ્યા હતા. ૧૮. શ્રીહરિના અશ્વની સેવા નાન ખાચર કરતા હતા, તેથી તેમને શ્રીહરિએ સાથે રાખ્યા હતા. ૧૯. **દરબાર સોમલા ખાચરે શ્રીહરિનાં સ્વરૂપ સિવાયની બીજી બધી આસક્તિ છોડી દીધી હતી. અને જે આસક્તિ કહેવાય છે તે એક શ્રીહરિમાં જ રાખી હતી.** ૨૦.

(આ સોમલા ખાચર સ્ત્રી, દિકરા-દિકરી વગેરે કુટુંબ-પરિવારવાળા અને વ્યવહારે સુખી હતા. ગરાસની સારી જમીન હતી. સદ્‌ગુણી બે યુવાન પુત્રો હતા. પરંતુ પ્રભુની યોજના કોઈ અજબ હોય છે. એ બંને યુવાન પુત્રો થોડા થોડા દિવસને અંતરે અક્ષરવાસી થયા, છતાં સોમલા ખાચરે સત્સંગના પ્રતાપે ધીરજ રાખી. પુત્રોના મરણનો શોક ન કર્યો પરંતુ ભગવાનની કૃપા સમજ્યા. માધવદાસસ્વામી હરિકૃષ્ણચરિત્રામૃતસાગરમાં અ.૯૧ માં કહે છે,

રાજ ગરાસ પોતાનો તેહ, કર્યો સ્વામીને અર્પણ એહ
આવી બેઠા મહારાજની પાસ, સુખે ભજ્યા અખંડ અવિનાશ

આ રીતે મોહ-મમત્વ છોડી અખંડ મહારાજની સેવામાં રહ્યા.) બન્ને વર્ણી રોજ બન્ને વખત શ્રીહરિને માટે ઘણા ભાવથી રસોઈ બનાવીને હેતપૂર્વક જમાડતા હતા. ૨૧. રોજ રોજ અત્યંત ઉત્સાહથી ભરેલા તે બન્ને વર્ણી શ્રીહરિની સેવા કરતા હતા. દરરોજ સમય સમય પ્રમાણે જેવી શ્રીહરિની

મરજી હોય, ૨૨. તેને તે બન્ને જાણતા હતા. તેથી શ્રીહરિ તેમને સેવામાં રાખતા હતા. શ્રીહરિ સેવકનો પ્રેમ જોવા માટે ક્યારેક ઉદાસ થઈ જતા હતા. તે વખતે તે બન્ને વર્ણી તેના મર્મને જાણતા હતા. તેથી જ પરસ્પર એકબીજાની મનમાં અરુચિ થાતી ન હતી. ૨૩-૨૪.

❋ અનાસક્ત ઉપર શ્રીહરિ રાજી થાય છે :

જે વ્યક્તિ પોતાની મરજીના મર્મને ન સમજે, તેને શ્રીહરિ ક્યારેય પોતાની પાસે રાખતા નહિ. ૨૫. **જે કોઈ પણ હરિભક્ત શ્રીહરિની મરજીના મર્મને સમજતા હોય તેને ઘણો નિપુણ સમજીને શ્રીહરિ પોતાની પાસે રાખતા હતા.** ૨૬. હરિભક્ત હોવા છતાં જેનાં મનમાં સંસાર તરફ જેટલું હેત જણાય તેટલું શ્રીહરિને રુચતું નહિ. શ્રીહરિને ઉદાસ થવાનો આ જ હેતુ છે. ૨૭. **જે હરિભક્ત ભગવાનનાં સ્વરૂપમાં જેટલું તાન રાખતા, તેના તેટલા વખાણ શ્રીજીમહારાજ પોતાનાં મુખથી કરતા રહેતા.** ૨૮. પછી કારિયાણીથી જ્યારે ચાલ્યા તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. અને ત્યાં બીજા બધા ગામ કરતાં બે દિવસ વધારે રહીને શ્રીહરિએ અલૈયા ખાચર ઉપર અપાર હેત દેખાડ્યું હતું. ૨૯. કેટલાય દિવસે શ્રીહરિ **ગઢપુરમાં** આવ્યા.

ત્યારે ત્યાંના જેટલા હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુનાં દિલમાં અપાર પ્રેમ છવાઈ ગયો હતો. ૩૦. દરબાર દાદા ખાચર અને જીવા ખાચર, તે બન્ને પોતપોતાની સવારી સજીને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. અને તેમણે ડંકા, નિશાન અને વાજિંત્રો પણ સાથે લીધા હતા. ૩૧. તેમણે શ્રીફળ અને ફૂલના હાર લીધા. પ્રેમથી દોઢ કોશ સુધી સન્મુખ ચાલ્યા. જ્યારે શ્રીહરિને મળ્યા ત્યારે દંડવત્-પ્રણામ કરીને શ્રીફળ લઈને આગળ મૂક્યા. ૩૨.

ફૂલના હાર પહેરાવી દીધા. પછી જીવા ખાચર બોલ્યા કે, 'મહારાજ ! આપે ઘણા દિવસે દર્શન દીધાં. આપના સિવાય આ ગામમાં તો સૂનકાર લાગતો હતો. ૩૩. મહારાજ ! આપ આજ જ્યારે પધાર્યા છો, ત્યારે બધે આનંદ આનંદ થઈ ગયો છે. આપના વિના અમે જેટલા દુઃખી હતા તે મુખથી કહી શકાતું નથી.' ૩૪. તે પછી બહુનામી શ્રીહરિ ગામમાં આવ્યા.

આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં. જ્યારે રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે સહુને દર્શન દેતા હતા. ૩૫. સુખદાયક શ્રીહરિ દાદા ખાચરના દરબારગઢમાં આવ્યા અને પોતાનાં અક્ષરભવનમાં ઊતર્યા. અક્ષરભવનની ઓસરીમાં પલંગ બિછાવેલો હતો, તેના ઉપર આવીને બેઠા. ૩૬.

પછી ગામના બધા ભક્તજનો હાથમાં શ્રીફળ લઈને આવ્યા. શ્રીફળ શ્રીહરિની આગળ મૂક્યા અને તે સમયે સહુ પગે લાગ્યા. ૩૭. ગામમાં અને દરબારમાં જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી જેમ ઘટે તેમ આવીને શ્રીહરિને પગે લાગતી હતી. ૩૮. દરબાર જીવા ખાચરે જ્યારે પૂછ્યું ત્યારે સ્વયં શ્રીહરિ જે રીતે ગુજરાત પ્રદેશમાં ફર્યા, તે બધી વાત તેમને કહી. ૩૯. વળી અમદાવાદ શહેરમાં એરણ સાહેબે જે સન્માન કર્યું અને તેના દિલમાં જે આદરભાવ હતો તે બધું જીવા ખાચર આગળ શ્રીહરિએ કહ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાદશ પૂરમાં "શ્રીહરિ નાગડકા, બોટાદ, સારંગપુર વગેરે ગામોમાં થઈને ગઢપુર પધાર્યા" એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે અષ્ટાદશ પૂર સંપૂર્ણ ॥૧૮॥



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

DVD

MP3

VCD

हिन्दी प्रकाशन

3D Animation

USB AUDIO

પેનડ્રાઈવ USB 2.0 મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. શિક્ષાપત્રી
૧૬. હરિસ્મૃતિ
૧૭. હરિરસામૃત
૧૮. નિત્યનિયમ
૧૯. શાંતિપાઠ
૨૦. સંત આખ્યાન
૨૧. ભક્ત આખ્યાન
૨૨. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૩. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૪. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૨૭. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૨૮. સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૨૯. સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીની વાતો
૩૦. સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો
૩૧. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૨. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૩. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૪. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૫. શ્રીપુરુષોત્તમલીલા
૩૬. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૭. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૮. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૩૯. સાગર સાર ભાગ : ૧ થી ૪
૪૦. વેદરસ

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગ સેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





સભામંડપ - મુળીધામ




ISBN 978-93-83456-30-7

